
# પ્રવચનસાર પ્રવચન

## ભાગ ૧



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ–૧)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮-૬૯ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ગાથા-૧ થી ૩૮)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૮

વીર સંવત
૨૫૪૮

ઈ. સન
૨૦૨૨

**પ્રકાશન**
તા. ૨-૫-૨૦૨૨, વૈશાખ સુદ-૨,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૩૩મી જન્મજયંતિ

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુજીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૮-૬૯માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનની ૧ થી ૩૮ ગાથા સુધી ચાલેલા ૩૩ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| 0૧A | ૧0–0૮–૧૯૬૮ | શ્લોક–૧ થી ૩, ગાથા–૧ થી ૫ | 00૧ |
| 0૧B | ૧૧–0૮–૧૯૬૮ | ગાથા–૧ થી ૫ | 0૧૩ |
| 00૧ | 0૩–0૯–૧૯૬૮ | શ્લોક–૧ થી ૩, ગાથા–૧ થી ૫ | 0૨0 |
| 00૨ | 0૪–0૯–૧૯૬૮ | ગાથા–૧ થી ૫ | 0૩૩ |
| 00૩ | 0૫–0૯–૧૯૬૮ | ગાથા–૧ થી ૫ | 0૪૭ |
| 00૪ | 0૬–0૯–૧૯૬૮ | ગાથા–૧ થી ૫, ૬ | 0૬૨ |
| 00૫ | 0૭–0૯–૧૯૬૮ | ગાથા–૬, ૭ | 0૭૫ |
| 00૬ | 0૮–0૯–૧૯૬૮ | ગાથા–૭, ૮ | 0૮૯ |
| 00૭ | 0૯–0૯–૧૯૬૮ | ગાથા–૮, ૯ | ૧0૨ |
| 00૮ | ૧0–0૯–૧૯૬૮ | ગાથા–૯, ૧0 | ૧૧૬ |
| 00૯ | ૧૧–0૯–૧૯૬૮ | ગાથા–૧0 | ૧૩૨ |
| 0૧0 | ૧૨–0૯–૧૯૬૮ | ગાથા–૧૧, ૧૨ | ૧૪૭ |
| 0૧૧ | ૧૩–0૯–૧૯૬૮ | ગાથા–૧૩, ૧૪ | ૧૬૧ |
| 0૧૨ | ૧૪–0૯–૧૯૬૮ | ગાથા–૧૫, ૧૬ | ૧૭૭ |
| 0૧૩ | ૧૫–0૯–૧૯૬૮ | ગાથા–૧૬ | ૧૯૧ |
| 0૧૪ | ૧૬–0૯–૧૯૬૮ | ગાથા–૧૬ | ૨0૭ |
| 0૧૫ | ૧૭–0૯–૧૯૬૮ | ગાથા–૧૬, ૧૭ | ૨૨૧ |
| 0૧૬ | ૧૮–0૯–૧૯૬૮ | ગાથા–૧૭, ૧૮ | ૨૩૪ |
| 0૧૭ | ૧૯–0૯–૧૯૬૮ | ગાથા–૧૮, ૧૯ | ૨૪૮ |
| 0૧૮ | ૨0–0૯–૧૯૬૮ | ગાથા–૧૯ થી ૨૧ | ૨૬૧ |
| 0૧૯ | ૨૧–0૯–૧૯૬૮ | ગાથા–૨૧, ૨૨ | ૨૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૦૨૦ | ૨૨–૦૯–૧૯૬૮ | ગાથા–૨૨, ૨૩ | ૨૮૭ |
| ૦૨૧ | ૨૩–૦૯–૧૯૬૮ | ગાથા–૨૪ થી ૨૬ | ૩૦૧ |
| ૦૨૨ | ૨૪–૦૯–૧૯૬૮ | ગાથા–૨૬, ૨૭ | ૩૧૫ |
| ૦૨૩ | ૨૫–૦૯–૧૯૬૮ | ગાથા–૨૮, ૨૯ | ૩૨૯ |
| ૦૨૪ | ૨૬–૦૯–૧૯૬૮ | ગાથા–૨૯ થી ૩૧ | ૩૪૨ |
| ૦૨૫ | ૨૭–૦૯–૧૯૬૮ | ગાથા–૩૧, ૩૨ | ૩૫૬ |
| ૦૨૬ | ૨૮–૦૯–૧૯૬૮ | ગાથા–૩૨ થી ૩૪ | ૩૬૯ |
| ૦૨૭ | ૨૯–૦૯–૧૯૬૮ | ગાથા–૩૪, ૩૫ | ૩૮૧ |
| ૦૨૮ | ૩૦–૦૯–૧૯૬૮ | ગાથા–૩૫, ૩૬ | ૩૯૬ |
| ૦૨૯ | ૦૧–૧૦–૧૯૬૮ | ગાથા–૩૬, ૩૭ | ૪૧૧ |
| ૦૩૦ | ૦૨–૧૦–૧૯૬૮ | ગાથા–૩૭ | ૪૨૫ |
| ૦૩૧ | ૦૩–૧૦–૧૯૬૮ | ગાથા–૩૭, ૩૮ | ૪૪૦ |

ॐ

**परमात्मने नमः।**

# પ્રવચનસાર પ્રવચન

## (ભાગ-૧)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**શ્રાવણ વદ-૨, શનિવાર, તા. ૧૦-૮-૧૯૬૮**
**ગાથા-૧ થી ૫, શ્લોક-૧ થી ૩, પ્રવચન-૧A**

આ પ્રવચનસાર. કુંદકુંદાચાર્ય કૃત સારા જૈન આગમ કા સાર ઉસમેં હૈ. અમૃતચંદ્રાચાર્ય તો કહતે હૈં. દેખો તીસરે કલશ મેં, દેખો, તીસરા હૈ ન ઉસમેં? તીસરા કલશ હૈ. પરમાનંદ. અહીંયા પરમાનંદથી મંગળિક શરૂ કર્યું છે, ભાઈ!

परमानन्दसुधारसपिपासितानां हिताय भव्यानाम्।
क्रियते प्रकटिततत्त्वा प्रवचनसाराय वृत्तिरियम्।।३।।

'**અર્થ :- પરમાનંદરૂપી સુધારસકે પિપાસુ ભવ્ય જીવોંકે હિતાર્થ,...**' જુઓ, આત્મા કા અતીન્દ્રિયરસ કી જિસકો પિપાસા હૈ ઔર નિર્વિકલ્પ આનંદકો પીને કી જિસકી ભાવના હૈ, ઉસકે લિયે મૈં પ્રવચનસાર કહુંગા ઐસા અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં. આહા..હા..! પરમાનંદરૂપી સુધારસ. આત્મા કા અતીન્દ્રિય આનંદસ્વરૂપ હી નિત્યાનંદ હૈ. ઉસકા પરમાનંદ સુધારસ અમૃતરસકા પિપાસુ ભવ્યજીવ, ઈસકે જો લાયક જીવ હૈ ઉસકે હિતાર્થ, ઉસકે હિત કે લિયે. '**તત્ત્વ (વસ્તુસ્વરૂપ કો) પ્રગટ કરનેવાલી...**' વાસ્તવિક ભગવાન આત્મા અભી તત્ત્વ જો આત્મભાવ ઉસકો પ્રગટ કરનેવાલી '**પ્રવચનસારકી યહ ટીકા રચી જા રહી હૈ.** ' ઈસકે લિયે યહ પ્રવચનસાર કી ટીકા રચને મેં આયી હૈ. પ્રવચસનસાર ઉસકે લિયે કહને મેં આયા હૈ ઐસા લિયા. ઓહો..! જિસકો પરમાનંદ અતીન્દ્રિય આનંદ, નિર્વિકલ્પ આનંદ જો સ્વભાવ ઉસકા હૈ ઉસકી

પિપાસા—તૃષા લગી હૈ. સમજ મેં આયા? ઐસા પિપાસુ કો તૃપ્તિ કરને કે લિયે યહ ટીકા કરને મેં આતી હૈ ઐસા કહતે હૈં. આહા..હા..! દેખો! કરૂણા. ઐસા પિપાસુ. આત્મા આનંદમૂર્તિ ઉસકે અંતરમેં શુદ્ધ આનંદ કી જિસકો જિજ્ઞાસા, અભિલાષા, પિપાસુ-તૃષા હૈ ઉસકે હિત કે લિયે, હિત કે કારણ યે પ્રવચનસાર કી ટીકા રચી જા રહી હૈ. ઐસા લિખા હૈ. સમજ મેં આયા? અબ મૂલ સૂત્ર કા અર્થ કૈસા હૈ ઉસકી બાત જરી પ્રશંસા અમૃતચંદ્રાચાર્ય કરતે હૈં. દેખો! નીચે હૈ.

'**અબ, જિનકે સંસાર સમુદ્રકા કિનારા નિકટ હૈ,...**' કુંદકુંદાચાર્ય. હજાર વર્ષ પહલે હુએ અમૃતચંદ્રાચાર્ય કે પહલે. ઉસકી ટીકા મિલ ગઈ ઉસકો. સમજ મેં આયા? ઉસકી શબ્દ કી શૈલી ઉસમેં સે, વહ શબ્દ તો નિમિત્ત હૈ, પરંતુ નૈમિત્તિક ઉસકી દશા કૈસી થી ઉસકો પ્રસિદ્ધ શબ્દો દ્વારા હુઈ થી વહી બાત અમૃતચંદ્રાચાર્ય ને અંદર મેં લિખી ગઈ ઔર વહ બાત અંતર મેં પ્રતીત હો ગઈ. વહ કુંદકુંદાચાર્ય મિલા તો નહીં ઉસકો. છદ્મસ્થ હૈ અમૃતચંદ્રાચાર્ય તો. કુંદકુંદાચાર્ય તો હજાર વર્ષ પહલે હુએ. પરંતુ શબ્દ કી શૈલી દેખકર હી ઉસકી નિમિત્તતા ઔર નૈમિત્તિક અંદર દશા કૈસી થી? કિ શબ્દ નિમિત્ત સે નૈમિત્તિક પ્રસિદ્ધ કિયા ઉસકા બોધ હો ગયા. યહ રચના કરનેવાલે કુંદકુંદાચાર્ય... સમજમેં આયા? '**જિનકે સંસાર સમુદ્રકા કિનારા નિકટ હૈ,...**' સંસાર અબ અલ્પ રહા હૈ. ઐસે હમકો કુંદકુંદાચાર્ય મહારાજ કે લિયે આચાર્ય પંચ મહાવ્રતધારી (હૈ), સમજમેં આયા? ઐસે ખબર પડી ગયી. હજાર વર્ષ પહલે કે મુનિ કી ખબર (પડ ગઈ). સમજ મેં આયા? સંસાર સમુદ્રકા કિનારા ઓહો..! નિકટ—અલ્પ હૈ, એકાદ ભવ મેં પાર કરેગા.

'**સાતિશય વિવેકજ્યોતિ પ્રગટ હો ગયી હૈ...**' દેખો, કારણ યહ. ઉત્તમ વિવેકજ્યોતિ ભેદજ્ઞાન. '**(અર્થાત્ પરમ ભેદવિજ્ઞાનકા પ્રકાશ ઉત્પન્ન હો ગયા હૈ)...**' ઈતની ખબર પડ ગઈ? હજાર વર્ષ પહલે હુઆ ન? જ્ઞાન કી નિર્મલતા મેં જિસકી નિર્મલતા અનુભવ કિતના હૈ વહ પ્રકાર ઉસકે ખ્યાલ મેં આ જાતા હૈ, દૂસરે જીવકો ભી. ઐસી ઉસમેં તાકાત હૈ. સમજ મેં આયા? કેમ છે ભગવાનજીભાઈ? ઠીક નથી બરાબર? બહુ આમ ધ્યાન નથી, ધ્યાન બીજે આડુંઅવળું છે. ... કહો, સમજાણું કાંઈ? ક્યા કહતે હૈ સમજ મેં આયા? '**વિવેકજ્યોતિ પ્રગટ હો ગયી હૈ...**' ઓહો..હો..! ક્યા કહતે હૈં? કુંદકુંદાચાર્ય કા આત્મા મેં સાતિશય વિવેકજ્યોતિ કિ જો વિવેક જ્યોતિ... સાતિશય ક્યોં લિયા? ભેદજ્ઞાન ઉત્પન્ન હુઆ વહ હુઆ, ઉસસે અબ કેવલજ્ઞાન લેગા. સમજ મેં આયા? વહ ભેદજ્ઞાનજ્યોતિ અસ્ત નહીં હોગી હવે. ઈસલિયે સાતિશય શબ્દ વાપર્યા હૈ. જેમ સાતિશય અપ્રમત્ત કહતે હૈ ને? અપ્રમત્ત સાતિશય. તો અપ્રમત્ત સાતિશય તો આઠમે હી ચડે, નીચે આવે નહિ. ઐસી ભેદજ્ઞાનજ્યોતિ કુંદકુંદાચાર્ય કો ઐસી પ્રગટ હુઈ કિ સાતિશય. વહ ભેદજ્ઞાન સે આગે જાકર કેવલજ્ઞાન લેગા. ઉસમેં ભેદજ્ઞાન મેં વિરહ નહીં પડેગા, ખંડ પડેગા નહીં. આહા..હા..! સમજ મેં આયા? દૂસરા આત્મા દૂસરે આત્મા કી ઈતની પ્રતીતિ ઔર ઈતને જોર સે જ્ઞાન મેં વહ બાત આ ગયી હૈ, વહ જગત કે પાસ પ્રસિદ્ધ કરતે હૈં.

'**તથા સમસ્ત એકાંતવાદરૂપ અવિદ્યાકા અભિનિવેષ અસ્ત હો ગયા હૈ...**' એક ભી

અંશ આગ્રહ, એકાંત આગ્રહ, કોઈપણ નય કા એકાંત આગ્રહ સબ છૂટ ગયા. અનેકાંત. વહ તો પહલે સિદ્ધ કિયા ઈતના. હવે '**ઐસે કોઈ (આસન્નભવ્ય મહાત્માશ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્ય), પારમેશ્વરી અનેકાંતવાદવિદ્યાકો...**' એકાંતવાદ નાશ હો ગયા હૈ, અનેકાંતવાદ પ્રગટ હો ગયા હૈ, ઐસે અસ્તિ-નાસ્તિ કિયા હૈ. અમૃત અનેકાંત—રાગ અપને મેં નહીં અપને મેં આનંદ હૈ ઐસી અનેકાંત વિદ્યા કા ભાન જિસકો પ્રગટ હો ગયા. '**અનેકાંતવાદવિદ્યા કો પ્રાપ્ત કરકે,...**' ભાષા દેખો! ઓહો..હો..! ઈતની-ઈતની ખાતરી પંચ મહાવ્રતધારી મુનિ... ઈતની આત્મા કી તાકાત હૈ કિ જૈસા આત્મા હૈ સામા ઉસકી પ્રતીત ઔર વિવેક કર લેતે હૈ. સમજ મેં આયા? '**પારમેશ્વરી અનેકાંતવાદવિદ્યાકો પ્રાપ્ત કરકે,...** ' ભગવાન કુંદકુંદાચાર્યને ભગવાન આત્મા આનંદમય, જ્ઞાનમય, રાગ નહીં ઐસી અનેકાંતવિદ્યાકો પ્રાપ્ત કિયા હૈ. મહારાજ! આપ તો પંચ મહાવ્રતધારી હૈ. હજાર વર્ષ પહલે હુઆ, તમારે અવધિજ્ઞાન નહીં, મનઃપર્યયજ્ઞાન નહીં, કેવલજ્ઞાન નહીં ઐસી પ્રતીતિ, ઐસી યથાર્થ પીછાન (કૈસે કી)? ઐસી પીછાન હમ કર સકતે હૈં. વહ આચાર્ય ઐસા થા વહ હમારે જ્ઞાન મેં આ ગયા હૈ. ફેરફાર વિના નિઃસંદેહપણે આ ગયા હૈ ઐસા કહતે હૈ. સમજ મેં આયા?

'**સમસ્ત પક્ષકા પરિગ્રહ ત્યાગ દેનેસે...**' કોઈ પક્ષપાત રહા નહીં. ... રહા નહીં. યહ હમારા જૈન, યહ પર ઐસા કુછ રહા નહીં ઐસા કહતે હૈ. યહ હમારા જૈન હૈ, સંપ્રદાય પર હૈ, વસ્તુ કી જ્ઞાતા-દૃષ્ટા ઐસી પ્રગટ હો ગઈ જિસમેં કોઈ પ્રકાર કા પરિગ્રહ નામ પક્ષપાત '**ત્યાગ દેનેસે અત્યંત મધ્યસ્થ હોકર,...**' વીતરાગભાવ પ્રગટ હો ગયા. જિસકો વીતરાગ દશા, કેવલી જૈસે દેખતે-જાનતે હૈ, પક્ષપાત નહીં, ઐસે કુંદકુંદાચાર્ય કો કોઈ પક્ષપાત નહીં. વસ્તુ કા સ્વરૂપ હૈ ઐસા ... વહ ભગવાન કી સ્તુતિ મેં આતા હૈ સંમતભદ્ર મેં. હે નાથ! આપને ધર્મ કહ દિયા. જિનશાસન કા ફલ હોગા કિ નહીં હોગા આપને દેખા નહીં. દેખા નહીં ક્યા, વહ તો કેવલજ્ઞાની હૈ, સત્ય વસ્તુ કહ દિયા. કિસકો લાભ હુઆ, કિસકો નહીં હુઆ ઉસકી ... હૈ નહીં, વહ તો જ્ઞાન મેં સબ પહલી બાત આ ગયી હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય (ને) સમસ્ત પરિગ્રહ કા પક્ષપાત કા પરિગ્રહ છોડ દિયા હૈ. અત્યંત મધ્યસ્થ... અત્યંત મધ્યસ્થ... અત્યંત મધ્યસ્થ... સ્વરૂપમેં અત્યંત સ્થ હૈ. વીતરાગતા મેં અંતર સ્થિર હૈ. યહ મંગલિક હોતા હૈ પ્રવચનસાર કા.

'**સર્વ પુરુષાર્થ મેં સારભૂત...**' સર્વ પુરુષાર્થ મેં સાર. ધર્મ અર્થાત્ પુણ્ય પુરુષાર્થ, લક્ષ્મી પુરુષાર્થ, ભોગ પુરુષાર્થ ઔર મોક્ષ પુરુષાર્થ—ઈન ચાર મેં સાર કૌન? '**આત્મા કે લિયે અત્યંત હિતતમ...**' અત્યંત હિતતમ. '**ભગવંત પંચપરમેષ્ઠીકે પ્રસાદસે ઉત્પન્ન હોને યોગ્ય,...** ' ઓહો..હો..! પંચપરમેષ્ઠીની કૃપાથી ઉત્પન્ન હોને યોગ્ય મોક્ષલક્ષ્મી. એય..! શ્રીમદ્ કહતે હૈં 'કરૂણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી.' ભગવાન કો કહતે હૈં, પ્રભુ! આપ કી કરુણા હમારે પર આ ગયી. આહા..હા..! આપ કી કરુણા ઔર પ્રસન્નતા અપને મેં આયી તો પંચપરમેષ્ઠીકી કરુણા સે હમારા પ્રાપ્ત હમકો હુઆ હૈ. ઐસા નિમિત્તપ્રધાનસે કથન અપના શુદ્ધ ઉપાદાન સે કરતે

હૈ. સમજ મેં આયા? આહા..હા..! કહતે હૈં, પુરુષાર્થ મેં સાર ઐસા પંચ પરમેષ્ઠી કે પ્રસાદ સે ઉત્પન્ન હોને યોગ્ય. કૌન સાર? '**પરમાર્થસત્ય, અક્ષય મોક્ષલક્ષ્મી...**' ઓહો..! મોક્ષલક્ષ્મી કી પ્રાપ્તિ પંચપરમેષ્ઠીકી કૃપાસે હોતી હૈ. હૈ ન ઉસમેં? અર્થ કિયા હૈ ન? પ્રસાદનો અર્થ કર્યો છે નીચે જુઓ ૩. '**પ્રસન્નતા, કૃપા.**' નીચે છે. એ પંચપરમેષ્ઠી કી કૃપા સે મોક્ષલક્ષ્મી મિલતી હૈ. ... દેખો! ક્યા હૈ? અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં. ...ભાઈ! એનો અર્થ એ કે અપની યોગ્યતા જહાં પ્રગટ હૈ વહાં વહ ભગવાન પંચપરમેષ્ઠી હી ઉસમેં નિમિત્ત હૈ, દૂસરા કોઈ નિમિત્ત હોતા નહીં. સમજ મેં આયા? ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આયરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં, ણમો લોએ સવ્વ સાહુણં. લોએ સબકો લાગુ પડતા હૈ હોં. સમજ મેં આયા?

કહતે હૈં, ઐસા '**મોક્ષલક્ષ્મી કો ઉપાદેયરૂપસે નિશ્ચિત કરતે હુએ...**' કોણ? કુંદકુંદાચાર્ય. પંચપરમેષ્ઠીકી મહેરબાની સે મિલનેવાલી મોક્ષલક્ષ્મી વહ હમેં અંગીકાર કરનેલાયક હૈ ઐસા કુંદકુંદાચાર્ય કહકર યહ શાસ્ત્ર બનાતે હૈં. ઐસા આત્માને શાસ્ત્ર બનાયા હૈ ઐસા પહલા ઉપોદઘાત કરતે હૈં. પુરુષ પ્રમાણે વચન પ્રમાણ. તો પુરુષ ઐસા થા. સમજ મેં આયા? '**નિશ્ચિત કરતે હુએ પ્રવર્તમાન તીર્થકે નાયક...**' વર્તમાન મહાવીર ભગવાન '**પૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીકો પ્રણમન ઔર વંદન...**' યહ વિશેષ અર્થ કહેંગે. ઐસા '**હોનેવાલે નમસ્કારકે દ્વારા સન્માન કરકે સર્વારંભસે (ઉદ્યમસે) મોક્ષમાર્ગકા આશ્રય કરતે હુએ...** ' કુંદકુંદાચાર્ય સર્વ પ્રયત્નસે અપના મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કો અંગીકાર કરકે, કુંદકુંદાચાર્ય અપના મોક્ષમાર્ગ કો અંગીકાર કરકે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં. '**પ્રતિજ્ઞા કરતે હૈં.**' ઐસા અંગીકાર કરકે પ્રતિજ્ઞા કરતે હૈં કિ પ્રવચનસાર કહુંગા. ઐસે મંગલિક પહલે અમૃતચંદ્રાચાર્ય ને ઈતના કુંદકુંદાચાર્ય કા વખાણ-પ્રશંસા કરકે મંગળિક કિયા હૈ. અબ ભગવાન કુંદકુંદાચાર્ય કી પાંચ ગાથા કા મંગલ આતા હૈ.

एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं।
पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं।।१।।
सेसे पुण तित्थयरे ससव्वसिद्धे विसुद्धसब्भावे।
समणे य णाणदंसणचरित्ततववीरियायारे।।२।।
ते ते सव्वे समगं समगं पत्तेगमेव पत्तेगं।
वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते।।३।।
किच्चा अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं।
अज्झावयवग्गाणं साहूणं चेव सव्वेसिं।।४।।
तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज।
उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती।।५।। (पणगं)

પ્રવચનસાર ઘણા વર્ષ સે હમણા બંધ થા. આજ શરૂ કરતે હૈં મંગલાચરણ કરકે. ઉસમેં હિન્દી નહીં હૈ, ગુજરાતી હૈ ઉસકી પાંચ ગાથા કા. પીછે હૈ, દેખો! પીછે, પીછે હૈ. તદ્દ્ન પીછે.

**સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટ ઘાતિકર્મને,**
**પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને. ૧.**

આ ગુજરાતી છે.

**વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,**
**મુનિ જ્ઞાન-દગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨.**
**તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,**
**વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩.**
**અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,**
**ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને. ૪.**
**તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,**
**પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫.**

વીતરાગતા હું પ્રાપ્ત કરું છું. આહા..હા..! કુંદકુંદાચાર્ય કહે છે કે હું વીતરાગતા સામ્યભાવ શુદ્ધોપયોગ હું પ્રાપ્ત કરું છું અને શુદ્ધઉપયોગ સે હી મુક્તિ પ્રાપ્ત હોતી હૈ. શુદ્ધોપયોગ કહો, સામ્ય કહો, વીતરાગતા કહો, નિર્વિકલ્પ આચરણ આનંદ કા કહો... સમજ મેં આયા? ઉસસે મોક્ષ કી પ્રાપ્તિ હોતી હૈ. કોઈ શુભભાવ આદિ વ્યવહાર સે કોઈ મોક્ષ કી પ્રાપ્તિ હોતી નહીં. એમ આચાર્ય ને પહલી પાંચ ગાથા મેં ઐસા શુરૂ દિયા. ઓહો..!

હવે ઉસકી ટીકા. ટીકા હૈન? ટીકા મેં આપણે ગુજરાતીમાં પહલે યહ શબ્દ લિયા હૈ. ઉસમેં આખિરમેં લિયા હૈ હિન્દીવાલે ને. ક્યોંકિ ટીકા મેં પહલા શબ્દ પડા હૈ, પરંતુ ઉસમેં પીછે લિયા હૈ. આપણે પીછે સે પહલે લિયા હૈ. હૈ ન આખીર કી પંક્તિ? મૈં વંદન કરનેવાલા કૌન હૂં? યહ કહતે હૈં. આખિર કી પંક્તિ હૈ. પ્રથમ હી, સ્વસંવેદન પ્રત્યક્ષ. હૈ? પહલી ગાથાકી આખિર કી પંક્તિ. પહલી ગાથા કી આખિર કી પંક્તિ. ટીકા મેં વહ પહલા શબ્દ હૈ. પરંતુ હિન્દીવાલા ને જરી ફેરફાર કર દિયા હૈ. યહાં સે લેના હૈ. હૈ? સંસ્કૃત મેં ભી યહ હૈ. દેખો! '**एष स्वसंवेदनप्रत्यक्षदर्शनज्ञानसामान्यात्माहं**' ક્યા કહતે હૈ? ભગવાન! મૈં વંદન કરનેવાલા કૈસા હૂં? મૈં વંદન આપ કો કરતા હૂં. આપ કો કરતા હૂં વહ ભી અભેદ હૈ ઉસમેં. અભેદ નમસ્કાર હૈ. આપ કો તો ઐસા નિમિત્ત સે કથન હૈ. પણ અપના સ્વભાવ જો શુદ્ધ આનંદ આદિ હૈ ઉસમેં મૈં એકાકાર હોતા હૂં તો વંદન કરનેવાલા ઔર વંદન હોનેયોગ્ય દો કા ઉસમેં વિકલ્પ છૂટ જાતા હૈ. ઈતની ... હોતી હૈ કિ ભગવાન ઐસા, ઐસા હોતે હી અપને આત્મા મેં ભગવાન ઐસા હો જાતા હૈ. સમજ મેં આયા? અરિહંત, સિદ્ધ આદિ પરમેશ્વર પાંચ ઐસા, ઐસા જહાં ધ્યાનમાં આયા તો કહતે હૈ કિ મૈં વંદન કરનેવાલા ઐસા હૂં. ઔર વંદન ઉસકો કરતા હૂં, પરંતુ ઉસકો વંદન કરને મેં મેરા

આરાધ્ય-આરાધકભાવ મેરે મેં સમા જાતા હૈ. આરાધક મૈં ઔર આરાધ્ય પરમેશ્વર દૂસરા ઐસા રહતા નહીં. સમજ મેં આયા? મૈં ધ્યાન કરને લાયક ઔર ધ્યાન મેં ધ્યેય ભગવાન ઐસા રહતા નહીં ઐસા મેરા નમસ્કાર હૈ ઐસા કહતે હૈં. આહા..હા..! સમજાય છે કાંઈ? સમજ મેં આતા હૈ? ઘણી માર્મિક ગાથા હૈ.

હમ તો કહતે હૈ મૈં પંચપરમેષ્ઠી, પાઠ તો ઐસા હૈ કિ પંચપરમેષ્ઠી કો નમસ્કાર કરતા હૂં. વહ તો વ્યવહાર હો ગયા (ક્યોંકિ) વિકલ્પ આયા. ઐસા નહીં. મૈં કહતા હૂં પંચપરમેષ્ઠી. પરંતુ જૈસા પંચપરમેષ્ઠી વીતરાગભાવ સે બિરાજમાન હૈ, ઐસા મૈં વંદન કરનેવાલા મૈં ઐસા હૂં, ઐસા વંદન કરતા હૂં તબ હમારા ઉપયોગ અંદર મેં ઝુક જાતા હૈ. ભેદ રહતા નહીં, દ્વૈતપના નહીં રહતા. ભગવાન આરાધ્ય હૈ, મૈં આરાધક હૂં, આરાધને યોગ્ય હૈ, આરાધ્ય, આરાધને યોગ્ય. આરાધક મૈં હૂં યહ બાત છૂટ જાતી હૈ. સમજ મેં આયા? મૈં જ્ઞાનાનંદ સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ, પંચપરમેષ્ઠી જો વીતરાગી પર્યાયરૂપ પરમાત્મા, પંચપરમેષ્ઠી અર્થાત્ વીતરાગ પર્યાયરૂપ પરમાત્મા વંદન કરનેલાયક ઔર મૈં વંદન કરનેવાલા ઐસી તીવ્ર જહાં અંદર સે ભાવના ઉઠતી હૈ વહાં અદ્વૈત નમસ્કાર હો જાતા હૈ. સમજ મેં આયા? દ્વૈતપના રહતા નહીં કિ યહ ભગવાન હૈ ઔર મૈં વંદન કરતા હૂં ઐસા રહતા નહીં. આત્મવિશુદ્ધિ, પરમાત્મવિશુદ્ધિ. સમજ મેં આયા? આહા..હા..!

કહતે હૈં, 'યહ...' યહ શબ્દ પડા હૈન. 'एष' 'एष' આ હૂં. મૈં કૌન હૂં? કુંદકુંદાચાર્ય .. મૈં કોન? '**યહ સ્વસંવેદનપ્રત્યક્ષ...**' મૈં તો અપના આનંદ ઔર જ્ઞાન સે પ્રત્યક્ષ હોનેવાલા મૈં આત્મા મૈં પ્રત્યક્ષ હુઆ હૂં ઐસા મૈં હૂં. મૈં ઐસા હૂં. આહા..હા..! સમજ મેં આયા? દેખો! પંચમ આરા કા મુનિ કહતે હૈં. આહા..હા..! યે. 'एष' શબ્દ પડા હૈ ન સંસ્કૃત મેં? 'एष' આ, આ. આ બતાતા હૈ પ્રત્યક્ષપના. કૈસા પ્રત્યક્ષપના? સ્વસંવેદન પ્રત્યક્ષ. મૈં આત્મા કૌન હૂં? કિ મૈં અપની જ્ઞાનપર્યાય ઔર આનંદપર્યાય સે જાનનેયોગ્ય હૂં અનુભૂતિસે ઐસા મૈં આત્મા હૂં. મૈં રાગ સે ઔર પરસે જાનનેલાયક ઐસા તો મૈં હૂં નહીં. મૈં નહીં ઐસા ન કહકર મૈં ઐસા હૂં ઐસા અસ્તિ સે કહા હૈ. સમજ મેં આયા? મૈં રાગ સે ઔર પર સે વેદન કરનેલાયક નહીં હૂં ઐસા ન કહકર અસ્તિ સે કહા. મૈં 'યહ...' હૈ ન યહ? એમાં શબ્દ શું છે ગુજરાતી? મૈં છે? આ. એમાં હું શબ્દ નથી. એ પાછળ છેને ઓલામાં. મૈં પ્રણામ કરતા હૂં એમાં છેને ભાઈ? પછી મૈં છે એમાં હિન્દીમાં. '**યહ સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ મૈં,...**' પ્રણામ કરતા હૂં. મને શબ્દ ફેરનો ખ્યાલ છે, ભાઈ. આ હું. એમ. આ હું. જુઓ! કેટલાક અત્યારે કહે છે કે આ હું (ઐસા કહને સે) પક્ષપાત હો ગયા, ખંડખંડ જ્ઞાન હો ગયા. આહા..હા..! સમજ મેં આયા? રજનીશ હૈ ન, બહુત મારતે હૈ ગપ ઉંધા બહુત. ઓહો..હો..! જો અભી તક આચાર્ય ઔર શાસ્ત્ર હુએ ઉસમેં છેતરપિંડી કર દિયા હૈ, લોગોં કો છેતર્યા હૈ ઐસા કહતે હૈં. અરે! ભગવાન શું કહે છે ભાઈ તું? પુણ્ય પ્રકૃતિ કા યોગ હૈ. લોકોને ખબર ન મળે ઔર યહાં કી નિશ્ચય કી બાત સૂને તો કેટલાક કો ઐસા લગે કિ વહ તો કાનજીસ્વામી કહતે હૈ, વહ સુન લિયા તો અધિક બાત હૈ? યહાં વહ પહલે સે કહા હૈ

અમૃતચંદ્રાચાર્યને.

'एष' 'एष' અહં શબ્દ પડા હૈ ન ભાઈ છેલ્લો સંસ્કૃતમાં છે. 'एष स्वसंवेदनप्रत्यक्षदर्शनज्ञानसामान्यात्माहं' અહં નામ અસ્તિપના જનાતા હૈ. અહં ઉસકા અભિમાન નહીં હૈ. આહા..હા..! મૈં ઐસા હૂં. સબ કહે ઐસા નહીં. સબ આત્મા હો, મૈં હૂં ઐસા નહીં. સબ આત્મા સે ઔર દૂસરે જડ આદિ પદાર્થ સે અપની ભિન્નતા કા બોધ કરતે હૈં. ઉસમેં વહ વિકલ્પ નહીં. ઔર મૈં ઐસા હૂં, તો સારા અખંડ હૈ ઉસમેં ભેદ પડ ગયા ઐસા હૈ નહીં. સમજ મેં આયા? આ.. યહ તો શાંતિ સે સમજને લાયક ચીજ હૈ. આ. આ પ્રત્યક્ષ આમ જ્યાં નજર મેં આયા ન આત્મા ઐસે આ. મૈં એટલે હું. આ હું. શુદ્ધ આનંદકંદ પરમાનંદ મૂર્તિ આ હું સ્વસંવેદનપ્રત્યક્ષ (છું). મૈં તો અપને જ્ઞાન સે ઔર આનંદ સે પ્રત્યક્ષ હૂં ઐસા મૈં હૂં. કૌન કહતા હૈ? યહ આચાર્ય કહતે હૈં. છદ્મસ્થ આચાર્ય કહતે હૈં, પંચમકાલ કે મુનિ કહતે હૈં. કેટલાક કહતે હૈ કિ અભી તો શુદ્ધ ઉપયોગ હોતા હી નહીં. તો સારા મુનિયોં કો કુંદકુંદચાર્યકો ભી હોતા નહીં શુદ્ધ ઉપયોગ ઐસા કહતે હૈ. અભી તો શુભ ઉપયોગ હી હોતા હૈ. શુદ્ધ તો આઠવે ગુણસ્થાન મેં હોતા હૈ. બડી વિરૂદ્ધતા. ઓહો..હો..! વહ તમારે વહાં સે ચલી હૈ. તમારે ગામ મેં સે ચલી હૈ. કહો, સમજ મેં આયા? આહા..હા..! ગજબ કરતે હૈ કામ.

જૈસા યહ કહતે હૈં મૈં ખંડખંડ કહનેસે વર્તમાન શુદ્ધ ઉપયોગ.. યહાં આચાર્ય કહતે હૈં કિ મૈં તો સ્વસંવેદનપ્રત્યક્ષ ત્રિકાલ ઐસા હૂં, વર્તમાન પ્રત્યક્ષ હોકર મૈં કહતા હૂં. કહતે સમય તો વિકલ્પ હૈ, શાસ્ત્ર લિખતે વક્ત તો વિકલ્પ હૈ, પરંતુ ઉસ વિકલ્પ કી મુખ્યતા નહીં હૈ. યહાં પ્રત્યક્ષ યહ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ સ્વરૂપ મેરે જ્ઞાન કી પર્યાય મેં પ્રત્યક્ષ જ્ઞેય હો ગયા હૂં. પ્રત્યક્ષ. પર કા આશ્રય હૈ નહીં. નિમિત્ત કા, રાગકા આશ્રય હૈ નહીં. આશ્રય હૈ નહીં ઐસા ભી નહીં કહા. મેરે તો પ્રત્યક્ષ હોને લાયક મૈં આત્મા હૂં. મૈં પ્રત્યક્ષ હુઆ હૂં યહ મૈં હૂં. મૈં મેરે કો પ્રત્યક્ષ હુઆ હૂં યહ મૈં હૂં. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભેદ સે અભેદ કી પ્રાપ્તિ...

ઉત્તર :- ભેદ કહાં હૈ? કૌન કહતા હૈ ભેદ? કહાં હૈ? ભેદ હૈ હી નહીં યહાં. પ્રત્યક્ષ કહા ન. જ્ઞાન કી પર્યાયસે મૈં પ્રત્યક્ષ હૂં, અભેદ હીં હૂં. ભેદ કહાં આયા ઉસમેં? કહાં સે આયા?

મૈં આ, આ પહેલો શબ્દ હૈ. આ મૈં એટલે હું. સ્વસંવેદનજ્ઞાન સીધા જ્ઞાન સે આત્મા કો પ્રત્યક્ષ કરતા હૂં વહ મૈં હૂં. ઉસકા અર્થ કિ જો વિકલ્પ ઉઠા હૈ કિ અઠ્ઠાઈસ મૂલગુણ હૈ વહ મૈં નહીં. ઔર વંદન કરનેલાયક મુનિ કા અઠ્ઠાઈસ મૂલગુણ કા વિકલ્પ હૈ વહ વંદન કરનેલાયક હૈ? નગ્નદશા વંદન કરનેલાયક હૈ? અંતર મેં સ્વસંવેદનતા વીતરાગ પર્યાય પ્રગટ હુઈ હૈ નિર્વિકારી વહ વંદન કરને લાયક હૈ. સમજ મેં આયા? તો કહતે હૈં કિ મૈં ઐસા હૂં ઔર મૈં પરમેશ્વર કો વંદન કરતા હૂં ઐસા મૈં મેરે કો વંદન કરતા હૂં. શેઠી! મૈં પંચપરમેષ્ઠી મેં હી હૂં, મૈં ઉસમેં હૂં. આહા..હા..! આચાર્ય હૈ કિ નહીં? ઈતની ખબર પડ જાતી હૈ? અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન ન હો તો ભી? વહ તો દૂસરી

બાત હૈ. અવધિ, મનઃપર્યય હો યા ન હો વહ તો એક જ્ઞાન કા વૈભવ હૈ વૈભવ. વહ કોઈ સાધકપને કી પુષ્ટિ મેં કોઈ કારણ હૈ નહીં. મૈં યે સ્વ અપને સંવેદન, અપને સે સંવેદન પ્રત્યક્ષ હોનેવાલા મૈં કૈસા? અબ તક સાધારણ બાત હુઈ.

વસ્તુ કૈસી હૈ? કિ '**દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ...**' મૈં તો દષ્ટા ઔર જ્ઞાતા ઐસા સામાન્ય સ્વરૂપ મેરા ત્રિકાલ હૈ. આહા..હા..! સમજ મેં આયા? દર્શન ઉપયોગ હાં! જ્ઞાન ઉપયોગ ત્રિકાલ, દર્શનજ્ઞાન સામાન્ય અભેદ ઐસા મૈં હૂં. સમજ મેં આયા? '**દર્શનજ્ઞાનસામાન્યરૂપ...**' એકરૂપ, અખંડરૂપ ઐસા મૈં પ્રણામ કરતા હૂં. લો. મૈં પંચપરમેષ્ઠી કો પ્રણામ કરતા હૂં. ઓહો..હો..! અર્થાત્ મૈં નમસ્કાર કરતા હૂં. ઐસા નમસ્કાર કરતા હૂં કિ મૈં આરાધક ભગવાન, આરાધન કરનેલાયક ઔર મૈં આરાધક, વહ બાત મેરે મેં છૂટ જાતી હૈ, ઐસે મૈં અપને કો પ્રણામ કરતા હૂં. અપને કો કરતા હૂં ઉસકો પર કો કિયા ઐસા કહને મેં આતા હૈ. સમજે? દેખો ભાઈ મંગલાચરણ હોતા હૈ. આજ પુરુષાર્થસિદ્ધિ બાહર પડી. કહો, સમજ મેં આયા? બહેનના જન્મદિવસે બહાર નિકાલના થા. પ્રવચનસાર.

કહતે હૈં, અહો..! યહ મંગલાચરણ હોતા હૈ પ્રવચનસાર કા, આનંદ કા પિપાસુ માટે બની ટીકા ઉસકા મંગલાચરણ હૈ. આહા..હા..! મૈં પ્રણામ કરતા હૂં. અરે! ભગવાન! યહ ઔર મૈં ઐસા જુદા ક્યોં પાડા? યહ સબ ઉસકો, ઉસ રૂપ હૂં ઔર ઉસકો નમસ્કાર કરતા હૂં ઐસા નહીં કહા. આ હું. થોડા શબ્દ મેં બડા ભરા હૈ ભાઈ! યહ કોઈ કથા નહીં, વાર્તા નથી. સમજ મેં આયા? આ તો અધ્યાત્મ પરમેશ્વર કી કથા હૈ. પારમેશ્વરી કથા હૈ. ટીકા મેં લેગા. સમજ મેં આયા?

અબ ટીકા પહલેસે. વહ પહલે યહ લિયા કિ મૈં ઐસા હૂં. અબ કિસકો મૈં વંદન કરતા હૂં? '**જો સુરેન્દ્રો,...**' પહલા શબ્દ હૈ ઉસમેં. સુરેન્દ્રો એટલે વૈમાનિકના દેવો. '**અસુરેન્દ્રો,...**' ભવનપતિ આદિના દેવો. '**નરેન્દ્રોંકે...**' ચક્રવર્તી આદિ મનુષ્યના ઇન્દ્રો. એ '**દ્વારા વંદિત હોનેસે...**' દેખો! ઉસ દ્વારા વંદિત હોને સે. ત્રણ લોકમાં ઊંચા પ્રધાન પુરુષોં સે વંદનિક હૈ. અગ્રગણ્ય પુરુષોં સે પરમાત્મા વંદનિક પંચપરમેષ્ઠી હૈ. ત્રણલોકમાં અગ્રગણ્ય પુરુષો હૈ ઉસકો વંદનિક હૈ. '**તીન લોકકે એક ગુરુ હૈં,...**' એક જ ગુરુ આપ હૈ. આહા..હા..! સમજ મેં આયા? મહાવીરદેવ કો વંદન કરતે હૈં. મહાવિદેહ શબ્દ પડા હૈ ન? મહાવિદેહ. ભગવાન મહાવીર તીર્થના નાયક ઉસકે શાસન મેં હમ હૈ. તો કહતે હૈં કિ વર્ધમાન ભગવાન કૈસે હૈં? તીનલોક કે અગ્રગણ્યમાં એક હી ગુરુ, એક હી ગુરુ હૈ. સર્વજ્ઞદેવ પરમગુરુ મહાવીર ત્રણલોકના અગ્રગણ્યના ઇન્દ્રોને પૂજનિક હૈ. એક વાત. '**(અનન્ય સર્વોત્કૃષ્ટ) ગુરુ હૈં,...**'

હવે બીજી વાત. પાઠ મેં લિયા હૈ. '**જિનમેં ઘાતિકર્મમલકે ધો ડાલનેસે...**' જુઓ, ઐસા ઘાતિકર્મ નાશ હુઆ ઔર જ્ઞાન હુઆ ઐસા નહીં કહા. વહ કહતે હૈ તમારે. પહલે ઐસા કહો, જ્ઞાનાવરણીય નાશ હો તો જ્ઞાન હોતા હૈ ઐસા કહો. તુમ કહતે હૈ, જ્ઞાન પ્રગટ હોતા હૈ તો જ્ઞાનાવરણીય કા નાશ હોતા જાતા હૈ ઐસા નહીં કહો તુમ. ... શું કહતે હૈ? ઉલટી ગંગા ચલતી

હૈ તુમ્હારી એમ કહતે હૈ એ લોકો. ભાઈ! તેરી ઉલટી ગંગા ચલતી હૈ તેરી ખબર નહીં હૈ તને. ક્યા કહતે હૈં આચાર્ય? દેખો, '**જિનમેં ઘાતિકર્મમલકે ધો ડાલનેસે...**' જિનમેં એટલે ભગવાન મેં. એમ. ક્યા કહના હૈ? ભગવાનમેં, મહાવીર ભગવાન મેં '**ઘાતિકર્મમલકે ધો ડાલનેસે...**' ઘાતિકર્મ કા મલ ધો ડાલા. ધો ડાલને કા અર્થ સાફ. એકલા નાશ કિયા વહ ભાષા ન લી ભાઈ! ધો ડાલનેસે. પાની સે જૈસે સાફ કર દેતે હૈ ન કપડા સાફ સ્વચ્છ જલ મેં. ઐસે ચાર ઘાતિકર્મ કો ધો ડાલા. ક્યા હુઆ? '**જિનમેં...**' ભગવાન મહાવીર મેં '**જગત પર અનુગ્રહ કરનેમેં સમર્થ...**' દેખો, '**જગત પર અનુગ્રહ કરને મેં સમર્થ અનંતશક્તિરૂપ પરમેશ્વરતા હૈ,...**' દેખો! આહા..હા..! જગત કો અનુગ્રહ કરને કી પરમેશ્વરતા પરમેશ્વર મેં હૈ. ઈસકા જો લક્ષ્ય કરતે હૈ ઉસકો પરમેશ્વરતા પ્રગટ હોતી હૈ. તો ભગવાન મેં અનુગ્રહ પરમેશ્વરતા કી શક્તિ ઉસમેં હૈ ઐસા કહતે હૈ. એય..! આહા..હા..!

મુમુક્ષુ :- સરસ લખ્યું છે.

ઉત્તર :- બહુત લખ્યું છે? આજ બહેન કા જન્મદિન હૈન, તો મંગલિક હોના ચાહિયેન. આહા..હા..! દેખો!

કહતે હૈં, નિમિત્ત કુછ કરતા નહીં, પર સે કુછ હોતા નહીં, વાણી સે લાભ હોતા નહીં, ભગવાન સે લાભ હોતા નહીં, લાભ અપના દ્રવ્ય કે આશ્રય સે હોતા હૈ ઐસા અભી તક કહતે થેન? એય..! ધન્નાલાલજી! અભી તક કલ તક તુમ ઐસા કહતે થે કિ ઓહો..હો..! અપના લાભ પર્યાયદૃષ્ટિ સે ભી હોતા નહીં. નિમિત્ત સે, વિકલ્પ સે નહીં. પરમેશ્વર સે નહીં. પરમેશ્વર મેં ભી દૂસરે કો લાભ પહુંચાને મેં પરમેશ્વર અયોગ્ય હૈ. ઐસા આયા થા? ૩૭૨ ગાથા મેં ઐસા આતા હૈ. સમજ મેં આયા? આ વાણી કૈસી વળી આ! સુન તો સહી. આહા..હા..! ઈતની પરમેશ્વરતા જિસકો પ્રગટ હુઈ હૈ વહ દૂસરે મેં અનુગ્રહ કરને મેં સમર્થ પરમેશ્વરતા હૈ. આહા..હા..! ભગવાન! યહ જિસકો યહ ભગવાન કી પરમેશ્વરતા પ્રગટ મેં, લક્ષ મેં આ ગયી ઉસકો ભગવાન કા અનુગ્રહ હી હો ગયા ઐસા કહતે હૈ ઔર ઉસ સમય મેં ભગવાન કે જ્ઞાન મેં ઐસા આયા થા કિ ઈસ સમય વહ અનુભવ કર લેગા, ઔર યહ સમય મેં કેવલજ્ઞાન પાયેગા તો ઉસકો અનુગ્રહ હૈ ઐસા કહતે હૈ. નાથ! મેરા ઉચ્ચ પદ હૈ યહ તો આપકે જ્ઞાન મેં આ ગયા હૈ. સમજ મેં આયા? મૈં ભવિષ્ય મેં ક્યા હોઉંગા? અલ્પ કાળ મેં મૈં મોક્ષ લુંગા ઐસી પદવી પાકર યહ આપ કે જ્ઞાન મેં આ ગયા હૈ. સમજ મેં આયા? મેરે ખાતરી હૈ કિ આપ મેરે નિમિત્ત હુએ તો આપ કા અનુગ્રહ મેરે પર હુઆ ઐસા કહતે હૈં. એય..! ચંદુભાઈ!

ઓલામાં આવે છેને, જ્ઞાનદર્પણમાં નહિ? વ્યવહાર સે કુછ લાભ નહીં. વ્યવહાર સે .. બહુ વિવાદ ન કરના. ક્યોંકિ વ્યવહાર બહુ કરને જાયેગા પરમેશ્વર કેવલજ્ઞાની ભી આદરને લાયક નહીં વ્યવહાર ઐસા હો જાતા હૈ તો. ... આવ્યું હતુંને? તે દિ' કહ્યું હતું ને ઓલામાં છે. પંચસંગ્રહ અધ્યાત્મ પંચસંગ્રહ દીપચંદજીને લિખા હૈ, બહુત બહુત સત્ય. .. પરંતુ ઐસા બહુત જોર કરેગા

તો પરમેશ્વર હૈ ઉસકી વાણી કા બહુમાન તુઝે નહીં રહેગા. યહાં તો કહતે હૈ... ધનાલાલજી! હૈ તો જેમ છે એમ હોં. પરંતુ જબ ઐસા ભાન હોતા હૈ તબ બહુમાન કા વિકલ્પ આયે બિના રહતા નહીં. છતાં વહ વિકલ્પ હેય હૈ. આહા..હા..! વીતરાગ કા સ્યાદ્વાદ માર્ગ અનેકાંત માર્ગ વહ સમજને મેં મહાપુરુષાર્થ ચાહિયે. સમજ મેં આયા?

કહતે હૈ, ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા મહાવીર શાસન નાયક વર્તમાન શાસન કે નાયક. અરે! શાસન તો અપની પર્યાય મેં હૈ ઉસકા નાયક વહ હુઆ? હૈ? પાઠ હૈ. હૈ દેખો, આગળ જુઓ. '**શ્રી વર્ધમાનદેવકો પ્રવર્તમાન તીર્થકી નાયકતાકે કારણ...** ' દેખો! આ કારણે મૈં ઉસકો વંદન કરતા હૂં. એમ કહતે હૈ. સમજ મેં આયા? મૈં મેરી પીછાન કિયા હૈ ઔર વહ પરમાત્મા કૈસા હૈ વહ મેરે જ્ઞાન મેં આ ગયા હૈ. અરિહંત કી પર્યાય કૈસી હૈ વહ મેરે જ્ઞાન મેં બરાબર આ ગયી હૈ. ઐસી પીછાન કરકે મૈં વંદન કરતા હૂં, તો વંદન મેં દ્વૈતપના છૂટ જાતા હૈ, અદ્વૈત હો જાતા હૈ. સમજ મેં આયા? '**જગત પર અનુગ્રહ કરને મેં...**' લ્યો, આ તો પરમેશ્વર અનુગ્રહ કરતે હૈ ભક્ત કે ઉપર. રાક્ષસોં કા નાશ કરતે હૈ. આ તો પરમેશ્વરતા ઐસી પૂર્ણ પ્રગટ હુઈ કિ જો ઉસકા લક્ષ્ય કરે તો ઉસકો પરમેશ્વરતા પ્રગટ હુએ બિના રહે નહીં. ઉસમેં વહ નિમિત્ત પડતે હૈ ઈસલિયે અનુગ્રહ કરને મેં સમર્થ હૈ ઐસા કહને મેં આતા હૈ. ઔર વહ પરમેશ્વર હી નિમિત્ત હોતા હૈ, દૂસરા કોઈ નિમિત્ત હોતા નહીં. એમ કહતે હૈ. જિસકી પૂર્ણ કેવલજ્ઞાન ઔર પૂર્ણ વીતરાગદશા. અરે! ઉસકી અસ્તિ કી સત્તા કા સ્વીકાર કૌન કરે? સમજ મેં આયા? ઈતની એક પર્યાય મેં તીનકાલ તીનલોક કા જાનના દેખના. આહા..હા..! એક સમય વહ ભાષા નહીં, કથન નહીં, વિકલ્પ સે નહીં. અંદર મેં અસ્તિપના ઉસકો એક સમય કી પર્યાય તીનકાલ, તીનલોક હો ઉસસે ભી અનંતગુના હૈ તો જાન સકે ઐસી પર્યાય ઉસકી સત્તા કા સ્વીકાર જિસકો હો, કહતે હૈ કિ ભગવાન કા હી અનુગ્રહ હૈ ઉસમેં. સમજ મેં આયા? અપના અનુગ્રહ હૈ અપને મેં તો નિમિત્ત સે અનુગ્રહ હૈ ઐસા કહને મેં આયા હૈ. આમાં બહાર સે કોઈ રાજી હોના યા ખુશી હોના ઐસી ચીજ નહીં યહ. સમજ મેં આયા? બહુત સભા ખુશી હો જાયે, રાજી હો જાયે ઐસી યહ ચીજ નહીં. યહ તો અંતર મેં આત્મા રાજી હો જાયે ઐસી બાત હૈ. સમજ મેં આયા?

કહતે હૈ કિ પરમેશ્વર ત્રિલોકનાથને ધોઈ નાખ્યા ઘાતિકર્મ, પ્રગટ હુઈ અનુગ્રહ શક્તિ. પરમેશ્વરતા પ્રગટ હુઈ હૈ. આહા..હા..! જગત ઉપર. જગત ઉપર કહતે હૈ, ક્યા હુઆ? સારા જગત ઉપર? સારા જગત ઉપર? જગત મેં તો ભવિ, અભવિ હૈ, જડ હૈ, સબ હૈ. પરંતુ વહ જગત ઉસકો યહાં કહતે હૈ કિ જો મોક્ષ કા સારા લેને કી જિસકો તૈયારી હૈ ઐસા જગત મેં અનુગ્રહ કરને મેં સમર્થ હૈ, વહ જગત, પ્રધાન જગત વહ હૈ. સમજ મેં આયા? આહા..હા..! ભાષા દેખો! '**જગત પર અનુગ્રહ કરનેમેં સમર્થ...**' મહારાજ! જગત કી વ્યાખ્યા ક્યા કરતે હૈ તુમ? ભવિ પર યા અભવિ પર? ક્યા હૈ? ... જો પ્રાણી ઉસકા લક્ષ્ય કરકે અપના સ્વભાવ કા આશ્રય કરકે પ્રગટ કરતે હૈ વહી જગત, વહી વસ્તુ, વહી અગ્રગણ્ય ઉસકો ભગવાન કા અનુગ્રહ

કરને કી તાકાત હૈ. સમજ મેં આયા? ધન્નાલાલજી! ઐસી બાત હૈ. યહ જ્ઞાન કી લહેર હૈ. સમજ મેં આયા?

‘**અનુગ્રહ કરનેમેં સમર્થ અનંતશક્તિરૂપ પરમેશ્વરતા હૈ,...**’ કોઈ કહે કિ સર્વશક્તિરૂપ પરમેશ્વરતા હૈ ઐસા ક્યોં નહીં કહા? અનંતશક્તિરૂપ પરમેશ્વરતા હૈ ઐસા કહા, પરંતુ વહ તો અનંત કહો યા સર્વ (કહો). પરંતુ ઉસકા અર્થ ઐસા નહીં કિ દૂસરે કા કામ કર દે વહ સર્વશક્તિમાન કહને મેં આતા હૈ. સમજ મેં આયા? કામ કરનેવાલા, મોક્ષ કા કરનેવાલા જીવ મેં નિમિત્તપના કી શક્તિ હો તો વહ ભગવાન મેં હૈ, દૂસરા મેં હૈ નહીં. સમજ મેં આયા? ‘**તીર્થતાકે કારણ...**’ તીર્થ શબ્દ પડા હૈન? ‘**તીર્થતાકે કારણ યોગીયોંકો તારનેમેં સમર્થ હૈં,...** ’ લ્યો, એ આવ્યો પાછો ખુલાસો. ઓલામાં જગત કહ્યું હતુંને? ખુલાસો કર દિયા પીછે. પાઠ મેં હૈ ન વહ? પાઠ મેં હૈ ન તીર્થ. ‘**पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं।**’ મૂલ શ્લોક હૈન. પહલા શ્લોક હૈ. યહ ઉસકા અર્થ હોતા હૈ. યહાં તો શ્લોક કા અર્થ હોતા હૈ. ‘**एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं।**’ ઉસકા અર્થ હુઆ પહલે. પીછે ‘**तित्थं**’ ઉસકા અર્થ હોતા હૈ. ફિર ‘**धम्मस्स कत्तारं**’ પછી ઉસકા અર્થ હોગા. એક એક શબ્દ કા અર્થ હોતા હૈ, કુંદકુંદાચાર્ય કે પહલે શ્લોક કા.

ભગવાન મહાવીર ઐસા હૈ ‘**તીર્થતાકે કારણ યોગિયોંકો તારને મેં સમર્થ હૈં,...** ’ ખુલાસા કર દિયા. યોગિયોં અપને સ્વરૂપ મેં જો અંદર એકાકાર હોનેવાલા હૈ ઉસકો તારને મેં સમર્થ હૈ ઐસા નિમિત્ત કહા. એય..! ચંદુભાઈ! આહા..હા..! જો અપના સ્વરૂપ આનંદસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ ઉસમેં જિસને અપની પર્યાય કો જોડા હૈ, જોડા હૈ યોગ-યોગ યુજ ધાતુ. વહ નિયમસાર મેં આતા હૈ કિ ઈસકો યોગ કહતે હૈ. અપને સ્વરૂપ મેં જોડાન કરના વહ યોગ હૈ. દૂસરા કરતે હૈ પરમસમાધિ, ઐસા વૈસા, કુંભક, રેચક વહ સબ હૈ નહીં. ઐસા યોગિયોં કો તારને મેં સમર્થ હૈં ઐસા પીછે ખુલાસા કર દિયા. ઉસમેં વહ નિમિત્ત હોતા હૈ. સમજ મેં આયા? દેખો, અમૃતચંદ્રાચાર્ય કે એક એક શબ્દ કો લેકર સ્પષ્ટીકરણ કરતે હૈ. ટીકા કા અર્થ સ્પષ્ટીકરણ હૈન. કહતે હૈં, હમારી ટીકા તુમ બહુત કરતે હો, ટુકા બહુત કરતે હો. યે ટીકા બહુત કરતે હૈ. પાઠ મેં જો ભરા હૈ સામાન્ય ઉસકા વિશેષ સ્પષ્ટીકરણ કરતે હૈ. ‘**તીર્થતાકે કારણ યોગિયોં કો તારનેમેં સમર્થ હૈ...**’ તીર્થ કા કરનેવાલા હૈન? તીર્થ કા કારણ હૈન? પરંતુ તીર્થ કૌન? કિ જો તરનેવાલા હૈ ઉસકો નિમિત્ત હૈ ઐસા કહતે હૈં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ઉસમેં ક્યા હૈ? ઉસમેં આયા ક્યા? ઉસમેં ઈસકા સંબંધ નહીં. વહ તો હુઆ અપને સે. પરંતુ વાણી થી, બસ ઈતની બાત હૈ. રચના તો અપને સે કિયા હૈ, અપને જ્ઞાન મેં આયા તો રચના કિયા હૈ. જ્ઞાન તો અપનેમેં સે આયા હૈ. ભગવાન કી વાણી તો સબકે લિયે નિમિત્ત થી. સમજ મેં આયા? તો ગણધર મેં ઈતના ક્ષયોપશમ થા તો અપને સે રચના કી. દૂસરે કો ક્યોં ઈતના ક્ષયોપશમ હુઆ નહીં? સમજ મેં આયા? માટે સરખા નિમિત્ત થા પણ છતાં

જિસકી યોગ્યતા હૈ ઉસ પ્રમાણ મેં ઉસકો પ્રગટ હુઆ તો ખલાસ હો ગયા, નિમિત્તને કુછ કિયા નહીં. સમજ મેં આયા?

મુમુક્ષુ :- ...બીજા અર્થ કરે છે.

ઉત્તર :- બીજા અર્થ કરે છે. ઐસા હૈ. આહા..હા..! ભગવાન ઐસા કહતે હૈં. ભૈયા! ગણધરને ઐસી ક્ષયોપશમ દશા પ્રગટ કી મેરે સે તો દૂસરે ને ક્યોં પ્રગટ નહીં કી? સમસવરણ મેં તો લાખો-કરોડો મનુષ્ય થે. સમજ મેં આયા?

મુમુક્ષુ :- મનઃપર્યય જ્ઞાની ભી..

ઉત્તર :- બહુત થે. મનઃપર્યાય જ્ઞાની આદિ સાધુ થે, અવધિજ્ઞાની થે ઉસમેં ક્યા આયા? ઉસકી અપની યોગ્યતા પ્રમાણે પ્રાપ્ત કરતા હૈ ઉતના પ્રમાણ મેં નિમિત્ત કહને મેં આતા હૈ. ઈતના પ્રમાણમેં નિમિત્ત કહને મેં આતા હૈ. વહાં ધોધમાર એક સમય મેં બાર અંગ ચૌદ પૂર્વકી ધારા એકસાથ બહતી હૈ. તો જિતના અંદર મેં ક્ષયોપશમ અપની યોગ્યતા સે પ્રગટ કિયા હો, ઈતની વાણી મેં તો બહુત હૈ, પરંતુ ઈતને કો નિમિત્ત કહને મેં આયા બસ. સમજ મેં આયા? '**તીર્થતા કે કારણ યોગિયોં કો તારનેમેં સમર્થ હૈં,...**' અચ્છા. હવે આવ્યું.

'**ધર્મ કે કર્તા હોનેસે...** ' દેખો હવે. '**જો શુદ્ધ સ્વરૂપપરિણતિકે કર્તા...** ' અપની સ્વરૂપપરિણતિ કા કર્તા ઐસા કહા. સમજ મેં આયા? '**ધર્મ કે કર્તા હોને સે જો શુદ્ધ સ્વરૂપપરિણતિ કે કર્તા...**' હૈ. સમજ મેં આયા? પર કી નહીં હોં! ધર્મ કે કર્તા હોને સે સ્વરૂપપરિણતિ કે કર્તા હૈ, ઉસકા સ્વરૂપ પરિણતિ કા કરનેવાલા હૈ. '**ઉન પરમ ભટ્ટારક,...**' આહા..હા..! ઐસા પરમ ભટ્ટારક સૂર્ય, પરમસૂર્ય. '**મહાદેવાધિદેવ,...**' અમૃતચંદ્રાચાર્ય, વર્ધમાન. એ શબ્દનો અર્થ હો ગયા એક એક કા, અબ વર્ધમાન કા કરતે હૈં. ઐસા પરમ ભટ્ટારક, પરમ ભટ્ટારક સૂર્ય. પરમ સૂર્ય. '**મહાદેવાધિદેવ...**' આ ભટ્ટારક અત્યારે ગાદી ઉપર બેસે એ ભટ્ટારક નહિ હોં! યહાં ભટ્ટારક કહતે હૈન ઉસકો? ભટ્ટારક કેવલજ્ઞાનીકો ભટ્ટારક કહતે હૈ, સંતો કો ભી ભટ્ટારક કહતે હૈ. ભાવલિંગી વીતરાગી દશા કો ભટ્ટારક કહતે હૈ. સમજ મેં આયા? '**મહાદેવાધિદેવ,...**' દેવાધિદેવ તો ઈન્દ્ર પણ છે દેવના દેવ. આ તો મહાદેવાધિદેવ. આહા..હા..! '**પરમેશ્વર,...**' ઈતની વ્યાખ્યા, અમૃતચંદ્રાચાર્ય ભગવાન મહાવીર માટે ઈતના વિશેષણ વાપરતે હૈં. પરમ ઈશ્વર પરમેશ્વર. ઓહો..! પરમાત્મા મહાવીર પરમેશ્વર. કોઈ પરમેશ્વર કર્તા હર્તા હૈ ઐસા નહીં. સમજ મેં આયા? '**પરમપૂજ્ય,...**' આહા..હા..! પરમપૂજ્ય. ઉત્કૃષ્ટપણે પૂજને લાયક.

'**જિનકા નામગ્રહણ ભી અચ્છા હૈ...**' ભાષા દેખો! સમજ મેં આયા? '**सुगृहीतनाम-श्रीवर्धमानदेवं**' '**सुगृहीतनाम**' આહા..હા..! ભાવ નિક્ષેપે જિસકા ભાવ હૈ ઉસકા નામ. તો ભાવ ભી જિસકા ગ્રહણ કરના અચ્છા હૈ, કહતે હૈં આહા..હા..! '**જિનકા નામગ્રહણ ભી અચ્છા હૈ...**' નામ મહાવીર.. મહાવીર. ઐસી પર્યાય ઉસ સમય નમ જાતી હૈ. ઐસા નામ... મહાવીર. પૂર્ણ પુરુષાર્થકા પરાક્રમી ઐસા આત્મા, ઐસા ભગવાન, ઐસા આત્મા. ઐસા નામ મેં

અપની પર્યાય અપને મેં નમતી હૈ જિસકા નામગ્રહણ ભી અચ્છા હૈ. ચંદુભાઈ! આહા..હા..! સમજ મેં આયા?

ઓલામાં લખ્યું છેને દીપચંદજીએ, જેના નામથી અનંતા મોક્ષ ગયા. એનું નામ નિક્ષેપ. પણ નામ નિક્ષેપનો અર્થ? જ્ઞાની કો નિક્ષેપ હોતા હૈ. જ્ઞેય નિક્ષેપ કા જ્ઞાન જ્ઞાની કો હોતા હૈ, નય કા જ્ઞાન નિક્ષેપ નયવાલા કો હોતા હૈ, જિસકો નય પ્રગટી ઉસકો નિક્ષેપ હૈ. સમજ મેં આયા? તો કહતે હૈ અપના સ્વરૂપ જિસકો અંદર પ્રમાણજ્ઞાન સે પ્રગટ્યા હૈ. ઉસકો નામ નિક્ષેપ કહને મેં આતા હૈ. ભગવાન કા નામ ઉસકા ખ્યાલ આ ગયા. નયસે, જ્ઞાનસે. ઐસા ભગવાન કા નામગ્રહણ ભી અચ્છા હૈ. '**ઐસે શ્રી વર્ધમાનદેવકો...**' ઐસૈ શ્રી વર્ધમાન પરમાત્મા કો '**પ્રવર્તમાન તીર્થકી નાયકતાકે કારણ...**' પ્રવર્તમાન ચાલતું તીર્થ જે છે શાસન એના '**નાયકતાકે કારણ...**' ઉસકે અગ્રગણ્ય કે કારણ '**પ્રથમ હી, પ્રણામ કરતા હૂં.**' પહલા શબ્દ આ ગયા. ઐસા કો મૈં પ્રણામ કરતા હૂં. આહા..હા..! ઐસા મહામંગલિક એક ગાથા કે અર્થ મેં ઐસા લે લિયા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૩, રવિવાર, તા. ૧૧-૮-૧૯૬૮**
**ગાથા-૧ થી ૫, પ્રવચન-૧B**

... ભૂતકાલ કે સર્વ સિદ્ધોં. '**તત્પશ્ચાત્ ઈન્હીં પંચપરમેષ્ઠીયોંકો, ઉસ-ઉસ વ્યક્તિમેં (પર્યાયમેં) વ્યાપ્ત હોનેવાલે સભીકો,...**' ઉસ ઉસ પર્યાય જો પહલે વર્ણવી ઐસી અવસ્થા મેં વ્યાપ્ત પંચપરમેષ્ઠી હૈ ઉસકો ફિર યાદ કિયા. ફિર યાદ કરને કા કારણ ક્યા હૈ? સમજ મેં આયા? કિ પહલે સામાન્ય રીતે વંદન કિયા થા, અબ સબકો મિલાકર સમુદાયરૂપ સે વંદન કરતા હૂં ઔર એક એક કો ભી વંદન કરતા હૂં ઐસા નાખને કો યહાં ફિર યાદ કિયા હૈ. સમજમેં આયા? પહલે તો વંદન સામાન્યરૂપ કહા, ઉસમેં વ્યક્તિગત એક-એક કો ઔર સમુદાયકો ઐસા ભેદ નહીં પાડા થા. તો ઐસા ભેદ પાડને મેં ભી સાથ મેં લે લિયા. નહિ તો પહલે તો વંદન કિયા થા. સમજ મેં આયા?

'**તત્પશ્ચાત ઈન્હીં...**' ઈન્હીં પંચપરમેષ્ઠી. ઈન્હીં અર્થાત્ વહી પંચપરમેષ્ઠી. વર્ધમાન ભગવાન, અનંત તીર્થંકરો ઔર સર્વસિદ્ધો ઔર આચાર્ય, ઉપાધ્યાય ઔર સાધુ. જો લિયા. '**ઈન્હીં પંચપરમેષ્ઠીયોં કો, ઉસ-ઉસ વ્યક્તિમેં (પર્યાયમેં) વ્યાપ્ત...**' અપની અપની જો પર્યાય

વહાં કહી થી, શુદ્ધ સત્તાવાલા, અસ્તિત્વવાલા, શુદ્ધ ઉપયોગવાલા વહ અપની પર્યાય મેં વ્યાપ્ત **'હોનેવાલે સભીકો,...'** ઓહો..હો..! સમજ મેં આયા? **'વર્તમાન મેં ઈસ ક્ષેત્રમેં ઉત્પન્ન તીર્થંકરોંકા અભાવ હોને સે...'** અને વર્તમાનમાં આ ક્ષેત્રમાં.. યહ ભૂતકાલ કી બાત કહી, વર્તમાન મેં ઈસ ક્ષેત્ર મેં તીર્થંકર કા અભાવ હોને સે **'મહાવિદેહક્ષેત્રમેં ઉનકા સદ્ભાવ હોનેસે...'** આહા..હા..! દેખો! મહાવિદેહક્ષેત્ર સિદ્ધ કિયા. વહાં પર ભગવાન સીમંધર પરમાત્મા આદિ બિરાજમાન હૈ. ઐસે યાદ કિયા. ત્યાં ગયે થે. આઠ દિન તો રહે થે. ઔર કહતે હૈ કિ વર્તમાન તીર્થંકર કા યહાં અભાવ, મહાવિદેહમેં સદ્ભાવ. તો વર્તમાન મેં ક્યાંય નહીં હૈ ઐસા નહીં. વર્તમાન મેં યહાં નહીં (હૈ). સમજ મેં આયા? પરંતુ વર્તમાન મેં સબ ક્ષેત્રમેં નહીં ઐસા નહીં. આહા..હા..! વર્તમાન કા ભાગ પાડ દિયા. ભૂતકાલ કા પરમેષ્ઠી સબ સિદ્ધ, તીર્થંકરો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સબકો પંચપરમેષ્ઠી કો નમસ્કાર કિયા ફિર યાદ કરતા હૂં કિ એક એક વ્યક્તિ કો ભિન્ન પાડ પાડ કરકે. અરે! અનંત સિદ્ધ હુઆ, અનંત આચાર્ય, ઉપાધ્યાય, સાધુ હુઆ. એક એક વ્યક્તિ કો (વંદન કરને મેં) કિતના કાલ લગે તેરે? મૈં તો એક સમય મેં અનંતા કો નમસ્કાર કરતા હૂં. આહા..હા..! પ્રત્યેક-પ્રત્યેક કો ઔર સમુદાયરૂપ કો એક ક્ષણ મેં સાથ મેં વંદન કરતા હૂં. સામાન્ય ઔર વિશેષ દોનોં હુઆ. યુગપદ્ વંદન સબકો સામાન્ય, એક-એક વંદન એક એક કો વિશેષ. સમજ મેં આયા? ઓહો..હો..! કિતના અનંત? તીર્થંકરો, અનંત સિદ્ધો આદિ આ અને વર્તમાન ભગવાન કા વિરહ હોને સે મહાવિદેહક્ષેત્ર મેં ઉનકા સદ્ભાવ હયાતી હોનેસે, સાક્ષાત્ ભગવાન તીર્થંકરો મહાવિદેહ મેં બિરાજમાન પરમાત્મા હૈ, અનંત કેવલજ્ઞાનાદિ પહલે જો તીર્થંકર કા સ્વરૂપ વર્ણન કિયા ઐસા હી તીર્થંકર વર્તમાન મેં યહાં ભરત મેં નહીં, ઐસા હી તીર્થંકર મહાવિદેહક્ષેત્ર મેં મૌજૂદ હૈ. ઓહો..હો..!

કહતે હૈં, **'મનુષ્યક્ષેત્રમેં પ્રવર્તમાન...'** મનુષ્ય ક્ષેત્ર મેં વર્તમાન હૈ, પ્રવર્તમાન. ખાસ વર્તમાન હૈ. **'તીર્થનાયકયુક્ત...'** તીર્થંકર કો યાદ કરના હૈ ન? ઐસા તીર્થ કા નાયક ઐસા સહિત **'વર્તમાનકાલગોચર કરકે,...'** ક્યા કહતે હૈ દેખો! **'તીર્થનાયકયુક્ત...'** યહ વહાં લિયા બસ. અબ સબકો **'વર્તમાનકાલગોચર કરકે,...'** અબ સબ લિયા ભાઈ એમાં. આહા..હા..! **'(-મહાવિદેહક્ષેત્રમેં વર્તમાન શ્રી સીમંધરાદિ તીર્થંકરોંકી ભાંતિ માનો સભી પંચ પમરેષ્ઠી ભગવાન વર્તમાનકાલમેં હી વિદ્યમાન હોં, ઈસપ્રકાર અત્યંત ભક્તિકે કારણ ભાવના ભાકર ચિંતવન કરકે ઉન્હેં)...'** ક્યા કહતે હૈ? અનંત જો પહલે અતીત તીર્થંકર હુઆ, વર્ધમાન ભગવાન કા નામ લિયા ઔર અનંત સિદ્ધો હુઆ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ હુઆ. સમજ મેં આયા? ઉસકો મૈં જાણે વર્તમાન હોયને સબ. કામ તો વર્તમાન મેં ચલતા હૈ ન. સમજ મેં આયા? મેરા જ્ઞાન, દર્શન આદિ વંદન કા ઉપયોગ તો વર્તમાન ચલતા હૈ, તો વર્તમાન મેં જાણે પ્રત્યક્ષ સબ હૈ એક.. એક.. એક.. આદિ અનંત, સબ ભૂતકાલ કા ઔર વર્તમાન કા સબ વર્તમાનની પેઠે મેરે કો ખ્યાલ મેં આતા હૈ કહતે હૈ.

આહા..હા..! સમજ મેં આયા? અરે.. પણ અનંતકાલ પહલે હુઆ, જિસકી આદિ નહીં સિદ્ધ કી, ઉસમેં વર્તમાનકાલ તેરે આ ગયા? સુન તો સહી ભગવાન! મેરા ઉપયોગ ઈતના લાગુ હો ગયા કિ ભૂતકાલ કી આદિ નહીં પરંતુ સબકો એક... એક... એક... તો એક એક મેં તો આદિ નહીં તો ઉસકો કૈસે લિયા તુને? ચંદુભાઈ! આહા..હા..! વર્તમાન... વર્તમાન... મારે તો સબ વર્તમાન હૈ. મેરી પર્યાય શુદ્ધ વર્તમાન હૈન. તો ઉસસે મૈં સબ વર્તમાન કો હી દેખતા હૂં. સબ તીર્થંકર ઐસી ઐસી પર્યાય. યહ સબકો વર્તમાનકાલગમ્ય કરકે, વર્તમાનકાલગોચર કરકે, વર્તમાનકાલ મેં જાણે બિરાજતા હૂં ઐસે જ્ઞેય બનાકર. આહા..હા..! વર્તમાનકાલ ગમ્ય કરકે. ગોચર હૈ ન? વર્તમાનકાલ મેં વિદ્યમાન હો જાણે.

**'અત્યંત ભક્તિકે કારણ ભાવના ભાકર-ચિંતવન કરકે...'** ઓહો..! ત્રિલોકનાથ પરમાત્મા, સિદ્ધો, પંચપરમેષ્ઠી, શ્રમણો આદિ સબ ઔર વર્તમાન જાણે, આમ વર્તમાન લિયા ઔર પીછે સબકો વર્તમાન કર દિયા. વર્તમાન યહાં નહીં, યહાં નહીં, યહાં હૈ ઐસે સબ મેરે તો વર્તમાન યહાં હી હૈ ઐસા મૈં જાનતા હૂં. આહા..હા..! અનંત તીર્થંકરોં કો ભૂતકાલ અને વર્તમાન સમીપ મેં લા દિયા, લે લિયા. મેરે કાલકા વિરહ હૈ હી નહીં ઐસા કહતે હૈ. આહા..હા..! કુંદકુંદાચાર્ય કી કોઈ શૈલી ગજબ જૈનશાસનમેં!! જૈનશાસન મેં જગત કે પાસ મૂકને કી પદ્ધતિ અલૌકિક હૈ! ઓહો..હો..! આત્મા ઉછળી જાય અંદરથી ઐસી ચીજ હૈ. સમજ મેં આયા? કહતે હૈં કિ ઐસા ભગવાન પંચપરમેષ્ઠી, પ્રભુ! પણ ક્યા કહતે હો તુમ? આદિ નહીં સિદ્ધ મેં ઉસકા પ્રત્યેકપણા તુમને કહાં સે નિકાલા? એય..! પંડિતજી! એય..! વજુભાઈ! પણ આદિ નહીં ઔર પ્રત્યેક કહાં સે નિકાલા એક એક કો? એક એક કો તો આદિ હો જાતી હૈ ભાઈ! પ્રત્યેક-પ્રત્યેક, એક-એક... એક-એક... એક-એક.. ઔર સમુદાય સબ કો મૈં વંદન કરતા હૂં. સિદ્ધો કી, પંચપરમેષ્ઠી કી સબ નાત એકઠી કિયા. સમજ મેં આયા? અપને ઉપયોગ મેં સબ સિદ્ધોં કી નાત એકઠી કિયા. વર્તમાન... વર્તમાન... વર્તમાન... ઓહો..હો..!

કહતે હૈં, **'યુગપદ્ યુગપદ્ અર્થાત્ સમુદાયરૂપસે...'** નહીં તો પહલે તો આ ગયા થા ભૂતકાલ કે તીર્થંકર આદિ, પરંતુ આમાં નામ લેને કો યુગપદ્ ઔર પ્રત્યેક જુદા પાડને કો નામ લિયા. ઓહો..હો..! વીતરાગ કા દરબાર મેં પેસતે હૈ ઐસી બાત હૈ યહ તો. વીતરાગી દરબાર ખડા કર દિયા પર્યાયમેં એમ કહતે હૈ. સારા વીતરાગી પરમેશ્વરો મેરી પર્યાય મેં આ ગયા. ... શબ્દ હૈ કિ નહીં? સમજ મેં આયા? હૈ ન ભગવાન દેખોન. પુસ્તક સામને હૈ કિ નહીં? ક્યા હૈ દેખો! ઓહો..હો..! અનંત સિદ્ધોં કા દરબાર ઔર વર્તમાન તીર્થંકર કા દરબાર અપને ઉપયોગ મેં વર્તમાનકાલ કર લિયા હૈ.

કહતે હૈં, સબકો **'યુગપદ્ યુગપદ્ અર્થાત્ સમુદાયરૂપસે ઔર પ્રત્યેક પ્રત્યેકકો અર્થાત્ વ્યક્તિગતરૂપસે સંભાવના કરતા હૂં.'** મૈં તો વ્યક્તિગતરૂપ સે સમ્માન આપતા હૂં,

વ્યક્તિગતરૂપ સે મૈં ઉસકો આરાધ્ય માનતા હૂં. આહા..હા..! પ્રવચનસાર મેં કહને કી શૈલી મેં પહલે... સમજ મેં આયા? **'ઔર પ્રત્યેક પ્રત્યોકકો...'** અહીં તો વિશેષ અહીં છે ભાઈ! પ્રત્યેક પ્રત્યેક કો ઓહો..હો..! અનંત અનંત પુદ્‌ગલ પરાવર્તનમાં .. હુઆ, અનંત-અનંત પુદ્‌ગલ પરાવર્તન કા. એક ચૌબીસી મેં દસ ક્રોડાક્રોડી સાગરોપમ, તો એક ચૌબીસી મેં ભી અસંખ્ય સિદ્ધ હોતા હૈ, એક ચૌબીસી મેં અસંખ્ય સિદ્ધ. ઐસી અનંતી ચૌબીસી એક પુદ્‌ગલ પરાવર્તન કે અનંતવે ભાગ મેં આતી હૈ. ઈતના તો એક પુદ્‌ગલપરાવર્તન મેં અનંતવે ભાગ મેં સિદ્ધ કી સંખ્યા, ઐસા પુદ્‌ગલ પરાવર્તન ઔર ઐસા અનંત પુદ્‌ગલ પરાવર્તન સે સિદ્ધ હોતા હૈ. પ્રત્યેક કો વંદન કરતા હૂં. અરે! પ્રભુ! ક્યા કહતે હો તુમ! આહા..હા..! નવરંગભાઈ!

મુમુક્ષુ :- .. ખડા હો ગયા.

ઉત્તર :- આવડો મોટો ... પરમાત્માને સમાડી દે અનંતાને. આહા..હા..! સમજ મેં આયા?

અનંત પુદ્‌ગલપરાવર્તન. પ્રભુ! તુમ પ્રત્યેક-પ્રત્યેક કો (વંદન કરતે હો)! આહા..હા..! પદ્ધતિ તે પદ્ધતિ કોઈ! **'પ્રત્યેક પ્રત્યેકકો અર્થાત્ વ્યક્તિગતરૂપસે સંભાવના કરતા હૂં.'** નાથ! અનંત સિદ્ધોં કો, અનંત તીર્થંકરોં કો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કો એક એક કો, એક એક કો હારબંધ ભગવાન સબ વર્તમાન બિરાજતે હૈ હારબંધ આમ. આહા..હા..! સિદ્ધ થવું છે અલ્પકાળમાં, એની હારમાં બેસવાનું છેને. **'પ્રત્યેક પ્રત્યેકકો અર્થાત્ વ્યક્તિગતરૂપસે સંભાવના કરતા હૂં.'** મહારાજ! અનંત પુદ્‌ગલપરાવર્તન કે એક એક સિદ્ધ કો જુદા પાડકર કે તમારે તો પુદ્‌ગલપરાવર્તન ચાહિયે આખા વંદન કરને કો તો. ભાઈ! સમજ મેં આયા? અરે! ભગવાન! સુન તો સહી. કેવલજ્ઞાન કી એક પર્યાય મેં સારા લોકાલોક સમા જાતા હૈ તો મેરી પર્યાય મેં સારા અનંત તીર્થંકર વર્તમાન મેં સબ આ ગયા હૈ. સમજ મેં આયા?

આ મંગલાચરણ હોતા હૈ પ્રવચનસાર કા. કાલથી શરૂ થયું બહેનના જન્મદિવસથી. ૫૫મું વર્ષ બેઠું બહેનને. જન્મ કી બાત નહીં હોં, ધર્મ કી બાત હૈ. ધર્મ કા જન્મ હુઆ ઉસકા મહોત્સવ યહ હૈ. સમજ મેં આયા? આહા..હા..! પંચપરમેષ્ઠી. આજ તુમ્હારે .. મંડપમેં પત્ર લિખતે હૈન કિ આપ આયે કિ મંડપ કી શોભા વિશેષ હોગી. લિખતે હૈ? હિન્દી મેં લિખતે હૈ કિ નહીં તુમ્હારે? લગન મેં. આપકે આને સે હમારા મંડપ... યહાં તો કહે હમારે પાસ આપ બિરાજતે હો તો હમારી શોભા બઢ ગયી હૈ. સમજ મેં આયા?

એ અહીં કહેશે હમણા સ્વયંવર મંડપ કહેશે. મારી દીક્ષાનો સ્વયંવર મંડપ છે આ. એમ કહેશે. મૈં સબકો બુલાકર મેરી દીક્ષા મેં ઉપસ્થિત હાજર રખતા હૂં. આહા..હા..! પંડિતજી! વહ દેવ કો હાજર નહીં રખા, પરમેષ્ઠી કો હાજર રખા. સબ આઓ. યહાં તો અનંત સિદ્ધો, અનંત તીર્થંકરો. હમારી સ્વયંવર દીક્ષા, દીક્ષા કો મૈં અંગીકાર કરતા હૂં, શુદ્ધ ઉપયોગ કો આપકી ઉપસ્થિત હાજર રહો નાથ! આહા..હા..! ઔર હમારી કેવલજ્ઞાન લક્ષ્મી ન ફિરે. આપ

જૈસા હમારી દીક્ષા કી સમીપ મેં હૈ, લગન મેં ભી સારે પુરુષકો લે જાયે કરોડપતિ કો તો ઉસકી કન્યા ન ફરે. ઉસકા પિતાજી કદાચ ઐસા કહે કી લાઓ મેરે એક લાખ રૂપિયા ચાહિયે અભી, નહિતર કન્યા નહીં પરણાવું. આઠ બજ ગયા હૈ. પાંચ મિનિટ, દસ મિનિટ જરી વાર લાગે તો કરોડપતિ સાથ મેં હો. સો-પચાસ લોગ કો લગન મેં લે જાતે હૈ ન. તો ઉસકા કરોડપતિ કહે કિ યહ ક્યા હુઆ? આઠ બજ ગયે ઔર કન્યા ક્યોં નહીં આતી હૈ? ચપપટ ચટપટ થાય, કાને બાત પડ ગઈ કિ ઉસકે પિતા પૈસા માંગતે હૈ, એક લાખ માગતે હૈ. યહાં તો પચ્ચીસ હજાર ભી નહીં, ક્યા કરના? ... ઉઠકર અંદર જાયે. ક્યા હૈ? કન્યા નહીં મિલે, લાખ (રૂપિયા આપો). અરે! અભી! અપના લાખ રૂપિયે કા હાર દે દે. મૈં જિસકે સાથ હૂં ઉસકી કન્યા ફિરે નહીં. સમજ મેં આયા? મૈં જિસકે સાથ.. સમજ મેં આતા હૈ? મૈં જિસકે સાથ હૂં ઉસકી કન્યા કા ટાઈમ ફિરે નહીં. ટાઈમ હો ઉસ સમય કન્યા દેની પડેગી. પૈસા લે લે. સમજ મેં આયા? ક્યા હુઆ બાહર મેં ખબર ન પડે. જાઓ. પરમાત્મા હમારી દીક્ષા મેં તુમકો સાથ મેં રખા, હમારા કેવલજ્ઞાન લક્ષ્મી જો હૈ વહ ફિરે નહીં તીનકાલમેં. પોકાર યહ હૈ. પદમચંદજી! વહ દાખલા હૈ બાહરકા તો. યે તો અંદર કી બાત હૈ.

કહતે હૈં, ઓહો..! સંભાવના કી વ્યાખ્યા હૈ ન નીચે. '**સન્માન, આરાધના...**' ભગવાન! મૈં પ્રત્યેક વ્યક્તિ કો કિતની આસ્થાકા વિષય બડા! ઉતના સિદ્ધો કો પ્રત્યેક કો મૈં આરાધતા હૂં. ઓહો..હો..! અપ્રતિહતભાવ જનાતે હૈ. સમજ મેં આયા? અપ્રતિહતભાવવાલા પરમાત્મા હુઆ ઉસકો પ્રત્યેક કો મૈં વંદન કરતા હૂં. પ્રત્યેક કો. ઓહો..હો..! ગજબ કરતે હૈં! ઈતના અનંતા પુદ્ગલપરાવર્તન કા સિદ્ધ એક એક, પ્રભુ! તુમને એક એક નિકાલકર અલ્પ ઉપયોગ મેં ઈતના કૈસે તુમ ઉસકા આરાધન કિયા? મેરા અનંતગુણ-સમાજ ઉસકા મૈંને આરાધન કિયા હૈ, (તો) સબકો આરાધન મૈં કિયા ઐસા મૈં વંદન કરતા હૂં પ્રત્યેક કો. ઓહો..હો..! યહ શબ્દ નિમિત્તરૂપસે ઉસકી નૈમિત્તિક અંતર કી સ્થિતિ ક્યા હૈ ઉસકો પ્રસિદ્ધ કરતા હૈ. સમજ મેં આયા? ઈતના પ્રત્યેક વંદન કા જો ઉપયોગ હૈ, યહ તો ભાષા આયી, ઐસી વાણી નિમિત્ત ઉસકી ઉપયોગ કી નિર્મલતા કા ઔર અપ્રતિહતભાવકા વહ પ્રસિદ્ધિ કરતા હૈ. ઈસી સમ્યગ્દર્શન ભાવસે સિદ્ધપદ લેના હૈ ઐસા કહતે હૈ. ઉસમેં પડના, ફિર પડના ઐસા હૈ નહીં. સમજ મેં આયા? મૈં અનંત સિદ્ધો કો પડખે મેં લે લિયા હૈ. આહા..હા..!

વહ કૃષ્ણ મેં આતા હૈ ન કૃષ્ણમેં ભાઈ સુરદાસ મેં આતા હૈ. સુરદાસ મેં ઐસી રમત આવે છે. આંખે આંધળો હતો સુરદાસ. કૃષ્ણ કા હાથ પકડ લિયા થા. તો કૃષ્ણ હાથ છોડકર ચલે ગયે. સુરદાસ કહતે હૈ, નાથ! મેરા હાથ છોડકર ચલે ગયે, મેરે હૃદય સે નહીં ચલે જાયેંગે. આહા..હા..! સુરદાસ કહતે હૈ. કૃષ્ણ! કૃષ્ણ! ઐસે પોકાર કરતે થે. આંખ બંધ થી ન. સુરદાસ થે. કૃષ્ણ! હાથ પકડા થા પહલે, છૂડાકર ચલે ગયે. દેખતે નહીં. કૃષ્ણ! મેરા હૃદય સે આપ નહીં નીકલ ગયા. હાથ છોડકર ચલે ગયે ઉસમેં ક્યા હુઆ? સમજ મેં આયા?

એમ આ કહતે હૈં અંનતકાલ સે ભિન્ન હો ગયા હમારે સે, પરંતુ હમારે કાલજે મેં સે તુમ અનંતા નહીં નિકલે. આહા..હા..!

'**કિસ પ્રકાર સે સંભાવના કરતા હૂં?**' દેખો અબ આયા. '**મોક્ષલક્ષ્મીકે સ્વયંવર સમાન...**' દેખો! સ્વયંવર. મૈં મોક્ષ કી પર્યાય કો પ્રાપ્ત કરને મેં, મૈંને દીક્ષા મેં પ્રસન્ન કિયા હૈ. સ્વયંવર મેં વહ કન્યા પસંદ કરતી હૈ ન વર કો. પહલે રિવાજ થા ન. હજારો રાજકુમારો કો બુલાયે મંડપમેં, કન્યા પાસ કરે ઉસકે સાથ લગ્ન કરે. સ્વયંવર. સ્વયં-પ્રસિદ્ધ કરને કા જો વર હૈ ઉસકો વરતે હૈ. ઉસકા નામ સ્વયંવર. ઉસકા માતા-પિતા ઉસકા સગપણ નહીં કરે. સમજ મેં આયા? યહ દ્રૌપદી આદિ કા લખાણ આતા હૈ ન સ્વયંવર. હજારો રાજકુમાર હો ઔર ઉસકી દાસી હો વહ અરીસા લેકર, આમ મોઢું ન દેખે. અરીસો દેખાડે. ઉસમેં વહ ફોટા પાડે, તો કન્યા કો બતાવે. યહ કુમાર ઐસા હૈ, ઐસા હૈ, પાંડવો હૈ, ઐસા પરાક્રમી હૈ, મોઢા દેખે અરીસા મેં હોં, સામને ન દેખે. અર્જુન આયા અર્જુન ઐસા હૈ. સ્વયંવર માલા નાખ દિયા. ઐસે અનંત સિદ્ધો દૂર હૈ પરંતુ હમને પાસ કર લિયા, ઉસકો મેં વર લિયા ઉસકા મેં આદર કરતા હૂં, વંદન કરતા હૂં મૈં પ્રત્યેક કો.

ઐસી મેરી મોક્ષ લક્ષ્મી કે સ્વયંવર. દેખો! '**પરમ નિર્ગ્રંથતાકી દીક્ષાકા...**' આહા..હા..! ધન્ય અવતાર છેને! '**પરમ નિર્ગ્રંતાકી દીક્ષાકા...**' પરમ વીતરાગતા કી દીક્ષા કા '**ઉત્સવ હૈ...**' કુંદકુંદાચાર્ય કહતે હૈ કિ પરમ દીક્ષા કા મેરે તો ઉત્સવ હૈ. આહા..હા..! આનંદમય પ્રસંગ મેરા હૈ, મેરે તો આનંદમય પ્રસંગ હૈ. મૈં સ્વયં સ્થાનકો વર્તતા હૂં, શુદ્ધ ઉપયોગ કો મૈં સ્વયં પ્રાપ્ત કરતા હૂં, કિસી કે આશ્રય બિના મેરી પસંદગી શુદ્ધ ઉપયોગ કી હૈ. આહા..હા..! ધન્નાલાલજી! આહા..હા..! કહતે હૈ? '**પરમ નિર્ગ્રંથતાકી દીક્ષાકા ઉત્સવ હૈ ઉસકે ઉચિત...**' મૈં સ્વયંવર સમાન. આહા..હા..! યહ બાત કરતે હૈ. બધાને યાદ કરીને પછી ભાઈ આ કહ્યું. મારી દીક્ષાનો સ્વયંવર મંડપ છે માટે તુમ સબકો બુલાયા હૈ. સમજ મેં આયા? યહાં તમારે લગન પછી વડીલને પગે લાગે છે. આ તો મેરા સ્વયંવર મંડપ હૈ ઈસલિયે સબકો વંદન કરતા હૂં. તમારે છેને નવરંગભાઈ! લગન થયા પછી વડીલને (પગે લાગે), સારું કર્યું તમે મને નાખ્યો કૂવામાં. પગે લાગે છે. એકવાર મેં જોયેલું. અમારે ફાવાભાઈના લગન વખતે. ૬૪ની સાલની વાત છે. સંવત્ ૬૪. આહા..હા..!

ઓહો..! '**મોક્ષલક્ષ્મી કે સ્વયંવર સમાન...**' મેં મારી પસંદગી શુદ્ધ ઉપયોગ કી શુદ્ધ ઉપયોગ કી દીક્ષા કી મૈને પસંદગી કિયા હૈ. એમ કુંદકુંદાચાર્ય અપની પ્રસિદ્ધિ ઈસ ભાવસે કરતે હૈં. '**ઉસકે ઉચિત...**' ઉસકે ઉચિત હોં! ઉસકે ઉચિત. '**મંગલાચરણભૂત જો કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ વંદનોચ્ચાર (કૃતિકર્મશાસ્ત્રમેં ઉપદેશ હુએ સ્તુતિવચન) કે દ્વારા સંભાવના કરતા હૂં.**' લ્યો! નીચે હૈ કૃતિકર્મ. '**અંગબાહ્ય ૧૪ પ્રકીર્ણકોંમેં છઠ્ઠા પ્રકીર્ણક કૃતિકર્મ હૈ જિસમેં નિત્યનૈમિત્તિક ક્રિયાકા વર્ણન હૈ.**' ઉસ પ્રકાર સે મૈં વંદન કરતા

હૂં ઐસા કહતે હૈ. સમજ મેં આયા?

**'અબ ઈસ પ્રકાર અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુઓંકો પ્રણામ ઔર વચનોચ્ચારસે પ્રવર્તમાન દ્વૈતકે દ્વારા, ભાવ્યભાવક ભાવસે ઉત્પન્ન અત્યંત ગાઢ ઈતરેતર મિલનકે કારણ...'** મૈં ઈતના ભગવાન પરમેષ્ઠી આદિ કો વંદન કરતા હૂં. કરતે-કરતે યહ મેરા આરાધ્ય હૈ, મૈં આરાધક હૂં ઐસા ભૂલ જાતા હૂં. વીતરાગી ઉપયોગ મેરા હોતા હૈ વહ અદ્વૈત નમસ્કાર હૈ. પહલે તો વિકલ્પ સે કિયા. કરતે... કરતે... ઉપયોગ જબ અંતર મેં જમ ગયા, તો છઠ્ઠે ગુણસ્થાને જેમ થા વિકલ્પ ઐસા.. ઐસા.. ઐસા.. વિકલ્પ થા. ફિર જમ ગયા અંદર. અપના ઉપયોગ અપને મેં રહ ગયા. આરાધ ઔર આરાધક મૈં હી હૂં. આરાધના યોગ્ય દૂસરા અને આરાધક મૈં, યહ બાત અદ્વૈત નમસ્કાર મેં છૂટ ગઈ.

**'સમસ્ત સ્વપરકા વિભાગ વિલીન હો જાને સે અદ્વૈત પ્રવર્તમાન હૈ ઐસા નમસ્કાર કરકે,...'** લો! ઐસા ભગવાન આત્મા કો પંચપરમેષ્ઠી કો મૈં નમસ્કાર કરતા હૂં. **'ઉન્હીં...'** પંચ પરમેષ્ઠી જો હૈ **'અર્હંત, સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, સર્વસાધુઓંકે આશ્રમોંકો...'** ક્યા કહતે હૈ? જેમ મઠ મેં સંત મિલતા હૈ, બડા આશ્રમ હો ન વહાં ઉસકા માલિક મિલેન. બડા મઠ હૈ ઉસકે મહંત કહાં રહતે હૈ? કિ ઉસ આશ્રમમેં. વૈસે પંચ પરમેષ્ઠી કહાં રહતે હૈ? સમ્યગ્દર્શન-જ્ઞાન મેં. સમ્યગ્દર્શન-જ્ઞાન વહ પંચપરમેષ્ઠી કા આશ્રમ હૈ. આહા..હા..! વાહ રે વાહ! સમજ મેં આયા?

મુમુક્ષુ :- સુની નહીં પહલે.

ઉત્તર :- સુની નહીં? સુને બિના માણસ ટીકા કરતે હૈન. પહલે સુનના ચાહિયે, સમજના ચાહિયે ભગવાન! યહ તો બાત પરમેશ્વર કી હૈ. યહ કોઈ કલ્પનાકી કી યા ગચ્છ કી ઐસી નહીં હૈ. આહા..હા..! સમજ મેં આયા?

**'સર્વસાધુઓંકે આશ્રમકો—જો કિ વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોનેસે...'** વહ આશ્રમ મેં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રધાન હૈ, તો ઐસા સમ્યગ્જ્ઞાન-દર્શન પ્રાપ્ત કરકે મૈં ચારિત્ર પ્રાપ્ત કરતા હૈ ઐસા કહતે હૈ. સમજ મેં આયા? એકીલા સામ્યભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન બિના પ્રાપ્ત હોતા નહીં. ઐસા કહતે હૈ. આહા..હા..! **'વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોનેસે સહજશુદ્ધજ્ઞાનદર્શન-સ્વભાવવાલે આત્મતત્ત્વકા શ્રદ્ધાન ઔર જ્ઞાન જિસકા લક્ષણ હૈ ઐસે...'** દેખો! સ્વભાવિક શુદ્ધ દર્શન આત્મા અખંડાનંદ પ્રભુ ઉસકી પ્રતીતિ, ઉસકા જ્ઞાન ઐસા સ્વભાવવાલા, ઐસા સ્વભાવવાલા આત્મતત્ત્વ. સહજશુદ્ધદર્શનજ્ઞાન ત્રિકાલી બાત વહ તો હૈ. ત્રિકાલી દર્શનજ્ઞાન સહજસ્વભાવ ઉસકા આત્મતત્ત્વ. **'શ્રદ્ધાન ઔર જ્ઞાન જિસકા લક્ષણ હૈ ઐસે સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન કા સંપાદક હૈ...'** કહો, સમજ મેં આયા? સંપાદક હૈ ન? પ્રાપ્ત કરાનેવાલા, ઉત્પન્ન કરાનેવાલા. ઐસા દર્શન-જ્ઞાન પ્રાપ્ત કરકે મૈં વીતરાગભાવ, સામ્યભાવ, શુદ્ધ ઉપયોગભાવ, નિર્વિકલ્પ ભાવ અંગીકાર દીક્ષા લેતા હૂં. યહ દીક્ષા મેરી. ઐસા કુંદકુંદાચાર્ય કહતે હૈં.

**ભાદરવા સુદ ૧૧, મંગળવાર, તા. ૩.૯.૧૯૬૮**
**શ્લોક-૧ થી ૩, ગાથા-૧ થી ૫, પ્રવચન-૧**

ભગવાનની ૐ ધ્વનિનો સાર એનું નામ પ્રવચનસાર કહેવામાં આવે છે. પ્ર એટલે વિશેષે. પ્રવચનો ભગવાનના દિવ્યધ્વનિમાંથી નીકળેલા એનો સાર કુંદકુંદાચાર્ય મહારાજે ભગવાન સમીપે જઈને સાંભળેલું, ૐ ધ્વનિ સાંભળેલી અને અહીંયા આવીને પ્રવચનસાર આદિ રચના કરી. એમાં પ્રથમ અમૃતચંદ્રાચાર્ય એ પ્રવચનસારના ગાથાનો જે મંગલાચરણરૂપે ટીકા કરનાર પહેલું મંગલાચરણ કરે છે. 'नमः **श्रीसिद्धेभ्यः**' '**नमोऽनेकान्ताय**' '**श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत श्री प्रवचनसार**' '**ज्ञानतत्त्व-प्रज्ञापन**' એની ટીકાનું નામ. મૂળ શ્લોક પ્રવચનસાર કુંદકુંદાચાર્યકૃત અને અમૃતચંદ્રાયાચાર્યકૃત જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન. જ્ઞાનનો સાર એનું કથન. એની ટીકાનું પહેલું મંગલાચરણ અમૃતચંદ્રાચાર્યનું. આ પહેલું મંગલાચરણ છે એ પહેલું વાંચી ગયા. આ અમૃતચંદ્રાચાર્યનું ટીકા કરનારનું મહા મંગલાચરણ પ્રથમ કહેવામાં આવે છે.

सर्वव्याप्येचिद्रूपस्वरूपाय परात्मने।
स्वोपलब्धिप्रसिद्धाय ज्ञानानन्दात्मने नमः।।१।।

એ ટીકાનું જે મંગલાચરણ છે ને, એનો અર્થ છે હવે નીચે. '**અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોક દ્વારા મંગલાચરણ કરતાં જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરે છે :**'

'**અર્થ :— સર્વવ્યાપી...**' જુઓ! આત્માની ઉત્કૃષ્ટ દશા કેવી છે? કહે છે કે એનું જ્ઞાન સર્વવ્યાપી છે. સર્વને જાણવું એનું નામ સર્વવ્યાપી. '**સર્વવ્યાપી (અર્થાત્ સર્વને દેખનાર-જાણનાર)...**' જ્ઞાનનો જે પર્યાય પૂર્ણ જેને પ્રગટ થયો છે એ બધાને-ત્રણ કાળ ત્રણ લોકને જાણે-દેખે છે. તેથી તે બધા ક્ષેત્રને, બધા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જાણે વ્યાપી ગયું હોય. જાણે છે એમ વ્યાપી ગયું એમ કહેવામાં આવે છે. એવા '**એક ચૈતન્યરૂપ...**' લ્યો, જ્યાં હવે ભેદ નથી રહ્યો. સાધકમાં તો હજી જ્ઞાનની પર્યાય અપૂર્ણ હોય છે. પૂર્ણ એક ચૈતન્યસ્વરૂપ, એક ચૈતન્યસ્વરૂપ પર્યાય હોં! એક ચૈતન્યસ્વરૂપ માત્ર '**જેનું સ્વરૂપ છે...**' એવો આત્મા. અનંત ગુણોમાં અંદર અવિનાભાવ તરીકે આવી જાય છે. પણ ચૈતન્યસ્વરૂપ જેનું મૂળ સ્વરૂપ છે. '**અને જે સ્વાનુભવપ્રસિદ્ધ છે...**' આત્માના સ્વાનુભૂતિથી તે પ્રસિદ્ધ થઈ શકે છે. સમજાય છે કાંઈ?

જે આત્માનું સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ છે એ સ્વાનુભવપ્રસિદ્ધ—અંતરના અનુભવ દ્વારા પ્રસિદ્ધ નામ પ્રગટ થઈ શકે છે. સમયસારમાં એ...

મુમુક્ષુ :— કોને?

ઉત્તર :— આત્માને. અનુભવ કરે એને. એ પરમાત્મામાં જે પ્રસિદ્ધ થયા એ પણ જે સ્વાનુભવ પ્રસિદ્ધ કરે એને પોતે પોતાનો આત્મા પ્રસિદ્ધ થાય એમ કહે છે. જેને પ્રસિદ્ધ

થઈ ગયો છે એવા પરમાત્મા. અને જે પ્રસિદ્ધ થવાને લાયક જ છે એ આત્મા. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ સ્વ-અનુભવથી પ્રસિદ્ધ થવાને અને પ્રગટ થવાને લાયક છે. એવા જે પરમાત્મા. અહીં વંદન કરે છે પરમાત્માને પણ હું પણ એવો છું પ્રસિદ્ધ થવાને લાયક, સાથે એમ કહે છે. અને એમણે પણ સ્વાનુભવથી પર્યાય પ્રગટ કરી છે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાની પરમાત્માએ પ્રાપ્ત કર્યા અનંત દર્શન અને આનંદ એ સ્વાનુભવની પ્રસિદ્ધિથી પ્રાપ્ત થયા છે. સમજાણું કાંઈ? '**(શુદ્ધ આત્માના અનુભવથી પ્રકૃષ્ટપણે સિદ્ધ છે)...**' પૂર્ણ પ્રગટ થયા. '**તે જ્ઞાનાનંદાત્મક...**' બે વસ્તુ આખી મૂળ વસ્તુમાં. જ્ઞાન અને આનંદસ્વરૂપ બસ, મુખ્ય વસ્તુ. જ્ઞાન અને આનંદસ્વરૂપ એવા જે પરમાત્મા, ઉત્કૃષ્ટ જે પરમાત્મા એટલે આત્મા. જેની દશા પૂર્ણ થઈ ગઈ છે એવા ઉત્કૃષ્ટ નામ પર-આત્મા તેને નમસ્કાર કરું છું.

મુમુક્ષુ :—

ઉત્તર :— કરી ને વાત. ચૈતન્યસ્વરૂપ જેનું છે અને જેણે અનુભવથી પ્રગટ કર્યું છે અને પ્રગટમાં મુખ્ય વસ્તુ આ. અનંત ગુણ ભલે બીજા પ્રગટ થયા, પણ જેણે જ્ઞાનની પૂર્ણતા અને આનંદની પૂર્ણતા પ્રગટ કરી એવો ઉત્કૃષ્ટ આત્મા તેને નમસ્કાર કરું છું. કહો, સમજાય છે કાંઈ? એને હું નમું છું. એવા પરમાત્મા સિવાય હું બીજાને નમતો નથી. જુઓ! આત્મામાં પરમાત્માની દશાની પ્રગટતા એની પ્રતીતિના ભાનપૂર્વક વંદન કરે છે. અહો..! જેનું જ્ઞાન અને આનંદ રૂપ શક્તિરૂપે હતું એને પ્રગટરૂપે પરિણમી ગયું, પ્રગટ થઈ ગયું. એવા ઉત્કૃષ્ટ આત્મા એવી પર્યાયને પ્રાપ્ત છે એને હું મારા લક્ષમાં લઈને એને નમું છું. સમજાય છે કાંઈ? એટલે કે કોઈ એ જગતના કર્તા છે એમ નથી, પણ સર્વના જાણનાર-દેખનાર ઈ છે એમ કહ્યું. કોઈ ચીજના કર્તા છે પરમાત્મા, એમ પરમાત્મા હોઈ શકે નહિ. પરમાત્મા એને કહીએ કે સર્વને-ત્રણ કાળ ત્રણ લોકને જાણે. એવી પોતાની જ પર્યાયની પ્રગટતા કરીને પોતાને જાણે, જ્ઞાનને, આનંદને અનુભવે. એવા પરમાત્મા આત્માની ઉત્કૃષ્ટ દશાને પામ્યા છે એને નમસ્કાર કરું છું. સમજાણું કાંઈ?

એ મંગળિક કર્યું મોટું. મમ્ નામ, મમ્ નામ મમતા, એને ગાળે અથવા મંગ નામ પવિત્રતા, આનંદ, એને લાતી—પ્રાપ્તિ કરે. એવા પરમાત્માને અંતરમાં સ્થાપતા, અંતર તરફ સ્વરૂપ વળતાં જે આત્મામાં અંદર વલણનું નમન થાય તેમાં શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય, અશાંતિ અને દુઃખનો નાશ થાય. કહો, સમજાય છે કાંઈ? એને આ મંગલાચરણ તરીકે (કહે છે). સાધુ પોતે મંગળસ્વરૂપ આચાર્ય છે, અમૃતચંદ્રાચાર્ય. પણ ઉત્કૃષ્ટ પર્યાયને પ્રાપ્ત નથી તો એને (પરમાત્માને) નમસ્કાર કરે છે.

'**(હવે અનેકાન્તમય જ્ઞાનની મંગળ અર્થે...**' હવે જ્ઞાનને—શાસ્ત્રને નમસ્કાર. પહેલા દેવને નમસ્કાર કરે, પછી શાસ્ત્રને. એમ છે ને? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. આવે છે ને મંગળિકમાં વંદનમાં? પહેલા દેવને નમસ્કાર કર્યો કે દેવ આવા હોય. સર્વજ્ઞ પરમેશ્વર ને પૂર્ણાનંદને પ્રાપ્ત

એવા દેવ હોય. દિવ્યશક્તિને પ્રાપ્ત કરેલા તેને દેવ કહેવામાં આવે. કોઈના કર્તા-હર્તા, કોઈને આપી દે એવા દેવ હોઈ શકે નહિ. હવે જ્ઞાનનું એટલે શાસ્ત્રનું સ્વરૂપ. અનેકાંતમય વીતરાગની વાણી અથવા અનેકાંતમય આત્માનું જ્ઞાન એને અહીંયા યાદ કરીને નમસ્કાર કરે છે.

हेलोल्लुप्तमहामोहतमस्तोमं जयत्यदः।
प्रकाशयज्जगत्तत्त्वमनेकान्तमयं महः॥२॥

કેવું છે તેજ આત્માનું જ્ઞાનતેજ? '**મહા મોહરૂપી અંધકારના સમૂહને લીલામાત્રમાં નષ્ટ કરે છે...**' ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, રાગ અને દુઃખરૂપ નથી. એવું જે અનેકાંત જ્ઞાન... સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન, અતીન્દ્રિય આનંદમય (છે) અને તે અજ્ઞાન અને દુઃખરૂપ નથી. એવું જે અનેકાંત જ્ઞાન તે જ્ઞાન મહા મોહરૂપી અંધકાર. મહા મોહ શબ્દે મિથ્યાત્વ. મહા મિથ્યાભ્રાંતિ, મિથ્યા અભિપ્રાય એવો જે મહામોહ મિથ્યાત્વ શલ્ય. એવા અંધકારને '**અંધકારના સમૂહને...**' મિથ્યાજ્ઞાનનો અંધકાર સમૂહ '**લીલામાત્રમાં નષ્ટ કરે છે...**' આનંદનો અનુભવ કરતા કરતા તે નાશ થઈ જાય છે. દુઃખથી નાશ થઈ જાય એમ છે નહિ. લીલામાત્રમાં. બહુ કષ્ટ સહન કરવું પડે અને બહુ કરવું પડે ને કર્મ ખપે એમ વસ્તુનું સ્વરૂપ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

અનેકાંત જ્ઞાન. ચૈતન્યમૂર્તિ ચૈતન્યપણે છે, આનંદપણે છે, રાગપણે નથી, પરપણે નથી. એક એક ગુણ એક એકપણે છે, બીજા ગુણપણે નથી એવું અનેકાંતનું જે અંતર જ્ઞાન મહામોહને નષ્ટ કરી લીલામાત્રમાં જેને વ્યય કરી નાખે છે. લીલા એટલે આનંદની લહેર, મોજ કરતાં કરતાં એમ. કહો, સમજાણું કાંઈ? ભઈ, ધર્મ તો કષ્ટદાયક હોય અને દુઃખ ઘણું સહન કરવું પડે ત્યારે ધર્મ થાય એમ ના પાડે છે. ધર્મ કષ્ટદાયક હોય નહિ.

ભગવાન આત્મા અતીન્દ્રિય અને જ્ઞાનની મૂર્તિ એનું જે અંતર સ્વસંવેદનજ્ઞાન એ જ્ઞાન કેવું છે? કે અંતરની એકાગ્રતાના આનંદના લહેરમાં મોહનો વાત વાતમાં અથવા લીલામાત્રમાં એનો નાશ કરી નાખે છે. સમજાણું કાંઈ? '**અને જગતના સ્વરૂપને પ્રકાશે છે...**' જગતનું ત્રણ કાળ ત્રણ લોકનું સ્વરૂપ જે જ્ઞાનમાં જણાય છે. પ્રકાશ એવી જે જ્ઞાનમૂર્તિ આત્મા અથવા જ્ઞાનસંપદા એ પોતાના સ્વરૂપને (અને) પરને જાણે એવા જ્ઞાનને યાદ કરીને નમસ્કાર કરે છે. '**એવું અનેકાંતમય તેજ...**' તેજ એટલે જ્ઞાન. અનેકાંતમય તેજ જ્ઞાન. એવું '**તેજ સદા જયવંત વર્તે છે.**' સદા તે જ્ઞાન જયવંત વર્તે છે. એમ કહીને મંગળિક કર્યું છે. અથવા પોતાનો ભગવાન આત્મા જે જ્ઞાનથી જણાણો-અનેકાંતમય જ્ઞાનથી જણાણો, એ જાણ્યો તે જયવંત વર્તે છે. એમ ને એમ રહેશે એ મારી સાધકદશા પ્રગટ થઈ છે, એ જયવંત રહેશે. એમાંથી જ હું પૂર્ણ પરમાત્માને (પામીશ). એવા પ્રથમ સ્વસંવેદનજ્ઞાનને નમસ્કાર કર્યો છે. કહો, સમજાય છે કાંઈ? આ ધર્મ કેમ થાય એ પણ ભેગું આવે છે, પરમાત્મપદ કેમ પમાય એ પણ ભેગું આવી જાય છે એમાં. કહો, શેઠી! આવી જાય છે કે નહિ આમાં?

આવી જાય છે? 'સદા જયવંત વર્તે છે.' ભાષા જોઈ! તે તેજ અનેકાંતમય જ્ઞાન સદા જયવંત વર્તે છે. સમજાય છે?

'(**હવે શ્લોક દ્વારા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ અનેકાન્તમય જિનપ્રવચનના સારભૂત આ 'પ્રવચનસાર' શાસ્ત્રની ટીકા કરવાની પ્રતિજ્ઞા કરે છે** :)' કોને માટે કરું છું? આ ટીકા કોને માટે કરું છું?

परमानन्दसुधारसपिपासितानां हिताय भव्यानाम्।
क्रियते प्रकटिततत्त्वा प्रवचनसाराय वृत्तिरियम्।।३।।

પહેલા તો મંગળિક કર્યું, દેવને નમસ્કાર કર્યો અને સમ્યગ્જ્ઞાનને નમસ્કાર કર્યો. કરીને હવે કોને માટે ટીકા થાય છે, (એ કહે છે).

**અર્થ :— 'પરમાનંદરૂપી સુધારસના પિપાસુ...'** આત્મા એ તો પરમાનંદની મૂર્તિ સ્વભાવ છે, એવા પરમાનંદરૂપી સુધારસ—અમૃતરસ. દેખો! સુધારસ-અમૃતરસ એના જે પિપાસુ છે. જેને સ્વર્ગ, નરક જોતા નથી, ચાર ગતિ જોતી નથી, પુણ્ય જોઈતું નથી. એ ભવ્ય જીવ જેને પુણ્ય જોઈતું નથી, પુણ્યના ફળ જોઈતા નથી, ચાર ગતિ જોઈતી નથી. એ જોઈએ છે સુધારસના આનંદની ભાવના કરીને આનંદ-પરમાનંદ. દુનિયાનું ધ્યેય તો સુખનું છે કે નહિ? સુખનું ધ્યેય છે ને? ઈ કયું સુખ? કહે છે. આત્માનું.. જુઓ! પરમાનંદ. પરમ આનંદ અતીન્દ્રિય આત્માનો સ્વભાવ એની જેને પિપાસા છે. જે પુણ્યના અર્થી છે, પુણ્યના ફળના અર્થી છે એને માટે આ ટીકા નથી એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? એ વ્યવહારના-રાગના અર્થી છે એને માટે આ ટીકા નથી કહે છે. એને નહિ રુચે, નહિ ગોઠે.

**'પરમાનંદરૂપી સુધારસ'**—અમૃતરસ. છે ને પાઠમાં છે ને ઈ? સુધારસ. અમૃતચંદ્ર નામ પણ આવી જાય છે સુધારસ-અમૃતરસ. પિપાસુ. જેમ તૃષા લાગી હોય પાણીની અને એને જ્યારે મોસંબીનું પાણી મળે એને આપવામાં આવે છે, જેને તૃષા લાગી હોય એને. એમ જેને પરમાનંદની પિપાસા, અભિલાષ છે. અહો..! મારો આત્મા પરમાનંદની મૂર્તિ પ્રગટ કેમ પરમાનંદ થાય, એવી જેને રુચિ અને જિજ્ઞાસા છે. એ પરમાનંદ નિર્વિકલ્પ રસની તૃષા છે. જેને આત્માની નિર્વિકલ્પ આનંદની જેને તૃષા લાગી છે. આહા..! સમજાણું કાંઈ?

**'પરમાનંદરૂપી સુધારસના પિપાસુ...'** ઓહોહો..! પરબ બાંધે છે ને પરબ. કોના માટે? તૃષાતુર માટે. તૃષા... એમ કહે છે કે અમે પરબ બાંધીએ છીએ ટીકાનું, કોને માટે? જેને આત્માના આનંદનો રસ પીવો હોય એને માટે. પ્યાઉ બાંધીએ છીએ, પ્યાઉ. પ્યાઉ કહે ને? એને શું કહે? પ્યાવા કહે ને, પ્યાવા. 'પ્યાવા કાંઠે પંથ બન્યો છે આ તો'. ઓલા જેઠાલાલભાઈ ગાતા. મોરારજીભાઈના ભાઈ જેઠાલાલ, રાજકોટ. એમ કહે છે કે અમારો પ્યાઉ, ટીકારૂપી પ્યાઉ કોને માટે છે? જેને જ્ઞાનની પિપાસા, તૃષા છે એને માટે છે. કહો, શોભાલાલભાઈ! આહાહા..! શ્રોતા આવા હોય એને માટે અમારું કહેવું છે એમ કહે છે જુઓ

ઈ. આહા..! કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ જાણવા માટે આવશે. નિમિત્ત કોણ છે ઈ આવશે. નિમિત્તનું જ્ઞાન કરાવે છે ને. જ્ઞાનપ્રધાન અધિકાર છે ને, તો એમાં નિમિત્ત સાથે હોય એનું જ્ઞાન. ધારનાર કેવા જીવ હોય છે એનું જ્ઞાન સાથે કરાવે છે. વસ્તુ એમ જ આવે. સમજાય છે કાંઈ?

પહેલી શરત એ છે કે આ પ્રવચનસારની ટીકા કરતાં કોને માટે છે? જેને ભૂખ લાગી હોય અને તૃષા લાગી હોય. આનંદની ભૂખ લાગી અને આનંદની તૃષા લાગી હોય. આહા..હા..! એવા ભવ્ય જીવોના-એવા લાયક જીવોના હિતને માટે. જુઓ, એના હિતને માટે. ખરેખર તો પરમાનંદની પ્રાપ્તિ થાય એ જ ઉપાય આમાં કહેવાશે. રાગ ને પુણ્ય બંધાય ને ફલાણું થાય એ વાત આમાં આવે ભલે, પણ એ કંઈ ભાવના કરવા જેવી નથી. એકલો પરમાનંદ મળે તે ભાવના અને તે વાત કહેવામાં આવશે. આહાહા..! સમજાણું કાંઈ?

પરમાનંદરૂપી અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એની જે અતીન્દ્રિય આનંદની દશા એના પિપાસુ, તૃષાળુ, તૃષાવંત જીવો છે 'બીજો નહિ મન રોગ' આવે છે ને શ્રીમદ્‌માં. 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.' બીજો કોઈ નહિ. એક મારું સ્વરૂપ સચ્ચિદાનંદ છે એ આનંદની દશા અમને પ્રગટ થાઓ. એક જ અભિલાષ અને એક જ પિપાસા ને તૃષા છે. એવા '**જીવોના હિતને માટે, તત્ત્વને** (વસ્તુસ્વરૂપને) **જે પ્રગટ કરે છે...**' આ ટીકા તત્ત્વને પ્રગટ કરે છે. તત્ત્વદીપિકા છે ને નામ. માથે આવી ગયું ને. સમજાણું? તત્ત્વપ્રદીપિકા, પ્રદીપિકા વૃત્તિ. એમ. તત્ત્વપ્રદીપિકાવૃત્તિ. એટલે તત્ત્વને કહેનારી આ ટીકા છે. વાસ્તવિક તત્ત્વને પ્રગટ કરનારી ટીકા છે. આહાહા..! '**એવી પ્રવચનસારની આ ટીકા કરવામાં આવે છે.**'

હવે '**(આ રીતે મંગળાચરણ અને ટીકા કરવાની પ્રતિજ્ઞા કરીને, ભગવાન કુંદકુંદાચાર્યદેવવિરચિત પ્રવચનસારની પહેલી પાંચ ગાથાઓના પ્રારંભમાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ તે ગાથાઓની ઉત્થાનિકા કરે છે :)**' શું કહે છે? કે આ ગાથા બનાવનારા પુરુષ કોણ છે? આ પ્રવચનસારના શાસ્ત્રને રચનાર કોણ છે? પુરુષ પ્રમાણે વચન પ્રમાણ. પુરુષ કોણ છે ઈ કે જેણે આ શાસ્ત્ર રચ્યું? ઓહોહો..! કેટલા આંતરે? હજાર વર્ષને આંતરે કુંદકુંદાચાર્ય થયા. વર્તમાન એની વાણીના ભાવ દ્વારા એનો આત્મા કેવો હતો એ જાણી લીધો હતો. સમજાય છે કાંઈ? જુઓ, કોઈ કહે કે ન જણાય. પહેલા કેવા મુનિ થયા એની દશાની અત્યારે શી ખબર પડે? આપણે છદ્મસ્થ છીએ, આ મુનિ છદ્મસ્થ છે. અમૃતચંદ્રાચાર્ય છદ્મસ્થ છે, કેવળી નથી. છતાં કુંદકુંદાચાર્ય એમના પહેલા હજાર વર્ષ પહેલા થઈ ગયા. છતાં એમના આત્માની સ્થિતિ કેવી હતી એનું વર્ણન પંચ મહાવ્રતધારી પોતે કરે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**હવે, સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે...**' આહા..હા..! કુંદકુંદાચાર્યદેવને સંસારનો કિનારો નજીક છે. એકાદ ભવ કરીને કેવળજ્ઞાન પામશે. સંસારનો અંત આવવાની તૈયારી છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? જુઓ, આ કુંદકુંદાચાર્ય દિગંબર સંત મુનિ એને પરખીને કહેનારા ટીકા કરનારા કહે છે, અમૃતચંદ્રાચાર્ય પંચ મહાવ્રતના ધરનાર. સત્ય બોલવાની જેને પ્રતિજ્ઞા છે, અસત્ય બોલવું નહિ. સમજાય છે કાંઈ? ઓહો..! એવા કુંદકુંદાચાર્ય હજાર વર્ષ પહેલા થયા અને એના પછી હજાર વર્ષે પોતે આમ થયા આ બાજુ. તો કહે છે, ઓહો..! જે મહાત્મા કુંદકુંદાચાર્ય '**સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે.**' કહો, સમજાણું કાંઈ? આસન્ન છે ને? '**आसन्न**' શબ્દ છે ને એનું કર્યું છે. સમજાણું? '**संसार पारावार आसन्न**' મોટો સંસારરૂપી દરિયો, પણ હવે એનો અંત છે. કહો, બીજા આત્માનું પણ ભાન નિઃસંદેહ કેવળજ્ઞાની જાણે એમ પણ થઈ શકે છે કે નહિ? સમજાણું કાંઈ? એમની વાણી અને એમના ન્યાયો અને દશા જોઈને, આ દશાવાન જીવ આવો હોય એની જ આ વાણી હોય. સમજાય છે કાંઈ? એમ જોઈને પોતે અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ જંગલવાસી. મુનિ તો જંગલવાસી જ હોય ને. સમજાય છે? મુનિને તો વસ્ત્ર, પાત્ર હોતા નથી. ત્રણ કાળમાં હોય નહિ. નગ્નદશા અંતરના આનંદના અનુભવના નિશ્ચય પંચાચાર સહિત, એવા આચાર્ય મહારાજ છે આ. જે પોતે ગણધરને નમસ્કાર કરવા લાયક પોતે છે. ગણધર જેને નમસ્કાર એવા પદમાં પોતે છે. કોણ? અમૃતચંદ્રાચાર્ય. ગણધર જેને (નમસ્કાર કરે), 'ણમો લોએ સવ્વ આઈરિયાણં' એ પોતે આચાર્ય કુંદકુંદાચાર્યની વાત કોલકરાર સહિત ભગવાનની સાક્ષીએ સત્ય છે તેવી જાહેર કરે છે. સમજાણું કાંઈ?

અહો..! '**સંસારસમુદ્રનો કિનારો...**' કાંઠો જેમને હવે નજીક છે. કાંઠો આવતા અહીં આવી ગયો છે, કહે છે. સમજાય છે? '**એવા કોઈ...**' એવા કોઈ એટલે '**(આસન્નભવ્ય મહાત્મા.**' એમ. '**શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ),...**' ઓહો..હો...! જુઓ આવા મુનિ ભાવલિંગી સંત. એ ભાવલિંગી સંત ભાવલિંગી સંતને પડખે છે. સમજાણું કાંઈ? આવી વાત દિગંબર સંત સિવાય આવી વાત ક્યાંય બીજે હોઈ શકે નહિ. એ પોતે કહે છે કે આવા સંત છે એમણે આ પ્રવચનસાર કહ્યું છે એની હું ટીકા કરીશ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સાતિશય વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે...**' હવે સંસારકિનારો નિકટ છે એનું કારણ કે ઉત્તમ ભેદજ્ઞાન જેને પ્રગટ થયું છે. આહા..હા..! વિકલ્પથી પાર ભગવાન નિર્વિકલ્પ આનંદની મૂર્તિ એવી વિવેકશક્તિ '**સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ...**' સાતિશય વિવેકજ્યોતિ. ઓહો..હો..! સમજાય છે કાંઈ? છે ને? મૂળ પાઠમાં છે ઈ, એનો શબ્દ છે ઈ. અતિશય વિવેકજ્યોતિ. છે ને? '**सातिशयविवेकज्योति**'. એમ કહેવા માગે છે કે જે વિવેકજ્યોતિ પ્રગટી એ કેવળજ્ઞાનને લેશે ત્યાં સુધી ભેદજ્ઞાન રહેશે. એના ભેદજ્ઞાનને હવે વિરોધ આવશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ સાતમું ગુણસ્થાન સાતિશય આઠમે ચડે એવું હોય

છે ને. એમ અહીં ભગવાન કુંદકુંદાચાર્યની ભેદજ્ઞાનજ્યોતિ સાતિશય છે. લ્યો, આ પંચમહાવ્રતધારી એમ કહે છે. સાતિશય ભેદજ્ઞાન, ઉત્તમ ભેદજ્ઞાન છે. જેને અંતર ધારા વિકલ્પથી જુદી ચીજ એવું ભેદજ્ઞાન અતિશયવાળું-વિશેષ બીજા કરતાં વિશેષ ભેદજ્ઞાન, એમ કહે છે. ઓહો..! વળી ભેદજ્ઞાનમાં વિશેષ શું? એ દશા એવી છે એમની કહે છે. જુઓ! આ શાસ્ત્ર કહેનારા આવા છે એમ પહેલું સિદ્ધ કરે છે. શેઠ!

'(**ઉત્તમ**) **વિવેકજ્યોતિ...**' વિવેક નામ ભેદ, વિવેક નામ ભિન્નતા '**જેમને પ્રગટ થઈ છે...**' એવી અમને ખબર છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું જ્ઞાન પોતાનું નિર્મળ છે કે જે જ્ઞાન દ્વારા કુંદકુંદાચાર્યની ભેદજ્ઞાનની સાતિશયતા સિદ્ધ કરે છે. એમનું ભેદજ્ઞાન અલૌકિક છે! અલૌકિક છે, સાતિશય કહો કે ઉત્તમ કહો. સમજાય છે કાંઈ? પરથી ભિન્ન પડેલું એમનું જ્ઞાન વિશેષતાવાળું છે. બીજા કરતાં-સાધારણ કરતાં વિશેષવાળું છે. '**જેમને પ્રગટ થઈ છે...**' એમ કહીને શું કહે છે? પહેલી નહોતી. સમજાણું કાંઈ? વ્યવહારના વિકલ્પો, નિમિત્તો આદિથી જેની આત્મજ્યોતિ ભિન્ન પડી ગઈ છે. ભિન્ન પડી છે પણ વિશેષપણે ભિન્ન પડી ગઈ છે. સમજાણું કાંઈ? એવા પુરુષ આ પ્રવચનસારના કહેનારા છે. કહો, સમજાણું કાંઈ?

'(**પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ જેમને ઉત્પન્ન થયો છે**)...' જોયું! ઉત્તમનો અર્થ પરમ કર્યો, સાતિશયનો અર્થ ઉત્તમ કર્યો, ઉત્તમનો અર્થ પરમ કર્યો. '**સમસ્ત એકાંતવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ...**' એકાંત-એક પણ અંશ એકાંતવાદ જેને રહ્યો નથી. છે ને નીચે? 'અભિનિવેશ=અભિપ્રાય; એકાંતવાદનો નિશ્ચય; આગ્રહ'. સમસ્ત એકાંતવાદની વિદ્યા એટલે એનું જ્ઞાન ખોટું, એનો જે અભિપ્રાય જેમને આથમી ગયો છે. એ અજ્ઞાન એકાંતપણાનું અજ્ઞાન છે એ બધું નાશ થઈ ગયું છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ? સમસ્ત એકાંતવાદની વિદ્યા—અજ્ઞાનભાવ આથમી ગયો છે, અસ્ત થઈ ગયો છે. વિવેકજ્યોતિ પ્રગટી છે અને એકાંતવાદ જેને આથમી ગયો છે. અને હવે એની સામે અનેકાંત મૂકે છે, એકાંતની સામે.

'**પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની)...**' પારમેશ્વરી. લ્યો પારમેશ્વરી ઈ શબ્દ આવે છે ને, પરમેશ્વરી એટલે પારમેશ્વરી. '(**પરમેશ્વર જિનભગવાનની**) **અનેકાન્તવાદવિદ્યાને પામીને,...**' એકાંતનો નાશ થયો અને અનેકાંતવાદને પ્રાપ્ત થયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમેશ્વરી. પરમ જિન ભગવાન વીતરાગ પરમાત્માએ કહેલું અનેકાંત-અમૃત, અનેકાંતનું અમૃત એને પામીને '**સમસ્ત પક્ષનો પરિગ્રહ (શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત) છોડ્યો હોવાથી...**' પક્ષપાત છૂટી ગયો છે જેને. આ મારા છે ને આ તારા છે ઈ પક્ષપાત છૂટી ગયો છે. સમસ્ત પક્ષપાત છૂટી ગયા છે. કહો. '**અત્યંત મધ્યસ્થ થઈને,...**' અત્યંત વીતરાગતાપણું પ્રગટ કરીને '**સર્વ પુરુષાર્થમાં સારભૂત...**' લ્યો. (અર્થ નીચે જુઓ) 'ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષ-અર્થોમાં (પુરુષ પ્રયોજનોમાં) મોક્ષ જ સારભૂત...' છે.

કહો. ધર્મ એટલે પુણ્ય, પુણ્યનો પુરુષાર્થ, અર્થ એટલે લક્ષ્મીનો પુરુષાર્થ રળવાનો, કામ એટલે ભોગનો પુરુષાર્થ અને મોક્ષનો પુરુષાર્થ. એ ચારમાં મોક્ષનો પુરુષાર્થ સારભૂત છે. પાપ અને પુણ્યનો પુરુષાર્થ. પુણ્ય એટલે ધર્મ અને પાપ એટલે અર્થ ને કામ. પુણ્ય અને પાપનો પુરુષાર્થ નિરર્થક છે, સાર નથી. આહા..! ઈ જરીક આવશે આમાં કે સાધુ કેવા હોય. કાલે નહિ? શું કહેવાય કાલે? અકિંચન (ધર્મ). અકિંચનનો અર્થ લીધો છે ટીકામાં. સ્વામીકાર્તિકેય. અકિંચનમાં એવું લીધું. બહુ સરસ લીધું છે.

કહે છે, '**સર્વ પુરુષાર્થમાં સારભૂત...**' પુરુષાર્થ—વીર્ય તો છે. પુણ્ય પરિણામમાં વીર્ય-પુરુષાર્થ તો છે. અને ભોગમાં પણ પુરુષાર્થ તો છે પાપનો. પૈસા રળવામાં પુરુષાર્થ છે પાપનો. એ પુણ્ય અને પાપના પુરુષાર્થમાં મોક્ષ પુરુષાર્થ એ સારભૂત છે. પુણ્ય અને પાપનો પુરુષાર્થ સારભૂત છે નહિ. કાઢી નાખ્યો અહીં, લ્યો પહેલેથી. સમજાણું કાંઈ? ધર્મ શબ્દે પુણ્ય છે ત્યાં. છે ને નીચે? ધર્મનો પુરુષાર્થ સાર નથી. એટલે પુણ્યનો પુરુષાર્થ સાર નથી, એમ. ધર્મ એટલે પુણ્ય ત્યાં. શબ્દ તો એમ છે—ધર્મ. લ્યો. ધર્મનો પુરુષાર્થ સાર નથી એટલે? વ્યવહાર જે પુણ્ય શુભભાવ છે એ પુરુષાર્થ સાર નથી. પરમાર્થ ધર્મનો પુરુષાર્થ-મોક્ષનો પુરુષાર્થ તે સારભૂત છે. આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— બે અર્થ.

ઉત્તર :— હા, હા. અને એક શુદ્ધ. મોક્ષ પુરુષાર્થ શુદ્ધ.

કહે છે, '**સર્વ પુરુષાર્થોમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે...**' લ્યો. હિતતમ=ઉત્કૃષ્ટ હિતસ્વરૂપ છે. '**એવી, ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવાયોગ્ય,...**' કહો સમજાણું? કહે છે ને. '**પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવાયોગ્ય...**' નિમિત્તપણું બતાવ્યું છે. જેને પરમાત્મદશા પ્રગટ થાય તેને પંચપરમેષ્ઠીની વાણી અને એનું જ્ઞાન જ નિમિત્ત હોય. પ્રગટ થાય તો આ હોય, એટલું. પણ એનાથી થાય એમ નહિ. એનો અર્થ ઈ છે.

મુમુક્ષુ :— એટલે એનાથી નહિ.

ઉત્તર :— એનાથીનો અર્થ ઈ થયો. વ્યવહાર નિમિત્તનું જ્ઞાન કરાવ્યું અને અહીં એનું જ્ઞાન બે સાથે કરાવ્યું, જ્ઞાન કરાવ્યું. એ તો બધું આવશે આમાં ઘણું. નિમિત્ત એટલે કે અહીંયા પુરુષાર્થ કરનાર જ્યારે મોક્ષનો પુરુષાર્થ કરે છે ત્યારે નિમિત્ત પંચપરમેષ્ઠીનું જ હોય. એ હજી તો આગળ પોતે અનુગ્રહ કરવાને સમર્થ ત્યાં સુધી લેશે. છે ને, એ જ નિમિત્ત હોય. નિમિત્તનો અર્થ એમ નથી કે નિમિત્ત છે માટે અહીં થયું. એમ નથી. એ નિમિત્તનો અર્થ જ નથી. કહો સમજાણું? નિમિત્તની વ્યાખ્યા ઈ છે કે બીજી ચીજ છે. પણ એનાથી થયું, એ છે તો અહીં થયું એવી નિમિત્તની વ્યાખ્યા હોય નહિ.

મુમુક્ષુ :— હાજર છે.

ઉત્તર :— હાજરી છે, પણ એને લઈને થયું છે એમ નથી. તો એ નિમિત્ત રહેતું નથી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પણ એ પ્રશ્ન જ નથી. થાય ત્યારે આવું નિમિત્ત હોય છે. આટલી વાત છે. અહીં તો જ્ઞાનપ્રધાન કથન બધા એવા આવશે. બે સાથે બતાવશે. દૃષ્ટિના વિષયમાં તો એકલો અભેદ અને પોતાથી પામે. જ્ઞાનના વિષયમાં બે સ્વ-પરનું પ્રકાશપણું સાથે બતાવે છે. એવી શૈલી છે પ્રવચનસારની, જ્ઞાનપ્રધાન કથન છે ને આ બધું. શું કહે છે?

'**ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી...**' દેખો! પ્રસાદથી (એટલે) પ્રસન્નતા. અરિહંતની પ્રસન્નતા હશે? સિદ્ધની પ્રસન્નતા હશે? બીજા આત્મા ઉપર પ્રસન્ન હશે? પ્રસન્નનો અર્થ પોતે વીતરાગતાને પ્રગટ કરીને પ્રસન્ન થાય છે એમાં વીતરાગપણાનું નિમિત્તપણું છે માટે પ્રસન્નતા અને કૃપાના કરનારા પંચપરમેષ્ઠી છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચપરમેષ્ઠીની કૃપાથી મોક્ષલક્ષ્મી મળે છે. શોભાલાલજી! એનો અર્થ કે પોતાની મોક્ષસાધક દશા કરે ત્યારે પંચપરમેષ્ઠીનું જ્ઞાન અથવા વાણી જ તેને નિમિત્ત હોય. બીજું નિમિત્ત હોઈ શકે નહિ. એમ સિદ્ધ કરે છે. કહો, સમજાણું કાંઈ? જ્ઞાન સ્વપરપ્રકાશક છે તો સ્વનું અને પરનું જ્ઞાન કરવાની સાથે વાત કહેવા માગે છે. એમ.

આત્માને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય એ થાય પોતાથી પોતાને દ્રવ્યને આશ્રયે પણ તે વખતે નિમિત્તપણે કોણ હોય? કે પંચપરમેષ્ઠી વીતરાગદેવની પંચપરમેષ્ઠીની દશા તે નિમિત્ત હોય. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-વીતરાગી પર્યાય જેને પ્રગટી છે પૂર્ણ અને એક અપૂર્ણ છે એવા જ પંચપરમેષ્ઠી એને નિમિત્ત હોય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વસ્તુને નથી પ્રાપ્ત એવા એને નિમિત્ત ન હોય એમ સિદ્ધ કરે છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એને નિમિત્ત ન હોય. પણ નિમિત્ત હોય માટે એનાથી થાય એમ નહિ. પોતાની કૃપા પોતા ઉપર થઈ ત્યારે નિમિત્તે કૃપા કરી અને પ્રસન્નતા કરી એમ કહેવામાં આવે છે. એવી વાણી છે કબીરની જેવી. અમરચંદભાઈ!

કહે છે, '**ભગવંત પંચપરમેષ્ઠી...**' દેખો! ભગવંત પંચપરમેષ્ઠી. દેખો, પાંચેયને ભગવાન કહ્યા. સાધુ પણ ભગવાન, આચાર્ય ભગવાન, ઉપાધ્યાય ભગવાન, અરિહંત-સિદ્ધ તો ભગવાન છે જ. ભગવંત પંચપરમેષ્ઠી. ઓહો..! જેની વીતરાગદશા પ્રગટી છે. સાધુ કોને કહીએ? વીતરાગ-લીલામાં રમતા રમતા રામ આત્મામાં છે એવા આચાર્ય, એવા ઉપાધ્યાય. અરિહંત, સિદ્ધ તો પૂર્ણ છે. '**ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી—મહેરબાનીથી.**' એ તો પાંચમી ગાથામાં નથી આવતું? અમારા ગુરુએ અમને મહેરબાની કરીને ઉપદેશ આપ્યો. અનુગ્રહ કરીને ઉપદેશ આપ્યો. લ્યો. પોતાને અનુગ્રહ થયો છે ને, એટલે અનુગ્રહમાં નિમિત્ત કોણ છે એમ કહેવું છે. આહા..હા...! આવું પંચપરમેષ્ઠી સિવાય બીજું નિમિત્ત હોઈ શકે નહિ એમ સિદ્ધ કરે છે.

સર્વજ્ઞ અને વીતરાગતા જેને પ્રગટ કરવી છે એને સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રગટ થઈ

ગયેલી છે અને કાં પ્રગટ થવાની તૈયારી છે એવા જીવો જ એને નિમિત્ત હોય છે. બસ, એ સિદ્ધ કરવું છે. પોતાના જ્ઞાનમાં સ્વનું થતાં આવું નિમિત્ત હોય એનું પરનું જ્ઞાન સ્વપરપ્રકાશમાં સાથે હોય છે આ વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ?

ભગવાન '**ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી...**' કૃપાથી, પ્રસન્નતા. લ્યો વીતરાગને પ્રસન્નતા હશે? તિત્થયરા મે પસીયંતુ. આવે છે કે નહિ? લોગસ્સમાં આવે છે. ભગવાનજીભાઈ! લોગસ્સમાં નથી આવતું? તિત્થયરા મે પસીયંતુ. હે તીર્થંકર ભગવાનો મને પ્રસન્ન થાઓ. એ પ્રસન્ન થાતા હશે વીતરાગ?

મુમુક્ષુ :— એમાં લખ્યું છે અને અમે...

ઉત્તર :— ઈ જ કીધું ને, એની સાથે કર્યું. એનો અર્થ કે મારી પ્રસન્નતા વીતરાગના આનંદની મને પ્રગટે છે તેમાં આપનું જ્ઞાન અને વાણી નિમિત્ત છે. સમજાય છે કાંઈ? નિમિત્ત નથી એમ નહિ અને નિમિત્ત વડે થાય એમ પણ નહિ. વાત ઈ છે. જ્ઞાનપ્રધાન કથન છે. પણ બેયની વાત સાથે આવે છે.

'**ભગવંત પંચપરમેષ્ઠી...**' ઓહો..હો..! પોતે આચાર્ય પણ એમ કહે છે. સમજાણું? પોતે આચાર્ય અમૃતચંદ્રાચાર્ય કહે છે અને કુંદકુંદાચાર્યને કેમ પ્રગટ્યું એમ કહે છે. '**ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવાયોગ્ય, પરમાર્થસત્ય...**' શું? એ મોક્ષલક્ષ્મી. આહાહા..! ભગવાન આત્માની અનંત જ્ઞાન, આનંદની લક્ષ્મી જે શક્તિરૂપે તો છે એને પ્રગટરૂપ પ્રાપ્તિની મોક્ષલક્ષ્મીમાં પંચપરમેષ્ઠી નિમિત્ત છે. '**પ્રસાદથી ઊપજવાયોગ્ય...**' કીધું. સમજાય છે કાંઈ? અનાદિથી ઊપજેલી નહોતી. મોક્ષલક્ષ્મી, પંચપરમેષ્ઠીનું નિમિત્ત છે એના પ્રસાદથી ઊપજવાયોગ્ય છે. '**પરમાર્થસત્ય...**' ખરેખર સાચી. શું? '**અક્ષય (અવિનાશી) મોક્ષલક્ષ્મી...**' જેને દશા પ્રગટ થાય એ પછી નષ્ટ થાય નહિ એવી મોક્ષલક્ષ્મી આત્માની. આહા..હા..!

'**ઉપાદેયપણે નક્કી કરતા થકા,...**' 'ગ્રહણ કરવા યોગ્ય. (મોક્ષરૂપી લક્ષ્મી હિતતમ, સાચી અને અવિનાશી હોવાથી ઉપાદેય છે).' આટલા વિશેષણ આપ્યા. મોક્ષ નામ પરમાનંદની શુદ્ધતાની પ્રાપ્તિ એ ગ્રહણ કરવા યોગ્ય છે. મોક્ષરૂપી લક્ષ્મી હિતતમ છે. હિતતમ, સાચી અને અવિનાશી હોવાથી ઉપાદેય છે. સમજાણું કાંઈ? મોક્ષલક્ષ્મીને '**ઉપાદેયપણે નક્કી કરતા થકા,...**' આહા..હા..! અહીં તો કહે છે, ગ્રહણ કરવા, પ્રગટ કરવાલાયક તો એક મોક્ષ જ છે. એ રીતે ઉપાદેય હોં! ઊપજવાયોગ્ય છે ને ઈ. પ્રગટ કરવાલાયક હોય તો મોક્ષપર્યાય પ્રગટ કરવાલાયક છે. એવું '**ઉપાદેયપણે નક્કી કરતા થકા,...**' આહા..હા..! '**પ્રવર્તમાન તીર્થના નાયક (શ્રી મહાવીરસ્વામી) પૂર્વક...**' વર્તમાન તીર્થના નાયક. છેલ્લા ભગવાન મહાવીર (થયા) તેથી એનું શાસન છે અત્યારે એમ કહે છે. તીર્થના નાયક. તીર્થના નાયક ભગવાન પર તો હોય નહિ નાયક. એઈ..! આ બધું એવું આવશે આમાં.

'**પ્રવર્તમાન તીર્થના નાયક...**' અગ્રેસર છે, તીર્થના એ અગ્રેસર છે. '**(શ્રી**

**મહાવીરસ્વામી) પૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને...'** મહાવીરસ્વામી પૂર્વક ભગવાન પંચપરમેષ્ઠીને. સમજાય છે? મૂળ એક તીર્થંકર અત્યારે આ જ છે. ૨૩ તીર્થંકર પછી આવશે, ઈ પછી આવશે, ૨૩ પછી આવશે. અહીં તો મહાવીરસ્વામી પૂર્વક પંચપરમેષ્ઠી લેવા છે. પંચપરમેષ્ઠીને **'પ્રણમન=દેહથી નમવું તે. વંદન=વચનથી સ્તુતિ કરવી તે. (નમસ્કારમાં પ્રણમન અને વંદન બંને સમાય છે).'** દેહથી ક્રિયા તો દેહથી, એમાં દેહમાં નમવાનો જે ભાવ છે ને એ લેવો. દેહથી નમવાની ક્રિયા સાથે નિમિત્તરૂપે હોય છે. કહો. દેહથી નમવું. એક કોર કહે કે દેહથી નમી શકાય નહિ આમ. અને વચનથી સ્તુતિ કરવી. લ્યો. એનો અર્થ કે એ વખતે એવો એનો વિકલ્પ હોય છે. દેહ આમ નમે છે, વચનથી સ્તુતિ કરે છે. કડક રહીને આમ વંદે છે એમ નહિ, એમ. અંદરમાં ભાવનમન છે, શરીર પણ નમી જાય છે. સ્તુતિ કરવાનો ભાવ છે તો વાણી દ્વારા સ્તુતિવચન નીકળે છે. સમજાણું કાંઈ? અહીં જ્ઞાનપ્રધાન કથનમાં સાથે નિમિત્ત હોય એ બધું લઈને વાત કરે છે. અમરચંદભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ જ્ઞાન દૃષ્ટિ સહિતનું જ્ઞાન માટે સાચું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એની અહીં વાત ચાલે છે. જેના જ્ઞાનમાં, શ્રદ્ધામાં એમ થયું છે કે મારા પર્યાયના આશ્રયે પણ મને આ પ્રગટ્યું નથી તો વિકલ્પ અને નિમિત્તના આશ્રયે પ્રગટતું નથી. એને કહે છે કે એવા જીવને માટે મોક્ષ જે ઉપાદેય છે આત્મા પ્રગટ કરવા લાયક એમાં પંચપરમેષ્ઠીની કૃપા છે. 'કરુણા હમ પાવત હૈ તુમકી' આવે છે ને? 'કરુણા હમ પાવત હૈ' હે ભગવાન! તમારી કરુણા છે. આપના જ્ઞાનમાં આ સમયે આ જીવ આ ભૂમિકાએ છે એવું જે આપના જ્ઞાનમાં આવ્યું છે એ જ આપની કરુણા અમારા ઉપર છે એમ કહે છે. વીતરાગી દેવ છે. વીતરાગને કરુણા હોય? કે પ્રસન્નતા હોય છે?

મુમુક્ષુ :— આવે છે, કરુણા..

ઉત્તર :— હા, કરુણા આ. વીતરાગપર્યાય તે કરુણા છે. ઈ વીતરાગપર્યાય. આ ઈ જ કહે છે અહીંયા. સમજાણું કાંઈ? લોગસ્સમાં પણ વાંધા ઉઠતા. 'તિત્થયરા મે પસીયંતુ' હે ભગવાન! મને પ્રસન્ન થાઓ. તો વીતરાગ પ્રસન્ન થાતા હશે? એ તો હું પ્રસન્ન છું મારા સ્વભાવના આદરથી, એવા મારા પ્રસન્નમાં ભગવાન નિમિત્ત વીતરાગ છે એને હું પ્રસન્નતાનો આરોપ દઈને મને પ્રસન્ન થાઓ એમ કહેવામાં આવે છે. આવે છે કે નહિ એમાં? 'તિત્થયરા મે પસીયંતુ સિદ્ધાસિદ્ધિં મમ દિસંતુ'. લોગસ્સમાં આવે છે. હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધિ આપો. તો આપતા હશે ઈ? પણ પોતાની ભાવના પૂર્ણ મોક્ષલક્ષ્મીની છે એથી નિમિત્તને એમ કહે છે, હે નાથ! મને મોક્ષલક્ષ્મી આપો. નિમિત્તના કથનો તો એવા જ હોય ને. ભાઈ! આહા..હા..!

**'પ્રણમન અને વંદનથી થતા નમસ્કાર વડે સંભાવીને (સન્માનીને) સર્વ આરંભથી (ઉદ્યમથી)...'** સર્વ ઉદ્યમથી. આહા..હા..! મારો વર્તમાન પુરુષાર્થ જેટલો છે તેટલા ઉદ્યમથી **'મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા,...'** દેખો, પુરુષાર્થથી વાત કરે છે. સર્વ પુરુષાર્થથી મોક્ષમાર્ગનો આશ્રય કરતા—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય એનો આશ્રય કરતા થકા **'પ્રતિજ્ઞા કરે છે :—'** કહો. કુંદકુંદાચાર્ય આ પ્રમાણે મોક્ષમાર્ગનો આશ્રય કરતા પ્રતિજ્ઞા કરે છે એમ અમૃતચંદ્રાચાર્ય કહે છે. સમજાણું કાંઈ? **'સર્વ આરંભથી (ઉદ્યમથી)...'** જેટલા પુરુષાર્થની યોગ્યતા છે તેટલા પુરુષાર્થથી અંદર મોક્ષમાર્ગ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાનનો આશ્રય કરતા થકા પ્રતિજ્ઞા કરે છે. જુઓ! અહીં મોક્ષમાર્ગ એક જ પ્રકારનો છે. હોં! એની પ્રતિજ્ઞા કરે છે લ્યો. કહો, સમજાણું? ગાથા, હવે ગાથા લેવાની ને. **'अथ सूत्रावतार'**

एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं।
पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं।।१।।
सेसे पुण तित्थयरे ससव्वसिद्धे विसुद्धसब्भावे।
समणे य णाणदंसणचरित्ततववीरियायारे।।२।।
ते ते सव्वे समगं समगं पत्तेगमेव पत्तेगं।
वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते।।३।।
किच्चा अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं।
अज्झावयवग्गाणं साहूणं चेव सव्वेसिं।।४।।

પહેલા જે શ્રમણમાં સમાડી દીધા હતા એને અહીં પાછા જુદા પાડી નાખ્યા. કહ્યું હતું ને બીજી ગાથામાં? **'समणे'**. એ શ્રમણમાં ત્રણે સમાડી દીધા હતા બીજી ગાથામાં. એને અહીં જુદા પાડી નાખ્યા દરેકને પાછા.

तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज।
उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती।।५।। (पणगं)

**સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,**
**પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને. ૧.**
**વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,**
**મુનિ જ્ઞાન-દગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨.**
**તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,**
**વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩.**

મહાવિદેહક્ષેત્રે વર્તે એને ભગવાનને નમસ્કાર કરું છું.

**અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,**
**ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને. ૪.**

**તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,**
**પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫.**

આહા..હા..! મહામંગળિક. એની ટીકા. એનો અર્થ બધો ટીકામાં આવી જાય છે. હિન્દીમાં આ પહેલો શબ્દ ગુજરાતીમાં પાછળથી આવે છે. એટલો ફેર છે. ક્યો પહેલો? હિન્દી છે? શેઠી! શું છે? હિન્દી છે? હિન્દી છે? ઠીક. આ છેલ્લો બોલ છે હિન્દીમાં.

'**ટીકા :— આ સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ હું,...**' એ પાછળથી આવે છે, હિન્દીમાં જુઓ. પહેલા પેરેગ્રાફનો છેલ્લો ભાગ. ગુજરાતીમાં પહેલો આવે છે અને હિન્દીમાં પછી આવે છે. શું કહે છે? પંચપરમેષ્ઠીને વંદન કરનાર હું કોણ? હું કોણ છું? વંદન કરવાલાયક પંચપરમેષ્ઠી અને વંદન કરનાર હું. હું છું કોણ? '**આ...**' મૂળ શબ્દ છે ને? '**एष**' '**एष**' શબ્દ આવ્યો હતો આપણે કળશમાં, સવારમાં નહિ? '**एष**' ત્યાં પણ '**एष**' શબ્દ હતો. '**एष**' એમાં છેલ્લો શબ્દ હતો. '**આ...**' હું કોણ છું? '**સ્વસંવેદનપ્રત્યક્ષ...**' છું. મારા જ્ઞાનથી જણાય, જાણ્યો એવો હું પ્રત્યક્ષ છું. હું એ આત્મા છું એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આ સ્વસંવેદનપ્રત્યક્ષ...**' જુઓ નીચે. છે ને? 'સ્વસંવેદનપ્રત્યક્ષ=સ્વાનુભવથી પ્રત્યક્ષ. (દર્શનજ્ઞાનસામાન્ય સ્વાનુભવથી પ્રત્યક્ષ છે).' એ તો પછી વાત કરશે. '**દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ...**' છું. સામાન્ય દેખવું અને જ્ઞાન એ બે રૂપે સામાન્ય, એમ. દેખવું અને જાણવું એ સામાન્ય એકરૂપ તે સ્વસંવેદનપ્રત્યક્ષથી થાય છે એવો હું છું. શું કહે છે સમજાય છે કાંઈ? મારું રૂપ દર્શન અને જ્ઞાન, મારું રૂપ દર્શન અને જ્ઞાન—એવું સામાન્ય. બેય સામાન્ય એટલે શક્તિરૂપે. સામાન્ય એટલે અહીં જ્ઞાનને (વિશેષ) કહીએ એટલે ઓલું દર્શન (સામાન્ય), ઈ અહીં વાત નથી. મારો સ્વભાવ દર્શન-દૃષ્ટા અને જ્ઞાન. સામાન્ય એટલે શક્તિરૂપ સ્વરૂપ. એવો. ઈ કેવો? કે સ્વસંવેદનપ્રત્યક્ષ થનારો છું હું. મારા જ્ઞાનદર્શનને મેં મારા જ્ઞાનથી પ્રત્યક્ષ કર્યા છે. જુઓ, આ આચાર્ય કહે છે. કુંદકુંદાચાર્ય પોતા માટે કહે છે. ઓલી વાત તો અમૃતચંદ્રાચાર્યે કરી હતી કે આ કુંદકુંદાચાર્ય આવા હતા. આ પોતે કહે છે કે હું કોણ છું? હું રાગવાળો છું? પુણ્યવાળો છું? કોઈનો શિષ્ય છું? એમ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હું એટલે મારું જ્ઞાન અને દર્શન જે કાયમી સ્વરૂપ જે સ્વરૂપ એવો આત્મા એને પ્રત્યક્ષ સ્વસંવેદનથી વેદું છું, જાણું છું એવો હું છું. એ હું આત્મા. રાગ અને વ્યવહાર વચમાં છે એ હું નહિ, એમ કહે છે. નહિ (–નકાર) એમ નથી લીધું. ઓલો વ્યવહાર વચ્ચે ઉઠ્યો છે ને વિકલ્પ એ હું નહિ, એમ કહે છે. વંદન કરવાનો વિકલ્પ પણ હું નહિ. એ વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૩, બુધવાર, તા. ૦૪.૯.૧૯૬૪**
**ગાથા-૧ થી ૫, પ્રવચન-૨**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન. પહેલી પાંચ ગાથા એની ટીકા. શરૂ થયું છે. અહીંયાં કુંદકુંદાચાર્ય પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે. તો હવે કહે છે કે નમસ્કાર કરવાયોગ્ય ભગવાન અને હું નમસ્કાર કરનાર. પણ છું કેવો હું? સમજાય છે? અહીં નમસ્કાર કરવાયોગ્ય ભગવાન એ તો વ્યવહાર થઈ ગયો. પણ જ્ઞાનમાં એ આવે છે. પ્રધાન કથન જ્ઞાનમાં (આવે છે). ત્યાં તો અહીં સુધી કથન આવ્યું, હે ભગવાન! પંચપરમેષ્ઠીની કૃપાથી જ આત્માને મુક્તિ થાય છે. એમ આવ્યું લ્યો. એ.. ભીખાભાઈ!

મુમુક્ષુ :— ભીખાભાઈનો ... બરાબર છે.

ઉત્તર :— એણે કીધું હતું, તેથી તો એને કહ્યું. એમાં એમ કહ્યું લ્યો. પણ એનો અર્થ પાછો કહ્યો છે કે હું મોક્ષમાર્ગનો આશ્રય કરું છું. એ પણ પાછું કહ્યું છે. સમજ્યા ને? બેય વાત સાથે રાખવી. મોક્ષમાર્ગનો આશ્રય હું કરું છું. પાછું ન્યાં એમ કહ્યું છે કે મોક્ષમાર્ગનો (આશ્રય હું કરું છું.) દ્રવ્યનો આશ્રય કરું છું એમ નથી કહ્યું. અહીં તો જે શૈલીએ (કહ્યું હોય તેમ સમજવું). પર્યાય મારે પ્રગટ કરવી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે આત્માના આશ્રયે થાય એ પોતે મોક્ષનો માર્ગ નિર્મળ છે એનો હું આશ્રય કરું છું અથવા અંગીકાર કરું છું. એમ આવે. આમ જુઓ તો એકલી ધ્રુવદૃષ્ટિમાં આ પર્યાય વળી શું? ભાઈ! ઈ આવે જ્ઞાનકથનમાં એનું જ્ઞાન કરાવવા. અને આચાર્ય પોતે કહે છે. સમજાણું કાંઈ? નહિતર એકલું ધ્રુવ છે દૃષ્ટિમાં તો. દૃષ્ટિનો વિષય તો ધ્રુવ દ્રવ્ય છે. પર્યાય દૃષ્ટિનો વિષય કરે પણ પર્યાયનો આશ્રય હોય નહિ. સમજાણું કાંઈ? પણ જ્યાં જ્ઞાનથી કથન ચાલતું હોય ત્યાં આચાર્ય પોતે એમ કહે છે કે હું વંદન કરનાર, પરમેષ્ઠી પાંચેય વંદન કરવાલાયક છે. સમજાણું કાંઈ? અને એના નિમિત્તથી જ મને આ મોક્ષનો માર્ગ (મળ્યો). આશ્રય હું પોતે કરું છું. પણ નિમિત્ત પંચપરમેષ્ઠી છે. એમ કરીને એમ સિદ્ધ કર્યું છે કે પંચપરમેષ્ઠી વીતરાગી પર્યાયે પરિણમેલા ધર્મીને ધર્મ પરિણત દશાના નિશ્ચયમાં નિમિત્ત એ જ હોય. સમજાય છે કાંઈ? બીજા નિમિત્ત ન હોય.

જેમ જીવ ગતિ કરે એટલે એને નિમિત્ત ધર્માસ્તિકાયનું જ હોય. ત્યારે એને પણ એમ કહ્યું એટલું કે ઈ હોય જ, ઈ જ હોય. ગતિ કરે અને અધર્માસ્તિનું નિમિત્ત હોય કે બીજાનું હોય, એમ હોઈ શકે નહિ. એમ આત્મા પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચિદાનંદ આત્મા એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષનો માર્ગ વીતરાગી નિર્વિકલ્પ શાંતિ એને હું અંગીકાર કરું છું એમ જ્ઞાની પોતાને કરે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલું સમયસારનું

દ્રવ્યનું કથન બહુ સાંભળીને એવું લાગે કે આ શું? પણ એ વસ્તુનું સ્વરૂપ એ રીતે છે. પાછો જ્ઞાનમાંથી ભૂલી જાય કે નિમિત્ત કોણ હતું, ભૂલી જાય તો એ વસ્તુના સ્વરૂપમાં સ્થાપન કરે છે અહીંયા. સમજાય છે કાંઈ? કાંઈ પંચપરમેષ્ઠીથી ઉત્પન્ન થતું નથી. શબ્દો તો એવા છે, લ્યો. રાત્રે પ્રશ્ન થયો હતો. પણ લખ્યું છે એનો અર્થ થયો ને કે હું મારા મોક્ષમાર્ગને અંગીકાર કરું છું. જુઓ! છે ને અંદર? '**સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો.**' મેં. છેલ્લી પાંચ લીટી. એ તો ક્રમમાં આવે ત્યારે આવે ને.

આત્મા, આ તો મોક્ષમાર્ગના દ્વાર ખોલવાની વાત છે. આહા..હા..! કહે છે કે જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું છે, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે, જેને સિદ્ધપણું પ્રગટ્યું છે પૂર્ણ દશા આઠ કર્મના અભાવની, અને જેને આચાર્ય ને ઉપાધ્યાયપદ સંતોની દશા આત્માના અનુભવ સહિત વીતરાગી પર્યાય પરિણત જે છે પંચપરમેષ્ઠી એ જ મારા અનુભવમાં નિમિત્તરૂપે છે. એ સિવાય બીજા કોઈ શાસ્ત્ર કે બીજા કોઈ કુગુરુ, કુદેવ કોઈ પોતે કર્તા જગતના મનાવતા હોય એ વાણી કહે અને એનાથી આત્માને નિમિત્ત થાય એવું ત્રણ કાળમાં બનતું નથી એમ સિદ્ધ કરે છે.

અથવા કોઈ મિથ્યાદષ્ટિ હોય અને શાસ્ત્રનો ભણનાર હોય અને એ ઉપદેશ કરે અને ઓલા ધર્મીને નિમિત્ત થાય એમ બને નહિ એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? શેઠ! જેમ છે તેમ (સમજવું). 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ'. તે તે રીતે એને સમજવું જોઈએ.

અહીં કહે છે કે વંદન કરનાર હું કેવો છું? એટલે આત્મા હું કેવો છું? કે '**સ્વસંવેદનપ્રત્યક્ષ...**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ આદિ અનંત ગુણની શક્તિનો પિંડ પ્રભુ, પણ હું મારા જ્ઞાનથી પ્રત્યક્ષ થઈ શકું એ હું છું. એવો હું વંદન કરનાર પંચપરમેષ્ઠીને વંદન કરું છું. સમજાણું કાંઈ? '**સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ...**' જુઓ! પાછી વસ્તુની સ્થિતિ આત્મા આત્મા કરે, પણ ઈ આત્મા એ વસ્તુ છે કે જેમાં દર્શન અને જ્ઞાન એવું એકરૂપ જેનું સ્વરૂપ છે, દ્રષ્ટા અને જ્ઞાતા જેનો સ્વભાવ આત્માનો છે. સમજાણું કાંઈ? દ્રષ્ટા અને જ્ઞાતા. એવો સ્વભાવ જેનો પરિપૂર્ણ ભગવાન આ એક આત્માનો છે. એવો હું સ્વસંવેદનપ્રત્યક્ષ કરનારો મારા આત્મા એ હું વંદન કરું છું. સમજાણું કાંઈ? કોને વંદન કરું છું?

'**જે સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી વંદિત હોવાથી ત્રિલોકના એક (અનન્ય, સર્વોત્કૃષ્ટ) ગુરુ છે,...**' જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે અને પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ આનંદદશા જેને પ્રગટ થઈ ગઈ છે એ કેવા છે? સુરેન્દ્રો-ઊર્ધ્વલોકના સુર નામ દેવના ઈન્દ્રો પણ, ઈન્દ્રના પણ એ ગુરુ છે, એક જ ગુરુ એ છે. સમજાય છે કાંઈ? સુરેન્દ્રો, અસુરેન્દ્રો. નીચે અસુર છે એના ઈન્દ્રો. અને નરેન્દ્રો--આ મનુષ્યના ચક્રવર્તી, વાસુદેવ આદિ. એનાથી વંદિત, એવા જગતના મહાપુરુષો એનાથી

પણ જે વંદિત છે. સમજાય છે કાંઈ? એને વંદિત હોવાને કારણે ત્રિલોકના એ ગુરુ છે. આહા..હા..! દેખો! સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા... સમજાણું?

મહાવીર ભગવાનનું અહીંયા મુખ્યપણે પહેલું વર્ણન છે. છેલ્લા પરમાત્મા તીર્થંકરદેવ એનું શાસન છે. પહેલા તીર્થંકર... વર્ધમાન પ્રભુ મહાવીર ભગવાન આવા હતા એવા ઓળખીને. તે કેવા? કે ઉપરના સ્વર્ગના ઈન્દ્રો, નીચેના ઈન્દ્રો અને મધ્યના—તીરછાના ઈન્દ્રો એને વંદિત છે ઈ. વાંદવાયોગ્ય છે. એથી ત્રિલોકના—એ ત્રણ લોકના (ગુરુ છે). ત્રણ લોક થઈ ગયા ને એમાં? સુરેન્દ્રો, અસરુન્દ્રો અને નરેન્દ્રો. ત્રણ લોકના... કોઈ એમ કહે કે, પણ એવા ઉત્તમ પુરુષો વંદન કરે પણ સાધારણ તો માનતા પણ નથી એને. એ માનતા નથી એને લેવા નહિ અહીંયા. સમજાણું કાંઈ? અહીં તો મહા સુરેન્દ્રો. શક્રેન્દ્ર ઈન્દ્ર છે. પહેલા દેવલોકનો શક્રેન્દ્ર બત્રીસ લાખ વિમાનનો સ્વામી છે. ઈશાન ઈન્દ્ર અઠ્યાવીસ લાખનો, બીજું ઈશાન દેવલોક છે એના સ્વામી છે, અસંખ્ય દેવ છે જેનામાં. એવા એવા એક-એક ઈન્દ્રો સુરેન્દ્રો જે છે મોટા એનાથી વંદિત છે. એટલે ત્રણ લોકના પુરુષોથી વંદિત એમ લઈ લીધું. સાધારણ માણસને દેવને એ માન્ય છે અને એને તીર્થકરદેવ અને ભગવાન માન્ય છે. શું કહ્યું સમજાણું કાંઈ?

સાધારણ માણસની ગણતરી નહિ અહીં, કહે છે. ઉત્તમ પુરુષો મહા ઈન્દ્રો, સુરેન્દ્ર, અસુરેન્દ્ર અને નરેન્દ્રો, બળદેવ, ચક્રવર્તી, વાસુદેવ પુરુષો થાય મહાપુણ્યવંત એવાથી વંદિત હોવાથી ત્રિલોકના એક જ અનન્ય, સર્વોત્કૃષ્ટ એક જ ગુરુ છે. ભગવાન વર્ધમાન મહાવીર પરમાત્મા એ એક જ ત્રણ લોકને પૂજ્ય હોવાથી ત્રિલોકના... ત્રિલોકના એમ કીધું છે. વાંધો કાઢવો હોય તો કાઢે આમાં.

મુમુક્ષુ :— શેમાં વાંધો કાઢે?

ઉત્તર :— ત્રિલોકને ક્યાં માન્ય છે? ભગવાન બધાને કંઈ માન્ય છે? મહાવીરના તો વિરોધ કરનારા પણ ઘણાય છે. ઈ ગણતરી જ નથી કહે છે. સમજાણું કાંઈ?

જે મહા ઈન્દ્રો છે, જેના નીચે અસંખ્ય દેવો છે અને ચક્રવર્તીની નીચે બત્રીસ હજાર (રાજા)... વાસુદેવ એને વંદિત હોવાથી... આ તો પ્રવચનસાર જ્ઞાનપ્રધાન કથન ચાલે છે. ત્રિલોકના એક ગુરુ છે. અનન્ય નામ એના સિવાય બીજો નહિ અને સર્વોત્કૃષ્ટ એક જ ગુરુ પરમેશ્વર (છે). જુઓ, સર્વજ્ઞને ગુરુ તરીકે સિદ્ધ કર્યા. સમજાણું કાંઈ? એમ કહે છે કે હું કોણ છું એ ઓળખું છું મને અને એ કેવા છે એને પણ હું ઓળખું છું, એમ કરીને એનું વર્ણન કરું છું. કહો, સમજાણું કાંઈ?

**‘ઘાતિકર્મમળ ધોઈ નાખેલ હોવાથી...’** હવે શું સિદ્ધ કરે છે? સર્વજ્ઞ પરમેશ્વર મહાવીર થયા એને પહેલાં ઘાતિકર્મ હતા. ઘાતિકર્મ—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. એમ આઠ કર્મની જાત છે અંદર. એમાં ચાર ઘાતિકર્મ, ચાર અઘાતિ (કર્મ છે). વસ્તુની સ્થિતિ આ છે. એટલે પરમેશ્વર જે સર્વજ્ઞ મહાવીર થયા એને ઘાતિકર્મ ચાર હતા.

એવા ઘાતિકર્મરૂપી મેલ **'ધોઈ નાખેલ હોવાથી...'** ધોઈ નાખ્યા છે-નાશ કરી નાખ્યા છે. એટલે પહેલેથી સર્વજ્ઞ ગુરુ હતા અનાદિના એમ નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પરમાત્મા પોતે એનો આશ્રય કરી અને ઘાતિકર્મને ધોઈ નાખ્યા. નાશ કરી (નાખ્યા) એમ નથી કહ્યું. જેમ લૂગડું સાફ કરી નાખે ને સાફ, એમ સાફ કરી નાખ્યા. એવા હોવાથી.. સાંભળજો! **'જેમને...'** એટલે પરમેશ્વર મહાવીર પરમાત્મા વર્ધમાન તીર્થંકરને **'જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ...'** અમરચંદભાઈ! આ શું? સાંભળને. પરમેશ્વરની વાણી અને પરમેશ્વર પોતે જ ધર્માત્મા ધર્મ થનારને નિમિત્ત એ જ હોય છે. સમજાણું કાંઈ? બીજા દેવ, કુદેવ, કુશાસ્ત્ર એ કોઈ નિમિત્ત હોઈ શકે નહિ. બીજા નિમિત્ત હોય અને એ કહે કે હું ધર્મ પામ્યો છું. ધર્મ હોઈ શકે નહિ એને. સમજાણું કાંઈ? કહે છે, ચાર કર્મ ધોઈ નાખેલા હોવાથી **'જેમને જગત પર...'** આખા જગત ઉપર એમ લીધું છે. એમાં સમજાણું કાંઈ? એઈ..! આખા જગત ઉપર લીધું. ભવિ-અભવિ આખું જગત. સાંભળને. ઈ જગત કહેવાય. આ જે આત્મા પાત્ર થઈને સમજવા માંગે છે એને ભગવાન, તરવામાં સમર્થ પરમેશ્વરતા એને નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? નહિતર અહીં તો જગત પર કીધું છે. એ.. અમરચંદભાઈ! આ શું લખ્યું? આચાર્ય અમૃતચંદ્રાચાર્ય પંચ મહાવ્રતના ધારી અને જેણે સૂક્ષ્મ દ્રવ્યદૃષ્ટિનો અનુભવ કરીને જેણે ચારિત્ર અંગીકૃત કર્યું છે, ઈ એમ કહે છે. સમજાણું કાંઈ? જગત પર-દુનિયા ઉપર **'અનુગ્રહ કરવામાં સમર્થ...'** એને નિમિત્ત થવામાં અનુગ્રહ, એને લાભ દેવામાં સમર્થ હોય તો એ પરમેશ્વર મહાવીર એક જ ગુરુ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે,...'** પરને અનુગ્રહ કરે એવી અનંત પરમેશ્વર શક્તિ છે. મારામાં છે એમ નહિ, એને અનુગ્રહ કરે એવી અનંત પરમેશ્વરશક્તિ છે એની. એ.. પોપટભાઈ! કહો, જેઠાલાલભાઈ! એક કોર સમયસાર સાંભળ્યું હોય અને એક કોર આ, આ શું કહે છે? એમ જ છે. ત્યાં દૃષ્ટિપ્રધાન કથન કરીને નિમિત્ત કેવા પરમેશ્વર હોય એનું પણ જ્ઞાન ત્યાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! બધી ગાથામાં આવે છે ને બધે ઠેકાણે. **'જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી...'** કેવી? **'અનંત શક્તિરૂપ પરમેશ્વરતા...'** જગત એટલે કે એની વાણી અને એ પરમાત્મા અનુગ્રહ કરવામાં... જુઓ, અહીં આત્મા એને અનુગ્રહ કરવામાં સમર્થ એમ લીધો છે. એઈ..! વાણી-બાણી નથી લીધી. ભાઈ! સમજાણું? સીધો આત્મા છે. સીધો ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર મહાવીર. વર્ધમાન શબ્દ અહીં વાપર્યો છે ને, વર્ધમાન. વૃદ્ધિગત થઈને પોતાનું માપ પૂર્ણ થઈ ગયું જેને. એવા પરમેશ્વર મહાવીર એટલે વર્ધમાન એ જગતને અનંત શક્તિરૂપ પરમેશ્વરતા અનુગ્રહ કરવામાં સમર્થ છે. એવી એને પરમેશ્વરતા પ્રગટ થઈ છે. એને જે ઓળખે અને લક્ષ કરે એને પરમેશ્વરતામાં નિમિત્ત એ થાય. કહો, સમજાણું આમાં? તડકાને રાખો વચમાં.

કહો શું કીધું આમાં? સમજાણું આમાં?

આ તો ધીમે ધીમે વ્યાખ્યાન ચાલે એવું છે આ. પાછું એમ કેટલાક લાગે કે આ ક્યાં આવ્યું? માર્ગ જ એ છે, સાંભળને. આહા..! ભગવાન અનંત પરમેશ્વરતા. એક સમયમાં જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન, વીતરાગતા પ્રગટી છે અને જેને આહાર-પાણીનો ભાવ હોતો નથી. શરીર જેનું પરમ ઔદારિક સ્ફટિક જેવું થઈ ગયેલું હોય શરીર. એવા આત્મા જગતને અનુગ્રહ કરવામાં આ પરમેશ્વર આવા સમર્થ છે. એવો આત્મા હોં! વાણી-બાણી અહીં નથી લેવી પાછી. આહા..હા..! જેઠાલાલભાઈ! એનું કાંઈ નહિ, એ તો જેમ છે એમ છે.

**'જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંત...'** અમૃતચંદ્રાચાર્ય મહારાજ જેણે ટીકા સમયસાર, પ્રવચનસાર અને પંચાસ્તિકાયની કરી. જેણે ગણધર જેવા કામ કુંદકુંદાચાર્યની પાછળ કર્યા. એ આમ કહે છે. સમજાય છે કાંઈ? **'અનંતશક્તિરૂપ પરમેશ્વરતા,...'** જગત ઉપર અનુગ્રહ કરવાને સમર્થ પ્રગટી છે. એવો આત્મા એને જે સમજે અને પામે એને એ નિમિત્ત કહેવામાં આવે. એમ કહે છે. ન સમજે અને ન પામે (એવા) અભવિ પડ્યા છે બીજા સાધારણ એની તો અહીં વાત નથી. અહીં તો અનુગ્રહ કરવામાં સમર્થ જ છે. ઈ એણે જે અંદર ભાન કર્યું એને અનુગ્રહ કરવામાં સમર્થ જ કહેવામાં આવે છે. એને શું છે પરમેશ્વરતા એને જેણે ઓળખી નથી એને તો નિમિત્તરૂપે શી રીતે થાય? સમજાણું કાંઈ?

ઓહો..! અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમય સૂક્ષ્મ કાળ, એક 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. એનો અસંખ્યમો ભાગ એક સમય (એમાં) એને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે. સમજાય છે? અને પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ અતીન્દ્રિય આનંદનો, અતીન્દ્રિય આનંદનો દરિયા ઊછળી ગયો, એવા પરમેશ્વર વર્ધમાન મહાવીર દુનિયા સારી, સારા જગતને અનુગ્રહ કરવામાં શક્તિ છે એવી પરમેશ્વરતા પ્રગટી છે. આહા..હા..! અહીં તો કહે છે, મને અનુગ્રહ થયો ભગવાનનો તો મારા ઉપર એનો અનુગ્રહ—કૃપા છે. જા! આહા..હા..! સમજાણું કાંઈ? મારો આત્મા ભગવાનની વાણી અને ભગવાનને ઓળખીને જે તૈયાર થઈ ગયો અંદરથી, મારા ઉપર ભગવાનની અનુગ્રહતા વર્તે છે. એવી એની પરમેશ્વરતા છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તીર્થપણાને લીધે...'** હવે બીજો શબ્દ. મૂળ શબ્દ છે હોં શ્લોકના. કુંદકુંદાચાર્યના શ્લોક છે એના અર્થ ચાલે છે. **'તીર્થપણાને લીધે જે યોગીઓને તારવાને સમર્થ છે,...'** લ્યો આવ્યું પાછું. જે કોઈ આત્માના આનંદ અને અનંત ગુણનો પિંડ ભગવાન છે એમાં જેણે અંતર જોડાણ કર્યું છે એને તારવામાં નિમિત્ત કહેવામાં આવે છે. લ્યો. કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :— આ નિમિત્ત, આ ઉપાદાન.

ઉત્તર :— ત્યારે નિમિત્ત (કહેવાય). જેણે ભગવાન આત્મા અનંત ભગવાને જોયો પરમેશ્વરે, એમાં અનંત ગુણ—શક્તિઓ છે. એ જ્ઞાન, દર્શન આદિ ગણતરીએ અનંત શક્તિઓ. એવો

જે આત્મા જેને પૂર્ણ રીતે પ્રગટ દશા થઈ ગઈ છે, કહે છે કે જેણે પોતાના આત્મામાં યોગ—જોડાણ કરીને. લ્યો આ પર્યુષણ આવ્યા ને, આ પર્યુષણ છે ને. પરિ—સમસ્ત પ્રકારે જોડવું. આત્મા અનંત જ્ઞાનનો ધણી પૂર્ણ સ્વભાવ એમાં અંતર દૃષ્ટિને અને જ્ઞાનને જોડી અંદર યોગ વિકલ્પ રહિત હોં, નિર્વિકલ્પ. નિર્વિકલ્પ દર્શન, જ્ઞાન, ચારિત્રથી આત્મામાં એકાગ્ર થવું એવા જે યોગીઓ એને તારવા સમર્થ છે. લ્યો, પાછું ફેરવ્યું. નાખ્યું ન્યાં. એને તારવા સમર્થ છે. ઓલો અનુગ્રહ છે ખરો બધા ઉપર. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! પ્રવચનસાર હમણાં ઘણા વર્ષથી નથી વંચાણું. પાંચ વર્ષ ગયા. આ અક્ષર પણ બહુ સારા આવ્યા છે.

'**યોગીઓને તારવાને સમર્થ છે,...**' હવે યોગીઓ તો તરે છે, એને તારવામાં સમર્થ? એમ કહે છે, જેણે આત્મામાં ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ એની અનુભવદૃષ્ટિ કરીને જે રમણતા કરે છે એને એ નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે ને. સ્વપરપ્રકાશક સ્વભાવથી આ બધું કથન કર્યું છે. '**તીર્થપણાને લીધે...**' તરેલા હોવાને કારણે '**યોગીઓને તારવાને સમર્થ છે,...**' લ્યો, સમજાણું કાંઈ? યોગી તો પોતે થયેલા છે પોતાથી. સમજાણું કાંઈ? પણ ભગવાનનું જ્ઞાન કેવળજ્ઞાન અને પરમાત્મદશા એવું જેને ખ્યાલમાં આવીને જેણે આત્મામાં જોડાણ કર્યું છે એને પરમાત્મા તારવાને સમર્થ કહેવામાં આવે છે. લ્યો, સમજાણું કાંઈ? ભક્તો એમ પણ ભક્તિમાં કહે, હે ભગવાન! અમે અમારાથી તરીએ અને તમને તરણતારણ કહેવા આ શું કામનું? અમે ન તરીએ અને તારો તો તમે ખરા. ઉપાય કરીએ પરિણમીએ અમે, અને તમે તારવાને સમર્થ! ઠીક! ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે કે જેને સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મદશા જેની પ્રગટ થઈ છે એવા છેલ્લા વર્ધમાન તીર્થંકર હતા, એની આ દશાને જેણે ઓળખી છે એણે આત્મામાં જોડાણ કર્યું છે એને ભગવાન તારવાને સમર્થ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

'**ધર્મના કર્તા હોવાથી...**' કેવા છે પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા? મહાવીર વર્ધમાન પરમાત્મા કેવા છે? '**ધર્મના કર્તા...**' એ તો ધર્મના પરિણમન કરનારા હોવાથી. પોતાના ધર્મના કરનાર હોવાથી એમ કહે છે. '**શુદ્ધસ્વરૂપપરિણતિના કરનાર છે,...**' ઓહો..! આત્માની પૂર્ણ કેવળજ્ઞાન દશા, વીતરાગ પરિણતિ અવસ્થા શુદ્ધ એવી અવસ્થાના એ કરનાર છે, કરનાર ઈ છે. પરને કરવામાં નિમિત્ત છે એટલું. સમજાણું કાંઈ? જુઓ આમ લેતા લેતા ક્યાં લાવ્યા પાછા! એ તો કહે છે કે યોગીઓને તારવામાં સમર્થ અને પોતે પોતાની શુદ્ધ પરિણતિના કર્તા (છે), પરના કર્તા નથી. સમજાણું કાંઈ?

'**ધર્મના કર્તા...**' એટલે પરિણમનારા હોવાથી જે શુદ્ધ પરિણતિના કરનાર છે. '**શુદ્ધસ્વરૂપપરિણતિના કરનાર...**' લ્યો. કેવળજ્ઞાનીને શુદ્ધસ્વરૂપ પરિણતિના કરનાર કહ્યા. સમજાણું કાંઈ? શુદ્ધસ્વરૂપ પરિણતિ એટલે અવસ્થા. જેની અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય બધી શુદ્ધ પરિણતિરૂપ નિર્મળ દશા થઈ ગઈ છે. એને લઈને એ ધર્મના

કર્તા કહેવામાં આવે છે. પરના ધર્મના કર્તા કહેવાય એ નિમિત્તથી છે. આમ પોતાથી થાય છે એટલી વાત છે. ઓહો..હો...! જુઓ! ભગવાનની ઓળખાણ કરી છે કે પરમેશ્વર આવા હોય. સમજાણું કાંઈ? એવા ઓળખીને હું વંદન કરું છું. એમ ને એમ ઓઘે ઓઘે કૂટતો નથી. ફોતરા કૂટે અને દેખાય જાણે એના કણ ચોખા હશે—એમ નથી કહે છે. બરાબર જાણું છું કે ચોખા કૂટાય છે અને ફોતરા જુદા પડે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કેવા છે પરમેશ્વર? '**તે પરમ ભટ્ટારક,...**' ત્રણ લોકના પૂજનીક પુરુષ છે. આ ભટ્ટારક થાય છે ઈ નહિ હોં! ગાદીએ બેઠા ઈ ભટ્ટારક નહિ. પરમ સૂર્ય, ભટ્ટારક એટલે સૂર્ય. પરમ સૂર્ય. આહા..! આ તો ઓલા ભટ્ટારક તો નામના છે. આ જ્ઞાનસૂર્ય, ચૈતન્યસૂર્ય ઝબકતો પ્રગટ્યો છે જ્યાં. એક સમયની અવસ્થામાં ચૈતન્યસૂર્ય ત્રણ કાળ ત્રણ લોકને જાણતું જ્ઞાન પ્રગટ થયું છે. એવા પરમ ભટ્ટારક છે, પરમ ભટ્ટારક છે—પરમ સૂર્ય છે. આહા..હા..! '**મહાદેવાધિદેવ,...**' છે. એકલા દેવાધિદેવ નહિ, મહાદેવાધિદેવ. આહા..! મહાદેવ અધિદેવ, દેવોના પણ દેવ. દેવના દેવ ગણધરો અને એમના પણ મહાદેવાધિદેવ. જુઓ, પરમેશ્વર આવા હોય. તીર્થંકર અને સર્વજ્ઞ વીતરાગદેવ આવા હોય. એ સિવાય પરમેશ્વર બીજી રીતે માને એ પરમેશ્વરને ઓળખતા નથી અને એને ઓળખતા નથી એટલે આત્માનું કલ્યાણ કરવાને લાયક પણ નથી. શાંતિભાઈ! કવિ છે ભાઈ એ. સાંભળ્યું હતું. જોડી દીધું છે ત્યાં જોડી દીધું. કહ્યું હતું બહાર. આહા..હા..!

'**મહાદેવાધિદેવ, પરમેશ્વર,...**' આહા..હા..! કેટલા વિશેષણો! આ સંસ્કૃત ટીકામાં છે હોં! અમૃતચંદ્રાચાર્ય મહામુનિ જે આચાર્યોને પણ વંદનીક છે પાંચ નમસ્કારમાં. એ પોતે કહે છે કે પરમેશ્વર પરમાત્મા. પરમેશ્વરતા જેને પૂર્ણ પ્રગટી ગઈ છે. સમજાય છે કાંઈ? અને પરમ પૂજ્ય છે ઈ. ભગવાન મહાવીર પરમાત્મા ત્રિલોકનાથ પરમ પૂજ્ય છે, પરમ પૂજ્ય છે, ઉત્કૃષ્ટ પૂજાવાને લાયક છે ઈ. એટલું થયું. હવે નામ આવ્યું ખરું ને, પાઠમાં વર્ધમાન શબ્દ પડ્યો છે ને. નામ ખાળીને નામ કર્યું ને એટલે પછી અર્થ (કર્યો). નામ પડ્યું ને, નામ પડ્યું છે.

'**જેમનું નામગ્રહણ પણ સારું છે...**' વર્ધમાન એવા પરમાત્માનું નામ પણ સારું છે એમ કહે છે. નિશ્ચયથી તો એનું નમન સારું છે પણ એનું નામસ્મરણ કરવું એ પણ સારું છે. એ શુભભાવની સિદ્ધિ કરી. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને દોરે ચડેલો છે એને પરમાત્મા નિમિત્ત થઈને કહે છે, એ પરમાત્માનું નામ પણ મારે ભલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભ વિકલ્પ છે પણ વ્યવહારે મારે એ પણ ભલો છે એમ કહે છે. કહો, વજુભાઈ! નિશ્ચયથી તો એનું નામ એટલે પોતામાં નમન—પરિણમન થવું તે. પણ વ્યવહારે નામ શબ્દ પડ્યો છે ને અહીંયા, 'વર્ધમાન ભગવાન' વર્ધમાન તીર્થંકર. અહો..! જેનું નામસ્મરણ કરતાં પણ શુભભાવ, શુભરાગ પ્રશસ્ત ઉત્પન્ન થાય છે. એ પણ વ્યવહારે ભલો

કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..!

**'એવા શ્રી વર્ધમાનદેવને,...'** લ્યો, આટલા વિશેષણો આપ્યા. એવા શ્રી વર્ધમાન મહાવીર પરમાત્માને **'એવા શ્રી વર્ધમાનદેવને,...'** સ્વરૂપની લક્ષ્મીવાળા વર્ધમાન વૃદ્ધિગત થઈને પૂર્ણ થયા એવા દેવને, દિવ્યશક્તિ પ્રગટી એને. **'પ્રવર્તમાન તીર્થના નાયકપણાને લીધે...'** વર્તમાન તીર્થંકર મહાવીર પરમાત્માનું શાસન ચાલે છે. એની પરંપરાએ મુનિઓ, ગણધરો સંતો થયા, સમકિતી ધર્મ થયા એ એની પરંપરામાં થયા છે. અત્યારે બીજું શાસન, તીર્થંકર મહાવીર સિવાય બીજાનું છે નહિ. પહેલા થઈ ગયા એ પહેલાનું શાસન, આ મહાવીર પરમાત્માએ જે માર્ગ કહ્યો એ માર્ગના આરાધક જીવો પરંપરાએ એ એમાં થયા માટે શાસન એનું છે. પ્રવર્તમાન તીર્થના, પ્રવર્તમાન તીર્થ તરનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. સાધ્વી એટલે અર્જીકા. એવા તીર્થ જે સ્વરૂપને તારે, પોતાને ઉદ્ધાર કરે છે અંદરથી એવા તીર્થના નાયક મહાવીર નાયક છે. કહો, સમજાય છે કાંઈ? એવાને **'લીધે પ્રથમ જ પ્રણમું છું.'** ભાષા જુઓ! પહેલા એને નમું છું એમ કહે છે. પછી પછી કહેશે. આહા..હા..! કહો, આ પુસ્તક તો હમણાં છપાઈ ગયા નવા, જૂના છે કે દિ'ના. (સંવત) ૨૦૦૪ની સાલમાં છપાઈ ગયેલા છે. આ ૨૪ સાલમાં ચાલે છે હવે. આ બીજી વાર છપાણા, વીસ વર્ષે છપાણા. કહો સમજાણું આમાં?

એવા શ્રી વર્ધમાનદેવને પ્રવર્તમાન ચાલતા તરણના ઉપાયના ધર્મીજીવોને, ધર્મીજીવોના નાયક છે ઈ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ, સાધુ, અર્જીકા, શ્રાવક અને શ્રાવિકા એના એ પરમાત્મા વર્ધમાન દેવ તીર્થના નાયક ઈ છે. સમજાણું કાંઈ? એને લીધે-આવા કારણે પ્રથમ એના શાસનમાં હું વર્તું છું માટે એને પ્રથમ નમસ્કાર કરું છું. કહો, સમજાણું કાંઈ? જુઓ, **'પ્રથમ જ, પ્રણમું છું.'** એમ છે ને? જુઓ. **'देवं प्रणमामि'** હા ઠીક **'प्रथमत एव'**. પ્રથમ પ્રણમું છું. ઓહો..હો..! કેટલો વિવેક છે! તીર્થંકરના પરમાત્મદશાને ઓળખનારા જીવોની કેટલી સ્થિતિ છે! પોતાની સ્થિતિ વર્ણવી અને વંદન કરનાર હું છું અને જેને વંદન કરું છું ઈ આવા છે. હું આંધળીદોડે વંદન કરું છું એમ નહિ. કહો, મણિભાઈ સમજાય છે આમાં? આ બધું આંધળીદોડે ચાલે છે અત્યારે તો. આંધળીદોડે ચાલે છે એમ.

મુમુક્ષુ :— એટલે શું?

ઉત્તર :— કાંઈ કોણ મહાવીર કોણ? તીર્થંકર કેવા? સ્વરૂપ એનું કેવળજ્ઞાન શું? આનંદ શું? જય ભગવાન, એ તો કેવળી હતા.

મુમુક્ષુ :— સાચા જ હોય ને.

ઉત્તર :— સાચા પણ કોના હતા? સાચા એના. પણ અહીં સાચા સમજે ત્યારે એને સાચા થાય ને. સમજાણું કાંઈ? આહા...!

**'ત્યારપછી...'** ભાષા જુઓ. હવે પહેલા એને વંદન કરું છું. કુંદકુંદાચાર્ય મહા... 'मंगलं

ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો'. ગૌતમ પછી જેને પદ મળ્યું ત્રીજું. એવા કુંદકુંદાચાર્ય ભગવાન પરમેશ્વર જેની તુલના એ શક્તિએ પડ્યા, એ કહે છે હું મહાવીરને પહેલા નમું છું. પછી હું આ પ્રવચનસાર કહીશ. એટલે પછી હું સામ્યને અંગીકાર કરીશ એમ કહે છે. '**ત્યારપછી...**' છે ને? '**તદ્નુ**' એમ છે ને? તત્ અનુ. '**જેઓ વિશુદ્ધસત્તાવાળા હોવાથી...**' હવે સિદ્ધની ઓળખાણ બતાવે છે. સમજાય છે? વિશુદ્ધ અસ્તિત્વ, છે ને? જેનું વિશુદ્ધપણું છે એવા '**તાપથી ઉત્તીર્ણ થયેલા (છેલ્લો તાપ દેવાઈને અગ્નિમાંથી બહાર નીકળેલા) ઉત્તમ સુવર્ણ સમાન શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા છે એવા શેષ અતીત તીર્થંકરોને...**' મહાવીર સિવાયના અતીત અનંત તીર્થંકરો. કેવા થઈ ગયા અનંત તીર્થંકરો? તાપથી જેમ સોનાને તાપ આપે છે ને અગ્નિનો? કરતા કરતા કરતા સોળવલું થઈ જાય છે. સોળવલું સોનું. કેટલો ન્યાય આપે છે. જેણે આત્માના આનંદને સાધતા એકાગ્રતાની ધ્યાનની આંચ આપતા, પર્યાયમાં આત્માની એકાગ્રતાની આંચ આપતા, વસ્તુના સ્વરૂપમાં પરિપૂર્ણતા તો હતી પણ એને ધર્મધ્યાન એકાગ્રતાની આંચ આપતા જેને પૂર્ણ છેલ્લું સોનું સોળવલું નીકળી જાય, છેલ્લો તાપ દેવાઈને અગ્નિમાંથી બહાર નીકળે એમ '**ઉત્તમ સુવર્ણ સમાન...**' સોળવલું સોનું થઈ ગયું. એમ અનંત તીર્થંકરો થઈ ગયા મહાવીર સિવાય. પહેલા મહાવીરને વંદન કર્યું. શેષ '**ઉત્તમ સુવર્ણ સમાન શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા છે...**' કેવા છે પરમાત્મા થયા ઈ? શુદ્ધ જે દર્શન અને જ્ઞાનસ્વભાવ હતો એ પર્યાયમાં શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા એમ લીધું. જુઓને, ઓલામાં કહ્યું ને, દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ છું. એવા સ્વરૂપને જે પર્યાયમાં પામ્યા છે. શું કહ્યું સમજાણું? પરમેશ્વર જે મહાવીર સિવાય થયા એ પણ પોતાની શુદ્ધ સત્તામાં જે અંદર દર્શન અને જ્ઞાનસ્વભાવ શક્તિ પૂર્ણ સ્વભાવ હતો એને પર્યાયમાં પામ્યા છે.

'**શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા છે એવા શેષ અતીત તીર્થંકરોને...**' '(અતીત એટલે) ગત; થઈ ગયેલા; ભૂતકાળના.' અનંતા. '**અને સર્વ સિદ્ધોને,...**' જો કે તીર્થંકરો પણ સિદ્ધ તો છે અત્યારે. પણ કુંદકુંદાચાર્યે એને જુદા પાડીને લીધા છે. નહિતર તો અનંત તીર્થંકરો જે મહાવીર પહેલા થયા એ પણ સિદ્ધ જ છે અત્યારે. પણ ખાસ એની તીર્થંકરતાની વિશેષતાને લક્ષમાં લઈને એ અનંતા તીર્થંકરોને વંદન કરવા જુદા પાડ્યા. નહિતર તો એ સિદ્ધ જ છે, સિદ્ધમાં સમાઈ જાય છે. આહા..! સમજાણું કાંઈ? એવા અનંત તીર્થંકરો થઈ ગયા એમ સિદ્ધ કરે છે. મહાવીર ભગવાન પહેલા પાર્શ્વનાથ, નેમિનાથ, ઋષભદેવ એના પહેલા અનંત.. અનંત.. અનંત.. અનંત કાળથી અનંત કાળથી ભૂતકાળના અનંત કાળથી અનંત તીર્થંકરો થયા. એ બધાને યાદ કરીને હું નમસ્કાર કરું છું. આહા..હા..! કેટલી જ્ઞાનમાં આસ્તિકતાની વિશાળતા અને ભક્તિ! સત્ છે તેવું. સમજાય છે કાંઈ? આહા..હા..! કોઈ કહે ને, જૈનધર્મ તો મહાવીર પછી નીકળ્યો, કોઈ કહે કે ઋષભદેવ ભગવાન પછી નીકળ્યો. અરે.. સાંભળને

હવે! તને ખબર નથી. નીકળે શું?

આત્મા વીતરાગની મૂર્તિ વીતરાગ વિજ્ઞાનઘન છે. એ પામ્યા છે એવા પુણ્યવંત તીર્થંકરને પહેલા યાદ કરે છે. સમજાણું કાંઈ? અનંતા તીર્થંકરો ભગવાન પહેલા અનંત અનંત (થઈ ગયા). ઓહો..હો..! જેની સંખ્યા અનંત. એને **'અને સર્વ સિદ્ધોને,...'** એ સિવાય બધા જે કેવળજ્ઞાન પામીને સિદ્ધ થયા છે (તેમને). તીર્થંકરો તો પુણ્યવંત અને પવિત્રતા બેમાં પૂરા હોય. પવિત્રતા કેવળજ્ઞાન, કેવળદર્શનની હોય અને શરીરમાં ઔદારિક, પરમ ઔદારિક શરીર. જેને આહાર ન હોય, પાણી ન હોય, રોગ ન હોય શરીરમાં એને પરમેશ્વર કહેવાય. એવા પરમેશ્વર ભૂતકાળમાં પુણ્યવંત અને પવિત્રતાને પામેલાની પહેલી વ્યાખ્યા (કરીને) સ્મરણ કર્યા છે. પછી સર્વ સિદ્ધો. આત્માનું કેવળજ્ઞાન પામ્યા પૂર્ણાનંદ, ભલે પુણ્ય ન હોય બહાર પણ આત્માનું કેવળજ્ઞાન પામ્યા અને સિદ્ધ થયા, કેવળજ્ઞાન અંદર પૂર્ણાનંદ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણ્યા. તીર્થંકર જેટલું પુણ્ય ન હોય એનું. સામાન્યકેવળી ભરત વગેરેને. સમજાય છે કાંઈ? ભરત ચક્રવર્તી વગેરે સામાન્યકેવળી થયા. એવા **'સર્વ સિદ્ધોને...'** એ આસ્થામાં કેટલી આસ્તિકતા વર્તે છે એમ કહે છે. આહા..હા..! સર્વ સિદ્ધો કેટલા? તીર્થંકર તો સંખ્યાતા થોડા હોય ચોવીસીમાં. અને એ ચોવીસીમાં અસંખ્યાતા મોક્ષ જાય. એક તીર્થંકરના ઓલામાં પહેલામાં હોં! પાછળમાં થોડા. પણ ચોવીસ તીર્થંકરની જે સ્થિતિ છે દસ ક્રોડા ક્રોડી સાગરોપમની, તીર્થંકર ચોવીસ અને સિદ્ધ અસંખ્ય થાય. શું કીધું? ચોવીસ તીર્થંકરો જે થયા એનો કાળ દસ ક્રોડા ક્રોડી સાગરોપમ છે. એટલે ચોવીસ થાય એને (કાળ) દસ ક્રોડા ક્રોડી (સાગર) જોઈએ, પણ એમાં સિદ્ધ થયા એ અસંખ્ય હોય છે. એક એક ચોવીસીમાં ચોવીસ થયા એમાં અસંખ્ય મોક્ષે ગયા છે અસંખ્ય. કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ પામી પૂર્ણાનંદની શક્તિ જેવું પરમાત્મા તીર્થંકર પામ્યા એવું જ એ પામ્યા. સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'સર્વ સિદ્ધોને...'** હવે શ્રમણોની વાત કરે છે. પાઠમાં શ્રમણ છે ને એકલું. શ્રમણની વ્યાખ્યા કરે છે. હવે શ્રમણને હું વંદન કરું છું. શ્રમણો કેવા હોય? આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. આહા..હા..! **'જ્ઞાનાચાર,...'** જેને આત્મજ્ઞાનનો રમણતાનો આચાર પ્રગટ્યો છે. **'દર્શનાચાર,...'** જેને સમ્યગ્દર્શનનો આચાર રમણતાનો પ્રગટ્યો છે. **'ચારિત્રાચાર,...'** જેને વીતરાગી પરિણતિની રમણતા પ્રગટી છે. **'તપાચાર,...'** જેને ઇચ્છાનિરોધ થઈને સોનું જેમ ગેરુથી શોભે, એમ ચારિત્રની ઉગ્રતાથી જેને આનંદની લહેર વિશેષ વધી ગઈ છે. અતીન્દ્રિય આનંદનું પ્રતપન વધી ગયું છે. આ છદ્મસ્થ છે, કેવળજ્ઞાની નથી. પણ એની ઓળખાણ આપી કે આવા ઈ છે. એ પોતે ઓળખે છે એમ કહે છે. પોતે એવા છે અને આવા હોય એને વંદન કરું છું. આહા..હા..! અહીં તો એને ઓળખાવે છે. અને **'વીર્યાચાર...'** એનો પુરુષાર્થ સ્વરૂપની રમણતાનો ઉગ્ર પરિણમી ગયો છે. ભગવાન આત્મા નગ્ન મુનિ, ત્રણે નગ્ન હોય. ત્રણે દિગંબર હોય, જંગલમાં વસતા હોય. આહાર આદિ લેવા ... આવે. એવા આચાર્ય,

ઉપાધ્યાય, સાધુ... સમજાય છે? એવા '**વીર્યાચાર સહિત હોવાથી...**' જેને આત્માના પૂર્ણ આનંદ પ્રત્યેનું વીર્ય જાગી ઉઠ્યું છે ઉગ્ર અને જેનું બળ આત્માના આચરણમાં રમી રહ્યું છે. આવા હોવાથી. '**જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે...**' આહા..હા..! જુઓ તો ખરા, સાધુ કોને કહેવા! આચાર્ય કોને કહેવા! ઉપાધ્યાય કોને કહેવા!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીં ત્રણે ભેગા આવી ગયા ને.

'**પરમ શુદ્ધ ઉપયોગભૂમિકા...**' એ પંચ મહાવ્રતના વિકલ્પ-ફિકલ્પ એને હોય નહિ, એમ કહે છે. એ સાધુપણું નહિ. વિકલ્પ તો રાગ છે. વંદનીક રાગ છે? એ મુનિ પરમાત્માને સાધે છે પોતાના સ્વરૂપને. જ્ઞાનાનંદ શાંતિ, આનંદના પંચાચારમાં એને કારણે પરમ શુદ્ધ ઉપયોગ. જુઓ! કોઈ કહે છે કે અત્યારે શુદ્ધ ઉપયોગ નહિ મુનિને. અહીં પોતે કહે છે કે શુદ્ધ ઉપયોગની પ્રાપ્ત ભૂમિ એને જ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહીએ. પરમ શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત હોય તેને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહીએ. લૂગડાં ફેરવ્યા અને નગ્ન થાય એકલા અને પંચ મહાવ્રતને એકલા પાળે માટે સાધુ, આચાર્ય, ઉપાધ્યાય છે? ના. શાંતિભાઈ! જુઓ, છે અંદર?

મુમુક્ષુ :— એમાં ના પડાય એવું નથી, શાંતિભાઈથી કે કોઈથી.

ઉત્તર :— જિજ્ઞાસાથી આવ્યા છે ને. આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ કહેલો માર્ગ, કહે છે કે જે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.. જુઓ! દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ છે. એને છોડીને જેને આત્માના આનંદમાં શુદ્ધ પવિત્રતાના ઉપયોગનો વેપાર પ્રગટ થઈ ગયો છે. શુદ્ધ ઉપયોગ એને અહીં સાધુ કહેવામાં આવે છે. પંચ મહાવ્રત પાળે માટે સાધુ. ના. હોય એ વિકલ્પ, પણ એ કંઈ ગુણ નથી. એ સાધુપણું નથી. આહા..હા..!

મુમુક્ષુ :— .. ફેરફાર ચાલે.

ઉત્તર :— ફેરફાર કાંઈ ન ચાલે. બચાવ કરે છે બચાવ. એઈ.. શોભાલાલજી! ભૈયાજી બચાવ કરે છે કે (પંચમ) કાળમાં તો થોડું થોડું ઢીલું ચાલે. આ તો ત્રણ કાળનો એક જ માર્ગ છે. સાધુ એને કહીએ કે જેને બાહ્યમાં નગ્ન દશા હોય. એ સ્થિતિનું વર્ણન અહીં નથી. હોય ખરું નગ્ન, મુનિ હોય અને નગ્ન ન હોય તો એ મુનિ જ નથી. હવે કહે છે કે મુનિ નગ્ન છે અને અંદર અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ છે એવા હોય. એને વસ્ત્ર, પાત્રના વિકલ્પ હોય તો એ મુનિ જ નથી. પણ એ વિકલ્પ છે અને નગ્નપણું છે એ મુનિપણું નથી. આહા..હા..! જેને પરમાત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ પોતાની છે શુદ્ધ એનો પરમ શુદ્ધ ઉપયોગ વેપાર પ્રગટી ગયો છે અંદરથી. નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ પરિણમી ગઈ છે તેને આચાર્ય કહીએ, તેને ઉપાધ્યાય કહીએ, તેને સાધુ કહીએ.

જુઓ! ટોડરમલે લીધું છે ભાઈ. મોક્ષમાર્ગપ્રકાશકમાં આ જ (કહ્યું છે). ટોડરમલજી ઘરની વાત કરતા નથી. પહેલાના પંડિતો એ તો શાસ્ત્રમાં હોય તેને મેળવીને રહસ્ય ખોલે છે. સમજાણું કાંઈ? પહેલા અધ્યાયમાં એ નાખ્યું છે એમણે. કેવા હોય સાધુ, આચાર્ય, ઉપાધ્યાય? આ જ શબ્દ નાખ્યા છે ત્યાં. પરમ શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત. કહો, સમજાણું કાંઈ? એકલા લૂગડા રાખે અને કહે કે અમે સાધુ છીએ, એ તો ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :— આકરી ક્રિયા પાળે છે.

ઉત્તર :— ક્રિયા પાળે એ જડની છે, રાગની. એ સાધુ નહિ. સાધુ તો એને કહીએ કે જેને અખંડ આનંદસ્વરૂપ પરમાત્મા અંદર અનુભવમાં આવ્યો છે અને શુભ-અશુભ પરિણામ રહિત જેને શુદ્ધ ઉપયોગનું આચરણ પ્રગટે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, પંચપરમેષ્ઠીની ઓળખાણ પણ આપે છે ભેગી. આવા હોય એને વંદન કરું છું એમ કહે છે. હું આવો છું અને વંદન કરવા યોગ્ય આવા હોય. સમજાણું કાંઈ? આ તો બહારનો ભેખ દેખે તો જય ભગવાન! શેઠ કંઈ ફરક કરી શકે નહિ. આપણા કરતા તો સારા છે. ઈ સારા જ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ અનંત ગુણનો પિંડ આત્મા, એને અંદર અવલંબીને જેને શુદ્ધ આત્માનો ઉપયોગ—વેપાર (પ્રગટ થયો છે). આ ઉપયોગ શબ્દે શુદ્ધ આચરણનો વેપાર. આચરણ શબ્દ વાપર્યો છે ને. જાણવું-દેખવું એ ઉપયોગ જુદી વસ્તુ છે અને આ તો ઉપયોગ એટલે આચરણ. તેથી લીધું છે, જ્ઞાનાચાર્ય, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. એવું જેને શુદ્ધ ઉપયોગરૂપી આચરણ પ્રાપ્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહાર ઉપયોગ છે ને. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન એ તો જાણવા-દેખવારૂપ. આ ઉપયોગ આચરણ પૂરતાની વાત છે, ચારિત્રની વાત છે. તેથી કહે છે, જે આવા જ્ઞાનના સ્વરૂપમાં રમી રહ્યા છે, દર્શનમાં રમી રહ્યા છે, આનંદમાં રમી રહ્યા છે, વીર્યનું ફોરવું એટલું અંદરમાં સાધન કરી રહ્યા છે. એવાને કારણે-આવાને કારણે '**જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકા...**' દેખો! પર્યાય. ભૂમિ એટલે દશા. જેણે પરમ શુદ્ધ ઉપયોગદશાને પ્રાપ્ત કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવની જ વાત કરી છે. પણ આવા હોય એને શરીર નગ્ન જ હોય. એને વિકલ્પ ઉઠે તો અઠ્યાવીસ મૂળગુણ ને એક વાર આહાર એ વિકલ્પ હોય. પણ એ વિકલ્પ છે ઈ કંઈ સાધુપણું નથી, એ કંઈ ગુણ નથી અને વંદનીક એ ચીજ નથી. વંદનીક તો શુદ્ધ ઉપયોગની પ્રાપ્ત દશા તે વંદનીક છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાછી '**શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે...**' એટલે? કર્મ-બર્મ ખસ્યું છે ને પ્રાપ્ત કરી છે એવી વાતેય લીધી નથી જુઓ. આહા..!

મુમુક્ષુ :— ધોઈ નાખ્યા છે.

ઉત્તર :— અહીં તો હજી આચાર્ય, ઉપાધ્યાયની વાત ચાલે છે ને. તીર્થંકરે ધોઈ નાખ્યા.

પણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુએ પણ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે. કર્મ તો એની મેળાએ ખસી જાય. કર્મ ખસ્યા માટે શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત કર્યો છે એમ નથી. તેથી તો લીધું '**જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર સહિત હોવાથી...**' કર્મનો અભાવ હોવાથી અને કર્મનો ક્ષયોપશમ હોવાથી એમ નહિ. ભાઈ! એમ નહિ. આહા..હા..! જુઓને, એક શૈલી તો જુઓ શૈલી. ઓહો..હો..! કુંદકુંદાચાર્ય, સર્વજ્ઞ પછી સર્વજ્ઞના કેડાયત-કેડે કેડે ચાલનારા, એ પંથે ચાલનારા કહે છે કે આવા સાધુ, આવા આચાર્ય, ઉપાધ્યાય હોય એ શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત હોય.

'**એવા શ્રમણોને...**' પાઠમાં શ્રમણ છે ખરું ને. '**કે જેઓ આચાર્યત્વ, ઉપાધ્યાયત્વ અને સાધુત્વરૂપ વિશેષોથી વિશિષ્ટ (—ભેદવાળા) છે...**' આ પ્રકારે ભલે સાધુ છે પણ આ ત્રણ પ્રકારના ભેદવાળા છે. '**તેમને—પ્રણમું છું.**' લ્યો. ભગવાન મહાવીરને પહેલા નમન કરું છું અને પછી આ ત્રણ પરમેષ્ઠીને સાધુને નમન કરું છું. '**ત્યારપછી...**' એ પણ છે ને '**તદનુ**' '**તદનુ**'. આહા..હા..! ભારે વાત પણ ભાઈ. પંચપરમેષ્ઠીને પંચ ગાથામાં એવા પરમેષ્ઠીને યાદ કર્યા છે. આહા..! પ્રભુ! આવી દશા પ્રાપ્ત છે તમને એ મારા જ્ઞાનમાં છે હોં! મારા ખ્યાલમાં છે તેથી હું તમને નમન કરું છું. આહા..હા..! પોતે આચાર્ય છે ને. અઢી દ્વીપમાં તો આચાર્ય પછી કોઈ દીક્ષા લીધેલા હોય. ઉપાધ્યાય અને સાધુ એની દીક્ષા પછી કોઈએ દીક્ષા લીધી હોય પણ હું તો બધાને ભાવથી નમસ્કાર કરું છું.

મુમુક્ષુ :— પોતાને વંદન..

ઉત્તર :— એ તો પોતે નમન કરે છે. પોતે સ્વસંવેદન (સ્વરૂપ) આવો છું. સમજાણું કાંઈ? આહા..હા..! વંદન કરવાનો વિકલ્પ ઉઠ્યો છે ને? સાંભળને, એને ગૌણ કરી નાખ્યો છે અહીં. શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત છે એ જ અમે છીએ. શુદ્ધ રમણતા પરમાનંદની મૂર્તિ અતીન્દ્રિય આનંદના રસનો અંતર પૂર્ણ વેપાર એવા શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત તેને સાધુ, આચાર્ય અને ઉપાધ્યાય કહેવામાં આવે છે. એ સિવાયની બીજી સ્થિતિ આચાર્ય, ઉપાધ્યાય, સાધુને હોઈ શકે નહિ. ઓહો...! પંચપરમેષ્ઠીની ઓળખાણ. સમજાણું કાંઈ? આ તો ગડિયો હાંકે જાય, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં. કોઈને ખબર ન મળે કાંઈ. શું અરિહંત કોને કહેવા સિદ્ધ...

'**ત્યારપછી આ જ પંચપરમેષ્ઠીને,...**' એ જ પંચપરમેષ્ઠીને પાછા. અને '**તે તે વ્યક્તિમાં (—પર્યાયમાં) વ્યાપનારા બધાયને,...**' આવા પંચપરમેષ્ઠીને અને તે તે વ્યક્તિ એટલે દશામાં વ્યાપનારા બધાયને. '**હાલમાં આ ક્ષેત્રે ઉત્પન્ન તીર્થંકરોનો અભાવ હોવાથી...**' જુઓ! ઓહો..હો..! '**હાલમાં આ ક્ષેત્રે ઉત્પન્ન તીર્થંકરોનો અભાવ...**' છે અત્યારે. મહાવીર આદિ તીર્થંકરો અત્યારે છે નહિ. '**અને મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરોનો સદ્ભાવ હોવાથી...**' આહા..હા..! મહાવિદેહક્ષેત્ર છે, ભરતક્ષેત્રથી આઘે. આ ભરતક્ષેત્ર છે. મહાવિદેહક્ષેત્ર બહુ દૂર

(છે). **'મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરોનો સદ્ભાવ...'** વીસ તીર્થંકરો બિરાજે છે અત્યારે. આહા..હા..! કેવળજ્ઞાની, કેવળદર્શી, પૂર્ણ આનંદ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જોવે એવા વીસ તીર્થંકરો મહાવિદેહક્ષેત્રમાં અત્યારે વર્તમાન બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન તીર્થંકરોનો વર્તમાન કાળમાં ભરતક્ષેત્રમાં વિરહ છે, અભાવ છે. મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા ત્રિલોકનાથ સીમંધરપ્રભુ આદિ તીર્થંકરોની હયાતી હોવાથી. વર્તમાન તીર્થંકરો બિરાજે છે ત્યાં. આહા..હા..! ઓલા કહે છે ને, મહાવિદેહ ક્યાં હશે? ભગવાન ક્યાં હશે? સાંભળ ને હવે. ભાન ન મળે લોકોને. મહાવિદેહક્ષેત્ર દૂર છે ભરતથી આઘે જંબુદ્વીપમાં અંદર. ત્યાં વર્તમાનમાં એવા એવા મહાવિદેહક્ષેત્ર અઢી દ્વીપમાં પાંચ છે. એક એકમાં ચાર તીર્થંકર બિરાજે છે. એવા વીસ તીર્થંકરો વિદ્યમાન વર્તમાન બિરાજે છે. સમજાણું કાંઈ? ત્રણ કાળ ત્રણ લોકનું જેને જ્ઞાન છે. અનાહારી પરમાત્મા દિવ્યધ્વનિ જેને છૂટે છે, ઈન્દ્રો જેના સમીપે સાંભળવા જાય છે અત્યારે મહાવિદેહક્ષેત્રમાં. સમજાણું કાંઈ?

**'મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરોનો સદ્ભાવ હોવાથી...'** એક સાધુ કહે, અરિહંત થઈ ગયા હશે, અત્યારે તો કોઈ અરિહંત નથી. અરે.. મૂર્ખ! સાંભળ ને. તને વર્તમાન અહીં નથી એટલે બીજે નથી? સમજાણું કાંઈ? તીર્થંકરપણાનો **'મહાવિદેહક્ષેત્રમાં સદ્ભાવ હોવાથી મનુષ્યક્ષેત્રમાં પ્રવર્તતા તીર્થનાયકો સહિત...'** લ્યો, એવા મનુષ્યક્ષેત્રમાં પ્રવર્તતા અઢી દ્વીપમાં. **'મનુષ્યક્ષેત્રમાં પ્રવર્તતા તીર્થનાયકો...'** એ તીર્થના નાયક છે. સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા તરનારાના એ નાયક છે ભગવાન. એ **'વર્તમાનકાળગોચર કરીને...'** આહા..હા..! જુઓ! ઓલા લીધા ને, પંચપરમેષ્ઠીને અને તે તે પર્યાયમાં વ્યાપનારા બધાયને અને આ તીર્થંકરને બધા જાણે મારે (માટે) તો વર્તમાન છે એમ હું એને નમન કરું છું. આહા..હા..!

'(**—મહાવિદેહક્ષેત્રમાં વર્તતા શ્રી સીમંધરાદિ તીર્થંકરોની જેમ જાણે બધાય પંચપરમેષ્ઠી ભગવંતો વર્તમાનકાળમાં જ વર્તતા હોય એમ અત્યંત ભક્તિને લીધે ભાવીને-ચિંતવીને, તેમને**)...' જાણે વર્તમાન બધા સિદ્ધો, તીર્થંકરો, કેવળીઓ, સાધુઓ, આચાર્ય, ઉપાધ્યાય વર્તમાન હોય એમ હું નમન કરું છું. મારી વર્તમાન દશાથી વર્તમાન આવા હોય એને નમન કરું છું. આહા..હા..! **'યુગપદ્ યુગપદ્...'** એક સાથે બધાને અને પ્રત્યેક પ્રત્યેકને. ભગવાન પણ અનંત સિદ્ધ છે, અનંત તીર્થંકરો થઈ ગયા, અનંતા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ થઈ ગયા અને એક એકની સંખ્યાનો પાર ન મળે અને વ્યક્તિને એક એકને ક્યાં જુદા પાડો છો? એક એકને જુદા નમન ક્યાં કરો છો? એ અનંત તીર્થંકરો અને અનંતા સિદ્ધો અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુને સમુદાયપણે પણ નમું છું સામાન્યપણે (અને) વિશેષપણે વ્યક્તિગત એક એકને પરમાત્માને હું નમું છું. સમજાણું કાંઈ? એવો મારો અનંત તીર્થંકરો અને અનંત સિદ્ધોને નમસ્કાર વર્તમાન થયો. આહા..હા..! પ્રવચનસાર છે કે નહિ ઘરે? પડ્યું હશે. પડ્યું તો હશે જૂનું. ક્યાં દરકાર છે કાંઈ? એમ કહે છે. ચોપડા ફેરવવાની નવરાશ છે.

આ ભગવાન કોણ થઈ ગયા, ભગવાન કેવા એની ખબર ન મળે, પછી જ્યાં ત્યાં ભટક્યા કરે, કોઈ બ્રાહ્મણને ત્યાં ને કોઈ ફલાણાને ત્યાં ને કોઈ ઢીકણાને ત્યાં. ક્યાં ગયો હસમુખ? ઠીક. હસમુખ ઉઘાડુ કરે એવો છે હોં તમારું બધાનું. હિતની (વાત) છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહો. આમાં ઓલા ક્યાં ગયા હૈદરશાહ? મનહર! ઓલો બ્રાહ્મણ છે ને આવી વાત કરે છે ને, ભાગવત વર્ણવે છે ને ઢીકણું વર્ણવે છે. અરે..! બધા મિથ્યાદષ્ટિ છે, સાંભળને હવે. સમજાણું કાંઈ? આવા સ્વરૂપના જાણનારા અને ઓળખનારા અમે તે આવા જીવોને નમસ્કાર કરીએ છીએ. એમ કહે છે. એ સિવાય અમે બીજાને નમતા નથી. આહા..હા..!

**‘યુગપદ્ યુગપદ્ અર્થાત્ સમુદાયરૂપે અને પ્રત્યેક પ્રત્યેકને અર્થાત્ વ્યક્તિગતરૂપે સંભાવું છું...’** એ સન્માન આપું છું. ‘સંભાવના કરવી; સન્માન કરવું;’ બધાનું સન્માન કરું છું. ભગવાન પરમાત્મા સિદ્ધો, અનંત આચાર્ય, ઉપાધ્યાયો વ્યક્તિગત બધાને હું નમન કરું છું. આહા..હા..! એવો ભક્તિનો ઉલ્લાસિત ભાવ કુંદકુંદાચાર્યને પંચપરમેષ્ઠી પ્રત્યે આવ્યો છે. એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી એ સિદ્ધ કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૫.૯.૧૯૬૮, ગાથા-૧ થી ૫, પ્રવચન-૩

કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં દિગંબર મુનિ થયા. જે ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે એની પાસે ગયા હતા. ત્યાં આઠ દિ’ રહ્યા હતા અને ત્યાંથી આવીને આ સમયસાર, પ્રવચનસાર આદિ બનાવ્યા. પ્રવચનસાર બનાવતા પહેલા પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે. પંચપરમેષ્ઠી જે અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન (આદિ). હું વંદન કરનાર કેવો છું એ પહેલું કહ્યું કે મને ખબર છે કે હું વંદન કરનાર કોણ છું. હું સ્વસંવેદ્ય-મારા જ્ઞાનથી મને પ્રત્યક્ષ થાઉં એવો એ પ્રત્યક્ષ છું એવો હું છું. સમજાણું કાંઈ? પોપટભાઈ! એનું નામ આત્મા જાણ્યો કહેવાય, એને ધર્મ થયો કહેવાય. હું, હું કેવો છું આત્મા? મારા જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થઈ શકું છું એવો સ્વસંવેદન (પ્રત્યક્ષ) છું. ત્યારે છે કેવું મારું સ્વરૂપ? મારું સ્વરૂપ જે આત્મા છે એ દર્શનજ્ઞાનસ્વરૂપ છે, દર્શનજ્ઞાનસ્વરૂપ છે. એ હું પરમાત્મા પંચપરમેષ્ઠી આદિને નમસ્કાર કરું છું. સમજાય છે કાંઈ? અહીંયા સુધી આવ્યું છે આપણે.

વર્તમાનમાં તીર્થંકરનો ભરતક્ષેત્રમાં અભાવ છે. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન તીર્થંકર પરમાત્મા

બિરાજે છે. એથી કહે છે કે મહાવિદેહમાં બિરાજતા... પંચ મહાવિદેહક્ષેત્ર છે. એમાં પ્રત્યેકમાં બિરાજતા તીર્થંકરો વર્તમાનમાં અને ભૂતકાળના તીર્થંકરો થયા અને અનંત સિદ્ધો, હું બધાને સમુદાય તરીકે એકસાથે પણ વંદન કરું છું અને એક એક પ્રત્યેકને પણ હું વંદન ને પ્રણમન કરું છું. વંદે શબ્દ તો પડ્યો છે પાઠમાં. પહેલો પ્રણમન શબ્દ પડ્યો છે, પછી વંદે શબ્દ પડ્યો છે. બે થઈને પછી ... છે. બે થઈને પાઠમાં બેય શબ્દ છે. સમજાણું કાંઈ?

કહે છે કે હું પ્રત્યેક અનંત તીર્થંકરો થયા, અનંતા સિદ્ધો થયા, વર્તમાન ભગવાન બિરાજે છે. બધાને મારી નજર સમક્ષ સમુદાયપણે એને વંદન કરું છું અને નમસ્કાર (કરું છું) અને બધાને હું એક-એક પ્રત્યેક-પ્રત્યેકને પ્રણમન અને વંદન એવો નમસ્કાર કરું છું. સન્માનુ છું એમ કહે છે ને પાઠ. ત્યાં સુધી આવ્યું છે ને આપણે. હું સન્માન આપું છું. સમજાણું કાંઈ? હું આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છું, મને ભાન છે કે હું આત્મા આવો છું. એવો ધર્મી એ જ્યારે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે ત્યારે એને શુભ વિકલ્પ હોય છે. સમજાય છે કાંઈ? એ વિકલ્પ વ્યવહારનમસ્કાર કહેવામાં આવે છે. પણ અહીંયા એને એક ન્યાયે હું સંભાવું છું એમ કહે છે. જુઓ! કઈ રીતે?

'**મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન જે પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ...**' પોતે સમ્યગ્દૃષ્ટિ અને અનુભવદૃષ્ટિ અને જ્ઞાની તો છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પુણ્ય-પાપના વિકલ્પ રહિત છે, શરીર, કર્મ રહિત છે અને દર્શન-જ્ઞાન સહિત છે. દર્શન એટલે દૃષ્ટા સ્વભાવ ત્રિકાળ અને જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એવા સહિત છું. અને પુણ્ય-પાપના વિકલ્પ, શરીર, કર્મની અસ્તિ છે જગતમાં, પણ હું એનાથી રહિત છું. એવું આત્મજ્ઞાન અને આત્મદર્શનની ભૂમિકા સહિત હું બધા પરમેશ્વરોને વંદન અને પ્રણમન કરીને '**મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન...**' હું હવે ચારિત્ર અંગીકાર કરું છું એમ કહે છે. સમજાય છે કાંઈ? ચારિત્ર અંગીકાર કરવું એટલે શુદ્ધ ઉપયોગ વીતરાગદશા. આત્માનું ભાન અને સમ્યગ્જ્ઞાન હોવા છતાં જ્યારે વીતરાગપણું-સામ્યપણું શુદ્ધ ઉપયોગપણું સમતાના રસનું ભાવપણું પ્રગટ થાય એને ચારિત્ર અને એને દીક્ષા અને એને મોક્ષલક્ષ્મીને વરવા માટેનો સ્વયંવર મંડપ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— શુદ્ધ ઉપયોગને?

ઉત્તર :— શુદ્ધ ઉપયોગને. સમજાણું કાંઈ? પહેલામાં સ્વયંવર મંડાતા ને જ્યારે સ્વયંવર. સીતા આદિ... એ પોતે પસંદ કરે તેને માળા નાખે. એને સ્વયંવર—પોતાને પસંદ પડે તે વર. એમ અહીંયા મને પસંદ પડેલી મોક્ષની લક્ષ્મી. પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય એવી મોક્ષની-આત્માની પૂર્ણ શુદ્ધ દશા એ મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન. એનો સ્વયંવર મેં માંડ્યો છે કહે છે. એમાં બધા ભગવાનોને પધરાવું છું. પ્રભુ! પધારો આપને હું નમસ્કાર કરું છું. અમરચંદભાઈ! માણસને એવા હોય છે ને? સાધારણ માણસ હોય તો એક ગૃહસ્થને સાથે લઈ જાય. લગ્ન હોય ને, લગ્નમાં સાધારણ માણસ હોય તો શેઠ જેવાને

સાથે લઈ જાય, એવાને શરમાવવા માટે. સાથે લઈ જાય અને એમાં ઓલો દીકરી ન આપતો હોય અને ટાઈમ આઠ, સાડા આઠ થઈ ગયો અને ટાઈમ આઠે આપવાનો હોય અને અંદર ગડબડ કરતો હોય. વાર કેમ લાગી? આઠનો ટાઈમ છે. એનો હોય છે ને ટાઈમ? આઠનો ટાઈમ છે અને આ પા કલાક કેમ જાય છે? સમય વર્તે સાવધાન, એમ નથી કહેતા? કહે છે કે નહિ તમારે એમ? બધું સાંભળેલું છે. આપણે એક ફેરી ફાવાભાઈના લગ્ન જોયા છે, બાકી આપણે જોયું નથી. સમય વર્તે સાવધાન. એટલે જે સમય છે તે વખતે સાવધાન થાવ. એ.. ન્યાલભાઈ! આ તો બધા કરનારા છે મોઢા આગળ. એ સમય વીત્યો કેમ? શેઠ બેઠા છે ભગવાનદાસ. વાર કેમ લાગે છે?

મુમુક્ષુ :— પછી બોલે, .. વખતે સાવધાન.

ઉત્તર :— ઈ તો હવે... પછી અંદર વાર લાગે ને, ઉઠીને જાવું પડે. શોભાલાલજી! બીજાની સાથે જાનમાં જાય તો મફતમાં ન ઓલો.. વાર લાગે (તો પૂછે), શું છે? કેમ વાર લાગે છે? પચ્ચીસ હજાર માંગે છે. પણ ઓલો વર સાધારણ છે અને પચ્ચીસ હજાર (લાવે ક્યાંથી)? કન્યા નહિ વરે. હેં! પોતાનો હાર આપે. હું સાથે છું, એની કન્યા ટાઈમસર ફરે નહિ.

એમ કહે છે, હે નાથ! મારી દીક્ષાનો ચારિત્રનો મહોત્સવ મારા આત્માના ભાન સહિત હું પોતે મોક્ષને વરવા માટે ચારિત્ર અંગીકાર કરું છું. એ તમે અનંતા તીર્થંકરોને સાક્ષીએ સાથે રાખ્યા છે. ચારિત્રની મોક્ષલક્ષ્મી ફરે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! તો એક ભક્તિનો આહ્લાદ! અનંતા તીર્થંકરો થઈ ગયા, અનંતા સિદ્ધો થઈ ગયા, અનંતા આચાર્ય, ઉપાધ્યાય, (સાધુ) થયા અને વર્તમાન ભગવાન બિરાજે છે. હું તો બધાને વર્તમાન તરીકે મારા સ્વયંવર મંડપમાં યાદ કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષરૂપી લક્ષ્મી. જુઓ, આ ધૂળની લક્ષ્મી લોકો માંગે છે એમાં કાંઈ નથી, દુઃખના દાળિયા છે. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :— એમને ક્યાં ચિંતા છે?

ઉત્તર :— ઈ નહિ, આ બધા ઘણાય આવે છે ને. કંઈક પૈસા મળે, આ મળે. કહે છે, ધૂળેય નથી હવે એમાં, સાંભળને. મરી ગયો હેરાન થઈને અનંત કાળ. પાંચ-દસ કરોડ, પચ્ચીસ કરોડ, અબજો કરોડ અનંત વાર મળ્યા. એમાં તારે શું? દુઃખ મળ્યું તને. આ મોક્ષરૂપી લક્ષ્મી એના સ્વયંવર સમાન. '**સ્વયંવર સમાન જે પરમ નિર્ગ્રંથતાની દીક્ષા...**' ભાષા જુઓ. પરમ નિર્ગ્રંથપણું વીતરાગપણું. સાધુપણું કેવું છે? બાપુ! લોકોએ સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? પરમ નિર્ગ્રંથદશા વીતરાગીદશા આનંદની પૂર્ણ દશા પ્રાપ્ત કરવા માટે વીતરાગી ચારિત્ર કારણ છે. એવી દીક્ષા એને મુનિપણું કહે છે. અંતરના આત્માના અનુભવના ભાન સહિત, સ્વસંવેદન આત્માના આનંદના ભાન સહિત. જ્યારે દીક્ષિત થાય છે ત્યારે નિર્ગ્રંથપણાને હું

અંગીકાર કરું છું.

કેવું નિર્ગ્રંથપણું છે? '**મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન જે પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ...**' મારે તો આનંદમય પ્રસંગ છે. આહા..હા..! લગ્નમાં નથી લખતા? તમારે આવ્યે મંડપની શોભા વધશે. બધું ઘણું લખે ઊંધામાં. સમજાણું કાંઈ? જમાઈ પૈસાવાળો હોય અને ન આવતો હોય તો એમ લખે કે, બેન! તમે આવજો અને લેતા આવજો ઘરેથી પણ. સમજ્યાને? આમ છે ને, તેમ છે, મંડપની શોભા વધશે. લગ્ન હોય ને. લાકડા બાંધીને કરે છે ને આ. મીંઢોળ અને ઓલું લાકડું નાખે છે ને? માણેકસ્થંભ. લાકડા છે બધા. માણેક ક્યાં હતા ન્યાં? એમ અહીં બહારની શોભા માટે કહે છે, હે નાથ! મારા સ્વયંવર દીક્ષિતને મંડપની શોભા માટે પ્રભુ આપ પધારો અને હું આપને સંગમાં રાખું છું. આહા..હા..!

શાસ્ત્રમાં ભાઈ આવે છે. આ દ્રૌપદીના સ્વયંવરનું આવે છે ને? એના પિતાશ્રીએ બધાને બોલાવ્યા. બધાને બોલાવ્યા, એકે એકને. તો વાસુદેવ આવ્યા, શ્રીકૃષ્ણ આવ્યા સ્વયંવર માટે. બધા રાજાઓ આવ્યા, મોટા મોટા રાજકુમારો ને મોટા શ્રીકૃષ્ણ પણ આવ્યા. ઓલાને ... આમ તો એને બેન તરીકે છે. કારણ કે... આમ બધા આવ્યા. એટલે પોતે બધાને સત્કાર કરવા સામા જાય છે પહેલા હાથીના હોદે. દ્રુપદ રાજા. પહેલા શ્રીકૃષ્ણને સન્માન આપે છે. સમુચ્ચય, પછી પ્રત્યેકને. ઘણા હજારો રાજા આવે છે. પછી કોઈ કોઈને પ્રત્યેક પ્રત્યેકને બધાને હું સન્માન આપું છું એમ કરીને બોલે છે. બધાને ક્યાં પોગે? વખત હોય પા કલાકમાં. બધાને હું સન્માન આપું છું, વડેરાઓને મુખ્ય કરીને બધાને હું સન્માન આપું છું. એમ કરીને પધારો પધારો. અમારા સ્વયંવરમાં. સ્વયંવર થતો પહેલા. રાજાની દીકરી મોટી હોય.

અહીં કહે છે, મારો સ્વયંવર નિર્ગ્રંથદશાનો છે. આહા..હા..! જેનાથી મોક્ષની લક્ષ્મી મને પ્રાપ્ત થાય. શાંતિભાઈ! જુઓ આ કરવું પડશે હોં! જેને સુખી થવું હોય તો. આ બધા રસ્તા દુઃખના દાળિયા જગતના છે. ભગવાન આત્મા અંતરનું પહેલું સમ્યગ્દર્શન એણે પ્રગટ કરવું પડશે. એ વિના એ સુખનો પંથ નથી, દુઃખના પંથનો નાશ એ વિના નહિ થાય. એ તો પહેલું કહ્યું છે કે હું સમ્યગ્દૃષ્ટિ છું. મારા શુદ્ધ ભગવાન આત્માના આનંદના સ્વાદ મેં લીધા છે અને હું અતીન્દ્રિય આનંદમય, પૂર્ણ જ્ઞાનમય છું. હવે હું.. હજી મારી પર્યાયમાં ચારિત્રદશા નથી... એ રીતે વાત કરી છે ને. પોતે ચારિત્રમાં છે પણ વ્યક્તિગત દીક્ષિત થાય એને આવી દશા હોય એમ પોતે સાથે લઈને વાત કરે છે. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય ચારિત્રવંત તો છે, વીતરાગ નિર્ગ્રંથદશા જેની નગ્ન દશા બહારમાં, અંતરમાં વીતરાગતા પ્રગટ થઈ છે. એવા આચાર્ય કહે છે, મારી નિર્ગ્રંથપણાની દીક્ષાનો ઉત્સવ '**તેને ઉચિત...**' તેને યોગ્ય '**મંગળાચરણભૂત જે કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ...**' એને યોગ્ય મારે જે મંગળાચરણ કરવું જોઈએ અથવા પંચપરમેષ્ઠીને સન્માન દેવું જોઈએ એ '**કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ વંદનોચ્ચાર...**' ભાષા જુઓ. વંદન ઉચ્ચાર શબ્દ વાપર્યો. મૂળ પાઠમાં વંદન શબ્દ છે એનું

અહીં વંદન ઉચ્ચાર શબ્દ કર્યો એમ કહું છું. ઉચ્ચાર શબ્દ નાખ્યો. વાણી લેવી છે ને. પ્રણમનમાં તો નમન લેવું છે અને અહીં વંદન એટલે બેયને કાઢીને ટીકામાં... પ્રણમન પહેલું કર્યું. વંદન ઉચ્ચાર. વંદન ઉચ્ચાર.. આમ ઉચ્ચાર કરતાં, સ્તુતિ કરતાં કરતાં. શરીરથી નમે છે, વંદન પ્રણમે છે અને વંદન ઉચ્ચાર સ્તુતિ કરે છે. વંદનોચ્ચારનો અર્થ અહીં સ્તુતિ કરે છે.

'**(કૃતિકર્મશાસ્ત્રે ઉપદેશેલા સ્તુતિવચન)**...' દેખો! 'તે વડે...' અનંત તીર્થંકરોની હયાતી વર્તમાન હોય, સર્વજ્ઞ પરમેશ્વર સિદ્ધો થયા એ મને વર્તમાન હયાતીમાં છે એમ આશ્રય કરીને, લક્ષ કરીને વંદન કરું છું. એને સન્માન આપું છું. કહો, છે ઈ શુભ વિકલ્પ. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા તો ચિદાનંદ શાંત વીતરાગમૂર્તિ આત્મા છે એવું ભાન થયાં છતાં હજી પૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિની ચારિત્રદશા નથી. એ ચારિત્રદશા પ્રગટ કરવા વંદન કરે છે તે વિકલ્પ છે, રાગ છે. એ રાગ છે એ પુણ્યબંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાં ગયા? મણિભાઈ! લ્યો, આ પંચપરમેષ્ઠીને વંદન કરે એ વિકલ્પ અને રાગ પુણ્ય છે. એમ કે, અમારે શું કરવું છેલ્લે રટણ? છેલ્લે રટણ કરવું શું? જ્ઞાન અને આનંદ છું ઈ. ભગવાન ભગવાનનું રટણ ઈ શુભરાગ અને પુણ્ય છે, ધર્મ નહિ. કહો સમજાણું કાંઈ? પણ આવા ભાન સહિતને આવો વિકલ્પ હોય એને પુણ્યબંધનું કારણ થાય. જેને ભાન જ નથી (કે) હું જ્ઞાતાદૃષ્ટા ને આનંદ છું, એ વિનાના એકલા વંદન આદિનું એકલું પુણ્યબંધન થાય. સાથે ધર્મ માને તો મિથ્યાત્વનું પાપ સાથે લાગે. શાંતિભાઈ! આહા..હા..! એને યોગ્ય એમ કીધું, ભાષા છે ને? સંસ્કૃત એમ છે ને? '**मोक्षलक्ष्मीस्वयंवरायमाणपरनैर्ग्रन्थ्यदीक्षाक्षणोचित**' બરાબર છે. એને યોગ્ય. પ્રણમન કરું છું દેહથી અને સ્તુતિ વંદન ઉચ્ચાર કરું છું. કહો સમજાણું?

'હવે એ રીતે...' અંતર વીતરાગતા પ્રગટ કરે ઈ દીક્ષા હોં! આ અત્યારે જે દીક્ષા-બિક્ષા છે એ દીક્ષા નથી. અત્યારે કહે છે ને, આ દીક્ષા થઈ ને બાઈએ દીક્ષા (લીધી). દીક્ષા નથી, દખ્યા છે એ તો બધી. સમજાણું કાંઈ? આત્માના અંતર ભાન અનુભવ સહિત તે પુરુષ હોય, સ્ત્રીને દીક્ષિતપણું હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ચારિત્રદશા સ્ત્રીને હોય નહિ, સ્ત્રીનો દેહ એને હોઈ શકે નહિ. પુરુષનો દેહ હોય નિમિત્તપણે અને અંતરના ભાન જેને સ્વરૂપ(ના થયા છે કે), રાગના વિકલ્પનો હું કર્તા નથી, દેહની ક્રિયાનો કર્તા નથી, નગ્નપણાની દશાનો કર્તા હું નથી. પોપટભાઈ! આહા..હા..! મુનિ થાય એને નગ્નદશા હોય, ભાઈ! લોકોને ક્યાં ખબર છે એક્કે. મુનિ કોને કહેવા અને સમ્યગ્દર્શન કોને કહેવું. આંધળેઆંધળી વાતું બધી. સમજાણું કાંઈ?

કહે છે, આ રીતે હું બધા પરમેશ્વરોને મારા લક્ષમાં લઈને વંદન ઉચ્ચાર અને પ્રણમન કરું છું. '**એ રીતે અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુને,...**' પાઠમાં છે ને પાછળ. એમાં શ્રમણ શબ્દ હતો એમાં ત્રણ નાખ્યા હતા. પછી મૂળ પાઠમાં શબ્દ છે ને, એનો અર્થ થાય છે. અર્હંત ભગવાન જે કેવળજ્ઞાની પરમાત્મા જેને એક સમયમાં

ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે એવા, સિદ્ધ પરમાત્મા શરીર રહિત થઈને પરમાત્મા સિદ્ધ થયા, આચાર્ય જેને અંતર શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ થઈ છે. વિકલ્પ પંચ મહાવ્રતનો વિકલ્પ એ કંઈ સાધુપણુ નથી. અંતર શુદ્ધ આત્માના આનંદના આચરણનો શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત એ આચાર્ય. ઉપાધ્યાય એ પણ અંતરમાં શુદ્ધ ઉપયોગ જેને પ્રાપ્ત થાય તે ઉપાધ્યાય છે, સાધુ એ પણ જેને અંતરમાં અતીન્દ્રિય આનંદનો શુદ્ધ ઉપયોગ પ્રગટ થયો છે એને સાધુ કહેવામાં આવે છે. આહા..હા..!

'**સર્વ સાધુને, પ્રણામ અને વંદનોચ્ચાર વડે...**' લ્યો મેળવ્યું હવે ભેગું. પ્રણામ એટલે દેહથી નમું, વાણીથી ઉચ્ચાર કરું આદિ. ઉચ્ચાર આદિ સ્વતંત્ર ક્રિયા છે હોં! દેહનું નમવું એ સ્વતંત્ર છે પણ અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વર્ણવીને વાત કરે છે. વંદન કરવાનો વિકલ્પ છે એટલે દેહ ત્યાં નમે છે, (પણ) એ ક્રિયાનો કર્તા આત્મા નથી. સમજાય છે કાંઈ? પણ વંદનનો વિકલ્પ આવે છે અને દેહ નમે છે એટલે નિમિત્તથી કહ્યું છે કે દેહ નમાવીને વંદન કરે છે અને બોલે છે એ વાણીનો આત્મા કર્તા નથી. અરે..! ભારે વાતું ભાઈ. પણ જ્યારે સ્તુતિનો શુભ વિકલ્પ આવ્યો છે ત્યારે વાણી નીકળે છે એટલે સ્તુતિ વડે એમ નિમિત્તથી કથન કરવામાં આવે છે. ભારે વાતું. સમજાણું કાંઈ? વાણીનો કર્તા આત્મા નથી જ્ઞાની, અજ્ઞાની પણ નથી. પણ અજ્ઞાની માને છે.

સવારે આવ્યું હતું કે નહિ? બધા ધર્મીના ભાવ વાણીમાં આવ્યા છે કે નહિ? કે વાણી અદ્ધરથી જ નીકળતી હશે? એ.. મણિભાઈ! ધર્મીનો ભાવ તો આત્મામાં રહ્યો. વાણી તો જડ છે, ન્યાં ભાવ ક્યાંથી આવ્યો આત્માનો? આ વાણી તો જડ છે, પરમાણુ છે, માટી ધૂળ છે. એથી વાણી નીકળે છે એ કંઈ આત્મામાંથી નથી આવતી. શોભાલાલજી! આહા..હા..! અરે..! જગતને તત્ત્વ શું છે એ ખબરું ન મળે. આચાર્ય કહે છે, આ શાસ્ત્ર મેં બનાવ્યું નથી. શબ્દની શક્તિથી બનેલું શાસ્ત્ર છે. શબ્દમાં, એ તાકાત સ્વપરને કહેવાની તાકાત શબ્દમાં છે. ત્યારે ભાઈએ પ્રશ્ન કર્યો હતો કે ફેરફાર હોય ને ભૂલ થાય એટલે એમ નહિ આમ લખે છે. એ ભાવ આવે ત્યારે એવું લખાય કે નહિ? ના, ના. એમ કે આ લખાણું પણ આમ નહિ, આમ કરવું જોઈએ. ... ભાવ પ્રમાણે આમ .. થઈ ગયો છે. આત્માએ વિકલ્પ કર્યો કે આમ ન જોઈએ માટે થયો છે એમ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ. એ.. શેઠ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— દરકાર કરી નથી અત્યાર સુધી. પૈસા મેળવવા માટે પૈસા.. પૈસા.. પૈસા.. પૈસા. કહો, સમજાણું? આહા..હા..!

કહે છે એવા અરિહંતો, સિદ્ધો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ.. સર્વ સાધુ છે ને? પ્રણામ અને વંદન ઉચ્ચાર. એમ વંદન ઉચ્ચાર '**વડે પ્રવર્તતા દ્વૈત દ્વારા,...**' એ દ્વૈત નમસ્કાર થયો. કારણ કે બે થયું ને, પ્રણામ અને વંદન. દેહ નમે અને વંદનોચ્ચાર. '**ભાવ્યભાવકપણાને**

લીધે..' ભાવ્ય છે... એવો વિકલ્પ ઉઠ્યો છે. અનંત તીર્થંકરો સર્વજ્ઞ પરમેશ્વરો જે થયા એ મને આરાધ્ય છે, આરાધ્ય છે, આરાધવા લાયક છે એ ભાવ્યમાં ગયું. ભાવક—હું એનો આરાધક છું. હું એને આરાધું છું. આહા..! જુઓ! ભાન છે અંદર હોં! દર્શન, જ્ઞાન સહિત જ્ઞાતાદૃષ્ટાનું. પણ વિકલ્પ શુભ ઉઠ્યો છે કે એ પરમાત્મા અનંત પરમેશ્વરો મારી ચારિત્રની દશાના સ્વયંવર ઉત્સવમાં પધાર્યા છે, પધાર્યા છે. સમજ્યા ને? હું એને વંદન કરું છું. એટલે વંદનોચ્ચાર અને પ્રણમન કરીને.

'**ભાવ્યભાવક...**' એ મને આરાધવા લાયક અને હું આરાધક. નીચે છે જુઓ. 'ભાવવાયોગ્ય; ચિંતવવાયોગ્ય; ધ્યાન કરવા યોગ્ય અર્થાત્ ધ્યેય.' એ પંચપરમેષ્ઠીઓ ધ્યેય છે અને 'ભાવક=ભાવનાર; ચિંતવનાર; ધ્યાન કરનાર અર્થાત્ ધ્યાતા.' એ ભાવક છે. સમજાય છે કાંઈ? પણ કહે છે એને (લીધે) '**ઊપજેલા અતિ ગાઢ ઈતરેતર મિલનના કારણે...**' એટલે કે વ્યવહારનયથી એમ કહ્યું છે ખરેખર તો. એ મિલન ક્યાં ભેગું થતું હતું? ભગવાન પરમેશ્વરનું જ્ઞાન અહીં જ્ઞાનમાં બતાવવું છે ને. અદ્વૈત કીધું છે ને ભાઈ! અદ્વૈતનય. જ્ઞાન-જ્ઞેયની અદ્વૈતનય. જ્ઞાનમાં બધા પરમેશ્વરો આવા (છે) એવું જ્ઞાન થઈ ગયું છે ને. વિકલ્પ ભલે હો. સમજાણું? એથી જાણે જ્ઞાનમાં એ જ્ઞેયો આવી ગયા અને બેય એક થઈ ગયા. જ્ઞાનની અપેક્ષાએ. વિકલ્પ તો છે ત્યાં. એક થયા નથી, પણ અસદ્ભુત વ્યવહારનયે એક છીએ એમ ગણીને લીન થઈ ગયા એને અહીંયા અદ્વૈત નમસ્કાર કહેવામાં આવ્યો છે. કહો, સમજાણું કાંઈ? અમરચંદભાઈ! જુઓ! આ વ્યવહારની વાત આવે છે. આહા..હા..!

આ પરમેશ્વર અનંતા છે એવો જ્ઞાનમાં ભાસ થયો છે અને સાથે પર છે એટલે વિકલ્પ તો ઉઠ્યો છે શુભભાવ. એ શુભભાવ છે એ ખરેખર તો પુણ્યબંધનું જ કારણ છે. એ ધર્મ સંવર, નિર્જરા નથી. પણ એવો ભાવ ચારિત્રની પ્રાપ્તિ પહેલા આવ્યા વિના રહે નહિ. એ એને ઉચિત કૃતકર્મ (ઉપદિષ્ટ) મંગલ ઉચ્ચારણ કરું છું. દ્વૈત દ્વારા (ઊપજેલા) '**અતિ ગાઢ ઈતરેતર મિલનના...**' હું અને ભગવાન, હું અને પરમેશ્વર બેય જાણે ઈતરેતર એક છીએ. એને '**કારણે સમસ્ત સ્વપરનો વિભાગ વિલીન થઈ જવાથી...**' સ્વપરનો વિભાગ વિલીન એટલે કે આ આમ છે એવો જુદાઈનો વિશેષ ખ્યાલ ન રહ્યો. જુદાઈનો વિશેષ ખ્યાલ ન રહ્યો એટલી વાત છે.

'**જેમાં અદ્વૈત પ્રવર્તે છે...**' જુઓ અદ્વૈત હેઠે. 'પંચ પરમેષ્ઠી પ્રત્યે અત્યંત આરાધ્યભાવને લીધે...' આ તો એવું થયું, (સંવત) ૧૯૮૪માં વાત (આવી) હતી કે જેને એમ કે શુભભાવ થાય તો તીર્થંકરગોત્ર બાંધે અને બહુ જો શુભભાવ થાય તો સંવર, નિર્જરા થાય. રાણપુરમાં, રાણપુરમાં થયું હતું એક ફેરી. ૮૪નું ચોમાસુ હતું. કીધું, આ શું? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય.. એવું આવે છે કાંઈક. આવડે છે? ઉત્કૃષ્ટ ... નિર્જરા થાય. કહો. મેં કીધું, આ શું? ૮૪માં ઓલા બધા... પણ એનો અર્થ શું? ઉત્કૃષ્ટ .. એટલે શું? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ

તો શુભ છે. એમાં ઉત્કૃષ્ટ (શુભ) આવે તો (પણ) પુણ્ય બંધાય. એમાં નિર્જરા ક્યાંથી થતી હતી? એઈ..! સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અભેદ એટલે ઈ છે તો વ્યવહારથી અભેદ. નિશ્ચયથી અભેદ છે નહિ. વ્યવહારનું કથન છે. આ કહે ને, એકાકાર થઈ ગયો, હું એમાં લીન થઈ ગયો. લીન તો ક્યાં થાતો હતો પરમાં? એને અહીંયા ખરેખર તો અસદ્‌ભુત વ્યવહારનયને સિદ્ધ કરવું છે.

દ્વૈત નમસ્કાર તો એ છે કે ભગવાન ભાવ્ય આરાધ્ય છે અને હું આરાધક છું એવો જે વિકલ્પ છે તેને વ્યવહાર ભક્તિ અથવા વ્યવહાર નમસ્કાર કહેવામાં આવે છે. અને સ્વરૂપ પોતાનું જ્ઞાતાદૃષ્ટા છે એવું ભાન છે એમાં એકાકાર થાય છે વીતરાગદશાએ, એને અદ્વૈત નમસ્કાર, નિશ્ચયથી એ અદ્વૈત નમસ્કાર છે. વ્યવહારથી આને જરી અદ્વૈત વ્યવહારથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પોતે આમ વિકલ્પ કરે છે ત્યારે લક્ષ તો ત્યાં જ છે, આડુંઅવળું લક્ષ છે જ નહિ. સમજ્યા ને? એમ જો કહે કે પહેલા આડુંઅવળું લક્ષ હતું, (પછી) ત્યાં એકાકાર થયા. પણ એમ હોય જ નહિ. લક્ષ તો ત્યાં ને ત્યાં છે. પણ વ્યવહારનયથી જાણે નિમિત્ત અને નૈમિત્તિક એક હોય. નિમિત્ત નૈમિત્તિક વ્યવહાર છે, છતાં બેય વ્યવહારથી એક હોય એમ ગણીને અદ્વૈત નમસ્કાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— અદ્વૈતનો અર્થ?

ઉત્તર :— એક, બે થઈ ગયા એક, એમ. થયા નથી, પણ વ્યવહારનયથી બેય એક થયા એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— રંગાય છે.

ઉત્તર :— રંગાય છે તો ઈ રાગમાં છે. એ કાંઈ પરમાં રહે નહિ. સમજાણું કાંઈ? રાગમાં પણ ક્યાં રંગાણો છે ખરેખર? જ્ઞાનથી રંગાણો છે. જ્ઞાનમાં રહીને રાગનું જ્ઞાન કરે છે જ્ઞાની. જ્ઞાની—ધર્મી જે છે એ તો જ્ઞાનમાં રહીને રાગનું જ્ઞાન કરે છે. અને રાગમાં પણ નથી અને પરમાં પણ નથી. પણ અહીંયા વ્યવહાર સિદ્ધ કરવો છે ને કે પંચ પરમેષ્ઠીની એટલી ગાઢ ઉત્કૃષ્ટ ભક્તિ થઈ કે જેને પોતે ભૂલી ગયો કે હું આ છું અને આ આ (છે). એટલે અભેદ વ્યવહારનયે કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઈ તો અંદરની વાત છે ત્યાં. સમજાય છે? આનંદઘનજીમાં આવે છે. ચિદ્ ધાતુ. એ તો ચૈતન્યની વાત છે, ન્યાં નિર્મળની વાત છે.

‘**ઈતરેતર મિલનના કારણે સમસ્ત સ્વપરનો વિભાગ વિલીન થઈ જવાથી જેમાં અદ્વૈત પ્રવર્તે છે એવો નમસ્કાર કરીને,...**’ નમસ્કારનો અર્થ શરીરનું નમવું અને વાણીથી ઉચ્ચાર કરવા સહિતને એકાકારને અહીંયા અદ્વૈત નમસ્કાર કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'તે જ **અર્હંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સર્વસાધુના આશ્રમને...**' શું કહે છે હવે? શું કહે છે જુઓ. કહે છે કે જેમ કોઈ રાજા કે કોઈ બાવા કે મઠધારી હોય તો એ મઠમાં મળે. એનો આશ્રમ હોય ત્યાં મળે ને. એમ પરમેશ્વર ક્યાં મળે? મોક્ષલક્ષ્મી ક્યાં મળે? પરમેશ્વરદશા ક્યાં મળે? અને પંચ પરમેષ્ઠીના ભેટા પણ ક્યાં મળે? સમજાણું કાંઈ? અર્હંત, સિદ્ધ, આચાર્ય, સર્વસાધુનો આશ્રમ-ધામ '**કે જે (આશ્રમ) વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી...**' દેખો! પંચ પરમેષ્ઠીનું ધામ. અહીં વિશુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ એનું પહેલું ધામ, ન્યાં ભગવાન મળે. આહા..હા...! સમજાણું કાંઈ? અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા, એનો નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો અનુભવ અને એ નિર્વિકલ્પ જેવો અનંત ગુણનો પિંડ છે એનું જ્ઞાન, એ પંચ પરમેષ્ઠીને મળવાનું ધામ. ન્યાં પ્રવેશ કરે આ સ્થિતિની ભૂમિકામાં તો એને પરમેશ્વર મળે. એટલે એને ચારિત્રદશા થઈને કેવળજ્ઞાન થાય. જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન જ નથી એને ચારિત્ર હોતું નથી એમ સિદ્ધ કરે છે અહીં. સમજાય છે કાંઈ?

આત્મા સમ્યક્ ચીજ શું છે? નિર્વિકલ્પ આનંદ શું છે? એનો તો અનુભવ નથી અને લઈ લ્યો દીક્ષા, લઈ લ્યો મહાવ્રત. એકડા વિનાના મીંડા છે, રણમાં પોક મૂકવા જેવી વાત છે. સમજાણું કાંઈ? એ.. કાંતિભાઈ! દાંત કાઢે છે. તમને ભાન ન હોય પછી ન્યાં ઓલા દીક્ષા આપે તો ઓહો..હો..! થઈ જાય તમારે. ભારે દીક્ષા. પછી ખર્ચો ૨૦૦-૫૦૦ આપણે દઈએ એટલે દીક્ષાને મદદ કરી કહેવાય. એ.. શાંતિભાઈ! પડે આ બધા મોટા થઈને ન્યાં. દીક્ષા દીક્ષા. આ પણ શું, દીક્ષામાં શેઠને બોલાવે. ક્યાં દીક્ષા હતી? સમ્યક્ આત્મા વિકલ્પ રહિત ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે કહ્યો એવો આત્મા અંતર દૃષ્ટિમાં અનુભવમાં ન આવે અને એનું જ્ઞાન ન થાય ત્યાં સુધી તો એ સમકિતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે.. એ.. ભીખાભાઈ! એમાં કંઈ તમારે વાંધો નથી. લાભની વાત, ઈ તો છે એમ છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે.

'**કે જે (આશ્રમ) વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી...**' શું કહે છે? છે નીચે અર્થ. એનો નથી, સહજનો છે. નીચે છે ને જુઓ ઓલા અદ્વૈત. 'જોકે નમસ્કારમાં (૧) પ્રણામ અને (૨) વંદનોચ્ચાર બન્ને સમાતાં હોવાથી તેમાં દ્વૈત (બે-પણું) કહ્યું છે તોપણ તીવ્ર ભક્તિભાવથી સ્વપરનો ભેદ વિલીન થઈ જવાથી અપેક્ષાએ તો એમાં અદ્વૈત પ્રવર્તે છે.' વ્યવહારનયે અદ્વૈત કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એવી વાત છે ભાઈ! આચાર્ય પોતે કહે છે એનો આટલો અર્થ સમજવો. કહે છે, આહા..હા..! કેટલી વાત વર્ણવી છે! પંચ પરમેષ્ઠી એનો પ્રસાદ છે કહે છે. એટલે કે એમણે જે માર્ગ કહ્યો તે અમારા ખ્યાલમાં અને અમારી દૃષ્ટિમાં આવ્યો છે (એટલે) ભગવાનની કૃપા વર્તે છે મને. સમજાણું કાંઈ?

કહે છે, '**વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી...**' કહે છે કે પંચ પરમેષ્ઠીનું ધામ—આશ્રમ-મંડપ, એનું સ્થાન ક્યાં છે? કે સમ્યગ્દર્શન ને જ્ઞાન આત્મા નિર્વિકલ્પ દર્શન અને નિર્વિકલ્પ

જ્ઞાન ત્યાં ભગવાનનું ધામ મળે એમ છે, ત્યાં ભગવાન મળશે. સમજાણું કાંઈ? ત્યાં પંચ પરમેષ્ઠીની પર્યાયની પ્રાપ્તિ ત્યાં થશે, બીજે થશે નહિ એમ કહે છે. સાધુપણાની પર્યાય, આચાર્ય, ઉપાધ્યાય, અરિહંત અને સિદ્ધની દશા એ જેના અંદરમાં વિશુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રાપ્ત છે તે જ પંચ પરમેષ્ઠીનું ધામ છે, તે જ એનો મઠ છે, તે એનો આશ્રમ છે, તે એનું ઘર છે. એ ઘરમાં વિશુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાનના ઘરમાં પંચ પરમેષ્ઠીની પર્યાય પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે કહે છે, ઈ શ્રદ્ધાનું સ્વરૂપ શું? ઈ વર્ણવે છે. '**સહજશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા આત્મતત્ત્વ...**' ભાષા જુઓ. હવે એ શ્રદ્ધાન અને જ્ઞાન જેમના લક્ષણ એવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોને કહીએ? એમ કહે છે. સ્વભાવિક, ભગવાન આત્મામાં સ્વભાવિક શુદ્ધ દર્શન... દર્શનશક્તિ ત્રિકાળ. દર્શન-દ્દષ્ટાપણું ત્રિકાળી સહજ દર્શનસ્વરૂપ અને સહજ જ્ઞાનસ્વભાવવાળો ભગવાન. જુઓ! અહીંયા આત્માને રાગવાળો ને પુણ્યવાળો ને વિકલ્પવાળો ને કર્મવાળો એમ નથી કહ્યો. આત્મા એવો છે જ નહિ. આહા..હા..!

કેવો છે ભગવાન? સહજ વિશુદ્ધ શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવવાળું આત્મતત્ત્વ. સ્વભાવિક દ્દષ્ટા-જ્ઞાતાનો સ્વભાવ જેમાં પરિપૂર્ણ બેહદ અનંત પડ્યો છે એવા સહજશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળું આત્મતત્ત્વ એનું શ્રદ્ધાન, એનું શ્રદ્ધાન.. એને સમ્યગ્દર્શન કહીએ. એ શ્રદ્ધાન એટલે નિર્વિકલ્પ શ્રદ્ધાનની વાત છે આ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા, આ દર્શન એટલે દ્દષ્ટાશક્તિ અનંત-બેહદ છે. સ્વભાવ છે ને. સહજ શુદ્ધ, સહજ શુદ્ધ પવિત્ર સ્વાભાવિક દર્શનજ્ઞાનસ્વભાવવાળું જે આત્મતત્ત્વ એની અંતર્મુખ થઈને એના અનુભવમાં સમ્યગ્દર્શન (થાય) એને સમ્યગ્દર્શન ધર્મની પહેલી ભૂમિકા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સહજ. નીચે કર્યું છે જુઓ. 'સહજશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા=સહજ શુદ્ધ દર્શન અને જ્ઞાન જેનો સ્વભાવ છે એવા.' એવું જે આત્મતત્ત્વ એનું '**શ્રદ્ધાન ને જ્ઞાન...**' એનું જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન અને ભણતરની અહીં વાત નથી. ભગવાન આત્મા સ્વભાવિક દર્શન, જ્ઞાનસ્વભાવવાળું સ્વભાવવાન આત્મતત્ત્વ એનું જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન કે નવ તત્ત્વના ભેદવાળું જ્ઞાન કે એ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? એને જ્ઞાન કહે છે. વસ્તુ સહજ દર્શનશક્તિ અનંત બેહદ. જ્ઞાન શુદ્ધ સહજ બેહદ એનું જ્ઞાન, એનું જ્ઞાન. વચ્ચે રાગાદિ છે એનું નહિ, પુણ્ય આદિનું નહિ. એ તો એમાં નાસ્તિ છે. અસ્તિ એવો જે ભગવાન આત્મા એનું દર્શન-જ્ઞાન સ્વરૂપ જે છે એની શ્રદ્ધા અને એનું જ્ઞાન. એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ધર્મની શરૂઆત ત્યાંથી ચાલે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓઘે ઓઘે કૂટે અને ધર્મ થઈ જશે. અને રખડી મરે ચોર્યાશીના અવતારમાં. ધૂળમાંય નથી કાંઈ.

ભગવાન મહાપ્રભુ બિરાજે છે સ્વભાવિક દર્શન અને જ્ઞાનની મૂર્તિ છે. દર્શન એટલે અહીં સમકિત નહિ. દર્શન એટલે દેખવું સ્વભાવ ત્રિકાળ. સમજાણું કાંઈ? અહીં આત્માને સહજ દર્શન, શુદ્ધ દર્શન-જ્ઞાનસ્વભાવવાળો જ કહ્યો છે, બસ. એ રાગ પુણ્યવાળો નહિ,

વ્યવહારવાળો નહિ, નિમિત્તવાળો નહિ અને અલ્પ જ્ઞાન અને અલ્પ દર્શન જેટલો નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં શું કહે છે? સમ્યગ્દર્શન-જ્ઞાન જે આશ્રમ છે પંચ પરમેષ્ઠીની પર્યાય ત્યાં પ્રાપ્ત થાય એવો જે આશ્રમ એ કેવો છે? કે જેમાં સહજ દર્શનજ્ઞાન, સમ્યગ્દર્શન અને જ્ઞાન (સ્વરૂપ) વસ્તુ છે, એ સમ્યગ્દર્શન-જ્ઞાન કેમ છે? કે સહજ શુદ્ધ આત્માની દર્શન અને જ્ઞાન શક્તિ—સ્વભાવ છે એની શ્રદ્ધા અને એનું જ્ઞાન. એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ '**આત્મતત્ત્વનાં શ્રદ્ધાન ને જ્ઞાન જેમનાં લક્ષણ છે એવાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંપાદક છે...**' 'પ્રાપ્ત કરાવનાર; ઉત્પન્ન કરનાર.' શું કહે છે? એ આશ્રમ કેવો છે? કે જેમાં વિશુદ્ધજ્ઞાનદર્શન પ્રધાન હોવાથી આવા તત્ત્વની શ્રદ્ધા-જ્ઞાનને પ્રાપ્ત કરાવનાર છે. એમાં પ્રાપ્ત આ થાય છે. સમજાણું કાંઈ? '**તેને પામીને,...**' હવે કહે છે. એવા આત્માના અનુભવની શ્રદ્ધા અને આત્માના જ્ઞાનને પામીને. જુઓ! ધર્મની આ ભૂમિકા તો પહેલી પ્રગટ છે. હવે એને ચારિત્રની વાત હોય. નિર્ગ્રંથદશા વીતરાગદશાનું ચારિત્ર મુનિપણું સાધુપણું એને હોય. બીજાને સાધુપણું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દર્શનજ્ઞાનસંપન્ન થઈને,...**' એમ. જે આશ્રમ સમ્યગ્દર્શનને સંપાદક છે એવું. એવા સમ્યગ્દર્શન-જ્ઞાનને પ્રાપ્ત થઈને. બસ ત્યાં સુધી દશા રહી ચોથાની. '**જેમાં કષાયકણ વિદ્યમાન હોવાથી...**' શું કહે છે હવે? જુઓ, અહીં સુધી સાધારણ વાત તે દિ' આપણે બે વ્યાખ્યાનમાં થઈ ગઈ હતી, આ વાત નહોતી થઈ.

કહે છે, હું સહજ સ્વભાવ મારો ત્રિકાળી દર્શન અને જ્ઞાન, એવો જે આત્મા એમાં અનંતા ગુણો ભેગા આવી ગયા. સામાન્યદર્શન અને જ્ઞાન એવો મૂળ સ્વભાવ છે એવા આત્માની શ્રદ્ધા અને જ્ઞાનને પામીને હવે હું ચારિત્ર-સામ્યભાવ-શુદ્ધ ઉપયોગ(સહિત) વીતરાગ ચારિત્ર અંગીકાર કરવા માંગુ છું. પણ કહે છે, એમાં કષાયકણ વચમાં અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ જે ઉઠે છે એ કષાયનો કણ છે, રાગ છે. પંચ મહાવ્રતના પરિણામ જે છે, પંચ મહાવ્રતના. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવો જે ભાવ તે વિકલ્પ રાગનો કણિયો છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? કષાયકણ. દેખો! કષાયનો નાનો અંશ, કણ એટલે. વચમાં એ આવ્યો, વિકલ્પ ઉઠ્યો, પંચ મહાવ્રત આવા હોય, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય. સર્વજ્ઞે કહેલી પંચ મહાવ્રતની વૃત્તિ વ્યવહાર આવ્યો, પણ એ કંઈ સાધુપદ નથી કહે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત આગળ વધીને મને ચારિત્રની ભૂમિકામાં વિકલ્પ ઉઠ્યો. હજી ચારિત્ર પૂર્ણ નહિ પણ સ્થિરતા અમુક અંશે છે એમાં આ વિકલ્પ ઉઠે છે. પંચ મહાવ્રત, અહિંસા, એક વાર આહાર લેવો, સામાયિક, વંદન, કાઉસગ્ગ એવો વિકલ્પ છે એ છઠ્ઠી ભૂમિકામાં-છઠ્ઠા ગુણસ્થાનમાં આવો કણ આવે છે, પણ હું એને ઓળંગી જાઉં છું. જુઓ! છે વિકલ્પમાં છતાં ઓળંગી જાઉં છું એમ કહે છે. ભાવનામાં

છે ને. આહા..હા..! આવી વાત. અઠ્યાવીસ મૂળગુણ સાધુપદના. સાધુપદને નગ્નદશા હોય એની અને ત્રણ કષાયનો જેમાં અભાવ હોય એને અઠ્યાવીસ મૂળગુણ હોય. એક વાર આહાર લેવો, એક જ વાર મુનિને આહાર હોય, બે વાર હોય નહિ. અને સામાયિક, ચૌવિસંથો, વંદન, પ્રતિક્રમણ આદિનો વિકલ્પ હોય. પંચ મહાવ્રતનો વિકલ્પ હોય, ઊભા ઊભા આહાર લે. મુનિની દશાને ઊભા ઊભા આહાર એવી દશા જ હોય એની. એવો જે વિકલ્પ છે એ વચ્ચે મારે આવ્યો, પણ એ કષાયનો કણ છે કહે છે, રાગ છે, પુણ્યબંધનું કારણ છે, એ ચારિત્ર નહિ. કહો, સમજાણું કાંઈ?

'**જેમાં કષાયકણ વિદ્યમાન હોવાથી...**' જુઓ! છે ખરો એમ કહે છે. '**જીવને પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે...**' આહા..હા..! અહિંસા—પરને ન મારું, છકાયના જીવને હોં! છકાયના જીવ છે. પૃથ્વીના જીવ અસંખ્ય છે. પૃથ્વી પૃથ્વી. આ પત્થર છે ને ખાણમાં એના એક કણમાં અસંખ્ય જીવ છે. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે, અગ્નિના એક તણખામાં અસંખ્ય જીવ છે, આત્મા છે અસંખ્ય, વાયુના એક ફૂંકારમાં અસંખ્ય જીવ છે, વનસ્પતિના પ્રત્યેક પાંદડામાં અસંખ્ય જીવ છે અને નિગોદની એક કટકીમાં અનંતા જીવ છે. અને બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય અને પંચેન્દ્રિય એ બધા અસંખ્ય જીવ છે. આંકડો કહે એટલા જીવ છે. એ બધા જીવને ન મારવાનો મારો વિકલ્પ જે છે અહિંસાનો, એ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એમ વીતરાગે કહેલા તત્ત્વોને કથન કરવામાં અમારો જે વિકલ્પ ઉઠે છે એ પણ કષાયનો કણ છે, કંઈ પણ અદત્ત-કોઈના દીધા વિનાનો ન લેવું એવો મને વિકલ્પ ઉઠે એ પણ રાગનો કણ છે, હું શરીરથી બ્રહ્મચર્ય પાળું છું નવ કોટિએ એવો જે વિકલ્પ છે એ પણ રાગનો કણ છે, કષાયનો કણ છે, પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! ધર્મ નહિ, ચારિત્ર નહિ એ. સમજાણું કાંઈ? એ પુણ્યબંધનું કારણ, '**પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે...**' લ્યો '**એવા સરાગચારિત્રને...**' સરાગચારિત્ર એટલે રાગવાળો વિકલ્પ. છઠ્ઠા ગુણસ્થાનમાં, સમ્યગ્દર્શન-જ્ઞાન ચોથા ગુણસ્થાને (થયા) અને છઠ્ઠા ગુણસ્થાનમાં એ રાગનો વિકલ્પ જે છે અઠ્યાવીસ મૂળગુણનો, પંચ મહાવ્રતનો એ પુણ્યબંધનું કારણ છે એવું સરાગચારિત્ર. ઓહો..! કેટલી વાત કરે છે! આટલું સ્પષ્ટ હોવા છતાં ઊંધા કરે છે લ્યો. ઓહો..! અરે..! એને તરવાની ઈચ્છા કહે અને પાછા બૂડવાની શ્રદ્ધા કરે. મુનિપણું કોને કહેવું સાધુ, બાપુ! એ કોઈ બીજી ચીજ છે. લોકોને ખબરેય નથી. સાધુપદ તો 'માણસ હોના મુશ્કિલ હૈ તો સાધુ કહાં સે હોય, સાધુ હુઆ તો સિદ્ધ હુઆ'. આહા..હા..! સાધુ તો જગતનો પરમેશ્વર છે. આહા..હા..!

કહે છે, હું એ ચારિત્ર-સામ્ય નામ શુદ્ધ ઉપયોગ(રૂપ) વીતરાગભાવ અંગીકાર કરવા માંગુ છું પણ વચ્ચે આ વિકલ્પ જોડે છઠ્ઠા ગુણસ્થાનનો આવ્યો છે એ પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે, સરાગચારિત્ર છે, એ ક્રમે આવી પડ્યું હોવાથી. ક્રમમાં છઠ્ઠી ભૂમિકામાં એ રાગ એવો

આવે. ક્રમે આવી પડ્યું હોં! કર્તા થઈને કર્યો એમ નથી ભાઈ! ભાષા. મેં પંચ મહાવ્રતના પરિણામ કર્યા માટે એમ નહિ. અહીં તો ક્રમે આવી પડ્યું હોવાથી. ભાષા તો જુઓ. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત જ્યાં ચારિત્રની દશા પ્રાપ્ત પૂર્ણ થઈ નથી સાતમાની એ પહેલા આવો કણ કષાયનો છે, કહે છે એ સરાગચારિત્ર છે. પણ સરાગચારિત્ર એમ કીધું ને? પણ સરાગ એટલે રાગવાળો ભાગ છે એ ચારિત્રનો. એ પુણ્યબંધનું કારણ છે, એ સંવર-નિર્જરાનું કારણ નથી, મોક્ષનું કારણ એ બિલકુલ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં ક્યાં આફ્રિકામાં તો આવું ક્યાંય સંભળાય એવું છે?

મુમુક્ષુ :— અહીંયા પણ નથી તો આફ્રિકામાં ક્યાં..?

ઉત્તર :— અહીં મુશ્કેલ છે, વાત સાચી. અહીં મુશ્કેલ છે તો ત્યાં ક્યાં હતું? આહા..હા..!

કહે છે કે સમ્યગ્દર્શન અને જ્ઞાન-જેમાં પરમાત્મા પ્રાપ્ત થાય પંચ પરમેષ્ઠી એવી ભૂમિકા થઈ છતાં હવે હું પૂર્ણ શાંતિ અને સમતા, જેમાં વિકલ્પ વિનાનું ચારિત્ર એને અંગીકાર કરવા માંગુ છું, પણ વચમાં રાગ ક્રમે આવી પડ્યો છે. આહા..હા..! ભગવાન પાસે કે સાધુ પાસે મુનિપણું અંગીકાર કરે ત્યારે વિકલ્પ આવે એવો, પંચ મહાવ્રત આદિ, પણ કહે છે કે એ ક્રમે આવી પડ્યું છે, ક્રમમાં આવી પડ્યું છે. આહા..હા..! '(**છતાં ગુણસ્થાન આરોહણના ક્રમમાં...**' ગુણસ્થાન છે ને? ચોથું, પાંચમું, છઠ્ઠું એના ક્રમમાં છઠ્ઠું ગુણસ્થાન છે ઈ. સમ્યગ્દર્શન અને જ્ઞાન એ ચોથું ગુણસ્થાન છે. અને એમાંથી જરી શાંતિ અંદર વધે એ પાંચમું ગુણસ્થાન શ્રાવકનું કહેવાય. આ શ્રાવક વાડાના છે એની અહીં વાત નથી. અંતરમાં પહેલી ભૂમિકામાં ચોથું ગુણસ્થાન આવે એને સમ્યગ્દર્શનમાં અનંતાનુબંધીનો અભાવ અને શાંતિનું વેદન (થાય). પછી આગળ વધતાં પાંચમા ગુણસ્થાનનું શ્રાવકપણું જ્યારે આવે ત્યારે અંદર શાંતિ વિશેષ વધી જાય. શાંતિ અને આનંદનો અંશ વધ્યે જાય ત્યારે એને બાર વ્રતાદિના વિકલ્પો હોય. પણ વિકલ્પ છે ઈ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

આગળ જ્યારે મુનિપણું ગ્રહણ કરે ત્યારે એના પહેલા એને વિકલ્પ આવે. અહીં તો ઈ શૈલી લીધી છે. નહિતર તો સાતમું આવે પછી છઠ્ઠું થાય છે. પણ અહીંયા ઓલો વિકલ્પ કષાયનો કણ છે એને બતાવીને ઓળંગીને સાતમું (આવે છે) એમ લેવું છે. નહિતર તો પહેલી સાતમી ભૂમિકા આવે છે, પછી છઠ્ઠું આવે છે. પણ કહે છે કે મારી ભૂમિકામાં ચારિત્રની પ્રાપ્તિમાં આવો પહેલો ભાગ કણનો આવી ગયો એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દુનિયાને ચારિત્ર કોને કહેવું, સાધુપણું કહેવું એની ખબર નથી. શ્રદ્ધા ખોટી અને માને કે અમારી શ્રદ્ધા સાચી છે. ઓલામાં બોલે ખરા કે કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ. પણ કોને કહેવા એનું ભાન નથી. શાંતિભાઈ! બધા ગડિયા બોલ્યા હતા ઈ પણ ત્યાં. પડિકમણામાં આવે છે ને? એ.. શાંતિભાઈ!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ખમાવું છું એમ નહિ. ખમાવું ભૂલી જાય. ખઉં છું, ખઉં છું. ઠીક. કાંઈ શબ્દના અર્થની પણ ખબર ન મળે. આહા..હા..! અરે..! એ તો બધા મૂઢ જીવો છે. એને ધર્મ કેવા? અહીં તો વિવેક જેને (પ્રગટ થયો છે), રાગથી વિકલ્પથી ભિન્ન પડીને નિર્વિકલ્પ આત્માનો અનુભવ અને દૃષ્ટિ થઈ છે જે સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ કહેલો આત્મા, અજ્ઞાનીએ કહેલો આત્મા એ આત્મા નહિ. સમજાણું કાંઈ? એ આત્મા દર્શન, જ્ઞાનના પરિપૂર્ણ પૂરથી ભરેલો છે. એની શ્રદ્ધા-જ્ઞાનને પામ્યા છતાં આગળ ચારિત્રને પ્રાપ્ત કરવા માંગુ છું છતાં, કહે છે કે કષાયનો કણ (છે). એ શૈલી લીધી છે. નહિતર તો ચોથા, પાંચમા ગુણસ્થાનમાં જ્યારે વિકલ્પ આવે છે ને પહેલા કે હું મહાવ્રત લઉં, એવો વિકલ્પ છે ને, એ શૈલી ગણી છે અહીંયા. નહિતર તો છઠ્ઠું ગુણસ્થાન થાય પહેલું એમ ન હોય. પાંચમે અને ચોથે હોય ત્યાં આ વિકલ્પ હોય એ તૂટીને સાતમું ગુણસ્થાન આવે પહેલું મુનિને. અપ્રમત્ત દશા જ આવે, એકલો અતીન્દ્રિય આનંદનો અનુભવ, એનું નામ સાધુપણું છે. સમજાણું કાંઈ? ત્યારે એની શરીરની નગ્ન દશા સહજ થઈ જાય. ત્યારે એને વસ્ત્ર, પાત્ર હોઈ શકે નહિ. પછી એને વિકલ્પ જ્યારે ઉઠે અંતર્મુહૂર્તમાં ત્યારે એને અહિંસા, સત્ય આદિ, કોઈ જીવને ન મારું, આહાર વ્હોરું, બીજાને કહું, પ્રરૂપું એવો વિકલ્પ ઉઠે એ રાગ છે. આહા..હા..! તત્ત્વની ખબર ન મળે અને તત્ત્વની શ્રદ્ધા સાચી છે એમ માને. કહો, શેઠી! અપ્રમત્ત દશા સાતમી ભૂમિકા. આ કહે છે ને.

આત્માનું દર્શન, જ્ઞાન તો છે પછી જ્યારે વિકલ્પ આવે છે ત્યારે સાધુ પાસે, ગુરુ પાસે જઈને કહે છે, મને પંચ મહાવ્રત આપો. વિકલ્પ તો આવ્યો. એ તો હજી ચોથે, પાંચમે આવ્યો છે. અને અહીં વર્ણવે છે ઈ સાતમું આવ્યા પછી જ્યારે છઠ્ઠે આવે છે ને, એને હેયરૂપે ગણીને અંદર જાવું છે સાતમામાં એ વાત વર્ણવે છે. ઝીણી વાત છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ આ છે. આ કાંઈ કોઈનો અણજોયેલો કહેલો નથી. ભગવાન પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એની વાણીમાં આ આવ્યું છે, એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

અહીં તો કહે છે, અરે..! મને આ ગુણસ્થાનના ક્રમમાં કણ આવી ગયો રાગનો. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળું, રાખું, નગ્ન દશા હો એવો વિકલ્પ છે એ રાગનો કણ છે, પુણ્યબંધનું કારણ છે. ધર્મની એ વસ્તુ નથી. આહા..હા..! એવા **'ચારિત્રમોહના મંદ ઉદયથી આવી પડેલું...'** જુઓ, છે ને? **'(ગુણસ્થાન આરોહણના ક્રમમાં જબરજસ્તીથી...'** જબરજસ્તી એટલે મારી ભાવના તો વીતરાગતાની એકાગ્રતા(ની છે), પણ અંદર પુરુષાર્થની કમીને લઈને રાગનો કણ (આવી ગયો છે). કહો, સમજાણું કાંઈ? **'(આવી પડેલું હોવા છતાં)—દૂર ઓળંગી જઈને,...'** હું એ વિકલ્પને છોડી દઉં છું, કારણ કે એ પુણ્યબંધનું કારણ છે. હવે **'જે સમસ્ત કષાયક્લેશરૂપ કલંકથી ભિન્ન હોવાથી...'** અંદર સાતમી ભૂમિકા મુનિની

નિર્વાણના કારણ શુદ્ધ ઉપયોગ તે એની ભૂમિકા છે. સમજાણું કાંઈ? મુનિનું ભાન થયા પછી એને છઠ્ઠે વિકલ્પ આવે. છઠ્ઠું-સાતમું, છઠ્ઠું-સાતમું હજારો વાર આવે હજારો વાર. ટકી શકે નહિ અંદર આનંદમાં તો વિકલ્પ આવે. નગ્ન દશા છે, જંગલમાં હોય છે મુનિઓ તો. સાચા સંતની વાત છે હોં! સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ તો આવું છે. હવે આનાથી વિરુદ્ધ હોય એને માને અને એની અહીં વ્યાખ્યા થાય તો કહે, એ તો સાધુને માનતા નથી. સાધુ તો હોય એને માને કે ન હોય એને માને? સમજાણું કાંઈ? સાધુપણું તો આવું હોય. અંતર અનુભવદૃષ્ટિ સહિત અંદર આગળ વધે છે એને અહિંસા ભગવાને કહેલા વ્યવહાર એવા પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠ્યા છે રાગ, એને પુણ્યબંધનું કારણ જાણે, માન્યતામાં—શ્રદ્ધામાં એને રાગનું કારણ જાણી છોડવા માગે છે. '**દૂરથી ઓળંગી જઈને,...**' કહે છે. જોયું! '**દૂરથી ઓળંગી જઈને,...**' એકદમ એને છોડીને સાતમામાં જાઉં છું એમ કહે છે. આહા..હા..! જ્યાં ધ્યાતા-ધ્યાન અને ધ્યેય ભૂલી જાય છે. હું ધ્યાતા છું ને ધ્યાન કરનાર છું ને ધ્યેય ધ્રુવ છે એવો ભેદ પણ જ્યાં નથી. સમ્યગ્દર્શન પછી, સમ્યગ્જ્ઞાન પછી ચારિત્રની ભૂમિકા આ પ્રગટ થતાં એ વખતે બધું ભૂલી જાય છે. એકલો આનંદનો ઉપયોગ રહે, અતીન્દ્રિય આનંદની ઉગ્રતાનો ચારિત્રનો ઉપયોગ રહે તેને સામ્યભાવ-સમતાભાવ-શુદ્ધ ઉપયોગ ભાવ -નિર્ગ્રંથદશા તેને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**સમસ્ત કષાયક્લેશરૂપ કલંકથી ભિન્ન હોવાથી...**' કોઈ એમ કહે કે સમસ્ત કષાયક્લેશથી ભિન્ન તો બારમે ગુણસ્થાને (હોય). હવે સાંભળને. બુદ્ધિપૂર્વક ગયો કષાય બધો એટલે સમસ્ત કષાયક્લેશ ગયો. સમજાણું કાંઈ? ભારે વાંધા ઉઠે. પાઠ તો એ છે ને ભાઈ આમાં? '**સમસ્ત કષાયક્લેશરૂપ કલંકથી...**' કષાય બુદ્ધિપૂર્વકનો વિકલ્પ હતો એ છૂટ્યો (એટલે) બધા કષાય છૂટી ગયા. જાઓ, અબુદ્ધિપૂર્વકનો થોડો રહ્યો એનો સ્વામી નથી. સ્વામી તો રાગનો પણ નથી અહીં. પણ અબુદ્ધિપૂર્વક રાગ અંદર ધ્યાનમાં હોય, છતાં એની પર્યાયમાં નથી એમ અહીં ગણવું છે. '**નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે...**' લ્યો. એ નિર્વાણ નામ મોક્ષની પ્રાપ્તિનું કારણ અંદરમાં નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ(રૂપ) ચારિત્ર તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? એવું અંગીકાર કરવા... મુનિની દશા તો એ જ છે કુંદકુંદાચાર્યની. પણ બીજાઓને અંગીકાર કરાવવા અને વસ્તુ આવી હોય અને કરનારની ભાવના આવી હોય એનું વર્ણન લઈને વાત કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૫, શુક્રવાર, તા. ૬.૯.૧૯૬૮**
**ગાથા-૧ થી ૫, ૬, પ્રવચન-૪**

જ્ઞાનતત્ત્વ અધિકાર ચાલે છે. કુંદકુંદાચાર્ય પહેલી પાંચ ગાથામાં પોતાની વાત કરે છે. એ રીતે જગતના પ્રાણીને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન પામીને ચારિત્રપણું નિર્ગ્રંથપણું કેમ પ્રાપ્ત થાય તે સમજાવે છે. સમજાય છે કાંઈ? નિર્ગ્રંથતારૂપ ચારિત્ર જે વીતરાગપણાની પરિણતિ તે મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? અને એ વીતરાગ પરિણતિ એના પહેલા આત્મામાં પંચ પરમેષ્ઠીનો જે આશ્રમ, વિશ્રામ ઠામ, વિશ્રામ ધામ એવો જે આત્મા દર્શન-જ્ઞાનસામાન્યસ્વરૂપ જે છે એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ જે દર્શન અને જ્ઞાનની પ્રાપ્તિરૂપ ભાવ એ પંચ પરમેષ્ઠીનો આશ્રમ, વિશ્રામ ઠામ, વિશ્રામ ધામ છે. સમજાણું કાંઈ?

આત્માને વિશ્રામનું ઠામ પંચ પરમેષ્ઠીનો આશ્રમ. એટલે કે પંચ પરમેષ્ઠી (પર્યાય) ઈ પ્રાપ્ત કેમ થાય? પંચ પરમેષ્ઠી જે દર્શન-જ્ઞાનસંપન્ન છે અને પછી વીતરાગસંપન્ન છે. એનું મૂળ આશ્રમધામ આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાનને પામે એ પંચ પરમેષ્ઠીના આશ્રમનું, વિશ્રામનું, શાંતિનું ઠરવાનું ધામ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ન સમજાણું.

ઉત્તર :— ન સમજાણું, ઈ ઠીક કહ્યું. તમારા ક્યાં ગયા? પહેલું આવી ગયું કે નહિ? બે-ત્રણ દિવસથી ચાલ્યું છે, પણ યાદ નથી રહેતું એમ કહે છે. ફરીને કહેવરાવે છે એમ રાખો. જુઓ, આવ્યું ને? પહેલા આવી ગયું.

પંચ પરમેષ્ઠીનો આશ્રમને કે જે '**વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી...**' છે ને? એટલે કે આત્મા સહજ શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવવાળું આત્મતત્ત્વ. ભગવાન આત્મા સ્વભાવિક શુદ્ધ દર્શન, જ્ઞાન-દૃષ્ટા અને જ્ઞાતા જેનો સહજ સ્વભાવ, બેહદ-અનંત સ્વભાવ એવું જે આત્મતત્ત્વ એની શ્રદ્ધા અને જ્ઞાન, સ્વરૂપ તરફના સન્મુખની શ્રદ્ધા અને જ્ઞાન એ પંચ પરમેષ્ઠીનો આશ્રમ ધામ. એમાંથી પંચ પરમેષ્ઠીની પર્યાય પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? મઠમાં જાય ત્યારે એનો મહાત્મા હોય ઈ મળે ને? ... એમ મઠ આ છે ભગવાનનો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ આત્મા, જુઓ! પ્રથમ સમ્યગ્દર્શન અને જ્ઞાન એ પંચ પરમેષ્ઠીનું વિશ્રામધામ કે જેમાંથી પરમાત્મા પ્રાપ્ત થઈ શકે છે. જેનાથી પરમાત્માનો ભેટો થઈ શકે. સમજાણું કાંઈ? એ આશ્રમ એટલે શું? કે ભગવાન આત્મા સ્વભાવિક સહજ દર્શન અને જ્ઞાન-દૃષ્ટા અને જ્ઞાતા એવો એનો ત્રિકાળી અપ્રતિહત એવો એનો ત્રિકાળી સ્વભાવ. એવા સ્વભાવવાન આત્માની.. કહ્યું ને માથે જુઓ.

'**વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન...**' એનું સમ્યગ્દર્શન. સ્વરૂપ સન્મુખની પ્રાપ્તિની પ્રાપ્ત શ્રદ્ધા

અને એના સન્મુખનું જે જ્ઞાન એને અહીંયા સમ્યગ્દર્શન, જ્ઞાન, પંચ પરમેષ્ઠી એમાંથી પ્રાપ્તિ થશે માટે પંચ પરમેષ્ઠીનો આશ્રમધામ એને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સાધુની પર્યાય, આચાર્યની, ઉપાધ્યાયની, અરિહંત અને સિદ્ધની એ પંચ પરમેષ્ઠીની પર્યાય એનું આશ્રમ ઠામ—ધામ ભગવાન આત્મા એમાં દર્શન-જ્ઞાનનો પિંડ પોતે છે, વસ્તુ છે ને વસ્તુ. તત્ત્વ છે ને, તો એનું તત્ત્વ સત્ત્વ શું? સામાન્ય દેખવું, અહીં દેખવાની વાત છે અને જાણવું એવો જેનો સ્વભાવ બેહદ શક્તિનું સ્વરૂપ એવું જે આત્મતત્ત્વ એની અંતરમાં સ્વસન્મુખની પ્રતીતિ સમ્યગ્દર્શન અને એના સ્વસન્મુખનું સ્વસંવેદનજ્ઞાન એમાંથી પંચ પરમેષ્ઠી મળશે, એ સિવાય મળશે નહિ. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? સમજાય છે કે નહિ? બરાબર નહિ. બરાબર હા નથી પડતી. પૂછશે ને ન આવડે તો શું કરવું? આ ભગવાનદાસને મળવું હોય તો એનો જે બંગલો છે ને ત્યાં જાવું જોઈએ એના ધામમાં. ત્યાં એને મળી શકાય. એના ઘરમાં હોય ન્યાં. કહો, શોભાલાલજી! ઈ ભગવાનદાસ અને ભગવાનને મળવું હોય તો એના મકાનમાં જાવું જોઈએ, ઈ બેઠા હોય ત્યાં. એમ આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન ત્યાં ભગવાન મળે એવું છે. એના ધામમાં એણે પહેલું જાવું જોઈએ. આહા..હા..! આચાર્યે પણ... અહીં કહે છે કે રાગમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ સ્થાનમાં, કોઈ શેત્રુંજય કે સમ્મેદશીખરે કે સમવસરણમાં જાય તો ત્યાંથી પરમાત્માની પ્રાપ્તિ થાય કે પાંચ પદની નિર્મળ વીતરાગી પર્યાયની પ્રાપ્તિ થાય? ત્યાં છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા.. કહ્યું જુઓને!

એવો '**વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી...**' આ ક્રમ છે ને. અરિહંત, સિદ્ધ આદિ આશ્રમ '**કે જે (આશ્રમ) વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી...**' જેમાં સમ્યગ્દર્શન અને જ્ઞાનની મુખ્યતા હોવાથી. સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના કોઈ રીતે પંચ પરમેષ્ઠીની પ્રાપ્તિ થાય નહિ. અથવા સાધુપદ, આચાર્યપદ, ઉપાધ્યાયપદ, અરિહંત અને સિદ્ધપદ સમ્યગ્દર્શન અને જ્ઞાનની પ્રાપ્તિ વિના કોઈ પદ પ્રાપ્ત થઈ શકે નહિ. એ પોતાના પરમેષ્ઠી. બીજા ક્યા પરમેષ્ઠી છે? કહે છે ને, આ શું કહે છે? દર્શન-જ્ઞાનસ્વરૂપ આત્મા એનું સમ્યગ્દર્શન ને જ્ઞાન-એના સન્મુખની શ્રદ્ધા અને જ્ઞાનનો અનુભવ કરવો એ પ્રાપ્તિ. સમજાય છે કાંઈ? કહો, અમરચંદજી! આહા..હા..! જુઓ! મહાત્માને મળવું હોય કે શેઠિયાને મળવું હોય, લ્યોને, એનું સ્થાન હોય ત્યાં જાવું પડે ને. સ્થાનમાં પ્રાપ્ત થાય કે બીજે જાય? એમ ભગવાન પંચ પરમેષ્ઠીની પર્યાયને પ્રાપ્ત કરવી હોય તો ભગવાન આત્મા દર્શન અને જ્ઞાનની મૂડી-પુંજી મોટી ધ્રુવ તત્ત્વ છે. એનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન એ પંચ પરમેષ્ઠીનો આશ્રમ, ઠામ વિશ્રામઠામ, વિશ્રામધામ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આમ બીજી રીતે આવે છે ને, આવો આત્મા આમાં ઠરીશ તો આમ થાશે. એનો અર્થ આવ્યો ને, ૧૭-૧૮માં. સમયસાર. એ જ વાત કરી છે. આ આત્મા દર્શન-જ્ઞાન (સ્વરૂપ છે). અહીંયા ઠરીશ તો ચારિત્ર થશે કે વીતરાગતા થશે. સમજાય છે કાંઈ? બીજી કોઈ ક્રિયા

દ્વારા વીતરાગતા થશે એમ નહિ. એ ભગવાન આત્મા દર્શન અને જ્ઞાન, એવો સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન એવી જે સ્વભાવની મૂડી—પુંજી ભગવાન આત્મા એનું દર્શન, એની શ્રદ્ધા નિર્વિકલ્પ સ્વસન્મુખનું જ્ઞાન, જ્ઞાનનું વેદન સ્વસંવેદન એ પંચ પરમેષ્ઠી એટલે પોતાની પૂર્ણ વીતરાગી પર્યાયની પ્રાપ્તિનું એ ધામ છે. ત્યાં વિશ્રામઠામ છે, ત્યાં ઠરશે તો તે મળશે. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! કહો સમજાય છે કે નહિ? લ્યો, અમારે ભગવાનજીભાઈ તો ન્યાં... એને ગામ બીજું નથી, ધામ બીજું નથી, ક્ષેત્ર બીજું નથી, કાળ બીજો નથી, ભાવ બીજો નથી. આહા..હા..!

અહીં તો કહે છે, જેને નિર્ગ્રંથપણું વીતરાગપર્યાય મારે પ્રગટ કરવી છે, મુનિ પોતે એમને પ્રગટેલી છે, પણ શૈલીથી વાત કરે છે, બીજાને સાથે લઈને વાત કરે છે કે આપણે લાવો વિચારીએ કે શું હશે તત્ત્વ? સાધનમાં કરણ શું? આવે છે ને સમયસારમાં? કર્તા, કર્મ ભેદ પાડીને વાત (કરી) પણ હવે એને જુદું પાડવાનું કરણ શું આપણે વિચારીએ. લ્યો, વિચારીએ તો એને નવું વિચારવું છે આચાર્યને? પણ જગતના જીવને સાથે લઈ એનો નિર્ણય કરાવવા માંગે છે. એમ જેને સાધુપદ લેવું છે, નિર્ગ્રંથદશા, સાધુપદ, ચારિત્રદશા (જે) મુક્તિનું કારણ છે, નિર્વાણનું કારણ છે એવી ચારિત્રદશા પ્રાપ્ત કરવી હોય એણે પહેલું સમ્યગ્દર્શન અને જ્ઞાન એ પંચ પરમેષ્ઠીની પર્યાયને પ્રાપ્તિ કરવાનું વિશ્રામધામ ઈ છે. એનો એણે અનુભવ અને શ્રદ્ધા-જ્ઞાન પ્રાપ્ત કરવા જોઈશે. પ્રસન્નજી! સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? ક્યાં ગયું લખાણમાં? થોડું આમ ફરી ગયું. શું કીધું પણ અહીં?

આશ્રમ કીધું છે ને? આશ્રમ કહો, સ્થાન કહો, ધામ કહો, ઠેકાણું કહો, વિશ્રામનું ઠામ છે, વિશ્રામનું સ્થાન છે. આહા..હા..! વિશ્રામ મળે છે ત્યાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દૃષ્ટા અને જ્ઞાતા એવો એનો કાયમી અસલી અનંત બેહદ સ્વભાવ અને જેનો સ્વભાવ છે એને હદ શું હોય? એ વસ્તુ છે એનો ભાવ—સ્વભાવ. સ્વભાવવાન છે એનો સ્વભાવ. અહીં તો મુખ્યપણે દર્શન-જ્ઞાનથી જ લ્યે છે ને. પંચાસ્તિકાયમાં લીધું છે ને. દર્શન-જ્ઞાન અપ્રતિહત જેનો સ્વભાવ છે. પંચાસ્તિકાયમાં છે આવે છે, મને બહુ યાદ નથી. પણ એ રીતે એનો વસ્તુસ્વભાવ જ આત્મા એની સાથે આનંદ, અસ્તિત્વ ભલે સાથે હો, પણ મૂળ દર્શન અને જ્ઞાન-દૃષ્ટા અને જ્ઞાતા એનો મૂળ સ્વભાવ છે. એટલે ઉપયોગરૂપ સ્વભાવ દૃષ્ટા અને જ્ઞાતા એનો ત્રિકાળી સ્વભાવ છે એમ કહે છે. ભાઈ! આહા..હા..! '**उवओगलक्खणो णिच्चं**' (સમયસાર ગાથા—૨૪). ભગવાન આત્મા તો ઉપયોગ નિત્ય ત્રિકાળ હોં! ત્રિકાળ નિત્ય. દૃષ્ટા અને જ્ઞાતા એવો જે ઉપયોગ એ લક્ષણે લક્ષિત એ ભગવાન ઉપયોગસ્વરૂપ છે. એમાં પુણ્ય નથી, પાપ નથી, રાગ નથી, કર્મ નથી, શરીર નથી, ભેદ નથી, કાંઈ નથી. સમજાણું કાંઈ? એવા આત્મતત્ત્વના શ્રદ્ધાન અને જ્ઞાન જેમના લક્ષણ એવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંપાદક આશ્રમ છે.

**'તેને પામીને...'** તેને પહેલું પામીને પછી ચારિત્રની વાત. સમ્યગ્દર્શન અને જ્ઞાનની પ્રાપ્તિ વિના નિર્ગ્રંથપણું મુનિપણું ચારિત્રપણું વ્રતપણું પચ્ચખાણપણું હોય નહિ. માટે એ વાત કરે છે. સમજાણું કાંઈ? તે પણ એ ચારિત્ર કેવું? એ કહે છે. **'સમ્યગ્દર્શનજ્ઞાનસંપન્ન થઈને, જેમાં કષાયકણ વિદ્યમાન હોવાથી...'** કહે છે કે જ્યાં આગળ જાઉં છું ત્યાં પંચ મહાવ્રતના વિકલ્પો દેખાય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં મુનિદશા થઈ છે, છતાં ત્યાં રાગ પંચ મહાવ્રતનો વિકલ્પ, અઠ્યાવીસ મૂળગુણનો (વિકલ્પ દેખાય છે). અઠ્યાવીસ મૂળગુણ સમજાય છે? આવે છે ને? છ આવશ્યક, સામાયિકનો વિકલ્પ ઉઠે છે. એવા છે ને? આગળ આવશે, પ્રવચનસાર છેલ્લા ભાગમાં. એ અઠ્યાવીસ મૂળગુણ જે છે... જુઓને, છે ને એમાં? કેટલામી છે? ચરણાનુયોગમાં. આવ્યું, એની વાત કરે છે પહેલી. ૨૦૮ (ગાથા). **'વ્રત, સમિતિ, ઈન્દ્રિયનિરોધ, લોચ, આવશ્યક, અચેલપણું, અસ્નાન, ક્ષિતિશયન, અદંતધોવન,... '** **'स्थितिभोजनम्'** **'एकभक्तं'** જુઓ **'एकभक्तं'** આવ્યું. **'एकभक्तं'** એમાં આવે છે દશવૈકાલિકમાં. **'एकभक्तं'**ની ગાથા નાખી છે ને, શ્રીમદ્ નાખી છે. **'एते खलु मूलगुणाः'** એ વિકલ્પ છે, એ શુભરાગના આ બધા પ્રકાર છે. પાંચ વ્રત, ઈન્દ્રિયનિરોધ, લોચ, છ આવશ્યક, અચેલપણું-વસ્ત્ર નહિ એવો વિકલ્પ. અસ્નાનપણું, ઊભા ઊભા (એક વખત આહાર), ક્ષિતિશયન એટલે નીચે સૂવું જમીન ઉપર, અદંતધોવન, ઊભા ઊભા ભોજન, એક વખત આહાર એવા અઠ્યાવીસ મૂળગુણનો જે વિકલ્પ છે, કહે છે એ કષાયનો કણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે અત્યારે તો કેટલાક કહે છે, તીર્થંકરોએ પંચ મહાવ્રત પાળ્યા, કુંદકુંદાચાર્યે અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા. અરે.. ભાઈ! હતા એને પાળ્યા એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. વ્યવહારનય એટલે પાળ્યા નથી અને છે એનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે.

અહીં ઈ કહે છે. પોતે કુંદકુંદાચાર્ય પોતાની સ્થિતિનું વર્ણન (કરતા કહે છે). એને તો દશા થઈ ગઈ છે, પણ થવા પહેલા આમ હતું અમારે અને લેનારને પણ આવું પહેલું હોય છે. કહે છે કે **'કષાયકણ વિદ્યમાન હોવાથી...'** અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ, સામાયિક કરું, ચૌવિસંથો તીર્થંકરની સ્તુતિ, ગુરુને વંદન, પ્રતિક્રમણ વગેરે છ આવશ્યક. એક વાર આહાર ઊભા ઊભા આહાર, જમીન ઉપર સૂવું એવા જે અઠ્યાવીસ પ્રકારનો કષાયનો કણ વિકલ્પ છે એ આવે છે. એ પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે. ભાષા દેખજો. ઓલી નિર્વાણની પ્રાપ્તિ કહેશે. વીતરાગચારિત્ર જે સાતમા ગુણસ્થાનનું ચારિત્ર છે એ ઉપયોગ સામ્યભાવ-વીતરાગભાવ એ મુક્તિનું કારણ છે અને એ પહેલા અંદર ત્રણ કષાયનો અભાવ હોય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર તેટલું હોય છે, સાથે આ અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ હોય છે. એ પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે. સમજાણું કાંઈ? સાધુપદ કોને કહીએ? એને અંગીકાર કરવું હોય, ચારિત્ર વિના મુક્તિ નથી પણ ચારિત્ર કેવું હોય એની એને ખબર ન મળે. ચારિત્રની

પ્રાપ્તિ, દર્શન-જ્ઞાનની પ્રાપ્તિ વિના ચારિત્રની પ્રાપ્તિ હોય નહિ. હવે એની ખબર નહિ અને પાધરું (લઈ લ્યે). આ તો જગતના જીવની સ્થિતિ છે, સ્વતંત્ર છે જીવ. આ તો અસ્તિથી સમજાવાય છે. આવો માર્ગ છે ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, કષાયકણ જીવને પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે એવું સરાગચારિત્ર. એ સરાગચારિત્ર એટલે અંદર ત્રણ કષાયનો અભાવ તો છે પણ જોડે વિકલ્પ છે માટે તેને સરાગચારિત્ર કહ્યું છે. સમજાય છે કાંઈ? એ '**ક્રમે આવી પડ્યું હોવા છતાં...**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પંચ પરમેષ્ઠીનું આશ્રમધામ વિશ્રામઠામને હું પામ્યો છું અને પામતા વચમાં આગળ વધતા મારામાં આવા અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ જે કષાયનો કણ છે, પુણ્ય પ્રાપ્તિનું કારણ છે, ચારિત્રની પ્રાપ્તિનું કારણ નહિ અને મોક્ષની પ્રાપ્તિનું કારણ નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞનો કહેલો ચારિત્રમાર્ગ નિર્ગ્રંથમાર્ગ અલૌકિક છે! આહા..! અને એ ચારિત્રની પ્રાપ્તિ વિના મુક્તિ કોઈ દિ' હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? મોક્ષ કોઈ દિ' ચારિત્ર વિના હોય નહિ. પણ એ ચારિત્ર સમ્યગ્દર્શનના સંપાદન વિના હોય નહિ. આહા..હા..! અને એ સમ્યગ્દર્શન અને જ્ઞાન આત્માના આશ્રય વિના હોય નહિ. સમજાણું કાંઈ?

આ તો ભાષાના વાંધા ઉઠ્યા ને. ભાષા કરી. ભાષા કોણ કરે? અહીં તો કહે છે, અહીં વિકલ્પ ઉઠ્યો એ કષાયનો કણ છે ને. શેઠી! ભાષા તો જડની પર્યાય છે. કોણ કરે જડને? આહા..હા..! પણ કાંઈક આશય તો આવતો હશે ને ભાષામાં? ન હોય તો સમજાવવાનું ભાષામાં કેમ આવ્યું? પણ ભાષામાં કાંઈક આશય ન આવતો હોય જીવનો તો ઓલાને સમજવામાં કેમ આવ્યું? કહો, સમજાણું આમાં? ભાષા તો વચમાં મફતની જડની પર્યાય છે. સમજાય છે? આત્મા એમાં આવ્યો નથી, આત્મા એને અડતોય નથી, તેમ સાંભળનાર ભાષાને અડતોય નથી. આહા..હા..! આ વાત. શેઠ! ભાષા તો જડની પર્યાય છે. જડની પર્યાય અડે ચૈતન્યને? એનું જ્ઞાન થાય છે એનાથી ત્યારે ભાષા નિમિત્ત કહેવાય. નિમિત્તનો અર્થ કર્તા-ફર્તા નહિ, એને લઈને એનું અસ્તિત્વ નહિ એમ એનો અર્થ છે. ભાષાની પર્યાયના હોવાને લઈને એની જ્ઞાનની પર્યાયનું હોવાપણું, આના હોવાને લઈને આ હોવાપણું એમ નહિ. એને નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ?

એમ જ્ઞાનીનો જ્ઞાનપર્યાય કે વિકલ્પ કે જોગ-કંપન્ન (છે) માટે ભાષા છે, એ નિમિત્ત કહેવાય આને, પણ આ નિમિત્ત છે તો ભાષાની પર્યાય છે એમ નથી. આહા..હા..! ભાષાની પર્યાયની યોગ્યતા એ સમયે નથી એવી? નિમિત્ત એને અનુકૂળ છે. ભાષાની પર્યાયને એ નિમિત્ત અનુકૂળ છે. એટલે પરમાણુની પર્યાય પોતાને કારણે અનુરૂપપણે પરિણમે છે. આકરી વાત છે ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યનો પર્યાય મુનિનો, જ્ઞાનીનો, કેવળીનો, ભાષાની પર્યાય તો જડની છે, એમાં જાય છે? આ તો વાત ભાઈ વીતરાગમાર્ગ એવો છે કોઈ. લોકોને સ્વતંત્રતાની ખબર નથી. આહા..હા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ટાણું આવે ત્યારે કહે ને. હમણાં ફેરવી નાખ્યું પાછું. નિમિત્તથી તો એમ જ કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, મારા અંદર આત્માની દશામાં પોતાની વાત કરીને જગતને સમજાવે છે. સમ્યગ્દર્શન અને જ્ઞાનને પ્રાપ્ત થઈને હું ચારિત્રને પ્રાપ્ત થયેલો (છું), પણ વચમાં હજી રાગનો કણ આવ્યો છે પંચ મહાવ્રત આદિ, એને ઓળંગી જઈને. છે? '**દૂર ઓળંગી જઈને,...**' ભાષા જુઓ, '**દૂર ઓળંગી જઈને,...**' એટલે એ રાગનો હું અડતોય નથી. આહા..હા..! આમ ગુલાંટ ખાઈને સ્થિરતા થઈ જાય છે મને ચારિત્રની, રાગને અડ્યા વિના. '**દૂર ઓળંગી જઈને, જે સમસ્ત કષાયક્લેશરૂપ કલંકથી ભિન્ન હોવાથી...**' ભાષા જુઓ. જુઓ! પોતાની વાત કરે છે અને વીતરાગચારિત્રમાં સમસ્ત કષાયક્લેશ કલંકથી ભિન્ન કીધું. કેટલાક એમ કહે છે, લ્યો સમસ્ત કષાયકલંકથી ભિન્ન તો બારમે ગુણસ્થાને હોય. હવે સાંભળને. સમજાણું કાંઈ? ઓલો વિકલ્પ જે હતો પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણનો એ ગયો અને સ્થિરતા થઈ એટલે સમસ્ત કષાય રહિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે..! સમજવાના વાંધા, શ્રદ્ધવાના વાંધા, હવે એને ચારિત્ર ક્યાંથી હોય? સમજાય છે કાંઈ?

સમસ્ત કષાયક્લેશ છે કહે છે. ઓહો..હો..! ઈ પંચ મહાવ્રતના પરિણામ શુભજોગ છે, શુભ ઉપયોગ છે, ક્લેશ છે. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ વ્યવહાર પંચ મહાવ્રત જે અહિંસા (છે), એ ક્લેશ છે, કષાયઅગ્નિ છે. સમજાણું કાંઈ? '**નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે એવા...**' નિર્વાણની પ્રાપ્તિ. ઓલામાં એમ કીધું હતું, પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ એમ કીધું હતું. ત્યારે હવે (કહે છે), '**નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે એવા વીતરાગચારિત્ર નામના સામ્યને પ્રાપ્ત કરું છું.**' કરું છું એમ કહે છે. પોતે પંચમ આરાના સંત પોતે કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય બેય દિગંબર મુનિ છે, બાહ્ય નગ્ન દશા છે પણ હું તો વીતરાગચારિત્ર, જેમાં રાગનો પંચ મહાવ્રતનો વિકલ્પ પણ નથી એવી મારી વીતરાગ દશાને હું પ્રાપ્ત કરું છું, કે જે વીતરાગ દશા મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કષાયક્લેશરૂપ કલંક...**' આહા..હા..! ભાષા તો જુઓ. અરે..! વચ્ચે પંચ મહાવ્રતનો વિકલ્પ આવે, પરની દયાનો, ભક્તિનો વિકલ્પ (આવે), કહે છે કે એ કષાયક્લેશ કલંક છે, હોં! આહા..હા..! સમજાણું કાંઈ? શોભાલાલજી! કલંક છે. ચારિત્રદશા પ્રાપ્ત થવા પહેલા આ બધું કલંક છે કહે છે. આહા..હા..! ત્યારે ઓલો કહે છે, પંચ મહાવ્રત ને અઠ્ઠાવીસ મૂળગુણ એ જ ધર્મ. અને એનાથી આગળ ચારિત્ર અને એ મુક્તિનું કારણ. અરે.. ભગવાન! ભૂલ્યો બહુ મોટો. ભગવાન ભૂલાની ખડકીએ ચડી ગયો. છે ને આત્મારામની? આત્મારામ છે ને આ? એ ભગવાન ભૂલાની ખડકીમાં (રહેતા). એના કુટુંબમાં ભગવાન ભૂલા થઈ ગયા. નામ આત્મારામ છે અને ભગવાન ભૂલા એના કુટુંબમાં થઈ ગયા એની ખડકીમાં રહે છે ઈ. કહો,

સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત કરે છે.

ભાઈ! તારો તો સમરસ શાંતસ્વભાવ. એ પંચ મહાવ્રતના વિકલ્પના અગ્નિને શાંત કરવાની તારી તાકાત છે કહે છે. આહા..હા..! અંતરમાં વીતરાગી પર્યાય પ્રગટ કરી અને એ કષાયકલંકની અગ્નિની ભઠ્ઠીને શીતળ શાંત કરી નાખે, બાળીને રાખ કરી નાખે એવો તારો સ્વભાવ છે. શીતળ જળ નાખી કષાયનો કણ છોડી દે. આહા..હા..! એ પોતે ચૈતન્યબિંબ છે એની શાંતિની પર્યાય પૂર્ણ... શાંતિ કહો, સામ્ય કહો, વીતરાગચારિત્ર કહો, ધર્મ કહો—એક જ વાત છે. શુદ્ધ ઉપયોગ કહો. કહે છે કે એ શુદ્ધ ઉપયોગને હું '**કષાયકક્લેશરૂપ કલંકથી ભિન્ન હોવાથી નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે એવા વીતરાગચારિત્ર નામના...**' વીતરાગચારિત્ર કહો કે સામ્ય કહો. સમતા, આ સમતા. પંચ મહાવ્રતના, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે એ વિષમ છે, ક્લેશ છે. સમજાય છે? કલંક છે.

ભગવાન આત્મા.. કહે છે કે હું વીતરાગચારિત્રને (પ્રાપ્ત કરું છું). જુઓ, પંચમ આરાના મુનિ પોતાની વાત કરે છે. આ તો કહે કે આવું ચારિત્ર અત્યારે ન હોય, ચોથે આરે હોય અને અત્યારે ન હોય. અત્યારે સરાગચારિત્ર જ હોય એમ કહે છે. જેઠાલાલભાઈ! દરકાર ક્યાં કરી છે માણસે વિચારવાની. શું સત્ય છે? અરે..! આવા કાળમાં અનંત કાળે માંડ મળ્યો એને ટાઈમ, ભવના અભાવના કાળમાં ભવના અભાવ કેમ થાય એના વિચાર કર્યા નહિ, નિર્ણય કર્યા નહિ અને એમ ને એમ ઓઘે ઓઘે (કૂટે). એમ કંઈ માર્ગ (હાથ ન આવે). આ તો વીતરાગનો માર્ગ છે ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરો જે રસ્તે ગયા એનો આ રસ્તો છે. સમજાણું કાંઈ?

કહે છે, '**એવા વીતરાગચારિત્ર નામના...**' ભાષા સમજ્યાને? '**સામ્યને પ્રાપ્ત કરું છું.**' પાઠમાં સામ્ય છે ખરું ને. સામ્ય-વીતરાગ પરિણતિ, શુદ્ધ ઉપયોગ દશા, ચારિત્રની રમણતા, રાગરહિતની વીતરાગ અવસ્થા તેને પ્રાપ્ત કરું છું એમ કહે છે. એને પ્રાપ્ત થશે એમ નથી કીધું. ભવિષ્યમાં પ્રાપ્ત થશે આવું વીતરાગચારિત્ર-સામ્ય એમ નથી. આ તો વર્તમાન પ્રાપ્ત કરું છું એમ છે દેખો! સમજાણું કાંઈ? એ મુનિની આ દશા હોય. એને ણમો લોએ આઈરિયાણં, ણમો લોએ ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણંમાં ભળે. આવી દશા ન હોય એ ત્રણ પદમાં ભળે નહિ. આહા..હા..! શું સમજાણું કે નહિ? ઓલા પણ ઠીક છે, લૂગડાવાળા ને ઓલા સાધુ પણ કાંઈક ઠીક છે. જય મહારાજ! એઈ.. મનસુખ! ક્યાં ગયો હસમુખ છે કે ગયો? છે? ઠીક. કહો, સમજાણું આમાં? ભાઈ! તને ખબર નથી. ચારિત્રની દશા જ્યાં નથી એને ચારિત્રવંત માનવો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું મોટું કલંક પાપ લાગે છે એને. ખબર ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્ત્ર સહિતવાળા ને સ્ત્રીને મુનિપણું હોઈ શકે જ નહિ. અને એને માને મુનિપણું તો એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાજ્ઞાનમાં રમે છે. પણ અહીં તો કહે છે, ચારિત્રની દશાનું જેવું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એવા વીતરાગ ચારિત્રને

પ્રાપ્ત થાઉં છું. છે તો વિકલ્પ બોલવા ટાણે, પણ મારું ધ્યેય ત્યાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા તો એવી છે. લ્યો, વીતરાગ સામ્યને પ્રાપ્ત કરું છું. વિકલ્પ તો અત્યારે લખવા ટાણે છે. પણ હોવા છતાં એનો અભાવ મારામાં છે. વર્તમાનમાં દૃષ્ટિમાં તો ભાવ છે પણ મારે સ્થિરતા કરવાની મારી ભાવના છે. એ ભાવનાને શુદ્ધ ઉપયોગ વર્તમાન પ્રાપ્ત છે એમ કહી દીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે કહે છે, '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રના ઐક્યસ્વરૂપ એકાગ્રતાને હું અવલંબ્યો છું...**' ભાષા દેખો. પર્યાયને અવલંબ્યો છું. જ્ઞાનપ્રધાન કથન છે ને. અવલંબન તો દ્રવ્યનું છે, સમજ્યા ને? પણ મારી પર્યાયમાં પ્રાપ્તિ આ પ્રકારની છે. કેવી? સમ્યગ્દર્શન–ભગવાન આત્માની નિર્વિકલ્પ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન એની મને પ્રાપ્તિ (છે). સમ્યગ્જ્ઞાન—એ શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન, એમાં સમ્યક્ચારિત્ર. વીતરાગ પર્યાયની રમણતા એકરૂપ એકાગ્રતા. એ ત્રણની એકસ્વરૂપ એકાગ્રતા, ત્રણની એક સ્વરૂપ એકાગ્રતા. '**ઐક્ય સ્વરૂપ એકાગ્રતાને હું અવલંબ્યો છું**' એટલે મેં પ્રાપ્ત કર્યું છે એનો અર્થ અવલંબ્યો છું. એ પર્યાયને પ્રાપ્ત કરી છે એ અવલંબ્યો છું એનો અર્થ ઈ. ઓલું રાગનું અવલંબન, પહેલું જે લક્ષ હતું એ છૂટીને અત્યારે ચારિત્રની વીતરાગ પર્યાયને મેં પ્રાપ્ત પ્રગટ કરી છે એનું નામ અવલંબ્યો છું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અવલંબનનો આધાર તો દ્રવ્ય છે. ચારિત્રનો, દર્શનનો, જ્ઞાનનો આધાર અવલંબન તો દ્રવ્ય છે. પણ દ્રવ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ છે એવી જ મેં વીતરાગી પર્યાય પ્રગટ કરી છે માટે હું એને અવલંબ્યો છું. રાગને નહિ, નિમિત્તને નહિ એમ કહેવા માગે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઐક્યસ્વરૂપ, '**ઐક્યસ્વરૂપ એકાગ્રતાને હું...**' પાછી એમ ભાષા છે. ઓલા કેટલાક કહે કે 'હું' એમાં તો અભિમાન આવી ગયું. પરથી જુદો પડ્યો. એટલે એમ નહિ, બધું એક રાખો. અરે..! એમ નથી સાંભળને. આવા ને આવા નગુરા જાગ્યા છે. સમજાણું કાંઈ? હું અવલંબ્યો છું, અસ્તિપણે સિદ્ધ કરે છે. હું ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ એને દર્શન, જ્ઞાન અને વીતરાગી પર્યાયને મેં પ્રાપ્ત કરી છે એ મારું અવલંબન છે, એ મારું શરણ છે. સમજાણું કાંઈ?

'**એવો (આ) પ્રતિજ્ઞાનો અર્થ છે.**' લ્યો, આ પ્રતિજ્ઞા લીધી, પ્રતિજ્ઞા. કહે છે ને પ્રતિજ્ઞા લ્યો, પણ પ્રતિજ્ઞાનો અર્થ શું? સમ્યગ્દર્શન, જ્ઞાનની વીતરાગની પર્યાય પ્રાપ્ત કરી એ પ્રતિજ્ઞાનો અર્થ છે. ઉપરથી આમ બોલ્યા કે પ્રતિજ્ઞા આપો. એમ નહિ પ્રતિજ્ઞા એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે ને? '**गतोऽस्मीति प्रतिज्ञार्थः**' સંસ્કૃતમાં છે. '**એવો (આ) પ્રતિજ્ઞાનો અર્થ છે.**' મેં પ્રતિજ્ઞા કરી એટલે કે મારું શુદ્ધ જ્ઞાનાનંદ પવિત્ર ધામ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની વીતરાગની પરિણતિ એનું એકસ્વરૂપ જે એકાગ્રતા એ પ્રગટ કરી મેં, એ મારી પ્રતિજ્ઞા. એ પ્રતિજ્ઞાનો એ અર્થ. સમજાણું કાંઈ? ભાષા બોલ્યા

કે પ્રતિજ્ઞા લીધી, વિકલ્પ આવ્યો કે પ્રતિજ્ઞા લીધી એ નહિ, એમ કહે છે. આહા..હા..! જુઓને એ ટીકા અમૃતચંદ્રાચાર્યની. આહા..હા..! વીતરાગભાવને રેલમછેલ કર્યો છે. વીતરાગ માર્ગમાં તો વીતરાગભાવ જ સમભાવ હોય ને. એ આ જાતનો વીતરાગભાવ હોં! રાગ મંદ કરે અને સમતા રાખે એ સમતા નહિ.

મારા સ્વરૂપને અખંડ પૂર્ણાનંદ પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એનું ઐક્યસ્વરૂપ એવી એકાગ્રતા એ મેં પ્રાપ્ત કરી છે, એ મેં પ્રતિજ્ઞા કરી એવો એનો અર્થ છે. સમજાણું કાંઈ? આવે છે ને પહેલું ઈ? પ્રતિજ્ઞા નહિ? પાઠમાં છે ને? નિર્વાણપ્રાપ્ત ઈ? ક્યાં? ત્રીજું પાનું? ઓલું માથે લખ્યું હતું ને, ઈ. આશ્રય કરતા થકા પ્રતિજ્ઞા કરે છે ઈ. છે ને? '**(સન્માનીને) સર્વ આરંભથી (ઉદ્યમથી) મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા, પ્રતિજ્ઞા કરે છે.**' આહા..! સમજાણું કાંઈ?

'**આ રીતે ત્યારે...**' હવે અમૃતચંદ્રાચાર્ય કહે છે. '**આ રીતે ત્યારે આમણે...**' પોતાની સ્થિતિ પણ એ જ છે, પણ કુંદકુંદાચાર્ય છે ને એમના (-ગાથાના કર્તા) એટલે... '**આમણે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે) સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો.**' સાક્ષાત્ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરી. આહા..હા..! જુઓ આ મોક્ષનો માર્ગ. આ મારો આવો મોક્ષમાર્ગ છે ભાઈ! આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ દર્શન-જ્ઞાનથી ભરેલો એમાં કોઈ રાગ થયો નથી. પારિણામિકભાવ તો એનો દ્દષ્ટા અને જ્ઞાતા ત્રિકાળસ્વરૂપ છે. એની સન્મુખનું સમ્યગ્દર્શન અને એના સન્મુખનું જ્ઞાન અને એમાં વીતરાગપરિણતિ એ ત્રણની એકતાસ્વરૂપને અવલંબ્યો એ મારો મોક્ષનો માર્ગ છે. એ '**સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો.**' લ્યો. સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો વર્તમાન એમ કીધું છે. મને થશે અંગીકાર, મોક્ષમાર્ગ પછી પ્રાપ્ત થશે એમ નથી. આહા..હા..! એવી ખબર પડી જાય? સમ્યગ્દર્શન, જ્ઞાન વીતરાગની પર્યાયને હું પ્રાપ્ત થયો એવી ખબર પડી જાય છદ્મસ્થને? એ રતિભાઈ! હા, એમ કહે છે. આહા..હા..! સાક્ષાત્ મોક્ષમાર્ગને પ્રાપ્ત કર્યો એનો અર્થ—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના ઐક્યસ્વરૂપ એવી એકાગ્રતા એ મેં અંગીકાર એટલે ત્રણેનું જ્ઞાન, ભાન છે. ત્રણેને મેં પ્રાપ્ત કર્યું છે એવી મને ખબર છે. એ મેં અંગીકાર કર્યા એ મને ખબર છે. મારી દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતાનું સ્વરૂપ મને પરિણમ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભાષાની વાત નથી, હોં! ભાવની વાત છે.

તદ્દન ધ્રુવ વિકલ્પ રાગથી ભિન્ન એવી ચીજની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ, શાંતિ કહો કે સમભાવ કહો, એમાં એકાગ્રતારૂપ અવલંબન પ્રગટ કર્યું એ સાક્ષાત્ મારો મોક્ષનો માર્ગ. એનાથી મને મોક્ષ થશે એવો માર્ગ મેં અંગીકાર કર્યો છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? મારો મોક્ષ થશે એવો મેં માર્ગને અંગીકાર કર્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :— અંદરનો હુંકાર આવ્યો છે.

ઉત્તર :— અંદરનો.

'સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો.' લ્યો, આ મોક્ષમાર્ગ. કોઈ કહે કે વ્યવહારમોક્ષમાર્ગ અત્યારે હોય. નિશ્ચયમોક્ષમાર્ગ અત્યારે ન હોય. આઠમું ગુણસ્થાન આવે ત્યારે હોય. અરે.. ભગવાન! શું તું કરે છે ભાઈ? આ વીતરાગમાર્ગ આવો ન હોય, ભાઈ! સમજાણું કાંઈ? વીતરાગવિજ્ઞાનનો ઘન ભગવાન, બસ એના અવલંબે પ્રગટેલી વીતરાગ વિજ્ઞાનદર્શન, જ્ઞાન અને ચારિત્ર એ જ સાક્ષાત્ મોક્ષનો માર્ગ છે. બીજો મોક્ષનો માર્ગ નથી. વળી વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ, એ તો કીધું કે કષાયનો કણ છે એ તો. એ તો પુણ્યની પ્રાપ્તિનું કારણ છે. વ્યવહારદર્શન, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર તો પુણ્યબંધની પ્રાપ્તિનું કારણ છે. એ તો કષાયક્લેશ કલંક છે. આહા..હા..! પણ ચૈતન્ય આમ વીતરાગવિજ્ઞાનનો ઘન છે, પિંડ છે એમાંથી અનંતી વીતરાગતા વહે તોપણ એ પ્રવાહ, એટલી શક્તિ ખૂટે નહિ એવો એનો સ્વભાવ (છે). અનંતકાળ અનંતકાળ વીતે તોપણ સ્વરૂપાચરણની સ્થિરતા જે થઈ છે એ એમ ને એમ એક સમયની થઈ, એ બીજે સમયે, ત્રીજે સમયે ચાલ્યા જ કરશે. આહા..હા..! એવો નિધાન—નિધિ એવો ભગવાન એને મેં દર્શન, જ્ઞાન, ચારિત્રથી પર્યાયની પ્રાપ્તિ કરી છે, સાક્ષાત્ મોક્ષમાર્ગને હું પામ્યો છું એમ કહે છે. ભગવાન આમ કહે છે માટે હશે એમ નહિ.

મુમુક્ષુ :— પાક્કી શ્રદ્ધા પોતાને છે.

ઉત્તર :— અનુભવનું ભાન છે બધું. એકલી શ્રદ્ધા એમ નહિ. વેદનમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગતાની પર્યાયનું વેદન છે. સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો છે. આહા..હા..! ધન્ય અવતાર છે ને! સમજાણું કાંઈ? એ પળ ધન્ય છે ને! એમ કહે છે. શ્રીમદ્ પણ કહે છે ને? 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' ભાવના કરે છે. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે'. એનું ભાન તો છે કહે છે. હવે 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' બાહ્યમાં નિર્ગ્રંથ નગ્ન દશા, અભ્યંતરમાં રાગ રહિત વીતરાગદશા. સમજાણું કાંઈ? 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો, એથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે' 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો...' જુઓ! પહેલું સમકિત લીધું. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું...' ચૈતન્ય એટલે આ દર્શન-જ્ઞાનથી ભરેલો એકલો આત્મા. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન' 'એથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે' સ્વરૂપમાં સ્થિરતા ઠરતા ઠરતા ચારિત્રની અસ્થિરતા નાશ થાય છે, એવી સ્થિરતા પ્રગટ થાય એવો અપૂર્વ અવસર ક્યારે આવશે? સમજાણું કાંઈ?

'દ્રવ્ય ભાવ...' આવે છે ને? 'નિર્ગ્રંથમય...' દ્રવ્યે અને ભાવે. અહીં તો ભાવની વાત છે. એમાં વ્યવહારની નિમિત્તતા, નગ્નતાની એ વાત ગૌણ છે. ચરણાનુયોગમાં એને પ્રસિદ્ધ કરશે. સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે અંદર મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય આવો, એ વસ્ત્રમાં પાત્રમાં હોય, ઘરે બાયડીવાળો હોય ને ઘરે મકાન હોય અને આ થાય, એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એવી કથા આવે છે એક શ્વેતાંબરમાં. કેવું નામ? ભૂલી ગયા. સુરમાપુત્ર

કેવળી. ઘરમાં કેવળજ્ઞાન થયું. પછી શાકભાજી ઘરમાં લાવ્યા લોકો. છરી જોઈતી હતી તો છરી હાથ આવે નહિ. કોઠીની પાછળ છરી પડી હતી. એટલે કેવળજ્ઞાનીએ કહ્યું કે એ છરી પડી. ઠીક, કેવળજ્ઞાનનો ઉપયોગ ઠીક કર્યો. અરે..! સમ્યગ્દૃષ્ટિની દશામાં એને બતાવું, ન બતાવવું એનો વિકલ્પ ઉઠે એ પણ દુઃખદાયક છે કહે છે. આહા..હા..! સમજ્યા ને?

મુમુક્ષુ :— કેવળજ્ઞાની બતાવે...

ઉત્તર :— કેવળજ્ઞાની બતાવે ઘરમાં, જો પડી. કથા છે ને. ખુશાલદાસ હતા ને? ... એણે બહુ ટીકા કરી હતી કે આવી વાતું જૈનદર્શનમાં એ કથાને આ કુંવરજીભાઈ સ્વીકારે. એમ કહ્યું હતું તે દિ' ભાઈ. આ કુંવરજીભાઈ નહિ, આણંદજી કુંવરજી. કેવા? કુંવરજી આણંદજી, કુંવરજી આણંદજી. ઘણા વર્ષ પહેલા, ઘણા વર્ષની વાત છે. ઘણા વર્ષ થઈ ગયા, ૪૦-૪૫. આવી વાતું હાલે એને આ બધા સ્વીકારે, એને છે શું આ? કેવળજ્ઞાની ઘરમાં રહે.. સમજાય છે? છરીને બતાવે, રાગને આ તે શું વાત છે? સાધુ હોય એ ઘરમાં ન હોય, એ તો જંગલમાં હોય, એની નગ્ન દશા હોય. એને બાયડી, છોકરા ને ભાષા છરી બતાવવાનો વિકલ્પ અને ભાષા હોય એને? મારીને ઊંધુ જ માર્યું છે ને બધું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— દિવ્યધ્વનિ ખરી...

ઉત્તર :— દિવ્યધ્વનિ ઘરમાં ખરતી હશે. માર્ગને બગાડી માર્યો, વીતરાગમાર્ગને ચૂંથી માર્યો. બાપુ! વીતરાગભાવ, બાપુ! શાંતરસ એ ચીજ છે બાપુ!

કહે છે, સાક્ષાત્ મોક્ષમાર્ગને મેં અંગીકાર કર્યો, લ્યો. આહા..હા..! એ પાંચ ગાથા થઈ.

'**હવે આ જ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) વીતરાગચારિત્ર ઈષ્ટ ફળવાળું હોવાથી...**' જુઓ, એ રાગ રહિત આત્માની શાંતિ, શુદ્ધ ઉપયોગ તે ઈષ્ટ ફળ, જેનું ઈષ્ટ ફળ છે મોક્ષ. '**તેનું ઉપાદેયપણું...**' તે જ અંગીકાર કરવા લાયક છે. '**અને સરાગ ચારિત્ર...**' જે રાગ આવે પંચ મહાવ્રત આદિનો એ '**સરાગચારિત્ર અનિષ્ટ ફળવાળું...**' છે, એ પુણ્યબંધનું કારણ છે. '**તેથી તેનું હેયપણું વિવેચે છે :—**' વીતરાગચારિત્ર તે અંગીકાર કરવા લાયક છે. વ્યવહારનો વિકલ્પ છે જે પંચ મહાવ્રતનો એ હેય છે, આદરવા લાયક છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અઠ્ઠાવીશ મૂળગુણનો ઓલો એક નીકળ્યો છે ને, ક્ષીરસાગર. તત્ત્વાર્થસૂત્રમાં ઈ નાખી દીધું છે, સંવરમાં, અઠ્ઠાવીસ મૂળગુણ ને. નવું તત્ત્વાર્થ સૂત્ર બનાવ્યું એણે ઘરનું. જેનું હાલે એનું હાલે, કોઈ પૂછનાર ન મળે. ઉમાસ્વામી જેવાએ તત્ત્વાર્થસૂત્ર બનાવ્યું, હવે એમાં ભૂલ કાઢીને નવું કરે. મહા સંતો દિગંબર મુનિઓ એટલે ભગવાનના ઘરને ભેટી ગયેલા. આહા..હા..! એના શાસ્ત્રો, એની કિંમત લોકો શું સમજે. એમાં ભૂલ કાઢે કોઈક વળી સાધુ. હું પણ સાધુ. ભાઈ! તને ખબર ન મળે. એમાં અઠ્ઠાવીસ મૂળગુણ નથી, એમાં જઘન્યપણું દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી. એમાં જઘન્ય નાખ્યું છે. ભાઈ! નવું બનાવીને. જઘન્ય દર્શન, જ્ઞાન, ચારિત્રનું ... નથી અને આ બધું માનશે, એ મારે જઘન્ય દર્શન, જ્ઞાન, ચારિત્ર. એટલે

સૂત્રનું નાખ્યું છે. ઉમાસ્વામી. અરે.. ભગવાન! શું કરે છે તું? જઘન્ય દર્શન, જ્ઞાન, ચારિત્ર... ઉત્કૃષ્ટ દર્શન, જ્ઞાન શબ્દ છે. સૂત્રનું આવ્યું હતું છાપામાં ક્યાંક. આહા..હા..! કોઈ પૂછનાર ન મળે. ભરવાડ વિનાની ગાયું એકલી જંગલમાં સ્વચ્છંદે ફરે છે. ભરવાડ સમજો છો? ગોવાળિયા. ગોવાળિયા વિનાની ગાય.

પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માના વિરહ પડ્યા, સારા સંતોના વિરહ પડ્યા. જેને કલ્પના જેમ લાગી એમ માર્ગ ફેરવ્યો. ન ચાલે, ભાઈ! આ તો સર્વજ્ઞની પેઢી છે. સમજાય છે કાંઈ? અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યદેવ (કહે છે), વીતરાગચારિત્ર તે ઇષ્ટ ફળવાળું હોવાથી. કહો. '**તેનું ઉપાદેયપણું...**' તે જ અંગીકાર કરવા અને પ્રગટ કરવા લાયક છે. '**સરાગચારિત્ર અનિષ્ટ ફળવાળું હોવાથી તેનું હેયપણું વિવેચે છે :—**' છઠ્ઠી ગાથા.

**संपज्जदि णिव्वाणं देवासुरमणुयरायविहवेहिं।**
**जीवस्स चरित्तादो दंसणणाणप्पहाणादो।।६।।**

'राय' એટલે રાજ? 'राय'નો અર્થ શું? રાજા? રાજનો ... નીચે હરિગીત.

**સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની,**
**પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬.**

'**ટીકા :— દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી,...**' લ્યો, ઈ પાછું ઓલું લીધું ઈ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની જેમાં મુખ્યતા છે, એ વિના ચારિત્ર હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદનો કંદ પ્રભુ એનું અંતર્મુખનું નિર્વિકલ્પ જ્ઞાન, અનુભવ થઈને દર્શન અને એના ભાનનું જ્ઞાન, એ જે ચારિત્રમાં પ્રધાન નામ મુખ્ય છે. '**જ્ઞાનદર્શનપ્રધાન ચારિત્રથી, જો તે (ચારિત્ર) વીતરાગ હોય...**' શુદ્ધ ઉપયોગરૂપ ચારિત્ર અને જો વીતરાગ ચારિત્ર હોય '**તો, મોક્ષ પ્રાપ્ત થાય છે;...**' ઘણા તર્ક કરે છે, લ્યો ત્યારે વીતરાગપણું એને પોતાને હતું તો મોક્ષ પ્રાપ્ત કેમ ન થયો? એવી વાતું કરે છે. આમાં આવ્યું ને આ. સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને મેં અંગીકાર કર્યો છે. તો મોક્ષ થવો જોઈએ એને. સાંભળને, મોક્ષ જ છે. સાધુપદની દશા, કહેશે પાંચ રત્નમાં, પાંચ રત્નમાં કહેશે કે મોક્ષ જ છે, સિદ્ધ જ છે. સાંભળને હવે. સમજાણું કાંઈ?

નિયમસારમાં પણ કહે છે પદ્મપ્રભમલધારીદેવ, અરે..! સાધુમાં અને વીતરાગમાં ફેર પાડે છે એ મૂઢ છે. વીતરાગ અને સાધુ બેય એક જ છે. બેમાં ફેર નથી. પહેલા જરી ફેર ગણ્યો, પછી કાઢી નાખ્યો. સમજાણું કાંઈ? સાક્ષાત્ પરમાત્મા થયેલા છે જાણે એવી દશા છે. સમજાણું કાંઈ? કહે છે, સમ્યગ્દર્શન અને જ્ઞાન જેમાં મુખ્ય છે. એ મૂળ એકડો તો મુખ્ય છે. એવું જે ચારિત્રથી... એટલી વાત. '**જો તે (ચારિત્ર) વીતરાગ હોય...**' શુદ્ધ ઉપયોગ હોય, સામ્યભાવ હોય, અકષાય પરિણામ હોય '**તો, મોક્ષ પ્રાપ્ત થાય છે;...**' તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. '**અને તેનાથી જ...**' પાછી ભાષા છે. '**અને તેનાથી જ...**' એટલે ચારિત્ર

તો ખરું. સમજાણું કાંઈ? '**જો તે (સરાગ) હોય...**' પાછું તેનાથી એટલે ચારિત્ર તો ખરું. પણ ઈ ચારિત્ર વીતરાગ નથી પણ રાગવાળું જરી છે, વિકલ્પ છે એમ કહે છે. સાથે રાગ છે. આહા..! સમજાણું કાંઈ? પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણનો જો વિકલ્પ ભેગો હોય તો '(સરાગ) હોય તો...' '**તેનાથી જ, જો તે (સરાગ) હોય તો,...**' એટલે ચારિત્રની પરિણતિ સાથે રાગ હોય તો. એ ચારિત્રની પરિણતિ વીતરાગ પરિણતિ થઈ ગઈ હોય તો તો સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ભગવાન આત્મા દર્શન, જ્ઞાનપૂર્વક ચારિત્રની પરિણતિ હોવા છતાં એમાં રાગનો ભાગ રહી ગયો છે બાકી, એ જો હોય તો '**દેવેન્દ્ર...**' થાય. મરીને દેવેન્દ્ર થાય. પુણ્યની પ્રાપ્તિથી સ્વર્ગમાં જાય. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પદવો ક્યાં હતો? પદવીની ક્યાં વ્યાખ્યા છે અહીં? એને પુણ્ય બંધાય અને એને લઈને દેવનો ભવ ક્લેશકારી મળે એમ કહે છે. ઈ કહે છે જુઓને. '**વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે.**'

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નકાર છે પણ ભાવ છે કે નહિ? નકાર દૃષ્ટિ-જ્ઞાનની અપેક્ષાએ છે. ભાવ છે તો એનો પુણ્યબંધ છે. એની પર્યાયમાં છે કે નહિ? સમજાણું કાંઈ? મુનિ છઠ્ઠા ગુણસ્થાનના રાગમાં રહી જાય તો પુણ્યબંધ થઈને સ્વર્ગમાં જાય એમ કહે છે. આહા..! જુઓને! પાંચ પાંડવો ધ્યાનમાં ઊભા હતા અહીં શેત્રુંજય. નગ્ન મુનિ, મહા સમર્થ ઓહો..! બળવંત મોટા જોદ્ધાઓ. મુનિપણું વીતરાગ ચારિત્ર લઈ ઊભા હતા લ્યો. દુર્યોધનનો ભાણેજ આવી અગ્નિ.. છે ને આમાં ક્યાંક. અગ્નિ મૂકી અને લોઢાના.. આહા..હા..! ત્રણ મુનિ તો મોક્ષ પધાર્યા. ધર્મ(રાજા), ભીમ અને અર્જૂન. સહદેવ, નકૂલ બે નાના એને વિકલ્પ જરીક વિકલ્પ આવ્યો થોડો. અરે..! બહુ પ્રેમ હતો ને ગૃહસ્થાશ્રમમાં. સહોદર હતા ને સહોદર. અને અત્યારે સહધર્મી. સહોદર, સહધર્મી. એટલે જરી વિકલ્પ આવી ગયો કે કેમ હશે? આહા..! એમાં પુણ્ય બંધાઈ ગયું અને સર્વાર્થસિદ્ધિમાં ગયા.

મુમુક્ષુ :— અપની ચિંતા ન કરકે દૂસરે કી...

ઉત્તર :— એવો વિકલ્પ આવ્યો જરી. ચિંતા એટલે એટલો વિકલ્પ પોતાને છે. પુણ્ય બંધાઈ ગયું, સર્વાર્થસિદ્ધિમાં ગયા. એક ભવ ઈ અને બીજો ભવ તે, પછી મોક્ષ જાશે. બે ભવ થઈ ગયા. અને ત્રણ તો પોતાના સ્વરૂપમાં એકાકાર સ્વભાવના નિધાનમાં ઠરી ગયા છે. કેવળ પામીને મોક્ષ ગયા છે. આ શેત્રુંજય. સમજાય છે કાંઈ? એ સ્મૃતિનું સ્થાન છે. ત્યાં જઈને એ સ્મૃતિ આવે કે ઓહો..! ત્રણ પાંડવો અહીં મોક્ષ પધાર્યા. જે સ્થાન છે ત્યાં માથે છે ઉપર. એ માટે વ્યવહાર તરીકે વિકલ્પમાં ભક્તિનો ભાવ આવે. સમજાણું કાંઈ? પણ એ પુણ્યબંધનું કારણ છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— બે ભવ રહ્યા. બે ભવના ક્લેશમાં રહેવું પડ્યું.

કહે છે, '**દેવેન્દ્ર-અસુરેન્દ્ર...**' કોઈ ચારિત્રવંત હોય અને સમકિતમાં દોષ લાગી ગયો હોય, સમકિતમાં જરી, તો એ અસુરેન્દ્ર થાય. વ્યંતર ન થાય. સમ્યગ્દષ્ટિ અસુરમાં ન જાય. સમજાય છે કાંઈ? ભવનપતિનો દેવ થાય એ મિથ્યાત્વ થઈને જાય. એટલે એવી પણ એક વાત અંદર લઈ લીધી કુંદકુંદાચાર્યે. સમજાણું કાંઈ? નિર્ગ્રંથ મુનિ થયા સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, ચારિત્ર થાય પણ કોઈ અંદરમાં શ્રદ્ધામાં—સમ્યગ્દર્શનમાં ફેર પડી ગયો તો એને અસુરેન્દ્રનું આયુષ્ય બંધાઈ જાય. પછી મનુષ્ય થઈને મોક્ષ જાય. એવી રીતે લીધું છે અહીં. નહિતર સમ્યગ્દષ્ટિ અસુરેન્દ્રમાં જાય નહિ. સમ્યગ્દષ્ટિ હોય તો વૈમાનિક દેવમાં જ ઊપજે. એવો નિયમ છે. મનુષ્ય સમ્યગ્દષ્ટિ જ્ઞાની ચોથાવાળો, પાંચમાવાળો, છઠ્ઠાવાળો પહેલા આયુષ્ય બંધાણું ન હોય તો અહીંયા. તો એને છઠ્ઠાવાળાને તો આવું જ હોય, સ્વર્ગમાં જાય. અને '**નરેન્દ્ર...**' જુઓ! ત્યાંથી નીકળીને નરેન્દ્ર થાય પાછા. બે ભવ તો થઈ ગયા. સાથે રાગ રહી ગયો પંચ મહાવ્રતનો, અઠ્યાવીસ મૂળગુણનો, ભાન છે, દર્શન-જ્ઞાન છે, ત્રણ કષાયની પરિણતિ પણ છે અભાવની. પણ શુદ્ધ ઉપયોગ જામ્યો નથી એના ફળમાં દેવેન્દ્ર થાય, અસુરેન્દ્ર, નરેન્દ્ર થાય. ચક્રવર્તી થાય, કોઈ બળદેવ થાય, નરના ઈન્દ્ર.

એ વૈભવ. શેઠ! કેવો વૈભવ? '**ક્લેશરૂપ...**' ધૂળમાં શું છે ત્યાં? પદવી મળી વૈભવના ક્લેશની. આહા..! શાંતિ એટલી લૂંટાઈ ગઈ. સમજાણું કાંઈ? જુઓ! વીતરાગી મુનિના ભાવ. આહા..હા...! કહે છે કે '**વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે.**' પ્રાપ્ત થાય છે એમ કીધું ને. બંધ પ્રાપ્ત થાય છે. એમાંથી વૈભવની પ્રાપ્તિ થાશે. સ્વર્ગની પ્રાપ્તિ ક્લેશ છે. સમજાય છે? માટે વીતરાગપણું તે ઉપાદેય છે અને રાગ તે હેય છે એ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧, શનિવાર, તા. ૭.૯.૧૯૬૮**
**ગાથા-૬, ૭, પ્રવચન-૫**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વનું પ્રજ્ઞાપન કથન. છઠ્ઠી ગાથા. શું કહે છે? મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. સંસારના જન્મ-મરણના દુઃખના ક્લેશને નાશ કરનાર એવો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર(રૂપ) મોક્ષનો માર્ગ બંધના માર્ગનો નાશ કરનાર છે. એને અહીંયા ચારિત્રની

પ્રધાનતાની વ્યાખ્યા અત્યારે છે. કેમકે દર્શન, જ્ઞાન અને ચારિત્ર, આત્માનું દર્શન એટલે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમાનંદ સ્વરૂપ એની અંતરમાં નિર્વિકલ્પ પ્રતીતિ સ્વરૂપના ભાન સહિત એને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત હોતી નથી. અને એ દર્શન સાથે જ્ઞાન હોય છે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું સ્વસંવેદન જ્ઞાનનું જ્ઞાન—ચૈતન્યસ્વભાવનું જ્ઞાન એ પણ મોક્ષનો માર્ગ છે. હવે એ દર્શન, જ્ઞાન પ્રધાન જેમાં મુખ્ય છે પછી એને ચારિત્ર હોય છે. અને દર્શન, જ્ઞાન અને ચારિત્રની ત્રણની એકતા વિના મોક્ષનો ઉપાય પૂરો થયો કહેવાય નહિ અને એને મોક્ષ થાય નહિ. કહો, સમજાણું કાંઈ?

મોક્ષ એટલે પૂર્ણ શુદ્ધ દશા. આ સંસારદશા એટલે દુઃખદશા. ચાર ગતિના અવતારમાં બધે દુઃખ છે. એ દુઃખનો ક્લેશ ચાર ગતિના ક્લેશનો અંત લાવવો હોય એણે આત્માનું સમ્યગ્દર્શન પહેલું પ્રગટ કરવું જોશે. સમજાય છે કાંઈ? એ સમ્યક્ એટલે ચૈતન્ય જેવો અનંત ગુણનો પિંડ પવિત્ર છે તેવું જ તેના સ્વરૂપની અંતર ભાન કરીને પ્રતીત થવી અને તેનું જ્ઞાન થવું એ દર્શન અને જ્ઞાન એકસાથે હોય છે. જરી સ્વરૂપની સ્થિરતાનો અંશ પણ સાથે હોય છે. પણ અહીં તો ચારિત્રની (મુખ્યતાથી વાત છે). વીતરાગ ચારિત્ર ભેગું હોય ત્યારે તેને મોક્ષનો ઉપાય ત્રણનો એકાગ્ર થઈને એક થયો કહેવાય. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી...**' જેને દર્શન અને જ્ઞાન તો મુખ્ય છે એવા પછી ચારિત્રથી—સ્વરૂપની રમણતા વીતરાગભાવ... સમ્યગ્દર્શન, જ્ઞાન એ પણ અરાગી વીતરાગી દશા છે, પણ આ સ્વરૂપની વિશેષ ભગવાન આત્મા વીતરાગી વિજ્ઞાનઘન એમાં લીનતા-વિશેષ ચરવું-ઠરવું-આત્માના આનંદની શાંતિ આદિની સ્થિરતા વિશેષ થવી એ ચારિત્ર કહેવાય છે. આ ચારિત્ર થાય ત્યારે એને ખરેખર ચારિત્ર મોક્ષનું કારણ થાય અને એ ચારિત્ર ખરેખર ધર્મ છે. સમજાણું કાંઈ?

'**જો તે (ચારિત્ર) વીતરાગ હોય...**' એ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક વીતરાગી એટલે અરાગી જો ચારિત્રદશા-ચરવું-રમવું હોય '**તો, મોક્ષ પ્રાપ્ત થાય છે;...**' તો એને સંસારના ભાવનો અંત આવીને મોક્ષની દશા પૂર્ણ પ્રગટ થાય. કહો, સમજાણું કાંઈ? આહા..! '**અને તેનાથી જ, જો તે સરાગ હોય...**' સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત છે અને કેટલીક સ્વરૂપની પરિણતિ શુદ્ધ પણ હોય, પણ છતાં જ્યાં સુધી એને પંચ મહાવ્રતનો વિકલ્પ આદિનો છ આવશ્યક શુભરાગ હોય છે તેનો તે રાગ પુણ્યબંધનું કારણ છે. કહો, શાંતિભાઈ! આવું ચારિત્ર. આહા..હા..! શાંતિભાઈ કહેતા હતા, આવું ચારિત્ર મેં સાંભળ્યું નહોતું. કહો, સમજાણું કાંઈ? કેટલાક ટીકા કરે છે કે જુઓ, કેટલાક ચારિત્ર લેતા નથી. પણ ચારિત્ર કોને? દર્શન-જ્ઞાન વિના? જૈનશાસનમાં આવ્યું છે ખૂબ. જૈનશાસન. ત્યારે કેટલાકે વાત સાંભળી હોય ને. લ્યો, ન્યાં તો ચારિત્ર લેનારને ચારિત્ર છોડાવ્યા. પણ દર્શન વિના ચારિત્ર ક્યાંથી આવ્યું? એ.. શાંતિભાઈ! લ્યો, આ નમૂનો. એમને તો દીક્ષા લેવી હતી. નગ્ન મુનિ થવું હતું દિગંબર.

બૈરાં છે, છોકરા છે. પણ એણે સાંભળ્યું, આવું ચારિત્ર કેવું? અરે..! એ કંઈ લૂગડા (કાઢી) નાગા ફરે એ કંઈ ચારિત્ર કહેવાય? ભાઈ! ચારિત્રની દશા તો અલૌકિક છે.

પહેલું ચારિત્ર એટલે પહેલું સ્વરૂપ આત્માનું વીતરાગ વિજ્ઞાન નિર્વિકલ્પ વસ્તુ એ અનુભવમાં જ્ઞાનમાં આવે અને એમાં પ્રતીત થાય અને પછી પ્રતીતમાં એમ થાય કે આમાં ઠરીશ તો મને વીતરાગતા પ્રગટ થશે. એ ચારિત્ર છે. એ ચારિત્રમાં કહે છે કે જ્યાં સુધી પંચ મહાવ્રતમાં મુનિ તો નગ્ન જ હોય છે-અચેલ હોય છે, એક વાર આહાર હોય, એક વાર ઊભા ઊભા આહાર હોય, શયન ભૂમિ ઉપર હોય એવા એને વિકલ્પ હોય છે અઠ્યાવીસ મૂળગુણના ત્યાં સુધી, કહે છે કે એ રાગ છે એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું?

એ **'દેવેન્દ્ર-અસુરેન્દ્ર-નરેન્દ્રના વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે.'** આ સ્વર્ગના કે આ રાજા આદિના વૈભવનો ક્લેશ એને મળે, ઓલું પુણ્ય છે માટે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું દેખાય છે? ભાન નહિ તમને એટલે ક્લેશ ક્યાંથી લાગે? બળે છે અંદર કષાય અગ્નિ, એમ કહે છે. શોભાલાલજી! ભૈયાજી કહે છે કે અમને તો ક્લેશ દેખાતો નથી. જો અંદર કષાય ન હોય તો શાંતિ હોવી જોઈએ. કષાયનો અભાવ તે શાંત.. શાંત.. શાંતિની, આનંદની મીઠાશ હોવી જોઈએ. શાંતિની મીઠાશ નથી ત્યારે એનો વિરુદ્ધનો કષાય અગ્નિ સળગે છે. સમજાય છે કાંઈ?

ઈ કહે છે, મુનિ થાય, નગ્ન હોય, અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન હોય અને સ્વરૂપની શુદ્ધ પરિણતિ પણ કેટલીક હોય, છતાં એને પણ જો આવો પંચ મહાવ્રત આદિનો રાગ રહી જાય તો એ રાગમાં એને પુણ્યબંધ થાય અને એ પુણ્યબંધમાં એને દેવ, અસુરેન્દ્ર કે મનુષ્યના વૈભવના ક્લેશની પ્રાપ્તિ થાય. ભગવાનજીભાઈ! આ પૈસાની પ્રાપ્તિ થાય એને ક્લેશની પ્રાપ્તિ થાય? ધૂળેય થાતી નથી પૈસાની પ્રાપ્તિ, ક્યાંથી થાય છે? પૈસા ક્યાં એની પાસે છે? જડ છે એ તો. 'એ મને મળ્યા' એવો ભાવ છે એ ક્લેશ છે, કલંક છે, દુઃખ છે, ઉપાધિ છે, વૈભવ છે (એ) મેલ છે. સમજાણું કાંઈ? કહે છે કે જો એ મુનિ થઈને પણ જો એટલા પુણ્યના (ભાવમાં) પણ જો રોકાય તો એનાથી પુણ્યબંધ થઈ... સમ્યગ્દર્શન છે, જ્ઞાન છે, સ્વરૂપની શુદ્ધ પરિણતિ નામ નિર્મળ અવસ્થા પણ કેટલીક છે, પણ એ શુભરાગનો કણ વચ્ચે આવે એમાં જો રોકાશે (તો) પુણ્ય બાંધશે. આહા..હા..! જુઓ! વીતરાગ માર્ગ. અને એનાથી વૈભવ (મળશે).

**'દેવેન્દ્ર-અસુરેન્દ્ર-નરેન્દ્રના વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે.'** છે કે નહિ શેઠ? ક્લેશ છે કહે છે. ચાહે તો દેવ થાય ને ચાહે તો ચક્રવર્તી થાય ને ચાહે તો રાજા થાય અને ચાહે તો આ ધૂળના શેઠિયા થાય.

મુમુક્ષુ :— એવા વૈભવની ઈચ્છા તો નથી.

ઉત્તર :— ઈચ્છા નહિ પણ રાગ છે ને. ઈચ્છાનો ક્યાં પ્રશ્ન છે? રાગનું ફળ શું હોય? સંયોગ. રાગનું ફળ સ્વભાવ હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? રાગ છે એ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નથી. એટલે સંયોગીભાવથી સંયોગ મળે એના બંધનથી. આ ધૂળ મળે, આ બાયડી-છોકરા મળે, ઈન્દ્ર મળે, ઈન્દ્રાણી આદિ મળે એ તો ક્લેશ છે. બરાબર હશે આ? એ.. મોહનભાઈ! શું આ પૈસાવાળાને સુખી કહે છે ને માણસ? ના, પણ કહે છે ને, એ સુખી કહે છે ને. મૂર્ખાઓ ભેગા થઈને સુખી કહે કે નહિ એને? મૂર્ખા ભેગા થઈને સુખી કહે, હોં! પાગલની ઈસ્પિતાલમાં બધા પાગલે પાગલ. બહુ પાગલ હોય એને પાગલ કહે આ સારો પાગલ એમ કહે. શોભાલાલજી! ધૂળ કાંઈક પાંચ કરોડ મળે ને...

અહીં તો આચાર્ય કહે છે, બાપા! તને ખબર નથી, પ્રભુ! તું તારી શાંતિ, તારો વીતરાગ વિજ્ઞાનઘન સ્વભાવ છે. તારું સ્વરૂપ જ વીતરાગી એટલે રાગ વિનાનું, કષાય વિનાનું, પુણ્ય-પાપ વિનાનું અને જ્ઞાનનો પિંડ એ તારું સ્વરૂપ છે. એ સ્વરૂપની દૃષ્ટિ, અનુભવ કરીને, જ્ઞાન કરીને પછી પણ સ્વરૂપમાં સ્થિરતા કેટલીક થઈ હોય, પણ જો આવો કષાયનો અંશ એને (રહે), દયા, દાન, વ્રતાદિના વિકલ્પ જો રહે તો એનાથી પુણ્ય થાશે. કહો, સમજાણું કાંઈ? વૈભવ ક્લેશરૂપ. સામે કીધું છે ને? ઓલામાં મોક્ષ પ્રાપ્ત થાય એમ કહેવું છે ઓલામાં સામે, સામે કહેવું છે. ઈ કહેવું છે, મોક્ષ થાય છે. વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે. ઓલામાં મોક્ષ પ્રાપ્ત થાય છે, આમાં વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે. આહા..હા..! એટલો પંચ મહાવ્રતનો-અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવો વિકલ્પ જો રહે છે એ પણ બંધનું જ કારણ છે અને ક્લેશનું જ કારણ છે. શાંતિભાઈ! આવો માર્ગ છે, બાપુ! સર્વજ્ઞથી સિદ્ધ થયેલો, પરમાત્માએ પ્રગટ કરેલો. સમજાય છે કાંઈ?

**'આથી મુમુક્ષુએ...'** મોક્ષના અભિલાષી જીવોએ-પૂર્ણ આનંદની દશાના પ્રાપ્તના ભાવનાવાળા જીવે **'ઈષ્ટ ફળવાળું હોવાથી...'** દેખો! **'વીતરાગચારિત્ર ગ્રહણ કરવાયોગ્ય (ઉપાદેય) છે,...'** આહા..! ઈષ્ટ ફળ, જેનું ફળ મોક્ષ છે એવું જે ઈષ્ટ ફળ પૂર્ણાનંદની પ્રાપ્તિ. એવા ઈષ્ટ ફળવાળું હોવાથી વીતરાગચારિત્ર—સ્વરૂપની વીતરાગ રમણતા તે ગ્રહણ કરવાયોગ્ય છે, એ ઉપાદેય છે. સમ્યગ્દૃષ્ટિને વીતરાગચારિત્ર તે ઉપાદેય છે.

**'અને અનિષ્ટ ફળવાળું હોવાથી સરાગચારિત્ર છોડવાયોગ્ય (હેય) છે.'** એ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને અમુક પરિણતિ શુદ્ધ હોવા છતાં પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પનો રાગ રહે તો એ અનિષ્ટ ફળ છે. કેમકે વૈભવના ક્લેશનું બંધનું કારણ છે, ફળ જેનું અનિષ્ટ છે. ઓલું ઈષ્ટ ફળ છે મોક્ષ, આ બંધ છે એ અનિષ્ટ ફળ છે. અનિષ્ટ ફળવાળું હોવાથી સરાગચારિત્ર હેય છે. ધર્માત્માને રાગનો પંચ મહાવ્રતનો વિકલ્પ આવે એ પણ છોડવા લાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? ખબર ન મળે પણ એને હજી શું સમ્યગ્દર્શન કે શું સમ્યગ્જ્ઞાન કે શું સમ્યક્ચારિત્ર. મોક્ષનો શું માર્ગ? સુખી થવાનો શું પંથ? સુખી થવાનો

શું પંથ? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મામાં સુખ છે, એ સિવાય પરમાં ક્યાંય સુખ માનવું એ મિથ્યાત્વભાવ દુઃખ થવાના પંથ છે. પૈસામાં સુખ છે, શરીરમાં સુખ છે, અનુકૂળ સંયોગોમાં સુખ છે, શરીર સુંદરમાં સુખ છે—એ માન્યતા(વાળો) દુઃખની દશાના પંથને રસ્તે પડેલો છે. સમજાણું કાંઈ? અથવા રાગની મંદતાનો પુણ્યભાવ થાય એ મને સુખનું અને ધર્મનું કારણ છે એ મિથ્યાત્વભાવ દુઃખનો રસ્તો છે. આહા..હા..! અરે..! મનુષ્યપણું શું છે? એમાં ધર્મ શું છે? એની ખબર ન મળે. આહા..! ચોર્યાશીના અવતાર નિઃશરણ-અશરણ રખડે છે લોકો બિચારા. જુઓને આ તાપીમાં મોટું તોફાન કેટલું, રાડે રાડ નાખે લોકો. કેટલા માણસો મરી ગયા, લાખો ઢોર મરી ગયા. એવા તો મૃત્યુ અનંત વાર થયા છે, એ કંઈ નવું નથી. અનંત કાળમાં એવા અનંત ભવ કર્યા એણે. એવા જન્મ-મરણનું કારણ એવો જે મિથ્યાત્વભાવ અને એના અભાવનું કારણ જે સમ્યગ્દર્શન અને એ સમ્યગ્દર્શનનું કારણ એવો જે દ્રવ્યસ્વભાવ ત્રિકાળ એને શ્રદ્ધામાં અને અનુભવમાં કોઈ દિ' લીધો નહિ.

એ અનુભવ થયા પછી પણ, કહે છે, એને ચારિત્રની વીતરાગ દશા આવે તો એની મુક્તિ થાય. એકલા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી પણ મુક્તિ ન હોય. સમજાણું કાંઈ? તેથી મોક્ષના અભિલાષી, જેને આત્માની શાંતિ અને પૂર્ણ આનંદ જોવે છે એવા જીવોએ તો સ્વરૂપના ભાન સહિત, રાગ રહિત વીતરાગચારિત્ર જ અંગીકાર ઉપાદેય કરવાલાયક છે. સમજાણું કાંઈ? અને અનિષ્ટ ફળવાળું હોવાથી સરાગચારિત્ર છોડવાયોગ્ય છે. એ પંચ મહાવ્રતના અહિંસા, સત્ય, દત્તના પરિણામ આવે એ સમ્યગ્દૃષ્ટિને છોડવાલાયક છે, રાખવાલાયક નથી. એ છઠ્ઠી ગાથા થઈ. કહો, સમજાણું કાંઈ? પહેલા શ્રદ્ધામાં, જ્ઞાનમાં તો લે કે ચીજ આ છે. આહા..હા..!

'**હવે ચારિત્રનું સ્વરૂપ વ્યક્ત કરે છે :—**' '**विभावयति**'. સાતમી ગાથા. ચારિત્ર કોને કહેવું? મોક્ષનું કારણ ચારિત્ર અને એનું મૂળ કારણ સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રધાન. એવા જીવને ચારિત્ર કેવું હોય અને એનું શું સ્વરૂપ દશા, એ સાતમી ગાથામાં કહે છે.

**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो।।७।।**
**ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;**
**ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે. ૭.**

જુઓ, ધર્મની વ્યાખ્યા! આહા..હા..! આનો વાંધો આવ્યો છે, કાલે જ લખાણ આવ્યું છે દિલ્હીથી. મોહક્ષોભરહિત પરિણામ તે ચારિત્ર, તે ધર્મ, તે ધર્મ. આ અણુવ્રત ને મહાવ્રત ધર્મ નહિ. એની ટીકા કરી છે. હવે સાંભળને. સમ્યગ્દર્શનના ભાન તને નથી, એ વિના વળી પરિણામ અણુવ્રત, મહાવ્રતના વિકલ્પ એ તો પુણ્યબંધનું કારણ છે અને મિથ્યાદૃષ્ટિને અણુવ્રત, મહાવ્રત હોય જ નહિ યથાર્થપણે તો. સમજાણું કાંઈ? જ્યાં નિશ્ચય આત્મા નિર્વિકલ્પ

આનંદનું સ્વરૂપનું ભાન અને જ્ઞાન છે ત્યાં ચારિત્ર હોય, ત્યાં આગળ એને કોઈ શ્રાવકની દશા હોય તો બાર વ્રતના વિકલ્પો ઉઠે, મુનિદશા હોય તો અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ (ઉઠે) એને વ્યવહાર સહચરી કહેવામાં આવે છે. સમજાણું? આમાં આવ્યું હતું ભાઈ પહેલા. શું કહેવાય? સહચરી નહિ? જુઓ, '**व्यवहारपञ्चाचारसहकारिकारणोत्पन्नेन निश्चयपञ्चाचारेण**' એમ છે, જુઓ. પાનું સાતમું છે. જયસેનાચાર્યની (ગાથા—૧ થી ૫ની) ટીકામાં છે. શું કહે છે?

મુમુક્ષુ :— સહકારી કારણ કીધું.

ઉત્તર :— સાથે રહેલું કીધું, એમ કીધું. અહીં કહેવું છે કે આત્મા પોતાના શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન, નિર્વિકલ્પ દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન અને ચારિત્ર—રમણતા, ઈચ્છાનિરોધની ઉગ્ર દશા અને વીર્ય નામ પુરુષાર્થનું આચરણ અંતરમાં એવો જ્યાં નિશ્ચય આચાર હોય છે ત્યાં સહચર જ્ઞાનનો વિકલ્પ હોય છે, દર્શનનો—વ્યવહારદર્શનનો વિકલ્પ હોય છે, ચારિત્રમાં પંચ મહાવ્રતનો વિકલ્પ હોય છે એમ હો, પણ એ છે પુણ્યબંધનું કારણ સહચર હોય છે. અહીં નિશ્ચય આવું હોય ત્યાં સહચર સાથે હોય. આના ભાન વિના હોય એમ બની શકે નહિ એમ કહે છે. શાંતિભાઈ! સમજાણું કાંઈ?

જ્યાં આત્માને પોતાના સ્વરૂપની સંપદા જ્ઞાન ને આનંદનો કંદ આત્મા છે એવું શુદ્ધપણાનું ભાન શુદ્ધની દશામાં થયું, શુદ્ધ દશા સમ્યગ્દર્શન-જ્ઞાનમાં થયું પછી એની સાથે સ્થિરતાની રમણતા ચારિત્રની વિશેષ હોય, ઈચ્છાનિરોધનો આનંદ, તપાચાર હોય વીર્યાચાર એ પંચ આચાર જ્યારે હોય ત્યારે તેને સાધુ, આચાર્ય અને ઉપાધ્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એવા પંચાચારના સ્થાનમાં, નિશ્ચયના પંચાચારના ભાવમાં જોડે જરી શુભ વિકલ્પ રાગ હોય છે. સમજાણું કાંઈ? શાસ્ત્રને ભણવાનો, શ્રદ્ધાનો વ્યવહાર સમ્યગ્દર્શનનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, નવ તત્ત્વની ભેદની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ એવા એવા અને બાર પ્રકારના તપનો વિકલ્પ, વ્યવહાર વિકલ્પ તપનો ભાગ અને પુરુષાર્થ ફોરવું એવો જે વિકલ્પ એ પંચાચારની ભૂમિકામાં આવો સહચર વિકલ્પ સાથે સાથે હોય છે. પણ એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? પુણ્યબંધનું કારણ છે પણ અહીં તો ઉત્પન્ન થયું એમ લખ્યું છે. સાથે સાથે વ્યવહાર કીધો ને. ત્યારે કહે, નહિ, એ નહિ. સમજાણું? સમજાય છે કાંઈ?

અરે..! આવો મનુષ્યદેહ મળ્યો એમાં જો આ નહિ કરે, આ સમજણ અને શ્રદ્ધા વાસ્તવિક નહિ પ્રગટ કરે તો વીતરાગતા તો એને પ્રગટ ક્યાંથી થાય? પણ આવું દર્શનશુદ્ધિ અને સમ્યગ્દર્શનનું શું સ્વરૂપ છે, ચારિત્રનું શું સ્વરૂપ છે, મોક્ષના માર્ગનું સ્વરૂપ શું છે, મોક્ષ શું છે એની પણ યથાર્થ ઓળખાણ અને પ્રતીત નહિ કરે (તો) આરા નથી ક્યાંય ભાઈ! ચોર્યાશીના અવતાર અનંત અનંત અવતાર. આહા..હા..! જેને ભવનો ખેદ નથી. અરે..! આ ભવ આ

ક્યાં પણ? ક્યાં મારી ગતિ? ક્યાં મારા સ્થાન? કોણ મારો સંયોગ? ક્યા સ્થિતિમાં જઈશ? સમજાણું કાંઈ? રતિભાઈ! આ કનુ ને મકાન કંઈ સાથે આવે એવું નથી. પણ બાપ-દીકરાને બહુ પ્રેમ હોય તો સાથે આવે કે નહિ રોવા? રોવા રોવા. રોવા સાથે આવે, મડદા સાથે. અરે.. બાપા! અરે..! તમારા વિના કેમ ચાલશે? ખોટું ખોટું? 'કાઢો કાઢો રે એને સહુ કહે'. પહેલા કહે, રાખો રાખો. મરી જાય ત્યારે કહે, 'કાઢો રે કાઢો હવે'. પણ આ બધી મહેનતું કરી, પાપ કર્યા, આ મકાનો રચ્યા, આ કર્યું એવું અભિમાન કર્યું, રચ્યા તો ક્યાં રચે છે? અભિમાન કર્યા (કે) આ બધી ગોઠવણી કરી દુકાનની, માંડણી બરાબર કરી, લાકડા સરખા ઊભા કર્યા, આડા લાકડા નાખ્યા, એમાં આમ નાખવું. કેમ આ ડબ્બા-બબ્બા ગોઠવે છે કે નહિ? નમૂનો, બીડીનો નમૂનો હોય કે નહિ બધો એનો? કે આ જાતની બીડી, આ જાતનો નમૂનો બતાવો, ભાઈ આ ડબ્બામાં છે. મોટા લાકડાના ઘોડા ઊભા કર્યા હોય, લાકડાના ઘોડા ઊભા કર્યા હોય બધાય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શું છે પણ? અને એમાં પાલિશ ને આમ લાકડા હોય સરખા. મકાનના, દુકાનના ને શું કહેવાય? નેરડીના. નેરડી શું કહેવાય ઈ? દાદરો. દાદરાને આમ પાલિશ પાલિશ. નીકળવું આકરું પડશે. એક ફેરી ન્યાં કહ્યું હતું. રાજકોટમાં વ્હોરવા ગયા એમાં પાલિશ બધું. આહા..હા..! બેસવાના.. ભારે આકરું પડશે અહીંથી આને નીકળવું. અરે.. બાપા! આ શું? ઈ ક્યાં પણ તારી હતી અને તારે માટે ક્યાં ત્યાં આવ્યા છે? એ તો રજકણનો સંયોગ છે. એનાથી તારી ભિન્ન ચીજ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ચીજ છે. એવું સ્વરૂપનું અંતર દૃષ્ટિ ને જ્ઞાન-ભાન વિના એ ચોર્યાશીના અવતાર કરીને થડ નીકળી ગયો એનો.

એને અહીંયા કહે છે કે એવા સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત પણ જો વીતરાગચારિત્ર હશે તો મુક્તિ થશે. એકલા સમ્યગ્દર્શન, જ્ઞાનથી તો નહિ, પણ સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતની શુદ્ધ પર્યાયની પરિણતિ કેટલીક હોય અને સાથે આવા વિકલ્પ શુભ પરિણામના હોય તો એ અનિષ્ટ ફળ છે એનું, એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? માટે વીતરાગચારિત્ર, શ્રદ્ધા-જ્ઞાનમાં લે કે વીતરાગચારિત્ર તે પ્રગટ કરવાલાયક છે અને એ જ મુક્તિનું કારણ છે. એ સાતમી ગાથા જુઓ ટીકા એની છે ને, ટીકા ટીકા.

જુઓ! ચારિત્ર કોને કહેવું? એ નગ્નદશા એ ચારિત્ર નહિ. બાયડી, છોકરા છોડીને બહાર બેઠો માટે ચારિત્ર એમ નહિ. આ અંતરમાં પંચ મહાવ્રતના વિકલ્પ આવે દયા આદિના એ ચારિત્ર નહિ. સમજાણું કાંઈ? '**સ્વરૂપમાં ચરવું (—રમવું) તે ચારિત્ર છે;...**' આહા..હા..! સ્વરૂપની જ ખબર નથી એ સ્વરૂપમાં ચરે ક્યાંથી? સ્વરૂપમાં ચરવું—રમવું, ચર ચર ચરવું. ક્યાંક માલ હોય ત્યાં ઢોર ચરે કે માલ વિના પથરા ચાટે? કંઈ ઘાસ-બાસ હોય તો ચરે. ઘાસ ન મળે તો શું ચરે ઢોર? ચરવા ગયો હતો. શું ચર્યો? સમજ્યા ને? ઓલાએ કીધું હતું ને ભાઈ? ન્યાં સણોસરા. નાનાલાલભાઈનું ગામ છે ને, સણોસરા. તે દિવસે ત્યાં સણોસરા

ગયા હતા. શેઠિયા આવ્યા બધા. બે ગામ ધુમાડાબંધ કરો, બે ગામ. લાવેલા લોટ ને ઘી ને ગોળ. પણ કાઠીને ઉતર્યા, ઓલા કહે અમે જમીએ નહિ, તમે ન્યાં ઉતર્યા એટલે જમીએ નહિ. એમાં એક કણબી આવ્યો વૃદ્ધ હશે જૂનો. દુકાળ હતો, ઘાસ-બાસ નહોતું જંગલમાં. અરે..! બહાર ઘાસ નથી, ઢોર પથરા ચાટે કે શું કરે? ભગવાન! તારું ભૂંડું થાશે હોં! ભગવાનને ગાળ્યું દેતો હતો. ભગવાન! તારું ભૂંડું થાશે. આ ઢોરને ઘાસેય નથી અત્યારે. એ.. ન્યાલભાઈ! એ જાણે કે ભગવાને વરસાદ ન આપ્યો અને દુકાળ પાડ્યો. અરે..! ગાયું બહાર જાય છે, શું ચાટે? ધૂળ ચાટે ન્યાં? ભગવાન! તારું ભૂંડું થાશે હોં! એ.. શોભાલાલજી! ભગવાનને કહેતો હતો ઈ. સમજ્યા નહિ? શું? ભગવાન છે ને કોઈ ઈશ્વર એમ માને ને એ લોકો તો. એને એમ કે આ વરસાદ ન આવ્યો ને આ ઢોર (ભૂખે મરે છે). કોણ ભગવાન હતો? સાંભળને. ભગવાન તો તું છો. પૂર્ણ ભગવાન તો સર્વજ્ઞ વીતરાગ છે, એ તો કોઈને દેતા-લેતા નથી. સર્વજ્ઞ વીતરાગ એ પરમાત્મા છે. પણ એ તો માને ઈ ને. અમારી પાસે બેઠા હતા ઈ. અમે કાઠીને ઘરે ઉતર્યા હતા. બેઠો બેઠો બોલતો હતો, અરે.. ભગવાન! તારું ભૂંડું થાશે, હે પરમેશ્વર! તેં આ ગાયું, ઢોરોને માટે ઘોસેય ન આપ્યું. એમ. શેઠ!

મુમુક્ષુ :— ... લોકો આમ જ કહે છે.

ઉત્તર :— આમ જ કહે છે. કોણ ભગવાન હતો? ભગવાન દુઃખી કરે? આ ગાયું કપાવે ને મારે ને આ દુકાળ પડે. ભગવાન કરતો હતો? હે મેઘરાજા! કહે છે ને અહીં. કાંઈ ભાન જ ન મળે. ગાંડા તે કેવા ગાંડા? પાગલ. દેવ કહે એને. ઓલા વળી દેવ (કહે).

અહીં તો કહે છે, ભગવાન! સાંભળ તો ખરો બાપુ! એ તારું વીતરાગ વિજ્ઞાનઘન ચૈતન્ય આત્મા છે. એકલો નિર્દોષ સ્વભાવથી ભરેલો આત્મા છે. એવું સ્વરૂપ એમાં રમવું, એમાં લીનતા—આનંદમાં લીનતા કરવી, લીનતા કરવી. ચરવું એટલે રમવું, જામી જાવું અંદરમાં એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? અહીં તો બે રોટલી ખાય અને પા શેર દૂધ પીવે તો.. ઓહો..! શું ચારિત્ર એનું! બહુ ચારિત્ર! ધૂળેય નથી, સાંભળને હવે. ન્યાં ચારિત્ર ક્યાંથી આવ્યું? સાદું જીવન, બહુ સાદું જીવન હોં! કહે છે ને? ગૃહસ્થ માણસ લાખોપતિ છતાં પા શેર દૂધ અને બે રોટલી ખાય છે, લ્યો. એને મળતું હોય પણ રોટલો ને દાળ ખાય છે, લ્યો. બાજરાનો રોટલો અને અડદની દાળ. ત્યાગ કેટલો! ધૂળેય નથી સાંભળને ત્યાગ. એને ત્યાગ કહેતા જ નથી ભગવાન. ભગવાન તો, રાગનો અભાવ થઈ સ્વરૂપમાં રમણતાના ભાવને ભગવાન ચારિત્ર અને બાહ્યનો ત્યાગ કહે છે. બાહ્યનો એટલે રાગનો. સમજાણું કાંઈ?

જુઓ! આપણે આ શબ્દ લખ્યો છે, બહારમાં છે ને બહાર. એક બાજુ લખ્યું છે 'સર્વગુણાંશ તે સમકિત' બારીમાં લખ્યું છે બહાર. એક બાજુ લખ્યું છે, 'સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર'. બે બાજુ બે છે. સ્વધ્યાય મંદિરમાં છે ને બારણે, એક આ બારણે અને એક આ બારણે. આહા..! અરે..! ચારિત્રની ખબરેય ન મળે, ચારિત્ર કેવું એનું ભાન ન મળે.

નવ તત્ત્વમાં સંવર અને નિર્જરા તે ચારિત્ર. એ સંવર, નિર્જરાની શું સ્વરૂપ દશા એની ખબર ન મળે. સમજાણું કાંઈ? લઈ લ્યો દીક્ષા. ઓલા લૂગડા ફેરવે ગૃહસ્થીના અને બીજા પહેરે એટલે થઈ ગયા સાધુ. આ લૂગડા કાઢી નાખે અને નગ્ન થઈ જાય એટલે થઈ ગયા સાધુ. ભાઈ! વસ્તુની સ્થિતિ એમ નથી.

ભગવાન આત્મા જ્ઞાન અને શાંતિ એટલે વીતરાગ શાંતસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ બિંબ છે ઈ. જ્ઞાનમય જિનબિંબ આત્મા છે. વીતરાગી ચૈતન્યબિંબ આત્મા છે. એના ભાન સહિત એમાં રમવું. એ વિકલ્પ નહિ, પંચ મહાવ્રતનો વિકલ્પ એ નહિ, દયા, દાનની વૃત્તિ નહિ. આહા..હા..! એવો ભગવાન આત્મા વસ્તુ છે ને, આ અસ્તિ છે ને અસ્તિ. આત્મા અસ્તિ છે ને? છે તો એમાં જ્ઞાન અને આનંદ આદિથી ભરેલો પદાર્થ છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જ્ઞાન અને આનંદમાં એકાકાર થઈને રમવું, ચરવું, આનંદનું ભોજન કરવું, આનંદનું ચરવું, જમવું, જામી જવું એટલે આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. કહો, જાધવજીભાઈ! કલકત્તામાં તો સાંભળ્યું નહિ હોય, આ ચારિત્ર કેવું હશે. આ સામાયિક કરી ને પોષા કર્યા, થઈ ગયા ચારિત્ર. દીક્ષા-બીક્ષા દે એમાં આવા શેઠિયા ભેગા થઈને નાખે, બસ્સો-પાંચસો ખરચો, ઓહો..! આપણાથી દીક્ષા લેવાય નહિ પણ દીક્ષા લે એને આપણે મદદ તો કરવી. જાધવજીભાઈ! અનુમોદન તો કરવું. પણ બાપુ! ભાઈ! દીક્ષા શું ચીજ છે બાપુ! તને ખબર નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેને નજરે ચડ્યો છે અંદરમાં. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય, આ માટીથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પ રાગથી ભિન્ન એવું ચૈતન્યદળ આનંદકંદ જેની નજરમાં નિધાન પડ્યું છે એવા નિધાનમાં લીન થઈ જવું એનું નામ ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ચારિત્ર મુક્તિનું કારણ છે. આહા..! આત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિનું એ કારણ છે. પૂર્ણ આનંદ કહો કે મોક્ષ કહો. પરમ શુદ્ધતા. શ્રીમદ્ કહે છે ને? 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' નિજ શુદ્ધતા, પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા એ મોક્ષ. 'તે પામે તે પંથ' તે મોક્ષને પામે જે કારણથી તેને મોક્ષનો માર્ગ નામ પંથ કહેવાય. 'સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ'. નિર્ગ્રંથ સંતોએ આ માર્ગ સમજાવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**સ્વરૂપમાં ચરવું...**' ચારિત્ર શબ્દ છે ને? ચારિત્ર—ચરવું. એટલે શેમાં? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, સમકિત—શ્રદ્ધાસ્વરૂપ એવા અનંત ગુણસ્વરૂપ આત્મા છે. એને નજરમાં—દૃષ્ટિમાં લીધો છે, શ્રદ્ધામાં લીધો છે, એને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવેલો છે, એ બનાવ્યા પછી એમાં ઠરવું. સમજાણું કાંઈ? એને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? '**સ્વસમયમાં પ્રવૃત્તિ (અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) એવો તેનો અર્થ છે.**' જુઓ ભાષા. સ્વસમય એટલે પોતાના સ્વભાવમાં પ્રવર્તવું તેવો ચારિત્રનો અર્થ છે. એમ કે ક્યાંક પ્રવર્તવું છે ને? ચરવું એટલે રમવું છે ને? પ્રવર્તવું (તો) શેમાં પ્રવર્તવું? દયા, દાનના,

પંચ મહાવ્રતના વિકલ્પમાં પ્રવર્તવું? ના, એ તો રાગ છે. સ્વસમયમાં પ્રવૃત્તિ એટલે કાંઈક કરવું છે ને એને. ક્યાંક પ્રવર્તવું છે ને. પણ પ્રવર્તવું છે ચારિત્રનું એટલે શું? ચારિત્ર સ્વરૂપમાં રમવું એ સ્વસમયમાં પ્રવૃત્તિ એવો ચારિત્રનો અર્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સ્વસમયમાં...**' સ્વસમય એટલે પોતાના પદાર્થમાં, પોતાના સ્વભાવમાં પ્રવૃત્તિ એટલે પ્રવર્તવું, રમવું એવો ચારિત્રનો અર્થ છે. શરીરની ક્રિયા તો ક્યાં રહી ગઈ જડની, પંચ મહાવ્રતના વિકલ્પો રહી ગયા શુભભાવમાં, એમાં પ્રવર્તવું એ નહિ. સ્વસમયમાં સ્વ-સ્વરૂપ ભગવાન પોતાનો સ્વ-સ્વભાવ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એમાં પ્રવર્તવું એ ચારિત્રનો અર્થ છે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! લ્યો આવું ચારિત્ર. આહા..હા..! અત્યારે તો ચારિત્ર શું કહેવાય એની વ્યાખ્યા જ આખી ઊંધી થઈ ગઈ. બધા ધર્મ સાથે સમન્વય, આ ને તે એવું ચાલ્યું છે. સમન્વય કોની સાથે હોય?

વીતરાગ પ્રભુ આત્મા એમાં રમવું તે ચારિત્ર એટલે કે સ્વસમયમાં પ્રવૃત્તિ તેનું નામ ચારિત્રનો અર્થ છે. આહા..હા..! કેટલા સાદા શબ્દોમાં ચારિત્રને સિદ્ધ કરે છે. પાઠમાં તો આટલું છે. સમજાય છે? '**चारित्तं खलु धम्मो**'. એની આ વ્યાખ્યા કરે છે. પોતાનો સ્વભાવ શુદ્ધ વીતરાગી વિજ્ઞાનઘન એ સ્વસમય એટલે સ્વસ્વભાવ એમાં પ્રવર્તવું, પુણ્યના પરિણામમાં ન પ્રવર્તવું અને પવિત્ર સ્વભાવમાં પ્રવર્તવું એ ચારિત્રનો અર્થ છે. માણસ કહે છે, કાંઈક પાળવું છે ને? હા. સ્વસમયને પાળવો (એમાં) પ્રવૃત્તિ એનું નામ પાળવું. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગી વિજ્ઞાનઘન જેણે નજરે દૃષ્ટિમાં લીધો છે, એવો જે એનો સ્વભાવ છે એમાં પ્રવૃત્તિ કરવી એનું નામ ચારિત્ર. કહો, સમજાય છે કાંઈ? કહો, આ ચારિત્રની વ્યાખ્યા. એ.. ગુલાબચંદભાઈ! આવું સાંભળ્યું હતું ન્યાં? નહિ.

બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ચારિત્રની વ્યાખ્યા આ કરે છે. ઈન્દ્રોની સમક્ષમાં-આભના થોભ જેવા ઈન્દ્રો ત્રણ ત્રણ જ્ઞાનના ધણી હતા એની સામે ભગવાન ચારિત્રની આ વ્યાખ્યા કરતા હતા. ભાઈ! ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ એમાં ચરવું, એમાં રમવું. સમજાય છે? આહા..! હે આત્મા! મારું સ્વરૂપ તો આ છે. એમાં પ્રવૃત્તિ કરવી એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પની પ્રવૃત્તિ એ કંઈ ચારિત્ર નથી. આહા..હા..! પંચ મહાવ્રતના ભાવ, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એ ચારિત્ર નથી. સમજાય છે કાંઈ? એને વ્યવહારચારિત્રનો આરોપ, નિશ્ચયચારિત્ર હોય તો એને વ્યવહારચારિત્રનો આરોપ આપ્યો છે. એટલે? વ્યવહાર એટલે નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...**' લ્યો આ ધર્મની વ્યાખ્યા. એ વીતરાગ પરમાત્માએ કરેલી ધર્મની આ વ્યાખ્યા. 'ધર્મ ધર્મ સહુ કોઈ કહે, ધર્મ ન જાણે મર્મ' આવે છે ને?

ધર્મ ધર્મ કરતો જગ સહુ ફિરે, ધર્મ ન જાણે રે મર્મ જિનેશ્વર
ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે કર્મ જિનેશ્વર,
ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું.

મારો સ્વભાવ જે ધર્મ વીતરાગી પર્યાય વીતરાગસ્વભાવ ત્રિકાળ એમાં રમત કરવી, રમવા એનું નામ સમયની—સ્વસમયની પ્રવૃત્તિ અને તે જ વસ્તુનો સ્વભાવ. દયા, દાન કે પંચ મહાવ્રતના વિકલ્પ એ કંઈ વસ્તુનો સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો વિભાવ છે, ઉપાધિ છે. આ જ '**વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...**' આનું નામ ભગવાન ધર્મ કહે છે. સમજાણું કાંઈ? આ જૈન ધર્મ. સમજાણું કે નહિ? રતિભાઈ! પ્રવચનસાર હશે કે નહિ? ઘરે હશે. એક હશે ઓલું જૂનું જૂનું. અંતરમાં લઈ લેવું એમ કહે છે આ તો, સમજીને. સમજણ સમજણ કરવી એની. આ તો શબ્દો છે, એનું વાચ્ય—ભાવ છે એને (લક્ષમાં લેવો). કહે છે, આહા..હા..! જૈન ધર્મ, પરમેશ્વર ત્રિલોકનાથ કેવલી પણત્તો ધમ્મો શરણં. આવે છે? સાંજ-સવાર બોલે ઓલા મંગળિકમાં. ચત્તારી મંગલં, અરિહંતા મંગલં, કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં. પણ ખબર શું, કેવલી પણત્તો ધર્મની વ્યાખ્યા? કેવલી પણત્તો ધર્મ આપણે દયા પાળીએ, વ્રત પાળીએ એ ધર્મ. અરે..! એ નહિ. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ!

કહે છે, કેવી સ્થિતિનું વર્ણન છે ઓહો..હો..! '**चारित्तं**'ની વ્યાખ્યા કરી અને '**खलु धम्मो**' એની વ્યાખ્યા સુધી આવી. બીજો શબ્દ છે ને, મૂળ શ્લોક. ચારિત્રની વ્યાખ્યા આવી કે સ્વરૂપમાં ચરવું એ ચારિત્ર અને સ્વભાવમાં પ્રવૃત્તિ કરવી તેનો અર્થ. હજી ચારિત્રની વ્યાખ્યા. પછી ધમ્મો શું? એ બીજો બોલ આવ્યો કે તે વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાયક ચૈતન્ય વીતરાગી પિંડ પ્રભુ આત્મા (છે). દરેકનો એક એક આત્મા હોં! એવો વીતરાગી નિર્વિકલ્પ આનંદકંદ આત્મા એની અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ કરી, જ્ઞાન કરીને એમાં રમવું એ ચારિત્ર. એટલે સ્વભાવની પ્રવૃત્તિ એ એનો અર્થ. એટલે કે તે જ વસ્તુનો સ્વભાવ માટે ધર્મ. એટલે કે અંદરમાં એ સ્વભાવ હતો એવો પ્રગટ્યો માટે તે ધર્મ. સમજાણું કાંઈ? આહા..હા..! '**वत्थु सहावो धम्मो**' કીધું છે ને?

ભગવાન આત્મા, આ દેહના માટીના રજકણથી ભગવાન દૂર છે એ તો. સમજાણું? અને પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતના વિકલ્પ આવે એથી પણ એ દૂર—ભિન્ન છે. એવો જે એનો વીતરાગી વિજ્ઞાન સ્વભાવ-ધર્મ એનો સ્વભાવ હતો, એ સ્વભાવ પ્રગટ્યો માટે તે વસ્તુનો સ્વભાવ તેને ધર્મ કહેવાય છે. આહા..! સમજાણું કાંઈ? જુઓ! આ ચારિત્રની મુનિપણાની નિર્ગ્રંથપણાની વ્યાખ્યા. આહા..હા..! હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાની ખબર ન મળે કે કેવા દેવ હોય, કેવા ગુરુ હોય અને કેવા શાસ્ત્ર હોય. હવે એની શ્રદ્ધાની ખબર ન મળે એને સમ્યગ્દર્શન થાય કે દિ'? અને ધર્મ થાય કે દિ'? સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર એને પૂર્ણ વીતરાગ વિજ્ઞાનતા પ્રગટ થઈને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન હોય, એ સર્વજ્ઞદેવ. દિવ્ય શક્તિ જેની પૂર્ણ પ્રગટી એ સર્વજ્ઞ પરમાત્મા. અને આ ગુરુ કે જે સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન સહિતમાં રમણતા અને સ્વભાવની પ્રવૃત્તિ તે ચારિત્રનો અર્થ અને તે ચારિત્રને ધર્મ કહેવામાં આવે છે. કેમ કે એ સ્વભાવ હોવાને લઈને. તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એની વ્યાખ્યા પાછી.

ધર્મ કેમ? **'શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો એનો અર્થ છે.'** જુઓ! વસ્તુનો સ્વભાવ હતો ને સ્વભાવ, એ પ્રગટ્યો છે. એ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું આવ્યું છે એમ કહે છે. આહા..હા..! શું કહે છે? **'તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...'** અને એ ધર્મની વ્યાખ્યા કે શુદ્ધ ચૈતન્ય ભગવાન શુદ્ધ જ્ઞાયકમૂર્તિ પરમાનંદ એનું પ્રકાશવું પર્યાયમાં. સમજાય છે? એનું પ્રકાશવું એવો તેનો ધર્મનો અર્થ છે. અશુદ્ધતા એનામાં નથી એનું પ્રકાશવું એ કંઈ એનો ધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે! સંતોએ ચારિત્ર તો પ્રગટ કર્યા પણ એની વ્યાખ્યા કરવાની સહેલી ભાષામાં... આહા..હા..!

કહે છે, ભાઈ! તારું સ્વરૂપ છે એમાં રમવું (એ) એક અર્થ કરીને ચારિત્ર કહ્યું. એ સ્વરૂપ એનો સ્વભાવ છે એટલે સ્વસમય છે, સ્વપદાર્થ છે, સ્વભાવ છે. એની પ્રવૃત્તિ એવો ચારિત્રનો અર્થ છે અને તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. કારણ કે એ વસ્તુનો સ્વભાવ છે તે પ્રગટ્યો છે એટલે વસ્તુનો સ્વભાવ તેને ધર્મ કહીએ. અને તે શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું થયું. જેવો શુદ્ધ હતો એવો પ્રકાશ્યો માટે તે ધર્મનો અર્થ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું તેને કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એલા ધર્મની આ વ્યાખ્યા. આહા..હા..! ભગવાન આત્મા એકલો શુદ્ધ સ્વરૂપ સ્વભાવ એમાં રમણતા જે ચારિત્ર અને એ સ્વભાવ છે તેની પ્રવૃત્તિ થઈ માટે તે ચારિત્રનો અર્થ છે આ. અને તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી એ વીતરાગી પર્યાય તે વસ્તુનો સ્વભાવ હોવાથી તેને ભગવાન ધર્મ કહે છે અને એ ધર્મનો અર્થ એ છે કે શુદ્ધ ચૈતન્ય ભગવાન પ્રકાશતો પ્રગટ થયો માટે શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એને ધર્મ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું...'** અસ્તિરૂપ તો શુદ્ધ ચૈતન્ય હતું, એ પોતે પર્યાયમાં આવ્યો પ્રગટ થઈને. સમજાય છે કાંઈ? રાગ અને પુણ્યનો વિકલ્પ કંઈ સ્વરૂપમાં નથી. આ તો શુદ્ધ ચૈતન્યપ્રભુ છે એનો પ્રકાશ થવો એ ધર્મનો અર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધર્મ કોને કહેવો એની વ્યાખ્યા પરમાત્મા કરે છે. સંતો પરમાત્મા કહેતા તેમ કરે છે. આહા..હા..! દયા ધર્મનું મૂળ છે ને અહિંસા પરમો ધર્મ. પરની દયા ધર્મ કહે છે ને બધા. બીજાની દયા પાળવી. અહિંસા મોટો ધર્મ છે, કાં પરની સેવા. શું કહ્યું? યોગીઓને પણ ... છે. ધૂળેય નથી, સાંભળને હવે. સેવા કોની કરે?

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું દળ પિંડ પ્રભુ એમાં રમવું તે ચારિત્ર, તે મુક્તિનું-

મોક્ષનું કારણ. એ ચારિત્ર સ્વભાવ સ્વરૂપ છે એની પ્રવૃત્તિ તેનું નામ ચારિત્રનો અર્થ છે. અને તે ચારિત્ર સ્વભાવરૂપ હોવાથી તે સ્વભાવ હોવાને લીધે-વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. પુણ્યના પરિણામ દયા, દાન વિકલ્પ એ કંઈ વસ્તુનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે આમાં? આહા..હા..! એ આ ધર્મની વ્યાખ્યા. સમયસાર સોળમી વાર શરૂ કર્યું એમાં ધર્મની વ્યાખ્યા આજ આવી જુઓ! પ્રવચનસાર. શેઠ! આવો જૈન ધર્મ કહો, ધર્મ કહો કે વસ્તુનો સ્વભાવ કહો. આહા..હા..! આ વસ્તુ એ જ ધર્મ. '**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...**' અને તેનો અર્થ એ છે કે '**શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે.**' ભગવાન ચૈતન્ય જુઓ આ પર્યાયમાં પ્રગટ્યો. દ્રવ્ય અને ગુણ શુદ્ધ ચૈતન્ય હતા, વસ્તુ શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાયકપણું હતું, એ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું, પર્યાયમાં તે સ્વભાવનું આવવું, પ્રગટવું એનું નામ ધર્મ અને ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની મેળાએ સમજાય એવું નથી, હોં! પાછો અર્થ થોડોક ધારે તો વંચાય એવું છે. નહિતર એની મેળાએ કલ્પનાથી વાંચવા જાય તો, આ શું કહે છે? ઈ કહે છે, વાસ્તવિકતા જે સ્થિતિ છે તેને કઈ રીતે વસ્તુ સ્વભાવ હતો તે ધર્મ કહ્યો. ત્યારે કહ્યું કે એ હતો તે પ્રગટ્યો માટે એને ધર્મ કહ્યો અમે તો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શરણ આ છે, બાકી કોઈ શરણ ધૂળેય નથી. રખડીને મરી ગયો અનંત વાર.

હવે '**તે જ...**' વસ્તુ તો એની એ ચારિત્ર એને ધર્મ કહ્યો, એની પ્રવૃત્તિને અર્થ કહ્યો. વસ્તુનો સ્વભાવ તે ધર્મ અને શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું તે ધર્મનો અર્થ. આહા..હા..! દિગંબર સંતો અમૃતચંદ્રાચાર્ય ભગવાનને ભેટા કરીને ઊભા છે. કહે છે, '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી...**' જુઓ! છે તો પર્યાય, પણ પ્રકાશવું કર્યું ને પહેલું, ચૈતન્યનું પ્રકાશવું કીધું હતું ને. પ્રકાશવું એ તો પર્યાય થઈ ગઈ. શુદ્ધ વીતરાગ વિજ્ઞાનઘન છે એવી પ્રકાશ પર્યાયમાં વીતરાગ વિજ્ઞાનઘનતા પ્રગટ થઈ તે ધર્મનો અર્થ છે. કહો, જેઠાલાલભાઈ! આ બધું સાંભળ્યું પણ નહિ હોય કોઈ દિ' આ ચારિત્ર ને .. વ્યાખ્યા જૈનધર્મમાં જન્મ્યા હોય પણ જૈનધર્મ કોને કહેવો (એની ખબર ન હોય). કહો, હેમાણી! સમજાય છે કે નહિ આ? આ સમજવું પડશે હોં! આહા..હા..!

'**તે જ યથાસ્થિત આત્મગુણ...**' કોણ? ઓલી પર્યાય હોં! સ્વરૂપની રમણતા ચારિત્ર તે સ્વભાવની પ્રવૃત્તિ તેનો અર્થ (કે) તે વસ્તુનો સ્વભાવ તેથી ધર્મ છે અને ચૈતન્ય પ્રકાશવું માટે તેને ધર્મ કહેવામાં આવે છે. એને ને એને. '**તે જ યથાસ્થિત...**' તે જ ધર્મની પર્યાયને-ચારિત્રને (એટલે) સ્વભાવની પ્રવૃત્તિ એના અર્થ અને સ્વભાવરૂપ ધર્મનું પ્રકાશવું '**આત્મગુણ હોવાથી**' તે આત્માનો ગુણ છે એટલે આત્માની પર્યાય છે. વીતરાગ પર્યાય પ્રગટ થઈ તે આત્માની પર્યાય છે. રાગ એ આત્માનો પર્યાય અને ગુણ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પંચ મહાવ્રતના પરિણામ એ આત્માની પર્યાય નહિ એમ કહે છે. આહા..હા..!

એ તો આસ્રવની પર્યાય છે. અહીં તો હજી એટલું ભાન ન મળે અને પંચ મહાવ્રત થઈ ગયા, દીક્ષા થઈ ગઈ. અરે.. ભગવાન! ભાઈ! જૈનધર્મ એટલે વીતરાગ ભગવાને કહેલો ધર્મ. એ તો વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. એ કંઈ નવો ક્યાંયથી આવે એવો નથી. એ કંઈ વાડાની વાત નથી આ, સંપ્રદાયની વાત આ નથી. વસ્તુ જ એવી છે. ચૈતન્ય ભગવાન રાગ વિનાની કહો કે વીતરાગ કહો, એકલો વિજ્ઞાનઘન કહો કે જ્ઞાયકભાવ કહો એવો જે સ્વભાવ છે. એવો સ્વભાવ છે એમાં લીનતા થતાં, વીતરાગી પર્યાય સ્વભાવ છે એવી પ્રગટી માટે તેને ધર્મ અને શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું અને તેને જ આત્માનો ગુણ હોવાથી સામ્ય કહેવામાં આવે છે. છે ને? '**जो सो समो त्ति णिद्दिट्ठो**'. બીજા પદની વ્યાખ્યા. '**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो।**' આહા..હા..! મોટા મંગળિકના મંડપ છે આ. આહા..હા..! વાહ!

કહે છે, એવું જે ચારિત્ર જે મુક્તિનું કારણ, તે જ ધર્મ અને તે જ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું અને તે જ યથાસ્થિત આત્મપર્યાય હોવાથી. ગુણ એટલે પર્યાય. '**(અર્થાત્ વિષમતા વિનાનો—સુસ્થિત—આત્માનો ગુણ હોવાથી)...**' રાગાદિ પંચ મહાવ્રતનો વિકલ્પ એ તો વિષમ છે. સમજાય છે? એના રહિત શુદ્ધ ચૈતન્યની શક્તિની વ્યક્તતા-વીતરાગ પર્યાય જે પ્રગટ થઈ એ એનો ગુણપર્યાય હોવાથી તેને સામ્ય સામ્ય સમતા તેને કહેવામાં આવે છે. એ ચારિત્રને ધર્મ કહો કે ચારિત્રને સામ્યભાવ કહો. સમજાણું કાંઈ? આના વાંધા ઉઠાવ્યા બધાએ. લાલબહાદુરે હમણા લખ્યું છે, જુઓ! મોહક્ષોભ રહિત પરિણામ તે ધર્મ. અરે.. ભગવાન! શું કરે છે બાપુ? રહેવા દે ભાઈ! અનંત તીર્થંકરોનો માર્ગ જે આત્માનો એનો વિરોધ થાય છે, ભાઈ! સમજાય છે કાંઈ? વસ્તુનો વિરોધ થાય છે, વસ્તુ એવી છે.

ભગવાન આત્મા શાંતરસનો ભરેલો, વીતરાગસ્વભાવથી ભરેલો કહે છે કે એમાંથી પ્રકાશ થયો તે ધર્મ માટે તેને સામ્ય કહેવામાં આવે છે. સામ્ય—સમતા. સ્વરૂપ વીતરાગભાવ હતો તે પ્રગટ થયો માટે તેને વીતરાગભાવ કહો કે સામ્યભાવ કહો. સમજાણું કાંઈ? છે ને સામે, પુસ્તક તો હવે આવી ગયા છે. ટાણે તો કહે ને ઈ. પણ એમાં ક્યા શબ્દનો અર્થ છે એમ એણે પકડવું પડશે. કહો, સમજાણું? આહા..હા..! '**તે જ યથાસ્થિત...**' યથાસ્થિત. આહા..હા..! ભગવાન વીતરાગઘન પ્રભુ આત્મા એની પ્રકાશ દશા થઈ તે ધર્મનો અર્થ અને તે તેની પર્યાય છે માટે તેને સમતાભાવ, તેને સમતાભાવ (કહેવામાં આવે છે). આ સમતા. સમજાય છે કાંઈ? અને એ સામ્યને બીજી રીતે વર્ણન થોડું મૂળ પાઠથી કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૨, રવિવાર, તા. ૮.૯.૧૯૬૮**
**ગાથા-૭, ૮, પ્રવચન-૬**

આ પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ—જ્ઞાનસ્વરૂપનું કથન (છે). સાતમી ગાથા. ચારિત્ર કેવું હોય એની વ્યાખ્યા છે. એ છઠ્ઠી ગાથામાં આવી ગયું છે કે ચારિત્ર દર્શનજ્ઞાનપ્રધાન હોય. પ્રથમ સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય એની મુખ્યતા, પછી ચારિત્ર હોય. એ વ્યાખ્યા કરશે જુઓ. વ્યાખ્યા ચાલી છે, ફરીને જુઓ!

ચારિત્ર. સમ્યગ્દર્શન એટલે નીચે સંસ્કૃતમાં સાતમી ગાથામાં કહ્યું ને? મોહક્ષોભ રહિત. મોહનો અર્થ દર્શનમોહનો અભાવ અને શુદ્ધ આત્મતત્ત્વની શ્રદ્ધાનું ભાન. શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ સમકિત. શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ સમકિત એને અહીં સમકિત પહેલા મોહના અભાવમાં નાખ્યું. સમજાય છે કાંઈ? પંચાસ્તિકાયની ૧૦૭ ગાથા આવે છે ને ભાઈ. ત્યાં વ્યવહાર આવે છે ને, વ્યવહાર. એ સમકિતનું બીજ છે અને ફલાણું, ફલાણું છે. ત્યાં પણ એવો અર્થ—મિથ્યાત્વનો નાશ હોય ત્યાં આવું વ્યવહાર સમકિત હોય એમ આવે છે. એટલે ઈ એમ કે વ્યવહાર સમકિત મિથ્યાત્વના નાશમાં હોય એમ કહે છે. એ તો મિથ્યાત્વના નાશની ભૂમિકામાં એવો વ્યવહાર હોય એમ બતાવવું છે.

અહીં કહે છે, શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક જ્ઞાયકસ્વભાવ (છે) એની અંતરમાં સ્વસન્મુખ થઈને, સ્વદ્રવ્યનો આશ્રય લઈને જે શ્રદ્ધા અનુભવ સહિત થાય તેને સમ્યગ્દર્શન કહે છે.

મુમુક્ષુ :— શુદ્ધાત્માની શ્રદ્ધા..

ઉત્તર :— ઈ ના પાડે છે, શુદ્ધની નહિ, વ્યવહાર છે એ સમકિત છે. ઈ એમ કહે છે. આ તો વિશુદ્ધ સમ્યગ્દર્શન એ નહિ, એ તો આગળ થાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ અનુભવ, આ અનુભવ નહિ એમ કહે છે. ઈ આગળ થાય, પહેલા એકલો શ્રદ્ધામાત્ર વ્યવહાર હોય. અનુભવ નહિ, એનું જ્ઞાન હોય.

મુમુક્ષુ :— અનુભવનો અર્થ..

ઉત્તર :— અનુભવનો અર્થ જ્ઞાન કરે. ખોટી વાત છે. સમજાણું કાંઈ?

પ્રથમમાં પ્રથમ ભગવાન આત્મા સર્વજ્ઞે કહેલો એટલે કે જે આત્મા વસ્તુ છે, જીવ કહો કે આત્મા કહો, બેય રીતે વર્ણવ્યું છે, એનો જે કાયમી સ્વભાવ દ્રષ્ટા અને જ્ઞાતા એટલે દર્શન અને જ્ઞાન એનું મૂળ સ્વરૂપ ઈ. એની સાથે અનંત ગુણ ભલે હો. પણ ઉપયોગ લક્ષણં જીવ. ઉપયોગ લક્ષણ જીવ. ‘सव्वण्हुणाणदिट्ठो’ એવો જે દ્રષ્ટા-જ્ઞાતા ત્રિકાળી જીવ, ત્રિકાળી

સ્વભાવ એવો જે આત્મા એવા વિશુદ્ધ આત્માની અંતર્મુખની સમ્યગ્દર્શનની પ્રતીતિ એને અહીંયા યથાર્થ મોક્ષનો માર્ગ સમકિત કહે છે. કહો, સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શન જ્યાં છે ત્યાં આત્માનું સ્વસંવેદનજ્ઞાન પણ હોય છે. એ દર્શન-જ્ઞાનપૂર્વક ચારિત્ર કેવું હોય, નિર્ગ્રંથતા કેવી હોય એની વાતનું વર્ણન છે આ.

તો કહે છે, '**સ્વરૂપમાં ચરવું (—રમવું) તે ચારિત્ર છે;...**' કોઈ નગ્ન દશા બાહ્યની ક્રિયા કે પંચ મહાવ્રતના કે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો એ કંઈ ચારિત્ર નથી, એ તો રાગ છે. ભગવાન.. 'સ્વરૂપ' શબ્દ પડ્યો છે ને. સ્વ-રૂપ. પોતાનો ભાવ ત્રિકાળી. જ્ઞાન અને દર્શન એવું જે ત્રિકાળી સ્વરૂપ એની-જે દર્શન ને જ્ઞાનનું શ્રદ્ધા-જ્ઞાન થયું છે એમાં ચરવું, એમાં રમવું, એમાં લીનતા એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. કે જે ચારિત્ર, દર્શન-જ્ઞાન સહિતનો ત્રીજો મોક્ષમાર્ગનો અવયવ છે. સમજાણું કાંઈ? સ્વરૂપમાં રમવું તે ચારિત્ર છે. એ સ્વરૂપ એટલે શું? એ પહેલી વ્યાખ્યા આવી ગઈ છે. દર્શન અને જ્ઞાન વિશુદ્ધ જેનો ત્રિકાળી સ્વભાવ છે એવું જે સ્વરૂપ—વસ્તુ અને એનો જે દર્શન-જ્ઞાન, દેખવું-જાણવું એવો કાયમી સ્વભાવ એવી શુદ્ધતા એની પ્રતીતિ અને જ્ઞાનમાં રમવું.

'**સ્વસમયમાં પ્રવૃત્તિ (અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) એવો તેનો અર્થ છે.**' ખુલાસો કર્યો કે એ સ્વરૂપમાં રમવું એવું ચારિત્ર કહ્યું એનો અર્થ શો? કે સ્વસમય એટલે પોતાનો આત્મા. પોતાનો સ્વસમય એટલે પોતાનો આત્મા એમાં પ્રવૃત્તિ. સ્વસ્વભાવમાં પ્રવૃત્તિ એવો ચારિત્રનો અર્થ છે.

મુમુક્ષુ :— સ્વસમય..

ઉત્તર :— સ્વસમય આત્મા કીધું ને. સ્વ એટલે પોતાનો, સમય એટલે આત્મા. જ્ઞાન ને દર્શન, આનંદસ્વરૂપ જે ત્રિકાળી એ સ્વસમય, સ્વ આત્મા. આત્મામાં પછી કાંઈ પુણ્ય-પાપ ને અલ્પજ્ઞપણું ન આવે, એ આખો સ્વસમય આત્મા. સ્વ—પોતાનો, સમય એટલે આત્મા વસ્તુ. એમાં પ્રવૃત્તિ એવો ચારિત્રનો, સ્વરૂપમાં રમવું એવા ચારિત્રનો આ અર્થ છે. સમજાય છે કાંઈ?

સ્વરૂપમાં રમવું તે ચારિત્ર એટલે કે સ્વરૂપ એટલે સ્વસમય એવો જે આત્મા જ્ઞાન, આનંદથી ભરેલું એવું સ્વરૂપ, સ્વ-પોતાનો સમય એટલે આત્મા એમાં પ્રવૃત્તિ, એમાં પ્રવૃત્તિ એનું નામ ચારિત્ર—સ્વરૂપમાં રમવું એમ એને ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સ્વસમયમાં પ્રવૃત્તિ (અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) એવો તેનો અર્થ છે.**' આહા..!

બીજો. '**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...**' બીજો શબ્દ છે ને મૂળ પાઠમાં. '**चारित्तं खलु धम्मो**' હવે ધર્મની વ્યાખ્યા ચાલે છે. '**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી...**' એટલે? કે વસ્તુ ભગવાન આત્મા દર્શન, જ્ઞાન, આનંદમય એ વસ્તુનો સ્વભાવ

એવી જ અંદર પર્યાય એ જાતની પ્રગટ થઈ એ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ હોવાથી તે ધર્મ કહેવામાં આવે છે. 'વત્થુ સહાવો ધમ્મો.' વસ્તુ જે આત્મા એનો કાયમનો સ્વ પોતાનો જ્ઞાન, આનંદ આદિ ભાવ એ એનો સ્વભાવ. એ સ્વભાવની પર્યાયમાં પ્રગટ દશા એ જાતની તેથી તેને વસ્તુ સ્વભાવ, તેને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

**'તે જ વસ્તુનો...'** તે જ એટલે જે ચારિત્ર કહ્યું તે જ, એમ. વસ્તુનો સ્વભાવ સ્વભાવ એટલે કાયમી આ સ્વભાવની વાત નથી, સ્વભાવ તો કાયમ છે જ. એવો જ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થયો માટે તે જ વસ્તુનો સ્વભાવ છે એમ કહ્યું. સમજાય છે કાંઈ? આહા..હા..! વ્યાખ્યા તો જુઓ! વીતરાગપણાની ચારિત્રદશા. આહા..હા..! સમજાય છે કાંઈ? અને એ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે. હવે કહે છે, **'તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...'** તેની વ્યાખ્યા શું? અર્થ શું? કે **'શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે.'** આહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદની મૂર્તિ શુદ્ધ ચૈતન્યવસ્તુ એનું પ્રકાશવું, એનું જે તેજ છે તે પર્યાયમાં આવવું. સમજાણું કાંઈ? **'શુદ્ધ ચૈતન્યનું...'** એ તો વસ્તુ થઈ. એનું પ્રકાશવું એ વસ્તુનો સ્વભાવ જે ધર્મ, એ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું તે ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ નિર્ગ્રંથપણાના ચારિત્રની વ્યાખ્યા. સમજાણું કાંઈ? હજી ચારિત્ર કોને કહેવું ખબર ન મળે અને બહારની ક્રિયાકાંડમાં ચારિત્ર માની લે. આહા..હા..! જયંતિભાઈ! આપણા કરતા તો સારા છે એમ કરીને માને પાછા. તું કોણ અને ઈ કોણ? તું શું છો? અને એને શી રીતે તું માને છો? એનો નિષેધ થઈ જાયને. સમજાણું કાંઈ?

આહા..હા..! જુઓ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એવો જે આત્મા એનો જે સ્વભાવ કાયમી એની પર્યાયમાં એ જ જાતનું પ્રગટ થવું તે વસ્તુનો સ્વભાવ માટે ધર્મ કીધો અને એ ધર્મ એટલે શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું, શુદ્ધ ચૈતન્યદળ ભગવાન છે એની પર્યાયમાં તે જાતની દશાનું પરિણમવું એને અહીંયા ધર્મ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— શુભમાં શુદ્ધનો અંશ છે.

ઉત્તર :— શુભમાં ધૂળેય નથી. શુભ ક્યાં હતો અહીં? સમજાણું કાંઈ? શુભ તો અદ્ધર રહી ગયો બહાર. અરે..! શું થાય? એને એ બેઠું હોય.. એને બેઠું હોય, ભાઈ! અને એ વિપરીત અર્થ બેસે છે એનું ફળ નુકસાન છે, એમાં ભવનો ઘેરો છે. એવા જીવોનો તિરસ્કાર પણ કેમ હોય? બાપુ! ભવ કરવા અને ભવમાં ભ્રમણ એ તો મહા દુઃખદશા છે. સમજાણું કાંઈ? ભવ.. આહા..હા..! અનંત ભવ, જે મિથ્યાત્વમાં અનંત ભવ. સમકિતમાં ભવનો અભાવ અને મોક્ષ. જ્યાં એવી વસ્તુની સ્થિતિની ખબર નથી, વિપરીત માન્યતા છે એમાં કાળ ગાળશે, અરે..! એના ફળમાં અનંત ભવ (કરશે). એ અનંતમાં તો નિગોદના પણ ભવ આવે છે. એવા દુઃખની દશા જેના ફળ તરીકે હોય એવા પરિણામના કરનારનો તિરસ્કાર કેમ કરાય?

એના પ્રત્યે દ્વેષ પણ કેમ હોઈ શકે? નવરંગભાઈ! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. ભગવાન! જન્મ-મરણ રહિતનો ઉપાય શું છે એની તને ખબર નથી. કે આમાંથી આમ શુભભાવમાં (ધર્મ) માન્યે એવો મિથ્યાત્વભાવ, ભગવાન! એ તો જન્મ-મરણના ઉત્પત્તિનું સ્થાન છે. ભગવાન આત્મા જન્મ-મરણના નાશનો સ્વભાવ છે એનો.

એવો ભગવાન શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું, વસ્તુનો સ્વભાવ તે ધર્મ કે જે પહેલો ચારિત્ર કહ્યો હતો તે જ ધર્મ અને એ ધર્મ એટલે શુદ્ધ ભગવાન શક્તિનો પિંડ પરમાત્મસ્વરૂપ આનંદનો કંદ એનું જ પ્રકાશવું પર્યાયમાં, એમાં શુભ અને અશુભભાવ આવે નહિ. સમજાણું કાંઈ? એ શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ તો, સૂર્યના કિરણોમાંથી કોઈ મેલું કિરણ નીકળતું હશે? સૂર્યના કિરણો, સૂર્ય પ્રકાશનો પુંજ છે, એના કિરણો દરેક હજારો પણ પ્રકાશમય છે. કોઈ એક કિરણને કોલસાએ મેલું કર્યું? એમ ભગવાન ચૈતન્યસૂર્ય છે, ચૈતન્યસૂર્ય છે. ઓલા બહારમાં આવે છે ને તમારે શું આ હજારનો? બાહુબલીજી હર વખતે યાદ એ આવે છે. બે બાજુ બે મૂક્યા છે ને આમ. એમ ભગવાન તો અનંત જ્ઞાનના તેજનો બિંબ છે આત્મા. શુદ્ધ ચૈતન્ય છે ને! આહા..હા..!

ભાઈ! ક્ષેત્રમાં થોડો છે એમ ન જાણ. એનો ભાવ સ્વભાવ છે ને સ્વભાવ, શુદ્ધ જ્ઞાન, દર્શન, ચૈતન્ય શુદ્ધ જેનો સ્વભાવ છે એ સ્વભાવને મર્યાદા ન હોય, હદ ન હોય, થોડો ન હોય, એકરૂપ અખંડ ને પૂર્ણ હોય. સમજાય છે કાંઈ? શુદ્ધ ભગવાન આત્મા એનું જ્ઞાન, દર્શન, આનંદ આદિ શુદ્ધ સ્વરૂપ એ તો વસ્તુ થઈ, પણ વસ્તુનું સ્વરૂપ—સ્વભાવ શું? સત્ છે એનું સત્ત્વ શું? જ્ઞાન, દર્શન, આનંદ એવો એક એક ગુણથી અનંત સ્વભાવ, અનંત શક્તિવાળો એક એક ગુણ છે. એ સ્વભાવ છે એને હદ ન હોય. એવી જે શુદ્ધતાની અમર્યાદિત શક્તિઓ એનું પ્રકાશવું પર્યાયમાં એનું નામ ચારિત્ર અને ધર્મ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે.'** જ્ઞાન, દર્શન અને આનંદથી ભરેલો ભગવાન એની એકાગ્રતા થતાં એ શુદ્ધ ચૈતન્યની પરિણતિ થવી પ્રકાશરૂપે એનું નામ ચારિત્ર છે. એમાં પુણ્ય ને પાપ વિકલ્પ, મહાવ્રતાદિ વિકલ્પ એમાં આવી શકે નહિ. કારણ કે એનામાં નથી તો એમાં-પર્યાયમાં ક્યાંથી આવે? સમજાણું કાંઈ? અરે..! શ્રદ્ધાની ખબર ન મળે, ચારિત્ર કેવું, કોને કહેવું, નવ તત્ત્વમાં સંવર, નિર્જરાની શ્રદ્ધા કોને કહેવી અને સંવર, નિર્જરા એટલે ચારિત્ર એટલે મોક્ષનો માર્ગ અને સાધુપદની દશા એની શ્રદ્ધાની ખબર ન મળે એને તે આ ચારિત્ર આવે ક્યાંથી? અને ધર્મ થાય ક્યાંથી? સમજાણું કાંઈ?

કહે છે, ભારે અર્થ કર્યા! ઓહો..હો..! આત્માને ખોલીને ખીલવી નાખ્યો છે, ખોલીને ખીલવી નાખ્યો છે. કળી ખીલી ગઈ કહે છે. આહા..! સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર એટલે કે સ્વસમયમાં પ્રવૃત્તિ તે તેનો અર્થ છે. કે પ્રવૃત્તિ છે કાંઈક? કરવાનું છે એમાં? હા. પ્રવૃત્તિ

છે કાંઈ એમાં? હા. ચારિત્રમાં તો પ્રવૃત્તિ હોય. હા. એટલે શું? કે સ્વસમયમાં પ્રવૃત્તિ. ભગવાન! સ્વસમય આત્મા અનંત આનંદનો કંદ છે એની પ્રવૃત્તિ. આહા..હા..! ધન્ય ભાગ્ય હોય ત્યારે એ ચારિત્રની વ્યાખ્યા સમજવા ને સાંભળવા મળે! સમજાણું કાંઈ? આહા..હા..! પ્રગટે એની તો શું વાત કરવી! પરમેશ્વર થયો એ તો!! પણ એ શું છે એ જ્યાં શ્રદ્ધા અને જ્ઞાનમાં આવે અને શ્રવણમાં આવે એ પણ અલૌકિક વાત છે! સમજાણું કાંઈ? એટલે?

'**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...**' ઓલા ચારિત્રને ધર્મ કીધો. સ્વસમય પ્રવૃત્તિ એનો અર્થ કર્યો—સ્વરૂપમાં રમવું એ ચારિત્રની વ્યાખ્યા. પ્રવૃત્તિ કાંઈક કરવું છે ને. માણસ કહે છે, કાંઈક પ્રવૃત્તિ હોય ને, ચારિત્ર કાંઈક પ્રવૃત્તિ હોય ને? હા. કાંઈક પ્રવૃત્તિ હોય ને? પ્રવૃત્તિ હોય ને? ચારિત્ર (એટલે) કાંઈક કરવું હોય ને? કરવું હોય ને? કાંઈક કરવું હોય ને? હા. શું કરવાનું? કે સ્વસમય ભગવાન શુદ્ધ ચિદાનંદમૂર્તિ તેની પ્રવૃત્તિ કરવી એ કરવાનું. એ પ્રવૃત્તિ અને એ ધર્મ ને એ ચારિત્ર. માણસ એમ કહે, ચારિત્ર એટલે કાંઈક કરવું. કાંઈક દયા પાળવી, કાંઈક વ્રત પાળવા, કાંઈક અપવાસ કરવા એમ કાંઈક કરવું હોય તો ચારિત્ર કહેવાય કે નહિ? હા. એ તું કહે ઈ નહિ. શાંતિભાઈ! આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય સંતો એ તો કેવળજ્ઞાનના કેડાયત છે બધા. આહા..હા..! આવું સ્વરૂપ તે સ્વરૂપ પણ. કહે છે કે એ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એ પ્રવૃત્તિ જેને અમે ધર્મ કહ્યો, ચારિત્ર કહ્યું હતું, જેને અમે ધર્મ કહ્યો હતો તે જ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું-પરિણમવું એને અમે ધર્મ અને ચારિત્ર કહીએ છીએ. બે બોલ થયા. '**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो**' હવે '**समो**'નો આવે છે, ત્રીજો બોલ. '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી...**' ગુણ શબ્દે અહીં પર્યાય. તે જ. સ્વસમય સ્વરૂપમાં રમવું એ ચારિત્ર, સ્વસમયની પ્રવૃત્તિ તેનો અર્થ, તે જ વસ્તુની પર્યાય સ્વભાવનો ધર્મ માટે ધર્મ, તે ચૈતન્યનું પ્રકાશવું એનો એ અર્થ છે. '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી...**' યથાસ્થિત. વિકૃત પુણ્ય-પાપ છે એ યથાસ્થિત નથી. સમજાય છે કાંઈ? '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી...**' એટલે કે વિષમતા વિનાનો, એમ. સુસ્થિત આત્માની પર્યાય હોવાથી તે '**સામ્ય છે.**' અહીં ગુણ કહ્યો. ગુણ શબ્દે અહીં પર્યાય. સામ્ય છે. સમજાણું કાંઈ?

સ્વરૂપમાં રમવું એ ચારિત્ર છે. સ્વસમયમાં પ્રવૃત્તિ તેનો અર્થ છે. તે જ વસ્તુનો સ્વભાવ માટે ધર્મ છે. શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું તેનો અર્થ છે. '**તે જ યથાસ્થિત...**' યથાસ્થિત વસ્તુ છે એવી યથાસ્થિત વિષમતા વિનાની, વિકલ્પ વિનાની યથાસ્થિત પર્યાય હોવાથી તેને સમતા અને તેને સામ્ય કહેવામાં આવે છે. જેને ચારિત્ર કહ્યું હતું, તેને ધર્મ કહ્યો હતો, તેને સામ્ય કહેવામાં આવે છે. નિશ્ચયચારિત્રના પર્યાયના અનેકો નામ. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી...**' તેને સામ્ય કહીએ, તેને સમતા કહીએ, તેને વીતરાગતા કહીએ, તેને નિર્વિકલ્પ સ્થિરતા કહીએ, એનું નામ ચારિત્ર અને એનું નામ ધર્મ. બીજી ભાષાએ

કહીએ, જૈનધર્મ. આ ધર્મ શબ્દ આવ્યો ને? જૈનધર્મ એટલે શું? કે વસ્તુ જેવી છે-વીતરાગ વિજ્ઞાનઘન વસ્તુ છે, એવો વીતરાગ વિજ્ઞાનઘનની પર્યાય નિર્મળપણે પ્રગટ થાય એ જૈનધર્મ, એ વસ્તુનો ધર્મ, એ વસ્તુનો સ્વભાવ. જૈનધર્મ કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ? જેવું એનું વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ છે, વીતરાગનો અર્થ કષાય વિનાનું અને જ્ઞાન, એટલે ચારિત્ર અને જ્ઞાન એવું જે સ્વરૂપ છે એનું ત્રિકાળી, એવા સ્વરૂપની પર્યાયમાં અંતર એકાગ્ર થઈને જે પ્રગટ દશા થાય તે ધર્મ. તે શુદ્ધ ચૈતન્યનું પ્રકાશન થવું તે જૈનધર્મ છે. કહો, સમજાણું કાંઈ? શોભાલાલજી! કહો, જયંતિભાઈ! આવું સાંભળ્યું હતું કાંઈ ન્યાં? કેટલા ભવ કાઢ્યા? આહા..હા..!

વાહ રે પરમાત્મા! એણે પરમાત્માને ખોલીને મૂક્યો છે ને આમ! ભાઈ! તારી દશા તો આ હોય ત્યારે ચારિત્ર કહેવાય. સમજાણું કાંઈ? હવે એ સામ્યની વ્યાખ્યા કરે છે. ચારિત્ર એને ધર્મ, એને સામ્ય. હવે, એટલે શું? સમજાણું કાંઈ? દર્શનમોહની.. જુઓ! અહીં તો પાધરું એ લીધું છે. સમ્યગ્દર્શન એટલે દર્શનમોહનીયનો નાશ-અભાવ. દર્શનમોહનીયનો નાશ એટલે એનો અભાવ એનું નામ સમ્યગ્દર્શન. તો અહીં વ્યવહાર-ફ્યવહાર દર્શન છે ઈ વાત છે નહિ. અહીં તો સીધી સમ્યગ્દર્શન એટલે દર્શનમોહનો... છે ને? મોહનીયના ઉદયથી ઉત્પન્ન થતો મોહ. પહેલા એમ લ્યો. દર્શનમોહના ઉદયથી ઉત્પન્ન થતો મોહ. ચારિત્રમોહને એક કોર રાખો. એના '**અભાવને લીધે અત્યંત નિર્વિકાર એવો જીવનો (સમ્યગ્દર્શન) પરિણામ...**' બસ એટલું. ઓલા ચારિત્ર પરિણામ પછી. છે પછી ચારિત્રના પરિણામની વ્યાખ્યા. સમજાય છે? સ્વરૂપમાં રમવું એ ચારિત્ર, ચારિત્ર તે ધર્મ, ધર્મ તે સામ્ય અને સામ્ય એટલે શું? સમતા એટલે શું? જુઓ! આ સામાયિક સમતા. એ સમતા એટલે શું? સામ્ય એટલે શું? ધર્મ એટલે શું? ચારિત્ર એટલે શું?

દર્શનમોહનો અભાવ થઈને આત્મામાં નિર્વિકારી સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થવી એને સામ્યનો એક પહેલો ભાગ કહે છે. સમજાણું કાંઈ? સમજાય છે આમાં? કેટલી સ્પષ્ટ વ્યાખ્યા છે! છતાં લોકો અરે.. ભગવાન! ભાઈ! તારા હા પાડવાના ટાણે ના પાડ, બાપુ! જાઈશ ક્યાં તું? ભાઈ! આહા..હા..! આહા..! અરે..! ભાઈ! નિરાધાર નિરાધાર, આંખ્યું વીંચી ને કોઈ શરણ નથી ભાઈ! આ ચીજનું શરણ છે એવી જો દૃષ્ટિ ન થઈ, ભાઈ! કોઈ શરણ નથી. કોઈ પાંજરાપોળ (નથી), આંખ્યું વીંચી કે.. આહા..હા..! અનંત કીડી, કાગડા, નિગોદના ભવો. આહા..! સમજાય છે કાંઈ? આમાં દુનિયાની લાજેય ક્યાં રાખવી છે અને દુનિયાની શરમેય ક્યાં? દુનિયા આમ માને છે, ઝાઝા માને છે, દુનિયા આમ કહેશે. ગમે તે કહો, ભાઈ! વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? તમે તો ચારિત્ર આમ માનો છો, આવું ચારિત્ર અત્યારે નથી માટે અણુવ્રત, મહાવ્રત ચારિત્રને તમે માનતા નથી. ભગવાન! અણુવ્રત, મહાવ્રત ચારિત્ર ન હોય. અને સમ્યગ્દર્શન, જ્ઞાન વિના આવું ચારિત્ર ન હોય અને ચારિત્ર હોય ત્યાં

આવા પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે પણ એ ચારિત્ર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

સામ્ય એટલે શું? કે દર્શનમોહનીયના... આ વાંધો ઉઠ્યો છે. કાલે જ આવ્યું હતું. લ્યો, એ લોકો તો મોહક્ષોભ રહિત પરિણામ તેને ચારિત્ર કહે છે. ભગવાન! ત્યારે બીજું શું કરવું છે તારે? આ શું કહે છે? જુઓ! '**मोहक्खोहविहीणो परिणामो**'. અને અણુવ્રત અને મહાવ્રત પાળે એને તો ચારિત્ર કહેતા નથી. આવી ટીકા કરી છે. ભગવાન! ભાઈ! જે વસ્તુમાં નથી એને તારે કહેવું છે એ શી રીતે પાલવે? સમજાણું કાંઈ? વિકલ્પ ઉઠે છે પંચ મહાવ્રતનો, અઠ્યાવીસ મૂળગુણનો, ભાઈ! એ તો બંધનું કારણ છે, એ કંઈ મોક્ષનું કારણ ચારિત્ર એ નથી. એ તો પહેલું કહી ગયા છે પાંચ ગાથામાં કે, કષાયનો કણ વચમાં આવે છે. પંચ મહાવ્રત એ કણ છે કષાયનો. ભાઈ! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ભૂમિકામાં પણ એ રાગ કષાયનો કણ છે. અહીં તો હજી દર્શનશુદ્ધિ શું, સમકિત શું એની ખબર ન મળે અને એકલા વ્રતોના વિકલ્પો એને ચારિત્ર માની લેવા. બહુ બાપુ! આત્માનો પરમાત્માનો બહુ અનાદર થાય છે. સમજાય છે કાંઈ? આ કાંઈ કોઈનો પંથ અને પક્ષ નથી. સોનગઢવાળા આવું ચારિત્ર કહે છે. ભઈ, સોનગઢવાળા કહે છે કે ભગવાન કહે છે? અરે..! ભાઈ! તને શું ખબર છે? બાપા! આહા..હા..! આ વસ્તુસ્થિતિ જ એવી છે ત્યાં કહેવું કે સોનગઢવાળા કહે કે ભગવાન કહે કે મુનિ કહે-બધું એક જ છે.

કહે છે, ભાઈ! તારા તરવાનો ઉપાય ચારિત્ર જેને સામ્ય કહીએ એમાં પહેલો દર્શનમોહનો નાશ થઈને સમ્યગ્દર્શન હોવું જોઈએ. સમજાય છે કાંઈ? તે આ સમ્યગ્દર્શન તે જ સમ્યગ્દર્શન છે. ૧૪૪માં આવે છે ને? તેને સમ્યગ્દર્શન વ્યપદેશ કહેવામાં (આવે છે)-તેને નામ આપવામાં આવે છે. વ્યવહાર-ફ્યવહાર સમ્યગ્દર્શન એ સમ્યગ્દર્શન છે જ નહિ. આહા..હા..! વ્યપદેશ-નામ પણ આ સમ્યગ્દર્શનને (અપાય છે). ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ એની અંતરમાં રાગના અવલંબન વિનાની દ્રવ્યના અવલંબે પ્રગટેલી સમ્યગ્જ્ઞાનની, દર્શનની પર્યાય તે જ સમ્યગ્દર્શન એને નામ પમાય છે, બીજાને સમ્યગ્દર્શન નામ પમાતું નથી. સમજાણું કાંઈ?

દર્શનમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતો જે મોહ તેનો અભાવ. હવે ચારિત્રના પરિણામની વ્યાખ્યા છે ને અહીં તો. ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતો જે ક્ષોભ. ઈ ક્ષોભ છે ત્યાં. સમજાય છે કાંઈ? દરિયો આમ સ્થિર હોય અને ડોલે ને જ્યાં આમ ડોલે, એમ ભગવાન આત્મામાં સમ્યગ્દર્શન અને જ્ઞાન હોવા છતાં વિકલ્પથી ક્ષોભ થાય છે અંદર ક્ષોભ (તો). ભગવાન હલે છે, કંપે છે. શુભ-અશુભભાવથી આત્મા કંપે, હલે છે, ક્ષોભ છે, ક્ષોભ છે. આહા..હા..! એ પંચ મહાવ્રતના પરિણામ એ ક્ષોભ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતા સમસ્ત મોહ અને ક્ષોભના અભાવને લીધે...**' વળી અહીં એમ પણ કહે કોઈ, પણ આ તો સમસ્ત મોહ અને ક્ષોભનો અભાવ છે. એ તો બારમે હોય. અરે.. ભગવાન! અહીં તો સાતમાની વાત છે, ભાઈ!

સમજાણું કાંઈ? ભાષા 'સમસ્ત' જ છે. અહીં તો એને ચારિત્ર કહ્યું, એને ધર્મ કહ્યો. આ ધર્મ, વીતરાગનો આ ધર્મ. એ જૈન પરમેશ્વરે કહેલો આ ધર્મ. કેવલી પણ્ણત્તો ધમ્મો બોલે છે કે નહિ? સાંજ સવાર ગડિયા તો બહુ બોલે છે. એ કેવલી પણ્ણત્તો ધમ્મો એ વસ્તુનો શુદ્ધ વીતરાગી સ્વભાવ છે તેની પર્યાયમાં શ્રદ્ધા અને જ્ઞાન સહિતની સ્થિરતા પ્રગટ કરવી એનું નામ જૈનધર્મ અને વસ્તુનો ધર્મ છે. વસ્તુનો ધર્મ કહો કે જૈનધર્મ કહો. સમજાણું કાંઈ?

કહે છે કે સમસ્ત મોહ, ક્ષોભનો અભાવ. અહીં જોર આપે છે કેટલાક. જુઓ! ક્ષોભનો બધાનો અભાવ થાય છે. છઠ્ઠે-સાતમે ક્યાં છે એવું? આ સાતમાની વ્યાખ્યા નથી, આ તો ઊંચા ગુણસ્થાનની વાત છે. ભાઈ! સાતમે શુદ્ધ ઉપયોગ હોય છે. એ શુદ્ધ ઉપયોગને જ અહીં 'સામ્ય' શબ્દથી કહેવામાં આવ્યો છે. શુદ્ધ ઉપયોગ. છઠ્ઠે ગુણસ્થાને સમ્યગ્દર્શન સહિત કેટલીક સ્થિરતા—શાંતિ છે, પણ ઓલા વિકલ્પો હજી વચ્ચે પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણના છે એને દૂરથી ઓળંગી જઈને, દૂર ઓળંગી જઈને હું સામ્ય અંગીકાર કરું છે, એમ પાંચ ગાથામાં આવ્યું હતું. આહા..હા..! ભલે ત્યારે તે કાળે એને વિકલ્પ છે લખવા કાળે તોપણ મારું લક્ષ તો ત્યાં ઉપયોગને પ્રાપ્ત ... પ્રાપ્ત કર્યું છે મેં આ રીતે, એમ કહે છે. સમજાણું કાંઈ? નહિતર તો છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકા પહેલી નથી આવતી કાંઈ. પણ પાઠ તો એવો લીધો છે. પહેલી તો સાતમાની આવે. છતાં વચ્ચે આવી પડ્યું એને ઓળંગી જઈને એટલે ઓલું હતું ખરું પણ પાછો અહીં આવી ગયો ને, આવી ગયો, વિકલ્પ છે એટલે કે આને ઓળંગીને મારે તો અહીં જાવું છે. શુદ્ધ ઉપયોગની રમણતા એ ચારિત્ર એ મારું ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આ માર્ગ છે, ભાઈ! પરમેશ્વરે કહેલું આ ચારિત્ર છે. આહા..હા..!

સામ્ય એનો અર્થ કર્યો. ઓલા દરેકનો અર્થ કર્યો ને જેમ, એમ આનો અર્થ કર્યો. '**દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતા...**' મિથ્યાત્વ અને ક્ષોભનો અભાવ. '**મિથ્યાત્વ અને ક્ષોભના અભાવને લીધે અત્યંત નિર્વિકાર...**' આહા..હા..! અત્યંત નિર્વિકાર. જેને ચારિત્ર કહ્યું હતું, સ્વરૂપમાં રમવું એ ચારિત્ર એને ને એને કહ્યું હતું. સમજાણું કાંઈ? સ્વસમયની પ્રવૃત્તિ, સ્વસમય આત્મા શુદ્ધ ચિદાનંદની પ્રવૃત્તિ એ જ વસ્તુનો સ્વભાવ તે ધર્મ, એ શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એનો ધર્મનો અર્થ, તે જ સામ્ય છે. એ સામ્ય દર્શનમોહ અને ચારિત્રમોહના અભાવથી, વિષમતાના અભાવથી અંતરથી પ્રગટેલો ચારિત્ર ધર્મ જેને શાંતિ કહ્યું છે, એ શાંતિ તે જીવના પરિણામ છે. જુઓ! આ જીવના આ પરિણામ છે, ભાઈ! ઓલા રાગાદિ, પુણ્યાદિ જીવના પરિણામ નહિ એમ કહ્યું અહીં તો. આહા..હા..!

જીવ પોતે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે એના... પરિણામી શુદ્ધ ચૈતન્ય છે તો એના પરિણામ શુદ્ધ તે જીવના પરિણામ છે. આહા..હા..! ગજબ શૈલી! પ્રવચનસાર, સમયસાર કુંદકુંદાચાર્યે તો ન્યાલ કરી નાખે એવી વાતું (કરી) છે બધી. ઓ..હો..હો..! આવા સૂત્રાર્થ કરીને-બાંધીને,

ભાવનું નિમિત્તપણું હતું, વસ્તુ તો એને કારણે થઈ. આત્માને હથેળીમાં બતાવી દીધો છે આમ. સમજાણું કાંઈ? જોવું તો એને પડે કે નહિ?

મુમુક્ષુ :— દેખાડવું તો આપને પડે ને.

ઉત્તર :— કોઈ દેખાડે એટલે દેખે ઈ? એ.. ભીખાભાઈ! આહા..હા..! એનો અર્થ જ ઈ છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત શુદ્ધ ઉપયોગની રમણતા એને અહીંયા સમસ્ત મોહ અને ક્ષોભના રહિત જ જીવના પરિણામ કહ્યા છે. એ શુદ્ધ ઉપયોગ જ જીવના પરિણામ છે. શુભ અને અશુભ એ જીવના પરિણામ નથી. આહા..હા..! કહો, નવરંગભાઈ! કહો આમાં શું છે? હવે નવો રંગ શું છે? આહા..હા..! હજી આવ્યા નહિ પાછા, નહિ? મોડું થયું. એ ટાણું આવવાનું હોય ત્યારે આવે ને. એનો કાળ હોય તો આવે ને. કહો, સમજાણું કાંઈ? અહીં કાંઈ વાંધો નથી, ઈ તો જરી ઓલું હતું તો ... હતું. આહા..હા..!

**'અત્યંત નિર્વિકાર એવો...'** એમ ભાષા છે. ચારિત્રના પરિણામને ધર્મ કહ્યો, રમણતા કહી, સ્વસમયની પ્રવૃત્તિ કહી સ્વસમયની, એને સામ્ય કહ્યું, શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું કહ્યું એ અત્યંત નિર્વિકારી પરિણામ છે, જેમાં વિકારનો અંશ છે નહિ. એકલો નિર્વિકારી ન લીધો, અત્યંત નિર્વિકાર. આહા..હા..! સ્વભાવની સરાણે ચડ્યો અંદર એને જે ઘસારો લાગીને પરિણતિ એકાકાર થઈને પ્રગટી, કહે છે કે અત્યંત નિર્વિકાર પરિણામ, પરિણામ એને અમે ચારિત્ર કહીએ છીએ, એને અમે સ્વસમય આત્માની પ્રવૃત્તિ કહીએ છીએ, એને વસ્તુના સ્વભાવનો ધર્મ કહીએ છીએ, એને શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું કહીએ છીએ, એને જ અમે સમતા કહીએ છીએ, એને જ અમે મોહ અને ક્ષોભ રહિતના પરિણામ જીવના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો, આ ચારિત્ર. આ ચારિત્ર મોક્ષનું કારણ. અને એ ચારિત્ર દર્શનજ્ઞાનપ્રધાન હોય. જેમાં મુખ્ય સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય તો આ ચારિત્ર હોય, નહિતર ચારિત્ર હોય નહિ. એ છઠ્ઠી ગાથામાં આવી ગયું. દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્ર.

મુમુક્ષુ :— આવું ચારિત્ર ન હોય ત્યારે બીજી જાતનું ચારિત્ર ન હોય?

ઉત્તર :— બીજી જાતનું એટલે શું? અજ્ઞાન હોય. આહા..હા..! દયાના, દાનના, ભક્તિના પરિણામ, સત્ય આદિના હોય તો એ પરિણામ કાંઈ જીવના પરિણામ નથી, એ ચારિત્ર નથી, એ ધર્મ નથી, એ ક્ષોભ રહિત અને મિથ્યાત્વ રહિત એ પરિણામ નથી. એ પરિણામમાં તો મિથ્યાત્વભાવ પડ્યો છે. 'એ પરિણામ હું કરું છું, એ પરિણામ મારા છે' તેવા મિથ્યાત્વભાવવાળા સવિકારી મિથ્યાત્વ સહિતના પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓ..હો..હો..! ગાથા તો સાતમી. તમારે તો બરાબર આવે છે, પેલું સવારમાં આવ્યું અને આ આવ્યું પાછું. બેય વખત. અહીં સુધી તો આવ્યું હતું, સામ્ય સુધી. ફેર લીધું છે.

**'મોહ અને ક્ષોભના અભાવને લીધે...'** પહેલી તો વ્યાખ્યા, આ મોહનો અભાવ ત્યાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા જ આ છે. સમ્યગ્દર્શન-મોહનો અભાવ એટલે? મિથ્યાત્વનો અભાવ

એટલે નિશ્ચય સમ્યગ્દર્શન એ જ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનના પ્રકાર પાડે છે ને? ના, ના એ નહિ. એ તો મિથ્યાત્વનો અભાવ હોય ત્યાં વ્યવહાર સમકિત છે. એની વાત નથી, ત્યાં તો બીજી વાત કરી છે ૧૦૭માં અને એનો સરવાળો ૧૬૦માં. પંચાસ્તિકાયમાં છે ને, ૧૬૦માં. પૂર્વે કીધો હતો વ્યવહાર એ વ્યવહાર આ છે '**धम्मादीसद्दहणं**'. એ તો નિશ્ચય દૃષ્ટિ અને અનુભવ ભૂમિકામાં-નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્રમાં વ્યવહાર કેવો હોય વિકલ્પ એની જાત ત્યાં વર્ણવી છે. સમજાય છે? ત્યાં આગળ બચાવ કરીને (એમ કહે), જુઓ! અહીં મિથ્યાત્વના નાશને વ્યવહારસમકિત કહ્યું છે. એમ લ્યે છે. ૧૬૦માં. લખાણ છાપામાં આવ્યું હતું, ઘણું આવ્યું હતું. આહા..! અરે..! બાપુ! તને વાંચતા આવડે નહિ. ભાઈ!

અહીં તો કહે છે, દર્શનમોહનો અભાવ તે સમ્યગ્દર્શન છે. એ એક જ પ્રકારનું સમ્યગ્દર્શન છે, બે પ્રકારનું છે નહિ. અને તેની સાથે રાગનો ક્ષોભનો—ચપળપણાનો (અભાવ હોય), સમ્યગ્દર્શન સહિતમાં ચપળપણું—ક્ષોભ જે વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપનો ક્ષોભ આકુળતા તેનાથી રહિત જીવના પરિણામ તેને અહીંયા ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો એ શુદ્ધ ઉપયોગ છે અને ત્યાં શાંતિ છે. શાંત.. શાંત.. શાંતરસનું શાંતરસનું ત્યાં વેદન છે. બિલકુલ નિર્વિકાર અત્યંત છે માટે શાંતરસનું વેદન છે. સમજાણું કાંઈ?

'**અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.**' જોયું! અહીંયા જીવના પરિણામ ભાષા નથી વાપરી. ... જીવનો પરિણામ કહેવાય છે. જીવનો પરિણામ. જીવના પરિણામ એમ નહિ. એ તો પછી આપણને બોલતા ન આવડે એટલે જીવના પરિણામ કહી દઈએ. એઈ..! આ એક પરિણામ છે તે જીવનો પરિણામ (છે). ચારિત્ર એ જીવના પરિણામ છે એમ કહીએ આપણે ભાષામાં. ચારિત્ર એ જીવના પરિણામ છે. અહીં કહ્યું, ચારિત્ર એ જીવનો પરિણામ છે. પરિણામ કેવો? એમ. કહો, સમજાણું આમાં? એઈ.. વજુભાઈ! તમારા ભાઈ તો સંસ્કૃતના (જાણકાર છે). તમે જાણો છો કે નહિ? નહિ? ઠીક. જુઓ! પાઠ છે કે નહિ અંદર? '**निर्विकारो जीवस्य परिणामः**' આહા..હા..! એ પરિણામિકભાવ પરિણમીને ઊભો થયો પર્યાયમાં એને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? ભગવાન પરમપારિણામિક ધ્રુવ પરમભાવ એ પરિણમ્યો પોતે. રાગ-ફાગ, નિમિત્તને આધીન કાંઈ નહિ. આહા..હા..! એવો ભગવાન આત્મા ત્રિકાળી પરમ સ્વભાવનો પિંડ પ્રભુ ધ્રુવરૂપ તે પર્યાયરૂપે-નિર્મળ પરિણામપણે પરિણમ્યો એ જીવનો પરિણામ તે ચારિત્ર કહેવામાં આવે છે. એ પરિણામને ધર્મ કહો, એને ચારિત્ર કહો, એને સામ્ય કહો, એને શુદ્ધ ઉપયોગ કહો કે પરમ શાંતિનું વેદન કહો.

ધન્ય અવતાર ચારિત્રનો છે ને! હેં? ઓહો..! ધન્ય ચારિત્ર આ દશા! અને એ ચારિત્ર વિના મુક્તિ ત્રણ કાળમાં નથી. એકલા સમ્યગ્દર્શન, જ્ઞાનથી કાંઈ મુક્તિ થાય નહિ. એ ચારિત્રનું કારણ દર્શન, જ્ઞાન છે એમાં, પણ છતાં એકલા દર્શન, જ્ઞાન એ તો મૂળ છે, ચારિત્રનું મૂળિયું છે ધર્મ. ધમ્મો સમજાય છે? દંસણ મૂલો ધમ્મો. ધર્મનું મૂળ દર્શન છે, ધર્મ આ

ચારિત્ર, આ પરિણામ. દંસણ મૂલો ધમ્મો. ધર્મનું મૂળ દર્શન છે અને દર્શન ચરિત ખલુ ધમ્મો. ચારિત્રના પરિણામ તે ધર્મ. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો અંતર દરબારની આત્માની વાતું છે. જેને ન્યાલ થઈને કલ્યાણ કરવું હોય એની વાતું છે. હેરાન થઈને મરી જાય, ક્યાંય સુખ નથી. સમજાણું કાંઈ? આ બધા પૈસાવાળા, શરીર નિરોગી ને રૂપાળા લાગે, એ બધા માંસના, હાડકાના પિંડલામાં લક્ષ જાય ત્યાં આકુળતા થાય છે. આહા..! સમજાણું કાંઈ? અહીં કહે છે, ભગવાનના લક્ષમાં જાય તો નિરાકુળતા થાય એવી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ગમે એવી સામગ્રી ઈન્દ્રાણી હોય, રૂપાળા પિંડલા જેવા શરીર (હોય). ભગવાન! પણ એ તો જડ છે ને પ્રભુ! એ જડ ઉપર તારું લક્ષ જાય ત્યાં આકુળતા તને થાય છે, નાથ! તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શીતળરસનો શાંતરસથી ભરેલો પ્રભુ એ ઉછળે છે જ્યારે પર્યાયમાં (ત્યારે) ચૈતન્યનું પ્રકાશવું થયું. ઉછળ્યો, ઉભરો આવ્યો પર્યાયમાં, એ દશાને અહીંયા શાંત ને સમતા ને ચારિત્ર કહે છે. એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? ઈ કુંદકુંદાચાર્ય કહેશે, હું સામ્યને અંગીકાર કરું છું. આહા..હા..! પંચમ કાળના મુનિ ઈ કહે છે, હું સામ્યને અંગીકાર કરું છું, ભાઈ! વિકલ્પ વચ્ચે આવે છે એને હું અંગીકાર કરતો નથી, એને દૂર ઓળંગી જાઉં છું. આહા..હા..! એ તો જાહેર પ્રસિદ્ધિ પોતાની પોતમાં કરે છે.

**ભાવાર્થ :— 'શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુદ્ધ ભાવ (અર્થાત્ મિથ્યાત્વ) તે મોહ,...'** જોયું! શુદ્ધ આત્માની શ્રદ્ધા... ચૈતન્ય ભગવાન પૂર્ણ પવિત્ર આનંદ એવી જે અંતર એનું ભાન થઈને શ્રદ્ધા, એનું જ્ઞાન થઈને શ્રદ્ધા, એની ઓળખાણ થઈને શ્રદ્ધા, એનાથી વિરુદ્ધ એ મિથ્યાત્વ, એ મોહ છે. લ્યો. **'અને નિર્વિકાર નિશ્ચળ ચૈતન્યપરિણતિરૂપ ચારિત્રથી વિરુદ્ધ ભાવ...'** નિર્વિકાર નિશ્ચળ અને ચૈતન્ય પરિણતિ નિર્વિકારી એવું જે ચારિત્ર, **'એનાથી વિરુદ્ધ ભાવ તે ક્ષોભ.'** છે. છે ને અંદરમાં નાખ્યું છે. જયસેનાચાર્યે નાખ્યું છે. જુઓ! '**निर्विकारनिश्चलचित्तवृत्तिरूपचारित्रस्य**'. એમાંથી નાખ્યું છે, એમાંથી અર્થ નાખ્યો છે, એમાં નાખ્યું છે. શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ સમકિતની વ્યાખ્યામાં એ નાખ્યું છે. નિર્વિકાર નિશ્ચળ ચિત્તવૃત્તિરૂપ ચારિત્ર. એની વ્યાખ્યા છે જયસેનાચાર્યમાં.

ભગવાન આત્મા આનંદનો નાથ પૂર્ણાનંદનો પ્રભુ એવા આનંદની રમતું અંતરમાં કરતાં એ રમતમાં ચારિત્રના આનંદની દશા નિર્વિકારી પ્રગટ થાય એ નિશ્ચળ ચૈતન્ય પરિણતિ એનું નામ ચારિત્ર. એનાથી વિરુદ્ધ તે ક્ષોભ. આહા..હા..! આ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, કહે છે કે એ ભાવ ક્ષોભ છે. આહા..હા..! ઓલો રાજી રાજી થઈ જાય. ભાઈ! એ વિકલ્પ છે, એ ક્ષોભ છે. એના ફળમાં શાંતિ ન હોય. સમજાણું કાંઈ? અહીં તો તીર્થંકરગોત્ર બાંધે તો ભગવાન થાશે વળી. અહીં કહે કે, ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાણું એ ભાવ ક્ષોભ છે ને, ભાઈ! એ ક્ષોભમાં શાંતિ આવશે ક્ષોભને કારણે? પ્રકૃતિ બંધાણી એને કારણે શાંતિ

આવશે? એ ક્ષોભનો અભાવ કરે ત્યારે શાંતિ આવશે. સમજાણું કાંઈ?

**'મોહ અને ક્ષોભ રહિત પરિણામ,...'** આ વ્યાખ્યા હમણા આવી હતી. લાલબહાદુરે બહુ લખ્યું હતું ઓલામાં જૈનદર્શનમાં. અરે..! આ લોકો મોહ અને ક્ષોભ રહિત પરિણામને ચારિત્ર કહે છે. અણુવ્રત, મહાવ્રતને ચારિત્ર કહેતા નથી. ભગવાન! અણુવ્રત, મહાવ્રત બાપુ! સમ્યગ્દર્શન વિના હોય નહિ, ભાઈ! આત્મા એમાં ઠગાઈ જાય છે. સમજાણું કાંઈ? બાબુભાઈ! શું આ? બહારના દયા, દાન, વ્રતના વિકલ્પો એ જાણે અમારું ચારિત્ર. ભાઈ! આત્મા ઠગાય છે, બાપા! બહુ લખ્યું છે, ઘણું લખ્યું છે અહીંનું અહીંનું મૂળ. સોનગઢની નિર્ભર્ત્સના (તિરસ્કાર) કરવા. ભાઈ! એમ ન હોય પ્રભુ! નિર્ભર્ત્સના આની છે નહિ. વસ્તુનું સ્વરૂપ જ આવું છે એમાં શું કરીશ તું? અણુવ્રત, મહાવ્રત સમ્યગ્દર્શન વિના હોય નહિ અને એ વિનાના વિકલ્પો છે એ તો એકલા અનર્થના કારણ છે. ક્ષોભ છે, ક્ષોભ છે, આકુળતા છે. આહા..હા..! એ આકુળતા પરંપરાએ મોક્ષનું કારણ થાતું હશે? સમજાણું કાંઈ? ત્યારે કહે છે ને, ભાઈ, સમકિતીનો શુભભાવ પરંપરા મોક્ષનું કારણ (છે). એ તો શુભ છે, આકુળતા છે. અત્યારે અશુભ ટળ્યો છે, શુદ્ધતા પ્રગટી છે એ શુદ્ધતા પ્રગટ કરીને શુભને ટાળશે એવી તાકાતને ગણીને પરંપરા કહ્યું. પણ એ શુભભાવ છે ઈ કારણ છે નહિ. અહો..! જીવે પોતે પોતાને ઠગ્યો છે ને. બીજો તો કોણ ઠગે એને? જે સ્વરૂપમાં ચારિત્ર અને દર્શન નથી તેને માની અને આ ચારિત્ર માન્યું એ તો જીવને પોતે ઠગ્યો છે, ઠગ છે.

એ ક્ષોભ રહિત પરિણામ એને સામ્ય કહો, એને ધર્મ કહો, એને ચારિત્ર (કહો), **'એ બધાં એકાર્થવાચક છે.'** બધાનો એક જ અર્થ છે. કહો, સમજાણું આમાં? આઠ મિનિટની વાર છે ને હજી? લ્યો, બહુ સરસ ગાથા! બહુ અલૌકિક વાત છે!

આઠમી. **'હવે આત્માનું ચારિત્રપણું (અર્થાત્ આત્મા જ ચારિત્ર છે એમ) નક્કી કરે છે :—'** ભગવાન આત્મા જે પરિણામે પરિણમ્યો તે અભેદ થઈને પરિણમ્યો છે માટે તે આત્મા (છે). ચારિત્ર તે આત્મા (છે). આહા..! સમજાણું કાંઈ? એ શુભરાગ એ આત્મા નહિ. પંચ મહાવ્રતના પરિણામ એ વિકલ્પ છે, એ આત્મા નહિ. આવા જે આત્માના સ્વરૂપમાં રમણતાના પરિણામ જે ચારિત્ર, જેને ધર્મ કહ્યો, જેને ક્ષોભ રહિત પરિણામ કહ્યું, સ્વસમયની પ્રવૃત્તિ કીધી અથવા જેને શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ કીધો એ આત્માના અવિકારી પરિણામ છે, તે પરિણામ છે તે જ આત્મા છે. પરિણામ અભેદ થઈ ગયા છે. એ શુદ્ધ પરિણામપણે આત્મા પરિણમી ગયો છે. તન્મય થઈને થઈ ગયો છે. વીતરાગી ચારિત્ર પરિણામમાં આત્મા તન્મય—તદ્રૂપ—તે રૂપે થયો છે. માટે આત્મા જ ચારિત્ર છે એમ નક્કી કરે છે. ચારિત્ર કોઈ આત્માથી જુદી ચીજ નથી. દેહની ક્રિયા, પંચ મહાવ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર નથી અને એ કોઈ આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

परिणमदि जेण दव्वं तक्कालं सम्मयं ति पण्णत्तं।
तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो।।८।।

નીચે.

**જે ભાવમાં પ્રણમે દરવ, તે કાળ તન્મય તે કહ્યું;**
**જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. ૮.**

શું કહે છે? '**ટીકા :— ખરેખર જે દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે દ્રવ્ય તે કાળે ઉષ્ણતારૂપે પરિણમેલા લોખંડના ગોળાની જેમ તે-મય છે;...**' દૃષ્ટાંત આપ્યો. ખરેખર ભગવાન આત્મા વસ્તુ દ્રવ્ય જે છે પદાર્થ, જે કાળે જે ભાવ એટલે પર્યાયરૂપે, ભાવ એટલે અહીં પર્યાય છે. વસ્તુ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જે છે, પરમાનંદ અને જ્ઞાન-દર્શનનો પિંડ પ્રભુ આત્મા એ વર્તમાનકાળમાં—વર્તમાન અવસ્થામાં જે પર્યાયરૂપે પરિણમે છે તે દ્રવ્ય તે વસ્તુ તે કાળે, તે કાળે—તે સમયે '**ઉષ્ણતારૂપે પરિણમેલા લોખંડના ગોળાની જેમ...**' લોઢાનો ગોળો ઉષ્ણતારૂપે પરિણમ્યો છે તો એ ઉષ્ણતારૂપ પર્યાય તન્મય થઈ ગઈ છે. લોઢાના ગોળા સાથે એક સમયની પર્યાયમાં તન્મય છે. એથી એનો અર્થ આવો નથી પાછો, સમજાણું? કે શુભપણે પરિણમે છે તો આખું દ્રવ્ય શુભ જ થઈ ગયું છે એમ નથી. અહીં તો પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? એમ કહે છે. શુભપણે જો આત્મા પરિણમે છે તો આખું દ્રવ્ય જ શુભ છે. અશુદ્ધપણે પરિણમ્યો તો આખું દ્રવ્ય જ અશુભ છે. એમ નથી અહીં કહેવું. દ્રવ્ય તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ જ્ઞાયકમૂર્તિ ત્રિકાળ છે. પણ જ્યારે ચારિત્રના પરિણામપણે—નિર્દોષ નિર્વિકારી ચારિત્રના પરિણામપણે પરિણમે છે, તો લોખંડનો ગોળો જેમ ઉષ્ણરૂપે થયો તો ઉષ્ણમાં તન્મય એની—લોઢાની પર્યાય છે. એમ ચારિત્રરૂપે પરિણમેલો આત્મા તન્મય પર્યાયમાં છે. માટે એ પર્યાય તન્મય અભેદ છે માટે તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તે-મય છે;...**' એમ કીધું ને? ચારિત્ર નામ સ્વરૂપના સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતના મોહ, ક્ષોભ રહિતના પરિણામ એ પરિણામપણે પરિણમ્યું છે દ્રવ્ય પોતે. પર્યાયમાં તન્મય થયું છે દ્રવ્ય. એ આત્મા પોતે વીતરાગપર્યાયપણે પરિણમેલો છે, તન્મય છે માટે તેને આત્માનો ધર્મ કહીએ છીએ. એ આત્માને ચારિત્ર કહેવાય છે. જોયું? '**તેથી આ આત્મા ધર્મે પરિણમ્યો થકો ધર્મ જ છે.**' ધર્મરૂપે-વીતરાગી પર્યાયપણે-શુદ્ધ આનંદપણે થયો થકો એ આત્મા જ છે. એ પરિણામને આત્મા કહી દીધો છે અહીં. ધર્મે પરિણમ્યો થકો આત્મા ધર્મ જ છે, આત્મા જ ધર્મ છે એમ કહે છે. આત્માયા ધમ્મે, આત્મા ધર્મ. કહો, સમજાણું કાંઈ? પહેલી વ્યાખ્યા હતી ને? '**चारित्तं खलु धम्मो**'. એ ધર્મને અહીં લાવ્યા.

'**જેમ...**' સમજાણું કાંઈ? ઉષ્ણતાપણે પરિણમેલી લોઢાની દશા ગોળાની, એ તન્મય ઊની છે. એમ '**આત્મા ધર્મે પરિણમ્યો...**' સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતના વીતરાગી પર્યાય

ચારિત્રમાં શુદ્ધ ઉપયોગપણે, ધર્મપણે, સામ્યપણે, સમતાપણે, સ્વભાવપણે થયો '**થકો ધર્મ જ છે.**' ધર્મે પરિણમ્યો ધર્મ જ છે. આત્મા ધર્મરૂપે થયો તે ધર્મ જ છે. આહા..હા..! સમજાણું? એમ આત્મા ચારિત્રપણે પરિણમ્યો તો એ ચારિત્રવંત જ છે. આહા..હા..! પરિણામ પરિણામીથી જુદા ન હોય. એના પરિણામ કંઈ પુણ્યમાં, વિકલ્પમાં, દેહની ક્રિયામાં વર્તે નહિ એમ કહે છે. ચારિત્રના પરિણામ એની પર્યાયમાં વર્તે છે. સમજાય છે કાંઈ? દેહની નગ્ન દશા થઈ માટે ધર્મ છે અને એ પરિણામ જીવ છે એમ નહિ. સમજાણું આમાં? આહા..હા..!

કહે છે, '**આત્મા ધર્મે પરિણમ્યો થકો ધર્મ જ છે.**' ધર્મે પરિણમ્યો થકો, પાછો પોતે પરિણમ્યો થકો ધર્મ છે. આહા..હા..! કર્મનો અભાવ થઈને, ફલાણો થઈને વાત જ નથી અહીં તો. પોતે જ શુદ્ધપણાના, મોહ, ક્ષોભ રહિતના પરિણામપણે પરિણમ્યો થકો ધર્મ જ છે. '**આ રીતે આત્માનું ચારિત્રપણું સિદ્ધ થયું.**' આ રીતે આત્માનું ચારિત્ર નક્કી થયું, તે આત્માનું ચારિત્ર. સમજાણું કાંઈ? નગ્નપણું, વસ્ત્રરહિતપણું કે પંચ મહાવ્રત કે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એ કંઈ આત્મા નહિ અને એ આત્માનું ચારિત્ર નહિ, એ આત્માની જાત નહિ અને આત્માના પરિણામ નહિ. સમજાણું કાંઈ? એનો ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૩, સોમવાર, તા. ૯.૯.૧૯૬૮**
**ગાથા-૮, ૯, પ્રવચન-૭**

પ્રવનસાર, આઠમી ગાથા. '**ખરેખર જે દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે દ્રવ્ય તે કાળે ઉષ્ણતારૂપે પરિણમેલા લોખંડના ગોળાની જેમ, તે-મય છે;...**' શું કહે છે? જે સમયમાં જે દ્રવ્ય જે પર્યાયપણે પરિણમે છે તે પર્યાયપણે પરિણમતા તે દ્રવ્ય તે-મય થાય છે. સમજાણું કાંઈ? સામાન્ય વ્યાખ્યા કહી, પછી આત્માની કહેશે. '**ઉષ્ણતારૂપે પરિણમેલા લોખંડના ગોળાની જેમ,...**' લોઢાનો ગોળો ઉષ્ણતાપણે—ઊનાપણે પરિણમે તે ઊનો થઈ જાય છે પર્યાયમાં તો. તન્મય ઊનો જ છે. પર્યાયપણેં હો!

'**તેથી આ આત્મા ધર્મે પરિણમ્યો થકો ધર્મ જ છે.**' ઈ સિદ્ધ કરવું છે અહીં તો. '**चारित्तं खलु धम्मो**'. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન સહિત પોતાનો

જે શુદ્ધ સ્વભાવ, આમ ઉપયોગ કહ્યો એકરૂપે, બે રૂપે કહો તો દર્શન અને જ્ઞાન કહ્યું. એવો જે એનો સ્વભાવ એકરૂપે કહો તો ઉપયોગસ્વરૂપે છે ઈ. એના બે ભાગ પાડ્યા કે દર્શન અને જ્ઞાનસ્વભાવવાળું આત્મતત્ત્વ એની શ્રદ્ધા અને એનું જ્ઞાન, જેમાં પ્રધાન છે એવું ચારિત્ર. મગનભાઈ! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ પોતે પદાર્થ ઉપયોગસ્વરૂપ છે આમ ઉપયોગસ્વરૂપ. એના પેટા ભેદ પાડીને કહો તો દર્શનજ્ઞાનસ્વરૂપ, દર્શનજ્ઞાનસ્વરૂપ, ઉપયોગસ્વરૂપ, દર્શનજ્ઞાનસ્વરૂપ. એવું જે આત્મતત્ત્વ એની શ્રદ્ધા. સમજાય છે કાંઈ? એવું જે આત્મતત્ત્વ એની શ્રદ્ધા—સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન અને એના સન્મુખ થઈને એનું જ્ઞાન. દર્શન-જ્ઞાનસ્વભાવવાળું એવું આત્મતત્ત્વ એનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન એ જેમાં પ્રધાન છે એટલે મુખ્ય છે. શેમાં? ચારિત્રમાં. ચારિત્ર થવામાં આ પહેલા દર્શન અને જ્ઞાન મુખ્ય છે. દર્શન અને જ્ઞાન ન હોય તો ચારિત્ર હોય નહિ. અને ચારિત્રપણે થયેલો આત્મા ચારિત્રરૂપ જ પરિણમી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચારિત્ર કોઈ દેહની ક્રિયા નથી, ચારિત્ર કોઈ શુભાશુભ પરિણામ નથી. ચારિત્ર—ચરવું. શુદ્ધ દર્શનજ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એમાં ચરવું, રમવું, સ્વરૂપમાં ઠરવું એવી જે વીતરાગી પરિણતિ—પર્યાય—પરિણામ--એ પણે પરિણમ્યો આત્મા જ ધર્મસ્વરૂપ છે. સમજાણું કાંઈ? સમજાય છે?

'**આત્મા ધર્મે પરિણમ્યો થકો...**' ધર્મ એટલે વીતરાગી પરિણામ. શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત અરાગી પરિણતિ એવો જે ચૈતન્ય ધર્મ, જૈનધર્મ, આત્મધર્મ એ રૂપે પરિણમ્યો આત્મા તે આત્મા ધર્મ જ છે. એ આત્મા જ પોતે ધર્મ થયો. સમજાણું કાંઈ? સમજ મેં આયા કિ નહીં? બરાબર નથી આયા. બરાબર દરકાર કરી જ નથી અત્યાર સુધી કાંઈ. એમ કહેવું પડે કે નહિ? આ તો કહે, અમને સંભળાવવાવાળા મળ્યા નથી. પણ દરકાર કરી છે કે દિ'? તોપણ ક્યાં દરકાર છે હજી? અહીં કહે છે, આઠમી ગાથા છે ને આઠમી, એનો અર્થ ટીકા. બીજી લીટી છે ને બીજી. '**તેથી આ આત્મા...**' છે? બતાવો ભાઈ! તમે જોડે (બેઠા છો). '**ધર્મે પરિણમ્યો થકો...**' ભગવાન આત્મા જ્ઞાન-દર્શનનો પિંડ એવો પ્રભુ એના શ્રદ્ધા-જ્ઞાન સહિત શુદ્ધપણાના પરિણામે શુદ્ધ ઉપયોગે પરિણમ્યો થકો, શુદ્ધ ઉપયોગના શુદ્ધ આચરણરૂપે પરિણમ્યો થકો, પુણ્ય-પાપરૂપે નહિ. શુદ્ધ ઉપયોગપણે પરિણમ્યો થકો. એ શુદ્ધ ઉપયોગ એ ધર્મ, એ રૂપે પરિણમ્યો થકો એ પોતે આત્મા જ ધર્મ છે. સમજાય છે કાંઈ?

જેમ લોઢાનો ગોળો ઊનાપણે પરિણમ્યો થકો એ ગોળો જ ઊનો છે, ગોળો જ ઊનારૂપે થયો છે. ઊનો જ છે ગોળો. વસ્તુ અંદર ભિન્ન છે, આ તો પર્યાયપણાની વાત છે ને. એમ ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્યપણે, શુદ્ધ જ્ઞાનગુણપણે છે પણ એવો જ શુદ્ધપણે પરિણમ્યો તો એ આત્મા જ પોતે ધર્મપણે પરિણમ્યો થકો આત્મા જ ધર્મ છે. લ્યો, આત્માનો ધર્મ આત્માના પરિણામથી જુદો ન હોય. સમજાણું કાંઈ? આત્માનો ધર્મ આત્માના શુદ્ધ ઉપયોગ

સિવાય બાહ્યમાં ન હોય.

**'આ રીતે આત્માનું ચારિત્રપણું સિદ્ધ થયું.'** આ રીતે ભગવાન આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાનની પ્રધાનતાની મુખ્યતામાં આ શુદ્ધ ઉપયોગનું પરિણમન એ ચારિત્ર સિદ્ધ થયું. એનું નામ ચારિત્ર. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :— 'ચારિત્ર આત્માનો જ ભાવ છે...'** ચારિત્ર જ આત્માની પર્યાય છે. ભાવ એટલે પર્યાય—અવસ્થા. ચારિત્ર એ આત્માની વીતરાગી પર્યાય છે **'એમ ૭મી ગાથામાં કહ્યું હતું. આ ગાથામાં અભેદનયે એમ કહ્યું કે જેમ ઉષ્ણતાભાવે પરિણમેલો લોખંડનો ગોળો તે પોતે જ ઉષ્ણતા છે—લોખંડનો ગોળો ને ઉષ્ણતા જુદાં નથી, તેમ ચારિત્રભાવે પરિણમેલો આત્મા પોતે જ ચારિત્ર છે.'** આત્મા ચારિત્ર છે. પર્યાય એની છે ને. અભેદ થયો. જેવું વીતરાગી વિજ્ઞાનઘન સ્વરૂપ હતું એવી જ શક્તિમાંથી વ્યક્તતાની વીતરાગ પરિણતિરૂપે પરિણમ્યો એ આત્મા જ પરિણમ્યો છે. એ ચારિત્ર આત્મા છે, એ ધર્મ આત્મા છે, શુદ્ધ ઉપયોગ એ આત્મા છે, શુદ્ધ પરિણતિ તે આત્મા છે. સમજાણું કાંઈ? કહો, ધર્મ નથી ક્યાંય મંદિરમાં, ધર્મ નથી સ્વાધ્યાય મંદિરમાં, ધર્મ નથી ક્યાંય ડુંગરે, ધર્મ નથી ક્યાંય દયા, દાનના પરિણામમાં એમ કહે છે. ભગવાનના નામસ્મરણમાં પણ ધર્મ નથી. એમાં ધર્મ નથી એમ કહે છે. આહા..હા..! મહાવીર, મહાવીર, મહાવીર.. કહે છે કે એ વિકલ્પ છે, એ ધર્મ નથી. વ્યવહાર ધર્મ છે. અંદરમાં કહ્યું છે ને ટીકામાં, જયસેનાચાર્યની ટીકામાં કહ્યું છે.

**'निजशुद्धात्मपरिणतिरूपो निश्चयधर्मो भवति।'** ધર્મની એણે બે વ્યાખ્યા કરી. આમાં એક જ કરી છે, ટીકામાં બે કરી છે જયસેનાચાર્યે. **'निजशुद्धात्मपरिणतिरूपो निश्चयधर्मो'** અને **'पञ्चपरमेष्ठयादि'** જુઓ! પંચ પરમેષ્ઠી આદિ **'पञ्चपरमेष्ठयादिभक्तिपरिणामरूपो व्यवहारधर्मस्तावदुच्यते'** સંસ્કૃતમાં (છે), ઈ તમને ન આવડે. સંસ્કૃતમાં છે જયસેનાચાર્યદેવની ટીકામાં જુઓ. **'धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो'** છે ને, એટલે પછી એનો અર્થ કર્યો કે આત્મા શુદ્ધ પુણ્ય-પાપના ભાવ રહિત એવી વીતરાગી પરિણતિએ પરિણમતો આત્મા નિશ્ચયધર્મ છે, એ સાચો ધર્મ છે અને એ કાળે શુભરૂપે પરિણમે તે વ્યવહારધર્મ એટલે પુણ્ય છે. પંચ પરમેષ્ઠીનું સ્મરણ, પંચ પરમેષ્ઠીની ભક્તિ, પંચ પરમેષ્ઠીનું બહુમાન. શોભાલાલજી! એટલે શુભભાવ. આ નિશ્ચયધર્મ આવો હોય, ત્યાં આવો હોય તો એને વ્યવહારધર્મ, પુણ્યને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. તો ઓલાને વ્યવહારધર્મ કહેવાય, નહિતર વ્યવહારેય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આસ્રવ, બંધ. બાબુલાલજી આવ્યા છે કે શું? ક્યારે આવ્યા? અચ્છા. કહો, સમજાય છે કાંઈ?

નાખ્યું છે અંદર, બે નાખે ને. 'धम्मपरिणदो आदा धम्मो' છે ને? એટલે ધર્મના બે પ્રકાર લીધા કે આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ એ પોતાની સ્વસંવેદન શ્રદ્ધાના જ્ઞાન સહિત શુદ્ધરૂપે પરિણમે તે નિશ્ચયધર્મ અને પંચ પરમેષ્ઠી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એની ભક્તિ, એનું સ્મરણ, એના બહુમાનનો વિકલ્પ તે વ્યવહારધર્મ એટલે પુણ્ય (છે). સમજાણું કાંઈ? તે પણ આ નિશ્ચય ધર્મ હોય તો ઓલાને વ્યવહાર કહેવાય. નહિતર તો એકલા મિથ્યાદષ્ટિને તો શુભભાવ છે, પુણ્યબંધ છે અને સાથે મિથ્યાત્વનો બંધ છે એટલે એને તો કંઈ વ્યવહારેય ધર્મ છે નહિ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— વસ્તુ નથી, વસ્તુમાં નથી એટલે પછી... ભગવાન, ભગવાન, ભગવાન, ભગવાન, ભગવાન કરે. પણ ઓલો ભગવાન પોતે છે એમાં જ્યાં નિશ્ચયનું ભાન નથી, તેને ભગવાન ભગવાનનો વિકલ્પ પણ વ્યવહારધર્મના નામને પામતો નથી. કહો, ચીમનભાઈ! બરાબર? કહો, સમજાણું આમાં? એ આઠમી ગાથા થઈ.

'**હવે જીવનું શુભપણું, અશુભપણું અને શુદ્ધપણું (અર્થાત્ જીવ જ શુભ, અશુભ અને શુદ્ધ છે એમ) નક્કી કરે છે :—**' સાતમી ગાથાનો આઠમામાં સાર (કહ્યો કે) ચારિત્ર પોતે આત્મા છે એટલું સિદ્ધ કર્યું. હવે તો ચારિત્ર શુદ્ધ પરિણામ (હો) કે શુભ પરિણામ હો કે અશુભ હો, એ આત્મા તે રૂપે શુભ અને અશુભરૂપે થાય છે. સમજાણું કાંઈ? એ વાત કરે છે, જુઓ નવમી.

**जीवो परिणमदि जदा सुहेण असुहेण वा सुहो असुहो।**
**सुद्धेण तदा सुद्धो हवदि हि परिणामसब्भावो।।९।।**
**શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,**
**શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯.**

લ્યો આમાંય ગોટા, અર્થ કરવામાં એવા ગોટા. જગતને અત્યારે એવું નીકળ્યું છે ને.

**ટીકા :—** '**જ્યારે આ આત્મા શુભ કે અશુભ રાગભાવે પરિણમે છે...**' જુઓ! જ્યારે આત્મા પંચ પરમેષ્ઠીની ભક્તિ, દયા, દાન, વ્રતાદિના પરિણામપણે થાય છે ત્યારે શુભભાવપણે પરિણમે છે, એ પુણ્યપણે પરિણમે છે. એ શુભપણે પણ પરિણમે છે. એની પર્યાય પરિણમી છે એમાં. એ પરને લઈને નહિ અને પરમાં નહિ. શુભપણે પરિણમેલો જીવ જ પોતે શુભપણે પરિણમે છે. એ શુભ પરિણામ પરના છે એમ નહિ (એમ) અહીં સિદ્ધ કરવું છે. જ્ઞાન અધિકાર છે ને. પરથી ભેદ છે. દૃષ્ટિમાં તો શુભ પરિણામ જીવના નહિ એ જુદી વાત છે. એ પછી પરભાવની વાત છે, એ તો પછી દૃષ્ટિના વિષયમાં.

અહીં તો કહે છે, કે શુભભાવપણે પરિણમે છે જીવ. શુભના ત્રણ પ્રકાર. એક ક્રિયાનો દયા, દાન, વ્રતાદિના પરિણામનો શુભભાવ, એક ભક્તિનો, એક નામસ્મરણ આદિનો શુભભાવ

અને એક ગુણી-ગુણના ભેદરૂપનો શુભભાવ. ગુણી આત્મા અને એમાં અનંત ગુણ છે એવો એ વિકલ્પ જે ભાવ એ શુભભાવ, એ પણે થાય છે આત્મા. એ કર્મને લઈને નહિ એમ સિદ્ધ કરવું છે અહીં. એ શુભપણે પરિણમે છે એ આત્મા પરિણમે છે, કર્મને લઈને નહિ, કર્મમાં નહિ, કર્મને લઈને નહિ, કર્મને આશ્રયે નહિ. પોતાનું પરિણમન શુભપણે પરિણમ્યો એ આત્મા. સમજાણું કાંઈ?

જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન છે ને આ. જ્ઞાન જાણે છે કે મારામાં શુભરૂપી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ આદિનો શુભ ઉપયોગ મારું પરિણમન છે, પર્યાય છે. એ પોતાની જ પર્યાયને પરિણમન થયો છે. તેની સાથે જીવ પર્યાયમાં શુભ ઉપયોગમાં તન્મય છે, તે-સ્વરૂપે છે. પણ વાત ઈ છે, ઈ વખતે કંઈ આખો આત્મા શુભરૂપે થાય છે એમ નહિ. એમ કહે છે કેટલાક કે શુભરૂપે પરિણમ્યો એટલે આત્મા શુભ જ છે. હવે પછી કંઈ શુદ્ધ-બુદ્ધ કંઈ રહેતું નથી. અરે..! આવા અર્થ કરે. ભાઈ! એ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક ધ્રુવ સત્ત્વ તત્ત્વ ત્રિકાળ નિર્મળાનંદ છે. જે વસ્તુ ધ્રુવ છે, દર્શન-જ્ઞાનનો પિંડ છે, અનંત ગુણનો પિંડ પુંજ છે એવી ચીજ ધ્રુવ છે એ તો ત્રિકાળ શુદ્ધ છે. એમાં અશુદ્ધપણું કંઈ અડતું નથી. પણ એની પર્યાયમાં અશુદ્ધપણાનો એક ભાગ એવો શુભ, અશુદ્ધપણાનો એક ભાગ એવો શુભ (પરિણમે છે). અશુદ્ધપણાના બે ભાગ—શુભ અને અશુભ. એ શુભે પરિણમતા આત્મા શુભરૂપે પર્યાયમાં તન્મય થઈ ગયો છે. શુભપર્યાય આમ આઘી રહી ગઈ છે અને આત્મા એનો જુદો રહ્યો છે એમ છે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

દર્શન અધિકારમાં એ આવ્યું હતું, કર્તાકર્મમાં કે આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ દર્શનવિશુદ્ધિ જ્યાં પ્રગટ થઈ ત્યાં આત્મામાં નિર્મળ પર્યાય તે આત્માની. તે દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાય શુદ્ધ તે આત્મા. અને જે અશુદ્ધતા છે એ પુદ્‌ગલના પરિણામ, પોતાના નહિ. એ તો પોતાના પર્યાયમાં શુદ્ધતા અને અશુદ્ધતાનો ભેદ કરીને વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમયસારના લખાણ, પ્રવચનસારના લખાણ બેને મેળ કરે તો ખબર પડે સમજે ઈ. ન્યાં તો એમ કહે કે સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. એટલે વસ્તુ છે ચૈતન્ય ભગવાન પરમાત્મસ્વરૂપ આનંદસ્વરૂપ એ આનંદની રમતે ચડ્યો પ્રભુ આત્મા ત્યારે તેને આનંદની દશા એ જ આત્મા છે. થોડી કંઈ દુઃખની દશા, રાગની દશા રહી એ પર્યાય આત્માની નહિ, એ આત્માની પર્યાયમાં નહિ. દ્રવ્ય-ગુણમાં તો નહિ, પણ એની પર્યાયમાં પણ નહિ. સમજાણું કાંઈ? અરે..! ભારે વાત ભાઈ! જગરાજજી! ન્યાં (કહે છે), એની પર્યાયમાં નહિ, અહીં કહે છે પરિણમેલો તું. ન્યાં દર્શનની શુદ્ધિની દર્શનની અપેક્ષાએ ત્યાં વાત છે. અહીં જ્ઞાનપ્રધાનમાં પરથી ભિન્ન બતાવવું એટલું છે અને ન્યાં દર્શનમાં તો રાગથી પણ ભિન્ન સ્વ પરિણમન તારું એ બતાવવું છે. સમજાણું કાંઈ? ન્યાં એમ કહ્યું હતું, વળી અહીં આ કહ્યું. ફાવાભાઈ કહેતા, સવારે જ્યાં ધારીએ ત્યાં બપોરે બીજું આવે. એઈ.. મનસુખભાઈ! ફાવાભાઈ કહેતા. મગજ બરાબર નહિ.

એક વાત નક્કી કરીએ કે શુભભાવ આત્માનો નહિ, ત્યાં વળી બપોરે આવે કે શુભ ભાવ આત્માનો છે. હવે આમાં (મેળ કેમ કરવો)? આ તો શુભભાવ આત્મામાં છે એમ આવ્યું. દાનનું એક કોર રાખો. પણ એ દાનનો જે ભાવ છે એ જીવના પરિણામ છે. લોઢાનો ગોળો ઊનારૂપે જેમ પરિણમ્યો છે એ પરિણમન કંઈ લોઢાથી જુદું નથી અને જુદાને લઈને એ પરિણમન ઉષ્ણતાનું નથી. અગ્નિને લઈને ઉષ્ણ થયો છે એમ નથી. લોઢાનો ગોળો પોતે જ ઉષ્ણતારૂપે થયો છે. એમ ભગવાન આત્મા શુભપણે પોતે જ થયો છે, કર્મને લઈને નહિ. સમજાણું કાંઈ? આહા..!

જ્ઞાન તો અંશે અંશને પરખી જેટલું ભિન્ન છે પોતાનું સ્વરૂપ—દ્રવ્ય, ગુણ અને પર્યાય જેટલું એ જ્ઞાન બરાબર જાણે. દ્રવ્યે શુદ્ધ છું, ગુણે શુદ્ધ છું અને પર્યાયે શુદ્ધે પરિણમ્યો એટલો પણ હું છું અને શુભપણે પરિણમું એ પણ મારી પર્યાયનું જ પરિણમન છે અને મારામાં છે, હું એમાં ગયો છું પર્યાયે. પર્યાયે હોં! સમજાણું કાંઈ? ઓલા કર્તાકર્મનો અધિકાર વાંચે ત્યારે (એમ આવે કે) કર્મથી વ્યાપ્યવ્યાપક છે વિકાર. કર્મ તે વ્યાપક—પ્રસરનાર છે અને પુણ્ય-પાપના ભાવ તેનું વ્યાપ્ય નામ તેની અવસ્થા છે. જેમ માટીની ઘડો અવસ્થા છે, માટીની ઘડો અવસ્થા છે, એમ કર્મની પુણ્ય-પાપની અવસ્થા છે, આત્માની નહિ. શેઠ! આ બધું સમજવું પડશે આ બધું. સમયસારમાં એમ આવે. ૭૫-૭૬-૭૭. એ.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :— જ્ઞાનીના..

ઉત્તર :— ક્યાં પણ, જેમાં જેમ હોય એમ હોય ને. જ્ઞાનીના ગમમાંથી જેમ બેસતા હોય એમ બેસે ને.

જુઓ! ત્યાં તો એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિને વિકારના પરિણામ જ નથી. વળી છેલ્લા શ્લોકમાં ન્યાં એ કહ્યું સમયસારમાં, ધર્મીને પણ રાગના પરિણામ હોય છે, લડાઈના હોય છે, ભોગના હોય છે, વાસનાના હોય છે. સમજાય છે? ન્યાં છેલ્લું જ્ઞાનપ્રધાન કરીને આખી ચીજ સમજાવી પાછી. સ્યાદ્વાદ અધિકારમાં.

મુમુક્ષુ :— આ સીધું ચારિત્ર અપેક્ષાએ.

ઉત્તર :— નહિ, ઈ તો જ્ઞાનપ્રધાન કથન છે એમાં. ન્યાં પણ જ્ઞાનપ્રધાન જ્ઞાન જાણે છે ને. પોતાના પર્યાયમાં મલિનતા જાણે છે. અહીં પણ ઈ છે. અહીં તો આવશે, કર્તૃત્વ રાગનું, જેમ રંગારો રંગે છે એમ આત્મા રંગાય છે રાગ સાથે, એમ કહે છે. આહા..! કર્મને લઈને છે? કર્મ તો પરદ્રવ્ય છે. એને અડતોય નથી જીવ. શુભપણે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, શ્રવણ આદિ એવા શુભપણે પરિણમતો આત્મા શુભ છે. કહો, હીરાભાઈ! ન્યાં ૭૫-૭૬માં (બીજું કહે). એકના એક આચાર્ય, ન્યાં કાંઈક અને અહીં કાંઈક? બધું સમજ તો ખરો, કઈ અપેક્ષાએ છે? સમજાણું કાંઈ?

ત્યાં દૃષ્ટિનો વિષય દૃષ્ટિ પોતે નિર્વિકલ્પ છે, એનું તત્ત્વ વિષય તે નિર્વિકલ્પ છે. તેથી

દૃષ્ટિમાં અભેદની દૃષ્ટિ થતાં તેના પરિણમનમાં નિર્મળ અવસ્થા અભેદ થઈ તે તેની પર્યાય ગણવામાં આવે છે. એનો જેટલો વિકલ્પ શુભ આદિ ઉઠે એ આત્માનો ગણવામાં ન આવતા, એ પુદ્ગલનો ગણવામાં આવે છે. મગનભાઈ! આહા..હા..! કેમ? કે ઈ પોતાના પરિણમનથી એનું પરિણમન જાત જ જુદી છે. એટલે એને પરથી ભિન્ન બતાવીને રાગની ભિન્નતા (બતાવીને કહ્યું કે) તારામાં રાગ નથી, તારા તો નિર્મળ દ્રવ્ય, નિર્મળ ગુણ, નિર્મળ પર્યાય એ તારું અસ્તિત્વ.

અહીંયા તો અંશે જ્ઞાન જાણે છે કે દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, પર્યાય કેટલીક શુદ્ધ છે. છતાં અશુદ્ધપણે પરિણમન તન્મય હું છું એમ જ્ઞાન જાણે છે. ત્યારે એ જ્ઞેયની પરિપૂર્ણતા જ્ઞાનમાં આવી કહેવાય. આ તો અભ્યાસ કરે તો સમજાય એવું છે. ઉપરથી નથી સમજાય એવું. બીડીમાં જેમ પૈસા મળી ગયા એકદમ. સમજાણું? ત્યાં કાંઈ બુદ્ધિ-બુદ્ધિ કામ કરી નથી, બુદ્ધિ નહોતી ત્યાં કાંઈ. શોભાલાલજી! બુદ્ધિને લઈને મળ્યું છે? એમ કહેવાય? ના, ના, બુદ્ધા શું કામ કરે ત્યાં? એ તો પૂર્વના પુણ્યના પરમાણુ હોય... મળે નહિ, આવે એને માને કે મળ્યું છે. આ મળે. અશુભ પછી આવશે. અત્યારે જે કહ્યું છે ને, કે આત્મા શુભ કે અશુભ રાગભાવે પરિણમે. જુઓ!

હવે શુભ કીધું અને અશુભપણે. હિંસાના ભાવ, જૂઠાના ભાવ, વિષયવાસનાના ભાવ, કામ, ક્રોધના ભાવ એ અશુભ છે. અશુભપણે પણ આત્મા પોતે થાય છે. અશુભની પર્યાય આત્મા પોતે તન્મય અશુભ થાય છે. એ એની પર્યાય જડની છે કે જડમાં છે અને પુદ્ગલના એ પરિણામ છે એમ નથી. સમજાય છે કાંઈ? લ્યો, ૫૦મી ગાથા ૨૯ બોલના ઉકરડામાં કહે, પુદ્ગલ પુદ્ગલ. એ વાત તો દ્રવ્યદૃષ્ટિની મુખ્યમાં એકલો ભગવાન દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય એની શક્તિમાંથી વ્યક્તતા નિર્મળ થાય તેટલી જ એની છે. નિમિત્તને આધીન થયેલી વસ્તુ તેના વસ્તુમાં છે નહિ. પરમાં નાખી દીધી, છૂટી જવાની છે માટે. અહીં પાછો વિવેક કરાવ્યો જ્ઞાનમાં. જ્ઞાન દ્રવ્યને પરિપૂર્ણ જાણે, ગુણને પરિપૂર્ણ જાણે અને પર્યાયની શુદ્ધતા, અશુદ્ધતા મારી છે, મારું પરિણમન છે એમ જ્ઞાન જાણે. અમરચંદભાઈ! સમયસારની જુઓને કથન શૈલી. આહા..હા..!

એક કોર એમ કહે કે ધ્રુવ તે જીવનું સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય જીવનું સ્વરૂપ જ નહિ. કારણ કે ઉત્પાદ-વ્યય વ્યવહાર છે. વ્યવહાર અભૂતાર્થ છે. ભૂતાર્થ તે એકલો દ્રવ્યસ્વભાવ તે જ ભૂતાર્થ છે. સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશમાં ૪૩ ગાથામાં આવે છે. વસ્તુ વસ્તુ ત્રિકાળ ધ્રુવ એક સમયનો પર્યાય છોડી દઈને જે દળ એકલું ચૈતન્ય સત્ત્વ છે વસ્તુ, તે જ સ્વરૂપ જીવનું છે. સમજાણું કાંઈ? દ્રવ્ય આત્મલાભ હેતુ. વસ્તુના સ્વરૂપની હયાતી કેટલી? કે ધ્રુવની. તે પારિણામિકભાવ તે સ્વરૂપ. ઉત્પાદ-વ્યય નહિ. એ વ્યવહાર છે.

અહીં કહે છે કે ઉત્પાદ-વ્યયમાં જેટલો શુભ પરિણામ અને અશુભ થાય એ તારામાં

તારો છે. એ જ્ઞાન પરથી ભિન્ન પાડીને પોતાના અંશમાં જેટલી મલિનતા છે એને જાણે. સમજાણું કાંઈ? આનું નામ સ્યાદ્વાદ. જેમ તેમ ઘસડીને બેસાડવાની વાત નથી હોં આ. વસ્તુનું સ્વરૂપ એવું છે.

અહીં કહે છે કે '**આત્મા શુભ કે અશુભ રાગભાવે...**' અહીં રાગભાવે કહ્યું છે ને? એમ ત્યાં દ્વેષ આદિ લઈ લેવા. '**પરિણમે છે ત્યારે જાસુદપુષ્પના કે તમાલપુષ્પના (લાલ કે કાળા) રંગે પરિણમેલા સ્ફટિકની જેમ,...**' સ્ફટિકની સ્વચ્છતા સ્ફટિકની છે પણ કાળા અને રાતા ફૂલનો સંયોગ હોય ત્યારે કાળા, રાતાની ઝાંયપણે પરિણમે છે. સ્ફટિક પોતે પરિણમે છે કાળા, રાતાપણે. એ ફૂલને લઈને નહિ, ફૂલમાં નહિ. કાળા, રાતાની ઝાંય સ્ફટિકની પોતાની છે. સમજાણું કાંઈ? એ સ્ફટિકનો દાખલો ૨૭૭-૨૭૮માં આપ્યો છે સમયસારમાં. રાતા આદિનું પરિણમન એ પરદ્રવ્યનું છે, સ્વદ્રવ્યનું નહિ. ત્યાં એમ કીધું. એનો એ સ્ફટિકનો દાખલો આપીને. સ્ફટિકમાં જે લાલ અને કાળપ દેખાય છે એ સ્ફટિકની નહિ, પરની છે. વસ્તુનું સ્વરૂપ સિદ્ધ કરીને દૃષ્ટિનો વિષય બતાવ્યો. ભગવાન આત્મા ચૈતન્યસ્ફટિક એમાં પુણ્ય-પાપના પરિણામનું પરિણમન એ પરદ્રવ્યનું પરિણમન છે, સ્વદ્રવ્યનું નહિ. જેઠાલાલભાઈ! ત્યાં ઓલા લોકો એમ કહે છે, જુઓ, પરદ્રવ્યને લઈને વિકાર પરિણમ્યો. અરે.. ભગવાન! કેટલી એની.. ત્યાં એમ આવે, પરદવ્વેણ.. જુઓ! પરદ્રવ્યથી લાલ અને લીલો રંગ થયો. એમ પરદ્રવ્યને લઈને (થાય છે). આત્મા એકલો રાગપણે પરિણમે નહિ, નિમિત્તને લઈને રાગ અને દ્વેષપણે પરિણમે. ત્યાં એ કાઢે કે જુઓ! પરદ્રવ્યને લઈને પરિણમન (થાય છે), તમે ના પાડો છો. હવે સાંભળને. એ તો સ્વદ્રવ્યની સિદ્ધિ કરતાં સ્વદ્રવ્ય પોતે રાગપણે પરિણમવું એનો સ્વભાવ નથી અને નિમિત્તાધીન જ્યારે એની અવસ્થા થાય છે ત્યારે એનું પરિણમન વિકારી થાય છે. તેથી તેને પરદ્રવ્યના પરિણામથી રાગાદિ થયો એમ કહેવામાં આવ્યું છે. અરે..! જેઠાલાલભાઈ! મેળ કરવો જોઈએ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય પરમાત્મસ્વરૂપ એવું ભાન હોવા છતાં, કહે છે કે જ્યારે શુભપણે પરિણમે ત્યારે શુભરૂપ હોય છે. સ્ફટિક રત્નની પેઠે. દાખલો આપ્યો છે ને? લાલ અને કાળો. લાલ એટલે શુભ લેવું અને કાળો એટલે અશુભ. સમજ્યા ને? જાસુદપુષ્પના કે તમાલપુષ્પ. જાસુદનો લાલ અને તમાલનો કાળો (રંગ). એમ જ્યારે શુભપણે પરિણમે, તો સ્ફટિક જેમ લાલપણે પરિણમે એમ આ શુભપણે પરિણમે છે આત્મા. સ્ફટિક જેમ કાળાપણે પરિણમે—થાય એમ આત્મા અશુભપણે થાય છે. પુણ્ય-પાપનો ભાવ, હિંસા, જૂઠનો ભાવ, ચોરી, વિષયનો ભાવ, ક્રોધ, માન, માયા એ અશુભ પરિણામ જીવના પરિણામ છે. જીવ એ રૂપે તન્મય થઈને પરિણમે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**(લાલ કે કાળા) રંગે પરિણમેલા સ્ફટિકની જેમ, પરિણામસ્વભાવી હોવાથી,...**' શું કીધું? એ જીવ પરિણામ બદલવાના સ્વભાવવાળો હોવાને કારણે, એમ સિદ્ધ કર્યું. શુભ-

અશુભપણે કેમ પરિણમે છે? કે પરિણમવાનો—બદલવાનો એનો સ્વભાવ છે. તેથી પોતાને કારણે એ શુભ ને અશુભપણે પરિણમે છે. સમજાણું કાંઈ? '**શુભ કે અશુભ થાય છે (અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુભ કે અશુભ છે);...**' દયાના પરિણામ શુભ થયા અને હિંસાના અશુભ થયા, એ વખતે આત્મા શુભ અને અશુભરૂપે ભેખ ધારણ કર્યો છે એણે. એ આત્માનો જ ભેખ છે, આત્માની જ પર્યાય છે અને આત્મા જ તેમાં તન્મયપણે પરિણમ્યો છે. પર્યાય તરીકે હોં! વસ્તુ તો ધ્રુવ શુદ્ધ છે. આહા..!

અહીંયા કહે કે, જુઓ અશુભપણે પરિણમ્યો તો આત્મા અશુભ જ છે. એટલે? એ તો પર્યાય અશુભ છે, દ્રવ્ય-ગુણે નહિ. સમજાણું કાંઈ? એનો અર્થ આ કરે. અશુભપણે પરિણમવા વખતે શુદ્ધપણું ક્યાં રહે છે? શુદ્ધપણું એકલું રહે છે દ્રવ્યમાં, સાંભળને. વસ્તુ તે કાંઈ અશુભ થાતી હશે? આ તો પર્યાયની વાત ચાલે છે, ભાઈ! આહા..હા..! જૈનતત્ત્વ વીતરાગદર્શન આત્મદર્શનને વાસ્તવિક જાણવું બહુ કઠણ છે, સૂક્ષ્મ જ્ઞાન છે, ભાઈ! આ કાંઈ વાતું કરવાની નથી. વસ્તુને સિદ્ધ કરવાની વાત છે. સમજાણું કાંઈ? પરદ્રવ્ય પૃથક્ છે. પરદ્રવ્યને અને સ્વદ્રવ્યની પર્યાયને સંબંધ શું? એ તો પર છે. શુભ-અશુભ પરિણામ કર્મને લઈને થયા અને અનુભૂતિથી ભિન્ન છે એ જે કહ્યું એ તો દ્રવ્યની દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું, પણ જ્ઞાન જે થયું એ જ્ઞાન તો જાણે છે કે આ શુભ-અશુભ પરિણમન મારામાં, મારે લઈને હું થયો છું, એ ભેખરૂપે હું થયો છું. સમજાણું કાંઈ? સમયસાર અને પ્રવચનસાર બે ચાલે છે અહીં તો.

મુમુક્ષુ :— ... નિર્ણય નથી થતો.

ઉત્તર :— નિર્ણય કરે એવું છે પણ એને ઠેકાણું ન હોય તો શું કરે? મગજમાં નિર્ણય કરી શકે. વસ્તુસ્વભાવ ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ એકલો ઉપયોગ જ સ્વભાવ જેનો જ્ઞાન અને દર્શન સ્વભાવ સ્વભાવ જેનો ત્રિકાળ છે, સમજાય છે? એક રૂપે જુઓ તો ઉપયોગ છે, બે રૂપે જુઓ તો દર્શન અને જ્ઞાન છે. ત્રણ રૂપે જુઓ તો જ્ઞાન, દર્શન અને ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છે. ચાર રૂપે જુઓ તો અનંત જ્ઞાન, દર્શન, અનંત આનંદ અને વીર્ય એવા ચતુષ્ટયપણે ત્રિકાળ છે. વસ્તુ ત્રિકાળ એમ છે. સમજાણું કાંઈ? એ તો ધ્રુવની વાત છે અને દૃષ્ટિનો વિષય ધ્રુવ છે. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે. આહા..હા..! પણ સમ્યગ્દર્શન પોતે પર્યાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વળી સમ્યગ્દર્શન પર્યાય અને એનો વિષય ધ્રુવ, શું આમાં સમજવું? આમાં કાંઈ કોઈ નિર્ધાર-નક્કી થાતો નથી. અમારે ફાવાભાઈ કહેતા હતા કે ઘડીકમાં એમ થાય કે વિકાર જીવનો નથી. ત્યાં વળી આવે કે વિકારપણે આત્મા પરિણમે છે. આમાં મુંઝાય સાધારણ માણસ. સમજાણું કાંઈ? એ તો ભાઈ ન સમજાય ત્યાં સુધી સંસારમાં મુંઝાશે. સમજ્યા ને? કોને કહેવા કારેલા ને કોને કહેવી દૂધી. આ દૂધી ન ખપે, શું આમાંથી લેવું? કઈ દૂધી આમાં કોને કહેતા હશે દૂધી અને કોને કહેતા હશે કારેલા? ન્યાં

પણ મુંઝાય. એમ વસ્તુ ન સમજાય તો બધે મુંઝાય. સમજાય એને ક્યાંય મુંઝવણ નથી. 'સમજ પીછે સબ સરલ હૈ'. આહા..હા..!

કહે છે, અહીં તો પરદ્રવ્યથી જ્ઞાનસ્વરૂપે ભિન્ન છે તેના દ્રવ્ય, ગુણ અને પર્યાય તેના તેના અસ્તિત્વમાં છે એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પ્રવચનસાર. ભગવાનની દિવ્યધ્વનિનો પ્ર—વિશેષે દિવ્યધ્વનિ. કેટલાક વળી એમ કહે છે, એ લોકો તો, અશુદ્ધ પરિણતિ જીવની નથી, કર્મની છે એમ માને છે. અરે..! કોણ સાંભળને. કઈ અપેક્ષાથી કહે છે? કોઈ વખતે જ્યાં દૃષ્ટિનો વિષય આવ્યો હોય ત્યાં અશુદ્ધ પરિણતિ જીવની નહિ, જીવ એ પણે પરિણમતો નથી, પુદ્ગલનું પરિણમન છે, લ્યો આ સોનગઢવાળા આમ કહે છે. અરે..! સાંભળને, કઈ અપેક્ષાથી કહ્યું હતું? દૃષ્ટિની અપેક્ષાએ સમયસારમાં એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

એક પર્યાયના બે ભાગ—શુદ્ધ અને અશુદ્ધ. શુદ્ધ એ જીવની, શુદ્ધ એ જ્ઞાનીની પર્યાય. અશુદ્ધ એ પુદ્ગલની પર્યાય. ચીમનભાઈ! એ દૃષ્ટિની પ્રધાનતાનો વિષય કથનમાં છે. પણ દૃષ્ટિમાંથી જ્યારે જ્ઞાન સમ્યક્ થયું સાથે એ જ્ઞાન તો સ્વપરપ્રકાશક છે. દ્રવ્ય અને પર્યાય બેયને જાણે છે. દૃષ્ટિ તો એકલી દ્રવ્યને જ શ્રદ્ધે છે. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિ થતાં જે કારણ થઈને જે જ્ઞાન કાર્ય થયું એ જ્ઞાન દ્રવ્ય છે શુદ્ધ એને જાણે છે, પર્યાયમાં અશુદ્ધતા થાય છે એ મારી પર્યાયમાં પરિણમન છે એમ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ?

અને શુભ-અશુભ પરિણમન વખતે, સ્ફટિક રત્નના કાળા અને રાતા ફૂલના નિમિત્તના સંગે જેમ કાળી ઝાંય અને લાલ ઝાંય સ્ફટિકની જ છે, સ્ફટિક તે રૂપે થયો છે. એમ ભગવાન આત્મા શુભ અને અશુભ પરિણામ વખતે તે આત્મા તે રૂપે તન્મય થઈને પર્યાયે પરિણમ્યો છે. સમજાણું કાંઈ? **'અને જ્યારે શુદ્ધ અરાગભાવે પરિણમે છે...'** શુદ્ધ એટલે અરાગભાવ, એમ. ઓલા રાગમાં રાગ-દ્વેષ, વિષય બધું નાખી દેવું, હોં! મિથ્યાત્વ આદિ બધું. પણ જ્ઞાનીને તો અશુભપણાનું પરિણમન છે એમાં મિથ્યાત્વનું પરિણમન નથી. સમજાણું કાંઈ? જ્ઞાનના ભાનમાં અશુભના ભાવમાં ત્યાં મિથ્યાત્વનું નથી, અશુભનું (પરિણમન) છે. અજ્ઞાનીને અશુભના પરિણમનમાં મિથ્યાત્વનું પણ પરિણમન છે પણ તેને એની ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— થઈ ને ચોખવટ. ઈ તમારા ચિરંજીવી ના પાડે છે. કહો, સમજાણું કાંઈ? કહેવાય એમ ખરું, (પણ) વસ્તુસ્થિતિ બીજી. કહો, સમજાણું કાંઈ?

**'જ્યારે શુદ્ધ અરાગભાવે પરિણમે છે...'** ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ પોતે પોતાની શુદ્ધ પરિણતિએ—ધર્મની પરિણતિએ—વીતરાગ પર્યાયપણે થાય છે ત્યારે પોતે જ વીતરાગપણે થઈ ગયો તન્મય. **'ત્યારે શુદ્ધ અરંગે (રંગરહિતપણે) પરિણમેલા સ્ફટિકની જેમ,...)'** સ્ફટિક પછી લાલ, કાળાપણે પરિણમતો નથી. એ પોતાને કારણે નથી પરિણમતો. એમ આત્મા રાગ અને અશુભ આદિ, દ્વેષાદિ એ પણે નથી પરિણમતો, શુદ્ધપણે પરિણમે

ત્યારે પોતે શુદ્ધપણે પરિણમે છે. એની પોતાની પર્યાયનું શુદ્ધપણું છે. દ્રવ્ય-ગુણ શુદ્ધ છે એવી પર્યાય પણ શુદ્ધ છે. ઓલામાં દ્રવ્ય-ગુણ શુદ્ધ છે પણ પર્યાયમાં શુભ-અશુભનું પરિણમન છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ થાય છે.**' લ્યો. '**પરિણમેલા સ્ફટિકની જેમ પરિણામસ્વભાવી હોવાથી,...**' જુઓ, પરિણામ(સ્વભાવી). કૂટસ્થ સ્વભાવ નિત્ય એકલો સ્વભાવ નથી જીવનો. પરિણામસ્વભાવી છે, પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પર્યાયનો સ્વભાવ છે કે રાગરૂપે કે અશુદ્ધરૂપે થવું એ પર્યાયનો સ્વભાવ છે. બદલે છે ને, બદલે છે એટલે પરિણમે છે, પરિણમે છે એટલે થાય છે.

'**(અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુદ્ધ છે).**' શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની વીતરાગી પર્યાયે પરિણમેલો આત્મા પોતે શુદ્ધ છે. પર્યાયથી હોં! દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. સમજાણું કાંઈ? જુઓ! છે ને? '**(તે વખતે આત્મા પોતે જ શુદ્ધ છે).**' પોતે શુદ્ધ છે એટલે? પર્યાયે શુદ્ધ છે, એમ. આહા..હા..! સમજાણું? છઠ્ઠી ગાથામાં કહ્યું એ બીજી વાત કીધી. જ્યારે આત્મા ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ છે એ પરનું લક્ષ છોડીને પોતાની સેવા કરે છે એવી શુદ્ધ પર્યાય પ્રગટ કરે છે એ શુદ્ધ પર્યાય દ્વારા એને ખ્યાલમાં આવે છે કે આ દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ? એ દ્રવ્ય શુદ્ધ છે એમ ત્યાં સિદ્ધ કર્યું છે. શુદ્ધતાના પરિણામ દ્વારા પરથી લક્ષ છોડીને દ્રવ્યની સેવા થઈ એટલે એકાગ્ર થયો ત્યારે શુદ્ધતામાં-શુદ્ધતાની પર્યાયમાં ભાન થયું કે આ શુદ્ધ છે. આ શુદ્ધ પર્યાયપણે થયો ઈ પોતે શુદ્ધ છે એ પર્યાયે શુદ્ધ છે એ અહીં લેવું છે. ઓલું ત્રિકાળ શુદ્ધ હતું. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્યારે છઠ્ઠીમાં એમ કહ્યું, શિષ્યે પૂછયું, પ્રભુ! શુદ્ધ કોને કહેવો? શુદ્ધ કોને કહેવો? ત્યારે કહે, આત્મા જે ત્રિકાળી વસ્તુ છે એના ઉપર દૃષ્ટિ આપતા, પરથી ખસતા, દૃષ્ટિ આપતા જે દૃષ્ટિને શુદ્ધતા પ્રગટી તેવા જીવને માટે આ દ્રવ્ય શુદ્ધ છે, એમ કહ્યું ત્યાં. અહીંયા તો વીતરાગી પર્યાયે પરિણમેલો આત્મા તે પર્યાયપણે પરિણમ્યો તે શુદ્ધ છે. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. સમજાણું કાંઈ? આ તો એટલું તો આવે છે હવે પણ કાંઈ... આહા..હા..! શું કહે છે? જુઓ.

'**તે વખતે આત્મા...**' એટલે કે ત્રિકાળી નહિ. ત્રિકાળી તો શુદ્ધ છે ઈ તો છે. પણ શુદ્ધ પર્યાયપણે પરિણમે તે વખતે આત્મા શુદ્ધ છે. પર્યાય અપેક્ષાએ શુદ્ધ છે, તે વખતે પર્યાય અપેક્ષાએ શુદ્ધ છે. ઓલામાં એમ કહ્યું હતું કે પરનું લક્ષ છોડીને દ્રવ્યની સેવા કરે તે વખતે એને શુદ્ધ છે. ક્યું શુદ્ધ? દ્રવ્ય. સમજાણું? તે સમયે ઓલું શુદ્ધ છે એમ કીધું. અહીં શુદ્ધ પર્યાય પરિણમે તે સમયે શુદ્ધ છે. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે જ. સમજાણું કાંઈ? તે વખતે આત્મા પોતે શુદ્ધ છે.

'**એ રીતે જીવનું શુભપણું, અશુભપણું અને શુદ્ધપણું સિદ્ધ થયું.**' એ આ જીવ કહો કે આત્મા કહો, બધું એક જ છે. જુઓ, પહેલો આત્મા લખ્યો હતો. જુઓ, પહેલી

લીટીમાં. પછી જીવ કહ્યું. લોકો એમ ન સમજે કે જીવ અને આત્મા વળી જુદા હશે. જીવ મેલો અને આત્મા શુદ્ધ ત્રિકાળ છે, પર્યાયે શુદ્ધ છે એવો જીવ એમ નહિ. સમજાણું કાંઈ? આત્મા તો ત્રિકાળ શુદ્ધ જ છે, જીવ મલિન થાય છે પર્યાયમાં, એમ નથી. મગનભાઈ! તેથી બે શબ્દ નાખે છે ફેરવીને. જ્યારે આ આત્મા ત્યારે અહીં કીધું કે જીવ કહીએ. સમજાણું? એ અશુભપણું અને શુભપણું સિદ્ધ થયું એ રીતે જીવનું. સમજાણું? '**सिद्धं जीवस्य**' છે ને, પાઠમાં છે, સંસ્કૃત છે. '**सिद्धं जीवस्य शुभाशुभशुद्धत्वम्**'. અને પહેલું લીધું કે, '**यदाऽयमात्मा शुभेनाशुभेन वा रागभावेन परिणमति**' એમ કહ્યું હતું. ઓ.હો..હો..! ટીકાની કથનની પદ્ધતિ. કેટલું સમાવી દ્યે છે! કોઈ કહે કે આત્મા તો પર્યાયે પણ સદાય શુદ્ધ જ છે, જીવ જે છે અંતઃકરણ વિશિષ્ટ ઈ અશુદ્ધ છે. એમ નથી. એ તો જીવ કહો કે આત્મા કહો, એની એ ચીજ છે. એ જીવ પોતે કે આત્મા પોતે શુભ ને અશુભપણે, અશુદ્ધપણે પરિણમે છે ત્યારે પોતે આત્મા જ અશુદ્ધપણે થયેલો છે. આત્મા વળી જુદો રહી જાય છે અને જીવ અંદર અશુદ્ધપણે થાય છે (એમ નથી). સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગે કહેલું તત્ત્વ જેવું છે એવું એણે બરાબર સમજવું પડશે. કંઈ પણ ફેર રહેશે ન્યાયમાં તો જ્ઞાન, શ્રદ્ધા સાચી નહિ થાય તો એનું આચરણ પણ સાચું નહિ થાય.

શુભ કે અશુભપણું અને શુદ્ધપણું એ ત્રણે જીવના સિદ્ધ થયા. લ્યો, જીવના સિદ્ધ થયા. ભગવાન આત્મા વસ્તુએ અને એની શક્તિએ એટલે સ્વભાવે શુદ્ધપણું હોવા છતાં પર્યાયમાં પરિણમનસ્વભાવને કારણે સ્વભાવના આશ્રયે શુદ્ધપણે પરિણમે ત્યારે પોતે જ તે પર્યાયપણે તન્મય થાય છે અને શુભ ને અશુભ એવા અશુદ્ધ પરિણામે પરિણમે તો તે કાળે તે જ શુભ અને અશુભરૂપે જીવ જ થાય છે—આત્મા જ થાય છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :— 'આત્મા સર્વથા કૂટસ્થ નથી,...'** પરિણામિક કીધો ને. એકલો નિત્ય કૂટસ્થ નથી. કૂટ છે ને કૂટ—શિખર. શિખર જેમ ઊભું હોય (એમાં) કાંઈ બદલે એવું નથી. પણ પાણી કાયમ રહીને તરંગ ઉઠે એવો આત્મા છે. નિત્ય પરિણામી છે. કૂટસ્થ. વેદાંત આદિ કહે, બસ આત્મા કૂટસ્થ (છે). પરિણમવું ને પર્યાય એ શું વળી? નિશ્ચયાભાસ છે મિથ્યાદષ્ટિ. સમજાય છે કાંઈ? જેણે પર્યાય માની નથી એને સંસાર સિદ્ધ થતો નથી, એને મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી, એને મોક્ષ પણ સિદ્ધ થતો નથી. કારણ કે એ તો બધી પર્યાય છે. સમજાણું? વેદાંત આદિ કહે, અનિત્ય આત્મા? અશુદ્ધ આત્મા થાય? રાડ નાખે. સાંભળને હવે, પર્યાયે અશુદ્ધ પરિણમે છે માટે આત્મા થાય. સમજાણું કાંઈ? ઘણું સૂક્ષ્મ લાગે ઘણા પડખાએ સત્ય સિદ્ધ કરતાં અને આકરું લાગે. મળી જાય કો'ક એવો, બસ વિચાર છોડી દો બધા. ઓલાને એમ લાગે, આહા..હા..! વિચાર છોડી દો બધા. ક્યા અને શું વિચાર છોડવા? અને છૂટીને ક્યાં જાય? અને કેવા હતા? અને એ સિવાય શું રહે છે? ઈ કાંઈ છે? નાસ્તિક મત છે નાસ્તિક. સમજાણું કાંઈ? શિવલાલભાઈ! શિવલાલભાઈ કહેતા હતા.

કોલેજમાં લાવવાના છે, બોટાદમાં... બોટાદમાં રજનીશને. એવાય હોય ને કેટલાક. ભાવનગરમાં લાવે છે. એવા નીકળે ને કોઈ એક-બે નીકળે ગામમાં માન લેવા માટે. આપણે અહીં આવ્યા, જુઓ અમે ભાષણ કરાવ્યા અને લોકો બધા ભેગા થાય અને એવું બધું ભરડે, કચરડે એટલે લોકો બહુ ભેગા થાય. આહા..હા..! ભારે નવીન શ્રેણી લાગે છે હોં! અજ્ઞાનની. સમજાણું કાંઈ? અત્યારે આ રજનીશનું ચાલ્યું છે ને? ગપ્પેગપ. સિદ્ધાંત તત્ત્વથી તદ્દન વિરુદ્ધ. સર્વજ્ઞ પરમેશ્વરના સત્ય માર્ગથી તદ્દન ઊલટું. એ.. શોભાલાલજી! ભાઈ, એમના દીકરાના ઈ હતા. અહીં હતા ને ત્યાં આવ્યા હતા. માણસ લઈને આવ્યા હતા ચોપડીઓ ત્યાં. મલ્હારગઢ પુસ્તક લઈને આવ્યો હતો. ઓલો નહોતો કો'ક દાઢીવાળો ધોળો. કીધું, ગૃહીત મિથ્યાત્વના પુસ્તક છે. હાય.. હાય..! ભડક્યો.

આત્મા, એક એક આત્મા સર્વજ્ઞસ્વભાવી જ્ઞ-સ્વભાવી (છે). કેમકે વસ્તુ છે એ જ્ઞ-સ્વભાવ છે આત્મા. એ પરિપૂર્ણ વસ્તુ છે અને પરિપૂર્ણની પર્યાય પ્રગટ થાય છે. એ સર્વજ્ઞ છે અને સર્વજ્ઞે કહેલા તત્ત્વો તે સાચા છે. આ જાણે નહિ ત્યાં સુધી એની કોઈ વાત સાંભળવા જેવી નથી. સમજાણું કાંઈ? ગપ્પેગપ પોતાની કલ્પનાથી કરે તર્ક ઉઠાવીને અને આ (લોકો) બિચારા... તમારા ગામમાં આવ્યા હતા કે નહિ? બધે ફરે છે. આ તો વસ્તુસ્થિતિ..

મુમુક્ષુ :— કોઈ આધાર જ નથી.

ઉત્તર :— કાંઈ નહિ, કોઈ તત્ત્વ જ નહિ. અદ્ધરથી વાતું ગપગોળા.

અહીં તો કહે છે, કે આત્મા એક એક, આત્મા એક એક એવા અનંત આત્માઓ અને એક એક આત્મા પોતે વસ્તુએ શુદ્ધ હોવા છતાં એની પર્યાયમાં શુદ્ધપણે પરિણમે તો શુદ્ધ થાય અને અશુદ્ધપણે પરિણમે તો શુભ-અશુભ પરિણમન થાય. એવી વસ્તુની સ્થિતિ-વસ્તુસ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? જો શુભ અને અશુભપણે પરિણમતો ન હોય તો એને ટાળવું શું? અને રાખવું શું? સમજાણું કાંઈ? અને ટાળતા કોનો આશ્રય લેવો? પર્યાયનો આશ્રય લે? ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ ચૈતન્યના આશ્રયે અશુભતા અને શુભતા ટળે છે. છે એની દશામાં. સમજાણું કાંઈ? ન હોય તો પૂર્ણ આનંદ એને હોવો જોઈએ. આનંદ નથી તો શુભાશુભ પરિણામનું વિકૃત દુઃખ છે. કોઈને લઈને નહિ, કર્મને લઈને નહિ, ફલાણાને લઈને નહિ, ઢીકણીને લઈને નહિ, એના પોતાના પરિણામી સ્વભાવને લઈને એમ કહે છે. સમજાણું કાંઈ?

**'આત્મા સર્વથા કૂટસ્થ નથી, પણ ટકીને પરિણમવું તેનો સ્વભાવ છે;...'** ટકીને એટલે નિત્ય પરિણામી. વસ્તુ તરીકે ધ્રુવ રહે, પર્યાય તરીકે પરિણમે. વસ્તુને અપરિણામી પણ કહીએ. ધ્રુવ સ્વભાવને અપરિણામી પણ કહીએ. એને પારિણામિકભાવ કહીએ અને એને ધ્રુવ પણ કહીએ. અવસ્થા બદલે તેને પરિણામી પરિણામ કહેવામાં આવે છે. બે થઈને આખા આત્માનું એક રૂપ છે. બે થઈને આત્માનું એક રૂપ. સમજાય છે કાંઈ? **'જેવા જેવા ભાવે તે પરિણમે છે તેવો તેવો તે પોતે થઈ જાય છે.'** પરિણામસ્વભાવ હોવાથી

જે વખતે જે પ્રકારના પરિણામ થાય એ રૂપે તે પરિણમી જાય છે. સમજાણું કાંઈ?

**'જેમ સ્ફટિકમણિ સ્વભાવે નિર્મળ હોવા છતાં જ્યારે લાલ કે કાળા ફૂલના સંયોગનિમિત્તે પરિણમે છે...'** સંયોગ તો નિમિત્ત છે એ તો. સંયોગ નિમિત્ત છે જોયું એ તો. પરિણમે છે **'ત્યારે લાલ કે કાળો પોતે જ થાય છે,...'** કહો. આ લાલ અને કાળા ફૂલ લાકડા નીચે મૂકો તો નહિ થાય. કારણ કે એનો (લાકડાનો) પોતાનો પરિણમવાનો સ્વભાવ નથી. જુઓ, આ શીશપેન છે, મૂકો લાલ. થાશે લાલ? એ આનો સ્વભાવ નથી પર્યાય થવાનો. એનો (સ્ફટિકનો) સ્વભાવ છે પર્યાય થવાનો લાલ ને કાળો, માટે થાય છે. ફૂલને લઈને નહિ. સમજાય છે? એમ આત્મામાં વિકારી થવાનો પર્યાયનો સ્વભાવ છે, કર્મને લઈને નહિ. મગનભાઈ! શું આ? ભારે વાત આ. ઘડીકમાં સમયસારની વાત આવે ત્યારે ત્યાં નાખે ઉપાડીને. ભાઈ! ત્યાં દર્શનપ્રધાનમાં અંદરમાં એની (શુદ્ધ) પર્યાયનું અભેદપણું તે જ આત્મા. અને જ્ઞાનપ્રધાનના કથનમાં એનો એક એક અંશ જેટલો શુભ, અશુભ છે તે પણ પર્યાય એનો છે એમ અહીં જાણવું છે. સમજાણું કાંઈ? **'ત્યારે લાલ કે કાળો પોતે જ થાય છે,...'**

**'તેમ આત્મા સ્વભાવે શુદ્ધબુદ્ધ-એકસ્વરૂપી હોવા છતાં...'** લ્યો. આત્મા સ્વભાવે, છે? શુદ્ધબુદ્ધ એક સ્વભાવ હોવા છતાં... છે ને અંદર ઈ? જયસેનાચાર્યમાં છે ને. **'जीवः स्वभावेन शुद्धबुद्धैकस्वरूपोऽपि'** સંસ્કૃત છે ઈ થોડું નાખ્યું છે એમાંથી સમજવા. છે ને, ઈ તો નાખે. **'આત્મા સ્વભાવે શુદ્ધબુદ્ધ-એકસ્વરૂપી હોવા છતાં...'** શું કીધું? આત્મા ત્રિકાળ તો શુદ્ધબુદ્ધ જ્ઞાનનો પિંડ એવો સ્વભાવ છે. વસ્તુ તો એમ ને એમ છે, વસ્તુ તો એમ ને એમ છે. શુભ-અશુભપણે પરિણમે તોપણ વસ્તુ તો એમ ને એમ છે. કંઈ વસ્તુ શુભ-અશુભરૂપે થતી નથી. પર્યાયમાં શુભ-અશુભ થાય છે. વ્યવહાર પર્યાય છે ને. એ **'હોવા છતાં વ્યવહારે જ્યારે ગૃહસ્થદશામાં સમ્યક્ત્વપૂર્વક...'** જુઓ, ભાષા લીધી. સમજાણું કાંઈ? છે ને અંદર બરાબર જુઓ. **'यथासंभवं सरागसम्यकत्वपूर्वकदानपूजादि-शुभानुष्ठानेन'** એ ગૃહસ્થી સમ્યગ્દૃષ્ટિ આત્માનું શ્રદ્ધા-જ્ઞાન શુદ્ધતા હોવા છતાં ગૃહસ્થાશ્રમમાં સમકિતપૂર્વક **'દાનપૂજાદિ શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે...'** જીવ પોતે પરિણમે છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઈ જુદું. શુદ્ધતા તો છે પણ એ વખતે શુભ દાનાદિના પરિણામે જીવ પોતે પરિણમે છે એટલું સિદ્ધ કરવું છે. શુદ્ધતા તો છે. સમકિતપૂર્વક કીધું એટલે શું કીધું? સમકિતપૂર્વક એ પર્યાય શુદ્ધતા છે. સમકિતપૂર્વક એટલે શું? દ્રવ્યપૂર્વક એમ નથી કહ્યું. સમકિતપૂર્વક. સમકિતપૂર્વક એટલે સમકિતની પર્યાયપૂર્વક શુદ્ધપૂર્વક એમ કીધું ને અહીંયા. એ.. વજુભાઈ! શું કીધું?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— ઈ તો કાઢી નાખ્યું. ઓલા સમજી ન જાય એટલે. સરાગ સમકિતનો અર્થ કે રાગના કાળમાં સમકિતને ચારિત્રની અપેક્ષાએ સરાગ કહેવાય છે. સમકિત સરાગ-ફરાગ છે નહિ. સમકિત તો વીતરાગ જ છે. પણ ચારિત્રનો રાગનો કાળ હોય છે એ અપેક્ષાએ એને નિમિત્તથી કહીને સરાગ સમકિત કહ્યું. વીતરાગ થાય ત્યારે વીતરાગ સમકિત કહ્યું. સમકિત તો વીતરાગ જ છે. સમકિતને સરાગ-ફરાગપણું હોતું નથી. શુદ્ધ ચૈતન્યદ્રવ્યની પરિણતિ શુદ્ધ વીતરાગ પરિણતિ તે સમ્યક્ત્વ છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધબુદ્ધ-એકસ્વરૂપી હોવા છતાં વ્યવહારે જ્યારે ગૃહસ્થદશામાં સમ્યક્ત્વપૂર્વક...**' જોયું, સમકિતપૂર્વક એ શુદ્ધ દશા થઈ. શુદ્ધ પરિણતિ છે. એ વખતે દાન, પૂજાદિ શુભ અનુષ્ઠાનરૂપે પરિણમે છે તે શુભ ઉપયોગ છે. '**મુનિદશામાં મૂળ ગુણ અને ઉત્તર ગુણ વગેરે શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે પરિણમે છે...**' મુનિને પણ આત્મદર્શન ને જ્ઞાનની શુદ્ધતાપૂર્વક પંચ મહાવ્રતના પરિણામ મૂળ ગુણ, ઉત્તર ગુણ આદિ રાગપણે પરિણમે છે ત્યારે એને પણ શુભ ઉપયોગ હોય છે. મુનિને પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપૂર્વક. આને (નીચે) સમ્યગ્દર્શન, જ્ઞાન અને અંશ ચારિત્રપૂર્વક શુભ-અશુભ હોય. (શુભ), અશુભરૂપે પરિણમે છે. વિશેષે કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૪, મંગળવાર, તા. ૧૦.૯.૧૯૬૮**
**ગાથા-૯, ૧૦, પ્રવચન-૮**

જ્ઞાનતત્ત્વનો અધિકાર. ૯મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. શું કહે છે આમાં? અહીં સુધી આવ્યું જુઓ! '**મુનિદશામાં મૂળ ગુણ તથા ઉત્તર ગુણ વગેરે શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ શુભ થાય છે,...**' શું કીધું? કે આ આત્મા જે છે એ નિત્ય પરિણામી છે. ત્રિકાળ ટકી અને વર્તમાનમાં પલટે છે એવો એનો પરિણમન સ્વભાવ છે. સમજાય છે કાંઈ? ધ્રુવપણું કાયમ રાખી, નિત્ય વસ્તુ ધ્રુવ કાયમ રહી અને એની વર્તમાન અવસ્થામાં પરિણામસ્વભાવ હોવાથી તે ક્ષણે ક્ષણે પરિણમે છે. એ પરિણમવું એનું ત્રણ પ્રકારે છે. શુભપણે પરિણમે... ગૃહસ્થાશ્રમનો દાખલો આપ્યો. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન ભાનપૂર્વક શુદ્ધતામાં દ્રવ્ય, ગુણ અને શુદ્ધતાની પર્યાય થોડી પ્રગટ થઈ છે એની સાથે ગૃહસ્થાશ્રમમાં દાન-પૂજાદિનો ભાવ થાય ત્યારે શુભભાવે, સમકિતી પણ શુભભાવે પરિણમેલો હોય છે. સમજાય છે? શુદ્ધતા પરિણતિ તો છે જ સાથે પણ એ વખતે દાન, પૂજા, ભક્તિ, નામસ્મરણાદિ હોય તો એ વખતે આત્મા જ પોતે શુભ પરિણામે-શુદ્ધ પર્યાયે-શુભભાવે-

શુભ ઉપયોગે પરિણમેલો પોતે તન્મય થઈને પરિણમે છે. એ પર્યાય કાંઈ પરમાં રહે છે અને પરથી થઈ છે એમ નથી. કહો, મગનભાઈ! આહા..હા..!

એમ મુનિદશામાં પણ આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યના સમ્યગ્દર્શનપૂર્વક... સમ્યગ્દર્શન નથી ત્યાં તો કાંઈ એને શુભ પરિણામને વ્યવહારધર્મ પણ કહેવામાં નથી આવતો. વસ્તુ શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ એનું અંતર્મુખનું સમ્યગ્દર્શન, એનો નિશ્ચય અને એનું જ્ઞાન અને એમાં સ્થિરતા એ પૂર્વક મુનિને પણ પંચ મહાવ્રત આદિ મૂળગુણના વિકલ્પ હોય છે, એ વખતે મુનિ પણ શુભ ઉપયોગે પરિણમેલો-થયેલો-રહેલો હોય છે. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ? બરાબર નથી આવતું. બહુ ઝીણું પડે ઝીણું. આ તો કીધું ને. વસ્તુ છે વસ્તુ શુદ્ધ ચૈતન્ય પદાર્થ. આ પરમાણુની અત્યારે વાત મૂકીને સામાન્ય તો બધી વાત કહી ગયા, પણ અત્યારે આત્માની વાત છે ને? એટલે આત્મા.. પરમાણુ પણ એમ છે આ રજકણો. રજકણ પણ કાયમ ટકી અને એમાં પણ પરિણામ એટલે પર્યાય થયા કરે છે. અને એ પરમાણુ ધ્રુવપણે રહીને પણ એની પર્યાય કાળી, રાતી, લીલીમાં એ તન્મયપણે પરિણમે છે. કહો, સમજાય છે કાંઈ? એમ આત્મા..

અહીં ચારિત્રની વ્યાખ્યા છે. ચારિત્તં ખલુ ધમ્મો એનાથી વાત ઉપડી છે. ધર્મ એ આત્માના શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પ્રભુ એનું જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એમાં સ્વરૂપની રમણતાનું ચરવું, રમવું એ ચારિત્ર. એ ચારિત્રે પરિણમેલો આત્મા ચારિત્રરૂપ થઈ ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગી પર્યાયપણે થયેલો આત્મા જ આત્મા એ રૂપે થયો છે. દ્રવ્ય-ગુણ તો છે, પણ વીતરાગ પરિણામપણે, ચારિત્રપણે પરિણમેલો—થયેલો આત્મા જ વીતરાગ પરિણામમાં તન્મય છે. એટલે આત્મા જ ચારિત્રરૂપ થયો છે. એમ આત્મા ચારિત્રસહિત હોવા છતાં, આ ઉત્કૃષ્ટ આત્માની (વાત) નથી, અમુક ચારિત્ર હોવા છતાં જ્યારે એને પંચ મહાવ્રતાદિ શુભના પરિણામ છે ત્યારે શુભપણે પરિણમેલો છે, શુભપણે થયો છે. જો કે શુભ છે એ પુણ્યબંધનું કારણ છે અને જેટલો આત્મા શુદ્ધ ચૈતન્યના સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સ્થિરતા થઈ છે તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? બધું આ શીખવું પડશે, શેઠ! ભાઈ! કેમ? શીખવું તો પડશે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક છે. ...

આત્મા દેહથી તો ભિન્ન છે આથી. રજકણોના પિંડથી, શરીરથી, કર્મથી, વાણીથી ભિન્ન છે. એટલે એની અહીં વાત નથી. અહીં તો આત્મા પોતે જે છે એ એક સમયમાં પૂર્ણ અંતર્મુખ દળ, ચૈતન્યદળ ધ્રુવ છે જેનું સ્વરૂપ. અંતર્મુખ એક સમયની પર્યાય સિવાયનું અંતર્મુખ ધ્રુવ એ નિત્ય કૂટસ્થ છે. એટલે કે એમાં બદલવું એ ધ્રુવમાં હોતું નથી. એની વર્તમાન અવસ્થા જે છે, બદલવું, ઉત્પાદ-વ્યયનું પરિણમવું એ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એ ઉત્પાદ-

વ્યયના પરિણમનમાં, સ્વરૂપના ભાનસહિતની સ્થિરતાની રમણતા હોય તો એ ચારિત્રના પરિણામપણે પરિણમેલો આત્મા જ એ ધર્મ રૂપે થયો એટલે આત્મા જ પોતે ધર્મ છે. અને શુભપણે પરિણમે ત્યારે આત્મા જ પોતે પુણ્યરૂપ છે. સમજાય છે? બે વાત આવી.

**'અને મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યયરૂપ અશુભોપયોગે પરિણમે છે...'** એટલે શું કહે છે? અશુભપણે આને આમાં નથી નાખ્યા સમકિતીને. અશુભમાં મુખ્યપણે એને અશુભ તો મિથ્યાત્વીને છે. સમકિતીમાં મુખ્યપણે અશુભ પરિણામ છે (એને) ગૌણપણે છે એમ ગણતરી લીધી છે. હવે અનાદિનો અજ્ઞાની આત્મા મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એવા પાંચ જે આસ્રવ, બંધના કારણ છે એ રૂપે જ્યારે એ પાંચેય પ્રત્યયો આસ્રવો. પાંચ આસ્રવો. પ્રત્યય એટલે આસ્રવ. **'અશુભપયોગે...'** આસ્રવપણે જ્યારે આત્મા અશુભપણે થાય છે **'ત્યારે પોતે જ અશુભ થાય છે...'** સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ પોતાને ભૂલીને પુણ્યમાં ધર્મ છે, પાપમાં ઠીક છે, મઝા છે, સંયોગોમાં અનુકૂળ-પ્રતિકૂળની કલ્પના છે એવો જે મિથ્યાત્વભાવ અને તેમાં આસક્તિ અવ્રતનો ભાવ, પ્રમાદનો, કષાયનો અને કંપન્ન યોગનો ભાવ એ પાંચેય બંધના ભાવ આસ્રવ છે, અશુભ છે. એ આત્મા અશુભ પરિણામે પરિણમે છે ત્યારે આત્મા જ અશુભરૂપ થઈ જાય છે. પર્યાયમાં હોં! દ્રવ્ય-ગુણ તો શુદ્ધ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ આ સમજવો પડે એણે. ઓઘે-ઓઘે ચાલ્યા છે. ઓઘે-ઓઘે. પૈસા-બૈસા ખર્ચી નાખે, આ ભક્તિ કરી, પૂજા કરી, એકાદ વ્રત લઈ લે. શેઠ! ... એમ ધર્મ પ્રાપ્ત નહિ થાય. નિહાલભાઈ!

મુમુક્ષુ :- સહેલું ઘણું હતું.

ઉત્તર :- સહેલું ઘણું હતું એમ કહે છે. આ બહુ મોંઘુ થઈ ગયું. ધૂળમાંય સહેલું નહોતું. ઊંધું હતું. સહેલી-સેલી હતી. સેલી. સહેલું એટલે સેલી. સેલી એટલે રાખ. અહીં અમારે સેલી... સેલી સમજો છો ને? રાખને સેલી કહે છે. ભસ્મ હોય છે ને એને સેલી કહે છે. ભસ્મ નથી હોતી? રાખ, ચુલાની રાખ. એને અહીં અમારી કાઠિયાવાડી ભાષામાં સેલી કહે છે. એમ ધર્મ સેલો હતો એટલે રાખ જેવો હતો. જ્યાં વસ્તુ વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે તત્ત્વ શું કહ્યું છે? એ તત્ત્વની અવસ્થા શું છે? એ અવસ્થારૂપે પરિણમે છે તો એ પોતે પરિણમે છે કે પરને લઈને પરમાં પરિણમે છે? કાંઈ ખબર ન મળે એને ધર્મ શી રીતે થાય? સમજાય છે કાંઈ? પહેલો તત્ત્વદૃષ્ટિ અને તત્ત્વજ્ઞાન વિના કાંઈ પણ તેનું જ્ઞાન અને ચારિત્ર બધા થોથાં-થોથાં હોય. વ્રતાદિ પાળે ને, માણસ કહે, આ મહાવ્રત લીધા, અઠ્યાવીશ મૂળગુણ. ધૂળેય નથી એકડા વિનાના મીંડા છે. ભગવાનભાઈ! બધા પોષા કરતા ને સામાયિક કરતા ને? એ બધા થોથા હતા. પોષા તો એમાં ક્યાં હતા?

મુમુક્ષુ :- ઓઘે-ઓઘે ચાલ્યું જાય.

ઉત્તર :- ઓઘે-ઓઘે.

ભગવાન આત્મા.. ઓહો..! આત્માની મૂળ દૃષ્ટિ અને મૂળ રુચિ અને પરિણતિ વિના એ વસ્તુ વિના એની ભૂમિકા જ્યાં ન મળે ત્યાં એના ઝાડ ક્યાંથી ઊગે વ્રત ને નિયમ ને. સમજાય છે કાંઈ? અહીં તો પહેલો ચૈતન્ય ભગવાન ધ્રુવસ્વરૂપ ચિદાનંદ પરમ પરમ સ્વરૂપ... પરમ સ્વરૂપ... પરમ સ્વરૂપ એની અંતર દૃષ્ટિ. કેમકે વસ્તુ અંતર્મુખ દ્રવ્ય છે. પર્યાયમાં પ્રતીતિ પર્યાયમાં થાય છે, પણ એ પર્યાયમાં પ્રતીતિ, વસ્તુ આખી છે એની પ્રતીતિ વિના એનો એકડો આગળ ચાલશે નહિ. સમજાણું કાંઈ? એથી અહીં ચારિત્ર ધર્મ વખતે એ વસ્તુની અંતર પૂર્ણ વસ્તુની પ્રતીતિ છે, એનું જ્ઞાન છે, એ ઉપરાંત એમાં ચારિત્ર એટલે લીનતા રમે છે, જમે છે, સ્થિર થાય છે, શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ પ્રગટ્યો છે. સમજાય છે? એવી પરિણતિમાં પરિણમેલું તત્ત્વ જ પરિણમ્યું છે. એને આત્માને ચારિત્રરૂપી ધર્મ કહીએ. આત્મા પોતે જ ચારિત્ર છે, આત્મા પોતે ધર્મ છે એમ. અને તે ધર્મ વખતે પણ શુભ પરિણામ જો થયા હોય તોપણ એ શુભપણે પરિણમેલો એ જીવ જ છે. સમજાણું કાંઈ? સમયસારની શૈલી જુદી ચીજ, આ શૈલી જુદી. ત્યાં દર્શનપ્રધાન પછી જ્ઞાનને જાણે ગૌણપણે એ જુદી વાત છે. અહીં તો જ્ઞાનની પ્રધાનતા સામાન્ય અને વિશેષ બેયને એક સાથે લઈને જાણે છે. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યયરૂપ**...' પ્રત્યય એટલે આસ્રવ. '**અશુભોપયોગે**...' જ્યારે થાય છે જીવ '**ત્યારે પોતે જ અશુભ થાય છે.**' આત્મા જ અશુભપણે પરિણમેલો હોય છે. કર્મ પરિણમ્યા છે અને કર્મને લઈને પરિણમ્યા છે એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ? એ શુભ-અશુભની વાત કરી. હવે શુદ્ધની કરે છે. '**જેમ સ્ફટિકમણિ પોતાના સ્વભાવિક નિર્મળ રંગે પરિણમે છે**...' સ્ફટિકમણિ પોતાનો સ્વભાવ સફેદ સ્વચ્છ ઉજળો એવા ઉજળા અને સ્વચ્છપણે જ્યારે પરિણમે છે તો સ્ફટિકપણાની પર્યાયપણે પરિણમ્યો એ તન્મય થઈ ગયેલો છે. '**ત્યારે પોતે જ શુદ્ધ છે**...' કોણ? સ્ફટિકમણિ. '**તેમ આત્મા પણ નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધોપયોગે પરિણમે છે**...' ભાષા વ્યાખ્યા જુઓ! જયસેનાચાર્યની ટીકાની છે. નિશ્ચયરત્નત્રયસ્વરૂપ, છે ને? નિશ્ચય એટલે સાચાં, રત્નત્રય એટલે સમ્યગદર્શન-જ્ઞાન, આત્મ એટલે સ્વરૂપ. નિશ્ચય સાચા રત્નત્રયસ્વરૂપ શુદ્ધ ઉપયોગે. આ શુદ્ધ ઉપયોગની વ્યાખ્યા. દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ છે, મિથ્યાત્વના, અવ્રતના, પ્રમાદ, કષાયના, યોગના તે અશુભ છે અને આ શુદ્ધ (પરિણામ છે).

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એની ધ્યેય દૃષ્ટિ કરીને જે નિશ્ચય સમ્યગ્દર્શન થયું તેનાથી જે આત્માનું બોધ અને જ્ઞાન થયું અને આત્મામાં રમણતાની સ્થિરતા ચારિત્ર થયું એ નિશ્ચયરત્નત્રય સ્વરૂપ. આત્મ એટલે સ્વરૂપ. શુદ્ધ ઉપયોગ. એ શુદ્ધ ઉપયોગે આત્મા જ પરિણમે છે. કર્મ, શરીર, વાણી આથી ભિન્ન રહી જાય છે. કારણ કે એ એનામાં નથી. એ પોતે પોતામાં શુદ્ધતાના સ્વભાવનો અંતર આશ્રય કરી અને શુદ્ધની પ્રતીતિ, શુદ્ધનું જ્ઞાન

અને શુદ્ધમાં રમણતા એવો જે નિશ્ચય મોક્ષમાર્ગ રત્નત્રયરૂપ પરિણામ તેને શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. એ શુદ્ધ ઉપયોગ તે મોક્ષનો સાચો માર્ગ છે. કહો, પોપટભાઈ! કહો, સમજાય છે કાંઈ?

**'જેમ સ્ફટિકમણિ પોતાના સ્વભાવિક નિર્મળ રંગે પરિણમે છે ત્યારે પોતે જ શુદ્ધ થાય છે...'** સ્ફટિકમણિ પોતે જ શુદ્ધ થયો છે. જેમ ઓલો કાળા, રાતા લક્ષણે એ પોતે જ કાળો-લાલ થઈ ગયો હતો. પર્યાયમાં હોં! સ્ફટિક તો શુદ્ધ જ છે, પણ એની પર્યાયમાં કાળો, રાતો એ થયો હતો. એમ આત્મા પોતાના શુદ્ધપણે પરિણમે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે—એ ત્રણપણે પરિણમેલો શુદ્ધ ઉપયોગપણે આત્મા તન્મય થઈ ગયો છે. એના પરિણામ જુદા રહી જાય છે અને એ પરિણામી દ્રવ્ય જુદાં છે એમ છે નહિ. સમજાણું કાંઈ? **'ત્યારે પોતે જ શુદ્ધ થાય છે.'** લ્યો!

હવે એક વાત નાખે છે જયસેનાચાર્યની ટીકામાં છે એ. આના મોટા વાંધા આમાંથી ઉઠાવે છે. **'સિદ્ધાંતમાં...'** ભગવાનના આગમમાં. સિદ્ધાંત એટલે સિદ્ધ થયેલા ભાવમાં અને સિદ્ધાંતો એટલે તેના કહેલા વચનોમાં **'જીવના અસંખ્ય પરિણામોને...'** જીવના પરિણામ તો અસંખ્ય છે અસંખ્ય. **'મધ્યમ વર્ણનથી...'** એ અસંખ્યના એક એક પરિણામનું વર્ણન કરી શકાય નહિ. એથી અસંખ્ય પરિણામ, અસંખ્ય પર્યાય, અસંખ્ય ભાવ. દ્રવ્ય-ગુણ નહિ. દ્રવ્ય-ગુણ છે એ તો ત્રિકાળી દ્રવ્ય અને ગુણ ત્રિકાળી વસ્તુ. હવે એના જે પરિણામ છે પર્યાય, એના અસંખ્ય પરિણામ. એને મધ્યમ વર્ણનથી... અસંખ્ય પરિણામનું વર્ણન ઉત્કૃષ્ટ શી રીતે કરવું એક એકનું? એટલે ટૂંકું એના અસંખ્ય પરિણામનું મધ્યમ (વર્ણન). જઘન્ય પણ નહિ અને ઉત્કૃષ્ટ પણ નહિ. સમજાય છે કાંઈ? જઘન્ય કહીએ તો એના પરિણામ એકલા થાય એટલું થયું. અને ઉત્કૃષ્ટ કહીએ તો અસંખ્ય પ્રકાર પડે છે. હવે એ અસંખ્ય પ્રકાર શી રીતે વર્ણવવા?

એટલે **'અસંખ્ય પરિણામોને મધ્યમ વર્ણનથી...'** સમજાણું કાંઈ? જઘન્ય વર્ણન તો એ કે એના પરિણામ બસ. શુદ્ધ હો, અશુદ્ધ હો કે અશુભ હો. પરિણામ એટલું આવી ગયું બસ. હવે એના આમ ભેદ પાડો તો અસંખ્ય પ્રકાર છે. હવે એને મધ્યમ વર્ણનથી વર્ણવીને ગુણસ્થાનનું સ્વરૂપ બતાવવું છે. **'૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યા છે.'** મધ્યમ સ્થિતિએ અસંખ્ય પરિણામને ચૌદ ગુણસ્થાનરૂપે વર્ણવવામાં-કહેવામાં આવ્યા છે. **'તે ગુણસ્થાનોને સંક્ષેપથી ઉપયોગરૂપે વર્ણવતાં,...'** લ્યો! ઓલા મધ્યમથી પરિણામોને ચૌદ વર્ણવ્યા. હવે એ જ ચૌદ **'ગુણસ્થાનોને સંક્ષેપથી ઉપયોગરૂપે વર્ણવતાં, પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યપૂર્વક ઘટતો ઘટતો અશુભોપયોગ,...'** પહેલા ગુણસ્થાનમાં અશુભ ઉપયોગ, બીજે એનાથી થોડો અશુભ, ત્રીજો એનાથી થોડો. પણ છે ત્રણેમાં અશુભ ઉપયોગ જ. મુખ્યપણે અશુભની પ્રધાનતા. ત્યાં એના દયા, દાન, વ્રતાદિના હોય પણ એની મુખ્ય

ગણતરી નથી. કારણ કે ત્યાં મિથ્યાત્વ પરિણામનું જોર છે ઊંધી શ્રદ્ધાનું, એથી એના શુભ પરિણામ પણ અહીંયા ખરેખર અશુભમાં નાખ્યા છે. શું કીધું?

મુમુક્ષુ :- પ્રધાનતા.

ઉત્તર :- પ્રધાનતા, મુખ્યથી. સમજાણું કાંઈ? નહિતર નવમી ગ્રૈવેયકે જાય જૈનદર્શનનો દિગંબર સાધુ. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ શુક્લલેશ્યા એવી. પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે, વસ્તુના સ્વરૂપનો સ્પર્શ નથી, એકલો રાગ અને વિકલ્પના સ્પર્શનો અનુભવ છે. તેથી તે મિથ્યાદૃષ્ટિને શુક્લલેશ્યાના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના પરિણામ, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્ર અગિયાર અંગ ભણે તેની જાતના પરિણામ એ છે તો શુભ, પણ મુખ્યપણે મિથ્યાત્વના જોરને લઈને તેને અશુભ કીધા છે. સમજાણું કાંઈ?

આખું મદારપણું સમ્યગ્દર્શનના ધ્યેય ઉપર છે. મિથ્યાત્વીનું ધ્યેય રાગ અને દ્વેષ અને પર્યાય છે. સમ્યગ્દર્શનનું ધ્યેય એકલો દ્રવ્ય સ્વભાવ છે. સમજાણું કાંઈ? કારણ કે એક અંશ સિવાય પાછળ ક્યું રત્ન પડ્યું છે (એ ભાળતો નથી પણ) ઉપલી ભૂમિકાને ભાળે છે. મિથ્યાદૃષ્ટિ ઉપલી ભૂમિકા એટલે કે એક સમયની અવસ્થા રાગાદિ એને ભાળે છે. પણ ભૂમિકાની અંદર દળ ચૈતન્ય હીરો આખો છે એની શ્રદ્ધા અને જ્ઞાનનું ભાન નથી. તેથી તેના પરિણામમાં શુભભાવ હોવા છતાં મુખ્યપણે મિથ્યાત્વના જોરની મુખ્યતાથી એને અશુભ જ ગણ્યા છે બધા. કાંતિભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

આ ભૂમિકા ઉપરની હોય ને. ફળ ખાર પાકે, ઘાસપુસ પાકે. પણ અંદર હીરા પડ્યા છે અંદરમાં ઊંડે જમીનની પર્યાયની અંદરમાં, એ હીરાની જેને (ખબર નથી), ચૈતન્યમણિ રત્ન છે, ચૈતન્ય સ્ફટિક રત્ન છે એવો ભગવાન આખો પૂર્ણ વસ્તુ એની જ્યાં દૃષ્ટિ નથી અને એક અંશની વર્તમાન ભૂમિ અને રાગ-દ્વેષ એટલા તરફનો જેને ભાવ ને આશ્રય ને રુચિ છે, એના કષાયના મંદના પરિણામને પણ મુખ્યપણે અશુભમાં જ નાખ્યા છે. કહો, સમજાય છે કાંઈ? બીજે ગુણસ્થાને પણ અશુભ, પણ થોડો. ત્રીજે ઘટતો.

**'ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી...'** જુઓ! સમ્યગ્દર્શન અને પાંચમું અને છઠ્ઠું ત્રણ. ઓલા ત્રણ અશુભમાં નાખ્યા, આ ત્રણ શુભમાં નાખ્યા. મુખ્યપણે હોં! પાછા આમાં વાંધા ઊઠાવે લ્યો! **'સુધી તારતમ્યપૂર્વ...'** વધતો વધતો **'શુભોપયોગ...'** કેમ કે સમ્યગ્દર્શનના આત્માના ભાનવાળો ભાવ છે તેથી તેને રાગની મંદતામાં પણ એક કષાયનો અભાવ, બે કષાયનો અભાવ, ત્રણ કષાયનો અભાવ—આ ત્રણ ગુણસ્થાન... તેથી તેના અશુભ કોઈ સાધારણ પરિણામ હોય તોપણ તેને શુભની મુખ્યતા ગણવામાં આવી છે. ચોથા ગુણસ્થાને શાસ્ત્રમાં છ લેશ્યા અને અશુભયોગ કીધો છે. છ લેશ્યા—કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ. છતાં અહીંયા એની ગૌણતા ગણીને શુદ્ધ સ્વરૂપનો આશ્રય છે એથી એનો એક કષાયનો અભાવ થયો છે એથી એનો શુભોપયોગ પહેલાના કરતા આનો શુભોપયોગ વિશેષ નિર્મળ

છે. એના કરતા પાંચમાનો, એના કરતા છઠ્ઠાનો. શુદ્ધતા તો છે અંદર. સમજાણું કાંઈ? આ રતનચંદજી ને આ બધા આ અર્થમાં એવું કાઢે છે કે ચોથું, પાંચમું ને છઠ્ઠામાં શુભ ઉપયોગ જ છે. શુદ્ધ ઉપયોગ જરીએ નથી. એ શુભમાંથી શુદ્ધ (થાય) છે, શુભમાં શુદ્ધનો અંશ છે એમ કહે છે. આહા..હા..! ઘણું ઊલટું-ઊલટું કરી નાખ્યું છે. લોકોને ખબર ન મળે. માણસ તો બિચારા ધર્મની જિજ્ઞાસા તો હોય ને. કાંઈક સારું કરવું તો હોય ને લોકોને. અને દસલક્ષણી પર્વમાં મેળા ભેગા થાય. માથે ઓલો જે ભૂંકે ઈ ઓલાને માનવું. ભૂંકે એટલે પ્રરૂપે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વાત પહેલી કીધી. આહા..હા..!

કહે છે કે શુભયોગમાં પણ કાંઈક ધર્મ છે. ના. આ કીધું ને. ચોથે, પાંચમે, છઠ્ઠે શુભ છે, તો ધર્મ તો છે. માટે શુભ ઉપયોગ પોતે ધર્મ છે એમ કહે છે ઈ. સમજાણું? પોપટભાઈ! એમ નથી ભગવાન! અહીં તો મુખ્યપણે ઉપયોગના પ્રકાર પાડતા શુદ્ધ પરિણતિ ચોથે, પાંચમે, છઠ્ઠે તો છે, પણ ઓલાના અશુભની અપેક્ષાએ આની શુદ્ધતા (સાથે) એક, બે ને ત્રણ કષાય ગયો છે ને, એથી એને શુભ ઉપયોગની મુખ્યતા ગણીને શુદ્ધ પરિણતિને ગૌણ રાખી છે. સમજાણું કાંઈ? એ શુભ ઉપયોગ પોતે ધર્મ નથી, શુભ ઉપયોગ પોતે સમ્યગ્દર્શન નથી, શુભ ઉપયોગ પોતે સમ્યગ્જ્ઞાન નથી, શુભ ઉપયોગ પોતે ચારિત્રનો અંશ નથી. સમજાણું કાંઈ? ઘણી ચર્ચા ચાલે છે ભાઈ! શું કરે? અરે..! ભગવાન! એને પોતાનો સ્વ આશ્રય બેસે નહિ, શું કરે? આ બહારનું સાવ સહેલું આમ લક્ષ જાય એટલે શુભ થાય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને ઓલો અશુભભાવ ન હોય એ વખતે એ જાતનો, પણ મિથ્યાત્વનો અશુભ છે એની તો ખબર પડતી નથી. શુભરાગ છે એના ઉપર દૃષ્ટિ છે અને આખો ભગવાન અંદર સ્વાશ્રય કરવાવાળો રહી ગયો છે એની ખબર નથી. એથી ઓલા શુભભાવનું નામસ્મરણ, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત એ પરિણામ પણ શુદ્ધનો અંશ છે અને એનાથી નિર્જરા છે અને સંવર છે—એમ કહે છે આ બોલમાંથી કાઢીને, આ જયસેનાચાર્યની ટીકામાંથી. આ જ બોલ કાઢીને લખે છે લ્યો. કેટલી વાર લખે છે પાછું એકવાર નહિ. પત્રોમાં એ, ઓલું તમારે શું કહેવાય એ? ખાણિયાની ચર્ચામાં એ. વારંવાર લખ્યા જ કરે. અરે..! ભગવાન! ભાઈ! તારો પરમેશ્વર તો છે એવો છે ભગવાન! તું પણ ભગવાન તો છો એવો છો ભાઈ! તારી પર્યાયમાં આ માન્યતા, શુભભાવથી ધર્મ છે અને શુભ ઉપયોગમાં ધર્મ છે એ દૃષ્ટિ વિપરીત છે તદ્દન. એ પર્યાયમાં દૃષ્ટિનું વિપરીતપણું છે. સમજાય છે કાંઈ? એમ અહીંયાં આચાર્ય નથી કહેવા માગતા કે ચોથે, પાંચમે, છઠ્ઠે એકલો શુભ જ હોય. મુખ્યપણાના શુદ્ધ પરિણતિને ગૌણ ગણી અને શુભની પ્રધાનતા ગણીને એને શુભ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? મોટી ચર્ચા કરે. જેને સમજવું હોય એને બીજા શું ઊલટું કહે છે, શું સૂલટું કહે છે

એ નિર્ણય તો કરવો પડે કે નહિ? વ્યક્તિ માટે કાંઈ નહિ. વ્યક્તિ તો સ્વતંત્ર છે. સમજાય છે?

મુમુક્ષુ :- ગુરુના શરણે જવું જોઈએ.

ઉત્તર :- એ આત્માના શરણ વિના ગુરુનું શરણ પણ સાચું કહેવાશે નહિ. એ કહેવાય, કહેવાય, વાંધો નહિ. કહો, સમજાણું આમાં? આહા..હા..!

અહીંયા આચાર્ય જયસેનાચાર્યની ટીકામાં આ ભાવ લીધો છે, એ અહીંયાં આપણે પંડિતજીએ નાખ્યો છે અને એની મોટી ચર્ચા ચાલે છે. સમજાણું કાંઈ? મૂળ તો એને સિદ્ધ કરવું છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે શુભ ઉપયોગ હોય ત્યાં પણ ધર્મ છે. એમ સિદ્ધ કરવું છે. શુભ ઉપયોગમાં સમ્યગ્દર્શન છે, શુભ ઉપયોગમાં જ્ઞાન છે અને શુભ ઉપયોગમાં પણ ચારિત્રનો અંશ છે. ભાઈ! શુભ ઉપયોગ તો એકલો ઉદયભાવ છે. પણ ઉદયભાવની પાછળ શુદ્ધ ચૈતન્યદ્રવ્યનું ભાન છે, એનું જ્ઞાન છે એથી શુદ્ધ પરિણતિ થોડી છે. શુદ્ધ ઉપયોગ ત્યાં મુખ્યપણે નથી એથી મુખ્યપણે શુભ ઉપયોગને ચોથે, પાંચમે, છઠ્ઠે ગણ્યો છે.

**'ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી...'** એટલે ત્રણ. પહેલા ત્રણ અને બીજા ત્રણ. **'તારતમ્યપૂર્વક...'** એટલે વધતો-વધતો. **'શુદ્ધોપયોગ...'** કહેવામાં આવ્યો છે. **'સાતમાથી...'** અહીં લ્યોને તોપણ વાંધા ઊઠે છે. **'સાતમાથી બારમા ગુણસ્થાન સુધી...'** એટલે સાત, આઠ, નવ, દસ, અગિયાર અને બાર—છ. છ પહેલા કીધા અને છ આ. આત્માથી... પણ એ કીધું ને. એ એવો અર્થ કરતા હશે. એ તો પહેલેથી આવ્યું છે કે આ અમારા સાતમાથી આઠમાં જાય એની વાત અહીં કહે છે. સાતમેથી છઠ્ઠે પાછા આવે એને નહિ, એને શુભ હોય. અરે..! ભગવાન! શું કરે છે? સાતમામાં તો નિર્વિકલ્પ ઉપયોગ છે. પોતે ધ્યાન, ધ્યાતા, ધ્યાન(નો ભેદ) ભૂલી ગયેલ છે. સાધુ આહાર વહોરવા કાળે પણ અંદર સાતમું આવે ત્યારે ભૂલી જાય છે બધું. એકલો ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એકાકાર થઈને અનુભવ કરે એને સાતમું કહેવાય છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ છે. અબુદ્ધિપૂર્વક ભલે રાગ છે ત્યાં, એની અહીં ગણતરી નથી. દર્શનપૂર્વક સ્થિરતા જામી ગઈ છે અંદર. આહાર લઉં છું કે નહિ એ વિકલ્પ પણ તૂટી ગયો છે ત્યાં. આહાર લેતા લેતા હોં! એવી દશા છે. મુનિદશા એટલે આહા..હા..! પરમેશ્વરપદમાં ભળ્યો છે એ!

મુમુક્ષુ :- આહાર લેતા લેતા પણ નિર્વિકલ્પ થઈ જાય?

ઉત્તર :- હા નિર્વિકલ્પ થઈ જાય. ચાલતા-ચાલતા નિર્વિકલ્પ થઈ જાય.

મુમુક્ષુ :- મોઢું ચાલતું હોય.

ઉત્તર :- મોઢું ચાલતું હોય. એને બીજાને ખબર પણ ન પડે કે શું છે? મોઢાની ક્રિયા થાતી હોય આમ, અંદરમાં જામી ગયા હોય. બહુ થોડો કાળ જામી જાય. એવી વાત છે. સાચા મુનિ હોય એને છઠ્ઠું-સાતમું હજારો વાર આવે. સાતમું ન આવે તો છઠ્ઠું પણ એને હોઈ શકે નહિ. પણ એ વાત ક્યાં છે? બહુ મોંઘી પડી ગઈ લોકોને. સોંઘુ બતાવ્યું છે

ને બધું. ઊંધું સોંઘુ પડશે મોંઘુ. સમજાણું? ઓલા સડેલા થોડા હોય ને શાકભાજી સાંજે વેચતા હોય ને સોંઘુ આપે. પણ પછી અંદર ઈયળું પડે, કાણા પડ્યા હોય, સમૂળગું મોંઘુ પડે. થોડોક ભાગ નીકળે. કેરી-બેરી સોંઘી લેવા જાય ને, એટલે ઓલો સોંઘી આપે. આ અધમણ કેરી લઈ જાવ. પણ અંદરમાં ચાંદા હોય કે ઓલું હોય તો સમૂળગી મોંઘી પડે. એમ આ સોંઘુ લેવા જાય પણ મોંઘુ પડશે ભાઈ! તને એમાં નહિ ઠેકાણે પડે. સમજાણું કાંઈ?

સાતમામાં શુદ્ધ ઉપયોગ ગણ્યો છે જુઓ! એ પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો સાતમા ગુણસ્થાનમાં મુનિને (પછી) છઠ્ઠું ગુણસ્થાન આવે. એ તો એનાથી વાત કીધી છે અહીં પહેલી. મુનિ પોતે કહે છે કે અમને વચમાં ગુણસ્થાનક્રમરોહણ એટલે ક્રમમાં કષાયનો કણ પંચ મહાવ્રતાદિનો આવે છે, પણ એને દૂર ઓળંગી જઈને અમે ઉપયોગમાં-શુદ્ધ ઉપયોગમાં પરિણમીએ છીએ. લ્યો એ તો પોતે કુંદકુંદાચાર્ય કહે છે. સમજાણું કાંઈ?

**'સાતમાથી બારમા ગુણસ્થાન સુધી...'** વધતો વધતો. તારતમ્ય એટલે વધતો વધતો. **'શુદ્ધોપયોગ અને છેલ્લા બે ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ—'** તેરમું અને ચૌદમું શુદ્ધ ઉપયોગનું ફળ કેવળજ્ઞાન અને કેવળદર્શન આદિ. **'આવું વર્ણન...'** અપેક્ષાથી જુઓ! **'કથંચિત્ થઈ શકે છે.'** છે ને એમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી.

મુમુક્ષુ :- ત્યાં વાંધો પડે છે.

ઉત્તર :- વાંધો પડે છે. સાચી વાત છે. નાખે. છે ને પણ તારતમ્ય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ. આવા ત્રણ (ભેદ) પડે. આમ ચૌદ પડે, આમ અસંખ્ય પડે. એમ કે એમાં ક્યાં છે? ગુણસ્થાન તારતમ્ય શુદ્ધ ઉપયોગ : એ પંડિતજી નાખે છે. આ ત્રણના ચૌદમે ત્રણના સમાડ્યા છે. કથંચિત્ સમાડ્યા છે કે નહિ? કે આખી રીતે સમાડી દીધા છે? ઠીક છે ભગવાન બાપુ છે ને. એ પણ ભગવાન છે અને પરમેશ્વર છે. પર્યાયમાં ભૂલ્યો એ પામર છે, પણ અંદર તો પરમાત્મા છે ને ભાઈ! એ ભગવાન ક્ષણમાં પલટશે તે દિ' પોતે પલટીને ભગવાન થાશે. સમજાણું કાંઈ? બહારમાંથી કાંઈક મળેને અને હોયને એમ સિદ્ધ કરવું છે. પણ વસ્તુ અંતર સ્વરૂપ છે પરમાત્મા. એને સ્પર્શ્યા વિના, સ્વઆશ્રય વિના સમ્યગ્દર્શ ન પ્રગટે, સમ્યગ્જ્ઞાન ન હોય અને સમ્યક્ ચારિત્રનો અંશ પણ સ્વને આશ્રયે હોય, પરને આશ્રયે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? લ્યો એ નવ ગાથા પૂરી થઈ.

**'હવે પરિણામ વસ્તુનો સ્વભાવ છે એમ નક્કી કરે છે :-'** શું કહે છે? ઓલા પરિણામની વ્યાખ્યા કરી ને? શુદ્ધ, શુભ અને અશુભ. કહે છે કે એ પરિણામ એ તો ત્રણપણે સામાન્ય કહ્યા, વિશેષપણે અસંખ્ય, જઘન્યપણે પરિણામ(માત્ર) અને મધ્યમપણે ચૌદ. એના

આ ત્રણ ભેદ પાડ્યા પાછા. અસંખ્ય, જઘન્યપણે એક, આમ અસંખ્ય, મધ્યમપણે ચૌદ અને મધ્યમના ચૌદમાં ત્રણ પ્રકારને સમાડી દીધા. શુભ, અશુભ અને શુદ્ધમાં. લ્યો એ તો ઠીક કહે છે પંડિતજી. ત્રણમાં ઉત્કૃષ્ટ અસંખ્ય, જઘન્ય એક, મધ્યમ ચૌદ. હવે ચૌદને ત્રણમાં સમાડ્યા પાછા.

મુમુક્ષુ :- બધાય કથંચિત્ થઈ ગયા.

ઉત્તર :- કથંચિત્ થઈ ગયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... સમજી લેવું.

ઉત્તર :- એમ જ સમજવું ને. શું આવ્યું પણ? તો એ કહે છે કે ન સમજ્યા. શુદ્ધમાં ન કીધું હોય ત્યાં સાત સમજી લેવું.

મુમુક્ષુ :- અહીં ન લાગું પડે.

ઉત્તર :- ઈ એમ કહે છે. ખબર છે ને. બધા લાકડા લગાડે છે. ભલે ત્યાં ન કહ્યું. બધે સ્યાત્ લગાડી દેવું. પણ સ્યાત્ ક્યાં? ચીજ સ્વતંત્ર છે ત્યાં સ્યાત્ લગાડવું કે કથંચિત્ પરતંત્ર છે. ઠીક! એમ કહે છે સ્યાત્નો અર્થ. એઈ..! ચીજ સ્વતંત્ર છે પૂર્ણ? કે નહિ સ્વતંત્ર નહિ. કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર.

મુમુક્ષુ :- નહિતર અનેકાંત રહેતું નથી.

ઉત્તર :- અનેકાંત રહેતું નથી, કહે છે ને એ તો, સ્થાપ્યું છે ને ઓલામાં. અનેકાંત કોને કહેવું? પૂર્ણ સ્વતંત્ર છે અને પરતંત્ર નથી એમું નામ અહીં અનેકાંત છે. સિદ્ધ તે પરતંત્ર હશે? ધર્માસ્તિકાય આગળ નથી ને માટે પરતંત્ર. એ ના ના સાંભળને. એનો પર્યાય ધર્મનો સ્વતંત્ર ત્યાં જ રહેવાનો પોતાની યોગ્યતાથી સ્વતંત્ર છે, પરતંત્ર બિલકુલ નથી. સિદ્ધ ભગવાન છે ને ઉપર? કે આઘા કેમ જાતા નથી? કે ધર્માસ્તિકાય નથી માટે. માટે પરતંત્ર છે. નહિ. એટલો જ રહેવાનો એનો સ્વભાવ છે. ઊર્ધ્વગમન થયું ત્યાં જ રહેવાનો સ્વતંત્ર પૂર્ણ સ્વભાવ (છે). દરેક પર્યાય સ્વતંત્ર છે. પરતંત્ર જરી પણ સિદ્ધને નથી. પરતંત્ર નથી અને સ્વતંત્ર છે એનું નામ અનેકાંત છે. અસ્તિ-નાસ્તિ પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું છે. કહો, સમજાણું કાંઈ?

પરિણામ એટલે બદલવું અથવા પર્યાય અથવા અવસ્થા એ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ છે પરિણમવું-બદલવું એ. એમ નક્કી કરે છે.

**પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે,**
**ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦.**

એ હરિગીત આવ્યું પહેલું. મૂળ શ્લોક.

**णत्थि विणा परिणामं अत्थो अत्थं विणेह परिणामो।**
**दव्वगुणपज्जयत्थो अत्थो अत्थित्तणिव्वत्तो।।१०।।**

એનું હરિગીત આપણે પહેલું કહેવાઈ ગયું. એની સામે નાખ્યું. બીજી રીતે .. ઓલામાં બધામાં આપણે નીચે નાખ્યું છે. એની ટીકા. લ્યો આ તો મૂળ પદાર્થની સ્થિતિનું વર્ણન જરી ધ્યાન બરાબર રાખે તો સમજાય એવું છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના જ્ઞાનમાં આવ્યું છે. એના સિદ્ધાંતમાં, શાસ્ત્રમાં કહ્યું છે એવું એનું સ્વરૂપ વસ્તુનું છે. આવી વસ્તુ સર્વજ્ઞ પરમાત્મા સિવાય, વીતરાગદેવ સિવાય કોઈ પંથમાં-કોઈ માર્ગમાં આ રીતે વસ્તુ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ છે તેવું જ ભગવાને જાણ્યું છે અને તેવું જ કહેવામાં આવ્યું છે.

'**ટીકા :- પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી,...**' જુઓ! સિદ્ધાંતો છે આ બધા. પરિણામ એટલે અવસ્થા, પરિણામ એટલે પર્યાય, પરિણામ એટલે અવસ્થાની દશા. એ '**વિના વસ્તુ હયાતી ધરતી નથી,...**' પરિણામ ન હોય તો વસ્તુ રહેતી નથી. પરિણામ વિના વસ્તુ રહેતી જ નથી. આત્મા પણ પરિણામ વિના આત્મા જ ટકતો નથી એમ કહે છે. દરેક પદાર્થ, આ દરેક પદાર્થની વ્યાખ્યા છે. '**પરિણામ વિના વસ્તુની...**' અવસ્થા જે થાય છે એ પરિણામ છે. પરિણામ. તારો આખો પરિણામી પદાર્થ ભગવાન એ પરિણામ એટલે પર્યાયમાં ઢળી ગયો છે, પરિણામમાં પરિણમ્યો છે. સમજાણું કાંઈ? એવા પરિણામ ન હોય તો વસ્તુ જ હયાતી ધરતી નથી. સમજાણું કાંઈ? વસ્તુનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી.

'**કારણ કે વસ્તુ દ્રવ્યાદિ વડે પરિણામથી જુદી અનુભવમાં આવતી નથી;...**' જુઓ! ઓહો..હો..! પદાર્થ. વસ્તુ એટલે પદાર્થ. દ્રવ્ય એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે. '**પરિણામથી જુદી અનુભવમાં આવતી નથી;...**' વસ્તુ એનું દ્રવ્ય, એનું ક્ષેત્ર, દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર પ્રદેશ-ભૂમિ, કાળ-અવસ્થા, ભાવ-શક્તિ. વસ્તુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે પરિણામથી (એટલે) દ્રવ્યથી જુદી નથી, ક્ષેત્રથી જુદી નથી, કાળથી જુદી નથી અને ભાવથી જુદી નથી. શું કીધું સમજાણું? વસ્તુ છે આત્મા કે પરમાણુ કોઈપણ વસ્તુ. છ દ્રવ્ય. એ વસ્તુ છે પદાર્થ. એની વર્તમાન પરિણામ-પર્યાય એ વિના વસ્તુ (હોય નહિ). કેમ? કે એ પરિણામ વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જુદા જોવામાં આવતા નથી. દ્રવ્યથી જુદા નથી, ક્ષેત્રથી જુદા નથી, કાળથી જુદા નથી અને ભાવથી જુદા નથી. દ્રવ્યથી પણ એ પરિણામ તન્મય છે. ક્ષેત્રથી એના અસંખ્ય પ્રદેશમાં જ એ પરિણામ છે, કાળથી એની પર્યાય એટલી છે, ભાવથી શક્તિનું પરિણમન પણ એ જ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી (એટલે) વસ્તુ, વસ્તુની ભૂમિ, વસ્તુનો કાળ અને વસ્તુનો ભાવ એનાથી તેના પરિણામ ચાર પ્રકારથી જુદા દેખવામાં, જોવામાં આવતા નથી. જેઠાલાલભાઈ! આવા બધા આમ ને આમ જૈનમાં જન્મેલા પણ એમ ને એમ કાળ ગાળ્યો બધાએ ઘણાએ લ્યો! એય..! ભીખાભાઈ! શું છે ચીજ એને સમજવી પડશે.

અહીં તો પદાર્થ... કોઈપણ માણસ એમ કહે કે મને શ્રદ્ધા થઈ. પણ એ શ્રદ્ધા થઈ એ તો પરિણામ છે. નહોતી ને થઈ. નહોતી એટલે મિથ્યાશ્રદ્ધા હતી અને સમ્યક્શ્રદ્ધા થઈ. તો એ પરિણામમાં થઈ. બદલ્યું ને? બદલવામાં શ્રદ્ધા હોય છે. વસ્તુમાં હોય છે? વસ્તુ તો ત્રિકાળ છે, ધ્રુવ છે. અને તે પરિણામ તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કાંઈ જુદા છે? એ પરિણામ શ્રદ્ધાની પર્યાય થઈ એ દ્રવ્યથી જુદી છે? ક્ષેત્રથી જુદી છે એના અસંખ્ય પ્રદેશથી? એના કાળથી જુદી છે? એનો સ્વકાળ છે એમાં આખો કાળ એ એનો કાળ. ભાવ ત્રિકાળ છે એનાથી પર્યાય એ જુદી છે? એ અંશ જુદો છે અને ભાવ જુદા છે એમ છે? સમજાણું કાંઈ? આ તો સિદ્ધાંત છે બધા. બીજા સાથે મેળવવા જાય છે ને? વેદાંત સાથે ને ફલાણા સાથે. વેદમાં આમ કહ્યું છે, ઢીકણામાં આમ કહ્યું છે, ફલાણું આમ. ક્યાંય આ વાત હોય નહિ ત્રણ કાળમાં. સમજાણું કાંઈ? મગનભાઈ! આ તો પહેલાની વાત હતી ને જરી (કે) એમાં કાંઈક છે. હતી. નહિ આ અત્યારે ઘણાને થઈ જાય છે ને ઘણાં. ઓલા રજનીશ બોલે છે, ઓલા વેદાંતીઓ કહે છે, બીજા કહે છે. કાંઈક ત્યાં પણ છે ખરું. ધૂળેય નથી સાંભળને. સમજાય છે કાંઈ?

એક એક વસ્તુની હયાતી અને તેના પરિણામ આમ સિદ્ધ કર્યા વિના કોઈ રીતે વસ્તુનું સ્વરૂપ જ હોઈ શકે નહિ. એમ કોઈ કહેવા માગે કે તમે ભાઈ વિકલ્પ છોડો. એ સિદ્ધાંત જુઓ. એ વિકલ્પ છોડવાના વિકલ્પ છે એ પર્યાય હતી, પરિણમન છોડવાની દશા થઈ અને પરિણામ થાય છે એ પર્યાયને સિદ્ધ કરે છે. અને છોડનારો એટલે જેમાં નથી એવું તો ત્રિકાળ તત્ત્વ હોય છે. ત્રિકાળી તત્ત્વ વિના છોડ્યું અને થયું ક્યાંથી આવ્યું? વિકલ્પ છોડ્યો અને વિકલ્પ નિર્વિકલ્પ થયો, એ તો પર્યાય છે. એ પર્યાય વિનાનું દ્રવ્ય હોય? સમજાણું કાંઈ? આ જૈનમાં અત્યારે ગપ (મારે છે). કેટલાય સમજે નહિ. ઓલું નિશ્ચય આવ્યું ને? એટલે મહારાજ કહે છે એવું જ ત્યાં છે. ત્યાં કાંઈક છે. ધૂળેય નથી સાંભળને. સારા પુણ્ય પણ નથી ત્યાં. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિના ભાવમાં જે કાંઈ કષાયની મંદતાનું પુણ્ય હોય એવા પુણ્ય તો મિથ્યાદૃષ્ટિને હોઈ શકે નહિ. ધર્મ તો નહિ પણ પુણ્ય પણ એવા ન હોય. સમજાણું કાંઈ?

કહે છે કે એ પરિણામ વિનાની વસ્તુ અસ્તિપણે ટકી શકતી નથી, હયાતી ધરતી નથી. કેમકે વસ્તુ દરેક આત્મા, દરેક પરમાણુ, કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છએ દ્રવ્ય હોં! ઓલો સંતબાળ કહે કે વળી એક જ બસ, બધી એક જ વસ્તુ હોય. હિન્દુસ્તાનમાં એક જ વસ્તુ સ્વીકારવામાં આવી છે, બેને સ્વીકારી નથી. એવું એણે બહાર પાડ્યું. લૂગડા મોઢે રાખે આ, પાત્રા રાખે વહોરવાના અને માને આવું ઊંધુ તદ્દન. સાંભળનારને ખબર ન મળે કાંઈ. ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા વીતરાગ પરમેશ્વર એણે જોયું અને એ સર્વજ્ઞ થયો એટલે દશા થઈ. ત્યારે એનો અર્થ કે પહેલી દશા એ નહોતી અને પછી થઈ એ પરિણામ

સિદ્ધ કરે છે. અને શેમાં? કે ધ્રુવમાં. ધ્રુવના પરિણામ પહેલા મેલા હતા અને પછી પરિણામ શુદ્ધ થયા એ તો ધ્રુવને સિદ્ધ કરે છે. એટલે પરિણામ વિનાની વસ્તુ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? દાખલો આપે છે જુઓ, સમજવા માટે. હોં!

'**કેમ કે (૧) પરિણામ વિનાની વસ્તુ ગધેડાના શિંગડાં સમાન છે...**' કેમકે ગધેડાના શિંગડાનું પરિણામ દેખાતું નથી, નથી દેખાતું. '**પરિણામ વિનાની વસ્તુ ગધેડાના શિંગડાં સમાન છે...**' એક વાત. એનો દાખલો આપશે હોં! '**(૨) તથા તેને જોવામાં આવતા ગોરસ વગેરેના પરિણામો સાથે વિરોધ આવે છે.**' શું કહે છે? ગોરસ છે ને? એક તો ગધેડાના શિંગડાં નથી જોવામાં આવતા માટે એ વસ્તુ છે નહિ. પરિણામ નથી માટે વસ્તુ નથી. ગધેડાના શિંગડાંના પરિણામ પરિણામ છે ને સુંવાળા કે એ, એ નથી માટે વસ્તુ નથી. બીજું, દૂધ, દહીંરૂપ પરિણામ ગોરસ. ગોરસ એટલું કહેવું છે, ગાયનો રસ એટલું હોં! પછી દૂધ એ તો એની પર્યાય છે. ગાયનો રસ. એ ગાયના રસ સાથે વિરોધ આવે છે. કેમકે દૂધ, દહીં આદિ ગાયના રસના પરિણામ છે-પર્યાય છે. દૂધ પરિણામ, દહીં પરિણામ, છાશ પરિણામ. છાશ હોય ને મઠ્ઠા? એ ગોરસના પરિણામ છે. એ પરિણામ ન હોય અને ગોરસ હોય એમ બને નહિ. સમજાણું કાંઈ?

'**પરિણામ સાથે વિરોધ આવે છે.**' નીચે છે જુઓ! '**જો વસ્તુને પરિણામ વિનાની માનવામાં આવે તો ગોરસ વગેરે વસ્તુઓના દૂધ, દહીં આદિ પરિણામો પ્રત્યક્ષ દેખાય છે તેની સાથે વિરોધ આવે.**' આ દહીંની અવસ્થા, આ દૂધની અવસ્થા, આ છાશની અવસ્થા, આ માખણની અવસ્થા. એ બધી અવસ્થા છે ને? એ અવસ્થા વિનાનું ગોરસ હોય? અવસ્થા દેખાય છે. જો પરિણામ વિનાનું હોય તો એને અવસ્થા વિનાનું ગોરસ હોવું જોઈએ. તો અવસ્થા તો પ્રત્યક્ષ દેખાય છે. ગોરસની, ગોરસની દૂધ, દહીં, માખણ અને છાશ એવી અવસ્થા પ્રત્યક્ષ દેખાય છે, માટે તે પરિણામ વિનાનું ગોરસ હોઈ શકે નહિ. દૂધની અવસ્થા વિનાનું ગોરસ હોય? દહીંની અવસ્થા વિનાનું ગોરસ હોય? માખણની અને છાશની અવસ્થા વિનાનું ગોરસ હોય? માટે પરિણામ વિનાની વસ્તુ જોવામાં આવતી નથી. જો પરિણામ વિનાની જોવામાં આવે તો દૂધ-દહીંની અવસ્થા જોવામાં આવે નહિ. છતાં ગોરસ છે, તો દૂધ, દહીંની અવસ્થાથી સિદ્ધ થાય છે કે પરિણામ વિનાની વસ્તુ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સિદ્ધાંત એ સિદ્ધ કરે છે ભાઈ આ તો. આહા..હા..! લોજિકથી છે. શું કહે છે સમજાય છે?

વસ્તુ છે એ પરિણામ વિનાની ન હોય. કેમ કે ગોરસના પરિણામ ક્ષણે ક્ષણે બદલે છે એ તો દેખાય છે. દૂધ, દહીં એ પરિણામ છે, એ તો પર્યાય છે. અને એ પરિણામ નથી એમ કહો તો પણ દેખાય છે ને પ્રત્યક્ષ, એ ગોરસના પરિણામ છે. ગોરસના પરિણામ છે એ લાકડાના નથી, સાકરના નથી. એ તો ગોરસના પરિણામ છે. અને પરિણામ દેખાય

છે પ્રત્યક્ષ દૂધ, દહીં, છાશ આદિ એટલે પરિણામ વિનાનું ગોરસ હોઈ શકે નહિ. પરિણામ પ્રત્યક્ષ દેખાય છે. ગોરસના પરિણામ—પર્યાય વર્તમાન પ્રત્યક્ષ દેખાય છે. એમ દરેક પદાર્થના પરિણામ વિના વસ્તુ ન હોય કેમ કે એના પરિણામ પણ પ્રત્યક્ષ દેખાય છે. સમજાણું કાંઈ? પ્રવચનસાર જરી સૂક્ષ્મ તત્ત્વને સિદ્ધ કરે છે ને.

'**(જેમ પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી તેમ)...**' હવે એક વાત થઈ ગઈ ત્યાં. '**વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી,...**' જેમ પરિણામ અવસ્થા વિના વસ્તુ ન હોય, એમ વસ્તુ વિના પરિણામ ન હોય. વસ્તુ નથી ને પરિણામ છે, ક્યાંથી આવ્યું? પાણી નથી ને તરંગ છે. સમજાય છે કાંઈ? એમ હોઈ શકે નહિ. '**વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી, કારણ કે સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં...**' દેખો ભાષા! એ શુભ પરિણામ હો કે અશુભ હો કે શુદ્ધ હો—ત્રણનો આશ્રય ધ્રુવ દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે અહીંયાં. એ વસ્તુ વિના... જેને આશ્રય નથી એના પરિણામ શું? એટલે શુદ્ધ પરિણામ, શુભ પરિણામ અને અશુભ પરિણામ એનો આશ્રય દ્રવ્ય છે, એને આધારે થયા છે. ગોરસને આધારે પરિણામ થયા છે. પરિણામ વિના ગોરસ નહિ અને ગોરસ વિના દૂધ, દહીં પરિણામ નહિ, દૂધ-દહીંની અવસ્થા વિના ગોરસ નહિ અને ગોરસ વિના દૂધ-દહીંની અવસ્થા નહિ. સમજાણું કાંઈ? લોજિક છે કે નહિ? તમારે વકીલાતમાં તો આવું આવ્યું ન હોય ત્યાં. ગપ્પા આવ્યા હોય બધા ઘણી જાતના. પણ ઓલું તો આપ્યું છે ને. પરીક્ષા તો આપી. કહો, સમજાણું આમાં?

કેમ કે સ્વ-આશ્રય વિના. જોયું! '**સ્વ-આશ્રયભૂત...**' સ્વ-આશ્રયભૂત વસ્તુ. પરિણામની આશ્રયભૂત વસ્તુ, પર્યાયની આધારભૂત વસ્તુ. આત્માના અશુદ્ધ પરિણામના આશ્રયભૂત વસ્તુ, શુભ પરિણામના આશ્રયભૂત વસ્તુ, શુદ્ધ પરિણામના આશ્રયભૂત વસ્તુ. ત્રણના આશ્રયભૂત વસ્તુ. જો વસ્તુ ન હોય તો પરિણામ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? હવે ઓલો કહે કે સ્વદ્રવ્યના આશ્રયે શુદ્ધ પરિણામ થાય, પરદ્રવ્યના આશ્રયે અશુદ્ધ થાય. મગનભાઈ! એ બીજી વાત સિદ્ધ કરવી છે ત્યાં. અહીં તો એના પરિણામ વસ્તુ વિના, દ્રવ્ય વિના પરિણામ (હોય નહિ). માટે દ્રવ્યને આશ્રયે પરિણામ થાય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ત્યાં કહે કે દ્રવ્યના આશ્રયે તો શુદ્ધ જ પરિણામ થાય. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'

મુમુક્ષુ :- આ છ દ્રવ્યની વાત છે.

ઉત્તર :- અહીં તો છએ દ્રવ્ય અને એ આત્માની પણ વાત છે. અહીં તો આત્માની પણ વાત છે કે એના શુભ પરિણામ કે અશુભ પરિણામ આત્માને આશ્રયે થાય છે. શું કીધું? સ્વ-આશ્રયભૂત. દેખો! તે પરિણામ થાય તેનો આશ્રયભૂત દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ પરિણામ થાય, રાગ પરિણામ થાય, દ્વેષ પરિણામ થાય, એ સ્વ-આશ્રય

દ્રવ્યભૂત છે એને આશ્રયે થાય છે, નિમિત્તને આશ્રયે નહિ. સમજાણું કાંઈ? કારણ કે એના અસ્તિત્વમાં થાય છે ને? વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણમાં સમાપ્ત થાય છે. વસ્તુની સ્થિતિની હયાતી દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણમાં પૂરી થાય છે. જો પર્યાય એની ન હોય તો દ્રવ્ય કોનું? દ્રવ્ય વિના પર્યાય ક્યાંથી આવી? એની એટલે દ્રવ્યની અને એ દ્રવ્યના પરિણામ ન હોય તો પરિણામ વિના દ્રવ્યનું નક્કી કોણે કર્યું? પરિણામ ન હોય તો નક્કી કરવું તો પરિણામથી છે. સમજાય છે? અને દ્રવ્ય ન હોય તો કોને આધારે પરિણામ થયા? સમજાણું કાંઈ? લોજિકથી ભાઈ! વાત કરે છે અહીં તો શાસ્ત્ર. એણે સમજવું પડશે. જાડી બુદ્ધિ નહિ કામ આવે હવે આમાં એમ કહે છે. કસવી પડશે. વસ્તુ કસવી પડશે સમજ્યા? કસોટી-કસોટી કરીને ઝીણી કરવી પડશે.

એક ફેરી કહ્યું હતું નહિ? ૮૬માં. રામજી હંસરાજ. તે દિ' દસ લાખ રૂપિયા હતા. હવે બે કરોડ થયા. મહારાજ! તમારી આ વાત એવી છે કે જઠર પચવી શકે નહિ. કરો તૈયાર જઠર. મેસુબ ખાવા માટે જઠર નથી તૈયાર કરતા? રોટલી ખાવા વખતે મેસુબનો ભાવ નથી થાતો? કે મેસુબ નહિ પચી શકે એમ કરો છો કોઈ દિ'? કરો તૈયાર. જઠર સમજો છો? જઠરાગ્નિ. રામજીભાઈ હતા ને રામજી હંસરાજ. કરોડપતિ, બે કરોડ. હમણા ગુજરી ગયા ને. એ ૮૬ની વાત છે. જઠર અમારું પચવે એ આ વાત નથી. હા.

મુમુક્ષુ :- રુચતી નથી.

ઉત્તર :- રુચતી નથી. તમારા પૈસા-બૈસા રુચે અને હો-હા. એમાં કાંઈ પૈસા-બૈસા ખર્ચવા હોય તો ધર્મ થઈ જાય. ધૂળેય નથી કીધું. પૈસામાં ધર્મ નથી અને પૈસા ખર્ચનારને પણ ધર્મ નથી. એય..! પોપટભાઈ! ૮૬ની વાત, ૮૬ની વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ ખરચે? ધૂળ ખરચે?

મુમુક્ષુ :- રાખી મૂકવા ને?

ઉત્તર :- રાખે કોણ? જડ છે એને રાખે બીજો? રાખે કોણ? ટાળે કોણ? રક્ષા કરે કોણ? સંભાળે કોણ? પરચીજ સ્વતંત્ર છે એના પરિણામ સ્વતંત્ર થાય છે એ તો અહીં ચાલે છે. એના પરિણામ એના દ્રવ્ય વિના હોય નહિ. એના પરિણામ બીજા દ્રવ્યને આધારે હોય એમ નહિ. એક પૈસો આમ ગયો પૈસો, તો એ પર્યાય છે ને પર્યાય? એ પર્યાય એના દ્રવ્યને આશ્રયે થઈ છે. બીજાને આધારે અને હાથને લઈને અને બીજાની ઈચ્છાને લઈને એમ ગયા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગી માર્ગ છે આ ભાઈ! સર્વજ્ઞનો સર્વજ્ઞ થવાનો માર્ગ છે. સર્વજ્ઞનો માર્ગ સર્વજ્ઞ થવાનો છે, અલ્પજ્ઞ અને રાગમાં રહેવાનો નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે '**સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં...**' જે કાંઈ પરિણામ છે એનો જો

આશ્રયભૂત દ્રવ્ય ન હોય તો એ પરિણામ જ ન રહી શકે. સમજાણું કાંઈ? '(**અર્થાત્ પોતાને આશ્રયરૂપ જે વસ્તુ તે ન હોય તો) નિરાશ્રય પરિણામને શૂન્યપણાનો પ્રસંગ આવે છે.**' જેને આશ્રય ન હોય તે પરિણામ શૂન્યતા દેખાય છે. દૂધ-દહીં દેખાય અને ગોરસ ન હોય તો ગોરસને આધારે થાય એવું પરિણામ નથી, તો પરિણામની પણ શૂન્યતા થઈ જાય છે. સમજાણું કાંઈ? જુઓ! આ ભાષાના પરિણામ થાય છે ને પર્યાય? ઓલો કહે કે ઉદયથી નિર્જરા થાય. ઓલું આવે છે ને ઉત્તરાધ્યયનમાં આવે. ... ... એવું આવે. હવે ધર્મકથામાં નિર્જરા ક્યાં હતો? સાંભળને. એ તો વાણી છે, જડ છે. જડના પરિણામ એ એના- પરમાણુના આશ્રય વિના હોય નહિ. આત્માના આશ્રય વિના પરમાણુના પરિણામ ન હોય એમ નથી અહીં. પોપટભાઈ! અને વિકલ્પ થયો રાગ એ પણ આત્મા આશ્રય વિના નહિ, એટલું અહીં તો સિદ્ધ કરવું છે. આત્મા ન હોય અને વિકલ્પ ક્યાંય અદ્ધરથી થઈ જાય? સમજાણું કાંઈ? આહા..હા..! શુભ-અશુભભાવ કે અશુદ્ધભાવ પર્યાય એનો સ્વદ્રવ્ય જે આશ્રય વસ્તુ છે એના વિના શૂન્યપણું લાગે. એમ હોઈ શકે નહિ. આહા..હા..! મહાસિદ્ધાંતો છે. સમજાય છે કાંઈ?

સ્વ-આશ્રયભૂત એટલે વસ્તુનો અભાવ હોય એટલે પોતાને આશ્રયે પરિણામ, આશ્રયરૂપ જે વસ્તુ, પરિણામ એટલે પર્યાય એને આશ્રયભૂત-આધારભૂત એ વસ્તુ, એ ન હોય તો નિરાશ્રય પરિણામને—આશ્રય વિનાની અવસ્થાને શૂન્યપણાનો પ્રસંગ આવે છે. માટે પરિણામ વસ્તુ વિના ન હોય અને વસ્તુ પરિણામ વિના ન હોય. બેય અભેદ છે. સમજાણું કાંઈ? એમાં દાખલો સિદ્ધનો આપ્યો છે અંદરમાં અને સંસારીનો બેયનો આપ્યો છે. જયસેનાચાર્યની (ટીકામાં). ભગવાન સિદ્ધની પર્યાય છે પરમાત્માની. એ પર્યાય વિનાનું સિદ્ધનું દ્રવ્ય હોય? અને એ પરિણામનો આશ્રય ન હોય સિદ્ધને પરિણામ હોય? એ પરિણામ સિદ્ધના જે કેવળજ્ઞાનના હોય છે એ આશ્રય દ્રવ્ય ન હોય તો પરિણામ હોય? દ્રવ્ય ન હોય તો પરિણામ ન હોય અને પરિણામ ન હોય તો દ્રવ્ય ન હોય. સિદ્ધને પણ એમ છે. સમજાણું કાંઈ? લ્યો, એના પરિણામ વિના દ્રવ્ય નહિ, એના દ્રવ્ય વિના એ (પરિણામ) નહિ. એમ ન કહ્યું ધર્માસ્તિકાયના પરિણામ વિનાના આ પરિણામ નથી આગળ જવાના એમ ન લીધું, લ્યો ભાઈ! એમ આવ્યું કે નહિ? એય..! એના પરિણામ સિદ્ધના જે ત્યાં રહેવાના છે એ પરિણામ વિનાનું દ્રવ્ય ન હોય, પણ ધર્માસ્તિકાય વિનાના પરિણામ ન હોય એમ નથી અહીં. અને એ પરિણામ વિના દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિના એના પરિણામ (ન હોય). દ્રવ્ય વિના એના પરિણામ ન હોય, પણ ધર્માસ્તિ નથી માટે પરિણામ આગળના થતા નથી એમ નથી કાંઈ. સમજાણું કાંઈ? એ બે વાત સિદ્ધ કરી લ્યો! હવે ત્રીજી વાત સિદ્ધ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૫, બુધવાર, તા. ૧૧.૯.૧૯૬૮**
**ગાથા-૧૦, પ્રવચન-૯**

દસમી ગાથા ચાલે છે. પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ અધિકાર. પહેલો પેરેગ્રાફ પૂરો થયો. શું કહ્યું પહેલામાં? આ એ વાત ચાલે છે કે આત્મા જે છે એ પરિણામી છે પરિણામી. પલટતો-બદલતો. ત્રિકાળી વસ્તુ રહી અને પર્યાયમાં બદલે છે. એથી એ આત્માના પરિણામ શુભ કે અશુભ કે શુદ્ધ થાય એમાં એ આત્મા તન્મય થઈને પરિણમન એનું છે ઈ. સમજાય છે કાંઈ? એકેન્દ્રિયમાં હો કે સિદ્ધમાં હો, પરિણામ વિનાની વસ્તુ હોય નહિ અને વસ્તુ વિના પરિણામ ન હોય. સિદ્ધની પર્યાય છે કેવળજ્ઞાનાદિ, એ દ્રવ્ય વિના હોય? આત્મદ્રવ્ય નથી અને સિદ્ધપર્યાય છે—એમ હોય? અને પર્યાય નથી અને એકલું દ્રવ્ય છે. કેવળજ્ઞાન પર્યાય નથી, એ આત્મદ્રવ્ય છે—એમ હોઈ શકે નહિ. એમ એકેન્દ્રિયમાં એમ કે અશુદ્ધ પરિણામથી એ પરિણમતો નથી, અશુદ્ધ પરિણામ એના નથી અને એ વિનાનું દ્રવ્ય છે નિગોદનું. એમ છે નહિ. અશુભ પરિણામ વિનાનું દ્રવ્ય નથી અને અશુભ પરિણામના આશ્રયવાળા, દ્રવ્ય વિના પરિણામ નથી. સમજાણું કાંઈ?

નિગોદના જીવને પણ કર્મને લઈને પરિણામ છે એમ નહિ, એમ સિદ્ધ કરવું છે અહીં તો. કહે છે ને ઘણાં? જ્યાં સુધી એકેન્દ્રિય છે મન વિનાના, ત્યાં સુધી એને કર્મનું જોર છે. હમણા આવ્યું હતું છાપામાં. સમજાણું? બધા પુરુષાર્થ અને કર્મ બેનો સમન્વય કરે. એટલે તેને અનાદિમાં જ્યાં સુધી મન ન હોય, ક્ષયોપશમભાવ નથી વિશેષ એટલે ત્યાં સુધી તો એને કર્મને કારણે એના પરિણામ હોય અને આવી ક્ષયોપશમદશા થાય વિશેષ ત્યારે પોતાને કારણે પરિણામ થાય.

એ માટે આ સ્પષ્ટ થાય છે કે કોઈપણ કાળમાં, કોઈપણ દ્રવ્ય સિદ્ધ હો, નિગોદ હો, પરમાણુ હો, સ્કંધ હો, કે કાળાણુ હોય કે ધર્માસ્તિ હો, એની પર્યાયરૂપી પરિણામ વિના એ દ્રવ્ય હોય નહિ પર વિનાનું હોય, પર વિનાનું હોય પણ એના પરિણામ વિનાનું ન હોય. એ તો સિદ્ધ થઈ ગયું કે જે નિગોદમાં પણ એ પરિણામનો કર્તા આત્મા અને પરિણામમાં તન્મય એ નિગોદનો જીવ છે. કહો, મગનભાઈ! કે નિગોદમાં આમ છે. અનાદિ નિગોદ પડ્યા બિચારા કર્મને આધીન. લ્યો! અમરચંદભાઈ! કેમ હશે? કર્મને વશ પડ્યા રખડે ચાર ગતિમાં. એ અહીં ના પાડે છે કે એમ ન હોય. એ પરને લઈને પરિણામ ન હોય, દ્રવ્યને લઈને પરિણામ હોય. સમજાણું કાંઈ? નિગોદનો આત્મા એ દ્રવ્ય છે એ પરિણામ વિના ન હોય અને એ પરિણામનો આશ્રય દ્રવ્ય ન હોય તો પરિણામ નિરાશ્રય થાય. એટલે પરિણામનો આશ્રય ખરેખર તો એનો આત્મા છે. પરિણામનો આશ્રય કર્મ અને પરવસ્તુ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઐસા કથન નહિ. સુનને કા ભાન નહીં તો ક્યા કરે? દૂસરે જો સુનાયે વહ માન લેના. શેઠ! વાત સાચી તમારી શેઠ!

મુમુક્ષુ :- ... એને માનવું પડે.

ઉત્તર :- ...

અહીં તો કેટલી સ્પષ્ટતા! કે અનાદિ-અનંત દ્રવ્ય જે વસ્તુ છે, ચાહે તો નિગોદનો હો, ચાહે તો સિદ્ધનો હો, ચાહે તો સાધકનો હો, ચાહે તો પરમાણુ હો અને ચાહે તો પરમાણુથી બનેલો સ્કંધ હોય પદાર્થ, પણ એ પદાર્થ વર્તમાનમાં તેના પર્યાય અને પરિણામ વિનાનો એ પદાર્થ ન હોય. પર વિનાનો હોય. પરિણામ, નિગોદનો જીવ પણ એના પરિણામ વિનાનો ન હોય, સિદ્ધનો જીવ પણ એના પરિણામ વિનાનો ન હોય, એક પરમાણુ છે એ પણ પોતાના પરિણામ વિના ન હોય. એક રજકણ છે કે ભાઈ એના પરિણામ પરમાં, સ્કંધમાં ભળે ને ત્યારે એના પરિણામ થયા. એમ નથી. પરિણામ વિનાનો પદાર્થ હોય જ નહિ. સમજાણું કાંઈ? છૂટો પરમાણુ હોય તો એની પર્યાય વિનાનું દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના પર્યાય નહિ. એટલે કહે છે ને ઘણાં કે સ્કંધમાં પરમાણુ જ્યારે ભળે ત્યારે એમાં સ્થૂળતા આવી જાય છે અને સ્થૂળતા આવે છે એ ઓલા સંયોગને લઈને આવે છે. અહીં કહે છે કે એ સ્થૂળતાના તે વખતના પરિણામ વિનાનો એ પરમાણુ નહિ અને પરમાણુના આશ્રય વિના સ્થૂળતા થાય નહિ. પરમાણુના આશ્રય વિના સ્થૂળતા થાય નહિ. સ્કંધને આશ્રયે થાય? કે પરને આશ્રયે સ્થૂળતા ન થાય. સમજાણું કાંઈ? લોકોને ખબર નથી બિચારાને શું કરે? સિદ્ધાંત તો તત્ત્વ છે એમ રહેશે. સમજાણું કાંઈ? સૌને પરિણામ હોય છે એમ અહીં કહે છે. કહો, સમજાણું આમાં?

મહાસિદ્ધાંત છે. આ ગાથામાં ત્રણ સિદ્ધાંત સિદ્ધ કરશે. બે તો સિદ્ધાંત સિદ્ધ કર્યા કે કોઈપણ રજકણ હો, સ્કંધ હો, નિગોદનો અજ્ઞાની જીવ હો કે કેવળજ્ઞાનીનો જીવ હો કે સિદ્ધનો હો, એ તે તે કાળે તેના પરિણામ તેનાથી તે દ્રવ્ય તન્મય છે. પરની સાથે તન્મય નથી. કહો, બરાબર છે શોભાલાલજી? આ તો ચાર પૈસે શેર તો મણના અઢી, મણના અઢી તો ચાર પૈસે શેર. કુંજી કહે છે? શું કહે છે? કુંજી કહે છે? અમારે કુંચી કહે છે. એમ આ કુંચી છે કે કોઈપણ પદાર્થ કોઈપણ કાળે જ્યાં વર્તતો હોય તે વર્તના-પરિણામ વિનાનું એ દ્રવ્ય ન હોય, એ વર્તના-પરિણામ પર વિનાના હોય. કહો, બરાબર છે? એ પરિણામ વિના... કોઈ કહે કે બહુ ભીંસ પડી કર્મની અને એને લઈને ત્યાં પરિણામ થયા. કોઈ પ્રતિકૂળ એવું આવી પડ્યું ને શરીરમાં રોગ આકરો, તો એ પરિણામ થયા. પણ કહે છે ને એ પરિણામ વિનાનું દ્રવ્ય ન હોય પછી વળી રોગને લઈને પરિણામ થયા એ આવ્યું ક્યાં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુસ્થિતિ તો વર્ણવે છે એક એક પદાર્થની. આવું સ્વરૂપ પદાર્થનું સ્વરૂપ છે આ. આવા પદાર્થના સ્વરૂપની જેને ખબર નથી એને ધર્મ પરિણામ કોને આશ્રયે થાય? અને ધર્મ પરિણામમાં આત્મા તન્મય થાય છે ત્યારે ધર્મ પરિણામ થાય છે. સમજાણું કાંઈ? એ કાંઈ ભગવાનની પ્રતિમામાં કે પરની દયામાં તન્મય થાય તો એ પરિણામ થાય છે એમ નથી. કહો, સમજાય છે કાંઈ? કોઈપણ કાળે ભગવાનની પૂજામાં બેઠો છે ત્યારે એને એ શુભ પરિણામ થયા, એ શુભ પરિણામનો આશ્રય એનું દ્રવ્ય છે. એ શુભ પરિણામનો આશ્રય ભગવાનની મૂર્તિ નહિ. ઓહો..હો..! કહો, સમજાય છે કાંઈ? એ સમવસરણમાં બેઠો હોય આત્મા, તો એને જે પરિણામ થયા એનો આશ્રય એનો આત્મા છે, એ પરિણામનો આશ્રય ભગવાન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિણામ છે. હવે શેઠ હળવે હળવે આવતા જાય છે થોડા. આ બધું સમજવા માટે છે, ભાઈ! આ વસ્તુ સમજવાની છે. એમ ઉપરટપકે સમજે તો એનો કોઈ પત્તો લાગે એવો નથી. મૂળ એના પકડવા જોઈએ તો એને સત્યનો લાભ થાય, નહિતર તો અનંતકાળથી એમ ને એમ મરી ગયો છે. ભાઈ કહે છે બરાબર છે.

મારા પરિણામ પરને આશ્રય થાય. ત્યારે તારા પરિણામ-પર્યાય વિનાનું દ્રવ્ય છે? સમજાણું કાંઈ? અગિયારમાં ગુણસ્થાનેથી પડ્યો તો ત્યાં કર્મને લઈને પરિણામ થાય એ તો ના પાડે છે. અગિયારમેથી પડ્યો તો એ પરિણામ વિનાનું દ્રવ્ય છે ત્યાં? સમજાણું કાંઈ? અગિયારમેથી પડ્યો એ દસમાના પરિણામ છે એ પરિણામ વિનાનું દ્રવ્ય છે કે એ પરિણામ પરે કરાવ્યા? પોતાના પરિણામ છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! મોટા ગોટા બહુ ઘણા છે. લોકોને અભ્યાસ નથી, સત્યનું શરણ શું છે એની ખબર નથી. પછી તકરાર... તકરાર... વાંધા ઉઠાવે. બાપા! વાંધા ઉઠાવવા જેવી ચીજ નથી. આ તો વસ્તુનું સત્ આવું છે. ભગવાન પાસે જાય તો આ મળશે, અહીંથી કહે તો આ મળશે, વસ્તુ આ છે. સમજાણું કાંઈ?

આ ઓલા કહેતા હતા એક ફેરી કે પરિણામ નિમિત્ત પામીને થાય. ન હોય તો-નિમિત્ત પામ્યા વિના થાય તો ભગવાન પાસે જાવ. એમ આવ્યું હતું એક ફેરી તમારા ઉત્તર દિશાથી. ઉત્તર દિશા કહેવાયને? શું કહેવાય તમારી? નહિ તમારું, ઈસરી ને ઈ ઉત્તર કહેવાય કે નહિ? બિહાર. પશ્ચિમ કહેવાય? આપણે કાંઈ ખબર નહિ. એ ઈસરીમાંથી આવ્યું હતું કે પરિણામ નિમિત્ત પામીને થાય, નિમિત્ત પામીને થાય, કર્મનું નિમિત્ત પામીને પરિણામ થાય. આ સિવાય તમારે વાત હોય તો ભગવાન પાસે જાવ. ભગવાને આમ કીધું છે. અહીં કહે છે કે નિમિત્ત પામીને ન થાય. પોતાના પરિણામનો આશ્રય દ્રવ્ય એને લઈને થાય એમ કહે છે. છે એમાં છે કે નહિ? જુઓને આ પુસ્તક. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! આમાં લખાણ છે એનો અર્થ છે. આમાં ન્યાયથી વાત છે કે નહિ? આમાં ક્યાં કોઈ પક્ષની, વસ્તુની સ્થિતિ છે?

સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિકાળ વસ્તુ જોઈ અને તે વસ્તુના પરિણામ વિનાની કોઈ ચીજને જોઈ નથી તો તે પરિણામ વિનાની ચીજ નથી. એ પરિણામ કો'કથી થાય અને કો'કના છે કોઈ કાળે (એમ) ત્રણ કાળમાં છે નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? ત્યારે કોઈ કહે પણ અમે અહીં બેઠા હોય ને પરિણામ ...? ભગવાન પાસે જઈએ તો પરિણામ સારા થાય, ઘરે જઈએ તો ખરાબ થાય, અહીંયાં આવીએ તો સારા થાય તો કાંઈ ફેર પડે કે નહિ પરને લઈને? કહો, શેઠ! પણ તમે ત્યાં બીડીયુંમાં કામ કરો ત્યાંના પરિણામ અને અહીંના પરિણામમાં ફેર રહે છે કે નહિ? એય..! અમરચંદભાઈ! ત્યાં પણ પોતાના પરિણામ દ્રવ્યને આશ્રયે થયા છે, અહીં પણ પરિણામ દ્રવ્યને આશ્રયે થયા છે. કાંઈ શબ્દને આશ્રયે અને સોનગઢના સ્વાધ્યાય મંદિરને આશ્રયે થયા નથી. બરાબર છે કે નહિ? સમજાણું કાંઈ?

એ માથે વાત થઈ ગઈ જુઓ! એ બે પદની વ્યાખ્યા થઈ ગઈ. દસમી ગાથાના બે પદ. '**णत्थि विणा परिणामं**'. મહા સિદ્ધાંતો આ. '**णत्थि विणा परिणामं अत्थो अत्थं विणेह परिणामो**।' બે પદની વ્યાખ્યા થઈ ગઈ. વિના પરિણામ અર્થ ન હોય. અર્થ એટલે દ્રવ્ય અને દ્રવ્ય વિના પરિણામ ન હોય. આ ત્રિકાળી સિદ્ધાંત. એટલે કોઈ ભગવાન એના પરિણામ બનાવે અને થાય (એમ માનનાર) મૂઢ છે, વસ્તુને જાણતો નથી. કેમકે પદાર્થ છે ને પોતે, એ પદાર્થનું પરિણમન સિદ્ધ કરવું છે. એ પરિણમે છે એ પોતાના પરિણામે પરિણમે છે, એ પરિણામનો કર્તા બીજો કોઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ? ન્યાયથી, લોજિકથી, યુક્તિથી, આગમથી તો વાત સિદ્ધ થાય છે અને પ્રત્યક્ષમાં પણ સિદ્ધ થાય છે. કોઈને લઈને કોઈ પરિણામ થાય એમ દેખાતું નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં ભાન વિનાના.. આ ચશ્મા વિના જોવાના પરિણામ ન થાય એમ કહે છે. લ્યો! આ લીંબડીમાં હમણા આવ્યું હતું ને ઓલા? જુઓ, આ ચશ્મા વિના ન થાય. અરે..! ભગવાન! બાપુ! સૂક્ષ્મ વાત છે ઝીણી. તમારી સાથે વાત શી રીતે કરવી? સમજાય છે? જાડી બુદ્ધિ, પકડીને બેઠા ઊંધા લાકડા. આહા..હા..! આ વાત, ચશ્મા વિના પરિણામ ન થાય જોવાના. ત્યારે આત્મા છે એના જોવાના પરિણામ છે એ પરિણામનો આશ્રય દ્રવ્ય છે કે ચશ્મા છે?

મુમુક્ષુ :- ચશ્મા છે તો દેખાય છે.

ઉત્તર :- ક્યાં દેખાય છે? આ પણ પરિણામ છે કે નહિ? આ પણ એક પરિણામ-પર્યાય છે કે નહિ? તો એના પરમાણુને આશ્રયે આ પર્યાય થઈ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! મગનલાલનો દીકરો હતો ત્યારે ત્યાં તમારે લીંબડી. ચંદ્રશેખર (સાથે) આ વાત થાતી ત્યારે. મહાસુખ હતો ને? જયંતિભાઈ હતા લીંબડીવાળા. પ્રભુ! શું કરે છે? આહા..હા..! માન ખાતર જાણે અમે બરાબર છીએ. ચશ્મા વિના પરિણામ ન થાય, ન દેખાય. અરે..!

પ્રભુ! સાંભળને ભાઈ! એ એના પરિણામની ક્ષણિક જે અવસ્થા છે જાણવાની, એ પરિણામ પરિણામી વિના થયા છે? દ્રવ્યના આશ્રયે થાય છે કે પરિણામ ચશ્માને આશ્રયે થાય છે? ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ .. થોથા દલીલ છે. કોણ ચડાવે? ચડાવે કોણ? લે કોણ? અને છોડે કોણ? એના પરિણામનો જે સ્વકાળ છે એ આ રહેવાનો અહીંયાં. તો એનો સ્વકાળ અહીં રહેવાનો હતો. તો એ પરિણામ એના દ્રવ્ય વિનાનું થયું. આ આંગળીને લઈને પરિણામ થયા છે એ તો અહીં છે જ નહિ એમ કહે છે અહીં તો. અમરચંદભાઈ! આહા..હા..! મહાસિદ્ધાંત છે. મણના અઢી તો શેરના ચાર પૈસા. સાડા સાત શેરના... અઢી એ એમાં આવી ગયું. સાડા સાત શેરના સાડા સાત આના. કેમ શોભાલાલજી! એમ આ તો ન્યાયનો એક સિદ્ધાંત કાયદો થયો. એ કાયદો બધે ઠેકાણે લાગુ પાડવો. લ્યો! સમજાણું કાંઈ? લોહચુંબક છે અહીંયાં અને અહીંયાં સોય છે. તો સોય તણાઈ આવે છે અહીં લોહચુંબક પાસે છે જુઓ. તો લોહચુંબકને લઈને પરિણામ છે કે નહિ એના? નહિ. સોયના પરિણામ એના પરમાણુને આશ્રયે થયા છે, ચુંબકને આશ્રયે નહિ. સોય આમ ખેંચાણી ને? એ એના પરમાણુના આશ્રયે પરિણામ ખેંચાવાના થયા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. આહા..હા..! એ વાત આવી હતી ને પહેલી? કઈ સાલ શેઠ આવ્યા ઈ? શેઠ આવ્યા હતા ને. ૨૦૦૧ની સાલમાં નહિ? ૨૦૦૧ની સાલમાં આવ્યા હતા ને. જીવનધરજી પંડિત. એ કહે, લોહચુંબક ખેંચીને આવે. અરે..! ભગવાન! એ ખેંચવાના પરિણામ આમ થયા એ પરિણામનો કાળ એના દ્રવ્યના થયા કે એ પરિણામ આને લઈને થયા?

મુમુક્ષુ :- પચાસ ટકા.

ઉત્તર :- હા પછી પચાસ ટકા નાખ્યા હતા. ત્યારે વળી ભાઈ હતા એક ભાઈ આપણા પંડિતજી નહિ? નાથુલાલજી કહે રહેવા દ્યો પચાસ-પચાસ ટકા. આ તો ઊંધું. તમને હા પડાવે છે. પચાસ-પચાસ ટકા રાખો. ખેંચાઈને આવ્યા ને પરિણામ, લોહચુંબકથી ખેંચાઈને આવ્યું. પણ એલા લાકડું ખેંચાઈને કેમ ન આવ્યું? એના પરિણામની યોગ્યતાવાળા છે એ પરિણામ તેના દ્રવ્યને આશ્રયે થયા, ચુંબકને લઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? મહાસિદ્ધાંતો છે આ તો. આહા..હા..! કાંતિભાઈ! છે કે નહિ બરાબર? કેમ આ તમારા ચિરંજીવી આવ્યા છે ને. વાત સાચી છે કે નહિ આ? આ ઊંધા મારે બીજા. ભગવાનને લઈને પરિણામ થયા, આને લઈને પરિણામ થયા, કર્મને લઈને પરિણામ થયા. અરે..! સાંભળને! કર્મ વિનાના પરિણામ થયા છે અહીં તો કહે છે. એ પરિણામ દ્રવ્યને આશ્રયે થયા. પાપના પરિણામ થાય તોપણ દ્રવ્યને આશ્રયે થયા છે, કર્મને આશ્રયે નહિ, ઉદયને આશ્રયે નહિ એમ કહે છે અહીંયાં.

કર્મનો ઉદય કર્મના પરિણામ છે. એ પરિણામ વિના એ પરમાણુ ન હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ અનેકાંત છે.

ઉત્તર :- આ અનેકાંત. પોતાથી પરિણામ થાય અને પરથી ન થાય એ અનેકાંત. અનેકાંત શું વળી? આનાથી થાય એ અનેકાંત છે?

એક જ સિદ્ધાંત ત્રણે કાળમાં. અનાદિ-અનંત પરમાણુઓમાં કે અનાદિ-અનંત આત્મામાં તે તે કાળે થતા પરિણામનો આધાર તે દ્રવ્ય છે. પરિણામ વિના દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના પરિણામ નહિ. મહા ત્રિકાળી સિદ્ધાંત. જ્યાં લાગુ પાડવો હોય ત્યાં પાડવો. એવી વાત છે ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન પાસે ક્ષાયિક સમકિત થાય છે. શાસ્ત્રમાં ગોમ્મટસારમાં આવે છે. ભગવાન શ્રુતકેવળીને સમીપ થાય. ઠીક! એ ક્ષાયિક સમકિતના પરિણામ થયા એ પરિણામ દ્રવ્યને આશ્રયે થયા કે ભગવાનને આશ્રયે થયા? બાબુભાઈ! શું છે? એ કહેશે. પરિણામ દ્રવ્ય વિના ન હોય અને દ્રવ્ય પરિણામ વિનાનું ન હોય. એ દ્રવ્ય પરિણામ વિના ન હોય. ક્ષાયિક સમકિત પરિણામ દ્રવ્ય વિના ન હોય અને એ પરિણમનનો આશ્રય દ્રવ્ય છે. એ ક્ષાયિક પરિણામનો આશ્રય ભગવાન છે એમ નથી. સમજાણું કાંઈ? અરે..! ઉપાદાન નિમિત્તના મોટા ગોટા છે. લ્યો!

'**કારણ કે સ્વ-આશ્રયભૂત વસ્તુના અભાવમાં...**' દેખો! '**(અર્થાત્ પોતાને આશ્રયરૂપ જે વસ્તુ...**' પોતાને એટલે? પરિણામને. જે કાંઈ દ્રવ્યના વર્તમાન પર્યાયરૂપ પરિણામ થાય, તેના આશ્રયરૂપ, તે પરિણામના આશ્રયરૂપ, તે પરિણામના આધારરૂપ જે વસ્તુ '**તે ન હોય તો) નિરાશ્રય પરિણામને શૂન્યપણાનો પ્રસંગ આવે છે.**' આ મહાસિદ્ધાંત છે. કહો, મગનભાઈ! આહા..હા..!

હવે બીજો સિદ્ધાંત. '**दव्वगणपज्जयत्थो अत्थो**' ત્રીજું પદ છે ને? આ બે પદની વ્યાખ્યા થઈ. હવે ત્રીજું પદ. '**दव्वगणपज्जयत्थो अत्थो**' અને '**अत्थित्तणिव्वत्तो**' એવા બે પદ છે. ૧૦મી ગાથાના બે પદ છે. બે પદ પહેલાં છે એની વ્યાખ્યા થઈ ગઈ. સમજાણું? મગનભાઈ! બીજા પદના બે ભાગ છે. '**दव्वगणपज्जयत्थो अत्थो**' અને '**अत्थित्तणिव्वत्तो**' એમ બે લઈ લેવું. હવે શું કહે છે? આ સિદ્ધાંત પહેલો કીધો. '**વસ્તુ તો...**' બીજો પેરેગ્રાફ. છે શેઠ? બોલો જોઈ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ઊર્ધ્વતા સમાન. બસ બસ લીટી છે. ... ઓલું વાંચે, પૈસા વાંચવા હોય તો ન છેતરાય ત્યાં. એય..! શેઠ.

જુઓ! '**વસ્તુ તો...**' વસ્તુ એટલે પદાર્થ. પદાર્થ એટલે આત્મા, પરમાણુ, કાળાણુ, ધર્માસ્તિ છએ દ્રવ્ય '**વસ્તુ તો...**' જેમાં વસેલા ગુણો છે એવી વસ્તુ તો... પાઠમાં અર્થ શબ્દ પડ્યો છે ભાઈ! એ અર્થનો અર્થ અહીં વસ્તુ કર્યો. '**अत्थो**' એટલે પદાર્થ. એ '**વસ્તુ**

**તો ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં,...**' હવે એ ક્યાંય ચોપડામાં આવશે નહિ તમારે તમાકુમાં અને ઓલામાં. ઊર્ધ્વતાસામાન્ય દ્રવ્ય શું કહે છે આ? સમજાણું કાંઈ? શું કહે છે? અર્થ ચાલે છે હોં! એમ ને એમ નહિ જાય કાંઈ. '**વસ્તુ તો ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં,...**' એટલે શું? નીચે અર્થ છે જુઓ!

'**કાળની અપેક્ષાએ ટકવું તેને...**' નીચે છે ને બગડો? '**કાળ-અપેક્ષિત પ્રવાહને ઊંચાઈ અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે.**' વસ્તુ છે ને વસ્તુ? આત્મા, પરમાણુ આમ કાયમ રહે ને ઊર્ધ્વ આમ ઊંચાઈ. છે... છે... છે... છે... છે... આમ રહે ને કાયમ અનાદિ-અનંત. એ કાળ કહેવાય, ઊંચાઈ કહેવાય. પ્રવાહરૂપે આમ રહે એને ઊર્ધ્વતાસામાન્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ફરીને. આવા શબ્દ પણ કોઈ દિ' સાંભળ્યા ન હોય. દાન આપો ને આ કરો, ભક્તિ કરો, પૂજા કરો અને વ્રત પાળો.

મુમુક્ષુ :- એ સહેલું બહુ હતુ.

ઉત્તર :- ધૂળમાંય સહેલું નથી. એ તો પરિણામ એને લઈને થાય છે, એ કોઈને લઈને થાય છે? માન્યતા એમ ફેર છે. સમજાણું કાંઈ? આ પૈસા દીધા, દેવાની ક્રિયા થઈ માટે અહીં પુણ્ય પરિણામ થયા એમ ના પાડે છે અહીં. શોભાલાલજી! એ પુણ્યના પરિણામ શુભભાવ જો કર્યા હોય તો એ શુભ પરિણામ આત્માને આશ્રયે થયા છે, પૈસા ગયા અને પૈસાને લઈને થયા નથી.

હવે વસ્તુને સિદ્ધ કરે છે. દ્રવ્ય, ગુણ, પર્યાય.. વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે એમ કહે છે. વસ્તુ જે છે, આત્મા વસ્તુ કહો, કે પરમાણુ કહો એક એક રજકણ કે આત્મા કહો, એ એક એક વસ્તુ ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં રહેલી છે. એટલે? પ્રવાહસામાન્ય તે ઊર્ધ્વતાસામાન્ય. આમ કાયમ રહેવું પ્રવાહ ઊચ્ચકાળ. છે.. છે.. દ્રવ્ય છે... છે... છે... છે... છે... એને ઊર્ધ્વતા—ઊંચો પ્રવાહ સામાન્ય. ઊર્ધ્વતા નામ ઊંચો, ઊંચો એટલે કાળ અપેક્ષાએ ઊંચો. લાંબો એમ નહિ. દ્રવ્યનું રહેવું, આમ ને આમ રહેવું. કાળ. ઊર્ધ્વતાસામાન્ય કહો કે પ્રવાહસામાન્ય. એનો પ્રવાહપણે એમને એમ રહેવું સામાન્ય. એ વસ્તુ-દ્રવ્ય આવા દ્રવ્યમાં રહેલી છે. વસ્તુ આવા દ્રવ્યમાં રહેલી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો મૂળ ચીજની વાત છે. હવે આ ચીજને સમજવી, શું એને બીજું કરવું છે? કહો, સમજાણું કાંઈ?

તું છો કે નહિ? એમ કહે છે. તો તું એમ ને એમ ઊર્ધ્વ એટલે કાળે આમ ને આમ, આમ ઊંચાપણે રહે છો? ઊંચો એટલે કાળથી આમ. છે... છે... છે... એમ રહે છો? કે અત્યારે નાશ થઈ જા છો તું? પાણીનો પ્રવાહ આમ ચાલે છે તીરછો, એ નહિ. આ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય.. છે... છે... છે... છે કાયમ. એ ઊર્ધ્વતા ઊંચી સામાન્ય. કાળની અપેક્ષાએ

કાયમ ટકવું અને એકરૂપ રહેવું એનું નામ ઊર્ધ્વતાસામાન્ય કહેવાય છે. સમજાણું કાંઈ? **'કાળની અપેક્ષાએ ટકવું તેને અર્થાત્ કાળ-અપેક્ષિત પ્રવાહને...'** કાળ અપેક્ષિત આમ રહેવું-રહેવું તે. **'ઊંચાઈ અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે. ઊર્ધ્વતાસામાન્ય અર્થાત્...'** હવે એનો ખુલાસો. **'અનાદિ-અનંત ઊંચો...'** એમ. વસ્તુ દ્રવ્યમાં અનાદિ-અનંત ઊંચો એમ ને એમ રહે છે દ્રવ્ય. **'(કાળ-અપેક્ષિત) પ્રવાહસામાન્ય તે દ્રવ્ય.'** કાળ અપેક્ષાએ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... આમ કાયમ રહે એ દ્રવ્ય, તેને દ્રવ્ય કહેવામાં આવે છે. એ એક બોલ થયો.

હવે તે દ્રવ્ય જે આમ પ્રવાહરૂપે કાયમ અનાદિ અનંત અનંત રહે છે. આત્મા પણ એમ ને એમ રહે છે, પરમાણુ પણ કાળ અપેક્ષાએ એમ ને એમ ઊર્ધ્વતા સામાન્ય ઊંચાઈ પ્રવાહ રહે છે. એમાં **'સહભાવી વિશેષસ્વરૂપ ગુણોમાં...'** રહેલું છે. શું કહે છે? આ આત્મા કે એક એક પરમાણુ, એમાં અનંતા ગુણો સાથે રહેલા છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ એવા એક આત્મામાં અનંતા ગુણ આમ સાથે, ગુણો સાથે (રહેલાં છે). છે? સહભાવી-સાથે વિશેષસ્વરૂપ. ઓલો સામાન્ય પ્રવાહ દ્રવ્ય હતો. એમાં વિશેષ ભેદરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્ર અનંતા ગુણો **'વિશેષસ્વરૂપ (સાથે સાથે રહેનારા...'** એક સાથે બધા ગુણો રહેનારા. પરમાણુમાં પણ રંગ, ગંધ, રસ, સ્પર્શ એક સાથે સહભાવી-સાથે રહેનારા વિશેષો-એના ભેદો, જેનું સ્વરૂપ (છે) એવા ગુણોમાં. એ વસ્તુ એવા ગુણોમાં રહેલી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી સાદી ભાષામાં છે તો વાત ઊંચી, પણ હવે એને મહેનત કરવી નથી અને એમ ને એમ સમજણ થઈ જાય. નહિ તો એ વસ્તુ સ્વતંત્ર છે તેના પરિણામ... આમાં પણ પરિણામ સિદ્ધ કરવું છે હોં! જેમ ઓલા પરિણામ વિનાનું દ્રવ્ય નહિ, દ્રવ્ય વિના પરિણામ નહિ. આ સિદ્ધ કરવામાં પણ એને દ્રવ્ય છે તે ઊર્ધ્વતા સામાન્યરૂપે રહ્યું છે અને એ વસ્તુ દ્રવ્યમાં રહેલી છે. દ્રવ્ય એટલે એ કાયમ રહે એમાં અને એ વસ્તુ ગુણોમાં રહેલી છે. એમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ એ ગુણો. પરમાણુમાં અસ્તિત્વ, વસ્તુત્વ, રંગ આદિ ગુણો એમાં એ વસ્તુ રહેલી છે.

**'અને ક્રમભાવી વિશેષસ્વરૂપ...'** હવે ત્રીજો બોલ. આત્મામાં પણ સમયે સમયે જે થતાં પરિણામ શુભ, અશુભ કે શુદ્ધ. પરમાણુમાં પણ સમયે સમયે થતાં કાળી, લાલ, સુંવાળી આદિ પર્યાય એ બધી ક્રમભાવી પર્યાયો, ક્રમે થતી વિશેષસ્વરૂપ. સમજાય છે કાંઈ? ઓલા સહભાવી—સાથે રહેનારા ભેદરૂપ વિશેષરૂપ. આ ક્રમે ક્રમે થનારી પર્યાય વિશેષરૂપ ક્રમભાવી. ક્રમભાવી વિશેષ, ઓલા સહભાવી વિશેષ. કોઈ દિ' આ વાંચ્યું પણ નહિ હોય. ક્યાં વાંચે તો સમજાય એવું છે તમાકુ આડે. કહો, સમજાણું આમાં? ઊર્ધ્વતાસામાન્ય, લ્યો. એ શું? કહે છે. ક્યા ગામની ઊર્ધ્વતા હશે? ઊર્ધ્વતા ક્યાં રહેતી હશે? ભાઈ! વસ્તુ તો એવી છે. વસ્તુ દ્રવ્યમાં રહેલી એટલે કાયમ પ્રવાહરૂપે રહેલી. હવે એ વસ્તુ સહભાવી સાથે રહેલા અનંતગુણો

તે ક્રમે નથી. એક સાથે બધા ગુણો છે. એ વસ્તુમાં સહભાવી વિશેષો ભેદો એક દ્રવ્યના સહભાવી ગુણો, ભેદો તેને અહીંયાં ગુણ કહેવામાં આવે છે. એ ગુણોમાં દ્રવ્ય રહેલું છે એમ કહે છે, વસ્તુ.

અને ત્રીજું. હવે આ બધા પરિણામ સિદ્ધ કરવું છે આમ. '**ક્રમભાવી વિશેષસ્વરૂપ...**' આત્મામાં પણ ક્રમે ક્રમે થતાં વિશેષસ્વરૂપ પર્યાયો. ક્રમભાવી પર્યાયો. જુઓ, આમાં પણ ક્રમસર જ છે હોં! અહીં ક્રમભાવી કહો, ક્રમબદ્ધ કહો, ક્રમવર્તી કહો બધું એક જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ આત્મા વસ્તુ તે દ્રવ્યરૂપે આમ કાયમ, વિશેષ ગુણરૂપે કાયમ અને એના ક્રમરૂપે પરિણમે છે પર્યાય, ક્રમભાવી વિશેષસ્વરૂપ એના પરિણામ. જુઓ! સમ્યગ્દર્શનના પરિણામ એના દ્રવ્ય આશ્રય વિના ન હોય. મિથ્યાત્વના પરિણામ, હવે એ મિથ્યાત્વ અને સમ્યક્ ક્રમભાવી પર્યાય છે. મિથ્યાત્વ વખતે સમકિત નથી. મિથ્યાત્વનો ક્રમ આવીને પછી સમકિત થયું. એ ક્રમભાવી પર્યાય પરિણમન એનું છે. એ ક્રમભાવી વિશેષ પરિણામ, વિશેષ ભેદ. ઓલો સહભાવી ભેદ હતો, આ ક્રમભાવી વિશેષ ભેદ, એમાં રહેલી ચીજ છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ?

'**ક્રમભાવી વિશેષસ્વરૂપ પર્યાયોમાં રહેલી...**' પર્યાયોમાં રહેલી. આહા..હા..! કેટલી સાદી ભાષામાં કેટલું સીધું સરળ મૂકેલું છે! સમજાણું કાંઈ? આત્મા, એક પરમાણુ કે છએ દ્રવ્ય એ દ્રવ્ય તરીકે કાયમ રહે એમાં રહેલી છે વસ્તુ અને ગુણ સહભાવી ગુણો, ભેદરૂપ ગુણો એકસાથે રહેલા છે એમાં પણ વસ્તુ રહેલી છે અને ક્રમભાવી પર્યાયો—ક્રમે ક્રમે થતી પર્યાય અવસ્થા ક્રમે ક્રમે (થતી) અવસ્થા, એ ક્રમભાવી પણ વિશેષો, ક્રમભાવી તે ભેદો એમાં રહેલી વસ્તુ છે. સમજાણું કાંઈ? કહો, આ ઘરમાં નથી રહી એમ કહે છે. એ કર્મમાં નથી રહી વસ્તુ એમ કહે છે. એની પર્યાયમાં રહેલી છે વસ્તુ એમ કહે છે. એય..! કહો, આ મકાન-બકાન બનાવે એમાં નથી રહેલી વસ્તુ એમ કહે છે અહીં તો. બરાબર છે. ઘરના પરમાણુ એની પર્યાયમાં પરમાણુ રહેલા છે. એની જે પર્યાય પરિણમી રહી છે એ એને કારણે પરિણમી રહી છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના.. ના પાડી. એના પરિણામમાં રહેલું છે. હા. કાંઈ નહિ, એના પરિણામમાં રહેલું છે, હા એમ કહે છે. એ બેઠું છે એ બરાબર બેઠો છે શું કહે? અહીં નહિ. એના પરિણામમાં રહેલો એ. આહા..હા..!

સર્વજ્ઞદેવ પરમાત્માએ જોયેલા પદાર્થની કેટલી સ્થિતિની (વાત કરી છે)! આવી વાત ક્યાંય સર્વજ્ઞ સિવાય હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? અને એવી સ્પષ્ટતા કુંદકુંદાચાર્ય મહારાજે થોડા શબ્દોમાં સારા ચૌદ બ્રહ્માંડનો સાર ભરી દીધો છે. એમ કરી એને વિચાર ઉપર એને લેવું પડે ને. એ વિના આ પકડાય નહિ. એમ ઓઘે સમજ્યા વિના હા-હા પાડે એ કાંઈ

હા નથી. એના ખ્યાલમાં આવવું જોઈએ કે આત્મા છે એ પોતે ઊર્ધ્વ તરીકે આમ દ્રવ્ય કાયમ રહેનારું અને તેના ગુણો જેટલા છે એક સાથે ગુણોમાં રહેલી વસ્તુ છે અને એની પર્યાય ક્રમે-ક્રમે થાય, ક્રમભાવી વિશેષો ભેદો એમાં એ વસ્તુ રહેલી છે. ક્રમે એમાં પરિણામ, બીજા સંયોગો નિમિત્ત આવ્યા અને બીજું નિમિત્ત થયું અને અહીં પરિણામ બીજું આવ્યું, માટે એને લઈને રહેલું, એને લઈને આ પરિણામ રહ્યા છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે નિમિત્ત બદલ્યું ત્યારે કેમ બદલે છે પરિણામ? અરે..! સાંભળને, એનો ક્રમભાવી પર્યાય એવો હતો, એમાં એ દ્રવ્ય રહેલું છે. કહો, ..ભાઈ! પછી ઘરે વાંચો છો કે નહિ ઘરે? ... શેઠને બહુ વખત મળે નહિ. એકલા સમજાય નહિ હોં આમાં. .. વાંચવું એમ હશે? વાંચે તો ખબર પડે કે ક્યાં નથી સમજાતું. પછી વળી... વાંચવું તો જોઈએ ને, સ્વાધ્યાય કરવો જોઈએ. ચોપડામાં સ્વાધ્યાય કેમ કરે છે દરરોજ સંભાળે છે. આટલા આવ્યા અને આટલા ગયા. ધૂળમાંય કાંઈ નથી એમાં. હેરાન હેરાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, વસ્તુ, એના દ્રવ્યમાં કાયમ રહેલી, એના ગુણોના વિશેષ ભેદમાં રહેલી અને વસ્તુ એના ક્રમભાવી પર્યાયમાં રહેલી છે. કોઈના નિમિત્તમાં રહેલી, સંયોગમાં રહેલી એમ વસ્તુ નથી. સમજાણું કાંઈ? અને સંયોગની પર્યાય પણ બીજા સંયોગમાં રહેલી છે એમ છે નહિ. આહા..હા..! કેટલું સિદ્ધ કરે છે! ભગવાન આત્મા પોતાની ક્રમભાવી જે પર્યાય છે ક્રમે ક્રમે થતી, ક્રમભાવી જોયું! ક્રમે થતી, ક્રમભાવનો એનો ભાવ ક્રમે થતો, એવી જે પર્યાયોમાં એ દ્રવ્ય છે, એમાં એ દ્રવ્ય છે. એ ક્રમભાવી પર્યાય આમ કેમ? એમ કેમ શું? એનો પર્યાય ક્રમમાં એવો છે. એમ અહીં દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરને લઈને ક્રમભાવી પર્યાયમાં ફેરફાર લાગે છે એ વાત જ મિથ્યા અને જૂઠી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ક્રમભાવી વિશેષસ્વરૂપ...'** એટલે ક્રમે ક્રમે થનારી દશાઓ, એનું જે વિશેષસ્વરૂપ છે ને સામાન્ય દ્રવ્યનું? એમાં પર્યાયોમાં રહેલી એ દ્રવ્યનું સ્વરૂપ છે, એ વસ્તુનું સ્વરૂપ છે. પહેલાં, પરિણામ વિના પરિણામી નહિ અને પરિણામી વિના પરિણામ નહિ. એમ સિદ્ધ કર્યું. હવે એ વસ્તુ છે એ દ્રવ્ય અને ગુણ અને પર્યાયમાં રહેલી છે. એ ત્રીજા પદની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? એ તો સામાન્ય પહેલી વ્યાખ્યા કરી. પરિણામ વિના પરિણામી નહિ, પરિણામ દ્રવ્ય વિના નહિ, દ્રવ્ય પરિણામ વિના નહિ. એટલું આવ્યું. હવે એ વસ્તુ જે છે એ કાયમ દ્રવ્યમાં રહેલી છે આમ વસ્તુ તરીકે. વિશેષપણે ગુણોમાં રહેલી છે અને ક્રમભાવી પર્યાયમાં રહેલી છે. એમ દ્રવ્ય, ગુણ અને પર્યાયના ભેદ પાડ્યા. એક જ પરિણામીને દ્રવ્ય લીધું હતું, હવે અહીં દ્રવ્ય, ગુણ અને પર્યાયના ત્રણ ભેદ પાડ્યા. સમજાણું કાંઈ?

હવે એક બોલ રહી ગયો. આમાં પણ પરિણામીપણું સિદ્ધ કરવું છે. સમજાય છે? આ પર્યાય ક્રમભાવ થાય છે એમ અહીં પરિણામીપણું સિદ્ધ કરવું છે. ટકતી ચીજ પરિણામી

ક્રમભાવે પરિણમે છે એ પોતાને લઈને પરિણમે, એમાં રહેલો આત્મા છે. પરમાણુ, એક એક પરમાણુ પણ ઊર્ધ્વતા સામાન્યને ... દ્રવ્યમાં રહેલો અને એની રંગ, ગંધ, સ્પર્શમાં અનંતા ગુણોમાં એ પરમાણુ રહેલો, વિશેષ ગુણના ભેદમાં અને એક એક પરમાણુમાં કાળી, સુંવાળી જે પર્યાય થાય ક્રમભાવી-ક્રમે ક્રમે જે પર્યાય થાય, એમાં એ પરમાણુ રહેલો છે, એનું પરિણમન સિદ્ધ કરવું છે. આત્માનું અને પરમાણુનું છએ દ્રવ્યનું પરિણમન સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

હવે ચોથું પદ. '**अत्थित्तणिव्वत्तो**' અસ્તિત્વ સિદ્ધ કર્યું છે. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' એમ. સમજાણું કાંઈ? '**અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલી છે;...**' જોયું! દરેક વસ્તુ આત્મા, પરમાણુ, સ્કંધ, એક રજકણ, કાળાણુ. .. પરમેશ્વર પરમાત્માએ છ દ્રવ્ય જોયા એ છ દ્રવ્યો, છ દ્રવ્ય પરિણામ વિના હોય નહિ અને ... પોતાના દ્રવ્ય-ગુણમાં રહે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ અસ્તિત્વથી રહેલો છે. બનેલાનો અર્થ રહેલો છે. સમજાણું કાંઈ? આત્મા પોતાની નવી અવસ્થાથી ઊપજે, જૂની અવસ્થાથી જાય, ધ્રુવ રહે. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવથી બનેલી એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ અસ્તિત્વ છે એનું. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપે એનું હોવાપણું છે. એનું હોવાપણું એ ઉપજવા, વિણસવા અને ધ્રુવપણું એનું હોવાપણું છે. એ ત્રણમાં હોવાપણું સમાય છે. પરના કોઈ ઉત્પાદ-વ્યયમાં એનું હોવાપણું સમાય છે એમ છે નહિ. આહા..હા..!

આ ઉપાદાન અને નિમિત્તના ઝઘડા કરે છે ને. નિમિત્ત નિમિત્તમાં હો. નિમિત્ત ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં નથી? નિમિત્ત પણ પોતાની નવી પર્યાયથી ઊપજે, જૂની પર્યાયથી જાય અને ધ્રુવ (રહે), એનામાં એ છે. અહીં પોતાના ઉત્પાદથી ઊપજે, વ્યય થઈને જાય અને ધ્રુવપણે રહે. એ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવથી બનેલી એટલે .. અસ્તિત્વ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવનું હોવાપણું તેનું છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવનું હોવાપણું તેનું અસ્તિત્વ છે. કહો, સમજાણું આમાં? બહુ સાદી ભાષા છે, આમાં કાંઈ બહુ આકરી ભાષા નથી. ત્રણ બોલ થઈ ગયા.

'**માટે વસ્તુ પરિણામ-સ્વભાવવાળી જ છે.**' લ્યો, એને સિદ્ધ એ કરવું છે. '**अतः परिणामस्वभावमेव**' છેલ્લો શબ્દ છે ને અમૃતચંદ્રાચાર્યનો. આ કારણે વસ્તુ... આ કારણે એટલે? પરિણામ વિનાની વસ્તુ નહિ, વસ્તુ વિના પરિણામ નહિ. વસ્તુ દ્રવ્યમાં રહેલી, ગુણમાં રહેલી અને પર્યાયમાં રહેલી અને એ વસ્તુ ઉત્પાદ-વ્યય અને (ધ્રુવમયી) અસ્તિત્વમાં રહેલી. એના હોવાપણામાં ત્રણમાં રહેલી. આ કારણે વસ્તુ પરિણામવાળી છે. સમજાણું કાંઈ? '**માટે વસ્તુ પરિણામ-સ્વભાવવાળી જ છે.**' વાળી 'જ' છે એમ ભાષા છે ને? '**परिणामस्वभावम एव**' સંસ્કૃતમાં એમ છે. '**एव**' આ કૂટસ્થ માને છે ને. આ .. નિર્ણય શું કર્યો? નિર્ણય શેમાં થાય? પર્યાયમાં થાય. એ પરિણામ છે. આ .. છે, હું એક છું, બે નહિ (એમ) શેમાં નિર્ણય કર્યો? પરિણામમાં. પરિણામ દ્રવ્ય વિના ન હોય. એ પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે. એટલે ધ્રુવ પણ છે અને ઉત્પાદ-વ્યય છે. અને એ પરિણામ ક્રમભાવી

થઈને રહેલા છે. એમાં એ દ્રવ્ય રહેલું છે. સમજાણું કાંઈ? ભારે વાત ઓહો..હો..! ટૂંકામાં પણ કેટલું સમાડી દીધું! આત્માનું .. લીધું, પરિણમેલો આત્મા છે. લ્યો! .. શુભ-અશુભપણે પરિણમતો તે .. આહા..હા..! સમજાણું કાંઈ?

આ પ્રવચનસાર છે. સર્વજ્ઞ ભગવાનના મુખમાંથી નીકળેલી દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ કહો કે પ્રધાન વચનો કહો. પ્રધાન વચનો કહો કે પ્રવચન કહો, એ વચનો આ છે. ... સમજાણું કાંઈ? '**માટે વસ્તુ પરિણામ સ્વભાવવાળી જ છે.**' બહુ સરસ સિદ્ધ કર્યું. ત્રણ બોલ, ચાર બોલથી. પરિણામ વિના દ્રવ્ય નહિ, દ્રવ્યના આશ્રયે પરિણામ, ઊર્ધ્વતાસામાન્ય દ્રવ્ય, વિશેષ ગુણોનો ભાવ તેમાં રહેલું દ્રવ્ય, ક્રમભાવી પર્યાયમાં રહેલું દ્રવ્ય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવનું અસ્તિત્વ છે તેનાથી રહેલી છે. બનેલી કહો કે રહેલી છે. પણ એને પરનો આશ્રય કાંઈ છે નહિ. કહો, ભીખાભાઈ! ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપણે શેઠ કહે છે ને ગુજરાતી, નહિ? એને છે ને, કારખાનું છે. આ કારખાનું છે પરમેશ્વર બનાવવાનું. સમજાણું કાંઈ? આ વાત જેને અંદર નિર્વિકલ્પપણે બેસે એ પરમેશ્વર થયા વિના રહે નહિ. પરમેશ્વર ક્યાં પરમેશ્વર બહારથી લાવવો છે? પોતાનું પરિણમન છે પરમેશ્વરનું એમ કહે છે. પરમેશ્વર—પરમ ઈશ્વરની પર્યાયનું પરિણમન પોતાનું છે. એ પરિણામ પોતાના દ્રવ્ય વિના હોય નહિ. પરને લઈને નથી કાંઈ. અને એ પરિણામ વિનાનો પોતે ન હોય અને દ્રવ્ય વિના એ પરમેશ્વરની પર્યાય ન હોય. અને એ પરમેશ્વરની જે પર્યાય છે તે પર્યાયમાં દ્રવ્ય કાયમ રહેલું છે, ક્રમભાવીમાં કાયમ રહેલું છે. અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ઉત્પાદ—પરમેશ્વર કેવળજ્ઞાનની ઉત્પાદ, પૂર્વની પર્યાયનો વ્યય અને ધ્રુવ. એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવમાં પરમેશ્વર દ્રવ્ય રહેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વદૃષ્ટિ એવી છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મનો એક પર્યાયનો તેનો અંશ તે કાળનો તે સ્વતંત્ર તેને કારણે છે. અહીં તો દ્રવ્યને આશ્રયે સિદ્ધ કરવું છે હજી. સમજાય છે? આગળ પછી આવશે. ઉત્પાદ ઉત્પાદને આશ્રયે, વ્યય વ્યયને આશ્રયે. અહીં તો હજી સિદ્ધ કરતા જાય છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું, એ એના સ્વીકારમાં આવે તો સંસારનો ... રહે નહિ.

'**ભાવાર્થ :- જ્યાં જ્યાં વસ્તુ જોવામાં આવે છે...**' જ્યાં જ્યાં વસ્તુ જોવામાં આવે છે '**ત્યાં ત્યાં પરિણમન જોવામાં આવે છે;...**' ત્યાં ત્યાં પર્યાય જોવામાં આવે છે. '**જેમ કે ગોરસ—**' ગોરસ છે ને, ... '**તેના દૂધ, દહીં, ઘી, છાશ વગેરે પરિણામ સહિત જ જોવામાં આવે છે.**' એ સામાન્ય ગોરસ છે એ વિશેષ પરિણામસહિત જ જોવામાં આવે છે એમ કહે છે. ગોરસ તે સામાન્ય છે, પણ એના છાશ, દહીં એ પર્યાય છે એ પરિણામ વિનાનું ગોરસ જોવામાં આવતું નથી. '**જ્યાં પરિણામ નથી ત્યાં વસ્તુ પણ નથી;...**' જ્યાં પરિણામ નથી, પર્યાય નથી ત્યાં વસ્તુ પણ નથી. દાખલો. '**જેમ**

**કે—કાળાશ, સુંવાળપ...**' દેખો! કાળી રંગની અવસ્થા, સુંવાળી સ્પર્શની અવસ્થા. જ્યાં આવા '**પરિણામ જ નથી ત્યાં ગધેડાના શિંગડાંરૂપ વસ્તુ પણ નથી.**' કાળી, સુંવાળી એ પર્યાય છે. તો કાળી, સુંવાળી પર્યાય નથી તો ગધેડાના શિંગડા પણ નથી. એની પર્યાય નથી તો શિંગડા પણ નથી. ગધેડાને શિંગડા હોય છે? કાળી, સુંવાળી પર્યાય છે? કાળી, સુંવાળી પર્યાય નથી તો ગધેડાના શિંગડા પણ નથી. મગનભાઈ! આહા..હા..! સમજાય છે? વસ્તુ પણ નથી. શું કહે છે? જેમ પરિણામ વિના ગોરસ દેખવામાં આવતું નથી, એમ પરિણામ વિના વસ્તુ દેખવામાં આવતી નથી. પરિણામ એટલે દૂધ, દહીં, છાશના પરિણામ વિના ગોરસ દેખાય છે કોઈ દિ'? એમ કાળા, સુંવાળા પરિણામ વિનાનું ગધેડાનું શિંગડું હોય? કાળા, સુંવાળા નથી માટે શિંગડું પણ નથી, શિંગડા પણ હોતા નથી. સમજાણું આમાં?

'**માટે સિદ્ધ થયું કે વસ્તુ પરિણામ વિના હોતી નથી.**' વસ્તુ હોય ને પરિણામ ન હોય એમ બને નહિ. ગધેડાના શિંગડા નથી કેમ? કે એની કાળી, સુંવાળી પર્યાય નથી. પરિણામ નથી માટે વસ્તુ હોતી નથી. '**જેમ વસ્તુ પરિણામ વિના હોતી નથી તેમ પરિણામ પણ વસ્તુ વિના હોતા નથી;...**' લ્યો! પરિણામનો આધાર વસ્તુ ન હોય અને પરિણામ થાય એમ બનતું નથી. '**કારણ કે વસ્તુરૂપ આશ્રય વિના...**' વસ્તુરૂપ આધાર વિના... એનો આધાર એ વસ્તુ કીધી હોં! એના પરિણામનો આધાર કોઈ પરચીજ નથી. કર્મનો ઉદયનો આધાર પામીને વિકાર થાય એમ ના પાડે છે. એના પરિણામનો આધાર દ્રવ્ય છે માટે વિકાર થાય છે. સમજાણું કાંઈ?

'**આશ્રય વિના પરિણામ કોના આધારે રહે? ગોરસરૂપ આશ્રય વિના...**' ગોરસ ન હોય અને દૂધ, દહીં દેખાય. સામાન્ય ગોરસ ન હોય અને દૂધ, દહીં દેખાય એમ બને કોઈ દિ'? '**વગેરે પરિણામ કોના આધારે થાય?**' માટે પરિણામ દ્રવ્યને આધારે થાય છે અને દ્રવ્ય પરિણામ વિના હોઈ શકે નહિ. કહો, આ તો સમજાય એવું છે હોં! જેઠાલાલભાઈ! આ તો લોજિકથી વાત છે ન્યાયથી. પક્કડ તો છોડ .. તારી સ્વતંત્રતા. મારા પરિણામ પરથી થાય અને પરના પરિણામ મારાથી થાય, હું બીજાને તારી દઉં, મારા તરવાના પરિણામ બીજાથી થાય.

સમ્યગ્દર્શનના પરિણામનો આધાર આત્મા છે એમ કીધું અહીં. સમ્યગ્દર્શનના પરિણામ કર્મનો ક્ષયોપશમ છે એમ નહિ એમ કહે છે. દર્શનમોહનો ઉદયનો અભાવ તે સમ્યગ્દર્શનના પરિણામ એને આશ્રયે થાય. ના. સમ્યગ્દર્શનના પરિણામનો આધાર દ્રવ્ય. આહા..હા..! કેવળજ્ઞાનનો આધાર વજ્રવૃષભ સંહનન નહિ, મનુષ્યદેહ નહિ. સમજાણું કાંઈ? તેમ એ કેવળજ્ઞાનનો આધાર પૂર્વની ચાર જ્ઞાનની પર્યાય નહિ. કેવળજ્ઞાનનો આધાર દ્રવ્ય એમ કહે છે અહીં. આહા..હા..! કેવળજ્ઞાનનો પર્યાય—પરિણામ દ્રવ્ય વિના નહિ, દ્રવ્યના આશ્રય વિના નહિ અને એ દ્રવ્ય વિના પરિણામ હોતા નથી અને પરિણામ વિનાનું દ્રવ્ય રહેતું નથી.

આહા..હા..! કહો, પકડાય છે કે નહિ જાધવજીભાઈ? આ તો બે ... સાથે આવ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હળવે હળવે તો કીધું છે. આમાં કાંઈ ઉતાવળથી કીધું છે? રાતે શેઠ ન આવે એટલે પૂછીએ. .. રાખે થોડો. કરના તો યહ હૈ. સમાજભૂષણ, બુંદેલખંડના રાજા એમાં કાંઈ દિવાળીયું નથી એમ કહે છે. એના પરિણામને આધારે દ્રવ્ય અને દ્રવ્યને આધારે પરિણામ ત્યાં એ છે. બીજે ક્યાંય બહારમાં નથી. બહારમાં ક્યાંય છે જ નહિ એ. આહા..હા..! અંદરમાંથી બેસવું જોઈએ હોં! એમ ને એમ ઉપરથી નહિ. શરીરમાં પણ નથી, કર્મમાં પણ નથી, ક્યાંય નથી. શરીરની પર્યાયનો આધાર પરમાણુ શરીરના. આત્માના પરિણામનો આધાર પોતાનું દ્રવ્ય. શરીરને આધારે આત્મા છે જ નહિ. અને આ શરીરના પરિણામ આમ ટકે છે એ આત્માને લઈને છે જ નહિ. આત્મા નીકળી જાય પછી આમ થાય. એ થયું એના પરિણામનો આધાર એના પરમાણુ છે, આત્મા નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના. .. ચડી જાય છે ને? .. ના. સાંભળને. એ પરિણામનો આધાર એના પરમાણુ છે. .. આધાર છે? અને એના આધારે આમ ટકેલું છે? સમજાણું કાંઈ? વસ્તુ છે ને. એની તો વાત છે આ. ન્યાલભાઈ! આ તો ન્યાલ થવાની વાત છે. ન્યાલ થવાની વાત છે આ. હેરાન થઈ ગયો છે અનાદિથી પરાધીન માની માનીને. પોતાના દ્રવ્યને જોયું નહિ, પોતાના પરિણામની જાત મારાથી થાય એને કોઈ દિ' જોયું નહિ. બહાર જ હાંક્યા ગાડા. પંડિતો સાથે ચર્ચા કરો. હવે આમાં શું ચર્ચા કરે? કોની સાથે કરવી? અરે..! ભગવાન! શું કરે? એ વાતની ... નથી, છે તો બહુ ટૂંકી. પણ એ વાતનું જ્યાં શ્રવણ જ નથી આવ્યું, સમજાય છે? અને એ વિના એના ખ્યાલમાં એ વાત આવી નથી. એટલે એને એવું લાગે. અરેરે..! આ તો એકાંત છે. તો કહે ભગવાનને કે એકાંત છે. જુઓ હવે અહીં કહે છે, તારા પરિણામ તારા દ્રવ્યને આશ્રયે થાય છે લે. પરને આશ્રયે નહિ એમ ભગવાન કહે છે. અનેકાંત કરો. લ્યો! સમજાણું કાંઈ? અનેકાંત એટલે શું પણ? પોતાથી પરિણામ થાય અને પરથી ન થાય. એનું નામ અનેકાંત છે. પોતાથી થાય અને પરથી થાય તો પરે શું કર્યું? પર એના પરિણામ વિનાનું દ્રવ્ય છે? અને આ પોતાના પરિણામ વિનાનો હતો તો એણે આના પરિણામ કર્યા? કહો, હીરાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ કહે છે. પરિણામનો આધાર દ્રવ્ય છે. ત્યાં જો. અહીં પરિણામ દ્રવ્ય આશ્રય વિના હોય નહિ અને એકલું દ્રવ્ય પણ પરિણામ વિના હોય નહિ. આહા..હા..!

'વળી...' હવે એ બે પદની વ્યાખ્યા કરી. હવે ત્રીજા પદની. '**વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે.**' ત્રીજા બોલની. વસ્તુ તો દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય છે. આત્મા હો, પરમાણુ

હો કે કાળાણુ હો. દ્રવ્ય, ગુણ અને પર્યાય. હવે દ્રવ્યની વ્યાખ્યા સાદી ભાષામાં (કરે છે). **'ત્રિકાલિક ઊર્ધ્વ પ્રવાહસામાન્ય તે દ્રવ્ય છે,...'** દ્રવ્ય એને કહીએ દ્રવ્ય કે ત્રિકાળી- ત્રણે કાળે ઊર્ધ્વપણું-ઊંચાપણું રહેવું એવો પ્રવાહસામાન્ય, પ્રવાહસામાન્ય તેને દ્રવ્ય કહેવામાં આવે છે. આત્મા.. આત્મા... આત્મા... કાયમ પરમાણુ પણ પરમાણુ ... કાયમ રહે. અનાદિ- અનંત અનાદિ અનંત. સમજાણું?

**'સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે...'** આત્માના અને પરમાણુના કે છએ દ્રવ્યના, એક સમયમાં સાથે રહેનારા. ગુણ એક પહેલો હોય અને બીજો ગુણ પછી હોય એમ હોય નહિ. જ્ઞાન પહેલું અંદર રહે અને દર્શન પછી રહે અને ચારિત્ર પછી રહે ગુણના સ્વભાવમાં—એમ હોય નહિ. એક સમયમાં ગુણો બધા સાથે રહે. દ્રવ્યની સાથે રહે એમ નહિ હોં. એની વાત નથી અત્યારે. એ ગુણો સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે વિશેષ. **'અને ક્રમે ક્રમે થતા ભેદો તે પર્યાયો છે.'** ક્રમે ક્રમે થતી અવસ્થાઓ, પરમાણુમાં કે આત્મામાં એ એની પર્યાયો છે. **'આવાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી.'** પર્યાય જુદી હોય અને દ્રવ્ય-ગુણ જુદા રહે એમ હોતા નથી.

**'બીજી રીતે કહીએ તો,...'** ઓલું ચોથા પદનું. **'વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે અર્થાત્ તે ઊપજે છે,...'** એક સમયની પર્યાય ઊપજે છે, પૂર્વની પર્યાય **'વિણસે છે...'** અને ધ્રુવપણે **'ટકે છે. આમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયમય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી, તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે.'** આ સિદ્ધ કરવું છે. તે તે દ્રવ્યમાં આવા કારણે પરિણમન થયા જ કરે છે. **'માટે પરિણામ વસ્તુનો સ્વભાવ જ છે.'** કહો, સમજાણું આમાં? એ ચારિત્ર સમજાવતા એના પરિણામમાં એ પરિણમ્યો છે એ ધર્મથી. આત્મા ધર્મ થયો એમ બતાવવું છે. સમજાય છે? અને એ ચારિત્રની .. હોય તો મોક્ષ થાય અને એમાં જરી રાગ રહી જાય તો સ્વર્ગ થાય. પણ એ પોતાના પરિણામને લઈને છે એમ સિદ્ધ કરવું છે. શુભપણે પરિણમ્યો છે તે એ અને શુદ્ધપણે થાય તોપણ એ. શુદ્ધપણે થતાં ચારિત્ર ધર્મ થયો, શુભપણે થતાં સરાગ-રાગનો ભાગ થયો. એ તો એને લઈને. પરને લઈને કર્મનો ચારિત્રમોહનો જરી ઉદય આવ્યો સંજ્વલનનો, માટે રાગ રહી ગયો એને લઈને. ના. એમ કોણે કહ્યું તને? છઠ્ઠે ગુણસ્થાને સંજ્વલન ચાર ચોકડીનો તીવ્ર ઉદય હોય અને પછી સાતમે મંદ થઈ જાય, માટે અહીં પરિણામ બદલ્યા? ના. એમ કોણે કહ્યું તને? છઠ્ઠે સંજ્વલનના રાગનો ઉદય શુભ છે તારે લઈને. સાતમે જતાં એનો અભાવ થઈ જાય અથવા મંદ થઈ જાય, એ પણ તારે લઈને, પરને લઈને નહિ. સમજાણું કાંઈ? માટે પરિણામ બદલવું, ઉત્પાદ-વ્યયપણે થવું, પરિણામ દ્રવ્ય વિના ન હોય, એ પરિણામ ક્રમભાવી હોય, એવો પરિણામ વસ્તુનો સ્વભાવ છે લ્યો. આ સિદ્ધ કર્યું. દસમી (થઈ). હવે અગિયારમી કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૬, ગુરુવાર, તા. ૧૨.૯.૧૯૬૮**
**ગાથા-૧૧, ૧૨, પ્રવચન-૧૦**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ અધિકાર. દસ ગાથા પૂરી થઈ. ૧૧મી. શું અધિકાર ચાલે છે આ? આચાર્યે પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન મુખ્યમાં પછી સામ્યભાવ અંગીકાર કર્યો. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત શુદ્ધ ઉપયોગરૂપી સામ્યભાવ ગ્રહણ કર્યો એ ચારિત્ર. એ ચારિત્રને અંગીકાર કર્યું છે અને આવું ચારિત્રનું સ્વરૂપ છે. .. વ્યાખ્યા ચાલે છે. શુદ્ધ ઉપયોગરૂપી પરિણામ, ધર્મના પરિણામ એ કેવા છે અને એ ધર્મ પરિણામ .. છે .. સંયોગનો ભાવ કેવો છે અને એને શું થાય છે એ વર્ણવે છે. સમજાય છે કાંઈ?

'**જેમને ચારિત્રપરિણામ...**' એટલે આત્માના સમ્યગ્દર્શન અને જ્ઞાનસહિત ચારિત્રના સહિતની રમણતાના પરિણામ તો છે, એની '**સાથે સંપર્ક (સંબંધ) છે એવા જે શુદ્ધ અને શુભ (બે પ્રકારના) પરિણામો...**' જુઓ! ચારિત્રના પરિણામ તો છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિત સ્વરૂપનું, ત્રણ કષાયના અભાવના ચારિત્રરૂપ પરિણામ છે. તેને શુદ્ધ ઉપયોગના પરિણામ સાથે સંબંધ છે અને શુભ ઉપયોગ સાથે સંબંધ છે. છે? એવા જે સંબંધ છે '**એવા જે શુદ્ધ અને શુભ પરિણામો...**' એટલે શુદ્ધ ઉપયોગ અને શુભ ઉપયોગ. '**તેમના ગ્રહણ...**' એટલે કે ચારિત્ર પરિણામ સહિતનો શુદ્ધ ઉપયોગ તે ગ્રહણ કરવા લાયક છે અને ચારિત્રના પરિણામ સાથેનો શુભ ઉપયોગ જે છે એ ત્યાગ કરવાનો છે. '**તેમનું ફળ વિચારે છે :-**' '**(-શુદ્ધ પરિણામને ગ્રહવા અને શુભ પરિણામને છોડવા માટે) તેમનું ફળ વિચારે છે :-**' સમજાણું કાંઈ આમાં? જુઓ ગાથા.

**धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो।**
**पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो य सुग्गसुहं।।११।।**
**જો ધર્મપરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો,**
**તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગસુખ શુભયુક્ત જો. ૧૧.**

'**ટીકા :- જ્યારે આ આત્મા ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો...**' ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો. સમજાય છે કાંઈ? ચારિત્રની વ્યાખ્યા છે આ. સમયસારમાં દર્શનપ્રધાન વ્યાખ્યા છે, આમાં જ્ઞાનપ્રધાનમાં ચારિત્રની વ્યાખ્યા અત્યારે ચાલે છે. મુનિ છે એને આત્માનું જ્ઞાન છે, આત્માનું દર્શન છે સમ્યક્. એક રાગના કણિયાનો હું કર્તા નથી, દેહની ક્રિયા છોડવી-ગ્રહવી મારામાં નથી એવું અંતરમાં સમ્યગ્દર્શન અને જ્ઞાનસહિત સ્વરૂપની ચારિત્રદશા પણ ત્રણ કષાયના અભાવવાળી થઈ છે. '**આ આત્મા ધર્મપરિણત...**' ધર્મ નામ ચારિત્ર એવા '**પરિણત સ્વભાવવાળો વર્તતો થકો...**' ચારિત્રના જેને પરિણામ છે. સમ્યગ્દર્શનના,

સમ્યગ્જ્ઞાનના અને ચારિત્રના પરિણામ છે. એવો વર્તતો થકો, પોતાના પુરુષાર્થથી વર્તતો થકો એમ. સમજાય છે કાંઈ?

**'શુદ્ધોપયોગ પરિણતિને વહન કરે છે...'** જુઓ આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિત અને ધર્મપરિણત એટલે ચારિત્રની પર્યાયવાળો જીવ **'શુદ્ધોપયોગ પરિણતિને વહન કરે છે...'** વહન કરે એટલે શુદ્ધોપયોગને ટકાવે. શુદ્ધ ઉપયોગ છે, અશુભ તો હોય નહિ, શુભ (છે) નહિ. ચૈતન્યના શુદ્ધ ઉપયોગમાં રમે, ટકે, વહન કરે ત્યારે. સમજાણું કાંઈ? કેમ થયું ગડબડ વળી? નવા આવ્યા એટલે. થોડાક પણ પાછળથી આવે. પહેલો વયો જાય. કહો, સમજાણું આમાં? શું કીધું આ?

જ્યારે આ આત્મા ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો એટલે કે દર્શન-જ્ઞાનસહિત ચારિત્રના પરિણામવાળો વર્તતો થકો **'શુદ્ધોપયોગ પરિણતિને વહન કરે છે...'** જુઓ એ કાળે એને શુદ્ધ ઉપયોગ (વર્તે છે). શુભના રહિત શુદ્ધ આત્માના આચરણવાળો શુદ્ધ ઉપયોગમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય(નો ભેદ) ભૂલી અને આત્માને શુદ્ધ ઉપયોગની પરિણતિને ટકાવે, વહે, પ્રાપ્ત કરે **'ત્યારે, જે વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે...'** ચારિત્ર. સમજાય છે કાંઈ? ત્યારે ચારિત્ર એવું છે કે **'વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે,...'** શુભભાવ છે એ તો વિરોધી શક્તિવાળો છે અને જ્યારે દર્શન-જ્ઞાનસહિત શુદ્ધ ઉપયોગમાં છે ત્યારે વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે ચારિત્ર. સમજાણું કાંઈ? **'પોતાનું કાર્ય કરવાને સમર્થ છે...'** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનસહિત ચારિત્રના પરિણામ ધર્મ પરિણત છે એની સાથે શુદ્ધ ઉપયોગના પરિણામ જો હોય તો તે ચારિત્રથી વિરુદ્ધ કાર્ય થવું એને નથી. **'પોતાનું કાર્ય કરવાને સમર્થ છે...'** અસ્તિ-નાસ્તિ કરી. શું કીધું? કે ચારિત્રના પરિણામ સાથે શુદ્ધ ઉપયોગના જો પરિણામ હોય તો તે વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે. સમજાણું કાંઈ? એક. અને પોતાનું કાર્ય કરવાને સમર્થ છે. વિરોધી કાર્ય કરવાની શક્તિ નથી, શુભ નથી, એકલો શુદ્ધ ઉપયોગ છે ત્યારે પોતાનું કાર્ય કરવાને સમર્થ છે. ચારિત્રનો શુદ્ધ ઉપયોગ પોતાનું મોક્ષ કાર્ય કરવાને સમર્થ છે. સમજાણું કાંઈ?

પ્રવચનસાર ચારિત્રપ્રધાન અને જ્ઞાનપ્રધાન કથન છે. જ્ઞાન દ્રવ્યને.. દૃષ્ટિ દ્રવ્યની છે અને જ્ઞાન પણ દ્રવ્યને જ્ઞેય કરીને ઉત્પન્ન થયું છે, છતાં જ્ઞાન, ચારિત્રના પરિણામ કેવા છે એને પણ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? **'વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે પોતાનું કાર્ય કરવાને સમર્થ છે...'** એ ચારિત્ર જે આ ચારિત્ર. ચારિત્ર તો પહેલું લીધું હતું, ધર્મ પરિણત ચારિત્ર. પણ એ ચારિત્ર સાથે શુદ્ધ ઉપયોગના પરિણામવાળું ચારિત્ર હોય તો તે વિરોધી કાર્ય કરવાને સમર્થ નથી, પોતાનું કાર્ય કરવાને સમર્થ છે. એટલે શુદ્ધ ઉપયોગથી નિર્વાણ થાય તે શુદ્ધ ઉપયોગ કરવાને તાકાતવાળું છે. સમજાય છે કાંઈ? લ્યો! શુદ્ધ ઉપયોગ તે મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રના પરિણામ હોય, એની સાથે શુદ્ધ ઉપયોગના

પરિણામ જો હોય તો તે મોક્ષ કરવાને સમર્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્રના પરિણામ (સાથે) શુદ્ધ ઉપયોગ હોય તો મોક્ષ થાય. શુભ હોય તો મોક્ષ થાય નહિ એમ સિદ્ધ કરવું છે. એ વખતે શુભ હોય તો મોક્ષ થાય નહિ. મોક્ષનું કારણ એ નથી. શુભ તો પુણ્યબંધનું કારણ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ હોવા છતાં જો શુભ ઉપયોગ હોય તો ચારિત્ર પોતાનું કાર્ય મોક્ષનું નહિ કરી શકે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એવા ચારિત્રવાળો હોવાથી,...**' દેખો! '**પોતાનું કાર્ય કરવાને સમર્થ છે એવા ચારિત્રવાળો હોવાથી,...**' એમ. ચારિત્ર તો છે પણ શુદ્ધ ઉપોગમાં ચારિત્રવાળો હોવાથી, શુદ્ધ ઉપયોગના પરિણામવાળો ચારિત્રવાળો હોવાથી. જુઓ કહે છે '(તે) **સાક્ષાત્ મોક્ષને પામે છે;...**' સમજાય છે? એ શુદ્ધ ઉપયોગ જ મોક્ષનું કારણ છે. અને એ શુદ્ધ ઉપયોગ દર્શન, જ્ઞાન અને ચારિત્રના પરિણામ હોય એને આ શુદ્ધ ઉપયોગ હોય. સમજાણું કાંઈ? '**અને જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં...**' આ વાંધા હવે અહીંથી હતા. પાછું લીધું કે હવે '**જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં...**' છે તો ધર્મપરિણત સ્વભાવવાળો. છે તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ત્રણ કષાયના અભાવનું ચારિત્રનું પરિણમન, પરિણતિ પર્યાય છે. એવો હોવા છતાં. '**શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે...**' જો એ પંચ મહાવ્રતના પરિણામ, સાધુના અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ (આદિ) શુભ સાથે જો જોડાય તો એ ચારિત્ર મોક્ષનું કારણ થઈ શકે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે...**' પોતાના પુરુષાર્થથી પાછું એમ. '**ત્યારે જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે...**' એ ચારિત્ર. (શુભભાવ) વિરોધી શક્તિ છે. શુભભાવથી તો પુણ્ય બંધાય છે. અબંધ પરિણામ એવા મોક્ષના થશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ સાધુપણું કેવું હોય અને મોક્ષનું કારણ સાધુપણું એનું અહીં વર્ણન ચાલે છે. સમજાણું કાંઈ? એકલા સમ્યગ્દર્શન અને જ્ઞાનથી તો મોક્ષ થાય નહિ, પણ શુદ્ધ ચારિત્ર અમુક પરિણતિ હોવા છતાં શુદ્ધ ઉપયોગ વિના મોક્ષ થાય નહિ એમ સિદ્ધ કરવું છે. મગનભાઈ! શું છે? કાંઈ ખાવું, પીવું અને લહેર કરવી અને મોક્ષ જવું એમ છે? કહે છે કે બહુ કઠણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, વિરોધ કરનાર છે, વિરોધ કરનાર છે. અઠ્યાવીશ મૂળગુણ છે સાધુના, શુભ પંચ મહાવ્રતાદિ, એ ચારિત્રના વિરોધી છે, વિરોધી છે. એ ચારિત્રના પરિણામ નથી. હવે એનો મોટો ગોટો અત્યારે. હજી તો સમ્યગ્દર્શન નહિ, જ્ઞાન નહિ અને એકલા મહાવ્રતના પરિણામ એ ચારિત્ર અને એ મુક્તિનું કારણ. એય..! કાંતિભાઈ! ગામમાં ખૂબ ચાલ્યું. અર્જિકા આવે અને આ કરે, પડિમાઓ અને આ લીધા. પણ હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી ને પડિમા ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? પછી અભિગ્રહ ધારણ કરે કે મારે અહીં ખપે

અને અહીં ન ખપે. એ બધા કર્તાબુદ્ધિના મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? અહીં તો મિથ્યાત્વભાવ ટળ્યો હોય, ક્રિયા ત્યાગ-ગ્રહણ મારામાં નથી, હું તો જ્ઞાતા-દૃષ્ટા છું, એવું ભાન થઈ, એ ઉપરાંત સ્વરૂપની રમણતાનું ચારિત્ર થયું હોય સ્વભાવની જાતનું, એને પણ જો શુભભાવ સાથે હોય તો એ મોક્ષનું કારણ નહિ થાય. સમજાણું કાંઈ? છે? જુઓને!

'**ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે ત્યારે, જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે...**' ચારિત્ર. એ ચારિત્ર હજી તો શુભ પરિણામવાળું છે, વિરોધી શક્તિવાળું છે. છે નીચે? '**દાન, પૂજા, પંચ-મહાવ્રત, દેવગુરુધર્મ પ્રત્યે રાગ ઈત્યાદિરૂપ જે શુભોપયોગ છે...**' નીચે છે. '**તે ચારિત્રનો વિરોધી છે.**' શોભાલાલજી! અમરચંદજી! હજી તો દર્શન-જ્ઞાનના ઠેકાણા ન મળે અને આ પંચ મહાવ્રતના પરિણામ એ મારું ચારિત્ર. સમજાણું કાંઈ? '**વિરોધી છે. માટે સરાગ (અર્થાત્ શુભોપયોગવાળું) ચારિત્ર વિરોધી શક્તિ સહિત છે...**' ચારિત્રના પરિણામ છે છતાં શુભ ઉપયોગ છે એથી સરાગ ચારિત્ર તે વિરોધી શક્તિ એટલે મોક્ષથી વિરોધી શક્તિ છે. એટલે વીતરાગ ચારિત્ર વિરોધી શક્તિ રહિત છે, આ (રાગ)વિરોધી શક્તિસહિત છે. '**અને વીતરાગ ચારિત્ર વિરોધી શક્તિ રહિત છે.**' સમજાણું કાંઈ?

સમ્યક્ આત્માનું દર્શન, આત્મજ્ઞાન એ ઉપરાંત ચારિત્રની પરિણતિમાં સ્વરૂપની સ્થિરતા પણ જાગી છે, વીતરાગ પરિણતિ, એ વીતરાગ પરિણતિની સાથે આ જે શુદ્ધ ઉપયોગ જો હોય તો વીતરાગભાવ સાચો, તો એનાથી મુક્તિ થાય. અને વીતરાગ પરિણતિ ત્રણ કષાયનો અભાવ થયો છતાં, જો શુભભાવ સાથે હોય તો બંધનું કારણ છે. મોક્ષ તે અબંધ છે, ત્યારે આ બંધ છે. એનાથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! મુનિના છઠ્ઠા ગુણસ્થાનમાં દાન, પૂજા આદિ કે ભાવપૂજા, ભગવાન પાસે વિકલ્પ હોય ને પૂજાનો, પંચ મહાવ્રત, દેવ-ગુરુ પ્રત્યેનો રાગ શુભ ઉપયોગ છે, એ ચારિત્રનો વિરોધી છે. સમજાણું?

'**શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે ત્યારે, જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે સ્વકાર્ય કરવાને અસમર્થ છે...**' કહો, ચારિત્રના પરિણામ દર્શનસહિત હોવા છતાં જો શુભ ઉપયોગ હોય તો ચારિત્રથી જે મુક્તિ થવી જોઈએ એ એનાથી ન થાય. શુભ ઉપયોગની દખલ આવી વચમાં. કહો, સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ (આદિ) શુભ ઉપયોગ એ દખલ છે ચારિત્રને, વિરોધી શક્તિ છે એમ કહે છે. હવે ઓલા કહે, ભગવાને મહાવ્રત પાળ્યા હતા ને. કુંદકુંદાચાર્યે પાળ્યા હતા. અરે..! પાળે શું? સાંભળને. એ તો વિકલ્પ આવ્યો હતો. આવ્યો હતો એને જાણે છે કે આ વિરોધ શક્તિવાળું તત્ત્વ છે. મારા આત્માને મોક્ષનું કાર્ય કરે એવું આમાં કારણ નથી. સમજાણું કાંઈ? સાધુપદ સમજવું, પ્રગટ થવું એ તો અલૌકિક વાત છે, પણ સાધુપદ કેવું હોય એને સમજવું એ પણ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ?

મોક્ષ જેને કરવો છે એને ચારિત્ર પ્રાપ્ત કર્યા વિના મોક્ષ થશે? સમજાણું કાંઈ? એ ચારિત્ર કેવું? કે આવું. કહો, શેઠ! અઘરું, ફઘરું અને આ લહેર કરીને જાવું, એમ નહિ મોક્ષ થાય એમ કહે છે. લહેર એટલે? આ ખાવા, પીવા ને બંગલામાં રહીને થાય એમ નથી એમ કહે છે. થાય તો આનંદથી. ચારિત્ર તો આનંદ છે. ભગવાન આત્મા ચારિત્ર આનંદદાતા છે, એ કાંઈ દુઃખદાતા નથી. આહા..હા..!

વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા દર્શન, જ્ઞાન તો પ્રગટ્યા છે કહે છે. છતાં ચારિત્રની પરિણતિ કેટલીક પ્રગટી છે, છે, એમાં જો આ શુભ ઉપયોગ સાથે જોડાય તો વિરુદ્ધ શક્તિનું કારણ છે એ. વિરુદ્ધ એટલે? મોક્ષથી વિરુદ્ધ બંધ. બંધનું કારણ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? **'સ્વકાર્ય કરવાને અસમર્થ છે...'** ચારિત્રનું સ્વકાર્ય તો ખરેખર મોક્ષ છે એમ કહે છે. ચારિત્રનું ખરેખર કાર્ય તો મોક્ષ છે. એની સાથે જો આ શુભ પરિણામ આવ્યા, અહીં ચારિત્ર દર્શન-જ્ઞાન હોવા છતાં પણ શુભ જો રહ્યા તો ચારિત્રનું મોક્ષ કાર્ય છે તે કરવા અસમર્થ છે. એ ચારિત્ર મોક્ષ નહિ કરી શકે. એય..! ન્યાલભાઈ! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- હેયભાવે...

ઉત્તર :- હેય ભલે પણ, હેય પણ છતાં શુદ્ધ ઉપયોગ તે મોક્ષનું કારણ છે. આ તો હેયને આદરણીય માને છે. આ તો શુભ ઉપયોગ આદરવાયોગ્ય છે (એમ માને છે) એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? મહાવ્રતના વિકલ્પો શુભભાવ એ આદરણીય છે, મને લાભદાયક છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એની દૃષ્ટિ મિથ્યાત્વ, એનું જ્ઞાન મિથ્યાત્વ. સમજાય છે? અને શુભ પરિણામ પણ એ મિથ્યાચારિત્ર છે. સમજાણું કાંઈ? નગ્ન મુનિ બાહ્યમાં હોય, અઠ્યાવીશ મૂળગુણ પણ હોય, છતાં એ બંધનું કારણ છે. અંદરમાં અંતર દૃષ્ટિસહિતમાં જ્ઞાનમાં અંદર શુદ્ધ ઉપયોગનું પરિણમન થાય એ મોક્ષનું કારણ છે. મોક્ષનું કારણ આ છે અને એ કારણ કાર્ય આ છે. વચ્ચે જે શુભ છે એ કારણ બંધનું છે, અબંધથી વિરુદ્ધ શક્તિનું છે. સમજાણું કાંઈ?

**'અને કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે...'** અસ્તિ-નાસ્તિ કરી. દર્શન, સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રની પરિણતિવાળો હોવા છતાં જો શુભ ઉપયોગ વર્તમાનમાં હોય તો તે વિરુદ્ધ કાર્ય કરવાને સમર્થ છે, સ્વકાર્ય કરવાને સમર્થ નથી. એક. પણ કોઈ પ્રકારે વિરુદ્ધ કરનારું છે, પુણ્યબંધનું કારણ છે એમ કહે છે. આહા..હા..! કથંચિત્ એટલે કોઈ પ્રકારે વિરોધ કરનારું છે એ. વિરુદ્ધ કાર્ય એટલે બંધનું કારણ છે. એટલી અપેક્ષાએ શુભ પરિણામ બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? હજી નવ તત્ત્વમાં સંવર-નિર્જરાના પરિણામ કેવા હોય અને આસ્રવના પરિણામ કેવા હોય એની ખબરું ન મળે અને એને સમ્યગ્દર્શન થાય. કહો, સમજાણું આમાં? સમ્યગ્દર્શન થાય નહિ. એને સંવર-નિર્જરા કેટલી જાતનો કેવા પરિણામ છે અને આસ્રવ એમાં ક્યો ભાગ છે એની જેને ખબર નથી, હેય-ઉપાદેયની ખબર નથી એને સમ્યગ્દર્શન-

જ્ઞાન થાય ક્યાંથી? સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ચારિત્રના પરિણામ હોય નહિ. અને ચારિત્ર પરિણામ હોવા છતાં શુદ્ધ ઉપયોગ ન હોય તો પણ મુક્તિ ન થાય એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

કોઈ પ્રકારે '**વિરુદ્ધ કાર્ય કરનારું છે...**' એમ. અમુક પરિણામ તો છે, પણ એ શુભ છે એ બંધનું કારણ છે. '**એવા ચારિત્રવાળો હોવાથી,...**' જોયું! એ વિરુદ્ધ કરનારું અને પોતાનું કાર્ય નહિ કરવાવાળું એવું ચારિત્ર હોવાથી. ભાષા જુઓ! ચારિત્ર તો છે. આહા..હા..! '**જેમ અગ્નિથી ગરમ થયેલું ઘી...**' અગ્નિથી ગરમ થયેલું ઘી. જુઓ! એ '**જેના ઉપર છાંટવામાં આવ્યું હોય તે પુરુષ દાહદુઃખને પામે છે...**' છે તો ઘી પણ અગ્નિથી ઊનું થયું તે છાંટે તો અગ્નિનું કામ કરે. દાઝે એવું કામ કરે કહે છે. '**તેમ, સ્વર્ગસુખના બંધને પામે છે.**' આહા..હા..! સમ્યગ્દર્શન, અનુભવનું જ્ઞાન, ચારિત્રના કેટલાક પરિણામ (હોય), પણ જો એમાં શુભરાગ અને શુભ ઉપયોગ રહી જાય તો ગરમ ઘી જેવું છે ઈ. દાઝશે. સ્વર્ગના સુખે દાઝશે એમ કહે છે. જુઓ! '**સ્વર્ગસુખના બંધને પામે છે.**' સ્વર્ગના સુખને પામશે પણ તે આકુળતા અંગારા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલો માર્ગ વીતરાગનો...!

'**આથી શુદ્ધોપયોગ ઉપાદેય છે...**' એ આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રસહિતમાં શુદ્ધ ઉપયોગ તે જ આદરણીય છે, તે ગ્રહણ કરવાલાયક છે, તે પ્રગટ કરવાલાયક છે. શુભ ઉપયોગ હેય છે. મુનિના છઠ્ઠા ગુણસ્થાનમાં પંચ મહાવ્રતના વિકલ્પ જે ઊઠે એ પણ છોડવા જેવા છે, આદરવા જેવા નથી. આહા..હા..! કહો, ભગવાનભાઈ! અહીં તો કાંઈ ખબર ન મળે દર્શન-જ્ઞાનની અને આ વિકલ્પો ઉઠાવે શુભ (અને કહે કે) એ છે ધર્મ જાવ. કહો, જુઓ કેટલો ખુલાસો! ચોખ્ખું તો કહ્યું છે આમાં. શુદ્ધ ઉપયોગ ઉપાદેય છે, શુભ ઉપયોગ હેય છે. એને ઠેકાણે જો શુભ ઉપયોગ છે એને આદરણીય માને અને શુદ્ધના તો ઠેકાણા ન હોય તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ શુભભાવ પણ કરવા જેવો છે, પાળવા જેવો છે, રાખવા જેવો છે એમ જે માને છે એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- આ તો મુનિઓને માટે છે.

ઉત્તર :- મુનિઓને માટે છે ને. તો કોને માટે? ગૃહસ્થે કરવું સમ્યગ્દર્શન. આ મુનિપણું આવું હોય અને રાગાદિ મારે હેય છે, શુદ્ધ આત્મા ઉપાદેય છે એમ એણે નક્કી કરવું. થાય, થાય એ તો બધા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સાચા મુનિને એનો માર્ગ એનો પહેલો દર્શનમાં આવ્યો છે ને. સમ્યગ્દર્શનમાં ગૃહસ્થાશ્રમમાં રાગ પુણ્ય છે તે હેય છે, મારો આત્મા શુદ્ધ તે ઉપાદેય છે, પ્રગટ કરવા માટે દર્શન, જ્ઞાન અને ચારિત્ર તે ઉપાદેય છે. એવું પ્રગટ કરવા માટે આ છે. એવું પહેલું

સમ્યગ્દર્શનમાં થયું હોય છે. સમ્યગ્દર્શનમાં, એમ કે પછીના પરિણામ આદરણીય છે અને મારે આ શુદ્ધ ઉપયોગની કાંઈ જરૂર નથી એમ છે એમાં? એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું? એ તો દર્શનમાં આવી ગયું પહેલું. સમ્યગ્દર્શનમાં શુભ ઉપયોગ તે બંધનું કારણ છે, શુદ્ધ ઉપયોગ તે મોક્ષનું કારણ છે અને શુદ્ધ ઉપયોગનું કારણ દ્રવ્ય છે. એ તો પહેલું દર્શનમાં આવી ગયું છે અને આવું જો દર્શનમાં હોય તો ગૃહસ્થી મિથ્યાદૃષ્ટિ છે. ગૃહસ્થી કેવો? સમકિતી કેવો? કહો, શેઠ!

મુમુક્ષુ :- ચોથા કાળ માટે છે.

ઉત્તર :- ચોથા માટે, જોયું! ઠીક કહ્યું. ચોથા કાળમાં નહિ શેઠ! આ તો પંચમકાળના મુનિ કહે છે. ઠીક ભાઈએ... ચોથા કાળનું નહિ. એમ કે ચોથે કાળે મોક્ષ થાય ત્યારે આ છે, અત્યારે તો મોક્ષ નથી. એમ નહિ, આ પંચમકાળના મુનિ પોતે બે હજાર વર્ષ... સમજાય છે? પહેલા થઈ ગયા ને કુંદકુંદાચાર્ય? પાંચસો-છસ્સો વર્ષ પછી ભગવાન પછી લ્યો. અને એ સનાતન પાંચમા આરાનો માર્ગ આ તો વર્ણવે છે પાંચમા આરાના સાધુ માટે. અમૃતચંદ્રાચાર્ય તો હમણા હજાર વર્ષ પહેલાં થયા, નવસો વર્ષ પહેલાં. એ પોતે કહે છે કે આ માર્ગ છે અત્યારે પણ. સમજાણું કાંઈ? અમારે પણ જો શુભરાગ રહ્યો અને બંધ પડ્યો (તો) સ્વર્ગમાં જાવું પડશે, તો દુઃખમાં જાવું પડશે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની પ્રાર્થના ધર્મીની શુદ્ધ ઉપયોગની હોય છે, ભાવના શુદ્ધ ઉપયોગની હોય છે, છતાં વચ્ચે (શુભભાવ) રહી જાય, પુણ્ય બાંધે, સ્વર્ગમાં જાશે, દુઃખમાં જશે. દુઃખના અંગારે શેકાશે ત્યાં. સ્વર્ગમાં સુખ નથી ક્યાંય ધૂળમાંય.

ભગવાન આત્માના આનંદમાંથી નીકળી અને જેટલો ઈન્દ્રાણી અને ફલાણા ઉપર લક્ષ જશે એ બધી આકુળતાની અગ્નિ છે. સમજાણું કાંઈ? એ ઊનું થયેલું ઘી આહા..હા..! દઝાડે. ઉપદેશ તો બહુ સારો છે ઊનું ઘી જેવો એમ કહેતા હતા. અમારે ત્યાં બોટાદ, ગુલાચંદજી હતા ને. ગુલાબચંદજી બહુ ઉપદેશ કડક કરતા બ્રહ્મચર્યનો. એક વખત પછી બોલ્યા હશે. ઉપદેશ તો બરાબર તમારો ઊના ઘી જેવો છે. બ્રહ્મચર્યનો ઉપદેશ કરતા ગુલાબચંદજી. તમે જોયા છે કે નહિ? તમારે ત્યાં હતા ૬૯માં પહેલા. સુંદર વોરાની સામે, સુંદર વોરાની સામે. ૬૯માં હતું. ઉપદેશ એવો આપે બ્રહ્મચર્યનો જ્યારે આપતા હોય ત્યારે. એલા એકકોર તમારી બાયડી જણે અને એકકોર તમારા છોકરાની વહુ જણે અને એકકોર દીકરી જણે. એક ઘરમાં આ શું તમારા ઠેકાણા છે? એમ કહેતા જરી કઠણ. એ કહેતા. એકકોર તમારી બૈરાને છોકરા થાય, એકકોર છોકરાની વહુને છોકરા થાય, એકકોર દીકરીને છોકરા થાય, આ એક ઘરમાં ત્રણ, આ શું તમારે ઘરે માંડી છે? ઓલા પછી બીજા કહે કે મહારાજનો ઉપદેશ તો.. ઓલા શેઠિયાઓને ઘરે છોકરા થતાં હોય, પોતાને થતા હોય અને છોકરાની વહુને છોકરાને છોકરા થતા હોય. ઊંચા થાય માટે. એય..! શેઠ! શોભાલાલજી! એક હતા સાધુ ગુલાબચંદ. સાધુ

હતા, સાધુ હતા, સાધુ હતા. ચોમાસુ... હતું ત્યારે સાધુ હતા. ૬૯માં ખબર પડી. ૭૦માં ગુજરી ગયા રાજકોટ. હું ૬૯માં આવ્યો હતો ત્યાં વઢવાણ. ન્યાલચંદભાઈ હતા એની સામે હતું ને ત્યાં આવ્યો હતો. પાલેજ જવું હતું તો ઉતર્યો હતો ત્યાં. સમજાણું કાંઈ? ઘણીવાર મળેલા અમે. ખોડામાં મળ્યા હતા. દૃષ્ટિની ખબર નહિ, તત્ત્વની કાંઈ ખબર નહિ. ફક્ત આ ક્રિયા આવી કરવી, બ્રહ્મચર્ય પાળવું. ... નહિ તમે? સુંદર વોરાનો અપાસરો છે ને, એની સામે નથી ભોજનશાળા? ૬૯નું ચોમાસું ત્યાં હતું. સંવત ૬૯. ત્યાં હું આહાર કરવા બહારમાં કોકના ઘરે ગયો હતો. કેશવલાલનું ઘર છે ને એની આની કોર ખડકી છે ડેલા બહાર. ડેલા બહાર ઘર છે. કો'કની ખડકી છે ત્યાં પહેલું ઘર (છે) ત્યાં જમવા ગયો હતો. ડેલા બહાર નહિ આ ધોળાનું? ધોળું કહેવાય ને? એની બહાર. ઓલી ખડકી નથી? અંદર ઘર ઘણા છે. પહેલા ઘરે આહાર કર્યો હતો. સંવત્ ૧૯૬૯. ત્યાં દર્શન કરવા આવ્યા હતા. પણ કડક ભાષા ભારે. ગુલાબચંદજીની બહુ કડક ભાષા. બગલા જેવા સાધુને કહે. ધોળા કપડા પહેર્યા છે બગલાઓ! બગલા સમજો છો? આ કપડા પહેરેને ધોળા ધોઈને સાધુ? ન્યાલભાઈએ જોયા નહિ હોય. બગલાઓ! એમ કહેતા અને સાધુ પછી ખીજાય. તત્ત્વની ખબર ન મળે વસ્તુની.

અહીં તો કહે છે, કુંદકુંદાચાર્ય પંચમ આરાના સાધુ હોય તો આવા હોય અને ચોથા આરાના આવા હોય એમ છે. શેઠ કહે છે કે ચોથા આરાની વાત છે અને પાંચમા આરામાં નહિ. એમ નથી. બચાવ નથી કરવો અહીંયાં. શેઠ! પાંચમા આરાના સાધુ. આ ટીકા કરનાર તો હમણા નવસો વર્ષ પહેલાં થયા છે. એ પોતે કહે છે કે ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રના પરિણામ હોય, પણ જો શુદ્ધ ઉપયોગના પરિણામ આવા હોય તો મોક્ષનું કારણ થાય છે. અને જો ન રાખે અને શુભ પરિણામ થાશે, સ્વર્ગના સુખનું ઊનું ઘી છે. પોતે અમૃતચંદ્રાચાર્ય પોતાની વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચોખ્ખી વાત કરી છે. '**શુદ્ધોપયોગ ઉપાદેય છે અને શુભોપયોગ હેય છે.**' સમ્યગ્દૃષ્ટિને પણ એમ છે. અહીં તો ચારિત્રવંતની વ્યાખ્યા કરી. આહા..હા..!

'**ભાવાર્થ :- જેમ ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં...**' સ્વભાવ તો ઘીનો શીતળતા ઉત્પન્ન કરે. નારાયણ કહે છે ને? ઘી નારાયણ કહેવાય. ઠંડું-ઠંડું. ઘીને અમારે નારાયણ કહે અહીં કાઠિયાવાડમાં. નથી સાંભળ્યું? '**ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં ગરમ ઘીથી દઝાય છે,...**' ઘી તો શીતળ છે પણ ગરમ ઘીથી દઝાય છે. '**તેમ ચારિત્ર સ્વભાવે મોક્ષ કરનારું હોવા છતાં...**' ચારિત્ર નામ સ્વરૂપની રમણતાનો ઉપયોગ તે તો મોક્ષ કરનારું છે. '**છતાં સરાગ ચારિત્રથી...**' જુઓ! એ અગ્નિ છે કષાયની. આહા..હા..! ઘી ઊનું થયું, એમ ચારિત્ર સાથે શુભ ઉપયોગ ઊનો થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? ચારિત્ર તો શીતળ છે, ઘી શીતળ છે, પણ જો અગ્નિનો સંસર્ગ થયો તો ઊનું થયું. એમ ચારિત્રના પરિણામ તો શીતળ છે, પણ એની સાથે આ શુભોપયોગનો

જો સંસર્ગ થયો તો દઝાડશે. બંધ થાય છે. મોક્ષના કારણરૂપે ન રહ્યું એ. એ તો બંધના કારણરૂપે થયું. અહીં તો મોક્ષનું કારણ સિદ્ધ કરવું છે.

**'જેમ ઠંડુ ઘી શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ વીતરાગ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે.'** સ્વરૂપનો અનુભવ, સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનો શુદ્ધ ઉપયોગ ચારિત્રના પરિણામ સહિતના શુદ્ધ પરિણામ સંબંધવાળું, એ ચારિત્ર શુદ્ધ ઉપયોગના સંબંધવાળું એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? એમ ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિએ પણ આ નિર્ણય આમ કરવો જોઈએ. સમજાણું કાંઈ? સાધુને માટે હેય છે અને સમકિતી નીચલા માટે ઉપાદેય છે એમ છે? બંધનું કારણ આદરણીય હોય?

મુમુક્ષુ :- પુરુષાર્થ...

ઉત્તર :- પુરુષાર્થની ઉગ્રતા છે, ચારિત્ર પરિણામ છે એને પણ એ છોડવા જેવા એટલે અહીં પુરુષાર્થ મંદ એને આદરવા જેવા છે? પહેલી દૃષ્ટિમાં.. આવ્યું છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં બહુ સરસ લખ્યું છે. ભાઈ, શુભભાવ હોય પણ શ્રદ્ધામાં હેય રાખજે. સમ્યગ્દૃષ્ટિને કહે છે. આવે ખરો, હોય ખરો, પણ શ્રદ્ધામાં હેય માનજે. જો ઉપાદેય માનીશ તો શ્રદ્ધા મિથ્યાત્વ થશે તારી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેમ વીતરાગ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે.'** એટલે શું? સરાગ ચારિત્ર છે ત્યાં સુધી દેવ થશે, પછી મોક્ષ થશે ઓલો રાગ ટાળશે ત્યારે અને આ તો સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

**'હવે ચારિત્રપરિણામ સાથે સંપર્ક વિનાનો...'** જુઓ! પહેલામાં એમ કહ્યું હતું કે આત્માની શ્રદ્ધા-જ્ઞાન સાથે ચારિત્ર હતું અને ચારિત્ર સાથે સંબંધવાળો શુદ્ધ ઉપયોગ અને શુભ... શુદ્ધ ઉપયોગ અને શુભ સંબંધવાળો. શુદ્ધ ઉપયોગ સંબંધવાળું ચારિત્ર મોક્ષનું કારણ થાય, શુભ ઉપયોગ સંબંધવાળું ચારિત્ર સ્વર્ગનું કારણ થાય. પણ આ ચારિત્રને અશુભ ઉપયોગ .. સંબંધ ચારિત્ર સાથે તો હોતો જ નથી. સમજાણું કાંઈ? ચારિત્રના પરિણામ હોય અને અશુભભાવ હોય સાથે, એ હોતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રના પરિણામ ત્રણ કષાયના અભાવના હોય. છતાં એને અશુભ પરિણામ સાથે હોય એમ હોઈ શકે નહિ. એવા ચારિત્રની સાથે શુદ્ધ ઉપયોગ હોય કાં શુભ હોય એ હોઈ શકે. સમજાણું કાંઈ? પણ અશુભભાવ હોય એ હોઈ શકે નહિ.

**'ચારિત્રપરિણામ...'** પરિણામથી ઉપાડ્યું છે જુઓને! ઓહો..હો..! ક્યાંનું ક્યાં ઉપાડ્યું છે. આચાર્યે ગજબ કર્યો છે ને! ચારિત્તં ખલ્લુ ધમ્મો, ધમ્મો... ક્યાંની ક્યાં વાત લીધી છે! ત્યાંથી પરિણામને સિદ્ધ કરે છે અને એ પરિણામ જીવને આશ્રયે થાય. ત્યાંથી ઉપાડ્યું છે ને? જુઓને! પાંચ ગાથામાં કહ્યું કે .. નિર્વાણસુખને પામે જો આમ હોય તો. નહિતર દેવના સુખને વૈભાવને પામે. પછી કહ્યું, ચારિત્તં ધમ્મો. પછી કહ્યું, ચારિત્ર પોતે જ આત્મા છે.

શુભાશુભરૂપે પરિણમે છે એ આત્મા છે. કહો, સમજાણું? પરિણામ ઉપર જ વાત આખી ઉપાડી છે. અને આ દસમામાં કીધું કે પરિણામ વિનાનો આત્મા ન હોય, આત્મા વિના પરિણામ ન હોય. એ પરિણામમાં એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલી વસ્તુ છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો આત્મા છે.

અહીંયાં એમ લીધું કે જો ચારિત્રના પરિણામ હોય અને જો શુભભાવનો સંપર્ક હોય, સંપર્ક હોય છે કહે છે. ચારિત્રમાં શુભનો સંપર્ક હોય છે, પણ એ સંપર્ક શુભનો બંધનું કારણ છે અને ચારિત્ર સાથે શુદ્ધ ઉપયોગના પરિણામ હોય તો મોક્ષનું કારણ છે. પણ એ ચારિત્ર સાથે અશુભ પરિણામ હોય એ તો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન શું? સમ્યગ્જ્ઞાન શું? સમ્યક્ચારિત્ર શું? ખબર ન મળે અને એમ ને એમ માને. એમ ને એમ અનાદિથી માન્યું છે ઊંધું. એના ફળ ચાર ગતિમાં રખડવાના છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમકિતીની વાત નથી, અત્યારે ચારિત્રની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અશુભભાવ આવે નહિ. ચારિત્રવાળાને અશુભ પરિણામ હોય નહિ. સમ્યક્ ચોથે ગુણસ્થાને, પાંચમે અશુભ પરિણામ આવે. મુનિને ન હોય એમ સિદ્ધ કરે છે અહીં.

મુમુક્ષુ :- સમકિતી મુનિ...

ઉત્તર :- સમકિતી મુનિ હોય એને અશુભ પરિણામ ન હોય. સમકિત વિનાના મુનિ હોય નહિ. સમકિત વિના મુનિ કેવા? સમકિત વિનાના પરિણામમાં તો એને અશુભ પરિણામ મિથ્યાત્વના છે. મિથ્યાત્વના અશુભ પરિણામ તો એને છે. રાગ મને આદરણીય છે, રાગથી લાભ છે (એમ માને છે એ). સમજાય છે? એ તો પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં નહોતું કહ્યું? કે આત્મા આસ્રવ અને કર્મરહિત છે. છતાં સહિત માને એવી માન્યતા બાલિશ અજ્ઞાનીઓને સંસારનું કારણ છે. એ તો અશુભ પરિણામ જ છે એને તો. એ સમકિતી ક્યાં છે? એ તો અશુભ પરિણામવાળો મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વના અશુભ પરિણામવાળો મિથ્યાદૃષ્ટિ છે. એથી એને શુભ પરિણામ જરી થાય છે બીજા, એને ગણતરી ગણવામાં આવ્યા નથી. તેથી આવ્યું હતું ને પહેલી, બીજે અને ત્રીજે. સમજાણું? અશુભ ઉપયોગની જ એને પ્રધાનતા છે. સમજાણું કાંઈ?

ત્યારે કોઈ કહે, પણ મિથ્યાદૃષ્ટિ છે ને શુભ પરિણામવાળો છે તો એટલો સારો કે નહિ? પણ શુભ પરિણામ એને સાચા છે જ નહિ. કારણ કે અશુભ મિથ્યાત્વનું જોર છે ત્યાં. પુણ્ય પરિણામ આદરણીય છે, કષાયનો કણ આદરણીય છે એ તીવ્ર મિથ્યાત્વનો કષાય છે. સમજાણું કાંઈ? એ શુભ પરિણામ કષાયનો કણ છે અગ્નિનો. એ અગ્નિ આદરણીય છે એ મિથ્યાત્વનો કષાય તીવ્ર છે. સમજાણું કાંઈ? અભિપ્રાયમાં તો કષાયનું જોર છે. અભિપ્રાયમાં

તો કષાયનું જોર છે. કષાયથી લાભ માન્યો તો અભિપ્રાયનું જોર ત્યાં ગયું. ચૈતન્યનો તો અનાદર કર્યો છે. સમજાણું કાંઈ?

હવે ચારિત્રપરિણામ.. ભાષા જુઓને ચોખ્ખી વાત. સમ્યગ્દર્શન પરિણામ છે, જ્ઞાન એ પરિણામ છે, ચારિત્ર પણ એક પરિણામ છે. આહા..હા..! '**ચારિત્રપરિણામ સાથે સંપર્ક વિનાનો હોવાથી જે અત્યંત હેય છે...**' અત્યંત છોડવાલાયક છે. '**એવા અશુભ પરિણામનું ફળ વિચારે છે :—**' લ્યો ઠીક! વિચારે છે. '**फलमालोचयति**' છે ને? નવું વિચારવું છે આચાર્યને? પણ લોકોને કહેવું છે ને એ ઢબથી કહે છે.

> **असुहोदएण आदा कुणरो तिरियो भवीय णेरइयो।**
> **दुक्खसहस्सेहिं सदा अभिद्दुदो भमदि अच्चंतं।।१२।।**
> **અશુભોદયે આત્મા કુનર, તિર્યંચ ને નારકપણે,**
> **નિત્યે સહસ્ર દુઃખે પીડિત, સંસારમાં અતિ અતિ ભમે. ૧૨.**

સમજાણું? ૧૨ની ટીકા. '**જ્યારે આ આત્મા જરા પણ ધર્મપરિણતિને નહિ પ્રાપ્ત કરતો થકો...**' દેખો! જરા પણ સમ્યગ્દર્શન અને ચારિત્રના પરિણામ નહિ પ્રગટ કરતો થકો, નહિ પ્રાપ્ત કરતો થકો. '**જરા પણ ધર્મપરિણતિ...**' પરિણામ ધર્મના ચારિત્રના '**નહિ પ્રાપ્ત કરતો થકો અશુભોપયોગપરિણતિને અવલંબે છે,...**' લ્યો આવ્યું હતું ને સવારમાં? અવલંબે છે એમ નહોતું આવ્યું? ધ્રુવને અવલંબે છે એટલે પ્રાપ્ત કરે છે. પહેલું આવ્યું હતું ધ્રુવમાં. એ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે ને આ પણ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. અશુભ ઉપયોગ પરિણતિને અવલંબે છે (એટલે) એ મિથ્યાત્વભાવ અને પાપના ભાવને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ?

'**ત્યારે તે કુમનુષ્યપણે,...**' કુમનુષ્ય-હલકા મનુષ્યપણે. '**તિર્યંચપણે અને નારકપણે પરિભ્રમણરૂપ હજારો દુઃખોના બંધને અનુભવે છે;...**' આહા..હા..! અનંત દુઃખ. હજાર તો એક સંખ્યા બાંધી છે. '**પરિભ્રમણરૂપ હજારો દુઃખોના બંધને અનુભવે છે;...**' ઓહો..હો..! નારકીમાં, મનુષ્યમાં જુઓને ગરીબ માણસો, તિર્યંચો, નારકી ઓહો..હો..! એના દુઃખો. ૩૩-૩૩ સાગર સુધીના સાતમી નરકમાં પડ્યો. એ મિથ્યાત્વ અને અશુભ પરિણામના ફળે ત્યાં ગયો છે. સમજાણું કાંઈ? એવા '**કુમનુષ્યપણે, તિર્યંચપણે અને નારકપણે...**' બધાના દુઃખો લીધા છે હોં! કુમનુષ્યપણામાં પણ હજારો દુઃખ છે કહે છે. તિર્યંચમાં પણ હજારો દુઃખ છે. '**નારકપણે પરિભ્રમણરૂપ હજારો દુઃખોના બંધને અનુભવે છે;...**' આત્માના ભાન વિના, સમ્યગ્દર્શન-જ્ઞાન વિના, ચારિત્રના જરીએ પરિણામ વિના એકલા અશુભ પરિણામ છે. સમજાણું કાંઈ?

'**તેથી ચારિત્રના લેશમાત્રનો પણ અભાવ હોવાથી...**' તેને ચારિત્રનો લેશમાત્ર પણ અભાવ (અર્થાત્) લેશ (ચારિત્ર) છે નહિ. '**આ અશુભોપયોગ અત્યંત હેય જ છે.**' ઓલાને

હેય કહ્યો હતો અને અત્યંત હેય છે. સમ્યક્(વંત) મુનિને શુભ ઉપયોગ તે તો હેય છે, પણ આ અશુભ ઉપયોગ તો અત્યંત છોડવા લાયક છે ધર્મીને. **'ચારિત્રના લેશમાત્રનો પણ અભાવ હોવાથી આ અશુભોપયોગ અત્યંત હેય જ છે.'** લ્યો! છોડવાલાયક જ છે. અતિ-અતિ.. છે ને? **'अभिद्दुदो भमदि अच्चंतं'** **'अच्चंतं'**નો અર્થ કર્યો. કહો, સમજાણું? ચારિત્રના શુદ્ધ ઉપયોગવાળા પરિણામ જો હોય તો મોક્ષ (થાય), ચારિત્રના પરિણામ શુભ ઉપયોગવાળા હોય તો સ્વર્ગ (મળે) અને ચારિત્રના પરિણામવાળા બિલકુલ નથી અને એકલો અશુભભાવ છે એને આ ત્રણ ગતિનું દુઃખ છે. સ્વર્ગનું ગણ્યું નથી અહીં. સમજાણું કાંઈ?

મિથ્યાદષ્ટિને અશુભભાવ જો હોય અને સ્વર્ગમાં જાય, પણ એ તો દુઃખ જ છે. એટલે એની વ્યાખ્યા અહીં કરી નથી. અશુભ પરિણામવાળો દુઃખી છે, શુભ પરિણામવાળો સમકિતી અને ચારિત્રવાળો પણ દુઃખી છે. તો આ તો એકલા અશુભ પરિણામવાળો દુઃખી છે, લેશમાત્ર પણ તેને ચારિત્ર છે નહિ. ચોથે ગુણસ્થાને સમકિતી હોય એને અશુભ પરિણામ આવે, હોય, પણ એનું આયુષ્ય એમાં ન બંધાય. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનમાં દર્શનશુદ્ધિનું એટલું જોર છે કે એને અશુભ પરિણામ લડાઈ, ભોગના એવા આવે, પણ એ કાળે આયુષ્ય નહિ બંધાય. એવી સમ્યગ્દર્શનની મહિમા છે. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનમાં લેશ્યા છ છે, ભૂંડી ત્રણ લેશ્યા પણ છે, આર્ત અને રૌદ્ર ધ્યાન પણ છે. છતાં સમ્યક્ ચૈતન્યનું ભાન અનુભવ છે દૃષ્ટિ, એથી એને અશુભ પરિણામના કાળે ભવિષ્યનું આયુષ્ય નહિ બંધાય. એટલું એનું જોર વર્તે છે. જ્યારે એને શુભ પરિણામ આવશે ત્યારે આયુષ્ય બંધાશે. સમજાય છે કાંઈ આમાં?

અહીંયા તો એકલો મિથ્યાદષ્ટિનો અશુભ ઉપયોગવાળો લીધો છે ભાઈ! સમજાણું કાંઈ? કોઈ કહે કે સમકિતી અશુભ ઉપયોગવાળો કેમ આમાં ન લીધો? સમકિતીને અશુભ ઉપયોગમાં ભવિષ્યનું આયુષ્ય બંધાય જ નહિ. સમજાય છે કાંઈ આમાં? અહીં તો ભવનું આયુષ્ય બંધાય અને પરિભ્રમણ કરે એની વાત લેવી છે. સમજાય છે કાંઈ? જેને ભગવાન આત્મા દર્શનશુદ્ધિ નથી, જ્ઞાન નથી અને ચારિત્રના લેશ પણ પરિણામ નથી એવા જીવ મિથ્યાત્વભાવમાં અશુભ પરિણામમાં કુમનુષ્ય, કુયોનિ, તિર્યંચમાં અને નરકમાં જશે. સમજાણું કાંઈ? એને શુભ ઉપયોગ હોય ત્યારે સ્વર્ગમાં જાય એની અહીં ગણતરી લીધી નથી. સમજાય છે? મિથ્યાદષ્ટિ શુભ ઉપયોગવાળો હોય અને સ્વર્ગમાં જાય એની તો અહીં ગણતરી નથી. અને સમ્યગ્દષ્ટિને અશુભભાવ હોય તો એ આ નરકમાં જાય એમ પણ નથી. સમજાય છે કાંઈ?

આત્માનું દર્શન અને સમ્યગ્દર્શન છે ત્યાં રૌદ્રધ્યાન આવે, આર્તધ્યાન હોય, લડાઈનો ભાવ હોય, સમજાણું? છન્નું હજાર સ્ત્રીના વૃંદના વિષયની વૃત્તિ હોય, ચક્રવર્તી કોઈ સ્વર્ગમાં પણ જાય. સમજાય છે? તો એને આવા અશુભ પરિણામ વખતે ભવિષ્યનું આયુષ્ય નહિ બંધાય. સમજાય છે કાંઈ આમાં? એટલી શુદ્ધતાના સ્વીકારની મહિમા છે, શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનની મહિમા છે કે એવા આર્ત અને રૌદ્રધ્યાન પરિણામ હોવા છતાં એને આયુષ્ય

તો બંધાય નહિ એ કાળે. સમજાણું કાંઈ? શ્રેણિક રાજાને આયુષ્ય બંધાઈ ગયું નરકનું એ મિથ્યાત્વમાં બંધાણું છે, મિથ્યાત્વમાં બંધાણું છે. સમકિત પછી નરકનું આયુષ્ય, પશુનું આયુષ્ય બંધાય નહિ. આહા..હા..! જુઓને જોર કેટલું છે!

આ જે લીધું છે એ તો મિથ્યાદૃષ્ટિના અશુભ ઉપયોગની વાત લીધી છે. સમકિતીના અશુભ ઉપયોગ હોય એમાં આયુષ્ય બંધાય નહિ એટલે એની વાત છે નહિ. અને મિથ્યાદૃષ્ટિના શુભ ઉપયોગવાળો જીવ છે એને અહીં ગણવામાં આવ્યો નથી. અશુભવાળાને ગણીને (કથન કર્યું છે). સમજાણું કાંઈ? જેમ સમ્યગ્દૃષ્ટિના અશુભવાળાને ગૌણ કર્યો કેમકે એનાથી આયુષ્ય બંધાતું નથી, એમ મિથ્યાદૃષ્ટિના શુભ ઉપયોગને ગૌણ કરીને કાઢી નાખ્યો. સમજાણું કાંઈ? એવી શૈલી છે આ. અહીં તો ઓલા સમ્યગ્દૃષ્ટિ ચારિત્રવંતને જ્યાં શુભ ઉપયોગ પણ દુઃખરૂપ છે એટલે પછી મિથ્યાદૃષ્ટિના અશુભ ઉપયોગને સુખરૂપ કહેવું એ કેમ અહીંયાં પાલવે? સમજાય છે કાંઈ? સુખરૂપ એટલે બહારના સુખરૂપ. સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિને અશુભ પરિણામ આવવા છતાં લડાઈમાં ધમાલમાં પડ્યો હોય આમ. હજારો હાથીમાં પડ્યો હોય, બેઠો હોય આમ રાજકુમાર પચ્ચીસ વર્ષનો, તોપણ સમ્યગ્દૃષ્ટિ ક્ષાયિક સમકિતી. (અશુભભાવમાં એને) આયુષ્ય નહિ બંધાય.

મુમુક્ષુ :- એને છૂટ છે.

ઉત્તર :- છૂટ નહિ. આ શેઠ પણ ઠીક કહે છે. એ સમ્યગ્દર્શનનું એટલું જોર છે ત્યાં આયુષ્ય બંધાય નહિ એવો સ્વભાવ છે. છૂટ નથી. એ સમ્યગ્દૃષ્ટિ મુક્તસ્વરૂપ દૃષ્ટિ છે એટલે મૂકાયેલો છે અંદર ખરેખર તો. એથી એને અશુભ પરિણામ વખતે શુભગતિનો બંધન એ વખતે હોય નહિ અને એને બંધ સુગતિનો જ હોય. સમ્યગ્દૃષ્ટિ પંચમ આરાનો હોય કે ચોથા આરાનો હોય પણ એને અશુભ પરિણામ વખતે આયુષ્ય બંધાય જ નહિ ત્રણ કાળમાં. એને જ્યારે શુભભાવ આવશે, સ્વર્ગનું આયુષ્ય બંધાઈ જશે. સમજાણું કાંઈ? અશુભમાં બીજા પાપ બંધાય, આયુષ્ય નહિ બંધાય એવી એમાં તાકાત છે. છૂટ આપી નથી. એય..! સમ્યગ્દર્શનનું જોર છે. શુદ્ધ જ્ઞાનાનંદ વસ્તુ છું, રાગાદિ હેય છે એટલી શક્તિમાં અશુભ લેશ્યા આવવા છતાં રૌદ્રધ્યાનના પરિણામ આવવા કાળે ભવિષ્યનું આયુષ્ય બંધાય નહિ. ભવના અભાવવાળી દૃષ્ટિ થઈ છે અને ભવ બંધાય તો સ્વર્ગનો બંધાય, ઓલો બીજો બંધાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મનુષ્ય છે સમકિતી તેને મનુષ્યનું આયુષ્ય ન બંધાય. સમ્યક્‌માં મનુષ્યને મનુષ્યનું આયુષ્ય ન બંધાય. પહેલું મનુષ્યનું આયુષ્ય બંધાઈ ગયું હોય અને સમકિત થાય તો પછી જાય જુગલિયામાં. પણ સમ્યગ્દર્શન પછી મનુષ્યનું આયુષ્ય સમકિતીને ન બંધાય. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં અશુભ પરિણામ આવે તો આયુષ્ય બંધાય નહિ, પણ સમ્યગ્દર્શનમાં મનુષ્યનું આયુષ્ય પણ ન બંધાય. આહા..હા..! સમજાણું કાંઈ આમાં?

શોભાલાલજી! અમરચંદભાઈ!

મુમુક્ષુ :- દેવ..

ઉત્તર :- એને દેવની ગતિ જ બંધાય. એ પણ વૈમાનિક. દેવમાં પણ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી કે ઈન્દ્રાણી સ્ત્રી એમાં ઊપજે જ નહિ એ. એટલું જોર છે દર્શનનું. છૂટ આપી નથી. ઠીક પણ શેઠ બોલે એનો ખુલાસો તો કરવો (રહ્યો). સમજાણું કાંઈ? ઝીલ્યો છે ચૈતન્યને દૃષ્ટિમાં. કહે છે કે અશુભ પરિણામ વખતે મનુષ્યનું આયુષ્ય પણ બંધાય નહિ, બીજું તો બંધાય નહિ અશુભ વખતે આયુષ્ય, પણ એને મનુષ્યનું આયુષ્ય પણ ન બંધાય. આહા..હા..! એવા પરિણામ એના ન હોય કે જે મનુષ્યના આયુષ્ય બંધાય. એવા જ એના પરિણામ હોય ત્યારે સ્વર્ગનું આયુષ્ય બંધાય. એ પણ વૈમાનિકનું, તે પણ પુરુષનું. વૈમાનિકમાં પણ સ્ત્રી થાય સમકિતી એમ બને નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? માણસને જૈનદર્શન શું છે, વીતરાગ શું કહે છે એની ખબર ન મળે કાંઈ. ઓઘે-ઓઘે કૂટીને પડ્યા. સમજાણું શેઠ?

લ્યો એ બારમી ગાથા થઈ. '**અશુભોપયોગ અત્યંત હેય જ છે.**' આદરણીય છે નહિ. જ્યાં સમકિતીના ચારિત્રવંતનો શુભ ઉપયોગ હેય છે તો આ અશુભ ઉપયોગ તો અત્યંત હેય છે, આદરવા જેવો છે જ નહિ. સમકિતીને અશુભ આવે છે પણ આદરણીય માનતો નથી, હેયબુદ્ધિએ વર્તે છે. શુભમાં પણ હેયબુદ્ધિ વર્તે છે અને અશુભમાં પણ સમ્યગ્દૃષ્ટિને હેયબુદ્ધિ વર્તે છે. એથી તેને શુભ પરિણામ કાળે જ આયુષ્ય ભવિષ્યનું બંધાશે. બીજું આયુષ્ય હોય નહિ એને. એટલે મુનિઓ પણ પોકાર કરતા જાય છે ને પહેલેથી. અહો..! શુભ ઉપયોગથી તો આમ મળશે એમ પોકારે છે. જુઓ આ પોકાર, પોતાનું પોકારે છે ભાઈ! આહા..હા..! શુદ્ધ ઉપયોગ નહિ રહે, શુદ્ધ ઉપયોગ જો લાંબો કાળ ટકે તો તો મોક્ષ થાય. અરે..! એટલો પુરુષાર્થ નથી, શુભયોગમાં જોડાશે પણ હેય, હેય છે. આ નહિ રે નહિ. એના ફળમાં ઈન્દ્રપદમાં ઊપજશે કે દેવમાં. આ નહિ રે નહિ. અમે ક્યાં આવ્યા? આહા..હા..! આ ભઠ્ઠીમાં સળગવા આ શું? અમારો દોષ રહી ગયો શુભ પરિણામનો. શુભ પરિણામનો દોષ રહી ગયો એના ફળમાં આ દેવની ભઠ્ઠીમાં આવ્યા. સમજાય છે? કહો, એમાં આ વેપારના ધંધાની ભઠ્ઠીઓ તો બહુ આકરી, પાપની. શોભાલાલજી! લ્યો! જુગરાજજી પહેલા કહેતા હતા ને એકવાર. ભઠ્ઠીમાં જાશું હવે. અહીંથી જાય ત્યારે વેપાર. ભઠ્ઠી છે ત્યાં. બરાબર છે. લ્યો એ બાર થઈ.

'**આ રીતે આ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) સમસ્ત શુભાશુભોપયોગવૃત્તિને...**' દેખો! એ શુભ પરિણામ અને અશુભ વૃત્તિ એટલે પરિણામ. છે ને વૃત્તિ? '**(શુભ ઉપયોગરૂપ અને અશુભ ઉપયોગરૂપ પરિણતિને)...**' એ વૃત્તિ એટલે પરિણતિ. '**અપાસ્ત કરીને...**' તિરસ્કાર કર્યો. એ શુભનો તિરસ્કાર. આહા..હા..! કહો. તેથી કહ્યું તિરસ્કારવું, શુભનું તરછોડવું. ઓલા કહેતા હતા ને એક ફેરી વ્યવહાર આવે તો તમે તરછોડી નાખો છો અને નિશ્ચય હોય તો પકડો છો. કહેતા હતા ને પંડિતજી એક ફેરી. હાલે હાલે બધું. અપાસ્ત કરવું-તિરસ્કાર

કરવું-તરછોડવું. 'હેય ગણવું;...' શુભ-અશુભ બેયને હેય ગણવું. બેયને 'દૂર કરવું;...' બેયને 'છોડી દેવું.' સમજાણું કાંઈ?

**'શુદ્ધોપયોગવૃત્તિને આત્મસાત્...'** વૃત્તિ એટલે પરિણતિ. **'(આત્મરૂપ, પોતારૂપ) કરતા થકા શુદ્ધોપયોગ-અધિકાર શરૂ કરે છે.'** એ શુદ્ધ ઉપયોગ અધિકાર શરૂ કરે છે. શુભ અને અશુભને અત્યંત હેય કરીને શુદ્ધ ઉપયોગ તે પ્રાર્થનીય છે અને આદરણીય છે. **'તેમાં (પ્રથમ) શુદ્ધોપયોગના ફળને આત્માના પ્રોત્સાહન માટે પ્રશંસે છે :—'** શુદ્ધ ઉપયોગનું ફળ મોક્ષ છે એને વિશેષે ટેકો દેવા, ઉત્સાહ કરાવવા, આત્માના શુદ્ધ ફળને પહેલા પ્રશંસે છે. એ ગાથા ૧૩મી આવશે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૬, શુક્રવાર, તા. ૧૩.૯.૧૯૬૮**
**ગાથા-૧૩, ૧૪, પ્રવચન-૧૧**

अइसयमादसमुत्थं विसयातीदं अणोवममणंतं।
अव्वुच्छिण्णं च सुहं सुद्धुवओगप्पसिद्धाणं।।१३।।

**અત્યંત, આત્મોપન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને,**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગપ્રસિદ્ધને.** ૧૩.

**'ટીકા :- (૧) અનાદિ સંસારથી જે આહ્‌લાદ પૂર્વે કદી અનુભવાયો નથી...'** શુદ્ધ ઉપયોગ, આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત શુદ્ધ ઉપયોગરૂપી આચરણ ચારિત્ર એના ફળ તરીકે પરમ આનંદની પ્રાપ્તિ. આનંદ કેવો છે? કે અનાદિ સંસારથી નિગોદથી માંડીને **'જે આહ્‌લાદ પૂર્વે કદી અનુભવાયો નથી...'** સ્વર્ગમાં, શેઠાઈમાં, નારકીમાં અને પશુમાં. સમજાય છે કાંઈ? ચાર ગતિમાં ક્યાંય અનુભવ આવો આનંદનો થયો નથી. એવો **'આહ્‌લાદ પૂર્વે કદી અનુભવાયો નથી...'** સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ અહમેન્દ્ર હોય કે મિથ્યાદૃષ્ટિ આ શેઠિયા રાજાદિ હોય એ બધા દુઃખીયા છે એમ કહે છે. પૂર્વે કોઈ દિ' આ આનંદ જાણ્યો નથી, એણે અનુભવ્યો નથી એમ કહે છે.

**'એવા અપૂર્વ,...'** પૂર્વે કોઈ દિ' અતીન્દ્રિય આનંદ શું છે અમૃતસ્વરૂપ ભગવાન, એવો અનુપમ અપૂર્વ આનંદ **'પરમ અદ્‌ભુત આહ્‌લાદરૂપ હોવાથી...'** પરમ ઉત્કૃષ્ટ અને આશ્ચર્યભૂત આનંદરૂપ હોવાથી એનું શું કહેવું! કહે છે. ઓહોહો..! આત્માના શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થયેલો જે આનંદ મુક્તિનો એ આનંદની શી વાત કરવી! સમજાય છે કાંઈ? **'પરમ અદ્‌ભુત**

**આહ્‌લાદ...'** આહ્‌લાદ. તૃપ્ત-તૃપ્ત અમૃતથી જાણે સિંચાઈ ગયો છે આખો આત્મા, એવી જેની દશા એ શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થાય છે. '**અતિશય,..**' છે. એને લઈને અતિશય-વિશેષપણું છે એમ કહે છે. આવા અપૂર્વ આનંદના આહ્‌લાદને લઈને એ સુખની વિશેષતા છે. કહો, મગનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી સુખ. ક્યાં સુખ હતું? દુઃખમાં સળગી રહ્યા છે. શુભભાવ પણ જ્યાં ભઠ્ઠી છે, કષાય છે કે નહિ? કષાય છે કે નહિ? તો અશુભભાવ તો કષાય અગ્નિ છે તીવ્ર. શેઠે કહ્યું નહિ? દુઃખી કહે છે અત્યારે, અંદર હજી માને છે કે નહિ એ તો આગળ વાત છે જરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ત્યાં આનંદ, મઝા માને છે એ માન્યતા ખોટી છે એમ કહે છે. ભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા આનંદની ખાણ છે. એને શુદ્ધ ઉપયોગ દ્વારા આનંદની પ્રાપ્તિ કરી છે અંદરથી ખેંચીને, એ આનંદનું શું કહેવું! આહા..હા..! અમૃતનો સરોવર ભગવાન હતો એના ઉપર દૃષ્ટિ, જ્ઞાન અને શુદ્ધ ઉપયોગની રમત કરીને જેણે પરમ આનંદની પ્રાપ્તિ પર્યાયની કરી છે એ અનાદિ સંસારમાં કોઈ દિ' આહ્‌લાદ આવ્યો નહોતો. સમજાણું કાંઈ? એથી એને અતિશય કહે છે. ખાસ વિશેષ સુખરૂપ દશા. જે સુખદશા અનંતકાળમાં કોઈ દિ' પ્રગટ કરી નહોતી.

'(૨) **આત્માને જ આશ્રય કરીને** (સ્વાશ્રિત) **પ્રવર્તતું હોવાથી 'આત્મોત્પન્ન'...'** શબ્દ છે જુઓ! કેવો આનંદ છે એ? કે આત્માને જ આશ્રય કરીને. આનંદ પ્રભુ છે આત્મા એનો આશ્રય કરીને આનંદ જેને પ્રગટ થયો છે. કોઈ વિકલ્પ કે કોઈ નિમિત્ત કે બહારના સાધનથી એ થયું નથી. '**આત્માને જ આશ્રય કરીને...**' તો એમ કહોને ભાઈ! એ આનંદ કથંચિત્ પરને આશ્રયે અને કથંચિત્ સ્વને આશ્રયે (પ્રગટ થાય), તો અનેકાંત થાય. અનેકાંતની વ્યાખ્યા. અનેકાંતની ગડબડી કરી દીધી છે તમે, કહે છે. અરે..! ભાઈ! અનેકાંત એમ ન હોય. અનેકાંત તો આ છે. પરમાત્મા પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર છે આત્મા, નિત્યાનંદ મૂર્તિ છે, એનું શુદ્ધ ઉપયોગનું આચરણ કરી, શુદ્ધ ઉપયોગમાં પણ આનંદ આવ્યો, પણ એના ફળ તરીકે આનંદ તો એકલા આત્માને જ આશ્રયે હોય છે. એકાંત આત્માને આશ્રયે હોય છે એમ. અનેકાંત એમાં ન હોય, વળી આત્માને આશ્રયે થોડો સિદ્ધને આનંદ આવ્યો અને થોડો પરને આશ્રયે આવ્યો એમ છે કાંઈ? પણ વિષયનું સુખ એને નથી એટલા તો દુઃખી છે કે નહિ? એમ કહે છે કેટલાક. માટે કથંચિત્ સુખ અને કથંચિત્ દુઃખ. એ કઈ અપેક્ષાએ વાત છે? એને નથી એમ એ અપેક્ષાએ કહેવું છે.

મુમુક્ષુ :- દુઃખ છે માટે...

ઉત્તર :- નથી. સુખ આ સુખપણું જે દુઃખ છે એ એને નથી એ અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ?

'**આત્માને આશ્રય કરીને પ્રવર્તતું હોવાથી...**' જુઓ! ભગવાન આત્મા શક્તિરૂપ જે આનંદ છે અંદર, એની શુદ્ધ ઉપયોગની એકાગ્રતા દ્વારા જેણે આત્માના આશ્રયથી ઉત્પન્ન કર્યું છે એવો આનંદ છે. કહો, જયંતિભાઈ! આ પૈસાને આશ્રયે, છોકરાને આશ્રયે, ધૂળને આશ્રયે માને છે ને? મહેલને આશ્રયે, મોટું મકાન કરે છ લાખનું, દસ લાખનું. પછી વાસ્તુ કરે. ઓહો..હો..! વાજા વાગે ને ગાજા વાગે. ધૂળેય નથી સાંભળને હવે.

મુમુક્ષુ :- વાજા તો વાગે છે.

ઉત્તર :- એમ નહિ, વાજા વાગે જાણે આમ ચારેકોરથી ખાવા-પીવાના હોય એકકોર, એકકોર વાજા વાગે, એકકોર હારમોનિયમ વાગે. સમજ્યાને? એકકોર ફોનોગ્રાફ વાગતું હોય. જાણે ઓહો..હો..! શું છે સુખના નિમિત્તો! ધૂળનાય નથી સાંભળને. એ તો બધા અગ્નિની જ્વાળાના નિમિત્ત છે. કારણ કે પરાશ્રયભાવ છે એ બધો. આ આત્મા વસ્તુ આખી દ્રવ્ય છે, પદાર્થ છે, સત્ છે, સત્નું શરણ છે. એવું સત્નું જ્યાં શરણ લીધું, કહે છે કે એ શરણને લઈને આત્માને જ આશ્રયે પરમાનંદ પ્રાપ્તિ થાય છે. સિદ્ધની, મોક્ષની પ્રાપ્તિ આત્માને આશ્રયે છે. કહો, પુણ્યને આશ્રયે, વિકલ્પને આશ્રયે, વ્યવહારને આશ્રયે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્માને જ...**' શબ્દ છે ને? 'જ' છે ને? લ્યો! ... ત્યાં નાખ્યું જ. '**आत्मानम एव**' એમ શબ્દ છે ને સંસ્કૃતમાં? '**आत्मानम एव आश्रितः**' અહો..! ભગવાન આત્મા જ્ઞાનથી લ્યો તો જ્ઞાન વ્યાપક છે, આનંદથી લ્યો તો આખો આત્મા આનંદસ્વરૂપ જ છે. અતીન્દ્રિય આનંદનું સત્ત્વથી ભરેલું તત્ત્વ એનો આશ્રય લઈને, એને આશ્રયથી જ પરમ આનંદ શક્તિમાંથી વ્યક્તરૂપ થઈ ગયો છે. એને આનંદ કહેવામાં આવે છે. શુદ્ધ ઉપયોગના ફળ તરીકે આવો આનંદ (પ્રાપ્ત થાય છે). એટલે શુભ ઉપયોગીને પ્રોત્સાહન આપે છે, ઉત્સાહ આપે છે કે ભાઈ! આ શુદ્ધ ઉપયોગ કરવા જેવો છે. એના ફળ તરીકે આ જ વસ્તુ મળશે. શુભ અને અશુભ કરવા જેવો નથી. પહેલી વાત આવી ગઈ પછી આ વાત કરે છે ને. સમજાણું કાંઈ?

'(૩) **પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ તથા સંકલ્પ-વિકલ્પના આશ્રય...**' દેખો! પાંચ ઈન્દ્રિયના વિષય લીધા. પરાશ્રયથી નિરપેક્ષ છે. જે અતીન્દ્રિય આનંદ આત્માના સ્વભાવને આશ્રયે પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનમાં પણ આનંદ છે, સમ્યગ્જ્ઞાનમાં પણ આનંદ છે, શુદ્ધ ઉપયોગમાં પણ આનંદ છે. પણ એના ફળ તરીકે આનંદ તો પૂર્ણાનંદ છે એમ કહે છે. કહો, આ શુદ્ધ ઉપયોગ તે ધર્મ છે, ધર્મ તે ચારિત્ર

છે, ચારિત્ર તે સામ્યભાવ છે અને એ સામ્યભાવનું ફળ આ આનંદ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી...**' એ સ્પર્શને આશ્રયે નથી. આ સુંવાળું એના આશ્રયે થાય છે ને કલ્પના? એ તો દુઃખ છે. પરાશ્રયે આત્માનો આનંદ નથી. રસ આશ્રયે નથી. કહો, દૂધપાક ને શું કહેવાય? કેરીના રસ ને. સમજાય છે? લે રસથી તો આહા..હા..! ગુલ્લાને શું કહેવાય? રસગુલ્લા. હોય છે કે નહિ? હોય છે તમારે દૂધના ધોળા? એમાં વળી બદામ ને પિસ્તા નાખ્યા હોય સરખા લઢીને. ઓહો..! ધૂળેય નથી કહે છે, સાંભળને. એ તો વિકલ્પ છે, દુઃખ છે. આ તો રસને આશ્રયે નહિ ઉત્પન્ન થયેલો, આત્મરસને આશ્રયે ઉત્પન્ન થયેલો આનંદ છે. સમજાણું કાંઈ? ઓલા સ્પર્શને આશ્રયે નહિ, આત્માના સ્પર્શથી આવો થયો છે આ. રસને આશ્રયે નહિ, આત્માના રસથી ઉત્પન્ન થયેલો છે.

એ ગંધ નહિ. કોઈ સુગંધ આદિ હોય ને આ ગજરા ને બજરા ને ચારેકોર ઝાડ. ઝાડ શું કહેવાય એ? ફૂલઝાડ. આહા..હા..! મહક... મહક... મહક.. અંદર થાતું હોય. એને લઈને થાય એ તો દુઃખ છે. આ તો આત્માના અંદરની વાસના—ગંધમાંથી સુખ આવ્યું છે. સમજાણું કાંઈ? અને રંગ-રંગ-વર્ણ. એ રંગને આશ્રયે નથી. આત્માના રસના રંગના આશ્રયે છે. આત્મા અંતરના આનંદમાં રંગાઈ ગયો એને લઈને નિર્વાણપદ છે. રંગને લઈને નથી. આ રૂપાળો રંગ લાગે, ધોળું શરીર લાગે આમ માખણ જેવું. ધૂળેય નથી, સાંભળને. કીડા પડ્યા છે ત્યાં તો રાગના. સમજાણું? રાગનો કીડો સળગે છે બાપા! આહા..હા..! અંદર ગુમડું મોટું થયું હોય ને પછી ઝીણી ઈયળું થાય ને અંદરમાં, એ પકડાય નહિ, કઢાય નહિ, ઊંડી જ્યાં નાખવા જાય ત્યાં સમજ્યાને આકરું પડે. ઓલું શું કહેવાય? વાટ-વાટ. આહા..હા..! અને ગદગદી ગયું હોય, ઊંડું ગયું હોય ચાર-પાંચ... એમાં સાથળ જેવું શરીર હોય એટલે વચ્ચે જાડું. એટલે એમાં ઊંડો સરિયો નાખે તો રાડ નાખે. ઓલી વાટ નાખે તો રાડ નાખે. થાય છે કે નહિ? પેટમાં હોય છે ને પેટમાં પરુ થઈ જાય. પરુ સમજ્યાને? ખુન-ખુન. પરુ નહિ? પરુ નથી સમજતા? પિત્ત થાય છે અંદરમાંથી કાઢે. અમારે જીવણલાલજીને થાતું હતું. આમ નાખે ઓલું સાફ કરવા. કાણું પડી હોય ને કાણું. નાખે. એક તો અંદર માંસ હોય એમાં ગુમડું સડી ગયું હોય, ગલગલી ગયું હોય એમાં ઈયળું પડી હોય અંદર. આહા..હા..! એ કાઢી જાય નહિ, વીણી જાય નહિ, એ ચમચા નાખે તો ઘોદા વાગે અંદર. જુઓ આ રસ એની પીડા. કહે છે કે એને આશ્રયે નથી આ સુખ. એને આશ્રયે ત્યાં કલ્પના દુઃખ હતું એ કાંઈ એનું છે નહિ વર્ણન.

શબ્દનો આશ્રય નથી લ્યો! આ પ્રશંસા શબ્દ કહે તમે તો મોટા વડા, અભિનંદનના મોટા પૂંછડા આપે ત્યાં આહા..! પેટ ભરાઈ જાય એનું. ઊંચો આમ થઈ જાય જરીક. મોટો જાણે થઈ ગયો માટે અભિનંદન આપે છે. મરી ગયો છે સાંભળને હવે, ત્યાં અભિનંદન

શું છે? એના લક્ષમાં તો આકુળતા છે એમ કહે છે. આ તો શબ્દને આશ્રયે નથી. કોઈ શબ્દનો આશ્રય જ નથી એવો આત્માને આશ્રયે થયેલો. આ પાંચ પ્રકારના શબ્દ, રૂપ, રસ, ગંધને આશ્રયે નહિ એવો નિરપેક્ષ એમ કહેવું છે. છેવટે મનની વાત લીધી. પાંચ લીધા.

**'સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું...'** હવે ઓલા મનમાં સંકલ્પ-વિકલ્પ કરે છે ને કે આ સારું છે, આ ઠીક છે ને આ ધૂળ છે. આહા..હા..! આ બંગલો. એ સંકલ્પ-વિકલ્પ વિનાના પરાશ્રય વિનાનું આ તો સુખ છે.

મુમુક્ષુ :- આ કે દિ'ની વાત છે?

ઉત્તર :- આ આત્માની વાત કરે છે, કે દિ'ની શું? મોક્ષની, શુદ્ધ ઉપયોગની, અરે..! સમ્યગ્દર્શનમાં છે એમ કહે છે, સાંભળને. એ શરૂઆત અંશ છે. અહીં તો પૂર્ણ બતાવવું છે ને, ચારિત્રનું ફળ બતાવવું છે ને. સમજાણું કાંઈ? ચારિત્ર એ સંકલ્પ-વિકલ્પ વિનાની ચીજ છે. એના ફળ તરીકે પણ પૂર્ણ સ્વરૂપ મોક્ષનું પરાશ્રય વિનાનું છે. બિલકુલ પરાશ્રય. એકલો ભગવાન આત્મા આનંદ સ્વરૂપના શુદ્ધ ઉપયોગનું આચરણ કરી, જેને આવો સ્વ-આશ્રય પરથી નિરપેક્ષ અપેક્ષા વિનાનું સુખ પ્રગટ થયું છે.

**'સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી) 'વિષયાતીત',... '** છે. લ્યો! વિષયથી અતીત છે. પરનો વિષય એમાં નથી. ભગવાનનો વિષય છે એમાં. આ આનંદમાં તો આત્માનો વિષય છે. સમજાણું કાંઈ? જુઓ! આ મોક્ષના સુખને કારણરૂપે જે છે શુદ્ધ ઉપયોગ એને પ્રશંસે છે. શુદ્ધ ઉપયોગ છે ને. અંદર લખ્યું જુઓ! નિષ્પન્ન થવું આવશે ને. ક્યાં આવ્યું? અન્વયાર્થમાં. નિષ્પન્ન છે ને અન્વયાર્થમાં જુઓ! એમાં **'નિષ્પન્ન થવું = નીપજવું; ફળરૂપ થવું; સિદ્ધ થવું. (શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા એટલે શુદ્ધોપયોગરૂપ કારણથી કાર્યરૂપ થયેલા)'** નીચે છે. પહેલા શબ્દમાં છે ને અન્વયાર્થ **'શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા...'** આત્માના દર્શન-જ્ઞાનસહિત શુદ્ધ આચરણરૂપી ઉપયોગ, શુદ્ધ આચરણરૂપી ઉપયોગ ચારિત્ર એનાથી પ્રાપ્ત. શુદ્ધોપયોગ કારણ છે અને આત્માનો પૂર્ણ આનંદ મોક્ષ એ કાર્ય છે. કહો, શુદ્ધ ઉપયોગ કારણ છે મોક્ષને માટે. શુભ ઉપયોગ કારણ નથી. આહા..હા..! વિષયાતીત છે.

હવે અનુપમ છે. લ્યો! સવારમાં આવ્યું હતું આપણે. સિદ્ધગતિ અનુપમ છે આવી હતી ને? એને કોઈ ઉપમા નથી. અનુપમ છે. **'ध्रुवमचलमणोवमं'** એની ઉપમા એને. બીજાની ઉપમા લાગુ પડતી નથી. એવી **'અત્યંત વિલક્ષણ હોવાથી (અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન...'** આ ઇન્દ્રના સુખો, ઇન્દ્રાણીના સુખો, ભોગના સુખો, વાસનાના સુખો, ઝેરના સુખથી વિલક્ષણ સુખ છે આ. સમજાણું કાંઈ? **'અત્યંત વિલક્ષણ...'** અત્યંત વિલક્ષણ એમ પાછું. સંસારીના જેટલા સુખો કહો એનાથી તદ્દન વિપરીત લક્ષણવાળું છે. **(અર્થાત્ બીજા સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું હોવાથી) 'અનુપમ',...'** છે. એ સુખને શું

ઉપમા દેવી! આહા..હા..! આત્માને આશ્રયે પર વિના ઉત્પન્ન થયેલું સહજાનંદ મૂર્તિ પ્રભુ, પોતાની દશાને પ્રાપ્ત થયો, જે હતી તેની ઉપલબ્ધિ કરી એ સુખને ઉપમા શું દેવી! કહે છે. સમજાણું કાંઈ? માટે શુદ્ધ ઉપયોગના કરનારને ઉત્સાહ આપીને ઉત્સાહનો વધારો કરે છે.

હવે કહે છે '(૫) **સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી અનંત',...**' છે. લ્યો! '**સમસ્ત આગામી કાળ...**' લ્યો! સમસ્ત એટલે? આજથી જેટલો કાળ છે, અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત. અનંત અનંત પુદ્‌ગલપરાવર્તન, ભૂતકાળ કરતા પણ અનંતગુણો. જ્યારથી આત્માનો આનંદ પ્રાપ્ત મુક્તિ થઈ એ કેટલો કાળ રહેવાનો? કે '**સમસ્ત આગામી કાળ...**' આખો ભવિષ્યકાળ એમ. એ આખો ભવિષ્યકાળ સુખ રહેવાનું માટે અનંત છે. સમજાણું કાંઈ? અહીં તો એક પાંચ-પચ્ચીસ વર્ષ કાંઈક દેખે રૂપિયા પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ એમાં જરી માને. વળી ગયા ત્યાં એય..! ગરીબ છે બિચારા. હાય.. હાય.. અરે..! જુવાનીમાં દુઃખ આવ્યા હોત તો સહન થાત પણ હવે વૃદ્ધાવસ્થાએ આવ્યા. વળી એમ કહે. અવસ્થા થઈ જાય ૬૦, ૬૫, ૭૦. યુવાનમાં હોય તો અમે..

મુમુક્ષુ :- ઘડપણમાં આવ્યા હોય તો ઘડપણમાં આવ્યા એમ જ કહે ને.

ઉત્તર :- પણ એમ કહે કે જુવાનમાં આવ્યા હોત તો સહન થાત, ઘડપણમાં હવે સહન થતા નથી એમ કહે કેટલાક. પહેલી ઠીક હોય સ્થિતિ એમાં જો ૬૦-૬૫ થાય તો બધું વિંખાઈ જાય. પૈસા ન મળે, બાયડી ન હોય, છોકરા મરી જાય અને એકલા રહે. પૂરું થઈ જાય. સમજાણું કાંઈ?

એક જણો કીધું ને. બાર જણા હતા. અહીંથી ગયો હતો એકલો મુંબઈ. ૪૮ વર્ષે આવ્યો એકલો પાછો. બાર થઈ ગયા હતા. ભાવનગરના હતા. ઓલા કામદારના બનેવી નહિ? બનેવી. ૮૧માં કહેતો હતો, એકલો ગયો હતો. એમાં પછી બાયડી, એના છોકરા, સોપારીની મોટી દુકાન, વેપાર, પૈસા બધું થયું. આવ્યો તો પાછું બધું મૂકીને એમ ને એમ એકલો. કાંઈ નહિ. બધા ઉપડી ગયા અને દુકાન પણ ખલાસ થઈ ગઈ. નિર્ધન થઈ ગયા હતા. રાતી પાઘડી બાંધતા હતા, નહિ? ૮૧માં કહેતા હતા. એ તો બહારની સ્થિતિની મુદ્દત છે. આ તો આગામી સમસ્ત કાળ સુખ રહેશે. આહા..હા..!

તું ત્રિકાળ છો કે નહિ? અને ત્રિકાળમાંથી આવેલું એમ ને એમ દ્રવ્ય કાયમ રહે તો એની પર્યાય પણ એમ ને એમ રહેશે. આગામી સમસ્ત કાળ. ભાષા કેવી વાપરી જોઈ! '**સમસ્ત આગામી કાળ...**' એમ. એમાં ક્યાંય તૂટ પડે એવું નથી. આહા..હા..! દ્રવ્યને તૂટ પડે? દ્રવ્ય તૂટી જાય ક્યાંય? એમ દ્રવ્યમાંથી પ્રગટ્યું સુખ એ કાંઈ તૂટી જાય? દ્રવ્ય છે ત્યાં સુધી અનંત આનંદની તૃપ્તિ... તૃપ્તિ... તૃપ્તિ... આગામી સમસ્ત કાળ અનંત આનંદને

પામે છે.

'(૬) **અંતર પડ્યા વિનાનું પ્રવર્તતું હોવાથી...**' લ્યો એ. અહીં આતરો પડી જાય. સંસારમાં ઘડીક્માં આવે, વળી ઘડીકમાં વયુ જાય. પૈસા હોય તો વળી શરીરમાં રોગ હોય, રોગ હોય તો... વળી બાયડી અનુકૂળ હોય ને મરી જાય, પછી ૪૦ વર્ષે બીજી થાય નહિ. કેટલા સુખના આંતરાનો પાર ન મળે. કાંઈક સરખું થાય છોકરા-બોકરા ત્યાં બાયડી મરી જાય ૪૦ વર્ષે. હાય હાય હવે? બીજી થાય નહિ. છોકરા બીજી પરણવા દે નહિ જુવાનિયા. એ બધું એવું છે સંસારની સ્થિતિ. આ તો આત્મા વચ્ચે તૂટ ન પડે-તૂટ નહિ એમ કહે છે જુઓ! '**અવિચ્છિન્ન.**' આહા..હા..! '**અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી...**' એ આ બધી મોક્ષના સુખની, આનંદની પર્યાયનું વર્ણન કરતા એને ચારિત્રની પ્રશંસા કરે છે. બાપુ! આવા ચારિત્રના ફળ તો આવા છે. સમજાણું કાંઈ? અને ચારિત્ર જ ખાસ મોક્ષનું કારણ છે. દર્શન-જ્ઞાન તો એનું કારણ છે. ચારિત્રનું કારણ દર્શન-જ્ઞાન અને મોક્ષનું કારણ ચારિત્ર. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી...**' પ્રવર્તતું હોવાથી પાછું. આંતરો પડ્યા વિના એમ ને એમ પ્રવર્તતું રહેતું હોવાથી '**અવિચ્છિન્ન—આવું શુદ્ધ ઉપયોગથી નિષ્પન્ન...**' લ્યો! નીચે કર્યું હતું એ. નિષ્પન્ન કીધું છે ને? અર્થ કર્યો હતો ને? '**આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન...**' શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત. ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ એના શુદ્ધ ઉપયોગના આચરણથી પ્રાપ્ત એવા '**આત્માઓનું સુખ છે માટે તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે...**' લ્યો! કથંચિત્ સુખ પ્રાર્થનીય છે અને કથંચિત્ નથી એમ અનેકાંત છે?

મુમુક્ષુ :- સર્વથા સુખ હોય તોપણ નથી.

ઉત્તર :- હા, સર્વથા સુખ છે આ. બિલકુલ સર્વથા સુખ. સિદ્ધને બિલકુલ સર્વથા સુખ છે. કથંચિત્ દુઃખ બિલકુલ છે જ નહિ. સમજાણું કાંઈ? એમાં હોય એનું અનેકાંત હોય કે એમાં ન હોય એનું અનેકાંત હોય? સુખ છે અને દુઃખ નથી.

મુમુક્ષુ :- એમ અનેકાંત ન કરો.

ઉત્તર :- એમ અનેકાંત છે. ન કરે શું? ઓલા કહે, થોડો ફુદડીવાદ કરો થોડો અંદર. તેથી કીધું ને. શબ્દ શું આચાર્યે કીધા જુઓને. 'સર્વથા' શબ્દ વાપર્યો છે ને. જુઓ! '**સર્વથા પ્રાર્થનીયમ્**' દેખો અમૃતચંદ્રાચાર્યના પાઠમાં. સર્વથા તે વાંછવાયોગ્ય છે. આત્માનો આનંદ પૂર્ણ મુક્તિ તે જ વાંછવાલાયક છે. બીજી કોઈ ઈચ્છવા અને પાર્થના કરવા લાયક છે નહિ. સમજાણું કાંઈ? થોડા સ્વર્ગમાં રહીએ, સુખ ભોગવીએ પછી (મોક્ષસુખ મળશે). ત્યાં ધૂળમાંય (સુખ) નથી કહે છે. સમજાણું કાંઈ? ભવનો ભાવ, એ ભવનો ભાવ કરવાનો ભાવ જ મિથ્યા જ છે. ભવનો અભાવ કરવાનો ભાવ દર્શન, જ્ઞાન અને શુદ્ધ ઉપયોગથી તેનું નામ મોક્ષનો માર્ગ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ કોઈ કહેને કે ભાઈ બીજાનું ભલું થતું

હોય તો ભલે અમારે એક ભવ વધે. મૂઢ છો. બીજાનું ભલું કાંઈ તારાથી થાતું હશે? ભલે અમારે એક અવતાર લેવો પડે. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ બીજાને સારું કેટલું લાગે. આપણા માટે ભવ કરે તો આપણો ઉદ્ધાર કરવા જન્મશે. આપણો ઉદ્ધાર કરવા. એ ગરીબોનો બેલી.

મુમુક્ષુ :- અમર નામ થઈ ગયા.

ઉત્તર :- અમર થઈ ગયા નામ. ધૂળેય નથી અમર. મરી ગયા છે બધા. નામ કોના અમર થાય? ધૂળના?

અહીં તો કહે છે, એક જ આત્માનો આનંદ શુદ્ધ ઉપયોગથી પ્રગટ કરવા જેવો છે. બાકી મુક્તિ પ્રગટ કરો એમ કહે છે. ભવ કરવા જેવો નથી. એકેય ભવની ભાવના હોઈ શકે નહિ. ભવનો ભાવ તો રાગ છે અને રાગની ભાવના તો મિથ્યાદૃષ્ટિની હોય. સમજાણું કાંઈ? એમ કહે છે. '**તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે (અર્થાત્ સર્વ પ્રકારે ઈચ્છવાયોગ્ય છે).**' લ્યો! ૧૩મી થઈ.

હવે એ શુદ્ધ ઉપયોગની વ્યાખ્યા કરે છે. જુઓ! આમાં પણ વાંધા ઉઠાવે છે. શુદ્ધ ઉપયોગ તો... આ ૧૪મી ગાથામાં, શુદ્ધ ઉપયોગ આઠમે, નવમે, દસમે હોય, નીચે ન હોય. મોક્ષ થવો એને હોય, તરત થવો હોય એને હોય એ બધી. આ ૧૪મી ગાથાનો અર્થ ઉતારે છે. અહીં તો શુદ્ધ ઉપયોગી મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે. પાછળમાં કહ્યું નથી? ૨૭૨. ૨૭૨ ગાથામાં શુદ્ધ ઉપયોગી મુનિને મોક્ષતત્ત્વ જ કહ્યું છે. ૨૭૨ છે, આગળ આવશે. પાંચ ગાથાઓ છે ને. ૨૭૧ સંસારતત્ત્વ, ૨૭૨ મોક્ષતત્ત્વ, સાધનતત્ત્વ એમ આવે છે ને? એ બધું શુદ્ધને હોય. દર્શન-જ્ઞાન શુદ્ધને હોય, મોક્ષ શુદ્ધને હોય, સાધુપણું શુદ્ધને હોય એ બધું આવે. ૨૭૪ અને ૨૭૫માં છેલ્લો સરવાળો આવે છે.

'**હવે શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ નિરૂપે છે :—**' એ શુદ્ધ ઉપયોગે થયેલા, શુભનો અભાવ કરીને શુદ્ધરૂપે પરિણમેલા એવા સંતો શુદ્ધ ઉપયોગી સાધુ એનું સ્વરૂપ કહે છે.

सुविदिदपयत्थसुत्तो संजमतवसंजुदो विगदरागो।
समणो समहुहदुक्खो भणिदो सुद्धोवओगो इत्ति।।१४।।

**સુવિદિતસૂત્રપદાર્થ, સંયમ તપ સહિત, વીતરાગ ને,**
**સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪.**

આવા જીવને શુદ્ધ ઉપયોગી ભગવાન પરમાત્મા કહે છે. લ્યો આ મુનિની વ્યાખ્યા છે આ. મુનિ આવા હોય. પાંચમા આરાના મુનિ પણ આવા હોય એમ કહે છે. સમજાણું કાંઈ? એય..! શેઠ! શેઠ કહેતા હતા ને. પાંચમા આરાની વાત ચાલે છે આ.

મુમુક્ષુ :- શેઠ એમ પૂછતા હતા, પાંચમો કે ચોથો? એમ પૂછતા હતા.

ઉત્તર :- પાંચમા આરાનું એ પૂછતા હતા. તે દિ' કહે, આ વાત ચોથા આરાની છે એમ કહેતા હતા ભાઈ. અહીં તો પાંચમા આરાવાળો એમ કહે છે.

મુમુક્ષુ :- કહે છે પાંચમા આરાવાળા.

ઉત્તર — પાંચમા આરાવાળા કહે છે અને પાંચમા આરાના સાધુ આવા હોય એમ કહે છે. એમ કે ચોથે આરે મોક્ષ હોય ને ત્યારે આવા હોય એમ. અત્યારે મોક્ષ નથી. મોક્ષ જ છે, સાંભળને. સમજાણું કાંઈ? સાધુ જ આવા હોય. શુદ્ધ ઉપયોગીને સાધુ કહ્યા છે. ૭૪માં આવે છે ને. ૭૪ નહિ છેલ્લી ૨૭૪. શુદ્ધને દર્શન કહ્યું, શુદ્ધને જ્ઞાન કહ્યું, શુદ્ધને ચારિત્ર કહ્યું, શુદ્ધને મોક્ષ કહ્યો, શુદ્ધને સિદ્ધ કહ્યા. સમજાણું કાંઈ?

'**ટીકા :- સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે...**' ભાષા જુઓ! સૂત્રો—ભગવાનના કહેલા પ્રવચનો, સૂત્રો એના અર્થના જ્ઞાનબળ વડે '**સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં...**' સમર્થ હોવાથી એમ લેવું. કેવા છે મુનિઓ શુદ્ધ ઉપયોગી? જેને મુક્તિ પ્રાપ્તિ થાય એના કારણરૂપ શુદ્ધ ઉપયોગી જીવની શું દશા હોય છે? કે '**સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પરિજ્ઞાનમાં...**' દેખો! જ્ઞાનનું બળ એ આવ્યું કે સ્વદ્રવ્યને અને પરદ્રવ્યને વહેંચી નાખે છે. સમજાણું કાંઈ? '**પૂરું જ્ઞાન; જ્ઞાન.**' છે ને નીચે? જ્ઞાન. '**પરિજ્ઞાનમાં અને વિધાનમાં સમર્થ હોવાથી...**' સૂત્રોના અર્થના. સૂત્રોના અર્થ એવા હોય છે કે જે જ્ઞાન સ્વપરની વહેંચણી કરે. સ્વપરની વહેંચણી કરે એ સૂત્રનો અર્થ છે અને એ અર્થનું જેને એવું જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? સૂત્રોમાં એ કહેવામાં આવ્યું છે. સ્વ-પરનો ભાગ પાડ, વહેંચણી કર એ સૂત્રમાં કહ્યું છે. સમજાણું કાંઈ? રાગાદિ પર છે, ભગવાન આત્મા સ્વ છે એવા સૂત્રના અર્થના, સૂત્રના અર્થના જ્ઞાનબળ વડે... એ સૂત્રમાં એ કહ્યું છે એના જ્ઞાનબળ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો વિભાગ... ભગવાન આત્મા જ્ઞાયક દ્રવ્ય છે, કર્મ અને શરીરાદિ પરદ્રવ્ય રાગાદિ છે, એના વિભાગના પરિપૂર્ણ જ્ઞાન, એના વડે સમર્થ હોવાથી... સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું ભિન્નપણું જાણ્યું હોવાથી એમ કહે છે જુઓ અર્થમાં. જેણે સ્વ ચૈતન્ય ભગવાન એ સ્વવસ્તુ છે. રાગ, કર્મ, શરીરાદિ પરવસ્તુ છે. એવું જેને સૂત્રના અર્થના જ્ઞાનબળ વડે આવું જ્ઞાન જેણે કર્યું છે. એવા શુદ્ધ ઉપયોગી મુનિ હોય છે. કહો, સમજાણું કાંઈ?

અને શ્રદ્ધાનમાં... સૂત્ર અર્થના જ્ઞાનબળ વડે વિભાગના શ્રદ્ધાનમાં... એ વિભાગના શ્રદ્ધાનમાં એમ કહે છે. શુભ ઉપયોગ આદિ પર અને સ્વભાવ સ્વ. એવા વિભાગના શ્રદ્ધાનમાં '**સમર્થ હોવાથી...**' ભેદજ્ઞાન કરવામાં સમર્થ છે. એ ભેદ-શ્રદ્ધા કરવામાં પણ સમર્થ છે. બેને ખીચડો કરવામાં નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પણ આમ હોય છે. આ તો મુનિઓના ચારિત્રની વાત ચાલે છે. ચારિત્ર પહેલા દર્શન-જ્ઞાનમાં આવું હોય છે. હવે એની સાથે શુદ્ધ ઉપયોગીને આવું જ્ઞાન-દર્શન હોય છે. અને શુદ્ધ ઉપયોગ ન હોય એને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આવી શ્રદ્ધા અને જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? અહીં તો ત્રણ જુદા લેવા છે ને. જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર. તો હવે દર્શન-જ્ઞાનનું સ્વરૂપ શું? દર્શન-જ્ઞાનનું સ્વરૂપ શું? એ તો ચોથાવાળાને હો કે પાંચમાવાળાને હો કે મુનિને હો.

**'સૂત્રના અર્થના જ્ઞાનબળ વડે...'** જેણે સ્વપરનો ભાગ નિર્ણય કર્યો છે. સ્વપરના ભાગનું સાચું જ્ઞાન કર્યું છે. એવો તો સમકિતીને ચોથે ગુણસ્થાને પણ હોય. પણ અહીં તો હવે શુદ્ધ ઉપયોગ આચરણની વાત લેવી છે ને. મોક્ષના કારણરૂપ તો શુદ્ધ ઉપયોગ છે. સમજાય છે? **'સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના...'** વહેંચણીના શ્રદ્ધાનમાં **'સમર્થ હોવાથી...'** વિકલ્પ અને નિર્વિકલ્પ તત્ત્વની વહેંચણીમાં, શ્રદ્ધાનમાં સમર્થ છે અંદર. સમ્યગ્દૃષ્ટિ પણ સમર્થ છે, મુનિ પણ સમર્થ છે. પણ મુનિને ઉપરાંત કેટલું છે? સમજાણું કાંઈ? વિભાગ બે છે ને અમરચંદજી! બેને ભિન્ન પાડવા.

ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય શુદ્ધ નિર્વિકલ્પ (અને) વિકલ્પ આદિ પર—એને ભેદ પાડવામાં જેનું જ્ઞાન સૂત્રના અર્થના બળ વડે જેને પ્રગટ છે. આ ભાવ સમજીને અંતરથી પ્રગટ કર્યું છે અને સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના, વહેંચણીના ભેદજ્ઞાનના શ્રદ્ધાનને પ્રગટ જેણે કર્યું છે. સમજાણું કાંઈ? બેને એક માનતો નથી. શુભરાગ અને દેહની ક્રિયા એક, હું અને આ ક્રિયા (એક), જડની ક્રિયા મારાથી થાય અને મારાથી હાથ ઊંચો થાય. લ્યો હાથ ઊંચો કર્યો, એક જણો અહીં કહેતો હતો. એવું ત્યાં ચાલ્યું હતું. અહીં કહેતો હતો ૮૭માં એક. .. ત્યાં કહ્યું હતું એક ૮૭માં. વકીલ. આ નહિ? ચીમનલાલ. લ્યો હાથ ઊંચો કર્યો. અહીં છે ને, વકીલ છે ને ત્યાં. આ હાથ ઊંચો કર્યો. કીધું, શું હાથ ઊંચો કર્યો? હાથ ઊંચો કેમ થયો એ જોયું છે તમે? ખબર છે તમને? જ્ઞાન અંદર શું કામ કરે છે? શરીર શું કામ કરે છે એની ખબર છે તમને કે હાથ મેં ઊંચો કર્યો? આંધળી દોડની વાત છે, કીધું, આ. સમજાય છે? માંસ ખાતો ન હોય અને કહે કે લ્યો આ. એવું તમે કીધું. ક્ષુધા હોય ને ક્ષુધા. ક્ષુધા લાગી હોય ને માંસ ખાય માંસ. દુઃખ મટી જાય. મટે છે કે નહિ? મટતું નથી? મટે છે કે નહિ? જુઓ! અમે કહીએ છીએ મટે છે જુઓ. ક્ષુધા, તૃષા. પણ એ ક્ષુધાની તૃપ્તિ થઈ, ભૂખ મરી ગઈ કે નહિ? હવે તને લાગ્યું, સાંભળને. મોટું પાપ લાગ્યું છે એમાં તને. એ તો શાતાના ઉદયને લઈને છે. શાતાના ઉદયને લઈને એ જાતનું જરી પચી ગયું. તું એમ કહે કે લ્યો મેં આ ખાધું તો દુઃખ મટી ગયું. મરી જઈશ. મેં હાથ ઊંચો કર્યો. નથી કર્યો તેં, સાંભળને. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે બેની વહેંચણી કરી નાખી છે મુનિઓએ. સમજાણું? હાથની ક્રિયા આત્મા કરી શકતો નથી.

રાગનો પણ આત્મા કર્તા નથી. એ વાંધો આવ્યો ઓલી ૭૫મી ગાથા ચાલતી હતી ને. ફૂલચંદજી. અહીં તો ઓલા પ્રશ્ન કરે, જુઓ જ્ઞાની સમકિતી રાગ કરે કે નહિ? વ્યવહાર કરે કે નહિ? વ્યવહાર એને હોય કે નહિ? એ કરે કે નહિ? હવે સાંભળને. વ્યવહારથી જેણે જુદું પાડ્યું છે એવું જ્ઞાન ઈ કરે, વ્યવહારથી જુદી પાડી એવી શ્રદ્ધા કરે. વ્યવહાર હોય પણ હોય તે એનાથી ભિન્ન પાડવાની શ્રદ્ધા કરે છે. વ્યવહારને કરતો નથી. વ્યવહારને કરે તો બેય એક થઈ જાય ચીજ. નિશ્ચય અને વ્યવહાર બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? હોય છે. હોય છે તો આખી દુનિયા હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને હજી જ્ઞાન-શ્રદ્ધાના ઠેકાણા નથી એ સાધુપણું માની લે અને સાધુ બીજાને માની લે કે આ સાધુ છે અને આ ક્રિયા કરે છે માટે આવો છે. ધૂળમાંય નથી. હેરાન થઈને મરી જશે ચોર્યાસીના અવતારમાં. બાપુ! આ કાંઈ પોપાબાઈના રાજ નથી કે ચાલે. આ તો માર્ગ વીતરાગનો છે. સર્વજ્ઞ પરમેશ્વર ઓહો..હો..!

કહે છે કે ભાઈ! શુદ્ધ ઉપયોગી મુનિ કેવા હોય છે? ચારિત્રવંત સંતો કેવા હોય છે? કે જેને સ્વપરના વિભાગનું બળ હોય છે જ્ઞાનનું, સ્વપરના વિભાગનું શ્રદ્ધાનું બળ હોય છે. વિભાગનું બળ હોય છે. એકનું બળ છૂટી ગયું છે એમ કહે છે. હું શુભ કરું છું, દેહની ક્રિયા હું કરું છું (એ) બળ તૂટી ગયું છે. ત્યારે એને સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ મારા શિષ્ય છે, આ મારા સેવા કરનારા છે. કહે છે કે એ શ્રદ્ધા-જ્ઞાનમાં જુદું પડી ગયું છે. સેવા-બેવા કોઈ નથી, શિષ્ય પણ અમારા નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આટલા બધા શિષ્યોને દીક્ષા શું કરવા આપે?

ઉત્તર :- કોણે દીધા? કાંઈ આપી નથી એણે. આપે શું? એણે કાંઈ આપી નથી, એ તો એને મળી છે એની મેળાએ એની પર્યાયમાં. એણે પ્રગટ કરી છે ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ કરતો નથી કાંઈ એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ વસ્તુ એમ છે. આ શિષ્ય શું કરવા કર્યા? એમ કહે છે. કર્યા જ નથી ને. કોણ કરે? આહા..હા..! વહેંચણી કરી છે ને. કોઈ દ્રવ્યથી મારું દ્રવ્ય તદ્દન જુદું છે. મારું કોઈ (નથી). શિષ્ય શું, કોઈ ગુરુ પણ મારો નહિ અને શિષ્ય પણ મારો નહિ, હું કોઈનો ગુરુ નહિ અને શિષ્ય નહિ. એય..! પોપટભાઈ! આહા..હા..! એવું તો સૂત્રના અર્થના જ્ઞાનના બળ વડે... સૂત્રમાં એમ કહેવાણું છે એના ભાવમાં એનું એને જ્ઞાન થયું છે. ભિન્ન છે. મન ભિન્ન છે, વિકલ્પ ભિન્ન છે, ત્યાં વળી પર તો ક્યાંય રહી ગયું. એવા શ્રદ્ધાના જ્ઞાનના બળ વડે સમર્થ હોવાથી...

ત્રીજું. વિધાનમાં હવે આવ્યું. હવે આચરણ. ચારિત્ર લેવું છે ને. એ આચરણ મુનિપણું લેવું છે ને. દર્શન-જ્ઞાનસહિતમાં પરના વિધાનમાં સ્વને, પરને જુદાં પાડીને સ્વના આચરણમાં સમર્થ હોવાથી. લ્યો! ભેદ પાડીને સ્વ '**વિધાનમાં સમર્થ હોવાથી...**' સમજાણું કાંઈ? લ્યો આ વિધાન. કહે છે ને વિધાન કરવું. વિધિ-વિધાન કરવું. વિધિ-વિધાન એટલે આ. સ્વરૂપમાં આચરણરૂપ શુદ્ધ ઉપયોગ તે એનું વિધાન છે. સમજાણું કાંઈ? વિધિ-વિધાન બહુ ચાલે આમાં. વિધિ કરીએ છીએ અને એનું વિધાન કરવું. વિધાનમાં ફેર પડવા ન દેવો. શ્વેતાંબરમાં બહુ ક્રિયા ને ઉપધાન ને ક્રિયા ને. થડ નીકળી જાય બિચારાનો. લાભ કાંઈ ન મળે. કેટલા ભગવાનને ખમાસણા દેવાના અને કેટલી વાર... જગજીવનભાઈએ કર્યું છે કે નહિ? કરેલું છે એણે. અગ્રેસર માણસ હોય એણે કર્યું હોય ને. કહો, સમજાણું કાંઈ?

કહે છે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યની મૂર્તિ આનંદકંદ જેણે વિકલ્પ ને પરથી ભિન્ન કર્યો છે જ્ઞાનબળ વડે, શ્રદ્ધાન બળે અને એનું વિધાન કર્યું છે. આ વિધાન. એ સ્વરૂપમાં ઠરવું તે આત્માનું મોક્ષનું વિધાન. સ્વરૂપનું અંતર આચરણ કરવું એ મોક્ષનું આચરણ. વિધાન કહો, આચરણ કહો, ચરિત્ર કહો, સ્થાનક કહો, શુદ્ધ ઉપયોગ કહો. આહા..હા..! સમજાણું કાંઈ? એનું એણે જ્ઞાન અને શ્રદ્ધા તો પહેલી કરવી પડશે કે નહિ? આવું હોય તો સાધુપણું હોય, નહિતર સાધુપણું હોય નહિ એમ કહે છે. આહા..હા..! અરે..! એણે વીતરાગને સાંભળ્યા નથી. રાગને સાંભળ્યો. પોતાની દૃષ્ટિએ બધું કલ્પી નાખ્યું કે આવું હોય. આ બહાર છોડ્યું. બાયડી, છોકરા, હજારો કરોડ છોડ્યા.. શું છોડે? ધૂળ છોડે, સાંભળને હવે. ભગવાન આત્મા એક વિકલ્પથી પણ ભિન્ન પાડીને જ્ઞાન કર્યું, ભિન્ન પાડીને શ્રદ્ધા કરી અને ભિન્ન પાડીને વિધાન સ્વરૂપમાં રમે છે. સ્વરૂપમાં રમે તેને ચારિત્ર અને ઉપશમભાવ, સામ્યભાવ કહેવાય છે. વિકલ્પમાં પણ રમતો નથી, તો નિમિત્તમાં ક્યાં આવે શરીરની ક્રિયામાં? નગ્ન થઈ ગયા. કોણ? એ તો જડની અવસ્થા છે. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું ભિન્નપણું જાણ્યું હોવાથી, શ્રદ્ધ્યું હોવાથી અને અમલમાં મૂક્યું હોવાથી)...**' વિધાન કીધું ને? વિધિ કરી વિધિ. અમલમાં મૂક્યું. મળ વિનાની આચરણ વિધિ એ અમલમાં મૂકી. '**જે (શ્રમણ)...**' એવા જે સાધુઓ '**પદાર્થ અને (પદાર્થોના પ્રતિપાદક) સૂત્રોને જેમણે સારી રીતે જાણ્યાં છે એવા...**' જોયું! કેવા છે મુનિઓ? જુઓ, આ ક્યાં ત્યાં આઠમા ગુણસ્થાનની વાત હતી? અહીં તો નીચે છે. પદાર્થોને અને પદાર્થના કહેનારા સૂત્રોને એમણે સારી રીતે જાણ્યાં છે. જેવું શાસ્ત્રને કહેવું છે તે ભાવને એણે જાણ્યા છે, એના હાર્દને એણે જાણ્યા છે. જ્યાં ત્યાં કચરડી-મચડીને અર્થ કરે એમ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? પદાર્થોને અને પદાર્થોના કહેનારા સૂત્રોને. સુવિદિત છે ને સુવિદિત. સુવિદિત સૂત્ર પદાર્થ. બેય છે ને. એની વ્યાખ્યા કરી. ... પદાર્થો અને પદાર્થના કહેનારા સૂત્રોને જેમણે સારી રીતે જાણ્યા છે. જુઓ! સમજાય છે કાંઈ? વળી

કહે કે ઓલા શિવભૂતિએ નહોતા જાણ્યાને સૂત્રો? એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણ્યું હતું. ભાવ એના ખ્યાલમાં બધો આવી ગયો હતો. એને કાંઈ સૂત્રનો શબ્દ યાદ નહોતો રહેતો ને? સમજાય છે? શું કીધું? મા-તુષ એટલું યાદ નહોતું ને? શબ્દ તો શાસ્ત્રનો શેનો યાદ હોય. શું કામ છે? કહે છે. એના ભાવો છે એ એના ભાનમાં આવી ગયેલા. સમજાણું કાંઈ?

જુઓ! '**સૂત્રોને જેમણે...**' અહીં ભાષા એમ છે. '**સૂત્રોને જેમણે સારી રીતે જાણ્યાં છે...**' આમાંથી કાઢે. એનો અર્થ છે, ભાઈ! સૂત્રોનો જે ભાવ છે એ એણે બરાબર જાણ્યા છે. ભલે એ શબ્દ યાદ ન હોય કે કહી શકે નહિ, પણ એને સૂત્રોના કહેલા ભાવ 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' સમજાય છે કાંઈ? મુનિના જ્ઞાનમાં, શ્રદ્ધામાં આ જાતના ભાવ એને વસી ગયેલા હોય છે. શબ્દ હોય કે ન હોય એની સાથે સંબંધ નથી. '**સૂત્રોને જેમણે સારી રીતે...**' પાછા એકલા સૂત્રોને જાણ્યા છે એમ નહિ. જે રીતે સૂત્રમાં નિશ્ચયની સ્થિતિ છે તેને નિશ્ચય રીતે, વ્યવહારની સ્થિતિ છે તેને વ્યવહાર રીતે જેમ કહ્યું છે તેને '**સારી રીતે જાણ્યાં છે, એવા શ્રમણો છે.**' સમજાણું કાંઈ? આહા..હા..!

'**સમસ્ત છ જીવનિકાયને હણવાના વિકલ્પથી...**' આ સંયમની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? સંયમની વ્યાખ્યા કરે છે પહેલી. પછી તપની એની સાથે. '**સમસ્ત છ જીવનિકાયને હણવાના વિકલ્પથી...**' સમસ્ત હોં! એકેન્દ્રિયથી માંડીને એકેન્દ્રિયનો એક જીવ. દાણામાં એક જીવ હોય છે ને. એકેન્દ્રિયના એક જીવથી માંડીને એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય. એકેન્દ્રિયમાં પણ પૃથ્વીકાય, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ બધા જીવો છે. અનંતકાય કોઈ સાધારણ... એ છ જીવનિકાય. છ જીવ એટલે પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય. વનસ્પતિમાં પણ નિગોદ અને સાધારણ, અસાધારણ. એવા છ જીવનિકાય—છ જીવનો જથ્થો તેને હણવાનો વિકલ્પ, હણવાનો રાગ હોં!

'**અને પાંચ ઈન્દ્રિયો સંબંધી અભિલાષાના વિકલ્પથી...**' ભાષા જુઓ! '**પાંચ ઈન્દ્રિયો સંબંધી અભિલાષાના વિકલ્પથી...**' પાંચ ઈન્દ્રિયનો વિષય છૂટી જાય એ પ્રશ્ન નહિ. સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયો સંબંધી અભિલાષાનો વિકલ્પ. '**આત્માને વ્યાવૃત...**' કર્યો છે. વ્યાવૃત્ત (અર્થાત્) આત્માને ત્યાંથી છોડ્યો છે. પાછો વાળીને, અટકાવીને, અલગ કરીને. સંયમ છે ને. છ કાયના જીવો અને પાંચ મનના વિષયો. સમજાય છે? એમની અભિલાષા, એનાથી પાછો વાળ્યો છે, અંતર સ્વરૂપમાં ઠર્યો છે તેને સંયમ કહે છે. આવો સંયમ છે. કેટલાક પછી કહે છે ને. એક ઠેકાણે આવે છે, સંયમ સિદ્ધમાં આવું નથી. એક ઠેકાણે આવે છે. એને પણ ચારિત્ર છે એ તો આવું હોય. ધવલમાં આવે છે પહેલા ભાગમાં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— **નથી એમ.** એ તો હેતુ એ છે ને. તેથી ઓલા પછી કહે ને સંયમ તે ચારિત્ર. ચારિત્ર નથી. સંયમ નથી એ બીજી વાત છે. એ તો આવો આવો પ્રવૃત્તિનો ભાવ નથી. પરિણમન.. ચારિત્ર છે, સિદ્ધને ચારિત્ર છે. ભાઈએ કાઢ્યું હતું ને. લોકોને વસ્તુ સ્વરૂપ (ખબર નથી). ચારિત્ર એ તો ત્રિકાળી ગુણ છે અને ગુણ છે અની શક્તિની પ્રગટતા સિદ્ધને પૂરી થઈ ગઈ છે. સ્વરૂપાચરણ સિદ્ધને પૂરું છે એ ચારિત્ર છે. એમાં પણ વાંધા, ઓલો કહે ચારિત્ર નથી. સંયમની ના પાડે માટે ચારિત્ર નથી. હવે ભાઈ મૂકી દે ને તકરાર. પંડિતોને માન મળે કે આપણે આટલું લખ્યું, બહાર પાડ્યા, હવે કેમ ફરવું? ભાઈ ફરને હવે. રખડતો હતો અનાદિથી. એ વ્યાવૃત્ત કર એમ કહે છે. પાછો વળી જા. આહા..હા..! એ વળી ગયેલો છે એમ કહે છે અહીં તો.

મુનિ છ કાયના જીવ અને મનની અભિલાષા ઇન્દ્રિયોની... સમજ્યાને? છે ને? અભિલાષા કરીને આત્માનું એટલે બહારમાં આવી ગયું ઇન્દ્રિયો સંબંધી અભિલાષા આવ્યું ને એટલે વિકલ્પ પણ આવ્યો. છ જીવ આવ્યા, પાંચ ઇન્દ્રિય આવી અને મનનો અર્થ વિકલ્પ આવ્યો. બાર સંયમ છે ને? બાર અવ્રત એમ લીધું. છ જીવનિકાયને હણવાનો વિકલ્પ, પાંચ ઇન્દ્રિયો-અગિયાર અને એ સંબંધીની અભિલાષ મનની. એ મનના વિકલ્પને, આત્માને વ્યાવૃત્ત કરીને. આહા..હા..! એ હતું ખરું પણ એનાથી આત્માને અલગ કરી નાખ્યો. અલગ કરીને ઠર્યો છે એનું નામ...

'**આત્માનું શુદ્ધ સ્વરૂપમાં સંયમન કર્યું હોવાથી...**' ઓલું વયાવૃત્ત તો નાસ્તિથી લીધું. અહીં અસ્તિથી લીધું. '**આત્માનું શુદ્ધ સ્વરૂપમાં સંયમન કર્યું હોવાથી...**' રમણતા અંદર છે. '**સંયમન કર્યું હોવાથી અને...**' એ સંયમની વ્યાખ્યા છે. હવે તપની. એ મુનિ સંયમસહિત છે, તપસહિત છે. એટલે તપ કેવું? '**સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગ ચૈતન્ય પ્રતપતું હોવાથી...**' દેખો! સ્વરૂપવિશ્રાંત-એ સ્વરૂપમાં ઠરી ગયેલું. વિશ્રાંતિ લીધી વિશ્રાંતિ, વિશ્રામ મળ્યો આત્મામાં. '**સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગ...**' તરંગ વિનાનું. ચંચળતારહિત શાંત વિકલ્પ વગરનું આત્માનું શુદ્ધ સ્વરૂપ. સમજાય છે? '**ચૈતન્ય પ્રતપતું હોવાથી...**' લ્યો! '**પ્રતાપવંત હોવું; ઝળહળવું; દેદીપ્યમાન થવું.**' એને અહીંયા તપ કહેવામાં આવે છે. આ તપની વ્યાખ્યા. રોટલા ન ખાવા અને અનશન કરવા એ તપ નહિ એમ કહે છે.

સંયમની ઓલી વ્યાખ્યા કરી અહીં સુધી. સંયમન કર્યું હોવાથી અને સ્વરૂપ વિશ્રાંત... પોતાનું શુદ્ધ સ્વરૂપ આનંદ... જુઓ! એમાં સ્વરૂપની રમણતા કીધી હતી. સ્વરૂપે રમવું તે ચારિત્ર. ભાઈ! સ્વરૂપે રમવું તે ચારિત્ર. અને સ્વસમયની પ્રવૃત્તિ તે તેનો અર્થ છે. સ્વસમયની પ્રવૃત્તિનો અર્થ છે અને અહીં તપની વ્યાખ્યામાં સ્વરૂપવિશ્રાંત એમ લીધું. વિશેષે વિશ્રાંત લીધો. સમજાણું કાંઈ? ચારિત્ર તો છે, સંયમ તો છે, એ ઉપરાંત સ્વરૂપમાં વિશ્રાંત (થયો છે). નિસ્તરંગ—વિકલ્પનો તરંગ જ ન રહે. ઇચ્છાની ઉત્પત્તિ જ્યાં નથી. એવું ચૈતન્ય—

એવો ભગવાન આત્મા. સોનાને જેમ ગેરુ લાગીને ઓપે અને શોભે છે, એમ ભગવાન અંતરમાં કાંતિ શુદ્ધતાથી શોભે એવી દશાને તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એય..! ન્યાલભાઈ! બાકી બધાને લાંઘણ કહે છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેમાં આત્મા ઝળહળ જ્યોતિ પ્રગટ થાય આમ અંદર, શુદ્ધતાના પ્રકાશના પર્યાયોથી જ્યાં શુદ્ધ થાય. વિશ્રાંત નિસ્તરંગ. વિશ્રાંત અસ્તિથી કીધું, નિસ્તરંગ નાસ્તિથી કીધું અને પ્રતપતું ચૈતન્ય. એવું પ્રતપતું ચૈતન્ય. પ્રતાપવંત હોવું, ઝળહળવું એવી દશાને તપ કહેવાય છે. એ તપસહિત છે મુનિ. આવા તપસહિત મુનિ હોય છે. સમજાણું કાંઈ? અહીં તો કહે, દૂધ છોડ્યું, રસ ખાતા નથી, ઢીંકણું કર્યું, ભારે તપ છે. એ તપ નહિ એમ કહે છે. અંદરનો વિકલ્પ છોડી, નિસ્તરંગ થઈ, ઠરે અંદર દર્શન-જ્ઞાનસહિત, ચારિત્રસહિત. દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત વિશેષ વિશ્રાંતિ અંતર લે અને તપે જીવ આમ શોભે એવી દશાને તપ કહેવામાં આવે છે. મુનિઓ આવા સંયમ અને તપસહિત હોય છે. સમજાણું કાંઈ? હજી તો શું છે એ સાંભળ્યું ન હોય અને માની બેસે કે અમે સંયમી અને તપી છીએ. ઘણું થઈ ગયું આવું.

હવે 'વીતરાગ' કહે છે. '**सुविदिदपयत्थसुत्तो संजमतवसंजुदो**' એટલો અર્થ કર્યો. '**विगदरागो**' હવે. પહેલા પદનો ત્રીજો શબ્દ છે. '**विगदरागो**' '**સકળ મોહનીયના વિપાકથી...**' સકળ મોહનીયના વિપાકથી '**ભેદની ભાવનાના ઉત્કૃષ્ટપણા વડે...**' અહીં કાઢે કે મોહ બિલકુલ નથી એને માટે વાત છે. પણ એ સમસ્ત મોહરહિત જ છે. શુદ્ધ ઉપયોગી સાતમે સમસ્ત મોહથી રહિત જ છે. સમજાણું કાંઈ? '**સકળ મોહનીયના વિપાકથી ભેદની ભાવનાના ઉત્કૃષ્ટપણા વડે (અર્થાત્ સમસ્ત મોહનીયકર્મના ઉદયથી ભિન્નપણાની ઉત્કૃષ્ટ ભાવના વડે)...**' ભાવના વડે. છે? કહો, ભેદની ભાવના. ભાવનાનો અર્થ ઊંધો કરે છે લે. શ્રાવકની ભાવના હોય છે સામાયિકમાં. નહિ? શુદ્ધ ઉપયોગ હોય છે ને એને ભાવના ગણી. ભાવના એટલે કે એ તો ભાવ ... થાય. અહીં તો ભાવનામાં ઉત્કૃષ્ટ ભાવ પોતાનું સ્વરૂપ થઈ ગયું છે.

'**વિપાકથી ભેદની ભાવનાના ઉત્કૃષ્ટપણા વડે (અર્થાત્ સમસ્ત મોહનીયકર્મના ઉદયથી ભિન્નપણાની ઉત્કૃષ્ટ ભાવના વડે)...**' પરિણમન છે અહીં તો ભાવનાનો અર્થ. '**નિર્વિકાર આત્મસ્વરૂપને પ્રગટ કર્યું...**' છે. નિર્વિકાર ભગવાન આત્માના સ્વરૂપને શક્તિરૂપ હતું તે પર્યાયમાં પ્રગટ કર્યું છે. વીતરાગપણું હતું, વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ હતું, વીતરાગ સ્વરૂપ હતું એને વિગતવાર—પર્યાયમાં વીતરાગપણું પ્રગટ કર્યું એમ કહે છે. સમજાણું કાંઈ? '**નિર્વિકાર આત્મસ્વરૂપને પ્રગટ કર્યું હોવાથી...**' આવાને કારણે '**જે વીતરાગ છે,...**' મુનિ આ કારણે વીતરાગ છે. ધવલમાં આવે છે ને? પુષ્પદંત અને ભૂતબલી. વીતરાગ મુનિ છે એમ કહ્યું છે. પુષ્પદંત અને ભૂતબલી જે આ અંગ રચ્યા. શું? આ ષટ્ખંડાગમ રચ્યા. ષટ્ખંડાગમ ધરસેનસ્વામીએ આપ્યા અહીંયા ગિરનારની ગુફામાં. મુનિ દિગંબર મહા ધરસેનાચાર્ય હતા.

વૃદ્ધાવસ્થા થઈ ગયેલી, છેલ્લી સ્થિતિ હતી, મુનિને બોલાવ્યા. પોતાને કંઠસ્થ હતું એ આપ્યું. ષટ્ખંડાગમ. અને મહામુનિ બ્રહ્મચારી મહાદશા! આપ્યું ને ત્યાં ભૂતે પૂજા કરી પછી. પુષ્પ દ્વારા બે મુનિઓની. એકનું નામ ભૂતબલી આપ્યું, એકનું નામ પુષ્પદંત. એવા મુનિઓ મહા વીતરાગી સંતો હતા. ગિરનારની ગુફામાં. છે ને ઓલી ગુફા શું કહેવાય? ચંદ્ર. ચંદ્ર ગુફા. છે ને નાની. ત્યાં ગયા હતા અંદરમાં બેઠા હતા. (સંવત) ૧૯૯૫માં. વનેચંદ શેઠ હતા.

કહે છે, ઓહો..! નિર્વિકારસ્વરૂપ, વીતરાગસ્વરૂપ મુનિ વીતરાગ સાતમે ગુણસ્થાને. આ પુષ્પદંત આદિ પંચમ આરાના સાધુ છે લ્યો ને. ભૂતબલી. એને વીતરાગ કહ્યા છે. વીતરાગી સાધુ. કુંદકુંદાચાર્ય વીતરાગી સાધુ, અમૃતચંદ્રાચાર્ય વીતરાગી સાધુ છે. સમજાણું કાંઈ? એ વીતરાગપણું એ શુદ્ધ ઉપયોગ અને એ ચારિત્ર છે. આહા..હા..! જરી રાગ રહ્યો એની ગણતરી નથી. નિયમસારમાં કહ્યું છે, અરે..! આપણે જડ છીએ કે જરી રાગ બાકી છે માટે એને વીતરાગથી જુદા પાડીએ છીએ? નહિ. એ વીતરાગ જેવા જ છે. આવ્યું છે ને નિયમસારમાં? .. જણાવ્યું. વીતરાગ મૂર્તિ છે. ઓહો..હો..! શાંતરસનું બિંબ થઈ ગયું છે એ તો. મુનિ એટલે? ઉપશમરસના ઢાળે, જેમ શીલા બરફની ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી.., એમ આખા આત્મામાં શાંતરસનું પરિણમન બિંબ થઈ ગયું વીતરાગ, એને સાધુ કહેવામાં આવે છે અને એ સાધુપણાનો જે ઉપયોગ ચારિત્રનો એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

'વીતરાગ છે.' '**समणो समहुहदुक्खो भणिदो**' લ્યો! '**અને પરમ કળાના અવલોકનને લીધે...**' દેખો! એ '**પરમ કળાના અવલોકનને લીધે શાતાવેદનીય અને અશાતાવેદનીયના વિપાકથી નીપજતાં જે સુખ-દુઃખ તે સુખ-દુઃખજનિત પરિણામની વિષમતા નહિ હોવાથી...**' લ્યો! સમજાણું? આહા..હા..! પરમકળાનું અવલોકન. સ્વરૂપ ભગવાન આત્મા આનંદસ્વરૂપનું અવલોકન કરે છે એ. પરમકળા કેવળજ્ઞાન આનંદની કળા પોતાની, એવા કળાના અવલોકન દ્વારા, અંતર અવલોકન દ્વારા, કહે છે કે બહારનો જે સંયોગ મળ્યો, શાતા-અશાતા એના '**વિપાકથી નીપજતાં...**' લ્યો અહીં તો કહ્યું સુખ-દુઃખ. એય..! આમાં ચોખ્ખી વાત કીધી. .. છે ને, એ તો આવ્યું હતું ને. હતા ને એ? આવ્યું હતું ૭૫-૭૬ નહોતું આવ્યું? વિપાકથી મળ્યા વિષયો. શાતાથી આ બાહ્યના સંયોગો મળે, અશાતાથી પ્રતિકૂળ મળે. એ ચીજ છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! જરીક ના પાડે છે ને, ફૂલચંદજી ના પાડે છે. ખોટી વાત છે. પહેલેથી બેસી ગઈ છે એને વાત. એમ કે આ પૈસા મળે એ શાતાને લઈને નહિ, નીરોગ થાય તે શાતાને લઈને નહિ, અશાતાને લઈને રોગ નહિ એમ બધું મોટું લાંબુ છે. અહીં તો ચોખ્ખું કહે છે આચાર્ય. અમૃતચંદ્રાચાર્ય, વીરસેન સ્વામી એવા હજારો શાસ્ત્રોમાં કહે છે.

'**વિપાકથી નીપજતાં...**' છે? સુખ-દુઃખ એટલે સામગ્રી હોં! અને સુખ-દુઃખજનિત પરિણામ એ જુદા લીધા ભાઈ. એના '**પરિણામની વિષમતા નહિ અનુભવાતી હોવાથી**

(અર્થાત્ પરમ સુખ-રસમાં લીન નિર્વિકાર સ્વસંવેદનરૂપ પરમ કળાના અનુભવને લીધે...' પરમ કળા આનંદના અનુભવને લીધે **'ઈષ્ટાનિષ્ટ સંયોગોમાં હર્ષશોકાદિ વિષમ પરિણામો નહિ અનુભવાતા હોવાથી)...'** લ્યો સમજાણું? જુઓ! કર્યોને અર્થ અહીં? અનુભવ થવાથી એમાં પરમ સુખમાં લીન હોવાથી (એવો) અર્થ કર્યો. **'પરમ કળાના અનુભવને લીધે ઈષ્ટાનિષ્ટ સંયોગોમાં હર્ષશોકાદિ વિષમ પરિણામો નહિ અનુભવાતા હોવાથી) જે સમસુખ-દુઃખ છે,...'** સમસુખદુઃખ છે. એટલે જેને પરિણામમાં સમસુખદુઃખ છે. વિશ્રાંતતા એકલી વીતરાગતા છે. સુખ-દુઃખના પરિણામની જેને કલ્પના નથી માટે સમસુખદુઃખ એમ. વીતરાગભાવે રહે છે એને સમસુખ-દુઃખ છે. સુખ અને દુઃખ, ઈષ્ટ તેમજ અનિષ્ટ સંયોગો જોયું! બંને જેમને સમાન છે. વાઘ ખાતો હોય કે કોઈ માખણ ચોપડતો હોય શરીરને, શાતા-અશાતાના ઉદયને લઈને એ બધું છે. તેને સમભાવ છે. **'એવા શ્રમણ શુદ્ધોપયોગી કહેવાય છે.'** લ્યો! આવા સાધુને શુદ્ધોપયોગી કહેવાય છે અને એ મુક્તિના અધિકારી છે, એને મુક્તિદશા મળે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૭, શનિવાર, તા. ૧૪.૯.૧૯૬૮**
**ગાથા-૧૫, ૧૬, પ્રવચન-૧૨**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન. ૧૪ ગાથા પૂરી થઈ. ... ૧૫મી ગાથા. આત્મા ચૈતન્ય જ્ઞાનાનંદસ્વરૂપ એની દર્શનશુદ્ધિ અને જ્ઞાનની પ્રાપ્તિ ઉપરાંત શુદ્ધ ઉપયોગના આચરણની સામ્યતા પ્રગટ કરીને તેના ફળરૂપે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ?

**'હવે શુદ્ધોપયોગની પ્રાપ્તિ પછી તુરત જ...'** છે ને? **'ભાવિ'** છે ને **'ભાવિ'**, **'અનન્તર ભાવિ'**. **'શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિને પ્રશંસે છે :—'** કેવળજ્ઞાનની પર્યાયને પ્રશંસે છે.

उवओगविसुद्धो जो विगदावरणंतरायमोहरओ।
भूदो सयमेवादा जादि परं णेयभूदाणं।।१५।।
જે ઉપયોગવિશુદ્ધ તે મોહાદિઘાતિરજ થકી,
સ્વયમેવ રહિત થયો થકો જ્ઞેયાન્તને પામે સહી. ૧૫.

.. કહે છે. સમજાણું કાંઈ? ... મુક્તિનો લાભ અથવા કેવળજ્ઞાનનો લાભ મળે છે.

'ટીકા :- જે (આત્મા) **ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે...**' એ તો બહાર ઉપયોગ છે એ ચૈતન્યનું પરિણામ છે. આ છે એ બીજી વાત છે. સમજાણું કાંઈ? ઓલામાં એમ આવે છે કે ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. આવે છે ને? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન એ પણ ચૈતન્યને અનુસરીને થતાં પરિણામ (છે). એ તો જાણવા-દેખવાની વાત છે. અહીંયાં આચરણની અપેક્ષાની વાત છે. '**જે (આત્મા) ચૈતન્ય પરિણામસ્વરૂપ...**' એટલે ચૈતન્યના પરિણામસ્વરૂપ ઉપયોગ એટલે કે શુદ્ધ ઉપયોગ એ ચૈતન્યના પરિણામ છે. શુભ અને અશુભ એ ચૈતન્યના પરિણામ નહિ. સમજાય છે કાંઈ? શુદ્ધ જ્ઞાન ચૈતન્યસ્વભાવ એનો જે ઉપયોગ શુદ્ધ, એ શુદ્ધ ચૈતન્ય પરિણામસ્વરૂપ કહ્યું છે, લક્ષણ કહ્યું છે એમાં. પરિણામ લક્ષણ એમ છે ને. ચૈતન્યપરિણામસ્વરૂપ આત્મા. દેખો! એમાં વિકલ્પ આદિ નહિ, પંચ મહાવ્રતાદિનો વિકલ્પ નહિ. એકલો ચૈતન્યસ્વરૂપ એવો જે પરિણામસ્વરૂપ ઉપયોગ વડે, એના વડે '**યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે...**' જુઓ! પોતે એના પુરુષાર્થ દ્વારા શુદ્ધ ઉપયોગ દ્વારા યથાશક્તિ વિશુદ્ધ થઈને... આ વિશુદ્ધ નામ પુણ્ય શુભભાવના અર્થમાં નથી. નિર્મળતાના અર્થમાં છે. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપમાં આરૂઢ થયો, શુદ્ધ ઉપયોગે રમતો '**યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે...**' તે તે પ્રકારના પુરુષાર્થની યોગ્યતા પ્રમાણે નિર્મળ થઈને વર્તે છે. જુઓ! યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે એમ કીધું છે. કર્મ મંદ પડે તો થઈને વર્તે એમ કહ્યું નથી. સમજાણું કાંઈ? પોતે જ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ મહાન આનંદનો ગોળો-ગોટો એના ઉપર આરૂઢ થયેલો શુદ્ધ ઉપયોગના આચરણથી યથાશક્તિ વર્તે છે. પોતાની શક્તિ પ્રમાણે નિર્મળતાની ધારા શુદ્ધ ઉપયોગની વર્તે છે.

'**તે (આત્મા),...**' તેવા આત્માને '**જેને પદે પદે (-પગલે પગલે, પર્યાયે પર્યાયે)...**' એ આત્માનું પગલું એટલે પર્યાય. સમયે સમયે પર્યાયમાં '**વિશિષ્ટ વિશુદ્ધ શક્તિ પ્રગટ થતી જાય છે...**' લ્યો! '**વિશિષ્ટ = વધારે; અસાધારણ; ખાસ.**' જુઓ, આ સર્વજ્ઞ પરમેશ્વર થવાની આ વિધિ. આ વિધિએ સર્વજ્ઞ અને કેવળજ્ઞાની થાય. એ સિવાય બીજા કહેતા હોય કે અમે કેવળજ્ઞાની અને સર્વજ્ઞ અને પરમેશ્વર (છીએ), એ બધા ખોટા છે. સમજાણું કાંઈ? બાહ્યમાં નગ્ન દિગંબર હોય, અભ્યંતરમાં દર્શન-જ્ઞાન અને શુદ્ધ ઉપયોગનું આચરણ હોય, એવા શુદ્ધ ઉપયોગના આચરણની વધતી ધારા દ્વારા જેને પર્યાયે પર્યાયે ખાસ વિશુદ્ધ શક્તિ પ્રગટ થતી જાય છે. પહેલા ક્ષણમાં જે નિર્મળતા છે એના કરતા બીજે પર્યાયમાં વિશેષ નિર્મળતા વધતી જાય છે, ધારા શુદ્ધતા વધતી જાય છે. ધ્યાનમાં શુદ્ધ ઉપયોગ વડે પર્યાયે પર્યાયે અનંતી શુદ્ધિ વધતી જાય છે. સમજાણું કાંઈ? વસ્તુ છે આખી શુદ્ધ ચૈતન્યજ્યોત એનો ઉપયોગ લાગુ પડ્યો છે અંદર, એને લઈને સમયે સમયે શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે, પ્રગટ થતી જાય છે. શક્તિમાં જે છે એ પર્યાયમાં શુદ્ધતા વીતરાગતા વધતી જાય છે.

'એવો હોવાને લીધે,...' આવો હોવાને કારણે, એમ. સમજાણું કાંઈ? કેટલાક કહે છે ને કે કેવળજ્ઞાન તો... ભાઈ ઓલા માથે એલચીકુમાર ને આવે છે ને? નાચતા નાચતા કેવળજ્ઞાન થયું. પણ આવે છે કે નહિ તમારે? એલચીકુમાર નથી આવતું? આવે છે ને, એનું ગાયન આવે છે. નાચતો હતો નટડી સાથે. એમ કરતા કરતા મુનિની દીક્ષા ઓહો..! ધન્ય અવતાર! આ મુનિને સામું જોતા નથી, એને આપે છે આહાર અને હું ક્યાં... થતું હશે એમ કેવળજ્ઞાન? મરુદેવીને હાથીને હોદ્દે કેવળજ્ઞાન થયું એમ કહે છે. કહો, ભગવાનના દર્શન કરવા ગયા, એમ કે અરે..! મારો વૃષભ શું હશે? શું થતું હશે? એરેરે..! જ્યાં આમ જોવે ત્યાં તો ઓહો..હો..! સમવસરણમાં. એટલે આમ આંખમાં આંસુ રોઈ રોઈને ઓલા થઈ ગયા. આમ લઈ જતા જાવ કેવળજ્ઞાન. શેઠ!

મુમુક્ષુ :- ... કેવળજ્ઞાન જ હોય ને.

ઉત્તર :- એમ કેવળજ્ઞાન ન હોય, એમ કેવળજ્ઞાન થાય નહિ. આ ધારાએ થાય એમ કહે છે. સમજાણું કાંઈ? આર્જિકાનું આવે છે. આર્જિકા એની ગોરાણી હતી ને એ પગ દાબતી હતી રાતે. દાબતા... દાબતા... દાબતા... એને કેવળજ્ઞાન થઈ ગયું. હવે એમાં માથા નીચે સર્પ આવ્યો. સર્પ આવ્યો એટલે આમ હાથ ફેરવી નાખ્યો. કેવળજ્ઞાન થયેલું ને. જોયો ને સર્પને. એટલે આમ હાથ ફેરવ્યો. કેમ અંધારે દેખાણું? કે જ્ઞાન થયું છે? હા. ક્યું? અપ્રતિહત? હા. ઠીક! કેવળજ્ઞાન. લ્યો આવાને કેવળજ્ઞાન. લખ્યું છે હોં આમાં. આત્મસિદ્ધિના અર્થમાં પણ લખ્યું છે મનસુખભાઈએ. મનસુખભાઈએ લખ્યું છે. આત્મસિદ્ધિના અર્થ ભર્યા છે ને એમાં લખ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રના ભાઈ. ગપેગપ્પ છે બધા. કાંઈ ખબર ન મળે કેવળજ્ઞાન કોને કહેવું? સર્વજ્ઞ પરમેશ્વર થાય, પરમાત્મા કેવા હોય એની ખબર ન મળે. સમજાય છે કાંઈ? ખાતા પીતા કેવળજ્ઞાની. સમજાય છે? કામ કરતા કેવળજ્ઞાની. ધૂળેય ન હોય સાંભળને. હજી મુનિપણું એવું હોય છે કે જેને નગ્ન દશા થઈ જાય છે બાહ્ય. તદ્દન એકલા દિગંબર અને અંતરમાં ત્રણ કષાયનો નાશ થઈ શુદ્ધ ઉપયોગની રમતે અંદરમાં રમતો હોય છે. સમજાય છે કાંઈ? એ પગે પગે વધતો અંદરમાં પર્યાયે પર્યાયે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? ઓલામાં આવે છે ને સોભાગભાઈમાં. સૂતા સૂતા કેવળજ્ઞાન થાશે, હું તને કહીશ. એય..! સોભાગભાઈનું આવે છે આમાં લખાણ. પણ હજી ખાટલામાં છે, રોગ છે, લૂગડા પહેરીને સૂતા છે. અને હું કેવળજ્ઞાનનો પુરુષાર્થ કરું. કેવળજ્ઞાન થાશે તો હું તને કહીશ. આવું કેવળજ્ઞાન હશે? આવે છે એમાં. શ્રીમદ્દનું પુસ્તક છપાણું છે ને હમણા, એમાં આવ્યું છે. લોકો સર્વજ્ઞપદને સમજતા નથી. પરમેશ્વરપદ કોને પ્રગટે અને કઈ દશામાં હોય એની એને ખબર નથી.

એથી આ આચાર્ય મહારાજ સ્પષ્ટ (કરે છે). પ્રવચનસાર-વીતરાગની દિવ્યધ્વનિનો સાર. સાધુપદ કેવું હોય અને એના ઉપયોગથી કેવળજ્ઞાન કેમ ક્રમે પ્રાપ્ત થાય એ વર્ણવ્યું છે. સર્વજ્ઞની સિદ્ધિ છે, અંદર છે ને મૂળ તો. કહે છે કે આને લીધે... જોયું! ભગવાન આત્મા અંતર

શક્તિનો ચૈતન્યપિંડ પ્રભુ, એની દૃષ્ટિ, જ્ઞાનની રમતે અંદરમાં ચડતો પર્યાયે એટલે ક્ષણે ક્ષણે એની અવસ્થા નિર્મળ થતી જાય છે. '**એવો હોવાને લીધે,...**' એમ કહે છે. આવી નિર્મળતાને કારણે '**અનાદિ સંસારથી બંધાયેલી દઢતર મોહગ્રંથિ છૂટી જવાથી...**' લ્યો! અનાદિ સંસારથી બંધાયેલી દઢતર. જોયું! દઢ નહિ પણ દઢતર, વિશેષ. '**મોહ ગ્રંથિ છૂટી જવાથી...**' મોહનો નાશ થયો. બહારનું લીધું આ. સમજાણું કાંઈ? અહીંયાં તો અમુક મિથ્યાત્વ તો ગયું હતું, ત્રણ કષાય તો ગયો હતો, જે થોડો કષાય છે એને મોહગ્રંથિ કીધી છે. થોડો અંદર છે ને સંજ્વલનનો. '**દઢતર મોહગ્રંથિ છૂટી જવાથી...**' જુઓ! સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગમાં તો વર્તે છે. એને સંજ્વલનનો જરી અબુદ્ધિપૂર્વક અંદર છે, પણ એને મોહગ્રંથિ કીધી. આમ અનાદિની છે ને એટલો અંશ. અનાદિનો છે ને ઈ? ભલે મુનિ થયા, ઓલા થયા પણ રાગનો અંશ જે પડ્યો છે એ અનાદિ છે. એ જો છૂટી ગઈ હોય તો તો બારમું ગુણસ્થાન થઈ જાય. સમજાણું કાંઈ?

'**અનાદિ સંસારથી બંધાયેલી દઢતર મોહગ્રંથી છૂટી જવાથી અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો...**' વીતરાગ થયો અંદર. અત્યંત વિકાર વિનાના ચૈતન્યવાળો '**અને સમસ્ત...**' પછી જ્યારે સ્વરૂપની શુદ્ધિ વધી ત્યારે મોહની ગાંઠ ગળી, વીતરાગ થયો અહીંયા. પછી '**સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય નષ્ટ થવાથી...**' પછી ત્રણ કર્મનો પછી નાશ થયો. પહેલો મોહનો નાશ થાય છે, પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો- એ ત્રણ કર્મનો પછી નાશ થાય છે. '**નિર્વિઘ્ન ખીલેલી...**' જેને વિઘ્ન નથી એવી કેવળજ્ઞાનધારા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોવે, જાણે એવી '**નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિવાળો...**' ખીલેલી આત્મશક્તિ હોં! પર્યાયવાળો અહીં કહેવું છે. શક્તિ તો ત્રિકાળ છે એની અહીં વાત નથી. '**નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિવાળો...**' પર્યાયમાં શક્તિ પૂર્ણ ખીલી ગઈ. સમજાણું કાંઈ? '**સ્વયમેવ થયો થકો,...**' પોતાના પુરુષાર્થથી. સ્વયં-એવ પોતાની જાગૃતિથી કેવળજ્ઞાનને પ્રાપ્ત થયો થકો '**જ્ઞેયપણાને પામેલા (પદાર્થો)ના અંતને પામે છે.**' લ્યો! જ્ઞેયપણાને પામેલા એટલે જેટલા પદાર્થો જ્ઞેય છે, એમ. જેટલા જ્ઞેય જગતમાં ત્રણ કાળ ત્રણ લોકાદિ છે એના અંતને પામે છે. એવા જ્ઞેયના જ્ઞાનને પામી જાય છે. ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેયો છે જેટલા તેના અંતને એટલે તેનું જ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ?

'**અંતરાય નષ્ટ થવાથી નિર્વિઘ્ન ખીલેલી...**' વિઘ્ન નહિ હવે, કહે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આવા જીવને સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે. બીજા કહે કે અમે ખાતા-પીતા કેવળજ્ઞાન લીધું, સૂતા કેવળજ્ઞાન લીધું, નાચતા લીધું ને. સમજાય છે? ત્રિકાળ જ્ઞાની હતા મારા દેવ ને. બધા ગપેગપ્પ જૂઠ. પોપટભાઈ! ભાન વિનાના પ્રાણી એની પાસે ભાન વિનાની વાતું કરે. આવો આત્મા ભગવાન એક સમયમાં સર્વજ્ઞસ્વભાવી એની જ્યાં અંતરમાં પ્રતીતિ પોતાની પૂર્ણની થઈ, અનુભવ થયો, જ્ઞાન થયું અને પછી શુદ્ધ ઉપયોગની રમતે બાહ્યમાં... અહીં,

બહારની વાત આમાં કરી જ નથી, નગ્ન જ હોય એ મુનિ, દિગંબર જ હોય અને જંગલમાં જ હોય એ, એવા અંતરમાં રમતા ક્રમે ક્રમે શુદ્ધિ વધતી મોહનો નાશ થાય છે, પછી ત્રણ કર્મનો નાશ થાય છે. '**આત્મશક્તિવાળો સ્વયમેવ થયો થકો,...**' દેખો! કોઈના સાધન વિના, બીજાની મદદ વિના એમ કહે છે.

મુમુક્ષુ :- કર્મ નષ્ટ થયા ત્યારે..

ઉત્તર :- પણ નષ્ટ કર્યા પોતે ને. નષ્ટ થવાથી કીધું ને. આ કારણે નિર્વિઘ્ન શક્તિવાળો એને નષ્ટ થવાથી... અહીંયા આવો થયો તો ત્યાં નષ્ટ થાય એમ કીધું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એમ કહે છે. પહેલું તો અહીં લીધું કે આવો પ્રગટ થતી જાય એવો હોવાને લીધે... છે ને મગનભાઈ? '**(પગલે પગલે, પર્યાયે પર્યાયે) વિશિષ્ટ વિશુદ્ધશક્તિ પ્રગટ થતી જાય છે એવો હોવાને લીધે, અનાદિ સંસારથી બંધાયેલી દઢતર મોહગ્રંથી છૂટી જવાથી...**'

મુમુક્ષુ :- ત્યાં સુધી તો બરાબર છે.

ઉત્તર :- બસ, અહીંથી તો કહ્યું.

'**હવે અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો...**' એમ. હવે અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો ઉપયોગ થઈ ગયો વીતરાગ. '**અને સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય નષ્ટ થવાથી...**' અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો થવાને કારણે. '**સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય નષ્ટ થવાથી નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિવાળો સ્વયમેવ થયો થકો, જ્ઞેયપણાને પામેલા...**' એટલે શું? જેટલા જગતમાં જ્ઞેય એટલે પ્રમેયપણે જણાય એવા હોય, જેટલા જગતમાં ત્રણ કાળ ત્રણ લોક, છ દ્રવ્ય ગુણ, પર્યાય જ્ઞેય એટલે જણાવાયોગ્ય જે ચીજ છે તે બધાના અંતને પામી ગયા. જણાવાને યોગ્ય જેટલા એ બધા અંત પામ્યા, કોઈ બાકી રહ્યું નહિ. લોકના અંતને જાણે, લોકના અંતને જાણે, અલોકના અનંતને જાણે. લોકનો અંત છે ને. અલોકના અનંતને જાણે. સમજાણું કાંઈ? લોકનો અંત જ્ઞેયપણાને એકલો પામે છે, ...અંત વિનાનો જ્ઞેયપણાને પામે છે. .. એ રીતે અનાદિ-અનંત ... સમજાણું કાંઈ? '**જ્ઞેયપણાને પામેલા (પદાર્થોના) અંતને પામે છે.**' લ્યો!

'**અહીં (એમ કહ્યું કે), આત્મા જ્ઞાનસ્વભાવ છે...**' ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે '**અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે;...**' જ્ઞાન, જેટલા જ્ઞેયો છે તેટલા જ્ઞેયને જાણે એટલા પ્રમાણ છે. '**તેથી સમસ્ત જ્ઞેયની અંદર પેસનારું...**' છે? '**ज्ञेय अन्तर्वर्ति**' છે ને. સંસ્કૃતમાં '**अन्तर्वर्ति**'. શું કહે છે? જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાના સ્વરૂપના આચરણ દ્વારા જ્યાં શુદ્ધ થઈને વર્ત્યો એટલે એને કેવળજ્ઞાન થઈ જાય. જે કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકના કોઈ પદાર્થ એને જણાયા વિના રહેતા નથી. એટલે જાણે જ્ઞેયમાં પ્રવેશ કરી ગયું, જ્ઞાન જ્ઞેયમાં

પ્રવેશ કરી ગયું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સમસ્ત જ્ઞેયની અંદર પેસનારું (અર્થાત્ તેમને જાણનારું)...**' સમજાણું કાંઈ?

'**જ્ઞાન જેનો સ્વભાવ છે એવા આત્માને આત્મા શુદ્ધોપયોગના પ્રસાદથી જ પ્રાપ્ત કરે છે.**' લ્યો આવ્યું. ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગ, શુદ્ધ આચરણ, વીતરાગી રમત અંદરમાં રમતા તેનાથી શુદ્ધ ઉપયોગના પ્રસાદથી જ, એમ કહે છે, કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય છે. જુઓ! આ સર્વજ્ઞપણું સિદ્ધ કરે છે. સર્વજ્ઞ પરમેશ્વર અનંતા થયા છે અને થાય છે અને થશે આ રીતે થશે. બીજી રીત એની હોઈ શકતી નથી. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શુદ્ધોપયોગી જીવ...**' આત્માના શુદ્ધ આચરણના પરિણામે ચડેલો જીવ '**ક્ષણે ક્ષણે અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય છે;...**' ક્ષણે ક્ષણે નિર્મળતા શક્તિમાંથી પ્રગટ થતી જાય છે. '**અને એ રીતે મોહનો ક્ષય કરી નિર્વિકાર ચેતનાવાળો થઈને,...**' (આ રીતે) મોહનો નાશ કરી... એની રીત તો એણે જાણવી પડશે કે નહિ? દેવ કેવા હોય અને દેવની દિવ્યતા કેમ એને પ્રગટે? એ દેવની પણ જેને ખબર નથી એને આત્માની ખબર પડે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા કેવા છે એનું એને જ્ઞાન જોઈએ. સમજાય છે કાંઈ? જેને-તેને પરમેશ્વર માની લે, જેને-તેને ગુરુ માને અને જેને-તેને શાસ્ત્ર માની લે એની શ્રદ્ધામાં મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આવા પરમેશ્વર હોય એને જ્ઞાનમાં પહેલા જાણીને નક્કી કરવું જોઈએ. સમજાણું કાંઈ? કોઈ કહે, પંચમ આરાના પ્રાણી લ્યો એ મોક્ષ ગયા. એમ વળી કહી દીધું લ્યો. સમજાણું? જૂઠી વાત છે. આમાં કહ્યું છે ને? શુદ્ધ ઉપયોગવાળા મોક્ષ જાય અને શુદ્ધ ઉપયોગ અંગીકાર કર્યો છે કુંદકુંદાચાર્યે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધ ઉપયોગમાં... પણ એમ કે પ્રાપ્ત તો કર્યો છે ને. શુદ્ધ ઉપયોગનું ફળ તો આ છે. અહીં તો વસ્તુની સ્થિતિ બતાવે છે. મુનિપણું છે એ શુદ્ધ ઉપયોગ જ છે. મુનિ તો શુદ્ધ ઉપયોગને જ અંગીકાર કરે, પણ એને આગળ વધવાની શ્રેણી જે છે પુરુષાર્થની એમાં કચાશ છે એથી આગળ વધી શકતા નથી. એટલે પંચમ આરાના પણ શુદ્ધ ઉપયોગી મુનિ સ્વર્ગમાં જ જાય. સમજાણું? આમ તો લીધું કે શુદ્ધ ઉપયોગવાળા મોક્ષમાં જાય અને શુભવાળા સ્વર્ગમાં એમ કીધું છે ને? એઈ..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા પણ એ નહિ. શુદ્ધયોગે પરિણમેલો છે તો મોક્ષ જાય. ચારિત્રપણે છે ભલે પણ શુભ ઉપયોગે એમ કે અત્યારે સ્વર્ગમાં જાય માટે શુદ્ધ ઉપયોગી નથી એમ કહે. સમજાણું? એમ નથી. અહીં તો વાત કહે છે કે ભાઈ, શુદ્ધ ઉપયોગ તો છે અને એ શુદ્ધ ઉપયોગ મુક્તિનું કારણ છે. પણ પોતાના પંચમ કાળમાં પોતાના પુરુષાર્થની કમીને કારણે એ ત્યાં શુદ્ધ ઉપયોગમાં, ભલે તે કાળ (દેહ પરિવર્તન) શુદ્ધ ઉપયોગમાં કરી જાય કદાચિત્,

સમજાય છે? છતાં એની મર્યાદા કેવળજ્ઞાન પામવાની નથી. શુદ્ધ ઉપયોગ ખસી જાશે, સ્વર્ગમાં જશે ચોથું રહેશે. એ..! મગનભાઈ! શું કીધું? પ્રશ્ન છે ને મગનભાઈનો કે શુદ્ધ ઉપયોગે ચડેલો, ચારિત્રની દશાએ આવેલો હવે એ પાછો કેમ પડે? શુદ્ધિની વૃદ્ધિ થાય એવું તો હોય છે. એકંદર તરીકે શુદ્ધિની વૃદ્ધિ છે પણ આ રીતે શુદ્ધિની વૃદ્ધિ નથી. બે વાત છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ જે છે એમાં પણ કાળ કરે મુનિ. શુદ્ધ ઉપયોગમાં દેહ છૂટી જાય. છતાં એ પંચમ આરાના મુનિ તો સ્વર્ગમાં જ જાય. મુક્તિ થાય નહિ, કેવળજ્ઞાન છે નહિ. સમજાણું કાંઈ? એ શક્તિ વધીને પર્યાયે પર્યાયે શુદ્ધિ વધવી જોઈએ, વધીને મોહનો નાશ થવો જોઈએ એ દશા અત્યારે કોઈપણ મુનિ કુંદકુંદાચાર્ય જેવાને પણ ન હોય. પણ એનું વર્ણન કરે ત્યારે તો ઉત્કૃષ્ટ વાત કરે ને. વર્ણનમાં તો ઉત્કૃષ્ટ વાત હોય કે નહિ? વેપાર મોટો કરતા હશે કે નાનો કરતા હશે ભાવમાં?

‘**બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે...**’ લ્યો! ‘**નિર્વિકાર ચૈતન્યવાળો થઈને, બારમા ગુણસ્થાનાન છેલ્લા સમયે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો યુગપદ ક્ષય કરી...**’ જુઓ! યુગપદ ક્ષય કરી.

મુમુક્ષુ :- એ તો આપણે લખ્યું છે.

ઉત્તર :- આપણે લખ્યું પણ છે ને અંદર, નષ્ટ કરીને. સમજાય છે?

‘**સર્વ જ્ઞેયોને જાણનારા...**’ ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેયો પ્રમેય જેટલા છે એને જાણનારા. પોતે પણ આવ્યા અને બધા આવ્યા. ‘**આ રીતે શુદ્ધોપયોગથી જ શુદ્ધાત્મસ્વભાવનો લાભ થાય છે.**’ લ્યો! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનસહિત શુદ્ધ ઉપયોગની રમણતા... જુઓ! ભાઈ! આ કર્યા વિના છૂટકો નથી. એને શાંતિ જોતી હોય તો શુદ્ધના આલંબન વિના ક્યાંય શાંતિ નથી. પહેલેથી શાંતિ જોતી હોય. સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય એનું આલંબન કર્યે જ સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. એના આલંબન વિના બહારના કોઈ ઉપાયે થતું નથી. સમજાણું કાંઈ? એની અહીંયાં આચરણની વાત કરે છે.

કેવો છે ભગવાન? ચૈતન્ય વસ્તુ પરમશાંતિથી ભરેલો એનો સ્પર્શ થવાથી, એની પ્રતીતિ થાય કે આ આત્મા આવો, જ્ઞાનમાં જ્ઞેય જણાય અને શુદ્ધતાના ઉપયોગમાં એ જણાણો ત્યારે પ્રતીત થઈ એને. પણ એ શુદ્ધ ઉપયોગ લાંબો કાળ ટકે નહિ. સમજાણું કાંઈ? પછી આગળ વધીને સ્વરૂપમાં રમણતા કરતા વિશેષ કષાય ટળતા ચારિત્ર થાય. એમાં શુદ્ધ ઉપયોગની શાંતિ વધતા એકાકાર થાય તો કેવળજ્ઞાન થાય. એ આત્માના અવલંબનના બધા પગલા છે. સમજાય છે કાંઈ? બહારના આશ્રય ને વિકલ્પ ને પર્યાયનો આશ્રય લઈને કાંઈ થાતું નથી એમ સિદ્ધ કરે છે. કહો, જેઠાલાલભાઈ! ત્યારે અમારે ગૃહસ્થાશ્રમને હજી આ આટલું (છે એમાં કેમ કરવું)? પણ તારે આત્માની પૂર્ણ શક્તિનો વિકાસ કઈ વિધિએ થાય, કઈ રીતે થાય એનું જ્ઞાન તો કરવું પડશે કે નહિ એને? શોભાલાલભાઈ! કહો. શું કરવું છે તારે?

દેવ કેવા હોય? સર્વજ્ઞ પરમેશ્વર કેવા હોય? સમજાય છે? અને એમણે સર્વજ્ઞપદ કઈ વિધિએ, કઈ રીતિએ, કયા ક્રમે પ્રાપ્ત થયા, એનો સંવર-નિર્જરાનો ઉપયોગ કેવો હતો—એને સમજ્યા વિના દેવ ને માને એ ક્યાં એને માને છે? સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! સર્વજ્ઞની સિદ્ધિ આમાં તો છે.

**'શુદ્ધોપયોગથી જ...'** હવે એમાં અનેકાંત કરો કહે છે લ્યો! શુદ્ધ ઉપયોગથી પણ કેવળજ્ઞાન થાય, સંહનનથી પણ થાય, મનુષ્યદેહથી પણ થાય. કહો, આવે છે કે નહિ? વજ્રનારાચસંહનન જોઈએ કે નહિ કેવળજ્ઞાન થવામાં? વજ્રનારાચ સંહનન, મનુષ્યદેહ, પર્યાપ્તપણું, બાદરપણું એ હોય કે નહિ? માટે કથંચિત્ શુદ્ધ ઉપયોગથી અને કથંચિત્ મનુષ્યપણાથી (થાય). એ ટકા તો સામાવાળો કહે ત્યારે ખબર પડે. કહો, સમજાણું કાંઈ? એમ અહીં ટકો જ નથી. અહીં તો **'શુદ્ધોપયોગથી જ શુદ્ધાત્મસ્વભાવનો લાભ થાય છે.'** એક જ વાત છે. સમ્યક્ એકાંત આ છે. સમજાણું કાંઈ? હવે એને માટે જુઓ ૧૬મી ગાથા બહુ ઊંચી છે. આ હેમરાજજીએ પહેલા ષટ્કારક નાખ્યા છે મંગળાચરણમાં. એ તો પછી આપણે કાઢી નાખ્યા ને. પ્રવચનસારમાં પહેલું શરૂઆત મંગળિક કર્યું છે ને એમાં એ નાખ્યું છે પહેલું. એના અર્થમાં કહ્યું છે. આ શું છે? ગુજરાતી. એણે જે અર્થ કર્યો છે એમાં પહેલાં ષટ્કારક જ નાખ્યા છે એના પહેલી મંગળિકમાં.

જુઓ, 'શ્રી પાંડે હેમરાજજીકૃત બાળાવબોધ ભાષાટીકા.' આપણે તો અહીં સ્પષ્ટ બધું સંસ્કૃત અક્ષરે અક્ષર થયું છે પણ હેમરાજજીએ પહેલું આ નાખ્યું છે. 'સ્વયં સિદ્ધ કરતાર કરે નિજકર્મ શર્મ નિધિ.' મંગલાચરણમાં એ નાખ્યું છે. 'સ્વયં સિદ્ધ કરતાર કરે નિજકર્મ શર્મ નિધિ.' આનંદની નિધિ. 'આપહી કરણસ્વરૂપ હોય સાધન સાધે વિધિ, સંપ્રદાન કા કરે આપ કો આપ સમર્થ, અપાદાન તે આપ આપકો કરી ફિર તપ કહે.' પહેલું મંગલાચરણમાં એ નાખ્યું છે. એ આ સોળમું છે ને મૂળ. 'અધિકરણ હોય આધાર નિજ, વર્તે પૂર્ણ બ્રહ્મ પર, ષટ્ વિધિ ષટ્કારકમયરહિત વિવિધ એક વિધિ અજ અમર.' ષટ્કારક એના એ પછી ભેદ રહિત છે. ષટ્કારકના ભેદ પણ નહિ. એકલા પોતાના સ્વરૂપના આચરણરૂપ થઈ ગયા. પછી બીજું. પણ આપણે અહીં ષટ્કારક આ છે. એણે ચાર દોહા કહ્યા છે. હજી આવે છે ને. એ પહેલેથી કહ્યું છે.

**'હવે શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ...'** શું કહે છે? ભગવાન આત્મા પોતાના ચૈતન્યના સમુદ્રના સાગરમાં પડ્યો, શુદ્ધોપયોગે રમતા, એની જે પ્રાપ્તિ, શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ—લાભ. સમજાણું કાંઈ? શુદ્ધાત્મસ્વભાવ લાભ. લાભ છે ને માથે. પ્રાપ્તિનો (અર્થ) લાભ કર્યો છે. જો ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના રમતમાં ઉપયોગથી એને શુદ્ધ સ્વભાવનો લાભ થાય છે એ **'અન્ય કારકોથી નિરપેક્ષ હોવાથી...'** લ્યો! એ બીજા રાગ અને નિમિત્તના કારણે આ થાય એવું એમાં છે નહિ. વ્યવહારના કારણની

આમાં જરૂર છે નહિ એમ કહે છે. **'અન્ય કારકો...'** કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ—છનો વિસ્તાર બહુ આવશે આમાં. સમજાણું કાંઈ?

**'અન્ય કારકો...'** એટલે ક્રિયાના કારકો કર્તા, કર્મ વગેરે. બીજી કોઈ કર્તા હોય, બીજું કોઈ સાધન હોય, બીજું કોઈ નિમિત્ત હોય તો કેવળજ્ઞાન થાય કે આત્માનો લાભ થાય-એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? જેવું પંચાસ્તિકાયની ગાથા ૬૨માં જીવના વિકાર માટે અન્ય કારકોની અપેક્ષા વિના વિકાર સ્વતંત્ર પોતે નિરપેક્ષપણે કરે છે. પંચાસ્તિકાય-૬૨. વિકારને કરવા માટે પર કારકની જરૂર નથી. પોતાના કારકથી વિકાર કરે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! વિકાર-વિકાર. મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષના પરિણામ પણ બીજા કારકની અપેક્ષા વિના નિરપેક્ષપણે જીવ કરે છે. એ પંચાસ્તિની ૬૨મી ગાથા. એ ચર્ચા ત્યાં.. શું કહેવાય એ? મધુવનમાં.. મધુવનમાં થઈ હતી ખૂબ. એક કલાક ને દસ મિનિટ. શેઠ હતા કે નહિ? પણ એને ક્યાં ખબર હોય એની? એને રૂપિયા દેવા હોય અને લેવા હોય એ વાતમાં પડ્યા હોય. ભાઈ! હતું ને કાંઈક પાંચ હજાર ને અગિયાર હજાર કાંઈક હતું. રાતે થતી ને વાત. સાગર પહુંચતે પહુંચતે ગ્યારહ હજાર હો જાયેગા. એવી વાતું સાંભળી. શેઠ બેઠા હતા આમ. એ તો બધું હોય, સંસારમાં બધું ચાલે. અહીં કહે છે... એ વિકારની ચર્ચા થઈ હતી મોટી. બધા હતા. વર્ણીજી હતા, બંસીધરજી હતા, ફૂલચંદજી હતા. વિકાર કેમ થાય? વિકાર નિરપેક્ષ થાય. પોતાની પર્યાયમાં પરની અપેક્ષા વિના આત્માને વિકાર પોતાથી થાય. એય..! ખળભળાટ. નહિ... નહિ... નહિ... નહિ... અભિન્ન કારક છે. અભિન્ન કારકનો જ અર્થ થયો (કે) પરની અપેક્ષા નહિ. અરે..! હજી વિકાર કેમ થાય એની ખબરું ન મળે, એ વિકાર ટળવાની ખબર તો ક્યાંથી લાવે? સમજાણું કાંઈ? અહીં હવે વિકાર ટળે છે, પરમાત્મપદ પામે છે આત્મા, એમાં પણ પર કારક અને પર કર્તાની જરૂર નથી એમ સિદ્ધ કરવું છે. કહો, સમજાણું કાંઈ?

**'અન્ય કારકોથી નિરપેક્ષ (સ્વતંત્ર) અત્યંત આત્માધીન છે.'** જોઈ ભાષા! સમજાણું? **'અત્યંત આત્માધીન છે.'** છે પાઠમાં છે, સંસ્કૃત છે જુઓ. અત્યંત આત્માધીન છે. કથંચિત્ આત્મા આધીન છે અને કથંચિત્ રાગને આધીન અને વ્યવહારને આધીન, નિમિત્તને આધીન એમ છે જ નહિ. આત્માને ધર્મની પરિણતિમાં પણ પરના કારકની જરૂર નથી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ પરના કારણોની જરૂર નથી એમ કહે છે. બે કારણથી કાર્ય છે એમ કહે છે ને? આહા..હા..! ફલાણાએ આમ લખ્યું છે બે કારક (હોય). બધે લખ્યું છે સાંભળને. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે. એક જ કારણ ખરેખર છે. પોતાના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ પોતાના કારણે જ કેવળજ્ઞાન થાય. બીજું કોઈ કારક-ફારક છે નહિ. જુઓ! છે પાઠમાં છે કે નહિ? **'અન્ય કારકોથી નિરપેક્ષ...'** એટલે અન્ય કર્તા થાય, બીજાની મદદ મળે, રહેવાનું સાધન હોય, સંહનન ઠીક હોય, મનુષ્યદેહ હોય, એવું હોય તો આત્માને કેવળજ્ઞાન થાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'અત્યંત આત્માધીન છે...'** ભગવાન આત્મા પોતાને આધીન જ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, પોતાને આધીન જ સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે છે, પોતાને આધીન જ ચારિત્ર પ્રગટ કરે છે, પોતાને આધીન જ શુક્લધ્યાન પ્રગટ કરે છે, પોતાને આધીન કેવળજ્ઞાન પ્રગટ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હો, તો એને ઘરે રહ્યું. અહીં ક્યાં છે? જગતમાં લોકાલોક છે. લોકાલોક છે કે નહિ? તો લોકાલોક છે માટે કેવળજ્ઞાન થાય છે? લોકાલોક તો બધામાં પડ્યું છે, કેવળજ્ઞાન કેમ થતું નથી? પોતાના પુરુષાર્થથી થાય છે. ...ની ના પાડે છે આમાં. જુઓ!

**'અન્ય કારકોથી નિરપેક્ષ...'** કોઈપણ સંહનન, શરીર, મન, વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્ર, બહારની સામગ્રી હોય તો તને કેવળજ્ઞાન થાય, એ વાત મૂકી દે. ભીખાભાઈ! આહા..હા..! ભગવાન આત્મા સ્વયંસિદ્ધ કર્તા. પોતાના સમ્યગ્દર્શનનો કર્તા પણ એ, સાધન પણ એ, સંપ્રદાન પણ એ, દઈ લઈને કરીને આપે પોતે રાખે એ. અહીં તો કેવળજ્ઞાનમાં તો દરેક ગુણની પર્યાયને આમ લઈ લેવું. સમજાણું કાંઈ? પોતાના ધર્મની પર્યાય,... વિકારી પર્યાયમાં પરની અપેક્ષા ન કીધી પછી.. મગનભાઈ! વિકાર કરવામાં પણ જીવ સ્વતંત્ર કર્તા થઈને અને પોતે પોતાના વિકારને પહોંચી વળે છે. કર્મ એટલે પહોંચી વળવું. પોતાના વિકારને આત્મા પોતે પરની અપેક્ષા વિના પહોંચી વળે છે. માણસ નથી કહેતા કે આ કામને પહોંચી વળ્યો. એમ આત્મા પણ પરની અપેક્ષા વિના રાગ વિકારને પોતે પરની અપેક્ષા વિના પહોંચી વળે છે. એમ ધર્મની પર્યાયને પણ પરની અપેક્ષા વિના ધર્મરૂપી કર્મ, ધર્મરૂપી કર્મ, એને પરની અપેક્ષા વિના આત્મા પહોંચી વળે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વિશ્વાસ એને નથી આવતો. જાણે પામર થઈ ગયો હોય એમ લાગે ને. ભીખારી થઈ ગયો. અરે..! ત્રણ લોકનો નાથ છો ભાઈ! આહા..હા..! અનંતા સિદ્ધને પેટમાં રાખ્યા ગર્ભમાં. બાપુ! ત્યાંથી છતો થશે. એમાં હશે એ આવશે. બહારથી આવું આવવાનું છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કુંદકુંદાચાર્યની કથની અનાદિ કેવળીઓનું કથન, એની સાથે કથન છે. સમજાય છે? લોકો તકરાર-તકરાર વાંધા ઉઠાવે, એવા વાંધા ઉઠાવે. બે કારણથી થાય, એક કારણથી એકાંત છે. અહીં કહે છે કે એક જ કારણથી થાય એ સમ્યક્ એકાંત છે. સાંભળને, અહીં તો નિમિત્તને ના પાડી જુઓને.

**'અન્ય કારકોથી નિરપેક્ષ હોવાથી (સ્વતંત્ર) હોવાથી...'** ભગવાન આત્મા પોતાની જાગૃતિ થવામાં પરની અપેક્ષા છે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થવામાં પણ પરની અપેક્ષા જરીએ નથી. આહા..હા..! આ તો હવે એને બેસે નહિ. સ્વતંત્ર ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ છે એના સ્વભાવનો અનાદર કરે તો એ કર્તા થઈને કરશે અને આદર કરશે તો કર્તા થઈને કરશે, કોઈ કરાવનાર છે નહિ. થોડો ટેકો જોવે ને. શેઠ કહે એમ વજ્રનારાચ સંહનન

તો છે કે નહિ? સંહનન છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નહિ. તો તો સંહનન બધાને હોય છે. માછલાને હોય છે. માછલું જોયું? તંદુલ મચ્છ સાતમી નરકમાં જાય. એને વજ્રનારાચ સંહનન હોય છે. સમજાણું કાંઈ? સાતમી નરકે જાય. આટલો અંગુલનો અસંખ્ય ભાગ હોય ઝીણો. મોટું હજાર યોજનનું માછલું હોય એના આંખમાં હોય કે કાને હોય. આમ આંખ કરતા હજાર યોજનનું માછલું હોય એ મોઢું ફાડે તો કેટલાય માછલા આવે અને કેટલાય વયા જાય. ઓલો વિચારે કે આટલો જો મોટો હોત તો હું માછલાને આવે એને જવા ન દેત પેટમાંથી. એટલો હોં! અને સંહનન વજ્રનારાચ સંહનન, વજ્રનારાચ સંહનન. એવા પરિણામ થાય કે સાતમી નરકનું આયુષ્ય બાંધે. ૩૩ સાગરનું રવ રવ નરક. શરીર પણ મોટું નથી. પરિણામ મોટા આકરા કર્યા. ભગવાન પોતે પડ્યો છે ને મોટો. અનાદર કરીને ઊંધા પરિણામ. સંહનન પડ્યું રહ્યું. સંહનનવાળો ગયો નરકે સાતમીએ. અને આ સંહનનવાળો મોક્ષ પામે. એ પોતાને કારણે કે સંહનનને કારણે? આહા..હા..! પુરુષાર્થથી જ છે ને. અહીં ષટ્કારક હવે સ્થાપે છે ને જુઓને. આહા..હા..!

આટલી વાત કરી કે '**શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ...**' એક વાત. એ '**અન્ય કારકોથી નિરપેક્ષ (સ્વતંત્ર) હોવાથી...**' બે વાત. '**અત્યંત આત્માધીન છે.**' એમ વધારે સ્પષ્ટ (કર્યું). અત્યંત આત્માધીન છે. ભગવાન આત્મા... મારે એની તલવાર એમ કહે છે. બાંધે એની નહિ. બાંધે સમજો છો? રાખે તો ઘણા રાખે શું કરે? ઝપટ બોલાવે. એમ આત્મા પોતાના જાગૃત સ્વભાવથી ઝપટ બોલાવે અંદરથી. પરનો આશ્રય ... દેવ-ગુરુ-શાસ્ત્ર, સંહનન, મનુષ્યપણું સંહનન વગેરે વિકલ્પ વ્યવહાર હતો તો કેવળજ્ઞાન થયું, આ પૂર્વના ચાર જ્ઞાન હતા સાધકપણાની પર્યાય, એ સાધકપણાની પર્યાય હતી તો કેવળજ્ઞાન થયું. ના. સમજાણું કાંઈ? સીધું આત્મદ્રવ્યથી કેવળજ્ઞાન પામે છે. સમજાણું કાંઈ?

અરે..! એની શક્તિ શું છે, એનું માહાત્મ્ય શું છે આત્માનું (એની) એને ખબર ન મળે. રાંકો થઈને ફરે અને પછી પરમેશ્વરને કહે કે તમે હે ભગવાન! મોટા છો હોં! પણ ભગવાન કહે કે તું મોટો છો. આવ્યું હતું ને આપણે આ પહેલું? પડઘો પડઘો—પ્રતિછંદ. સમયસારની પહેલી ગાથા. હે પરમાત્મા! પૂર્ણાનંદ પૂર્ણસ્વરૂપ આપ છો. એ કહે છે. સામે અવાજ છે, હે પરમાત્મા! પૂર્ણસ્વરૂપ પૂર્ણાનંદ તું પોતે છો. મારી સામું શું જો છો તું? તારી સામું જો ને. તારામાં બધું પડ્યું છે. સમજાણું કાંઈ? વિશ્વાસ આવતો નથી, બેસતું નથી અને બેઠા વિના એને કલ્યાણનો માર્ગ હાથ આવતો નથી.

પછી આપણે આત્માધીન કર્યું ને એટલે ખુલાસો કર્યો '**(-લેશમાત્ર પરાધીન નથી)...**' જરીએ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થવામાં, અરે..! સમ્યગ્દર્શન પ્રાપ્ત થવામાં, સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થવામાં, સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થવામાં, આ વિકાર પ્રાપ્ત થવામાં લેશમાત્ર પરનું સાધન નથી. લે. સમજાણું કાંઈ? '**એમ પ્રકાશે છે :—**' ૧૬ ગાથા પણ ઓહો..હો..! લ્યો સમજાણું? સોળે કળાએ

ખીલી ગયું કેવળજ્ઞાન.

**तह सो लद्धसहावो सव्वण्हू सव्वलोगपदिमहिदो।**
**भूदो सयमेवादा हवदि सयंभू त्ति णिद्दिट्ठो।।१६।।**

ભગવાન આમ કહે છે. આહા..હા..!

**સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેંદ્રપૂજિત એ રીતે**
**સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે. ૧૬.**

આ સ્વયંભૂ આવ્યું, ભાઈ! ઓલા કહે છે ને સ્વયં એટલે આમ પોતે પરિણમે એ, સ્વયં એટલે પોતાથી કર્તા થઈને (પરિણમે) એમ નહિ. એ મોટી ચર્ચા ચાલી છે ઓલામાં. ખાણિયા ચર્ચા. એ પરિણમે એ, પણ સ્વયમેવ પોતાથી થઈ જાય પરની અપેક્ષા વિના એમ નહિ. આવ્યું છે કે નહિ એમાં? પરિણમે એ એમ કહે. પોતારૂપ પરિણમે સ્વયં એટલે પોતારૂપ. પરરૂપે ન પરિણમે. પણ પરની વાત જ ક્યાં છે અહીં? આહા..હા..! ભારે ભગવાન ઊંધો પડ્યો પણ (ઊંધાઈ) કરે છે ને. આહા..હા..!

ટીકા. લબ્ધ સ્વભાવ છે ને એટલે સ્વભાવને પામેલો. મૂળ પાઠમાં છે ને લબ્ધસ્વભાવ. લબ્ધ નામ પ્રાપ્ત સ્વભાવ, લબ્ધિ પ્રગટી છે એને. ભગવાન આત્મા કેવળજ્ઞાનનો કંદ છે એ પર્યાયમાં લબ્ધ સ્વભાવ છે. પર્યાયમાં સ્વભાવની ત્રણ જ્ઞાનની પ્રાપ્તિ, 'ધન્ય કાળ'. સમજાય છે કાંઈ? એ પોતાના પુરુષાર્થથી થાય છે. ટીકા. શેમાં નાખ્યું આ? સર્વ. '**सर्वलोकपतिमहितः**' છે ને.

'**અન્વયાર્થ :- એ રીતે તે આત્મા સ્વભાવને પામેલો,...**' કેવો છે? કે '**સર્વજ્ઞ...**' '**सर्वलोकपतिमहितः**' '**(ત્રણે) લોકના અધિપતિઓથી પૂજિત...**' એમ. '**સર્વલોકના અધિપતિઓ = ત્રણે લોકના સ્વામીઓ—સુરેન્દ્રો, અસુરેન્દ્રો ને ચક્રવર્તીઓ.**' એવા ત્રણ લોકના પતિ છે ને, સર્વલોકપતિ—એ સર્વલોકના અધિપતિ, એનાથી પરમેશ્વર મહિત છે-પૂજનિક છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ અને કેવળજ્ઞાની વગેરે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**સર્વ લોકના અધિપતિઓ...**' પાઠમાં તો પતિ છે ને? સર્વલોકપતિ-સર્વલોકના ધણી એટલે સર્વલોકના અધિપતિ સુરેન્દ્ર, નરેન્દ્ર, અસુરેન્દ્ર એનાથી પૂજિત છે. એવા પરમેશ્વર હોય છે. સમજાણું કાંઈ?

'**સ્વયમેવ થયો હોવાથી...**' એ આત્મા પોતાથી થયો હોવાથી, એમ. '**સ્વયમેવ થયો હોવાથી...**' એમ. પોતાના રૂપે થયો એનો અર્થ શું? પણ એ તો પોતે પોતાથી થયો હોવાથી '**સ્વયંભૂ છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.**' એમ ત્રિલોકનાથ પરમેશ્વર પરમાત્મા કેવળજ્ઞાનીએ આ ઉપદેશ કહ્યો છે. પોતે કહે છે એ તો બરાબર છે પણ અહીં તો '**त्ति णिद्दिट्ठो**' પરમાત્મા કેવળજ્ઞાનીએ તો આમ કહ્યું છે, ભાઈ! એને તું ઓળખ અને માન કે વસ્તુનું સ્વરૂપ આવું છે. પ્રાપ્ત થાય એ પોતાના પુરુષાર્થથી થાય છે. બીજાની કોઈ મદદની જરૂર નથી. એ રાંકો

નથી કે બીજાનો ટેકો લે. એમ કહે છે. રાંકા હોય એ ટેકા લે પરના. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપે બધાને બળવાન બનાવ્યા.

ઉત્તર :- ઠીક ને. આવ્યું પાછું. બળવાનમાં પણ એ આવ્યું. એય..! આહા..હા..!

'**ટીકા :- શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી...**' જુઓ શબ્દ! ઓલા ભાવના કહે છે ને ભાઈ! ભાવના એટલે ચિંતવન, વિકલ્પ. શુદ્ધ ઉપયોગ, એ એમ કે સામાયિકમાં શ્રાવકને ભાવના હોય છે શુદ્ધ ઉપયોગની. એટલે લખે છે કે ભાવના એટલે શુદ્ધ ઉપયોગ નહિ, એની ભાવના હોય છે. એમ નહિ. અહીં જુઓ ભાવના એટલે ભાવરૂપ પરિણમ્યો એને ભાવના કીધી છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ, આત્માના શુદ્ધ સ્વભાવની એકાગ્રતા, વીતરાગતા એવા ઉપયોગની ભાવના એટલે એકાગ્રતા. '**પ્રભાવથી...**' લ્યો એના પ્રભાવથી... એના પ્રભાવથી '**સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયા હોવાથી...**' દેખો! આના પ્રભાવથી નષ્ટ કર્મ થયા. એ કહે છે કે કર્મ નાશ થાય તો આમ પ્રાપ્ત થાય એમ કહો. કહો, સમજાણું કાંઈ? આ છે ને અમરચંદભાઈ! ખાણિયા ચર્ચામાં. ખાણિયા ચર્ચામાં લીધું આ. તમે કહો કે પુરુષાર્થથી આમ થાય તો કર્મનો નાશ થાય. અમે કહીએ છીએ કે કર્મનો નાશ થાય તો આમ થાય. આમ લ્યો. નહિતર તમારી ગતિફેર છે. ગતિફેર એટલે અર્થ કરવાનો ફેર એમ. પદ્ધતિ તમારી ફેર છે. એમ નથી, આ પદ્ધતિ છે, સાંભળને. હવે એની મેળાએ કર્મ નાશ થાતા હશે?

'**શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી...**' છે ને? અનુભાવો. '**સમસ્ત ઘાતિકર્મો...**' જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય '**નષ્ટ થયા હોવાથી...**' નષ્ટ થવાને કારણે. જોયું! '**જેણે શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ પ્રાપ્ત કર્યો છે...**' જેણે શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ (પ્રાપ્ત કર્યો) પર્યાયમાં હોં! શુદ્ધ ચૈતન્યશક્તિવાળો ચૈતન્યસ્વભાવ પર્યાયમાં પ્રાપ્ત કર્યો છે. આ શક્તિ પર્યાયની છે. '**એવો આ (પૂર્વોક્ત) આત્મા,...**' બસ એટલી વાત છે હવે. સમજાણું? હવે એને ષટ્કારક લાગુ પાડે છે. શું કીધું? '**શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી...**' કહો, આટલા એણે અપવાસ કર્યા અને આટલું કર્યું એ કાંઈ નથી આમાં. એ શુદ્ધ ઉપયોગના પ્રભાવના બળથી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અપવાસ ક્યાં? અપવાસ કોને કહેવો? રોટલા છોડ્યા એને અપવાસ કહેવો? ઉપ એટલે આત્માના સ્વભાવ સમીપ વસતા એના શુદ્ધ ઉપયોગની ભાવનાથી. લ્યો! આ ઉપવાસ. સમજાણું કાંઈ?

'**શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી જેણે...**' એક તો ઘાતિકર્મ હતા એ સિદ્ધ કર્યું, નિમિત્તપણે ઘાતિકર્મ હતા. પુરુષાર્થના પ્રભાવથી તેને નષ્ટ થવાની યોગ્યતાથી તે નષ્ટ થયા. એ નિમિત્તથી કથન તો એમ જ આવે ને. ઘાતિકર્મ

નષ્ટ થયા હોવાથી... જુઓ એમ કીધું ને? પ્રભાવથી નષ્ટ થયા હોવાથી... એ નિમિત્તનું કથન છે. શું કીધું? '**શુદ્ધ ઉપયોગની ભાવનાના...**' અહીં જ્ઞાનપ્રધાન કથન છે એટલે બેનું જ્ઞાન સાથે કરાવે છે. '**ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં...**' સમજાણું કાંઈ? શું કીધું? ઘાતિકર્મનો જડનો નાશ જીવના પ્રભાવ વડે થયો. સાચી વાત હશે? આ તો લખ્યું છે આમ. પણ આ તો લખ્યું છે ને જુઓ! '**ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી...**' એ નિમિત્તનું કથન છે. અહીં જ્યાં શુદ્ધ ભાવનાની ભાવના થઈ ત્યારે કર્મમાં નાશ થવાની પર્યાયની યોગ્યતા હોય જ. ન હોય એમ હોઈ શકે નહિ. અરે..! શબ્દે શબ્દે વાંધા.

છે ને? '**સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી...**' પાછું ત્યાં જોર આપે એ. પણ આ પ્રભાવથી નષ્ટ થયા હોવાથી એમ કહેને પહેલું નિમિત્ત અને પછી જેણે શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કર્યો છે. નષ્ટ થયા હોવાથી એ પણ નિમિત્ત છે. એ અનંત શક્તિવાળો ચૈતન્યસ્વભાવ કેવળજ્ઞાનપણે પ્રાપ્ત થયો છે. સર્વજ્ઞપણાની લબ્ધિ પ્રગટ થઈ ગઈ છે. આહા..હા..! જુઓ! શુદ્ધ ઉપયોગની ફળ દશા. '**એવો આ પૂર્વોક્ત આત્મા,...**' બસ, એટલી વાત સાધારણ. હવે છ કારક લેશે.

'(૧) **શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે...**' શું કહે છે? એ શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી. પોતે સ્વતંત્ર. કર્તા સ્વતંત્ર હોય ને. કર્તાની વ્યાખ્યા સ્વતંત્ર હોય. '**કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે...**' કેવળજ્ઞાન પામવા માટે '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી...**' કર્તાનો અધિકાર પોતાનો છે. કેવળજ્ઞાન પામવામાં કર્તાનો અધિકાર પોતાનો છે. સમજાણું કાંઈ? અધિકાર ગ્રહણ કર્યો હોવાથી. છે ને એમ? '**स्वतन्त्रत्वाद्गृहीतकर्तृत्वाधिकारः**' '**स्वतन्त्रत्वाद्गृहीतकर्तृत्वाधिकारः**' ઓહો..! સ્વતંત્રપણે કરે તે કર્તા. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈ સ્વતંત્રપણે કર્તાપણે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવામાં સ્વતંત્ર અધિકાર કર્તાનો છે. એમાં કોઈનો અધિકાર નથી. બીજો કર્તા-ફર્તા છે નહિ. સમજાણું કાંઈ? લ્યો આ એક જ કર્તા કીધો, બે કર્તા નહિ. તો કહે, આ નિશ્ચયનો અધિકાર (છે) માટે (એમ કહ્યું છે). અષ્ટસહસ્રીમાં બે આવે. બે કારણ. સાંભળને એ તો બીજી ચીજ હોય એનું જ્ઞાન કરાવ્યું ત્યાં, પણ વસ્તુ તો આમ થાય છે. સમજાણું? નયનો અધિકાર હોય, પ્રમાણનો, નિશ્ચયનો બધો અધિકાર હોય, પણ વસ્તુ સ્થિતિ આ છે. સમજાણું? નિશ્ચયથી જે જાણ્યું એને પછી વ્યવહાર કેવો હોય એનું જ્ઞાન થાય છે. એક સાથે પ્રમાણથી કહે તો બેનું કહે એક સાથે. સમજાણું કાંઈ? આહા..હા..! કુંદકુંદાચાર્યના શાસ્ત્રો આ જો ન હોય તો ગોટા વાળા છે બધા. છે તોપણ ગોટા વાળે છે. આટલું સ્પષ્ટ સત્ય વાત આમ જાહેર ઢંઢેરો પીટીને મૂકે છે. શુદ્ધ ઉપયોગથી સ્વતંત્ર પોતે કેવળજ્ઞાનને પ્રાપ્ત

કરવામાં સ્વતંત્ર છે કહે છે. એની સ્વતંત્રતામાં કોઈની દખલ નથી કે કોઈની મદદ છે ને કર્તા થાય છે કેવળજ્ઞાન માટે એમ નહિ. એમ સમ્યગ્દર્શનમાં પણ સ્વતંત્રપણે પોતે કર્તા છે અને સમ્યગ્દર્શન છે એમ લઈ લેવું. સમજાણું કાંઈ?

'**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો...**' વર્તમાન પર્યાયનો પ્રગટપણાનો, કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે. એવો એ કર્તા થયો કર્તા. '(૨) **શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે...**' વર્તમાન પર્યાયની વાત છે હોં આ બધી. '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે...**' શુદ્ધ અનંતશક્તિ વર્તમાન પર્યાયવાળા જ્ઞાનરૂપ પરિણમવું થવાને લીધે '**પોતે જ પ્રાપ્ય હોવાથી (-પોતે જ પ્રાપ્ત થતો હોવાથી) કર્મપણાને અનુભવતો,...**' પોતે જ કેવળજ્ઞાનની પર્યાયને પોતે પહોંચી વળે છે. સમજાણું કાંઈ? એ એનું ઈષ્ટ છે. કર્તાનું ઈષ્ટ તે કર્મ અથવા કર્તા જેને પહોંચી વળે તે કર્મ. કર્તા જેને પહોંચી વળે તે કર્મ અથવા કર્તા જેને (પહોંચી વળે) ઈષ્ટ કર્તાનું એ કર્મ. કેવળજ્ઞાની કર્તાનું ઈષ્ટ કેવળજ્ઞાન કર્મ છે. સમજાણું કાંઈ? કર્મ એટલે કાર્ય. એ કાર્ય સ્વતંત્રપણે જીવ કરે છે. એ કાર્યમાં કોઈના બીજાની મદદ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

અહીં તો એક જ કારણ લીધું. જ્ઞાનરૂપે પરિણમે એ પોતે જ પ્રાપ્ય હોવાથી, પોતે પ્રાપ્ત કરતો હોવાથી કર્મપણાને અનુભવતો. લ્યો પોતાનું કાર્ય પોતાનું છે એ તો. સમજાણું કાંઈ? ત્યારે આખો પોતે જ પોતાથી કાર્ય કરે છે. એ કાર્ય કરવામાં કોઈ પર્યાય પૂર્વની મદદ નહિ, નિમિત્તની નહિ, સંહનનની નહિ, બિલકુલ નહિ. એવો એ સ્વતંત્ર ભગવાન આત્મા પોતાની પર્યાયના કાર્યને કરે છે. સમજાણું કાંઈ? એ કર્તા ને કર્મ બે કારક થયા. બે કારકો ક્રિયાના. છ છે એમાંથી ચાર વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૮, રવિવાર, તા. ૧૫.૯.૧૯૬૮**
**ગાથા-૧૬, પ્રવચન-૧૩**

૧૬મી ગાથા. શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થતો મોક્ષ અથવા સર્વજ્ઞપણું. શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થતું .. જ્ઞાનસ્વભાવ, જ્ઞ સ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ એની દૃષ્ટિ, જ્ઞાન અને શુદ્ધ ઉપયોગરૂપી આચરણ (થવાથી) એને સર્વજ્ઞપદ જે શક્તિરૂપે છે એ પ્રગટરૂપે પ્રાપ્ત થાય છે. એ પ્રગટ થવામાં બીજા કોઈ કારણ, કારકોની અપેક્ષા રહેતી નથી. એ અહીં સિદ્ધ કરે છે. અહીં તો

કેવળજ્ઞાનને સિદ્ધ કરે છે. પણ પ્રત્યેક કોઈપણ નિર્મળ પર્યાય (પ્રગટ થવામાં પર કારકની અપેક્ષા છે નહિ). સમજાય છે કાંઈ? વિકાર થવામાં પણ ખરેખર પરની અપેક્ષા નથી. વિકાર .. જે થાય એ પણ પોતાના અંશના ષટ્કારકના સ્વતંત્ર પરિણમનથી પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે અંશમાં વિકાર થાય છે. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થવામાં ષટ્કારક પોતાથી પ્રગટ થાય છે, પરની અપેક્ષા એમાં નથી. અહીં ત્રણની વાત છે અત્યારે.

'**શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી...**' જુઓ, અહીં શુભ અને અશુભભાવ નહિ. કારણ કે એ તો મલિન અને વિકારી પરભાવ છે. ભગવાન આત્મા,... અહીં પર્યાય સિદ્ધ કરે છે. વસ્તુ તો શુદ્ધ ધ્રુવ છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, એની શુદ્ધ ઉપયોગની પર્યાય દ્વારા એના પ્રભાવથી. જુઓ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી...**' ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ એની દૃષ્ટિ, જ્ઞાન અને શુદ્ધ ભાવનાના બળથી '**સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયા હોવાથી...**' એના બળથી ઘાતિકર્મો નષ્ટ થયાં, એ નિમિત્તના કથન છે. સમજાણું કાંઈ? ઘાતિકર્મ તે કાળે પોતાની પર્યાયમાં એ રીતે નષ્ટ થવાને લાયક હતા. પણ નિમિત્તપણું આ છે એટલે અહીં થયું એટલે ત્યાં થયું એમ બતાવવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ ઉપયોગની ભાવના...**' શબ્દે એકાગ્રતા. ભાવના એટલે? આમ શુદ્ધ ભાવવું, આમ ભાવવું એમ નહિ. ભાવના શબ્દે એકાગ્રતા, રમણતા. એના '**પ્રભાવથી...**' અનુભાવથી એમ પાઠ છે. અનુભાવ એટલે પ્રભાવ. દેખો! એના પ્રભાવથી કર્મ નષ્ટ થયાં. આત્માના શુદ્ધ ઉપયોગના પ્રભાવથી કર્મમાં પ્રભાવ પડ્યો અને કર્મ નષ્ટ થયાં. નથી લખ્યું આમાં? લખ્યું છે કે નહિ? જ્ઞાનપ્રધાન કથન છે ને? તો ઉપાદાનનો અહીં ભાવ અને નિમિત્તનો ત્યાં—બેય ભાવને સાથે જણાવ્યા છે. પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

એ '**હોવાથી જેણે શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્ય સ્વભાવ પ્રાપ્ત કર્યો છે એવો આ (પૂર્વોક્ત) આત્મા,...**' હવે એમ કહેવું છે. શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ પર્યાયમાં-પર્યાયમાં... શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ પર્યાયમાં પ્રાપ્ત કર્યો એવો આ આત્મા. સમજાણું કાંઈ? એવો એ આત્મા. હવે એ આત્મા ઉપર ષટ્કારક લાગુ પાડે છે. એવો આત્મા આ. સમજાણું કાંઈ? હવે પહેલો કર્તા. કહે છે કે જેમ વસ્તુની સત્તા સ્વતંત્ર છે, એના ગુણ સ્વતંત્ર છે, એમ એની પર્યાયનો કર્તા આત્મા સ્વતંત્ર છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થવામાં શેઠ! સંહનન કીધું હતું કે નહિ? સંહનન હોય, મનુષ્યદેહ હોય, ફલાણું હોય, ઢીંકણું હોય. હોય તો એને ઘરે રહ્યું. કારણ-ફારણ નથી. હોય તો એને (ઘરે) રહ્યું.

પોતે '**શુદ્ધ અનંતશક્તિવાળો...**' જ્ઞાનસ્વભાવને લીધે. વર્તમાન હોં! વર્તમાન એનું કર્તાપણું છે. ત્રિકાળ તો જ્ઞાયકસ્વભાવ છે એ નહિ. વર્તમાન શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને

લીધે સ્વતંત્ર હોવાથી... વર્તમાન કેવળજ્ઞાન પ્રગટ કરવાને સ્વતંત્ર જ્ઞાયકસ્વભાવ હોવાથી... વર્તમાન. સમજાણું કાંઈ? 'જેણે **કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે...**' વર્તમાન પર્યાયમાં સર્વજ્ઞપદ પ્રાપ્ત આત્માએ કર્તાપણાનો અધિકાર પોતે ગ્રહણ કર્યો છે. એ કર્તા સ્વતંત્રપણે કરે તે કર્તા. એના કર્તાપણામાં બીજાની અપેક્ષા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

(કોઈ) કહે, જ્ઞાનાવરણીય કર્મ ખસે તો જ્ઞાન, કેવળજ્ઞાન થાય લ્યો! મોહનીય ક્ષય થાય તો વીતરાગતા થાય. એવા સૂત્રો આવે છે શાસ્ત્રમાં. એ બધા નિમિત્તના કથનો છે. વ્યવહારનું જ્ઞાન કરાવવું હોય તો એમ થાય. નિશ્ચયના જ્ઞાનમાં આમ છે. બેય સાથે જ્ઞાન કરાવવું હોય તો પ્રમાણજ્ઞાન કરાવે.

શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયક ભગવાન આત્મા, જેવો જ્ઞાયકસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ હતો એવો પર્યાયમાં સ્વતંત્રપણે, સ્વતંત્રપણે હોવાથી કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે. પોતે જ કર્તાપણાપણે પરિણમે છે. ગ્રહણ અધિકાર એટલે કોઈ પાસેથી ગ્રહણ કર્યો છે અધિકાર? આ કહે છે ને નોકરી ફેરવે ત્યારે આ નોકરી બધી, અધિકાર સોંપ્યો એમ નથી કહેતા? ચાર્જ સોંપ્યો. ચાર્જ કહો કે અધિકાર કહો. એમ અહીંયાં હશે કોઈ પાસેથી ચાર્જ લેવો હશે? અધિકાર ગ્રહણ કીધો છે ને. પોતે સ્વતંત્રપણે કેવળજ્ઞાન પ્રાપ્ત થવામાં કર્તાપણાનો અધિકાર એનો જ છે, કોઈનો છે નહિ. સમજાણું કાંઈ? ત્યારે કહે, પાંચમા આરામાં કેવળજ્ઞાન થતું નથી. એમાં કાંઈક કારણ ખરું કે નહિ પરનું? કહે છે ને, કાળને કારણે કેવળજ્ઞાન ન થાય. એમ નથી. એ કર્તાપણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે તે કર્તા સ્વતંત્ર છે, એને કાળ-બાળ નડતો નથી. અત્યારે થતો નથી એ કર્તાપણે કરતો નથી માટે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. ન કરે.

ઉત્તર :- બધાય ન કરે. તો શું છે? કર્તા સ્વતંત્ર છે ને. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પ્રગટ ન કરે એ પણ કર્તાપણાનો અધિકાર, એનું એ જાતનું હીણાપણાના કર્તાપણાનું પરિણમન કરનારો સ્વતંત્ર છે. કાળને કારણે, ફલાણાને કારણે એમ છે નહિ. કહો, શેઠ સમજાય છે? સંભળાવનાર એવા મળ્યા માટે અમને અનુકૂળ.. એમ ના પાડે છે અહીં. ના પાડે છે.

મુમુક્ષુ :- પંચમ કાળ છે એટલે..

ઉત્તર :- પંચમ કાળ એને ઘરે રહ્યો. અહીં ક્યાં ગરી ગયો છે? કાળ કર્તા થઈને કામ કરાવે છે? કાળ કર્તા થઈને કામ કરાવે છે? સમજાણું કાંઈ? પોતે કર્તા થઈને પોતાની હીણી પર્યાયરૂપે પરિણમે (એમાં પોતે) સ્વતંત્ર કર્તા છે. સમજાણું કાંઈ? એમ કેવળજ્ઞાનરૂપે સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો વર્તમાન અધિકાર ગ્રહણ કર્યો છે હોં! કર્તાપણું ત્રિકાળ દ્રવ્ય એમ નહિ, દ્રવ્ય તો છે, પણ દ્રવ્યે વર્તમાન કર્મનું કર્તાપણું પર્યાયમાં ગ્રહણ કર્યું સીધું. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્ય શું છે? દ્રવ્ય તો ત્રિકાળ છે. કર્તાપણું એનું વર્તમાન પર્યાયમાં સ્વતંત્ર થાય છે એમ કહે છે. કર્તાપણાનો કારક છે આ, વર્તમાન કારકરૂપે પરિણમે છે એમ કહે છે. ત્રિકાળી તો ધ્રુવ છે. સમજાણું કાંઈ?

શુદ્ધ અનંત શક્તિવાળો ભગવાન જ્ઞાયકસ્વભાવને લીધે વર્તમાન સ્વતંત્ર હોવાથી તેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં સ્વતંત્ર અધિકાર આત્માનો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને પૂર્વની પર્યાયની જરૂર નથી એમ કહે છે અહીં. એ અપાદાનમાં નાખશે. ધ્રુવ કહે છે ને ધ્રુવ. સર્વજ્ઞથી જે સિદ્ધ છે એને મૂકવાની રીત સંતોની એવી છે કે અલૌકિક! જુઓને સવારમાં આવ્યું હતું ને ઉત્પાદ-વ્યય-ધ્રુવ. સર્વજ્ઞે એક સમયમાં ત્રણ જોયા. એટલે પહેલો બોલ એ મૂક્યો. સર્વજ્ઞસ્વભાવમાં એક સમય અને વસ્તુ ત્રણ. આવી ચીજ છે એને કોઈ વિચારથી માણસ આવે કે ભાઈ મારે સમજવું છે તો એનો અર્થ થયો કે કાંઈક અણસમજણ ટાળવી છે, સમજણ કરવી છે અને ધ્રુવ પોતે ટકનારો એમ ને એમ રહેવું છે. એટલે આ ચીજની સત્તા વિના અને એ સત્તાના જાણનાર વિના એ સત્તાનું કોઈ સ્પષ્ટીકરણ કરી શકે નહિ. સમજાણું કાંઈ? ઓલા કહે છે ને કે લ્યો ભાઈ આ વિકલ્પ તોડો, વિકલ્પ તોડો. શું પણ વિકલ્પ તોડીને પછી રહે શું? વિકલ્પ તૂટીને જાય શું? ને થાય શું? ને રહે શું?

મુમુક્ષુ :- ... પૂર્ણ પ્રાપ્ત થયું.

ઉત્તર :- કઈ રીતે પણ? વિકલ્પ તૂટે અને એ સ્થાનમાં નિર્વિકલ્પતા આવે અને ધ્રુવ કાયમ રહે, ત્યારે એ વાત સિદ્ધ થાય, નહિતર વાત સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? વિકલ્પ જે સંસારપર્યાય છે, અહીં એ કીધું ને નષ્ટ, સ્વભાવથી નષ્ટ કર્યા, ત્યારે અશુદ્ધતા નષ્ટ કરી. નષ્ટ એને લઈને થઈ કર્મ. અહીંયા અશુદ્ધતા નષ્ટ થઈ, શુદ્ધ પ્રગટ થયું, ધ્રુવપણું કાયમ રહ્યું. સમજાણું કાંઈ? આ વસ્તુની સ્થિતિ આવી છે. સર્વજ્ઞથી... એ સર્વજ્ઞ એક સમયના જાણનાર અને વસ્તુમાં એક સમયમાં ત્રણ ભાગ. એક સમયમાં ત્રણ ભાગ. ત્રણ ભાગને એક સમયમાં જાણે. એવું સૂક્ષ્મ જ્ઞાન એને ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ખ્યાલમાં આવે પ્રત્યક્ષ. સમજાણું કાંઈ? અને એના કહેલા તત્ત્વો તે યથાર્થ છે. એ સિવાય કોઈ અજ્ઞાનીએ કહેલા તત્ત્વો યથાર્થ હોઈ શકે નહિ. ગપ્પા મારે આડાઅવળા. સમજાય છે? આમ કરો, ફલાણું કરો, વિકલ્પ તોડો.

મુમુક્ષુ :- વિકલ્પ તોડો અને શૂન્ય થઈ જાવ.

ઉત્તર :- શૂન્ય થઈ જાવ. શૂન્ય થઈ જશે જડ. સમજાણું કાંઈ?

સત્તા કેવડી છે એ અહીં સિદ્ધ કરતા જાય છે જુઓને. શુદ્ધ ઉપયોગની ભાવના દ્વારા સત્તા જે હતી તે પ્રગટ વર્તમાન પર્યાયમાં કર્તા થઈને થઈ છે. સમજાણું કાંઈ? એ કર્તા. એવો આત્મા ઉપર કહ્યું હતું ને પૂર્વોક્ત એવો '(૨) **શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે**

**પરિણમવાના સ્વભાવને લીધે...'** શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાન. વર્તમાનની વાત છે હોં આ. શુદ્ધ અનંત શક્તિ પ્રગટ થઈ છે કેવળજ્ઞાન, એવું જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે, પરિણમવાના ભાવને લીધે **'પોતે જ પ્રાપ્ય હોવાથી (-પોતે જ પ્રાપ્ત થતો હોવાથી)...'** પોતે જ પ્રાપ્ત થયો છે. પોતાનું કર્મ પોતે પ્રગટ કર્યું છે. એ કેવળજ્ઞાનરૂપી કાર્યને પોતે પહોંચી વળ્યો છે. સમજાણું કાંઈ? એક કામ હોય ને પછી બે-પાંચ જણા ભેગા થઈને કામને પહોંચી વળે. એમ નથી કહે છે. આત્મા જ પોતાના કેવળજ્ઞાનની પર્યાયરૂપી કાર્યને જાતે જ પહોંચી વળ્યો છે. એવો જેનો કર્મનો અર્થ સ્વભાવ છે. કર્મ નામ કાર્ય, કર્મ નામ કાર્ય. લ્યો! આ કાર્ય કાર્યની વાતું કરે છે ને. કાર્યના બે કારણો. સમજાણું કાંઈ? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવું હોય ત્યારે. અહીં તો એક જ અત્યારે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નષ્ટ થયો પછી. એ પહેલું સમજાવી દીધું.

અહીં તો **'જ્ઞાનરૂપે પોતે પરિણમવાને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી કર્મપણાને અનુભવતો,...'** પોતાનું જ કાર્ય પોતે કર્યું. એમાં નિમિત્તનો અભાવ થયો એ વાત અહીં નથી. એ તો પહેલું જણાવ્યું કે આ ભાવથી ત્યાં નિમિત્ત નષ્ટ થયું એટલું. સમજાણું કાંઈ? નિમિત્ત નષ્ટ થવાના કારકો પણ કર્મના પર્યાયપણે એના સ્વતંત્ર થઈને નષ્ટ થાય છે. આ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાનપ્રધાન કથન છે ને, જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન. પ્રમાણજ્ઞાન તેનું જ્ઞાન કરાવ્યું છે.

અહીંયા પોતે પોતાના કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો કર્મપણાને અનુભવતો એવો આત્મા. પોતાના કાર્યને કરતો, અનુભવતો. લ્યો આ કેવળજ્ઞાનરૂપી કર્મ કહો, કાર્ય કહો. એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી કર્મ કહો, કાર્ય કહો, એને આત્મા પહોંચી વળે છે. સમજાણું કાંઈ? સ્વતંત્રતા જીવને એને બેસતી નથી. આવી તાકાત મારામાં! અનંત આનંદનો ઘન છે એ. પરમાનંદ પરમાત્માનો પિંડ છે આત્મા. અનંત પરમાત્માનો પિંડ છે એ. સમજાણું કાંઈ? પરમાત્મા થવા માગે છે તો પર્યાય બધી પડી છે એમાંથી પ્રવાહ આવે છે. બહારથી ક્યાંથી આવતો હતો? સમજાણું કાંઈ?

એવા જ્ઞાનરૂપે... સર્વજ્ઞ સિદ્ધ કરવું છે ને અહીં તો. એટલે અનંત શક્તિવાળું જ્ઞાન છે એમ. એવા **'પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી...'** પોતે જ પ્રાપ્ય છે. એટલે પોતે જ પ્રાપ્ત થતો હોવાથી **'કર્મપણાને અનુભવતો,...'** પોતાના કાર્યને પોતે અનુભવતો, પોતાના કાર્યને પોતે કરતો અને પોતાના કાર્યને પોતે અનુભવતો. એ એનું કર્મ, કર્મ એટલે કાર્ય. સમજાણું કાંઈ? એના કાર્યને બીજો અનુભવે? જડ અનુભવે? એનું ખરું કારણ હોય તો એ પણ ભેગો અનુભવે. સમજાણું કાંઈ? બે બોલ તો આવ્યા હતા કાલે.

ત્રીજો. કારણ હવે કહે છે. કરણ-કરણ સાધન. એ કેવળજ્ઞાન થવામાં સાધન શું સાધન? આવે છે ને નિશ્ચય થવામાં વ્યવહાર હેતુ. છ ઢાળામાં નથી આવતું? કારણ, હેતુ. જુઓ. બીજું શું આવે છે? નિયતનો હેતુ, કારણ-હેતુ. બે આવી ગયા. નિયતનો હેતુ, નિયતનું કારણ, ઉપચાર વ્યવહાર. સમજાણું? એ બધા કારણો કહે વ્યવહારનયથી જાણવા માટે. ખરેખર તો '(૩) **શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ સાધકતમ (ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાને ધરતો,...**' સાધકતમ શબ્દ પડ્યો છે ને એટલે ઉત્કૃષ્ટ સાધનનો અર્થ સાધન જ એ એમ કહે છે. વળી ઉત્કૃષ્ટ સાધન એટલે? કો'ક સાધન જઘન્ય અને કો'ક સાધન ઉત્કૃષ્ટ એમ નહિ. સાધન જ આ એમ કહેવું છે. સાધકતમ એટલે સાધન જ આ એમ સિદ્ધ કરવું છે. સાધકતમ એટલે બીજો સાધક, આ સાધકતર બીજો અને સાધકતમ આ એમ નહિ. ભાષા તો એમ છે કે નહિ? સમજાણું કાંઈ? કહે છે પોતે જ સાધનરૂપ છે બસ એકલો ભગવાન આત્મા. વર્તમાન પર્યાયમાં હોં!

કેવળજ્ઞાન થવામાં '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ સાધકતમ હોવાથી...**' સાધકતમ એટલે એક પોતે એક જ સાધન હોવાથી એમ. સાધકતમ હોવાથી એટલે આ જ સાધન હોવાથી એમ અર્થ છે એનો. સમજાણું કાંઈ? '**કરણપણાને ધરતો...**' એ સાધનપણાને ગ્રહણ કરતો, સાધન પોતે પોતાનું છે. પોતાના સાધન માટે બીજા સાધનની જરૂર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! ૐ... ૐ... જપવા, નામ જપવા, આ કરવું એમ કરતા કરતા કેવળજ્ઞાન થાય. કહે છે કે ના, એ સાધનની જરૂર છે જ નહિ એમ કહે છે અહીં. એ તો બધા વિકલ્પ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં કરતો હતો? વિકલ્પ કરે છે, બીજું શું કરે છે ત્યાં? ૐ... ૐ... ૐ... લગાવે છે ધ્યાન. યાદ કરો રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામ... જાપમાંથી સાક્ષાત્કાર થાશે. કહેતા હતા ને એક ઓલા નહિ? આવ્યા હતા ઓલા સાધુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ટકે આત્મા એમ નહિ એમ કહે છે. છે કે તું મોટો છો કે નહિ? કે એ જ છે? રાગ જ છે? એમ કહે છે. પોતાનું અસ્તિત્વ મોટું છે કે નહિ કાંઈ? કે એ જ છે? રાગ એ જ અસ્તિત્વ છે? એમ કહે છે. ખબર નથી. શોભાલાલજી!

ભગવાન આત્મા મહા ચૈતન્યનું સાધન પણ એનામાં પડ્યું છે શક્તિરૂપે. સમજાણું કાંઈ? સાધન નામનો એનામાં ગુણ છે અનાદિ-અનંત. કર્તા નામનો જેમ ગુણ છે... એ આપણે આવી ગયું છે (આત્મ)વૈભવ. કર્તા નામનો ગુણ છે એનું પરિણમન કર્તા થઈને સ્વતંત્ર કરે છે. કર્મ નામનો ગુણ છે તે કાર્ય નામના ગુણ વડે કાર્યરૂપે પોતે પહોંચી વળે છે. કરણ નામનો ગુણ છે કે સાધન વડે પોતાની દશાને સર્વજ્ઞપણાને પોતે પ્રાપ્ત કરે છે. ચોથો આરો

હોય માટે પ્રાપ્ત થાય, ભગવાનના સમીપે જાય તો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, મહાવિદેહ હોય તો પ્રાપ્ત થાય અને ભરતમાં ન થાય.

મુમુક્ષુ :- એમ હોય ત્યારે તો ...

ઉત્તર :- એમ નથી એમ કહે છે. કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પોતાથી થાય છે, પરથી બિલકુલ નહિ. આવા સાધન હોય. આવે છે બધે. નથી (આવતું) ઈષ્ટોપદેશમાં? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની સામગ્રી હોય. આવે છે કે નહિ? મૂળ ગાથામાં આવે છે. આવે છે કે નથી આવતું? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. પણ એમાં ભાવ આવ્યો કે નહિ ભેગો? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમાં ભાવ આવ્યો કે નહિ? ઓલા ત્રણ નિમિત્ત કીધા અને ઓલો ભાવ આવ્યો. સમજાણું? ઈષ્ટોપદેશમાં છે ને પહેલા. .. નિમિત્તનું જ્ઞાન કરાવે છે. ભાવ એનો પોતાનો છે. પોતાના ભાવના કરણ વડે પોતે કેવળજ્ઞાનને પામે છે. નિમિત્ત ને ક્ષેત્ર ને દ્રવ્ય અનુકૂળ છે માટે પામે છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાધનનો અભાવ.

ઉત્તર :- પરના સાધનનો અભાવ, પોતાના સાધનનો ભાવ. પરના સાધન છે જ નહિ એમાં. બિલકુલ નહિ. ભગવાન-ભગવાન કરવું કે... સમજ્યા ને? ઓલા કહે છે ને કે ભગવાન, ભગવાનના પ્રતિમાને દેખ્યા અને મિથ્યાત્વનો નાશ થયો, નિદ્ધતનો નાશ થયો. ના. ના પાડે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જ્ઞાન કરાવ્યું છે. જિનબિંબ એ તો બહાર. આ જિનબિંબ અંદર છે એ. ત્યાં ક્યાં જિનબિંબ હતું? જિનબિંબ તો ઉપચાર જિનબિંબ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બોલવાની વાત છે. આત્મા પોતે ગુરુ એની પાસે મળે એમ કહે છે અહીં. આહા..હા..!

મુમુક્ષુ :- પોતે ..

ઉત્તર :- એમ જ હોય ને. પોતે પોતાને સમજાવે એ ગુરુ. સમજાવે એ ગુરુ. ઓલો સમજાવે પણ ઓલો સમજે નહિ, સમજાવે નહિ પોતાને તો ગુરુ કોણ થાય? એમ કહે છે. પોતે સમજે ત્યારે પોતાનો ગુરુ થયો પોતે. ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધું ને. ઓલો દેખે ત્યારે તેને માર્ગદર્શન કહેવામાં આવે છે. દેશનાલબ્ધિની વાત થઈ હતી ને કાલે .. દેશનાલબ્ધિ. ભાઈ! દેશનાલબ્ધિ થઈ. પણ દેશનાલબ્ધિનું ક્યારે કહેવાય? પ્રાપ્ત કરે ત્યારે દેશનાલબ્ધિ નિમિત્ત કહેવાય. માટે દેશનાલબ્ધિ મળી માટે પ્રાપ્ત થાય

એમ નથી. દેશનાલબ્ધિ તો અનંત વાર મળી, ગ્રહણ પણ કરી. પણ ઓલું પ્રાપ્ત થાય ત્યારે દેશનાલબ્ધિ નિમિત્ત કહેવાય. ત્યારે દેશનાલબ્ધિ હોય એટલું. સમજાણું કાંઈ? વાત એવી છે. દેશનાલબ્ધિ તો પર નિમિત્ત છે અને એમાં ખ્યાલ આવ્યો. એ ખ્યાલે કાંઈ અંદરમાં જવાય છે? એ ખ્યાલ દ્વારા જવાય છે અંદર? એ ભીખાભાઈ! એ તો ભીખાભાઈ સાથે વાંધા ઉઠ્યા. એ ખ્યાલ આવ્યો ત્યારે આમ આવ્યું ને? એમ. કીધું ના. એ તો આમ ગયો ત્યારે ખ્યાલ કરે, ત્યારે આ ખ્યાલને નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે. વસ્તુ એવી સ્વતંત્ર સ્વયંસિદ્ધ સ્વતંત્ર વસ્તુ છે. સ્વયમેવ પરિણમવાને દ્રવ્યમાંથી પ્રવાહ કાઢીને પરિણમે છે. એને પરની અપેક્ષા છે જ ક્યાં? સમજાણું કાંઈ? આવું એને શ્રદ્ધા અને જ્ઞાન તો કરે પહેલો કે વસ્તુ આવી છે. જેવી છે એવી જ્ઞાન નહિ કરે તો અસત્ કામ નહિ આવે. સમજાય છે કાંઈ? પહેલેથી માંડશે કે આનાથી આમ થાશે... આનાથી આમ થાશે.. ગોટા વાળશે. ખોટા જ્ઞાન તારા નહિ કામ આવે કાંઈ. સમજાણું?

‘**(-ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાને કરતો,...**’ કરતો છે. જોયું? ઓલામાં એમ કહ્યું છે કે જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો એમ લીધું. ઓલામાં કર્મપણાને અનુભવતો એમ લીધું. દરેકમાં શબ્દ ફેરવી નાખ્યો છે. પંડિતજી! કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે, કર્મપણાને અનુભવતો અને કરણપણાને ધારતો, ધરતો. અમૃતચંદ્રાચાર્ય. સમજાય છે? પોતે કારણપણાને કરતો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કે વિકારમાં અને કાં કેવળજ્ઞાનમાં. અહીં તો કેવળજ્ઞાનની વ્યાખ્યા ઉત્કૃષ્ટ લીધી, એમ દરેકમાં લઈ લેવી વાત. તે તે કારણપણાને ધરતો. ત્રિકાળમાં અંશમાં આવશે. સમજાણું કાંઈ?

‘**(-ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાને ધરતો,...**’ ‘સહુ સાધન બંધન થયા.’ આવે છે ને? .. આવે ને ઓલા ..માં ‘નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય.’ તો અહીં તો કહે છે કે નિશ્ચયથી પરિણમન પોતે જ થાય, એમાં સાધન-ફાધન છે નહિ. કહો, સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં આવે છે લ્યો! વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય નથી આવતું? એઈ..! વજુભાઈ! ના પાડે છે અહીં, આમાં ના પાડી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના, અંદર અર્થમાં પણ ના પાડી છે. જ્યારે એને (નિશ્ચયને) અવલંબીને, (વ્યવહારને) છોડીને પરિણમે ત્યારે સ્વતંત્ર થાય છે. એમાં ને એમાં છે, ટીકામાં છે. વિકલ્પને છોડી સ્વતંત્ર પરિણમે તેને પરનો આધાર બિલકુલ નથી. છે ને અંદર? ટીકામાં જ છે. છે ને. હોય તે વસ્તુ હોય એમ હોય ને. સમજાણું કાંઈ? વ્યવહારનું જ્ઞાન કરાવવું હોય ત્યારે બોલે કે અંદર સાધન આવો વિકલ્પ હોય છે. સાધન નથી એને સાધન કહેવું એ વ્યવહારનયનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

‘**કરણપણાને ધરતો,...**’ સાધનપણાને ધરતો, ધારી રાખતો. પોતે પોતાને કારણે

સર્વજ્ઞપણાને ધારણ કરે છે. લ્યો આ કરણ-કરણ—કારણ. સમજાણું કાંઈ? નિમિત્ત કારણને લઈને અને ફલાણાના કારણને લઈને, ભગવાનને કારણે, સમવસરણને કારણે—એ કારણે ક્ષાયિક સમકિત થાય ને એ કારણે ફલાણું થાય, ના પાડે છે અહીં બધી. તારે ક્યાં ખજાને ખોટ છે કે પરને શોધવા જા છો? એમ કહે છે. સમજાય છે? ઓહો..! ભગવાન! પણ તને વિશ્વાસ ન આવે. આ તો વસ્તુ છે ને. એક સમયની પર્યાયની ભૂમિકા ઉપર એની નજર છે, પણ પર્યાયની પાછળ આખો મોટો પિંડલો પડ્યો છે આખો વસ્તુ જ એ છે. પર્યાય તો એક અંશ છે. સમજાણું કાંઈ? ભૂમિકાનો પર્યાય જે છે એક સમયનો એ તો એક સમયની અવસ્થા છે, પણ એ ભૂમિકાની પાછળ મોટો આવો કંદ પડ્યો છે, વસ્તુનો સ્વભાવ છે, દળ છે, એ દળમાં તો અનંત અનંત અનંત સામર્થ્ય પડ્યું છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ દ્રવ્યને સ્પર્શતા દ્રવ્ય પોતે સ્વતંત્ર થઈને પરિણમન કરે છે. એમાં પરની કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? બહુ આકરું. ગાથા એવી. સર્વજ્ઞ કેવળજ્ઞાન ... અહીં આવ્યો હતો ને. કુચામણનો આવ્યો હતો એક પંડિત. એય..! તમે તો નહિ હો ત્યારે. હતું ને કો'ક? ઘાસીલાલજી હતો કો'ક. કુચામણનો હતો, ઘણા વર્ષ પહેલા આવ્યો હતો. ૨૦-૨૨-૨૫ વર્ષ થઈ ગયા. એ કહે, મનુષ્યપણા વિના કેવળજ્ઞાન ન થાય, ફલાણા વિના ન થાય. એમ બોલતો હતો અહીં. અહીં કહે છે કે પોતાના પુરુષાર્થના કરણ—સાધન વિના કેવળજ્ઞાન ન થાય. કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મનુષ્ય એકલું નહિ, એકલો આત્મા કામ કરે. પાછું એકલો મનુષ્યપણું અને બેકલો આત્મા બે નહિ. એમ પણ નહિ. મનુષ્યપણું તો જડ છે આ બહાર અને અંદરની ગતિ ચેષ્ટા છે. એકલું મનુષ્યપણું એટલે કાંઈ બીજું છે નહિ જુઓ. એમ નહિ. એકલો આત્મા કામ કરે એમ અહીં તો કહે છે. વાણિયા છે ને ઢીલા. થોડુંક આ અને થોડુંક આ, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

'શુદ્ધ અનંત શક્તિવાળા...' હવે ચોથો. '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી...**' જુઓ! શુદ્ધ અનંત શક્તિ સર્વજ્ઞપણાની પ્રગટ છે એના રૂપે પરિણવાના સ્વભાવને લીધે, પોતાને બદલવાના-થવાના સ્વભાવને લીધે. '**પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી)...**' જે સર્વજ્ઞપદ પ્રગટ કર્યું એ પોતે રાખ્યું છે. કર્યું પોતે, કર્મ પોતે, સાધન પોતે અને પોતે કરીને પોતે રાખ્યું. કોઈને દેવાનું છે નહિ. જુઓ આ સંપ્રદાન. એ દાન આપ્યું. એય..! શેઠ! પૈસા આપ્યા. ધૂળેય આપતો નથી પૈસા. કોણ આપતો હતો? અહીં કહે છે. સમજાય છે? રાગની મંદતા હોય એ શુભભાવ એણે પોતે આપ્યો. અહીં તો શુદ્ધભાવનું સાધન કરી અને શુદ્ધભાવ જે પ્રગટ કર્યો એ દાન પોતે

પોતાને આપ્યું. કેવળજ્ઞાન પ્રગટ કરીને પોતે દાતા અને પોતે પાત્ર. કેવળજ્ઞાન રાખવાને યોગ્ય અને કેવળજ્ઞાન લેવાને યોગ્ય, સર્વજ્ઞપર્યાય રાખવાને યોગ્ય. એનો એ સમય હોં! સમય બે નહિ. દેવાને યોગ્ય, દાન દેવાને યોગ્ય આત્મા પોતે. આહા..હા..! એકલો ચૈતન્યગોળો આખો ઘન છે ને ભગવાન આત્મા. ... નહિ એકદમ પોતે જે પર્યાય પ્રગટ કરી, ત્યાં રહી છે અખંડિત. ઉત્પાદપણે પ્રગટ થઈને ત્યાં રહી છે. ઉત્પાદપણે પ્રગટ થઈને ત્યાં રહી છે એનું નામ સંપ્રદાન. કહો, શેઠ! કોઈ દાન દઈ શકતું નથી બહારનું એમ કહે છે. પૈસા-બૈસા દીધા એ મિથ્યા અભિમાન છે એમ કહે છે.

મુમુક્ષુ :- દાન ન દેવું ને હવે?

ઉત્તર :- દે કોણ લે કે દઈ શકે? વિકલ્પ ઉઠે, રાગની મંદતા થાય. સમજ્યા? પણ એને કારણે એ પૈસા દીધા એમ ત્રણ કાળમાં છે નહિ. પૈસામાં સંપ્રદાન શક્તિ છે. પૈસામાં હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એનામાં પરિણમન થઈને ત્યાં રહેવાની, જવાની શક્તિ એનામાં છે. જવાની શક્તિ ત્યાં રહી છે એ એનામાં છે. શોભાલાલજી આપે છે એ વાતમાં માલ છે નહિ. એમ કહે છે લ્યો! એ લે છે એ ના પાડે છે અહીં તો. ઓલા ... એય..! અમરચંદભાઈ! લેવાની ના પાડે છે અહીં તો. એ લઈ શકતા જ નથી. એણે વિકલ્પ લીધો, અશુભ વિકલ્પ લીધો, પૈસા નહિ.

અહીંયાં તો આત્મા ભગવાન પોતે પોતાના સર્વજ્ઞપદને પ્રાપ્ત કરીને પોતે ત્યાં રાખ્યું. સર્વજ્ઞપદ પોતે રાખ્યું. એનો રાખનહારો આત્મા અને એનો લેનારો પણ આત્મા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા.. જેઠાલાલભાઈ નથી? ક્યાં ગયા? છેટે બેસે છે. કહો, સમજાણું આમાં? '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના...**' સર્વજ્ઞ છે ને. સ્વભાવને પોતે જ કર્મ વડે-પોતાના કાર્ય વડે, પોતે આશ્રિત થયો થકો. પોતાના કાર્ય વડે પોતે કાર્યનો આશ્રિત થયો થકો. સમજાય છે? '**(અર્થાત્ કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને ધારણ કરતો,...**' ઓલામાં કરણપણાને ધરતો, અહીં સંપ્રદાનપણાને ધારણ કરતો. બેયમાં ફેરવ્યું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! સંપ્રદાન સમજાણું? સમ્યક્ પ્રકારે પ્ર-વિશેષે દેવું. પોતે જ્ઞાનાનંદની પર્યાય પોતે દીધી પોતાને. દાતા, એ જીવ પર્યાયનો દાતા, અહીં ક્યાં અત્યારે દેવું છે લ્યો! એક ઠેકાણે જીવ પર્યાયના દાતાની ના પાડે છે. પણ અહીં તો અત્યારે સિદ્ધ કરવું છે ને જ્ઞાનસ્વભાવ. સમજાણું કાંઈ? પર્યાય સર્વજ્ઞપદની દશા એનો દાતા આત્મા છે. વર્તમાન પર્યાયનો હોં! પરિણમન છે, આત્મદ્રવ્ય એમ નહિ, વર્તમાન પર્યાયની વાત છે. .. કારકની વાત છે ને. કારકો તો વર્તમાન પર્યાયના. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું પર્યાયનું સામર્થ્ય છે! કહે છે કે આત્મા પોતાનો સર્વજ્ઞ જે સ્વભાવ, જ્ઞ-સ્વભાવ એને સ્પર્શતો,

પોતે કેવળજ્ઞાનપણે રાખતો, પોતે ત્યાં પર્યાય રાખે છે. એનું દાન પોતે પોતાને દે છે એમ કહે છે. કહો, પોપટભાઈ! ધ્રુવપણાને ધારણ કરતો.

હવે અપાદાન પાંચમું. '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે**...' પરિણમવાના સમયે. જ્યારે ભગવાન આત્મા અનંત જ્ઞાનશક્તિરૂપે પરિણમવાનો કાળ છે, સર્વજ્ઞપણામાં એનો કાળ છે થવાનો. ત્યારે '**પૂર્વે પ્રવર્તેલા વિકળજ્ઞાનસ્વભાવનો નાશ થવા છતાં**...' પૂર્વે રહેલા ચાર જ્ઞાન. વિકળ છે ને નીચે? '**અપૂર્ણ (મતિશ્રુતાદિ)જ્ઞાન.**' પૂર્વે મતિ-શ્રુત અને અવધિ આદિ હોય એ અપૂર્ણ છે એનો નાશ થવા છતાં, નાશ થવા છતાં કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં ધ્રુવપણું કાયમ રહે છે. સમજાણું કાંઈ? આનો નાશ થવા છતાં પરિણમવાના સમયે. દેખો! ઓલો નાશ થયો ને? '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે પૂર્વે પ્રવર્તેલા**...' પ્રવર્તેલા એટલે હતા, પૂર્વે હતા. વિકળજ્ઞાન સ્વભાવનો વ્યય થવા છતાં, વ્યય થવા છતાં—અભાવ થવા છતાં '**સહજજ્ઞાનસ્વભાવ વડે પોતે જ ધ્રુવપણાને અવલંબતો**...' લ્યો! પોતાની વર્તમાન પર્યાયે અપાદાન ધ્રુવને અવલંબતો એ અપાદાન. ગયું તોપણ અહીં નીકળે એવું ધ્રુવ અંદર પર્યાયમાં અવલંબન છે. ગયું તોપણ પર્યાયમાં ધ્રુવનું અવલંબન છે. સમજાણું કાંઈ? અલ્પજ્ઞનો નાશ થયો અને સર્વજ્ઞપણું પ્રગટ્યું એ સર્વજ્ઞપણાને ધ્રુવનું અવલંબન છે. ધ્રુવને રહ્યુ શું? રહ્યું ને આખો ધ્રુવ છે ને. કેવળજ્ઞાનમાં પણ અપાદાન તરીકે જેમાંથી નીકળે એનો આધાર ધ્રુવ છે, એનું કારણ ધ્રુવ છે. 'થી' છે ને? થી—થકી. કેવળજ્ઞાન ધ્રુવથી રહ્યું છે. ગયું એને કારણે રહ્યું નથી, ગયું તો ગયું, પણ ધ્રુવથી રહ્યું છે, એનાથી થયું છે. થી-થકી. સમજાણું કાંઈ? એના ગાણા પણ એણે સાંભળ્યા નથી સરખા. સર્વજ્ઞસ્વભાવની પ્રાપ્તિ અને સર્વજ્ઞ કેમ થાય? એનું જે પૂરું રૂપ જીવનું છે, સર્વજ્ઞ તો જીવનું પૂરું રૂપ છે. એ તો સ્વરૂપ જ એનું પૂરું છે. એ પૂરા પ્રાપ્ત થવામાં જે પોતે જ આત્મા અંદરમાં પૂર્વની પર્યાયનો નાશ થવા છતાં વર્તમાન પર્યાયને અવલંબન ધ્રુવપણે રહેલો છે. સર્વજ્ઞને અવલંબન ધ્રુવનું છે એમ કહે છે. ગઈ માટે અવલંબ વિનાનો નથી, ધ્રુવનું અવલંબન છે. એનાથી થયું છે.

'**અવલંબતો હોવાથી અપાદાનપણાને ધારણ કરતો,**... ' લ્યો! સમજાય છે? ઓલાપણે સંપ્રદાન કરતો, એ અહીં શબ્દ છે. જુદો છે. ફેરવ્યો કેમ? આ કેમ આવ્યું? '**शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनसमये पूर्वप्रवृत्तविकलज्ञानस्वभावपगमे ऽपि सहजज्ञानस्वभावेन ध्रुवत्वालम्बनादपादानत्वमुपाददानः**' એમ છે. શું એનો અર્થ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધારણ કરે ઉપાદાનપણાને. અપાદાન. '**अपादानत्वमुपाददानः**' ઠીક! અપાદાનપણાને ધારણ કરે છે. ધારણ કર્યો છે. ધ્રુવપણાને ધારણ કરે છે. ગઈ વસ્તુ છતાં સર્વજ્ઞપણાને, ધ્રુવપણાને ધારણ કરે છે. સમજાણું કાંઈ? એ અપાદાન.

છઠ્ઠો (૬) '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો...**' એ શુદ્ધ અનંતશક્તિ આ પર્યાયની વાત છે બધી આ. '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે...**' થવાનો, સર્વજ્ઞરૂપે થવાનો, કેવળજ્ઞાનરૂપે થવાનો '**સ્વભાવનો પોતે જ આધાર હોવાથી...**' વર્તમાન કેવળજ્ઞાન થવાનો આધાર આત્મા જ છે. પૂર્વોક્ત આત્મા કહ્યો હતો ને માથે. એનો આધાર પૂર્વની પર્યાય નહિ, નિમિત્ત નહિ, સંહનનને આધારે કેવળજ્ઞાન થાય એમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? ષટ્કારક તો મૂળ ચીજ છે આ. તેથી ભાઈએ તો પહેલેથી નાખ્યું છે ને, પ્રવચનસારમાં હેમરાજજી. પહેલા હિન્દીમાં મંગળાચરણમાં પણ ષટ્કારક નાખ્યા છે. પહેલા મંગળાચરણમાં જ નાખ્યું છે. પછી આપણે અહીં કર્યા એટલે કાઢી નાખ્યું. હેમરાજ પંડિત, પ્રવચનસાર. અર્થ કર્યા ને પહેલા? કાલે કહ્યું હતું ને.

આખી વસ્તુને સિદ્ધ કરવાનું પહેલું એ નાખ્યું છે હેમરાજજીએ. અર્થ ત્યાં કર્યા છે શરૂઆતમાં મંગળિક મંગળિક. એ નાખ્યું છે. કાલે બતાવ્યું હતું. 'સ્વયંસિદ્ધ કર્તા' ત્યાંથી જ ઉપાડ્યું છે એણે મંગળાચરણ. શ્રીમદ્ના ઓલામાં. 'સ્વયં સિદ્ધ કરતાર કરે નિજ કર્મ શર્મનિધિ.' કર્મ એટલે કાર્ય આનંદની નિધિ. આનંદના નિધિને પોતે કરે એમ કહે છે. આનંદરૂપી નિધિના કાર્યને આત્મા પોતે પોતાથી કરે. 'આપ હી કરણ સ્વરૂપ હોય સાધન સાધે વિધિ, સંપ્રદાનતા ધરે આપકો આપ સમર્પે.' સંપ્રદાન. આપકો આપ. 'અપાદાન તે આપ આપકો કરે તપ્તે.' પહેલા એ બોલ મંગલાચરણમાં જ નાખ્યા છે. મંગળાચરણ એ કર્યું છે. 'અધિકરણ હોય આધાર નિજ, વર્તે પૂર્ણ બ્રહ્મ પદ, ષટ્વિધિ કારક ભાવરહિત વિવિધિ એક વિધિ અજ અમર.' એ ષટ્ પ્રકારે ભેદ છે કહે છે. અભેદરૂપે પરિણમે છે એક સમયમાં એવો ભગવાન આત્મા છે, છ પ્રકારના ભેદ પણ નહિ. અહીં તો સમજાવે છે ભેદથી એટલું. સમજાણું કાંઈ? ભેદથી સમજાવે છે ને. પરથી નથી એટલું સમજાવવા છ ભેદથી સમજાવે છે. પરથી નથી એટલું કહેવા ... સમજાવે છે, બાકી છે અભેદસ્વરૂપ એક સાથે છે. એક સમયમાં એક સાથે બધું પરિણમન છે. ક્રમે કાંઈ થાતું નથી. પહેલો કર્તા, પછી કર્મ, પછી કરણ ને પછી સંપ્રદાન એમ છે? ભેદ છે કાંઈ? બધું એક સમયમાં છએ છે. શેઠ! આ જ્ઞાન કરવું પડશે હોં! અત્યાર સુધી બધું મફતમાં ગયો છે વખત. દવાઓ કેટલી કરે છે એક શરીર માટે સવારથી. આ દવાઓ લેવી પડશે પહેલી. એ દવા સદશે, લાગુ પડે. અહીં તો પડે. ઓલા તો પુણ્ય હોય તો રહે. કેટલી દવા કરે તો અંદર શ્વાસ ચડી જાય, દમ ચડી જાય, ઢીંકણું થઈ જાય. આ તો પડે જ. નીરોગતા આવ્યા વિના રહે નહિ. સમસ્ત ભાવ નિરોગ છે એનું ભાન કરે અને ન થાય એમ બને ત્રણ કાળમાં?

કહે છે કે... એ પાંચમો બોલ થયો. આધારનો થયો ને છઠ્ઠો? '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર હોવાથી...**' પોતે જ. એને માટે કોઈ સંહનન, શરીર, આધાર, પાંચમો આરો, ચોથો આરો, મહાવિદેહ, ભગવાનનું સમવસરણ,

કોઈ આધાર કેવળજ્ઞાન થવા માટે, કોઈ અધિકરણ—આધાર-ટેકો, મદદ બિલકુલ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ મહેનત ક્યાં કરવી છે? મહેનત એને કારણે હોય છે. અહીં શું છે? મહેનત વળી ન્યાં... એ તો ઈ મહેનત કરે ત્યારે મળે ત્યારે કહે છે. એ મહેનતે મળતી હશે ચીજ બહારની? સમજાણું કાંઈ? એ તો એને કારણે આવે, પણ એને કારણે આવેલી અહીં મદદ કરતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો વ્યવહારના ષટ્કારકો રાગાદિના પણ પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં વ્યવહાર સાધન આધાર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મોક્ષનો માર્ગ વર્તમાન પર્યાય એ પણ કેવળજ્ઞાન થવામાં આધાર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર તો આધાર નથી, પણ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય સર્વજ્ઞપણાના પ્રાપ્ત માટે પોતે દ્રવ્ય સીધું આધાર છે તો પર્યાય પરિણમીને થાય છે. મોક્ષમાર્ગને કારણે નથી. એવી વસ્તુ છે. સમજાણું કાંઈ? આ વસ્તુની આવી સ્થિતિ છે. સર્વજ્ઞદેવને ઓળખવા માટે આ ચીજ છે. દેવ આવા હોય અને એણે ત્રણ કાળ ત્રણ લોક જોયા હોય, એણે કહેલા જે આગમો તે પ્રમાણ છે. અજ્ઞાનીઓએ જોયા નથી અને જાણ્યા વિના પોતાની કલ્પનાથી કહે છે તે આગમ પ્રમાણ નથી. સમજાણું કાંઈ? અથવા.. છે ને?

**'પરિણમવાનો પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત્ કરતો'** **'પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત્ કરતો...'** ત્યાં ફેરવ્યું જુઓ! આધારપણાને એકરૂપ કરતો એમ. પોતાનો બનાવતો. સર્વજ્ઞપણું વીતરાગદશા સર્વજ્ઞ થવામાં આત્મસાત્, આધારની પર્યાયને પોતામાં એકાકાર કરતો. **'સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી,...'** સ્વયમેવ, સ્વયં-એવ. લ્યો! પોતાની મેળાએ, પોતાને કારણે. ઓલામાં પોતાનારૂપે એમ કહે છે અર્થમાં. એ ન લેવું. સ્વયમેવ પોતાના કારણે ન લેવું, પોતાના રૂપે પરિણમે એમ કહે છે આનો અર્થ. અરે..! ભગવાન! ઓલામાં આવે છે ને ખાણિયાની ચર્ચામાં. એમાં બહુ લીધું છે આ સ્વયમેવનું. સ્વયમેવનો એમ ન લેવો, પોતાની મેળાએ એમ ન લેવો, પોતે પરિણમે છે પોતારૂપે બસ. એવી ચર્ચા. આહા..હા..! દેહની ક્રિયા ધર્મનું કારણ થાય આ માનનારા...

હમણા .. હાથ ઊંચો કોણ કરે? લ્યો! દિલ્હીમાં. દિલ્હીમાં? સહારનપુર. આ હાથ ઊંચો કર્યો. આત્મા અને હાથ બે ભેગા થઈને... ... તત્ત્વો જ્યાં અનંત ભિન્ન છે એ ભિન્નની પર્યાયનો ભિન્ન કર્તા? ગજબ છે! પર્યાયવાળું દ્રવ્ય એ કાળનું, એ પર્યાયનું એ કાળનું એ પર્યાયનું દ્રવ્ય એમ ન માન્યું. એ કાળમાં એ પર્યાયનો કર્તા બીજો થયો. એ તો પર્યાયના કાર્ય વિનાનું નકામું રહ્યું. કહો, સમજાણું કાંઈ? તું કોણ અને આ કોણ? એની પર્યાય એનાથી થાય, તારી પર્યાય તારાથી થાય. એની પર્યાય તારાથી થાય તો એની પર્યાય વિનાનું આ દ્રવ્ય છે? આમ થયું એ તો એની પર્યાયથી થયું છે. એકત્વબુદ્ધિ એવી કે એને જુદો છું

એવું માનવું એ પરસેવો ઉતરે છે. સમજાણું કાંઈ? પરથી હોં! ઓલો વિકલ્પથી જુદો-પર પછી, આ તો પરથી જુદો. અહીં તો વિકલ્પથી જુદો (કહે છે). રાગ છે એ તો રાગસ્વભાવ છે, આસ્રવ છે. ત્યાં ક્યાં હતો?

એના જુદાપણાના ભાન દ્વારા પોતે છ કારકરૂપે થતો હોવાથી. દેખો! '**સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી,...**' થયો. એ સર્વજ્ઞપદ થયું નવું, એમ કહે છે. '**અથવા ઉત્પત્તિ-અપેક્ષાએ...**' ઓલા છ કારક કીધા ને. હવે ઊપજ્યું એ અપેક્ષાએ. '**દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને...**' નિમિત્તથી. નષ્ટ કર્યા કહ્યું ને. એ દૂર કર્યા કહે છે. '**દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને...**' દ્રવ્ય અને ભાવ એવા બે ભેદવાળા ઘાતિકર્મો. દ્રવ્યઘાતિકર્મો અને ભાવઘાતિકર્મો. ઘાતિકર્મમાં પણ બે પ્રકાર દ્રવ્ય અને ભાવ એનો. અને અંદરમાં હીણાની દશા પોતામાં થઈ એ પણ ભાવઘાતિકર્મ. જડ કર્મ એ પણ ઘાતિકર્મ અને એમાં ભાવ જે છે અનુભાગ એ પણ ભાવઘાતિકર્મ. આ બાજુમાં પર્યાયમાં પોતાની હીણતાનું પરિણમન એ ભાવઘાતિકર્મ જીવનું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક જ છે. અહીં તો એક જ આવ્યું, ભાવ આખો છે ને. ઓલામાં દ્રવ્ય અને એની પર્યાય, આમાં દ્રવ્ય અને આની પર્યાય એમ આવ્યું. દ્રવ્ય ત્રિકાળ છે. પર્યાયમાં હીણી પર્યાયનું કાર્ય એ ભાવઘાતિકર્મ છે. એ ભાવઘાતિકર્મનો નાશ કરી અને ભાવ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. મૂળચંદભાઈ! આહા..હા..! એને ખ્યાલમાં તો લે, એની રીત શું છે? વિધિ શું છે? સમજાય છે? પરમાત્મા થવાની, મોક્ષ થવાની વિધિની રીત આ છે. કોઈ કહે કે આ ખૂબ કરીએ, કરતા રહો, ક્રિયા કરો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ કર્યા કરો, એક દિ' બેડો પાર થઈ જશે. ધૂળેય નહિ થાય બેડો પાર, મનુષ્યપણું ચાલ્યું જશે. સમજાણું કાંઈ?

'**દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને...**' જુઓ! અહીં તો દ્રવ્ય-ભાવભેદે ભિન્ન-જુદા એમ લીધું છે. '**ઘાતિકર્મોને દૂર કરીને...**' એ પણ ભિન્ન છે અને આ પણ ભિન્ન છે. જડ કર્મ ભિન્ન છે, જડનો ભાવ પણ ભિન્ન છે અને પોતામાં જે ભાવ હણવાનો એ પણ ખરેખર તો ભિન્ન જ છે. એને '**દૂર કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો હોવાથી,...**' ભગવાન પોતે પ્રગટ થયો. ધર્મમાં પ્રગટ થયો પોતે. પર્યાયમાં ભગવાન જાગ્યો. પોતે આવિર્ભાવ (થયો). (પ્રગટ) શક્તિરૂપે જે તિરોભાવ હતો એ પર્યાયના પરિણમનથી આવિર્ભૂત થયો હોવાથી '**સ્વયંભૂ કહેવાય છે.**' એને સ્વયંભૂ (કહે છે). ઓલા પરમેશ્વર સ્વયંભૂ એ નહિ. એ તારું કેવળજ્ઞાન તેં ઊપજાવ્યું તે તું સ્વયંભૂ. સ્વયંભૂ પોતે થયો, પોતે સ્વયંભૂ થયો. પોપટભાઈ! સ્વયંભૂ. એનો અર્થ.

'**આથી એમ કહ્યું કે—નિશ્ચયથી...**' ખરેખર '**પરની સાથે આત્માને કારકપણાનો**

**સંબંધ નથી,...'** સંસ્કૃત ટીકા છે.

મુમુક્ષુ :- વ્યવહારથી છે.

ઉત્તર :- વ્યવહારથી છે એનો અર્થ ખોટા કથનથી છે. અસદ્‌ભૂત વ્યવહારનયથી કહે કે આમ છે, નિમિત્ત છે ને ફલાણું ઢીંકણું. ખરેખર નથી. સમજાય છે કાંઈ? જોડે નિમિત્તનો અભાવ થયો એનું જ્ઞાન કરાવવા કહે. ઉત્પન્ન થવાનું છે એટલે એમ કે સત્ છે. વ્યવહાર તો ઉપચારથી કથન છે. એનું જ્ઞાન કરાવવા એમ પણ કહે. આ નિશ્ચયથી સમજે એને વ્યવહારનું સાચું જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

ખરેખર પરની સાથે, રાગ સાથે, શરીર સાથે, સંહનન સાથે, કાળ સાથે, ભરતક્ષેત્ર સાથે, સમવસરણ સાથે કે ભગવાન સાક્ષાત્ પરમાત્મા બિરાજે એની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી. એ ભગવાન કર્તા થાય અને ભગવાનનું કારણ મળે તો અહીં (કાર્ય) થાય એવું આત્માને કાંઈ છે નહિ, એમ કહે છે. સાક્ષાત્ કેવળજ્ઞાની પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય તોપણ આત્માના કાર્યમાં એ કારણ થાય એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સત્ય તો આ છે.

**'કારકપણાનો સંબંધ...'** દેખો! **'નથી,...'** એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી એમ કહે છે અહીં તો. વ્યવહારની વાત છે. મહા સામર્થ્યથી ભરેલો ભગવાન, જેની નજરે નિધાન પડ્યા એ નિધાનમાંથી કાઢવું એ તો એના પોતાના પુરુષાર્થનું કાર્ય છે. વ્યવહાર કરે શું પણ? સમજાણું કાંઈ? **'કે જેથી...' 'સંબંધ નથી, કે જેથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિને માટે...'** સર્વજ્ઞપદની પ્રાપ્તિ માટે કે સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ માટે **'સામગ્રી (બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો (નકામા) પરતંત્ર થાય છે.'** નકામા પરતંત્ર થાય છે. કહો, સમજાણું આમાં? એ સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનના કારકોની વાત છે આ બધી. કારણ કે આત્મામાં ષટ્કારકની શક્તિઓ અનાદિ-અનંત પડી છે, એને કારણે બધું કાર્ય શુદ્ધતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગતા, કેવળજ્ઞાન (થાય છે). અરે..! જીવો પોતાના કારણે પોતે આ થાય, તો એને બાહ્યના સાધનની સામગ્રી ગોતવામાં નકામા વ્યર્થ કાળ ગાળો છો, એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! આવા દેવ મળે તો થાય, ગુરુ મળે તો થાય, શાસ્ત્ર મળે તો થાય. આવો કાળ મળે તો થાય. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચાર.

અરે..! **'નિશ્ચયથી પરની સાથે આત્માને કારક...'** નામ કર્તા, બીજો કર્તા, બીજાથી કાર્ય, બીજું સાધન, બીજો દે, બીજાથી થાય, બીજાને આધારે—એ બધા સંબંધ છે જ નહિ. માટે સામગ્રી શોધવાની વ્યગ્રતાથી એ ગોતે છે. નિમિત્ત ગોતો, નિમિત્ત મેળવો, નિમિત્ત મેળવો નથી કહેતા? અમરચંદભાઈ! એ નિમિત્ત મેળવો. અરે..! શું કરવા પણ મફત હેરાન થા છો તું? નિમિત્ત તો પરદ્રવ્ય છે. નિમિત્ત મેળવો, નિમિત્ત પ્રાપ્ત, નિમિત્ત પામીને થાય, નિમિત્ત પામીને થાય. મફતનો હેરાન થઈ ગયો છે, વ્યર્થ હેરાન થાય છે. **'વ્યગ્રતાથી જીવો**

**પરતંત્ર થાય છે.'** નકામા થાય છે એમ કહે છે લ્યો! સમજાણું? **'शुद्धात्मभावलाभाय सामग्रीमार्गणव्यग्रतया'** સામગ્રી શોધવાની વ્યગ્રતા. **परतंत्रैर्भूयते'.**

હવે ભાવાર્થમાં ષટ્કારકનું સ્વરૂપ વર્ણવે છે. આ તો હેમરાજજીએ વર્ણવ્યું છે એ છે ને? હેમરાજજીએ વર્ણવ્યું છે, હેમરાજજીએ. આ તો ટીકાનો અર્થ થયો અત્યાર સુધી. આ .. હેમરાજજીએ ખાસ વર્ણવ્યું. **'કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ— એ છ કારકોનાં નામ છે.'** એ કાર્ય ક્રિયાના ષટ્કારક એના નામ. આત્માની નિર્મળ પર્યાય થવામાં કે મલિન પર્યાય થવામાં ષટ્ કારણો હોય ક્રિયાના, બદલવાની ક્રિયાના. એને ષટ્કારક કહેવામાં આવે છે. ક્રિયાના કારકો છે આ. પર્યાય બદલે એના કારણો. સમજાણું કાંઈ?

**'જે સ્વતંત્રપણે (સ્વાધીનપણે) કરે તે કર્તા;...'** એ વ્યાખ્યા. જે સ્વાધીનપણે કરે તે કર્તા. સ્વાધીન-સ્વાશ્રય એમાં બીજાનો આશ્રય નહિ એનું નામ કર્તા. **'કર્તા જેને પહોંચે...'** અથવા કર્તાનું ઈષ્ટ તે **'પ્રાપ્ત કરે તે કર્મ;...'** કર્તા જેને પ્રાપ્ત કરે. અર્થમાં આવે છે ને ઓલામાં અર્થ નહિ? પ્રવચનસારમાં. દ્રવ્ય પ્રાપ્ત કરે પર્યાયને, પર્યાય દ્રવ્યને પ્રાપ્ત કરે. આ તો સામાન્ય વ્યાખ્યા છે હોં! કર્તા જેને પહોંચે તે પ્રાપ્ત કરે તે કર્મ. દરેકમાં હોં! જડમાં, ચૈતન્યમાં, વિકારમાં, અવિકારમાં દરેકમાં આ છ લાગુ પડે છે.

**'સાધકતમ્ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધન તે કરણ;...'** એટલે ખરું સાધન તે કરણ એમ. ખરું સાધન તે કરણ. ખરેખર તે તે દ્રવ્યનું ખરું સાધન તેને કરણ કહેવામાં આવે છે. **'કર્મ જેને દેવામાં આવે...'** કાર્ય કરીને જેને દેવામાં આવે **'અથવા જેના માટે કરવામાં આવે...'** પોતે દે અને પોતા માટે કરે છે એ. કેવળજ્ઞાન પણ પોતા માટે કરે અને પોતાને દે અને પોતામાંથી કરે છે. કાંઈ કોઈ માટે કોઈ કરતું નથી. ઓલા કહે ભાઈ, અમે તમારા માટે કરીએ. ના, ના, એ ખોટી વાત છે. સમજાણું કાંઈ? એય..! રતિભાઈ! આ છોકરા માટે રળીએ છીએ, ફલાણા માટે રળીએ છીએ, તમારા માટે રોકાણા બાપા! અમારે તો કાંઈ નથી. અમે તો ઉદાસ છીએ. આ નાના છોકરા, નાની છોકરી હોય એમાં રોકાણા હતા. અને તમે ધર્મ પામો તો ભાઈ અમારે એકાદ ભવ કરવો પડે એના માટે રોકાણા હતા. કહે છે કે ના. **'જેને માટે કરવામાં આવે...'** એ તો પોતા માટે કરવામાં તેને સંપ્રદાન કહેવાય.

**'જેમાંથી કર્મ કરવામાં આવે એવી ધ્રુવ વસ્તુ તે અપાદાન;...'** પોતામાંથી થાય ને થી-થકી. થી-થકી. થી-આનાથી, આનાથી, આના થકી. **'જેમાં અર્થાત્ જેના આધારે કર્મ કરવામાં આવે તે અધિકરણ.'** લ્યો! **'આ છ કારકો વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારમાં છે.'** લ્યો! એ બેની વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૯, સોમવાર, તા. ૧૬.૯.૧૯૬૮**
**ગાથા-૧૬, પ્રવચન-૧૪**

પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ અધિકાર એમાં ૧૬મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. શું કહે છે આ? છ કારણો, છ કારક છે. પ્રત્યેક દ્રવ્યમાં કાર્ય થવાના છ કારણો છે, એ કારણોના છ પ્રકાર છે. હવે કહે છે કે એ છ કારકો વ્યવહાર અને નિશ્ચય બે પ્રકારના છે. મૂળ પાઠમાં આવી ગયું ખરું ને કે આત્મા પોતાના કેવળજ્ઞાનને કર્તાપણે કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. એમાં કર્તાપણું આત્મા જ છે કેવળજ્ઞાનમાં. અથવા ધર્મની પર્યાયનો કર્તા આત્મા છે. એ પર્યાયનો કર્તા કોઈ રાગ કે નિમિત્ત કોઈ ચીજ છે નહિ.

મુમુક્ષુ :- રાગનો અભાવ તો કરે ને.

ઉત્તર :- અભાવ પણ કરતો નથી. એ તો પોતે કરે છે એમાં અભાવ થઈ જાય છે. કરે શું? સમજાણું કાંઈ? રાગના અભાવનો પણ કર્તા આત્મા નથી.

આત્મા પોતાનું જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ કર્તાપણે સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પોતાની પર્યાયને, અપૂર્ણ કે પૂર્ણ એને પોતે કરે છે. અને પોતાનું તે કાર્ય છે અને પોતાના સાધન વડે થાય છે. પોતે પોતાથી કરી, બદલીને ધ્રુવને આધારે એ કામ લે છે. એને પોતે કરી ને પોતાને આપે છે અને પોતાને આધારે થાય છે. કહો, સમજાણું આમાં? આમાં તો વિકલ્પ અને નિમિત્તથી કાંઈ થાતું નથી એમ સિદ્ધ કરે છે. વ્યવહારથી આત્મામાં કાર્ય થાતું નથી, વ્યવહાર કર્તા નથી, વ્યવહાર કર્તાનું સાધન નથી. કાર્યનું એ વ્યવહાર સાધન નથી, એને વ્યવહારને લઈને થાય એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વતંત્ર ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ.. આ જોકે ષટ્કારક તો દરેક દ્રવ્યમાં છે પણ અત્યારે તો આત્મામાં ઉતારે છે. એ બે પ્રકારના છે. '**જ્યાં પરના નિમિત્તથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે.**' સમજાય છે કાંઈ? જેમકે કુંભારે ઘડો કર્યો એમ કહેવામાં આવે '**ત્યાં વ્યવહાર કારકો છે.**' તેને વ્યવહાર કારક કહેવામાં આવે છે. '**અને જ્યાં પોતાના જ ઉપાદાન કારણથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં નિશ્ચય કારકો છે.**' ઓલા વ્યવહાર કારક કહેવામાં આવે પણ છે ખોટા એમ કહેશે હમણા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. જોડે છે ને ચીજ. સમજાણું કાંઈ?

જુઓ! '**વ્યવહાર કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે : કુંભાર કર્તા છે;...**' એ કુંભાર કર્તા કહેવો તે વ્યવહાર છે. વાત સાચી છે નહિ. '**ઘડો કર્મ છે;...**' એ કુંભારનો ઘડો કાર્ય કહેવું એ જૂઠું છે. પણ વ્યવહારનયે એમ બોલે છે. સમજાણું કાંઈ? '**દંડ, ચક્ર,**

**દોરી વગેરે કરણ છે;...'** સાધન છે. દંડ, ચક્ર હોય છે ને ઘડો બનાવવામાં? એ સાધન. એ વ્યવહારથી બોલવામાં આવે છે. ખરેખર સાધન-ફાધન છે નહિ. નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા એ વાત કરે છે. મોટો આમાં વાંધો અત્યારે આખો. **'જળ ભરનાર માટે કુંભાર ઘડો કરે છે...'** કુંભાર જળ ભરનાર માટે કરે છે. એ વ્યવહાર છે. ખરેખર પરને માટે કરતો નથી. **'તેથી જળ ભરનાર સંપ્રદાન છે;...'** એમ. જળ એમાં ભરાય. ભરનાર છે ને ભરનારો? એ સંપ્રદાન છે. **'ટોપલામાંથી માટી લઈને ઘડો કરે છે...'** ટોપલો જુદો, માટી જુદી અને ઘડો (જુદો). **'ટોપલામાંથી...'** થી-થકી, અપાદાન. એ વ્યવહાર છે. ખરેખર ટોપલામાંથી નથી, માટીમાંથી માટીનો ઘડો થયો છે. સમજાણું કાંઈ? **'તેથી ટોપલો અપદાન છે.'** ટોપલો અપાદાન છે. **'જમીનના આધારે ઘડો કરે છે...'** નીચે આધાર જોઈએ ને. શેને આધારે કરે છે? એ ખોટું છે કહે છે. **'તેથી જમીન અધિકરણ છે. આમાં બધાય કારકો જુદાં જુદાં છે. અન્ય કર્તા છે,...'** કુંભાર અનેરો કર્તા. **'અન્ય કર્મ છે,...'** કર્મ અનેરું કાર્ય. **'અન્ય કરણ છે,...'** દોરી આદિ. **'અન્ય સંપ્રદાન,...'** લેનારો, **'અન્ય અપાદાન...'** જેમાંથી થયું. **'અન્ય અધિકરણ...'** જમીન. **'પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તાહર્તા થઈ શકતું નથી...'**

મુમુક્ષુ :- એ તો વાંધો છે.

ઉત્તર :- વાંધો આ જ છે. ખરેખર કોઈ પદાર્થ કોઈ બનનારનું કર્તા અને હર્તા-ઉત્પાદક અને વ્યય-કરનાર કોઈ દ્રવ્ય કોઈનું છે નહિ એમ કહે છે. કુંભાર ઘડાને કરે એમ નથી અને લાકડી ઘડાને ફોડે એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઘડો પોતાથી ઉત્પન્ન થાય છે અને વ્યય થાય માટીનો અથવા ફૂટે તો એ પોતાથી થાય છે.

મુમુક્ષુ :- પોતાથી ફૂટે ઘડો?

ઉત્તર :- પોતાથી ફૂટે છે, પર્યાય વ્યય થાય છે. કહો, સમજાણું કાંઈ? લાકડીથી ફૂટે છે એમ કહેવું અને કુંભારથી ઘડો થાય એમ કહેવું એ અસદ્ભૂત વ્યવહારનયના જૂઠાં કથન છે. કહો, રતિભાઈ! આ દુકાનનો ધંધો આ શેઠિયા કરે છે એમ કહેવું જૂઠું છે એમ કહે છે. ધંધો કરતો નથી, એ તો વિકલ્પ કરે છે. પોપટભાઈ!

મુમુક્ષુ :- ધંધો કરે એ..?

ઉત્તર :- જૂઠો એટલે? એ કાર્ય કરતો નથી એમ જૂઠું છે. એ કાર્ય કરતો નથી. કોઈને માલ દેવો કે આ લેવું કે ચોપડે લખવું એ કાર્ય એ કરતો જ નથી. એ કાર્ય તો પરના પરમાણુથી થાય છે. કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- સાંભળવા...

ઉત્તર :- પોતાથી થઈને એ હળવો નહિ થાય. ભારે બોજો રાખે બધો માથે. અમે કર્યા, અમે કર્યા. ધૂળેય કર્યા નથી, સાંભળને. દુકાનો અમે હલવી, પેદાશો ભેગા કર્યા, પૈસા

ભેગા કર્યા. સમજાય છે ને? બાપ પાસે નહોતા અને સંઘર્યા. ધૂળેય નથી કર્યા, સાંભળને. મફતનો હેરાન થઈ ગયો મૂઢ થઈને કહે છે.

મુમુક્ષુ :- બાપ પાસે નહોતા અને અમારી છે.

ઉત્તર :- કોની પાસે હતા? કાંઈ નહોતા. તમારી પાસે ક્યાં હતા અને માણેકચંદભાઈ પાસે ક્યાં હતા? બેયની પાસે ક્યાં હતા? પરમાણુ પરમાણુમાં છે. પરમાણુઓ એને કારણે આવે-જાય એના કાર્યનો કર્તા પરમાણુ છે. એમાં આત્મા ક્યાં આવ્યો એનો કર્તા? સમજાય છે કાંઈ? જેમ જગતનો કર્તા કોઈ ઈશ્વર નથી અને સ્વતંત્ર ચીજ છે એમ આ પણ એક એક પદાર્થ સ્વતંત્ર કાર્ય કરવામાં બીજો કર્તા માને તો ઈશ્વરકર્તા અને આ કર્તા (બન્ને) મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? શું આ કર્યું અત્યાર સુધી આ બધા લાદી ફેરવી કહે છે. ના. એમ ના પાડે છે અહીં. જાદવજીભાઈ! એ ધારધીરનો ધંધો આત્મા કરી શકતો નથી એમ કહે છે. ધારધીર સમજો છો? પૈસા દેવા-લેવા. પાંચ હજાર વ્યાજે આપવા, એક ટકો વ્યાજ લેવું-દેવું કાંઈ કરી શકતો નથી. વિકલ્પ કરે છે. વિકલ્પનો કર્તા (થાય છે). પરનો કર્તા કહેવું એ અસદ્‌ભુત જૂઠા વ્યવહારનયે કહેવામાં આવે છે. છે?

**'પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું...'** કોઈ દ્રવ્ય કોઈનું, કોઈનું. એક આત્મા બીજા આત્માનું કે આ બાયડી-છોકરાને સારા... બધાને વરાવી દઈએ, સરખા પાડીએ એ કરી શકીએ. ત્રણ કાળમાં નહિ એમ કહે છે. કહો, શું છે રતિભાઈ?

મુમુક્ષુ :- આપ કહો તે બરાબર છે.

ઉત્તર :- કરે છે ક્યાં પણ? એ જ અહીં તો માંડી છે. કરતો નથી. અભિમાન કરે છે. અભિમાન કરે છે. કરે શું? ધૂળ પરનું કરે? સ્વતંત્ર જગતના પદાર્થ છે. એનું કાર્ય એનાથી થાય છે. પરની દયા કરવી, કહે છે કે આત્માથી થતી નથી એમ કહે છે. પરદ્રવ્ય કોઈ કોઈનું કર્તાહર્તા નથી એનો અર્થ એ. આત્મા પર જીવને એ પર્યાયને બચાવી શકે એમ આત્મા છે નહિ અને બીજાને મારી શકે, શરીરને છોડી શકે, વિયોગ કરી શકે (એમ) છે નહિ. અભિપ્રાય કરે મિથ્યાત્વ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધર્મનો લોપ થઈ જશે.

ઉત્તર :- ધર્મ પ્રગટ થશે. સાચું સમજશે તો પરનું અભિમાન ટળી જશે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે.' આવે છે ને? 'શકટનો ભાર જેમ...' જ્યાં ત્યાં અમે હુશિયાર, અમે ડાહ્યા, અમે વેપાર આમ ઉથલપાથલ કરી નાખીએ, રાતને રાતમાં આખા... સમજાય છે? વખારને ફેરવી નાખે. ધંધો કર્યો કાંઈકનો જુવાર બતાવી હોય, બીજી આખી વખારમાં ૨૫-૫૦ સમજ્યાને શું કહેવાય? ખાંડી. જુવાર બીજી બતાવે સવારમાં. અરે..! પણ બતાવી તમે આ. પણ જુઓ આ છે કે નહિ? આ બતાવી (હતી). હોય બીજી. આવા ધંધા. એ કરી શકતો નથી કહે છે, પરિણામ એણે કર્યા કપટના અને માયાના. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- આપનો સિદ્ધાંત .. કોઈ વેપાર કેવી રીતે કરે?

ઉત્તર :- વેપાર કોણ કરતો હતો? કરે છે કોણ? તમાકુ-બમાકુનું કાંઈ કરી શકતો નથી. જીપને મોકલી ને આટલા મોકલ્યા પચાસ લાખ બીડીયું મોકલી છે, એક કરોડ મોકલી છે. લાવો એના પૈસા. કાંઈ કરતો નથી. હરામ છે કહે છે. એમ કહે છે. વિકલ્પ કરે છે. વિકલ્પ કરે બસ. વિકલ્પ કરે, બીજું કાંઈ નહિ. એ ક્રિયાનો કર્તા આત્મા છે નહિ. આહા..હા..! જુઓ!

'**કોઈ દ્રવ્ય કોઈનું કર્તા...**' રચનાર, '**હર્તા...**' છોડનાર છે નહિ. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું રચનાર અને છોડનાર છે નહિ. એનો નાશ પણ કરે નહિ અને એને ઊપજાવે પણ નહિ. કારણ કે ઉપરોક્ત આપણે પહેલેથી વાત આવી ગઈ (કે) ઉત્પાદ-વ્યયધ્રૌવ્યયુક્તં વસ્તુ છે. પહેલે નબંરે તો ભગવાને એ નાખ્યું જુઓ અમૃતચંદ્રાચાર્યે. વસ્તુની સ્થિતિ મૂકી પહેલી જગતની. તત્ત્વ જ આવું છે. આવું ન હોય તો, એને અહિત ટાળવું છે, હિત કરવું છે અને બેયમાં કાયમ રહેવું છે એ વાત સિદ્ધ થતી નથી. અધર્મ ટાળવો છે, ધર્મ કરવો છે અને બેયમાં કાયમ પોતાને રહેવું છે એ ક્યારે સિદ્ધ થાય? એનો વસ્તુનો આવો સ્વભાવ ઉત્પાદવ્યયધ્રુવ હોય તો. જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ?

એટલે કહે છે કે '**કોઈ દ્રવ્ય કોઈનું કર્તા...**' માન્ય નથી કેટલાકને. નહિ, વ્યવહારે કર્તા (છે). પણ વ્યવહારે કર્તા બોલાય છે એમ કહે છે જુઓ. '**માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે.**' જૂઠાં છે. સમજાણું કાંઈ? આણે આને બચાવ્યો, આણે રોટલી કરી, આણે આને સગપણ કરાવ્યા, આની સાથે આણે લગન કર્યા એ બધા જૂઠાં બોલ છે કહે છે.

મુમુક્ષુ :- એ તો નિશ્ચયે અસત્ય છે, વ્યવહારે તો સત્ય છે.

ઉત્તર :- વ્યવહાર એટલે શું પણ? બોલવાનું જૂઠું. જૂઠાબોલો ભાષા બોલે. (એમ) બની શકતું નથી. કહો, સમજાણું કાંઈ? આણે આટલા પૈસા પેદા કર્યા, આણે આટલી દુકાનું કરી, આણે આટલો સંગ્રહ કર્યો, આણે આટલો સંગ્રહ છોડ્યો, બધી વાત જૂઠી છે કહે છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કર્તા-હર્તા ત્રણ કાળમાં છે નહિ. સ્વતંત્ર પોતાના ઉત્પાદ-વ્યયથી કામ કર્યા કરે છે.

'**આ વ્યવહાર છ કારકો અસત્ય છે.**' જૂઠાં છે. જુઓ! હેમરાજ પંડિતે પોતે લખ્યું છે. સમજાણું કાંઈ? ભાઈ! દુકાને ધ્યાન રાખ્યું થડે સરખું તો આ પેદાશ બધી ફળી. જૂઠ છે કહે છે એમ કહે છે. તમારે વધારે છે. ત્યાં કાનપુર જાય છે ને વધારે? અમરચંદભાઈ! ધ્યાન રાખે ને પૈસા કેટલા છે. મહિનામાં આવે બે-ચાર દિ' તો લઈ જાય રૂપિયા. ધ્યાન રાખે કોણે આપ્યું, કેટલા આપ્યા. હરામ છે કાંઈ એક રજકણ એક ફોતરું અહીંથી આમ કરવું એ આત્માનો અધિકાર નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છ કારક પડે. એક પરમાણુ પોતાથી કામ જડનું આવવાનું કરે છે. રહેવું, જવું, આવવું, ટકવું, ખસવું એ પોતાના કારણે દરેક પરમાણુ કામ કરે છે. એક નોટ આમ જાય છે કહે છે નોટ આમ (જાય છે) એ હાથથી નહિ. એ નોટ હાથથી નહિ, ઈચ્છાથી નહિ, આત્માના જ્ઞાનથી નહિ. એ નોટની પર્યાય એ જાતની કર્તા પોતાનો થઈ અને કર્મ તેનું ખસવાનું પોતાથી કામ કરે છે. સમજાણું કાંઈ? એક રોટલીનું બટકું આત્મા ભાંગી શકે નહિ, દાંત ભાંગી શકે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ચાવી તો શકે છે ને.

ઉત્તર :- આ દાંતથી રોટલી ભાંગે છે એ વાત જૂઠી છે. અસત્ય વ્યવહારના કથન છે. એ રોટલીનો એક એક રજકણ તે ટાણે છૂટો થવાને લાયક પોતાથી છૂટો થાય છે અને એકઠો થાય છે (તે) પોતાથી એકઠો થાય છે. બીજું દ્રવ્ય તેને એકઠું કરે કે છોડે એ ત્રણ કાળમાં બનતું નથી.

મુમુક્ષુ :- ચોખા કાંઈ પાણી વિના ચડે?

ઉત્તર :- ચોખા પાણી વિના ચડે છે. એક એક ચોખામાં અનંતા રજકણ, એક એક રજકણ પોતાને કારણે કાચાનો પાકો પરિણમવાના કાળે પોતાનું કર્મ નામ કાર્ય કરે છે. એમાં પરમાણુ કર્તા અને એ પાકાની પર્યાય તેનું કાર્ય, એનું સાધન, એનામાં એનું સાધન, એનાથી થયું અને એને કરીને પાકાપણું રાખ્યું, એને આધારે થયું. બીજા પરમાણુને લઈને નહિ, પાણીને લઈને નહિ, અગ્નિને લઈને નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ સ્વતંત્ર છે એમાં કરે કોણ? આહા..હા..! સમજાણું કાંઈ? આવડું મોટું શરીર માટીનું આમ ચાલે. હું ચાલું છું. ભાઈ! આ તો અનંતા પરમાણુ છે. મેં ઈચ્છા કરી તો પગ ઉપાડ્યો, ઈચ્છા કરી તો પગ ધીમેથી ચલવું છું. તદ્દન જૂઠી વાત છે એમ કહે છે. એય..! રતિભાઈ! એમ કે આપણે ઝટ પહોંચવું છે ચાર ગાઉ. ઉતાવળા ચાલો. એક કલાકમાં બે ગાઉ કપાય એમ ચાલો, ચાર ગાઉ કપાય એમ ચાલો. કહે છે કે ઈચ્છા કરી માટે ચલાણું ઉતાવળથી એ વાત ત્રણ કાળમાં સાચી નથી. એ પરમાણુની પર્યાયનો કર્તા આત્મા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ બોલાય ખરું ભાષાએ (કે) આણે આ કર્યું, આણે આમ કર્યું. પણ એ બોલવાની વાત તદ્દન જૂઠી છે કહે છે.

**'તેઓ માત્ર ઉપચરિત અસદ્ભૂત વ્યવહારયનથી કહેવામાં આવે છે.'** લ્યો ઠીક! 'માત્ર' પાછો શબ્દ. તેમ પણ ઉપચારથી-આરોપે તે પણ જૂઠા **'વ્યવહારનયથી કહેવામાં આવે છે.'** આહા..હા..! આણે આને ખાધું, આને આણે ઊલટી કરી, આણે આના કર્મ બાંધ્યા, આણે કર્મ તોડ્યા, ભગવાને કર્મ બાંધ્યા, અજ્ઞાની કર્મ બાંધે છે, જ્ઞાની કર્મ તોડે છે એ બધા ઉપચારિક માત્ર અસદ્ભૂત વ્યવહારનું કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત દ્રવ્યને માનતો નથી. અનંત દ્રવ્ય છે અને અનંત દ્રવ્યમાં સમયે સમયે પોતાને કારણે

ઉત્પાદ-વ્યય થાય છે. તેથી તો પહેલો સિદ્ધાંત નાખ્યો મહાસિદ્ધાંત. સમજાણું? ઉત્પાદ-વ્યય-ધ્રુવ એમ સિદ્ધાંત કરી, જીવને પછી એનું ખાસ શું? કે દર્શન-જ્ઞાન ખાસ વસ્તુ છે. બીજા ધર્મ બધા ધર્મનો આધાર દ્રવ્ય છે એમ કીધું. પછી ગુણ-પર્યાય અંગીકાર કર્યા. ... ક્રમ અને અક્રમે પ્રવર્તતા પોતે પોતાની મૂળ શક્તિએ. પછી? એનો એવો એક ગુણ છે કે બધાને પોતાને અને પરને જાણવાના સામર્થ્યવાળો એવો એનો ગુણ છે. બીજાના ગુણો આમાં નથી. પાછા આ ગુણ આવા આમાં છે, બીજામાં ગુણો છે એવું આમાં નથી. અસાધારણ ચૈતન્યસ્વભાવ. ઓહો..હો..! કેવી શૈલી! સમજાણું કાંઈ? અને અનંત દ્રવ્યમાં એક સાથે રહેલો છતાં પોતાના સ્વરૂપથી ખસ્યો નથી. ટંકોત્કીર્ણ એવો ને એવો અનાદિ-અનંત એમ ને એમ છે. અડ્યો નથી જોડે બધાને. એ પરનો કર્તા-હર્તા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાર, શરીર, ઇન્દ્રિય, ભાષા, મન બાંધ્યા આત્માએ, ગર્ભમાં આવ્યો, પછી આમ ફલાણું કર્યું, આહાર લીધો, પછી શરીર બન્યું, પછી ઇન્દ્રિય થઈ.

મુમુક્ષુ :- એના તો મહોત્સવ કરે.

ઉત્તર :- મહોત્સવ કરે ભગવાન જન્મે એટલે, લ્યો. કહે છે કે બધા વ્યવહારનયના જૂઠા કથન છે. આત્મા પરના રજકણને ગ્રહે, છોડે એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? જુઓ, આ ભાષાની પર્યાયમાં આત્મા કર્તા નથી એમ કહે છે. ભાષાની પર્યાયનો આત્મા કર્તા નથી, ભાષાની પર્યાય આત્માનું કાર્ય નથી, ભાષાની પર્યાયમાં આત્મા સાધન નથી, આત્માથી ભાષા થઈ નથી, આત્માને આધારે થઈ નથી, આત્માએ ભાષા કરીને આત્માએ રાખી નથી. ભાષા તો જડે રાખી છે. આત્મા ત્યાં અંદર છે? તત્ત્વની ખબર ન મળે અને અસત્યને સત્ય માને. હવે અસત્યને સત્ય માને એ કે દિ' ઊંચો આવે?

મુમુક્ષુ :- અહીંના કથન છે.

ઉત્તર :- અહીંના છે? કે વસ્તુના છે? એમ કે બીજે નથી એમ. એ પોતે એમ કહે છે. બીજી જગ્યાએ આવું ચાલતું નથી. એ વાત બરાબર છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ કહેલા હુકમ, ભગવાનની આજ્ઞાનો હુકમ છે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કર્તા માને મૂઢ મિથ્યાદૃષ્ટિ આત્માનું ખૂન કરે છે, પોતાની હિંસા કરે છે એમ કહે છે. પરની હિંસા કરી શકે નહિ, પણ પરની હિંસા કરું, પરને જીવાડું એવો ભાવ તે જીવ હિંસા પોતાની ત્યાં કરે છે. સમજાણું કાંઈ? રાડ નાખે ઓલા. દયા એ હિંસા છે કે નહિ? હવે સાંભળને. દયા તો કોને કહેવી? રાગની અનુત્પત્તિ થવી એવો આત્માનો ભાવ તેને દયા કહેવાય. એ દયા હિંસા હોય? રાગની ઉત્પત્તિ થાય તે હિંસા છે. સમજાય છે કાંઈ? અને એને માને કે મેં ધર્મ કર્યો. મિથ્યા શ્રદ્ધા છે. આહા..હા..! ભારે કામ આકરું. સમજાણું? અલૌકિક કાર્ય છે આ. આકરું કરતા અલૌકિક કાર્ય છે.

**'તેઓ માત્ર ઉપચરિત અસદ્‌ભૂત...'** જુઓ! માત્ર આરોપથી જૂઠાં વ્યવહારનયથી

કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કે આણે આટલા પૈસા ભેગા કર્યા, આ બાઈ આવી હુશિયાર હતી તો આવું રાધણું સારું થયું, ઘરમાં સંપ રાખ્યો એણે એવી બાઈ મીઠાબોલી. આમ બોલે માટે બધાને.. બધી વાત જૂઠી છે એમ કહે છે. જાદવજીભાઈ!

મુમુક્ષુ :- આ ઘરને સાચવે એ નહિ?

ઉત્તર :- આ એ જ કહે છે. કોણ સાચવે? તું એને સાચવ કે એને સાચવે તું? બહાર ક્યાં ગરી ગયો તું? કહો, સમજાણું આમાં? મગનભાઈ ગયા? ઠીક પણ આ ફેરી રહ્યા.

**'નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.'** શેઠ! છે? શું?

મુમુક્ષુ :- નિશ્ચય કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

ઉત્તર :- નહિ એ પછી. છેલ્લો શબ્દ ઉપરની લીટી છે. ઉપર લીટી.

**'નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારક...'** નામ કરવા કરવા સંબંધી આદિનો સંબંધ છે જ નહિ. કર્તાકર્મનો સંબંધ છે જ નહિ. એક દ્રવ્ય સાથે બીજાને કર્તાનો, કાર્યનો, સાધનનો, લેવાનો, દેવાનો, આધારનો કાંઈ સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ? ભગવાને કહ્યા એવા છ દ્રવ્ય માને તો તો છ દ્રવ્યના કાર્ય ભિન્ન-ભિન્ન માને. કોઈ દ્રવ્યનું કાર્ય કોઈ દ્રવ્ય કરે તો છ દ્રવ્ય એણે માન્યા નથી. છ દ્રવ્યને ભિન્નપણે માને ત્યારે તો એની જ્ઞાનની એક સમયની પર્યાય માની. જ્ઞાનની એક પર્યાયમાં એવા છ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તે રીતે માને ત્યારે એક સમયની પર્યાય માની. અહીં તો હજી છ દ્રવ્યમાં એક દ્રવ્ય બીજાનું કરે... આનું કરે.. આનું કરે.. તો એની જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જેવા છે એવા એણે માન્યા નથી. એ પર્યાય પણ સાચી માની નથી, તો દ્રવ્ય તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ? કહો, બીજાની સેવા કરી દે, બીજાનું આ કરી દે. કોણ કરે? ભાઈ! શ્વાસને પણ આડોઅવળો કરી શકતો નથી. જો તો ખરો, ખબર નથી પડતી? શ્વાસની ક્રિયા એક ક્ષણમાં જે રીતે થાય... આહા..હા..! એમ થઈ જાય. વળી નીચે આવે, વળી ઊંચો જાય. ઓ.. લ્યો જુઓ ઓડકાર આવે છે એ ક્યાંથી આવ્યો? આત્માએ કર્યો છે? એ તો રજકણની પર્યાય છે. સમજાણું? આહા..હા..! ખરેખર **'કોઈ દ્રવ્યને...'** એટલે કોઈ વસ્તુને **'અન્ય વસ્તુ સાથે...'** કર્તાનો, કાર્યનો, સાધનનો, એનાથી થાય એનો કે આધારનો કે કોઈ કોઈને દ્રવ્યને પોતે રાખે કે ભાઈ મેં સંઘર્યા પૈસા, મેં કરીને આમ સંભાળીને રાખ્યું સંપ્રદાન. ના. સંભાળીને રહી શકે નહિ, લઈ શકે નહિ, રાખી શકે નહિ.

મુમુક્ષુ :- પૈસા તો સંભાળીને રાખવા પડે ને.

ઉત્તર :- એ જ કહે છે. ભાઈ! એવો સાદો ખોરાક લીધો એટલે શરીરને મેં આવી રીતે રાખ્યું છે. સાદો ખોરાક લીધો એટલે ઠીક રહે છે નહિ, ઠીક રાખ્યું. ઠીક રહે છે તો તો એની મેળાએ. પણ મેં ઠીક રાખ્યું. સાદો ખોરાક છે, સાદો ખોરાક છે. એ વાત જ

ખોટી છે કહે છે.

મુમુક્ષુ :- એ તો ...

ઉત્તર :- કોણ ખાય પીવે છે પણ? એ તો એની ક્રિયા જડની છે. પરમાણુઓ આવે-જાય, પરમાણુ બદલે એ તો જડનું કામ છે. આત્મા કરે છે એને? કહો, મોહનભાઈ! કોણ કરતું હશે આમાં? મોહનભાઈ પૂછતા હતા ને. પરમેશ્વર આવતા હશે વચમાં કરવા? લોકોને તત્ત્વની ખબર નથી. આહા..હા..! રજકણે રજકણ આ પરમાણુ માટી છે જુઓને. આ શ્વાસ આડોઅવળો કરવાની તાકાત નથી, ક્ષેત્રફેર કરવાની તાકાત નથી, કાળફેર કરવાની તાકાત નથી, ભાવફેર કરવાની તાકાત નથી. બાપુ! તું તો આત્મા છો, ભાઈ! એ તો સ્વતંત્ર જડ છે જગતના.

મુમુક્ષુ :- પોતે પોતાને જાણે કે આવું પરનું કામ કરે?

ઉત્તર :- કોણ કરે? એ તો જાણે નહિ તો પણ કરે કોણ? ભલે ન જાણે પણ તેથી કરે? રાગને જાણે, રાગનો કર્તા માને, પણ તેથી કાંઈ કરી શકે છે? માને એ સ્વતંત્ર છે અજ્ઞાની.

'**નિશ્ચય કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :...**' પહેલા વ્યવહારનો દાખલો આપ્યો હતો. કુંભાર કરનાર, ઘડો કરે એ વ્યવહારનો દાખલો. એ વાત સાચી છે નહિ. '**માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે—પ્રાપ્ત કરે છે તેથી માટી કર્તા છે...**' એ ઘડાના કાર્યને પહોંચી વળે છે માટી. કુંભારનો હાથ નહિ, કુંભારની ઈચ્છા નહિ, કુંભાર નહિ. કુંભાર એને પહોંચી વળતો નથી. પહોંચી વળે તો એમાં ગરી જવો જોઈએ. માટી એમાં ગરી છે ઘડામાં. સમજાણું કાંઈ? લોટ સ્વતંત્રપણે રોટલીના કાર્યને કરે છે એમ કહે છે. સ્ત્રીની ઈચ્છાથી, સ્ત્રીના હાથથી કે શું કહેવાય નીચે? તાવડી. તાવડીથી તે રોટલી થતી નથી.

મુમુક્ષુ :- .. રાખે કે ન રાખે?

ઉત્તર :- રાખી શકે... કોઈ રાખતું નથી. કીધું સંપ્રદાન .. રાખી શકતું નથી.

મુમુક્ષુ :- પાટલી-વેલણ બધું છે.

ઉત્તર :- પાટલી પાટલીને ઘરે રહી. ત્યાં રોટલી પાટલીને લઈને થતી નથી એમ કહે છે અહીં. આહા..હા..! પાટલી પાટલીથી રહે છે, રોટલી રોટલીથી થાય છે. અનંત દ્રવ્ય ભિન્ન છે કે નહિ? કે એક થઈ ગયા છે? આહા..હા..! લોકોને કાંઈ ખબર નથી. શું કરે? વીતરાગ માર્ગમાં જન્મ્યા, પણ પાછા અનંત વસ્તુ ભિન્ન-ભિન્ન છે, એ કોઈનો કર્તા નથી એ વાત હજી બેસે નહિ. ઈશ્વરકર્તા છે એને કાઢી નાખે, પણ આ પાછો કર્તા ખોસે. એનું એ લાકડું થયું પાછું. સમજાણું કાંઈ? આપણે ભઈ ધ્યાન રાખીએ તો કામ સારા થાય બીજી વ્યવસ્થા. જુઓ રામજીભાઈ ધ્યાન રાખતા હતા તો કામ કેવા થયા જોયું! સરખું કરતા હતા કે નહિ? પછી ત્યાં ગયા તો ગડબડ થઈ ગઈ. કોણ કરે? એ તો નિમિત્ત હોય ને

વ્યવસ્થિત હોય ત્યારે એમ કહેવાય જૂઠા કારકથી. કહો, સમજાણું આમાં? આહા..હા..!

સ્વતંત્રપણે માટી પોતાથી, બીજાની સહાય વિના, બીજાના આશ્રય વિના **'ઘડારૂપ કાર્યને પહોંચે છે...'** અને ઘડાને પોતે માટી પ્રાપ્ત કરે છે. **'તેથી માટી કર્તા છે...'** કુંભાર નહિ. **'ઘડો તેનું કર્મ છે;...'** કોનું? માટીનું. ઘડો માટીનું કાર્ય છે, કુંભારનું નહિ. રોટલી લોટનું કાર્ય છે, બાયડી-સ્ત્રીનું નહિ. સમજાણું કાંઈ? **'અથવા, ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે;...'** અભિન્ન કહ્યું. માટીથી ઘડો એકરૂપ છે. પર્યાય અભિન્ન છે ને અભિન્ન? માટે માટી પોતે જ કાર્ય છે એ કહેવાય. માટી પોતે કાર્ય છે એમ કહેવામાં આવે છે. માટી પોતે કાર્યરૂપે પરિણમી છે તો માટી પોતે કાર્ય છે એમ કહેવાય છે. ત્યાં કુંભાર કાર્યરૂપે પરિણમ્યો છે એમ છે નહિ. કહો, આ મકાન-બકાન કોનાથી થાય એમ કહે છે આ તો. ઓલા મોટા પંડિતના વાંધા આવ્યા હતા. મોટો પંડિત આવ્યો હતો ને એક? શું કહેવાય અમરાવતીનો? હીરાલાલ પ્રોફેસર. અહીં લાકડી હતી. જુઓ, આ બન્યું કોનાથી? આ બન્યું. કોનાથી બને? કીધું, કોઈથી બન્યું નથી, પોતાથી બન્યું છે. તો પછી બન્યું ન .. બન્યું છે જો એનાથી બન્યું હોય તો .. પછી વસ્તુ તો આમ ને આમ રહી જાય. જુઓ આ અહીં લાકડી હતી ને ઓલી બીજી.

મુમુક્ષુ :- એ તો બન્યા પછી રહી ને.

ઉત્તર :- પણ રહી ને એમ ને એમ. ઓલો નીકળી ગયો તો રહી છે. એ વખતે તો એનાથી થઈ તો એનાથી રહી.

મુમુક્ષુ :- બનાવનાર...

ઉત્તર :- એ જ. એનાથી થઈ અને એનાથી રહી. બીજેથી થઈ છે એમ કહે. બીજેથી.. નહિતર ઓલો નીકળી જાય તો તૂટી જાય આ. આ મકાન થયું તો .. એ કહેતા. શું કહ્યું? આપત્તિ. મારી આપત્તિ તો ખ્યાલમાં આવી. આપત્તિ ખ્યાલમાં આવે છે. આવા ને આવા બધા પંડિતો. .. એમ કે મને આ શું નડે છે વાંધો એ આપને ખ્યાલમાં છે. ખ્યાલમાં છે કીધું. નડે શું? સૂક્ષ્મ અસંખ્યગુણા સ્કંધ છે એને કોણ ભેગા કરીને કરે? સ્વતંત્ર છે. .. સુતારે સમજાય છે? ગાડું કર્યું એ વાત ખોટી છે કહે છે. સુતાર જુદો અને ગાડાની જુદી પર્યાય એ કરે કોણ? છોકરો દડો આમ ફેંકે છે એ વાત ખોટી છે કહે છે. સમજાણું કાંઈ? દડો દડાની પર્યાયના કાર્યનો કર્તા દડો છે. દડો તેના પર્યાયના કાર્યને પહોંચી વળે છે. કહો, સમજાણું આમાં? બે બોલ થયા.

ત્રીજો. **'પોતાના પરિણમનસ્વભાવથી માટીએ ઘડો કર્યો...'** માટીના બદલવાના કારણે પહેલી પર્યાય બદલીને ઘડો થયો. પરિણમવાના કારણે થયો. કોઈને કારણે થયો નથી. સમજાણું કાંઈ? **'પોતાના પરિણમનસ્વભાવથી માટીએ ઘડો કર્યો તેથી માટી પોતે જ કરણ છે;...'** ઘડાનું માટી સાધન છે. એ વળી દોરી ને શું કહેવાય? ચાકડો ને સાધન

નથી. કહો, ચાકડા વિના ઘડો થયો એમ બતાવો, એક જણો કહે. અરે..! સાંભળને હવે. તારી દૃષ્ટિ સમ્યક્ છે? બધાય છે, પોતાના દ્રવ્યથી પર્યાય થઈ છે, પરથી થઈ નથી. એમાં શું? એના વિના થઈ છે. આહા..હા..! તત્ત્વની ખબર ન મળે, અભિમાન જ્યાં હોય ત્યાં કરે. મેં કર્યા, આ કર્યું ને આ કર્યું. મિથ્યાત્વને પોષી અરે..! નીચે હલકો થઈને જાય. નિગોદમાં જાય નિગોદમાં આહા..હા..! અધોગતિ. ત્યાગી નામ ધરાવીને પણ મેં આમ કર્યું, મેં આ પાળીને મેં બીજાને સુધાર્યા, હું બીજા માટે આવો ઉપકાર કરું છું. એ બધી માન્યતા મિથ્યાત્વ છે. દેવાનુપ્રિયા! ક્યાં ગયા જુગરાજજી? ભાઈ! સ્વતંત્ર આત્મા, સ્વતંત્ર પરમાણુ, અનંત આત્માઓ સ્વતંત્ર, અનંત પરમાણુ સ્વતંત્ર. ચાર દ્રવ્ય તો અરૂપી છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. દરેક પોતાની પર્યાયનો કર્તા, પોતાની પર્યાય તેનું કાર્ય. બીજો કર્તા કર્મ કેમ હોય? સમજાણું કાંઈ? મહાવીર ભગવાને આમ કર્યું, ભગવાને યજ્ઞ બંધ કરાવ્યા. યજ્ઞ ચાલતા હતા ... બિલકુલ વાત જૂઠી છે.

મુમુક્ષુ :- .. હલકા પાડ્યા.

ઉત્તર :- સ્ત્રી હલકા હતા. વેદાંતે કાઢી નાખ્યું... આપ્યું. સ્ત્રીને મોક્ષપદ આપ્યું, સ્ત્રીને સાધુપદ આપ્યું વળી એમ કહે છે આ લોકો. કોણ આપે? સાંભળને. જે દ્રવ્યની જે યોગ્યતાની જે કાળે જે પર્યાય છે તેનું કર્તા તે દ્રવ્ય છે અને તે તેનું કાર્ય છે અને તે તે પરિણમે છે માટે તે તેનું કરણ છે. આહા..હા..! ... ચશ્મા વિના સૂઝે નહિ. હવે સાંભળને. ચશ્માનું આમ ઉપર નીચે જવું, એનો કર્તા શું આંગળી છે? એનો કર્તા આત્મા છે? અને આત્મામાં જ્ઞાનની પર્યાય ઓછી દેખાણી પહેલી અને પછી વધારે દેખાણી એનો કર્તા આ ચશ્મા છે? એ જ્ઞાનની પર્યાયનું કર્મ આત્મા પહોંચી વળે, એને કરે છે પોતે. ચશ્મા પહોંચી વળે? ત્યાં પહોંચી વળે તો કર્મ હીણું પડી ગયું? સમજાણું કાંઈ? દ્રવ્યની સ્વતંત્રતાનું સત્ય છે એ વાત બેસતી નથી ને એટલે ઊંધી માન્યતા મિથ્યાત્વની (કરે). પછી પંચ મહાવ્રત પાળે બહારના (અને) મિથ્યાત્વને સેવે. ક્ષણે ક્ષણે મિથ્યા-જૂઠા ભાવને સેવે અને માને કે અમે ધર્મ કરીએ છીએ.

**'માટીએ ઘડારૂપ કર્મ પોતાને જ આપ્યું તેથી માટી પોતે જ સંપ્રદાન છે;...'** ઘડારૂપી કાર્ય કરીને પોતે આપ્યું પોતાને અને પોતે રાખ્યું, પોતા માટે બનાવ્યું હતું. સમજાણું કાંઈ? ઘડો માટીમાં રહ્યો છે કે નહિ? કે બહાર ગયો? બસ, પોતે સંપ્રદાન છે. પોતે પોતાને દાન આપ્યું. એ ઘડાનું કાર્ય કરીને પોતે માટીએ દાન પોતાને આપ્યું. કોઈને દાન કોઈ આપી શકતું નથી. ઓહો..હો..! **'માટીએ પોતામાંથી પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને...'** પિંડ હતોને પહેલો? **'નષ્ટ કરીને ઘડારૂપ કર્મ કર્યું અને પોતે તે ધ્રુવ રહી...'** કાંઈ માટી વઈ ગઈ નથી. પર્યાય ગઈ ઓલી પિંડની, પણ પોતે તો રહી, એમાંથી ઉત્પન્ન થઈ. ઘડો એમાંથી ઉત્પન્ન થયો. **'તેથી પોતે જ અપાદાન છે;...'** માટી અપાદાન એ ઉપાદાન (એમ) ઘણા

અર્થ નાખે છે.

**'માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો...'** જમીનના આધારે નહિ. કહો, સોનાનો દાગીનો... સમજાય છે? નીચે હોય છે ને શું કહેવાય સોનીનું? એરણ. એરણને આધારે દાગીનો ઘડાતો નથી, અડ્યો પણ નથી, એરણ એને અડતી નથી. હથોડી પડે ને? કે ના. હથોડી એને અડતી નથી ઘરેણાને. ઘરેણું એને કારણે પોતાને કારણે પર્યાયરૂપે પરિણમીને પોતે રાખ્યું છે. હથોડીથી થયું જ નથી. કહો, સમજાણું કાંઈ?

મોરડીમાં ગયા હતા ને મોરડીમાં. એક કહે કે એલા મહારાજ ત્યાં આવ્યા છે. મોરડીમાં નહિ? ૯૯ કે કઈ સાલ? ૯૯ પછી હોં હમણા પાછળથી. મોરડી. હમણા ૨૦૦૫માં. ગયા ત્યારે એક લુહાર હશે. કહે કે ભાઈ મહારાજ આવ્યા છે. ભાઈ! એ મહારાજ એવા છે કે હથોડીથી ઘડાય નહિ એમ કહેનારા છે. એક લુહાર હતો લુહાર. હુશિયાર હતો. પછી આવ્યો. પણ વ્યાખ્યાન થઈ ગયું અમારે. આવું સાંભળીને, અમે સાંભળવા આવ્યા છીએ. મેં કીધું, વ્યાખ્યાન તો પૂરું થઈ ગયું. વાત સાચી કીધું, હથોડીથી દાગીનો થાતો નથી. હથોડી સમજો છો ને? એનાથી થાતો નથી. આહા..હા..! સંયોગી જોનાર સંયોગને જોવે છે. આત્માને પણ સંયોગથી જોવે છે અને રાગ ને પરથી જોવે છે. એથી એને એવું લાગે છે. સમજાય છે કાંઈ? આત્માને રાગ વિનાનો જોવે તો બધા પદાર્થને સંયોગ વિનાની પર્યાયવાળો જોવે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા રાગની પર્યાય અને સંયોગ વિનાનો છે. રાગ હોવા છતાં સ્વભાવમાં એનો સંબંધ નથી. એવી દૃષ્ટિમાં રાગનો કર્તા નથી અને રાગનો સંબંધ નથી, રાગ એનું કાર્ય નથી. એ દૃષ્ટિએ આખા દ્રવ્યો બધા કોઈ દ્રવ્યનો કોઈનો કર્તા નથી એવું એને અંદરમાં સ્વથી બેઠું એવું પરમાં પણ બેસી જાય. સમજાણું કાંઈ?

**'આધારે ઘડો કર્યો તેથી પોતે જ અધિકરણ છે.'** અધિકરણ એટલે આધાર. **'આ રીતે નિશ્ચયથી...'** નામ ખરેખર **'છયે કારકો એક જ દ્રવ્યમાં છે.'** એક જ પદાર્થના છ કારકો—છ કારણો છે. **'પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાય નહિ કરી શકતું હોવાથી...'** ત્યાં સહાય મૂક્યું પાછું જોયું! એક દ્રવ્ય બીજાને ટેકો નહિ આપી શકતું હોવાથી, **'સહાય નહિ કરી શકતું હોવાથી...'** લ્યો! એ ગાડું ખૂંચ્યું છે કહે છે, વેળુમાં. વેળુ સમજો છો? રેતી. તો આમ ટેકો આપીને ઊંચુ થાય. ના. એમ કહે છે. ખૂંચી જાય છે ને ગાડું. ગાડું નથી સમજતા? મદદ કરે તો ઊંચું થાય. ના. એ તો એની પર્યાય એનાથી ઊંચી થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાય નહિ કરી શકતું હોવાથી અન્ય દ્રવ્ય પોતે જ, પોતાનાથી,...'** જુઓ! સહાય નહિ કરી શકતું (હોવાથી). ત્યાં એટલું નાખ્યું. મદદ જ કરી શકતું નથી કહે છે. પણ ક્યાંથી કરે? સ્વતંત્ર પર્યાય કાર્ય થાય એમાં વળી બીજો

મદદ શું કરે? બીજો પાછો મદદ કરે તો બીજો ત્રીજાને મદદ, ત્રીજો ચોથાને, ચોથો પાંચમાને... અનંતાની મદદ ચાલી જ ગઈ એમ ને એમ. ક્યાંય મેળ રહ્યો નહિ. આહા..હા..! મોટી અત્યારે આ ગડબડ ચાલે છે સંપ્રદાયમાં. જ્યાં ત્યાં અમે કરીએ, અમે કરીએ. સંસ્થા અમે ચલવીએ, પત્રો અમે ચલવીએ, અમે પત્રના લેખ ચલવીએ, એને લઈને અમારો પ્રચાર થાય. બધું જ મિથ્યાત્વ અભિમાન છે.

મુમુક્ષુ :- આપણે તો પ્રચાર ઘણો કરીએ છીએ.

ઉત્તર :- કોણ કરતો હતો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એને લઈને થાય છે. કોને લઈને થાય? એ પર્યાયનો કાળ એનો થાય માટે થાય છે. કોઈની ઈચ્છાથી થાય છે ત્યાં? સમજાણું કાંઈ? કામ અલૌકિક કાર્ય છે ભાઈ અહીં તો. આહા..હા..! લોકોત્તર વાત છે. સમજીને સમાવાની વાત છે અહીં. સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

**'એક દ્રવ્ય બીજાને સહાય નહિ કરી શકતું હોવાથી અને દ્રવ્ય પોતે જ...'** પોતે એટલે કર્તા. **'પોતાને,..'** એનું કાર્ય. **'પોતાનાથી,...'** તે કરણ **'પોતાને માટે,...'** સંપ્રદાન, **'પોતાનામાંથી,...'** અપાદાન **'પોતામાં કરતું...'** આધાર. એ છ બોલ લીધા. છે ને? પોતે એટલે કર્તા. દરેક પરમાણુ, દરેક આત્મા. પોતાને માટે પોતાનું કાર્ય. પોતામાંથી એનું કરણ સાધન, પોતાને માટે રાખ્યું દાન, પોતામાંથી અપાદાન, પોતામાંથી કરતું હોવાથી આધાર. **'આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.'** ભાષા ... **'નિશ્ચય છ કારકો જ...'** છ કારકો 'જ' એમ પાછું. પરમ સાચા છે. બાકી બધા ખોટા કથનો છે. આહા..હા..! ભગવાને જગતને તાર્યા. એ વાત પણ ખોટી છે, અહીં તો એમ કહે છે. એય..! તીર્થંકર પ્રકૃતિનો ઉદય ઘણા જીવને તારે.

મુમુક્ષુ :- પ્રકૃતિનો ઉદય તારે?

ઉત્તર :- ઉદય આવે વાણી નીકળે, દિવ્યધ્વનિ લોકો સાંભળે, તરે. કહે છે એ બધા વ્યવહારના કથન છે ભાઈ! એ જીવ જ પોતે તે વખતે પોતાની પર્યાય કરવાના કાર્યનો કર્તા છે. વાણી-બાણી કર્તા નથી. ભીખાભાઈ! આમાં કાંઈ ચાલે એવું નથી. આહા..હા..! આ બધા પરમાણુ ઢીલા પડે, ઓલા પડે. ત્યારે જો એનાથી કામ થાય છે તો તારું કામ કરવું ક્યારે? ભાઈ, આ શરીર ઠીક છે, ઈન્દ્રિયો ઠીક છે, આ બધું ઠીક છે તો આપણે કામ થાય એને લઈને. તો પછી અઠીક થાય ત્યારે પછી કામ પડ્યું રહે પોતાનું કરવું? એને લઈને થાતું જ નથી. સમજાણું કાંઈ? આમ એને બેસે, અંદર ઊંડે બેસવું જોઈએ. ઊંડે-ઊંડે કહે આ બધા સાધન છે, આ સાધન છે તો આપણને કામ ઠીક થાય છે. એનો અર્થ થયો કે એનાથી કાર્ય થાય એમ માન્યું. સમજાણું કાંઈ? આ પુસ્તક-બુસ્તક સાધન છે તો

આપણને જ્ઞાન થાય છે. એ ખોટી વાત છે એમ કહે છે. એય..! રતિભાઈ! એમ કહે છે.

મુમુક્ષુ :- બહારમાં દેખાય.

ઉત્તર :- ના, ના. દેખતો—દેખનારો આંધળો થઈને દેખે છે. આંધળી નજરે દેખે છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે એ રીતે દેખતો નથી. પોતાની આંખમાં સંયોગની દૃષ્ટિ રાખીને દેખે છે. આહા..હા..!

મુમુક્ષુ :- આખા ઈન્ડિયામાં સાહેબ! આ વસ્તુ ક્યાંય નથી.

ઉત્તર :- પણ આ છે કે નહિ? આ તો પણ માર્ગ વીતરાગનો આ માર્ગ છે. આ વીતરાગ સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્ય જોયાં, તો છ દ્રવ્ય જોયા એટલે કર્યા છે ભગવાને?

મુમુક્ષુ :- ક્યાંય સાંભળવા જ મળતું નથી.

ઉત્તર :- શું કરે પણ? શેઠ! જુગરાજજી! તમારા મિત્ર કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગતિ-ફતિ કેવી? આહા..હા..! ભગવાન! બાપુ! માર્ગનું સ્વરૂપ આવું છે. એનો કર્તા થવા જઈશ તો બહિર્દૃષ્ટિમાં ઊભો રહીશ. દૃષ્ટિમાં ઊભો રહીશ, પરનું કરી શકતો તો નથી. વિકલ્પ પણ નથી જ્યાં, વિકલ્પ(નો) પણ કર્તા (નથી), દયા, દાનનો વિકલ્પ પણ એ મારું સ્વરૂપ નથી. એ વિકાર છે. વિકારને કરું તો હું વિકારી થઈ જાઉં. સમજાણું? હું તો જ્ઞાન ચૈતન્યસ્વરૂપ છું એમ જાણીને ચૈતન્યની પરિણતિ ઊભી કરે એનો કર્તા આત્મા છે. ઓલો રાગ છે માટે આ કર્તા થાય છે, આ કાર્ય થાય છે, વ્યવહારનું કાર્ય અહીં ઊભું છે માટે અહીં ધર્મની પર્યાય થાય છે એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

પંચ મહાવ્રતના પરિણામ ઊભા થયા દયા આદિના માટે અહીં ચારિત્ર ને ધર્મ થયો. તે પરિણામ પોતે ધર્મ છે, બિલકુલ નહિ. એવી વાત છે, ભાઈ! પરમાત્મા સર્વજ્ઞ નાયક છે જેના એનું કહેલું તત્ત્વ આ છે. આ કાંઈ પક્ષ નથી, વાડો નથી કે અમારા સંપ્રદાયમાં આ (છે). સંપ્રદાય નહિ, વસ્તુ આવી છે, વસ્તુ આવી છે. જૈન સંપ્રદાય કોઈ ચીજ નથી નવી. નિજપદ... 'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ. લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' ફક્ત લક્ષ ફેરવવા વાત કરી છે, ફેરવે તો. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો આખો દિ' અમે કર્યા, અમે કર્યા. આ કામમાં કોણ હતું? અમે. બહુ સારું ભાઈ.

મુમુક્ષુ :- અમારા વિના થાય નહિ ને.

ઉત્તર :- ધૂળમાંય (નથી). તમારા વિના થાય છે બધું. શું ન થાય? એના વિના થાતું નથી, જે છે એના વિના થાતું નથી. તારા વિના તારું થાતું નથી, એના વિના એનું થાતું નથી. પોપટભાઈ! આ તો બધાને છ છોકરાને જાળવવા, લાદીને જાળવવી, શું કહેવાય? કારખાનાને જાળવવા, રૂપિયાને સરખા જાળવવા. એક છોકરો જુદો પડે ને બધું ખરચી નાખે તો પાછું ઓલું... જરી પૂછ્યા વિના કેમ ખરચ્યું? ભારે ભાઈ! પોપટભાઈ! આ તો દાખલો.

આહા..હા..!

ભાઈ! તું તો તત્ત્વ છો ને પ્રભુ! તું આત્મતત્ત્વ છો ને. એ કાંઈ પરતત્ત્વ છો તું? અને પર કાંઈ તારા તત્ત્વમાં આવી જાય છે? ભળી જાય છે? તો એ જુદા રહીને કામ કરે છે એમાં તને શું છે? તારે શું એમાં આવ્યું? સમજાણું કાંઈ? ભાઈ બે હાથે તાળી પડે. એક હાથે ન પડે એમ કહે છે લ્યો. બે હાથે તાળી જ પડતી નથી. એ અવાજ તો શબ્દનો સ્વતંત્ર નીકળે છે એમ કહે છે. હાથને લઈને નહિ. એક હાથે કાંઈ તાળી પડે? બે હાથે પડે. ના પાડે છે. ભગવાન તો બે હાથે તાળીની ના પાડે છે. અંદરના શબ્દની પર્યાય એક સાથે પરિણવાની પોતાને કારણે નીકળે છે. આ અડવાને કારણે (નહિ). અડ્યું જ નથી ને આને. અડે શું? એ આવશે ત્રીજી ગાથામાં, સમયસાર. 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' આહા..હા..! સમવસરણની મધ્યમાં ઈન્દ્રોની સમક્ષમાં, ગણધરોની ઉપસ્થિતિમાં આવો માર્ગ પરમાત્માએ વર્ણવ્યો છે. તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્માએ આ વસ્તુનું સ્વરૂપ કહ્યું છે. હતું એવું કહ્યું. સમજાણું કાંઈ? કેટલી (વાતો) મૂકી છે જુઓ હેમરાજ પંડિતે! ઓલાને પંડિતોનું માન્ય નથી.

'**ઉપર્યુક્ત રીતે દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી...**' દેખો! '**ઉપર્યુક્ત રીતે દ્રવ્ય...**' એટલે વસ્તુ. '**પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને...**' આહા..હા..! પોતે જ છ કારણ રૂપે થઈને '**પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે;...**' સમજાણું કાંઈ? '**તેને બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી.**' તેને નિમિત્તો કાંઈ સહાય અને મદદ કરી શકતા નથી એમ કહે છે. '**માટે...**' હવે ઓલી મૂળ વાત ઉપર આવ્યું. '**કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનાર આત્માએ...**' કેવળજ્ઞાન એટલે પરમાત્મા મુક્ત અને પૂર્ણ આનંદ, પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરનાર પ્રાપ્ત જીવે '**બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે.**' બાહ્ય સામગ્રીની અપેક્ષા પરતંત્ર સંહનન હોય, મનુષ્ય હોય, આ હોય, વાણી હોય,... બિલકુલ તને જરૂર નથી. સમજાણું કાંઈ? અંદર નજરે નાખે તારા નિધાનમાં સંપદા બધી પડી છે લે કહે છે. પોતે જ ભગવાન નિર્મળાનંદ પોતે અંતર દૃષ્ટિ કરતા પોતે જ પરિણમનનો કર્તા, પોતાનું પરિણમન ધર્મનું કાર્ય, પોતાનું કરણ પોતે, પોતાથી રાખીને પોતે કર્યું અને પોતાને આધારે થયું. સમજાણું કાંઈ?

અમે દુનિયાને સમજાવી દઈએ. એટલે સામા સમજે તેના કાર્યનો કર્તા અમે. ભાઈ! એમ નથી. સમજાણું કાંઈ? એ પણ એક મિથ્યા અભિમાન છે. સમજાણું કાંઈ? અમે આને રોકીએ જતાં, અહીં જાય એને રોકીએ. મિથ્યા અભિપ્રાય છે તારો. કોણ રોકે? ભાઈ! જે જેની પર્યાય જવાની હોય તે થવાની છે. થવાની છે તે નહિ થવાની નથી અને નહિ થવાની તે થવાની નથી. કોને તું રોક? ભાઈ! તારામાં તું રોક. વિકલ્પ છોડીને અંદરમાં જા. બાકી

બીજી કોઈ વાત છે નહિ.

અહો..! અનંતકાળના અજાણ્યા પંથ, નજરું નાખી કામ ન કરે અને ઊંધે રસ્તે જાય એને આત્મા ક્યાંથી હાથ આવે? મિથ્યા અભિમાનના ચકરાવે ચડ્યો, મિથ્યા અભિમાનના ચકરાવે ચડ્યો, આત્મા ગોટાએ અનાદિથી ચડ્યો. ધર્મને નામે પણ ગોટે ચડ્યો. આમાં પછી વાદવિવાદ કરો, આનાથી આ થાય. ભાઈ! વાદ કોણ કરે? ભાઈ! વાણી કોણ કાઢે? અને બીજાને સમાધાન કોણ કરે? બીજાનું સમાધાન તો એનું એનાથી થાય. કાંતિભાઈ! આવી વાત છે. લ્યો, તમારું ચાલતું હોય તો અમને સમજાવી દ્યો. શેઠ! બાપુ! બીજાને કોણ સમજાવે? ભાઈ! તારી પર્યાયનો કર્તા તું છો, એને બીજો સમજાવે એ શી રીતે બને? સમજાણું કાંઈ? પણ મિથ્યા અભિમાનના ચકરાવે ચડ્યો, બહાર નીકળતો નથી. કહે છે, પોતે જ પોતાની સામગ્રીથી પરિત છે, સંપદા પૂરી પડી છે તારામાં. શક્તિઓ તારામાં પૂરી પડી છે ભાઈ! એ શક્તિને ખોલ તું. બીજી સામગ્રીની તને જરૂર નથી.

**'શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.'** લ્યો! ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ પોતાના શુદ્ધ ઉપયોગનું આચરણ વસ્તુમાં લીન થતાં, શુદ્ધતા પ્રગટતા એમાં આત્મા પોતે જ કર્તા, કર્મ, સંપ્રદાન, કરણ, સાધન આદિ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. કહો, એ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં પોતાના જ કારકો મદદ કરે છે. બીજાના કારકો છે નહિ. સમજાણું કાંઈ? જુઓ! સર્વજ્ઞપદ થાય એમાં પુરુષાર્થ છે. આવે છે ને? કર્મ છે. ઓલામાં નથી આવતું? પુરુષાર્થ અને કર્મના બોલ નથી આવતા? આત્મમીમાંસા દૈવ. ત્યાં તો દૈવનું નિમિત્તપણું ત્યાં કહ્યું. એ યોગ્યતા છે એની. એ કેવળજ્ઞાનની પ્રાપ્તિ પોતાની યોગ્યતાથી થાય છે. એક સમયમાં આવડું મોટું જ્ઞાન! જ્ઞાનાવરણીય કર્મ ખસે તો થાય. કહે છે કે ના. પોતાના શુદ્ધ ઉપયોગમાં લીન થતાં થાય. સમજાણું કાંઈ? એના છ કારકોનું વર્ણન જે આવ્યું છે એનું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૦, મંગળવાર, તા. ૧૭.૯.૧૯૬૮**
**ગાથા-૧૬, ૧૭, પ્રવચન-૧૫**

પ્રવચનસાર. જ્ઞાન અધિકાર, ૧૬મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. ૨૮મે પાને પહેલી લીટી. **'શુદ્ધોપયોગમાં લીન આત્મા...'** શું અધિકાર છે આ? ધર્મ પામેલ ધર્મને કારણે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? ધર્મ એ કે આત્મા આનંદ ને જ્ઞાન-દર્શનસ્વભાવસ્વરૂપ એની અંદર દૃષ્ટિ જ્ઞાન અને સામ્ય-સમતારૂપી શુદ્ધ ઉપયોગની દશા તે ધર્મ. કહો, સમજાય છે

કાંઈ? એ ધર્મના ફળ તરીકે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે એ વાત ચાલે છે. લોકો કહે ને કે ભાઈ ધર્મ.. ધર્મ. ધર્મ એટલે શું? 'ચારિત્તં ખલુ ધમ્મો' ચારિત્ર તે ધર્મ. એટલે શું? આત્મા ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ પૂર્ણાનંદ એની અંતર્મુખનો અનુભવ કરી અને જ્ઞાન કરી અને દૃષ્ટિ કરી અને સ્વરૂપમાં શુભ-અશુભ પરિણામનો અભાવ કરી અને શુદ્ધ આચરણરૂપ શુદ્ધ ઉપયોગને પ્રગટ કરે તેને ચારિત્ર કહો કે તેને ધર્મ કહો. સમજાય છે કાંઈ? એ ધર્મના ફળ તરીકે... એ શુદ્ધ ઉપયોગ કહો કે ધર્મ કહો. સમજાણું કાંઈ?

દેહાદિ શરીરની ક્રિયા એ ધર્મ નહિ, પાપના પરિણામ ધર્મ નહિ, અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઊઠે એ પણ ધર્મ નહિ. ધર્મ, ચૈતન્યને અવલંબીને શક્તિનું જે દર્શન-જ્ઞાન આખું તત્ત્વ પ્રભુ, એને અવલંબીને થતી નિર્વિકલ્પ-નિર્વિકારી શુદ્ધ આચરણરૂપી દશા તેને ધર્મ કહે છે. કહો, સમજાણું કાંઈ? એ ધર્મમાં લીન આત્મા, ધર્મમાં કહો કે શુદ્ધ ઉપયોગમાં લીન કહો. છે? પહેલી લીટી છે ને? પોતાના શુદ્ધ સ્વભાવનો ઉપયોગ નામ અંતર વેપાર એમાં લીન આત્મા '**પોતે જ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.**' પોતાના સ્વભાવની શક્તિઓમાં ષટ્કારકો કર્તા, કર્મ આદિ ગુણ પડ્યા છે. એ પોતે શુદ્ધ ઉપયોગમાં લીન થઈને કર્તા, કર્મ આદિથી પોતે જ કેવળજ્ઞાનને શુદ્ધ ઉપયોગ દ્વારા પ્રાપ્ત થાય છે. કોઈ સંહનન કે મનુષ્યદેહ કે વ્યવહાર કે (બીજું કાંઈ) ત્યાં કોઈ મદદગાર નથી. સમજાણું કાંઈ?

'**શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ...**' છ કારક એટલે કર્તા, પોતે જ કર્તા શુદ્ધ ઉપયોગનો થઈ, શુદ્ધ ઉપયોગનું કાર્ય પ્રાપ્ત કરી, શુદ્ધ ઉપયોગનું સાધન પોતે જ પ્રાપ્ત પોતાથી કરી, શુદ્ધ ઉપયોગ પોતાથી કરી, શુદ્ધ ઉપયોગ પોતામાં રાખી, શુદ્ધ ઉપયોગને પોતે પોતાને આધારે કરી. ભારે ધર્મ આવો. એ ષટ્કારકરૂપે થઈને, પોતે થઈને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. એ વાત કરે છે હવે, જુઓ છ બોલ. '**તે આત્મા પોતે અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે...**' અપરિમિત અનંત એવી શક્તિ જ્ઞાયકસ્વભાવ વડે વર્તમાન પર્યાયમાં '**સ્વતંત્ર હોવાથી પોતે જ કર્તા છે;...**' વીતરાગી પર્યાયનો આત્મા પોતે જ કર્તા છે અથવા વીતરાગી પર્યાય દ્વારા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારો પોતે જ છે. સમજાણું કાંઈ?

'**પોતે અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના પરિણમનથી પોતે જ અનંત શક્તિવાળું કેવળજ્ઞાન... અનંત શક્તિવાળું કેવળજ્ઞાન-સર્વજ્ઞપર્યાય એને '**પ્રાપ્ત કરતો હોવાથી...**' અંતરની પર્યાયની શક્તિને પોતે પહોંચી વળતો હોવાથી, કેવળજ્ઞાનની અવસ્થાને પોતે કર્તા થઈને પરિણમન થઈને પહોંચી વળતો, પ્રાપ્ત કરતો તે પર્યાયને અભિન્નપણે પરિણમતો '**પોતે જ કર્મ છે;...**' એ કેવળજ્ઞાન આત્માનું કાર્ય છે. સમજાણું કાંઈ? '**અથવા કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી...**' દરેક (પર્યાય). આ તો ઉત્કૃષ્ટ વાત લીધી છે. સમ્યગ્દર્શન માટે પણ એમ છે. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનની પર્યાયમાં

પણ આત્મા કર્તા સ્વતંત્ર થઈ અને એ સમ્યગ્દર્શનરૂપી પર્યાયને—કર્મને એટલે કાર્યને પ્રાપ્ત કરે છે. કહો, સમજાણું આમાં? એને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ બિલકુલ મદદગાર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે દયા, દાન, વિકલ્પ એ કાંઈ આત્મા નથી, એ તો અણાત્મા છે.

આત્મા પોતે જ પોતાના પરિણામથી પોતાની પર્યાયને પ્રાપ્ત કરતો, એમાં અભિન્નપણે થતો એ પોતાના કાર્યને કરે છે. આત્મા પરનું કાર્ય કરતો નથી, આત્મા રાગનું કાર્ય કરે એ અજ્ઞાની છે, એ આત્મા નથી. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન આ બધા કામ ચાલે છે એને તો એ કરતો નથી, પણ અંદરમાં રાગ-દ્વેષના વિકલ્પ ઊઠે એ કર્મ મારું છે એ પણ અજ્ઞાનભાવ અનાત્મા છે. એના રાગરહિત આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામના કર્મને કરે એ આત્મા. કહો, સમજાણું આમાં? કેવળજ્ઞાનથી પોતે એક હોવાથી પોતે જ કર્મ છે.

'**પોતાના અનંત શક્તિવાળા પરિણમનસ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે...**' પોતે જ સાધન છે. શુદ્ધ ઉપયોગમાં એ સાધન પોતે અને કેવળજ્ઞાનમાં પણ સાધન પોતે. વિકલ્પ ને રાગ ને શરીરાદિ કાંઈ પણ સાધન છે જ નહિ. સમજાણું કાંઈ? '**કેવળજ્ઞાન કરતો હોવાથી આત્મા પોતે જ કરણ છે;...**' કારણ છે, કરણ છે, સાધન છે. એ કેવળજ્ઞાનની પર્યાય આત્માના કરણથી કરાય છે. સમજાણું કાંઈ? પોતાના કરણના કારણથી કેવળજ્ઞાનની પર્યાય થાય છે. કોઈ વ્યવહારના વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એનાથી કેવળજ્ઞાન થતું નથી.

'**પોતાને જ કેવળજ્ઞાન દેતો હોવાથી આત્મા પોતે જ સંપ્રદાન છે;...**' પોતે પરિણમીને શુદ્ધ ઉપયોગરૂપે થઈ અને કેવળજ્ઞાનની પર્યાયને પ્રાપ્ત કરે એ પોતે રાખે છે, પોતે દાતા અને પોતે લેનાર. કહો, સમજાણું કાંઈ? દાન પોતાને આપે એમ કહે છે. કોઈને આપી શકતો નથી. સંપ્રદાન, પોતે સંપ્રદાન છે. પૈસા બીજાને આપી શકતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- તો નહિ આપીએ.

ઉત્તર :- ન આપે તે કે દિ' આપતો હતો તે આપે? આપતા હતા કે દિ'? એના રજકણો જગતના છે પરમાણુઓ, જ્યાં બદલીને જવાના હોય ત્યાં જાય. એમાં આત્માનો અધિકાર બિલકુલ નથી. આહા..હા..! રાગ થાય અંદર કષાયની મંદતાનો, સમજાય છે? એ પણ પોતે રાખે દાન, તો એ પણ મિથ્યાત્વભાવ છે. પોતાને કષાયનો ભાવ આપે, રાખે, પુણ્ય પરિણામ દયા, દાન, ભક્તિ, વ્રતના, દાનના પરિણામ પોતે કરીને રાખે (એ) મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? રાખે શું ધર્મી? પોતાના શુદ્ધ પરિણામને પરિણમીને પોતાને રાખે. અને એ શુદ્ધ પરિણામ દ્વારા કેવળજ્ઞાન પરિણમીને પોતાને રાખે. કાં સાધકભાવ રાખે કાં સાધ્યભાવ રાખે. કહો, સમજાણું કાંઈ? ભારે!

'**પોતાનામાંથી મતિ-શ્રુતાદિ અપૂર્ણ જ્ઞાન દૂર કરીને કેવળજ્ઞાન કરતો હોવાથી**

**અને પોતે સહજ જ્ઞાનસ્વભાવ વડે ધ્રુવ રહેતો હોવાથી પોતે જ અપાદાન છે;...'** કેવળજ્ઞાન પ્રાપ્ત કાળમાં સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતપદની પ્રાપ્ત કાળમાં, પૂર્વની અધૂરી ચાર જ્ઞાનદશાને વ્યય કરતો-નાશ કરતો, નવી પર્યાયને ઉત્પન્ન થવામાં ધ્રુવ સાધન ધ્રુવ છે. એ ધ્રુવમાંથી કેવળજ્ઞાન આવે છે. સમજાણું કાંઈ?

'**પોતાનામાં જ અર્થાત્ પોતાના જ આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે જ અધિકરણ છે.**' વાત એ (કે) વસ્તુનું આખું તત્ત્વ, સત્ત્વ એવું છે (કે) ષટ્કારકની શક્તિઓ એનામાં પડી જ છે. સમજાય છે કાંઈ? એના આધારે એ કેવળજ્ઞાનની પર્યાયનો આધાર પોતે આત્મા છે. પૂર્વની પર્યાય નહિ, વ્યવહાર દયા, દાન એ નહિ, સંહનન, મનુષ્યપણું નહિ. એ ભગવાન આત્મા શુદ્ધ ઉપયોગનો આધાર પણ આત્મા, શુદ્ધ ઉપયોગનો આધાર આત્મા અને શુદ્ધ ઉપયોગના ફળરૂપે કેવળજ્ઞાનનો આધાર પણ આત્મા એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્માને આધારે રાગ થાય તો એ આત્મા નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એ દયા, દાનના પરિણામ આત્માને આધારે થાય, દ્રવ્યને આધારે હોં! પર્યાયને આધારે પર્યાય થાય અંશે એ સ્વતંત્ર છે પર્યાયબુદ્ધિમાં. પર્યાયબુદ્ધિમાં રાગાદિ પોતે કરે અને પોતે રાખે પર્યાયબુદ્ધિમાં. પણ વસ્તુને આધારે રાગ થાય, ત્રિકાળ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે એને આધારે રાગ થાય એમ ત્રણ કાળમાં બને નહિ. રાગ પર્યાયબુદ્ધિમાં, મિથ્યાબુદ્ધિમાં થાય સીધો, એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહો..!

'**પોતાના જ આધારે થતો હોવાથી પોતે જ અધિકર છે. આ રીતે સ્વયં (પોતે જ) છ કારકરૂપ થતો હોવાથી...**' છ કારણરૂપે ભગવાન આત્મા પરિણમતો, બદલતો હોવાથી '**તે સ્વયંભૂ કહેવાય છે.**' સ્વયંભૂ. કેવળજ્ઞાનીને સ્વયંભૂ. પરમેશ્વર અરિહંત પરમાત્માને સ્વયંભૂ (કહેવાય કારણકે) સ્વયં-પોતાથી પ્રગટ થયા. કહે છે ને આ પરમેશ્વર પ્રગટ્યા. સમજાણું કાંઈ? કોણ પરમેશ્વર? તું પોતે પરમેશ્વર. તારી પર્યાયમાં અંતરમાં દૃષ્ટિ કરી, શુદ્ધરૂપે પરિણમન કરી સ્વયં ભગવાન આત્મા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે એ સ્વયંભૂ છે. આત્મા પોતે સ્વયંભૂ છે. તેના થવા માટે બીજાની જરૂર નથી. સ્વયંભૂ. બીજો કોઈ પરમેશ્વર સ્વયંભૂ આ આત્માનો કર્તા છે એમ છે નહિ. એમ એ કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા બીજો કોઈ છે રાગાદિ કે એમ છે નહિ. સમજાણું કાંઈ?

એ '**છ કારકરૂપ થતો હોવાથી તે સ્વયંભૂ કહેવાય છે. અથવા, અનાદિ કાળથી અતિ દૃઢ બંધાયેલા (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ) દ્રવ્ય તેમ જ ભાવ ઘાતિકર્મોને...**' જડ ઘાતિકર્મ, એમાં ભાવ અનુભાગ આદિ અને પર્યાયમાં જે ઘાત થવાની યોગ્યતાનો ભાવ એ બધાને '**નષ્ટ કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો...**' પોતે જ પ્રગટ થયો. '**કોઈની સહાય વિના પોતાની મેળે પોતે જ પ્રગટ થયો તેથી**

તે સ્વયંભૂ કહેવાય છે.’ લ્યો આ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની રીત. એટલે મોક્ષ. અહીં જ્ઞાન અધિકાર છે ને? એટલે જ્ઞાનની વાત લીધી છે. બાકી તો કેવળજ્ઞાન એટલે મોક્ષ. અહીં જ્ઞાન અધિકાર છે એટલે જ્ઞાનથી વાત (લીધી છે). અંતરમાં જ્ઞાન સત્ત્વ તો પડ્યું જ છે આખું, એને અવલંબે કરીને શુદ્ધ પરિણમન થતાં એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ સ્વયં પોતાથી થાય છે. બહારના નિમિત્તની કાંઈ જરૂર નથી એમ કહે છે. લ્યો આમાં નિમિત્તની જરૂર નથી એમ કહે છે. શેઠ!

મુમુક્ષુ :- આપ કહો તે બધું પ્રમાણ છે.

ઉત્તર :- પ્રમાણ છે. એમાં છે કે નહિ? આહા..હા..! સ્વતંત્ર... સ્વતંત્ર... સ્વતંત્ર... સંસાર તરવા એ સ્વતંત્ર, ધર્મ કરવા એ સ્વતંત્ર, આ મોક્ષ કરવા પણ એ સ્વતંત્ર. એની સ્વતંત્રતામાં કોઈ દખલ કરી શકે એવી કોઈ જગતમાં ચીજ છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? લ્યો અહીં તો કેવળજ્ઞાનની વાત કરી હોં! પણ એ પ્રમાણે બધામાં સમજવું.

ધર્મની પહેલી દશા સમ્યગ્દર્શન એનો કર્તા પણ આત્મા જ છે. સમજાય છે? એ સમ્યગ્દર્શનના કર્મને આત્મા જ પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શનમાં આત્મા જ સાધન છે. સમ્યગ્દર્શન પોતાથી જ થાય છે ધ્રુવમાં અને સમ્યગ્દર્શન કરીને પોતે રાખે છે અને સમ્યગ્દર્શનનો આધાર આત્મા છે. કહો, સમજાણું કાંઈ? પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન એ પણ પોતે ષટ્કારક પોતાનાથી પોતે પરિણમે છે. બિલકુલ બીજા નિમિત્તની જરૂર નથી એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આવું છે સ્વરૂપ. આહા..હા..! બાદશાહ છો, ત્રણ લોકનો નાથ છો ને નાથ! તારામાં ક્યાં ખજાને ખોટ છે કે બીજે ગોતવા જા છો? એમ કહે છે. તારે ખજાને ક્યાં ખોટ છે તો બીજે શોધવા જા છો. સમજાણું કાંઈ? પણ એને વિશ્વાસ બેસતો નથી. આવડો હું? આવડો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શક્તિના બળે શક્તિ પ્રાપ્ત થાય.

ઉત્તર :- શક્તિના બળે જ શક્તિ થાય. આત્મામાં શક્તિ છે એના બળે શક્તિ પ્રગટ થાય.

હવે ૧૭મી ગાથામાં એમ કહે છે કે જે પરમાત્મપદ સર્વજ્ઞપદ પ્રગટ્યું એ પ્રગટ્યું, ઉત્પન્ન થયું એ હવે નાશ થાય નહિ અને જે નાશ થયો સંસાર પર્યાય તેની હવે ઉત્પત્તિ ફરીને થાય નહિ. એ હવે વાત કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... એક આજ કો’ક આવ્યું હતું. બહુ બિચારો ખુશી થયો હતો. કોણ, નહોતું? સંઘવી હતો કો’ક. લીંબડીના હતા ને. અંદર આવ્યા હતા. વ્યાખ્યાનમાં પણ કાલે બપોરે આવ્યા હતા. ઓહો..હો..! શ્રીમદ્‌નું બધું આપ્યું. કહે, ભારે વાત આ તો. સાંભળ્યા જ કરીએ (એમ થાય છે). માણસને મળ્યું નથી. સમજાય છે? કોઈ લીંબડીના હતા, નહિ? રતિભાઈને ઘરે આવ્યા હતા ને. હોલકર. વિસાશ્રીમાળી હતા ને વિસાશ્રીમાળી લીંબડીના.

વાત ભારે! ભગવાન આત્મા (સાંભળતા) આમ કાંઈક થઈ જતું હતું અંદરથી. લીંબડીના હતા. ભગવાન આત્મા પોતાના પરિણામને પોતે કરે ત્યારે... ત્યાં સુધી બોલતા હતા ભાઈ! ઓહો..હો..! દયા, દાન, ભક્તિના પરિણામ તે અનાત્મા. આહા..હા..! બહુ ખુશી થતા હતા. દયા, દાન, ભક્તિ પરિણામ તે અણાત્મા, આત્મા નહિ. ભાઈ! આત્મા નહિ. સમજાણું કાંઈ? આત્મા હોય તો આત્માની પર્યાય એનાથી જુદી પડે નહિ. એ તો વિકલ્પ રાગ છે. આહા..હા..! દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપનો રાગ એ તો વિકલ્પ છે, ઉપાધિ છે, મેલ છે. એ આત્મા નહિ. આત્મા તો દર્શન-જ્ઞાનનો પિંડ ચૈતન્ય આખો. આહા..હા..! દષ્ટા-જ્ઞાતા એવો એનો સ્વભાવ.. સ્વભાવ, એનું સત્ત્વ, એનું તત્ત્વ અપરિમિત ભાવ એ આત્મા, એ આત્મા. અને એ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તે મોક્ષમાર્ગ. સમજાણું કાંઈ? બાપુ! આ તો વીતરાગમાર્ગ છે અલૌકિક માર્ગ! લોકોને બિચારાને હાથ આવતો નથી, સાંભળવા મળતો નથી. રખડી મરે છે બિચારા. આવો પરમેશ્વરનો, પરમાત્માનો પ્રગટ પ્રસિદ્ધ કરેલો માર્ગ છે.

હવે કહે છે, **'આ સ્વયંભૂને શુદ્ધાત્મ સ્વભાવની પ્રાપ્તિનું...'** ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગ દ્વારા જે કેવળજ્ઞાન અને મોક્ષની પર્યાય સિદ્ધની પ્રાપ્ત કરી, એનું **'અત્યંત અવિનાશીપણું...'** એ પર્યાય પ્રગટ થઈ એ થઈ, હવે નાશ થાય નહિ. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાય થઈ (એ) અત્યંત અવિનાશી છે, એમ ને એમ રહેવાની. **'અને કથંચિત્ (કોઈ પ્રકારે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તપણું વિચારે છે :—'** કેવળજ્ઞાન એક સમયમાં શુદ્ધ ઉપયોગના ધર્મ દ્વારા પ્રગટ કર્યું તો એ પર્યાયમાં પણ ત્રણ બોલ સિદ્ધ કરે છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. સમજાય છે? બે બોલ. પ્રગટ જે દશા થઈ (એ) અત્યંત અવિનાશી, અત્યંત અવિનાશી. જુઓ! દ્રવ્ય-ગુણ અવિનાશી એવી પર્યાય અવિનાશી. એમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કોઈ પ્રકારે હોય છે એ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ૧૭.

भंगविहूणो य भवो संभवपरिवज्जिदो विणासो हि।
विज्जदि तस्सेव पुणो ठिदिसंभवणाससमवाओ।।१७।।

**વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,**
**તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.**

આહા..હા..! જોયું! **'ઉત્પાદહીન વિનાશ છે,...'** છતાં **'વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે.'**

**વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,**
**તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.**

સંબંધ છે. વિનાશહીન છે એને પણ વિનાશનો સંબંધ છે. કઈ રીતે કહે છે એ બધો ખુલાસો કરશે હોં!

**'ટીકા :- ખરેખર આ (શુદ્ધાત્મસ્વભાવને પામેલા) આત્માને...'** જુઓ! શું પામ્યો

કહે છે. જેવો શુદ્ધ સ્વભાવ હતો, એવો જ પર્યાયમાં પ્રાપ્ત થયો. જેવો શુદ્ધદ્રવ્ય જ્ઞાયક દર્શન, જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ હતો, વસ્તુ સ્વભાવ હતો એવો જ પર્યાયમાં પ્રાપ્ત થયો. '**ખરેખર આ (શુદ્ધાત્મસ્વભાવને પામેલા)...**' એમ. શુદ્ધાત્મસ્વભાવને પામેલા... વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય દર્શન, જ્ઞાન, આનંદ આદિ શુદ્ધ સ્વરૂપ એવો શુદ્ધાત્મા એનો જે સ્વભાવ એને પર્યાયમાં પામેલા... હતું તે પ્રગટ્યું, પ્રાપ્તની પ્રાપ્તિ (થઈ). ભગવાન શુદ્ધ સ્વભાવ, એને પર્યાયમાં શુદ્ધસ્વભાવની પ્રાપ્તિ થઈ. સમજાણું કાંઈ?

પામેલા '**આત્માને શુદ્ધ ઉપયોગના પ્રસાદથી થયેલો...**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ, પવિત્ર, વીતરાગી ઉપયોગના વેપારના આચરણના પ્રસાદથી થયેલો '**શુદ્ધાત્મસ્વભાવે ઉત્પાદ...**' શુદ્ધાત્મ સ્વભાવે ઉત્પાદ, '**(શુદ્ધાત્મસ્વભાવરૂપે)...**' ઉત્પન્ન થયો. શું કીધું? કેવળજ્ઞાનરૂપી શુદ્ધાત્મપર્યાયપણે ઉત્પાદ થયો, ઊપજ્યો. '**ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી,...**' એ ઉત્પન્ન થયું એ ઉત્પન્ન થયું, એનો હવે નાશ થવાનો નથી. સમજાણું કાંઈ? ભાઈ! નજરું નાખવી. બહારની નજર અંતરમાં રાખવી અને અંતરના નિધાનને ખોલવા એની વાત છે આ બધી. સમજાણું કાંઈ? કહે છે, ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ પવિત્રસ્વરૂપ આનંદસ્વરૂપ એકલો પવિત્ર ધામ આત્મા છે એને પર્યાયમાં તે જ પ્રકારની પવિત્રતાના શુદ્ધતાને પામેલી પર્યાય ઉત્પન્ન થઈ, ઉત્પન્ન થઈ, પણ થઈ એ થઈ હવે વિનાશ વિનાનો ઉત્પાદ છે. ઉત્પન્ન થઈ એ થઈ, હવે એનો વિનાશ નથી. સમજાણું કાંઈ?

'**(શુદ્ધાત્મસ્વભાવરૂપે)...**' ઉત્પન્ન થયો, પ્રગટ થયો પ્રભુ એની પ્રભુતાની પર્યાયનો હવે નાશ નથી. '**ફરીને તે રૂપે પ્રલયનો-નાશનો અભાવ હોવાથી, વિનાશરહિત છે;...**' શું કીધું સમજાણું કાંઈ? અહીં તો એમ કહે છે. દ્રવ્ય-ગુણ છે ને દ્રવ્ય-ગુણ વસ્તુ ધ્રુવ, એવા ધ્રુવમાંથી પ્રગટેલી પૂર્ણ દ્રવ્ય, પૂર્ણ ગુણ, પૂર્ણ પર્યાય. હવે પૂર્ણ પર્યાય પ્રગટી, એ પ્રગટી એ પ્રગટી એનો નાશ નથી. જેમ અહીં દ્રવ્ય-ગુણનો નાશ નથી, એમ એની પ્રગટેલી પર્યાયનો નાશ નથી હવે. સમજાણું કાંઈ? ઓલા કહે ને, પરમેશ્વર થાય, વળી પાછા અવતાર ધારણ કરે. દુઃખીને દેખીને ભક્તોની ભીડ ભાંગવા (અવતાર લ્યે). ભાઈ! એમ ન હોય. એ પોતે દ્રવ્ય અને ગુણથી ભરેલો ભગવાન, એ પોતાની પૂર્ણ પર્યાયને પૂર્ણ-પૂર્ણ જેવી શક્તિમાં પૂર્ણ એવી પર્યાયને પ્રાપ્ત થયો, હવે એમાંથી પડે શી રીતે? એનો નાશ શી રીતે થાય? સમજાય છે? (ઈ પડે) તો દ્રવ્ય-ગુણનો નાશ થાય. પ્રગટેલી ધ્રુવ પર્યાય છે એક ન્યાયે. આહા..હા..! એવી ને એવી રહેવાની છે સાદિ-અનંત. સાદિ-અનંત પરમેશ્વરપદ, અરિહંતપદ, કેવળજ્ઞાનપદ સાદિ-અનંત છે. સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ અનાદિ-અનંત છે, ત્યારે તેની પ્રગટેલી પર્યાય તે સાદિ-અનંત છે. પ્રગટી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પર્યાય અવસ્થા. આવે છે ને ઘણીવાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં? ત્યાં કાંઈ ન મળે રજનશીમાં, ગપ છે. આહા..હા..! એ વીતરાગ માર્ગ સિવાય બધે ગપેગપ છે. ઊંધેઊંધા લાકડા મારી નાખશે જગતને. આહા..હા..! શું કરે? વસ્તુ... આહા..હા..!

અરે..! ભાઈ! અહીં તો કહે છે, તું છો કે નહિ પ્રભુ? તું છો કે નહિ? છો ની તો વાત જ ન મળે. તું છો કે નહિ? છો તો. હવે પછી વાત (કે) એમાં શું છે? એ છે તો એમાં શું છે? છે જ્ઞાન, દર્શન અને આનંદ. તો છે એમાં આ છે અને આ છે. તો હવે એની દશામાં શું છે? દશામાં અજ્ઞાનને લઈને અનાદિથી રાગ અને પુણ્ય મારા એમ માન્યું છે એ સંસાર છે પર્યાય, એ સંસારપર્યાય છે. એ જ પર્યાયના સ્થાનમાં ત્રિકાળી દ્રવ્ય અને ગુણ છતો છે એનો આશ્રય કરીને જે પર્યાય પ્રગટી એ ધર્મપર્યાય છે. એ ધર્મપર્યાય અવસ્થા છે. એને કારણે પૂર્ણ જે પ્રગટી એ પૂર્ણ પર્યાય છે. કેવળજ્ઞાન અને સિદ્ધ એ પર્યાય છે, એ કાંઈ ગુણ નથી. તેથી તો ઉત્પન્ન કહ્યું. ઉત્પન્ન થયેલી છે અવસ્થા એ. આહા..હા..! જૈનદર્શનની એકડાની વાતને લોકો સંપ્રદાયમાં જન્મ્યાને ખબર ન મળે. દ્રવ્ય-ગુણ-પર્યાય શું? શેઠ! દ્રવ્ય કોને કહેવું? ગુણ કોને કહેવાય? પર્યાય કોને કહેવું? ભગવાન જાણે. ભગવાનદાસને ભગવાન જાણે એમ. જૈન એ કોઈ સંપ્રદાય નથી, જૈન એ વસ્તુનો તત્ત્વનો ત્રિકાળી સ્વભાવ એનું નામ જૈન છે. સમજાય છે?

'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ.' ભગવાન આત્મા આત્મા છે એ તો વાત નહિ. વિકલ્પ છોડો, શૂન્ય થાવ. શું ધૂળ શૂન્ય થાય? જડ થઈ જશે. સમજાય છે કાંઈ? જુઓને શરૂઆત કરી ત્યાં જીવમાંથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્યાંથી ઉપાડ્યું છે. પર્યાય અને ધ્રુવ બે થઈને—દ્રવ્ય અને પર્યાય થઈને વસ્તુ છે. એક એક આત્મા દ્રવ્ય નામ કાયમ રહેનારું, ગુણ નામ કાયમ રહેનારું, અવસ્થા ક્ષણે ક્ષણે બદલે, દ્રવ્ય પર્યાયસ્વરૂપ છે. એ પર્યાયમાં જ્યાં સુધી રાગ ને પુણ્યની એકતાબુદ્ધિ છે ત્યાં સુધી એનામાં સ્વભાવ નહોતો, એને એકતા કરી એનું નામ મિથ્યાત્વ અને સંસાર છે. (એ) એનામાં નથી અને એનામાં છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, રાગાદિ નથી. એવા શુદ્ધ ચૈતન્યને અવલંબીને પર્યાય પ્રગટ થાય એ રાગ વિનાની હોય એનું નામ ધર્મ. ધર્મ એ પર્યાય છે, સિદ્ધ પણ એક પર્યાય છે, કેવળજ્ઞાન પણ એક પર્યાય છે. ખબર ન મળે. પર્યાયનું લફરું હજી ત્યાં સુધી રહ્યું. તમારે કહેતા હતા ઓલા દાઢીવાળા. કાંઈ અભ્યાસ જ ન મળે. શું કહે? કોણ? ભોપાલમાં છે ને બંગલો. શું કે ઓલા દેશસેવાની વાતું કરે. આહા..હા..! બેઠા બેઠા. હજી પર્યાય કે સિદ્ધમાં શું કાંઈ કહેતા હતા? પીછે પડી હૈ? સિદ્ધમેં ભી પીછે પડી હૈ? અરે..! ભગવાન! શું પણ ખબર ન મળે. પણ પર્યાય એટલે? વસ્તુ જે કાયમ છે એની બદલવાની અવસ્થાનું કાર્ય એનું નામ પર્યાય. સમજાય છે કાંઈ? અરે..! વસ્તુનું મૂળ રૂપ આ તો, વસ્તુનો મૂળ પાયો, વસ્તુનો મૂળ પાયો.

સમજાણું કાંઈ?

કોઈપણ પ્રાણી કહે કે ભાઈ, લ્યો અમે તમને સમજાવીએ. ત્યારે ઓલો કહે કે અમે સમજ્યા નથી ત્યારે સમજીએ એમ થયું કે નહિ? સમજ્યા નથી એનો નાશ થઈને સમજવું એ શું છે? એ પર્યાય છે અને એ પર્યાય ક્યાંથી આવે છે? બહારથી આવે? વસ્તુ છે ભગવાન આત્મા અંદર આનંદકંદ પ્રભુ એના આશ્રયથી, એમાંથી પર્યાય આવે છે. પર્યાયનો કાળ એક સમય છે, દ્રવ્ય-ગુણનો કાળ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આ વસ્તુ છે. આ વિના વસ્તુ કોઈ કહે (એ) રણમાં પોક છે. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ, સર્વજ્ઞ... સાધારણથી સિદ્ધ થાય એવું છે. સર્વજ્ઞ પરમેશ્વરે તો કહેલું છે પણ ન્યાયથી પણ આ રીતે ન હોય તો વસ્તુ કોઈ સિદ્ધ થતી નથી. સમજાય છે કાંઈ?

ભાઈ! તમે ભૂલમાં છો. લ્યો! એમ કહેતા શું થયું? કે ભૂલ છે એ દશા છે, એ જો કાયમની ચીજ હોય તો ભૂલ ટાળવાનું કેમ હોય? તમે ભૂલમાં છો અને અમને ભૂલમાં રખડાવ્યા જગતે. પણ તારે ભૂલ ટાળવી છે કે નહિ? તો એનો અર્થ થયો કે ભૂલ કાયમની ચીજ નથી, ક્ષણિક છે. તો ક્ષણિક છે એનો અર્થ પર્યાય છે અને ભૂલ ટાળવી છે કે નહિ? તો એના સ્થાનમાં કાંઈ પાછું લાવવું છે કે નહિ? નિર્ભૂલ. તો ભૂલ ટળી અને નિર્ભૂલ થાય એ પણ એક દશા છે. એ આવશે ક્યાંથી? પ્રાપ્તની પ્રાપ્તિ છે કે અપ્રાપ્તની પ્રાપ્તિ? દ્રવ્ય-ગુણમાં સિદ્ધ થઈ ગયું એમાં. જ્ઞાનની પ્રાપ્તિ પર્યાયમાં આવી, અજ્ઞાન ગયું, પર્યાય આવી એ જ્ઞાનમાંથી આવી. એમ એક એક ગુણની પર્યાય એમાં આવી તો એ બધા ગુણનો પિંડ તે દ્રવ્ય છે. ત્રણે સિદ્ધ થયું. છે એમ વસ્તુ છે. તેથી તો ઉત્પાદ-વ્યય-ધ્રુવથી ઉપાડ્યું. જૈનમાં જન્મ્યા એને ખબર ન મળે. એમ ને એમ ગાડા જોડી દીધા આંધળે આંધળા. ગાડી મોઢા આગળ અને ઘોડો પાછળ. તત્ત્વની કાંઈ ખબર ન મળે. કહો, સમજાણું આમાં?

૨૮માં અધ્યયનમાં એ વાત છે ઉત્તરાધ્યયનમાં પણ. બહુ પહેલેથી શરૂઆતથી કહ્યું હતું. શું કરો છો આ? કે ભાઈ! ૨૮માં અધ્યયનમાં એ ગાથા છે એનું આ સ્પષ્ટીકરણ છે. ... ... ... લ્યો! બાબરામાં ૭૮માં હતા ને. સમયસાર વાંચન પછી પૂછ્યું શું આ વાંચો છો? કીધું એ દ્રવ્ય-ગુણ-પર્યાય વાંચીએ છીએ. દ્રવ્ય-ગુણ-પર્યાય. શું કરે? એને તો ઉત્તરાધ્યયનનું બોલીએ ત્યારે. કીધું આ ઉત્તરાધ્યનની ગાથા નથી આવતી? છઠ્ઠી આવે છે. ... ગુણનો આધાર દ્રવ્ય છે. ... દ્રવ્યને આશ્રયે ગુણ રહે છે, ગુણનો આધાર દ્રવ્ય છે. .. એની પર્યાયો જે છે અવસ્થા એનું લક્ષણ .. બેયને આશ્રયે થાય છે. દ્રવ્ય-ગુણને આશ્રયે થાય તે પર્યાય. સમજાણું કાંઈ? અભ્યાસ ન મળે. બે ઘડી મળે અને કાંઈ જો ઉપરથી પણ થઈ જાય. કહેનારને ખબર ન મળે, સાંભળનારને ખબર ન મળે. આંધળે આંધળું ખાતું. એય..! રતિભાઈ! આહા..હા..! સમજાણું આમાં?

પર્યાય એટલે અવસ્થા અને દ્રવ્ય એટલે અવસ્થાયી. પર્યાય એટલે વર્તમાન અંશ અને

દ્રવ્ય-ગુણ એટલે ત્રિકાળી અંશ. આહા..હા..! આનંદઘનજીએ કહ્યું, 'સ્થિરતા એક સમયમેં ઠાને, ઊપજે વિણસે ગુણસે તબહી. ઊલટપલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી, અબધુ નટનાગરકી બાજી. સ્થિરતા એક સમયમેં...' એક સમયમાં ધ્રુવપણું રહે. એ 'સ્થિરતા એક સમયમેં ઠાને, ઊપજે, વિણસે તબહી' વળી પર્યાયમાં ઊપજે નવી, જૂની અવસ્થાએ જાય. 'ઊલટ પલટ.' ઊલટ પલટ થયું ને? ઉત્પાદ-વ્યય. 'ઊલટ પલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબ હી. અબધુ નટનાગરકી બાજી. ક્યા જાને બામણ કાજી રે.' બ્રાહ્મણ નામ વેદો અને કાજી નામ કુરાન એને શું ખબર પડે કે આ શું છે? સમજાણું કાંઈ? શેઠ! આ શેઠિયાઓએ આમ ને આમ બધા વખત ગાળ્યા છે અગ્રેસર થઈને. કાંઈ પોતાને જ્ઞાન નહિ અને બીજાને જ્ઞાન નહિ કાંઈ. સાચી વાત છે ને શેઠ?

દ્રવ્ય કોને કહીએ? ગુણ કોને કહીએ? પર્યાય કોને કહીએ? એ વસ્તુનો પહેલો પાયાનો એકડો. હજી તો અજ્ઞાન ઘૂંટવામાં હોં! શું છે આ? એક એક આ તત્ત્વ... જ્યારે હું એમ કહું કે ભાઈ મારે ધર્મ કરવો છે. તો એનો અર્થ શું થયો? કે એની દશામાં ધર્મ નથી. એની દશામાં ધર્મ નથી અને અધર્મ છે. એનો અર્થ એ કે ધર્મ કરવો (છે) ત્યારે એ દશા નાશ થઈ શકે છે. બસ એ પર્યાય થઈ ગઈ. સમજાણું કાંઈ? આ દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન નહિ તો ઊંધે રસ્તે ચડાવી દીધા પછી. આહા..હા..!

આ તો સર્વજ્ઞનો પ્રવાહ છે. પરમેશ્વરે કહેલો અને વસ્તુનું સ્વરૂપ છે ઈ. પોતાને પણ ખ્યાલ કરે તો સમજી શકે છે. આમ ન હોય તો બીજી ચીજ શી રીતે હોય? ભૂલ છે, ધર્મ કરવો છે એમ કહેતા જ અધર્મ છે અને અધર્મ ટળી શકે છે. તો ટળી શકે છે એનો અર્થ કે ક્ષણિક છે ઈ. અને એના સ્થાનમાં ધર્મનું સાચું સ્વરૂપ પ્રગટ થઈ શકે છે. પ્રગટ થઈ શકે. ઓલાનો વ્યય થાય અને આને પ્રગટ થાય. પણ પ્રગટ ક્યાંથી થાય? વસ્તુ છે એમાંથી. અદ્ધરથી થાય? એક પાણીનું તરંગ ગયું ને એક ઊપજ્યું, એ ગયું અને એક ઊપજ્યું પણ કોને આધારે? પાણીને આધારે. સમજાણું કાંઈ? અહીંની વાત એવી લાગે ને કેટલાકને એવું લાગે કે આવી નિશ્ચયની વાતું બીજે પણ છે. ત્યાં ક્યાંક. એમ કરીને દિશા .. જાય ઊંધા લાકડે પછી. અરે..! ભગવાન! ભાઈ! આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલું, પરમેશ્વર વીતરાગદેવ કેવળજ્ઞાની પરમાત્મા અરિહંત તીર્થંકરદેવ, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એના મુખમાંથી (આવેલી વાત છે). અને આ છે એમ બેસે છે અંદર વિચારે તો. પણ વિચાર કે દિ' કરે? જ્યાં ત્યાં, જ્યાં ત્યાં ભટ્યા ભટક કરે છે. 'ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી.' કૂતરાની જેમ જ્યાં ત્યાં ભટક્યા કરે છે. ઓલા બટકા ખાય ને બટકા લાવો. ઘરે પરમેશ્વર બિરાજે છે અંદર. આહા..હા..! અરે..! પરમેશ્વર થઈને તું ભિખારી થઈને ક્યાં જ્યાં ત્યાં ભટકે છો? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, આત્મામાં.. અહીં તો જુઓને એની વાત! ઓહો..હો..! પણ ઉપાડી

છે ક્યાંથી? ઓલા સામ્યથી. ચારિત્ર તે ધર્મનું અંગીકાર કરવું છે. ત્યાંથી ઉપાડ્યું છે. સામ્યને અંગીકાર કરું છું. પંચપરમેષ્ઠીને વર્તમાન હાજર લક્ષમાં રાખીને, ભૂતકાળમાં થઈ ગયા તીર્થંકરો, કેવળીઓ અને સિદ્ધો, વર્તમાન બિરાજે છે ભગવાન પંચ મહાવિદેહમાં બધાને હું વર્તમાનમાં સાગમટે નોતરે વર્તમાનમાં ભેગા કરીને એક સાથે બધાને નમન કરું છું. પ્રત્યેક પ્રત્યેકને વંદન કરીને હું સામ્યભાવને અંગીકાર કરું છું. આહા..હા..! પોતે બહુ મોટી નાતમાં ભળવા માગે છે. સમજાણું કાંઈ?

કહે છે, એ '**(શુદ્ધાત્મસ્વભાવને પામેલા) આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી...**' શુદ્ધ ઉપયોગ પર્યાય છે. દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળ ધ્રુવ છે. એની અંતર એકાગ્રતા, સ્વભાવનું સત્પણું જે છે તેને અવલંબેલી પર્યાય એ અવસ્થા છે. જે વસ્તુ છે એ દર્શન, જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ એને ઉપયોગરૂપી પહેલો લઈ અને પછી અનંત ગુણો ધર્મ લીધા. આત્મા દર્શન, જ્ઞાન ત્રિકાળ. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ ત્રિકાળ અને એની સાથે બીજા અનંતા ધર્મો, ગુણો, એનો જે પિંડ આત્મા એના અસ્તિત્વ-હોવાપણાને પર્યાયથી અવલંબીને નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં શુદ્ધ ઉપયોગની પર્યાય પ્રગટી એ પ્રગટેલી પર્યાય છે. ગુણ-દ્રવ્ય પ્રગટે નહિ, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ?

એ '**આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો જે શુદ્ધાત્મસ્વભાવે ઉત્પાદ...**' દેખો! '**તે, ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી,...**' તે રૂપે. ભલે બદલે-પરિણમે. ઉત્પાદ થયો તે હવે એનો નાશ થાય એવું નથી. તેથી તે '**વિનાશરહિત છે;...**' કેવળજ્ઞાન એ પર્યાય છે, સિદ્ધ પણ એક પર્યાય છે. સમજાણું? દ્રવ્ય-ગુણ છે એ ત્રિકાળ છે. જેમ સોનું અને સોનાની પીળાશ, ચીકાશ એ ત્રિકાળ છે. પણ એના દાગીના થાય નવા નવા એ એની પર્યાય છે. એમ આત્મા ત્રિકાળ છે, વસ્તુ થઈ એ તો. વસ્તુનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ એ ત્રિકાળ છે. એની વર્તમાન અવસ્થાનું બદલવું થાય એ પર્યાય છે. પર્યાય દ્વારા નિત્યનો નિર્ણય થાય છે ને? કાંઈ નિત્ય દ્વારા નિત્યનો નિર્ણય ન હોઈ શકે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! એને દયા પોતાની નથી. અરે..! હું ક્યાં જઈશ? સમજાણું? અરે..! મારું શું થશે? ચોર્યાસીના અવતારના એ દુઃખોના ડુંગરમાં સલવાણો દુઃખી છે. એને દુઃખ ભાસતું નથી. સમજાણું? એ દશામાં મિથ્યા ભ્રાંતિ અને રાગ-દ્વેષ મોટું દુઃખ છે. ભગવાન આત્મા આનંદ અને નિર્ભ્રાંત વસ્તુ પોતે એનાથી ઊલટી દશા, જેવું છે એનાથી ન માનતા ઊલટી માન્યતા કાં દ્રવ્ય જ છે, કાં પર્યાય જ છે, કાં એકલો અશુદ્ધ જ છે, કાં શુદ્ધ છે જ નહિ, કાં પુણ્યથી ધર્મ થાય, વિકલ્પથી આ થાય, પરનું કરી શકું એવી મિથ્યા ભ્રાંતિના પાપના ભાવમાં એ દુઃખી છે. દુઃખના ડુંગરે દબાઈ ગયો છે. સમજાય છે કાંઈ? એ દુઃખના ડુંગરે દબાણો છે, ભાઈ! એક ઇયળ જેવી ચીજ મોટી લાંબી હોય અને એક બે ..માં જો પથરો

એના ઉપર પાંચ શેરનો પડ્યો હોય તો સળવળ... સળવળ... સળવળ... કરીને નીકળવા માગે. ઈયળ સમજો છો કીડો? કીડો નથી સમજતા? ભાષા નથી સમજતા. આ ઈયળ નથી થાતી ઈયળ પાતળી? ઈયળ નથી કહેતા તમારે? લટ લાંબી હોય છે બહુ. એ નીકળે એમાં અને પાંચ શેરનો પત્થર માથે આવે આટલામાં ખુલ્લું રહી જાય. આહા..હા..! નીકળવાનું કરે, પણ પાંચ શેર પથરો માથે, નીકળે શી રીતે? એ પણ નીકળવાને આમ કરે છે. એ તો જડની પર્યાય. એમ પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના દુઃખના ડુંગરા છે મોટા. એમાંથી એને દુઃખ લાગે તો નીકળવાનું કરે. સમજાય છે કાંઈ? પરમાં દુઃખ નથી, પરને દુઃખ નથી, પરને લઈને દુઃખ નથી. આહા..હા..!

ભગવાન આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદનો કંદ સર્વજ્ઞપદ છે એવું જ પદ આત્માનું છે. એ આનંદને ભૂલી, જે રીતે વસ્તુની મર્યાદા (છે એને) ભૂલી અમર્યાદાને પોતાનું માની દુઃખી થઈ રહ્યો છે. એને કહે છે કે ભાઈ! અમે તો સામ્યપણું અંગીકાર કર્યું છે. તું પણ એ અંગીકાર કર એમ કહે છે. સામ્યપણું એટલે આત્મા, શુદ્ધ વીતરાગમૂર્તિ છે એની દૃષ્ટિ કરી અને જ્ઞાન તો જેમાં પ્રધાન છે. સામ્ય નામ ચારિત્ર અને ધર્મમાં તો જેમાં દર્શન-જ્ઞાનની મુખ્યતા છે. એ વિના તો સામ્ય અને ચારિત્ર હોય નહિ. એ ઉપરાંત જ્યારે તને દુઃખથી મુક્ત થવું હોય તો સામ્ય અંગીકાર કર. આ એની રીત અને વિધિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

સ્વરૂપનો વીતરાગ શુદ્ધ ઉપયોગ અંગીકાર કર્યો છે. એના ફળ તરીકે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે એ ઉત્પન્ન થયું છે. એ ઉત્પન્ન થયું. થયું છે ને. તો થયું તો હવે જાય કે નહિ? આવે એ જાય કે નહિ? એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો ઉત્પન્ન થયું. કેવળ તો નવું ઉત્પન્ન થયું, તો ઊપજે તો જાય પણ ખરું. ના. આ ઊપજે ઈ ઊપજે, એ જાય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો જે શુદ્ધાત્મસ્વભાવે ઉત્પાદ,...**' એ પર્યાય થઈ. પણ એ પર્યાય થઈ ક્ષાયિકભાવે થઈ. '**તે ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી, વિનાશરહિત છે;...**' એ પર્યાય વિનાશરહિત છે. સમજાણું કાંઈ? સિદ્ધપદની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય નાશ નહિ થાય હવે. '**અને (તે આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો) જે અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ,...**' લ્યો! શું કહે છે? ભગવાન આત્મા સમતાના શુદ્ધ સ્વરૂપ દર્શન-જ્ઞાનસહિતના વીતરાગી પરિણામ દ્વારા જેને અશુદ્ધ સ્વભાવે વિનાશ થયો પહેલી સંસાર પર્યાય, '**અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ,...**' અશુદ્ધ આત્મસ્વભાવે વિનાશ. ભાષા જુઓ! સમજાણું કાંઈ? એ અશુદ્ધ પણ આત્મપર્યાય હતી. એમ 'સ્વભાવ' શબ્દ વાપર્યો છે. આહા..હા..! શું કીધું?

'**શુદ્ધાત્મસ્વભાવે ઉત્પાદ,...**' એ પર્યાય છે, થઈ ઈ. અને '**અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ,...**' એ પણ પર્યાય હતી. એને પણ અશુદ્ધ આત્મસ્વભાવ એમ કીધો છે. કારણ

કે સ્વસ્થ ભવનં-એનામાં હતું. મિથ્યાત્વ, રાગ-દ્વેષ, ઉદયભાવ, સંસારપર્યાય એનામાં હતી, પર્યાય એનામાં હતી. સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપયોગના પ્રસાદથી જે અશુદ્ધ આત્મસ્વભાવ જે હતો પર્યાયમાં તેનો વિનાશ, 'તે, **ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી,...**' નાશ થયો એ થયો, હવે ફરીને ઉત્પાદ થાય નહિ. સમજાણું કાંઈ? પ્રવચનસારની શૈલી વાસ્તવિક તત્ત્વને સ્પષ્ટ કરીને પૂર્ણતાની પ્રાપ્તિનું સ્વરૂપ બતાવે છે. આહા..હા..! ઓહો..હો..!

કહે છે, ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ધ્રુવ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ તો કાયમ છે. એને અવલંબીને અંતર્મુખનો શુદ્ધ ઉપયોગ પ્રગટ કરીને એના પ્રસાદથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ એ વિનાશ વિનાનો ઉત્પાદ છે અને એને શુદ્ધ ઉપયોગના પ્રસાદથી અશુદ્ધ આત્મસ્વભાવ(રૂપ) જે ઉદયભાવ હતો એનો નાશ થયો એ ઉત્પાદ વિનાનો છે. એ નાશ હવે ઉત્પન્ન થાય નહિ. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :- .. ખજાનો છે.

ઉત્તર :- ખજાનો છે. અમારે શેઠ કહે છે. સંભળાવનાર (મળ્યા નથી). વાત એવી છે. ત્રિકાળી પરમાત્માના ઘરની છે, ભાઈ! સમજાય છે?

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એની વાણીમાં જે સ્વરૂપ આવ્યું એ આ છે. પણ શું થાય? ઘરે જાય નહિ, બહાર ફર્યા કરે અને અહીંયા મળે નહિ એમ કહે છે. ભાઈ! તારા ઘરમાં બધું છે, ભાઈ! તારે ખજાને ખોટ નથી, પ્રભુ! તું તો આનંદનો કંદ છો ને. જુઓને. દૃષ્ટા, જ્ઞાતા, આનંદ, શાંતિ, ચારિત્ર, સ્વચ્છતા, પ્રભુતા એ બધી શક્તિની હયાતીવાળું તત્ત્વ તું છો. એ તત્ત્વ છો. શક્તિ, શક્તિવાન એટલે દ્રવ્ય-ગુણ થઈ ગયા. અનંત શક્તિઓ(રૂપ) સ્વભાવ છે ને. સ્વભાવને ક્ષેત્રની મોટાઈની જરૂર નથી. એનો સ્વભાવ છે બેહદ જ્ઞાન, દર્શન અને શાંતિ, આનંદ એવા અનંત સ્વભાવને ધરનાર સ્વભાવવાન એનો આશ્રય કરીને જે શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તે ધર્મ. અને એ શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્રની દશા પ્રગટ થતાં તેના ફળરૂપે કેવળજ્ઞાન થયું. એ થયું એ થયું. થયું એ જાય નહિ, આ ગયું એ આવે નહિ. એ આવ્યું એ જાય નહિ અને ગયું એ આવે નહિ એમ કહે છે. ક્યાં ગયા શેઠ? જુગરાજજી! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય, શું કરે? આ તો વસ્તુસ્થિતિ જ આવી છે ને. એમાં બે ને બે ચાર જેવી વાત છે. એમાં કોઈ બહુ વિશેષ..

વસ્તુસ્થિતિ આ છે, પદાર્થ આવો છે. જેવો ભગવાને કહ્યો છે એવો તને ખ્યાલમાં આવવો જોઈએ. સમજાણું કાંઈ? કહે છે, ભાઈ! આહા..હા..! ઓલી ચીજ તો લક્ષ્મી આવે ને જાય, નિર્ધનતા આવે ને જાય, સધનતા આવે ને જાય, રોગ આવે... આ સાધક અવસ્થા પણ કોઈ વખતે આવે ને જાય અજ્ઞાનીને તો. પણ આ દશા આવીને ઉત્પન્ન થઈ એ થઈ.

ખલાસ થઈ ગયું. અને જે ગઈ એ ગઈ. ગયું તે આવે નહિ અને થયું તે જાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એવો ભગવાન આત્મા આ '**અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ,...**' ભાષા તો જુઓ આચાર્યની. આહા..હા..! પર્યાયને અશુદ્ધ આત્મસ્વભાવ કીધો હોં! પર્યાયને. ઓલો પણ શુદ્ધાત્મસ્વભાવ પર્યાયને કીધો છે. શુદ્ધાત્મસ્વભાવ ઉત્પાદ એ પર્યાય છે એ પણ અને અશુદ્ધસ્વભાવ એ પણ પર્યાય છે. શુદ્ધ સ્વભાવની પર્યાય પ્રગટ થઈ, અશુદ્ધ સ્વભાવની પર્યાય નાશ થઈ. '**તે, ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી, ઉત્પાદરહિત છે. આથી (એમ કહ્યું કે)...**' એ કહેશે હવે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૧, બુધવાર, તા. ૧૮.૯.૧૯૬૮**
**ગાથા-૧૭, ૧૮, પ્રવચન-૧૬**

૧૭મી ગાથા ચાલે છે. એની ટીકા થઈ ગઈ પૂરી. અડધી આવી જુઓ. શું આ ચાલે છે? કે આત્મા પોતાના સ્વભાવનું શુદ્ધપણું જે ત્રિકાળ આનંદ અને શુદ્ધ ધ્રુવ છે એનો આશ્રય કરીને, વસ્તુ સ્વભાવ છે પોતાનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ એવો પૂર્ણ સ્વભાવ છે એની અંતર સન્મુખ થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના પરિણામ જે પ્રગટ કરે એને સામ્યભાવ કહે છે. એ સામ્યભાવના ફળમાં એને મોક્ષ મળે છે. સમજાય છે કાંઈ?

મોક્ષ એટલે પૂર્ણ શુદ્ધતા. આત્મા વસ્તુએ એક સમયની વર્તમાન અવસ્થા એ સિવાય આખું સ્વરૂપ જે છે એનું, એ તો મહા અતીન્દ્રિય મહાન પદાર્થ છે. આ ઈન્દ્રિયગમ્ય પદાર્થ છે, તો આ અતીન્દ્રિય છે. એ અંતરમાં સમ્યક્ અનુભવ કરીને પુણ્ય-પાપના રાગ વિકલ્પ છે એને ભિન્ન પાડી અને શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક પરમાત્મા પોતે સ્વરૂપ છે, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાને પ્રગટ કરી કે જે મોક્ષનો માર્ગ છે એનાથી એને મોક્ષ નામ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. કહો, સમજાય છે કાંઈ? એ કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલા પરમાત્મા ઉત્પન્ન થયા, કેવળજ્ઞાનપણે ઉત્પન્ન થઈ દશા. સમજાય છે? પણ તે ઉત્પન્ન થઈ દશા વિનાશ રહિત થઈ હવે. તે ઉત્પન્ન થઈ એ થઈ, હવે વિનાશ એનો નહિ (થાય). સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ઉપયોગના પ્રસાદથી... પુણ્ય-પાપના વિકલ્પો વ્રતાદિ એ વિકલ્પો છે એ બંધનું કારણ છે, એ કાંઈ આત્માના મોક્ષનું કારણ નથી. સમજાય છે કાંઈ? એ પોતાનો

આત્મા જે પરમાનંદ એનો જે શુદ્ધ વેપાર, આચરણ અંતર્મુખ થઈને એના પ્રસાદથી પ્રાપ્ત થયેલી કેવળજ્ઞાન દશા ઉત્પન્ન થઈ એ થઈ કહે છે. એ થઈ તે હવે જાય નહિ. થઈ તે વિનાશરહિત છે અને શુદ્ધ ઉપયોગના પ્રસાદથી, આવ્યું હતું ને અંદર? અશુદ્ધ આત્મસ્વભાવનો વિનાશ થયો. રાગાદિ ભાવ કે ઉદયભાવ જે હતો એ શુદ્ધ ઉપયોગના પ્રસાદથી તેનો નાશ થયો. એ નાશ ઉત્પાદ વિનાનો છે હવે. એ નાશ થયો એ હવે ઉત્પાદ થશે નહિ. સમજાણું કાંઈ?

'**આથી (એમ કહ્યું કે) તે આત્માને સિદ્ધપણે અવિનાશીપણું છે.**' એ પાંચમી લીટી છે. આથી એમ કહ્યું કે જે આત્મા સિદ્ધપદની પર્યાયને પ્રાપ્ત થાય તે અવિનાશી છે. એનો હવે નાશ થાય નહિ. સમજાણું કાંઈ? કેટલાક કહે ને કે ભાઈ પરમાત્મા થાય, પણ ફરીને વળી અવતાર ધારણ કરે, ભક્તોની ભીડ ભાંગવા ને વિરોધીઓને નાશ કરવા. એ નહિ, કહે છે. અહીં તો અશુદ્ધ અશુદ્ધ જે પર્યાય હતી એ વિરોધ હતો એનો નાશ કર્યો અને શુદ્ધ જે પર્યાય પૂર્ણ હતી તેને પ્રગટ કરી. સમજાય છે કાંઈ? હવે એ પરમાત્મદશા પાછી ફરે નહિ.

'**આથી (એમ કહ્યું કે) તે આત્માને...**' જુઓ! આ ચાર ગતિમાં તો ગતિ ફરે છે એક ગતિમાંથી બીજે. આ ગતિ થઈ એ થઈ. પછી એને પરમાનંદનો અનુભવ સાદિ અનંતકાળ રહે એ શુદ્ધ ઉપયોગના ફળ તરીકે છે. સમજાય છે કાંઈ? '**આથી (એમ કહ્યું કે) તે આત્માને સિદ્ધપણે અવિનાશીપણું છે. આમ હોવા છતાં...**' આમ હોવા છતાં '**તે આત્માને...**' એટલે સિદ્ધના આત્માને, પરમાત્માને પણ '**ધ્રૌવ્ય, ઉત્પાદ અને વિનાશનો સમવાય વિરોધ પામતો નથી,...**' જુઓ, આખી વસ્તુની સ્થિતિ. સિદ્ધમાં પણ ધ્રુવપણું છે, ઉત્પાદ પણ છે, વિનાશ પણ છે. એ સિદ્ધમાં ત્રણે છે એક સમયમાં એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આમ હોવા છતાં...**' ભગવાન આત્માને ધ્રુવપણું, ઉત્પાદ અને વિનાશનું એકપણું વિરોધ પામતું નથી. '**કારણ કે તે વિનાશરહિત ઉત્પાદ સાથે,...**' વિનાશરહિત ઉત્પાદ સાથે. છે ને? પહેલું આવી ગયું એની વાત કીધી. આત્મામાં આત્માથી જે કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થઈ એ વિનાશરહિત ઉત્પાદ સાથે, '**ઉત્પાદરહિત વિનાશ સાથે...**' જે વિનાશ થયો એ ઉત્પાદરહિત છે હવે. '**અને તે બન્નેના આધારભૂત દ્રવ્ય સાથે...**' બંનેનો આધાર ધ્રુવ દ્રવ્ય સાથે '**સમવેત (તન્મયપણે જોડાયેલો-એકમેક)**' સિદ્ધનો આત્મા છે. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન શુદ્ધ ઉપયોગના પ્રસાદથી પ્રાપ્ત થયેલી દશા એ વિનાશરહિત છે, અશુદ્ધતાનો નાશ તે ઉત્પાદરહિત છે. આવું એનું અવિનાશીપણું હોવા છતાં તે વિનાશ ને ઉત્પાદ ને ધ્રુવપણું તેના એક સમયમાં સંભવે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સ્વયંભૂ સર્વજ્ઞભગવાનને...**' સિદ્ધ પરમાત્મા સ્વયંભૂ પોતે પોતાથી પ્રગટ

થયા. અંદર સ્વભાવ જે ભગવાન આત્મામાં સર્વજ્ઞ પૂર્ણાનંદ એવો જે એનો કાયમી અસલી સ્વભાવ તેને અવલંબીને પોતે શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કરી અને સ્વયંભૂ થયા. પોતાની મેળાએ સર્વજ્ઞપદને પ્રાપ્ત થયા. એ સ્વયંભૂ. બીજો કોઈ ઈશ્વર સ્વયંભૂ છે અને આને બનાવ્યું એમ છે નહિ. સમજાણું કાંઈ? સ્વયંભૂ ભગવાન આત્મા પોતાની નિર્મળ પૂર્ણ શુદ્ધ આનંદ પર્યાયને, કેવળજ્ઞાન પર્યાયને પ્રગટ કરતો '**સ્વયંભૂ સર્વજ્ઞ ભગવાનને જે શુદ્ધાત્મસ્વભાવ ઉત્પન્ન થયો...**' જે નિર્મળ પરમાત્મદશા, સિદ્ધદશા-અવસ્થા ઉત્પન્ન થઈ. સિદ્ધ એક અવસ્થા છે, સિદ્ધ કોઈ ગુણ નથી. સમજાણું કાંઈ? ગુણ છે એ ત્રિકાળ રહે, દ્રવ્ય છે એ ત્રિકાળ રહે વસ્તુ, અવસ્થા એ એક સમય રહે. સમજાણું કાંઈ?

તે સિદ્ધ ભગવાન '**શુદ્ધાત્મસ્વભાવ ઉત્પન્ન થયો...**' પહેલો નહોતો એ પર્યાયમાં-અવસ્થામાં ઉત્પન્ન થયો પરમાત્મદશા. '**તે કદી નાશ પામતો નથી તેથી તેમને વિનાશ વિનાનો ઉત્પાદ છે;...**' વિનાશ તે દશાનો નાશ થઈને કાંઈ થાય, ઉત્પન્ન થયો તે નાશ થાય એ છે નહિ. વિનાશ વિનાનો ઉત્પાદ છે. '**અને અનાદિ અવિદ્યાજનિત વિભાવપરિણામ...**' દેખો! અનાદિ હોં! એ રાગાદિ ઉદયભાવ અનાદિ હતો ને. '**અનાદિ અવિદ્યાજનિત વિભાવપરિણામ...**' વિકારપરિણામ, દોષપરિણામ '**એક વાર સર્વથા નાશ પામ્યા પછી...**' ભગવાન આત્મા પોતાના અપ્રતિહતભાવને અવલંબી અને એકવાર પણ અશુદ્ધતાનો નાશ થાય (એ) '**ફરીને ઊપજતા નથી...**' એ રાગાદિ કે ઉદયભાવ ફરીને આવતા નથી. '**તેથી તેમને ઉત્પાદ વિનાનો વિનાશ છે.**' વિનાશ થયો ખરો અશુદ્ધતાનો, પણ ફરીને ઊપજે એવું છે નહિ. લ્યો! ઓલા કહે છે ને, એને કર્મ નથી માટે એને વિકાર ઉત્પન્ન થતો નથી. એમ કહે છે. અહીં કહે છે કે વિકારનો નાશ કર્યો માટે હવે વિકાર ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઈ? અહીં અમારે તો ભાઈ કર્મ છે માટે વિકાર થાય છે. એને કર્મ નથી માટે વિકાર થતા નથી. તદ્દન જૂઠી વાત છે. સમજાણું કાંઈ? તત્ત્વની બિલકુલ ઊલટી દૃષ્ટિ એની છે. અહીં વિકાર કરે છે જીવ પોતે સ્વતંત્ર ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. ત્યાં વિકાર થવાની યોગ્યતા નથી એટલે વિકારનો નાશ થયો એથી વિકાર નવો થતો નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે ને કે ભાઈ, અમારે જુઓ વિકાર થાય છે, કર્મનો ઉદય આવે (એટલે વિકાર થાય છે). મૂઢ છો, તને ભાન નથી કાંઈ. વિકાર તું કર અને કર્મને માથે નાખ. કર્મ તો પરવસ્તુ છે. કર્મ તો જડ છે, માટી, ધૂળ છે અને વિકારનો ઉત્પાદ, વિકારની ઉત્પત્તિ તો તારામાં, તારે કારણે, તારી દશામાં થાય છે. સમજાણું કાંઈ? અને એ કહે કે કર્મ હોય તો વિકાર થાય. સિદ્ધને કર્મ નથી તો વિકાર થતા નથી. વાત જૂઠી છે એમ સિદ્ધ કરે છે અહીં. સમજાણું કાંઈ? ઈડરમાં પ્રશ્ન આવ્યો હતો રાતે એકવાર મોટો. સિદ્ધને કેમ વિકાર થતો નથી? ખબર છે ને ચેતનજી? ઓલો હતો ને તમારો વિકાસચંદજી. કર્મ નથી માટે

વિકાર નથી. એમ ઓલા સભામાં. બિચારા માણસોને ખબર ન મળે. સંપ્રદાયના માણસો આંધળા જેવા કાંઈ ખબર ન મળે. વાડામાં પડ્યા.

મુમુક્ષુ :- વાડામાં તો બકરા હોય.

ઉત્તર :- બકરા જેવા જ છે, શું છે ત્યાં? ઘેટા જેવા કાંઈ ભાન ન મળે. શું વીતરાગ કહે છે? માર્ગ શું છે? આ અમે જૈન છીએ, અમે ભગવાનને માનનારા. શું પણ ભગવાનને માને છે? ભગવાન છો કોણ તું તને ખબર છે? કર્મ નહોતા માટે વિકાર નથી ત્યાં. એમ અવાજ કર્યો રાતે ચર્ચામાં. અહીં કર્મ છે માટે અહીં વિકાર છે. ભાઈ! કર્મ તો જડ પરવસ્તુ છે, એ તો અજીવતત્ત્વ છે એ અજીવની ઉત્પત્તિ-ઉત્પાદ અજીવમાં છે અને તારો વિકારનો ઉત્પાદ તારામાં છે. એ તારો વિકારનો ઉત્પાદ અજીવને લઈને હોય તો ઉત્પાદનો પોતાનો પર્યાય ક્યાં ગયો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માનતા નથી.

ઉત્તર :- માનતા નથી. પણ ભાન વિના તમે બધા ભેગા હતા ને એમાં. શેઠ! ઈ કહે છે.

**'આ રીતે અહીં એમ કહ્યું કે સિદ્ધપણે તેઓ અવિનાશી છે. આમ અવિનાશી હોવા છતાં તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે;...'** લે! ભારે વાત ભાઈ! હજી સિદ્ધ ભગવાનને ઓળખ્યા નથી એણે. સિદ્ધ ભગવાન ણમો સિદ્ધાણં એના અર્થની ખબર ન મળે. ણમો અરિહંતાણં. નમસ્કાર કરીએ જેણે કર્મરૂપી વેરીને જીત્યા. એ કર્મ તો જડ છે એને આત્મા જીતતો હશે? તો શું અર્થ કર્યા અત્યાર સુધી? ણમો અરિહંતાણં. નમસ્કાર હો અરિ-કર્મરૂપી વેરીને હણનાર. અરે..! સાંભળને. કર્મ તો જડ છે. જડને હણે આત્મા?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- એ લખ્યું છે કઈ નયે? એ તો પોતે પોતાના સ્વભાવના ભાન દ્વારા અશુદ્ધતારૂપી ભાવકર્મ વેરી તેનો નાશ થયો અને કર્મ એને કારણે નાશ થયો નિમિત્તથી એમ કહેવામાં આવ્યું છે. જડને આત્મા નાશ કરે? જડનો સ્વામી છે આત્મા? સમજાણું કાંઈ? આત્મા કર્મને બાંધે? રજકણોને બાંધે? આત્મા દ્રવ્ય જડને બાંધે? પોતાના ભાનને ભૂલેલા અજ્ઞાની રાગ-દ્વેષને બાંધે. મિથ્યાત્વને બાંધે એટલે એને કરે. ત્યારે કર્મ એને કારણે બંધાય. અને આત્માના ભાન દ્વારા અજ્ઞાન અને રાગદ્વેષને ટાળે ત્યારે કર્મ એને કારણે ટળે. (કર્મ) જડ છે. નહિતર એકબીજાનો સ્વામી થઈ જાય. સમજાણું કાંઈ? સમજાય છે?

મુમુક્ષુ :- અરિહંતે ચાર કર્મ કર્યા.

ઉત્તર :- કોણ કર્મ કરે? એ વાત ઈ છે. એ તો અજીવ છે. અજીવ પરમાણુ છે કે નહિ? તો પરમાણુમાં કર્મની ઉત્પત્તિ છે એ તો અજીવની ઉત્પત્તિ છે. એનો ઉત્પાદ આત્મા કરે? અને એ કર્મની પર્યાયનો નાશ થાય એ તો કર્મમાં એનામાં થાય. આત્મા એનો નાશ

કરે છે? એ પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું તત્ત્વ છે. છે મોટો ગોટો એક એક શબ્દમાં. પહેલા અર્થમાં જ આખો ફેર છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સિદ્ધ ભગવાન પણ પોતાને કારણે ઊપજે, પોતાને કારણે પૂર્વનો વ્યય થાય અને ધ્રુવ (રહે) આવું એનું એક સમયમાં પોતાને કારણે સ્વરૂપ છે. કર્મનો અભાવ થયો માટે સિદ્ધ થયા એમ નહિ એમ કહે છે. કર્મનો સદ્ભાવ હતો તો અશુદ્ધતા હતી એમ નહિ. અશુદ્ધતા પોતામાં હતી એ શુદ્ધ સ્વભાવના ઉપાદાનને આશ્રયે કરી અશુદ્ધતા ટળી, કર્મ એને કારણે ટળ્યું. એ તો નિમિત્ત સંબંધ છે, કર્મ તો જડ છે. આમ પાછા બોલે અજીવને જીવ માને તો મિથ્યાત્વ. પચ્ચીસ મિથ્યાત્વ આવે છે ને ભાઈ? અજીવને જીવ માને.. પાછા માને અજીવનું આત્મા કરે. તો એ શું થયું તારું?

મુમુક્ષુ :- પણ એમાં તો ક્યાં...

ઉત્તર :- પણ અજીવને જીવ માને તો શું અર્થ થયો? અજીવની અવસ્થા આત્મા કરે તો અજીવને જીવ માન્યો. કહો, ભીખાભાઈ! શું છે? આ બધું શીખવ્યું હતું.

'**આ રીતે તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે; કારણ કે શુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે,...**' પોતાની પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે એમ સિદ્ધ કર્યું છે. કર્મનો અભાવ થયો માટે ઉત્પાદ કેવળજ્ઞાનનો થયો એમ છે નહિ. સમજાણું કાંઈ? '**શુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે,...**' ભગવાન આત્મા પોતાના સન્મુખના શુદ્ધ ઉપયોગના પ્રસાદથી જે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ એ શુદ્ધ પર્યાયનો ઉત્પાદ થયો પોતાથી. '**તેમને ઉત્પાદ છે, અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેને વ્યય છે...**' સમજાણું કાંઈ? કર્મને લઈને વ્યય છે માટે અશુદ્ધ પર્યાય વ્યય થયો એમ નહિ. અશુદ્ધ અવસ્થા જે હતી એનો શુદ્ધ ઉપાદાનના વેપારથી વ્યય થયો, નાશ થયો. કર્મ તો એને કારણે નાશ થાય. એ તો જડ છે. કર્મનો આત્મા કર્તા-હર્તા નથી. જડનો કર્તા-હર્તા હોય? સમજાણું કાંઈ? '**અને તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે.**' લ્યો! સિદ્ધમાં પણ ત્રણ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. ન્યાલભાઈ! સિદ્ધ પણ ઊપજતા હશે? એ તો પહેલો બોલ મૂક્યો સમયસારમાં. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' પહેલો જ આવ્યો સમયસારમાં. જીવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હવે કહે છે જુઓ!

હવે એ સિદ્ધના ઉત્પાદ-વ્યય સિદ્ધ કરી, હવે દરેક પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**હવે ઉત્પાદ આદિ ત્રય (ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય) સર્વ દ્રવ્યોને સાધારણ...**' એટલે? દરેક વસ્તુમાં એ હોય છે. એક એક પરમાણુમાં, આત્મામાં, નિગોદના જીવમાં, સ્કંધમાં કે ધર્માસ્તિ આદિ ભગવાને છ દ્રવ્ય જોયા, પરમાત્માએ છ વસ્તુ જોઈ તીર્થંકરે, એ છ વસ્તુમાં

દરેકમાં સમયે સમયે ઉત્પાદ, પૂર્વનો વ્યય, નવી અવસ્થા ઉત્પન્ન (થવી) અને ધ્રુવ (રહેવું) દરેક વસ્તુનો સ્વભાવ સાધારણ ધર્મ છે. સમજાણું કાંઈ? **'સર્વ દ્રવ્યોને...'** એટલે પરમાણુને, આત્માને, નિગોદને અને સર્વને, એમ. **'સર્વ દ્રવ્યોને સાધારણ હોવાથી...'** એટલે શું? જગતના જેટલા પદાર્થો ભગવાને અનંત દીઠા, ભગવાન કેવળજ્ઞાનીએ અનંત પદાર્થ દીઠા. એ દરેક પદાર્થનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ સાધારણ પોતાનો સ્વતઃ સ્વભાવ છે. પરને લઈને ઊપજે, પરને લઈને વિનાશ થાય એવું એનામાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે આ! સાંભળ્યું ન હોય. અમે આ બધાને ઊપજાવીએ, અમે આનો નાશ કરીએ. કોને ઊપજાવે? સાંભળને. સમજાણું કાંઈ? પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પ્રત્યેકમાં નવી નવી અવસ્થા ઊપજે, પુરાની અવસ્થાનો તે જ સમયે વ્યય-અભાવ થાય, ધ્રુવપણે રહે, એ તો છએ દ્રવ્યનું પોતાનું સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**'સર્વ દ્રવ્યોને સાધારણ હોવાથી શુદ્ધ આત્માને પણ...'** એમ. **'(કેવળી ભગવાનને અને સિદ્ધ ભગવાનને) પણ...'** અરિહંત ભગવાનના આત્માને, કેવળજ્ઞાની પરમાત્માને અને સિદ્ધ ભગવાનને—એને **'પણ અવશ્યંભાવી છે...'** જરૂર હોનાર-અપરિહાર્ય એને પણ છે. શું કહે છે આ? દરેક પરમાણુ અનંત છે, અનંત આત્મા છે એમાં, અસંખ્ય કાળાણુઓ છે એમાં, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ—આવા છ પદાર્થ છે જાતિએ, સંખ્યાએ અનંત. એ દરેક પદાર્થ સમય સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સાધારણ દરેકનો સ્વભાવ છે. પરને લઈને એમાં અવસ્થા ઊપજે એવું એનામાં છે નહિ. સમજાણું કાંઈ? આત્મામાં રાગની ઉત્પત્તિ થાય, એ કહે છે કે એનો ગુણનો તે કાળે તેનો ઉત્પાદનો એનો સ્વભાવ છે. પરને કારણે ઉત્પાદ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શનનો ઉત્પાદ થાય, સમ્યગ્દર્શન એટલે શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડ આનંદકંદ હું છું એવી એની પ્રતીતિની ઉત્પત્તિ થાય તે પોતાના ઉત્પાદને કારણે છે ઈ, પરને કારણે નહિ. દર્શનમોહ ટળ્યો માટે ઉત્પાદ (થયો). તો ઉત્પાદ તો તારો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ખબર ન મળે એકેય તત્ત્વની અને અમે ધર્મ કરીએ છીએ. ધૂળમાંય ધર્મ નથી. પુણ્યેય સારા નથી તારા ઠેકાણા (વિનાના). શોભાલાલજી!

મુમુક્ષુ :- એમાં પણ ગોટાળા છે.

ઉત્તર :- એમાં પણ ગોટાળા છે.

અહીં તો કહે છે, પ્રત્યેક પદાર્થને જ્યારે, જેટલા ભગવાને જોયા અનંતા પદાર્થ, શુદ્ધ કે અશુદ્ધ, શુદ્ધ સિદ્ધ, કેવળી શુદ્ધ કે અશુદ્ધ નિગોદાદિ કે અનંત પરમાણુઓ કે અનંતા સ્કંધ, આ રજકણનો પિંડ આ—એ દરેકમાં દ્રવ્યોને સાધારણ હોવાથી. શું? ઉત્પાદ-વ્યય-ધ્રુવ. આ રજકણમાં પણ એને કારણે જો આ હલે છે એ એને કારણે. આ હલવાની અવસ્થા

ઉત્પન્ન થઈ, પૂર્વની અવસ્થા વ્યય થઈ, રજકણ ધ્રુવપણે રહ્યા. એવો એનો પરમાણુનો પોતાનો સ્વભાવ છે. આત્માને લઈને ચાલે છે એમ ત્રણ કાળમાં નથી. કહો, સમજાણું કાંઈ? પગને જોઈને ચાલવું, પગ જોઈને મૂકવો. કહે છે કે પગનો એક એક રજકણ એનો સાધારણ સ્વભાવ છે કે સમયે સમયે અવસ્થા ઉત્પન્ન થાય, પૂર્વની વ્યય થાય અને ધ્રુવ (રહે) એ આત્માની ઈચ્છાને કારણે નહિ. ઈચ્છાને કારણે પગ અહીં પડે કે પગ અહીં પડે એ વાતમાં માલ કાંઈ નથી કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગનું તત્ત્વ છે આ તો. મૂળ વીતરાગ શું જગતનું તત્ત્વ. સર્વજ્ઞ પરમાત્માએ તો જગતના તત્ત્વો જેવા છે એવા જોયા એવા કહ્યા. કાંઈ કર્યા નથી. કોઈ તત્ત્વને ભગવાને કર્યા નથી. એ તો છે, કરતા નથી કાંઈ. અહીં તો એટલું સિદ્ધ કરે છે... પ્રવચનસાર છે આ, જ્ઞાન અધિકાર. તો જ્ઞાન એમ જાણે કે પ્રત્યેક પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાથી ઊપજે, પૂર્વની અવસ્થાથી વ્યય થાય અને ધ્રુવ (રહેવું) એ પદાર્થનો સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વભાવ છે. જુગરાજજી! આહા..હા..!

મુમુક્ષુ :- આ બેસી જાય તો મુક્તિનો ફેસલો થઈ ગયો.

ઉત્તર :- મુક્તિનો પંથ જ આ છે. સમજાય છે કાંઈ?

પરની પર્યાય પરથી ઊપજે, મારી પર્યાય મારાથી ઊપજે. મારી પર્યાય મારાથી ઊપજે તેને જોવાનું રહ્યું દ્રવ્યમાં. આ વાણીને લઈને પર્યાય ઊપજે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? શેઠ! વાણીને લઈને અંદર જ્ઞાનની પર્યાય ઊપજે નહિ. કેમકે એના અનંતા ગુણો છે, આત્મા વસ્તુ એના અનંત ગુણ. એ દરેક ગુણની એક સમયે ઉત્પાદ પર્યાય થાય એવો તો એનો સ્વભાવ જ છે. એ પરને લઈને થાય એવું છે નહિ. આહા..હા..! ભારે વાત! જુઓ, એક માણસે કેરીનું આમ ... હોય બાળક પહેલું હોય ને બાળક. કેરી આમ-આમ. કેરી, આમ-કેરી એમ કહે ત્યારે એને જ્ઞાન થાય કેરીનું. ખરું કે નહિ? એ વિના થાય? એ કહે છે અહીં કે ના. એના જ્ઞાનગુણની એ સમયની ઉત્પાદની પર્યાયમાં જ્ઞાન થયું છે, શબ્દને લઈને નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. માગવું કે ન માગવું?

ઉત્તર :- માગે કોણ? એ તો પરમાણુની પર્યાય જડ છે. પરમાણુની અવસ્થા છે ભાષા થાય એ. આત્મા કરે છે આને? ભાષા આત્મા કરે? એ તો જડ છે. એ કીધું ને જડમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. દરેક દ્રવ્યમાં છે. આ પરમાણુઓમાં જે સામાન્ય પરમાણુ ભાષાપણે છે શબ્દપણે, એની આ ભાષાપણે પર્યાય થાય છે. શબ્દની પર્યાયનો વ્યય થાય છે, ભાષાપણે ઉત્પન્ન થાય છે, પરમાણુ કાયમ રહે છે. એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ પ્રત્યેક પદાર્થનો સાધારણ એટલે બધાનો એ સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો હજી જ્યાં ત્યાં અમે આમ કર્યા, અમે આમ કર્યા. અહીં તો બીજડા નાખે છે. પછી આગળ કરતા કાઢી નાખશે. કોને કરે? સાંભળને. એ જગતના તત્ત્વો એના ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા નથી? એની અવસ્થાને

ઊપજવાવાળા નથી કે તેની અવસ્થાને તું ઊપજાવી દે? સમજાણું કાંઈ? અમે આવા મંદિર બંધાવ્યા, આટલા પૈસા નાખ્યા, આટલા પૈસા દાનમાં આપ્યા. શું તેં કર્યું? તારામાં ઉત્પાદ થયો વિકલ્પનો. એ જડની પર્યાયનો ઉત્પાદ એને લઈને થયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! જગતને તત્ત્વની વસ્તુની ખબર ન મળે. જીંદગી એમ ને એમ ચાલી ગઈ ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ. શું ચીજ છે? વીતરાગ શું કહે છે અને વસ્તુ શું છે? ખબરું વિના અજ્ઞાનમાં કહે છે કે અમે આમ કર્યું, અમે આનું આમ કર્યું. શું કર ધૂળ? સાંભળને. કોઈપણ પદાર્થ પોતાની ઉત્પાદ અવસ્થા વિનાનો છે કે તું એને કરે? અને તારી અવસ્થાના ઉત્પાદ વિનાનો તું છો કે તારી અવસ્થા પરથી થાય? સત્ય વસ્તુ આવી છે. એવી મિથ્યા શ્રદ્ધા મટી જાય. સમજાય છે કાંઈ?

અમે સમાજ સુધારા કરીએ છીએ, અમે આમ કરીએ છીએ, મંડળ બાંધ્યા છે, મંડળ બાંધીને આમ પ્રચાર કરશું. તું કોણ? તું કોણ? તું આત્મા. આત્મામાં તારી પર્યાયનો ઉત્પાદ તારાથી થાય કે પરની પર્યાય તારાથી થાય? સમજાણું કાંઈ? જીવદયા મંડળી. અમરચંદભાઈ! છે ને બધા સંઘ, ફલાણા. આપણે હવે આમ પ્રચાર કરવો, સંઘ બાંધીને આમ કરવું. અરે..! ભગવાન! તું કોણ છો ભાઈ? તું અને એ બે જુદા છે તો દરેક પદાર્થનો જ્યારે સમય સમય અવસ્થાની ઉત્પત્તિવાળો સ્વભાવ (છે) તો તે અવસ્થાને તું કરી દે એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

'**સર્વ દ્રવ્યોને સાધારણ હોવાથી...**' ભગવાન કેવળીને પણ. કારણ કે દ્રવ્યનું સ્વરૂપ જ એવું હોવાથી એમ કહે છે. પરમાત્મા કેવળીને, અરિહંતને પણ અને સિદ્ધ ભગવાનને '**પણ અવશ્યંભાવી...**' ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે એમ કહે છે. છે ને? એ ૧૮.

**उप्पादो य विणासो विज्जदि सव्वस्स अट्ठजादस्स।**
**पज्जाएण दु केणवि अट्ठो खलु होदि सब्भूदो।।१८।।**
**ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,**
**વળી કોઈ પર્યાયથી દરેક પદાર્થ છે સદ્‌ભૂત ખરે. ૧૮.**

એ મૂળ શ્લોક છે ઉપર એનું આ ગુજરાતી છે. એનો અન્વયાર્થ પહેલો લઈએ. '**કોઈ પર્યાયથી ઉત્પાદ...**' પ્રત્યેક વસ્તુ પરમાણુ અને આત્મા '**કોઈ પર્યાયથી ઉત્પાદ અને કોઈ પર્યાયથી...**' તેની પૂર્વની અવસ્થાનો '**વિનાશ સર્વ પદાર્થમાત્રને હોય છે;...**' સર્વ પદાર્થમાત્રને હોય છે. કેમ? '**केन अपि पर्यायेण**' '**વળી કોઈ પર્યાયથી પદાર્થ ખરેખર ધ્રુવ છે.**' પર્યાયથી એમ. ધ્રુવપણું અંશે છે, અંશે ઉત્પાદ છે, અંશે વિનાશ છે અને અંશે ધ્રુવ છે. પ્રત્યેક વસ્તુ અનાદિ-અનંત આમ ટકી રહી છે.

દાખલો આપે છે. '**જેમ ઉત્તમ સુવર્ણને...**' ભાષા પાછી ઉત્તમ સુવર્ણ—સોનું જેનો દાગીનો એની મેળાએ ઝટ થાય. '**બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ જોવામાં આવે છે,...**'

શું કહે છે? ઉત્તમ સોનું હોય ઊંચું ચીકણું. બાજુબંધ કડું-કડું. કડાની અવસ્થાથી ઉત્પત્તિ જોવામાં (આવે છે). એ સોનામાંથી કડું થાય તે ઉત્પત્તિ સોનાથી થાય છે, સોનીથી નહિ. હથોડાની પર્યાય હથોડામાં ઉત્પન્ન થાય છે. હથોડો સમજો છો? શું કહે છે? હથોડા એ. એ રજકણ છે કે નહિ? પરમાણુ છે હથોડો. એ રજકણ એક એક પરમાણુમાં અનંત રંગ, ગંધ આદિ ગુણ છે અને એની અવસ્થાનો ઉત્પાદ પરમાણુમાં એને લઈને છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી. આધાર કોને? શું કહે? એરણ. એરણ કીધું હતું ને. સમજાણું? ભાઈ! વસ્તુ જ્યાં સત્ છે અને સત્ છે તે ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ છે. વસ્તુ સત્ છે, છે, એનો કોઈ કર્તાહર્તા નથી. અને છે તો તેના ત્રણ અંશે સત્ છે. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. અને સત્ તે દ્રવ્યનું લક્ષણ છે. એ તો આખો વીતરાગનો માર્ગ નહિ, પણ વસ્તુનો સ્વભાવ આવો છે. સમજાણું કાંઈ?

'**ઉત્તમ સુવર્ણને બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ જોવામાં આવે છે,...**' એમ કીધું જોયું! બાજુબંધ પર્યાયથી સોનું પર્યાયમાં ઉત્પન્ન થાય એમ જોવામાં આવે છે, સોનીથી થાય એમ જોવામાં આવતું નથી. આમ કહે છે જુઓ! એય..! ચીમનભાઈ! શું કહે છે? એમ જોવામાં આવે છે. સોનું તે કડારૂપે થાય છે. કડાની બાજુબંધ અવસ્થા. સોનું તે બાજુબંધની પર્યાયપણે ઊપજે છે, એમ જોવામાં આવે છે, એમ કીધું. સમજાણું કાંઈ? '**સુવર્ણને બાજુબંધરૂપ પર્યાયથી...**' અવસ્થાથી '**ઉત્પત્તિ જોવામાં આવે છે,...**' આહા..હા..! કેટલો સિદ્ધાંત સિદ્ધ કર્યો છે! ઓલો કહે કે સોનાનું જે કડું થયું એ સોનીથી થયું, એરણ ઉપર ઘડીને થયું, હથોડો વાગ્યો તેથી થયું. બિલકુલ જૂઠી વાત છે કહે છે. તને તત્ત્વની ખબર નથી. મિથ્યાદૃષ્ટિ છો. દૃષ્ટિમાં મિથ્યાત્વ છે તેથી જે વસ્તુનું સ્વરૂપ (છે તેમ જોતો નથી). અહીં જ્ઞાનનો અધિકાર છે ને. જેમ થાય છે એમ છે તેમ જ્ઞાન જાણે. જ્ઞાન એમ જાણે કે સોનાથી આ બાજુબંધ થાય છે પર્યાય એ બરાબર છે. પણ જ્ઞાન એમ જાણે કે હથોડાથી થાય એ જ્ઞાન ખોટું છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે! પાગલને તો પાગલ જેવું લાગે એવું છે હોં! એય..! ન્યાલભાઈ! દુનિયા પાગલ. જ્ઞાનીની વાતને પાગલ (કહે). એ કહે, આ પાગલ જેવું શું કહે છે? એક જણા કહેતો હતો કે એને મોકલો હોસ્પીટલમાં. સોનગઢવાળાને હોસ્પીટલમાં મોકલો. એય..! કહે, કોઈનું કાંઈ કરી શકે નહિ. અહીં કરી શકીએ છીએ પ્રત્યક્ષ અને (કહે છે કે) કરી શકે નહિ. અરે..! સાંભળને મૂર્ખ! તારા અભિમાનમાં ભાન નથી તને. આહા..હા..! સમજાણું? એક આવી હતી વાત પહેલા કે એ લોકોને મોકલો હોસ્પીટલમાં. પાગલ છે આ. ભગવાનને કહે પાગલ. ભગવાન એમ કહે છે. દ્રવ્યને કહે પાગલ. દ્રવ્ય એમ થાય છે પોતાની પર્યાયથી ઊપજે છે.

શું કહે છે? '**બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ...**' સુવર્ણને '**જોવામાં આવે છે,...**'

એમ કીધું છે. '**અને પૂર્વ અવસ્થારૂપે વર્તતી વીંટી...**' વીંટી હતી પહેલી વીંટી—અંગુઠી. એ વીંટી પૂર્વની અવસ્થા જે હતી એનો વ્યય થયો, બાજુબંધપણે ઉત્પન્ન થયું, એ સોનું પોતે ઉત્પન્ન થઈને વ્યય થયું, પોતાને કારણે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! સત્‌નું સ્વરૂપ જ આવું છે ને. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ તો દરેક પદાર્થનો સ્વયંસિદ્ધ સ્વભાવ છે ને. એને શું તું ઊપજાવે બીજાને? તો એ ઊપજ્યા વિનાના છે, ઉત્પાદ વિનાના છે કે તેને તું ઉત્પાદ કર? સમજાણું કાંઈ? '**પૂર્વ અવસ્થારૂપે વર્તતી વીંટી વગેરે પર્યાયથી વિનાશ જોવામાં આવે છે...**' દેખો! એ વીંટી વગેરે પર્યાયથી વિનાશ ઉત્તમ સુવર્ણને, એમ લેવું. ઉત્તમ સુવર્ણને, પૂર્વ અવસ્થારૂપે વર્તતી વીંટી આદિ વિનાશ તે સુવર્ણને કારણે જોવામાં આવે છે. એ વીંટીનો વ્યય હથોડો પડ્યો માટે થયું એમ જોવામાં આવતું નથી. અમરચંદભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ?

જુઓ હાથ છે આ, આ રજકણનો પિંડ છે હાથ. એ આમ થાય છે. કહે છે કે પહેલી અવસ્થાનો વ્યય, આ અવસ્થાનો ઉત્પાદ અને પરમાણુનું ધ્રુવ(પણું) એ પોતાથી થાય છે એમ જોવામાં આવે છે. આત્માથી આમ થાય છે એ મૂઢ માનનારા છે. ભારે વાત ભાઈ! કહો, મોટા પર્વતના પર્વત તોડે, રેલના માર્ગ કાઢે, ડુંગરા તોડે.

મુમુક્ષુ :- મોટી નદીયું.

ઉત્તર :- નદીયુંને વાળે. શું કહેવાય? બાંધ. બંધ-બંધ. સાંભળને હવે. બંધ એટલે શું અને તું એટલે કોણ? એ તો રજકણોની પર્યાય છે તે તે કાળની તે કાળમાં ઉત્પન્ન થતી. એના ઉત્પાદથી તે ઉત્પન્ન થયો, તેની પૂર્વની અવસ્થાથી તે વ્યય થયો, ધ્રુવપણે તે રહ્યું છે. તારે કારણે ત્યાં ઉત્પાદ થયો છે?

મુમુક્ષુ :- એન્જિનિયર વિના થઈ ગયું?

ઉત્તર :- એન્જિનિયર રહ્યો એના ઘરે. એય..! રામજીભાઈ વિના ન્યાં દલીલ કરી કોઈકે? કોર્ટમાં દલીલ.. દલીલ જડે કરી. રામજીભાઈનો આત્મા પડ્યો ત્યાં અંદર. શું જડની અવસ્થા આત્મા કરે? માને કે હું આમ કરું છું. જાધવજીભાઈ! આ ભારે વાતું ભાઈ!

પરમેશ્વર જૈન વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (વર્તે છે), એમણે જોયેલા તત્ત્વો અને દરેક તત્ત્વ પોતાની અવસ્થાથી ઊપજે એમ ભગવાને જોયું અને અહીં આચાર્ય કહે છે કે અમને જોવામાં આવે છે. એમ કહે છે અહીં. તને જોવામાં આવે કે પરથી થાય? આ તારી દૃષ્ટિ આંધળી ક્યાંથી લાવ્યો આવી? ભગવાનજીભાઈ! આ મોટા હવે થાણામાં નાખ્યા કારખાના. પોપટભાઈનું કારખાનું, ભગવાનજીભાઈનું કારખાનું. બેયનો આગ્રહ આવ્યો છે થાણાનો. ત્યાં છે ને મોટું પોપટભાઈનું છે થાણામાં. મારે ત્યાં મહારાજ જમે. ભગવાનજીભાઈની પહેલી વિનંતી થઈ ગઈ છે કીધું હવે. શું થાય એ જુદી વાત છે. પોપટભાઈ ગયા ને? એ ત્યાં એનું છે. હજી શું હજી

તો ઘણા મહિના છે. કયા ઠેકાણે કઈ પર્યાય ઊપજે એ કાંઈ કો'કના અધિકારની વાત છે આત્માની? આહા..હા..! અરે..! તત્ત્વ તે તત્ત્વ. ભગવાન! તને ખબર નથી ભાઈ! એક એક રજકણની પર્યાય—અવસ્થા તે સમયે ઉત્પન્ન થાય એનાથી, એમ જોવામાં આવે છે. એની પૂર્વની અવસ્થા નાશ થાય એ એનાથી, (એમ) જોવામાં આવે છે. છે? આહા..હા..!

અને સોનું '**પીળાશ વગેરે પર્યાયથી તો બન્નેમાં ઉત્પત્તિ-વિનાશ નહિ પામતું હોવાથી ધ્રુવપણું જોવામાં આવે છે,...**' સોનાની પીળાશ અને ચીકાશપણું કાયમ છે એમાં કાંઈ ઊપજવું-વિણસવું છે નહિ. પીળાશ અને ચીકાશ તે ધ્રુવ છે અને વીંટીપણે નાશ છે, બાજુબંધપણે ઉત્પાદ છે, પીળાશ-ચીકાશપણે ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઉત્પત્તિ-વિનાશ નહિ...**' પીળાશ અને ચીકાશની ઉત્પત્તિ અને વિનાશ છે? પીળાશ-ચીકાશ તો એનો કાયમી સ્વભાવ છે સોનાનો. ધ્રુવ. પીળાશ-ચીકાશ તો કાયમ ધ્રુવ સ્વભાવ છે. એ ધ્રુવસ્વભાવ ઊપજે ને વિણસે છે? સમજાણું કાંઈ?

'**તેમ સર્વ દ્રવ્યોને...**' આ તો દૃષ્ટાંત કીધો. સોનાનો દાખલો આપ્યો. લોકોને ખ્યાલ હોય છે ને વીંટી તૂટીને કડું કરે, આ કરે ઝાઝું સોનું નાખીને પછી. ભાઈ વીંટી કાઢી નાખો, એ કરતા કડું કરો, ફલાણું કરો. કહે છે કે જે રીતે ઉત્તમ સુવર્ણની વર્તમાન કડાની અવસ્થાપણે તે સોનું ઊપજ્યું છે, વીંટીની અવસ્થાથી સોનું પોતે વ્યયને પામ્યું છે અને પીળાશ ને ચીકાશમાં ઉત્પાદ-વ્યય વિનાનું રહ્યું છે. એ એક સમયમાં પોતામાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે. કહો, બરાબર છે? આ સમજાય એવી વાત છે. આ કાંઈ બહુ એવી (અઘરી) નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સિદ્ધાંત એટલે? આ નિર્ણય એણે કરવો જોઈએ. સિદ્ધાંતનો અર્થ આ સત્ય છે એ સત્યનો નિર્ણય એણે કરવો જોઈએ. એના માટે તો આ વાત ચાલે છે. શું કરવા ચાલે છે આ?

મુમુક્ષુ :- નિર્ણય કરવા માટે.

ઉત્તર :- એને નિર્ણય કરવા માટે છે. નિર્ણય કર. પરપદાર્થની અવસ્થાનો ઉત્પાદ એનાથી એનો સ્વભાવ છે. તારા ઉત્પાદ અનંત ગુણની પર્યાયનો ઉત્પાદ તારો સ્વભાવ છે. પરને લઈને તારામાં નહિ અને તારે લઈને પરમાં નહિ. અભિમાન કરતો હોય કે હું પરને આમ કરી દઉં. છોડી દે. મિથ્યાશ્રદ્ધા છે. સમજાય છે કાંઈ? જૈન સાધુ થઈને પણ એમ કહે કે અમે આ શરીરની પર્યાયને રાખીએ છીએ, શરીરને આમ રાખીએ છીએ, બીજાની દયા પાળી શકીએ છીએ. મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે, અધર્મને સેવનાર છે. આહા..હા..! કાંતિભાઈ!

કહો, દીકરા તો ઊપજાવે ખરો કે નહિ એનો બાપ? પછી દીકરા ઊપજે પછી એને રાખી શકે કે નહિ? કેળવણી આપી શકે કે નહિ પ્રત્યક્ષ આપીને? આ રામજીભાઈએ ન

આપ્યું સુમનભાઈને ત્યાં? અમેરિકામાં ભણાવ્યા અને પછી કેટલા પૈસા ખર્ચ્યા. ધમાલ. પણ તમારા ચિરંજીવીને તો કર્યું હશે કે નહિ તમે હીરાભાઈને તો. પહેલો નમાલા જેવો લાગતો હતો. આ કહે, આ મારાથી તો નમાલો લાગે છે. એમ લાગતું હતું એને.

અહીં તો કહે છે કે એ આત્મા છે કે નહિ બીજો? એ આત્મામાં અનંતા ગુણ છે કે નહિ? તે ગુણની વર્તમાન અવસ્થા ઉત્પાદ વિના ગુણ રહે? અને પૂર્વની અવસ્થા વ્યય વિના ગુણ રહે? અને પોતાના ધ્રુવ વિના એ ટકી રહે? પોતાને કારણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જોઈને શરીરને ચાલવું. શાસ્ત્રમાં એવું આવે લ્યો! સાડા ત્રણ હાથ. શું કહેવાય? ધોસરા પ્રમાણે નજર રાખીને સાધુએ ચાલવું. લ્યો! એનો અર્થ એ છે કે એણે રાગનો પ્રમાદ ન કરવો એટલું. બાકી ચાલવાની ક્રિયા આત્મા કરી શકે એ ત્રણ કાળમાં છે નહિ. શાસ્ત્રમાં એમ આવે લ્યો! ધોંસરા પ્રમાણ નજર રાખવી અને જ્યાં જીવ દેખે ત્યાં પગ ઊંચો રાખવો, છેવટે પગ આમ ન રહે તો આમ આડો કરવો એટલે વચમાં જીવ હોય ઈ બચી જાય. અહીં કહે છે કે એક રજકણની અવસ્થાનો ઉત્પાદ તેનાથી થાય, તે આત્માની ઈચ્છાથી થાય નહિ. આહા..હા..!

'**તેમ...**' એ સોનાને દૃષ્ટાંતે. '**સર્વ દ્રવ્યોને કોઈ અવસ્થાથી ઉત્પાદ, કોઈ પર્યાયથી વિનાશ અને કોઈ પર્યાયથી ધ્રુવ હોય છે એમ જાણવું.**' દરેક દ્રવ્યમાં એમ છે. સમયે સમયે એમ થઈ રહ્યું છે. સમજાણું કાંઈ? એ મોટરની જે પર્યાય છે રજકણની એ એને કારણે આમ ચાલે છે એમ કહે છે. પેટ્રોલને લઈને નહિ એમ કહે છે અહીં. એમાં તો મોટા વાંધા ઉઠ્યા છે. વસ્તુવિજ્ઞાનસાર. દસ હજાર છપાણા હતા ને દસ હજાર. પાંચ હજાર હિન્દી-ગુજરાતી. થઈ રહ્યા. પછી હિન્દી અહીં છપાવ્યા. મોટરનો એક એક રજકણ પૈડાનો, પોઢાનો એ પોતાની વર્તમાન અવસ્થાથી ઊપજે, પૂર્વની અવસ્થાથી વ્યય થાય, ધ્રુવપણે કાયમ જાતથી રહે. બીજા પરમાણુથી ત્યાં ગતિ કરે એ વસ્તુમાં નથી.

મુમુક્ષુ :- દુનિયા એ રીતે માને છે.

ઉત્તર :- આખી દુનિયા આંધળી છે. આંધળું તો આંધળા જ માને ને. સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાનનેત્રની વાત ચાલે છે કે નહિ? સમ્યગ્જ્ઞાન આમ માને છે, જાણે છે. મિથ્યાજ્ઞાન એમ માને છે કે આની પર્યાય મેં કરી, મારી પર્યાય એણે કરી. મિથ્યાશ્રદ્ધા-મિથ્યા દૃષ્ટિ છે. જૈનની એને શ્રદ્ધા નથી, વીતરાગ માર્ગની એને શ્રદ્ધા જ નથી. સમજાણું કાંઈ? ભારે! આ બધું મલહારગઢમાં કર્યું હતું તે કોણે કર્યું હતું ત્યારે આ? આ બધા ભાઈ કરે એમ કહેતા હતા લોકો. રસ્તા સાફ કર્યા, આમ બધા કર્યા, આમ બધા. દોઢસો તો પોલીસો, બંધુકો, એમાં કેટલા દસ-દસ હજાર માણસોનું રસોડું. મોટા મોટા હાંડલા. શું કહેવાય હાંડલાને મોટા? તપેલા. આહા..હા..! કેટલું ભેગું કર્યું જંગલમાં. કહે છે કે હરામ કોઈ પરની પર્યાય આત્મા કરે તો. એમ કહે છે. હતા કે નહિ તમે? દસ-દસ હજાર માણસ લ્યો! એ સવારમાં

પછી આ ગોવિંદજી છે ને. નહોતો ..? એ બોલતો હતો સવારે ઉઠીને વહેલા. આ ગોવંદજીને નહોતો મોકલ્યો? ગોવિંદરામ. દિલ્હી મોકલ્યા હતા ને હમણા. એ સવારમાં વહેલા ઊઠીને સાડા ચારે બોલે. બપોરે વ્યાખ્યાન થયું હોય ને એ ઓલામાં બોલતા લાઉડ સ્પીકરમાં, રાતે ત્યાં. ખબર છે. અમારો તંબુ તો આઘો હતો ને, ત્યાં સંભળાતું હતું. એ ગોવિંદરામ નથી? એક છે. દિલ્હી ગયા હતા, વાંચવા મોકલ્યા હતા. એ બોલતા હતા. આમ કહે છે, આમ માર્ગ છે. સવારે વહેલા ઊઠીને પાંચ વાગે. ભારે વાત ભાઈ! કહે છે કે એ ભુંગળાની પર્યાય જે થાય છે એ રજકણને લઈને છે. આ પવનને લઈને, મોઢાને લઈને નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ત્યાં કોણ બોલે છે?

ઉત્તર :- કોણ બોલે? રજકણની પર્યાય થાય છે. આત્મા બોલે? આત્મામાં રજકણ છે? જેઠાલાલભાઈ! રજકણોનો જથ્થો છે અનંત પરમાણુ આ તો. અવાજ એ તો પરમાણુની પર્યાય છે. એ પરમાણુઓ પણ સમયે સમયે ઉત્પન્ન થાય છે પર્યાયથી, પૂર્વ પર્યાયથી વ્યય થાય, ધ્રુવપણે કાયમ રહે છે. દરેક દ્રવ્યનો સ્વભાવ છે. આત્મા એને કરે? આત્મામાં પેસે છે? એને અડે છે તો કરે? સમજાણું કાંઈ? ભારે ભાઈ, વીતરાગનો માર્ગ આખી દુનિયાથી જુદી જાતનો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે સાંભળીને એ સમજે ત્યારે સાંભળ્યું કહેવાય. આ શું કરવા વાત થાય છે?

ભાઈ! તારો આત્મા જુદો છે, આના રજકણે રજકણો જુદા છે. એની અવસ્થાનું થવું તેનાથી થાય છે. દાળ-ભાતના પરમાણુઓ અહીંયાં આવવા એ એની ઉત્પાદ પર્યાયને લઈને આવે છે. કાચો ચોખો પાકો થાય છે એ ચોખાના રજકણો જ પોતાની કાચી પર્યાયનો વ્યય કરી, પાકી પર્યાયે ઊપજે છે અને રજકણોપણે ધ્રુવ રહે છે. એ પરથી પાકે છે અને કાચાપણું જાય છે એ વાત તદ્દન જૂઠી છે.

મુમુક્ષુ :- પાણી નાખવાનું કે નહિ નાખવાનું?

ઉત્તર :- પાણી કોણ નાખે? પાણીના રજકણો ભિન્ન છે. પાણીના રજકણમાં પણ પોતાને કારણે સમયે સમયે નવી અવસ્થા થાય છે. ટાઢી હતી એની ઊની થાય અને ધ્રુવપણે કાયમ રહે. ટાઢી અવસ્થાનો નાશ થઈ, ઊની અવસ્થાની ઉત્પત્તિ પાણીમાં અને પાણી રજકણો છે. અગ્નિને લઈને પાણી ઊનું થયું એ વાત તદ્દન જૂઠી છે. મિથ્યાદૃષ્ટિ એમ માને છે.

આ જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન અધિકાર છે કે નહિ? સમ્યગ્જ્ઞાન જેમ હોય એમ જાણે. યથાર્થ જાણે કે સમ્યગ્જ્ઞાન વિપરીત જાણે? સમજાણું કાંઈ? સાધુઓમાં તકરાર. આવ્યો હતો, કહે લ્યો ચશ્માથી આમ થાય. ભાઈ! વાત ઝીણી બાપુ! શું કહીએ? કોની સાથે કરીએ વાત? ચર્ચા કરો. લીંબડી. ચર્ચા કરો. ભાઈ! અમે નથી કોઈ સાથે વાત કરતા. કારણ કે આ વાત

તમને કાંઈ બેસે એવું નથી. સાંભળવા મળી નથી ને બેસે ક્યાંથી તને? ચર્ચા કરો લ્યો. લોકો એમ કહે છે કે કાનજીસ્વામી વ્યવહારથી ધર્મ માનતા નથી, તમે કાંઈક કહો છો. માટે શું છે એના માટે આપણે (ચર્ચા કરીએ). કોની સાથે ચર્ચા કરવી આમાં? સમજાણું કાંઈ? એક એકડાની વાતની ખબર ન મળે એની સાથે ચર્ચા?

અહીં તો કહે કે આ ચશ્મા છે એની આ પર્યાય એ પરમાણુ છે આ રજકણો. એની સમયે સમયે પર્યાય ઉત્પન્ન થાય, આમ આવે અને આમ હતી એનો વ્યય થાય એ એના પરમાણુને કારણે છે, આત્માને કારણે નહિ. આત્માએ આમ કર્યું માટે આમ થાય છે, ચશ્મા ચડે છે એ વાત જૂઠ છે એમ કહે છે.

મુમુક્ષુ :- નાકની દાંડી ઉપર તો રહ્યો છે ને.

ઉત્તર :- એ દાંડી ઉપર પણ રહ્યો નથી. એ રજકણો પોતાની પર્યાયમાં પોતાને આધારે રહ્યો છે. એક એક રજકણમાં આધાર નામની શક્તિ છે. એ પોતાની પર્યાય પોતાને આધારે ત્યાં રહી છે, આને આધારે નહિ. આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- અભિમાનને ગાળવાની વાત છે.

ઉત્તર :- ગાળવાની નહિ, અસત્ય જૂઠું છોડવાની વાત છે. જૂઠી દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- મૈંને કિયા મૈંને કિયા સબ અભિમાન હૈ?

ઉત્તર :- હાં, અભિમાન હૈ. માન્યતા જૂઠી છે, માન્યતા જૂઠી હૈ, મિથ્યા શ્રદ્ધા હૈ. મૈંને ઐસા કિયા, મૈંને ઐસા કિયા... આહા..હા..! મૈં બહુત દયા પાલતા હૂં, બહુત રક્ષા કરતા હૂં, મૈં ઐસા ખાતા હૂં, ઐસા મૈં પીતા હૂં, ઐસા ભોજન નહિ ખપે, ઐસા ખપે. ક્યા હૈ? મિથ્યાદૃષ્ટિ હૈ. પરની પર્યાય ખપે, ન ખપે એ લાવ્યો ક્યાંથી? કેમકે એ પરમાણુમાં પણ સમયે સમયે અવસ્થા ઉત્પન્ન થાય એને કારણે છે. એ પરમાણુ એને કારણે અહીં આવે છે અને જાય તો એને કારણે જાય છે. તું કહે કે મેં આજે આહાર છોડી દીધો. મિથ્યાદૃષ્ટિ મૂઢ છો. રજકણોની અવસ્થા ત્યાં આવવાની નહોતી પોતાને કારણે, એને તેં કીધું કે મેં છોડી દીધી. પરનો સ્વામી થા છો જડનો. મિથ્યાત્વને સેવ્યું અને કહે, મેં અપવાસ કર્યો. એય..! આહા..હા..! લાંઘણ કરી છે. સમજાણું કાંઈ?

જુઓને, આ પર્યુષણમાં થોકડાના થોડકા મિથ્યાત્વ સેવ્યા છે. અપવાસ કર્યા છે. અહીં ચાર માસખમણા, અહીં ધૂળ માસખમણા, ધૂળ.. શેના માસખમણા સાંભળને હવે. જડની પર્યાય એનાથી થાય, એનાથી ઊપજે એની તો તને ખબર નથી. અને તું કહે કે મેં અપવાસ કર્યો છે. શાનો અપવાસ તારો? સમજાણું કાંઈ? દૃષ્ટિ મિથ્યાત્વ તો છે કે પરમાણુ મેં આહાર ન છોડ્યા, મેં છોડ્યા, આણે છોડ્યા નહિ. પરદ્રવ્યની પર્યાય મેં કરી, મેં છોડી. પરદ્રવ્યનો સ્વામી તું થા છો. સમજાય છે કાંઈ? જે તારા અધિકારની વાત નથી એનો તું અધિકાર

હાથમાં લે છો. સમજાણું કાંઈ?

**'આથી (એમ કહ્યું કે) શુદ્ધાત્માને પણ...'** ઓલું બાજુબંધનું સિદ્ધ કરીને. ઉત્તમ સુવર્ણ બાજુબંધથી ઉત્પન્ન થાય, વીંટીથી નાશ થાય, પીળાશ-ચીકાશથી ટકે. એમ **'સર્વ દ્રવ્યોને ઉત્પાદ-વ્યયથી...'** ત્રણેપણે જાણવું. આથી એમ કહ્યું, શુદ્ધાત્માને, કેવળીને પણ અને સિદ્ધ ભગવાનને પણ **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અસ્તિત્વ...'** લ્યો આવ્યું. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અસ્તિત્વ કે જે દ્રવ્યનું લક્ષણ છે તે અવશ્યંભાવી છે.'** આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પરમાત્મા કેવળજ્ઞાની પણ સમયે સમયે પોતાની નવી અવસ્થાથી ઊપજે, એ કેવળજ્ઞાનની પહેલી પર્યાયથી વ્યય થાય, પહેલી પર્યાયથી વ્યય થાય, બીજી પર્યાયે કેવળજ્ઞાને ઊપજે અને ગુણપણે ધ્રુવ રહે. ભારે ભાઈ! કેવળજ્ઞાન ઊપજે અને વિણસે. એ પર્યાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૨, ગુરુવાર, તા. ૧૯.૯.૧૯૬૮**
**ગાથા-૧૮, ૧૯, પ્રવચન-૧૭**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ અધિકાર. એટલે કે જ્ઞાનનો સ્વભાવ એવો છે કે જેવા જગતના તત્ત્વોનું સ્વરૂપ છે તે રીતે જાણે. એનાથી વિરુદ્ધ જાણે તો એ જ્ઞાન નહિ. તો અહીંયાં અસ્તિત્વ સિદ્ધ કરે છે. જગતમાં છ દ્રવ્યો છે જાતિએ, સંખ્યાએ અનંત છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. એ બધા દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ છે. એ વસ્તુનું લક્ષણ હોવાપણું, અસ્તિત્વ નામની એની શક્તિ છે એ એનું હોવાપણું. 'સત્ દ્રવ્ય લક્ષણં' એ પહેલું સૂત્ર બાંધ્યું છે. પાંચમો અધ્યાય છે ને તત્ત્વાર્થસૂત્રનો. 'સત્ દ્રવ્ય લક્ષણં' પહેલું કહ્યું છે અને પછી 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' કહ્યું છે.

અહીંથી એ વાત ઉપાડી છે કે આ આત્મા કે આ પરમાણુઓ એ જગતની ચીજ છે એ દ્રવ્ય કહેવાય એને. દ્રવ્ય એટલે? દ્રવતિ ઈતિ દ્રવ્યં. પોતાના પર્યાયને, અવસ્થાને દ્રવે છે, કરે છે, પરિણમે છે માટે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. એ કોઈ બીજાના દ્રવ્યને કરે... અહીં તો અસ્તિત્વ સિદ્ધ કરવું છે કે એક દ્રવ્ય પોતાના દ્રવ્યમાં પરિણમે-દ્રવે, પણ બીજાના દ્રવ્યને પરિણમાવે, એનું અસ્તિત્વ ઊભું કરે એવું હોઈ શકે નહિ. એથી **'દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ (હોવાપણું) અને તે અસ્તિત્વ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે.'** જુઓ! એ બે સૂત્ર આવી ગયા આમાં તત્ત્વાર્થસૂત્રના. આઠમો અધ્યાય છે ને એમાં છે સૂત્ર. કેટલામું છે એ? સમજ્યા

ને? છે ને? આ રહ્યું. પાંચમો અધ્યાય છે. સૂત્ર છે ૨૯મું. 'સત્ દ્રવ્ય લક્ષણં.' ઉમાસ્વામી એ કુંદકુંદાચાર્યના શિષ્ય હતા. ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં થયા દિગંબર સંત. એમના શિષ્યે આ આખા જૈનદર્શનના સારને તત્ત્વાર્થસૂત્રમાં ગોઠવી દીધું. એમાં ૨૯મું સૂત્ર 'સત્ દ્રવ્ય લક્ષણં.' મહાસિદ્ધાંત. એ દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ છે ઈ. અસ્તિત્વ કહો કે સત્ કહો.

દરેક આત્મા, દરેક પરમાણુ એમાં સિદ્ધાંત છે કે દરેક વસ્તુ પોતાથી અસ્તિત્વ નામ હયાતી ધરાવે છે. અને તે અસ્તિત્વ ૩૦મું સૂત્ર એ છે, 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્.' એ આ પછી આવ્યું જુઓ! સમજાણું કાંઈ? આત્મા, અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ એ પ્રત્યેક દ્રવ્ય છે અને દ્રવ્યનું લક્ષણ હોવાપણું છે અને એ હોવાપણું ત્રણ પ્રકારે છે. ઉત્પાદ અવસ્થાથી ઊપજે એ પોતાના કારણે ઊપજે અને પોતાના કારણે પોતાની અવસ્થાનો વ્યય થાય અને ધ્રુવપણે રહે-પોતાની જાતને કાયમ ટકાવે. '**માટે કોઈ પર્યાયથી ઉત્પાદ છે.**' દરેક આત્મા ને કોઈપણ પરમાણુ કે સિદ્ધ દરેકને કોઈ અવસ્થાથી તેમાં ઉત્પાદ થાય છે વર્તમાન અવસ્થાથી, '**કોઈ પર્યાયથી વિનાશ છે અને કોઈ પર્યાયથી ધ્રુવપણું દરેક પદાર્થને હોય છે.**' સમજાય છે કાંઈ? જેમ આ રજકણો છે આ શરીરના, જુઓ આ રજકણ છે, આ દ્રવ્ય છે. એક એક પોઈન્ટ ભિન્ન એ અસ્તિત્વ છે અને એ અસ્તિત્વના ત્રણ અશં છે એમાં. આ નવી નવી અવસ્થા આમ થાય, જૂની અવસ્થા જાય, ધ્રુવપણું (રહે). એ એનું હોવાપણું એના પરમાણુને લઈને છે, આત્માને લઈને નહિ. સમજાણું કાંઈ?

આ શરીરની અવસ્થા ટકી રહી છે, બદલી રહી છે, ઉત્પન્ન થઈ છે એ એના પોતાના હોવાપણાને કારણે છે. આત્માને કારણે એમાં કાંઈ છે એમ નહિ. એમ સિદ્ધ કરવું છે. જ્ઞાન એમ જાણે તો એ જ્ઞાન સાચું કહેવાય. પણ જ્ઞાન એમ જાણે કે બીજાની અવસ્થા છે એ મારાથી થઈ, મારાથી છે એ જ્ઞાન મિથ્યા છે-અસત્ જ્ઞાન છે-જૂઠું જ્ઞાન છે, એ જ્ઞાન પાપજ્ઞાન છે. સમજાણું કાંઈ?

દરેક વસ્તુ પોતાથી છે. રજકણે રજકણ પોતાથી છે, આત્માએ આત્મા પોતાથી છે. એ દરેક છે એમાં ત્રણ અંશો પોતાથી છે. દરેક ક્ષણે, દરેક ક્ષણે તે તે વસ્તુનો ઉત્પાદ નામ વર્તમાન અવસ્થાથી ઊપજે એ પોતાથી છે. સમજાય છે કાંઈ? આ હોઠ ચાલે છે. કહે છે કે આ હોઠનું હાલવું એ ઉત્પાદ પરમાણુનું અસ્તિત્વ છે એનાથી તે ચાલવાની ઉત્પત્તિ થાય છે. આત્માથી નહિ, આત્માના જ્ઞાનથી નહિ, આત્માની ઈચ્છાથી નહિ. સમજાય છે? સમજાય છે કાંઈ? કેમકે એનું હોવાપણું ત્રણ પ્રકારે જ છે. અવસ્થા ક્ષણે ક્ષણે નવી થવી, જૂની જવી, જાતનું સદૃશપણું, ધ્રુવપણું ટકે. એ ત્રણ પ્રકારે એનું હોવાપણું છે. એના હોવાપણામાં બીજાનો અધિકાર હોવાપણાનો લાવી દે એ માન્યતા અજ્ઞાન અને મૂઢતા તો છે, બહિર્દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

આત્મા બીજાનું ભલું કરી શકે તો ભલાની અવસ્થાનો ઉત્પાદક તો એ આત્મા છે સામો.

એને ઠેકાણે બીજો આત્મા કહે કે એ ભલાની ઉત્પત્તિનો કરનારો હું છું એટલે મારે લઈને એ અસ્તિ-ઉત્પત્તિ થઈ. એ ભ્રમણા છે. સમજાણું કાંઈ? અને એના અજ્ઞાનાદિનો નાશ એના અસ્તિત્વથી એનામાં થયો. આ કહે કે મેં એનો અજ્ઞાનનો નાશ કરાવ્યો, મારા અસ્તિત્વથી એનો અવસ્થાનો નાશ થયો. સમજાણું કાંઈ? એ મિથ્યાજ્ઞાન છે. એ શ્રદ્ધા મિથ્યા છે, જ્ઞાન મિથ્યા છે અને એમાં રાગની એકતાબુદ્ધિ છે તેથી તે એમ માને છે. સમજાણું કાંઈ?

'**અહીં પ્રશ્ન સંભવે છે કે : દ્રવ્યનું અસ્તિત્વ...**' વસ્તુનું હોવાપણું '**ઉત્પાદ વગેરે ત્રણથી કેમ કહ્યું?**' વસ્તુ જે છે એને હોવાપણામાં ત્રણ પ્રકાર કેમ કહ્યા? હોવાપણું તો એને ધ્રુવપણામાં હોવાપણું સંભવે. સમજાય છે કાંઈ આમાં? પ્રશ્ન શું કહે છે? વસ્તુનું હોવાપણું ઉત્પાદ-વ્યય વગેરે ત્રણથી કેમ કહ્યું? હોવાપણું તો '**એક ધ્રૌવ્યથી જ કહેવું જોઈએ;...**' હોવાપણું છે.. છે.. છે તો ધ્રુવથી કહેવું જોઈએ છે એમ. વળી ઊપજે, વિણસે અને ધ્રુવ(પણું) એ ત્રણથી હોવાપણું આ શું? ઊપજે તોપણ હોવાપણું, વ્યય થાય તોપણ હોવાપણું અને ધ્રુવ (રહે) તોપણ હોવાપણું. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- કર્મમાં પણ થાય છે?

ઉત્તર :- બધા પરમાણુમાં થાય છે. કર્મ શું? બધી ચીજમાં થાય છે. જુઓ આ આમાં સમયે સમયે થાય છે. આમાં થાય છે, આમાં પણ થાય છે. સમયે સમયે થાય છે.

અહીં તો શિષ્યનો પ્રશ્ન બીજો છે કે હોવાપણે જો કહે તો ધ્રુવપણું, હોવાપણું સંભવે, પણ હોવાપણામાં વળી ઊપજે એ હોવાપણું, વ્યય થાય એ હોવાપણું, ધ્રુવ પણ હોવાપણામાં ત્રણ ક્યાં નાખ્યા આમાં? સમજાય છે? છે, છે. બસ છે તો છે ધ્રુવ. વળી છે એ ઊપજે એ પણ છે, વ્યય થાય એ પણ છે, ધ્રુવપણે છે. તો છેમાં ત્રણ કેમ નાખ્યા? એમ પૂછ્યું છે. સમજાણું કાંઈ? '**ત્રણથી કેમ કહ્યું? એક ધ્રૌવ્યથી જ કહેવું જોઈએ;...**' છે ધ્રુવ છે, વસ્તુ છે એમ કહેવું છે. એમાં ત્રણ.. ઊપજે તોપણ કહે કે છે, નાશ થાય તો કહે કે છે. લ્યો! નાશ તોપણ કહે કે છે. સમજાણું કાંઈ? ત્રણનું હોવાપણું, ત્રણને હોવાપણામાં કેમ નાખ્યા? એકને નાખોને (કે) ધ્રુવ છે. એમ પ્રશ્ન છે. '**કારણ કે ધ્રુવ રહે તે સદા હયાત રહી શકે છે.**' જે કાયમ રહે તે કાયમ ટકી શકે છે.

'**આ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છે : જો પદાર્થ ધ્રુવ જ હોય...**' જો પદાર્થ ટકતો એકલો ધ્રુવ જ હોય, નિશ્ચય ટકતું એકલું ધ્રુવ જ હોય '**તો માટી...**' દાખલો. '**સોનું, દૂધ વગેરે સમસ્ત પદાર્થો એક જ સાદા આકારે રહેવા જોઈએ;...**' એમાં ફેરફાર થાય નહિ. ધ્રુવ જ જો હોય તો માટી માટીમાં માટીરૂપે રહેવી જોઈએ, માટીનો ઘડો થાય એમ બનવું ન જોઈએ. ધ્રુવ જ હોય તો માટી માટીરૂપે રહે. પણ માટી ઘડારૂપે થાય છે એ પણ એનું હોવાપણું છે. ધ્રુવપણે રહી અને માટી ઘડારૂપે થાય એ પણ એનું હોવાપણું છે. ઘડારૂપે હોવાપણું છે એનું. એને કારણે હોં! કુંભારને કારણે નહિ. સમજાણું કાંઈ? અને

સોનું. સોનું એકરૂપે રહેવું જોઈએ. એને ઠેકાણે સોનું કુંડળરૂપે દેખાય છે. કડા, કુંડળરૂપે. સોનાનો એક સાદો આકાર નથી દેખાતો. સોનું ધ્રુવપણે એકલું હોય તો સોનું સાદું એકલું દેખાવું જોઈએ, પણ સોનું કુંડળને આકારે દેખાય છે. કુંડળને આકારે હોવાપણે દેખાય છે. કુંડળના આકારે હોવાપણે દેખાય છે. માટી ઘડાની અવસ્થાપણે હોવાપણે દેખાય છે. સમજાય છે કાંઈ? આ મહાસિદ્ધાંતો છે આ તો જૈન વીતરાગદેવના, એ વસ્તુના. વીતરાગ દેવના ઘરનું ક્યાં છે એ. સમજાણું કાંઈ? સોનું તો કુંડળ આકારે (થાય છે). એ સોનું છે એ એકરૂપ રહેવું જોઈએ. સાદું સોનું બસ. આ તો કુંડળ આકારે દેખાય છે. કુંડળપણે થવું, હોવું એ પણ એક એનો સ્વભાવ છે. હોવાપણામાં કુંડળપણું પણ આવી જાય છે. માટીના હોવાપણામાં ઘડારૂપે હોવાપણે આવી જાય છે, સોનાના હોવાપણામાં ધ્રુવ રહીને કુંડળપણે થવું એવું આવી જાય છે. ત્યારે જ એનું હોવાપણું સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

અને દૂધનું દહીંપણું. જુઓ! છે કે નહિ? દૂધની દહીં અવસ્થા થાય છે. દૂધની દહીં અવસ્થાપણે ઊપજે છે એ પણ એક એનું હોવાપણું છે. ગોરસનું ગોરસપણે રહી અને દહીં અવસ્થા (થાય છે). દૂધની અવસ્થાનો વ્યય, દહીં અવસ્થાનો ઉત્પાદ એ પણ હોવાપણે છે. છે એમાં છે. છે એમાં ત્રણ છે. પરને લઈને એ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! મૂળ સિદ્ધાંત મહાસિદ્ધાંત.

‘**ભેદો કદી ન થવા જોઈએ.**’ તો માટીમાં ઘડો, સોનામાં કુંડળ, દૂધનું દહીં એવી ભેદ પ્રકારની દશા એકરૂપ ધ્રુવ હોય તો આ સંભવી શકે નહિ. માટે ભિન્ન છે. ભિન્ન-ભિન્ન અવસ્થાપણે એ રહે છે. એ રહે છે ધ્રુવપણે, છતાં ભિન્ન-ભિન્ન અવસ્થા થઈને રહે છે. માટે ત્રણેપણું એનું હોવાપણું છે. સમજાણું કાંઈ? ‘**પરંતુ એમ તો બનતું નથી અર્થાત્ ભેદો તો જરૂર જોવામાં આવે છે.**’ પરંતુ એમ એટલે સાદુંપણું જોવામાં આવતું નથી. ‘**ભેદો તો જરૂર જોવામાં આવે છે. માટે પદાર્થ સર્વથા ધ્રુવ ન રહેતા કોઈ અવસ્થાથી ઊપજે પણ છે અને કોઈ અવસ્થાથી નાશ પણ પામે છે. જો એમ ન માનવામાં આવે તો સંસારનો જ લોપ થાય.**’ આત્મામાં પણ વર્તમાન અવસ્થા જે છે જ્ઞાનની, એ અવસ્થાના ઉત્પાદપણે આત્મા જોવામાં આવે છે અને પૂર્વની અવસ્થાના વ્યયપણે જોવામાં આવે છે. પહેલો ખ્યાલ થોડો હતો. સમજાય છે? એ ખ્યાલનો વ્યય થયો, વિશેષ ખ્યાલનો ઉત્પાદ થયો અને જ્ઞાનરૂપે ભગવાન ધ્રુવ રહ્યો. એ પોતાને કારણે ત્રણ તત્ત્વ છે. સમજાણું કાંઈ? એકલું જ્ઞાન અને આત્મા સાદો એકલો જોવામાં આવતો નથી. એની વર્તમાન અવસ્થા જે કાંઈ હીણી છે એનો વ્યય જોવામાં આવે છે, વિશેષ જ્ઞાનની ઉત્પત્તિનો પર્યાય તે રૂપે અસ્તિત્વ છે એમ જોવામાં આવે છે અને ધ્રુવપણે કાયમ જોવામાં આવે છે. પરને કારણે નહિ. સમજાણું કાંઈ? કર્મને કારણે નહિ. આહા..હા..!

જ્ઞાનની હીણી અવસ્થાપણે જે ઊપજ્યો, એ ઉત્પાદપણે જોવામાં આવે છે. એકલું જ્ઞાન

અને એકલો આત્મા સાદો એટલે એકરૂપ જોવામાં આવતો નથી. એકરૂપ જ્ઞાન અને આત્મા જોવામાં આવતો નથી. એની અવસ્થા હીણી તે છે, એ રૂપે જોવામાં આવે છે. અને હીણીનો અભાવ થઈ વિશેષપણે ઉત્પાદ થાય એ જોવામાં આવે છે અને ધ્રુવપણે પણ જોવામાં આવે છે. સમજાણું કાંઈ આમાં? કહો, ભીખાભાઈ! આ શબ્દથી નહિ એમ કહે છે. શબ્દથી નહિ. એનું પોતાનું ત્રણપણે અસ્તિત્વ દેખવામાં આવે છે.

ભગવાન આત્મા વસ્તુ છે એના ત્રણ અંશોથી તે જોવામાં આવે છે. એક અવસ્થાથી ઊપજે, સાદાપણું, ધ્રુવપણું એકલું ન રહેતા એક અવસ્થાથી ઊપજે છે, પૂર્વ અવસ્થાથી વ્યય થાય છે, ધ્રુવપણે રહે છે. એક સમયમાં ત્રણ અંશથી તેનું હોવાપણું દેખાય છે. સમજાણું કાંઈ? એમ રાગની એકતાપણાની જે ઉત્પત્તિ હતી એને ચૈતન્યના ધ્રુવના સ્વલક્ષે એકતા તૂટીને ભિન્નતા થઈ એ રાગની એકતાનો વ્યય થયો, વીતરાગતાની પર્યાયની એકતાની ઉત્પત્તિ થઈ, ધ્રુવપણે કાયમ રહ્યો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે અનંત ગુણનો પિંડ. એની એક સમયની પર્યાયમાં 'રાગ તે હું' એવી જે એકત્વબુદ્ધિ મિથ્યા ભ્રાંતિ એ પણે જે ઊપજતો હતો એ દેખાય છે, તે ચૈતન્યનું સ્વલક્ષ કરીને તેનો વ્યય થાય છે અને તેના શુદ્ધિની શ્રદ્ધા, જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. એ એકરૂપ ન દેખાતા તેના જ્ઞાનની અને શ્રદ્ધાની પર્યાય ઉત્પન્ન થઈ એમ દેખાય છે. ઉત્પન્નપણે હોવાપણે દેખાય છે. એકલા ધ્રુવપણે પણ નહિ. એની શ્રદ્ધા-જ્ઞાનની પર્યાયના શુદ્ધપણાના ઉત્પાદપણે જોવામાં આવે છે, પૂર્વની વ્યયપણે જોવામાં આવે છે, ધ્રુવપણે જોવામાં આવે છે. ભગવાનજીભાઈ! ભારે વાતું ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

આમ ન હોય તો સંસારનો લોપ થાય. એટલે? આ વિકૃત ભાવ દેખાય છે અને વિકૃત ભાવનો અભાવ થાય છે એવું ન હોઈ શકે. એકલો આત્મા-આત્મા રહે. સમજાણું કાંઈ? સંસારની વિકૃત અવસ્થાઓ ભિન્ન-ભિન્ન, ભિન્ન-ભિન્ન થાય છે એ હોવાપણે છે, એ હોવાપણે છે. પુણ્ય-પાપના ભાવ, રાગના ભાવ એ મારા આદિ એ હોવાપણે એક ભાવ છે, હોવાપણે છે. તદ્દન નથી એમ નહિ એમ કહે છે. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, એટલે એ રાગની એકતા નામ મિથ્યાત્વભાવ ઉત્પાદપણે નથી એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અને એ આત્મામાં અવસ્થાનું બદલવું અને બીજી રીતે થવું એવો ઉત્પાદ જોવામાં આવે છે. ભગવાન આત્મા આમ સ્વના જ્ઞાનના લક્ષે ચડ્યો (ત્યારે) એની પર્યાયની શુદ્ધતાની ઉત્પત્તિપણે જોવામાં આવે છે, અશુદ્ધતાના વ્યયપણે જોવામાં આવે છે. એના હોવાપણામાં આ રીતે જોવામાં આવે છે. બીજાના હોવાપણામાં આમ છે એ અહીં વાત છે નહિ. સમજાણું કાંઈ? લ્યો!

ઓલા કહે કે ભાઈ, કર્મને લઈને જ્ઞાનનો ક્ષયોપશમ થાય. કર્મનો આકરો ઉદય આવે તો એનો ક્ષયોપશમ ઢંકાઈ જાય અને ઉઘાડ થાય તો ક્ષયોપશમ થાય. એ અહીં ના પાડે છે. એમ છે જ નહિ. વસ્તુના સ્વરૂપમાં એમ છે જ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા

એનો જ્ઞાનગુણ એ ત્રિકાળ ધ્રુવ, પોતે ધ્રુવ, એની વર્તમાન અવસ્થા એ પણે એનો ઉત્પાદ જોવામાં આવે છે. સર્વજ્ઞપણે છે એમ જોવામાં નથી આવતું. ભાઈ! શું કીધું? સર્વજ્ઞપર્યાય છે એમ જોવામાં નથી આવતું. હીણી પર્યાય છે એમ જોવામાં આવે છે. હીણીપણે અસ્તિત્વ છે એમ જોવામાં આવે છે. સર્વજ્ઞ સ્વભાવે ધ્રુવ ભલે હો, પણ પર્યાયમાં હીણી પર્યાય જોવામાં આવે છે. સમજાણું કાંઈ? એ પોતાનું હોવાપણે આમ છે એમ કહે છે. પરને લઈને કાંઈ નથી આમાં. આહા..હા..! સમજાણું કાંઈ? મોટા વાંધા આમાં જગતને. કર્મને નામે આત્મામાં ખોસી ઘાલી વાત. કર્મનો ઉદય આવે એટલે આત્મા એમાં દબાઈ જાય એને કર્મને લઈને. કહે છે તો પોતાનું વર્તમાનમાં પોતાની અવસ્થાનું હોવાપણું જે અસ્તિ છે એ કોને લઈને થયું? પોતાનું વર્તમાન અવસ્થાપણાનું હોવાપણું કોને લઈને થયું? પરને લઈને? તો પોતાનું હોવાપણાનું અસ્તિપણું ક્યાં ગયું? અમરચંદભાઈ! આ તો સિદ્ધાંતો ઝીણા છે ભાઈ!

સર્વજ્ઞ પરમેશ્વર.... અને વસ્તુ આમ છે. સર્વજ્ઞ પરમેશ્વરે તો કહ્યું છે. પણ વસ્તુ આ દેખાય છે ને આમ. એકરૂપ રહીને પણ રૂપાંતર થાય છે એ દેખાય છે. એ રૂપાંતરપણું એનું હોવાપણામાં રૂપાંતરપણું છે. પરના હોવાપણાને લઈને રૂપાંતર છે એમ નહિ. કહો, હીરાભાઈ! શું છે આ? કોઈ કહે કે અહીંયાં અવસ્થા બીજી થાય છે અને બીજે જઈએ ત્યાં બીજી થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. એક પ્રકારની.

ઉત્તર :- એક પ્રકારની, બીજે બીજા પ્રકારની થાય છે. ભાઈ! જે અહીં થાય છે એમાં પણ એનો ઉત્પાદપણે, અસ્તિપણે ઈ પોતે થાય છે એમ દેખાય છે કે આને લઈને થાય છે એમ દેખાય છે? એમ કહે છે. આહા..હા..! ઓલો શ્લોક મૂક્યો છે ને જયસેનાચાર્યનો નહિ? સર્વજ્ઞનો. સર્વજ્ઞને શ્રદ્ધે તેના દુઃખનો નાશ થાય. શ્લોક છે અંદર. એનો અર્થ સર્વજ્ઞ પર્યાય ઉત્પન્ન થઈ શકે છે, ધ્રુવપણે સર્વજ્ઞસ્વભાવ છે, ધ્રુવપણે જ્ઞ સ્વભાવ છે, જ્ઞ સ્વભાવ છે, જ્ઞાતાસ્વભાવ છે, એકરૂપ સ્વભાવ છે એના આશ્રયથી અલ્પજ્ઞ અવસ્થાનો વ્યય થાય છે, સર્વજ્ઞ અવસ્થા ઉત્પન્ન થાય છે એમ જોવામાં આવે છે. આમ આત્મા જેને આ રીતે સર્વજ્ઞ સ્વભાવ અને એનાથી ઉત્પત્તિ સર્વજ્ઞ પર્યાયની (થાય છે) એમ જે શ્રદ્ધે એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જઈને આત્માની શ્રદ્ધા થાય. શું કહ્યું સમજાણું?

સર્વજ્ઞને શ્રદ્ધે એટલે? સર્વજ્ઞની પર્યાયનો ઉત્પાદ એ જીવમાં જીવને લઈને જોવામાં આવે છે. કેમકે જે એનું નિધાન સર્વજ્ઞસ્વભાવ ધ્રુવ, સર્વ એટલે (પૂર્ણ) જ્ઞ સ્વભાવ, જ્ઞ એટલે એકરૂપ સ્વભાવ, ધ્રુવસ્વભાવ, વસ્તુનો જ્ઞ સ્વભાવ પૂર્ણ સ્વભાવ એ ધ્રુવ છે. અને એની વર્તમાન અવસ્થામાં અલ્પજ્ઞ અવસ્થા તે ઉત્પાદ છે. હવે એ ઉત્પાદનો વ્યય થઈને સર્વજ્ઞ સ્વભાવના લક્ષે જે પર્યાય સર્વજ્ઞની ઉત્પાદ થાય તે ઉત્પાદ અસ્તિત્વ પોતાથી દેખવામાં આવે છે. સર્વજ્ઞ થયા એ પોતાથી થયા એમ જોવામાં આવે છે. પોતાથી થયા એમ જોવામાં

આવે છે. આહા..હા..! જુઓને એથી આ વાત લીધી છે ને. આ અરિહંત થયા એ પોતાથી થયા એમ જોવામાં આવે છે એમ કહે છે. કર્મને લઈને, પરને લઈને અને ક્ષેત્ર અનુકૂળ અને કાળ અનુકૂળને લઈને એમ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ... લઈને નહિ.

ઉત્તર :- કાંઈ કોઈને લઈને નહિ. પોતે જ ઉત્પાદપણે પરિણમે, એનું હોવાપણું જ એ રીતે છે. ભગવાન જ્ઞાનસ્વભાવ વસ્તુ, અને એનો જે જ્ઞાન એકરૂપ, એકરૂપ સ્વભાવ ધ્રુવ એનો આશ્રય કરવાથી એટલે પર્યાયે આશ્રય કર્યો. પર્યાયમાં ઉત્પાદરૂપે સર્વજ્ઞ પર્યાયપણે ઉત્પાદ છે. એકલું જ્ઞાનપણું, ધ્રુવપણું જોવામાં નથી આવતું. સર્વજ્ઞની પર્યાય સર્વજ્ઞપણે આવી, થઈ, ઊપજી એ જ્ઞાન એકલું સાદું નથી જોવામાં આવતું. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞની પર્યાયપણે ઊપજે છે, ઉત્પાદ હોવાપણે ભાસે છે અને પૂર્વની અલ્પજ્ઞ અવસ્થાના અભાવરૂપે ભાસે છે, શક્તિરૂપે ધ્રુવ છે તે ભાસે છે. આવું જ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

આમ જે માને એને સર્વજ્ઞનો ઉત્પાદપણે ઊપજે છે. ક્યાંથી ઊપજ્યો? કે ધ્રુવમાંથી. એટલે એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જાય છે. વસ્તુ છે આમ ધ્રુવ એકલી નિત્ય જ્ઞાયકભાવ, એમાંથી સર્વજ્ઞપણે ઊપજે છે. આ દ્રવ્યમાં દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શનપણે ઊપજે છે એ સર્વજ્ઞની શ્રદ્ધાનું કારણ છે. એ સર્વજ્ઞ કોણ? પોતે હોં! સમજાણું કાંઈ? એની રમતું ત્રણમાં છે—ઉત્પાદ, વ્યય અને ધ્રુવમાં. બહારને અડતો પણ નથી અને બહારથી એમાં કાંઈ થાતું નથી. કહો આ બાલ-બાલ બીડી કોઈ કરતું નથી એમ કહે છે. આહા..હા..!

આમ જો ન માનવામાં આવે તો તો આ વિકૃત અવસ્થાનું રૂપ જોવામાં આવે છે, એનું હોવાપણું જોવામાં એમ કહે છે અહીં તો. વિકૃત અવસ્થા, દુઃખરૂપ અવસ્થા જીવમાં દેખાય છે ને. એ હોવાપણે દેખાય છે કે ન હોવાપણે? હોવાપણે દેખાય છે. જો આમ હોવાપણું ઉત્પાદ-વ્યયનું ન હોય અને એકલું ધ્રુવ હોય તો આ વિકારનું હોવાપણું દેખાય છે એનો નાશ થઈ જાય. એ રહે નહિ અને એનો અભાવ કરવાનું પણ રહે નહિ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વરના ન્યાયો સૂક્ષ્મ છે, ભાઈ! ભગવાન આત્મા એકરૂપે જોવામાં નથી આવતો, કહે છે. જેમ માટી, સોનું અને દૂધ-ગોરસ એકરૂપે જોવામાં નથી આવતા, એની ભિન્ન-ભિન્ન અવસ્થાપણે જોવામાં આવે છે. એમ આત્મા એકરૂપ જોવામાં નથી આવતો, એકરૂપ જોવામાં નથી આવતો. અને એકરૂપ જો જોવામાં નથી આવતો અને ભિન્ન-ભિન્ન ન માને તો એકરૂપતા છે નહિ અને ભિન્ન-ભિન્નતા ન માને તો સંસારનો નાશ થઈ જાય છે. સંસાર રહેતો નથી અને સંસારની વિકૃત અવસ્થા જગતમાં છે એ વાત સિદ્ધ થતી નથી. અને એમ સિદ્ધ થતાં સંસારની અવસ્થાનો અભાવ થઈને મોક્ષની અવસ્થાનો ઉત્પાદ થાય, એવું ભેદપણું પણ રહેતું નથી. એટલે સંસારનો પણ અભાવ થાય, સિદ્ધ પર્યાયનો અભાવ થાય, ધ્રુવ એકલું રહે એ ધ્રુવનો નિર્ણય કરનારો જ નાશ થયો. કારણ કે નિર્ણય તો પર્યાયમાં થાય

છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- નિર્ણય પર્યાયમેં હોતા હૈ?

ઉત્તર :- પર્યાયમાં નિર્ણય હોતા હૈ ન, ક્યા દ્રવ્યમેં હોતા હૈ? વહ તો ધ્રુવ હૈ ધ્રુવ. નિર્ણય બદલના, નિર્ણય કરના વહ સબ પર્યાયમેં હોતા હૈ. જો ભેદ-ભેદ ન હોય તો આ નિર્ણય કરવું આદિનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આ તો પ્રવચનસાર તો સર્વજ્ઞની દિવ્યધ્વનિ, એમાંથી નીતારેલું તત્ત્વ એકલો સાર મૂક્યો છે. આમ સાદું લાગે જાણે, સત્ ને ઉત્પાદ-વ્યય-ધ્રુવ ને. સાદું નથી, મહા સત્‌ને સિદ્ધ કરવાવાળી ચીજ છે. સમજાણું કાંઈ?

**'આમ દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી...'** ધ્રુવમય. દરેક આત્મા, પ્રત્યેક પરમાણુ એ અવસ્થાથી ઊપજે, એક અવસ્થાથી બદલે, ધ્રુવપણે રહે એવું હોવાથી **'મુક્ત આત્માને પણ...'** સિદ્ધને પણ **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવશ્ય હોય છે.'** સિદ્ધમાં પણ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ અવશ્ય હોય છે. આહા..હા..! સિદ્ધને પણ લાગુ પડ્યા આ તો ઉત્પાદ-વ્યય તો. પર્યાયે તો ત્યાં પણ છેડો ન છોડ્યો. પણ પર્યાયનું હોવાપણું એટલે કે એ છે. અરે..! જૈનદર્શન નહિ, વસ્તુદર્શન શું છે? લોકોએ સાંભળી નહિ, સાંભળી નહિ. એમ ને એમ છે, આત્મા છે, ફલાણું છે. શું છે તે પણ? સમજાણું કાંઈ? એ ત્રણ અંશથી છે.

તેથી **'મુક્ત આત્માને પણ...'** અવસ્થાનું એક અવસ્થાના હોવાપણે ઊપજે, એક અવસ્થાના અભાવપણે હોય, અભાવપણે હોય પાછું હોં! અને એકપણે, ધ્રુવપણે હોય. જરૂર હોય છે. **'સ્થૂળતાથી જોઈએ તો, સિદ્ધપર્યાયનો ઉત્પાદ થયો,...'** સિદ્ધદશાની અવસ્થા. એ અવસ્થા છે સિદ્ધપણું, એ કોઈ દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય છે એ ત્રિકાળી છે, ગુણ છે એ ત્રિકાળી છે, અવસ્થા જે કેવળજ્ઞાન, પરમાનંદ સિદ્ધ મોક્ષદશા, મોક્ષદશા એ પર્યાય છે. એ તો સમકિતની પર્યાય કહે છે એને ગુણ કહો, પર્યાય કેમ કહો છો? ક્ષુલ્લક કેવા? સિદ્ધસુરી કેવા? તમે સમકિતને પર્યાય કેમ કહો? ગુણ કહો. તમે આત્મધર્મમાં લખો. અરે..! ભગવાન! અહીં તો સિદ્ધ પોતે પર્યાય છે, સાંભળને, ગુણ નથી. ગુણ તો ત્રિકાળી હોય. સિદ્ધદશા, સંસારદશા, મોક્ષમાર્ગદશા એ બધી પર્યાય છે, અવસ્થા છે, થાય છે, નવી થાય છે. આહા..હા..! ખબર ન મળે. જૈનના વાડામાં જન્મ્યા એને પણ ખબર ન મળે. સાચી વાત છે ને ભાઈ? જૈન પરમાત્મા... આ જૈન નહિ, એ તો વસ્તુનું સ્વરૂપ આ છે. આ રીતે ન હોય તો કોઈ વાત સિદ્ધ થતી નથી. જ્યારે એમ કહો કે કાંઈક મારે સમજવું છે. એનો અર્થ એ કે અસમજણની અવસ્થા તે બદલી શકે છે, સમજણની અવસ્થા થઈ શકે છે અને બેયમાં કાયમ રહી શકે છે. એ તો વસ્તુનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'સિદ્ધ પર્યાયનો ઉત્પાદ થયો, સંસારપર્યાયનો વ્યય થયો...'** એ સંસાર ઉદયભાવ હતો ચૌદમા ગુણસ્થાન સુધી, એનો વ્યય થયો. **'અને આત્માપણું ધ્રુવ રહ્યું—એ અપેક્ષાએ મુક્ત આત્માને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.'** આ અપેક્ષાએ સિદ્ધની પર્યાયમાં પણ ઉત્પાદ-

વ્યય-ધ્રુવ છે. '**અથવા, મુક્ત આત્માનું જ્ઞાન...**' પરની અપેક્ષાએ સમજાવે છે હોં, કાંઈ નિમિત્ત પદાર્થને કારણે જ્ઞાન પરિણમે છે એમ નથી. '**મુક્ત આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે...**' જ્ઞેય, સર્વજ્ઞનું જ્ઞાન પણ જેવા જ્ઞેય પરિણમે છે તે પ્રમાણે અહીં પરિણમે છે. '**તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં જે જે પ્રકારે ઉત્પાદાદિ થાય...**' સર્વ જણાવાયોગ્ય પદાર્થમાં '**જે જે પ્રકારે ઉત્પાદાદિ થાય છે તે તે પ્રકારે જ્ઞાનમાં ઉત્પાદાદિ થયા કરે છે,...**' તે તે પ્રકારે જ્ઞાનમાં પોતાને કારણે ઉત્પાદ-વ્યય થયા કરે છે. સમજાય છે કાંઈ? જુઓ! આ અવસ્થા જ્ઞાનમાં ભગવાને, વર્તમાન અવસ્થા આમ છે એમ ભગવાને જોઈ છે જ્ઞાનમાં. એ પછી આમ થઈ એ અવસ્થા ભૂતમાં ગઈ, વર્તમાનમાં આ થઈ. એ રીતે જેમ ત્યાં પલટો ખાધો છે એવું જ્ઞાને વર્તમાનમાં આમ હતું એમ જાણ્યું હતું અને ભવિષ્યમાં આમ થઈ ગયું એવું જ્ઞાને જાણ્યું. એ પોતાના જ્ઞાનનો જ એવો ઉત્પાદ સ્વભાવ છે.

અનંત પદાર્થની વર્તમાન અવસ્થા જ્ઞાને જાણી કે વર્તમાન આ છે. ભૂતની આ છે એમ જાણી. હવે એ વર્તમાન અવસ્થા બદલીને ગઈ ભૂતમાં અને ભવિષ્યની અવસ્થા આવી વર્તમાનમાં. એવો પલટો માર્યો ને? તો જ્ઞાનમાં પણ એમ જણાણું કે આ અવસ્થા વર્તમાન હતી એ ગઈ, અહીં જ્ઞાન પણ એમ પરિણમી ગયું પોતાને કારણે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! એને કારણે નહિ હોં! સર્વજ્ઞના પર્યાયમાં એક સમયની અવસ્થામાં ત્રણ કાળ જોયા. તો વર્તમાન અવસ્થાને વર્તમાન તરીકે જોઈ, ભૂતને ભૂત તરીકે, ભવિષ્યને ભવિષ્ય તરીકે. પાછી વર્તમાન અવસ્થા ભૂતમાં ગઈ અને ભવિષ્યની જે અવસ્થા વર્તમાનમાં આવી એવું જ્ઞાન બદલ્યું એ પ્રમાણે. જે વર્તમાન હતું તેને વર્તમાન જાણ્યું હતું, એ વર્તમાન ગયું ત્યારે એને ભૂત તરીકે જાણ્યું જ્ઞાનમાં. એ જ્ઞાન પણ પોતાને કારણે તે બદલે છે. અરે..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં...**' સર્વ હોં! ત્રણ કાળ ત્રણ (લોક) બધાય. '**જે જે પ્રકારે ઉત્પાદિ થાય છે તે તે પ્રકારે જ્ઞાનમાં ઉત્પાદિ થયા કરે છે,...**' પોતાને કારણે હોં! '**માટે મુક્ત આત્માને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે.**' માટે સિદ્ધ ભગવાનના આત્મામાં પણ સમય સમયમાં જ્ઞાનની અવસ્થા ભિન્ન ભિન્ન થાય છે અને ધ્રુવપણે રહે છે. આહા..હા..! અરિહંતના સ્વરૂપને એણે જાણ્યું નથી. ણમો અરિહંતાણં, જાવ.

'**અથવા...**' ત્રીજો બોલ. '**વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો, અગુરુલઘુગુણમાં થતી ષટ્‌ગુણ હાનિવૃદ્ધિને લીધે...**' અગુરુલઘુગુણ છે ને જીવમાં? એને લઈને પર્યાયમાં ષટ્‌ગુણ હાનિવૃદ્ધિનું પરિણમન થયા કરે છે. સૂક્ષ્મ જ્ઞાન વડે (જણાય). એક એક સમયની પર્યાયમાં, કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં પણ ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ, એવો જ કોઈ પર્યાયનો સ્વભાવ છે કે એક સમયમાં ષટ્‌ગુણ હાનિવૃદ્ધિનું પરિણમન થાય છે. એક પર્યાયમાં ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ.

**'હાનિવૃદ્ધિને લીધે મુક્ત આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વર્તે છે. '** ઓહો..હો..! સમજાણું કાંઈ? ત્રણ પ્રકારે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધમાં સિદ્ધ કર્યા, કેવળજ્ઞાની પરમાત્મામાં. એક તો સિદ્ધ પર્યાયે ઉત્પન્ન થયા, સંસાર પર્યાયે વ્યય થયા, ધ્રુવપણે રહ્યા. બીજી રીતે, જ્ઞેયો જે રીતે પરિણમે છે એ રીતે જ્ઞાનનું પરિણમન પોતાને કારણે બદલે છે, એ રીતે પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ થાય છે. ત્રીજી રીતે, એક એક ગુણની એક એક પર્યાયમાં અગુરુલઘુને કારણે ષટ્ગુણ હાનિવૃદ્ધિનું પરિણમન છે માટે પણ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ યજ્ઞ છે મોટો. હમણાં સિહોરમાં કાંઈક કરવાના હતા ને. નોરતા આવે છે ને. મોટો યજ્ઞ કરવાના હતા. કેટલા લાખો ખર્ચવાના હતા. કો'ક છોકરાઓ વાતું કરતા હતા. નવ લાખ .. આપે, દસ લાખ રાજા આપશે. સત્તર સો બ્રાહ્મણોમાં આ બધું. આહા..હા..! અરે..! યજ્ઞ તો ભગવાનના તારો યજ્ઞ. ભગવાન જ્ઞાનસ્વભાવ એમાં દૃષ્ટિ હોમ-એમાં નાખ એ યજ્ઞ છે. આ બધા ધુવાડાના બાચકા છે. ધ્રુવમાં પર્યાયને નાખ. સમજાય છે કાંઈ? યા હોમ સ્વાહા. શોભાલાલજી! એવો ભગવાન આત્મા ધ્રુવપણે બિરાજમાન એને વર્તમાન પર્યાયને અંતરમાં એકાકાર થતાં શુદ્ધ પર્યાયની ઉત્પત્તિ થાય તે મહાયજ્ઞ અજ્ઞાનને બાળી રાખ કરી નાખે છે. સમજાણું કાંઈ? આ નોરતા આવે છે ને નોરતા, એટલે જાણે... એ લોકોને ભ્રમણાનો પાર ન મળે. આહા..હા..! એમ ને એમ અનાદિથી રખડ્યા કરે છે જીવ.

કહે છે, **'અહીં જેમ સિદ્ધભગવાનનાં ઉત્પાદાદિ કહ્યાં તેમ કેવળી ભગવાનનાં પણ યથાયોગ્ય સમજી લેવાં.'** તેરમે ગુણસ્થાને પરમાત્મા કેવળજ્ઞાની બિરાજે છે એને પણ કેવળજ્ઞાનની એક સમયની પર્યાય છે તે ઉત્પન્ન થાય છે, બીજે સમયે તેનો વ્યય થાય છે અને નવી અવસ્થા(નો ઉત્પાદ) ઉત્પન્ન થાય છે, પોતાના ઉત્પાદને કારણે. પૂર્વની અવસ્થાનો વ્યય અને નવી અવસ્થા. જ્ઞેયના બદલવાના કારણે, અગુરુલઘુને કારણે પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ? લ્યો ૧૮ ગાથા થઈ.

**'હવે શુદ્ધોપયોગના પ્રભાવથી સ્વયંભૂ થયેલા આ (પૂર્વોક્ત) આત્માને...'** પોતે મુનિ છે ને. સામ્યભાવ અંગીકાર કર્યો છે. વીતરાગભાવની પર્યાય ઉત્પન્ન થઈ એમ કહે છે અને એ ઉત્પન્નને કારણે આગળ સિદ્ધપર્યાયને પ્રાપ્ત થશે. એને અહીંયાં સ્વયંભૂ કહીને હું પોતે તેમાં ઊપજીશ. એવી સિદ્ધની જે પર્યાય એનું અહીંયાં વર્ણન કરે છે. જેના ફળ તરીકે સિદ્ધપદ આવશે, ઉત્પાદપણે સિદ્ધપદ થશે. સમજાણું કાંઈ? એવા **'શુદ્ધોપયોગના પ્રભાવથી સ્વયંભૂ થયેલા આ આત્માને ઈન્દ્રિયો વિના કઈ રીતે જ્ઞાન અને આનંદ હોય...'** આ એવો આત્મા એકલો જ્ઞાન અને આનંદ શી રીતે રહે? આ ઈન્દ્રિયો ન મળે ને. આ ઈન્દ્રિયો હોય તો તો જ્ઞાન થાય એમ માને છે. ઈન્દ્રિય જ્યાં છે તો જ્ઞાન થાય અને આ છે તો કાંઈક સુખ થાય. કહે છે કે ઈન્દ્રિય વિના એને જ્ઞાન સિદ્ધપદને? એટલે કે આત્માના

શુદ્ધ સ્વભાવના, શુદ્ધ ઉપયોગના પ્રસાદથી પ્રાપ્ત થયેલ સિદ્ધદશાને ઇન્દ્રિયોનો અભાવ અને જ્ઞાનના આનંદનો સદ્ભાવ શી રીતે? કહે છે. જગતને તો એમ છે ને કે આ ઇન્દ્રિય છે તો જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- હા, પણ આંખ ન હોય તો નથી દેખાતું.

ઉત્તર :- ધૂળેય નથી આંખથી. આ દેખાય છે પોતાથી. આંખથી ક્યાં દેખે? એ તો જડ છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય પોતાથી જાણે છે, કાંઈ આંખથી જાણે છે? આંખમાં છે જ્ઞાન? એ તો જડ છે, માટી છે. આ જડના રજકણો છે. એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ એનામાં છે. આના રજકણોનો ઉત્પાદ-વ્યય સમય સમયનો આંખના જડમાં છે. આત્મામાં છે એના? આત્મામાં જ્ઞાનનો ઉત્પાદ અને પૂર્વની અવસ્થાનો વ્યય એ આત્મામાં છે. એ જ્ઞાનનો ઉત્પાદ ઇન્દ્રિયથી થાય છે અહીં? સમજાણું કાંઈ? આહા..હા..!

કોઈ કહે, લ્યો સિદ્ધ થયા. નહિ લાડુ, નહિ વાડી, ગાડી નહિ, ઘોડી નહિ, પૈસા નહિ, લાડવા નહિ, કાંઈ ન મળે. એને જ્ઞાન અને આનંદ છે લ્યો! હવે સાંભળને. તને પણ આ લાડી, વાડી, ઘોડીને લઈને કે દિ' સુખ હતું? તે તો કલ્પ્યું હતું કે આ મને ઠીક છે. એ તો તારી કલ્પનાનો દુઃખભાવ હતો. સમજાણું કાંઈ? એ જ્ઞાન અજ્ઞાન હતું અને ઓલો દુઃખભાવ હતો. એ દુઃખભાવ ગયો અને જ્ઞાન રહી ગયું, એ આનંદ અને જ્ઞાન રહી ગયું. એને કાંઈ ઇન્દ્રિયોની જરૂર છે નહિ. આહા..હા..! નિમિત્તનો અભાવ થયો ને, જ્ઞાનનો વિકાસ થયો અંદર. નિમિત્તનો અભાવ થયો ઇન્દ્રિયોનો તો જ્ઞાન પૂર્ણતાને પામ્યું, આનંદ પૂર્ણતાને પરિણમ્યું. એ તો ઇન્દ્રિયો વિના જ પોતાના ઉત્પાદપણે પરિણમે છે. એ '**આનંદ હોય એવા સંદેહનું નિરાકરણ કરે છે :—**'

**पक्खीणधादिकम्मो अणंतवरवीरिओ अहियतेजो।**
**जादो अदिंदिओ सो णाणं सोक्खं च परिणमदि।।१९।।**
**પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિક પ્રકાશ ને**
**ઇન્દ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.**

એનો અન્વયાર્થ. '**જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યા છે...**' ક્ષય પામી ગયા છે ચાર ઘાતિ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. '**જે અતીન્દ્રિય થયો છે,...**' ભગવાન આત્મા અતીન્દ્રિયરૂપે દશા થઈ છે જેની. અહીં પણ ઇન્દ્રિયથી પાર જ છે, પણ ઓલું નિમિત્તપણું હતું એટલે એને ઇન્દ્રિયવાળો કહેવામાં આવ્યો. અહીં તો અતીન્દ્રિયપણે પરિણમન થઈ ગયું. '**અનંત જેનું ઉત્તમ વીર્ય છે...**' અતીન્દ્રિય થયો ત્યાં અનંત જેનું વીર્ય. એનું બળ, એનું બળ અનંત પ્રગટ્યું છે. જ્યાં સ્વભાવનો વિઘાત જ નથી અને સ્વભાવની પૂર્ણ દશા જ્યાં પ્રગટ થઈ એનું અનંત તેજ, અનંત વીર્ય છે. '**અને અધિક જેનું તેજ છે...**' અધિક એટલે '**(કેવળજ્ઞાન અને કેવળદર્શન) તેજ છે...**' '**ઉત્કૃષ્ટ; અસાધારણ;**

**અત્યંત.'** નીચે લખ્યું છે. જેના કેવળજ્ઞાનના તેજ છે, જેના કેવળદર્શનના તેજ છે. ઉત્કૃષ્ટ, અસાધારણ જેને દશા સર્વજ્ઞને પ્રગટ થઈ છે. આ જ્ઞાન અધિકાર છે ને. આહા..હા..! સમજાણું કાંઈ?

અસાધારણ એવો જે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી એમાં આશ્રય લઈને જે કેવળજ્ઞાન પ્રગટ દશા થઈ એ અતીન્દ્રિયપણે અને અનંત જ્ઞાનદર્શનના તેજપણે, અનંતવીર્યપણે **'એવો તે (સ્વયંભૂ આત્મા) જ્ઞાન અને સુખરૂપે પરિણમે છે.'** જ્ઞાન ને આનંદરૂપી અવસ્થા એની થઈ જાય છે એમ કહે છે. જ્ઞાન અને આનંદની અવસ્થારૂપ થઈ જાય છે. એને સુખ મળે છે ત્યાં, એમ નથી. જ્ઞાન મળે નહિ, એ જ્ઞાન અને સુખરૂપે થઈ જાય છે. સમજાણું કાંઈ? જેવો એનો જ્ઞાન અને આનંદ સ્વભાવ હતો એ રીતે પર્યાયમાં જ્ઞાન અને આનંદરૂપે જેની પર્યાય પરિણમી ગઈ છે. સમજાણું કાંઈ? એને ઈન્દ્રિયો ને બીજા નિમિત્તોની જરૂર નથી. આવો આત્મા સ્વયંભૂ થઈને જ્ઞાનરૂપે, આનંદરૂપે પરિણમ્યો એનું આવું સ્વરૂપ છે કહે છે.

**'ટીકા :- શુદ્ધોપયોગના સામર્થ્યથી જેના ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે,...'** એમ લીધું છે જુઓ! પાઠમાં **'पक्खीणघादि'** છે.

મુમુક્ષુ :- ઘાતિકર્મ ન લીધું.

ઉત્તર :- ત્યાં ન લીધું. પાઠમાં લખ્યું. ત્યાં તો ટૂંકું લેવું છે ને.

**'શુદ્ધોપયોગના સામર્થ્યથી જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે,...'** એ પણ નિમિત્તના કથન છે. શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી જેને કેવળજ્ઞાન થયું છે, ત્યારે કર્મની પર્યાય અકર્મરૂપે પરિણમવાને કારણે ઘાતિકર્મ ક્ષય થયા એમ કહેવામાં આવે છે. આહા..હા..! કર્મના પર્યાયનો જે પરમાણુનો ઉત્પાદ હતો તે કર્મના પરમાણુના કર્મની પર્યાયનો વ્યય થયો, અકર્મરૂપે પરિણમ્યા, એનું નામ ઘાતિકર્મનો ક્ષય કર્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ઓલા કહે, કર્મ ખપે તો કેવળજ્ઞાન થાય. પણ તું અહીં કર તો ખપ્યા વિના રહે નહિ. આ ઊંધેથી લે છે. ઊંધે માણે. ઊંધે માણે ભરે. માણુ સમજો છો? પાલી નથી હોતી? પાલી. પાલી નથી હોતી આ અનાજ ભરવાની? સીધા ભરે તો તો ઠીક, આડું ભરે તો થોડા રહે, આડે માણે ભરે આડું. (ઉંધે) એક દાણો પણ ન રહે. આડો સમજો છો? તીરછા, ટેઢા. આમ હોય છે ને. સીધું ભરે તો રહે, આડું ભરે તો થોડું પણ રહે, ઊંધે એક દાણો પણ ન રહે. એમ ઊંધેથી અજ્ઞાની લ્યે છે. કર્મ ટળે તો આ થાય. એમ નથી. આહા..હા..! તારા સામર્થ્યના બળથી તારો ઉપયોગ જ્યાં કામ કરે ત્યાં કર્મ એને કારણે ટળ્યા વિના રહે નહિ. કર્મનો શું કર્તા હર્તા તું છો? સમજાણું કાંઈ?

**'શુદ્ધોપયોગના સામર્થ્યથી જેના ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે, ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન સાથે અસંપૃક્ત (સંપર્ક વિનાનો) હોવાથી જે અતીન્દ્રિય થયો છે,...'** અતીન્દ્રિયની

વ્યાખ્યા કરી છે. પ્રક્ષીણ ઘાતિકર્મની વ્યાખ્યા કરી, અતીન્દ્રિયની વ્યાખ્યા કરી. શું અતીન્દ્રિય એટલે? '**ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન...**' એ ઓછા વિકાસવાળા જ્ઞાન-દર્શનની જે પર્યાય હતી એની સાથે જે સંપર્ક હતો એ સંપર્ક વિનાનો થઈ ગયો માટે અતીન્દ્રિય થયો. અલ્પ જ્ઞાન અને અલ્પ દર્શનનો વિકાસ જે હતો એના સંપર્કરહિત થઈ ગયો. એકલું અતીન્દ્રિય જ્ઞાન-દર્શન થયું. સમજાણું કાંઈ? 'થયો' એમ કહ્યું જોયું! '**(સંપર્ક વિનાનો) હોવાથી જે અતીન્દ્રિય થયો છે,...**' ઈન્દ્રિયના નિમિત્તના લક્ષમાં ક્ષયોપશમ જ્ઞાન જે ઓછું હતું એનો સંપર્ક ટળ્યો. સ્વભાવનો આશ્રય થયો એટલે અતીન્દ્રિય જ્ઞાન પરિણમ્યું.

'**સમસ્ત અંતરાયનો ક્ષય થયો હોવાથી અનંત જેનું ઉત્તમ વીર્ય છે,...**' સમસ્ત અંતરાય કર્મ છે ને? '**શુદ્ધોપયોગના સામર્થ્યથી જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે.**' એ પહેલો સિદ્ધાંત લઈને આ બધી વાત છે. પહેલું મથાળું લઈને. '**અંતરાયનો ક્ષય થયો હોવાથી...**' આ તો એક એકમાં શું થયું એ (કહે છે). '**અનંત જેનું ઉત્તમ વીર્ય છે,...**' ઉત્તમ વીર્ય. અનંત શાંતિ અને આનંદની રચનાવાળું વીર્ય. ભગવાન આત્મા પોતાની પૂર્ણતા, શુદ્ધતાને રચે એવું ઉત્તમ વીર્ય. સમજાણું કાંઈ? અજ્ઞાનમાં રાગને રચતો એ ઉત્તમ વીર્ય નહિ. સમજાય છે કાંઈ? પરને તો રચી શકતો નથી, પણ અજ્ઞાનમાં રાગ અને અજ્ઞાનને રચતો એ વીર્ય નહિ એમ કહે છે. વીર્ય આત્મબળ તો પોતાના શુદ્ધ પરિણમનને જે રચે, પરમાત્મદશાને રચે એવું જેનું ઉત્તમ વીર્ય પ્રગટ થયું છે. આહા..હા..! લ્યો! આ વીર્યનું કામ. સમજાણું કાંઈ?

'**સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો પ્રલય થયો હોવાથી અધિક જેનું કેવળજ્ઞાન અને કેવળદર્શન નામનું તેજ છે...**' બધું નિમિત્તરૂપે જ્ઞાનાવરણ દર્શનાવરણ પ્રલય થયો હોવાથી... ભાષા તો જુદી જુદી છે. અંતરાય થયો તો અનંતવીર્ય, '**कृत्स्नज्ञानदर्शनावरणप्रलयाद-धिककेवलज्ञानदर्शनाभिधानतेजाः**' ઠીક! જુદી જુદી ભાષા કરીને સ્પષ્ટ કરે છે. '**અધિક જેનું કેવળજ્ઞાન અને કેવળદર્શન નામનું તેજ છે એવો આ (સ્વયંભૂ) આત્મા,...**' એવો સ્વયંભૂ પ્રગટેલો પરમાત્મા પર્યાયપણે ઊપજ્યો એ સ્વયંભૂ, એમ કહે છે. સમજાણું? '**સમસ્ત મોહનીયના અભાવને લીધે અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળા આત્માને (-અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય જેનો સ્વભાવ છે એવા આત્માને) અનુભવતો થકો...**' એને અનુભવતો થકો, પૂર્ણ આનંદને અને શાંતિને વેદતો થકો. '**સ્વયમેવ (પોતે જ) સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન અને અનાકુળતાલક્ષણ સુખ થઈને પરિણમે છે.**' લ્યો! એની વ્યાખ્યા આવશે વિશેષ. સ્વયમેવ સ્વપરપ્રકાશતાલક્ષણ જ્ઞાન. સ્વપરપ્રકાશલક્ષણ જ્ઞાન અને અનાકુળતાલણક્ષ સુખ એ થઈને પરિણમી જાય છે આત્મા. ઈ વ્યાખ્યા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૩, શુક્રવાર, તા. ૨૦.૯.૧૯૬૮**
**ગાથા-૧૯ થી ૨૧, પ્રવચન-૧૮**

૧૯મી ગાથા. ટીકાનો થોડો ભાગ છેલ્લો છે. પ્રવચનસાર. અહીંયા આવ્યું જુઓ. શુદ્ધ ઉપયોગના સામર્થ્યથી જેને મોહકર્મનો અભાવ થયો છે. છેલ્લું આવ્યું હતું. '**તેથી સમસ્ત મોહનીયના અભાવને લીધે અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળા આત્માને...**' શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળા આત્માને '**અનુભવતો થકો...**' આત્મા પોતાને શુદ્ધ ત્રિકાળી ચૈતન્ય આનંદ અને શુદ્ધ સ્વભાવ, એના અંતર્મુખ શુદ્ધ ઉપયોગના આચરણ દ્વારા મોહનો નાશ થવાથી શુદ્ધ સ્વભાવને અનુભવતો '**સ્વયમેવ (પોતે જ) સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન...**' પોતે જ જ્ઞાનરૂપે પરિણમી જાય છે કહે છે. જ્ઞાનરૂપે સર્વજ્ઞપદપણે આત્મા જ્ઞાનની શક્તિ જે પૂર્ણ છે એવી વ્યક્તપણે પૂર્ણ પોતે પરિણમી જાય છે. સર્વજ્ઞપણું એ પર્યાયમાં પૂર્ણ થઈ જાય છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ જે સ્વભાવ આત્માનો ત્રિકાળ, એને શુદ્ધ ઉપયોગ એટલે પુણ્ય-પાપના વિકલ્પરહિત શુદ્ધ ઉપયોગના આશ્રય દ્વારા મોહ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયનો નાશ થવાથી આત્મા જ પોતે પોતાની જ્ઞાનની પૂર્ણ અવસ્થારૂપે પરિણમી જાય છે. કેવળજ્ઞાનરૂપે આત્મા પરિણમી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ, સ્વપરપ્રકાશકલક્ષણ જ્ઞાન છે ઈ. જ્ઞાન કેવું છે? કે સ્વને જાણે અને પરને જાણે. ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી પોતાની પર્યાયનો સ્વપરપ્રકાશક પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? જુઓ! આ જ્ઞાનતત્ત્વ અધિકાર છે. એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળ એનો અંતર આશ્રય કરતાં શુદ્ધ ઉપયોગના આચરણ દ્વારા ચાર કર્મનો નાશ થતાં આત્મા પોતે નિર્વિકારી ચૈતન્યના પરિણમનરૂપે જ્ઞાનરૂપે પરિણમી જાય છે. સ્વપરપ્રકાશક જ્ઞાનની અવસ્થારૂપે થઈ જાય છે. જે જેનું સાધ્ય હતું તે પૂર્ણ થઈ જાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**અને અનાકુળતાલક્ષણ સુખ થઈને પરિણમે છે.**' લ્યો! આનંદ જે પૂર્ણ આનંદનું ધ્યેય હતું, ધર્મીનું ધ્યેય તો પૂર્ણ આનંદપણે પરિણમવું (એ) એનું સાધ્ય અને ધ્યેય છે. એ પોતાના ભગવાન આત્માને જ્ઞાન અને આનંદ એવા સ્વભાવનો આશ્રય લઈને જે પર્યાયમાં અનાકુળતાલક્ષણરૂપ આનંદરૂપે પરિણમી ગયું. એ આનંદને માટે, એ જ્ઞાનને માટે ઈન્દ્રિયાદિ નિમિત્તોની જરૂર નથી.

મુમુક્ષુ :- તો બીજાને નિમિત્તની જરૂર છે એમ થયું.

ઉત્તર :- બીજાને હોય છે. જરૂર નહિ, બીજાને હોય છે. આને હોતી નથી. હોય છે બીજાને. હોય છે છતાં કામ તો પોતાથી કરે છે. એમ કે ઈન્દ્રિય હોય તો જ્ઞાન થાય, ઈન્દ્રિય

ગઈ અને હવે જ્ઞાન કેમ રહ્યું? એમ પ્રશ્ન છે અહીં તો. પહેલેથી ઈન્દ્રિય હતી ત્યારે જ્ઞાન તો પોતાથી જ હતું. સમજાણું કાંઈ? તો એમ કહે, ઈન્દ્રિય ગઈ ત્યારે હવે જ્ઞાન કેમ રહ્યું? કે જ્ઞાન તો અતીન્દ્રિય જ્ઞાન પોતે પોતાનું પરિણમન કરી નાખ્યું માટે રહ્યું. આનંદરૂપે કેમ થયો? એમ કહે. ઈન્દ્રિય હોય તો તો વળી જરી આમ લક્ષ કરીને આમ... પણ આનંદ એમાં છે જ ક્યાં? અનાકુળ આનંદ પોતાનું સ્વરૂપ છે. જ્ઞાનતત્ત્વ છે એટલે જ્ઞાનમાં જ્ઞાનશક્તિ પૂર્ણ છે અંદર, આનંદ છે એને આશ્રયે અંદર જ્ઞાન અને આનંદની પર્યાયપણે આત્મા પરિણમી ગયો. એને ઈન્દ્રિયાદિની જરૂર નથી. જુઓ!

**'આ રીતે આત્માનો, જ્ઞાન અને આનંદ સ્વભાવ જ છે.'** સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનની અનુભૂતિ કરે, આનંદનો અનુભવ કરે. એ તો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **'જ્ઞાન અને આનંદ તો સ્વભાવ જ છે.'** જે અંદર જ્ઞાન અને આનંદ સ્વરૂપ જે વસ્તુ હતી એ રૂપે પર્યાયમાં પરિણમી ગયો. જ્ઞાન અને આનંદ એનો સ્વભાવ હતો એ પ્રગટ થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? આ ધર્મીને પ્રાપ્ત કરવાનું એ પ્રાપ્ત કર્યું એમ કહે છે.

મુમુક્ષુ :- પ્રાપ્તની પ્રાપ્તિ થઈ ગઈ.

ઉત્તર :- થઈ ગઈ.

**'અને સ્વભાવ તો પરથી અનપેક્ષ હોવાથી...'** જુઓ! સ્વભાવને પરની અપેક્ષા હોય નહિ. **'ઈન્દ્રિયો વિના પણ આત્માને જ્ઞાન અને આનંદ હોય છે.'** લ્યો! અહીં તો એમ કે આવું જ્ઞાન થયું એને ઈન્દ્રિય ન મળે અને આવું કેમ? પણ અમથું ઈન્દ્રિયને લઈને જ્ઞાન અહીં પણ નહોતું. સમજાય છે? વિશેષપણે જ્ઞાન સામાન્ય હતું એ વિશેષપણે થતું, એ કાંઈ ઈન્દ્રિયો છે માટે થતું, એમ છે? એ જ સામાન્ય જ્ઞાન શક્તિરૂપે-અનહદ સ્વભાવરૂપે હતું એ પર્યાયમાં પૂર્ણપણે જ્ઞાન અને આનંદરૂપે પરિણમી ગયું. કહો, સમજાણું કાંઈ? એનું નામ કેવળજ્ઞાન અને એનું નામ મોક્ષદશા. એ મોક્ષદશા શુદ્ધ ઉપયોગ દ્વારા થાય છે એમ કહે છે. અને એ શુદ્ધ ઉપયોગ અંતરમાં આશ્રય કરે ત્યારે પ્રગટ થાય. સમજાણું કાંઈ?

કહે છે કે જ્ઞાન અને આનંદ તો તારો સ્વભાવ જ છે એમ કહે છે. એ આનંદ કાંઈ બહારથી લાવવો પડતો નથી. આનંદ અને જ્ઞાન તારો સ્વભાવ છે. એમાં એકાગ્ર થતાં પર્યાયમાં. દ્રવ્ય-ગુણે હતું, પર્યાયમાં પૂર્ણ જ્ઞાન અને આનંદ થઈ જાય છે. જે સ્વભાવ હતો એ પ્રગટ થઈ ગયો એનું નામ મોક્ષ. કહો, સમજાણું કાંઈ? ક્યાં રખડ્યા રખડ કરે છે બહાર. ક્યાંકથી જાણે બહારથી જ્ઞાન આવશે, બહારથી સુખ આવશે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન થાય ત્યારની વાત છે ને.

ઉત્તર :- અરે..! અહીં અત્યારની વાત છે. અત્યારે જ કહે છે તારું સ્વરૂપ જે જ્ઞાન અને આનંદ છે એમાં એકાગ્ર થા તો જ્ઞાન અને આનંદ આવશે. પૂર્ણ એકાગ્ર થા તો પૂર્ણ થાશે. એ વાત કરે છે અહીં. સમજાય છે કાંઈ? પોતાનો સ્વભાવ જ જ્ઞાન અને આનંદસ્વરૂપ

છે. તો સ્વરૂપ, સ્વભાવભાવ ભાવ એનો છે. એની સન્મુખતા થઈને જે જ્ઞાન-દર્શન ને આનંદ પ્રગટે એનું નામ ધર્મ. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ. અને એ ધર્મના ફળ તરીકે ઉત્કૃષ્ટપણે થાય કેવળજ્ઞાન આનંદપણે પરિણમી જાય એ ધર્મનું ફળ. ધર્મ કીધો ને શુદ્ધ ઉપયોગ? શુદ્ધ ઉપયોગ એટલે ધર્મ, એમ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણમવામાં ઇન્દ્રિયાદિ પર નિમિત્તોની જરૂર નથી;...**' સમજાણું કાંઈ? એમ છે કે અહીં તો નિમિત્ત (હતું માટે જ્ઞાન થયું), પણ આ વધ્યું જ્ઞાન એના માટે કોઈ નિમિત્તની જરૂર છે? એમ કહે છે. વધ્યુંને ખૂબ. કે એને માટે કાંઈ? ના. એ તો શક્તિ હતી એ પ્રગટરૂપે થઈ, પોતે પરિણમીને પોતે ઊભો થયો એમાં ઇન્દ્રિયોની જરૂર નથી. પણ એને વિશ્વાસ આવતો નથી. આ હું એક આખો ભગવાન છું અને પરિપૂર્ણ પરમેશ્વરની શક્તિનો પિંડ જ હું છું. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ પર્યાય એ દ્રવ્યને પૂજે છે. સમજાય છે કાંઈ? એ દ્રવ્યને પૂજતાં તેને અંતરમાં આનંદ અને જ્ઞાન પ્રગટ થાય છે. અને તે આનંદ ને જ્ઞાન, શાંતિ આદિ સમભાવ પ્રગટ્યો એ દ્વારા... ચરિત્રની વાત લીધી હતી ને. ચારિત્ત ખલ્લુ ધમ્મો એટલે સામ્યભાવ. અંતરમાં વીતરાગપણે પરિણતિ પ્રગટ થવી, આત્માના સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્ય વસ્તુની પ્રતીત, અનુભવવું અને તેનું જ્ઞાન અને તે પૂર્વક વીતરાગી પરિણતિ પર્યાય, એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. એ ચારિત્રના ફળ તરીકે જ્ઞાન અને આનંદરૂપે પરિણમી જાય એ એનું ફળ છે. સમજાણું કાંઈ?

'**આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણમવામાં...**' એટલે થવામાં '**ઇન્દ્રિયાદિ** (ઇન્દ્રિય-મન આદિ) **પર નિમિત્તોની જરૂર નથી;...**' સમજાણું કાંઈ? '**કારણ કે સ્વપરનું પ્રકાશકપણું જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવું જ્ઞાન...**' સ્વપરનું પ્રકાશપણું એવો તો એનો જીવનો પોતાનો સ્વભાવ છે એવું જે જ્ઞાન. '**અને અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ આત્માનો સ્વભાવ જ છે.**' કહો, સમજાણું કાંઈ? આ તો જ્ઞાન અધિકાર છે. જ્ઞાનસ્વરૂપે પોતે પરિણમીને આનંદ અને જ્ઞાનરૂપે થઈ જાય છે એમ જ્ઞાન બરાબર જાણે. સમજાણું કાંઈ?

'**હવે અતીન્દ્રિયપણાને લીધે જ શુદ્ધ આત્માને** (કેવળીભગવાનને) **શારીરિક સુખદુ:ખ નથી એમ વ્યક્ત કરે છે :—**' એ આત્માને કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય એને આહાર ન હોય, કવળ આહાર ન હોય એમ સિદ્ધ કરે છે. આનંદરૂપ પોતે થયો, જ્યાં ઇન્દ્રિયો નથી પછી હવે શું થયું? સમજાય છે કાંઈ? ભગવાન પોતાના આનંદના સ્વરૂપમાં આરૂઢ થઈ અને આનંદરૂપે પરિણમી ગયો એવા ભગવાન કેવળીને આહાર હોતો નથી, ક્ષુધા નથી, તૃષા નથી એટલે એને કવળ આહાર, આહાર ભગવાનને હોય નહિ એમ કહે છે. આવે છે ને? ... અણગાર લાવ્યા આહાર. નથી આવતું? ભગવતીમાં આવે છે. એઈ..!

રોગ થયો ભગવાનને છ મહિના. મહાવીર ભગવાનને છ મહિના રોગ થયો, ... એક હતો એણે તેજો લેશ્યા મારી... રોગ થયો પછી દવા લાવ્યા. સમજ્યા ને? પછી ખાધું ને રોગ મટી ગયો. લ્યો! એવું આવે છે શ્વેતાંબરમાં. ...ભાઈ! સાંભળ્યું છે ને? ઘણું સાંભળ્યું છે. ભગવાનભાઈ! તમે તો પરદેશમાં રહ્યા બહુ ન સાંભળ્યું હોય. કહો, સમજાણું કાંઈ? ભાઈ! એમ ન હોય.

જ્યાં આત્માની આનંદદશા અંદર સ્વરૂપ છે આત્માનું, એવા આનંદનું જ્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાન અને ચારિત્ર પ્રગટ્યું અને એના ફળ તરીકે કેવળજ્ઞાન પ્રગટ્યું એને વળી આહાર કેવા? પાણી કેવા? રોગ કેવા? એને ન હોય. એને દેવની ખબર નથી. સમજાણું કાંઈ? અચ્છન્ન આહાર એમ વળી કહે છે. આહાર લે ખરા પણ દેખાય નહિ લોકોને. એવો અતિશય આવે છે એમાં. ન્યાલભાઈ! અચ્છન્ન આહાર. અરે..! ભાઈ! કેવળજ્ઞાન, બાપુ! તને ખબર નથી. ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદનો સમૂહ ભેગો, એ જ્ઞાન અને આનંદનો સમૂહ પૂંજ પ્રભુ છે. એમાં અંતરમાં એકાગ્ર થઈને જ્યાં પૂર્ણ શક્તિની પ્રગટ દશા વ્યક્ત-પ્રગટ થઈ ગઈ એને વળી આહાર કેવા? એ રોગ કેવા શરીરમાં? એને પાણી કેવા? સમજાય છે? એ કવળ આહાર લે અને ક્ષુધા મટે એ તો બધી છદ્મસ્થની વાતું છે. સમજાણું કાંઈ? એને દેવના સ્વરૂપની ખબર નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. સંપ્રદાય પડ્યા, ભંગ પડ્યા ભંગ, ભાગ પડી ગયા. તકરાર ઝઘડા-ઝઘડા ઊભા કર્યા.

એ વાત અહીંયાં ભગવાન કુંદકુંદાચાર્ય ૨૦મી ગાથામાં કહે છે લ્યો!

**सोक्खं वा पुण दुक्खं केवलणाणिस्स णत्थि देहगदं।**
**जम्हा अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं।।२०।।**
**કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,**
**જેથી અતીન્દ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.**

સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે સીમંધર ભગવાન એની પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. આઠ દિ' ત્યાં રહી, મુનિ હતા, જ્ઞાની હતા, ત્યાંથી આવીને આ બધા શાસ્ત્રો રચ્યા છે. કહે છે, ભાઈ! આત્મામાં જ્યાં અનાહારી સ્વરૂપ જ આત્માનું છે, એવી જ્યાં દશા કેવળ અને આનંદ જ્યાં પ્રગટ થયો, એને વળી આહાર લેવાની વૃત્તિ, આહાર લાવે અને આહાર ખાય અને ક્ષુધા મટે—આ વસ્તુ નથી. કેવળજ્ઞાનના સ્વરૂપને વિકૃત કરી નાખ્યું છે. સમજાણું કાંઈ? સાચા અરિહંત સર્વજ્ઞદેવ.. જાધવજીભાઈ! સાંભળ્યું છે કે નહિ બધું ત્યાં? કલકત્તા બધું સાંભળ્યું હશે, ફલાણું છે ને ઢીંકણું છે બધું. જયસેનાચાર્યમાં ઘણું લખ્યું છે, અંદર ટીકામાં ઘણી વાતું લખી છે. ૨૦મી ગાથા.

'**અન્વયાર્થ :- કેવળજ્ઞાનીને શરીર સંબંધી સુખ કે દુઃખ નથી.**' શરીરમાં ક્ષુધા લાગે તેથી દુઃખ થાય અને આહાર મળ્યા પછી એને શાતા થાય એમ છે નહિ. સમજાણું

કાંઈ? ઘણું ઓલામાં નાખ્યું છે, અંદર લખ્યું છે જુઓ! '**अथोच्यते—तस्यातिशयविशेषात्प्रकटा भुक्तिर्नास्ति प्रच्छन्ना विद्यते।**' એક શબ્દ એ લીટીમાં છે. એ ખોટી વાત છે એમ કહે છે. '**तर्हि परमौदारिकशरीरत्वाद्भुक्तिरेव नास्त्ययमेतातिशयः किं न भवति।** ' પરમ ઔદારિક શરીર થઈ ગયું છે. સર્વજ્ઞદશા જ્યાં થઈ ત્યાં શરીરના રજકણો પરમ ઔદારિક થઈ જાય છે. એને રોગ ન હોય, ક્ષુધા ન હોય, તૃષા ન હોય. એવી દશા પરમાત્મા પૂર્ણ પરમેશ્વર થયા. ચાર ઘાતિકર્મનો નાશ થયો. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય (પ્રગટ થયા). સમજાણું કાંઈ? એવા ભગવાન કોઈને વંદન ન કરે, એ ભગવાન આહાર ન કરે.

'**કેવળજ્ઞાનીને શરીર સંબંધી સુખ કે દુઃખ નથી. કારણ કે અતીન્દ્રિયપણું થયું છે તેથી...**' આ સિદ્ધાંત મૂક્યો. અતીન્દ્રિય થયા એને ઇન્દ્રિય સંબંધીનો આહાર અને શાતા એ હોય ક્યાંથી? એમ કહે છે. સમજાણું કાંઈ? અનંત અનંત અમૃતના સ્વાદના ભોગી ભગવાન. આહા..હા..! કેવળજ્ઞાની પરમાત્મા એટલે અતીન્દ્રિય અનંત આનંદના ભોગી. એને વળી આહાર હોય ને... સમજાય છે? એ ભગવતીમાં આવે છે. છ મહિના સુધી ભગવાનને રોગ રહ્યો. પછી.. સમજ્યા? શિવ અણગાર એક હતા. એને એમ થયું કે અરેરે..! ભગવાનને રોગ આ? ભગવાન કાળ કરી જશે. આવી વાતું બધી. પછી શિવ અણગાર એક વાડીમાં આઘા વયા ગયા ઊંડે ઊંડે. જઈને રોયા, બહુ રોવે મુનિ. રોવા મંડ્યા. પછી ભગવાને કહેવરાવ્યું, જાવ બોલાવો સિંહાને. હે સિંહા! હું તો હજી સોળ વર્ષ ગંધહસ્તિપણે રહેવાનો છું. સમજાય છે? અને પછી એણે આહાર બનાવ્યો છે મારે માટે એ લાવીશ નહિ, ઘોડા માટે બનાવ્યો છે કોળાપાક એ લાવજે. એમ ભગવાન કહે છે. એ બધી વાતું.

મુમુક્ષુ :- બિજોરાપાક.

ઉત્તર :- બિજોરાપાક એમ છે. ભાઈ! એ વાત ન હોય, પ્રભુ! ભાઈ! એને દેવના સ્વરૂપની જ ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમે પણ અંદર હતા કે નહિ? તમે અને શેઠ હતા. એઈ..! ન્યાલભાઈ! આ અપાસરાના આગેવાન. આહા..હા..! કાંઈક મધ્યસ્થની વીતરાગી વાત છે બાપા! આહા..હા..!

અહીંયા આત્મા વીતરાગી વિજ્ઞાનઘનનો પિંડ જ આત્મા છે. 'જિનપદ નિજપદ એકતા.' એવું વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ જ પ્રભુ છે. એનો આશ્રય કરીને વીતરાગ વિજ્ઞાનની પર્યાયરૂપે પૂર્ણ દશા પરિણમી એને હવે આહાર શા? એને પાણી શા? એને રોગ શા? સમજાય છે કાંઈ? એ દેવના સ્વરૂપને વિપરીત કરી નાખ્યું છે. સમજાણું કાંઈ? ગુરુના સ્વરૂપને પણ વસ્ત્ર અને પાત્ર સહિત મુનિપણું એ ગુરુના સ્વરૂપનું વીતરાગમાર્ગથી વિપરીત કરી નાખ્યું. સમજાણું કાંઈ? એ સમજાવવા અહીંયાં ભગવાન અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય કહે છે કે ભાઈ!

કેવળજ્ઞાનીને તો અતીન્દ્રિયપણું થયું છે ને. ઇન્દ્રિય સંબંધીનો આહાર અને ઇન્દ્રિય સંબંધીની શાતા એ તો એને હોતી નથી. જગતના ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેય જેમ-જ્ઞાનમાં જણાય છે, એમ ઇન્દ્રિયો જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? '**તેથી એમ જાણવું.**' છે ને? '**णेयं**' '**अदिंदियत्तं जादं तम्हा दु तं**' એમ. અતીન્દ્રિય દશા જ્યાં પ્રગટ થઈ ભગવાન આત્માને... અતીન્દ્રિય સ્વરૂપ તો છે, પણ એની સમ્યગ્દર્શન પહેલી અનુભવમાં પ્રતીતિ થતાં, આ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનમૂર્તિ જ છે એવું સમ્યગ્દર્શન થતાં એના ભાનમાં આવી જાય છે કે આ તો કેવળજ્ઞાનની મૂર્તિ આ છે. આમાંથી કેવળજ્ઞાન પ્રગટ થશે અને આમાંથી પૂર્ણ આનંદ પ્રગટ થશે. કોઈ બીજી ક્રિયાથી નહિ, એ આમાંથી થશે. એમ પ્રતીત અને જ્ઞાન જ્યાં સમ્યક્ થતાં થાય એને સામ્યભાવ જ્યાં પ્રગટ થયો ચારિત્રનો વીતરાગી દશા... સમજાય છે કાંઈ? વાત અધ્યાત્મની છે ને નિશ્ચયની એટલે બાહ્ય લીધી નથી. છેલ્લા અધિકારમાં લેશે કે મુનિની દશા તો જિનવરે કહેલી નિર્ગ્રંથ નગ્ન દશા હોય છે. સમજાય છે કાંઈ? એ ત્યાં ચરણાનુયોગમાં સ્પષ્ટ કરશું.

અહીં તો જ્ઞાનતત્ત્વ નિશ્ચય અધિકાર છે ને, એટલે એનું જ્ઞાનસ્વરૂપ છે એવી સમભાવની પ્રગટ દશા થતાં તેના ફળ તરીકે કેવળજ્ઞાન થયું એને હવે આનંદ અને જ્ઞાન છે, એને ઇન્દ્રિયો નથી માટે એને ક્ષુધા ને તૃષા ને રોગ નથી કે દુઃખ છે નહિ કે દુઃખનો અભાવ કરવાનું શાતા સુખ પણ છે નહિ. અનંત આનંદ-આનંદ પ્રગટ્યો હવે વળી દુઃખ ક્યાં અને સુખ ક્યાં બહારમાં? સમજાણું કાંઈ? ત્યાં તો (શ્વેતાંબરમાં) એવો લેખ છે, ચંદન મહાસતીનો. આહાર લીધો, નિરોગ થયા. હઠાવ શરીર અને ઇન્દ્રો રાજી થયા, બધા રાજી થયા, પુષ્પ.. રોગ મટી ગયો ભગવાનને. રાજી થાય ને, બાપને રોગ મટે તો છોકરા રાજી થાય. લોક જેવી વાત છે બાપા! સમજાણું કાંઈ? આહા..હા..! પરમેશ્વર દશા. કેવળજ્ઞાની એને વળી આહાર કેવા? પાણી કેવા? રોગ કેવા? લ્યો અહીં તો ભગવાન હોય, ઘોડીએ ભગવાન ચડે. અને પછી ભગવાન લેવા આવે મરે ત્યારે. એક ઠેકાણે તો એવું આવ્યું હતું કે ભગવાન આવ્યા ખરા લેવા, પછી એનું ઘર ક્યાં એમ પૂછ્યું. મોટા ... અરેરે..! આ ભગવાનને તે ક્યાં ચીતરી નાખ્યા! આહા..હા..! સમજાણું કાંઈ?

આ સર્વજ્ઞ પરમેશ્વર પોતે જ પરમાત્મારૂપે પરિણમી ગયો આત્મા, એ પરમાત્માનું શરીર જ પરમ ઔદારિક હોય છે. સ્ફટિક જેવું શરીર થઈ જાય છે. એને રોગ ન હોય, ક્ષુધા ન હોય, તૃષા ન હોય. સમજાણું કાંઈ? આત્માની પૂર્ણ દશા થતાં શું થાય એની ખબર નથી એનો અર્થ કે દેવના સ્વરૂપની ખબર નથી. ઘણો ફેરફાર.

'**ટીકા :- જેમ અગ્નિને લોખંડના ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત વિલાસ નથી...**' શું કહે છે? '**(અર્થાત્ અગ્નિ તે લોખંડના ગોળાના પુદ્ગલોના વિલાસથી--તેમની ક્રિયાથી—ભિન્ન છે)...**' અગ્નિ જુદી હોય ને જુદી એકલી. લોખંડના ગોળામાં

પેસી નથી એવી અગ્નિ ભિન્ન છે. **'અગ્નિને લોખંડના ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત વિલાસ...'** ક્રિયા એનાથી ભિન્ન છે. **'તેમ શુદ્ધ આત્માને...'** શુદ્ધ આત્મા, ભગવાન આત્મા જ્યાં ચોથે ગુણસ્થાનથી સમ્યક્ આનંદના અંશનો સ્વાદ આવ્યો... સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થતાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો અને એ સ્વાદનું પરિપૂર્ણ પરિણમન થઈ ગયું એનું નામ પરમ આનંદ અને કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? કહે છે કે એમ શુદ્ધ આત્માને... શુદ્ધ આત્મા એટલે અહીંયા કેવળી ભગવાન પર્યાય પ્રાપ્ત એને લેવું છે, કેવળજ્ઞાની ભગવાનને. જેમ એકલી અગ્નિને ઘણના ઘા પડતા નથી. સમજાણું કાંઈ? 'અગ્નિ સહે ઘનઘાત' આવે છે ને. 'લોહકી સંગતિ પાયી. કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાયી.' અગ્નિ જો લોઢામાં પેસે તો ઘણ પડે. એકલી રહે એને પડે? એમ ભગવાન આત્મા રાગ ને દયા, દાનના વિકલ્પથી જુદો પડીને જેણે આત્માનું દર્શન ને શ્રદ્ધા સમ્યગ્દર્શન પ્રગટ કર્યું અને પછી વીતરાગી સામ્યભાવ પ્રગટ કરીને જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું એવા શુદ્ધાત્માને... સમજાય છે?

**'ઇન્દ્રિયસમૂહ નથી;...'** એમ કહે છે. જેમ લોઢાનો ગોળો નથી એમ આને ઇન્દ્રિયસમૂહ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા થયા આત્મા એને ઇન્દ્રિયનો સમૂહ એને છે જ નહિ. એ તો અતીન્દ્રિય સ્વરૂપ થઈ ગયું. સમજાય છે? જેમ જગતના આકાશના પ્રદેશો ભિન્ન જાણે એમ આ ઇન્દ્રિયો છે એમ જ્ઞેય તરીકે, ભિન્ન તરીકે, જ્ઞાન એની પર્યાયને પરિપૂર્ણ જાણતા એને જાણે છે. સમજાણું કાંઈ? **'ઇન્દ્રિયસમૂહ નથી;...'** શુદ્ધાત્મા ભગવાન આત્મા અતીન્દ્રિય દશાની પર્યાય પૂર્ણ થઈ ગઈ. અતીન્દ્રિય આવ્યું હતું ને ઓલામાં? ૧૯માં આવ્યું હતું. **'अतीन्द्रियः जातः'** એને ઇન્દ્રિયસમૂહ નથી.

**'તેથી જ જેમ અગ્નિને ઘોર ઘણના ઘાના મારની પરંપરા નથી...'** કેમ? જેમ અગ્નિ એકલી અગ્નિ છૂટી હોય એને ઘોર ઘણ એના ઘા, એની માર, એની પરંપરા. ઉપરાઉપર પડતો નથી આ અગ્નિ? લોઢામાં અગ્નિ નાખે ને. બે સામાસામા હોય. ધડાક... ધડાક... ધડાક.. બોલતા હોય. અગ્નિ હોય ને અગ્નિ? લોઢામાં ગરી હોય એને અને એકદમ ઠરી જાય પાછું તો નરમ ન થાય. મોટા ઘણ પડે. એક ઘણ આની કોર લઈને બેઠો હોય, એક કોર આનો જ્યાં ઘણ ઊઠે ત્યાં ઓલો મારે, ઘણ પડે. અમારે પાલેજમાં હતું. દુકાનની પાછળ હતું. સુતાર. વોરાનો સુતાર હતો. ધમાધમ કરે.

કહે છે, **'અગ્નિને ઘોર ઘણના ઘા...'** ઉપરાઉપર. **'મારની પરંપરા...'** પાછી. એક પછી એક, એક પછી એક માથે પડે. સમજાય છે? એ અગ્નિને જેમ એકલાને નથી, એમ શુદ્ધાત્માને ઇન્દ્રિયના સમૂહનું દુઃખ-સુખ છે નહિ. **'(અર્થાત્ લોખંડના ગોળાના સંસર્ગનો અભાવ થતાં ઘણના ભયંકર ઉપરાછાપરી ઘાનો માર...'** ઉપરાઉપરી ઘાનો માર **'અગ્નિને પડતો નથી) તેમ શુદ્ધ આત્માને શરીરસંબંધી સુખ-દુઃખ નથી.'** ભગવાન શરીરથી

ભિન્ન પડી ગયો છે, કેવળજ્ઞાન પૂર્ણ દશા થઈ ગઈ છે એવા પરમેશ્વર પરમાત્મા વીતરાગ દેહમાં રહ્યા છતાં તેને શરીરસંબંધી સુખ-દુઃખ નથી. સમજાણું કાંઈ? જ્યાં સુધી દેહ છૂટે નહિ ત્યાં સુધી દેહમાં હો, છતાં દેહગતં સુખ-દુઃખ છે નહિ. આહા..હા..! પરમેશ્વરદશા કેવળજ્ઞાનદશા આત્માનું પૂરું રૂપ. કેવળજ્ઞાન અને કેવળદર્શન એટલે આત્માનું પૂરું રૂપ. પૂરું રૂપ આગળ આવશે. જ્ઞાન જ એનું પૂરું રૂપ કહેવાય. અલ્પ જ્ઞાનને જ્ઞાન કોણ કહે છે? સમજાણું કાંઈ? એવી પૂરી દશા જ્યાં સામ્યભાવના પ્રતાપે પ્રગટ થઈ, કહે છે એને ઇન્દ્રિયનો સમૂહ જ નથી તો શરીરગત, શરીરના અવયવ છે ઇન્દ્રિયો, તો શરીર જ જ્યાં નથી, ઇન્દ્રિયોનો સમૂહ નથી એટલે શરીરસંબંધી એને સુખ-દુઃખની દશા નથી. એકલો અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય. આહા..હા..! સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ કેવળજ્ઞાની પરમાત્મા મહાવીર ભગવાન જ્યારે અહીં બિરાજતા ત્યારે પણ એ જ હતું. ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે શ્રી સીમંધર પરમાત્મા એ પણ એવા જ કેવળજ્ઞાની અતીન્દ્રિય આનંદના અનુભવમાં છે. એને પણ શરીરસંબંધી રોગ, ક્ષુધા, આહાર-પાણી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ જ્ઞાનતત્ત્વની પૂરી દશા આવી હોય એમ બતાવવું છે ભાઈ! જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન છે ને. આત્મા જ્ઞાનતત્ત્વ છે અને એ જ્ઞાનતત્ત્વની પ્રાપ્તિ જ્યાં પૂર્ણ થઈ ત્યાં આત્મા આવો હોય છે. એને આત્મા બરાબર જાણ્યો, માન્યો કહેવાય, પણ જેને ક્ષુધા ને તૃષા લાગે તે આત્મા જાણતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેમ શુદ્ધ આત્માને શરીરસંબંધી સુખ-દુઃખ નથી.'** સુખ-દુઃખ કેવા? આહા..હા..! ત્યારે કહે, અશાતાનો ઉદય હોય. ઉદય તો શરીરના રજકણોમાં હોય એમાં એને શું? સમજાણું કાંઈ? એ તર્ક મૂકે છે બધા. ભાઈ! એ વસ્તુ આગ્રહ કરવા જેવો નથી. જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને, તો જ્ઞાનસ્વરૂપ તે આત્મા, જ્ઞાનસ્વરૂપ તે આત્મા અને એ જ્ઞાનસ્વરૂપે જ્યાં પરિણમન પૂર્ણ જ્ઞાનનું થઈ ગયું, હવે એને શું રહ્યું? એને ક્ષુધા-તૃષા રહી એ શું? એ તો છદ્મસ્થને હોય. અલ્પ જ્ઞાનીને ક્ષુધા, આહારની ઇચ્છા હોય ને આહાર આવે. .. ઇચ્છા. એ તો છદ્મસ્થને હોય, સર્વજ્ઞને હોઈ શકે નહિ. તો જેને આહાર-પાણી છે એ તો છદ્મસ્થ જેવા સર્વજ્ઞને ઠરાવ્યા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુનિને, અતીન્દ્રિય આનંદમાં પડ્યો છે એને આહાર નથી. અતીન્દ્રિય આનંદ અનુભવે છે જ્યાં. આહા..હા..! વળી વિકલ્પ ઊઠે છઠ્ઠે ગુણસ્થાને, આહાર લેવાની વૃત્તિ આવે મુનિને. જંગલમાં વાઘની જેમ પડ્યા હોય છે મુનિ! મુનિ કોને કહેવા? આહા..હા..! અતીન્દ્રિય આનંદમાં આળોટતા હોય છે અંદર. દુનિયા દેખે કે આ દુઃખમાં છે ને કાંઈ આહાર નથી, પાણી નથી ને હવા નથી, તડકા છે, છાયાં નથી. તને ખબર નથી. સમજાય છે

કાંઈ? ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ છે એની દૃષ્ટિ-જ્ઞાન થઈને તેમાં રમે છે એને મુનિ કહીએ. એવા મુનિને પણ જ્યાં આહાર-પાણીનો વિકલ્પ નથી સાતમે. સમજાય છે કાંઈ? તો જ્યાં કેવળજ્ઞાન થયું એને વળી આહાર ને પાણી, પાત્રા (લઈને) લેવા જાય. કેવળી જાતા હશે આહાર લેવા? નીકળતા હશે? બધી વસ્તુની સ્થિતિ વિપરીત કરી નાખી છે. માર્ગનું સ્વરૂપ, દેવનું, ગુરુનું આખું ફેરવી નાખ્યું છે. પણ પોતાની માન્યતા ઉપર ઘા પડે એને આકરું લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને આકરું લાગે. ભાઈ! આ તો હિતની વાત છે. બાપુ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાનનો ગંજ છે પ્રભુ, અને એની સાથે આનંદનો પૂંજ છે એ પ્રભુ આત્મા એટલે. એની દશા જ્યાં જેવો છે એવી સ્વભાવની પૂર્ણતા થઈ એવા પરમાત્મા, એવા અરિહંત ભલે દેહમાં હો, પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન છે, ભાઈ! એને આહાર ને પાણી ન હોય. સમજાય છે કાંઈ? બહુ વાતમાં ફેર. ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું સાંભળ્યું છે? અને કેટલાક હજી બધાને ભેગા કરે છે, મેળવે છે. એ પણ સાચું અને આ પણ સાચું એમ કહે છે.

'**ભાવાર્થ :- કેવળીભગવાનને શરીરસંબંધી ક્ષુધાદિ દુઃખ...**' ક્ષુધાદિ દુઃખ નથી, તૃષાનું દુઃખ નથી, '**કે ભોજનાદિ સુખ હોતું નથી તેથી તેમને કવલાહાર હોતો નથી.**' કવળ ક્યાંથી લાવ્યા? કેવળજ્ઞાની પરમાત્માને કવલાહાર હોઈ શકે નહિ. કર્મના રજકણો આવે, સમજાય છે? એ શરીરના રજકણ સાથે ભેગા (રહે), એને આત્માને કાંઈ છે નહિ. એ ૨૦ થઈ. આ જ્ઞાનતત્ત્વ (અધિકાર) છે ને, એટલે જ્ઞાનતત્ત્વ, એ જ્ઞાનતત્ત્વ જ આત્મા છે. જ્ઞાનપ્રધાન જ્ઞાનગુણ પરમભાવથી લ્યો તો આત્મા જ્ઞાનસ્વરૂપ જ, ચૈતન્યસ્વરૂપ જ છે અને એ ચૈતન્યસ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને સામ્યભાવથી જ્યાં પ્રગટ દશા પૂર્ણ થાય એને અંતરમાં એ અનાહારદશા છે, અમૃતનો આહાર અંદર છે. એવો અમૃતનો આહાર ... સમજાય છે?

૨૧.

परिणमदो खलु णाणं पच्चक्खा सव्वदव्वपज्जाया।
सो णेव ते विजाणदि उग्गहपुव्वाहिं किरियाहिं।।२१।।

ઈન્દ્રિયો નથી તો મન નથી, અવગ્રહ કે ઈહાથી એને જાણવું નથી એમ સિદ્ધ કરે છે. એક સમયમાં ભગવાન ત્રણ કાળ ત્રણ લોક જાણે છે. એવડો આત્મા એ પર્યાયે પૂર્ણ થયો એ જ આત્મા. અહીં આત્માની શ્રદ્ધા કરાવે છે કે આવો આત્મા. સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપી ભગવાન એ જ્ઞાનની પર્યાયપણે પૂર્ણ પરિણમે એવું એ કેવળજ્ઞાન છે. એને ક્રમે ક્રમે વિચાર ને અવગ્રહ, ઈહા હોતા નથી. એ કહે છે જુઓ!

**પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને,**
**જાણે નહીં તે તેમને અવગ્રહ-ઈહાદિ ક્રિયા વડે. ૨૧.**

એ આત્માનું જ્ઞાન પૂરું રૂપ કેવું હોય એમ બતાવે છે. આત્માને એણે ઓળખવો છે કે નહિ? આત્માને એણે જાણવો છે કે નહિ? છે તેવો એને શ્રદ્ધવો છે કે નહિ? સમજાણું કાંઈ? તો કહે છે, '**અન્વયાર્થ :- ખરેખર જ્ઞાનરૂપે (કેવળજ્ઞાનરૂપે) પરિણમતા કેવળી ભગવાનને સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે;...**' જ્ઞાનની પૂરી દશા પરમાત્મા કેવળીને પ્રગટ થઈ એને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-પર્યાય પ્રત્યક્ષ છે. આમાં મોટા અત્યારે વાંધા છે.

મુમુક્ષુ :- દિગંબરમાં પડ્યા છે.

ઉત્તર :- દિગંબરમાં વાંધા. ઓલા કહે કે એ પર્યાય જ્યાં થાય ત્યારે જાણે. કારણ કે નિમિત્ત કેવું આવે અને કેમ થાય (કેમ ખબર પડે)? અરે..! પણ ભગવાનના જ્ઞાનમાં તો એક સમયમાં ત્રણ કાળના દ્રવ્યો, એના ગુણ અને એની પર્યાય, તેમાં તે કોણ નિમિત્ત એ બધું એક સમયમાં ભગવાન જાણે છે. એવડો પૂરો આત્મા એની પૂરી દશાનું સ્વરૂપ જ એવડું છે. આહા..હા..! ભાઈ! એ તારી જાતની પૂર્ણતા જ આવડી છે એમ કહે છે, ભલે કેવળીની વાત કરે. સમજાણું કાંઈ? ભાઈ! આત્મા પર્યાયે અપૂર્ણ હોય એ કાંઈ એનું પૂરું રૂપ છે? દ્રવ્યે પૂરો, ગુણે પૂરો અને પર્યાયે પૂરી દશા થાય તે આત્માનું પૂર્ણ સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**ખરેખર જ્ઞાનરૂપે (કેવળજ્ઞાનરૂપે) પરિણમતા...**' થનાર-થનાર. પરિણમ્યો એટલે પરિણમ્યો, થયો. એવા '**કેવળી ભગવાનને સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે;...**' લ્યો, આ વાંધા ઊઠે પછી. સર્વ દ્રવ્ય પ્રત્યક્ષ છે તો ભગવાને દીઠું એમ થાશે, તો પછી અમારે કરવાનું શું રહ્યું? એમ વળી કહે. અરે..! ભાઈ! કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-પર્યાય જાણે એવા અસ્તિત્વનો સ્વીકાર જ્યાં થાય, એનો સ્વીકાર દ્રવ્યના સન્મુખ થઈને જ થાય. જેમાં સર્વજ્ઞપદ પડ્યું છે એને લક્ષે જ થાય. સમજાય છે કાંઈ? એમાં પુરુષાર્થ સ્વસન્મુખનો આવી ગયો.

મુમુક્ષુ :- ... એમ કહે છે.

ઉત્તર :- આહા..હા..! પુરુષાર્થ શું કૂદવો છે બહાર?

ભગવાન આત્મા વસ્તુ આમ ચૈતન્ય માંડલું છે આખું સૂર્ય. સમજાય છે? ચૈતન્યનું... માંડલુંથી શું યાદ આવ્યું? ઓલા ચક્રવર્તી જાય છે ને? ઓલા ખંડ સાધવા. ત્રણ ખંડ સાધવા જાય છે. અહીં ભરત આની કોરના ખંડમાં છે. પછી વચ્ચે પચાસ યોજનનો આવે છે લાંબો વૈતાક પર્વત. અંધારું ઘોર. પછી મણિરત્નનું માંડલું ભરે આમ. જેમ ખડીથી કરી ને ખડીથી. ખડીથી આ જેમ બનાવે એમ મણિરત્નનું બનાવે. એક હજાર દેવ સેવા કરે. મણિરત્નથી

આમ માંડલું બનાવે. પ્રકાશ એક એક યોજનને આંતરે એટલે સેના ચાલી જાય. સમજાય છે? એમ આખું આ મણિરત્નનું માંડલું ચૈતન્ય મણિરત્ન છે આખું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... કહે છે, **'સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે;...'** કેવળજ્ઞાનમાં પૂર્ણ સ્વભાવમાં. ભાઈ! આવી આસ્થા પણ પ્રગટ થતાં તેને સમ્યગ્દર્શન થાય. એ આવી ગયું પહેલું જયસેનાચાર્યમાં. સમજાણું કાંઈ? ઓહો..! જેને આ પર્યાય આવી પૂર્ણ ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણની પર્યાયને જાણે, એવો એક પર્યાય, એવા અનંતા પર્યાયનો પિંડ ગુણ અને એવા અનંત ગુણનો પિંડ દ્રવ્ય એવી જેને પર્યાયમાં આવડી શ્રદ્ધા કરવા જાય છે ત્યાં એને દ્રવ્ય સન્મુખ થયા વિના એ શ્રદ્ધા થતી નથી. એ સર્વજ્ઞની પ્રતીત થતાં તેને સમ્યગ્દર્શન થઈ જાય છે. સમજાણું કાંઈ? ઓહો..! હું તો એકલો જ્ઞાનનો પૂંજ જ છું. મારામાં પુણ્ય-પાપના વિકલ્પો કે શરીર કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

**'સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે;...'** સર્વમાં કાંઈ બાકી રહેતું હશે? સામાન્યને જાણે, વિશેષને ન જાણે, વળી એમ કેટલાક કહે છે. આ સમયે આ પર્યાય આની થાય અને થશે એમ ભગવાન ન જાણે. સામાન્ય જાણે બધું. લ્યો! વળી એમ કહે છે. કેટલા તર્ક ઉઠાવે! પણ સર્વ જાણે અને અનંત—બધું એક જ છે, સાંભળને. આત્માની જ્યાં શક્તિનું પૂર્ણ પર્યાય પરિણમન થયું, અગ્નિ કોને ન બાળે? એમ જ્ઞાન કોને ન જાણે? પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ. સમજાણું કાંઈ? ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની સર્વ દ્રવ્ય પર્યાયો પ્રત્યક્ષ છે. **'તે તેમને અવગ્રહ આદિ ક્રિયાઓથી નથી જાણતા.'** ક્રમે ક્રમે જે જાણવું એ એને છે નહિ. ક્રમે ક્યાં? અક્રમ જ્ઞાન જ આખું પૂર્ણ થઈ ગયું ને.

**'ટીકા :- ઇન્દ્રિયોને આલંબીને અવગ્રહ-ઈહા-અવાયપૂર્વક ક્રમથી કેવળીભગવાન જાણતા નથી,...'** આહા..હા..! હજી દેવ કોને કહેવા પરમેશ્વર (એની ખબર નથી). એ દિવ્ય એટલે આત્માની દિવ્ય શક્તિનો પૂર્ણ વિકાસ તે દેવ. સમજાણું કાંઈ? એ **'ઇન્દ્રિયોને આલંબીને અવગ્રહ...'** એટલે પહેલું પકડે, પછી વિચારે, પછી નિશ્ચય કરે એવા **'ક્રમથી કેવળીભગવાન જાણતા નથી,...'** એક સમયમાં અક્રમે ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. અરે..! આવો આત્મા પર્યાયમાં પ્રતીત કરવો આહા..હા..! ભાઈ! એ તો વસ્તુની સ્થિતિ એ છે. સમજાણું કાંઈ? નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ છે કે નહિ? તો મોક્ષતત્ત્વમાં કેવળજ્ઞાની આવ્યા કે નહિ? તો મોક્ષની શ્રદ્ધા કરતાં કેવળજ્ઞાનની શ્રદ્ધા થાય. કેવળજ્ઞાનની શ્રદ્ધા થતાં આત્માની શ્રદ્ધા થાય એમ કહે છે. એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની શ્રદ્ધા કરવા જાય તો દ્રવ્યની શ્રદ્ધા થાય ત્યારે પર્યાયની શ્રદ્ધા થાય. સમજાણું કાંઈ?

ભગવાનને ઇન્દ્રિયના અવલંબનથી ક્રમે જાણવું નથી. **'(પરંતુ) સ્વયમેવ સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ,...'** પરંતુ પોતાના સ્વયમેવ. સ્વયં-એવ. પોતાથી, પોતામાં **'સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે...'** જ્યાં આવરણનો ક્ષય થયો તે ક્ષણ જ... હવે કેમ

પ્રગટ્યું એમ કહે છે. એ ક્ષય તો ક્ષણિક નિમિત્તની વાત કરી. હવે અહીં કારણ શું લીધું છે? '**અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી...**' કેમ કેવળ પ્રગટ્યું? કેવળજ્ઞાન કેમ પ્રગટ્યું? આમ તો સામ્યભાવ એનું ફળ બતાવ્યું પહેલું. ચાલ્યું આવે છે. અહીં પાછું કારણ મૂક્યું ઠેઠ. અનાદિ-અનંત. આદિ નથી, અંત નથી. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા જ્ઞાન. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન કહો કે આત્મા કહો. અનાદિ-અનંત. આદિ નથી. જ્ઞાનસ્વરૂપ જે છે આત્માનું એને આદિ નથી, એ જ્ઞાનસ્વરૂપ છે એનો અંત નથી અને સત્ છે એને હેતુ નથી. છે એને હેતુ શો? છે એવું જે જ્ઞાનસ્વરૂપ વસ્તુ આત્માનો અને કેવો? અસાધારણ. એક જ ગુણ એવો છે કે બીજામાં નથી અને બીજા ગુણ એવા નથી. સમજાણું કાંઈ? એ અસાધારણ છે. એ જ્ઞાનગુણ અનાદિ-અનંત અહેતુક વસ્તુ. એક ગુણ (છે) એવો બીજો ગુણ નથી અને આ ગુણ બીજામાં નથી. સમજાણું કાંઈ?

એવા '**અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી...**' દેખો! એવો જે ભગવાન જ્ઞાનસ્વભાવ, ધ્રુવસ્વભાવ, અહેતુ નિત્ય સ્વભાવ એવો જ્ઞાનસ્વભાવ ત્રિકાળી ભાવ એને જ કારણપણે ગ્રહવાથી. દેખો! એને ધ્રુવને કારણપણે ગ્રહવાથી જ '**તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગ થઈને પરિણમે છે;...**' એ જ્ઞાનસ્વરૂપ ભગવાન ત્રિકાળ એને કારણપણે ગ્રહવાથી કાર્યનું કેવળજ્ઞાનપણે કાર્ય પ્રગટ થાય છે. જુઓ ત્યાં ઠેઠ લીધું. સમજાણું કાંઈ? ઈન્દ્રિયો નહિ, પૂર્વની જ્ઞાનની પર્યાય નહિ એમ પાછું. સિદ્ધની દશા... પૂર્વે ચાર જ્ઞાન હતા માટે કેવળજ્ઞાન થયું છે એમ પણ નહિ. અહીં તો ત્રિકાળ જ્ઞાન સત્... સત્... સત્... જ્ઞાન સત્... સત્... સત્... વસ્તુ. એને '**કારણપણે...**' એટલે દૃષ્ટિ એમાં આપતા, એકાકાર થતાં. એને કારણપણે ગ્રહવાથી '**તુરત જ પ્રગટતા...**' એ ક્ષણે જ પ્રગટતા.

'**કેવળજ્ઞાનોપયોગ થઈને પરિણમે છે;...**' આત્મા પોતાના કેવળજ્ઞાનના ઉપયોગરૂપ થઈને પરિણમે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ સામ્યને શુદ્ધ ઉપયોગ કહ્યો હતો. અહીં કેવળજ્ઞાન ઉપયોગ થઈને પરિણમે એમ કહ્યું. કોઈ બીજું કારણ નહિ, એમ કહે છે, કેવળજ્ઞાન થવામાં. એ પરમાત્મા થવામાં ઈન્દ્રિય નહિ, સંહનન નહિ, વાણી નહિ, વિકલ્પ નહિ, પૂર્વની પર્યાય નહિ. (કારણ એક) ત્રિકાળ વસ્તુ. અરે..! ત્રિકાળ એટલે જ્ઞાનમૂર્તિ અહેતુક અનાદિ-અનંત વસ્તુ એને જ આશ્રય કરવાના કારણને ગ્રહતા, એ જ કારણને પકડતાં એક ક્ષણમાં કેવળજ્ઞાન ઉપયોગરૂપે થઈને પરિણમે છે. કહો, સમજાણું કાંઈ? કેટલા અપવાસથી આ કેવળજ્ઞાન થાતું હશે? બિચારા અપાસ કરીને, લાંઘણું કરીને મરી જાય. ક્યાં તારા હજી ભાન ન મળે કોણ છો તું? કોને ગ્રહવો જોઈએ? કોને કારણ બનાવીને કાર્ય કેમ પ્રગટ કરવું જોઈએ? એની ખબર વિના... સમજાણું કાંઈ?

પ્રગટતા એટલે? શક્તિરૂપે જ્ઞાનમૂર્તિ તો છે ધ્રુવને પકડ્યો એટલે પ્રગટ થઈ દશા. સમજાણું કાંઈ? જેમ ચોસઠ પહોરી તીખાશ તો જેમ લીંડીપીપરમાં પડી જ છે. ચોસઠ પહોરી ચરપરાઈ

બહાર આવી. એકાગ્ર થતાં બહાર આવી. એ ચોસઠ પર્યાયપણે પરિણમી ગઈ. ચોસઠ એટલે પૂરી. એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જે સ્વભાવ ત્રિકાળી અહેતુક અનાદિ-અનંત, એને ગ્રહવાથી એટલે એને કારણ બનાવવાથી કેવળજ્ઞાનરૂપી કાર્યની ઉપયોગદશા પ્રગટ થઈ જાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભાઈસાહેબ! પણ આટલી બધી મોટી વાત કેવળજ્ઞાનની (કરો છો). અમને ધર્મની વાત કરો. આવડી મોટી વાત? એ ધર્મની વાત કરે છે બાપુ! તને ખબર નથી.

તું ત્રિકાળ જ્ઞાનાનંદ છો એ આત્મા. એને કારણ ગ્રહે તો તને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય. એકધારાએ કારણ ગ્રહે તો કેવળજ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પાછું તુરત જ શક્તિનો વિકાસ થઈ પ્રગટતા પર્યાયમાં કેવળ એકલો જ્ઞાનવેપાર થઈને થઈ ગયો, પરિણમી ગયો. જુઓ! આ ચારિત્રધર્મ અને ધર્મના ફળ તરીકે કેવળજ્ઞાન કેવું હોય એનું વર્ણન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમને...**' એટલે ભગવાન પરમાત્મા કેવળજ્ઞાનીને '**સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી...**' જગતના બધા અનંત આત્માઓ, અનંતાગુણા પરમાણુઓ, ક્ષેત્ર અનંતગુણા આકાશ આદિ, કાળ-ત્રણ કાળ અને દરેકની પર્યાય અને ભાવ દરેકની શક્તિ અક્રમે છે. ભગવાનના જ્ઞાનમાં બધું એક સાથે જોવાય છે. પહેલું આ જાણે અને પછી આ જાણે એમ છે નહિ. આહા..હા..! જુઓ! પહેલો કેવળજ્ઞાનનો ઉપયોગ પરિણમે, પછી કેવળદર્શન થાય, ઉપયોગ સમયાંતર થાય. ખોટી વાત છે. વસ્તુના સ્વરૂપને જાણ્યું નથી. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે '**સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું અક્રમે...**' એક સાથે જાણવું હોવાથી '**સમક્ષ સંવેદનને...**' સમક્ષ સંવેદનને. સમક્ષ એટલે '**(પ્રત્યક્ષ જ્ઞાનને)...**' વેદનનો અર્થ જ્ઞાન કરશે. '**(પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત...**' એ નિમિત્તભૂત. '**સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.**' ભગવાનના જ્ઞાનમાં.. પરમેશ્વર એ આત્મા, એ આત્માનું પૂરું રૂપ. સમજાય છે કાંઈ? એક આત્મા આવો થયો કહે છે. એને આલંબન જે જગતના લોકાલોક પદાર્થો '**સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.**' કાંઈ બાકી સ્વરૂપ છે નહિ. એવી દશાને કેવળજ્ઞાન પરમાત્મા કહે છે, એમ અહીંયાં ઓળખાવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૪, શનિવાર, તા. ૨૧.૯.૧૯૬૮**
**ગાથા-૨૧, ૨૨, પ્રવચન-૧૯**

૨૧મી ગાથા. શું કહે છે? આ જ્ઞાનતત્ત્વનું કથન છે. એટલે શું? કે આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે. એનો સ્વભાવ જ જ્ઞાન છે અને એ જ્ઞાનની પૂર્ણતાની પ્રાપ્તિ એના ત્રિકાળી જ્ઞાનના આશ્રયે થાય છે. સમજાય છે કાંઈ? આ પહેલો બોલ. અહીં જ્ઞાનસ્વરૂપ આત્મા જ છે. આત્મા એટલે જ્ઞ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ. જેનો સ્વભાવ છે એ તો અનંત બેહદ જ્ઞાન છે જેની શક્તિ. એવો જે આત્મા એને અંતરમાં, પહેલી તો પરિપૂર્ણ વસ્તુ જ્ઞાયક છે એવી અંતર્મુખ થઈને દૃષ્ટિ-સમ્યગ્દર્શન કરવું એ ધર્મની પહેલી સીઢી છે. પછી સામ્યભાવ અંગીકાર કરવો, વીતરાગભાવ શુદ્ધ ઉપયોગ. શુભ-અશુભ પરિણામરહિત શુદ્ધ ઉપયોગ ગ્રહણ કરી, એ શુદ્ધ ઉપયોગ એ ચારિત્ર છે. એ શુદ્ધ ઉપયોગ છે એ જ્ઞાનની વિશેષ નિર્મળ દશા છે. એમાં એકાગ્ર થતાં, એ વસ્તુ સ્વરૂપ જ જ્યાં જ્ઞાનસ્વભાવ છે એની દૃષ્ટિ છે, શુદ્ધ ઉપયોગ છે અને વિશેષ ત્રિકાળી જ્ઞાયકને આશ્રયે જ્યાં એકાકાર થયો એટલે ક્ષણમાં તેને કેવળજ્ઞાન થાય છે. એ આત્માની સ્થિતિ જ આવી છે એમ વર્ણવે છે. સમજાય છે કાંઈ?

આત્મા દ્રવ્ય છે તેમાં જ્ઞાન છે, ગુણ છે એમાં જ્ઞાન છે, એ જ્ઞાનથી જ ભરેલું તત્ત્વ છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પો, શરીર, વાણી, મન છે જ નહિ. એને પૂર્ણ દશાની પ્રાપ્તિ કરવી હોય તો, એ પૂર્ણ સ્વરૂપ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે એની અંદર એકાગ્ર થતાં આત્મા પોતે જ પોતાથી કેવળજ્ઞાનદશા રૂપે પરિણમી જાય છે. કહો, સમજાણું કાંઈ? આવો આત્મા છે એમ સિદ્ધ કરે છે.

ભાવાર્થ. જે આત્મા વસ્તુ છે, એક... એક... એક... એક... આત્મા હોં આ, એની અંદર જે એનો જ્ઞાનસ્વભાવ, જાણવું એનો ગુણ છે એની '**આદિ નથી.**' જેનો સ્વભાવ છે એને આદિ શું હોય? જ્ઞાન જાણવું... જાણવું... જાણવું... એ જાણનાર તે આત્મા અને જાણવું તે ગુણ. પણ એ ગુણસ્વભાવ તેનો આદિ નથી, છે અનાદિથી. આદિ નથી '**તેમ અંત નથી.**' એ જ્ઞાનસ્વભાવનો અંત-છેડો નાશ નથી. '**જેનું કોઈ કારણ નથી...**' છે એને કારણ શું હોય? જ્ઞાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ જ્ઞાનસ્વરૂપ, એવું સત્ છે જ્ઞાન એને કારણ શું? છે એને કોઈ કારણ હોઈ શકે નહિ.

'**અને જે અન્ય કોઈ દ્રવ્યમાં નથી...**' ચોથો બોલ. એવો જે જ્ઞાનસ્વભાવ તે બીજા જડ દ્રવ્યોમાં એવું જ્ઞાન નથી. ચાર બોલ કહ્યા. આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને તો જ્ઞાનની પૂર્ણ પ્રાપ્તિ કેવળજ્ઞાન છે અને એ જ્ઞાનનું પૂર્ણ રૂપ છે અને પૂરું રૂપ થયું ત્યારે આત્મા પૂરી દશાને પામ્યો. સમજાણું કાંઈ? તેને પરમાત્મા કહેવાય, તેને કેવળી કહેવાય, તેને જે

કહો તે (કહેવાય). કહે છે કે **'એવા જ્ઞાનસ્વભાવને જ...'** જે આત્માનો જ્ઞાનસ્વભાવ એને આદિ નહિ, અંત નહિ અને છે તેને કોઈ કારણ નહિ અને છે એવો જ્ઞાનસ્વભાવ તે અન્ય દ્રવ્યમાં નથી. શરીર, કર્મ, જડમાં નથી. **'એવા જ્ઞાનસ્વભાવને...'** એવો જે જ્ઞાનસ્વભાવ છે તેને **'ઉપાદેય કરીને,...'** અંતરમાં આદરણીયને આદરીને. સમજાય છે કાંઈ?

**'કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત...'** આત્માની પૂર્ણ દશાની પ્રાપ્તિના કારણભૂત **'શુક્લધ્યાન નામના સ્વસંવેદનજ્ઞાને જ્યારે આત્મા પરિણમે છે...'** એનું દર્શન-જ્ઞાન તો લીધું હતું. સમ્યગ્દર્શન-જ્ઞાન તો પ્રધાન. એ ઉપરાંત સામ્યભાવ ચારિત્ર. હવે કહે છે કે શુક્લધ્યાન અહીંયાં તો લીધું. એકરૂપ ત્રિકાળી જ્ઞાયકનો જ્યાં આશ્રય લીધો, કારણ બનાવ્યું એને એટલે એ શુક્લધ્યાન નામની સ્વસંવેદન દશા, સ્વસંવેદનજ્ઞાન પ્રગટ્યું વિશેષ. જુઓ, આ બધી દશાઓનું વર્ણન છે. વસ્તુ તો વસ્તુ છે. એનું જ્ઞાન તો કાયમી અસલી પૂર્ણ એકરૂપ સ્વભાવ છે. એની સમ્યગ્દર્શનની પ્રતીતિ એ પણ જ્ઞાનસ્વરૂપની પ્રતીતિ નિર્વિકલ્પ એ સમ્યગ્દર્શન છે. એની સાથે સમ્યગ્જ્ઞાનનો અંશ જે પ્રગટ્યો સ્વને અનુભવવાનો એ સ્વસંવેદનજ્ઞાન છે. આગળ વધતા સ્થિરતા થઈ ચારિત્રની, એ પણ જ્ઞાનસ્વરૂપમાં ઠર્યો એ ચારિત્ર છે. આગળ જતાં એકાકાર થઈને એકલા ચૈતન્યનો આશ્રય લઈને શુક્લધ્યાનરૂપી સ્વસંવેદનજ્ઞાન દશા—અવસ્થા પ્રગટ થઈ.

**'જ્યારે આત્મા (આ રીતે) પરિણમે છે...'** સ્વસંવેદનજ્ઞાનના જ્ઞાનરૂપે અંતર રૂપે થાય છે, પરિણમે છે **'ત્યારે તેના નિમિત્તે સર્વ ઘાતિકર્મોનો ક્ષય થઈ જાય છે...'** લ્યો! સમજાય છે કાંઈ? ત્યારે તેને સર્વ ઘાતિકર્મ ચાર જે છે એ નાશ થઈ જાય. થઈ જાય છે એને કારણે. આ તો નિમિત્ત લીધું ને? સ્વરૂપની અંતરની એકાગ્રતા સ્વસંવેદનની એ તો ઘાતિને નાશમાં નિમિત્ત છે. પણ એ ઘાતિકર્મ જ પોતે તે વખતે કર્મની અવસ્થાના વ્યયપણે થવાના ભાવે વ્યય થઈ જાય છે. એ **'સમયે જ આત્મા સ્વયમેવ કેવળજ્ઞાનરૂપે પરિણમવા લાગે છે.'** લ્યો! જ્ઞાનનું પૂરું રૂપ, પૂરો સ્વભાવ એનો આશ્રય લઈને જ્યાં સ્વસંવેદનજ્ઞાન વિશેષ પ્રગટ થયું એને કારણે કર્મનો નાશ થઈ, આત્મા કેવળજ્ઞાન પૂર્ણ અવસ્થારૂપે થઈ જાય છે. પરિણમવા લાગે છે એટલે પરિણમે છે, એમ. સમજાણું કાંઈ?

**'તે કેવળજ્ઞાની ભગવાન...'** આ આત્મા આત્મા કરે છે ને માણસો? શું કહે છે? આત્મા કેવડો અને કેવો છે એ લોકોને ખ્યાલ નથી. આમ તો એ આત્મા એટલે કે જ્ઞાનનું પૂરું રૂપ અને એનો આશ્રય લેતા જેની દશામાં પૂરું રૂપ પ્રગટ થઈ જાય એને ખરો આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો આત્મા જ્યાં સુધી એની પ્રતીત અને જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી એની શ્રદ્ધા સાચી થાય નહિ. સમજાણું કાંઈ? **'તે કેવળજ્ઞાની ભગવાન ક્ષાયોપશમિક જ્ઞાનવાળા જીવોની માફક અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ક્રમથી જાણતા નથી...'** એને કાંઈ ક્રમે જાણવું નથી. નીચલાવાળા તો ક્રમે જાણે. કાંઈક પહેલું

પકડે, પછી વિચારે, પછી ગ્રહણ કરે. એમ કેવળજ્ઞાનીને હોતું નથી.

**'પરંતુ સર્વ દ્રવ્ય,...'** ત્રણ કાળના જેટલા દ્રવ્યો, જેટલા **'ક્ષેત્ર,...'** જેટલો **'કાળ, જેટલા ભાવને યુગપદ્ જાણે છે;...'** એક સમયે ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. એવો જ કેવળજ્ઞાનના પરિણમનના પર્યાયનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? એ પર્યાય આવી છે દ્રવ્યમાંથી. દ્રવ્ય એવડું મોટું છે, ભગવાન આત્મા એવડો મોટો છે કે જેમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાનની પર્યાય એમાં શક્તિરૂપે હતી એ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એને આ દયા, દાન, વ્રત ને ભક્તિ ને ફલાણા-ફલાણા કરે તો થાય એમ નથી એમ કહે છે. એનો સ્વભાવ છે તેમાં એકાગ્ર થવાથી શક્તિની વ્યક્તતા પૂર્ણ થઈ જાય છે, એમ કહે છે. આ વાત સર્વજ્ઞ સિવાય એટલે જ્ઞાનના પૂરા રૂપને જેણે પ્રગટ કર્યું છે એના સિવાય આવા આત્મા હોય એવું બીજા કોઈ જાણી શકે નહિ. સમજાણું કાંઈ?

જેને કેવલ નામ સર્વજ્ઞસ્વભાવ જ સ્વરૂપ છે ને એ તો, જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્યમૂર્તિ છે, એકરૂપ અખંડ અભેદ જ્ઞાનમૂર્તિ એટલે કે એનો સ્વભાવ જ પૂર્ણ છે એની અંતર એકાગ્ર થતાં દશામાં પૂર્ણતા પ્રગટ થાય એ સર્વજ્ઞ, એ કેવળજ્ઞાની. એના જ્ઞાનમાં જે ત્રણ કાળ ત્રણ લોકમાં આત્મા આવો આવ્યો એ સાચો. એ સિવાયના જે આત્માઓ વાત કરે એ બધા મિથ્યાદૃષ્ટિ પોતાની કલ્પનાથી કરે છે એમ કહે છે. અમરચંદભાઈ! આહા..હા..!

જ્ઞાનતત્ત્વમાં જુઓને આખું જ્ઞાનસ્વરૂપ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ. રાગ, પુણ્ય, વિકલ્પ, દયા, દાન, ભક્તિ એ સ્વભાવ એનો નથી. એ તો વિકૃત છે. શરીર, વાણી, મન તો પર છે. એનો ભગવાન આત્માનો સ્વભાવ જ જ્ઞાન છે, પૂર્ણ છે, એકરૂપ છે. એની અંતર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય, સ્થિરતા કરતાં સામ્યતા થાય, વિશેષ એકાગ્રતા કરતાં શુક્લધ્યાન થાય અને શુક્લધ્યાન થતાં કેવળજ્ઞાનનું પરિણમન થઈ જાય. આ પર્યાયોના—અવસ્થાઓના ભેદ પાડ્યા, સમજાવ્યા. બધી એકરૂપ અવસ્થા હોતી નથી. સાધકને ઘણા પ્રકારો પર્યાયની નિર્મળતા વધતી જાય છે. કહો, સમજાણું કાંઈ?

**'પરંતુ સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને યુગપદ્...'** એક સમય. એનો અર્થ જ એ કે ભગવાન આત્માનો સ્વભાવ ત્રણ કાળ ત્રણ લોકને જાણવા-દેખવાનો છે. કોઈનો વિકલ્પ અને કોઈનું કરવું એ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? **'એ રીતે તેમને બધુંય પ્રત્યક્ષ વર્તે છે.'** ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભગવાનના જ્ઞાનમાં, એ પર્યાયમાં-અવસ્થામાં બધું પ્રત્યક્ષ વર્તે છે. એવો આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે એ સામ્યભાવના પ્રતાપે થાય છે એમ કહેવું છે. સામ્ય નામ ચારિત્ર. એ ચારિત્રની મુખ્યતા દર્શન-જ્ઞાન વિના હોય નહિ. એટલે દર્શન-જ્ઞાન પ્રધાનસહિત જે આવી વીતરાગતા પ્રગટ થાય ત્યારે એને કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ?

૨૨. **'હવે અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી જ,...'** ભગવાન આત્મા, ઈન્દ્રિયોને અને મનને કાંઈ સંબંધ નથી. એકલો જ્ઞાનસ્વભાવ પોતાથી પરિણમેલો અતીન્દ્રિય છે એવા **'ભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી હવે.'** કાંઈ જાણવું બાકી નથી અથવા પરોક્ષપણું નથી. કાંઈક રહી ગયું અને કાંઈક થઈ ગયું પ્રત્યક્ષ એમ છે નહિ. ૨૨.

**णत्थि परोक्खं किंचि वि समंत सव्वक्खगुणसमिद्धस्स।**
**अक्खातीदस्स सदा सयमेव हि णाणजादस्स।।२२।।**
**ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,**
**ઈન્દ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.**

જુઓ! આ ધર્મરૂપે પરિણમેલાના ફળરૂપે કેવળજ્ઞાન એની વ્યાખ્યા છે આ. ધર્મરૂપે પરિણમેલાને સ્વર્ગ મળે કે ઈન્દ્રપદ મળે, એવું છે નહિ. એમ કહે છે. એ તો પુણ્યના ફળ છે, એ કાંઈ ધર્મના ફળ નથી. સમજાણું કાંઈ? ધર્મ નામ આત્મા ચારિત્રધર્મ રૂપે પરિણમતા સમ્યગ્દર્શનની મુખ્યતા સહિત તેના ફળ તરીકે એકલો આત્મા પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાનમાં થઈ જાય છે. અને એ જ્ઞાનમાં હવે ત્રણ કાળ ત્રણ લોકની કોઈ ચીજ પરોક્ષ રહેતી નથી. કહો, સમજાણું કાંઈ?

**'અન્વયાર્થ :- જે સદા ઈન્દ્રિયાતીત છે,...'** ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા ઈન્દ્રિયાતીત છે. ઈન્દ્રિયો તો છે. કેવળી હોય છે ચાર કર્મ નાશ થયા એને ઈન્દ્રિયો તો છે. છે કે નહિ? આંખ, કાન નથી? એ તો જડમાં છે. આત્મામાં ક્યાં છે આ? કેવળજ્ઞાની પરમાત્મા બિરાજતા હોય તો દેખાય શું? એનું શરીર, એની આંખ. એ કેવળી નથી. દેખાય એ કેવળી નથી. કેવળી તો અંદર આત્મા જ્ઞાનરૂપે પરિણમેલો આત્મા તે શરીરથી ભિન્ન છે, તે ઈન્દ્રિયાતીત છે તે આત્મા છે. સમજાણું કાંઈ? ઈન્દ્રિયાતીત. પાંચ ઈન્દ્રિયો તો અજીવના અસ્તિત્વમાં છે. કેવળજ્ઞાનના અસ્તિત્વમાં ઈન્દ્રિયો નથી. સમજાણું કાંઈ? પોતે ઈન્દ્રિયાતીત છે. પાંચ ઈન્દ્રિયથી પાર અતીન્દ્રિય જ્ઞાનનું પરિણમન છે તે આત્મા કેવળી છે. એ કાંઈ શરીરવાળા, ઈન્દ્રિયવાળા છે કેવળી? છે જ નહિ. એ તો જડ છે. સમજાણું કાંઈ?

**'समन्ततः सर्वाक्षगुणसमृद्धस्य'. 'જે સર્વ તરફથી (-સર્વ આત્મપ્રદેશે) સર્વ ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ છે...'** એ ઈન્દ્રિયના જેટલા શબ્દ આદિ છે એ બધાને જાણવાની તાકાતવાળા છે. એક એક ઈન્દ્રિયને એક એકથી જાણવી એ એને રહ્યું નથી. **'સર્વ ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ છે...'** એટલે? ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ છે એટલે? જેટલા ઈન્દ્રિયના વિષય અને મનના વિષય છે એને બધાને એક સાથે જાણવાને શક્તિવાન છે. અર્થમાં આવશે. **'અને જે સ્વયમેવ જ્ઞાનરૂપે થયેલા છે,...'** ઓહો..! જ્ઞાનપદને પામ્યા છે કહે છે. જે નિજપદ જ્ઞાનસ્વરૂપ હતું એને પર્યાયમાં સ્વયમેવ-પોતાની મેળાએ જ્ઞાનરૂપ થયેલા છે. એને કોઈ ઈન્દ્રિય ને લોકાલોક છે માટે જ્ઞાનરૂપે થયા છે? લોકાલોક છે કે આ ઈન્દ્રિયો છે માટે જ્ઞાનરૂપ થયા

છે એમ નથી. પોતાની મેળાએ જ્ઞાનરૂપ થયા છે. લોકાલોક એમાં જણાય, (પણ) લોકાલોક છે માટે જ્ઞાનરૂપ થયેલ છે એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'સ્વયમેવ જ્ઞાનરૂપે થયેલા છે, તે કેવળીભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી.'** એ અરિહંતનો આત્મા આવો છે. કેવળજ્ઞાન પ્રાપ્ત આ કારણે છે, અંદર સાધન છે. એવી એની ઓળખાણ થાય તો એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? આગળ આવશે ને, **'जो जाणदि अरहंतं...'** ૮૦મી ગાથા. **'दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** ભગવાનનો પર્યાય આવડો છે, એનું દ્રવ્ય છે, એનો ગુણ છે, એની પર્યાય આવી છે. એટલી પર્યાયની સત્તાને ખ્યાલમાં વિકલ્પસહિત લક્ષમાં લે, પછી આત્મા સાથે એને મેળવે અંદર કે હું પણ એવો જ છું દ્રવ્યે અને ગુણે. એવી પર્યાયમાં પ્રતીતિ દ્રવ્ય અને ગુણને આશ્રયે થાય એને ક્ષાયિક સમકિત (થાય), તેને મોહનો નાશ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

**'ટીકા :- સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ...'** જુઓ! અહીંથી આ લીધું. **'સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ...'** પણ એ તો પહેલેથી લઈ ગયા છે કે શુદ્ધ ઉપાદાનના બળથી ક્ષય થયો છે. એ તો પહેલેથી વર્ણવ્યું છે, કહ્યું છે. સમજાણું કાંઈ? કથનની પદ્ધતિ કોઈ વખતે સ્વથી હોય, કોઈ વખતે નિમિત્તના અભાવથી હોય. એમાં શું છે? પોતાના.. જણાવવું છે ને. નિમિત્તપણું હતું એ ખસી ગયું છે. **'સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ જે (ભગવાન) સાંસારિક જ્ઞાન નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં હેતુભૂત...'** દેખો! શું કહે છે? આ ઈન્દ્રિયો છે ને પાંચ, આ પાંચ જડ, તે **'સાંસારિક જ્ઞાન નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં...'** નિમિત્ત હતું ઈન્દ્રિયો. સંસારી પર સંબંધીનું જાણવામાં ઈન્દ્રિયો નિમિત્ત હતી. સમજાણું કાંઈ? શું કહે છે? સંસારી જ્ઞાન એટલે ઈન્દ્રિયો જ્યાં નિમિત્ત છે, એવું જે જ્ઞાન પોતાથી થાય છે એ સંસારી જ્ઞાન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ સંસારી જ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? શું કહ્યું? સંસારી. જુઓને એ કથનની પદ્ધતિ. આ ઈન્દ્રિયો જે છે પાંચ, કહે છે કે અહીં જ્ઞાન થાય આમ (નૈમિત્તિક)માં, એ બધું (નૈમિત્તિક)માં જ્ઞાન થઈ ગયું, પણ એ બધું સંસારી જ્ઞાન થવામાં એ ઈન્દ્રિયો નિમિત્ત છે. આત્માનું જ્ઞાન થવામાં એ ઈન્દ્રિયો નિમિત્ત છે નહિ. સમજાણું કાંઈ? જુઓ! શબ્દનું જ્ઞાન થાય એમાં કાન ભલે નિમિત્ત છે. પણ એ નિમિત્ત છે એ શબ્દનું જ્ઞાન સંસારી જ્ઞાન છે. ... પર તરફના લક્ષવાળા જ્ઞાનમાં એ ઈન્દ્રિય નિમિત્ત છે. સમજાણું કાંઈ?

**'સાંસારિક જ્ઞાન...'** એટલે પર્યાય એના બળ એટલે ઊપજવું, એના અમલમાં મૂકવું એટલે ઊપજવું. એનો હેતુ એટલે નિમિત્ત. **'એવી જે પોતપોતાના નિશ્ચિત વિષયોને ગ્રહણ કરનારી...'** કાન છે એ જ્ઞાનમાં કાન નિમિત્ત છે. એ શબ્દને ગ્રહણ કરે જ્ઞાન. સમજાણું?

એ (આત્મા) જાણે પોતે, પણ ઘ્રાણ છે એ જ્ઞાનમાં નિમિત્ત છે એ ગંધને જાણે. એમ એક એક ઇન્દ્રિયને એક એક વિષય નિમિત્તપણે જાણે, પણ એ જાણવાનું જ્ઞાન સંસારી જ્ઞાન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભગવાનની વાણી સાંભળે કાને એ જ્ઞાન કાનના નિમિત્તથી થાય છે, એ સંસારી જ્ઞાન છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંસારી જ્ઞાન છે, પર ઇન્દ્રિયથી થયું છે ઈ. સ્વલક્ષીજ્ઞાન નિમિત્તથી થાય નહિ, એમાં નિમિત્તની જરૂર નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિય સંસારી જ્ઞાન છે.

ઉત્તર :- સંસારી જ્ઞાન, ઇન્દ્રિય નિમિત્ત સંસારી જ્ઞાનમાં નિમિત્ત છે. આત્માના જ્ઞાનમાં નિમિત્ત હોય નહિ. ... ભીખાભાઈ! એ તો એવી શૈલી છે કુંદકુંદાચાર્યની. એવી શૈલી છે. સ્વ અને પરની ભિન્નતાની એટલી વાત કરે છે. ઓહો..હો..!

કહે છે કે ભગવાન! તારી જ્ઞાનની પર્યાયમાં એક એક ઇન્દ્રિયના નિમિત્તમાં તે તે જાતનું જાણે-જ્ઞાન થાય તે જ્ઞાન સંસારી જ્ઞાન છે, પરલક્ષીજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હીરાભાઈ!

મુમુક્ષુ :- બધા આવી ગયા.

ઉત્તર :- બધા આવી ગયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, જ્યારે ઓલું સમજાણું, સ્વને લક્ષે સમજાણું ત્યારે આ રહ્યું નહિ. ત્યારે એને લક્ષે ન સમજાય. એ કહે છે કે જ્ઞાનમાં ઇન્દ્રિય નિમિત્ત થઈ એ જ્ઞાન સંસારી છે. એમ કહે છે. એ સંસારી જ્ઞાનથી આત્માનું જ્ઞાન થાય નહિ. ..ભાઈ! એમ ત્યાં પોપાબાઈના રાજ નથી આ કાંઈ. આહા..હા..! .. જ્ઞાન પોતાનું અને ઇન્દ્રિયના નિમિત્તને લક્ષે થાય, એ જ્ઞાન પોતાનું ક્યાંથી આવ્યું? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવી ઢબે વાત કરે છે ને! આહા..હા..!

ભાઈ! તારું સ્વરૂપ જ જ્ઞાન છે ને. અહીં જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. તો તારા સ્વભાવનો ભાવ જ જ્ઞાનસ્વરૂપ છે ને તારો ધર્મ જ જ્ઞાન છે. એ તો પોતામાં પડ્યું છે એને આશ્રયે જ્ઞાનની દશા પ્રગટ થાય. સમજાણું કાંઈ? એમાં ઇન્દ્રિય નિમિત્ત. છે ક્ષયોપશમ પોતાનો, પણ જેમાં એ નિમિત્ત છે એ જ્ઞાનને અહીં સંસારી જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉત્કૃષ્ટ ભેદજ્ઞાનની વાત ચાલે છે.

ઉત્તર :- ઉત્કૃષ્ટ નહિ, મૂળની. આહા..હા..!

ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને. ત્યાંથી તો વાત ઉપાડી છે. તારું જ્ઞાન જેમાં ઇન્દ્રિય

નિમિત્ત છે એ ઉપાદાન ભલે તારું, પણ એમાં નિમિત્ત છે એ જ્ઞાન કાંઈ તારું જ્ઞાન છે? સ્વભાવજ્ઞાન છે? એય..! વજુભાઈ! આવી વાત!

મુમુક્ષુ :- ... સંસારી જ્ઞાન.

ઉત્તર :- આ તમારા ચિરંજીવ તો હા પાડે છે લ્યો! આહા..હા..!

શું પણ રીત છે! સંતોની કથનની પદ્ધતિમાં પરાધીન જ્ઞાન અને સ્વાધીન જ્ઞાનની વહેંચણી કરે છે. ભગવાન આત્મા જ્યાં જ્ઞાનસ્વરૂપ જ છે, એનું રૂપ જ જ્ઞાન છે, એનો ભાવ જ જ્ઞાન છે અથવા જ્ઞાન પોતે જ છે. એવા જ્ઞાનને માટે નિમિત્તના લક્ષમાં ઉપાદાન પોતાનું અને એ જ્ઞાન, એ હોઈ શકે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કે ભગવાન આત્મા પોતે અતીન્દ્રિય સ્વરૂપ છે. જ્ઞાન પોતાનો સ્વભાવ તે અતીન્દ્રિય સ્વરૂપ છે. એ અતીન્દ્રિય સ્વરૂપને અતીન્દ્રિયના જ્ઞાન માટે જ્ઞાનની પર્યાય પોતાની અને નિમિત્ત ઇન્દ્રિય એ હોઈ શકે જ નહિ કહે છે. સમજાણું કાંઈ? એમ સિદ્ધ કરે છે અહીંયા.

ભગવાન આત્મા... માથે લઈ ગયા હતા ને અતીન્દ્રિય આવી ગયું હતું ને પહેલું? ૨૧માં નહિ? થયું એ આવ્યું હતું માથે. એ ૨૦માં આવ્યું હતું. જુઓ! **'अदिंदियत्तं जादं'** ૨૦માં. **'जम्हा अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं'** અતીન્દ્રિય. ભગવાન પોતે અતીન્દ્રિય છે એમ કહે છે અથવા એનો જ્ઞાનસ્વભાવ જ અતીન્દ્રિય છે. એ અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવનું જ્ઞાન... નિમિત્ત ઇન્દ્રિય હોય એને જાણવાનું જ્ઞાન થાય એ અતીન્દ્રિય જ્ઞાન જ નથી, એ આત્માનું જ્ઞાન જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સાંસારિક જ્ઞાન નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં હેતુભૂત...'** ઇન્દ્રિયો આ. **'એવી જે પોતપોતાના નિશ્ચિત વિષયોને ગ્રહણ કરનારી ઇન્દ્રિયો તેમનાથી અતીત થયા છે,...'** ભગવાન એનાથી અતીત છે. પ્રથમ જ્ઞાન થયું છે ત્યારે પણ ઇન્દ્રિયાતીત થયું. ઇન્દ્રિયાતીત પોતે છે એટલે ઇન્દ્રિયાતીતનું અતીન્દ્રિયથી જ્ઞાન થયું છે. પ્રથમ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન એ અતીન્દ્રિયથી થયું છે. સમજાણું કાંઈ? વાણી સાંભળે દિવ્યધ્વનિ ત્રિલોકનાથ પરમાત્માની, પણ એ કાન જેમાં નિમિત્ત છે અને ક્ષયોપશમ જે જ્ઞાન છે એ જ્ઞાન સંસારી જ્ઞાન છે. એય..! શેઠ!

મુમુક્ષુ :- ચૈતન્યરાજની વાત છે.

ઉત્તર :- હા, ચૈતન્યરાજની વાત છે. વાણી વાણી કરે છે ને. વાણીથી જ્ઞાન થાય, વાણીથી જ્ઞાન થાય. ચૈત્યાલયમાં પુસ્તક મૂક્યા છે ને બધા? અહીં તો કહે છે કે વાણીનું લક્ષ જાય છે એ ઇન્દ્રિય છે. એના જ્ઞાનની પર્યાયમાં ઇન્દ્રિય નિમિત્ત છે તે જ્ઞાન સંસારી છે. આહા..હા..! એ તો વીતરાગ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાણી નીકળે તો એની ક્યાં (છે)? એ તો અતીન્દ્રિય છે.

મુમુક્ષુ :- સાંભળનારને તો ...

ઉત્તર :- સાંભળનારા સાંભળે છે તો કાનનું નિમિત્ત છે અને જ્ઞાનનો ઉઘાડ છે. શું છે કહો?

મુમુક્ષુ :- .. સાંભળે તો છે.

ઉત્તર :- ના, ના, સાંભળતો નથી. એ સંસારી જ્ઞાન છે ઈ. પરદ્રવ્યનો આશ્રય છે. એવી વાત છે બાપા! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું કેવળજ્ઞાન અતીન્દ્રિય પૂર્ણ છે.

અહીં તો કહે છે, એને આવું સંસારી જ્ઞાન એને નથી. સમજાણું કાંઈ? એનાથી અતીત થયા છે એમ કહે છે. એમાં ઓલો ન્યાય મૂકી દીધો વચમાં. જ્ઞાની પોતે જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યમૂર્તિ છે, એને કહે છે કે જ્ઞાન થવાની પર્યાયમાં ઈન્દ્રિય નિમિત્ત એ આત્માનું જ્ઞાન જ નથી. ઓહો..હો..! શું વસ્તુની સ્થિતિ, વસ્તુની હદની મર્યાદા! ભાઈ! જાત તો તારી છે ને, વસ્તુ તો જ્ઞાનસ્વરૂપ છો, જ્ઞાનતત્ત્વ છો. એ જ્ઞાનતત્ત્વને ઈન્દ્રિયો નિમિત્ત ને જ્ઞાન થાય એ કાંઈ આત્મતત્ત્વ છે? એ આત્મજ્ઞાન છે? એ આત્મશાંતિ છે? ધર્મ છે? ના. આહા..હા..! હીરાભાઈ!

'**પોતપોતાના નિશ્ચિત વિષયોને ગ્રહણ કરનારી ઈન્દ્રિયો તેમનાથી...**' તો વેગળા થઈ ગયા છે. કોઈ કહે કે આ તો કેવળીની વાત છે. પણ અહીંયાં વાત પહેલી કરી ને. સંસારી જ્ઞાન નીપજાવવામાં ઈન્દ્રિય નિમિત્ત તે વાત કરી કે નહિ? સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન થયું છે ત્યાં એ અતીન્દ્રિય જ્ઞાનના અંતર અતીન્દ્રિય જ્ઞાનને આશ્રયે અતીન્દ્રિય જ્ઞાન થયું છે. એ સાંભળ્યું છે જ્ઞાન માટે સમ્યગ્જ્ઞાન છે એમ જ્ઞાન નથી એમ કહે છે. સાંભળ્યું અને જ્ઞાનનો ક્ષયોપશમ પોતાથી પર્યાયમાં પોતાથી થયો, પણ તે જ્ઞાન આત્માનું જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- આત્માનું સ્વરૂપ છે તો આત્માનું જ્ઞાન ને?

ઉત્તર :- સ્વરૂપ નથી. ના. ઈન્દ્રિય નમિત્તથી થયેલું જ્ઞાન આત્માનું સ્વરૂપ નહિ. અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ તે આત્માનું સ્વરૂપ છે. એવું છે બાપુ આ તો. ઓહો..હો..!

ભગવાન બાદશાહ ચૈતન્ય સ્વયંસિદ્ધ ચૈતન્ય વસ્તુ છે. અહીં તો વાત કેવળીની કરી છે, પણ પહેલેથી ઈન્દ્રિય જેમાં નિમિત્ત છે એ જ્ઞાન જ આત્માનું નહિ કહે છે. બંધનું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો હજી કેટલાક કહે કે ભગવાનમાંથી જ્ઞાન આવે, ઓલા કહે કે વાણીમાંથી જ્ઞાન આવે. વાણી, વાણી છે ને? એમાં ભગવાનનું જ્ઞાન ભર્યું છે એમાં. શેઠ! જિનવાણી છે ને, તો વાણીમાં જ્ઞાન ભર્યું છે ભગવાનનું. એ તો જૂઠ છે, પણ એ વાણી તરફનું લક્ષ કરીને જેમાં ઈન્દ્રિય નિમિત્ત છે એવું જ્ઞાન થાય એ પણ એક

સંસારી જ્ઞાન છે.

મુમુક્ષુ :- બંધનું કારણ છે.

ઉત્તર :- બંધનું કારણ છે, પરલક્ષી છે. ભગવાન અબંધસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક શેઠે કહ્યું. એમાં છે કે નહિ? સોનગઢનું ક્યાં છે ભાઈ જુઓ. એ છપાય પણ ક્યાં? ઘરમાં શું આવ્યું? એ તો પહેલેથી છે જ. એમાં છે, આ છે, આ છે. પ્રવચનસાર પહેલેથી છે. આ ટીકા પહેલેથી છે.

ઓહો..હો..! સર્વજ્ઞ સ્વરૂપ જ છે ને પ્રભુ તારું, એમ કહે છે. તારા જ્ઞાન થવામાં નિમિત્ત તને જ્ઞાન થાય એ કાંઈ તારું જ્ઞાન કહેવાય ભાઈ? ભલે અશુદ્ધ ઉપાદાનથી થયું છે પોતાથી, સમજાય છે? પણ એમાં નિમિત્તપણું આવ્યું એ જ્ઞાન તારું નથી, ભાઈ! તું અતીન્દ્રિય છો. અતીન્દ્રિય ભગવાન આત્મા એને અતીન્દ્રિયને અવલંબીને જે જ્ઞાનની પર્યાય પોતાને અનુભવવાની પ્રગટે તેને જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાન આનંદનું કારણ છે. જ્ઞાન અને આનંદ બે આગળ લેશે ને. એ જ્ઞાન અને આનંદ બે વર્ણવવા છે મૂળ તો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને આનંદસ્વરૂપ છે. વસ્તુસ્વભાવ આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એટલે જ્ઞાનસ્વરૂપે જ્યાં પૂર્ણ થાય છે ત્યારે આનંદરૂપે પણ પૂર્ણ થઈ જાય છે. એમ બે સાથે જ્ઞાન અને સુખનો અધિકાર આગળ લેશે. સમજાણું કાંઈ? એના જ્ઞાનને જેમ નિમિત્ત ઇન્દ્રિયોની જરૂર નથી, નિમિત્ત હોં! એમ આત્માના સુખને માટે ઇન્દ્રિયોની, પરની જરૂર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાન-સુખ બે અધિકાર લેશે ને. છે ને.

વાત તો ઓહો..હો..! કુંદકુંદાચાર્યના શાસ્ત્રો કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. વસ્તુની સ્થિતિ ડંકાની ચોટ મારીને વાત કરી છે. દુનિયા માનો, ન માનો એની સાથે સંબંધ છે નહિ. પછી સોનગઢનું છે એમ કહે. શેઠે એમ કહ્યું. સોનગઢવાળા અર્થ આવો કરે છે એમ. બીજા બીજો અર્થ કરતા હોય. વાત તો સાચી. બીજા બીજું કરતા હોય. અહીંયાં તો કહે છે ને પ્રત્યક્ષ.

ભગવાન આત્મા પોતાનો અતીન્દ્રિય સ્વભાવ જ્ઞાન અને સુખરૂપ છે એવી અંતરમાં પરની અપેક્ષા વિના અંતર જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ઘોળાય છે આખો આનંદ, એમ અંતર્મુખ દૃષ્ટિ નિર્વિકલ્પ કરવી અને એનું જ્ઞાન કરવું તેનું નામ ધર્મ છે. એ ધર્મસ્વરૂપ પર્યાય સ્વને આશ્રયે પ્રગટે છે, એમાં નિમિત્તની જરૂર નથી. કહો, સમજાણું કાંઈ? જોકે આ સંસારી જ્ઞાન પણ કાંઈ નિમિત્તથી થયું નથી. આહા..હા..! થયું છે તો એ સમયના એની યોગ્યતાના ક્ષયોપશમને કારણે. સમજાણું કાંઈ? સમજાણું? ઇન્દ્રિયથી થયું નથી, શબ્દથી થયું નથી. થયું છે તેનાથી. પણ એમાં નિમિત્તપણું આવ્યું ને સામે (એટલે) સંસારી જ્ઞાન છે, પરાધીન જ્ઞાન છે.

આ જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. એકલો જ્ઞાનસ્વભાવ વસ્તુ. આત્મા જ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપુંજ

છે. ચૈતન્યનો પુંજ અને એ ચૈતન્યપુંજ જે સ્વભાવ છે એ જ પોતે અંતરમાં એકાગ્ર થઈને પરિણમે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે, ચારિત્ર થાય છે અને એકાગ્ર થઈને પરિણમે ત્યારે કેવળજ્ઞાન થઈ જાય છે. એને કોઈ નિમિત્તની કોઈ અપેક્ષા છે નહિ. સમજાણું?

**'એવી જે પોતપોતાના નિશ્ચિત વિષયોને...'** નિશ્ચિત વિષય છે ને? કાનમાં શબ્દ વિષય છે, નાકનો ગંધ. એ પણ વિષય છે જુઓ! એ **'વિષયોને ગ્રહણ કરનારી...'** ગ્રહણ એટલે જાણનારી **'ઇન્દ્રિયો તેમનાથી અતીત થયા છે,...'** ભગવાન. **'જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના જ્ઞાનરૂપ સર્વ ઇન્દ્રિયગુણો વડે સર્વ તરફથી સમરસપણે સમૃદ્ધ છે...'** શું કહે છે? સ્પર્શો જેટલા જગતના, રસ, ગંધ, રંગ અને શબ્દ. એ શબ્દના **'જ્ઞાનરૂપ સર્વ ઇન્દ્રિયગુણો વડે સર્વ તરફથી સમરસપણે સમૃદ્ધ છે (અર્થાત્ જે ભગવાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તેમ જ શબ્દને સર્વ આત્મપ્રદેશેથી સમાનપણે જાણે છે)...'** એમ કહે છે. ભેદપણે નહિ હવે. એકસાથે આમ જાણે છે. એ તો અતીન્દ્રિયથી જાણે છે. જુઓ, શબ્દ એવો છે હોં! **'જ્ઞાનરૂપ સર્વ ઇન્દ્રિયગુણો વડે...'** સર્વ ઇન્દ્રિયગુણો વડે સર્વ તરફથી. પણ એક સાથે આમ જાણે છે બધું બસ. ભગવાનનું જ્ઞાન બધા શબ્દો, બધા રૂપો, બધા ગંધ, રસ, સ્પર્શ ને શબ્દો આદિ બધાને એક સમયે સર્વ આત્મપ્રદેશથી નિમિત્તની અપેક્ષા વિના પોતાથી પોતે પોતાને જાણે છે. આહા..હા..! આ સર્વજ્ઞ પરમેશ્વર. સમજાણું કાંઈ? ધર્મ કરીને પ્રગટ્યો પરમાત્મા આ રૂપે એની આ વ્યાખ્યા કરે છે.

અહીં તો બહારની ધમાધમ, બહારથી આ થયું ને આ થયું ને આ થયું. કર્મનું જ્ઞાન એ જ્ઞાન. આ તો ફલાણું શાસ્ત્રને ભણે ત્યાં જ્ઞાન કર્યું છે, બસ એમ થઈ જાય આપણે જ્ઞાન કર્યું. શાસ્ત્ર ભણ્યા ને જાણ્યું ત્યાં જ્ઞાન થઈ ગયું આપણને. ઝીણી વાત છે બાપુ! આહા..હા..! હવે આ કોની સાથે ચર્ચા કરે? ઓલા કહે, ચર્ચા કરતા નથી. કારણ કે પોતાની વાત હોય તો ચર્ચા કરવી જોઈએ ને. ક્યાં તમારે આવ્યા નથી. આવ્યા છે? છોટાભાઈ આવ્યા છે ને. હા, હા, છે. બેઠા છે. કોની સાથે? .. સાથે ચર્ચા કરે. આ વાત જ આખી જુદી જાત જ છે. દુનિયાને સાંભળવા મળી નથી બિચારાને, શું કરે? સાધુ થયા, મુંડાવીને બેઠા ભાન ન મળે કાંઈ. સમ્યગ્જ્ઞાન કોને કહેવું, સમ્યક્ કોને કહેવું એનું ભાન ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માની વાણીમાં એમ આવ્યું કે જે અમારી વાણી તું સાંભળે છો અને જે જ્ઞાન-શ્રોત થવામાં નિમિત્ત થાય છે એ જ્ઞાનને અમે સંસારી જ્ઞાન કહીએ છીએ એમ કહે છે. આહા..હા..! ભગવાન સાક્ષાત્ સમવસરણમાં બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે. અહીંયા પણ ભગવાન મહાવીર આદિ હતા. એ વખતે, કહે છે કે જે સાંભળનારા જેને કાન નિમિત્ત છે અને ઉપાદાન તો એની જ્ઞાનની પર્યાય છે. છતાં એ જ્ઞાનને અમે આત્મજ્ઞાન કહેતા નથી, એને આત્મધર્મ કહેતા નથી એમ કહે છે. એય..! ભારે વાત ભાઈ!

કહો, ...ભાઈ! શું છે આ?

મુમુક્ષુ :- ...એવી વાત છે.

ઉત્તર :- એવી વાત છે. વાત સાચી. પણ આ ક્યાંય મેળ ખાય એવી નથી દુનિયા સાથે. કારણ કે પહેલેથી ભૂલ છે એની. સ્વતંત્ર ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો ભગવાન છે પોતે, એના અંતરમાં એકાગ્ર થતાં અંતરમાં અતીન્દ્રિય જ્ઞાનના થતાં જ એને સમ્યગ્જ્ઞાન-દર્શન થાય છે અને ચારિત્ર પણ એને અંતરના અનુભવમાં આનંદમાં રહેતા અને શાંતિની દશા પ્રગટ થાય છે એને ચારિત્ર કહીએ. ચારિત્ર આ લૂગડા-ફૂગડાના પાંચ મહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નહિ. આહા..હા..! અજ્ઞાનીને નથી ખબર ચારિત્રની, નથી ખબર દર્શનની, નથી ખબર જ્ઞાનની.

મુમુક્ષુ :- જીવની જ ખબર નથી ને.

ઉત્તર :- જીવ કેવડો એની ખબર નથી.

અહીં તો એ જ ભગવાન કહે છે. આત્મા એવડો અને એને આત્મા કહીએ. ભગવાન સર્વજ્ઞના જ્ઞાનમાં આવ્યું છે, અનંત સર્વજ્ઞ થયા, તો એને આત્મા અમે કહીએ કે એ આત્મા પુણ્ય-પાપના, દયા, દાનના વિકલ્પથી ભિન્ન અને પોતાના જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ સ્વભાવથી અભિન્ન (છે). આહા..હા..! વર્તમાનમાં પોતાના પૂર્ણ જ્ઞાન, આનંદના સ્વભાવથી અભિન્ન એકરૂપ અને પુણ્ય-પાપ ને શરીર-વાણી, મનની અજીવ ક્રિયાઓ, પુણ્ય-પાપના દયા, દાનના પરિણામ આસ્રવતત્ત્વ એનાથી ભગવાન ભિન્ન છે. અને એનાથી ભિન્ન હોવા છતાં પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. આહા..હા..! જ્ઞાનથી પરિપૂર્ણ, આનંદથી પરિપૂર્ણ, શાંતિથી પરિપૂર્ણ, સ્વચ્છતાથી પરિપૂર્ણ એવા અનંતા ગુણોથી પરિપૂર્ણ આત્મા, એવા પરિપૂર્ણ આત્માની અંતર દૃષ્ટિ કરતાં, સમ્યગ્દર્શનમાં આત્માને આશ્રય બનાવતા દર્શન થાય એને સમ્યગ્દર્શન કહે છે. પહેલી ગાથા છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' સાંભળને. તને વસ્તુની (ખબર નથી). સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ એની વાણીમાં એમ આવ્યું કે ભાઈ! આ અમને તું કાન દ્વારા સાંભળે છો વાણીને અને અમને જો છો ભગવાન સાક્ષાત્‌ને હોં! એ આંખ દ્વારા ભગવાન આ છે એમ તું જો છો સમવસરણમાં બિરાજતા અને કાન દ્વારા સાંભળે છો, એ જ્ઞાનને અમે સંસારી જ્ઞાન કહીએ છીએ. આહા..હા..! એય..! ભીખાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- બધા રાડ નાખી જાય.

ઉત્તર :- રાડ નાખે. એ ચીજ એવી છે. સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા તીર્થંકર છે એ કંઈ કોઈ સંપ્રદાયની ચીજ નથી. એ વસ્તુનો સ્વભાવ જ એવો આત્માનો છે. જૈન એ કોઈ સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ? ભૈયાજી! વસ્તુ જ એવી છે. સવારમાં આવ્યું નહોતું?

વીતરાગ વિજ્ઞાનતા. આત્માનો સ્વભાવ જ એને ખબર નથી. વસ્તુ છે કે નહિ? તો છે એનો સ્વભાવ હોય ને કાયમી. તો કાયમી સ્વભાવ તો વીતરાગી વિજ્ઞાનઘન એનો સ્વભાવ છે. અહીં જ્ઞાનસ્વરૂપ કીધું એકલું. એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જેમાંથી કેવળજ્ઞાન અનંતી પ્રગટ દશા થાય એવો એ આત્મા છે. કેવળજ્ઞાનપણે ક્યાંથી થાય? બહારથી આવે એમ છે? સમજાણું કાંઈ? હજી આત્મા કેવડો એની ખબર નથી અને કહે કે અમે ધર્મ કરીએ. ધૂળમાંય ધર્મ નથી. કહો, શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આત્મા દેખાતો નથી એમ દેખાય છે કે નહિ? એવો નિર્ણય કરનાર કોણ છે? આહા..હા..! 'ના ના નાસ્તિ વિચાર' આવે છે ને શ્રીમદ્‌માં? 'કરી કલ્પના દૃઢ કરે, ના ના નાસ્તિ વિચાર, પણ અસ્તિ તે સૂચવે એ જ ખરો નિર્ધાર.' ભગવાન આત્મા સર્વને ન જાણી શકે એમ બોલનાર એને સર્વને ન જાણી શકે એનો અર્થ કે હું સર્વને જાણનાર છું એમ એનો અર્થ છે. આહા..હા..! એવી શક્તિ (છે) પણ એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

ઓહો..હો..! જ્ઞાનતત્ત્વ અધિકાર, જ્ઞેયતત્ત્વ અધિકાર અને ચરણાનૂયોગ અધિકાર ગજબ વાત છે! સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય ગયા હતા. અહીં લઈને આવ્યા હતા. આહા..હા..! ભગવાન પરમાત્માનું આમ કથન છે, પરમેશ્વર આમ ફરમાવે છે ઇન્દ્રોના સમક્ષમાં. સમજાય છે કાંઈ? ઓહો..હો..! ગજબ કામ કર્યું છે ને! નિમિત્તરૂપ દ્રવ્ય છે, પણ વાણીની રચના પણ એ વખતે અનુરૂપ જ હોય ને. જ્ઞાન જે જાતનું છે એ તો નિમિત્ત છે અને વાણી છે એ તો અનુરૂપ, એ નિમિત્તને અનુરૂપ છે અને એ વાણીને અનુકૂળ ઓલું જ્ઞાન છે, બસ એટલું. એથી એકબીજા કર્તા-હર્તા નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... નવો ધર્મ કાઢ્યો.

ઉત્તર :- નવો ધર્મ નથી. સાચી વાત છે. બિચારાને ખબર ન મળે કાંઈ. રાંકા જેવા બિચારા ગરીબ છે. તત્ત્વના અજાણ, ખબર ન મળે શું સર્વજ્ઞનું તત્ત્વ છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ કહેલા તત્ત્વો કેવા એની ખબર ન મળે અને વાતું કરે કો'કના ઘરની, એ કાંઈ એનું ચાલે? આહા..હા..!

અહીં તો એ અધિકાર છે, જો બાપુ! જ્ઞાનસ્વભાવ તારો છે કે નહિ? અંદર આત્મા આત્મા. હવે આત્મા એ તો વસ્તુ થઈ, પણ હવે એનું સ્વરૂપ શું? સ્વભાવ શું? શક્તિ શું? સત્ત્વ શું? તત્ત્વ શું? અને ભાવ શું? કે એનો જ્ઞાનભાવ, આનંદભાવ, શાંતિભાવ એ ત્રિકાળી છે. ત્રિકાળી છે એટલે પરિપૂર્ણ છે. એની શક્તિનો આશ્રય કરતાં, પર્યાયમાં અંતર દ્રવ્યનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય તેને ધર્મની પહેલી સીઢી અને દશા કહે છે. એ વિના થોથે થોથાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ત્રણ લોકના નાથની વાણીમાં આ

આવે આવું હોં, કહે છે. ઈન્દ્રિયોના નિમિત્તથી સંસારી જ્ઞાનને નીપજવામાં નિમિત્ત ભગવાન! શું કહે છે? આહા..હા..! શું કહે છે આ? સમજાણું? ઓલો કહે કે નહિ, એ વાણી હતી તે જ્ઞાન થયું, સાંભળ્યું તો જ્ઞાન થયું. હવે એ તો એક કોર મૂક. એય..! ન્યાલભાઈ! વાણી હતી તો જ્ઞાન થયું, જ્ઞાન એ પહેલાં કેમ ન થયું? હવે સાંભળ, એ તો નથી, જ્ઞાન તો થયું છે પોતાના જાણવાની યોગ્યતાના કારણે. એમાં ઈન્દ્રિય નિમિત્ત અને એ વાણી નિમિત્ત છે. સમજાય છે? ત્યાં તો તારી પહેલી ભૂલ છે કે વાણીને લઈને જ્ઞાન થયું, એ તો વળી અજ્ઞાનમાં તારી મોટી ભૂલ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતાનો તે ક્ષણનો ક્ષયોપશમ પોતાની યોગ્યતા છે ત્યારે ઈન્દ્રિય નિમિત્ત અને વાણી નિમિત્ત કહેવામાં આવે છે. ઉપાદાન તો પોતાનું તે કાળે જ્ઞાન છે. છતાં હજી એ પણ નિમિત્તથી થાય અને વાણી હોય તો થાય એ તો સંસારી જ્ઞાનની પરાધીનતામાં ભૂલેલા છે. ભાઈ! એય..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- એ તો ભૂલની ભૂલ થઈ.

ઉત્તર :- ભૂલની ભૂલ. આહા..હા..! એને ખબર નથી. કહો, સમજાણું કાંઈ? એ..! શેઠ! શેઠ તૈયાર થઈ ગયા છે. આહા..હા..!

ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! અને તારા જ્ઞાનસ્વરૂપમાં શું ખોટ છે? ઓહો..હો..! કેવળજ્ઞાનની પર્યાય જે છે એ તો એક સમયની છે. કેવળજ્ઞાન છે તે એક સમયનું છે. એ તો બહુ નાનું. નાનું તે કેટલું? એટલા એટલા કેવળજ્ઞાન સાદિઅનંત નવું નવું થયા જ કરે. કેવળજ્ઞાન એક સમયની અવસ્થા છે. કેવળજ્ઞાન ગુણ નથી કાંઈ. બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું. કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નથી. તો કહે છે કે એવી કેવળજ્ઞાનની અનંતી પર્યાયની શક્તિનો રાખનાર એક જ્ઞાનગુણ છે અંદર. એવા જ્ઞાનગુણનો આધાર તે આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, કેટલી શૈલી કાઢી એણે! સ્પષ્ટ તો ભાઈએ કર્યું છે ને અમૃતચંદ્રાચાર્યે. એમાંથી કાઢ્યું છે. આહા..હા..! ભાઈ! પરમાત્મા સર્વજ્ઞ કોને કહેવા? કેવળજ્ઞાની ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ગોખે જાય. કાં તો કર્મરૂપી વેરીને હણનાર એ ભગવાન. એ ક્યાંથી લાવ્યો? કહે છે, એ ખોટી વાત છે તારી, લે. કર્મ તો જડ છે. જડને આત્મા હણે? જડનો સ્વામી છે? ત્યારે ગોખીને માર્યું છે ઈ. હજી તો મૂળ અજ્ઞાનમાં ભૂલ છે, અજ્ઞાનની તીવ્રતા. હીરાભાઈ! બાપુ! એના ભગવાનના ઘરની વાતું કાંઈક જુદી જાત છે. એ વાત એને સાંભળવા મળી નથી એટલે કાંઈકનું કાંઈક કલ્પીને બિચારા પડ્યા છે એમ ને એમ. સમજાણું કાંઈ? એય..! જાધવજીભાઈ! ઓહો..હો..!

કહે છે કે ભગવાનનું જ્ઞાન... જે ઈન્દ્રિયો નિમિત્ત હતી જે જ્ઞાનમાં-જાણવાના પર્યાયમાં,

એ સંસારી જ્ઞાન છે. એનાથી તો ભગવાન કેવળજ્ઞાની અતીત થઈ ગયા છે. જોકે સમ્યગ્દૃષ્ટિ પણ ઇન્દ્રિયથી થતાં જ્ઞાનથી અતીત થયા ત્યારે સમ્યગ્દર્શન થયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સિદ્ધસ્વરૂપે શક્તિરૂપે સત્ત્વ પ્રભુ છે. એવા અનંત આત્માઓ ભગવાને જોયા છે. એવો જે પૂર્ણ આત્મા એને અંતરનો આશ્રય કરીને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ અને અતીન્દ્રિય જ્ઞાન દ્વારા અવલંબીને જે પ્રતીત થાય તેને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શનમાં ઇન્દ્રિયનું જ્ઞાન નિમિત્તપણે હતું માટે થયું એમ પણ છે નહિ. પહેલું સાંભળ્યું હતું વાણી ભગવાનની કે સમ્યગ્દર્શન સ્વને આશ્રયે થાય. એવું ઇન્દ્રિયના નિમિત્તથી જ્ઞાન પોતાની યોગ્યતાએ સાંભળ્યું હતું, એ જ્ઞાન ત્યાં મદદ કરતું નથી એમ કહે છે.

મુમુક્ષુ :- .. નિર્ણય તો કરાવે ને.

ઉત્તર :- ના. ના. એમ કહે છે. ભાઈ! હજી એને...

મુમુક્ષુ :- તરણા આડે ડુંગર, ડુંગર કોઈ દેખે નહિ.

ઉત્તર :- દેખે નહિ. આહા..હા..! ભગવાનનું કેવળજ્ઞાન ઇન્દ્રિયાતીત થઈ ગયું છે, સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન પણ ઇન્દ્રિયાતીત જ થાય છે એમ કહે છે. પૂર્ણ જ્યાં અતીન્દ્રિય જ્ઞાન એને અંશે જે જ્ઞાન પ્રગટે એ પણ અતીન્દ્રિય જ્ઞાન જ હોય છે. એને ધર્મ અને જ્ઞાન અને શ્રદ્ધા કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૫, રવિવાર, તા. ૨૨.૯.૧૯૬૮**
**ગાથા-૨૨, ૨૩, પ્રવચન-૨૦**

જ્ઞાનતત્ત્વ અધિકાર. ૨૨મી ગાથા. અધિકાર કેવળજ્ઞાની પરમાત્માનો ચાલે છે. આ કેવળજ્ઞાન જે થયું એ કેમ થયું? અને એ કેવળજ્ઞાનનું સ્વરૂપ શું છે? પહેલેથી લીધું છે કે આત્મા... આ જ્ઞાનતત્ત્વ ચાલે છે ને? તો આત્મા અંતર જ્ઞાનસ્વભાવભાવવાળો છે, જ્ઞાનસ્વભાવભાવ. એમાં અનંતા ગુણો ભલે હો. મુખ્યપણે જ્ઞાનસ્વભાવભાવ એની અંતર્મુખ દૃષ્ટિ કરીને એવા પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ અને પૂર્ણ જ્ઞાનનું જ્ઞાનમાં વેદન, એવું સમ્યગ્દર્શન અને જ્ઞાન એ પહેલી ધર્મની દશા. સમજાય છે કાંઈ? પૂર્ણ સ્વરૂપ ચૈતન્ય વસ્તુ છે ને? અહીં તો જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. જ્ઞાનભાવ સ્વભાવ એ વસ્તુનો પોતાનો જ્ઞાનભાવ પૂર્ણ છે. એને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એનામાં છે જ નહિ. તેમ અપૂર્ણ જ્ઞાન પણ નથી. અહીં તો પૂર્ણ વસ્તુ લેવી છે. સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્યબિંબ ચૈતન્યરત્નાકર પૂર્ણ જ્ઞાન સર્વજ્ઞસ્વભાવી વસ્તુ, એને સર્વજ્ઞપર્યાય પ્રગટી કેમ એની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞસ્વભાવી આત્માની અંતર અનુભવની પ્રતીત અને તેનું જ્ઞાન અને તેમાં સામ્યભાવ—રાગરહિત શુદ્ધ ઉપયોગની રમણતારૂપ ચારિત્ર, એનાથી કેવળજ્ઞાન થાય છે. એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનીને ઇન્દ્રિયનું જ્ઞાન નથી, ઇન્દ્રિયો હોતી નથી એમ કહે છે. એ અતીન્દ્રિય છે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ.

'**ભાવાર્થ :- ઇન્દ્રિયનો ગુણ તો...**' ભાવાર્થ છે ને? '**સ્પર્શાદિ એક ગુણને જ જાણવાનો છે,...**' સ્પર્શ, શબ્દ, રૂપ, ગંધ એની આત્માની પર્યાયમાં ઇન્દ્રિયનું નિમિત્ત હોય ત્યારે આટલો જાણવાનો પર્યાયધર્મ છે. છતાં એ જ્ઞાન આત્માનું નહિ. કેમકે ઇન્દ્રિયના નિમિત્તથી જે જ્ઞાન થાય, થાય પોતાથી છતાં તે આત્માનું જ્ઞાન નહિ અને એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? ઇન્દ્રિયના નિમિત્તથી થતું જ્ઞાન તે આત્મા નહિ એમ કહે છે. જો હોય એ તો એનાથી અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ થઈ એમાં ઇન્દ્રિયનું જ્ઞાનની મદદ જોઈએ, તો એ તો છે નહિ. ઝીણી વાત છે પ્રભુ!

અહીંયાં તો ભગવાન આત્મા અતીન્દ્રિયસ્વરૂપ જ છે. સર્વજ્ઞ પરમેશ્વરને પર્યાયમાં પ્રગટ થયો અવસ્થામાં. વસ્તુ પોતે અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ ચૈતન્યબિંબ છે. એનો અંતરમાં સ્વીકાર દૃષ્ટિમાં થઈ અને એનું જ જ્ઞાનનું વેદન થઈ અને એના સ્વરૂપમાં રમણતારૂપી વીતરાગી ચારિત્ર પ્રગટ કરે એ ધર્મ છે. અને એ ચારિત્રધર્મના ફળ તરીકે એને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? એ ઇન્દ્રિયોના જ્ઞાનથી એ થતું નથી. કેમકે ત્યાં અતીન્દ્રિયપણું એકલું રહી ગયું છે, ભગવાન પરમાત્મા અરિહંતને. સમજાય છે કાંઈ? 'ણમો અરિહંતાણં' એની વ્યાખ્યા ચાલે છે આ તો. અરિહંતના આત્માને અતીન્દ્રિય જ્ઞાનની દશાનું પરિણમન છે. તેથી તેને ઇન્દ્રિયના જ્ઞાનનું પરિણમન છે નહિ. ઇન્દ્રિયજ્ઞાન જ નથી. કેમ?

'**ઇન્દ્રિય ગુણ તો સ્પર્શાદિ એક ગુણને જાણવાનો છે, જેમ કે ચક્ષુઇન્દ્રિયનો ગુણ રૂપને જાણવાનો છે...**' જાણે જ્ઞાનની અવસ્થા, પણ એમાં નિમિત્ત ચક્ષુ છે આ. એ કાંઈ વાસ્તવિક જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? કેમકે પોતે અતીન્દ્રિય છે આત્મા. એ અતીન્દ્રિય જ્ઞાનને પકડીને જે જ્ઞાનદશા થાય તેને આત્માનું જ્ઞાન અને તેને આત્માનો ધર્મ અને સ્વભાવ કહેવામાં આવે છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞનો માર્ગ એટલો બધો ઉત્તમ અને સાચો છે કે સાધારણ માણસને એમ લાગે કે આ તો બહુ સૂક્ષ્મ. વસ્તુ સૂક્ષ્મ જ છે ને ભાઈ! આત્મા પોતે સૂક્ષ્મ અતીન્દ્રિય પિંડ છે આત્મા. અતીન્દ્રિય એ ઇન્દ્રિય દ્વારા કેમ જણાય? અને એ પુણ્ય દયા, દાનના વિકલ્પો રાગ છે એ દ્વારા કેમ જણાય? એ દ્વારા જણાય નહિ, એ દ્વારા ધર્મ થાય નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ વાત! ભગવાન

પરમાત્મા પોતે જ આત્મા છે. છે તે પ્રગટ્યો છે, પ્રગટે છે. કેવળજ્ઞાનપણે પ્રગટે છે એ તો છે તે પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી પ્રાપ્તિ આવે છે. એ કાંઈ શરીરમાં, પુણ્ય અને પાપમાં કાંઈ નહોતું કે કેવળજ્ઞાન પ્રગટ થાય. સમજાય છે કાંઈ? એમ ઈન્દ્રિયના નિમિત્તથી થતાં જ્ઞાન એમાંથી પણ કેવળજ્ઞાન થાય એમ છે નહિ. કારણ કે એ તો પરાવલંબી, પરસત્તાવલંબી જ્ઞાન છે.

'**વળી ઈન્દ્રિયજ્ઞાન ક્રમિક છે.**' ઈન્દ્રિયના નિમિત્તે થતું જ્ઞાન ક્રમે ક્રમે થાય છે. ભગવાનને એ હોતું નથી. '**કેવળીભગવાન તો ઈન્દ્રિયોના નિમિત્ત વિના...**' કેવળી પરમાત્મા અરિહંત પરમેશ્વર '**ઈન્દ્રિયોના નિમિત્ત વિના સમસ્ત આત્મપ્રદેશથી...**' આખા અસંખ્ય પ્રદેશ ભગવાન આત્માના છે એ અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનસ્વરૂપ વ્યાપ્યું છે, એના અવલંબનથી જે જ્ઞાનદશા પ્રગટ થઈ છે એ અસંખ્ય પ્રદેશે વ્યાપેલી છે એ દશા. '**સ્પર્શાદિ સર્વ વિષયોને જાણે છે,...**' ભગવાન તો સ્પર્શાદિ સર્વ વિષયોને જાણે છે. કાંઈ સ્પર્શ, રસ એટલાને (નહિ), આખા ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે.

'**અને જે સમસ્તપણે પોતાનું ને પરનું પ્રકાશક છે...**' કેવું છે જ્ઞાન? પોતાને પ્રકાશે છે અને લોકાલોક જગતની ચીજ છે એને પણ ભગવાનનું જ્ઞાન પ્રકાશે છે. છે? '**એવા લોકોત્તર જ્ઞાનરૂપે (-લૌકિકજ્ઞાનથી ભિન્ન કેવળજ્ઞાનરૂપ)...**' એમ. ભગવાન ચૈતન્યબિંબ પરમાત્મસ્વરૂપ એ અંતરના અનુભવની એકાગ્રતા દ્વારા લૌકિકજ્ઞાનથી જુદું કેવળજ્ઞાનરૂપે '**સ્વયમેવ પરિણમ્યા કરે છે;...**' પરમાત્મા અરિહંતને કેવળજ્ઞાન સ્વયમેવ પરિણમન થયા કરે છે. '**માટે સમસ્ત દ્રવ્ય,...**' જગતના જેટલા પદાર્થ છે તેટલા, બધા '**ક્ષેત્ર,...**' જેટલું ક્ષેત્ર લોક, અલોક છે તેટલું. બધો '**કાળ અને ભાવને...**' એને '**અવગ્રહાદિ ક્રમ વિના જાણતા હોવાથી...**' ભગવાન એને અવગ્રહ (આદિના) ક્રમે જાણતા નથી. એક સાથે એક સમયમાં (જાણે છે). જુઓ! આ જ્ઞાનની દશા આવડી એને આત્મા પૂરો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**કેવળી ભગવાનને કાંઈપણ પરોક્ષ નથી.**' પરમાત્મા કેવળજ્ઞાની થયા એ શુદ્ધ ઉપયોગના પ્રસાદ દ્વારા (થયા). શુદ્ધ ઉપયોગ એટલે? આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપમાં ઉપયોગનું આચરણ અંતર એકાગ્ર વીતરાગી ઉપયોગ દ્વારા કેવળજ્ઞાન થયું એને કાંઈપણ પરોક્ષ હવે રહ્યું નથી. ઝીણી વાત છે, નૌતમભાઈ! આ બધું જરી અભ્યાસ કરે તો સમજાય એવું છે. ઉપરટપકે કાંઈ હાથ આવે એવું નથી. આહા..હા..! હજી તો કેવળજ્ઞાની, કેવળજ્ઞાન કેમ થાય? કે ચારિત્રધર્મથી. એ ચારિત્રધર્મ એટલે શું? કે ભગવાન ચૈતન્ય વીતરાગબિંબ આત્મા છે એની નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ અને એનું જ્ઞાન અને એમાં વીતરાગી પરિણતિની રમણતા એ ચારિત્ર. ચારિત્ર કાંઈ લૂગડા ને ક્રિયા ને વિકલ્પ મહાવ્રતનો ઊઠે તો આ કરું ને તે કરું—એ બધા વિકલ્પ એ ચારિત્ર નથી. એ તો રાગ છે, અચારિત્ર છે. સમજાણું કાંઈ?

આત્મા ચરવું. સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે એમાં ચરે. ચરે નામ રમે, રમે એટલે વીતરાગ પર્યાયથી આનંદની રમણતામાં રહે એવી દશાને ભગવાન ચારિત્ર કહે છે. એ ચારિત્રના ફળ તરીકે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આત્મા આવડો મોટો કે જેમાં અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાય જેમાં પડી છે એવડો આત્મા દ્રવ્યસ્વરૂપ, એટલો ગુણસ્વરૂપ, એની પ્રતીતિ એવડા આખા આત્માની, એ તો મોટી સમ્યગ્દર્શન દશા અને એમાં રમણતા (અર્થાત્) એવો આત્મા અખંડ આનંદ પિંડ પ્રભુ છે એમાં રમવું કે જમવું એનું નામ ચારિત્ર છે. એ ચારિત્રના ફળ તરીકે મોક્ષ હોય છે. દુનિયા માને છે કે આ ક્રિયા કરી ને દયા પાળી ને વ્રત પાળીએ ને આ કરીએ એનાથી ધર્મ થાય, એ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ?

કેવળી પરમાત્મા એટલે એનો અર્થ થયો કે પહેલેથી જ આત્મા અતીન્દ્રિયસ્વરૂપ છે એનું જ્ઞાન અતીન્દ્રિયપણે ઇન્દ્રિયના અવલંબન વિના અતીન્દ્રિય જ્ઞાન કર્યું, એમાં અતીન્દ્રિય જ્ઞાન કરીને એમાં ઠર્યો એ પણ અતીન્દ્રિય વીતરાગ પર્યાય છે. ઠરતાં વીતરાગી પૂર્ણ જ્ઞાન એક સમયમાં પ્રગટ થઈ જાય છે. એ ૨૨ ગાથા થઈ.

૨૩. '**હવે આત્માનું જ્ઞાનપ્રમાણપણું અને જ્ઞાનનું સર્વગતપણું પ્રકાશે છે :—** ' આત્મા જ્ઞાન પ્રમાણે છે. જેમ સાકર ગળપણ પ્રમાણે છે, એમ આત્મા અંદર જ્ઞાન પ્રમાણે છે અને જ્ઞાન સર્વગતપણું જણાવે છે. એ જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે છે એને વ્યવહારે સર્વગતપણું કહેવામાં આવે છે. બહુ અધિકાર સરસ છે. એનું તત્ત્વ છે આત્મા એનું સત્ત્વ આવડું મોટું છે એ અહીં સિદ્ધ કરવું છે. ભગવાન આત્મા...! આ તો બધા જડ, માટી, પર છે ધૂળ. કર્મ જડ પર છે. દયા, દાન, વ્રતના પરિણામ ઊઠે એ શુભરાગ પર વિકાર છે. હિંસા, જૂઠું, ચોરીના ભાવ એ પણ પાપ વિકાર પર છે. એની પાછળ ભગવાન આત્મા જેને આત્મતત્ત્વ કહીએ એને અહીં જ્ઞાનતત્ત્વ કહ્યું છે.

એક તો એકલો જ્ઞાન જ્ઞાનસ્વભાવરૂપ આત્મા, એના દ્રવ્યમાં આખું જ્ઞાન વ્યાપી ગયેલું છે. એ જ્ઞાનથી આત્મા ઓછો-અધિકો હોઈ શકે નહિ. સાકરનું ગળપણ જે છે એનાથી-ગળપણથી સાકર ઓછી-અધિક હોઈ શકે નહિ. તેમ સાકરમાં ગળપણ પણ એના ક્ષેત્રથી ઓછું-અધિકપણું હોઈ શકે નહિ. એમ ભગવાન આત્મા ચૈતન્ય ભગવાન અસંખ્યપ્રદેશી વસ્તુ, એમાં જ્ઞાન આત્મા પ્રમાણે વ્યાપ્યું છે અને એ જ્ઞાન જ્ઞેય પ્રમાણે એટલે જેટલા લોકાલોક છે એટલાને જાણવાની તાકાતવાળું જ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? ૨૩.

आदा णाणपमाणं णाणं णेयप्पमाणमुद्दिट्ठं।
णेयं लोयालोयं तम्हा णाणं तु सव्वगयं।।२३।।

નીચે હરિગીત એનું.

**જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ ભાખ્યું, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે,**
**ને જ્ઞેય લોકાલોક, તેથી સર્વગત એ જ્ઞાન છે. ૨૩.**

જુઓ! સર્વજ્ઞ પરમાત્માએ આમ કહ્યું છે એમ કહે છે. ત્રિલોકનાથ પરમાત્માએ 'જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ ભાખ્યું,...' એનો '**અન્વયાર્થ :- આત્મા જ્ઞાનપ્રમાણ છે, જ્ઞાન જ્ઞેયપ્રમાણ કહ્યું છે.**' જોયું, '**उद्दिष्टं**'. ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવની વાણીમાં એમ આવ્યું છે અને એમ છે. સમજાય છે કાંઈ? અને '**જ્ઞેય લોકાલોક**' જાણવાયોગ્ય વસ્તુ તો લોકાલોક છે. ત્રણ કાળ ત્રણ લોક, ક્ષેત્ર, અલોક એ બધું જાણવાની વસ્તુ છે. આત્મા જ્ઞાનપ્રમાણ અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ. જેટલું જ્ઞેય છે તેને જાણવાની તાકાતવાળું છે. આત્મા સિવાય (જે) કોઈ અનંત જ્ઞેય છે એના કોઈ જ્ઞેયને કરવું, રચવું, તોડવું, ભાંગવું, છોડવું એવું જ્ઞાનમાં છે નહિ. આહા..! જ્ઞાન જગતના ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને જાણે એવું એનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

'**ટીકા :- 'समगुणपर्यायं द्रव्यम्' (ગુણ-પર્યાયો અર્થાત્ યુગપદ્ સર્વ ગુણો અને પર્યાયો તે જ દ્રવ્ય છે.**' એટલે શું કહે છે? આત્મા વસ્તુ છે. એક એક આત્માની વાત ચાલે છે આ. આ પરમાણુ જડ, શરીર, કર્મ એ તો પુદ્ગલ ભિન્ન છે, પર ચીજ છે. એ કાંઈ આત્માની નથી, આત્મામાં નથી. સમજાય છે કાંઈ? આત્મા વસ્તુ છે એમાં સમગુણ (અર્થાત્) જેટલા ગુણો છે તે એક સાથે રહેલા છે અને પર્યાયો, તે દ્રવ્ય છે. વસ્તુ એને કહીએ આત્મા કે જેટલા ગુણો છે વ્યાપક એક સાથે અને પર્યાયો, એ ગુણ અને પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ શરીરને અને કર્મને અડતો પણ નથી એમ કહે છે. આહા..હા..! પોતે પોતાના સમગુણ-પર્યાયમાં છે. ભગવાન વસ્તુ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનો આત્મા અને એમણે કહેલો આત્મા બધા, સમગુણ પર્યાય (છે). આત્મા છે એ પોતાના જેટલા ગુણો છે, શક્તિઓ અનંત અને એની પર્યાય એ સમગુણ-પર્યાય. યુગપદ્ ગુણો અને પર્યાય એ આત્મા. સમજાણું કાંઈ?

'**યુગપદ્ સર્વ ગુણો અને પર્યાયો તે જ દ્રવ્ય છે) એ વચન પ્રમાણે આત્મા જ્ઞાનથી હીનાધિકરહિતપણે પરિણમતો હોવાથી જ્ઞાનપ્રમાણ છે,...**' શું કહે છે? આત્મા જ્ઞાનગુણ અને એની પર્યાય. એમ કીધું ને? જ્ઞાનગુણ છે, વસ્તુ આત્મા એનો જ્ઞાનગુણ અને એની પર્યાય. તે જ્ઞાનગુણ પ્રમાણે પોતે પરિણમીને ગુણમાં પરિણમીને પર્યાયપણે પરિણમે છે. '**જ્ઞાનથી હીનાધિકરહિતપણે પરિણમતો હોવાથી જ્ઞાનપ્રમાણ છે,...**' શું કીધું? ભગવાન આત્મા જ્ઞાનથી હીણો પણ નથી, જ્ઞાનથી અધિક નથી. એ રીતે જ્ઞાન પરિણમતું હોવાથી જ્ઞાનપ્રમાણ છે. આહા..હા..! હજી તો વિસ્તાર કરશે હોં! પુણ્ય-પાપ, રાગ-દ્વેષાદિ તો એમાં છે જ નહિ. અહીં તો જ્ઞાનતત્ત્વ વ્યાપક સિદ્ધ કરવું છે ને? (રાગાદિ) એ તો પરવસ્તુ છે.

ભગવાન આત્મા જ્ઞાનપ્રમાણ... આ તો પૂરાની વાત છે, પણ નીચે પણ એમ જ છે. વસ્તુ પોતે આત્મા પદાર્થ છે તો એનો સ્વભાવ જ્ઞાન છે. તો જ્ઞાન પ્રમાણે આ છે.

એ જ્ઞાન પ્રમાણે એનું પરિણમન છે. એની પર્યાયમાં એના જ્ઞાન પ્રમાણે એની પર્યાય છે- પરિણમન છે. એ જ્ઞાનથી આત્મા અધિક-ઓછો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

આ આત્માની સ્થિતિ વર્ણવે છે કે આત્મા કેવો છે અને એનું પૂર્ણ સ્વરૂપ પ્રગટે ત્યારે કેવો હોય છે એ વાત કરે છે. સમજાણું કાંઈ? આ બધા જુઓને ગોટા વાળે છે ને કેટલાક. એક જ આત્મા છે, સર્વવ્યાપક છે, કાં.. સમજાય છે? એકલું જડ છે, કાં એક અંગુઠા પ્રમાણે છે એવું આવે છે. સમજાય છે? આટલો નાનો છે ને કાં ચોખા જેટલો છે, કાં ફલાણા જેટલો છે. આવે છે ને આમાં? જયસેનાચાર્યમાં આવે છે. જયસેનાચાર્યની ટીકામાં આવે છે, જયસેનાચાર્યની ટીકામાં આવે છે. છે ને આમાં છે. છે એમાં જુઓ. એ ૨૫મી ગાથામાં છે. '**केचनात्मानमङ्गुष्ठपर्वमात्रं, श्यामाकतण्डुलमात्रं, वटककणिकादिमात्रं वा मन्यते** ' ઘણા જગતમાં મત છે. ટીકા છે. એમાં નથી, એમાં ટીકા નહિ હોય. સંસ્કૃત ટીકા છે જયસેનાચાર્યની. ૪૩ પાને છે આમાં. ત્રીજી લીટી છે. આમાં છે, એમાં નથી. જૂનામાં નથી. જૂનામાં સંસ્કૃત નથી. કોઈ કહે છે કે આત્મા સર્વવ્યાપક આખા લોકાલોક પ્રમાણે એક જ આત્મા સર્વવ્યાપક કહે છે. એ ખોટી વાત છે. કોઈ કહે કે આવડો નાનો આટલા વડના બીજ જેટલો, અંગુઠા જેટલો-એ બધી વાત કલ્પનાની અજ્ઞાનીઓની છે. ભગવાન સર્વજ્ઞથી જોયેલો, જાણેલો આત્મા શરીરથી ભિન્ન જ્ઞાન પ્રમાણે પોતે છે. સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા પોતાના ગુણથી અને તેનું પરિણમન એનાથી હીનાધિકતા રહિતપણે પરિણમતો હોવાથી. એનાથી હીન—ઓછું ને અધિકપણાથી રહિત થતો, પરિણમતો હોવાથી '**જ્ઞાનપ્રમાણ છે,...**' સમજાણું કાંઈ? આત્માનો તારે નિર્ણય કરવો હોય તો, કહે છે, જ્ઞાનપ્રમાણ આત્માનો નિર્ણય કર. સમજાણું કાંઈ? '**જ્ઞાન જ્ઞેયનિષ્ઠ હોવાથી,...**' '**જ્ઞેયોને અવલંબતું; જ્ઞેયોમાં તત્પર.**' જ્ઞેયને જાણતું હોવાથી '**દાહ્યનિષ્ઠ દહનની જેમ,...**' '**બાળવું તે; અગ્નિ.**' અગ્નિ જેમ... દાહ્યનિષ્ઠ દહનની જેમ. અગ્નિ લાકડાને બાળતા લાકડાના આકારરૂપે થઈ જાય છે ને? એ પોતાનો જ આકાર છે. અગ્નિનો દાહ્યનો આકાર એ બળવાયોગ્ય પોતાનો આકાર છે. એમ આત્મા જ્ઞાનપ્રમાણ છે અને જેટલા જ્ઞેયો છે તેટલા પ્રમાણમાં જ્ઞેયનું જ્ઞાન પોતામાં પરિણમી જાય છે. આહાહા..!

'**જ્ઞેય તો લોક અને અલોકના વિભાગથી વિભક્ત,...**' લ્યો! હવે જ્ઞેય કેટલું છે? કે લોક અને અલોકનું જેટલું જ્ઞેય છે. લોક ચૌદ બ્રહ્માંડ અને અલોક ખાલી. ખાલી... ખાલી... ખાલી... ખાલી... એ બધું જ્ઞાનમાં જણાય એવું જ્ઞેયનિષ્ઠ... એ જ્ઞાન તેમાં નિષ્ઠ નામ જ્ઞાન તેમાં વ્યાપી ગયું છે. જેટલા જ્ઞેયો છે તેને જાણવામાં વ્યાપી ગયું છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે! આવું બધું શીખવું એ કરતા તો દયા પાળવી, વ્રત પાળવા, એય..! ..! તપસ્યાઓ કરી નાખવી આઠ, દસ અપવાસ અને સોળ અપવાસ. કેમ ભગવાનજીભાઈ! એક સાધુ કહેતો હતો, ભાઈ એને મળ્યો હતો ત્યાં જામનગર. મહાજન સાધુ છે ને. કે અમારા સાધુ

આઠ અપવાસ કરે. તમે જેને લાંઘણ કહો છો ને, એમ કરીને (કહ્યું). બહાર વાત તો આવી ગઈ છે ને. તમારે લાંઘણ પણ નથી મિથ્યાત્વ છે, સાંભળને હવે. હજી આત્મા કોણ છે એ શું કરે છે એના ભાન વિના આ મેં અપવાસ કર્યા, શરીરને આહાર છોડ્યો છે, રાગ આટલો મૂક્યો છે, આ ગ્રહણ કર્યું એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા કોને ગ્રહે અને કોને છોડે? સમજાય છે કાંઈ? જેટલા જ્ઞેયો છે તેને જાણવાનો એનો સ્વભાવ છે. એને ઠેકાણે, મેં આ છોડ્યું અને આ મૂક્યું એ તો મિથ્યાત્વભાવ છે, એ મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. ભગવાનજીભાઈ! એટલે બહાર અહીંની વાત આવી ગઈ છે ને કે આ લોકો અમારા અપવાસને લાંઘણ કહે છે. હતા કે દિ'? સાંભળને. આહા..હા..!

આમ ભગવાન જ્ઞાનસ્વરૂપે ચૈતન્યબિંબ છે એમાં અંતરમાં એકાકાર થઈને શુદ્ધતા પ્રગટ કરવી એનું નામ ધર્મ અને એનું નામ તપસ્યા અને એનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન, ચારિત્ર છે. સમજાણું કાંઈ? અરે..! જગતને વીતરાગનો માર્ગ ક્યાં અને ક્યાં માનીને બેઠા અનાદિ કાળથી. અહીં તો કહે છે કે તારો જ્ઞાન ધર્મ સ્વભાવ છે અને એ સ્વભાવનું પરિણમન તારામાં તારા જ્ઞાન પ્રમાણે થાય. અહીં ભલે પૂર્ણની વાત કરી છે, પણ તારો જ્ઞાનસ્વભાવ છે વસ્તુ સ્વ. સ્વભાવવાન આત્મા અને સ્વભાવ જ્ઞાન, એના પ્રમાણમાં, એના ક્ષેત્ર પ્રમાણે જ્ઞાનનું પરિણમન છે. એ જ્ઞાનથી આત્મા ઓછો પણ નથી, અધિક પણ નથી. સમજાય છે? એ જ્ઞેયનું જેટલું સ્વરૂપ છે તેને જાણનારો એનો સ્વભાવ છે.

'**લોક અને અલોકના વિભાગથી વિભક્ત,...**' '**વિભાગવાળો. (ષટ્દ્રવ્યના સમૂહમાં લોક-ઓલોકરૂપ બે વિભાગ છે.)**' એમ કહે છે. એ બધાને જાણવાનો સ્વભાવ છે એમ કહેવું છે. '**અનંત પર્યાયમાળાથી આલિંગિત સ્વરૂપે સૂચિત...**' ભાષા દેખો. જગત-લોક છ દ્રવ્ય(રૂપ), લોક-અલોક એની અનંત પર્યાયમાળા. જુઓ! પર્યાયમાળા. માળાના મણકા હોય ને એક પછી એક, એક પછી એક. એમ અનંતા દ્રવ્યોની સમય સમયની જે પર્યાયમાળા (એટલે) ક્રમસર જે પર્યાય થાય છે એ બધાને જ્ઞાન જાણી જાય છે. સમજાય છે કાંઈ? જુઓ! અહીં પર્યાયમાળા કરીને ક્રમબદ્ધ સિદ્ધ કર્યું. આહા..હા..!

'**આલિંગિત સ્વરૂપે સૂચિત (-પ્રગટ, જણાતો),...**' છે? '**અનંત પર્યાયો દ્રવ્યને આલિંગે છે (-દ્રવ્યમાં થાય છે) એવા સ્વરૂપવાળું દરેક દ્રવ્ય જણાય છે.**' લ્યો! શું કહે છે? આત્મા સિવાય બીજા આત્માઓ અને એ સિવાયના રજકણો આ પરમાણુઓ જડ માટી, એમાં જેટલી પર્યાયો ક્રમસર અનાદિ-અનંત થાય... સમજાણું કાંઈ? જુઓ! એવું અનંત પર્યાયસ્વરૂપવાળું જે દ્રવ્ય છે, એવા અનંતા દ્રવ્યો જે છે એને કેવળજ્ઞાનની પર્યાય જાણી (લે) છે. પણ પર્યાયમાળા છે તેને તે રીતે જાણે છે. અમરચંદભાઈ! આડીઅવળી નહિ. માળા હોય છે ને માળા આમ જુઓ! માળામાં જે સ્થાનમાં મણકો તે સ્થાનમાં મણકો, બીજો ત્રીજો જે સ્થાન(માં છે), એમ આ જગતના દ્રવ્યો પરમાણુઓ અને આત્માઓ ભગવાને

છ દ્રવ્ય જોયાં, એ છએ દ્રવ્યની પર્યાયમાળા (એટલે) ક્રમસર જે અવસ્થાના પર્યાયો થાય, ધારાવાહી દ્રવ્યની પર્યાયો અનંતી થાય તેટલું તે દ્રવ્ય છે. એ દ્રવ્યને કેવળજ્ઞાની જાણી લે છે. આહા..હા..! એક સમયની પર્યાય. કેવળજ્ઞાન કોને કહે? સમજાય છે કાંઈ? અને એવી કેવળજ્ઞાનની એવી પર્યાયનો, અનંતી કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ તે જ્ઞાનગુણ છે. અને એ જ્ઞાનગુણ એવા અનંતગુણનો પિંડ તે તો આત્મા છે. એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓને, બહારમાં ધમાલ-ધમાલ. આત્માને જાણે આમ શાંતિ મળશે, આમ મળશે, આમ કરશું (તો મળશે). શું પણ ચીજ ક્યાં છે અને કેવડી છે એની નજર તો કરતો નથી. જ્યાં જેવડી ચીજ છે તેની નજર કરતો નથી અને નજર કર્યા વિના એની પ્રતીત થતી નથી અને પ્રતીત થયા વિના એમાં રમણતા હોઈ શકે નહિ અને રમણતા વિના એને કેવળજ્ઞાન હોઈ શકે નહિ. ઝીણી વાતું ભારે ભાઈ! લોકોને એવા ચડાવી દીધા છે ને. માણસ એમ કહે છે, આ સોનગઢવાળાનું છે. પણ સોનગઢવાળાનું છે કે આ તે ભગવાનનું છે? આ તો પ્રવચનસાર છે. આહા..હા..! કહો, સમજાય છે? સોનગઢનું નામ પડે ત્યાં કેટલાક ભડકે છે બિચારા. આહા..હા..!

ભાઈ! આ તો ભગવાન પરમાત્મા પરમેશ્વર કેવળજ્ઞાની કહે છે તે વાત છે આ. આ તો પ્રવચનસાર છે. પ્રવચનો. પ્ર એટલે પ્રધાન, વચનો એટલે ભગવાનની દિવ્યધ્વનિ. ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિ. પરમાત્મા મહાવીર અને અહીં પરમાત્મા બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્મા વર્તમાન વિદ્યમાન બિરાજે છે. જેને જીવંતસ્વામી જીવતાસ્વામી કહે છે. છે ને વર્તમાન બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર પરમાત્મા આદિ વીસ તીર્થંકરો બિરાજે છે ભાઈ! એમણે કહેલી આ વાત છે પ્રવચનસાર. સમજાણું કાંઈ? એમની પાસે ભગવાન કુંદકુંદાચાર્ય ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. સંવત્ ૪૯. દિગંબર મુનિ સંત, ભાવલિંગી, આત્મધ્યાની, આનંદમાં મસ્ત. એવો વિકલ્પ થયો ને પુણ્યયોગ. ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન બિરાજે છે એ જ પ્રભુ ત્યારે હતા. કારણ કે એમનું આયુષ્ય મોટું કરોડ પૂર્વનું છે. ભગવાન પરમાત્મા સીમંધર પ્રભુ સમવસરણમાં અત્યારે વર્તમાન બિરાજે છે. એનું આયુષ્ય કરોડ પૂર્વનું છે અને દેહ પાંચસો ધનુષ્યનો છે—બે હજાર હાથ ઊંચા. એ કેવળજ્ઞાન તો પૂર્વે મુનિસુવ્રત ભગવાન થઈ ગયા અહીંયાં ત્યારથી કેવળજ્ઞાન પામ્યા છે. હજી બિરાજમાન છે, હજી આવતી ચોવીસીમાં અહીંયા બારમા, તેરમા તીર્થંકર થશે જ્યારે, ત્યારે પરમાત્મા વિદેહમુક્ત થશે. દેહ મુક્ત થઈને સિદ્ધ થશે. અત્યારે અરિહંતપણે બિરાજે છે. સમજાણું કાંઈ? આ એમના કહેલા વચનોનો આ સાર છે. આહા..હા..!

કહે છે, એ '**અનંત પર્યાયમાળાથી આલિંગિત સ્વરૂપે સૂચિત...**' એવું દ્રવ્ય જગતનું.

આખું લોકાલોક. '**નાશવંત દેખાતો છતાં ધ્રુવ એવો ષટ્દ્રવ્ય-સમૂહ છે...**' દેખો! એ પર્યાયે બદલતો દેખાતા છતાં. વસ્તુ બદલે છે ને? પર્યાય બદલે છે. પર્યાયે આ જુઓ આ અવસ્થા બદલે છે, આત્માની અવસ્થા બદલે, રજકણોની (બદલે છે). અવસ્થાએ બદલતો નાશવાન અવસ્થાથી દેખાતો છતાં '**ધ્રુવ એવો ષટ્દ્રવ્ય સમૂહ.**' ષટ્દ્રવ્ય ભગવાને કેવળજ્ઞાનમાં જોયા ષટ્દ્રવ્ય. આહા..હા..! હજી તો જેને ષટ્દ્રવ્યની ખબર ન મળે. સમજાણું કાંઈ? એ ષટ્દ્રવ્ય અનંત છે. ષટ્દ્રવ્ય જાતિએ છ છે, પણ સંખ્યાએ (અનંત છે). એક આત્મા જાતિ એક પણ આત્માની સંખ્યા અનંત છે. પરમાણુ આ પુદ્ગલની જાત એક, પણ પરમાણુ જાત સંખ્યાએ અનંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! એમાં અનંતા સિદ્ધ પણ આવી ગયા. આ ષટ્દ્રવ્યમાં અનંતા સિદ્ધ આવી ગયા, ભગવાન પ્રત્યેક કેવળીઓ લાખો બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં, એ પણ ષટ્દ્રવ્યમાં આવી ગયા, તીર્થંકરો પણ આવી ગયા, અનંતા નિગોદના જીવ બટાટા, શક્કરકંદ... સમજાય છે? એક રાઈ જેટલી કટકીમાં અસંખ્યાતા શરીર અને એક શરીરમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ. નૌતમભાઈ! કેટલાકને તો પરિચય ન હોય એટલે (એમ લાગે) આ શું હશે? આ શું હશે? આ તો મૂળ વસ્તુ છે ભગવાનની. એવડા બધા જેટલા દ્રવ્યો છે એની જેટલી પર્યાયમાળા-હારબંધ દશાઓ છે એનો આખો સમૂહ જે દ્રવ્ય છે એને ભગવાન જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવડો આત્મા એમ સિદ્ધ કરાવે છે. એને હીણો-અધિક માને તે આત્મા જાણતો નથી. આહા..હા..!

'**નાશવંત દેખાતો છતાં...**' કોણ? ષટદ્રવ્ય લોક સમજ્યા ને? '**એ બધુંય છે.**' જે છે એ છે. '**(જ્ઞેય તો છયે દ્રવ્યનો સમૂહ એટલે કે બધુંય છે.)**' માટે ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગના અંતરના આચરણ દ્વારા આવરણનો નાશ કરતો, પોતાના કેવળજ્ઞાનરૂપે પરમાત્મા પરિણમે છે એ આ બધા ષટ્દ્રવ્યને એક સમયમાં જાણે છે. જ્ઞાન જ્ઞેય પ્રમાણે, ષટ્દ્રવ્ય છે તેટલું જ્ઞાન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની જ્ઞાનની પર્યાય જ્ઞેય આટલો લોકાલોક જેટલો તો એક પર્યાય છે કહે છે. આહા..હા..!

આત્મા... આ આત્મા-આત્મા કોને કહેવો? કેવડો કહેવો? કેમ કહેવો? એની વાત ચાલે છે આ. આમ બધા આત્મા-આત્મા કરે. આહા..હા..! ભગવાન આત્મા એનો જ્ઞાનસ્વભાવ એટલો પોતામાં સમગુણ-પર્યાયે વ્યાપ્યો છે એટલે જ્ઞાનપ્રમાણ આત્મા છે અને એ જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. જ્ઞેય તો ષટ્દ્રવ્ય છે. એ ષટ્દ્રવ્યની પર્યાયમાળાવાળો નાશવંત દેખાતો છતાં ધ્રુવ છે. એવા ષટ્દ્રવ્યમાં બધુંય છે. એ જ્ઞાનની પર્યાય બધાને એક સમયમાં જાણે છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન કાંઈ ષટ્દ્રવ્યને કરતું નથી, કર્તા નથી, રચનાર નથી, બનાવનાર નથી. છે તેને જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? એમ ધર્મીનું જ્ઞાન, ધર્મીનું જ્ઞાન-રાગ અને પુણ્યથી ભિન્ન પડ્યું આત્માનું સમ્યગ્જ્ઞાન, એ જગતના પદાર્થને જાણે છે. એ શુભને રચે અને પુણ્યને રચે

એવું જ્ઞાનમાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ સર્વજ્ઞ, જેટલા દ્રવ્યો છે તેને જાણે છે. તે પણ એક સમયની પર્યાયનો એટલો ધર્મ છે એ તો. આહા..હા..! આવા જે બદલતી પર્યાયવાળા અને ટકતા દ્રવ્યો એવા અનંતા આત્માઓ, અનંતા પરમાણુ બધું જે જ્ઞેય, એને તો જ્ઞાનની એક સમયની અવસ્થા.. એક સમયની અવસ્થામાં જાણી લે છે. જેણે ષટ્દ્રવ્યને આ રીતે જાણ્યા એણે એક સમયની પર્યાય માની હજી તો. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જ્ઞાનની પર્યાયપણે પરિણમેલો આત્મા તેને કેવળી કહેવામાં આવે છે. આહા..હા..!

'**માટે નિઃશેષ આવરણના ક્ષયની ક્ષણે જ...**' ભગવાન આત્મા પોતાના અંતર્મુખ શુદ્ધ ઉપયોગના આચરણ દ્વારા આવરણને ટાળતો '**નિઃશેષ આવરણના ક્ષયની ક્ષણે જ...**' એમ. પૂર્ણ સ્વરૂપ એવો ભગવાન આત્મા એના અંતરમાં રમણતારૂપ શુદ્ધ ઉપયોગરૂપી આચરણ એના દ્વારા આવરણના ક્ષયના ક્ષણે જ, આવરણના ક્ષયના ક્ષણે જ '**લોક અને અલોકના વિભાગથી વિભક્ત સમસ્ત વસ્તુઓના આકારોના પારને પામી...**' જાય છે એ. આહા..હા..! જુઓ! આ કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતનું સ્વરૂપ. સમજાણું કાંઈ?

એ અરિહંત થવાની લાયકાત દરેક દ્રવ્યમાં છે. 'સર્વ જીવ છે સિદ્ધસમ.' 'સર્વ જીવ છે જ્ઞાનસમ.' એમ આવે છે ને ભાઈ ઓલામાં. યોગસાર. એ આ છે. 'સર્વ જીવ છે જ્ઞાનસમ.' બધા ભગવાન આત્માઓ અનંત આત્માઓ, અનંત પરમાણુઓ જડ... અનંત આત્માઓ જેટલા છે લોકાલોકમાં-લોકમાં આખા એ બધા જ્ઞાનમય છે, જ્ઞાનમય છે. રાગમય, પુણ્યમય, શરીરમય નથી આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? 'સર્વ જીવ છે જ્ઞાનમય.' પછી શું આવે છે? 'જાણે સમતા ધાર.' આ સમતા ભાવ આ. આહા..હા..! વીતરાગી પર્યાય દ્વારા સમતાથી જાણે એને સમતાના... આ સમતા હોં! આમ સમતા કષાય મંદ થાવો એ સમતા-બમતા નહિ. કષાયની મંદતાથી સમતા કરે છે, જાણે સમતાવાળો છે. ધૂળેય નથી, સાંભળને. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ, જેની પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ્યું એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાય જેમાં પડી છે, એવો મોટો ભગવાન આત્મા જેને અંતરમાં અનુભવમાં, પ્રતીત અને રમણતામાં આવે ત્યારે તેને સમતા કહેવામાં આવે છે. સમતા કહો, શુદ્ધ ઉપયોગ કહો, ચારિત્ર બધી એક જ ભાષા છે. સમજાણું કાંઈ?

જેને અંદર પુણ્ય પરિણામ આવે તો ઠીક છે અને પાપ અઠીક છે એવું છે નહિ. એવી વીતરાગતા ચારિત્રની પ્રગટે તેને સમતા પરિણામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે! ઝીણું એવું ને. કોઈ જાડું હોયને ઝટ સમજાય જાય એવું. ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! તું તો જગતના.. જગતના તત્ત્વો જેટલાં જેવડા બધાને જાણનારો જેટલો છો ને તું. જાણનાર જેટલો તું છો. સમજાય છે કાંઈ? એવડું તો તારું રૂપ અને સ્વરૂપ છે ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**લોક અને અલોકના વિભાગથી વિભક્ત...**' ભિન્ન '**સમસ્ત વસ્તુઓના આકારોના...**' એટલે વિશેષો '**પારને પામીને...**' ભગવાન. '**એ રીતે જ અચ્યુતપણે રહેતું હોવાથી જ્ઞાન સર્વગત છે.**' બધાને જાણ્યું ને એ અપેક્ષાએ. લોકાલોક જણાઈ ગયા એમાં. એથી જ્ઞાનને સર્વગત (એટલે) સર્વને પહોંચી વળ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા આત્માની તો ખબર ન મળે અને એય.. તોફાન... તોફાન... તોફાન. કહો, સમજાણું? યજ્ઞ કરો, ઓલો કહે વ્રત કરો, ઓલો કહે તપ કરો. બધા એક જાતના છે. કાંતિભાઈ! આહા..હા..! શેના યજ્ઞ? યજ્ઞ તો સ્વરૂપ ભગવાન છે અખંડાનંદ, એમાં યા હોમ કરીને દૃષ્ટિને સ્થિર થવું એમાં અજ્ઞાનના લાકડા બળીને રાખ થાય એનું નામ યજ્ઞ કહેવાય છે. કાંઈકના કાંઈક લાકડા હલવે મૂઢતાના અને કહે કે અમે યજ્ઞ કરીએ છીએ. સમજાણું કાંઈ? શશીભાઈ! આહા..હા..!

યા હોમ કર્યું જુઓને કહે છે. તે જ ક્ષણે આવરણ (ક્ષય થાય છે). જ્યાં આચરણમાં અંતર ભગવાન આતમા પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં નિધાન તરીકે લીધો અને એમાં જ્યાં ઠર્યો, ઠરતાં જે કાળે તેને કર્મનું આવરણ ક્ષય થાય છે, તે જ કાળે તે છ દ્રવ્યનો સમૂહ છે તેના પારને પામી જાય છે. આહા..હા..! આવડો મોટો આત્મા એને કેમ (બેસે)? રાંકો થઈને બેસે. એક બીડી વિના ચાલે નહિ, ઓલા વિના ચાલે નહિ, આબરૂ વિના ચાલે નહિ. ક્યાં ભિખારી થઈને (રખડે છે).

મુમુક્ષુ :- પૈસા વિના...

ઉત્તર :- પૈસા વિના જ ચાલે છે. આવવું હોય તો એને કારણે આવે. લોકો નથી કહેતા કે ભાઈ ખાનારનું નામ દાણે દાણે છે. એનો અર્થ એ દાણો આવવાના એ આવવાના. તારા પ્રયત્નથી શું આવે? ધૂળ આવે? સાંભળને. સમજાણું કાંઈ? ત્યારે એક જણો વળી તકરાર કરતો હતો કે લ્યો કાંઈ રળ્યા વિના થાય? .. એની મેળે ન થાય. ઓલા કહે નહિ રળવું પડે, રળે તો થાય. એ વાંધા ઉઠ્યા છે. કહો, સમજાણું કાંઈ? ગામમાં ચર્ચા ઉઠી હશે, ગયા હશે તે. ઓલા કહે કે ભાઈ, એમ ને એમ પૈસા તો આવવાના હોય તો આવે. રાડ નાખે. એમ બેઠા બેઠા આવી જતા હશે? એય..! ભીખાભાઈ! કોને આવે ને જાય? ભાઈ! તું તો ચૈતન્યમૂર્તિ પ્રભુ છો ને નાથ! તું તો જાણનારો છો. તારી પાસે રજકણ હોય? એ તો જડ છે, પર છે. આહા..હા..! અરે..! તારી પાસે રાગ આવે? અરે..! રાગ કેવી ચીજ તારામાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પોતાના સ્વરૂપનું રક્ષણ કરનારો નાથ છે આત્મા તો. એ રાગનું રક્ષણ કરે અને પરનું રક્ષણ કરે ને પરને લાવે, મૂકે એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ હવે અમારે આખો દિ' ધંધો કરવો એને શું કરવું? નૌતમભાઈ! આ વીજળીના ધંધા, ફલાણું આમ કરવું. જયંતિભાઈ!

ભગવાન! એ તો જગતના રજકણોનું, કીધું ને અહીંયાં કે પરમાણુની પર્યાયમાળા જે

થાય છે એનો સમૂહ તે પરમાણુ છે. એવા અનંતા દ્રવ્યને જ્ઞાન જાણે એવો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શનમાં પણ એ જાણે એવો એનો સ્વભાવ છે એમ કહે છે. પૂર્ણ ક્યાંથી પ્રગટ્યું? અહીં જાણ્યું, જાણવા... જાણવા... જાણવાનો જ મારો સ્વભાવ છે. એમ પ્રતીત, અનુભવ થયો, ઠરતાં પૂર્ણ જ્ઞાન પ્રગટ થઈ ગયું. આહા..હા..! વાંધા ઓલા વ્યવહારના. વ્યવહાર હોય તો થાય. હવે ધૂળેય નહિ. સાંભળને. વ્યવહાર તો અહીં જ્ઞાનનું જ્ઞેય છે. વ્યવહાર તે જ્ઞાનનું જ્ઞેય છે એ. એ તો જ્ઞાનનું જ્ઞેય છે. જાણે છે. એ જ્ઞાનની દશા નથી. સમજાય છે કાંઈ? અંદર વિકલ્પો આવે દયા, દાન, પૂજા, વિકલ્પ વૃત્તિઓ એ કાંઈ જ્ઞાન નથી, એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આહા..હા..! કેવળી પણ જગતના એ વિકલ્પોને જ્ઞેય તરીકે જાણે છે. એમ જ્ઞાન પણ એ રાગને વિકલ્પ તરીકે, જ્ઞેય તરીકે જાણે અને જ્ઞાનસ્વરૂપ તે હું એમ અનુભવે ત્યારે તેને ધર્મી અને સમકિતી કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એ રીતે જ અચ્યુતપણે રહેતું હોવાથી જ્ઞાન સર્વગત છે.'** (એક) સમયમાં જેટલું જ્ઞાન પ્રમાણે જ્ઞાન અને જ્ઞેય પ્રમાણે જ્ઞાન પ્રગટ થઈ ગયું, બસ એમ ને એમ રહે છે. એમ ને એમ રહે છે. સમજાય છે? ભલે કેવળજ્ઞાની જ્ઞાન પર્યાયે પરિણમે છે. પર્યાય છે ને એ તો. પર્યાય છે પરિણમે છે. પણ એ પરિણમતું પરિણમતું એ સર્વગતપણે છે એ રીતે જ પરિણમે છે. સમજાય છે કાંઈ? સર્વને જાણવાની પર્યાયરૂપે પરિણમે છે તે કેવળજ્ઞાની પરમાત્મા છે. તેને દેવ કહેવામાં આવે, તેને અરિહંત કહેવામાં આવે, તેને મોક્ષ કહેવામાં આવે, તેને એ આત્માની દશા પૂર્ણ પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..! એ જીવ પૂરો પડ્યો ત્યાં પૂરો થયો. ભગવાન આત્મા આમ જ્ઞાનસ્વભાવથી પૂરો હતો એની અંતરની રમણતાની વીતરાગ પર્યાય દ્વારા એ પર્યાયમાં પૂરો થઈ ગયો. પૂરો થયો તે પરમેશ્વર. સમજાણું કાંઈ?

જૈનના વાડામાં જન્મ્યા એને આની કાંઈ ખબર ન મળે અને ઓઘે ઓઘે જ્યાં કાંઈક બીજી વાત સાંભળેને, એ અહીં આત્માની વાત છે, ચાલો સાંભળવા. ક્યાં હતી સાંભળને હવે. સમજાણું? આત્માની વાત છે. વિકલ્પ છોડો, શૂન્ય થઈ જાવ. શેનો શૂન્ય થાય? જડ થઈ જશે, સાંભળને. આત્મા આવડો છે એવી પ્રતીત અને જ્ઞાન વિના વિકલ્પ તૂટે નહિ ત્રણ કાળમાં. અસ્તિપણે આત્મા આવડો છે એની પ્રતીતમાં અંદરમાં પગ મૂક્યા વિના વિકલ્પનો નાશ કોઈ દિ' ત્રણ કાળમાં થાય નહિ.

મુમુક્ષુ :- માસખમણ કરવા..

ઉત્તર :- માસખમણ એ પછી એ તો બધા વિકલ્પ છે. શેના માસખમણ?

મુમુક્ષુ :- ભગવાને કર્યા હતા.

ઉત્તર :- ભગવાને શું કર્યું હતું એને ખબર નથી. ભગવાન તો આત્માના ધ્યાનમાં રહેતા ઈચ્છા ઉત્પન્ન થઈ નહોતી, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યા હતા એને તપ કહેવામાં આવે છે. આ તો બધી લાંઘણું છે. મિથ્યાત્વના પોષણની ક્રિયાઓ છે બધી. એઈ..! જુગરાજજી!

મુમુક્ષુ :- ... મિથ્યાત્વ ઘટ્ટ કરે છે.

ઉત્તર :- ઘટ્ટ કરે છે.

**'ભાવાર્થ :- ગુણ-પર્યાયોથી દ્રવ્ય અનન્ય છે...'** શું કહે છે? વસ્તુ જે છે એ પોતાના ગુણ એટલે ભાવ અને પર્યાય એટલે અવસ્થા. વસ્તુ છે એનો જે ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે અવસ્થા—એ ગુણ-પર્યાયોથી દ્રવ્ય અનન્ય છે, અનેરું નથી. એની અવસ્થા અને એના ગુણથી તે વસ્તુ અનેરી નથી, અનન્ય છે. સાકર દ્રવ્ય છે, ગળપણ સ્વભાવ છે અને એની પર્યાયની મીઠાશ, એટલાથી એ સાકર અનન્ય છે, અનેરી નથી. એટલામાં છે ઈ. સમજાણું કાંઈ? **'ગુણ-પર્યાયોથી દ્રવ્ય...'** એટલે પદાર્થ. **'અનન્ય છે...'** એટલે એકમેક છે.

**'માટે આત્મા જ્ઞાનથી હીન-અધિક નહિ હોવાથી...'** ભગવાનનો જ્ઞાનગુણ, આત્માનો જ્ઞાનસ્વભાવ એનાથી હીન અને અધિક નહિ. **'જ્ઞાન જેવડો જ છે;...'** આત્મા જ્ઞાન જેવડો જ છે. સાકર ગળપણના સ્વભાવ જેવડો જ છે. સાકર એવડી જ છે. એમ આત્મા... આ તો જ્ઞાનની વ્યાખ્યા, પ્રધાન જ્ઞાનગુણ છે ને. એટલે જ્ઞાન જેવડો જ આત્મા છે. **'અને જેમ દાહ્યને (બળવાયોગ્ય પદાર્થને) અવલંબનાર દહન...'** લાકડા **'દાહ્યની બરાબર જ છે...'** અગ્નિની બરાબર છે. બળવાલાયક જે દાહ્ય એટલે લાકડા. અગ્નિ દાહ્ય બળવાલાયકને બરાબર જ છે. જેટલા બળવાલાયક છે ને ચીજ? એને લાયક દહન એટલે અગ્નિ છે એવી. એમ જણાવાલાયક જેટલા જ્ઞેય છે એટલું જ્ઞાન એને જાણે છે.

**'તેમ જ્ઞેયને અવલંબનાર જ્ઞાન જ્ઞેયની બરાબર જ છે.'** અવલંબનાર નિમિત્ત છે. જેટલા જાણવાયોગ્ય જગતના પદાર્થ (છે) એને ભલે જ્ઞાનમાં નિમિત્ત કહો, અવલંબન કહો, પણ એ જ્ઞાન જ્ઞેયની બરાબર છે. જેટલું જ્ઞેય છે તેટલું જ્ઞાન છે. અહીં તો નીચે સમ્યગ્દર્શનમાં પણ, સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં જે આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાને કહ્યો એવો આત્મા અંતરમાં અસ્તિત્વની પ્રતીત અને અનુભવ કરીને જ્ઞાન થયું, એ જ્ઞાન પોતાનું જ્ઞાન છે અને જેટલો રાગ ઊઠે છે એનું એને જ્ઞાન છે. સમજાય છે કાંઈ? રાગ સંબંધીનું જ્ઞાન, પોતા સંબંધીનું જ્ઞાન, એ જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે. અથવા જ્ઞેયને અવલંબનાર જ્ઞાન જ્ઞેયની બરાબર છે. જેવો રાગ છે, જેવી શરીરની ક્રિયા થાય છે એવું અહીં જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ધર્મદાસ ક્ષુલ્લક તો એકવાર એમ કહે છે કે સિદ્ધ ભગવાનથી એક પળ પણ જો જુદો રહ્યો તો મિથ્યાદૃષ્ટિ સંસારી છો. એટલે શું? એટલે શું? કે જેમ સર્વજ્ઞ પરમેશ્વર જાણનાર છે, એમ તું જાણનાર છો. એ જાણનાર સિવાય એક પણ વિકલ્પ અને રાગને પોતાનો માન્યો તો મિથ્યાદૃષ્ટિ સંસારી સિદ્ધથી જુદો પડી ગયો. શુકનચંદજી! રાડ નાખે ઓલા તો. એમ કે વ્યવહારમાં પડ્યા છીએ. ધૂળમાંય પડ્યા નથી, સાંભળને. વ્યવહાર સંબંધીના જ્ઞાનમાં તું પડ્યો છો એ છો. માને છો કે વ્યવહારમાં પડ્યો છો. એમ કહે છે. સમજાણું? ભાન

નથી, મિથ્યાદૃષ્ટિને ભાન નથી. વસ્તુ પોતે જ્ઞાનમૂર્તિ પ્રભુ છે અને એ જ્ઞાન તે જે પ્રકારનો રાગ આવે દયા, દાન, વિકલ્પનો તેને જાણવા જેટલું એ જ્ઞાન છે. પોતાને જાણતું અને એને જાણતું એ જ્ઞાન છે. એ જ્ઞાનમાં આત્મા છે, એ જ્ઞેયમાં આત્મા છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞને પૂર્ણ ષટ્દ્રવ્ય જ્ઞેય છે. સાધકને તે પ્રકારના જ્ઞાનની અવસ્થામાં સ્વપરપ્રકાશકપણું, જેટલો રાગાદિ શરીરની ક્રિયા તે ક્ષણે થાય એ સંબંધીનું જ્ઞાન જ્ઞેય પ્રમાણે અહીં થાય છે તેટલું જ્ઞાન પોતામાં પોતાથી છે. એટલો એ આત્મા છે, એટલામાં એ ગુણ અને પર્યાયમાં વ્યાપેલો તે આત્મા છે. સમજાણું કાંઈ? ભારે વાત! કહે છે તો ઈ કહેવા માગે છે. આમ છ દ્રવ્ય જ્ઞેયપણે છે, તેટલું જ્ઞાન છે. અહીં પણ જ્ઞાન ભગવાન આત્મા, જ્ઞાનસ્વરૂપી આત્મા એમ જ્યાં અંતર સમ્યગ્જ્ઞાન થયું, બસ! એ જ્ઞાન જેટલું જે પ્રકારે ત્યાં જ્ઞેય અલ્પ છે એને, ઓલાને પૂર્ણ છે, તો એ જ્ઞેયપ્રમાણે અહીં જ્ઞાનનું પ્રમાણ પોતાથી પરિણમતું, પોતાથી ઉત્પન્ન થાય છે. એને આત્મા સમગુણ-પર્યાયવાળો આત્મા કહે છે. સમજાણું કાંઈ? આ પૂર્ણ હતો આત્મા અહીં અધૂરી દશામાં. આહા..હા..! આવું તત્ત્વ છે, આવું વસ્તુનું સ્વરૂપ જ છે. આ રીતે સત્ છે, બીજી રીતે સત્ છે નહિ. સમજાણું કાંઈ?

‘**જ્ઞેયને અવલંબનાર જ્ઞાન જ્ઞેયની બરાબર છે. જ્ઞેય તો સમસ્ત લોકાલોક અર્થાત્ બધુંય છે.**’ કેવળજ્ઞાની છે ને અહીં તો? લોકાલોકમાં કોઈ બાકી છે નહિ. ક્ષેત્ર મર્યાદા બહાર છે તોપણ એને અમર્યાદિતને પણ જ્ઞાન જાણે છે. આકાશ ક્યાંય અંત નથી પછી. લોક ચૌદ બ્રહ્માંડ પછી આકાશ ખાલી છે. છે... છે... છે... છે... છે... છે... છે... તે આકાશ ચાલ્યું જાય છે એમ ને એમ છે.. છે.. એ છે... છે... છે... તેનું અહીં જ્ઞાન છે. અને કાળ પણ છે.. છે.. ગયો કાળ છે.. છે.. છે.. અને ભવિષ્ય પણ છે.. છે. એનું જ્ઞાનમાં જ્ઞાનની પર્યાયમાં એટલું જ્ઞેય છે એટલું જ્ઞાન થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ટાણા આવ્યા બાપુ! સાહેબા! તું ચુકીશ નહિ કહે છે. તારો જ્ઞાનદોર ચુકીશ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન તો જ્ઞાનમૂર્તિ પ્રભુ છે ને. એને જ અહીંયાં આત્મા કહ્યો છે ને એના પ્રમાણમાં. અને એની પર્યાય પ્રમાણે અને એના ગુણ પ્રમાણે, તે સમગુણ-પર્યાય તે આત્મા. સમજાય છે કાંઈ? એથી બીજી ચીજ જે જણાય એ સંબંધીનું જ્ઞાન તારામાં છે. એ જ્ઞાન પણ તારું છે એ સંબંધીનું. એ જ્ઞાનના ગુણ ને પર્યાયમાં વ્યાપક છે એને આત્મા કહે છે. સમજાણું કાંઈ? એ સાધકનો આત્મા એટલો છે એમ કહે છે. અને એના ફળરૂપે કેવળજ્ઞાન આવ્યું અને લોકાલોકને જાણે એટલું જ્ઞાન છે એમ એને કહે છે. સમજાણું કાંઈ?

‘**જ્ઞેય તો સમસ્ત લોકાલોક અર્થાત્ બધુંય છે. માટે, સર્વ આવરણનો ક્ષય થતાં જ...**’ સર્વને જાણતું. ‘**સર્વ આવરણનો ક્ષય થતાં જ (જ્ઞાન) સર્વને જાણતું**

હોવાથી અને પછી કદી સર્વને જાણવામાંથી ચ્યુત નહિ થતું હોવાથી જ્ઞાન સર્વવ્યાપક છે.' પૂરું થઈ ગયું છે ભગવાનને. સમજાણું કાંઈ? એવા કેવળજ્ઞાનનો પર્યાયધર્મ એ આત્માનો પૂરો સ્વભાવ છે. એવી જેને અંતરમાં પ્રતીત થાય કે આવું કેવળજ્ઞાન જાણે, એવા કેવળજ્ઞાનનો પિંડ આત્મા હું છું, એને સ્વ તરફ વળતા સમ્યગ્દર્શન થાય. ત્યારે તેને ધર્મની શરૂઆત થઈ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧, સોમવાર, તા. ૨૩.૯.૧૯૬૮**
**ગાથા-૨૪ થી ૨૬, પ્રવચન-૨૧**

પ્રવચનસાર. આ જ્ઞાનતત્ત્વ એટલે આત્મા જ્ઞાન પ્રમાણે છે એ વાત સિદ્ધ કરે છે. કોઈ એમ કહે કે ભાઈ, આ જ્ઞાન છે. આત્મા કાંઈ આવડો નાનો હશે? લોકવ્યાપક હશે? એવા ઘણાં મતો છે. તો એની સામે કહે છે કે ભઈ, જ્ઞાન જે અહીં છે જ્ઞાન, એ જ્ઞાન જેટલામાં વ્યાપે છે એટલામાં આત્મા છે. એનું ક્ષેત્ર જ્ઞાનમાં વ્યાપે જેટલામાં એટલું એનું ક્ષેત્ર આત્માનું છે. સમજાણું કાંઈ? કોઈ કહે છે ને કે ભાઈ, અહીંથી છૂટે એટલે પછી અનંતમાં ભળી જાય, બીજો આત્મા એમાં ભળી જાય. જૈનમાં વળી કેટલાક (માને છે કે) જ્યોતમાં જ્યોત મળી જાય. સિદ્ધ થાય ને એટલે જ્યોતમાં જ્યોત મળી જાય. એમ નથી. તેમ કોઈ નાનો આત્મા અંગુઠામાત્રને એવો કહે એવો નથી. અંદર આત્મા, જેટલામાં જ્ઞાન છે તેટલામાં જ એ આત્મા છે. જ્ઞાનના ગુણથી આત્મા હીનાધિક નથી. સમજાય છે કાંઈ? એ કહે છે.

'હવે આત્માને જ્ઞાનપ્રમાણ નહિ માનવામાં બે પક્ષ રજૂ કરીને દોષ બતાવે છે :—'

णाणप्पमाणमादा ण हवदि जस्सेह तस्स सो आदा।
हीणो वा अहिओ वा णाणदो हवदि धुवमेव।।२४।।
हीणो जदि सो आदा तण्णाणमचेदणं ण जाणादि।
अहिओ वा णाणादो णाणेण विणा कहं णादि।।२५।।जुगलं।

નીચે હરિગીત.

જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ નહિ—એ માન્યતા છે જેહને,
તેના મતે જીવ જ્ઞાનથી હીન કે અધિક અવશ્ય છે; ૨૪.

**જો હીન આત્મા હોય, નવ જાણે અચેતન જ્ઞાન એ,**
**ને અધિક જ્ઞાનથી હોય તો વણ જ્ઞાન કયમ જાણે ખરે? ૨૫.**

અન્વયાર્થ આવી જશે ટીકામાં. '**જો આ આત્મા જ્ઞાનથી હીન છે એમ સ્વીકારવામાં આવે...**' આત્મા જ્ઞાનથી હીન છે એટલે કે આત્મા નાનો છે અને જ્ઞાન કાંઈક વધી ગયું છે. સમજાય છે? આત્માના ક્ષેત્રથી જ્ઞાનનું ક્ષેત્ર વધી ગયું છે અને જ્ઞાનના ક્ષેત્રથી આત્મા ઘટી ગયો છે, હીન છે. સમજાણું? આ શરીર, વાણી, રજકણ એ તો પરવસ્તુ છે, એ તો આત્મા છે જ નહિ એટલે એની વાત જ નથી. એ તો પરવસ્તુ છે. પુણ્ય-પાપના વિકલ્પો એ પણ આસ્રવતત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. એ આત્મા જે છે એ જ્ઞાનપ્રમાણે વ્યાપક છે. જો આત્મા જ્ઞાનથી હીણો હોય '**એમ સ્વીકારવામાં આવે તો આત્માથી આગળ વધી જતું જ્ઞાન (-આત્માના ક્ષેત્રથી...**' જ્ઞાનનો ગુણ આગળ વધી ગયો. કારણ કે જ્ઞાનથી હીન થયો ને આત્મા?

'**આગળ વધી જતું જ્ઞાન (-આત્માના ક્ષેત્રથી આગળ વધીને તેની બહાર વ્યાપતું જ્ઞાન)...**' સમજાણું કાંઈ? આત્માનું જે ક્ષેત્ર છે, એનાથી જ્ઞાન બહાર ગયું, ક્ષેત્રથી આગળ ગયું એટલે જ્ઞાનથી આત્મા હીન થઈ ગયો. એમ જો હોય તો '**પોતાના આશ્રયભૂત ચૈતન્યદ્રવ્યનો (સંબંધ) નહિ રહેવાને લીધે...**' તો જ્ઞાનને જ્ઞાનનો આધાર જે આત્મા, એનો જ્ઞાનને આધાર નહિ રહેવાથી, આત્માના ક્ષેત્રથી જ્ઞાન વધી ગયું હોવાથી એ જ્ઞાનને આત્માના ક્ષેત્રનો આધાર નહિ રહેવાથી '**અચેતન થયું...**' એ જ્ઞાનને આત્માનો આધાર નહિ. જ્ઞાન વધી ગયું આઘું. ક્ષેત્ર તો રહી ગયું હીણું. તો એ જ્ઞાન અધિક થઈ ગયું તો એને આત્માને આધાર ન રહ્યો એટલે ચેતન ન રહ્યું, અચેતન રહ્યું. સમજાય છે કાંઈ?

'**બહાર વ્યાપતું જ્ઞાન પોતાના આશ્રયભૂત...**' એટલે જ્ઞાનનો આધાર એ તો આત્મા છે. હવે એ જ્ઞાન તો આત્માથી આગળ વધી ગયું, ક્ષેત્રથી બહાર ગયું. બહાર વધારે આઘું ગયું એટલે એ જ્ઞાનને આધાર આશ્રય આત્માનો તો રહ્યો નહિ. જ્ઞાનને આત્માનો આધાર રહ્યો એટલે જ્ઞાન તો અચેતન થયું. સમજાણું કાઈ? '**ચેતનદ્રવ્યનો સમવાય (સંબંધ) નહિ રહેવાને લીધે અચેતન થયું થકું રૂપાદિ ગુણ જેવું થવાથી ન જાણે;...**' લ્યો! રૂપ. રંગ, ગંધ જેમ ગુણ છે એને ચૈતન્યનો આધાર નથી. રંગ, ગંધ, રસ જે ગુણ છે વર્ણના એને ચૈતન્યનો આધાર નથી. એમ આ જ્ઞાનને આત્માનો આધાર નથી તો રૂપ ગુણ જેવું થઈ ગયું. રૂપ, રંગગુણ જેમ જાણતા નથી એમ એ જ્ઞાન પણ જાણે નહિ. કારણ કે જ્ઞાનને જાણનાર ચૈતન્યનો આધાર તો રહ્યો નહિ. ભગવાનજીભાઈ! સમજાણું કાંઈ આમાં?

આત્મા એનો જે જ્ઞાનગુણ છે એનું ક્ષેત્ર, આત્માના ક્ષેત્રથી જ્ઞાનનું ક્ષેત્ર જો આમ વધી જાય, આઘું જાય તો તે જ્ઞાનનો આધાર જે આત્મા એ તો એને રહ્યો નહિ. તો જેમ રૂપ, ગંધ, રસને ચૈતન્યનો આધાર નથી તો તે ગુણ જાણતા નથી. એમ આ જ્ઞાન આત્માના

ક્ષેત્રથી આગળ ગયું, આત્મા રહી ગયો અંદર હીણો, તો એ જ્ઞાનને આનો આધાર ન રહ્યો, તો રૂપ, રસ, ગંધ જેમ જાણતા નથી એમ એ જ્ઞાનગુણ પણ આત્માના આધાર વિના જાણતું નથી. અચેતન થઈ ગયું એ તો. ન્યાય સમજાય છે કાંઈ? ન્યાયથી વાત કરી છે.

આ બધા વાંધા ઘણાને છે ને કે આત્મા તો આમ વ્યાપક છે, કાં આ છે કાં તો અંદર એક જરીક અંગુઠામાત્ર છે, નાનો એટલામાં રહેતો હશે. ભાઈ! તને આત્માના ક્ષેત્રની ખબર નથી. જેટલું જ્ઞાનનું ક્ષેત્ર છે પહોળું તેટલો જ આત્મા છે. એ આત્માના ક્ષેત્રથી જ્ઞાનનું ક્ષેત્ર વધી જાય એમ બને નહિ. એમ વધી જાય તો રૂપ ગુણ જેમ જ્ઞાન વિના, ચૈતન્ય વિનાના છે, રંગ, ગંધ, રસ, સ્પર્શ જેમ ચેતન વિનાના છે તો એ રૂપ ગુણ, રસ ગુણ કાંઈ જાણતા નથી. તેમ જ્ઞાનને જો ચૈતન્યનો આધાર ન રહે અને એના ક્ષેત્રથી જ્ઞાન આગળ વધી જાય તો એ ક્ષેત્ર જ્ઞાનને આત્માનો આધાર રહ્યો નથી. તો જેમ રૂપ ને રસ નથી જાણતા, કેમકે એને ચૈતન્યનો આધાર નથી. એમ આ જ્ઞાનને આત્માનો આધાર નહિ રહેવાથી જ્ઞાન પણ જાણે નહિ, અચેતન થઈ જાય. સમજાણું કાંઈ?

'**રૂપાદિ ગુણ જેવું થવાથી ન જાણે;...**' કેટલો ન્યાય છે! યુક્તિથી તો સિદ્ધ કર્યું છે એને. સર્વજ્ઞે કહેલો આત્મા, સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો આત્મા. એ તો જ્ઞાન પ્રમાણે આત્મા છે અને આત્મા પ્રમાણે જ્ઞાન છે. અજ્ઞાનીઓ કલ્પે કાંઈકનું કાંઈક આમ વ્યાપક ને ફલાણું. સમજાણું કાંઈ? એક ફેરી આવ્યું હતું ઓલું સંતબાળમાં એક લખાણ. ઊભા રાખ્યા આત્મા આમ વ્યાપક થઈ ગયા. મોટો પ્રકાશ થઈને આમ બધું વ્યાપી ગયું. એવું આવ્યું હતું નહિ એકમાં? ફોટામાં. શરીર પ્રમાણે .. આમ પછી આમ રાખ્યું. લાંબું ચૈતન્ય. ખબર નથી કહે છે. ભાઈ! ગુણ જેટલામાં છે તેટલામાં ગુણી છે. જેટલામાં એ ગુણી આત્મા તેટલામાં ગુણ છે. એક ગુણ લાંબો થઈને આઘો ચાલ્યો જાય તો ચેતન વિના આઘો રહે તો એને જ્ઞાન જાણવાની શક્તિ કામ કરે નહિ. કહો, સમજાણું કાંઈ? અહીં તો રૂપાદિની વાત કરી. પણ રાગાદિ જેમ જાણતું નથી એમ જ્ઞાનને આત્માનો આધાર ન હોય તો એ જ્ઞાન જાણે નહિ. સમજાણું કાંઈ?

'**અને જો આ આત્મા જ્ઞાનથી અધિક છે...**' શું કીધું? આત્મા જ્ઞાનથી અધિક. જ્ઞાન રહી ગયું નાનું અને આત્મા થઈ ગયો અધિક. આઘો વધી ગયો ક્ષેત્ર. આત્માનું ક્ષેત્ર વધી ગયું અને જ્ઞાનનું ક્ષેત્ર થઈ ગયું નાનું. આત્મા જ્ઞાનથી અધિક છે '**એવો પક્ષ કરવામાં આવે તો અવશ્ય (આત્મા) જ્ઞાનથી આગળ વધી ગયેલો હોવાને લીધે...**' આત્મા જ્ઞાનથી આગળ વધી ગયો. જ્ઞાન રહી ગયું અહીં, આત્મા ગયો આઘો. '**(-જ્ઞાનના ક્ષેત્રથી બહાર વ્યાપતો હોવાને લીધે) જ્ઞાનથી પૃથક્ થયો થકો...**' કારણ કે જ્ઞાનથી તો આત્મા જુદો પડી ગયો. આત્મા જ્ઞાનથી આગળ વધી ગયો એટલે જ્ઞાનથી આત્મા જુદો રહી ગયો. તો જેમ ઘટપટાદિ... ત્યાં દ્રવ્ય લીધું, ઓલામાં ગુણ લીધા હતા. સમજાણું કાંઈ? આત્માથી

જ્ઞાન જો હીણું હોય, હીણો, જ્ઞાનથી આત્મા હીણો હોય તો એ જ્ઞાન, રૂપ ગંધ, રસ નથી જાણતા એમ જ્ઞાન પણ જાણે નહિ. હવે અહીં કહે છે કે જ્ઞાન આત્મામાં ન હોય, (આત્મા) વધી ગયેલો આમ હોય, તો ઘટપટ જેમ જાણતા નથી એમ આત્મા પણ જાણશે નહિ. સમજાણું કાંઈ?

'**(-જ્ઞાનના ક્ષેત્રથી બહાર વ્યાપતો હોવાને લીધે) જ્ઞાનથી પૃથક્ થયો થકો...**' જ્ઞાનથી આત્મા આગળ અંદર ગયો, જ્ઞાન વધી ગયું આખું. '**જેમ ઘટપટાદિ જેવો થવાથી...**' ઘટપટમાં જેમ જ્ઞાન નથી, એમ આત્મા જ્ઞાનથી આગળ વધી ગયો તો એ આત્મામાં જ્ઞાન રહ્યું નહિ. ઘટપટમાં જેમ જ્ઞાન નથી એમ આત્મામાં જ્ઞાન ન રહ્યું. સમજાણું કાંઈ? યુક્તિથી આગમ વાત કરે છે. જગતમાં આત્મામાં ફેર છે ને ઘણાને? ક્ષેત્રફેર માનનારા ઘણા છે ને. જૈનને સમજનારા પણ કેટલાક એને વિભુ છે ને વ્યાપક છે એમ બધા માને છે ઘણા. નિશ્ચયની વાત આવે ને. બાપુ! વેદાંત જેવી વાત છે આ તો જૈનની હોં! એક જ છે બધું એક જ છે.

એક ફેરી કહ્યું હતું ને ૨૦૦૫ની સાલમાં. મગનલાલ દફતરી. અલિંગગ્રહણ ચાલતું હતું. અને પછી આવ્યા નાનાલાલભાઈના મકાનમાં. કહે, આ વેદાંત અને આ બે એમાં કાંઈ ફેર નથી, એક જ વાત છે. કીધું, આને કાંઈ ખબર ન મળે. ઓલા મગનલાલ દફતરી હતા ને? રતિભાઈ નથી આવતા? કેમ મગનલાલ દફતરી નહિ, આ મોરબીવાળા. ન ઓળખો. એ પહેલા પાછળથી આવ્યા હતા બધા. પહેલા એમાં જુદું પડ્યું હતું વાંચવામાં જુદું કર્યું હતું. ઓલા નરભેરામભાઈના મકાનમાં વાંચવાનું શરૂ કર્યું હતું. એ મગનભાઈ મોઢા આગળ હતા ત્યાં. શનિવારે વાંચતા હતા. નાનાલાલ. પછી કહે. એ .. ત્યાં સુંદરલાલ. બહુ જામ્યું હતું હોં! કેમ વયા ગયા? એમ બોલતા હતા મગનલાલ દફતરી, સુંદરલાલ કેમ વયા ગયા? .. બહુ સારું હતું. આવા ને આવા કોણ જાણે? બુદ્ધિના જરી ખાં માનેને પોતાને બુદ્ધિવાળા પણ ભીંત ભૂલે મોટા. અહીં .. મેં કીધું સાંભળજો કાલે સવારે. તાકડે ત્યાં બેય હતું... પાખંડીઓનું. જ્ઞાન સર્વવ્યાપક છે એમ માનનારા પાખંડીઓ છે. અલિંગગ્રહણમાં આવે છે. સમજાણું કાંઈ? એ જ બોલ આવવાનો હતો બીજે દિ'. કીધું, સાંભળજો ત્યારે વેદાંત અને આ જૈનમાં (શું ફેર છે). બાપા! જૈન સંપ્રદાય આખી ચીજ સ્વતંત્ર વસ્તુ છે એને એ સ્વીકારે છે. કોઈની સાથે એનો મેળ નથી. નિશ્ચયની વાતું આવે ને વેદાંતમાં? નિર્વિકલ્પ છે આત્મા, આમ છે, શુદ્ધ છે, ધ્રુવ છે, ફલાણું છે. એ તો વસ્તુ સ્વરૂપ એનું જે છે કાયમી એ શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પ છે, પણ એની પર્યાયમાં અશુદ્ધતા અનાદિની છે. સમજાણું કાંઈ? અશુદ્ધતા નથી એમ નહિ. એ લખ્યા કરે છે અંદર દિલ્હીવાળો. જુઓ, અશુદ્ધતા એ માનતા નથી. એમ આવ્યું છે જૈનશાસનમાં. પહેલો આવ્યો છે લેખ. અશુદ્ધતા એ માનતા જ નથી. જીવ ત્રિકાળી એ શુદ્ધ જ માને છે. વેદાંત જેવી શ્રદ્ધા થઈ ગઈ. વેદાંતને ..

નાસ્તિ જેવી. .. જેવી શ્રદ્ધા.

પર્યાયમાં અશુદ્ધતા અનાદિની ન હોય તો પછી ધર્મ કરવો કોને રહે? અશુદ્ધતા ન હોય તો દુઃખ કોને? એ તો દ્રવ્યદૃષ્ટિએ અશુદ્ધતા વ્યવહારે છે, નિશ્ચયે નથી. એમ વાત છે. પણ પર્યાયમાં તો ખરેખર છે. પર્યાયમાં અશુદ્ધતા પોતામાં પોતાને કારણે છે. પણ દૃષ્ટિ દ્રવ્યની થતાં એ અશુદ્ધતા દ્રવ્ય અને ગુણમાં છે નહિ. એવું સમ્યગ્દર્શન થતાં એ અશુદ્ધતા પૃથક્ થઈ જાય છે. એ અશુદ્ધતાનો સ્વામી જ્ઞાની છે નહિ. એમ છે. સમજાણું કાંઈ?

જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ છે, અશુદ્ધતાના પરિણામ અને વિકાર ઉપર રુચિ અને દૃષ્ટિ છે ત્યાં સુધી તો એ બરાબર જ છે. એનો આત્મા અશુદ્ધ છે, મલિન છે, દુઃખી છે, સંસારી છે. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિ ફરતાં પર્યાયબુદ્ધિ છૂટીને વસ્તુ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ પરમાત્મા પોતે દ્રવ્ય-ધ્રુવ ચીજની જ્યાં દૃષ્ટિ થતાં એ અશુદ્ધતા પોતામાં છે નહિ. એ દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને પર્યાયની શુદ્ધતા દૃષ્ટિમાં થઈ. એટલે શુદ્ધતાનો ભાગ ત્યાં આત્મામાં રહ્યો અને અશુદ્ધતા તે આત્મામાં નહિ. એમ વાત છે. પણ લોકો કાંઈકનું કાંઈક તાણે, કાંઈકનું કાંઈ ખેંચાતાણ કરે.

અહીં કહે છે '**(-જ્ઞાનના ક્ષેત્રથી બહાર વ્યાપતો હોવાને લીધે)...**' જ્ઞાનથી આત્મા આગળ વધી ગયો હોવાથી '**જ્ઞાનથી પૃથક્ થયો થકો ઘટપટાદિ...**' જેમ ઘડો અને વસ્ત્ર આદિ '**જેવો થવાથી...**' જેમ ઘટપટમાં જ્ઞાન નથી, ઘટપટમાં જ્ઞાન નથી, એમ આત્માથી આગળ વધી ગયું એટલે જ્ઞાન આત્મામાં રહ્યું નહિ. એટલે '**ઘટપટાદિ જેવો થવાથી જ્ઞાન સિવાય ન જાણે.**' આત્મામાં જ્ઞાન નહિ એટલે જ્ઞાન સિવાય જાણે નહિ. કહો, સમજાણું કાંઈ? વધી ગયો આત્મા આઘો, જ્ઞાન રહી ગયું આમ. '**ઘટપટાદિ જેવો થવાથી જ્ઞાન સિવાય ન જાણે. માટે આ આત્મા જ્ઞાનપ્રમાણ જ માનવાયોગ્ય છે.**' લ્યો! જેટલામાં જ્ઞાન છે એટલામાં આત્મા છે. આત્મા અને જ્ઞાન બે સરખા છે ક્ષેત્રથી-ક્ષેત્રથી. એ દ્રવ્ય છે, આ એનો ભાવ છે. ભાવનું વ્યાપકપણું ક્ષેત્ર પ્રમાણે છે. કહો સમજાણું કાંઈ? અને એને ધ્યાન કરવું પડે (તો) આમ અંદરમાં એકાગ્ર થાય છે ને કે આમ એકાગ્ર કરવું પડે છે એને બહારમાં? જ્યાં છે એ બાજુમાં એકાગ્ર થાય છે. તો એનું ક્ષેત્ર ને જ્ઞાન, આત્મા અને જ્ઞાન બે આઘી વસ્તુ એકાગ્ર અંદરમાં થાય છે એ. જેટલામાં છે એટલામાં એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય આત્મા સાથે વ્યાપેલી છે. જ્ઞાનપર્યાય આમ અંદરમાં છે અહીં એટલામાં. અંદરમાં એકાકાર થાય છે. સમજાણું? વસ્તુ સ્વભાવ ધ્રુવ એમાં તે જ્ઞાનની પર્યાય ઝુકે છે ત્યારે એટલા જ ક્ષેત્રમાં એ પર્યાય એકાગ્ર થાય છે. કહો, સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- આત્માનું ક્ષેત્ર જ્ઞાનના ક્ષેત્રથી ઓછું માનવામાં આવે...**' આત્માનું ક્ષેત્ર જ્ઞાનના ક્ષેત્રથી ઓછું માનવામાં આવે. '**તો આત્માના ક્ષેત્રની બહાર વર્તતું જ્ઞાન...**' આત્માના ભાગથી જ્ઞાન બહાર વર્તતું હોવાથી '**ચેતનદ્રવ્ય સાથે સંબંધ નહિ હોવાને લીધે...**'

એ જ્ઞાનને ચેતનદ્રવ્યનો તો સંબંધ રહ્યો નહિ. '**અચેતન ગુણ જેવું થવાથી...**' એ ગુણ તો અચેતન જેવું રહ્યો. '**જાણવાનું કામ ન કરી શકે,...**' ચેતનના આધાર વિના એકલું જ્ઞાન જાણવાનું કામ (ન કરે તેથી) અચેતન થયું, એ જાણી શકે નહિ. સમજાણું કાંઈ? આ મકાનનું ક્ષેત્ર બાંધે છે ને? ભાઈ! ક્યાં તમારું મકાન છે? ચાર દિશા નથી બાંધતા? આ ઠેકાણે અમારું મકાન. પૂર્વમાં ફલાણાનું, પશ્ચિમમાં ફલાણાનું, ઉત્તરમાં ફલાણાનું, દક્ષિણમાં ફલાણનું. ચતુર્સીમા લખે છે કે નહિ? ઈ આ ચીજ અહીં છે. આ ચારે બાજુના વચમાં આ છે એમ લખે છે ને. એમ આત્મા શરીર, વાણી, કર્મ, આદિ બહારથી બધાથી અંદર ભિન્ન જ્ઞાનપ્રમાણમાં આત્મા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરીરમાં આત્મા નથી?

ઉત્તર :- શરીરમાં નથી, રાગમાં નથી, કર્મમાં નથી અને પુણ્યમાં પણ નથી. સમજાણું કાંઈ? એ તો ચતુર્દિશા ચારે બાજુ રહી ગઈ. શરીર આમ રહી ગયું, આ શરીર આમ રહી ગયું, માથું આમ રહી ગયું. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એ જ્ઞાન પ્રમાણે ક્ષેત્ર છે, એનું ક્ષેત્ર બહાર છે જ નહિ. લ્યો! ખરેખર તો જ્ઞાન રાગમાં પણ વ્યાપતું નથી તો શરીરમાં ક્યાંથી વ્યાપે? એમ આત્મા. જ્યારે જ્ઞાન વ્યાપતું નથી તો આત્મા પણ રાગમાં અને શરીરમાં વ્યાપતો નથી. સમજાણું કાંઈ?

'**જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ...**' પરમાણુના રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ, એ ગુણને ચૈતન્યનો આધાર નહિ હોવાથી એ ગુણ જાણવાનું કામ કરી શકતા નથી. '**વગેરે અચેતન ગુણો જાણી શકતા નથી તેમ. જો આત્માનું ક્ષેત્ર જ્ઞાનના ક્ષેત્રથી...**' તેમ. ઓલું આવી ગયું. એમ આત્માના ક્ષેત્રથી આગળ વધેલું જ્ઞાન કાંઈ કામ કરી શકે નહિ. આત્માનો આધાર નથી એટલે ગુણ કામ નહિ કરી શકે. એક બોલ. '**જો આત્માનું ક્ષેત્ર જ્ઞાનના ક્ષેત્રથી અધિક માનવામાં આવે...**' આત્માનું ક્ષેત્ર જ્ઞાનથી અધિક આઘું વધી ગયું. '**તો જ્ઞાનના ક્ષેત્રની બહાર વર્તતો...**' જ્ઞાનના ક્ષેત્રથી બહાર વર્તતો આત્મા '**જ્ઞાનશૂન્ય આત્મા જ્ઞાન વિના જાણવાનું કામ ન કરી શકે,...**' '**જેમ જ્ઞાનશૂન્ય ઘડો, જ્ઞાનશૂન્ય ઘડો, જ્ઞાનશૂન્ય વસ્ત્ર વગેરે પદાર્થો જાણી શકતા નથી.**' તેમ જ્ઞાન વિનાનો આત્મા જાણવાનું કાંઈ કામ કરી શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**માટે આત્મા જ્ઞાનથી હીન પણ નથી, અધિક પણ નથી, જ્ઞાન જેવડો જ છે.**' લ્યો! તારું ક્ષેત્ર અને તારો ભાવ તારા દ્રવ્ય પ્રમાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનભાવ એ દ્રવ્ય પ્રમાણે છે અને આત્મા દ્રવ્ય જ્ઞાન પ્રમાણે છે. સર્વજ્ઞ થયા તોપણ જ્ઞાનની પર્યાય તો આત્મા પ્રમાણે જ છે. સમજાણું કાંઈ? પરને જાણતાં કાંઈ પરના ક્ષેત્રપણે થઈ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનનો સ્વભાવ એ ગુણ છે એ દ્રવ્ય પ્રમાણે છે. તો એની પર્યાય પણ એના દ્રવ્ય પ્રમાણે જ વ્યાપી છે. ભલે પર્યાયનો સમય એક હો, ગુણનો સમય ત્રિકાળ.

સમજાય છે? જ્ઞાનની પર્યાયનો સમય એક, પણ સમય એક હોવા છતાં આખા આત્મામાં વ્યાપી છે. આખા અસંખ્ય પ્રદેશે વ્યાપી છે. એ પરમાં વ્યાપી નથી. ત્રણ કાળ ત્રણ લોકને જાણે માટે જ્ઞાનની પર્યાય પરમાં વ્યાપે, આમ પરને જાણે લ્યો! માટે જ્ઞાન ત્યાં વ્યાપી જાય એમ છે નહિ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અડતું નથી એમ કહે છે અહીં તો. એ ઓલા કહેતા હતા ને કીધું ને અમારે ત્યાં ૮૪માં પ્રશ્ન થયો હતો. ખત્રી હતા ખત્રી. રાણપુરના ખત્રી વેદાંતી. પરમાણુ પુદ્ગલમાં અંદર પેસ્યા વિના જ્ઞાન કેમ જાણે? જે ચીજ છે એમાં પેસે (તો જાણે). પણ પેસે તો જાણે (તો) એ વસ્તુ જ ક્યાં રહી? આ મરચું તીખું છે એ તીખાશમાં જ્ઞાન પેસે ત્યારે તીખાશને જાણે છે? જ્ઞાન તો જ્ઞાનમાં રહીને આ તીખું જાણે છે. તીખારૂપે થયા વિના જ્ઞાનરૂપે રહીને તીખાને જાણે છે. પ્રત્યક્ષ વસ્તુ છે કે નહિ? જો તીખારૂપે થઈને જાણે તો જડ થઈ જાય, જ્ઞાન જડ થઈ જાય. કહો, સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ છે, એ આ તીખું છે, આ ખાટું છે એ ખાટા ને તીખારૂપ થઈને જ્ઞાન જાણે છે? જ્ઞાન જ્ઞાનરૂપમાં રહીને આ તીખું, ખાટું એમ જાણે છે. એ તીખા-ખાટારૂપે થઈને જાણતું નથી. જ્ઞાન જ્ઞાનરૂપે થઈને તીખા-ખાટાને જાણે છે. આહા..હા..! એને ખ્યાલ પણ નથી આવતો કે આ તીખું છે, આ ગળ્યું છે, પેઠું છે અંદર? એના ગળ્યાના રજકણમાં પેઠું છે જડમાં? સમજાણું કાંઈ? આ શરીરના રજકણને જાણે તો રજકણમાં પેઠું છે જ્ઞાન? આ તો માટી છે. છતાં આ શરીર છે, માંસ છે, હાડકા છે, આંતરડા છે, ચામડા છે, લોહી છે—એમ જ્ઞાન જ્ઞાનમાં રહી, જ્ઞાન પરરૂપે નહિ થઈ, જ્ઞાન પરને પરરૂપે થયા વિના, જ્ઞાન જ્ઞાનરૂપે થઈને જાણે છે. સમજાણું કાંઈ?

'**હવે જ્ઞાનની જેમ આત્માનું પણ સર્વગતપણું ન્યાયસિદ્ધ છે એમ કહે છે :-** -' જેમ જ્ઞાન બધાને જાણે છે ને, એને સર્વગત કહ્યું ને વ્યવહારે? જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણવાને સમર્થ છે. એનો વિષય છે ને એટલો? પરિચ્છિન્ન જેટલું છે એ બધાને જાણે છે. એ બધાને જાણે છે જ્ઞાન, માટે તે જ્ઞાનને સર્વગત કહેવામાં આવ્યું છે. વ્યવહારથી હોં! સમજાણું કાંઈ? તો કહે છે કે આત્માને પણ સર્વગતપણું સિદ્ધ છે. કારણ કે જ્ઞાન પ્રમાણે આત્મા છે અને આત્મા પ્રમાણે જ્ઞાન છે. જ્યારે જ્ઞાનને સર્વગત કીધો, જ્ઞાનને સર્વને જાણનાર કીધું, સર્વગત બધાને જાણે, એમ આત્મા પણ સર્વગત છે. સમજાણું કાંઈ? કહો, કેટલી વાત જ્ઞાનતત્ત્વની સિદ્ધ કરે છે!

'**सव्वगदो जिणवसहो**' અહીં તો સામ્યપણાના પ્રતાપથી શુદ્ધ ઉપયોગના પ્રસાદથી પ્રાપ્ત થયું કેવળજ્ઞાન એને અહીંયાં સ્પષ્ટ વ્યક્ત કરે છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એને આશ્રય થઈને જે પર્યાયમાં શુદ્ધ ઉપયોગ થઈને, શુદ્ધ ઉપયોગની રમણતા થઈને

એ ચારિત્ર છે. એ ચારિત્રની રમણતાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ સર્વજ્ઞની થઈ એ જ્ઞાન સર્વને જાણે. સર્વજ્ઞ કીધું ને. સર્વને જાણે કીધું ને? તો સર્વજ્ઞ છે તો સર્વગત કહેવામાં આવે છે એને. બધાને જાણે છે માટે સર્વગત કહેવામાં આવે છે. પેસી જાય છે એમ કાંઈ નહિ. આહા..હા..! તો જેમ જ્ઞાનને સર્વગત કહેવામાં આવે છે, સર્વને જાણનારું છે એ અપેક્ષાએ અને એનો વિષય સર્વ છે તેટલી અપેક્ષાએ, તો આત્મા પણ જ્ઞાનને સર્વગત કહેવામાં આવતા આત્મા પણ (સર્વગત છે). '**जिनवृषभः**' છે ને?

**सव्वगदो जिणवसहो सव्वे वि य तग्गया जगदि अट्ठा।**

**णाणमयादो य जिणो विसयादो तस्स ते भणिदा।।२६।।**

એના વિષય જેટલું જ્ઞાન થઈ ગયું તો આત્મા પણ એવડો જ થઈ ગયો એમ કહે છે. જેટલું આત્મા પ્રમાણે જ્ઞાન અને જ્ઞાન જ્ઞેય પ્રમાણે. એ આવ્યું હતું ને પહેલું. ૧૫મી ગાથામાં આવ્યું હતું. જ્ઞાન જ્ઞેયના અંતને પામી જાય છે. ૧૫મી ગાથામાં આવ્યું હતું. ભગવાન આત્માનું જ્ઞાન અંતર શુદ્ધ ઉપયોગના પ્રસાદ દ્વારા... સમજાય છે કાંઈ? લ્યો આ વાંધા ઓલા પાડે છે ને કે આ વ્યવહાર કરતા શુદ્ધ ઉપયોગ થાય. પહેલો શુભ ઉપયોગ જ (હોય). એ વાત જ તદ્દન જૂઠી છે. એને ખબર નથી. સમજાણું? સોનગઢવાળા વ્યવહારનો નિષેધ કરે છે. અરે... ભાઈ! ભગવાન કહે છે. સોનગઢવાળાની વાત ક્યાં છે? પણ સાંભળી નથી ને. એય..! વ્યવહારથી કાંઈ ન થાય (એમ નહિ), વ્યવહારથી થાય એમ ભગવાન કહે છે, ઈ એમ કહે છે. ભાઈ! વ્યવહાર તો રાગ છે ને, રાગ તો એના સ્વરૂપમાં નથી તો એનાથી જ પોતે કેમ પ્રાપ્ત થાય? એનામાં જ્ઞાન અને આનંદ છે તો તે જ્ઞાન ને આનંદની રમણતા દ્વારા જ્ઞાન અને આનંદની પૂર્ણતા થાય. ખબર નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનની જેમ આત્માનું પણ સર્વગતપણું આ. ઝીણો વિષય.

**છે સર્વગત જિનવર અને સૌ અર્થ જિનવરપ્રાપ્ત છે,**

**જિન જ્ઞાનમય ને સર્વ અર્થો વિષય જિનના હોઈને. ૨૬.**

જેમ જ્ઞાનનો વિષય જેમ પૂર્ણ સર્વ છે, એમ આત્માનો વિષય પણ પૂર્ણ સર્વ જ છે. કારણ કે જ્ઞાન જેમ સર્વને જાણે છે, એમ આત્મા પણ સર્વને જાણે છે. જ્ઞાનને જેમ સર્વ વિષય છે એમ આત્માને પણ સર્વ વિષય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એનો અર્થ. '**જિનવર સર્વગત છે...**' ઓલું જ્ઞાન સર્વગત સિદ્ધ કર્યું પહેલું. હવે એ જ્ઞાનનો ધરનાર પરમાત્મા, આત્મા જિનવર. સમજાય છે? જિન તો ચોથેથી કહેવાય. જિનવર આ તો પ્રધાન. ગણધરને જિન કહીએ એનાથી પણ પ્રધાન કેવળી તીર્થંકર. જિનવર જિનવૃષભ. ... અર્થ જિનવર કહ્યું. '**સર્વગત છે...**' ભગવાન આત્મા પણ, જેમ જ્ઞાનમાં, જ્ઞાનમાં લોકાલોક જેનો વિષય છે તેટલું છે તેથી જ્ઞાનને સર્વમાં, સર્વને જાણનારની અપેક્ષાએ સર્વગત કહેવામાં

આવ્યું છે. એમ ભગવાન આત્મા જ્ઞાનનો ધરનાર જિનવર આત્મા, એમ. એ આત્મા પણ સર્વગત છે. '**અને જગતના સર્વ પદાર્થો જિનવરગત છે;...**' સમજાણું કાંઈ? આહા..હા..! ... સ્વરૂપ છે આ તો. લોકાલોક જેમાં આવી ગયા કહે છે અને પોતે જાણે લોકાલોકમાં પેઠો હોય જાણવાની અપેક્ષાએ, એમ એને સર્વગત કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો એક એક ભગવાન આવડો છે.

મુમુક્ષુ :- દેહ પ્રમાણે આત્મા.

ઉત્તર :- દેહ પ્રમાણે આત્મા અને જ્ઞાન પ્રમાણે એનું ક્ષેત્ર, પાછું દેહપ્રમાણ એનું ક્ષેત્ર નહિ, એમ. સમજાય છે કાંઈ? જ્ઞાન પ્રમાણે એનું ક્ષેત્ર અને આત્મા પ્રમાણે એનું જ્ઞાનનું ક્ષેત્ર. એ તો જેના પ્રમાણે... એ ત્યારે કહે છે ને જુઓ! શરીર પ્રમાણે એને રહેવું પડે ને. રહેવાની એની યોગ્યતા જ પર્યાયની એટલી છે.

મુમુક્ષુ :- જ્ઞાન પ્રમાણે આત્મા અને આત્મા પ્રમાણે જ્ઞાન છે.

ઉત્તર :- હા, એમ અહીં છે. પરની અપેક્ષાની વાત છે જ નહિ. એ તો કહે છે ને, લ્યો સિદ્ધને પણ (છેલ્લા) શરીર પ્રમાણે રહેવું પડ્યું એટલું પણ ત્યાં પરાધીન છે. લ્યો! અરે..! એમ નથી ભગવાન! તું શું કરે છો? એ તો જ્ઞાન પ્રમાણે આત્મા. અનંત ગુણો છે એ પછી લેશે. જ્ઞાન તે આત્મા, આત્મા તો જ્ઞાન અને આનંદ વગેરે છે એમ કહેશે. જ્ઞાન તે આત્મા અને આત્મા તો જ્ઞાન અને આનંદ વગેરે છે. અનંત ગુણસંપન્ન છે, પણ શરીરસહિત છે અને પરક્ષેત્રસહિત છે એમ છે નહિ. સમજાણું કાંઈ? લ્યો! સિદ્ધ ભગવાનને પણ એવું છેલ્લા શરીર પ્રમાણે રહેવું પડ્યું કે નહિ? કે ના ભાઈ, તને ખબર નથી. સમજાયું? એ પોતે જ્ઞાન પ્રમાણે જ છે. એ પરક્ષેત્રપણે ત્યાં રહ્યા છે ત્યાં પાછી એને એટલા પ્રમાણમાં રહેવું પડ્યું અને ધર્માસ્તિ આગળ નથી (માટે આગળ જતા નથી) એટલા બધા પરાધીન. અરે..! ભગવાન શું કરે છે તું આ? સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણ સર્વજ્ઞ જિનવર જ્ઞાન પ્રમાણે છે. એ જ્ઞાનનો વિષય જેમ પૂર્ણ છે એમ આત્માનો વિષય પણ પૂર્ણ છે. સર્વજ્ઞ સિદ્ધ કરવું છે ને અહીંયાં? આહા..હા..! '**सव्वण्हू**' સ્વયંભૂ એમ સિદ્ધ કર્યા છે ને ૧૬મી ગાથામાં. સ્વયંભૂ સર્વજ્ઞ થયા. ભગવાન આત્મા અંદર શક્તિનો સમૂહ એની સન્મુખ જોતાં પુણ્ય-પાપના વિકલ્પથી પૃથક્ થતાં, પોતાના સ્વરૂપમાં રગડતા, રમતા, ચરતા શુદ્ધ ઉપયોગ એ, એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સ્વયંભૂ થઈ જાય છે, પોતાથી પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? એ સ્વયંભૂ. આ જગતમાં સ્વયંભૂ એ પરમાત્મા છે અને સ્વયંભૂએ આ બનાવ્યું છે. એ કોઈ છે નહિ. સમજાણું કાંઈ? તેથી શબ્દ છે સ્વયંભૂ. પોતે પોતાથી છે. ઈશ્વરનો કર્તા કોણ? તો સ્વયંભૂ કહે છે. તો ઈશ્વર આનો કર્તા. એ વાત જ ખોટી છે.

કહે છે ને એ લોકો કે ભાઈ એનો કર્તા કોણ? કે એ તો સ્વયંભૂ છે. એ બીજાનો કર્તા. એ માટે અહીં સ્વયંભૂ શબ્દ વાપર્યો છે. કોઈ કોઈનો કર્તા છે નહિ. વસ્તુ જ પોતે જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ પ્રભુ છે. અનંત અનંત શક્તિનું સત્ત્વ તે પોતે જ સ્વયંભૂ. પોતે છે એ થઈ ગયો. છે. વસ્તુ પોતે જ્ઞાન, આનંદના અનંત અપરિમિત સ્વભાવથી ભરેલો ભગવાન છે, એ પોતે જ પોતાની પર્યાયમાં—અવસ્થામાં પરિણમન કરીને સ્વયંભૂ સર્વજ્ઞ થયો. બીજો કોઈ પરમાત્માનો આધાર પણ નથી અને બીજા કોઈ કારણોનો પણ આધાર નથી. એવો એક એક આત્મા સ્વયંભૂ થવાને લાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નિગોદમાં એવા અનંત આત્મા પડ્યા છે, એ બધા આત્માઓ.. આહા..હા..! સ્વયં સ્વતઃ તત્ત્વ છે. પોતે સ્વયં જ્ઞાનાનંદ સ્વભાવથી સ્વતઃ તત્ત્વ છે એ. અને તેથી તે પોતાના તત્ત્વના સ્પર્શથી, એકાગ્રતાથી સ્વયં પોતે જ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. કેટલી કેવડી પર્યાય? કે કેવળજ્ઞાન જેટલી, સર્વજ્ઞને જાણે એટલી. તો સર્વજ્ઞ કીધો ને? '**सव्वण्हू**' કીધો ને એને? તો સર્વગત. કહે છે કે જ્ઞાન જાણે તે અપેક્ષાએ. એના વિષય બધા છે ને એ અપેક્ષાએ એને સર્વગત કીધો. એ રીતે આત્માનો પણ વિષય સર્વ છે માટે આત્માને પણ સર્વગત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જિનવર સર્વગત છે અને જગતના સર્વ પદાર્થો જિનવરગત છે;...**' એટલે ભગવાન આત્મામાં એ આવી ગયા, જણાય છે એમ. '**जिनः ज्ञानमयत्वात्**' '**કારણ કે જિન જ્ઞાનમય છે...**' ભગવાન આત્મા જિનવરનો પરમાત્માનો તો જ્ઞાનમય છે '**અને તે સર્વ પદાર્થો જ્ઞાનના વિષય હોવાથી...**' જોયું! એ જ્ઞાનના વિષય હોવાથી તે આત્માના વિષય છે એમ કહેવું છે. જ્ઞાનના વિષય હોવાથી જ '**तस्य भणिताः**' '**तस्य**' એટલે જિનના એટલે આત્માના. સમજાણું કાંઈ? ઓહો..હો..! પ્રવચનસાર. એ જ્ઞાનસ્વરૂપ છે એ બધાને જાણે. જાણે એ જાણનાર ન જાણે એમ કેમ થાય? જાણે એ પૂર્ણને, બધાને જાણે. તો કહે છે કે જેમ જ્ઞાનનો વિષય પૂરો બધું છે, એમ જિનવર એટલે આત્મા એનો વિષય પણ પૂર્ણ છે. સમજાણું કાંઈ?

'**भणिताः**' લ્યો! ભગવાનથી કહેવામાં આવ્યા છે. સર્વજ્ઞ પરમેશ્વરે આ રીતે આત્મા અને જ્ઞાન, જ્ઞાન જ્યારે સર્વને જાણે છે એવો જે જ્ઞાનનો સર્વ વિષય છે, સર્વ વિષય છે... ઓહો..! જુઓને વાંધા આખા સર્વજ્ઞથી ઊપડ્યા છે. અહીં તો કહે છે કે જ્ઞાનનો સર્વ વિષય જ છે. નિમિત્ત એ બધું સર્વ આખું વિષય છે. પોતે પોતાથી સર્વજ્ઞ થયો છે, એથી સર્વગત આમ કહેવામાં આવે છે, તેથી આત્મા ભગવાન જિનવર એટલે વીતરાગ આત્મા એને પણ આ રીતે આ જ્ઞાનનો વિષય આવડો સર્વ છે તો આત્માનો વિષય પણ આવડો જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! એની મહત્તા અને એનું સ્વરૂપ! આમ આત્મા-આત્મા કરે એમ ન હોય. આ આત્મા આવો જણાય એને આત્મા જાણ્યો કહેવાય. સમજાણું

કાંઈ? આ તો બધા કહે આત્મા, આત્મા બધી વાતું તો ઘણી ચાલી છે. આહા..હા..!

'સર્વ પદાર્થો...' '**विषयत्वात् तस्य भणिताः**' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એના જ્ઞાનનો જ્યારે બધો વિષય છે તો એના આત્માનો પણ બધો વિષય છે. સમજાણું કાંઈ? શું કીધું? જ્ઞાનનો જ્યારે સર્વ વિષય છે તો આત્માનો પણ સર્વ વિષય છે, દ્રવ્યનો પણ સર્વ વિષય છે એમ કહે છે. ફેર છે એક એક વાતમાં. સરખી સરખી લાગે એમ નથી. સમજ્યા? સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા જેમ જ્ઞાનથી વ્યાપક... ગુણની વ્યાખ્યા નથી? શું છે? ઓલામાં નથી આવતી? ગુણ કોને કહીએ? જે દ્રવ્યના પૂરા ભાગમાં અને દ્રવ્યની પ્રત્યેક હાલતમાં રહે તેને ગુણ કહીએ. એ જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં બોલ છે. ગુણ એને કહીએ કે દરેક ભાગમાં એટલે પોતાના દરેક ક્ષેત્રમાં. બસ દરેક ક્ષેત્રમાં, પોતાના ક્ષેત્રમાં ગુણ છે. જ્ઞાન પોતાના સ્વક્ષેત્રમાં છે. આત્માના ક્ષેત્ર પ્રમાણે જ્ઞાન છે. અને દરેક હાલતમાં—એની પર્યાયમાં રહે જ્ઞાન ઈ. ઓલા ક્ષેત્રમાં રહે, પર્યાયમાં રહે. ગુણ તો ભાવ છે. ભાવનો દ્રવ્ય આધાર છે. દ્રવ્ય થયું, દ્રવ્યનો ભાવ, ભાવ ક્ષેત્ર પ્રમાણે અને પર્યાયમાં હોય છે. ચારમાં વ્યાપી ગયું છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં સમજાવે છે આ માસ્તર. માસ્તર બહુ સમજાવતા. હીરાચંદ માસ્તર હતા ને. લખાણ લખતા. બધું ચાલ્યું જાય છે ટાણે તો. હવે બીજા પાકે. એમ ને એમ ચાલ્યો જ જાય છે સંસાર. સમજાણું કાંઈ?

કહે છે કે ગુણની વ્યાખ્યા શું? ગુણની વ્યાખ્યા એટલે ગુણ એટલે શું? કોઈપણ ગુણ હોં! જ્ઞાન, દર્શન, આનંદ આદિ. ગુણ એટલે શું? કે દ્રવ્યના પૂરા ક્ષેત્રમાં, પૂરા ભાગમાં (રહે) એટલે? દ્રવ્ય એટલે વસ્તુના પૂરા ક્ષેત્રમાં અને વસ્તુની દરેક હાલતમાં. આ તો સાધારણ સિદ્ધાંત પ્રશ્નોત્તરના જૈનસિદ્ધાંતમાં આવી ગયા છે. સમજાય છે કાંઈ? આ જ્ઞાન એને કહીએ કે આત્માના સર્વ ક્ષેત્રમાં વ્યાપ્યું છે. સમજાણું કાંઈ? અને દરેક ભાગ એટલે ક્ષેત્ર. આ હાલત એની વર્તમાન દશા છે એમાં છે એ. એ જ્ઞાનની પર્યાય પોતાના ક્ષેત્રમાં વ્યાપીને પર્યાયમાં જે થઈ એક સમયની, એ જ્ઞાનનો વિષય પૂર્ણ છે. એ જ્ઞાન કેમ પ્રગટ્યું એને અહીંથી ઉપાડ્યું છે. શુદ્ધ ઉપયોગના પ્રસાદથી તે કેવળજ્ઞાન થાય છે. કોઈ બીજી ક્રિયાકાંડ વ્યવહાર આદિના વિકલ્પથી એ તો બધા બંધના કારણ છે. અબંધ એવું દ્રવ્યનું સ્વરૂપ, અબંધ એવો ગુણનો ભાવ, અબંધ એવી કેવળજ્ઞાનની પર્યાય-અબંધ પર્યાય, એ અબંધ દ્રવ્ય-ગુણના અંદર રમણતા શુદ્ધ પરિણામ જે શુદ્ધ ઉપયોગ જે અબંધ છે તેનાથી તે અબંધ પરિણામ કેવળજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અબંધ કહો કે મોક્ષનો માર્ગ કહો, એક જ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવે વ્યાપક. તે આત્મા પણ અબંધસ્વરૂપ છે અને જ્ઞાન પણ અબંધસ્વરૂપ છે. એવા આત્માને અંતર્મુખ થઈને. આ જ્ઞાનતત્ત્વમાં ત્યાંથી ઉપાડ્યું છે જુઓ. અંતર્મુખ થઈને જેની દૃષ્ટિ અને જ્ઞાન આવા આત્માને ઝીલીને પ્રતીત અને જ્ઞાન થયું છે

એવો આત્મા આગળ વધીને શુદ્ધ ઉપયોગને ગ્રહણ કરે છે ત્યારે પણ એ અબંધ પરિણામ જ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન એ પણ અબંધ પરિણામ છે. અબંધના દ્રવ્ય-ગુણના આશ્રયે પ્રગટેલા તે અબંધ પરિણામ છે, મોક્ષના માર્ગના પરિણામ છે. અને તેના અવલંબનમાં સ્થિર થતાં શુદ્ધ ઉપયોગની ચારિત્રદશા (થાય) તેને ચારિત્ર કહે છે. એ પણ અબંધપરિણામી ચારિત્ર છે. એ અબંધ પરિણામના ફળ તરીકે અબંધ એવું કેવળજ્ઞાન પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? આ તો સમજમાં આવે એવી વાત છે, સાદી છે. લોકોને એવો અંદર આગ્રહ થયો હોય છે ને માણસને, એટલે એને એમ થાય આ શું? આ તો આમાં એકલું આનાથી થાય, આનાથી થાય. વ્યવહારથી તો કાંઈ આવ્યું નહિ. હવે સાંભળને. વ્યવહારથી નથી થાતું માટે નથી આવ્યું. શું થાય?

પોતે આચાર્ય તો પોકાર કરીને વચમાં આ કહે છે. વચમાં છઠ્ઠા ગુણસ્થાનનો વિકલ્પ આવી ગયો, કષાયનો કણ, પણ અમે તો એને ઓળંગી જઈએ છીએ, ઓળંગી જઈને અમે શુદ્ધ ઉપયોગને અંગીકાર કરીએ છીએ અને શુદ્ધ ઉપયોગ તે જ મુનિપણું છે. મુનિપણું, શુદ્ધ ઉપયોગ એ મુનિપણું છે. દેહની ક્રિયા નગ્નપણું, પંચ મહાવ્રત એ કાંઈ મુનિપણું નથી. એ કાંઈ મુનિપણું નથી, એ વંદનિક નથી, એ આદરણીય નથી. આહા..હા..! વંદનિક જે મુનિપણું છે એ મુનિપણાનો શુદ્ધ ઉપયોગ વંદનિક છે. સમજાય છે કાંઈ? એ મુનિપણું એ ચારિત્ર છે. હવે એની ખબર પણ ન મળે હજી. આહા..હા..! શું થાય? અરે..! લૂંટાણા છે ને પણ જગત ધોળે દિ'એ, આવા મનુષ્યપણા મળ્યા એમાં પણ અને લૂંટાય છે તે હોંશે લૂંટાય છે પાછો. માને હરખ કરીને. અરે..! ભગવાન! ભાઈ! આવા ટાણા-કાળ મળવા મુશ્કેલ છે ભાઈ!

ભગવાન આત્મા... કહે છે, ઓહોહો..! કેવી શરૂઆત કરી છે ને! શુદ્ધ ઉપયોગ તે મુનિપણું. તેથી મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ જ કીધું છે કે મુનિ શુદ્ધ ઉપયોગને ગ્રહણ કરે છે એમ લીધું છે. વ્યવહારને ગ્રહણ કરે અને સાવદ્યયોગનો ત્યાગ કરે, ભાઈ! એ વાત લીધી જ નથી. એઈ..! એમ કહે છે. પહેલા સાવદ્યયોગનો ત્યાગ કરે છે ને, એમ આવે છે ને. મુનિ શ્રાવક. એ તો વ્યવહારની વાત. વાસ્તવિક તો શુદ્ધ ઉપયોગને ગ્રહણ કરે છે. એવી વાત લીધી છે. પ્રવચનસારમાં એ કહ્યું છે એ જ ત્યાં કહ્યું છે એણે ટોડરમલજીએ. એ તો એક પંડિત હતા. એવા ઘણાં પંડિતને અમે બધાના જાણનાર છીએ. માટે એ પંડિતનું એનું સાચું ક્યાં આવ્યું? ભાઈ! સાચી વાત પંડિત હોય કે નાનો બાળક હોય. સમજાય છે? આત્મા થઈને જાણીને બોલતો હોય તો એનું સાચું છે. ભગવાન બોલે છે, સાંભળને હવે. સમજાણું કાંઈ? એને માટે એમ ન હોય કે આઠ વર્ષનું બાળક હોય ને કેવળજ્ઞાન પામે છે લ્યો! આઠ વર્ષનું બાળક. આહા..હા..! નાની ઉંમર, આમ એક મોરપીંછી કમંડળ. શુદ્ધ ઉપયોગ ગ્રહણ કર્યો છે જેણે. સમજાણું? આવા મુનિ. ભાઈ! અમે અહીંયાં ... ધર્મનો લોપ થાય અને

ક્રિયાનો લોપ થાય તો મુનિ .. ગયા આત્માને. અરે..! ભગવાન શું કરે છે તું આ? એય..! ભીખાભાઈ! બાપુ! એ આ અત્યારે પાલવશે હોં વાત જગતમાં. પણ ન્યાયથી સત્‌થી વિરુદ્ધ નહિ ચાલે. આહા..હા..! કહો, આવા મુનિ જરૂર પડે તો તલવાર લે હાથમાં. અરે..! ભગવાન શું કરે છે તું? કહો, સમજાણું? ... યુગપ્રધાનપુરુષ હતા. એણે પણ પોતાની બહેનનું શિયળ રાખવા માટે લડાઈ કરી. સાધુ થઈને સાધુને.. સમજ્યાને શું કહેવાય એના સંગ્રામના માણસો? ઓલા માણસો બધા યોદ્ધાઓની સાથે નામ આપ્યા છે ને. સેના સેના. સેના સાથે લડવા ગયા. અરે..! ભગવાન આ શું કહે છે તું પ્રભુ! આ માર્ગમાં આવું ન હોય ભાઈ! સમજાણું કાંઈ? અરેરે..! કોઈ પૂછનાર ન મળે. સમજાણું? એને આ અંદર શું કરું છું? શું કરું છું? ભાઈ! આહા..હા..! જુઓને, અહીં શું કહે છે?

જેના પ્રતાપથી કેવળજ્ઞાન થયું એવી જે દશા. આહા..હા..! પ્રગટ કરવાનું તો સમકિતીને કેવળજ્ઞાન મોક્ષતત્ત્વ પ્રગટ કરવું છે ને. પ્રગટ કરવા માટે તો ઉપાદેય મોક્ષતત્ત્વ છે. ધ્રુવ ઉપાદેય છે એ તો દૃષ્ટિના વિષયને માટે છે. પણ પ્રગટ કરવાની કેવળજ્ઞાનદશા મોક્ષ છે. સાધકદશા રહીને એટલે જ રહેવું એમ નથી. સમજાય છે? એ કેવળજ્ઞાન થતાં, કહે છે કે જ્ઞાનમાં બધું (જાણે). જ્ઞાનને સર્વજ્ઞ કહ્યું ને. જ્ઞાનને સર્વજ્ઞ કહ્યું ને. એટલે જેટલું છે એટલું જાણે જ્ઞાન કે એટલો વિષય પૂરો છે. તો પછી દ્રવ્યનો? કે દ્રવ્યનો વિષય પૂરો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતે વસ્તુ છે, એનો વિષય પૂરો આખો છે. તો એને સર્વગત કેમ ન કહીએ? જિનવરને સર્વગત કેમ ન કહીએ? જિનવર એટલે જિનવરનો આત્મા, એમ. જિનવરના જ્ઞાનને જ્યારે સર્વગત કહીએ તો જિનવરના આત્માને સર્વગત કેમ ન કહીએ? આહા..હા..!

એની 'ટીકા :- જ્ઞાન...' જુઓ! અહીં તો આત્માની જ્ઞાનશક્તિની પ્રગટતાનું સામર્થ્ય કેટલું છે! સમજાણું કાંઈ? અને એ સામર્થ્ય પ્રગટ્યું છે શુદ્ધ ઉપયોગના પ્રસાદથી. અને શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો છે દ્રવ્યના પ્રસાદથી—દ્રવ્યના આશ્રયથી. સમજાણું કાંઈ? ભગવાન આખો કેવળજ્ઞાનનો કંદ છે પરમાત્મા પોતે. એને સ્પર્શીને શુદ્ધ ઉપયોગ આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી પ્રાપ્ત થતું આવું જ્ઞાન એ જેમ બધાને જાણે છે એથી એને સર્વગત કહીએ. ભગવાન આત્માને પણ સર્વગત કહીએ. એકલો આત્મા જ છે જગતમાં સર્વગત એમ પણ કહીએ એમ કહે છે. આહા..હા..! કારણ કે બધા સંબંધીનું જ્ઞાન પોતામાં આવી ગયું છે. પોતે એકલો જ આત્મા વસ્તુ છે બસ. સમજાણું કાંઈ? આવડો મોટો આત્મા છે એમ બતાવે છે.

મુમુક્ષુ :- આલંબન મૂકાવ્યું.

ઉત્તર :- આલંબન છે જ ક્યાં એમાં? આલંબન આત્માનું. પર્યાયને આલંબન આત્માનું, દ્રવ્યનું. જેમાં હોય એની સમીપે જાય કે જેમાં ન હોય એની સમીપે જાય? ભગવાન આત્મામાં

બધું પડ્યું છે. ક્યાં એમાં અપૂર્ણ છે? અનંતા અનંતા સિદ્ધ ભગવાનનું સામર્થ્ય એમાં પડ્યું છે. સમજાણું કાંઈ? માણસોને મળવા જાય પૈસાવાળાને. જુઓને, એના માટે જાય છે કે નહિ? કાંઈક આપશે. મોટા હોય ને. ગરીબ પાસે જાતા હશે? ભગવાન ભરેલો છે આખો.

કહ્યું હતું એક ફેરી. ભાવનગર દરબાર. આરબ હતા આરબ. ખાનદાની માણસ હતા. આરબ આરબ છે ને. એ પહેરેદાર હતા. પછી વળી ચુકાઈ ગયું હશે કાંઈક નોકરી વઈ ગઈ હશે. રૂપાળા હતા બહુ. મળ્યા હતા અમને ત્યાં. .. માણસ બહુ નરમ છે. વ્યાખ્યાનમાં આવ્યા હતા. નજીક ઉતારો હતો ને વ્યાખ્યાનમાં આવ્યા હતા. શાંત.. શાંત.. સાધારણ. નોકરી વઈ ગઈ. ભાવનગર દરબાર પાસે ગયા. કેમ ..! કેમ આવ્યા હતા? કે અન્નદાતા સરોવર હોય ત્યાં પંખી અને માણસ આવે. એમ કહ્યું એણે. એય..! સરોવર હોય ત્યાં પંખી અને માણસ આવે. શું છે? શું કહેવું છે? નોકરી નથી. હુકમ કર્યો દરબારે, વહીવટદાર થવાનું.. આવ્યા છે. કહો, સમજ્યા? વહીવટદાર. .. જવાબ આટલો .. હોં! સરોવર હોય ત્યાં પંખી ને માણસ આવે. એમ આપ હશો ત્યાં અમે આવી જઈએ. એમ આ દરિયો ભર્યો છે ભગવાન એમ કહે છે. ભાવનગરનો બાદશાહ આત્મા છે. સમજાય છે કાંઈ? ભાવસિંહ.. ભાવનગર આત્મા. અનંત અનંત ગુણનો નગર બાદશાહ પોતે છે. પર્યાય એની સમીપે જતાં એને શું ખોટ રહે? એનું એને અવલંબન છે, બાકી અવલંબન છે નહિ. એ અવલંબનથી પ્રગટ્યું જ્ઞાન, એને આ લોકાલોકનું નિમિત્ત કહો કે અવલંબન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન ત્રણે કાળના સર્વ દ્રવ્ય-પર્યાયરૂપ વર્તતા...**' સર્વ દ્રવ્યપર્યાયરૂપ વર્તતા. '**સમસ્ત જ્ઞેયાકોરને પહોંચી વળતું (-જાણતું) હોવાથી સર્વગત કહેવામાં આવ્યું છે;...**' ઓહો..! ભગવાન આત્માની જ્ઞાનદશા જે શુદ્ધ ઉપયોગના પ્રસાદથી પ્રાપ્ત થઈ, તે જ્ઞાનની પર્યાય ત્રણ કાળના સર્વ દ્રવ્યપર્યાયરૂપ વર્તતા '**સમસ્ત જ્ઞેયાકારોને...**' જેટલા જ્ઞેયો છે તેના વિશેષને પહોંચી વળતું એટલે જાણતું. '**જ્ઞેયાકારોને પહોંચી વળતું...**' એટલે જેટલા જ્ઞેયો છે એને જાણતું. '**સર્વગત કહેવામાં આવ્યું છે;...**' તેથી એ જ્ઞાન ને, સર્વને જાણે માટે સર્વગત કહેવામાં આવ્યું છે.

'**અને એવા (સર્વગત) જ્ઞાનમય થઈને રહેલા હોવાથી...**' એવા સર્વગત જ્ઞાનમય થઈને રહેલા હોવાથી '**ભગવાન પણ સર્વગત જ છે.**' વીતરાગ પરમાત્મા પણ જ્યારે જ્ઞાનથી સર્વગત છે તો ભગવાનનો આત્મા પણ સર્વગત જ છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનમય થઈને રહેલા હોવાથી...**' પર્યાયમાં જ્ઞાનમય થઈ રહેલા હોવાથી. જ્ઞાન જ્યારે સર્વને જાણે છે તો આત્મા ભગવાનનો આત્મા જ્ઞાનમય થઈ રહેલા હોવાથી '**ભગવાન પણ સર્વગત જ છે.**' લ્યો! આ અરિહંત પરમાત્માની વ્યાખ્યા. સમજાણું કાંઈ?

'**એ રીતે સર્વ પદાર્થો પણ સર્વગત જ્ઞાનના વિષય હોવાને લીધે,...**' સર્વ પદાર્થો હવે આમ લીધું. '**પણ સર્વગત જ્ઞાનના વિષય હોવાને લીધે, સર્વગત જ્ઞાનથી અભિન્ન**

**એવા તે ભગવાનના તે વિષયો છે...'** આહા..હા..! જુઓ કેટલી વાત કરી છે! સમજાણું કાંઈ? **'એ રીતે સર્વ પદાર્થો પણ સર્વગત જ્ઞાનના વિષય હોવાને લીધે,...'** જ્ઞાન જે સર્વગત છે, સર્વને જાણે એનો એ વિષય હોવાથી **'સર્વગત જ્ઞાનથી અભિન્ન એવા...'** જે સર્વને જાણનારું એવું જ્ઞાન એનાથી અભિન્ન એવો ભગવાન આત્મા, ભગવાન આત્મા એ **'ભગવાનના તે વિષયો છે...'** એ બધા લોકાલોક સર્વ તે ભગવાનના વિષયો છે. નિમિત્ત છે એમ. **'એમ (શાસ્ત્રમાં) કહ્યું છે;...'** સમજાણું કાંઈ? જુઓ! આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનની વ્યાખ્યા ચાલે છે આ. આહા..હા..!

**'માટે સર્વપદાર્થો ભગવાનગત જ છે.'** લ્યો સમજાણું? વિષયો છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. ભગવાનના બધા વિષયો છે એમ કહ્યું છે. જેમ જ્ઞાનના વિષયો બધા છે એમ કહ્યું, એમ આત્માના પણ બધા વિષયો છે એમ કહ્યું છે. **'માટે સર્વ પદાર્થો ભગવાનગત જ છે.'** જાણે પદાર્થો ભગવાનના જ્ઞાનમાં અને આત્મામાં આવી ગયા એમ કહે છે. ઉપચારથી કહેવાય વ્યવહારથી. ઉપચાર સમજાય છે? **'(ભગવાનમાં પ્રાપ્ત જ) છે.'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો જાણવાની અપેક્ષાએ વાત છે. જ્ઞાનનો સ્વભાવ જ જ્યાં પ્રગટ થઈ ગયો ચારિત્રથી, એ શું ન જાણે? બધું જાણે. વિષય છે. જેમ જ્ઞાનનો એ વિષય છે, તેમ આત્માનો એ વિષય છે. તો જેમ જ્ઞાનને સર્વગત કહ્યું એમ આત્માને-ભગવાન આત્માને પણ સર્વગત શાસ્ત્રમાં કહ્યું છે. એમાં ગુણને જ્યારે ગુણની પર્યાયને સર્વગત કીધી તો એનો ધરનાર દ્રવ્યને પણ સર્વગત કહેવામાં આવે છે. કેમકે ગુણ ને આત્મા બે અભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૨, મંગળવાર, તા. ૨૪.૯.૧૯૬૮**
**ગાથા-૨૬, ૨૭, પ્રવચન-૨૨**

જગતના જેટલાં પદાર્થો જ્ઞેયો છે, એ ભગવાન આત્મા-જિનવર એવો આત્મા એમાં બધા છે. કારણ કે એનું જ્ઞાન છે ને એને. એ જ્ઞાન છે પોતાનું, પણ એ જ્ઞાનમાં લોકાલોકના જ્ઞેયો જણાય છે એથી જાણે ભગવાનનો આત્મા પણ જાણે સર્વગત હોય એટલે જ્ઞેયો જાણે એમાં હોય અથવા આત્મા જ્ઞાન સર્વ જ્ઞેયોમાં ગયો હોય એમ વ્યવહારે કહેવામાં આવે છે. એનું વિશેષ સ્પષ્ટ કરે છે.

'ત્યાં (એમ સમજવું કે)—**નિશ્ચયનયે અનાકુળતાલક્ષણ સુખ...'** જુઓ, હવે સુખના

વેદનથી એનું ક્ષેત્ર કેટલું એમ સિદ્ધ કરે છે. આત્મા વસ્તુ શુદ્ધ આનંદ અને જ્ઞાન એનું ભાન થતાં, સ્વસન્મુખની દૃષ્ટિ અનુભવ કરતાં જે આનંદના સ્વભાવનો સ્વાદ આવે, કહે છે કે એ સુખનું સંવેદન, એ સંવેદનમાં વિશ્રામપણા જેવડો જ આત્મા છે. એ આનંદનું જે વેદન આવે તેટલા ક્ષેત્રમાં એના આધારભૂત આત્મા છે. સમજાય છે કાંઈ? અહીં તો સાધકની આનંદદશાથી સિદ્ધ કર્યો છે આત્માને. આત્મા જ્ઞાન પ્રમાણે, જ્ઞાન જ્ઞેય પ્રમાણે. એથી તે જ્ઞેયપ્રમાણથી એને જાણનાર કહેવામાં આવે છે કે જ્ઞાન સર્વગત છે. એમ ભગવાનનો આત્મા પણ સર્વગત છે, દ્રવ્ય પણ સર્વગત છે એમ કહેવામાં આવે છે.

હવે એ ક્ષેત્રમાં પણ, ક્ષેત્ર તો એ કીધું, પણ ઓલો આનંદનો સ્વાદ છે જેટલા ક્ષેત્રમાં, જ્ઞાન પણ એટલા ક્ષેત્રમાં છે આત્મા. જ્ઞાનમાં અહીં સિદ્ધ તો એ કર્યું, પણ એની સાથે વધારે સ્પષ્ટ કરવા, કે ભાઈ સુખનું વેદન જે છે, નિશ્ચયનયે... ઓલું તો વ્યવહારથી જ્ઞેયપ્રમાણ કીધું હતું લોકાલોક અથવા સર્વગત. સમજાય છે? હવે અહીંયાં નિશ્ચયથી સિદ્ધ કરે છે. અહીંયાં પોતાના આનંદના સ્વાદનો જે અનુભવ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં... સમજાણું કાંઈ?

એ '**નિશ્ચયનયે અનાકુળતાલક્ષણ સુખનું જે સંવેદન તે સુખસંવેદનના અધિષ્ઠાનપણા જેવડો...**' તે આનંદના અનુભવના આધાર જેવડો. આનંદના અનુભવના આધાર જેવડો આત્મા છે. સમજાય છે કાંઈ? શું કીધું? ભીખાભાઈ! અનુભવ કીધો આનંદનો. એ થઈ જાય... અહીંયાં તો આત્મા જ્ઞાન પ્રમાણે છે અને જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે એ તો સિદ્ધ કર્યું. હવે એને વિશેષ સિદ્ધ કરવા જ્ઞેયગત સર્વગત જાણે જ્ઞાન હોય એમ કહ્યું, પણ એ તો વ્યવહારે કહ્યું. હવે નિશ્ચયથી સિદ્ધ કરે છે કે જ્યાં આત્મા છે ત્યાં આનંદ છે. એ આનંદનું વેદન જે છે... જુઓ! અહીંયાં આત્માને સિદ્ધ કરવા આ કહ્યું. પુણ્ય-પાપના વિકલ્પો છે એ કાંઈ આત્મા નથી. દેહાદિ એ તો પર છે આખી વસ્તુ. અને આત્મામાં રાગ, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડી અને જે આત્માના લક્ષે જે આત્માનો આનંદનો, શાંતિનો સ્વાદ આવ્યો એ સ્વાદના આધાર જેટલો અધિષ્ઠાન આધાર જેટલો આત્મા છે. સમજાણું કાંઈ? એટલે આનંદ જેટલામાં છે તેટલાનો આધાર આત્મા છે ત્યાં. આનંદ આત્મામાં છે અને આત્મા વળી બીજો આઘે છે એમ છે એમાં? આહા..હા..!

'**જેવડો જ આત્મા છે અને તે આત્મા જેવડું જ જ્ઞાન સ્વતત્ત્વ છે;...**' હવે એની સાથે સિદ્ધ કરે છે જ્ઞાન સાથે. નિશ્ચયથી તો. નિશ્ચયથી સિદ્ધ કરવું છે ને ઓલો તો વ્યવહાર સર્વગત કીધું હતું. ભગવાન આત્મા વસ્તુ છે, અસંખ્યપ્રદેશ એ જ્ઞાન, આત્મા જ્ઞાનપ્રમાણ છે. હવે એ જ્ઞાન લોકાલોકને જાણે છે તેથી એને સર્વગત કીધું. પણ ખરેખર એમ છે નહિ. કેમકે આનંદનો જે સ્વાદ અનુભવ છે, ધર્મી જીવને આત્માનું ભાન છે... સમજાણું કાંઈ? ધર્મીને આત્માનું ભાન છે કે આ આત્મા આનંદથી વેદવામાં જે આવ્યો સમ્યગ્દૃષ્ટિને ચોથાથી, પાંચમા, છઠ્ઠે વગેરે. ..ચંદજી! આ માલ જુદી જાતનો છે, દુકાન જુદી

છે. આહા..હા..!

જ્યાંથી આનંદ મળે છે એ આનંદમાં વ્યાપક જે આધાર છે એટલો જ આત્મા છે, એટલામાં આત્મા છે એમ કહે છે. આનંદ રાગમાં નથી, પુણ્યમાં નથી, નિમિત્તમાં નથી. એ તો છે જ નહિ અહીંયા એ વાત જ (નથી). એ તો પહેલી કહી હતી. એમાં છે નહિ આત્મા. એમાં આત્મા નથી તો આનંદ એમાં છે નહિ. સમજાણું કાંઈ? વ્યવહાર જેટલા વિકલ્પો ઊઠે છે, મહાવ્રતના, દયા, દાનના, બધા વિકલ્પો રાગ, એમાં આત્મા નથી અને એમાં આત્મા નથી તેથી એમાં સુખ નથી. સમજાણું કાંઈ?

એટલે '**નિશ્ચયનયે અનાકુળતાલક્ષણ સુખનું જે સંવેદન તે સુખસંવેદનના...**' આધારભૂત જેવડો. છે નીચે જુઓ આધાર આપ્યું. '**(આત્મા સુખસંવેદનનો આધાર છે. જેટલામાં સુખનું વેદન થાય છે તેવડો જ આત્મા છે)**' '**અને તે આત્મા જેવડું જ જ્ઞાન સ્વતત્ત્વ છે;...**' હવે ત્યાં પાછું એટલું ક્ષેત્ર સિદ્ધ કરવું છે. ઓલા સર્વગતથી વ્યવહાર તો કહ્યો હતો. એ તો જ્ઞાન તો સ્વક્ષેત્ર પ્રમાણે જ છે. આત્માના ક્ષેત્ર પ્રમાણે જ છે. આનંદ જેમ એના આધારભૂત આત્મ.. છે એનું જ્ઞાન પણ સ્વતત્ત્વ આધાર આત્માના પ્રમાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**અને તે આત્મા જેવડું જ્ઞાન સ્વતત્ત્વ છે;...**' જોયું! જેવડું જ્ઞાન સ્વતત્ત્વ છે. એ આત્માનું જ્ઞાનતત્ત્વ સ્વ જ્ઞાન આત્મા જેટલું છે.

'**તે આત્મપ્રમાણજ્ઞાન...**' તે જ્ઞાન જે આત્માના પ્રમાણમાં છે '**કે જે નિજ સ્વરૂપ છે...**' સ્વતત્ત્વ કહ્યું હતું ને? જ્ઞાન એ નિજસ્વરૂપ છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ નિજ સ્વરૂપ છે. '**તેને છોડ્યા વિના...**' એ જ્ઞાનના નિજ સ્વરૂપને છોડ્યા વિના '**સમસ્ત જ્ઞેયાકારોની સમીપ ગયા વિના,...**' જ્ઞાનને છોડ્યા વિના અને જ્ઞેયના આકારમાં ગયા વિના. આહા..હા..! જ્ઞાન પોતાનું પોતામાં રહી અને પરને જાણે, એ પણ રહે છે તો પોતામાં એમ કહે છે. એ કાંઈ જ્ઞાન જ્ઞેયમાં ગયું નથી. લોકાલોકને જાણતાં જ્ઞાન કાંઈ જ્ઞેયમાં ગયું નથી. એ તો સર્વગત વ્યવહારે કહ્યું હતું. સમજાણું કાંઈ? જેવો આત્મા સર્વજ્ઞે જોયો એ આત્મા. આવો આત્મા એને નક્કી થવો જોઈએ. બીજા જીવની પોતાની કલ્પનાથી આત્મા .. કરે. સમજાણું કાંઈ? આત્મા-આત્મા તો બધા ઘણા કરે છે. પણ આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે સર્વજ્ઞપણામાં જે જોયો તે જ્ઞાન પ્રમાણે આત્મા અને આનંદ પણ આત્મા પ્રમાણે છે. માટે આનંદનો આધાર આત્મા એટલા પ્રમાણમાં, માટે જ્ઞાનનો આધાર આત્મા એટલા પ્રમાણમાં સ્વતત્ત્વ છે. એવું જે સ્વતત્ત્વ જે જ્ઞાન તે આત્મા પોતાના જ્ઞાનને છોડ્યા વિના અને જ્ઞેયના આકારને ગ્રહણ કર્યા વિના એટલે એમાં પેઠા વિના... છે ને? '**સમસ્ત જ્ઞેયાકારોની સમીપ ગયા વિના,...**' જ્ઞાન પોતાનું પોતામાં વ્યાપી રહેલું છે. એ જ્ઞાન કાંઈ શરીર, વાણી આ બધા જગતના પદાર્થ એમાં ગયું નથી. જાય શેનું પણ? પોતાના ક્ષેત્રમાં વ્યાપે છે એ પરમાં કેમ જાય? સમજાણું કાંઈ?

'**સમસ્ત જ્ઞેયાકારોની સમીપ ગયા વિના,...**' નીચે છે. '**જ્ઞેયાકારો = પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો...**' આત્મા સિવાય બીજા અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એનું દ્રવ્ય-વસ્તુ, એનો ગુણ-સ્વભાવ, એની પર્યાય-અવસ્થા. અનંત આત્માઓ અને અનંતા પરમાણુ ને જેટલા કાળાણું અને ધર્માસ્તિ (આદિ) એના દ્રવ્ય-ગુણ-પર્યાયો '**કે જેઓ જ્ઞેય છે.**' એના દ્રવ્ય-ગુણ-પર્યાયો જે જ્ઞાનમાં જ્ઞેય છે. '**(આ જ્ઞેયાકારો પરમાર્થે આત્માથી તદ્દન ભિન્ન છે.)**' જ્ઞાનમાં તે જ્ઞેય છે તે સંબંધીનું જ્ઞાન પોતામાં છે અને જ્ઞાન પોતાના ક્ષેત્રમાં, આત્માના ક્ષેત્રમાં વ્યાપેલું છે. એ કાંઈ અન્ય ક્ષેત્રમાં વ્યાપ્યું નથી. કહો, સમજાય છે કાંઈ? જુઓ, આચાર્યોએ આત્માને સિદ્ધ કરવાની કેટલી યુક્તિથી સિદ્ધ કર્યું છે! આહા..હા..! એના પોતાનું જ્ઞાન ક્ષેત્ર પ્રમાણે વ્યાપ્યું છે. એ જ્ઞાન પોતાના સ્વતત્ત્વને છોડ્યા વિના અને જ્ઞેયોમાં સમીપમાં અંદરમાં ગયા વિના, એને જાણે છે અહીં. સમજાણું કાંઈ?

'**તેને છોડ્યા વિના, સમસ્ત જ્ઞેયાકારોની સમીપ ગયા વિના, ભગવાન (સર્વ પદાર્થોને)...**' અહીં દ્રવ્ય લેવું છે ને? આત્મા લેવો છે ને? ભગવાનનો આત્મા, પરમાત્મા પોતે. એનો આત્મા '**ભગવાન (સર્વ પદાર્થોને) જાણે છે.**' શું કીધું? આ આત્મા પોતાના જ્ઞાનક્ષેત્રમાં વ્યાપેલું છે. એ જ્ઞાન પોતાના સ્વરૂપને આત્મા જ્ઞાનને, સત્ત્વને, સત્ત્વને, સ્વરૂપને છોડ્યા વિના અને એ જ્ઞાન જ્ઞેયો અનંતા છે તેની સમીપમાં-નજીકમાં ગયા વિના. '**સમસ્ત જ્ઞેયાકારોની સમીપ ગયા વિના, ભગવાન (સર્વ પદાર્થોને) જાણે છે.**' જ્ઞાનની દશા ભગવાન બધાને જાણે છે. કહો, સમજાણું કાંઈ?

'**નિશ્ચયનયે આમ હોવા છતાં...**' એમ કહે છે. નિશ્ચયથી તો આમ જ છે. કારણ કે આનંદના વેદન જેટલો આધારવાળો આત્મા, એથી જ્ઞાનનો આધાર પણ આત્મા એવું સ્વતત્ત્વ હોવાથી આત્મા પોતાના જ્ઞાનને છોડ્યા વિના અને અનંતા જ્ઞેયોને નજીકમાં ગયા વિના બધાને જાણે છે. સમજાણું કાંઈ? અહીં પણ એમ છે હોં, સાધકમાં પણ. જ્ઞાન પોતાામાં વ્યાપેલું ક્ષેત્ર છે. એ જ્ઞાન પુણ્ય-પાપના રાગમાં વ્યાપ્યા વિના, એમાં ગયા વિના, પોતાના ક્ષેત્રમાં જ્ઞાન રહીને રાગને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અત્યારે એમ છે. મિથ્યાદૃષ્ટિની વાત ક્યાં છે? અહીં તો સાધકની વાત છે ને. મિથ્યાદૃષ્ટિને ભાન ક્યાં છે જ્ઞાનનું? એને તો ભાન નથી. અહીં તો જ્ઞાનસ્વરૂપ આત્મા વ્યાપેલો છે જ્ઞાનમાં અને આનંદથી વ્યાપેલો છે એવું જ્યાં ભાન થયું છે એવા સાધકને પણ જેમ ભગવાન આત્મામાં જ્ઞાન પોતાનું પોતાના ક્ષેત્રને, સર્વ ભાવને છોડ્યા વિના, જ્ઞેયને અડ્યા વિના, સમીપ ગયા વિના જાણે છે. એમ સમ્યગ્દૃષ્ટિનો આત્મા પણ, એની જ્ઞાનની પર્યાય જ્ઞાન આત્મામાં વ્યાપેલું હોવાથી, આનંદ એનામાં આમ વ્યાપેલો એટલા ક્ષેત્રમાં અને જ્ઞાન એટલા ક્ષેત્રમાં છે. એ જ્ઞાન પોતાના તત્ત્વસ્વરૂપને છોડ્યા વિના અને રાગની સમીપ

ગયા વિના જાણે છે. આવો માર્ગ છે.

આત્મા-આત્મા કરે છે ને. આત્મા કેવડો, ક્યાં કેમ છે, કેવી શક્તિવાળો છે અને તેને જાણવાનો કેટલો વિષય અનંત છે, એ અનંતને જાણવા છતાં પોતાના જ્ઞાનસ્વરૂપના ક્ષેત્રને છોડતું નથી. સમજાય છે? થોડું જ્ઞાન હો કે વિશેષ હો, એ પોતાના અસંખ્ય પ્રદેશમાં પોતાના ક્ષેત્રમાં જ વ્યાપીને કામ કરે છે. પરના ક્ષેત્રમાં જઈને કામ કરે છે એમ છે નહિ. કહો, સમજાણું આમાં? આવું સ્વતત્ત્વ છે એવું એને દૃષ્ટિમાં અને અનુભવમાં આવવું જોઈએ. સમજાણું કાંઈ? ત્યારે તે આત્મા જાણ્યો કહેવાય અને ત્યારે એ આત્માનો અનુભવ કર્યો કહેવાય, ત્યારે તે આત્માનો આશ્રિત થયો કહેવાય એમ કહે છે. આવા રીતને આત્માને માને, અનુભવે ત્યારે આત્મા આશ્રિત થયો. સમજાણું કાંઈ? આનાથી વિપરીત, ઊલ્ટું, અધિક કે ઓછું, જે આ સ્વરૂપ કહેવાય છે એનાથી બીજું ઓછું, અધિક, વિપરીત તે રીતે માને તે આત્મા નથી, આત્મા જાણ્યો નથી, આત્મા માનતો નથી અને આત્માનો આશ્રિત નથી. સમજાણું કાંઈ? જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને. જ્ઞાનનું અસ્તિત્વ તત્ત્વ (સિદ્ધ કરે છે). આહા..હા..! ભારે વાત ભાઈ!

'**નિશ્ચયનયે આમ હોવા છતાં વ્યવહારનયે ભગવાન સર્વગત છે એમ કહેવાય છે.**' જ્ઞાન સ્વરૂપ સર્વને જાણે છે એથી વ્યવહારે સર્વગત કહેવામાં આવે છે. '**વળી નૈમિત્તિકભૂત જ્ઞેયાકારોને આત્મસ્થ દેખીને...**' હવે શું કહે છે? જેટલા જ્ઞેયો છે અનંત એ સંબંધીનું જ્ઞાન પોતામાં પરિણમ્યું છે એ નૈમિત્તિક. લોકાલોક, (એના) દ્રવ્ય, ગુણ અને પર્યાય એ નિમિત્ત અને જ્ઞાનમાં તે સંબંધીનું જ્ઞાન થાય તે નૈમિત્તિક. સમજાય છે કાંઈ? '**નૈમિત્તિકભૂત જ્ઞેયાકારોને આત્મસ્થ દેખીને...**' એટલે નીચે. '**નૈમિત્તિકભૂત જ્ઞેયાકારો = જ્ઞાનમાં થતા (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારો.**' આત્માનો જ્ઞાનપર્યાય જેટલા જ્ઞેયો છે તે રીતે જ્ઞાનાકાર જ્ઞેયાકાર એવું જ્ઞાનાકાર પરિણમે છે. પોતાની જ્ઞાન અવસ્થા તે જ્ઞેયાકાર થવામાં પરિણમે છે.

'**(આ જ્ઞેયાકારોને જ્ઞાનાકારો પણ કહેવામાં આવે છે,...**' છે એ જ્ઞાનની અવસ્થા. એને જ્ઞેયાકાર કીધા, પણ છે જ્ઞાનની અવસ્થા. '**કારણ કે જ્ઞાન આ જ્ઞેયાકારરૂપે પરિણમે છે.**' જેટલા જ્ઞેયો છે તે પ્રકારે આત્માનું જ્ઞાન એ રીતે પરિણમે છે. જ્ઞાનની અવસ્થા એ રૂપે થાય છે. '**આ જ્ઞેયાકારો નૈમિત્તિક છે...**' જ્ઞાનની અવસ્થા તે નૈમિત્તિક છે '**અને પરપદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો તેમનાં નિમિત્ત છે. આ જ્ઞેયાકારોને આત્મામાં દેખીને સમસ્ત પર પદાર્થો આત્મામાં છે એમ ઉપચાર કરવામાં આવે છે.**' ઓલો જ્ઞેય સંબંધીનો જ્ઞાનાકાર થયો ને, એથી જાણે જ્ઞેયો આમાં છે એમ કહેવામાં આવે. વ્યવહારથી છે. '**આ વાત ૩૧મી ગાથાની ટીકામાં દર્પણના દૃષ્ટાંતથી સમજાવશે.)**'

જુઓ! અરીસો છે ને અરીસો. શીશા-અરીસો. હવે અહીં કેરી, કોલસા આદિ કે પાણી

આદિ કે બરફ કે જે હોય. અહીંયા એની અવસ્થા તેવું જે છે એ પ્રમાણે અહીંયા પરિણમે છે. છતાં એ અરીસાની અવસ્થા પોતાના ક્ષેત્રને અને ભાવને છોડીને એ બરફમાં અને કોલસામાં ગઈ નથી. એ બરફ અને કોલસા તો નિમિત્ત છે અને અહીં અરીસામાં થતી અવસ્થા નૈમિત્તિક છે. નૈમિત્તિક અવસ્થા અરીસામાં છે, નિમિત્ત છે એ પરમાં છે. સમજાણું કાંઈ? નૈમિત્તિક અવસ્થા અરીસામાં છે, નિમિત્ત પરમાં છે. એમ ભગવાન ચૈતન્ય અરીસો એને જ્ઞેયાકારો જે અનંત છે પર, એ સંબંધીનું જ્ઞાન એ આત્મામાં છે, એ આત્મામાં છે. એમાં ઓલા બધા નિમિત્ત છે. નિમિત્ત સંબંધીના જ્ઞેયાકારોને અહીં જાણવામાં-દેખવામાં આવતા, છે જ્ઞેયાકાર પોતાના, પણ એને જાણે છે અથવા એમાં એ છે એમ કહેવું વ્યવહાર છે. સમજાણું કાંઈ? ભારે!

એમાં અસ્તિપણું મર્યાદા કેટલી? અને પરનું અસ્તિત્વ છે. પરનું અસ્તિત્વ છે, પરદ્રવ્યો છે, પણ તે સંબંધીનું જે જ્ઞાન જ્ઞાનાકાર પોતે પરિણમ્યું એ આત્માની દશા છે. અને સામી જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે એ પરની વસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ આત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થતાં, એ રાગ ને વિકલ્પ ને શરીર, વાણીની ક્રિયાઓ જડ—એનાથી પર, આત્માનું ભાન થતાં જ્ઞાન સ્વરૂપે પરિણમન થયું, તે જ્ઞાનની પર્યાયમાં સ્વનું જ્ઞાન પણ છે અને રાગ ને દેહની ક્રિયા જે સામે થાય એનું પણ જ્ઞાન છે. એ જ્ઞાનની અવસ્થામાં ઓલા નિમિત્ત છે. નિમિત્ત છે અને અહીં જ્ઞાનની પર્યાય નૈમિત્તિક છે. નૈમિત્તિક અવસ્થા પોતામાં છે, નિમિત્ત પરમાં છે. સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વભાવ આત્મા... અહીં તો સાધકને સિદ્ધની વાત કરતાં સાધકનું પણ બતાવે છે ભેગું. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન પ્રમાણે છે ને. એ કાંઈ જ્ઞેય પ્રમાણે નથી. કીધું હતું, આત્મા જ્ઞાનપ્રમાણ અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ એમ કહ્યું હતું. એનો આ ખુલાસો વધારે સ્પષ્ટ કરે છે. ભાઈ! જ્ઞેયપ્રમાણનો અર્થ એવો નથી કે જ્ઞેયમાં પેસે છે અને એ જ્ઞેયો અહીં આવી જાય છે. એનું જ્ઞાનનું માપ કરવું હોય તો જેટલા જ્ઞેયો છે તેને જાણવાનો સ્વભાવ છે એથી જ્ઞેયપ્રમાણ એને કહેવામાં આવે છે. એનું માપ કેટલું છે જ્ઞાનનું? કે જેટલા જ્ઞેયો છે તેને જાણવા જેટલું જ્ઞાન છે. તેથી જ્ઞાનને જ્ઞેયપ્રમાણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'સર્વ પદાર્થો આત્મગત (આત્મામાં) છે એમ ઉપચાર કરવામાં આવે છે;...'** અરીસામાં જાણે બધા કોલસા ને કેરીઓ હોય. છે તો એ અરીસાની અવસ્થા નૈમિત્તિક, ઓલા તો નિમિત્ત છે કેરી ને કોલસા. કેરી સમજો છો? આમ. એ કાંઈ કેરી ને આંબો અહીં આવ્યા નથી અને આ અવસ્થા ત્યાં ગઈ નથી. એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનના અસ્તિત્વમાં, પોતાના ક્ષેત્રમાં છે. તે જ્ઞાનનો એવો સ્વભાવ છે કે સ્વ અને પર જેટલાં છે તેને જાણવારૂપે પરિણમે એવું પોતાના અસ્તિત્વમાં રહીને પરિણમે છે. એવું નૈમિત્તિક જ્ઞાન

પોતામાં રહ્યું છે અને એવા જ્ઞેયાકારો ત્યાં (છે). પણ એ જ્ઞેયાકાર સંબંધીનું અહીં જ્ઞાન છે એથી જાણે જ્ઞેયો અહીં હોય છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કેટલું એક જ્ઞાનતત્ત્વને સિદ્ધ કરવા વાસ્તવિક સત્ આ રીતે છે એમ સાબિત કરવા ગાથાઓ લીધી છે. સમજાણું? અજ્ઞાનીઓ કાંઈનો કાંઈ આત્મા કલ્પે, એના ગુણને કંઈનો કંઈ કલ્પે, એની અવસ્થામાં કંઈને કંઈ કલ્પે, પરને લઈને આ થાય, પરને લઈને થાય.

**‘પરંતુ પરમાર્થે તેમનું એક-બીજામાં ગમન નથી,...’** ખરેખર-પરમાર્થે તેનું એકબીજામાં... એટલે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકાર જેવા જ્ઞેય છે તેમ જાણવામાં પોતાના અસ્તિત્વમાં આવવા છતાં તે જ્ઞાનની પર્યાય નિમિત્તમાં ગઈ નથી અને નિમિત્તો જ્ઞેયો જ્ઞાનમાં આવ્યા નથી. બેય પોતપોતાના અસ્તિત્વમાં રહેલા છે અથવા પોતપોતાના ક્ષેત્રમાં રહેલા છે. સમજાણું કાંઈ? **‘પરંતુ પરમાર્થે તેમનું એક-બીજામાં ગમન નથી,** કારણ કે **સર્વ દ્રવ્યો સ્વરૂપનિષ્ઠ છે.’** જુઓ આ સિદ્ધાંત આખો. **‘સર્વ દ્રવ્યો સ્વરૂપનિષ્ઠ (-પોતપોતાના સ્વરૂપમાં નિશ્ચળ રહેલાં)** છે.’ કહો, સમજાણું કાંઈ? ત્યારે એમ કહે, આત્મા અહીં છે? ભાઈ! આત્મા આત્મામાં છે, આત્મા પરમાં નથી. સ્વચતુષ્ટયમાં આત્મા છે અને પરમાં નથી. કર્મને લઈને અહીં નથી? કે કર્મને લઈને અહીં રહ્યો છે કે નહિ? એમ પૂછ્યું હતું. અહીંથી જાય ત્યારે કર્મને લઈને (જાય)? ના. જાય ત્યારે તો કર્મ લઈને જાયને અહીંથી? ના. ના. તે પોતાના સ્વરૂપમાં છે, (સ્વ)દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે પોતામાં છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમાં નથી.

લોકોને અભ્યાસ ન મળે આ. બહારનો અભ્યાસ. આ જુઓને મુંડાવીને બેસે લૂગડા ફેરવીને કે આ કરો. તત્ત્વની વસ્તુની ખબર ન મળે. સમજાય છે કાંઈ? અને તત્ત્વની દૃષ્ટિ અંતરમાં યથાર્થ આવ્યા વિના લાભનું કારણ કાંઈ નથી. થોથે થોથાં મરીને સૂકાઈ જાય બિચારા. બાળતપ અને બાળવ્રત. વસ્તુની સ્થિતિ શું છે? અને આ તો એ પણ ક્યાં? પણ આ તો કોઈ એવા તપસ્યા કરે, અપવાસ કરે બિચારા, કોઈ ઉણોદરી કરે ને આ કરે. બાપા! તેં તારામાં શું કર્યું? એ બધું થયું એમાં તારામાં શું થયું એ જોયું કોઈ દિ’? તારામાં તો તેં એમ માન્યું કે મેં આ છોડ્યું. એથી મને કાંઈ લાભ નથી. મને એટલે તને. તને શું થયું તારી પર્યાયમાં? સમજાય છે? એની પર્યાયમાં શું થયું એની એને ખબર નથી. પર્યાયમાં તો આ મેં છોડ્યું અને મને કાંઈક લાભ થયો, તે તો મિથ્યાત્વ છે. કારણ કે દ્રવ્યસ્વભાવ જે વસ્તુ છે જ્ઞાન પ્રમાણે અને આનંદ પ્રમાણે એ તો દૃષ્ટિમાં આવી નથી. દૃષ્ટિમાં આવી નથી તો તારી સ્થિરતા ક્યાં જામે? સમજાણું કાંઈ? એ તો બધી ક્રિયા છે રાગની, પુણ્યની, પાપની, વ્રતની, ત્યાં થંભી ગયો છે, એ તત્ત્વમાં થંભ્યો છે. અવળે તત્ત્વ ચડી ગયું આખું. સેઠી એમ કહેતાં, શું કરીએ? અમને સંભળાવનારા એવા મળ્યા. એમ કહે છે. પણ પોતાની પાત્રતા ન મળે માટે સાંભળ્યું નથી ને. ખરેખર તો એમ છે ને. આહા..હા..! અપૂર્વ વાત

છે, ભાઈ! અને સાંભળ્યું તો એને કહીએ કે જે રીતે છે તે તેને ખ્યાલમાં, અનુભવમાં આવી જાય. સમજાણું કાંઈ?

કહે છે કે દરેક દ્રવ્ય તો સ્વરૂપનિષ્ઠ છે. એણે પાછું સિદ્ધરૂપ પૂછ્યું કે સિદ્ધને ઉત્પાદ-વ્યય? કીધું, સિદ્ધને હોય. કેવળજ્ઞાનના બે-ચાર પ્રશ્ન કર્યા હતા. ત્યારે લખીને આપ્યા હતા પાંચ. પણ નરમ માણસ હતો નરમ. ઓલાથી નહિ. જીવો અનેક છે બિચારા. આહા..હા..! એવી છે વાત અને અહીંની જરી વાત પ્રતિષ્ઠા આવી ગઈ છે ને બહારમાં. કાંઈક છે ત્યાં કાંઈક. બધાથી કાંઈક જુદું છે. ભાઈ! કે હું એમાં ક્યાં આવ્યો? પોતે પોતામાં છે. સમજાણું? જ્યાં જાય ત્યાં પોતે પોતામાં છે અને પરમાં છે જ ક્યાં? કર્મને લઈને આત્મા અને આત્માને લઈને કર્મ (હોય) તો કર્મના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્મામાં આવી ગયા?

દરેક વસ્તુ સ્વરૂપનિષ્ઠ છે. અહીં તો પરમાત્માના સ્વરૂપની વાત કરવી છે. સમજાય છે? પણ એનો સિદ્ધાંત તો પાછો સરવાળો એમ લીધો કે '**સર્વ દ્રવ્યો સ્વરૂપનિષ્ઠ છે.**' એક એક નિગોદનો આત્મા, અનંતા જીવો સાથે રહ્યા છતાં અને અનંતા કાર્મણ શરીરો જોડે રહ્યાં છતાં એ પોતે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એ પોતે આત્મા પોતામાં છે. કર્મના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નિગોદનો આત્મા પણ નથી. સમજાણું કાંઈ? અને અહીંથી અહીં જાતો હોય સ્વર્ગમાં, તોપણ એ તો આત્મા કાંઈ કર્મમાં છે માટે આમ જાય એમ નથી. એ તો એ કાળે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-અવસ્થા અને ભાવમાં છે. એમ ને એમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે એમ જાય છે. કર્મ તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે ને ચાલ્યું જાય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેતા અહીં પૃથક્ ચીજનું જ્ઞાન કરાવે છે. પછી એ પ્રશ્ન કરે કે નિમિત્ત નથી? પણ નિમિત્તનો અર્થ ત્યારે કે કર્તા નથી માટે નિમિત્ત. એને લઈને જતો નથી માટે નિમિત્ત. એને લઈને જાય તો નિમિત્ત કહેવામાં આવે નહિ. તો તો બે એક થઈ ગયા. આહા..હા..! અરે..! સમજાણું કાંઈ? કહો, ઓલા પ્રશ્ન કરે છે ને, શ્રેણિક રાજા ક્ષાયિકસમકિતી નરકમાં જાય એ શું પોતાથી જાય? કર્મને લઈને જાય.

મુમુક્ષુ :- નરકમાં જવાની કોઈને ઈચ્છા હોય? કોઈને ભાવ હોય?

ઉત્તર :- અરે..! ભાવ નહિ, એ પર્યાયની યોગ્યતા તે ગુણની દરેકની એટલી યોગ્યતા છે એમાં એ રહેલો છે. એમાં અહીંથી જીવ જાય છે ત્યાં. કર્મમાં રહેલો છે નિમિત્તમાં એ છે જ નહિ. કર્મને લઈને શ્રેણિક નરકમાં ગયા. એય..! શુકનચંદજી! આ બધું સાંભળ્યું હોય એણે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાને કીધું ને, એમ કહે છે. પણ ભગવાને શું કીધું એની ખબર નથી એને. ભગવાન તો એમ કહે છે કે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં દરેક ચીજ છે. ભગવાને તો એમ કહ્યું છે. દરેક એક એક પરમાણુ, એક એક આત્મા પોતાનું દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે પહોળાઈ, કાળ એટલે એની ગુણની અવસ્થા અને ભાવ એટલે શક્તિ-

ગુણ એમાં એ રહેલો છે. પરના રજકણને અડ્યો પણ નથી ને આત્મા, અડતો નથી. એક રજકણ બીજા રજકણને અડતો નથી. એને લઈ જાય સાથે ક્યાંથી? આહા..હા..! નરકનું આયુષ્ય ઉદય આવ્યું એટલે લઈ ગયા. આયુષ્ય ઉદય આવે તરત, છૂટ્યો એટલે. પણ કોણ લઈ જાય? સાંભળને. આનુપૂર્વી. તો આનુપૂર્વીની પર્યાય એનામાં રહી ગઈ.

મુમુક્ષુ :- શિખાવે છે.

ઉત્તર :- હા, શિખાવે છે. બળદને જેમ નાથ હોય ને. નાથ સમજો છે ને? કાણું પાડીને નાખે એટલે આમ ખેંચે એટલે એકદમ ચાલે. તણાય ખરું ને. નાથ, એમ આનુપૂર્વી નામની પ્રકૃતિ ખેંચીને નરકમાં લઈ જાય. જ્યાં જે ગતિમાં હો ત્યાં. એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? પ્રત્યેક પદાર્થ પ્રત્યેક પળે અને ક્ષણે પોતાના સ્વરૂપના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નથી. કહો, સમજાણું આમાં?

**'सर्वद्रव्याणां स्वरूपनिष्ठत्वात्' 'આ ક્રમ જ્ઞાનમાં પણ નક્કી કરવો.'** શું કીધું? ઓલી દ્રવ્યની વાત કરી આત્માની કે આત્મા પોતાના જ્ઞાનમાં અને આનંદમાં છે. તે જ્ઞાન જ્ઞેયોને જાણતા છતાં જ્ઞેયને અડતું નથી. જ્ઞેય સંબંધીનું નૈમિત્તિક જ્ઞાન એમાં એ આત્મા છે. એ જ્ઞાનની વાત કરી હતી, એ જ્ઞાનમાં એક દ્રવ્યની વાત કરી હતી. દ્રવ્ય એટલે આત્માની. જિનવર આત્મા, એમ એણે જ્ઞાનમાં પણ લઈ લેવું. **'આ ક્રમ જ્ઞાનમાં પણ નક્કી કરવો. (આત્મા અને જ્ઞેયો વિષે નિશ્ચય-વ્યવહારથી કહ્યું...'** આત્માને જ્ઞેયો વિષે નિશ્ચય-વ્યવહારથી કહ્યું. **'તેમ જ્ઞાન અને જ્ઞેય વિષે પણ સમજવું.)'** કહો, સમજાણું કાંઈ? ૨૬ થઈ. ૨૭.

**णाणं अप्प त्ति मदं वट्टदि णाणं विणा ण अप्पाणं।**
**तम्हा णाणं अप्पा अप्पा णाणं व अण्णं वा।।२७।।**
**છે જ્ઞાન આત્મા જિનમતે; આત્મા વિના નહિ જ્ઞાન છે,**
**તે કારણે છે જ્ઞાન જીવ, જીવ જ્ઞાન છે વા અન્ય છે. ૨૭.**

ઓલામાં આત્મા લીધો છે ને પહેલો. પછી વળી જીવ લીધો આપણે અહીં સમજવા માટે. ઓલા શબ્દોની મેળવણી માટે. બાકી છે ને આત્મા બધા.

મુમુક્ષુ :- મૂળમાં તો આત્મા છે.

ઉત્તર :- આત્મા જ છે એ તો પછી .. થવા માટે.

એનો **'અન્વયાર્થ :- જ્ઞાન આત્મા છે...'** જ્ઞાન જે આ જાણવાનો ભાવ તેટલો આત્મા અને તે આત્મા છે. જ્ઞાન તે આત્મા છે **'એમ જિનદેવનો મત છે.'** એમ વીતરાગ દેવ(નો મત છે). લ્યો, કેવળી પણ્ણંતો ધમ્મો આ. **'જ્ઞાન આત્મા છે એમ જિનદેવનો મત છે.'** એટલે શું ઇન્દ્રિયો ને જ્ઞાન જુદું અને આત્મા જુદો? એમ માને છે એમ નથી. જ્ઞાન આત્મા છે એમ જિનદેવ કહે છે. **'આત્મા વિના (બીજા કોઈ દ્રવ્યમાં) જ્ઞાન હોતું**

**નથી...'** આત્મા વિના સમજણ જ્ઞાનસ્વભાવ ભાવ એ આત્મા વિના બીજે ક્યાંય હોતું નથી. **'તેથી જ્ઞાન આત્મા છે;...'** તેથી જ્ઞાન તે આત્મા છે. જુઓ! અહીં પુણ્ય, પાપ, રાગ, શરીર, વાણી બધા કાઢી નાખ્યા. જ્ઞાન તે આત્મા છે, જ્ઞાન તે આત્મા છે.

**'અને આત્મા તો...'** હવે જ્ઞાન તે આત્મા. પણ **'આત્મા તો (જ્ઞાનગુણ દ્વારા) જ્ઞાન છે અથવા (સુખાદિ અન્ય ગુણ દ્વારા) અન્ય છે.'** જ્ઞાન તે આત્મા. પણ આત્મા તો જ્ઞાન પણ છે, દર્શન પણ છે અને આનંદ પણ છે. સમજાણું કાંઈ? જ્ઞાન તે આત્મા, પણ એકલો જ્ઞાન તે આત્મા હોય તો એક જ ગુણ થઈ ગયો. પછી ગુણ પોતે જ ગુણી થઈ ગયો. સમજાણું કાંઈ? જ્ઞાન તે આત્મા. ગુણ તે આત્મા લીધું છે. હવે જો આત્મા જ્ઞાન જ એકલો હોય તો તો દ્રવ્ય થઈ ગયું એ તો પછી, ગુણ રહ્યો નહિ. સમજાણું કાંઈ?

**'જ્ઞાન આત્મા છે; અને આત્મા તો...'** જ્ઞાન પણ છે અને સુખ પણ છે, આનંદ પણ છે આત્મા. કાંઈ આત્મા એક જ્ઞાનમય જ છે એમ છે નહિ. જ્ઞાન તે આત્મા ભલે, પણ આત્મા તે એકલું જ્ઞાન છે એમ હોય તો એમાં આનંદ અને સુખાદિ શક્તિઓ છે એનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ? કેવી રીતે આત્માને ચર્ચ્યો છે પૃથક્-પૃથક્ ગુણો વડે. આહા..હા..! **'(સુખાદિ અન્ય ગુણ દ્વારા) અન્ય છે.'** અન્ય ગુણ દ્વારા અન્ય છે. જ્ઞાન તે આત્મા, આત્મા તે જ્ઞાન ખરો, જ્ઞાન દ્વારા જ્ઞાન પણ ખરો, આનંદ દ્વારા આનંદ પણ ખરો, શાંતિ દ્વારા ચારિત્ર પણ ખરો, અસ્તિત્વ દ્વારા અસ્તિત્વ ખરો, વસ્તુ દ્વારા વસ્તુત્વ ખરો. કહો, સમજાય છે? આત્મા અનેરા ગુણ દ્વારા અનેરારૂપ છે. જ્ઞાન દ્વારા આત્મા છે. જ્ઞાન તે આત્મા પણ આત્મા જ્ઞાન દ્વારા જ્ઞાન છે અને અનેરા દ્વારા અનેરો છે. કારણ કે અનંત ગુણો છે એમાં. અનંતગુણા છે.

**'ટીકા :- શેષ સમસ્ત ચેતન...'** પોતાના સિવાયના જેટલા આત્માઓ તે બધા ચેતન **'અને અચેતન...'** પરમાણુથી માંડીને બધા (દ્રવ્યો). તે **'વસ્તુઓ સાથે સમવાયસંબંધ વિનાનું હોવાને લીધે,...'** આ જ્ઞાનસ્વભાવ જે આત્માનો જ્ઞાન, એ જ્ઞાન આત્માની સાથે સમવાય સંબંધ છે તાદાત્મ્ય સંબંધ. પણ એ જ્ઞાન બીજા ચેતન સાથે અને બીજા અચેતન સાથે... સમવાય નામ તાદાત્મ્ય છે ને? વ્યાખ્યા જરી સમજાય એવી છે સમવાય એટલે. **'ગુણ હોય ત્યાં ગુણી હોય અને ગુણી હોય ત્યાં ગુણ હોય, ગુણ ન હોય ત્યાં ગુણી ન હોય અને ગુણી ન હોય ત્યાં ગુણ ન હોય—આવો ગુણ-ગુણીનો અભિન્નપ્રદેશરૂપ સંબંધ; તાદાત્મ્યસંબંધ છે.'** લ્યો! ગાજ્યો લાગે છે. ગાજે છે તો બહુ. એવું છે. ગાજે પછી વરસે. સાંભળ્યું છે ઈ?

પંડિત હતા ગોપાલદાસ પંડિત. બાયડી એવી હતી સરખાઈની. આ ગોપાલદાસ બરૈયા. એ પંડિતને એવી બાયડી મળેલી. બધા પંડિતો ચર્ચા કરતા હતા. એમાં આવીને તડામાર બોલી, આ કાંઈ કરતા નથી, આમ ને આમ બેઠા છો. ખૂબ ઝપટ ગાજી ખૂબ ગાજી. ઠીક,

સાંભળી લીધું. પછી (સામે) બોલ્યા નહિ પછી બોલી જઈ અંદર એઠવાડનું ઠામ લઈ આવી. એઠવાડ-એઠવાડ. એઠવાડ સમજો છો? જૂઠા. એ રાખે છે ને. આવીને નાખ્યું માથે. એટલે પંડિતજી કહે છે, ગાજે એ વરસે. આ ગાજી હતી ને વરસી. એય..! તપસી! ક્યાં ગયા તપસી? ત્યાં બેઠા છે. ઠીક! આ તો બૈરા યાદ આવતા જરી... કહો, સમજાણું કાંઈ? એ પંડિતના બૈરા એવા હતા. લ્યો કહો ઠીક! જૈનસિદ્ધાંત પ્રવેશિકા બનાવી, પંડિતોમાં ચર્ચા અને કેવા એને શું બિરુદ છે? પંચાધ્યાયીમાં બિરૂદ આપ્યું છે ને. સ્યાદ્વાદવારિધી. વારિધી-દરિયો સ્યાદ્વાદનો વારિધી. ત્યાં બાયડી મળી એઠવાડની વારિધી. એટલે પંડતિજી કહે છે કે એ ગાજી હતી ને હમણા ગાજી હતી. ગાજે એ વરસે. એઠવાડ નાખ્યો માથે. એય..! ન્યાલભાઈ! એવો સંયોગ હોય છે. આહા..હા..! સંયોગી ચીજની અંદરમાં કેમ હોવું કેમ એ તો જગતનો સ્વતંત્ર છે પદાર્થ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું સ્વતંત્ર. એક એક પરમાણુ કયે ક્ષણે ક્યાંથી પડવો અને ક્યાં જાવો એ બધું સ્વતંત્ર. કોઈ મેઘરાજ છે ને, દેવ છે ને એ વરસાવે છે, બધી ધૂળેધૂળ ખોટી (વાત). પોતે દિવ્ય શક્તિવાળો દરેક પદાર્થ છે એ અપેક્ષાએ દેવ કહેવામાં આવે છે. પરમાણુ પણ દેવ છે. પોતાની શક્તિની દિવ્યતા કોઈને આપતો નથી.

કહે છે કે એ જ્ઞાનસ્વરૂપ જે ભગવાન આત્મા એને અને આત્માને તદ્રૂપ સંબંધ છે, પણ બીજા ચૈતન્યને અચેતન સાથે સમવાયસંબંધ વિનાનો હોવાને લીધે, બીજા સાથે કાંઈ સંબંધ છે નહિ. દેખો! એ જ્ઞાનનો શરીર સાથે, વાણી સાથે, કર્મ સાથે, ભગવાન સાથે કાંઈ સંબંધ નથી એમ કહે છે. એ ભગવાન ત્રણ લોકના નાથ ને એની વાણી સાથે આ જ્ઞાનને સંબંધ નથી. એમ કહે છે. વાણી અચેતન અને એનો આત્મા ચેતન. એની સાથે આ જ્ઞાનભાવને કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..!

**'જેની સાથે અનાદિ-અનંત સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ છે એવા એક આત્માને...'** જુઓ! પણ **'જેની સાથે...'** એટલે આત્મા સાથે **'અનાદિ-અનંત...'** વસ્તુ અનાદિ-અનંત છે ને. તેનો જ્ઞાનભાવ, જ્ઞાનસ્વરૂપ જ્ઞાનભાવ એ પણ અનાદિ-અનંત, આદિ અને અંત વિનાનો **'સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ છે...'** પાછું એમ. સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ, એમ. એટલી વિશેષ વાત છે. ઓલા સંયોગસિદ્ધ સંબંધ. નહોતું આવ્યું? તાદાત્મ્યસિદ્ધ સંબંધ, પરસ્પર અવગાહસિદ્ધ સંબંધ—ત્રણ કર્તાકર્મ(માં છે). પહેલો તાદાત્મ્યસિદ્ધ સંબંધ, પછી સંયોગસિદ્ધ સંબંધ, પછી પરસ્પર અવગાહ સંબંધ કર્મની સાથે. આ સ્વભાવસિદ્ધ સંબંધ એમ લીધું. જુઓ એ તાદાત્મ્ય લેવું છે ને. તાદાત્મ્યસંબંધને **'સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ છે...'** ભગવાન આત્મા વસ્તુ અને અંદર જ્ઞાન એની સાથે તન્મય એક સ્વભાવસિદ્ધ. કારણ કે સ્વભાવવાન આત્મા અને જ્ઞાનસ્વભાવ. એ સ્વભાવસિદ્ધ સમવાય

તાદાત્મ્યસંબંધ છે આત્માને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પરની સાથે તો કાંઈ સંબંધ નથી—બાયડી, છોકરા, કર્મ, શરીર, પણ રાગ સાથે સંબંધ નથી આત્માને એમ કહે છે. એ તો સંયોગ છે, પરવસ્તુ થઈ ગઈ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ.. જ્ઞાનસ્વભાવ, એ જ્ઞાનસ્વભાવ પોતે અનાદિ-અનંત આત્મા એની સાથે એને સ્વભાવસંબંધ છે. સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ, સ્વભાવસિદ્ધ તાદાત્મ્ય સંબંધ, તદ્રૂપ સંબંધ. સમજાણું કાંઈ? **'એવા એક આત્માને...'** જેની સાથે જ્ઞાનસ્વભાવ જે વસ્તુ જાણવું... જાણવું... જાણવું એવો સ્વભાવ, એની સાથે આત્માને સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ હોવાને લીધે **'એક આત્માને અતિ નિકટપણે અવલંબીને પ્રવર્તવું...'** એ જ્ઞાન એક આત્માને અવલંબીને પ્રવર્તે છે. નિમિત્તને અને પરને લઈને અવલંબીને જ્ઞાન રહેતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનનું હોવાપણું છે ને. જાણપણું એ ગુણ છે એનું હોવાપણું છે ને. કહે છે કે **'એક આત્માને અતિ નિકટપણે...'** અતિ નિકટ એટલે એ તો અસંખ્ય પ્રદેશ પોતે આત્મા છે અને એમાં જ્ઞાન વ્યાપેલું છે. સમજાણું?

**'અતિ નિકટપણે...'** એટલે? એની વ્યાખ્યા કરી. અતિ નિકટમાં વળી કોઈ કહે, અતિ નિકટ એટલે બહુ નજીક છે આમ જરીક આમ. એટલો તો ફેર હોય કે નહિ? ના. ના. **'(અભિન્નપ્રદેશપણે)...'** એમ. એની વ્યાખ્યા કરવી પડી. આ દૂર છે એમ કરતા... કરતા... કરતા... કરતા... અહીં હોય તો અતિ નિકટ કહેવાય. સમજ્યા? એ એમ નહિ કહે છે. જ્યાં અસંખ્ય પ્રદેશ છે આત્માના ત્યાં જ્ઞાન છે એટલે અભિન્ન પ્રદેશે જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યોએ જ્ઞાન અને આત્માને સિદ્ધ કરવા કેટલી ન્યાયથી વાત સિદ્ધ કરી છે. પ્રવચનસાર છે. સર્વજ્ઞ ભગવાનના મુખથી નિકળેલા દિવ્યધ્વનિનો આ સાર છે. હવે એ માથાકૂટ કરવી શું? આત્મા ને વળી જ્ઞાન ને એને વ્યાપેલું છે અને પરમાં નહિ. લ્યો!

આ છે ને, કેટલાક અત્યારે નીકળ્યા છે ને. પાંચસો વર્ષમાં કોઈ યુવાન ધર્મ પાક્યા નથી. હવે યુવાનધર્મને... ધર્મના ઢાંચા ફેરવવા છે એમ લખ્યું છે. ધર્મનો ઢાળો ફેરવી નાખવો છે. જુવાનોને ધર્મ થાય. પાંચસો વર્ષમાં કોઈ જુવાન ધર્મ પાક્યા નથી. બધા વૃદ્ધો એમ કે આ પાંજરાપોળમાં મૂકવા જેવા હોય એ બધા ધર્મમાં જોડાણા છે એમ કહે છે. એવું આવ્યું છે ઓલામાં. .. જુવાનને લાગે, આહા..! ઓલામાં આવ્યું હતું ને કાલે નહિ? રજનીશમાં આવ્યું હતું. પાંચસો વર્ષમાં કોઈ એ જાતનો ઢાળો ફરી ગયો છે. હવે ધર્મને બીજે ઢાંચવો છે આમ. ઢાળો નાખી દેવો છે. જુવાનોને પણ ધર્મ થાય. અરે..! યુવાન ક્યાં પણ? આત્મા યુવાન ક્યાં છે? એ તો આત્મા છે. જુવાન-વૃદ્ધ આત્મા કે દિ' હતો? આત્મા જુવાન-વૃદ્ધમાં પેઠો હતો કે દિ'? આહા..હા..! અરે..! શું કરે છે પણ લોકોને.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા એનો જ્ઞાનસ્વભાવ છે, ગુણ છે, શક્તિ એને સ્વભાવસિદ્ધ સંબંધે રહેલું એથી તે અસંખ્ય પ્રદેશમાં જે આત્મા છે તેમાં તે અભિન્ન પ્રદેશે

જ્ઞાન છે. એના પ્રદેશો ક્ષેત્ર એ ભાવના, આત્માનો ભાવ, આત્માનું ક્ષેત્ર ભિન્ન અને આત્માના જ્ઞાનનું ક્ષેત્ર જુદું એમ છે નહિ. અગ્નિનું ક્ષેત્ર જુદું અને એની ઉષ્ણતાનું જુદું—એમ હોય? એ અગ્નિનું ક્ષેત્ર છે એ જ ઉષ્ણતાનું ક્ષેત્ર છે. એમ ભગવાન આત્મા જે અસંખ્યપ્રદેશી વસ્તુ છે એ જ એમાં જ્ઞાન થયું અને જ્ઞાનનું ક્ષેત્ર પણ એ જ છે. એટલે અતિ નિકટની વ્યાખ્યા અભિન્ન પ્રદેશ એમ કરવું પડ્યું. અતિ નિકટનો અર્થ વળી કોઈક એમ લઈ જાય કે બહુ નજીકમાં છે.

'**(અભિન્નપ્રદેશપણે) અવલંબીને પ્રવર્તતું હોવાથી,...**' ઓહો..હો..! '**આત્મા વિના જ્ઞાન પોતાની હયાતી રાખી શકતું નથી;...**' જ્ઞાન ગુણ છે ને સ્વભાવ ત્રિકાળ. એ આત્મા વિના જ્ઞાન પોતાની હયાતી રાખી શકતું નથી. સમજાણું કાંઈ? રાગ વિના, નિમિત્ત વિના હયાતી ધારી શકે, પણ આત્મા વિના જ્ઞાન પોતાની હયાતી રાખી શકતું નથી. જ્ઞાન એટલે જ્ઞાનસ્વભાવ, જે સ્વભાવ છે ને જાણવું-જાણવું. '**માટે જ્ઞાન આત્મા જ છે.**' માટે જ્ઞાન આત્મા છે. '**અને આત્મા તો અનંત ધર્મોનું અધિષ્ઠાન (-આધાર) હોવાથી...**' આત્મા તો અનંત ગુણનો આધાર છે, કાંઈ એક જ ગુણનો આધાર છે એમ નથી. આત્મા જ્ઞાન બરાબર છે, જ્ઞાન તે આત્મા બરાબર છે પણ આત્મા એકલું જ્ઞાન છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશમાં વસ્તુ પોતે અને એનું જ્ઞાન એટલું અભિન્ન. છતાં જ્ઞાન તે આત્મા બરાબર છે, પણ આત્મા તે જ્ઞાન જ છે એકલો એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ભિન્ન-ભિન્ન તર્ક કરે છે.

ઉત્તર :- હા. સાચી વાત છે. વસ્તુસ્થિતિ સિદ્ધ કરવી છે ને. આવો ભગવાને જોયેલો આત્મા આવો છે અને એ રીતે છે. એથી ઓછું, અધિક, વિપરીત માને તો એનું મિથ્યાદર્શન જાય નહિ, મિથ્યાશ્રદ્ધા જાય નહિ. સમ્યક્શ્રદ્ધા થાય ક્યારે? કે આવો આત્મા આવા ક્ષેત્રમાં આવો જ્ઞાન તે આત્મા, પણ આત્મા તે જ્ઞાન છે એમ નથી. સમજાણું કાંઈ?

'**આત્મા તો અનંત ધર્મોનું અધિષ્ઠાન...**' જોયું! એને ધર્મ કીધા. સુખ, ચારિત્ર, સમ્યગ્દર્શન વગેરેને અહીં ધર્મો કહ્યા. લ્યો છે ગુણો એના. છતાં '**ધર્મોનું અધિષ્ઠાન (-આધાર) હોવાથી જ્ઞાનધર્મ દ્વારા જ્ઞાન છે અને અન્ય ધર્મ દ્વારા અન્ય પણ છે.**' જ્ઞાનધર્મવાળો જ્ઞાન પણ આત્મા, આનંદધર્મ દ્વારા આનંદ પણ આત્મા, વીર્યગુણ દ્વારા વીર્ય પણ આત્મા, શાંતિ-ચારિત્ર દ્વારા ચારિત્ર પણ આત્મા, ચારિત્ર પણ આત્મા. એ ચારિત્ર આત્મા વીતરાગી પર્યાય અને ગુણ એ આત્મા છે એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રવચનસાર જરી સૂક્ષ્મ વાત છે. ઓલામાં તો દૃષ્ટિનો વિષય અને અમુક વાત આવે. અહીં તો જ્ઞાનપ્રધાન કથન એટલે એક એક અંશ એના અસ્તિત્વમાં શું છે અને એનો અંશ પરમાં નથી અને કેટલા અંશોના કેટલા સત્વાળું છે? કેટલું ક્ષેત્ર છે? એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કે જેથી એને બીજી ભ્રમણા રહે નહિ. જ્યાં-ત્યાં આ આત્મા કહે છે ને આ આત્મા કહે છે ને. એ આત્માની વાતું બધા કરે છે એ બધા ગપ મારે છે. સર્વજ્ઞ પરમેશ્વરે આ આત્માનો સ્વભાવ

આવો જોયો છે અને એમ છે. એ રીતે એના જ્ઞાનમાં બરાબર આવવો જોઈએ.

**'વળી તે ઉપરાંત (વિશેષ સમજવું કે), અહીં અનેકાંત બળવાન છે.'** જુઓ! હવે એકાંત છોડીને અનેકાંત તે જોરદાર વસ્તુ છે. વસ્તુનું સ્વરૂપ જ અનેકાંત છે એમ કહે છે. **'એકાંતે જ્ઞાન આત્મા છે એમ માનવામાં આવે...'** એકાંતે જ્ઞાન તે આત્મા છે એમ માનવામાં આવે **'તો, (જ્ઞાનગુણ આત્મદ્રવ્ય જઈ થવાથી)...'** તો જ્ઞાનગુણ તે આત્મદ્રવ્ય થઈ ગયું. કારણ કે જ્ઞાન તે જ આત્મા, તો આત્મદ્રવ્ય એટલું થઈ ગયું. એ **'જ્ઞાનનો અભાવ થાય,...'** શું કીધું? જ્ઞાનગુણ પોતે દ્રવ્ય થઈ ગયું એટલે જ્ઞાનગુણનો અભાવ થઈ ગયો. આહા..હા..! એવી વાત લીધી છે. સમજાણું કાંઈ? ગજબ કામ! સંતોએ પણ જંગલમાં નિર્મળ ધારામાં રહીને એક આવી વાણીમાં નિમિત્ત થયા. સમજાણું કાંઈ?

જો **'એકાંતે જ્ઞાન આત્મા છે એમ માનવામાં આવે...'** એકાંતે-એકાંતે. સ્યાત્ જ્ઞાન તે આત્મા એ બરાબર છે. સમજાય છે કાંઈ? શું કીધું? કથંચિત્ જ્ઞાન આત્મા તે બરાબર છે, કથંચિત્ જ્ઞાન તે આત્મા બરાબર છે, પણ જ્ઞાન તે આત્મા સર્વથા છે એમ જો કહો, (તો) જ્ઞાન રહેતું નથી. કેમ? કે જ્ઞાન જ જ્યારે આત્મા કહો તો જ્ઞાન થઈ ગયું દ્રવ્ય અને જ્ઞાનગુણનો તો અભાવ થઈ ગયો, પોતાનો તો અભાવ થઈ ગયો. લોજિકથી છે કે નહિ? આહા..હા..! જરી મગજ ઉપર કેળવણી આપવી જોઈએ જ્ઞાનને, તો આ પકડાય એવી વાત છે. ભાઈ આ તો તત્ત્વની, તત્ત્વની વાત છે. આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને. જ્ઞાન એ તો અસ્તિ ધરાવે છે ગુણ સ્વભાવ. એ જ્ઞાન તે આત્મા એ બરાબર છે, પણ આત્મા તે જ્ઞાન જ છે એકલું કહો, તો તો જ્ઞાન પોતે જ દ્રવ્ય થઈ ગયું અને દ્રવ્ય થતાં ગુણનો અભાવ થઈ ગયો.

**'જવાથી જ્ઞાનનો અભાવ થાય, (અને જ્ઞાનગુણનો અભાવ થવાથી) આત્માને અચેતનપણું આવે...'** સમજાણું કાંઈ? જ્ઞાન થઈ ગયું દ્રવ્ય, જ્ઞાનનો થઈ ગયો અભાવ. અભાવ થતાં દ્રવ્ય પણ અચેતન થઈ ગયું એમ કીધું. આહા..હા..! કહો, સમજાણું? **'અથવા વિશેષ ગુણનો અભાવ થવાથી આત્માનો અભાવ થાય.'** વિશેષ ગુણ છે એનો ભાવ, એનો અભાવ થવાથી આત્માનો અભાવ થાય. ઓલા ગુણનો અભાવ બતાવ્યો, હવે પછી ગુણના અભાવમાં તો દ્રવ્યનો અભાવ બતાવ્યો એમ. કેમકે વિશેષ જો જ્ઞાન તે આત્મા એકલું કહો તો જ્ઞાન દ્રવ્ય થઈ ગયું, દ્રવ્ય થતાં ગુણનો અભાવ થઈ ગયો. ગુણનો અભાવ થતાં આત્મા એકલો અચેતન રહી ગયો. અચેતન અસ્તિપણે રાખ્યો એને સમજ્યાને? હવે? કહે છે કે વિશેષપણાનો અભાવ થતાં એ ચેતનદ્રવ્ય સામાન્ય પણ રહેતું નથી. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ?

ભગવાન આત્મા અહીં જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યસ્વરૂપ છે. હવે કહે છે કે એ વાત બરાબર છે જ્ઞાન તે આત્મા, કથંચિત્. સર્વથા જો જ્ઞાન તે આત્મા કહો તો જ્ઞાન છે તે આત્મા

થઈ ગયો, દ્રવ્ય થઈ ગયો. દ્રવ્ય થતાં જ્ઞાનગુણનો અભાવ થઈ ગયો. ગુણનો અભાવ થતાં દ્રવ્ય જ્ઞાન વિનાનું અચેતન થઈ ગયું. એક બોલ. અથવા જ્ઞાન તે એનો વિશેષ ગુણ છે ખાસ. અને ગુણ નથી તો એ દ્રવ્યનો અભાવ થઈ ગયો. સમજાણું કાંઈ? વિશેષ ગુણનો અભાવ થવાથી આત્માનો અભાવ થાય. આહા..હા..!

'**સર્વથા આત્મા જ્ઞાન છે એમ માનવામાં આવે...**' સર્વથા. બીજી રીતે હવે. ઓલા જ્ઞાન સાથે લીધું, હવે દ્રવ્ય લીધું. '**(આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જતાં જ્ઞાનને કોઈ આધારભૂત દ્રવ્ય નહિ રહેવાથી) નિરાશ્રયપણાને લીધે જ્ઞાનનો અભાવ થાય...**' સર્વથા આત્મા જ્ઞાન છે. '**સર્વથા આત્મા જ્ઞાન છે એમ માનવામાં આવે (આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જતાં જ્ઞાનને...**' જ્ઞાનરૂપ થઈ ગયું આત્મદ્રવ્ય. '**(આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જતાં જ્ઞાનને કોઈ આધારભૂર દ્રવ્ય નહિ રહેવાથી) નિરાશ્રયપણાને લીધે જ્ઞાનનો અભાવ થાય...**' આત્માને એકલું જ્ઞાન માનવામાં આવે, સર્વથા આત્માને જ્ઞાન માનવામાં આવે તો જ્ઞાન તો દ્રવ્ય થઈ ગયું. સમજાય છે? અને જ્ઞાન '**નિરાશ્રયપણાને લીધે જ્ઞાનનો અભાવ થાય અથવા (આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જવાથી)...**' પાછી બીજી વાત. '**(આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જવાથી) આત્માના શેષ પર્યાયનો અભાવ થાય અને તેમની સાથે અવિનાભાવી સંબંધવાળા આત્માનો પણ અભાવ થાય...**' અહીં દ્રવ્યનો અભાવ કીધો. પેલો ગુણનો અભાવ કીધો હતો. ઝીણું પડે થોડું. ભીખાભાઈ!

મુમુક્ષુ :- ઝીણો પડે.

ઉત્તર :- પહેલો વિષય ઝીણો, બેય વિષય ઝીણા છે. આહા..હા..!

'**(કારણ કે સુખ, વીર્ય વગેરે ગુણો ન હોય ત્યાં આત્મા પણ હોતો નથી).**' એની વિશેષ વાત આવશે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૩, બુધવાર, તા. ૨૫.૯.૧૯૬૮**
**ગાથા-૨૮, ૨૯, પ્રવચન-૨૩**

આ જ્ઞાનતત્ત્વ અધિકાર છે. પ્રવચનસાર ૨૮મી ગાથા. '**હવે જ્ઞાન અને જ્ઞેયના પરસ્પર ગમનને રદ કરે છે...**' એકબીજામાં પ્રવેશતા નથી છતાં જ્ઞાન જ્ઞેયને બરાબર જેમ છે તેમ જાણે છે—એ સિદ્ધ કરે છે. સર્વજ્ઞનું જ્ઞાન એટલે આત્મામાં સર્વજ્ઞસ્વભાવ જે છે એને અંતરમાં શુદ્ધ ઉપયોગના સામ્યભાવ દ્વારા જે સર્વજ્ઞપદ શક્તિમાં હતું તે પ્રગટ થયું, એ જ્ઞાન સર્વ

જ્ઞેયોને જાણે ખરું, પણ એ જ્ઞાન જ્ઞેયમાં જાય નહિ અને જ્ઞેય જ્ઞાનમાં આવે નહિ. એ વાત સિદ્ધ કરે છે.

**णाणी णाणसहावो अट्ठा णेयप्पगा हि णाणिस्स।**
**रूवाणि व चक्खूणं णेवण्णोण्णेसु वट्टंति।।२८।।**

હરિગીત ઉપર.

**છે 'જ્ઞાની' જ્ઞાનસ્વભાવ, અર્થો જ્ઞેયરૂપ છે 'જ્ઞાનીના',**
**જ્યમ રૂપ છે નેત્રો તણાં, નહિ વર્તતા અન્યોન્યમાં. ૨૮.**

એનો '**અન્વયાર્થ :- આત્મા જ્ઞાનસ્વભાવ છે...**' આત્મા જ્ઞાન જેનો સ્વ-પોતાનો ભાવ છે. '**અને પદાર્થો આત્માના જ્ઞેયસ્વરૂપ છે,...**' અને આત્માના, જુઓ! '**આત્મા જ્ઞાનસ્વભાવ છે...**' એમ આમ. '**આત્મા જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થો આત્માના જ્ઞેયસ્વરૂપ છે,...**' એમ. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનસ્વભાવ છે અને આત્માના બીજા પદાર્થો જ્ઞેય છે એમ સિદ્ધ કરે છે. સમજાય છે કે નહિ? '**આત્મા જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થો આત્માના...**' જ્ઞાનીના છે ને, મૂળ ઓલા જ્ઞાનીને. '**આત્માના જ્ઞેયસ્વરૂપ છે, જેમ રૂપ નેત્રોનાં જ્ઞેય છે તેમ.**' નેત્ર એનો પ્રકાશ સ્વભાવ છે અને બીજી ચીજ તેનું જ્ઞેય છે. સમજાણું કાંઈ? નેત્રનો પ્રકાશ સ્વભાવ છે અને નેત્રના, બીજી ચીજો એ જણાવાયોગ્ય જ્ઞેય છે. એમ આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને બીજી ચીજો આત્માના જ્ઞેય છે, જણાવાલાયક છે. સમજાણું કાંઈ? આમ સાધારણ ભાષા છે, પણ એમાં ભાવ છે આખો.

આત્મા તો જ્ઞાનસ્વભાવ છે એમ કહે છે. ત્યારે આત્મા સિવાય જેટલા પદાર્થો છે તે આત્માના, અહીં જ્ઞાનસ્વભાવ કીધો ત્યારે આત્માના એ જ્ઞેયપદાર્થ છે, પર છે. સમજાણું કાંઈ? '**નેત્રોનાં જ્ઞેય છે તેમ. તેઓ એકબીજામાં વર્તતા નથી.**' આત્માનો જ્ઞાનસ્વભાવ, એ જ્ઞેય આત્માનું જ્ઞેય પરજ્ઞેય પદાર્થ. તે જ્ઞેયને જ્ઞાનસ્વભાવ જાણે, પણ એ જ્ઞાનસ્વભાવ જ્ઞેયમાં જતો નથી અને એ જ્ઞેયપદાર્થ જ્ઞાનમાં આવતો નથી. સમજાય છે કાંઈ? ભિન્ન વસ્તુ અનંત જ્ઞેય અને આત્માના અભિન્ન જ્ઞાનસ્વભાવનું અનંત જ્ઞેયને જાણવાનું સ્વરૂપ.

'**ટીકા :- આત્મા અને પદાર્થો સ્વલક્ષણભૂત પૃથક્‌પણાને લીધે...**' આત્માનું લક્ષણ જ્ઞાનસ્વભાવ અને પદાર્થનું લક્ષણ પરનો જ્ઞેયસ્વભાવ, એમ. બેયના પૃથક્ લક્ષણ છે. સમજાણું કાંઈ? '**આત્મા અને પદાર્થો સ્વલક્ષણભૂત...**' બેયના સ્વલક્ષણભૂત '**પૃથક્‌પણાને લીધે એકબીજામાં વર્તતા નથી...**' સમજાણું કાંઈ? આત્માનો જ્ઞાનસ્વભાવ અને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ બેયના લક્ષણ તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ આમાં? '**આત્મા અને પદાર્થોના સ્વલક્ષણભૂત પૃથક્‌પણાને લીધે...**' ભગવાન આત્મા તો જ્ઞાનસ્વભાવી લક્ષણ અને પરપદાર્થ પ્રમેયસ્વભાવી લક્ષણ. ઝીણી વાત છે આ. પ્રવચનસાર બહુ ઝીણું છે. જરી આમ વાત સાદી લાગે, પણ છે ગૂઢ. એકદમ ભગવાન આત્મા પોતાનો જે જ્ઞાનસ્વભાવ છે એ પ્રગટરૂપે

પર્યાયમાં સર્વજ્ઞ જ્ઞાનસ્વભાવ પ્રગટ થઈ ગયો. તો કહે છે કે આત્માનો તો જ્ઞાનસ્વભાવ છે અને બીજા પદાર્થોનો જ્ઞેય—જ્ઞાનમાં જણાવાયોગ્ય એનો સ્વભાવ છે. બેયના લક્ષણ જુદાં છે. સમજાણું કાંઈ?

**'એકબીજામાં વર્તતા નથી પરંતુ તેમને માત્ર...'** તેમને માત્ર **'જ્ઞાનજ્ઞેયસ્વભાવ-સંબંધથી સધાતું એકબીજામાં વર્તવું છે,...' 'પરંતુ તેમને માત્ર જ્ઞાન...'** જાણવાયોગ્ય સ્વભાવ. **'જ્ઞેય...'** જણાવાયોગ્ય. એ **'જ્ઞાનજ્ઞેયસ્વભાવ સંબંધથી...'** જ્ઞાન અને જ્ઞેય. સર્વજ્ઞ પરમેશ્વર જ્ઞાનમય અને આ બીજી ચીજો જ્ઞેય. એવા સ્વભાવસંબંધથી **'સધાતું એકબીજામાં વર્તવું છે,...'** એ અપેક્ષાએ એકબીજામાં વર્તે એમ વ્યવહારે કહેવામાં આવે છે. **'નેત્ર અને રૂપની જેમ. (અન્ય દ્રવ્યોથી ભિન્નપણું દરેક દ્રવ્યનું લક્ષણ હોવાથી...'** અન્ય દ્રવ્યોથી ભિન્નપણું દરેક દ્રવ્યનું લક્ષણ હોવાથી **'આત્મા અને પદાર્થો એકબીજામાં વર્તતા નથી,...'** ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગ દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એ જ્ઞાન બધા અનંત જ્ઞેયોને જાણે, પણ જ્ઞાન જ્ઞેયમાં જતું નથી. પદાર્થોનું જ્ઞાન, એવા જ્ઞાન અને જ્ઞેય સ્વભાવસંબંધને કારણે માત્ર તેમનું...

**'પરંતુ આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ છે—'** જુઓ! સમજાણું કાંઈ? જુઓ! બીજા આત્માનો, બીજા આત્માનો પણ જ્ઞાનસ્વભાવ છે એ એક કોર રાખો. અહીં તો આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને બીજા બધા જ્ઞેયસ્વભાવી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માનો જ્ઞાનસ્વભાવ એ પ્રગટ થયો અને બીજા બધા જ્ઞેયસ્વભાવ. આ સિદ્ધો ને કેવળજ્ઞાની આ (મારા) જ્ઞાનસ્વભાવની અપેક્ષાએ જ્ઞેયસ્વભાવ. ભાઈ! એક કોર ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવરૂપે પરિણમ્યો એ એનો સ્વભાવ જ્ઞાન છે. એની સિવાયના જેટલા સર્વજ્ઞ હોય, નિગોદના જીવો હોય, રજકણો હોય કે બીજા એ બધા જ્ઞેયસ્વભાવ છે એટલી વાત છે અહીં તો, આની અપેક્ષાએ. સમજાણું કાંઈ?

આત્મા એનો જ્ઞાનસ્વભાવ અને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ. એમ ટૂંકી વાત કરીને પછી એનું સ્પષ્ટીકરણ કર્યું કે ભાઈ **'આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ છે...'** એવા પદાર્થ શબ્દે તો અનંત સર્વજ્ઞો આવ્યા, સિદ્ધ આવ્યા. સમજાય છે? પ્રત્યેક કેવળીઓ છે, તીર્થંકરો છે, સિદ્ધો છે, નિગોદ છે, અનંત આત્માઓ છે અને અનંત પરમાણુ આદિ. તો એક બાજુ આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને એક બાજુ બધા પદાર્થોનો જ્ઞાનમાં જણાવાયોગ્ય જ્ઞેયસ્વભાવ છે. બસ એટલી વાત. સમજાણું કાંઈ? એક કેવળજ્ઞાનીના આત્માને પણ એનો જ્ઞાનસ્વભાવ છે એનો પોતાનો એમ કહે છે અને એ સિવાય બીજા કેવળજ્ઞાનીઓ જે છે અને આ જ્ઞાનના સ્વભાવની અપેક્ષાએ તો એ બધા જ્ઞેયસ્વભાવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્માનો જ્ઞાનસ્વભાવ છે...'** જુઓ તો એનું માહાત્મ્ય વસ્તુનું. એ તો જ્ઞાનસ્વભાવ

છે એ પૂર્ણ પ્રગટ થઈ ગયો છે. એનો તો જ્ઞાન જાણવું એવો સ્વભાવ છે બસ. એ સિવાય જેટલા આત્માઓ આદિ અનંત હોય, એ ભલે એક એક કેવળી પોતે જ્ઞાનસ્વભાવ છે એનો, પણ આ જ્ઞાનસ્વભાવની અપેક્ષાએ એ બધા જ્ઞેયસ્વભાવ છે. સમજાણું કાંઈ? એક એક સર્વજ્ઞનો આત્મા પરમેશ્વર અરિહંતનો કે સિદ્ધનો, એ આત્મામાં સ્વરૂપમાં એ શુદ્ધ ચૈતન્યશક્તિ શુદ્ધ હતી એના અંતર્મુખના શુદ્ધ ઉપયોગના આચરણ દ્વારા પ્રગટ કર્યું સર્વજ્ઞપણું. તો કહે છે કે એ સર્વજ્ઞપણું એ જ્ઞાનનો સ્વભાવ, જ્ઞાનનો સ્વભાવ. એ સિવાય બીજા સર્વજ્ઞો છે એનો એ જ્ઞાનસ્વભાવ, પણ આ જ્ઞાનના સ્વભાવની અપેક્ષાએ બધા જ્ઞેયસ્વભાવી છે. વજુભાઈ! ભારે! સમજાણું કાંઈ?

એક કોર રામ અને એક કોર ગામ. એક કોર સર્વજ્ઞસ્વભાવી આત્મા પ્રગટ થયો (તો) કહે છે કે એ તો જ્ઞાનસ્વરૂપી કહો, સ્વભાવ કહો, ભાવ કહો. એ સિવાયના જેટલા આત્માઓ છે, જેટલા પુદ્ગલો આદિ બધું, એ બધાને જ્ઞેયસ્વભાવમાં નાખ્યા. કેવળજ્ઞાની, એક આ જ્ઞાનસ્વભાવની અપેક્ષાએ કેવળજ્ઞાનીઓ પણ જ્ઞેયસ્વભાવ અને રજકણો પણ જ્ઞેયસ્વભાવ અને આકાશ પણ જ્ઞેયસ્વભાવ. સમજાણું કાંઈ? એ સાધારણ વાત નથી હોં, આમાં ન્યાય મોટા ભર્યા છે. સમયસારમાં દ્રવ્યદૃષ્ટિ (પ્રધાન કથન આવે). આ તો એક એક સમયનું એનું સામર્થ્યપણું વર્ણવે છે.

વસ્તુનું સ્વરૂપ આત્મા જ્ઞ સ્વભાવી વસ્તુ, જ્ઞ સ્વભાવી વસ્તુ એનું અંતર ધ્યાન કરીને, એકાગ્ર થઈને જે કાંઈ જ્ઞ-સ્વભાવ સર્વજ્ઞપણે હતો એ પર્યાયમાં પ્રગટ દશા થઈ ગઈ એ આત્માનું પૂરું રૂપ, એ આત્માનું પૂરું રૂપ. અને એ પૂરા રૂપમાં એનો જ્ઞાનસ્વભાવ એનું રૂપ અને એના સિવાય જગતના બધા પદાર્થોનું જ્ઞેયસ્વરૂપ. સમજાય છે કાંઈ? એના જ્ઞાનમાં એ બધા જ્ઞેયો જણાય ખરા, પણ જ્ઞાનમાં એ જ્ઞેયો આવે નહિ અને એ જ્ઞેયો આમાં જણાય ખરા, પણ આ જ્ઞાન ત્યાં જ્ઞેયમાં જાય નહિ.

**'પરંતુ આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ છે---એવા જ્ઞાનજ્ઞેયસ્વભાવરૂપ સંબંધના કારણે...'** આવા જ્ઞાન અને જ્ઞેયસ્વભાવરૂપ-ભાવરૂપ સંબંધના કારણે **'માત્ર તેમનું એકબીજામાં વર્તવું ઉપચારથી કહી શકાય છે;...'** કારણ કે એ સંબંધીનું આ જ્ઞેય જે છે એ સંબંધીનું અહીં જ્ઞાન થયું ને, એ સંબંધીનું જ્ઞાન થયું એટલો ઉપચાર કરીને જ્ઞેય આમ છે, આમાં છે એમ કહેવામાં આવે છે. જ્ઞેય આમાં નથી, પણ જ્ઞેય સંબંધીનું લોકાલોક કેવળી આદિ બધા એ છે તેનું અહીં જ્ઞાન થયું છે એટલા સંબંધને લઈને જ્ઞેય જ્ઞાનમાં વર્તે છે એમ કહેવામાં આવે છે.

**'નેત્ર અને રૂપી પદાર્થોની જેમ.'** જ્ઞાન જ્ઞેયમાં વર્તે છે. કહો, સમજાણું? કારણ કે જ્ઞાનનો સ્વભાવ, જેટલા જ્ઞેયો તેને જાણવાનો છે તેથી તે જ્ઞાન જાણે જ્ઞેયમાં વર્તતું હોય એમ ઉપચારથી, વ્યવહારથી કહેવામાં આવે છે. દાખલો આપે છે. **'જેમ નેત્રો અને તેમના**

**વિષયભૂત રૂપી દ્રવ્યો...'** કહો, સમજાણું કાંઈ? કહે છે, જેમ આંખ છે અને સામે રૂપી પદાર્થ છે રૂપ-રૂપ. **'તેમના વિષયભૂત રૂપી દ્રવ્યો પરસ્પર પ્રવેશ વિના પણ...'** અગ્નિ આમ છે અને અહીં આંખ છે. એ અગ્નિને નેત્ર જાણે છે, છતાં નેત્ર અગ્નિમાં પ્રવેશ કરતું નથી.

**'દ્રવ્યો પરસ્પર પ્રવેશ વિના પણ જ્ઞેયાકારોને ગ્રહવાના...'** શું કહે છે? કે આંખમાં, જે અગ્નિ છે સામે કે બરફ છે કે જે ચીજ છે તે જ્ઞેયને જાણવાનો સ્વભાવ આંખનો છે **'અને અર્પવાના સ્વભાવવાળાં છે,...'** ઓલા (પદાર્થો) અર્પે છે. અગ્નિ અને બરફ સામે છે નેત્રની સામે, તો એ અગ્નિ અને બરફનો જેવો સ્વભાવ છે તેવો જાણવાનો આંખનો સ્વભાવ છે અને એનો (-જ્ઞેયનો) અર્પવાનો સ્વભાવ છે. જેવું એ સ્વરૂપ છે તેવું અર્પે છે અંદરમાં. એમ. આંખમાં. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત થયો. અમથા આવે છે ને અંદર, આંખ મારી ફરી વળે છે. નથી લખ્યું? લખ્યું છે અંદર? હા ઈ. પછી આવશે. નહિ? ૫૦માં. અમથું આમ કહે છે ને મારી આંખ બધે ફરી વળે છે. ફરી વળી નથી. ખરેખર તો જાણ્યું છે બધાને. પણ આમ બધાને ફરી વળે. મારી આંખ બધે ફરી વળે એમ કહે છે ને? એમ જ્ઞાન જ્ઞેયોમાં બધામાં ફરી વળ્યું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! ફરી વળ્યું? ફરીને પાછું વળ્યું હશે? ફરી વળ્યું શું હશે? એઈ..! આમ ફરી અને જાણી અને વળ્યું હશે. છે પોતામાં એમ. આંખ બધે ફરી વળી. બધાને જાણવામાં આંખે કામ કર્યું છે. એમ કેવળજ્ઞાન લોકાલોકમાં ફરી વળ્યું. એટલે કે જાણવાનું કામ કર્યું. આહા..હા..! આવો એક એક આત્માનો સ્વભાવ છે એને આત્મા કહીએ. અહીં તો એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! એ વાસ્તવિક આત્માનું સ્વરૂપ શું છે તેને અંદર સાંભળે નહિ, વિચારે નહિ અને એના વિના એને ધર્મ થઈ જાય.

અહીં તો એ સિદ્ધ કરે છે. આ આત્માનો આવો સ્વભાવ છે ભાઈ! એ તો જ્ઞાનસ્વરૂપી છે. એ જ્ઞાન છે તે લોકાલોકને, રાગાદિ બધાને તો જાણે એવો સ્વભાવ છે. જગતના પદાર્થોમાં બીજાને પણ રાગ છે, કેવળજ્ઞાન છે, બીજાને રાગ છે એ બધું જ્ઞાન જાણે છે એને. જાણે છે એટલે જ્ઞાન જાણે બધાને ફરી વળ્યું હોય એમ ઉપચારથી કહેવામાં આવે છે અને જ્ઞેય જાણે આમાં આવી ગયા હોય એમ કહેવામાં આવે છે. કારણ કે અર્પ્યાને? એમ કીધું ને? એણે અર્પી દીધું. જેવું અગ્નિ અને બરફનું સ્વરૂપ હતું એવું આંખમાં આવી ગયું, ખ્યાલમાં આવી ગયું. ભડકો આવો છે. એ જ્ઞેયનો અર્પવાનો સ્વભાવ છે અને આનો ગ્રહવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'તેમ આત્મા...'** એ નેત્રના રૂપીના દાખલે. **'આત્મા અને પદાર્થો એકબીજામાં વર્ત્યા વિના...'** એકબીજામાં વર્ત્યા વિના, પેઠા વિના, પ્રવેશ કર્યા વિના, સ્પર્શ્યા વિના **'પણ સમસ્ત જ્ઞેયાકારોને ગ્રહવાના...'** ઓહો..હો..! જેટલા જ્ઞેયો જગતના છે અનંતા સિદ્ધો, કેવળીઓ

લાખો મનુષ્યપણે બિરાજમાન. તીર્થંકરો સંખ્યાતા .. આદિ. સમજાય છે? અને અનંતા પરમાણુ અને અનંતા સ્કંધો અને અસંખ્ય કાળાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ એ બધાને જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયાકારોને ગ્રહવું, એ જ્ઞેયો જેવા જે પ્રકારના છે તેને તે પ્રકારે જાણવું **'અને અર્પવાના સ્વભાવવાળા છે.'** અને કેવળજ્ઞાની એનો આત્મા પણ (બીજા) કેવળજ્ઞાનીના આત્માને અર્પે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

અનંતા સિદ્ધો એનો સ્વભાવ, અહીં જ્ઞાનસ્વભાવને જાણવાનો એને છે અને એ બધા જ્ઞેયો જ્ઞાનમાં જણાય એવો એનો સ્વભાવ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? આ તો આવડો આત્મા પર્યાયમાં હોય એને આત્મા પૂરો કહીએ એમ સિદ્ધ કરે છે. આહા..હા..! એમ સાધારણ આત્મા આત્મા કરે એમ ન ચાલે કહે છે.

ભાઈ! જેનું સ્વરૂપ સ્વભાવ જ છે ને. વસ્તુ છે ને, વસ્તુ છે ને. અને વસ્તુ છે તો એનો સ્વભાવ છે ને. અને સ્વભાવ છે એની હદ અને મર્યાદા શું હોય? એવી બેહદ શક્તિનું સત્ત્વ દિવ્યશક્તિ જેની જ્ઞાનની, આનંદની આદિ એવી શક્તિનું-સત્ત્વનું સત્ત્વ જે બેહદ છે, એના સન્મુખ થઈને એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા દ્વારા જે શક્તિનો સ્વભાવ હતો તે પ્રગટ થઈ વીતરાગવિજ્ઞાન થયો, એનામાં લોકાલોક અને અનંત કેવળીઓ એમાં આવી ગયા એને જાણવાનો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'અને અર્પવાના સ્વભાવવાળાં છે.'** એ બધા જ્ઞેયો જેટલાં છે, સર્વજ્ઞથી માંડીને પરમાણુ કે સર્વજ્ઞથી માંડીને આકાશ, એ બધા પદાર્થો છે. દેખો! એ આકાશનો અંત નથી એવું જે આકાશ જ્ઞેય, એનો જ્ઞાનમાં અર્પવાનો સ્વભાવ છે એનો, કહે છે. અરે..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? જે આકાશનો અંત નથી એવું જે જ્ઞેય આકાશ, એને જ્ઞાન તેને જાણવાના સ્વભાવવાળું છે અને એ જ્ઞેય એમાં અર્પીને જણાવાનો એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ત્રણ કાળ આદિ-અંત વિનાનો કાળ, એ જ્ઞાન એને જાણવાના સ્વભાવવાળું છે અને એ કાળ પર્યાય દ્રવ્યની, કાળની કે ત્રિકાળ પર્યાય કે સમયો, એ બધા જ્ઞાનમાં અર્પાય એવો એનો સ્વભાવ છે. કોઈ બાકી રહે નહિ. સમજાણું કાંઈ? આ ધર્મની વાતમાં પણ આ શું બધું? એય..! ન્યાલભાઈ! ધર્મ કરવો એમાં આ? ભાઈ! ધર્મ એટલે? ધર્મ કરનારો કેવડો છે? ધર્મ કરનારાનો સ્વભાવ કેવડો છે? કે જેવડા સ્વભાવમાંથી એમાંથી ધર્મની પર્યાય પ્રગટ કરે છે અને પ્રગટ કરીને જેની સ્વભાવપર્યાય પૂર્ણ થઈ છે એવો જે એનો ધર્મ, સર્વજ્ઞસ્વભાવ એવો એનો ધર્મ. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ, વસ્તુસ્વભાવ, દ્રવ્યસ્વભાવ એક એક શક્તિએ પરિપૂર્ણ એની સન્મુખની પર્યાયની એકાગ્રતા દ્વારા જે શક્તિમાં પૂર્ણતા પડી છે એ પ્રગટતા પૂર્ણની પર્યાયમાં થાય, એવા જ્ઞાનને લોકાલોક તેને જાણવાનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? અને એ બધા લોકાલોક ક્ષેત્ર ને કાળ ને વસ્તુ એ જ્ઞાનમાં અર્પાઈ જાય, બાકી ન રહે એવો

એનો સ્વભાવ છે. ઓહો..હો..! કેવળીએ કાંઈ આદિ-અંત જોયું નહિ એટલા તો કાચા ખરા કે નહિ? ભગવાનજીભાઈ! આદિ જોઈ કે આનો આ પહેલો આત્મા હતો? પહેલો. આદિ નથી જોઈ એટલું તો ઓછું ખરું કે નહિ? અરે..! ભગવાન! જો તો ખરો તું. તારી આદિ નથી. છે એને આદિ શી? છે એને અંત શો? સમજાય છે? એ જ રીતે અનાદિ-અનંત પદાર્થો છે, કાળની આદિ નહિ, અંત નહિ એ રીતે છે. એવો જ જ્ઞાનનો એક સમયનો પર્યાય એ રીતે જ જાણી લે છે એને. આહા..હા..! સમજાય છે કાંઈ? અને એ જેવા પદાર્થ જે રીતે છે તે રીતે તે જ્ઞાનમાં અર્પાઈ જાય છે. બીજી રીતે અર્પાય? સમજાણું કાંઈ?

ઓહો..! એવી પર્યાયનો જ્ઞાનના પૂર્ણ પરિણમનનો આવો સ્વભાવ. એવા એવા અનંતા કેવળજ્ઞાનના પર્યાયનો જ્ઞાનગુણનો સ્વભાવ. એવડી એવડી દરેક પર્યાયનો સ્વભાવ અને એવડા અનંતા પર્યાયનો એક ગુણ, એવા અનંતા ગુણો. એના જ્ઞાનમાં આટલું સામર્થ્ય તો એની શ્રદ્ધામાં એટલું સામર્થ્ય, એની સ્થિરતામાં એટલું સામર્થ્ય, એના વીર્યમાં એટલું સામર્થ્ય, એના અસ્તિત્વનું એટલું સામર્થ્ય, એમ અનેક એના કર્તા-કર્મમાં પણ આટલું બધું સામર્થ્ય. સમજાણું કાંઈ? ગજબ વાત કરે છે! એવો ભગવાન પૂર્ણ સામર્થ્યનો નાથ પ્રગટ જ્યાં થયો એને પરમેશ્વર કહીએ. લ્યો! સમજાણું?

આ તો ઓલા નામ તમે પૂછ્યું હતું ને ભૂતકાળના તીર્થંકરનું. ભૂતકાળના તીર્થંકરનું નામ પૂછ્યું. ભૂતકાળના નામ છે, કીધું. બતાવ્યા હતા. એમાં એક તીર્થંકરનું નામ પરમેશ્વર છે, નામ જ પરમેશ્વર. લખી લીધા ને? છે. ગયા કાળના હોં! આ ચોવીસી સિવાય ગયા કાળના તીર્થંકરોના નામ છે ને? એકનું નિર્વાણ નામ છે, એકનું પરમેશ્વર નામ છે. આહા..હા..! આ ચોવીસી પહેલા ચોવીસી થઈ ગઈ છે ને? એના નામ છે. ભવિષ્યના નામ છે. અહીં ત્રણે ચોવીસીના નામ છે. અને ત્રણે ચોવીસીના બિંબ ભરાવ્યા છે કૈલાસમાં, ભરત ચક્રવર્તીએ. આપણે છે ને પ્રવચન મંડપમાં. ૭૨ બિંબ ભરત ચક્રવર્તીના વખતમાં સોનાના બિંબ, સોનાના મંદિરો ૭૨ ભરાયા છે, મેરુ પર્વત પર. સમજાણું કાંઈ? માણસને એમ લાગે કે બધી મોટી (વાતો). મોટી નથી બાપા! આ તો સાધારણ વાત છે. સમજાય છે? જ્યાં જ્ઞાનસ્વભાવમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એમાં આવી ચીજ હોય એમાં શું પણ છે?

**'અર્પવાના સ્વભાવવાળા છે. (જેવી રીતે આંખ રૂપી પદાર્થોમાં પ્રવેશતી નથી અને રૂપી પદાર્થો આંખમાં પ્રવેશતા નથી તોપણ આંખ રૂપી પદાર્થોના જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના—જાણવાના--સ્વભાવવાળી છે...'** સમજાણું? **'અને રૂપી પદાર્થો પોતાના જ્ઞેયાકારોને...'** એટલે જેવી સ્થિતિ પોતાની દ્રવ્ય-ગુણ-પર્યાય આદિની છે. **'અર્પવાના—જણાવવાના—સ્વભાવવાળા છે,...'** સહેલું કર્યું છે સમજાવવા. આવો આત્મા આટલો અસ્તિત્વ સત્તાવાળો છે એમ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવડો આત્મા સત્તાના અસ્તિત્વવાળો એક એક છે.

આ વળી કહે છે ને ઓલું કે જ્ઞાન, નહિ? દિવ્યજ્ઞાન, એને જ્ઞાન કહીએ. ઓલા ચાર જ્ઞાનવાળાની વાત નથી. એને જ્ઞાન (કહેવાય)? જ્ઞાન તો આ છે. એ આવશે અંદર. છે ને આવે છે. આ જ્ઞાન કહીએ. કેમકે જ્ઞાનસ્વરૂપ છે. સ્વસ્વભાવ સ્વસ્વરૂપ સ્વશક્તિ એનું સત્ત્વ એ પૂર્ણ પ્રગટે એને જ્ઞાન કહીએ. અધૂરું જ્ઞાન એ જ્ઞાન શું? કહે છે. સમજાણું કાંઈ? અરે..! એ વાર્તા પણ અંદરમાં સમજીને સાંભળવી કઠણ પડે. આહા..હા..! આ તો ભગવાન પરમેશ્વરની સ્થિતિ આવી છે એમ વર્ણવે છે. આવું એ સત્ છે. સમજાણું કાંઈ? એવા સત્‌ના એવડા અસ્તિત્વને પૂર્ણ સ્વીકારે, ત્યારે એની દૃષ્ટિ દ્રવ્યના સ્વીકાર ઉપર જાય, ત્યારે એને સ્વીકાર થયો કહેવાય. સમજાણું કાંઈ? લ્યો!

'**તેવી રીતે આત્મા પદાર્થોમાં પ્રવેશતો નથી...**' સમજાણું? પદાર્થો આત્મામાં પ્રવેશતા નથી. કહો, સમજાણું કાંઈ? '**આત્મા પદાર્થોમાં પ્રવેશતો નથી...**' આહા..હા..! ૮૪માં, કીધું ને, ઓલા ખત્રીએ પ્રશ્ન કર્યો હતો. રાણપુરનો ખત્રી. રૂગનાથ છે ને નારણભાઈની જોડે, નહિ? નારણભાઈની જોડે. ..નાથ. એ કહે કે પણ તમે પરમાણુ કહો, પરમાણુમાં પેસ્યા વિના જ્ઞાન શી રીતે જાણે? ૮૪માં. અરે..! પેઠે શું? સાંભળને હવે. સમજાણું કાંઈ? વેદાંતવાળા ખરા ને. એટલે પેઠા વિના પરમાણુ સિદ્ધ થાતું નથી એમ કહે છે. પરવસ્તુ સિદ્ધ થાતી નથી. કારણ કે એમાં પેઠા વિના જાણે નહિ એટલે પરવસ્તુ સિદ્ધ થતી નથી. એ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

એમ કે પરવસ્તુ જો હોય અને આત્મા એકલો ન હોય અને બે હોય તો એ બીજાને જાણે શી રીતે? એમાં પેસે તો જાણે. એટલે એ પેસે તો એ જ્ઞાન જ થઈ ગયું બધું એક. કોઈ બીજી ચીજ રહી નહિ—એમ નથી. સૂક્ષ્મ ન્યાય છે એમાં હોં! પરમાણુ આમ દળ છે એક રજકણ. એક આખો આત્મા બીજો છે આમ. અનંત ગુણનો ધણી. આ જ્ઞાન ત્યાં પેસતું તો નથી, (તો) જાણે શી રીતે? પેસ્યા વિના, અડ્યા વિના જાણે શી રીતે? પ્રાપ્ત કરીને દાખલો આપશે ને આમાં? ચક્ષુને પ્રાપ્ત કરે કીધું છે ને ભાઈ! ચક્ષુને પ્રાપ્ત કરે. એટલે સામે આમ હોય. કાનને જરૂર નથી, દૂરથી પણ ખબર પડે. આ આમ સામે ચીજ હોય. સમજ્યાને? .. જાણે જ્ઞાનમાં આવી હોય ત્યારે જણાય. એમ નથી કહે છે.

એ જ્ઞાનના સ્વભાવની સ્થિતિનું માહાત્મ્ય કહે છે અને જ્ઞેયના સ્વભાવનું માહાત્મ્ય પણ એટલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે ભગવાન! તું તો જ્ઞાતા-દૃષ્ટા છો. સમજાય છે કાંઈ? એને રાગનું કરવું અને પરનું કરવું એનામાં નથી. પણ પરનું જાણવું એ પૂરું છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એક રજકણને કરે નહિ, રજકણની પર્યાયને કરે નહિ, રાગના વિકલ્પને કરે નહિ અને જાણે બધાને. અને તે પણ પ્રવેશ કર્યા વિના, અડ્યા વિના જાણે. એ વાત છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? એથી દાખલો આંખનો આપ્યો ને કે આમ દેખાય ને આમ આંખ વડે. અગ્નિ, બરફ આદિ છે એને આ

જાણે છે પર્યાય. એ ચીજ અહીં આવી છે? એ અહીંયા આવે તો આંખ ઊની થઈ જાય. અને આંખ ત્યાં જાય તો બળી જાય આંખ અગ્નિને દેખતાં. સમજાણું કાંઈ? પણ એવો સ્વભાવ જ નથી કહે છે. આંખનો સ્વભાવ જે ચીજ રૂપી છે તેને જાણવાનો છે, એ જે ચીજો છે તે અહીંયાં અર્પી દે એવો એનો ચીજનો સ્વભાવ છે. ભિન્ન રહીને, અડ્યા વિના, સ્પર્શ્યા વિના, પ્રવેશ વિના. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- જ્ઞાનનું પરિણમન જ એવું છે. પર્યાયનો સ્વભાવ જ એવડો છે. અહીં તો એક સમયની પર્યાયનો આવડો સ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ વસ્તુ હોય એને પર્યાયની પ્રગટતા જ્યાં પૂર્ણ થઈ, વસ્તુમાંથી પ્રગટ થઈ ગઈ, જે છે એવડી થઈ ગઈ. હવે એને બાકી શું રહ્યું? કાળ એક સમયનો એમ ન લેવું, પણ એનો ભાવ કેટલો? સમજાણું કાંઈ? અરે..! એ વાત નહિ, એ અલૌકિક વાત બાપા! એક સમયનું જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને જાણે. વર્તમાન હોય તેમ તેને જાણી લે છે. આહા..હા..! એવો આત્માનો સ્વભાવ છે અને ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ વર્તમાનમાં નિમિત્તપણે છે ને? નૈમિત્તિક અહીં થયું ને જ્ઞાન? તો વર્તમાન આખું નિમિત્ત છે કે નહિ? આખું નિમિત્ત છે એને. ભૂત-ભવિષ્ય બધું વર્તમાનમાં આખું નિમિત્ત છે. એક સાથે સમયમાં બધું અર્પાઈ ગયું છે. વજુભાઈ!

મુમુક્ષુ :- એક સમયે બધા અર્પે છે.

ઉત્તર :- એક સમયે બધા અર્પે છે. પછી આ અને પહેલા આ. વર્તમાનનું જાણ્યું, ભવિષ્યનું પછી એમ નથી વસ્તુમાં. એમ પણ હોઈ શકે જ નહિ.

મુમુક્ષુ :- .. મૂળ સ્વભાવ પૂરો છે.

ઉત્તર :- પૂરો એક સમયમાં છે એમ સિદ્ધ કરવું છે ને. એક સમયમાં પૂરો છે. અહીં જ્યારે પૂરો જાણ્યો આમ. ત્યાં પૂરું નિમિત્ત હોય. નૈમિત્તિકનો સંબંધ ક્યારે કહેવાય? નૈમિત્તિકનું પૂરાપણું અને નિમિત્તનું પછી આવે તો અહીં વર્તમાનમાં નિમિત્ત પૂરું ક્યાંથી થયું? અમરચંદભાઈ! સમજાણું કાંઈ? એવો જ્ઞાનને હિલોળે ચડેલો આત્મા અને પોતાની શક્તિની વ્યક્તતા જ્યાં પૂર્ણ કરી એ ધર્મના ફળ તરીકે... ધર્મ એટલે ચારિત્ર એની વાત ચાલે છે ને. ચારિત્ર એટલે સ્વરૂપ આનંદમૂર્તિ તેમાં રમણતા. આનંદ ભગવાન આત્મા, આનંદમૂર્તિ નિત્યાનંદ નાથ એમાં રમણતા એ ચારિત્ર અને એ ચારિત્રના ફળમાં સર્વજ્ઞપણું. સમજાણું કાંઈ?

‘**આત્મા પદાર્થોમાં પ્રવેશતો નથી અને પદાર્થો આત્મામાં પ્રવેશતા નથી તોપણ આત્મા પદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના...**’ બાકી રાખ્યા વિના એક સમયમાં. આહા..હા..! અરે..! સર્વજ્ઞના પદના જ વાંધા છે અત્યારે બધા. સમજાય છે? પહેલેથી જાણવામાં આવે એ પ્રમાણે થાય. પણ પહેલેથી જ જાણ્યું છે અહીં. વળી પહેલા-પછી છે કે દિ' અહીં? સમજાણું કાંઈ? ભગવાન તારી મોટપની શક્તિ આવડી છે, એવડું તારું સત્ છે.

તારું સત્ જ એવડું છે. એ સર્વજ્ઞની પર્યાય સત્ છે કે નહિ? ઉત્પાદ થયો એ સત્ છે કે નહિ? ઉત્પાદ થયો, પૂર્વનો વ્યય થયો અને ધ્રુવપણે રહ્યું. એવડું ઉત્પાદનું સત્પણું એવડું છે. આ તો જ્ઞાનની વાત કરી, એવા એવા અનંતા ગુણોની એક એક પર્યાયનું એટલું જ સામર્થ્ય છે. સમજાણું કાંઈ?

ઓલા કહે છે ને કેટલાક? કે ભગવાને આ કર્યું. કર્યું ત્યારે એનો અર્થ થયો કે ભૂતકાળનું એને જ્ઞાન નહોતું, તો અહીં ભૂતકાળની વસ્તુ નહોતી. તો ત્રિકાળજ્ઞાની ન થયા. આને કર્યું એમ કહેતાં જે ભૂતમાં નહોતું એટલે એનું જ્ઞાન એને નહોતું એટલે સર્વજ્ઞ ન થયા. એ હતું બધું એમ ને એમ. કર્યું નથી પણ જેમ છે તેમ એણે જાણ્યું છે. એ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભૂતકાળમાં ભગવાને આ કર્યું અને કર્યા પછી આ એમ ને એમ રહ્યું. એટલે વર્તમાનનું જ્ઞાન અને ભવિષ્યનું જ્ઞાન (રહ્યું). ભૂતકાળમાં હતું નહિ એ. તો ત્રિકાળજ્ઞાની તો થયા નહિ. માટે કર્તા-ફર્તા છે નહિ એમ સિદ્ધ કરે છે અહીં. સમજાણું કાંઈ? એ તો જ્ઞ સ્વભાવી જ્ઞાતા જ છે અને ભૂત-ભવિષ્યના પદાર્થો પણ તે રીતે જ્ઞેયપણે છે. અનંત કાળના કેવળીઓ છે અને અનંત કાળનું જ્ઞેય છે. એમાં કોઈ જ્ઞાને જ્ઞેય બનાવ્યું નથી અને જ્ઞેય જ્ઞાનથી ઉત્પન્ન થયું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્તા. એ શબ્દ મૂકે છે. કારણ કે ટીકામાં ઓલું સર્વજ્ઞ છે ને. કર્તા એટલે આ સર્વજ્ઞપર્યાય. એમ. જયસેનાચાર્યની ટીકામાં. કર્તા એટલે કરનાર સર્વજ્ઞપર્યાય. આ જાણે. કર્તા શું? સર્વજ્ઞપર્યાય કર્તા, એનો કર્તા આત્મા. આખી દુનિયા ત્રણ કાળ ત્રણ લોક એ જ્ઞાનમાં અર્પાઈ જાય એવો એનો સ્વભાવ, એ ગ્રહણ કરે એવો સ્વભાવ. આ સાધારણ વાત નથી, ભીખાભાઈ! આહા..હા..! આ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિની મહિમા બતાવે છે. ન્યાલભાઈ! આ કોઈ દિ' સાંભળ્યું નથી. પોતાના ... જણાવવાના સ્વભાવવાળા છે. બસ થઈ રહ્યું. ઓહો..હો..! એ ૨૮ થઈ.

'**હવે આત્મા પદાર્થોમાં નહિ વર્તતો હોવા છતાં જેનાથી** (**જે શક્તિવૈચિત્ર્યથી**) **તેને પદાર્થોમાં વર્તવું સિદ્ધ થાય છે તે શક્તિવૈચિત્ર્યને પ્રકાશે** (**-દર્શાવે**) **છે :-**

-' દરરોજ થાય છે હોં હમણા. જામ્યો છે, અંધારું થયું. એને ટાણે એની પર્યાય પરિણમવાની હોય એ જ્ઞાનમાં જણાય છે એમ કહે છે. એ ટાણે તે જ પર્યાય ત્યાં હોય તે જ્ઞાન જાણે છે. કહો, આ કરે કોણ આવું? કહો. આ રજકણોના દળના દળ, દળના દળ તે તે ક્ષેત્રે પરિણમે અને તે તે ક્ષેત્રે પડે. એક એક સમયનો પદાર્થ તેને કાળે પરિણમે છે સ્વતંત્ર, જ્ઞાન એને જાણે બસ. સમજાણું કાંઈ? ભાઈ! આમ આપણે કરીએ તો વરસાદ આવે. માણસ નથી કહેતા?

મુમુક્ષુ :- અંદર બરફ મૂકે ને...

ઉત્તર :- બરફ મૂકે.. એ તો વળી .. વરસાદ વરસ્યો હતો. એ હમણાં કાંઈક આવ્યું હતું. ફલાણું લઈને મૂક્યું, પડ્યો વરસાદ. એ તો એ પડવાનો હતો એની પર્યાય થવાની

(હતી), એમાં કાંઈ નહિ. પણ આ તો એમ નહિ, આ તો એમ કહે આપણે આ કરીએ, એક રામધૂન લગાડીએ, ફલાણી ધૂન લગાડીએ તો વરસાદ આવે. એમ. એ (માનનાર) તો સ્વતંત્ર જીવ છે. કહો, સમજાણું કાંઈ? કે આમ કરીએ તો આવે. અરે..! ભગવાન! એ પરમાણુઓ તો જગતના પદાર્થો છે, તેને કાળે તે પરિણમે છે, એ જ્ઞેય છે જગતમાં. તારા જ્ઞાનમાં તો જ્ઞેય થવાને લાયક છે. તારા કોઈ વિકલ્પથી ને કોઈ ક્રિયાથી પરિણમીને આવે બહાર એવી એ ચીજ નથી અને તું એવો નથી. સમજાણું કાંઈ? ૨૯મી.

**ण पविट्ठो णाविट्ठो णाणी णेयेसु रूवमिव चक्खू।**
**जाणदि पस्सदि णियदं अक्खातीदो जगमसेसं।।२९।।**

**જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને**
**નિત્યે અતીંદ્રિય આતમા, જ્યમ નેત્ર જાણે રૂપને. ૨૯.**

એ અન્વયાર્થનું ટીકામાં આવી જાય છે તરત. '**જેવી રીતે ચક્ષુ રૂપી દ્રવ્યોને સ્વપ્રદેશો વડે...**' શું કહે છે? ચક્ષુ પોતાના પ્રદેશ ક્ષેત્ર દ્વારા પોતાના ભાવથી. જાણવાનો પ્રકાશ પોતાના પ્રદેશો દ્વારા '**અણસ્પર્શતું હોવાથી...**' એટલે રૂપી પદાર્થને આંખ અણસ્પર્શતી હોવાથી... આંખના પ્રદેશો તો અહીં છે જાણવાના આ. અને અગ્નિને સ્પર્શ્યા વિના આંખ જાણે છે. '**સ્વપ્રદેશો વડે અણસ્પર્શતું હોવાથી અપ્રવિષ્ટ રહીને...**' એ રૂપીને આંખ જાણતા રૂપીમાં પ્રવેશ કર્યા વિના '**(જાણે-દેખે છે) તેમ જ જ્ઞેય આકારોને આત્મસાત્ (-પોતારૂપ) કરતું હોવાથી અપ્રવિષ્ટ નહિ રહીને જાણે-દેખે છે;...**' આંખ હોં આંખ. હજી આંખનો દાખલો આપે છે. આંખ એને અણસ્પર્શીને પોતાના પ્રદેશથી આઘી ગયા વિના એને જાણે છે. એટલે અસ્પર્શ છે એમ. પણ જ્ઞેયાકારોને આત્મસાત્ કરતું... જેવા જ્ઞેયોનો સામે સ્વભાવ છે, તેવું જ્ઞાનમાં થાય છે માટે જાણે પોતારૂપ કરતું અપ્રવિષ્ટ નહિ રહીને... એટલે પ્રવેશ પણ કરે છે એમ પણ એક વ્યવહારથી કહેવામાં આવે છે. કારણ કે જ્ઞાનનેત્રનો સ્વભાવ જેવું છે એવું જાણ્યું. તો જે છે એ સંબંધીનું નેત્રમાં જ્ઞાન થયું ને? એ સંબંધીનું. એ અપેક્ષાએ જાણે આ નેત્ર એમાં પ્રવેશે છે એમ કહેવામાં આવે છે. અણપ્રવિષ્ટ એ અણઅડ્યા વિના અને પ્રવિષ્ટ-તે સંબંધીનું જ્ઞાન છે માટે પ્રવેશે છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તેવી રીતે...**' એ આંખનો દાખલો આપ્યો. '**આત્મા પણ, ઈન્દ્રિયાતીતપણાને લીધે...**' અહીં સર્વજ્ઞની વાત છે ને. સર્વજ્ઞની વાત સિદ્ધ કરે છે. '**सव्वण्हू**' સ્વયંભૂ થયા છે, પોતાથી જે સર્વજ્ઞપદ પ્રાપ્ત પોતાના કારણે પ્રગટ કર્યું એનું શું સ્વરૂપ છે એ વર્ણન ચાલે છે. '**તેવી રીતે આત્મા પણ, ઈન્દ્રિયાતીતપણાને...**' ઈન્દ્રિયથી અતીત થઈ ગયા છે, અતીન્દ્રિય થઈ ગયા છે. '**પ્રાપ્યકારિતાના વિચારગોચરપણાથી (પણ) દૂર થયો થકો...**' '**પ્રાપ્યકારિતા = જ્ઞેય વિષયોને સ્પર્શીને કાર્ય કરી શકવું—જાણી શકવું-**

—તે.' એવું છે નહિ. નહિતર તો ચક્ષુને રૂપ પ્રાપ્યકારી છે એમ કહેવામાં આવે છે. સમજાણું? પ્રાપ્યકારી એટલે શું? આમ સામે હોય ને. ઓલા શબ્દાદિક ન હોય, આઘે હોય પ્રાપ્ત. એટલે ફક્ત આમ નજીક છે ને એટલું આમ (જણાવવું છે.) નજરની આંખે. ચક્ષુને પ્રાપ્યકારિ કીધા છે, એનો અર્થ એટલો કે એને સ્પર્શ્યા વિના સામે ચીજ છે તેને જાણે છે.

અહીં તો કહે છે કે '**ઇન્દ્રિયાતીતપણાને લીધે પ્રાપ્યકારિતાના વિચારગોચરપણાથી...**' એની અહીંયાં વાત જ નથી કે આ આવ્યો માટે જાણે એમ છે નહિ. આ જ્ઞેયો અહીં આવ્યા માટે જાણે (એવા) વિચારના તર્કનું અહીં કામ જ નથી. એ '**દૂર થયો થકો જ્ઞેયભૂત સમસ્ત વસ્તુઓને...**' એ જ્ઞેયભૂત સમસ્ત વસ્તુઓને '**સ્વપ્રદેશોથી અણસ્પર્શતો હોવાથી...**' ભાષા ઓહો.હો..! ક્ષેત્રને સમાવ્યું. ભાવ તો પોતાનો છે, જ્ઞાન પોતાનું જ્ઞાન. હવે જ્ઞાનમાં સ્વપ્રદેશો પોતાના એવું ક્ષેત્ર છે એમ કહે છે. આહા..હા..! પોતે અંદર અસંખ્યપ્રદેશી છે જે જ્ઞાન, એ અસંખ્ય પ્રદેશમાં સ્વ પ્રદેશો એ પોતાના છે. એ સ્વપ્રદેશોને છોડ્યા વિના '**સ્વપ્રદેશોથી અણસ્પર્શતો...**' જ્ઞેયોને પોતાના અસંખ્યપ્રદેશથી અણસ્પર્શતો.. બીજાના પ્રદેશોને, તેના ક્ષેત્રને, તેના ભાવને સ્વપ્રદેશથી અણસ્પર્શતો. જ્ઞાન પોતાના ક્ષેત્રમાં રહ્યું છે એમ કહે છે. સ્વક્ષેત્રમાં રહ્યું છે. ઓહો..હો..! પોતે જ્ઞાન, આત્મા છે અસંખ્ય પ્રદેશી તેમાં જ્ઞાન છે એટલે જ્ઞાનનો સ્વપ્રદેશ પોતાના... એ સ્વપ્રદેશથી જ્ઞેયને જાણતા સ્પર્શ્યા વિના સ્વપ્રદેશથી, છે ને? અણસ્પર્શતો. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશમાં જ્ઞાન વ્યાપેલું છે. ભલે સર્વજ્ઞની પર્યાય એક સમયની છે, પણ વ્યાપ્યું છે અસંખ્ય પ્રદેશે. સમજાય છે કાંઈ?

આ દ્રવ્ય છે એ સિદ્ધ કર્યું. હવે એના અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશ એટલી સામાન્ય વાત લીધી, પણ એ પ્રદેશો એનું ક્ષેત્ર છે. એ પ્રદેશોમાં ગુણ છે એ અસંખ્ય પ્રદેશી વ્યાપ્યા છે ત્રિકાળ. અને તેની વર્તમાન જ્ઞાનપર્યાય વ્યાપી છે અસંખ્ય પ્રદેશે. એ પ્રદેશને છોડીને એને એમ સ્પર્શે છે એમ છે નહિ. પ્રદેશોમાં રહીને એને જાણે છે. એ પ્રદેશો છોડ્યા વિના (એટલે) અણસ્પર્શીને. પ્રદેશોમાં રહેલું '**સ્વપ્રદેશોથી અણસ્પર્શતો હોવાથી અપ્રવિષ્ટ રહીને...**' જ્ઞેયોમાં પોતાના પ્રદેશથી સ્પર્શતું નથી. અપ્રવિષ્ટ રહીને એને જાણે છે. થોડું નાખ્યું છે ભેગું જોયું! સમજાણું?

અરીસો નથી... પોતાના ક્ષેત્રમાં રહીને જ્ઞાન જાણે છે, પોતાના પ્રદેશથી જ્ઞેયોને સ્પર્શતું નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્માનું જ્ઞાન સ્વક્ષેત્રમાં છે એ સ્વક્ષેત્રથી તે પરજ્ઞેયોને સ્પર્શ્યા વિના જાણે છે. સમજાય છે કાંઈ? પ્રવચનસારના સૂક્ષ્મ ન્યાયો છે. ઉપરટપકે એમ ને એમ વાંચી જાય એમ નથી, ઝીણી વાત છે. આહા..હા..! ઓલા કહે, આત્મા કોને કહેવો? હાલે-ચાલે એ આત્મા. સ્થાવર ચીજ હોય તે સ્થાવર, ત્રસ હાલે-ચાલે એ આત્મા લ્યો. એય..! ન્યાલભાઈ! તમે શીખ્યા હતા ને પહેલું એવું? આ સ્થાવર જીવ કોને કહેવા? સ્થિર રહે તે આત્મા સ્થાવર. અને ત્રસ કોને કહેવા? કે હાલે-ચાલે તે ત્રસ. એ આત્માની વ્યાખ્યા

જ નથી. તારી (વ્યાખ્યા) ખોટી છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હાલે-ચાલે તે ત્રસ અને સ્થિર રહે તે સ્થાવર. સીધી વાત છે કે નહિ? એમ નથી. આત્મા તો એને કહીએ કે જે અનંત સર્વજ્ઞસ્વભાવ આદિથી ભરેલું તત્ત્વ અને તેની પર્યાયમાં પૂર્ણતા પ્રગટતા થાય તેને આત્મા કહેવામાં આવે છે, એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. આત્મા પોતાના અસંખ્ય પ્રદેશે જ્ઞાન વ્યાપ્યું છે એ અસંખ્યપ્રદેશથી પરને જાણતા અસ્પર્શીને જાણે છે, પરને સ્પર્શીને જાણતું નથી. સમજાણું કાંઈ?

ભગવાનનું જ્ઞાન તો નારકીના દુઃખને જાણે છે. નથી જાણતું? કેવળજ્ઞાનીના અનંત આનંદને જાણે છે. પર (કેવળી) પરની વાત છે હોં! પોતાને તો પોતામાં છે અસંખ્યપ્રદેશે. કેવળી પરમાત્મા છે અનંતા એને પોતાના અસંખ્ય પ્રદેશમાં રહેલું જ્ઞાન, સ્વપ્રદેશને છોડ્યા વિના અને સ્વપ્રદેશથી પરને સ્પર્શ્યા વિના કેવળીના અનંત આનંદને સ્પર્શ્યા વિના જ્ઞાન જાણે છે. અને નારકીના અનંતા દુઃખને કેવળજ્ઞાન પોતાના પ્રદેશથી અણસ્પર્શીને જાણે છે. સાતમી નરકના દુઃખ, નિગોદની હીણી દશા, હીણી દશા. અક્ષરનો અનંતમો ભાગ હીણી દશા અને આકુળતાનો પાર ન મળે, એને પણ આ જ્ઞાન પોતાના સ્વપ્રદેશથી અણસ્પર્શીને તેને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ. પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એણે આ કહ્યું અને એ રીતે છે અને તે ન્યાયથી એને બેસી શકે એવી વાત છે. સમજાણું કાંઈ?

'**સ્વપ્રદેશોથી અણસ્પર્શતો હોવાથી અપ્રવિષ્ટ રહીને** (જાણે-દેખે છે)...' એક વાત સિદ્ધ કરી નિશ્ચયની. '**તેમ જ શક્તિવૈચિત્ર્યને લીધે...**' એવો કોઈ જ્ઞાનનો સ્વભાવ વિચિત્ર પ્રકાર છે કે '**વસ્તુમાં વર્તતા સમસ્ત જ્ઞેયાકારોને જાણે...**' પોતાની શક્તિ વિચિત્રને લીધે પોતાની, સામા વસ્તુમાં વર્તતા સમસ્ત જ્ઞેયાકારોને જેવા છે તે જ પ્રકારે એક સમયમાં પૂરા જાણે. '**જ્ઞેયાકારોને જાણે કે મૂળમાંથી ઉખેડીને કોળિયો કરી જતો હોવાથી...**' આખા જ્ઞેયને મૂળમાંથી ઉખેડીને એક સમયમાં કોળિયો કરી ગયું જ્ઞાન. એ સિવાય (જ્ઞાન) બાકી અનંતુ રહ્યું. આહા..હા..! મોઢું મોટું અને કોળિયો તો નાનો છે. કેવળજ્ઞાનનો પર્યાય—સર્વજ્ઞનો પર્યાય જ્ઞેયોને એક સમયમાં જાણે જેટલા છે તેને કોળિયો કરી ગયું, કોળિયો કરી ગયું, લઈ લીધું અંદર. સમજાણું કાંઈ? આહા..હા..!

'**મૂળમાંથી ઉખેડીને કોળિયો કરી...**' મૂળમાંથી ઉખેડીને. જ્ઞેયપણું જેવું છે તેને તેટલા પ્રકારનું અહીં જ્ઞાન કરીને જ્ઞેયપણું ઉખડી ગયું જાણે અંદરથી. જ્ઞાનમાં આવી ગયું અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! '**કોળિયો કરી જતો હોવાથી અપ્રવિષ્ટ નહિ રહીને જાણે-દેખે છે.**' એટલે જાણે અંદર પ્રવેશ નથી કર્યું એમ પણ નહિ. કારણ કે જેટલા જ્ઞેયો છે તે જ પ્રકારનું જ્ઞાન અહીં આવી ગયું છે અંદર. એટલે એ અપેક્ષાએ પરમાં પ્રવેશ કર્યો છે એમ કહેવામાં આવે છે. ઉપચારથી છે. સમજાણું? ટીકામાં ચોખ્ખું કહ્યું છે જયસેનાચાર્યે.

વ્યવહારને સ્પર્શતું. માથે પહેલું લીધું. 'लोचनं कर्तृ रूपिद्रव्याणिणि यद्यपि निश्चयेन न स्पृशति तथापि व्यवहारेण स्पृशतीति' 'यत्केवलज्ञानत्वपूर्वं विशिष्टभेदज्ञानं तेनोत्पन्नं यत्केवलज्ञानदर्शनद्वयं तेन जगतत्त्रयकालत्रयवर्तिपदार्थोन्निश्चयेनास्पृशन्नपि...' નિશ્ચયથી અસ્પર્શ છે સંસ્કૃત. વ્યવહારથી સ્પર્શે કહેવામાં આવે છે. એને એ સંબંધીનું જ્ઞાન થાય છે માટે. જુઓ! આ સ્યાદ્વાદની વિચિત્ર પદ્ધતિ. એનો એ સ્વભાવ છે તે રીતે વાત કરે છે હોં! જાણે બધું કોળિયો કરી ગયો. લોકાલોક કોળિયો કરી ગયું જ્ઞાન. આહા..હા..! જ્ઞાનની પર્યાય વિરાટ થઈ ગઈ. ઓલા કહે છે ને, કૃષ્ણએ મોઢું ફાડ્યું એમાં વિરાટ જોયું બધું. એ આ કેવળજ્ઞાની પર્યાય ફાટી એમાં લોકાલોક વિરાટ જોયા. સમજાણું કાંઈ?

'**આ રીતે આ વિચિત્ર શક્તિવાળા આત્માને પદાર્થોમાં અપ્રવેશની જેમ પ્રવેશ પણ સિદ્ધ થાય છે.**' વ્યવહારે એનું જ્ઞાન થયું ને એ અપેક્ષાએ સિદ્ધ થાય છે. ભાવાર્થ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૪, ગુરુવાર, તા. ૨૬.૯.૧૯૬૮**
**ગાથા-૨૯-૩૦-૩૧, પ્રવચન-૨૪**

જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન અધિકાર. ૨૯મી ગાથાનો ભાવાર્થ. '**જોકે આંખ પોતાના પ્રદેશો વડે રૂપી પદાર્થોને સ્પર્શતી નહિ હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે...**' આ બધું વિશેષ કેમ કહે છે? કે આત્માની જ્ઞાનપર્યાય પૂર્ણ પ્રાપ્ત થાય એમાં જ્ઞેયો જેટલા લોકાલોક અનંત છે તેને જાણવાની એની શક્તિ-તાકાત છે. સમજાય છે કાંઈ? એક સમયનો જ્ઞાનનો પર્યાય પૂર્ણ, એક સમય એવડો એક પર્યાય એક ગુણનો એક પર્યાય એવડો છે કે જેમાં લોકાલોક ત્રણ કાળ ત્રણ (લોકનું) ક્ષેત્ર બધું, એ દ્રવ્ય, ગુણ, પર્યાય તેને જાણવાની .. એટલે લોકાલોક જ્ઞેય છે એ પણ અસ્તિ છે એમ સિદ્ધ કરે છે અને જેટલું અસ્તિ છે એટલું અહીંયા જ્ઞાનની પર્યાય જાણે છે પોતા દ્વારા એવડો જ્ઞાનનો એક પર્યાય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનસ્વભાવી... અહીંયા એનો જ્ઞાનનો એક સમયનો પર્યાય આવડો પ્રગટ થાય છે કે જેમાં લોકાલોક જણાય. અને ત્રણ કાળ ત્રણ લોક તો એક જ સમયમાં પરને સ્પર્શ્યા વિના પોતાના સામર્થ્યથી તે જાણે. એવા જ્ઞાનમાં અનંત અનંત આનંદ હોય છે. અને તેવડા જ્ઞાનને પ્રગટ કરવા એવડું જ મોટું સાધન જોઈએ ચારિત્ર. સમજાય છે કાંઈ? આવડું સર્વજ્ઞપદ આત્મામાં જે પ્રગટ થાય, એક સમયની જે દશા, એ જ્ઞાનની પૂરી અવસ્થા છે. અને તે એક સમયની અવસ્થામાં ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાય-ક્ષેત્ર-કાળ જણાય. એટલે

આ અસ્તિ પણ આમ સિદ્ધ કરે છે આવડું મોટું બધું અને એક બાજુ એને એક સમયની જાણવાની તાકાત અને એટલો સ્વતંત્ર પર્યાય (પ્રગટ થયો) તો એની સાથે અનંત આનંદ પણ સાથે છે. અને એ પ્રગટ કરવાના કારણરૂપ ચારિત્ર એના પ્રમાણમાં ચારિત્રનો શુદ્ધ ઉપયોગ કારણ હોય. એવું જે કેવળજ્ઞાન અને પૂર્ણ આનંદ પ્રગટ કરવો છે એના સાધન તરીકે શુદ્ધ ઉપયોગનું આચરણ તેના કારણરૂપ હોય. અને એ શુદ્ધ ઉપયોગના કારણ તરીકે પહેલું દર્શન અને જ્ઞાન હોય અને એ દર્શન અને જ્ઞાનના કારણરૂપે આવડું મોટું દ્રવ્ય તેના ધ્યેયમાં હોય. સમજાય છે કાંઈ?

એને પૂર્ણ દશા આત્માની, ભગવાન આત્મા એની પૂર્ણ દશા સર્વજ્ઞપદ એટલે પૂર્ણ આનંદપદ અને પૂર્ણ સ્વભાવ એનું હોવાપણું કેવડું? કે લોકાલોકને જાણે અને તે બધા અસ્તિપણે છે, છે એને જાણે ને? તો એ પણ અસ્તિ સિદ્ધ કરે છે સત્તા બધું અને અહીં એક સમયની અસ્તિત્વ એટલું બધું જાણે એટલી એની અસ્તિત્વશક્તિ છે. એવડા જ્ઞાનને પ્રગટ કરવા માટે અહીં ચારિત્ર કારણ લીધું છે ને? ચારિત્તં ખલુ ધમ્મો. ચારિત્રનું ફળ એ લીધું છે. સમજાય છે કાંઈ? એવા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનને પ્રગટ કરવાનું સાધન ચારિત્ર છે. સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગરૂપે રમવું એનું સાધારણ સાધન હોઈ શકે નહિ. પુણ્યના વિકલ્પ કે શુભભાવ કે તે સાધન ન હોઈ શકે. કારણ કે આવડું મોટું સામર્થ્ય જેને પ્રગટ કરવું છે એને દ્રવ્યના પૂર્ણ શુદ્ધ ઉપયોગનું સામર્થ્ય ચારિત્રનું પ્રગટ થાય એને કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ? એ એક આત્માનું આ કેવળજ્ઞાન વર્ણવતા ઘણી વાતનું અસ્તિત્વ સિદ્ધ કરે છે.

અને તે એવડું ચારિત્ર જે છે એ ચારિત્ર કઈ ભૂમિકામાં હોય? કે આ એક સમયનો આવો પર્યાય, એવી એવી અનંતી પર્યાયનો એક ગુણ, એવા અનંતા ગુણનું એક દ્રવ્ય. એવા દ્રવ્યના ધ્યેયે સમ્યગ્દર્શન (થાય). આવડાના આવડા દ્રવ્યને સ્વીકારતા સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટ થાય. સમજાય છે કાંઈ? આવડું અસ્તિત્વ જે મોટું. આ તો એક સમયની પર્યાયનું અસ્તિત્વ, પણ આ તો મોટું દ્રવ્યનું હોવાપણું. સમજાય છે કાંઈ? એક સમયનો દ્રવ્યસ્વભાવ... ગયા ઓલા સોગનચંદજી? સમજાણું કાંઈ? એક સમયનો દ્રવ્યસ્વભાવ એટલો મોટો કેટલા સામર્થ્યવાળો કે જેના ધ્યેયે સમ્યક્ જેવું છે તેવી એની પ્રતીતિ જ્ઞાનમાં ભાન સહિત થાય. જે પ્રતીતિનું કારણ દ્રવ્ય, એ પ્રતીતિનું સામર્થ્ય કેટલું? સમજાય છે કાંઈ? અને એની સાથે થયેલું જ્ઞાન એનું સામર્થ્ય કેટલું? સારા પૂર્ણ દ્રવ્યને જેણે જ્ઞેય કરીને જાણ્યું. સમજાય છે કાંઈ? આ વાત એ રીતે જેમ છે તેમ સ્થાપીને એ વાતનું સ્પષ્ટીકરણ કરે છે. આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

એટલે કહે છે કે ભગવાન આત્મા જેની એક પૂર્ણ પર્યાયમાં આ લોકાલોક કેટલા! એવા એવા અનંતા કેવળજ્ઞાનીઓ જેના એક સમયના જ્ઞાનમાં જણાય. તે પણ એ છે માટે જણાય એમ નહિ. એ તો પોતાના અસ્તિત્વમાં એક સમયની અવસ્થાનો સ્વનો સ્વભાવ એવડો

છે. સમજાણું કાંઈ? ત્યાંથી ઉપાડ્યું જુઓને! ચારિત્તં ખલુ ધમ્મો. અને તેની પ્રધાનતા, દર્શન-જ્ઞાનપ્રધાન આચરણ છે તેમાં તે પમાય છે. આહા..હા..! અને તે દર્શન, જ્ઞાનનું કારણ દ્રવ્યસ્વભાવ, વિશુદ્ધ સામાન્ય દર્શનજ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. એવી અંતરમાં સ્વભાવ સન્મુખની પ્રતીતિ અને તેનું જ્ઞાન, એ પૂર્વક સ્વરૂપની રમણતાના શુદ્ધ ઉપયોગનું ચારિત્ર, એના ફળ તરીકે આ પૂર્ણ આનંદ અને સર્વજ્ઞપદ થાય છે. એ સર્વજ્ઞની પર્યાય કેવડી મોટી એના માટે આ બધું વર્ણન છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ સર્વજ્ઞની પર્યાય લોકાલોકને જાણે. અને જાણે જ્ઞાન લોકાલોકમાં પેઠું ન હોય? એમ પણ વ્યવહારે કહેવામાં આવે. એ માટે આવા દાખલો આપ્યો છે કે '**જોકે આંખ...**' આંખનો દાખલો આપ્યો છે. '**આંખ પોતાના પ્રદેશો વડે...**' એટલે પોતાના ક્ષેત્ર વડે, પોતાના ક્ષેત્રમાં રહીને આંખ '**રૂપી પદાર્થોને સ્પર્શતી નહિ હોવાથી...**' એ અગ્નિને, બરફને કે આ બાહ્ય ચીજને કોઈ રૂપીને એ આંખ અડતી નથી. '**નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે...**' આંખ અહીં અગ્નિને કે બરફને જાણતા આંખ કાંઈ બરફ અને અગ્નિમાં પ્રવેશ કરતી નથી. '**તોપણ તે રૂપી પદાર્થોને જાણતી-દેખતી હોવાથી વ્યવહારથી 'મારી આંખ ઘણા પદાર્થોમાં ફરી વળે છે' એમ કહેવાય છે.**' કહેવાય છે કે નહિ? કે મારી આંખ આમ બધે ફરી વળે છે, એમ. ફરી વળે છે એનો અર્થ જાણે છે. પણ અહીં ફરી વળે છે એમ કહેવામાં આવે છે.

'**એવી રીતે જોકે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા...**' આહા..હા..! સર્વજ્ઞતાપ્રાપ્ત ભગવાન, જેને સર્વજ્ઞદશા પ્રાપ્ત થઈ છે એવો આત્મા. સમજાણું કાંઈ? અને પરમાત્મા આવા હોય, સર્વજ્ઞ આવા હોય. એ સિવાયની વાતું કરતા હોય એ બધી ગપ અને કલ્પિત છે. સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા જ એવો જ્ઞાન અને આનંદના બેહદ સ્વભાવથી ભરેલો છે વસ્તુ, એને અંતર આશ્રયથી પ્રગટ થયેલી શુદ્ધ ઉપયોગ દ્વારા જે કેવળદશા એ કેવળજ્ઞાન, કહે છે કે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા—જેની દશામાં સર્વજ્ઞપદ પર્યાય પ્રાપ્ત છે એવો આત્મા '**પોતાના પ્રદેશો વડે...**' પોતાના ક્ષેત્ર જે અસંખ્યપ્રદેશમાં કેવળજ્ઞાન વ્યાપ્યું એ પ્રદેશો વડે '**જ્ઞેય પદાર્થોને સ્પર્શતો નહિ હોવાથી...**' લોકાલોકના ક્ષેત્ર-કાળને અને દ્રવ્ય-ગુણ-પર્યાયને અડતો નથી. આંખની જેમ.

'**નહિ હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે...**' ખરેખર તો જણાવાયોગ્ય પદાર્થમાં કેવળજ્ઞાનની પર્યાય પ્રવિષ્ટ થઈ છે નહિ, પ્રવિષ્ટ નથી. ઓહો..હો..! સમજાણું? '**તોપણ જ્ઞાયકદર્શક શક્તિની કોઈ પરમ અદ્‌ભૂત વિચિત્રતાને લીધે...**' પાઠમાં બે શબ્દ છે ને એટલે પછી ભાવાર્થમાં કહ્યું. જયચંદ્ર પંડિતે એટલી ન્યાય પૂરતી વાત કરી. તેથી જોયું અહીં. જયચંદ્ર પંડિત નહિ, પણ હેમરાજ... હેમરાજ પાંડે. જ્ઞાયકદર્શક શક્તિ. ભગવાન આત્મા એની જાણવાની શક્તિ અને દેખવાની શક્તિ. શક્તિ એટલે પર્યાય હોં અહીંયા. પ્રગટ. વસ્તુ

ચૈતન્યપુંજ પ્રભુ, એની વર્તમાન પ્રગટ પર્યાય જે થઈ, '**જ્ઞાયકદર્શક શક્તિની કોઈ પરમ અદ્‌ભુત વિચિત્રતાને લીધે (નિશ્ચયથી દૂર રહ્યા પણ)...**' જગતના જ્ઞેયો-ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાનથી દૂર રહ્યા હોવા છતાં '**તે સમસ્ત જ્ઞેયાકારોને જાણતો-દેખતો હોવાથી...**' સમજાય છે કાંઈ? જેટલા જણાવાયોગ્ય પદાર્થ છે એ બધાની વિશેષતા સહિત સામાન્ય બધું જાણે છે.

'**વ્યવહારથી આત્મા સર્વ દ્રવ્ય-પર્યાયોમાં પેસી જાય છે એમ કહેવાય છે.**' જેમ આંખ ફરી વળે છે, એમ જ્ઞાન-દર્શન જાણે બધે ફરી વળ્યું છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. છે તો પોતાના જ પ્રદેશ ક્ષેત્રમાં રહેલી જ્ઞાનની અવસ્થા. પોતાના ક્ષેત્રમાં રહેલી અસંખ્ય પ્રદેશમાં જ્ઞાન અને દર્શનની અવસ્થા એ લોકાલોકને જાણે છે એ અપેક્ષાએ જાણે ફરી વળે છે એમ કહેવામાં આવે છે. '**આ રીતે વ્યવહારથી જ્ઞેય પદાર્થોમાં આત્માનો પ્રવેશ...**' ઉપચારથી '**સિદ્ધ થાય છે.**' વ્યવહાર એટલે ઉપચાર. યથાર્થપણે તો છે નહિ. ઓહો..! એટલે કે જાણે છે, એમ.

'**હવે આ રીતે (નીચે પ્રમાણે) જ્ઞાન પદાર્થોમાં વર્તે છે...**' જુઓ! એ સર્વજ્ઞનું જ્ઞાન પદાર્થોમાં આ રીતે વ્યવહારે વર્તે છે '**એમ (દૃષ્ટાંત દ્વારા) સ્પષ્ટ કરે છે :—**' એ દૃષ્ટાંત તો.. સમજાય છે? '**अक्खातीदो**' હતું ને? એમાં '**रुवम् चकखु**' સાધારણ દાખલો આપ્યો હતો. હવે દૂધનો અને નીલમણિનો દાખલો આપે છે. ...

**रयणमिह इंदणीलं दुद्धज्झसियं जहा सभासाए।**
**अभिभूय तं पि दुद्धं वट्टदि तह णाणमट्ठे सु।।३०।।**
**જ્યમ દૂધમાં સ્થિત ઈન્દ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે,**
**દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦.**

ઓહો..હો..! અર્થો સિદ્ધિ કરે છે, જ્ઞાનનું સામર્થ્ય સિદ્ધ કરે છે. બેને અડતાં નથી છતાં જાણે છે એ અપેક્ષાએ પ્રવેશ કરે છે એમ પણ વ્યવહારથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :- જેમ દૂધમાં રહેલું ઈન્દ્રનીલ રત્ન...**' રત્ન છે ને ઊંચું? બહુ ઊંચા રત્ન હોય ને. એ '**દૂધમાં રહેલું ઈન્દ્રનીલ રત્ન પોતાની પ્રભાના સમૂહ વડે...**' જાણે કે રત્ન છે એનો પ્રવાહ. ખરેખર તો રત્ન તો રત્નના ક્ષેત્રમાં જ છે, પણ એની લીલી ઝાંય પડે છે ને, એ છે પુદ્‌ગલ બીજા એનાથી. પણ એને ભેગું ગણીને '**પોતાની પ્રભાના સમૂહ વડે દૂધમાં વ્યાપીને વર્તતું દેખાય છે,...**' એ દૂધમાં ઈન્દ્રનીલ પડ્યું હોય તો આખું દૂધ લીલું હોય એમ દેખાય છે. દૂધ લીલું એમ દેખાય. સમજાણું કાંઈ?

'**તેમ,...**' ઓલામાં આવે છે ને? અનુભવપ્રકાશમાં દાખલો આવે છે ને? મણિનો નીલમણિનો આવે છે. એક માણસ હતો તે ઘણાં મણિરત્નના ઢગલા ઘણા હતા ત્યાં રહેતો હતો. પણ એને કાંઈ કિંમત નહોતી. એટલે પછી એકાદ નીલમણિ એના કંદોરામાં રહી ગયું

કંદોરામાં. ... એમાં એ ન્હાતો હતો એમાં પાણી લીલું થઈ ગયું. એમાં એ ઝવેરીએ જોયું. ઝવેરી કહે આ શું? ગરીબ માણસ ન્હાય છે ને. આખું પાણી લીલું થઈ ગયું. પછી .. આ રત્ન મને દેવું છે? મારી હજાર સોનાની મહોર પડી છે. હેં..! એની કિંમત આ! છે એ. ... હજાર વખારું ભરી છે સોનાની એ (લે અને આ) મને દે એવી કિંમતી ચીજ છે. હેં..! હું તો અમથો બાંધીને અહીં લાવ્યો હતો સાધારણ રીતે. હું રહેતો હતો ત્યાં તો મોટા ઢગલા હતા.

એમ આત્માની એક સમયની પર્યાય નીલમણિ રત્ન જેવી લોકાલોકને જાણે પ્રભા કરે એવી એની શક્તિ છે. એવી એવી અનંતી નીલમણિની પર્યાયોનો રત્નનો ઢગલો ભગવાન છે. સમજાય છે કાંઈ? કિંમત ન મળે, કિંમત ન મળે. એટલે કહે છે કે ભાઈ! **'ઇન્દ્રનીલ રત્ન પોતાની પ્રભાના સમૂહ વડે દૂધમાં વ્યાપીને વર્તતું દેખાય છે, તેમ સંવેદન (જ્ઞાન) પણ,...'** અહીં સંવેદન ભાષા જ્ઞાનને વાપરી. એટલે એ વાપરે છે ને ભાઈ રતનચંદજી. સંવેદન જ્ઞાનને કહેવાય, અનુભવ જ હોય એમ નહિ. અનુભવ એટલે શું? ઓલું અહીં જ્ઞાન છે ને. આ રહ્યું જુઓ. કહેવામાં ક્યાં વાંધો છે કે જ્ઞાન છે. માટે અર્થ નાખ્યો છે એણે. સમજાણું કાંઈ? આ તો સંવેદન જ્ઞાનના જ અર્થમાં છે અહીં અત્યારે. પણ એ જ્ઞાનના અર્થમાં હોવા છતાં જ્યાં અનુભવ છે ત્યાં જ્ઞાનના વેદન અને આનંદ સહિતનો અનુભવ તેને સ્વસંવેદન કહે છે. સ્વસંવેદન છે ને, એ સ્વ અને સંવેદન એટલે સ્વનું જ્ઞાન. એમ ત્યાં અર્થ કર્યો છે ભાઈએ. સ્વસંવેદન, સ્વનું સંવેદન. એ સ્વનું જ્ઞાનનો અર્થ ભાઈ! જ્ઞાનને સ્પર્શેલું જ્ઞાન, રાગરહિત થઈને જ્ઞાનને સ્પર્શ્યું ત્યારે ભેગો આનંદસહિતનું સ્પર્શ્યું ત્યારે તેને સ્વવેદન કહેવાય છે. એકલું જ્ઞાન એ જ્ઞાન. તો તો કહે છે કે જ્ઞાન એકલો આત્મા એમ નથી. એ તો આનંદ આદિ સહિત આત્મા છે એમ તો સિદ્ધ કરે છે અહીંયા. એકલું જ્ઞાનનું જ્ઞાન થાય તો આત્મા તો અનંત આનંદ અને અનંત શક્તિનો પિંડ છે. તો એકલું જો જ્ઞાન પ્રગટે તો તો એને દ્રવ્યની દૃષ્ટિ અને દ્રવ્યનો અંશ પ્રગટ્યો નથી. અમરચંદભાઈ! એટલે સંવેદન જ્યાં સ્વસંવેદન આવે છે તેમાં આખો આત્મા જે અનંત ગુણનો પિંડ છે એની અંતર દૃષ્ટિ થતાં એ આનંદસહિત અનંત ગુણના અંશો નિર્મળ પ્રગટ થયા એના વેદનને અહીંયાં સ્વસંવેદન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શબ્દના અર્થ કરવામાં વાંધા, તકરાર. અરે..! ભગવાન! શું છે?

આખી વસ્તુ છે ... જ્યારે અનાદિથી રાગ અને દ્વેષ અને વિકારનું વેદન હતું એ તો દુઃખરૂપ વેદન હતું. એ તો વસ્તુને આડ મારીને એકલા વિકારનું વેદન હતું. ત્યારે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ છે એમ જ્યાં અંતર્દૃષ્ટિ થઈ ત્યારે આ વેદન વિકારનું હતું એનાથી ફરે કે નહિ કાંઈ? સમજાય છે કાંઈ?

એ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ આનંદમૂર્તિ એની દૃષ્ટિ થતાં એનો આનંદ ને જ્ઞાન

ને શાંતિ એટલે સ્થિરતા અને સ્વરૂપાચરણ વગેરે અનંતુ વીર્ય, એ બધા અંશોની નિર્મળતાનું વેદન થાય, ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવાય. કેમકે સમ્યક્ આખી ચીજની પ્રતીતિ થઈ અને આખી ચીજનું જ્ઞાન થયું. તો આખી ચીજમાં તો અનંતા ગુણો છે. એક જ જ્ઞાનગુણની પ્રતીતિ, એમ નથી અહીંયા. સમજાણું કાંઈ? અરે..! ભાવ એવા અને માણસોને અંદર તૈયારી ન મળે એટલે લોકો બિચારા ક્યાંના ક્યાં અથડાય છે. માંડ મનુષ્યપણું મળ્યું છે ચોર્યાસીના અવતારમાં. એમાં ઘણાં (વર્ષ) તો ચાલ્યા ગયા ને. ભગવાનજીભાઈ! ૪૦, ૫૦-૫૦, ૬૦ વર્ષ તો ચાલ્યા ગયા. અરે..! એને કરવાનું જે છે એ ન કરે અને આડ મારીને બીજે જાય, બાપા! આરા નહિ આવે ભાઈ! એ દુનિયામાં તારું રહેવું, અજ્ઞાનમાં, દુઃખમાં સહન થશે નહિ ભાઈ! અહીં કહે છે કે તું અવળાઈ શું કરે છે? બાપા! અહીં જેને જ્ઞાનની આવડી પર્યાય કીધી એને ભલે અમે અહીંયાં સંવેદન કહ્યું. સમજાય છે? પણ એથી એકલું જ જ્ઞાન છે એમ નથી. શું કહે છે?

મુમુક્ષુ :- રાગ-દ્વેષ વગરનું...

ઉત્તર :- રાગ-દ્વેષ વિનાનું જ્ઞાન એમાં અંનતા ગુણોનું જ્ઞાન અને દ્રવ્યનું જ્ઞાન આવી ગયું.

મુમુક્ષુ :- એ જ્ઞાન પોતાનું ...

ઉત્તર :- પોતાના અનંતા ગુણો અને અનંત આનંદનું આવી ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાન કહે ત્યાં સ્વસંવેદન કહેતા સમકિતીને આનંદનું વેદન આવે તો એને માન્ય નથી પાછું. એ તો શ્રદ્ધા હોય. એટલે સમકિતને સહેલું કરવા... આ તો મોંઘું થઈ પડે. એકલું જાણપણું. ભેગો આનંદ લેવા જાય તો આનંદ ન મળે અને સમકિતી તો નામ ધરાવવું છે. વ્યવહારની ...

બીજી રીતે કહીએ, આત્મા દ્રવ્યસ્વરૂપ જે અખંડ અભેદ છે એની દૃષ્ટિ થતાં જેટલા અભેદ ગુણો છે તેટલા બધા ગુણોમાં વેદન હોય અંદર, એને નિશ્ચય કહીએ. સમજાણું કાંઈ? હજી શું કહે છે એને પકડતા વાર લાગે. અહીં તો અહીં સંવેદન શબ્દ આવ્યો ને એ લોકો કેટલાક કહે કે સંવેદન એટલે જ્ઞાન, સ્વસંવેદન એટલે જ્ઞાનનું નામ સ્વસંવેદન, અનુભવનું નામ જ્ઞાન. જ્ઞાનમાં વળી આનંદનું વેદન આવ્યું એ વાત નહિ, એમ. ...ભાઈ! કારણ કે જે ભૂમિકામાં બેઠો ત્યાં આનંદ છે નહિ એને અને સમકિતી મનાવવું છે. સમજાણું કાંઈ? એ વસ્તુની દૃષ્ટિ થઈ નથી એટલે આનંદ છે નહિ, શાંતિ છે નહિ, અનંતા ગુણોની નિર્મળતાનું વેદન જે જોઈએ એ છે નહિ એટલે સમકિતી છે નહિ. પણ અનેકાંતને માનનારા અમે સમકિત છીએ. સમજાણું કાંઈ? પણ અનેકાંત ક્યાં આવ્યું તારું આમાં? અનેક અંત એવા જે અનંત ધર્મસ્વભાવ આત્મામાં એવા અનેક અંત એવું જે દ્રવ્યસ્વરૂપ એ પોતાથી છે, પરથી નથી એવા અનંત ગુણો તેના તરફની એકતા થતાં અનંતા ગુણોનું વ્યક્તપણું, પ્રગટપણું થાય ત્યારે

તો તેને દ્રવ્યની દૃષ્ટિનું, દ્રવ્યનું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય? જગત લૂંટાય છે અનાદિથી. અરેરે..! ક્યાં જશે? ભાઈ! તારે શું કરવું છે?

હજી તો આવી ચીજ છે એને માનવી કઠણ પડે છે. સમજાણું કાંઈ? અને એવા શ્રદ્ધામાં જે આવું .. એ શ્રદ્ધાસહિતમાં વર્તન એ ચારિત્ર અને એના ફળમાં મોક્ષ. એકદમ બહુ હલકુ બનાવી દીધું અહીં. ભાઈ! સમજાણું કાંઈ આમાં? આહા..હા..! ફક્ત શ્રદ્ધા કે આત્મા છે, એટલું. પણ એ શ્રદ્ધા કોને કહેવી? શ્રદ્ધા આંધળી થઈ? વસ્તુ આખી અનંત ગુણનો પિંડ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકમૂર્તિ એને સ્પર્શીને જે પ્રતીત અને જ્ઞાન થયું, અનંતા ગુણોનું વેદન પ્રગટ થયું, ત્યારે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અનુભવ કહેવામાં આવે છે. એ અહીં વેદનમાં એકલું જ્ઞાન નામ આપ્યું માટે એ બધા અનુભવને જ એકલું જ્ઞાન કહેવું એ વાત સાચી નથી. અરે..! ભગવાન! સમજાય છે કાંઈ?

અહીં તો કેવળજ્ઞાનને સિદ્ધ કરવું છે ને. તો કેવળજ્ઞાનને સિદ્ધ કરવું છે તો ભેગો આનંદ નથી આમાં? એકલું જાણે છે પરને એટલું છે ત્યાં? અહીં તો કેવળજ્ઞાનની એક પર્યાય પૂર્ણ આવડી... આનંદમાં કાંઈ જાણવું નથી રહેતું. સમજાય છે? સમકિતમાં કાંઈ જાણવું નથી, સમકિત તો પ્રતીતરૂપ છે. આનંદ, શાંતિના વેદનરૂપ છે આનંદ અને આ જ્ઞાનની પર્યાયની એટલી તાકાત છે કે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય અને ત્રણ કાળના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે માટે જ્ઞાનની પ્રધાનતાથી આ વાત કરવામાં આવે છે. સમજાણું કાંઈ? મૂળ તો આત્માનું પૂરું રૂપ પર્યાયમાં પ્રગટે તેને અહીંયા સર્વજ્ઞ કહેવામાં આવે છે. ત્યારે એ પર્યાયે પૂરો થયો. એવડો આત્મા એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આંખનો દાખલો કહીને કહ્યું. ઓલા નીલમણિનો દાખલો. '**તેમ સંવેદન (જ્ઞાન) પણ આત્માથી અભિન્ન હોવાથી...**' ભગવાન આત્મા પોતાના સ્વરૂપની શુદ્ધતાના રમણતાના ફળ તરીકે જે સર્વજ્ઞપદ, જે આનંદ પ્રગટ્યો, સર્વજ્ઞપદ એ જ્ઞાન આત્માથી તો અભિન્ન છે. કાંઈ આત્માથી જ્ઞાન જુદું નથી. જેમ આંખથી આંખનો પ્રકાશ છે એ કાંઈ જુદો નથી. '**કર્તા -અંશ વડે આત્માપણાને પામતું થકું...**' શું કહે છે? એ '**(જ્ઞાન) પણ આત્માથી અભિન્ન હોવાથી કર્તા-અંશ વડે આત્માપણાને...**' જ્ઞાન કર્તા થઈને આત્માપણાને. નીચે છે- '**પ્રમાણદૃષ્ટિથી સંવેદન અર્થાત્ જ્ઞાન કહેતા અનંત ગુણપર્યાયનો પિંડ સમજાય છે.**' જુઓ! તેને અહીં સંવેદન જ્ઞાન કહ્યું છે. '**પ્રમાણદૃષ્ટિથી સંવેદન અર્થાત્ જ્ઞાન કહેતા અનંત ગુણપર્યાયનો પિંડ સમજાય છે.**' એટલું. હવે અહીં તો એ સંવેદન એટલું કીધું છતાં બધું આખું ભેગું છે, નથી એમ નહિ.

'**તેમાં જો કર્તા, કરણ આદિ અંશો પાડવામાં આવે તો કર્તા-અંશ તે અખંડ આત્મદ્રવ્ય છે...**' અખંડ આત્મદ્રવ્ય છે એમ કીધું છે. ખરેખર તો કર્તા દ્રવ્યનો અંશ પરિણમે છે એ કર્તા વર્તમાન પર્યાયથી થાય. પણ આખો કર્તા દ્રવ્યને સિદ્ધ કર્યો છે. કર્તાપણું જે

કારકપણું છે એ તો વર્તમાન કર્તાપણામાં પર્યાયનો પરિણમન છે તે કર્તાનો અંશ છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં દ્રવ્ય આખું છે કર્તા, આખું દ્રવ્ય કર્તા છે ને વસ્તુ. અનંત ગુણની પર્યાયના પિંડનો કર્તા આખું દ્રવ્ય છે એટલે અહીં જ્ઞાનને ગણીને '**જો કર્તા, કરણ આદિ અંશો પાડવામાં આવે તો કર્તા-અંશ તે અખંડ આત્મદ્રવ્ય છે...**' એટલે અખંડ આત્મદ્રવ્ય તે કર્તા છે '**અને કરણ-અંશ તે જ્ઞાનગુણ છે.**' એ જ્ઞાનગુણ દ્વારા, કર્તા આત્મા જ્ઞાનગુણ દ્વારા લોકાલોકને જાણે છે. સમજાણું કાંઈ? જ્ઞાનગુણ છે. લ્યો એટલું. જુઓ સંવેદનની વ્યાખ્યામાં એ આવ્યું. સમજાણું કાંઈ? નહિતર અહીં તો સંવેદન એટલે જ્ઞાન એકલું કહ્યું. પણ અહીં સંવેદન પાછું આવશે ને સામું? 'નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહિ.' એ આખું આમાં આવે છે, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા આમ જ્ઞાનની પર્યાય જે સર્વજ્ઞપર્યાય પ્રગટ થઈ એ '**કર્તા-અંશ વડે...**' કહો તો આત્મા કર્તા છે અને કરણ નામ સાધન જ્ઞાન દ્વારા એ પરને જાણે છે. જ્ઞાન દ્વારા એટલે જ્ઞાન કરણ થયું, કરણ-સાધન થયું. સમજાણું કાંઈ? '**કર્તા-અંશ વડે આત્મપણાને પામતું...**' કોણ? ઓલું આખું જ્ઞાન. અને '**જ્ઞાનરૂપ કરણ-અંશ વડે...**' ત્યાં એકલું જ્ઞાન જુદું પાડ્યું છે પાછું. કર્તાનું સંવેદન લીધું છે આખું. '**જ્ઞાનરૂપ કરણ-અંશ વડે કારણભૂત પદાર્થોના કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોમાં વ્યાપીને વર્તે છે,...**' શું કહે છે? કારણભૂતની વ્યાખ્યા કરી. જગતના બધા પદાર્થો કારણ છે અને તેમનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો તે દ્રવ્યના તે કારણના તે કાર્ય છે. શું કીધું સમજાણું?

આત્મા સિવાય લોકાલોક જે જ્ઞાનમાં જણાય છે એ બધા પદાર્થો છે એ કારણ સામાન્ય. અને કારણનું કાર્ય એના દ્રવ્ય-ગુણ-પર્યાય તેના કાર્ય. સમજાય છે કાંઈ? એ '**કારણભૂત પદાર્થોના કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારો...**' પર-પર. એમાં '**વ્યાપીને વર્તે છે,...**' એમ કહેવામાં આવે છે. '**તેથી કાર્યમાં કારણનો (-જ્ઞેયાકારોમાં પદાર્થોનો) ઉપચાર કરીને...**' એ જ્ઞેયાકાર અહીં જણાય છે ને? એમાં પદાર્થો, જ્ઞેયાકારોમાં પદાર્થોનો ઉપચાર કરીને '**જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે...**' જ્ઞાન જાણે પરમાં વ્યાપીને વર્તે છે '**એમ કહેવું વિરોધ પામતું નથી.**' વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ગાથાઓ કરીને પણ સંતોએ.. એ વસ્તુની સત્તામાં હોવાપણાનું એટલું સામર્થ્ય આદિ, તો આખા દ્રવ્યનું કેટલું સામર્થ્ય! સમજાય છે? અને તે પણ તેના જાણવામાં આવે એવા સામે અનંતા અસ્તિત્વવાળા-સત્તાવાળા પદાર્થો છે એ બધું નક્કી કરાવીને આ પદાર્થનું સામર્થ્ય વર્ણવે છે. સમજાણું કાંઈ? '**ઉપચાર કરીને જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે...**' છે ને '**(જ્ઞેયાકારોમાં પદાર્થોનો) ઉપચાર કરીને....**' એમ. '**જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે એમ કહેવું વિરોધ પામતું નથી.**'

'**ભાવાર્થ :- જેમ દૂધથી ભરેલા વાસણમાં રહેલું ઈન્દ્રનીલ રત્ન (નીલમ) સઘળા**

**દૂધને પોતાની પ્રભા વડે નીલવર્ણ કરે છે...'** પોતાની પ્રભા. છે તો નીલમણિ નીલના ક્ષેત્રમાં અને જે પ્રભા છે ને એ તો ખરેખર બીજા પરમાણુના સ્કંધ છે. પણ એને અભેદ ગણીને અહીંયાં રત્ન નીલની પ્રભા છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ તો અનંતા પરમાણુનો સ્કંધ છે ને. અહીં દૃષ્ટાંત આપવો છે જ્ઞાનમાં. હવે એને દૃષ્ટાંત આપીને એમ કહે કે ભાઈ! જ્ઞાનપ્રભા વડે, પ્રકાશ વડે બધાને આમ જાણે છે. જેમ રત્ન જે છે એના પ્રભા વડે બધા દૂધને લીલું કરી નાખે છે.

**'તેમ જ્ઞેયોથી ભરેલા વિશ્વમાં...'** જેમ ઓલા દૂધમાં નીલમણિ પડ્યું ને? એમ આખા જ્ઞેયો લોકાલોક ભરેલો છે એમાં ભગવાન આત્મા છે અંદર. **'જ્ઞેયોથી ભરેલા વિશ્વમાં રહેલો આત્મા...'** જેમ દૂધમાં રહેલું નીલમણિ રત્ન પોતાની પ્રભાથી જાણે બધાને લીલું કરે છે. લોકાલોક જગત એમાં આ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞપર્યાય જ્યાં પ્રગટી, (એ) લોકાલોકની મધ્યમાં રહેલું બધાને પ્રકાશે છે અને બધામાં વ્યાપે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? નહિતર એટલું બધું છે એ પ્રવેશ જ છે એક ન્યાયે. ભગવાન આત્મા જ્ઞાનમાં બધું જાણે છે ને. એના જાણવાની પર્યાય પોતાની, એમાં જ્યારે પદાર્થનો આરોપ કરીને કહો તો જ્ઞાન પરમાં પ્રવેશેલું છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. એ તો વસ્તુ સિદ્ધ કરી છે આખી ભિન્ન અને એનાથી જાણનારો તદ્દન ભિન્ન, ભગવાન પરમાત્મદશાને પામે એ તદ્દન ભિન્ન છે. પણ આ ચીજનું જેટલું સ્વરૂપ છે તેવું જ્યાં જ્ઞાનમાં આવી જાય છે એથી જ્ઞાનાકાર થયેલું જ્ઞાન એમાં ઓલા પદાર્થ નિમિત્ત હતાં, એ પદાર્થો જાણે અહીં આવી ગયા અથવા જ્ઞાન પદાર્થમાં પેઠું એમ વ્યવહારે કહેવામાં આવે છે.

**'આત્મા સમસ્ત જ્ઞેયોને...'** જોયું! **'(લોકાલોકને) પોતાની જ્ઞાનપ્રભા વડે પ્રકાશિત કરે છે અર્થાત્ જાણે છે તેથી વ્યવહારે આત્માનું જ્ઞાન અને આત્મા સર્વવ્યાપી કહેવાય છે...'** આત્માનું જ્ઞાન અને આત્મા બેય. એમ. બેય દ્રવ્ય અને ગુણ. અહીં તો જ્ઞાન એટલે પર્યાય છે. સમજાય છે? અને આત્માનું જ્ઞાન અને આત્મા સર્વવ્યાપી કહેવાય છે. આ અપેક્ષાએ. ઓલા લોકો કહે છે કે સર્વવ્યાપી આત્મા થઈ જાય છે. એ વાતનું જૂઠાપણું સિદ્ધ કરવા વાસ્તવિક તત્ત્વની સ્થિતિ આ છે એમ વર્ણવે છે. સમજાણું કાંઈ? **'(જોકે નિશ્ચયથી તો તેઓ પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ રહેલાં છે, જ્ઞેયોમાં પેઠાં નથી).'** કોણ પેઠા નથી? જ્ઞાન અને આત્મા એમ. બે લીધા ને બે? જ્ઞાન અને આત્માએ પરને જાણતા પરમાં પ્રવેશ કર્યો નથી. ત્યારે એક ન્યાયે જાણે બધાને જાણ્યું છે જ્ઞાન અને આત્માએ એટલે બધામાં વ્યાપ્યો છે એમ વ્યવહારથી, ઉપચારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'હવે આ રીતે પદાર્થો જ્ઞાનમાં વર્તે છે એમ વ્યક્ત કરે છે :—'** **'આ ગાથામાં પણ જ્ઞાન શબ્દથી અનંત ગુણ-પર્યાયોના પિંડરૂપ જ્ઞાતૃદ્રવ્ય ખ્યાલમાં લેવું.'** લ્યો! નીચે લખ્યું છે.

**जदि ते ण अट्ठा णाणे णाणं ण होदि सव्वगयं।**

ઓલા સર્વગત-સર્વગત કરે છે કે નહિ? એને આ રીતે સર્વગત સિદ્ધ કરે છે કે વ્યવહારથી સર્વગત છે. નિશ્ચયથી તો પોતાના પ્રદેશમાં જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**जदि ते ण अट्ठा णाणे णाणं ण होदि सव्वगयं।**
**सव्वगयं वा णाणं कहं ण णाणट्ठिया अट्ठा।।३१।।**

જ્ઞાનમાં કાંઈ પદાર્થ નથી? એમ કહે છે. ઓલું જ્ઞાન પરમાં હતું. સમજાય છે? હવે જ્ઞાનમાં પદાર્થ આવી ગયા. સમજાણું કાંઈ? વ્યવહારે જ્ઞાન પરમાં વ્યાપ્યું હતું એમ કહ્યું. હવે પદાર્થો જ્ઞાનમાં આવી ગયા છે વ્યવહારે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,**
**ને સર્વગત છે જ્ઞાન તો ક્યમ જ્ઞાનસ્થિત અર્થો નહીં? ૩૧.**

ટીકા એની. અહો..! એક એક ગાથા રચીને કુંદકુંદાચાર્ય જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ કેવડું એમ સિદ્ધ કરે છે અને તેમ છતાં બધા જ્ઞેયો પદાર્થ છે તેને પણ જાણી લે છે, પ્રવેશ કરે છે અને એ પદાર્થો જાણે અહીં પ્રગટ કરે છે એવો વ્યવહાર પણ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**જો સમસ્ત સ્વ-જ્ઞેયાકારોના સમર્પણ દ્વારા...**' સ્વ-જ્ઞેયાકારો. આખી દુનિયાના જ્ઞેયના ભાગ વિશેષ બધું. લોકાલોક જેટલા છે જ્ઞેયો—અનંતા આત્મા, અનંત પરમાણુ, એના દ્રવ્ય, એના ગુણ, એની પર્યાય, આકાશનું દ્રવ્ય, એના ગુણની પર્યાય ક્ષેત્રથી અમાપ, કાળ વ્યવહારે ત્રિકાળ, બાકી કાળ દ્રવ્ય જે છે અસંખ્ય એના દ્રવ્ય, ગુણ અને પર્યાય. એ બધા '**સ્વ-જ્ઞેયાકારો સમર્પણ દ્વારા (જ્ઞાનમાં) ઊતર્યા થકા સર્વ પદાર્થો જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય.**' અહીં વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયમાં બધું લોકાલોક જાણ્યું, એથી જાણે જ્ઞાન લોકાલોકમાં વ્યાપ્યું એમ વ્યવહારથી કહ્યું. હવે એ લોકાલોકના પદાર્થ જ્ઞાનમાં અહીં આવી ગયા એમ કહે છે. એ સંબંધીનું જ્ઞાન આવ્યું એટલે એ આવ્યા એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

અહીં પરસ્પર છે ને .. વાત સિદ્ધ કરે છે ને. બેયનું અસ્તિત્વ આવડું મોટું, લોકાલોકનું અસ્તિત્વ અને ત્રણ કાળનું અસ્તિત્વ, છતાં જ્ઞાનની એક સમયની પર્યાયમાં બધું જણાઈ જાય છે. અને તેથી તેને એક સમયની પર્યાયમાં જે સર્વજ્ઞદશા, એ જ્ઞાનની દશા જાણે બધે ફરી ગઈ હોય એમ વ્યવહારથી કહેવાય છે. અને જ્યારે એ પદાર્થોનું જ્યારે અહીં જ્ઞાન થયું પોતામાં તે સંબંધીનું પોતાને કારણે, તો એ પદાર્થો પણ અહીંયા છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી ગાથાઓ ભિન્ન ભિન્ન મૂકીને કાંઈ નવરા હતા આચાર્ય? આહા..હા..! સમજાય છે કાંઈ?

વસ્તુનું સ્વરૂપ કેવડું કેટલું સામર્થ્ય છે? અને એ પ્રગટ્યું સામર્થ્ય એને કારણમાં ચારિત્રનું

કેટલું સામર્થ્ય હતું કે જેનાથી આ પ્રગટે? પોતે ચારિત્ર અંગીકાર કરીને પછી આ વાત કરે છે ને. આ સામ્યભાવના શુદ્ધ ઉપયોગના ફળ તરીકે સર્વજ્ઞને પ્રશંસે છે, સર્વજ્ઞના ફળને અનુમોદે છે. સમજાણું કાંઈ? પોતાને સર્વજ્ઞપદ નથી અત્યારે. પણ ભગવાન આત્મા શુદ્ધ અખંડ આનંદની પ્રતીત અને જ્ઞાનસહિતમાં જેને શુદ્ધ ઉપયોગની રમણતા છે એને આવી પર્યાય પ્રગટ થશે એની પ્રશંસા શુદ્ધ ઉપયોગની કરતા જ્ઞાનની પણ કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને કોઈ એમ લે કે જુઓ! ચારિત્રના ફળ તરીકે તો સર્વજ્ઞપદ હોય છે તો અત્યારે પણ હોય છે એમ વળી એક કહે છે. એય..! છે ને ઓલા પંડિત નહિ? કેવા ? પીડાવા. પીડાવાના પંડિતે આ બધા અર્થ કર્યા છે ને ધવલના, ઈ એમ કહે છે. કેવળ મોક્ષનો ક્યાં નિષેધ છે? આ રહ્યું અહીં જુઓ. ચારિત્રથી મોક્ષ થાય છે આચાર્ય પોતે કહે છે. એય..! એ તો વર્ણન કરે છે ભગવાન! એના ફળ તરીકે આવું જ્ઞાન હોય એનું સ્વરૂપ વર્ણવે છે. પણ પોતે કેવળજ્ઞાન પ્રાપ્ત આ ભવમાં છે કે થશે એમ છે નહિ. આ પોતે આચાર્ય છે એ પોતાની વર્તમાન સ્થિતિનું જ બધું વર્ણન કરે છે. એમ કોઈ કહે તો આ પણ એની વર્તમાન સ્થિતિ અને ચારિત્રના પરિણામમાં પ્રાપ્ત થશે માટે વર્ણન છે. આ તો ચારિત્રના ફળ તરીકે આવી જ્યાં દશા પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ (પ્રગટ થાય) એ ચારિત્ર ક્યું? શુદ્ધ ઉપયોગ. એકલા સ્વરૂપમાં શુદ્ધ આચરણરૂપે હતા એનાથી આ થશે એમ પ્રશંસે છે શુદ્ધ ઉપયોગને અને તેના ફળને પણ પ્રશંસે છે. ધીરૂભાઈ! વાંધો છે આમાં. આ તો મોક્ષથી કહે છે. ના પાડે છે મોક્ષથી, એમ કહે છે.

કહે છે કે જે **'સમસ્ત સ્વ-જ્ઞેયાકારોના સમર્પણ દ્વારા (જ્ઞાનમાં) ઊતર્યા થકા...'** દેખો! એ સંબંધીનું જ્ઞાન આવી ગયું છે ને એટલે એ ઉતર્યા એમ કહેવામાં આવે છે. **'સર્વ પદાર્થો...'** દેખો! **'જ્ઞાનમાં ન પ્રતિભાસે...'** બીજી લીટી છે એ. **'જો સમસ્ત સ્વ-જ્ઞેયાકારોના સમર્પણ દ્વારા...'** એક તો સ્વ જ્ઞેયાકારો અનંતા લોકાલોકને એમ સિદ્ધ કર્યા અને એ જ્ઞાનમાં ઊતર્યા થકા એ જ્ઞાન એ સંબંધીનું જ્ઞાન અહીં થઈ ગયું છે એથી તેમાં **'ઊતર્યા થકાં જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય.'** સર્વને જાણનારું કહી શકાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોએ આત્માને તો પામર જેવો માન્યો છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો છે એમ કહે છે. બનાવે કોણ? બને કોણ અને બનાવે કોણ?

કહે છે કે ભગવાન! તું (અને) એક એક આત્મા, ભાઈ! વસ્તુ છે ને એ, પદાર્થ છે ને, વસ્તુ છે ને, સિદ્ધ છે ને, તત્ત્વ છે ને? તત્ત્વ છે ને? તત્ત્વ છે ને? આત્મા તત્ત્વ છે ને? એ આત્મતત્ત્વમાં અંદર તત્ત્વનો જે સ્વભાવ બેહદ જ્ઞાનાનંદ જેની શક્તિનો સ્વભાવ છે એ સ્વભાવનું માપ અને હદ શું? એવા અનંત સ્વભાવથી અભિન્ન ભગવાન એની પર્યાયમાં

અભિન્નતા કરતાં... સમજાય છે કાંઈ? આત્મા એનું જે સત્ત્વ ભાવ બેહદ જ્ઞાન અને આનંદ આદિ અનંત ભાવ એનો સ્વભાવ એનાથી એકત્વ અભિન્ન, એવા સ્વભાવ સાથે પર્યાયને જેણે અભિન્ન એકત્વ કરી છે. સમજાય છે કાંઈ? એના ફળ તરીકે સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે. અને એ જ્ઞાન કેવડું મોટું છે? કે લોકાલોકના પદાર્થ જાણે એમાં પેસી ગયા હોય એવા સામર્થ્યવાળું છે. જ્ઞાન તો ત્યાં ગયું એમ કહ્યું એક ન્યાયે, હવે એ બધા અહીં આવી ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? ગજબ .. વર્ણન છે ભાઈ! એકલો પૂર્ણાનંદ પ્રભુ નાથ. કહો, સમજાણું આમાં? આહા..હા..!

ગડગડીને ગાજીને ઊઠે આત્મા ત્યારે સર્વજ્ઞપદને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, એમાં એકાકાર થઈને રમણતામાં જાગ્યો, સર્વજ્ઞ પોતે થઈ ગયો. એવડો એ આત્મા છે, ભાઈ! એવડો આત્મા કબુલ કર્યા વિના એને આત્મા (માન્યો) નથી. સમજાણું કાંઈ? આવે છે ને? 'જાગીને જોઉં તો વિશ્વ દિસે નહિ.' એનો અર્થ એમ નથી. વિશ્વ નથી એમ નહિ. મારું જ્ઞાન જ એવું પ્રગટ થઈ ગયું કે જાણે વિશ્વ મારામાં નથી, પણ એ વિશ્વ સંબંધીનું મારા જ્ઞાનની અવસ્થાનો સ્વભાવ શક્તિ જે હતો એ પ્રગટ-વ્યક્ત થઈ ગયો એ ... તેથી અહીં તો જરી એમ પણ કહી દીધું કે જ્ઞાનપર્યાય જાણે વિશ્વમાં વ્યાપી હોય એમ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. અને આખું વિશ્વ જાણે જ્ઞાનમાં આવી ગયું હોય. આહા..હા..! સમજાય છે કાંઈ? ખરેખર તે સંબંધીનું જ્ઞાન અહીં આવ્યું છે એથી એ આવ્યા એમ વ્યવહારે કહેવામાં આવે છે.

આત્માની શક્તિ પૂર્ણ અને એની પર્યાય પૂર્ણ, એવી એવી અનંતી પર્યાયની પૂર્ણતાનું રૂપ તેને પરમાત્મા કહેવાય છે. સમજાય છે? અને અંતર આત્મા એ વસ્તુ છે આખો પૂર્ણાનંદ એની પ્રતીત અને જ્ઞાન કરે તેને અંતરાત્મા કહેવાય અને એમાં સ્થિર થઈને પ્રગટ દશા થાય ત્યારે પરમાત્મા કહેવાય. અને એ આત્મા આવડો છે છતાં એક સમયના રાગ અને પુણ્ય જેટલો માને, વર્તમાન અંશના વિકાસ જેટલો માને, આખું તત્ત્વ રહી જાય એવા જીવને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય. અને જો તે (જ્ઞાન) સર્વગત માનવામાં આવે...'** સર્વગત. ... **'તો પછી (પદાર્થો) સાક્ષાત્ જ્ઞાનદર્પણભૂમિકામાં...'** જ્ઞાનના દર્પણરૂપી ભૂમિમાં **'ઊતરેલાં બિંબ સમાન પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો (હોવાથી)...'** જુઓ નીચે છે. **'બિંબ=દર્પણમાં જેનું પ્રતિબિંબ પડ્યું હોય તે.'** બિંબની વ્યાખ્યા. **'દર્પણમાં જેનું પ્રતિબિંબ પડ્યું હોય તે. (જ્ઞાનને દર્પણની ઉપમા આપીએ તો, પદાર્થોના જ્ઞેયાકારો બિંબ સમાન છે અને જ્ઞાનમાં થતાં જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો પ્રતિબિંબ જેવા છે.)'** આમ બિંબ છે સામે, આ પ્રતિબિંબ છે અહીં. જ્ઞાનની પર્યાય પરિણમી જાય. સમજાય છે કાંઈ? મનુષ્ય છે એ બિંબ

છે આમ અને અરીસામાં મનુષ્યનો આકાર થયો એ પ્રતિબિંબ છે. સમજાય છે કાંઈ? છે અરીસાની અવસ્થા. ઓલો મનુષ્ય છે એ બિંબ, અહીં (એનું) પ્રતિબિંબ. એમ લોકાલોક બિંબ અને અહીં જ્ઞાનની પર્યાય થઈ ગઈ એ પ્રમાણે એ પ્રતિબિંબ. બિંબનું પ્રતિબિંબ જાણે આમાં આવી ગયું હોય બિંબ એમ પણ વ્યવહારથી કહેવાય છે. એ પ્રતિબિંબ થઈ ગયું છે ને? આહા..હા..!

આવડા હોવાપણે આત્મા પર્યાયમાં હોય ત્યારે આ પૂરો આત્મા એમ અહીં વર્ણવે છે. એમ ને એમ સાધારણ માની લે, આત્મા છે અને આત્મા શું? અમે આત્માને માનીએ છીએ. પણ શું આત્મા? આત્મા તે શું ચીજ છે? પદાર્થ છે કે વસ્તુ છે, અનાદિ-અનંત છે, અણકરેલો છે, નાશ ન થાય એવો છે અને વસ્તુ છે તે અનંત સ્વભાવથી ભરેલો છે, અનંત શક્તિથી ભરેલો છે. હવે એની પ્રતીત અને એના ઠેકાણા ન મળે અને એને ધર્મ થાય. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા આવડો તેની અંદર દૃષ્ટિ અને જ્ઞાન, રમણતા થઈ, ચારિત્રસહિત પ્રગટ દશા થાય ત્યારે તેને પૂર્ણ વીતરાગ અને કેવળજ્ઞાનદશા થાય. એ જ્ઞાન જાણે લોકાલોક બિંબમાં પેસી ગયું હોય એમ વ્યવહારે કહેવામાં આવે છે. અને એ બિંબનું અહીં પ્રતિબિંબ થયું છે જ્ઞાનમાં, એથી એ બિંબો જાણે અહીં આવી ગયા હોય એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા..!

સામે માણસ હોય તો એવો જ આકાર દેખાય ને. એ આકાર માણસનો નથી ત્યાં. એ તો અરીસાનો આકાર છે. અરીસામાં દેખાય માણસ, એ માણસનો આકાર છે એ? પણ માણસ અહીં છે એનું બિંબ છે, એનું પ્રતિબિંબ છે. એમ તો કહેવાય કે જુઓ આ માણસ રહ્યો. જુઓ આ માણસ રહ્યો આમાં. એમ વ્યવહારે કહેવાય છે. સમજાય છે? એમ જ્ઞાનનો પર્યાય નિર્મળબિંબ દર્પણ સમાન છે એમાં લોકાલોક બિંબ નામ પરનિમિત્ત તરીકે છે, એ સંબંધીમાં જ્ઞાન થયું એ પ્રતિબિંબ સમાન છે. એથી પ્રતિબિંબ જ્ઞાનની અવસ્થામાં બિંબ જાણે આવ્યા અર્થો એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા..! બેયની અસ્તિત્વતા .. નથી જેને. એમ છે કહે છે હોં! છે પાછી. મોટી વર્ણવે છે એટલે મોટી નથી ને વર્ણવે છે એમ નથી.

વસ્તુ આવી છે અને આવું ફળ આવશે શુદ્ધ ઉપયોગવાળાને. સમજાણું કાંઈ? તેથી ચારિત્ર તે ધર્મ છે એમ ઉપાડીને આ બધી વાતું લીધી છે. આહાહા..! અમને પણ ચારિત્રના પ્રતાપે આવી દશા થશે એમ કહે છે કે આવડી દશા થશે. સમજાય છે? કોલકરાર કરીને કહે છે કે અમને આ થશે જ. પછી કરવાના છીએ, પછી નહિ થાય એ પ્રશ્ન છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવું સામર્થ્ય છે એને અરસપરસથી બેયના માહાત્મ્યથી વર્ણવે છે.

પ્રતિબિંબ સમાન છે. શું કીધું? **'બિંબ સમાન પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો (હોવાથી) અને પરંપરાએ પ્રતિબિંબ સમાન જ્ઞેયાકારોના કારણો હોવાથી...'** પ્રતિબિંબ સમાન છે ને ઓલાના કારણો? **'પદાર્થો કઈ રીતે જ્ઞાનસ્થિત નથી નક્કી થતા?'** એમ

'**(અવશ્ય જ્ઞાનસ્થિત નક્કી થાય છે.)**' છે ને નીચે. '**બિંબ=દર્પણમાં જેનું પ્રતિબિંબ પડ્યું હોય તે.**' બિંબની વ્યાખ્યા. મનુષ્ય આકાર તે બિંબ-નિમિત્ત અને અંદરમાં પ્રતિબિંબ. '**(જ્ઞાનને દર્પણની ઉપમા આપીએ તો, પદાર્થોના જ્ઞેયાકારો બિંબ સમાન છે...**' સામે. જ્ઞાન દર્પણ અને જ્ઞેયાકારો બિંબ. '**અને જ્ઞાનમાં થતાં જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો પ્રતિબિંબ જેવાં છે.)**' જેમ જ્ઞેય છે બિંબ એવું અહીં પ્રતિબિંબ જ્ઞેયાકાર છે. સમજાય છે કાંઈ? .. એકડો છે ને? પરંપરા છે ને પરંપરા?

'**પદાર્થો સાક્ષાત્ સ્વજ્ઞેયાકારોનાં કારણ છે (અર્થાત્ પદાર્થો પોતપોતાના જ્ઞેયાકારોનાં સાક્ષાત્ કારણ છે)...**' શું કહે છે? જગતની ચીજો આત્મા સિવાય અનંતા આત્માઓ, અનંતા રજકણો એ પદાર્થો પોતપોતાના દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ અને અવસ્થા તેનું તે કારણ છે. લ્યો ઠીક! સમજાણું કાંઈ? એ પણ સિદ્ધ કર્યું. દરેક દ્રવ્યની પર્યાયનું કારણ એ દ્રવ્ય પદાર્થ છે.

મુમુક્ષુ :- નિમિત્ત ક્યાં ગયું?

ઉત્તર :- ક્યાં ગયું હશે? એય..! દરેક જેટલાં દ્રવ્યો છે એના ગુણો અને પર્યાય. એ ગુણ અને પર્યાય દ્રવ્યનું કારણ પદાર્થ છે. એ દ્રવ્યનું કારણ પદાર્થ, ગુણનું કારણ પદાર્થ અને પર્યાયનું કારણ પદાર્થ. એનો પદાર્થ તેની પર્યાયનું કારણ છે. સમજાણું કાંઈ?

'**પદાર્થો પોતપોતાના જ્ઞેયાકારોનાં સાક્ષાત્ કારણ છે અને પરંપરાએ જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારોનાં (-જ્ઞાનાકારોનાં) કારણ છે.**' કેમકે એ બિંબ જે છે એ (રૂપ) અહીંયા પરિણમ્યું છે ને જ્ઞાન અવસ્થા? ખરેખર તો એના દ્રવ્ય-ગુણ-પર્યાયના કારણ એ પદાર્થ છે અને એ પદાર્થો આના કારણ છે, જ્ઞેયાકાર અહીં જ્ઞાન પરિણમ્યું એના કારણ છે એથી જ્ઞેયાકારોના કારણ પણ કહેવામાં આવે છે. છે તો એના (પોતાના) કારણ, પણ અહીં જ્ઞાન થયું છે ને એનું, એથી આનું કારણ એ છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! એવી વાત છે ભાઈ! સમજાણું કાંઈ? માટે '**(અવશ્ય જ્ઞાનસ્થિત નક્કી થાય છે.)**' ભગવાન જ્ઞાનસ્વરૂપમાં વિરાટ લોકાલોક જણાઈ જાય છે. એટલે જાણે વિરાટ લોકાલોક જાણે જ્ઞાનની અવસ્થામાં આવી ગયા છે એમ કહેવામાં વ્યવહારે આવે છે. જાધવજીભાઈ! આ મોટી વાતું બધી સાંભળી નથી ત્યાં ક્યાંય. આહા..હા..! ભગવાન આત્મા પણ પરમાં વ્યાપ્યો છે એમ પહેલું કહ્યું. જ્ઞાન અને આત્મા બેય, એમ. જ્ઞાન અને આત્મા બેય જાણે પરમાં (વ્યાપ્યા છે). કારણ કે એ પરનું જ્ઞાન થયું ને એટલે જાણે એમાં ગયો ખરેખર અને હવે એ ચીજો જે છે એ સંબંધી અહીં જ્ઞાન થયું. ખરેખર એ ચીજના કારણ તો એ છે, પણ અહીં જ્ઞાનની અવસ્થામાં નિમિત્ત કારણ હતા એથી આ પ્રતિબિંબ જાણે બિંબ અંદર આવી ગયા એમ વ્યવહારે કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૫, શુક્રવાર, તા. ૨૭.૯.૧૯૬૮**
**ગાથા-૩૧, ૩૨, પ્રવચન-૨૫**

પ્રવચનસાર, ૩૧મી ગાથા. શું ચાલે છે? કે આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ જે છે ત્રિકાળ તેના સન્મુખ થઈને દર્શન, જ્ઞાન અને ચારિત્રના નિશ્ચયરત્નત્રયરૂપ શુદ્ધ ઉપયોગરૂપે પરિણમતા તેને સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે. એની એક સમયની પર્યાયનું સામર્થ્ય કેટલું છે એનું આ વર્ણન છે બધું. આત્મા છે એનો જ્ઞાનગુણ છે એનું તો સામર્થ્ય અપરંપાર. તેમ પ્રગટેલી એક સમયની પર્યાયનું અસ્તિત્વ, અસ્તિત્વ—એની સત્તા, એનું સામર્થ્ય કેટલું છે. અને સામે લોકાલોક ત્રણ કાળ ત્રણ લોક પદાર્થ આદિ છે એ બધાં એક સમયમાં જ્ઞાનની અવસ્થામાં જણાઈ જાય એટલું જ્ઞાનનું સામર્થ્ય છે. એવડો પર્યાયમાં આત્મા જ્ઞાનની પર્યાયમાં મોટો છે. એવી પર્યાયોનો પિંડ ગુણ અને એવા અનંત ગુણનો પિંડ દ્રવ્ય મહા મહા મોટો છે. સમજાણું કાંઈ? એવા પદાર્થની અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ ધર્મ છે. આ જન્મ-મરણને ગાળવાનો ઉપાય આ છે. બાકી તો અનાદિથી રખડે છે. ક્યાંય ગતિના આરા નથી. નરકના, ઢોરના, કીડાના, કાગડાના ક્યાંય રખડે છે. અને જ્યાં સુધી આ સમ્યગ્દર્શન પ્રાપ્ત નહિ કરે ત્યાં સુધી મિથ્યાત્વમાં તો અનંતા સંસાર કરવાની તાકાત પડી છે. અને આ ભાન થતાં અનંતા લોકાલોક આદિ જે છે તેનું જ્ઞાન કરવાની તાકાત જાગે છે એમ કહે છે. જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ?

એ જરી બિંબ અને પ્રતિબિંબનો દાખલો આપી અને એ વસ્તુ પણ સામે એવી આખી છે અને એનું અહીંયા જ્ઞાનમાં પ્રતિબિંબ પડે. પ્રતિબિંબ શબ્દે એ જ્ઞાનાકારે જ્ઞાન અવસ્થા થાય છે, તેમાં એ જ્ઞેયો છે બધાં તેને બિંબ કહેવાય છે અને અહીં પર્યાય પરિણમે છે તેને અહીંયા પ્રતિબિંબ કહેવાય છે. બેનું સામર્થ્ય કેટલું છે... અને બિંબ આમાં આવી ગયા છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભાવાર્થ છે. '**દર્પણમાં...**' જેમ દર્પણ છે એમાં. '**મયૂર,...**' મોર-મોર. '**મંદિર, સૂર્ય, વૃક્ષ વગેરેનાં પ્રતિબિંબ પડે છે.**' એટલે કે દર્પણ તે સામી ચીજ છે તે રૂપે પોતાની અવસ્થા થાય છે. દર્પણમાં સામી ચીજ છે એ પ્રકારની અવસ્થા દર્પણમાં પોતાથી થાય છે. એ દર્પણમાં મોર દેખાય, '**મંદિર, સૂર્ય, વૃક્ષ વગેરેનાં પ્રતિબિંબ પડે છે. ત્યાં નિશ્ચયથી તો પ્રતિબિંબો દર્પણની જ અવસ્થા છે;...**' ખરેખર તો એ દર્પણની જ અવસ્થા છે. સામે દાખલો આપ્યો ને મોરનો? સમજાય છે? મંદિર એટલે મકાન. અરીસો મોટો હોય તો આખું મકાન એમાં દેખાય. મકાન પ્રમાણે અરીસા હોય છે ને મોટા? આખું મકાન દેખાય. એ મકાન તો મકાનમાં છે. અહીંયા અરીસો જે અવસ્થારૂપે પરિણમે છે એને

અહીંયા પ્રતિબિંબ અરીસાની અવસ્થા કહીએ. અને મકાન આદિ અને સૂર્ય આદિ. જુઓ સૂર્ય લીધો જુઓ! અરીસામાં સૂર્ય દેખાય છે ને? એ અરીસામાં સૂર્ય નથી. એ અરીસાની જ અવસ્થા છે. સૂર્ય તો બહાર રહી ગયો બિંબ તરીકે. અહીં સૂર્યની અવસ્થા, જેવું સૂર્યનું સ્વરૂપ છે એ રીતે અરીસો પોતાની અવસ્થાપણે અંદર પરિણમે છે.

એ મોર, મંદિર, સૂર્ય અને ઝાડ મોટું દેખો! ઝાડ મોટું હોય આંબાનું અને સામે અરીસો એવડો હોય તો એમાં દેખાય છે. એ ઝાડ છે એ બિંબ કહેવાય છે. સૂર્યને બિંબ કહીએ, વૃક્ષને બિંબ કહીએ, મકાનને, મોરને બિંબ કહીએ અને અરીસામાં થઈ અવસ્થાને પ્રતિબિંબ કહીએ. એ પ્રતિબિંબ છે તે ખરેખર '**પ્રતિબિંબો તો દર્પણની જ દશા છે.**' ખરેખર તો એ દર્પણની જ અવસ્થા છે. જુઓ, એક અરીસાના અનંતા રજકણની સ્વચ્છ અવસ્થાનું પણ આટલું સામર્થ્ય છે કે સામી ગમે તેટલી ચીજ હોય તો એ પોતામાં પોતાને કારણે એની જે સંબંધીની અવસ્થા પોતામાં ધારણ કરે છે. એ તો પ્રત્યક્ષ દેખાય છે ને, એમ કહે છે. આ દાખલો પ્રત્યક્ષનો કહે છે. એની સ્વચ્છતામાં એટલી અવસ્થા થાય એ બધી અરીસાની અવસ્થા છે. એની અવસ્થા સામે મોરની અવસ્થા, મંદિરની એ તો એમાં રહી. આમાં આવી છે ઈ?

'**છતાં દર્પણમાં પ્રતિબિંબો દેખીને,...**' દર્પણમાં એ મકાન, સૂર્ય, વૃક્ષ અને મોર એની અહીંયા અવસ્થા-આકાર-પ્રતિબિંબ **નૈમિત્તિક** દેખીને, **નિમિત્ત** તો ત્યાં રહ્યા, દેખીને '**કાર્યમાં કારણનો ઉપચાર કરીને...**' એટલે શું? કે દર્પણમાં જે **નૈમિત્તિક** કાર્ય થયું. છે ને નીચે જુઓ. '**પ્રતિબિંબો નૈમિત્તિક કારણ છે અને મયૂરાદિ નિમિત્ત-કારણ છે.**' દર્પણમાં જે અવસ્થા થઈ છે એ તો અવસ્થા અરીસાની **નૈમિત્તિક** કાર્યરૂપ અવસ્થા છે અને મોર, સૂર્ય એ **નિમિત્ત** છે. એ બિંબ બહાર છે. અહીં **નૈમિત્તિક** છે એ એની પોતાની અવસ્થા છે અરીસાની. એને પ્રતિબિંબ કહીએ, કાર્ય કહીએ અને એ કાર્યમાં **નિમિત્ત** કારણ હતાં તેથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને એ બિંબ આમાં છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કેટલી વાત .. કરી. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ આમાં અંદર છે ને. એ તો છે એનું સ્પષ્ટીકરણ. ગાથા દીઠ સર્વજ્ઞપદનું કેટલું કઈ રીતે સ્પષ્ટીકરણ કરે છે એમ. એના અસ્તિત્વનું... અંદર છે ને અંદર.

સાક્ષાત્ જ્ઞાનદર્પણ ભૂમિકામાં ઉતરેલા બિંબ સમાન... નથી અંદર? એ તો સામાન્ય છે તેનું આ વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે. પોતપોતાના જ્ઞેયાકારોનું... વસ્તુ છે તે પોતાના જ્ઞેયાકારોનું કારણ છે '**અને પરંપરાએ પ્રતિબિંબ સમાન જ્ઞેયાકારોનાં કારણો હોવાથી...**' છે ને અંદર? કહો, સમજાણું કાંઈ? આત્માની એક સમયની પૂર્ણ દશા જ્યાં પ્રગટી એનું કેટલું સામર્થ્ય, કેટલું સામર્થ્ય એના અસ્તિત્વની સત્તાનું, એને સ્પષ્ટીકરણ કરીને સામાને ખ્યાલ કરાવે

છે. આવડું જેનું સામર્થ્ય છે. આખો લોકાલોક એક બાજુ, એક બાજુ એક સમયની પર્યાય. એ પર્યાયમાં જાણે બિંબ છે એનું પ્રતિબિંબ છે. પ્રતિબિંબ એટલે? એના સંબંધી અહીં જે જ્ઞાનાકાર અવસ્થા છે એ પ્રતિબિંબ છે. સર્વજ્ઞપદમાં એ બિંબ છે. તો એ પ્રતિબિંબમાં કાર્ય જ્યાં થયું, નિમિત્તકારણ એ છે, તો કાર્યમાં એનું કારણ આરોપીને તો લોકાલોક જાણે અહીં જ્ઞાનમાં હોય એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વિરાટ સ્વરૂપ એનું છે એમ કહે છે. એક સમયની આત્માની જ્ઞાનસ્વભાવદશા વિરાટ-વિરાટ. ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશે વ્યાપેલી પર્યાય એટલી એક સમયની. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા...! આત્મા દ્રવ્ય છે, એમાં જ્ઞાનગુણ છે એ અસંખ્ય પ્રદેશે વ્યાપ્ત છે અને તે ત્રિકાળ છે. વસ્તુ ત્રિકાળ છે એમ એનો જ્ઞાનગુણ અસંખ્ય પ્રદેશ છે એમાં ત્રિકાળ વ્યાપ્ત છે અને એની જ્ઞાનની આ પર્યાય છે એ અસંખ્ય પ્રદેશે વ્યાપ્ત છે, પણ સ્થિતિ એની એક સમયની છે. એક સમયની સ્થિતિમાં આટલું સામર્થ્ય છે. એવડો આત્મા છે, પર્યાયમાં આવડો છે એવી તો અનંતી પર્યાયનું જ્ઞાન એવા અનંતા ગુણોનું એકરૂપ એવો આત્મા એક એક એવો છે એમ સિદ્ધ કરાવે છે. સમજાણું કાંઈ? પામર માનીને બેસી ગયા છે ને કે અમે આટલા છીએ, અમે રાગવાળા છીએ, એક સમયની પર્યાયવાળા છીએ. બાપુ! તારી તો અલ્પ પર્યાય ઉઘડેલી છે, પણ જેવી પર્યાય ઉઘડી છે એટલો પણ આત્મા નથી. સમજાણું કાંઈ? અહીં તો અલ્પજ્ઞ પર્યાય ઉઘડેલી છે દર્શન, જ્ઞાન, વીર્ય આદિ.

જ્યાં પૂર્ણ સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ, અનંત વીર્ય પ્રગટેલું છે, તોપણ એ એક સમયની અવસ્થા છે. સમજાય છે કાંઈ? એવી અનંતી અવસ્થાનો દરિયો એક એક ગુણ છે, એવા અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય મહા દરિયો છે. ચૈતન્યરત્નાકર છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આવું પૂર્ણ સ્વરૂપ એની પ્રતીત, જ્ઞાન અને રમણતાને પણ રત્નત્રય કહ્યા છે પર્યાયને. સમજાય છે કાંઈ? ભગવાન રત્નાકર પ્રભુ ચૈતન્યવસ્તુ છે, ભાઈ! એની કિંમત કરતા ન આવડે અને પરની કિંમત એમાંથી ખસે એમ ન બની શકે. એની કિંમત કરતા આવડે તો તેને પરની પર્યાયની કે રાગની પરની કિંમત એના હૃદયમાં જ્ઞાનમાંથી ઊડી જાય. સમજાણું કાંઈ? એ માટે અહીંયા શુદ્ધ ઉપયોગના ફળરૂપે સર્વજ્ઞની પર્યાયના સામર્થ્યને ઘણી વિવિધ પ્રકારે વર્ણવે છે. સમજાય છે કાંઈ?

એવી વાત વસ્તુની અસ્તિત્વના-સત્તાના સ્વભાવની વાત છે આ. સાધારણ માણસ આમ આત્મા આત્મા કરે એમ ન ચાલે. જેવો છે, જેમ છે, જે રીતે દશામાં છે એવી જ દશાનો સાગર આખો અને અનંત ગુણનો દરિયો, એવડા મોટા આત્માને પ્રતીતમાં લેવો એ કેટલો પુરુષાર્થ સમ્યગ્દર્શનમાં છે. આવડો મોટો આત્મા એને સમ્યક્ પ્રતીતમાં, સમ્યગ્જ્ઞાનમાં લેવો એ જ્ઞાન અને પ્રતીતનું કેટલું સામર્થ્ય છે! સમજાણું કાંઈ? અને એમાં રમણતા કરવી એ ચારિત્રનું કેટલું સામર્થ્ય છે! અને એના ફળ તરીકે સર્વજ્ઞપદ એના સામર્થ્યની શું વાત

કરવી!! આ તો જેને જન્મ-મરણ ટાળવા હોય અને જેને આત્મા જેમ છે તેમ પ્રતીત અને અનુભવ કરવો હોય, એની કિંમત કરીને એમાં રહેવું હોય અને પરની કિંમત ઉડાડીને નાશ કરી દેવી હોય પરની કિંમત—એને માટે આ વાત છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**કાર્યમાં કારણનો ઉપચાર કરીને મયૂરાદિ દર્પણમાં છે એમ વ્યવહારથી કહેવાય છે. એવી રીતે...**' એટલો સામર્થ્ય એક દર્પણનો દાખલો આપ્યો એમાં એને પ્રત્યક્ષ દેખાય છે એમ કહે છે. જડના અનંતા રજકણો એની સ્વચ્છતાની પર્યાયપણે પરિણમેલો અરીસો એમાં પણ આવા પદાર્થો પ્રતિબિંબ તરીકે, બિંબ ત્યાં અને પ્રતિબિંબ આ, જેવું હોય એમ જાણે ને? આ ભગવાનની મૂર્તિને પ્રતિબિંબ કેમ કહે છે સમજાય છે? કે જેવા ભગવાન પરમાત્મા પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ હતા બિંબ, એ રીતે સામે અહીં હોય તો એને પ્રતિબિંબ કહેવાય. નહિતર એને પ્રતિબિંબ ન કહેવાય. સમજાય છે કાંઈ? મૂર્તિ ભગવાનની પ્રતિમા પણ એવી જોઈએ કે જેવા ભગવાન હતા બિંબ એનું સામે પ્રતિબિંબ છે આ તો. વીતરાગ. વસ્ત્ર, અલંકાર રહિત. સમજાય છે? નગ્ન શરીરની પરમઔદારિક દશા, અંદર કેવળજ્ઞાનદશા એવી જે વસ્તુ છે એની પ્રતિમા એવી હોય. એને માટે વસ્ત્ર અને ઓલા નાખવા એ એનું પ્રતિબિંબ નથી. દાગીના ને આ લૂગડા ને આ શું કહેવાય? પહેરાવે છે ને? રૂપાના અને મુગટ ને એ ભગવાનનું પ્રતિબિંબ જ નથી. પ્રતિબિંબ જેવું હોય એવી ચીજ હોય તો પ્રતિબિંબ કહેવાય ને? એમ જ્ઞાનમાં લોકાલોક જેવા બિંબ છે તેવું જ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે. પ્રતિબિંબનો અર્થ કે જ્ઞાન તે અવસ્થારૂપે પરિણમે છે. સમજાય છે કાંઈ? એ કાંઈ આમ ઝળક આવતી નથી જ્ઞાનમાં.

'**જ્ઞાનદર્પણમાં પણ સર્વપદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોનાં...**' સમસ્ત પદાર્થોનાં '**સમસ્ત જ્ઞેયાકારોનાં...**' એટલે જે દ્રવ્ય-ગુણ-પર્યાય પદાર્થમાં છે તેના પ્રતિબિંબ પડે છે. જ્ઞાનની પર્યાયમાં તેની અવસ્થારૂપે પરિણમી જાય છે. ઓહો..હો..! એ '**પદાર્થોના જ્ઞેયાકારોના નિમિત્તે...**' જે સામા પદાર્થ છે તેનું જે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ છે જ્ઞેયાકાર એના નિમિત્તે '**જ્ઞાનમાં જ્ઞાનની અવસ્થારૂપ...**' જ્ઞાનમાં જ્ઞાનની દશારૂપ-અવસ્થારૂપ '**જ્ઞેયાકારો થાય છે...**' જુઓ! જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકોર થાય છે. એની પોતાની અવસ્થા છે એ. '**(કારણ કે જો એમ ન થાય તો જ્ઞાન સર્વ પદાર્થોને જાણી શકે નહિ). ત્યાં નિશ્ચયથી તો જ્ઞાનમાં થતા જ્ઞેયાકારો જ્ઞાનની જ અવસ્થા છે,...**' લોકાલોક... સમજાણું કાંઈ? એ તો સાધકમાં પણ એમ આવ્યું ને આપણે સવારે? એ રીતે લીધું કે રાગાદિ જ્ઞેય છે એ સંબંધીનું જ્ઞાન એ જ્ઞાનાકારરૂપ પરિણમ્યું, પરિણમ્યું છે તે પોતાથી છે. સમજાય છે? પણ વ્યવહારે એમ કહી શકાય કે રાગ આમાં આવ્યો. જ્ઞાન આવ્યું ને તો રાગ વ્યવહાર આવ્યો એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. બાકી તો એ વ્યવહાર ભિન્ન છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા રાગથી, નિમિત્તથી પૃથક્ થઈ પોતાનું જ્ઞાયકસ્વરૂપ છે એવું જે ભાન,

અનુભવ દૃષ્ટિ અને જ્ઞાન થયું તો એ જ્ઞાનની પર્યાય તો પોતાની છે. એ સ્વને જાણવાની પોતાની છે અને રાગાદિ જે વ્યવહાર છે એને જાણવાની પર્યાય પોતાની પોતાથી પરિણમી છે, પણ એમાં ઓલો વ્યવહાર નિમિત્ત છે તો એ નિમિત્ત જાણે અહીં આવી ગયું એ સંબંધીનું જ્ઞાન... વ્યવહાર તે બિંબ છે અને જ્ઞાનની પર્યાય પ્રતિબિંબ છે. સમજાણું કાંઈ? આ તો સાધકમાં ત્યાં એ કીધું હતું.

જ્ઞાન પોતાનો જાણવું સ્વભાવ છે ને. જ્ઞાયક ભગવાન ચૈતન્યસ્વભાવ જાણવારૂપે જ્યાં પરિણમ્યો પોતાના જ્ઞાયકભાવના આશ્રયે, એ પરિણમનમાં જ્ઞાયકભાવ તો ત્રિકાળ છે, પણ જાણવું એવું પરિણમન જ્યાં થયું, એમાં પોતાનું જ્ઞાન પણ એમાં છે અને જે વ્યવહાર છે એનું જ્ઞાન, એનું જ્ઞાન એટલે એ પ્રકારનું જે બિંબ છે તે પ્રકારનું જ્ઞાન, પણ છે જ્ઞાન પોતાની અવસ્થા. એ અવસ્થામાં નિમિત્ત દેખીને એનાથી જ્ઞાન થયું અથવા એ આમાં છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુની વસ્તુની સ્થિતિની મર્યાદા આવી છે. એ મર્યાદાને તે રીતે જાણે, ન માને ત્યાં સુધી દૃષ્ટિમાં વિપરીતતા છે અને વિપરીતતા છે તે ચાર ગતિના રખડવાના કારણરૂપે ભાવ છે. રખડશે ચાર ગતિમાં. સમજાણું કાંઈ?

તેથી કહે છે, જો એમ ન થાય તો... '**નિશ્ચયથી તો જ્ઞાનમાં થતાં જ્ઞેયાકારો જ્ઞાનની જ અવસ્થા છે, પદાર્થોના જ્ઞેયાકારો કાંઈ જ્ઞાનમાં પેઠાં નથી. નિશ્ચયથી આમ હોવા છતાં...**' જ્ઞેયાકારો થાય છે એમ કહે છે ને? '**વ્યવહારથી જોઈએ તો, જ્ઞાનમાં થતાં જ્ઞેયાકારોના કારણ પદાર્થોના જ્ઞેયાકારો છે...**' પર કારણ છે ને નિમિત્ત? '**તેમના કારણ પદાર્થો છે...**' જુઓ! અહીં જ્ઞાનકાર થયા ને. પદાર્થો સંબંધીના દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેના(રૂપે) જ્ઞાનાકાર પરિણમ્યું, તેના જ્ઞાનાકારમાં એ નિમિત્ત કારણ છે સામા. તેમના કારણ પદાર્થો છે. '**પરંપરાએ જ્ઞાનમાં થતાં જ્ઞેયાકારોના કારણ પદાર્થો છે;...**' સમજાણું કાંઈ? '**માટે તે (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારોને...**' જ્ઞેયાકારોને અંતર '**જ્ઞાનમાં દેખીને,...**' એ પર જ્ઞેયાકારોને, અહીં જ્ઞાન અવસ્થા થઈ તે જ્ઞેયાકારને દેખીને '**કાર્યમાં કારણનો ઉપચાર કરીને...**' નૈમિત્તિક જ્ઞાન જ્ઞેયાકાર પોતાના જ્ઞાનરૂપે પરિણમ્યું છે એમાં ઓલા નિમિત્તનું જ્ઞાન અહીંયા થયું—એમાં નૈમિત્તિક પર્યાયમાં કાર્ય થયું. એને નિમિત્તનો આરોપ દેતા '**પદાર્થો જ્ઞાનમાં છે એમ વ્યવહારથી કહી શકાય છે.**' સમજાણું કાંઈ? લ્યો એ ૩૧ થઈ.

'**હવે એ રીતે (વ્યવહારે) આત્માને પદાર્થો સાથે એકબીજામાં વર્તાવાપણું હોવા છતાં,...**' વ્યવહારથી. '**(નિશ્ચયથી) તે પરને ગ્રહ્યા-મૂક્યા વિના તથા પરરૂપે પરિણમ્યા વિના સર્વને દેખતો-જાણતો હોવાથી...**' જુઓ! બેય શબ્દો પડ્યા છે હોં એમાં. '**पेच्छदि**' અને '**जाणदि**'. '**તેને (પદાર્થો સાથે) અત્યંત ભિન્નપણું છે...**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગના પ્રસાદ વડે પ્રાપ્ત થયેલી દશા, એ જ્ઞાનમાં લોકાલોક જણાવા છતાં લોકાલોક

અને જ્ઞાનની પર્યાય તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? 'એમ દર્શાવે છે :—' ૩૨.

**गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं।**
**पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं।।३२।।**

**પ્રભુ કેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે,**
**દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.**

... 'भगवं' છે ને? કેવળી ભગવાન. એટલે પ્રભુ થયો એ તો. ..નો અર્થ .. લીધો છે. અને આ તો બે વિશેષણ .. વિશેષ મૂક્યા ને. કેવળી ભગવાન છે ને મૂળ પાઠમાં.

**પ્રભુ કેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે,**
**દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.**

ઓહો..હો..! ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અખંડ અભેદ એકરૂપ ચીજ એનો અંતર આશ્રય લઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ્યાં એ ધર્મ અને એ ધર્મનું ધર્મફળ સર્વજ્ઞપદ. એ પણ એ જીવનો ધર્મ કેવળ. સમજાણું કાંઈ? આ તો જીવને પામર માને, કર્મે કરેલો માને, પરના ટેકા (સહાય) થાય તો આમાં કાંઈક પ્રગટે એમ માને એ આત્માને સમજતા નથી. સમજાણું કાંઈ? આ તો સમુચ્ચય વાત છે હોં. એ કાંઈ એને ભીખાભાઈને ખ્યાલ આવ્યો નથી વાતમાં.

એ આત્મા એવડો છે ભગવાન આત્મા કે પરથી કરાયેલો નથી અને વર્તમાન દશામાં પરથી કાંઈ થાતું નથી. સમજાય છે? અને પરની અપેક્ષા રાખે તો તેને જ્ઞાન અને શ્રદ્ધા થાય એવો એ આત્મા નથી. એવો આત્મા નથી એમ કહે છે. વસ્તુ એવી છે, વસ્તુ એવી છે. એ રીતે વસ્તુને દૃષ્ટિ અને જ્ઞાનમાં ન લે ત્યાં સુધી એને ધર્મ થાય નહિ. સત્ય ન થાય એ. જેવું એનું સત્ય સ્વરૂપ છે એ રીતે સત્યની પ્રતીતિ જ્ઞાનમાં આવે ત્યારે સત્યને સ્વીકાર્યો એમ કહેવામાં આવે છે. અને અસત્યનો નિષેધ થઈ ગયો. તો આથી વિરુદ્ધ, વિપરીત, ઓછું, અધિક, વિપરીત... સમજાય છે કાંઈ? આવડી પર્યાયની મોટપ એના ચારિત્રથી પ્રગટે અને ચારિત્ર દ્રવ્યને આશ્રયે પ્રગટે એવું જે મોટું દ્રવ્યપણું એનું સામર્થ્ય જેને પ્રતીતમાં ન આવે અને એટલી પ્રતીત જેને પ્રગટે નહિ એને ધર્મ પ્રગટે નહિ. કાંઈક કાંઈક જાણે કો'કનો આશ્રય લઉં, રાગનો લઉં, આનો લઉં... આનો લઉં... સમજાય છે? ભગવાનની કૃપા થઈ જાય તો મને પ્રગટે. એવો આત્મા નથી એમ કહે છે. ભગવાનજીભાઈ! ભગવાન આત્મા એવડો છે કે એની કૃપા થયે પ્રગટ થાય એવો છે. સમજાણું કાંઈ?

એનો અન્વયાર્થ પહેલો લઈએ. '**કેવળીભગવાન પરને ગ્રહતા નથી,...**' પોતા સિવાય પર અનંત પદાર્થો છે, અનંતા આત્માઓ, અનંતા રજકણો એને ગ્રહતા નથી. તેમ '**છોડતા નથી,...**' ગ્રહણ-છોડ છે નહિ. એક વાત. ગ્રહણ-છોડતો નથી પણ '**પરરૂપે પરિણતા નથી;...**' એમ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાનરૂપે જ્યાં પરિણમ્યો, પોતાની

અવસ્થા પૂર્ણ થઈ એમાં લોકાલોક જણાણા. પણ એ લોકાલોકને ગ્રહ્યા નથી, તેમ લોકાલોકને તેણે છોડ્યા નથી. એ તો પર છે. સમજાણું કાંઈ? તેમ લોકાલોકપણે તેનું જ્ઞાન પરિણમ્યું નથી. પોતાની અવસ્થારૂપે થયેલું છે. આહા..હા..!

**'તેઓ નિરવશેષપણે...'** બાકી રાખ્યા વિના એમ કહે છે. નિરવશેષ, નિઃઅવશેષ. કાંઈ બાકી રાખ્યા વિના. ત્રણ કાળ ત્રણ લોકને ક્ષેત્રને અમાપ, અનાદિ-અનંત દ્રવ્યો, આત્માઓ અનંતગુણા પરમાણુઓ અને જેટલા દ્રવ્ય છે એથી અનંતગુણા એક એક દ્રવ્યના ગુણો. સમજાય છે કાંઈ? એ બધાને બાકી રાખ્યા વિના **'નિરવશેષપણે સર્વને (આખા આત્માને, સર્વ જ્ઞેયોને)...'** સમજાણું કાંઈ? **'સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) દેખે-જાણે છે.'** ત્યાં નાખ્યું જોયું ને **'सव्वं निरवशेषम्'** સર્વને શબ્દે આખા આત્માને, એમ. આખા આત્માને અને સર્વ જ્ઞેયોને. બેય. સમજાણું કાંઈ? સર્વ તરફથી... અને સર્વ તરફથી. આખા આત્માને, સર્વ જ્ઞેયોને અને સર્વ તરફથી એટલે સર્વ પ્રદેશેથી એમ. અસંખ્ય પ્રદેશ છે ને. દેખે-જાણે છે.

**'ટીકા :- આ આત્મા, સ્વભાવથી...'** એનો સ્વભાવ જ છે એવો **'પરદ્રવ્યને ગ્રહવા-મૂકવાનો તથા પરદ્રવ્યરૂપે પરિણમવાનો (તેને) અભાવ હોવાથી,...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એવો આત્મા, સર્વને ગ્રહવાનો—પકડવાનો કે પરને છોડવાનો એનો અભાવ છે. પર તો ભિન્ન ચીજ છે. કહો, સમજાણું કાંઈ? આ એમ કહે કે આને ગ્રહું અને આને છોડું, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ? કેમ કે એના સ્વભાવમાં ગ્રહવું-મૂકવું-છોડવું છે નહિ. **'આત્મા, સ્વભાવથી પરદ્રવ્યને ગ્રહવા-મૂકવાનો...'** એક વાત. ડાહ્યાભાઈ! .. વિકલ્પ છે .. એ કાંઈ એનાથી થાતો નથી. રજકણની પર્યાય છે. આત્મા એનો કર્તા નથી.

કહે છે, ભગવાન આત્મા વસ્તુ છે ને પ્રભુ આત્મા. અહીં પ્રભુ કેવળજ્ઞાનીની વાત છે, પણ દરેક આત્માની વાત છે. સમજાય છે? એ છેલ્લે કહેશે. .. છેલ્લે. **'દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન જેવો જ હોવાથી, નિશ્ચયથી દરેક આત્મા પરથી ભિન્ન છે એમ સિદ્ધ થયું.'** છેલ્લે શબ્દ પડ્યો છે ભાવાર્થમાં. ભાવાર્થની છેલ્લી લીટી. સમજાણું કાંઈ? **'આ આત્મા, સ્વભાવથી પરદ્રવ્યને ગ્રહવા-મૂકવાનો તથા પરદ્રવ્યરૂપે પરિણમવાનો (તેને) અભાવ હોવાથી,...'** એ કેવળજ્ઞાનીની વાત છે, પણ કેવળજ્ઞાની જેવો જ આ આત્મા છે એમ કહે છે. કેવળી ભગવાન જેવો જ હોવાથી. સમજાય છે કાંઈ?

**'સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે પરિણમીને...'** શું કહે છે? ભગવાન આત્મા પરમેશ્વરપદની પ્રાપ્તિ થઈ. પરમ ઈશ્વર પોતે. કેવળજ્ઞાન સર્વજ્ઞપદ અંતરમાંથી શક્તિરૂપે હતું એ પ્રગટ રૂપે સ્વતત્ત્વના પરિણમનરૂપે થયું. જુઓ! **'સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે...'** પર્યાયને **'સ્વતત્ત્વભૂત**

**કેવળજ્ઞાનરૂપે પરિણમીને...**' એ પર્યાયના વિશેષણ છે. '**સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે પરિણમીને...**' સમજાણું કાંઈ? એ પર્યાયનું સ્વતત્ત્વભૂત પોતાનું સ્વરૂપ છે એ. '**સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે પરિણમીને નિષ્કંપ-નીકળતી જ્યોતિવાળા ઉત્તમ મણિ જેવો...**' ઉત્તમ મણિ હોય ને મણિ? આમ જાણે જ્યોતિ નીકળતી હોય. નીકળતી-બીકળતી નથી, એ તો આ દેખાય પ્રભા. એમ એમાં ને એમાં ઝબક... ઝબક... ઝબક... થાય છે ને? એમ ભગવાન આત્મા નિષ્કંપ નીકળતી જ્યોતિવાળો. કેવળજ્ઞાની સ્થિર-સ્થિર અવસ્થાવાળો. કેવળજ્ઞાની સ્થિર અવસ્થાવાળો. '**ઉત્તમ મણિ જેવો થઈને રહ્યો થકો,...**' મણિરત્ન. લાખોના મણિ થાય છે. લાખ લાખ રૂપિયાના એક મણિ આમ પડ્યું હોય અંદર. ચમક-ચમક એના ક્ષેત્રમાં જ, એની અવસ્થામાં અને એના ભાવમાં જ એનું પરિણમન થઈ જાય છે. એમ ચૈતન્યમણિ ભગવાન આત્મા પોતાના અંદર જ્ઞાન, આનંદનો આશ્રય લઈ અને જે કેવળજ્ઞાનની પર્યાય પરમાત્મપદ થયું, કહે છે કે નિષ્કંપ નીકળતી જ્યોતિવાળો... જ્યોતિ પર્યાય પરિણમે છે પણ એમાં કંપ નથી, અસ્થિરતા નથી. સમજાય છે કાંઈ?

'**ઉત્તમ મણિ જેવો થઈને રહ્યો થકો, (૧) જેને સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) દર્શનજ્ઞાનશક્તિ સ્ફુરિત છે...**' બેય મૂક્યા હોં! પાઠમાં છે ને. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશનો પિંડ પ્રભુ, એને અસંખ્ય પ્રદેશથી—સારા અસંખ્ય પ્રદેશથી—'**સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશથી) દર્શનજ્ઞાનશક્તિ સ્ફુરિત છે...**' દષ્ટા અને જ્ઞાનની પરિણતિ જેની પર્યાયમાં સ્ફુરિત-પ્રગટ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? જુઓ વાત ચાલે છે સર્વજ્ઞની, એમાં દેખવું-જાણવું ભેગું લીધું છે. સર્વજ્ઞપર્યાય જ્ઞાનતત્ત્વ અધિકાર છે. અને જ્ઞાનતત્ત્વ ... સ્વતત્ત્વ. સ્વતત્ત્વ તે કેવળજ્ઞાનરૂપ પૂર્ણ આમ. એ કેવળજ્ઞાનરૂપી સ્વતત્ત્વરૂપે પરિણમ્યો એ પરિણમવામાં એને નિષ્કંપ જાણવા-દેખવાની દશા એને થઈ ગઈ છે. સમજાણું કાંઈ?

'**દર્શનજ્ઞાનશક્તિ સ્ફુરિત છે એવો થયો થકો,...**' એવો ભગવાન પોતાની પર્યાય-અવસ્થારૂપે થયો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિઃશેષપણે=કાંઈ જરાય બાકી ન રહે એ રીતે.**' '**નિઃશેષપણે આખાય આત્માને...**' જોયું! આખાય આત્માને. '**આત્માથી આત્મામાં...**' કેવળજ્ઞાનની પર્યાયમાં સર્વ પ્રદેશથી આખા આત્માને આત્મામાંથી... આત્માને આત્માથી આત્મામાં '**સંચેતે-જાણે-અનુભવે છે,...**' સર્વજ્ઞ પરમાત્મા, આત્મા શક્તિમાં પડ્યો છે પરમાત્મા એણે પ્રગટ કરી દશા, એ કહે છે કે જ્ઞાન અને દર્શન જેની સ્ફુરિત દશા છે. સમજાણું કાંઈ? અને કોઈ બાકી રાખ્યા વિના અથવા સર્વ આત્મપ્રદેશથી નિષ્કંપ મણિ જેવો થઈને. આત્માને, આખા આત્માને પરિપૂર્ણ. પર્યાયો ત્રિકાળ છે ને એની. ત્રિકાળ પર્યાય અને આખો આત્મા.

પોતાના આત્માને, એ આખા આત્માને સર્વજ્ઞની પર્યાય દેખવું-જાણવું તેને '**જાણે-અનુભવે છે,...**' કહો, સમજાણું? શું કહે છે એ? આત્માને સંચેતે છે એમ. એને માટે આવ્યું હતું.

સંચેતે છે, સંચેતે છે. એનો અર્થ કર્યો જાણે અને અનુભવે છે. ભગવાન આત્મા.. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયની અપેક્ષાએ દર્શનની પરિણતિ છે એ આખા આત્માને જાણે છે અને દેખે છે અને અનુભવે છે એમ. એ જાણવા-દેખવાની અપેક્ષાએ હોં! આખો આત્મા વર્તમાન પર્યાયના અનુભવમાં આવી જાય છે વેદનમાં એમ નહિ. એની જાણવા-દેખવાની પર્યાયમાં આખો આત્મા જાણવા-દેખવામાં આવી જાય છે. તેથી અનુભવે છે આખા આત્માને એમ કહેવામાં આવે છે. એ જાણવા-દેખવાની અપેક્ષાએ અનુભવે છે એમ કહેવામાં આવે છે. આખો આત્મા એક સમયના વેદનમાં, અનુભવમાં, આનંદમાં એક દ્રવ્ય આખું આવી જાય એમ ન બને. આનંદનો અનુભવ તો એક સમયનો જ હોય. સમજાય છે કાંઈ? અનુભવનું વેદન એક સમયનું હોય, પણ અહીંયા ત્રણ કાળ ત્રણ લોક(ને જાણે) એવો આખો આત્માને જાણે-દેખે છે એ રૂપે તેને-આખા આત્માને જાણવા-દેખવાને અનુભવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'અથવા (૨) એકીસાથે જ સર્વ પદાર્થોના સમૂહનો સાક્ષાત્કાર કરવાને લીધે...'** એની જ્ઞાનદશા, દર્શનદશા, સર્વજ્ઞપદ પ્રગટ્યું, એણે ધર્મ કર્યો-જેણે ધર્મ જીવે કર્યો, એ ધર્મ કર્યો એના ફળ તરીકે સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું. સમજાય છે કાંઈ? એ ધર્મના ફળ તરીકે સ્વર્ગ મળે અને દેવલોક મળે એમ નહિ એમ કહે છે. અને ધર્મના ફળ તરીકે તીર્થંકર થાય, સમવસરણ થાય એમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, પુણ્યફળા અર્હંતા. એ તો એમ કહે છે. પુણ્યના ફળ તરીકે અરિહંત (થાય). અરે..! ભગવાન એમ નથી ભાઈ! એ તો ઉદયની વાત કરી છે. એને ઉદય એવો છે બહારનો. ... થઈ જાય છે, સમવસરણ થઈ જાય છે એમ કહે છે. કહે છે, આખા જગતના સર્વ પદાર્થના સમૂહનો સાક્ષાત્કાર કરવાને લીધે... પોતાની પર્યાયમાં પૂર્ણ બધા પદાર્થોનો સાક્ષાત્કાર પ્રત્યક્ષ કર્યો છે. એ એનું ફળ છે ઓલા ધર્મનું. સમજાણું કાંઈ? આ તો કહે, **'कामदं मोक्षदं चैव'** આવે છે કે નહિ? **'ओंकारं बिन्दु संयुक्तं नित्यम् ध्यायन्ति योगीनः'**. એ તો અધૂરી દશા હોય છે ત્યારે એવો એક ઈચ્છા ભાવ રહી ગયો છે એના ફળ તરીકે સ્વર્ગાદિ હોય છે. શુદ્ધતાના ફળ તરીકે તો પવિત્રતા હોય છે. સમજાય છે?

અહીં તો ચારિત્રરૂપી ધર્મ જેને પ્રગટે, સ્વરૂપમાં રમણતારૂપી ધર્મ જેણે પ્રગટ કર્યો એ ધર્મ. એ ધર્મનું કારણ ભલે સમ્યગ્દર્શન, પણ ધર્મ જે પ્રગટ કર્યો એના ફળ તરીકે તો સર્વજ્ઞપણે પરિણમે તે એનું ફળ છે. ઓલા **'पुण्णफला अरहंता'**નું આવે છે. બહુ વારંવાર નાખે છે. **'पुण्णफला अरहंता'**. પુણ્યના ફળ તરીકે કેવળી થયા. અરે..! ભગવાન! શું કહે છે તું? આહા..હા..! અહીં તો કહે છે જુઓને, આટલી વાત સ્પષ્ટ મૂકી છે. એ હવે આવશે આગળ. ૪૫ ગાથામાં આવે છે ને? સમજાણું કાંઈ? કેટલામી આવે છે એ? ૪૫માં આવે છે ને? જુઓ! **'पुण्णफला अरहंता'** ૪૫માં કહે છે. અરે..! ભગવાન! તને શું થાય છે? એને

કોઈ રીતે આમ પુણ્યમાંથી આમ થાય ને આમ થાય ને ભગવાન પ્રગટે ને. ... એ ૪૫-૪૫ ગાથા છે. '**पुण्णफला अरहंता**' તકરારી ગાથા. તકરારી એણે કરી નાખી છે. ગાથા તકરારી ક્યાં છે? ગાથા તકરારી છે? એમાંથી ઊંધા અર્થ ઊભા કર્યા કે પુણ્યફળમાં ભગવાન થાય. એલા! પુણ્ય તો રાગ છે, એના ફળમાં સર્વજ્ઞપદ થાય કેવળજ્ઞાન? આહા..હા..! એ તો પુણ્યના ફળમાં સમવસરણ છે, વાણી નીકળી છે, ચાલે છે, ગતિ કરે છે, અવાજ નીકળે છે એ બધું પુણ્યનું ફળ છે. એ પણ એ કાંઈ એની ચીજ નથી. એ ઉદય છે એ આવીને ખરી જાય છે. એટલે ઉદયભાવને પુણ્યફળ ગણ્યું છે અને ખરી જાય પછી એને ક્ષાયિક થાય છે એમ ગણ્યું છે. ઘણે ઠેકાણે એમ કહે. ઓહો..હો..! જીવને પણ કાંઈક પરાધીનતાથી કાંઈક થાતું હોય તો એને મજા પડે છે. જ્યાં ત્યાંથી વલખા મારે છે. કાંઈક એવું આવે શાસ્ત્રમાં કે પુણ્યના ફળ તરીકે ધર્મની દશા કે વીતરાગતા પ્રગટે. અરે..! ભાઈ! આ પુણ્યના ફળ તરીકે વીતરાગતા ન હોય.

જુઓને, એ માટે તો આ નાખ્યું છે. છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ આવે જરી કષાયનો કણ, એને ઓળંગી જઈએ છીએ, ઓળંગીને સ્વરૂપમાં રમણતા કરીએ છીએ એ અમારો શુદ્ધ ઉપયોગ અને ચારિત્ર છે. આહા..હા..! એના ફળ તરીકે, શુદ્ધ ઉપયોગના ફળ તરીકે, આ કેવળજ્ઞાન એના ફળ તરીકે છે. પુણ્યના ફળ તરીકે છે? ભારે પણ! સંસારમાં એના જ્યારે ઊંધા લાકડા નાખ્યા છે ને. આમાં પણ ઊંધા લાકડા નાખ્યા છે. .. ઉતરી હોય ને સંસારમાં આડી-અવળી ..... જુદા, લેવાના જુદા. અત્યારે બહુ કરવું પડે સરકારમાં. અહીં કાંઈકનું કાંઈક કરે. ભગવાનના ચોપડામાંથી કાંઈકનું કાંઈક કાઢે. એણે નથી કહ્યું એવું કાઢે છે.

અહીં તો કહે છે, ઓહો..હો..! ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગની રમણતાના ફળ તરીકે સર્વ પદાર્થને પ્રાપ્ત કરે એવી જેની દશા છે. પ્રત્યક્ષ જણાય એમ. '**લીધે જ્ઞપ્તિપરિવર્તનનો અભાવ થવાથી...**' શું કહે છે? ઓલા ગ્રહણ-ત્યાગનો અભાવ છે ને. એ સિદ્ધ કરવું છે ને? '**જ્ઞપ્તિપરિવર્તનનો અભાવ...**' એટલે કે જ્ઞાન એક સમયમાં એકને જાણે અને બીજે સમયે બીજાને જાણે એવું પરિવર્તન કેવળજ્ઞાનમાં નથી. કેવળજ્ઞાન તો એક સમયે ત્રણ કાળ ત્રણ લોકને એક સાથે જાણે છે. પહેલા અનંતને જાણે અને પછી બીજા જાણવા માટે એને પલટો ખાવો પડે એવું નથી. એના જ્ઞાનમાં બધા જ્ઞેયાકારો લોકાલોકના એક સમયે આવી ગયા છે એટલે આકારાંતર થવું પડે એવું એને છે નહિ. જે જાતનો આકાર છે તે જ આકાર એને બીજે સમયે થયા કરે છે. સમજાણું કાંઈ?

નીચે છે ને. '**જ્ઞપ્તિપરિવર્તનનો અભાવ થવાથી જેને ગ્રહણત્યાગસ્વરૂપ ક્રિયા વિરામ પામી છે...**' ગ્રહણત્યાગસ્વરૂપ ક્રિયા વિરામ પામી છે. '**એવો થયો થકો,...**' નીચે. '**જ્ઞપ્તિક્રિયાનું પલટાયા કરવું અર્થાત્ જ્ઞાનમાં એક જ્ઞેય ગ્રહવું ને બીજું છોડવું તે**

ગ્રહણત્યાગ છે;...' જ્ઞાન એકને જાણે અને જાણતા પાછું છૂટીને બીજાને જાણે. એવો જ્ઞાનમાં પરિવર્તન પલટો ખાવો એ રાગ હોય ત્યાં સુધી છે. સમજાય છે? રાગ ન હોય પણ પૂર્ણ ન હોય ત્યાં સુધી એ છે. પૂર્ણને એ છે નહિ. સમજાણું કાંઈ? '**ગ્રહણત્યાગ છે; આવાં ગ્રહણત્યાગ તે ક્રિયા છે; એવી ક્રિયાનો કેવળી ભગવાનને અભાવ થયો છે.**' આ જ્ઞાનપર્યાય, આત્માનો પર્યાય સર્વજ્ઞપર્યાય-અવસ્થા એકને જાણે અને બીજાને જાણવા પકડવા બીજું છોડે એવું એને નથી. એક સમયમાં બધું જણાઈ ગયું છે. એક જ આકાર થઈ ગયો છે એને. સમજાણું કાંઈ?

'**એવો થયો થકો, પ્રથમથી જ સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમ્યો હોવાથી...**' જુઓ! એક સમયમાં જેટલા જ્ઞેયો અનંત છે તેના જ્ઞેયાકારરૂપે એક જ સમયમાં પોતાની જ્ઞાન અવસ્થા થઈ છે. '**પરરૂપે—આકારાન્તરરૂપે નહિ પરિણમતો હોવાથી,...**' એટલે હવે આકાર એક પ્રકારનો પહેલો થયો અને બીજો બીજા પ્રકારનો થાય એવું ત્યાં છે નહિ. આકારાન્તર એટલે અનેરો આકાર એમ. અનેરો આકાર થાય. પહેલામાં એક હોય અને બીજામાં અનેરો આકાર-એવું છે નહિ. એક જ આકાર છે એને. લોકાલોકને જાણવાની એક સમયની પર્યાય થઈ ગઈ, એક જ આકાર રહ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી સીધી વાત કરે છે.

એક સર્વજ્ઞપદ પરમેશ્વરપદ ... છે. નિજપદ જે છે એને નિજપદની પ્રાપ્તિ થઈ પર્યાયમાં. આવડી પર્યાય-અવસ્થા જેને એક સમયમાં જેટલું છે એટલું જણાઈ ગયું. એક આકાર બધાનો થવો એકરૂપ પામીને અને બીજે સમયે બીજો આકાર છે એવું ત્યાં રહ્યું નથી. એ જ્ઞપ્તિ નામ જાણવાના પલટાની ક્રિયાનો એકરૂપે પૂર્ણ જાણ્યું એનો અભાવ છે. ગ્રહણત્યાગનો તો અભાવ છે... સમજાય છે? પણ પરપણે પરિણમવાનો અભાવ એમાંથી આ કાઢ્યું. શું કીધું સમજાણું કાંઈ? પાઠમાં એમ છે ને? ન ગ્રહે, પરરૂપે ન પરિણમે. એટલે જ્ઞેયનું પરિવર્તનથી પરિણમવું એ એને હવે છે નહિ. એકને જાણ્યું હતું અને બીજું જાણવા માટે પરિવર્તન છે (એમ નથી). ગ્રહવા-મૂકવાનો અભાવ છે. સમજાણું? એથી જેને વિરામ પામી અંત આવી ગયો છે. ગ્રહવા-મૂકવાનું ...

અને '**પ્રથમથી જ...**' પહેલે ક્ષણે, પહેલે ક્ષણે. '**પ્રથમથી જ સમસ્ત જ્ઞેયાકારોરૂપે...**' જેટલા જ્ઞેયો છે તે રૂપે પોતાનું જ્ઞાનપરિણમન થયું છે. '**તેથી પછી પરરૂપે-આકારાન્તર...**' પરરૂપે એટલે બીજો આકાર થવો અને બીજો ભાવ થવો એમ '**નહિ પરિણમતો થકો, સર્વ પ્રકારે અશેષ વિશ્વને,...**' સર્વ પ્રકારે બધા વિશ્વને (એટલે) ત્રણ કાળ ત્રણ લોક પદાર્થને '**(માત્ર) દેખે-જાણે છે.**' પરિવર્તન છે નહિ, માત્ર દેખે-જાણે છે. સમજાણું કાંઈ? કેટલી વાત કરી છે આચાર્યોએ! એની ટીકા છે અમૃતચંદ્રાચાર્યની. પૂર્ણ જ્ઞાન છે એને સ્વભાવ.. નીચે પણ એવો સ્વભાવ છે કે પરને ગ્રહવું-મુકવું છે નહિ. તો કેવળજ્ઞાનીને પણ ગ્રહવું-મૂકવું નથી. સમજાણું?

પછી? કે પરિવર્તન નથી. પરિણમેલો છે. એ પોતે એક સમયમાં લોકાલોક જેવું છે (તે રૂપે) પરિણમેલો છે. એક સમયે એક આકારરૂપે થઈ ગયો છે. સમજાય છે? એને બીજા આકારરૂપે થવું નથી. પરિણમન એકરૂપે થઈ ગયું છે એમ કહે છે. બીજા આકારે એટલે એક સમયમાં એકને જાણે, બીજે સમયે બીજાને એવું એને પરિવર્તન પરિણમન નથી. એક આકારરૂપે પરિણમન પરિણમી ગયો છે. આહા..હા..!

આ શું? આવા ધર્મની વાત શું હોય? ભાઈ! એ ધર્મ તારી દશા એના ફળ તરીકે આવું ફળ આવે એ ધર્મનું ફળ આવું અથવા તારો ધર્મ એટલે સ્વભાવ આવડો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ચોર્યાસીના રખડના પાટમાં પડ્યો એને આ શું ચીજ છે એની દરકાર નથી. સમજાય છે? અને મળ્યા તો એવા ઊંધા મળ્યા કહેનારા ધર્મને નામે કે જે આ ધર્મ નથી અને ધર્મની ચીજનું શું ફળ છે એની જેને ખબરેય નથી. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! એક સમયમાં પહેલેથી પૂરો પરિણમ્યો હોવાથી, પછી પરરૂપે એટલે આકારાન્તરરૂપે-બીજા આકારરૂપે થવું તે નથી. '**સર્વ પ્રકારે અશેષ વિશ્વને (માત્ર) જાણે-દેખે છે.**' બસ એક સમય, એક સમય. '**આ રીતે (પૂર્વોક્ત બન્ને રીતે)...**' બન્ને રીતે. ગ્રહવું-છોડવું નથી અને આકારાન્તર થવું નથી. '**તેનું (આત્માનું પદાર્થોથી) અત્યંત ભિન્નપણું જ છે.**' આહા..હા..! ગ્રહવું-છોડવું નથી તેથી ભિન્ન છે અને જ્ઞાનમાં પરિવર્તન નથી હવે, માટે પરથી તદ્દન એકલો ભિન્ન થઈ ગયો છે. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસ્વરૂપ એના સત્તામાં, સ્વભાવમાં તો સર્વજ્ઞપદ જ પડ્યું છે. નિજપદ સર્વજ્ઞપદ છે એનું. એને અવલંબીને શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરી, એનાથી આગળ વધીને એકાગ્ર થઈને... ખરેખર એ શુદ્ધ ઉપયોગનું ફળ થયું છે. સમજાણું કાંઈ? પણ ખરેખર પછી પણ કેવળજ્ઞાન ઉત્પન્ન (થવા) કાળે પણ તે સર્વજ્ઞપદ છે તેને એકાકાર-બહુ જોરથી એકાકાર થયો ત્યારે કેવળજ્ઞાનનું પરિણમન થઈ જાય છે. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનમાં સર્વ વસ્તુને ગ્રહવી-છોડવાની ક્રિયાનો અભાવ છે અને એકને જાણવું અને પછી બીજાને જાણવું એવા પરિવર્તનની જ્ઞપ્તિક્રિયાનો પણ અભાવ છે. સમજાણું કાંઈ? .. આ સમજવું પડે? પણ સાંભળ તો ખરો. તારો દ્રવ્યસ્વભાવ કેટલો? ગુણસ્વભાવ કેટલો અને પર્યાયસ્વભાવ કેટલો? જેટલો છે તેટલો ન માને, ન જાણે ત્યાં સુધી આત્માને જાણ્યો નથી. અને આત્માને જાણ્યા વિના રખડવું બંધ પડતું નથી. સમજાણું કાંઈ?

'**(આત્માનું પદાર્થોથી) અત્યંત ભિન્નપણું...**' અત્યંત અને ભિન્નપણું 'જ છે.' સમજાણું કાંઈ? છે ને '**विविक्तत्वमेव**'. '**एवमस्यात्यन्तविविक्तत्वमेव**' સર્વજ્ઞ પરમાત્મા કોઈના કર્તાહર્તા નથી, કોઈને ગ્રહે-મૂકનાર નથી અને એની પર્યાયમાં પરને જાણવાનું એક જાણીને બીજું જાણે એવું પણ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માની સર્વજ્ઞદશા એવું એનું રૂપ, એ પરને ગ્રહે-મૂકે નહિ. એવી ક્રિયાનો અભાવ અને એકને જાણીને અને

બીજાને પછી જાણે એવી પરિવર્તનની ક્રિયાનો અભાવ. એવી એની અવસ્થા એકરૂપ થઈ ગઈ છે. તેને સર્વજ્ઞને પરમેશ્વર પરમાત્મા ધર્મના ફળ તરીકે કહે છે.

ગજબ વાત છે પ્રવચનસાર! આનું નામ તત્ત્વદિપીકા છે ને? તત્ત્વદિપીકા છે આ ટીકાનું નામ. તત્ત્વને બતાવનાર દિપીકા-દીવડો છે. તત્ત્વને બતાવનાર દીવડી-દીવડી. સમજાણું કાંઈ? આત્મદ્રવ્યતત્ત્વ, ગુણતત્ત્વ અને પર્યાય પૂર્ણ તત્ત્વ તેને બતાવનારી આ દિપીકા છે આ પ્રવચનસાર એની ટીકા. સમજાણું કાંઈ? નોરતામાં કરે છે ને ગરબામાં? દીવા. .. દીવા. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... એ તો એમ છે કે આત્માને પ્રદેશે પ્રદેશે અંશે ઉઘાડ છે એ ગરબો. કાણા છે ને એ થોડા થોડા છે અને અંદરમાં આખો દીવો બળે છે આખો પૂર્ણ. સમજાય છે? ચૈતન્યદીવો આખો બળે છે. એના ઉઘાડમાં જરી કાણા છે થોડા થોડા. એ પૂર્ણ છે એનો આશ્રય લે તો એ કાણા મટી જાય અને આખો આત્મા પૂર્ણ થઈ જાય. લ્યો એ ગરબો આવી ગયો એમાં. સમજાણું કાંઈ? મૂળ તો એ કાણા ચેતનના અંશ છે અને અંદર આખો દીવો બળે છે. અને અહીં થોડો થોડો દેખાય, પણ આખો બળે છે અંદર. બહારમાં પ્રગટમાં એટલું. સમજાણું? એવા ચૈતન્યદીવો ભગવાન અંતર છે એની અંતર એકાગ્રતા થતાં એનું સર્વજ્ઞપદ પર્યાયમાં પ્રગટ થઈ જાય છે. અંશે અંશે જાણે છે એ રહેતું નથી. લ્યો એકને જાણે અને બીજાને જાણે એવું એને રહેતું નથી. આખો ભગવાન ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં પરિણમી જાય છે. એને પૂરો આત્મા અને એને સર્વજ્ઞ, એને દિવ્યશક્તિ ધરનારો દેવ અને એને પરમાત્મા અને પરમેશ્વર કહેવામાં આવે છે. આથી બીજી રીતે કલ્પે તો એ દેવના સ્વરૂપને જાણતો નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- કેવળીભગવાન સર્વ આત્મપ્રદેશેથી...'** કથંચિત્ લેશે. **'પોતાને જ અનુભવ્યા કરે છે;...'** પરને નથી જાણતા એમ કહે છે. પોતાની પર્યાયને જ અનુભવે છે, એ કાંઈ પરને અનુભવતા નથી. **'એ રીતે તેઓ પરદ્રવ્યથી તદ્દન ભિન્ન છે.'** ભગવાન આત્મા અત્યારે ભિન્ન છે અને પર્યાયમાં પૂર્ણ થઈ ગયો ત્યારે સર્વથા ભિન્ન છે. **'અથવા,...'** ઓલી અધૂરી પર્યાય છે ને? એનાથી ભિન્ન છે. નહિ તો આખી પૂરી થઈ જાય એમ કહે છે.

**'કેવળીભગવાનને સર્વ પદાર્થોનું યુગપદ્ જ્ઞાન હોવાથી...'** એક સમયે. છે ને એ પ્રથમથી એક સમયે. એક સમયમાં સેકન્ડનો અસંખ્યમો ભાગ, એક સમયમાં સર્વજ્ઞપર્યાય એક સમયમાં પૂર્ણ જાણીને કેવળ થાય છે. **'તેમનું જ્ઞાન એક જ્ઞેયમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં પલટાતું નથી...'** સમજાણું કાંઈ? **'તેમ જ તેમને કાંઈ જાણવાનું બાકી નહિ હોવાથી...'** જાણવાનું કાંઈ બાકી નહિ. **'કોઈ વિશેષ જ્ઞેયાકારને જાણવા પ્રત્યે પણ તેમનું જ્ઞાન વળતું નથી;...'** વિશેષ જાણવા માટે ઢળતું નથી, પૂર્ણ જણાઈ ગયું છે. આહા..હા..! **'એ રીતે પણ તેઓ પરથી તદ્દન ભિન્ન છે.'** વિશેષ વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૭, શનિવાર, તા. ૨૮.૯.૧૯૬૮**
**ગાથા-૩૨ થી ૩૪, પ્રવચન-૨૬**

આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર છે. કેવળજ્ઞાનીનું જ્ઞાન કે સ્વરૂપ એ ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થોને એક જ સમયે એક જ આકારે જાણે છે. પહેલાં કાંઈક થોડા જાણે અને બીજા પછી એવું એને પરિવર્તન હોતું નથી. એથી પરથી તદ્દન ભિન્ન છે અને '(જો...' એ કૌંસમાં અહીંથી શરૂ થાય છે. એ '**જીવની જાણનક્રિયા પલટો ખાતી હોય...**' જાણવાની અવસ્થા એકને જાણે વળી પછી બીજાને જાણે એમ પલટો ખાતી હોય '**તો જ તેને વિકલ્પ-પરનિમિત્તિક રાગદ્વેષ હોઈ શકે...**' એમ જોઈએ. પણ એને પલટો ખાતી નથી માટે રાગદ્વેષ એને હોતા નથી. એમ. '**અને તો જ એટલો પરદ્રવ્ય સાથેનો સંબંધ કહેવાય.**' ઓલા રાગદ્વેષ થતા હોય એ અપેક્ષાની વાત છે હોં! સંબંધ છે બહારનો. પણ અહીં તો પલટો ખાતો હોય, રાગ-દ્વેષ હોય તો પરદ્રવ્ય સાથે સંબંધ હોય એટલું અહીંયાં સિદ્ધ કરવું છે. કેવળીને એ પલટો હોતો નથી તેથી રાગ-દ્વેષ હોતા નથી. તેથી પરદ્રવ્ય સાથે એને સંબંધ હોતો નથી. સમજાણું કાંઈ?

'**પરંતુ કેવળીભગવાનની જ્ઞપ્તિને તો પરિવર્તન-પલટો નથી...** ' લ્યો! આત્મા જ્ઞાનસ્વરૂપી તો છે, એના અંતરના રમણતા દ્વારા જે જ્ઞાનશક્તિરૂપે પૂર્ણ હતું એ પર્યાયપણે-અવસ્થાપણે પૂર્ણ થયું એવા આત્માને એટલે ભગવાનને '**જ્ઞપ્તિને તો પરિવર્તન-પલટો નથી...**' એને જાણવાની પર્યાયમાં જાણવાની ક્રિયામાં પલટો નથી. પરિણમન છે. પણ થોડું જાણવું અને પછી બીજું જાણવું એવો પલટો નથી. સમજાય છે કાંઈ? '**તેથી તેઓ પરથી અત્યંત ભિન્ન છે.)**' ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ કરી તેથી તે પરમાત્મા પરથી તદ્દન જુદા અને ભિન્ન છે.

'**આ રીતે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા...**' એકલું જ્ઞાન જે સ્વરૂપ તેવા ભગવાન આત્માને '**પરથી અત્યંત ભિન્ન હોવાથી...**' પરથી અત્યંત ભિન્ન હોવાથી. '**અને દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન જેવો જ હોવાથી,...**' લ્યો! આત્મા જ્ઞ-સ્વરૂપ છે, જ્ઞ-સ્વરૂપ છે. જ્ઞ-સ્વરૂપ કહો કે જ્ઞાનસ્વરૂપ કહો કે સર્વજ્ઞસ્વરૂપ કહો કે કેવળી ભગવાનસ્વરૂપ કહો. એવો જેનો સ્વભાવ છે એકલું કેવળજ્ઞાન. કેવળ એટલે એકલું જ્ઞાન. બસ! એ જ્ઞાન છે એ પરિપૂર્ણ જ છે. પરિપૂર્ણ છે એ શક્તિરૂપ અહીં છે. સર્વજ્ઞને વ્યક્તિરૂપે પ્રગટ પર્યાય થઈ ગઈ છે. બાકી આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. સમજાય છે કાંઈ? વસ્તુ છે આત્મા, અને પદાર્થ છે ને? તો એનો સ્વભાવ મુખ્યપણે તો જ્ઞાન છે કે જે જ્ઞાન સ્વને જાણે, પરને જાણે એવો જે જ્ઞાન આત્માનો સ્વભાવ એ તો કેવળીનો જેવો એક સમયની પરિપૂર્ણ પર્યાય છે એવો જ

આનો એક સમયનો કેવળ-એકલું જ્ઞાન પરિપૂર્ણ છે. સમજાય છે કાંઈ?

'**દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન...**' જુઓ! અનંત આત્માઓ. પછી અભવિનો હો કે ભવિનો હો, નિગોદનો હો કે નિત્યનિગોદમાં હો કે નિગોદમાંથી બહાર નીકળેલા હો, ભગવાન વસ્તુ છે ને એ, વસ્તુ છે ને. તો વસ્તુનો સ્વભાવ છે ને. વસ્તુ તો સ્વભાવવાન કહેવાય. તો વસ્તુ છે એનો સ્વભાવ હોય ને. તો સ્વભાવ એનો સ્વ-પોતાનો જ્ઞાનભાવ છે. બસ, એ જ્ઞાનભાવથી પરિપૂર્ણ જ આત્મા છે. જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ? અને પરિપૂર્ણ છે તો પરિપૂર્ણ પર્યાયમાં પ્રગટ થાય છે. માટે બધા ભગવાન આત્મા કેવળજ્ઞાન સ્વભાવી છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનામાં પુણ્ય-પાપનો સ્વભાવ કે ઉદયભાવનો સ્વભાવ એનામાં નથી, તેમ અપૂર્ણ જ્ઞાન એવો એનો સ્વભાવ હોઈ શકે નહિ. દ્રવ્ય છે ને વસ્તુ. વસ્તુ છે, એક છે, અખંડ છે તેથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. છે ને શબ્દ ઈ? જીવ એક અખંડ સંપૂર્ણ વસ્તુ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. ખૂણામાં ખૂણામાં છે. બહાર આવીને જોજો. સમજાણું કાંઈ? એટલે બધે દેખાય છે તમને? જુઓ!

આ એક એક જીવ. છે ને? જીવ એક અને અખંડ સંપૂર્ણ. છે ને? દ્રવ્ય વસ્તુ છે ને, વસ્તુ છે ને. વસ્તુ હોવાથી, દ્રવ્ય હોવાથી તેનો જે જ્ઞાનસ્વભાવ છે, ગુણસ્વભાવ છે એ સંપૂર્ણ જ છે. સમજાય છે કાંઈ? એની અંતરમાં એકાકાર થતાં પર્યાયમાં સંપૂર્ણ થઈ જાય છે. એટલે કહે છે કે વીતરાગ થાય તે કેવળજ્ઞાન પામે, સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ કેવળજ્ઞાન પામે. એટલે કે જે શક્તિરૂપે એકલો કેવળજ્ઞાનનો પિંડ જ છે એ આત્મા. સમજાણું કાંઈ? આત્મા એટલે જ્ઞાનનું પૂરું રૂપ, પૂરો સ્વભાવ. પર્યાયની અપેક્ષા પછી. ભગવાનને પર્યાયમાં પરિપૂર્ણ થઈ ગયું. અહીં પરિપૂર્ણ જ વસ્તુ છે. સમજાય છે કાંઈ?

'**દરેક આત્મા સ્વભાવે...**' પોતાની શક્તિએ—એના સત્ત્વે—આત્માના અંતર તત્ત્વે-ભાવે '**કેવળીભગવાન જેવો જ હોવાથી,...**' એ કેવળી ભગવાન જેવો હોવાથી '**નિશ્ચયથી દરેક આત્મા પરથી ભિન્ન છે...**' રાગથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? એ દરેક આત્માનું એવું સ્વરૂપ છે. આહા..હા..! એવા આત્માને—અખંડ એકરૂપ સ્વભાવ એને -દૃષ્ટિમાં લેવો એને અનુભવ કહેવામાં આવે છે, એને ધર્મ કહેવામાં આવે છે. લ્યો!

'**હવે કેવળજ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીને અવિશેષપણે દર્શાવીને...**' બેય સરખા દેખાડે છે હવે. કહે છે કે અહીં કેવળજ્ઞાની કહ્યું ને. હવે અહીં શ્રુતજ્ઞાની સાધક થયા એ પણ એના જેવા જ છે કેવળી જેવા. શક્તિએ બધા આત્મા સરખા કહ્યા, હવે અહીં પર્યાયમાં પણ શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાની સરખા જ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? '**કેવળજ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીને અવિશેષપણે...**' અવિશેષ એટલે સામાન્યપણે. વિશેષ ભેદ પાડ્યા વિના સામાન્યપણે દર્શાવીને '**વિશેષ આકાંક્ષાના ક્ષોભને ક્ષય કરે છે...**' વિશેષ જાણવાની ઇચ્છાના

ક્ષોભને નાશ કરે છે. આહા..હા..! '**(અર્થાત્ કેવળજ્ઞાનીમાં અને શ્રુતજ્ઞાનીમાં તફાવત નથી એમ દર્શાવીને વધારે જાણવાની ઈચ્છાના ક્ષોભને નષ્ટ કરે છે) :—**' આમ જાણવું ને આમ જાણવું. એ જાણનાર છે તેને જાણ્યો અને અનુભવ્યો એ કેવળી જેવો જ છે કહે છે. સમજાણું કાંઈ? આ પરોક્ષ છે અને આ પ્રત્યક્ષ છે એટલો ભેદ. સમજાણું કાંઈ? વિશેષ જાણવું... જાણવું... જાણવું એવી જે આકાંક્ષા, કાંઈક ઈચ્છા એવા ક્ષોભનો નાશ કરે છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને અનુભવ્યો, એને દૃષ્ટિમાં લઈને ભાવશ્રુતજ્ઞાન દ્વારા વેદ્યો, જાણ્યો, અનુભવ્યો. બસ, સ્થિરતાનો થોડો ફેર હોય શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાનીમાં. સમજાય છે? પણ વસ્તુની સ્થિતિએ જોતાં એ કેવળી અને શ્રુતકેવળી બેય એકસરખાં છે. ૩૩.

जो हि सुदेण विजाणहि अप्पाणं जाणगं सहावेण।
तं सुयकेवलिमिसिणो भणंति लोगप्पदीवयरा।।३३।।

**શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,**
**ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે.** ૩૩.

જુઓ! ભગવાનના મુખમાં આમ આવ્યું છે એમ પોતે કહે છે. ભગવાન આમ કહે છે હોં! લોકના જાણનારા શ્રુતકેવળીઓ કહે છે.

'**અન્વયાર્થ :- જે ખરેખર શ્રુતજ્ઞાન વડે...**' ભાવશ્રુતજ્ઞાન વડે '**સ્વભાવથી જ્ઞાયક (અર્થાત્ જ્ઞાયકસ્વભાવ)...**' જેનો સ્વભાવ જ એકલો જ્ઞાયકસ્વભાવ છે એને ભાવશ્રુતજ્ઞાન વડે એ જ્ઞાયકસ્વભાવને. જોયું! આ જ્ઞાયકસ્વભાવને—જાણકસ્વરૂપને ભાવશ્રુતજ્ઞાન દ્વારા, એમ. '**આત્માને જાણે છે, તેને લોકના પ્રકાશક ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે.**'

'**ટીકા :- જેમ ભગવાન,...**' જુઓ! જ્ઞાયકભાવ ભગવાન આત્મા એને કેવળજ્ઞાની જેમ પર્યાયે આત્માને જાણે છે, એમ ભગવાન જ્ઞાયકભાવ આત્મા તેને શ્રુતજ્ઞાની પણ જાણે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા... '**યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા...**' ચૈતન્યની પર્યાય જે છે એ સમસ્ત ચૈતન્યની વિશેષ અવસ્થા બધી પ્રગટ થઈ ગઈ છે. '**યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે,...**' એક સાથે પરિણમતા. ચૈતન્યના વિશેષો એક સાથે પરિણમે છે એમ કહે છે. એમાં કોઈ પહેલા થોડું અને પછી (વિશેષ જાણે) એનો ક્રમ એને નથી. શ્રુતજ્ઞાનીમાં જરી ક્રમ છે એમ કહેશે. અહીં '**યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષો...**' ચૈતન્યની વિશેષ અવસ્થાઓ બધી જેટલી છે તે પૂરી એને '**કેવળજ્ઞાન વડે,...**' વિશેષોવાળા કેવળજ્ઞાન વડે, એમ. એવા '**વિશેષોવાળા કેવળજ્ઞાન વડે,...**' જુઓ! હવે શું કહે છે?

'**અનાદિનિધન-...**' સામાન્ય વસ્તુ ચૈતન્ય છે અનાદિ-અનંત છે, અનાદિનિધન. અનાદિ એટલે અનંત. '**(ચૈતન્યસામાન્ય આદિ તેમ જ અંત રહિત છે.)**' નીચે (અર્થ) કર્યો

છે. ચૈતન્ય સામાન્ય જે વસ્તુ છે, સામાન્ય ભેદ વિનાની એક વસ્તુ ચૈતન્ય એ **'આદિ તેમ જ અંત રહિત છે.' 'નિષ્કારણ=જેનું કોઈ કારણ નથી એવું; સ્વયંસિદ્ધ; સહજ.'** છે. સત્ જ્ઞાયક, સત્ જ્ઞાયક સત્. જ્ઞાનસ્વરૂપ જે ત્રિકાળ એકરૂપ સામાન્ય સહજ સ્વયંસિદ્ધ છે. એને કોઈ કારણ નથી. કોઈ હેતુથી, કારણથી ઉત્પન્ન છે એમ છે નહિ. **'અસાધારણ...'** છે. **'જે બીજા કોઈ દ્રવ્યમાં નથી એવું.'** એવો જ્ઞાનસ્વભાવ કોઈ જડમાં નથી.

**'સ્વસંવેદ્યમાન=પોતાથી જ વેદાતું-અનુભવાતું.'** એવું જે ભગવાન આત્માનું સ્વરૂપ સ્વ નામ પોતાથી સંવેદ્ય પ્રત્યક્ષપણે વેદાતું એવું **'ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે...'** ચૈતન્યસામાન્ય ત્રિકાળી વસ્તુ જેનો મહિમા છે હવે અહીં કહે છે. **'તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી...'** એમ પાછું એકપણું સિદ્ધ કરવું છે ને. **'ચેતકસ્વભાવ= દર્શકજ્ઞાયક.'** એ દર્શકજ્ઞાયક વડે—ચેતકસ્વભાવ વડે ચૈતન્ય જે સામાન્ય જે ત્રિકાળ છે તે **'ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ છે...'** એકપણું હોવાથી કેવળ છે. એકપણું હોવાથી **'(એકલો, નિર્ભેળ,...'** ભેળ વિનાનો, મિશ્ર વિનાનો એકલો **'શુદ્ધ, અખંડ) છે...'** સમજાણું કાંઈ? **'એવા આત્માને આત્માથી...'** એવા આત્માને આત્માથી **'આત્મામાં અનુભવવાને લીધે...'** કોણ? કેવળજ્ઞાન વડે. કેવળજ્ઞાન વડે આવો આત્મા અનુભવે છે.

એ કેવળ એવા એકરૂપ ચૈતન્યસામાન્ય જે ત્રિકાળ અને એનો ચેતકસ્વભાવ એટલે કે દેખવા-જાણવા સ્વભાવ વડે જેનું એકપણું છે. એમ. એક છે ને? એક છે એક વસ્તુ છે. એક એવો જે કેવળ એકલો નિર્ભેળ, શુદ્ધ છે એવા આત્માને... જુઓ! કેવળજ્ઞાનીની વાત ચાલે છે આ. એ કેવળજ્ઞાન વડે આવા આત્માને, કેવળજ્ઞાન વડે આવા આત્માને. લ્યો ઠીક! શ્રુતજ્ઞાની સાથે મેળવ્યું છે પાછું. આત્માથી—પોતાના નિર્વિકલ્પ જ્ઞાનથી અને આત્મામાં અંદરમાં અનુભવવાને લીધે પોતાના જ્ઞાનની પૂર્ણ દશાના અનુભવને લીધે કેવળી છે. એકલાને અનુભવે છે માટે એકલો છે એટલે કેવળી છે એમ કહે છે. કેવળી છે એટલે ત્રણ કાળને જાણે એ અહીં વાત નથી.

ભગવાન આત્મા અનાદિ-અનંત નિષ્કારણ, અસાધારણ, અસાધારણ, સ્વસંવેદ્યમાન એવો ચૈતન્યસામાન્ય જેનો ત્રિકાળ મહિમા છે અને ચેતક જેનો સ્વભાવ દર્શન-જ્ઞાન છે એવા આત્માને કેવળજ્ઞાન વડે અનુભવાય છે, જાણે છે. પરની વાત અહીં નથી અત્યારે. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં તેથી લીધું ને,

> કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,
> કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.

એકલો નિશ્ચય લીધો છે. સમજાણું કાંઈ?

**'એકપણું હોવાથી જે કેવળ છે.'** કેવળી બધાને જાણે છે માટે કેવળી એમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ જે ચૈતન્યસામાન્ય એમાં દર્શન-જ્ઞાનનો સ્વભાવ છે તેવાને

એવો એકલો છે તેને જાણે છે, એકને જાણે માટે કેવળી, કેવળને જાણે માટે કેવળી, કેવળને જાણે માટે કેવળી. સમજાણું કાંઈ? આહા..હા..! બસ! એ તો એક કેવળીની વાત કરી.

હવે આચાર્ય કહે છે કે '**અમે પણ...**' ભાષા જુઓ! આહા..હા..! ભગવાન, યુગપદ્ સમસ્ત ચૈતન્યના વિશેષોવાળા કેવળજ્ઞાન વડે અનાદિ-અનંત નિષ્કારણ અસાધારણ એવા ચૈતન્યસામાન્યને—જે ચેતકસ્વભાવ વડે જે છે એને—એકલાને, એકલાને, ભેળસેળ વિનાને, પરની અપેક્ષા વિનાને, એકલા શુદ્ધને ભગવાન કેવળી પણ જાણે છે, અનુભવે છે. સમજાણું કાંઈ? હવે આચાર્ય પંચમ આરાના મુનિ... સમજાય છે? જેને અવધિજ્ઞાન નથી, મનઃપર્યયજ્ઞાન નથી, કેવળજ્ઞાન નથી. નથી તોપણ કહે છે કે અમે તો કેવળ આત્માને અનુભવીએ છીએ (અને) એ પણ કેવળ એકલા આત્મા અનુભવે છે. અમારામાં ફેર કેટલો છે એ અમે કહીશું હમણાં. સમજાણું?

'**અમે પણ, ક્રમે પરિણમતા...**' અહીં પૂરું જ્ઞાન આખું પ્રગટ્યું નથી એટલે ક્રમે પરિણમતા. ઓલામાં યુગપદ્ પરિણમતા હતા. ચૈતન્યના વિશેષો એક સમયે પૂરા પરિણમતા હતા. અને '**ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા...**' એમ. સમજાય છે કાંઈ? ભગવાનને યુગપદ્ અને સમસ્ત ચૈતન્યવિશેષવાળા આ '**ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે,...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ વળી શું જાણે છે? શબ્દ બધા એના એ પાછા '**અનાદિનિધન-નિષ્કારણ-અસાધારણ-સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (નિર્ભેળ) છે...**' જે કેવળ છે. '**એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ.**' બધું એક જ કરી નાખ્યું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરના, રાગના ભેળસેળ વિનાનો એકલો ચૈતન્યસ્વભાવ જે દર્શન-જ્ઞાનમય એવું પ્રભુનું સ્વરૂપ આત્માનું, એને અમે ક્રમે થતાં... થતાં એટલે પરિણમતા. એક સાથે નથી ચૈતન્યના વિશેષો પરિણમી ગયા. '**ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે,...**' કેટલાક અને ક્રમે એટલો ફેર છે. સમજાણું કાંઈ? પણ ઓલું કેવળ છે એમાં ફેર નથી એમ કહે છે અહીં તો ભાઈ! આહા..હા..! કેવળ જે આને અનુભવવામાં ફેર નથી એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? આ આત્મા કેવળ-એકલો નિર્ભેળ-ભેળસેળ વિનાનો, રાગના પરિણામ વિનાનો એકલો અભેદ ચૈતન્યસ્વરૂપ એકલું તત્ત્વ જ્ઞાયકસ્વરૂપ એને કેવળજ્ઞાની '**યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે,...**' એકલાને જાણે માટે કેવળી છે. માટે તે કેવળી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**અમે પણ...**' આહા..હા..! જુઓ તો ખરા આચાર્યોને! છદ્મસ્થ મુનિ છે. આ અમૃતચંદ્રાચાર્ય પોતે ૯૦૦ વર્ષ (પહેલાં) કહે છે. સમજાય છે કાંઈ? ન્યાય નાખ્યો છે આટલો.

**जो हि सुदेण विजाणहि अप्पाणं जाणगं सहावेण।**

तं सुयकेवलिमिसिणो भणंति लोगप्पदीवयरा।।३३।।

અહીં તો શ્રુતકેવળીની વાત છે. કાઢી પછી કેવળજ્ઞાનીની સાથે. ભાઈ! પાઠમાં તો શ્રુતકેવળીની વાત છે. **'जो हि सुदेण विजाणहि'** કોને? **'अप्पाणं जाणगं सहावेण'** ભાવશ્રુતજ્ઞાન દ્વારા, ભાવશ્રુતજ્ઞાન દ્વારા જે **'अप्पाणं जाणगं सहावेण'** જ્ઞાયકસ્વભાવને **'अप्पाणं'** એકલાને જાણે તે શ્રુતકેવળી, તેને શ્રુતકેવળી ઋષિશ્વરો કહે છે. આ પાઠ (છે). સમજાય છે કાંઈ? આહા..હા..! ૧૪૩માં એ કહ્યું છે ને, શ્રુતકેવળી સાથે નહિ? સમયસારમાં. શ્રુતના અવયવો જેને નથી. એને સરખું મેળવ્યું છે ત્યાં ૧૪૩.

કહે છે, અહીંયા તો **'सुदेण विजाणहि अप्पाणं जाणगं सहावेण'** એમ. આત્મા શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવવાળો એને જાણે છે, એને અનુભવે છે તેને શ્રુતકેવળી લોકના ત્રણ કાળ ત્રણ લોકના જાણનારા સંતો, ઋષિશ્વરો એને ઋુતકેવળી કહે છે. એમાંથી આ કાઢ્યું કે એ શ્રુતકેવળીઓ એને કહે છે, પણ એ કેવળીઓએ જે કેવળપણે જાણ્યો તેને અમે જાણ્યો માટે અમે પણ શ્રુતકેવળી છીએ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તેમ અમે પણ...'** એમ. જેમ ભગવાન છે એમ અમે પણ. હવે ઓલો ગાથાનો અર્થ આ હવે આવે છે. ઓલાની સાથે મેળવે છે. સમજાણું કાંઈ? ક્રમે થતાં એક સાથે ચૈતન્યની બધી વિશેષ દશાઓ એક સમયે પરિણમી નથી. અને **'કેટલાક ચૈતન્યના વિશેષોવાળા...'** એટલે ચૈતન્યની પર્યાયોના વિશેષ ભાગવાળું એવું જે શ્રુતજ્ઞાન. એ શ્રુતજ્ઞાનનું વિશેષણ. અનાદિ-અનંત ભગવાન આત્મા, આ આત્મા અનાદિ-અનંત, નિષ્કારણ. કારણ કેવું? વસ્તુ છે એને કારણ કેવું? સત્ (છે). **'અસાધારણ-'** જે જ્ઞાનગુણ બીજામાં નથી, ચૈતન્યપણું બીજામાં નથી. એવું **'સ્વસંવેદ્યમાન...'** પોતે પોતાથી પ્રત્યક્ષ વેદાય તેવો એ **'ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે...'** સમજાણું કાંઈ? **'તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી...'** એનો સ્વભાવ ચૈતન્યનો એક છે. અહીં કેવળજ્ઞાનની સાથે મેળવે ને. કેવળજ્ઞાન પર્યાય એકને જાણે છે, એમ અમે પણ એકને જાણીએ છીએ. ભલે ક્રમે અને થોડા વિશેષવાળો હોય પણ જાણવાનું જે સ્વરૂપ છે તે એક જ આખું છે. શું કીધું સમજાણું આમાં? પર્યાયમાં ક્રમે પરિણમન અને કાંઈક ચૈતન્યના કેટલાક વિશેષોવાળા એટલો ભલે ફેર હોય, પણ કેવળ અસાધારણ ચિદાનંદ ભગવાનને જાણવું એ તો અમારે ને એને બેયને એકસરખું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાદવજીભાઈ! આવી વાતું છે આ. આહા..હા..!

ભગવાન આત્મા...! કહે છે કે **'અમે પણ,...'** આહા..હા..! અમારામાં કેટલાક ચૈતન્યના પરિણમન-વિશેષો એ એક સાથે નથી પરિણમતા, ક્રમે ક્રમે પરિણમે છે અને કેટલાક ચૈતન્યના વિશેષો છે. બધા વિશેષો જે જોઈએ એ કેવળજ્ઞાનીને છે. એટલો ભલે ફેર હોય, પણ એને જાણવાનો જે એણે જાણ્યો અકારણ, અસાધારણ, અનાદિ-અનંત એક અભેળ, અભેળ એટલે ભેળ વિનાનો નિર્ભેળ એને જાણ્યો, અમે પણ એને જાણીએ છીએ, એમ. આહા..હા..!

સમજાણું કાંઈ? આટલા શાસ્ત્રો જાણ્યા કે આ ફલાણું જાણ્યું કે ભગવાને બહુ ત્રણ કાળ જાણ્યું એનું અમારે કામ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- આત્માને અનુભવ્યો.

ઉત્તર :- અહીં તો આત્મા વસ્તુ જે અખંડાનંદકંદ ચૈતન્ય સ્વભાવ વડે ભરેલો પ્રભુ, એકરૂપ ભેળસેળ વિનાનું શુદ્ધ તત્ત્વ એને અમે જ્ઞેય બનાવીને અનુભવીએ છીએ, ભગવાને પણ એને જ્ઞેય બનાવીને કેવળજ્ઞાન વડે એને અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ આ દિગંબર સંતોના કથનો! સમજાય છે કાંઈ? એવી વાત બીજે હોઈ શકે નહિ. જાતે ચારિત્રસહિત છીએ અને થોડો ફેર છે પરિણમનમાં. બધા ચૈતન્યના વિશેષો-પર્યાયો પૂરા પ્રગટ્યા નથી ભલે. સમજાય છે? અને ક્રમે ક્રમે તો પરિણમે છે. સમજાય છે? છતાં એ ક્રમના અને કેટલાક વિશેષો દ્વારા જાણનારો જે જણાય છે એ તો જ્ઞ આખો અખંડ એક છે. એને કેવળને અમે જાણીએ છીએ માટે અમે શ્રુતકેવળી છીએ. એ પણ કેવળને જાણે માટે કેવળી છે એમ કહે છે. સમજાણું કાંઈ? શું આમાં ધર્મ કીધો?

કહે છે કે ભાઈ! ધર્મ એટલે ધર્મી એવો જે આત્મા એકલો એક સ્વરૂપ છે એવો જે આત્મા એને વર્તમાન જ્ઞાનની દશા દ્વારા એને અનુભવવો તેનું લક્ષ, દૃષ્ટિ કરીને તેનું વેદવું એનું નામ ધર્મ. એનું નામ ધર્મ. કાંઈ પુણ્ય-પાપ ને વિકલ્પ ને નિમિત્તમાં જોડે એ કાંઈ ધર્મ છે નહિ. ધર્મ નામ જન્મ-મરણના અંતને લાવવાની આ એક દશા અને મોક્ષને લાવવાની આ દશા. એટલે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાની આ દશા. કીધું ને, સામ્યભાવથી કેવળજ્ઞાન થાય અને એનું વર્ણન કરતા... કરતા... કરતા સર્વજ્ઞ થવાય અને એક સમયમાં આમ છે ને ભૂત ભવિષ્ય બધું છે. છતાં એની જ્ઞાનની વિશેષતાઓ જે છે એ વિશેષતાઓનું અહીં કામ નથી કહે છે.

જે એ જ્ઞાન દ્વારા પણ એક આત્મા અસાધારણને પોતે અનુભવે છે, જાણે છે, બસ એટલું અમારે પણ એમ છે. સમજાણું કાંઈ? આત્માની ભાવશ્રુતજ્ઞાન-વર્તમાન ભાવશ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન એમાં પૂરા ચૈતન્યના વિશેષો ભલે નથી. સમજાય છે? અને તેમાં ક્રમે ક્રમે પરિણમન છે. વિશેષ પાછું વિશેષ વિશેષપણું બીજી વાર આવે, ત્રીજી વાર આવે એવા ઘણાં પ્રકારો આવે. સમજાય છે? એક સાથે નથી બધું. છતાં આમાં એક સાથે ન હોવા છતાં ભગવાન આત્મા અંદર અસાધારણ અનાદિ-અનંત ભગવાન ચૈતન્યપ્રભુ આ એને અમે અવલંબીને અનુભવીએ છીએ, તેથી એકને અનુભવીએ માટે અમે કેવળી છીએ એટલે કેવળ છીએ એટલે શ્રુતકેવળી છીએ. એ એકને અનુભવે માટે પણ એ કેવળી છે. અમરચંદભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ?

એ ત્યાં અર્થ કર્યો છે ઓલો કેવળનો. સમજાય છે ને? પહેલા કેવળનો અર્થ નહોતો કર્યો. કૌંસમાં કર્યો હતો, એકલો નિર્ભેળ અને શુદ્ધ અખંડ. અહીંયા વળી નીચે કૌંસમાં કર્યો.

હવે કૌંસમાં નીચે છે ને. '**એકપણું હોવાથી જે કેવળ છે...**' ઓલામાં કેવળના અર્થ ઘણાં કર્યા હતા. એને કૌંસમાં નિર્ભેળ કહી અને નીચે એનો અર્થ કર્યો વધારે. '**આત્મા નિશ્ચયથી પરદ્રવ્યના તેમ જ રાગદ્વેષાદિના સંયોગ વિનાનો...**' છે. ભગવાન અજીવથી ભિન્ન છે અને આસ્રવથી ભિન્ન છે એમ કહેવું છે. આત્મા ખરેખર પરદ્રવ્યના અને તેમ જ પુણ્ય-પાપના વિકલ્પના સંયોગ વિનાનો છે, એને આત્મા કહીએ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ એ આત્મા, એકરૂપ આત્મા એ પરદ્રવ્યના અને પુણ્ય-પાપના સંયોગના સંબંધ વિનાનો. '**તથા ગુણપર્યાયોના ભેદો વિનાનો,...**' સામાન્ય લેવું છે ને અહીંયાં? એકલો સામાન્ય ચૈતન્ય ગુણપર્યાયના ભેદ વિનાનો એકલો અભેદ વસ્તુ '**માત્ર ચેતકસ્વભાવરૂપ જ છે;...**' ચેતકસ્વભાવ. સમજાય છે કાંઈ? આત્મા એ વસ્તુ થઈ. એનો ચેતકસ્વભાવ એ એનો ગુણ થયો. સમજાણું કાંઈ? ચેતકસ્વભાવ જ છે. માત્ર ચેતકસ્વભાવ જ છે. એનું જાણવું-દેખવું એ જ એનો સ્વભાવ છે, એ જ વસ્તુ અને એ વસ્તુનો આ સ્વભાવ. દ્રવ્ય અને એનો સ્વભાવ, વસ્તુ એનો સ્વભાવ, ગુણી એનો આ ગુણ પૂર્ણ.

'**તેથી પરમાર્થે તે કેવળ...**' તે કેવળ છે. પરમાર્થે તે કેવળ છે. કેવળ છે એટલે? એકલો છે. એકલો છે એટલે? નિર્ભેળ છે. નિર્ભેળ છે એટલે? શુદ્ધ છે. શુદ્ધ છે એટલે કે અખંડ છે. સમજાણું કાંઈ? એને દૃષ્ટિમાં લઈને અનુભવવો આ એનું નામ ધર્મ અને એ શ્રુતકેવળી છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ ગાથામાં આવશે ને ત્યાં નવમી, દસમી. સમયસારમાં આવે છે ને. એને શ્રુતકેવળી કહે છે. બાર અંગનું ભણવું એ દ્રવ્યશ્રુત છે. આ આત્માના એક સ્વરૂપને અનુભવવો તે ભાવશ્રુતકેવળી છે. સમજાણું કાંઈ?

'**એવા આત્માને...**' એ બધા વિશેષણો તો સરખા જ છે બેયના. ફક્ત ફેર એટલો કે ક્રમે પરિણમતા અને કેટલાક ચૈતન્યવિશેષ. બસ. '**એવા આત્માને આત્માથી આત્મામાં...**' આત્માને આત્માથી નિર્વિકલ્પ દ્વારા આત્મામાં અંદર સ્વભાવમાં '**અનુભવવાને લીધે...**' આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે '**શ્રુતકેવળી છીએ.**' આહા..હા..! સમજાણું કાંઈ? '(**માટે**) **વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ;...**' વિશેષ એમ કે આ શાસ્ત્રને જાણીએ, આ વિશેષ જાણવું એ બધું ઠીક છે. સમજાણું કાંઈ? અંતર દ્રવ્યનો અનુભવ કરવો એ જ વસ્તુ છે. પછી જાણપણું ઓછું હોય, વત્તુ હોય એની સાથે કાંઈ સંબંધ નથી એમ સિદ્ધ કરે છે. આહા..હા..! ભગવાન આત્મા જેમાં એકલો ચૈતન્યસ્વભાવ જ પડ્યો છે ને પ્રભુનો. એવા ભગવાન આત્માને અનુસરીને અનુભવવું, થવું, એને અનુસરીને થવું, બસ એ ધર્મ છે, એ મોક્ષનો માર્ગ છે, એ બંધના છેદનો ઉપાય છે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિનો પણ એ ઉપાય. અહીં તો કેવળી સાથે સરખાવી દીધા. એમાંથી અમને કેવળજ્ઞાન થશે. આ સ્થિતિમાં ક્રમે પરિણમવું અને ચૈતન્યના વિશેષો કેટલાક છે એ બધા ટળીને અક્રમે યુગપદ્

પરિણમવું અને બધા વિશેષો એક સમયમાં પ્રગટ થઈ જશે આ કારણે. જ્ઞાનનું ઓછા-વત્તાપણું એની સાથે અમારે કાંઈ સંબંધ નથી. સ્થિરતાની થોડી ઘણી વાત ... એ વાત ગૌણ છે આમાં. સમજાણું કાંઈ? અર્થમાં તો એને મુખ્ય કહેશે. ભેદ છે એ મુખ્ય છે. સ્વરૂપ સ્થિરતાની તારતમ્યતામાં ભેદ જ મુખ્ય છે એમ. મૂળ તો ત્યાં સ્વરૂપ સ્થિરતાની તારતમ્યતાનો ભેદ જ મુખ્ય છે. કહેશે હમણા. કહો, સમજાણું કાંઈ? અલૌકિક લોકોત્તર ગાથા છે, મર્મની ગાથા છે. ધર્મનો મર્મ.

ધર્મી એવો આત્મા એનો ધર્મ એટલે જ્ઞાનસ્વભાવે પરિપૂર્ણ ચેતક તે દર્શન. પાઠમાં જાણકસ્વભાવ એટલું લીધું છે ને. અર્થમાં પછી ચેતન નાખવું પડ્યું. એવો આત્મા વસ્તુ અનાદિ-અનંત અહેતુ, સત્ છે એટલે હેતુ વિનાનો, અસાધારણ કે એવો ગુણ બીજો કોઈ બીજામાં નથી એને સ્વસંવેદન દ્વારા ચેતી લેવો, અનુભવવો એકલાને બસ તે ધર્મ. એ ભાવશ્રુતજ્ઞાનમાં એને વેદ્યો, એ ભાવશ્રુતજ્ઞાન તે ધર્મ છે. જેને જૈનશાસન કીધું ૧૫ ગાથા(માં). '**पस्सदि जिणसासणं सव्वं**' આ શ્રુતજ્ઞાન દ્વારા આ જાણ્યું એણે આખું જૈનશાસન જાણ્યું. સમજાણું કાંઈ? આ ધર્મની રીત પણ ભેગી બતાવે છે. ધર્મની કઈ ક્રિયા એ પણ અહીંયા સાથે બતાવે છે. શું થાય? જગત એવે બીજે રસ્તે ચડી ગયું છે ને, એટલે અંદર વળવું એને ભારે કઠણ પડે છે. એમ કે ભગવાનના દર્શન કરીએ લ્યો! ભગવાનના દર્શન કરીએ તો એમાંથી થાય કે નહિ ધર્મ?

મુમુક્ષુ :- ભક્તિમાં આવ્યું હતું.

ઉત્તર :- એ થાય એ તો નિમિત્તના કથન. આ (સ્વ)ભગવાનના દર્શન કરે ત્યારે ધર્મ થાય. પર ભગવાનના દર્શન કરે તો પુણ્યભાવ થાય. એ નિશ્ચયદૃષ્ટિ ને ધર્મ હોય તો ઓલા વ્યવહારને વ્યવહારધર્મ કહેવાય, નહિતર તો એકલો વ્યવહારાભાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જિનબિંબ કેવળજ્ઞાન બિંબ ન કહ્યું આ? એકલો કેવળજ્ઞાનનો કંદ જ ભગવાન આત્મા. કેવળજ્ઞાનનો કંદ પ્રભુ છે એકરૂપ. એવા આત્માની દૃષ્ટિ કરી અને જ્ઞાન દ્વારા જાણીને વેદવો એનું નામ ધર્મ છે. બાકી વ્રત ને નિયમ ને પૂજા ને ભક્તિ ને ભગવાનના દર્શન એ બધા પુણ્ય વિકલ્પ છે, ધર્મ છે નહિ. કહો, સમજાણું? વળી આજે લેખ આવ્યો છે ઓલો. સમ્યગ્દર્શન તો ધર્મ નથી, ચારિત્ર ધર્મ છે. અને વૃક્ષ થાય એ વસ્તુ છે, બીજની કિંમત નથી. વૃક્ષ થાય... માટે ચારિત્ર થાય (તો સફળ છે,) નહિતર સમ્યગ્દર્શન નિષ્ફળ છે. એવું મોટું આવ્યું છે લખાણ જૈન ગેજેટ. એ ચારિત્ર ગ્રહણ કરે તો સમકિતનું સફળપણું કહેવાય, નહિતર સમકિતનું કાંઈ નહિ. પણ સમકિતમાં ચારિત્રનો અંશ ભેગો છે, સાંભળને. આ શું કહે છે અહીં? ચોથા ગુણસ્થાનમાં પણ એ ન્યાયે શ્રુતકેવળી છે. ભલે એ જાતનું ક્ષયોપશમ છે નહિ. અહીં તો એકને કેવળને, નિર્મળને, અખંડને, શુદ્ધને અનુભવે, કેવળને અનુભવે—એકલાને અનુભવે માટે કેવળી. કેવળી પણ એકલાને અનુભવે માટે કેવળી, એમ

કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ કેવળી કહેવાતા નથી,...**' એઈ..! .. એટલે બધા પદાર્થને જાણતા નથી? એ તો સિદ્ધ કર્યું કે પદાર્થને જાણે છે, એમ. સમજાય છે? સર્વજ્ઞપર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય છે, પણ એથી એ કેવળીનું કેવળપણું નથી કહે છે. કહો, સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવ '**સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ કેવળી કહેવાતા નથી,...**' આહા..હા..! '**પરંતુ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને જાણતા-અનુભવતા હોવાથી તેઓ કેવળી કહેવાય છે.**' આ વસ્તુ સિદ્ધ કરે છે. શુદ્ધ આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ આખો પરમાત્મા પોતે પરમાત્મા, અપ્પા સો પરમ અપ્પા. આત્મા પોતે જ પરમાત્માસ્વરૂપ જ પોતે છે અંદર. સમજાય છે કાંઈ? આહા..હા..! એવા '**શુદ્ધ આત્માને જાણતા-અનુભવતા હોવાથી તેઓ કેવળી કહેવાય છે.**'

'**કેવળ (શુદ્ધ) આત્માને જાણનાર-અનુભવનાર શ્રુતજ્ઞાની પણ શ્રુતકેવળી કહેવાય છે.**' ઓલા કેવળી, આ શ્રુતકેવળી. કેવળને જાણે માટે કેવળી. તો આ પણ કેવળને જાણે માટે શ્રુતકેવળી. આહા..હા..!

મુમુક્ષુ :- શ્રુત કાઢીને કેવળી..

ઉત્તર :- હા, પછી તો એ તો ઓલું સૂત્રને કાઢી નાખે. એ તો શ્રુતનો ઓલા સૂત્ર જે છે ભગવાનની વાણી પુદ્‌ગલની છે એ તો. એ કાંઈ શ્રુત નથી. એ તો વ્યવહારજ્ઞાન છે. એ સંબંધી એમાં કહેલું જે અહીં જ્ઞાનરૂપે પરિણમન થયું એ જ્ઞાન છે. કાંઈ ભગવાનની વાણી જ્ઞાન નથી, એ તો પુદ્‌ગલની પર્યાય છે. વ્યવહારે જ્ઞાન કહેવામાં આવે છે. એટલે નથી ને કહેવું એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ?

'**કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત એટલો છે કે—કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો...**' ચૈતન્યની સમસ્ત દશાઓ પૂર્ણ એક સમયમાં, એમ. '**એકીસાથે પરિણમે છે...**' '**કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો એકીસાથે પરિણમે છે...**' બે ફેર પડ્યોને. '**એવા કેવળજ્ઞાન વડે...**' એવા કેવળજ્ઞાન વડે '**કેવળ આત્માને અનુભવે છે અને શ્રુતકેવળી જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે;...**' લ્યો! સમજાણું કાંઈ? જુઓ! આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનનો સાર. આહા..હા..! '**અર્થાત્ કેવળી સૂર્યસમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે...**' સૂર્યસમાન એમ. '**શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે.**' સમજાણું કાંઈ? એ તો આને દીવો અને સૂર્ય એટલો (ફેર), પણ દેખવાની વસ્તુ છે એ તો અખંડને દેખે છે બેય, એમ. દીવા વડે જોઈ તો ચીજ જોઈ, ઓલાએ સૂર્ય વડે જોઈ એ તો ચીજ જોઈ એમ કહે છે. એમ કેવળજ્ઞાન વડે જોયો તો આખો આત્મા અખંડ જોયો, શ્રુતજ્ઞાન

વડે જોયો તો આખો અખંડ આત્મા જોયો. સમજાણું કાંઈ? **'આ રીતે કેવળીમાં અને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે,...'** સ્થિરતા થોડી ઘણી ફેર છે, પણ અંદર એકરૂપને અનુભવવામાં ફેર નથી, એકને અનુભવે છે, એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નથી લેવું અહીંયા. અહીં તો સૂર્યથી દેખે ચીજ તે એક જ છે એમ કહેવું છે. સૂર્યના પ્રકાશમાં પણ જે વસ્તુ દેખે છે એમ જ છે. દીવાના પ્રકાશમાં વસ્તુ દેખે છે (એ એમ જ છે) એમ લેવું છે અહીં. ઠીક વજુભાઈ! અહીં તો સૂર્યના પ્રકાશમાં જે વસ્તુ દેખી છે એ એ દેખે છે. દીવાના પ્રકાશમાં જે વસ્તુ દેખે છે એ એમ દેખે છે, એમ કહે છે. અહીં એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન વડે પણ વસ્તુ અસાધારણ એકરૂપ શુદ્ધ છે એને જાણે છે, અનુભવે છે. આ શ્રુતકેવળી પણ એકરૂપ વસ્તુ અખંડ છે એને જાણે છે, બસ. સમજાણું કાંઈ? ભાવશ્રુતજ્ઞાનની મહિમા અને એ ભાવશ્રુતનો આશ્રય એકલો દ્રવ્યસ્વભાવ. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે,...'** થોડી સ્થિરતામાં ફેર છે એટલી વાત. **'વત્તુંઓછું જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે.'** ઓછાવત્તાને જાણવાની વિશેષતા નથી. **'માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે.'** સમજાણું? **'એ જ કેવળજ્ઞાન-પ્રાપ્તિનો ઉપાય છે.'** લ્યો! બહુ સરસ. ૩૩-૩૩. જ્યાં ચૈતન્ય ભગવાન આખો છે તેમાં જ દૃષ્ટિ આપીને અનુભવવા જેવું છે એમ કહે છે. વિશેષ જાણવાની ઇચ્છાનો ક્ષોભ મટાડી અને અંતરમાં જાવાનો પ્રયત્ન વારંવાર કરવો જોઈએ એમ કહે છે. સમજાણું કાંઈ? અને એ શ્રુતજ્ઞાન દ્વારા-ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને અનુભવ્યો-જાણ્યો, બસ એ જ કેવળજ્ઞાન પ્રાપ્તિનો ઉપાય છે. અને એ સ્થિરતા અંદર ચારિત્ર, એ શ્રુતજ્ઞાન ભેગું ચારિત્ર પણ છે ને. અંદર જાણ્યું તો એ બાજુ ઠર્યો છે ને એકાગ્ર? ત્યારે એટલી ચારિત્રદશા થઈ કે નહિ? શ્રુતજ્ઞાન જ્ઞાનની અવસ્થા જ્ઞેય સ્વ અખંડ ઉપર ગઈ, તો ગઈને કાંઈ એકાગ્રતા છે કે નહિ? એકાગ્રતા છે એટલી સ્થિરતા છે ભેગી. સમજાણું કાંઈ?

જ્ઞેય, અખંડ વસ્તુને કર્યું જ્ઞેય. જ્ઞાન થયું, એની સાથે શ્રદ્ધા થઈ, એમાં એકાગ્રતા એટલે સ્થિરતા પણ સાથે જ છે. સમજાય છે કાંઈ? સ્થિરતાનો અંશ ન હોય અને આ જ્ઞેયને જાણે એકલું એ શી રીતે બને? સમજાણું કાંઈ? સર્વજ્ઞની પૂર્ણ સ્થિરતા છે એમ કહે છે. અહીં થોડી (છે) પણ છતાં જાણવાનો વિષય તો બેયને એકસરખો છે. માટે કરીને કરવું એ, અંતરમાં શ્રુતપણે જ્ઞાન કરીને અંદરમાં અનુભવમાં વારંવાર રહેવું એ કરવાનું, એ ધરવાનું અને એ પાળવાનું અને એ આચરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે ઓલો કાલે (કહે), ભગવાનની વાણી એ શ્રુત છે, શ્રુત છે. એમ કહે. એ જ્ઞાન છે અને ત્યાંથી જ્ઞાન આવે છે. એવું નથી, ભાઈ! વાણી તો ઉપાધિ છે. જ્ઞાનને નિમિત્તપણું એ તો ઉપાધિ છે

કહે છે. ભગવાનની વાણી તો પુદ્‌ગલમય છે. લ્યો! ભીખાભાઈ! વાણી તો પુદ્‌ગલમય છે. જુઓ!

‘**હવે, જ્ઞાનના શ્રુત-ઉપાધિકૃત ભેદને દૂર કરે છે...**’ શ્રુત એટલે આ વાણી એમ. ‘**(અર્થાત્‌ શ્રુતજ્ઞાન પણ જ્ઞાન જ છે, શ્રુતરૂપ ઉપાધિને કારણે જ્ઞાનમાં કાંઈ ભેદ પડતો નથી...**’ શ્રુતજ્ઞાન પણ જ્ઞાન જ છે, ઓલો ભાવશ્રુત છે એ જ્ઞાન જ છે એને લઈને શ્રુતને, કોઈ નિમિત્તને લઈને ફેર પડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત જે શ્રુત છે એ તો પુદ્‌ગલની પર્યાય છે. એ તો વધારાની વસ્તુ છે એમ કહે છે ને. ઉપાધિ છે. આહા..હા..! ઉપકરણ કહ્યું છે ને આગળ પ્રવચનસારમાં. વાણી વચનો એ બધા ઉપકરણ છે.

મુમુક્ષુ :- અપવાદમાર્ગમાં એનો નિષેધ નથી.

ઉત્તર :- કોનો? વાણીનો નિષેધ છે. અપવાદ-ફપવાદ કાંઈ નથી. કહો, જીવણભાઈ!

મુમુક્ષુ :- એને આશ્રયે...

ઉત્તર :- ત્યાં ક્યાં પણ જ્ઞાન હતું? એમ કહે છે. અહીં એ બતાવે છે. જ્ઞાન તો એણે કહ્યું એવું અહીં જાણ્યું એ જ્ઞાન તે જ્ઞપ્તિ, જ્ઞપ્તિને જ્ઞાન કહેવામાં આવે છે. એ વાણીને જ્ઞાન કહેવામાં આવે છે? વાણી તો પર છે, ઉપાધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... હોવાથી અપવાદ માર્ગને...

ઉત્તર :- અપવાદ-ફપવાદ કાંઈ નહિ અહીં. અપવાદને નિંદા થાય. ખરું કે નહિ? અપવાદ તો દોષ કહેવાય કે નહિ? આનો અપવાદ બોલાણો એમ નથી કહેતા? એમ બોલે છે. નિંદા બોલાણી એમ છે. આહા..હા..! એને કહે છે કે એ શ્રુત શબ્દ છે ને એટલે જાણે સાંભળ્યું માટે જ્ઞાન થયું. એમ. શ્રુત શબ્દ છે ખરો ને? શ્રુતકેવળી કીધા ને? એટલે શ્રુત આવ્યું એટલે સાંભળ્યું માટે થયું? સમજાણું? એમ નથી. જુઓ! શ્રીમદ્‌માં એમ આવે છે બારમા ગુણસ્થાન સુધી શ્રુતનો આધાર છે. આવે છે, એમાં આવે છે. અહીં તો કહે છે કે શ્રુતજ્ઞાનમાં જે ઉપાધિ હતી એ તો વાણી, એ સંબંધીનું અહીં જ્ઞાન કર્યું તે જ્ઞાનને જ્ઞપ્તિ ક્રિયા કહેવામાં આવે છે. કાંઈ વાણીમાં જ્ઞપ્તિપણું, જ્ઞાનપણું નથી. એ તો જડ છે. આહા..હા..! અરે..! ભગવાનની વાણીને જડ કહેવું? અહીં ભગવાન પોતે કહે છે જુઓ! અરે..! ભગવાનની વાણીને જડ કહેવાય? અને એમાં જ્ઞાન નથી? એની વાણીમાં જ્ઞાન નથી? એમ કહેવાય? અમરચંદભાઈ! આહા..હા..! એ અહીં આચાર્ય કહે છે. ૩૪ લ્યો.

सुत्तं जिणोवदिट्ठं पोग्गलदव्वप्पगेहिं वयणेहिं।
तं जाणणा हि णाणं सुत्तस्स य जाणणा भणिया।।३४।।

**પુદ્‌ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે;**
**છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.**

જુઓ! જિનઉપદિષ્ટ છે એમ લીધું, ભાઈ! ભગવાને ઉપદેશેલું છે. ગાજે છે? હવે ચાર

થવા આવ્યા.

'**અન્વયાર્થ :- સૂત્ર એટલે પુદ્‌ગલદ્રવ્યાત્મક વચનો વડે...**' લ્યો ઠીક! '**जिनोपदिष्टं**'. '**જિનભગવંતે ઉપદેશેલું તે.**' નિમિત્તથી કથન છે. જિન ભગવાને કહેલી વાણી. લ્યો ઠીક! વાણી ભગવાને કીધી. એઈ..! આહા..હા..! '**તે તેની જ્ઞપ્તિ તે જ્ઞાન છે...**' વાણીને જે કહેવાનો છે આશય એમાં સ્વપર વાત, એને અહીં જાણે તેને જ્ઞાન કહેવામાં આવે છે. કાંઈ વાણીમાં જ્ઞાન નથી. વાણી કાંઈ જ્ઞાનસ્વરૂપ નથી. એ તો પુદ્‌ગલસ્વરૂપ છે. પુદ્‌ગલ સ્વરૂપમાં કાંઈ.. સમજ્યાને? ઓલા લોકોમાં બહુ બોલે આ તારણસ્વામીમાં, એ વાણીમાં તો બધા ભાવ ભર્યા છે ભગવાનના. મૂર્તિમાં ક્યાં ભર્યા છે? બેયમાં નથી, સાંભળને. બહુ લખે એ લોકોના પંડિતો એવા લખાણ કરે. જિનવાણીમાં આમ છે, વાણીમાં આમ છે. પણ વાણીમાં કેટલું તારે કહેવું છે? વાણી તો પુદ્‌ગલ છે લે! એ ભગવાનની મૂર્તિમાં પણ તારું જ્ઞાન નથી, ત્યાંથી આવતું નથી અને વાણીમાંથી આવતું નથી. લે. અહીં તો કહે છે કે તે સંબંધીનું જ્ઞાન તેને અમે જ્ઞાન કહીએ. '**સૂત્રની જ્ઞપ્તિ...**' '**भणिता**' તેને સૂત્રમાં કહેલું જ્ઞાન, તેને જ્ઞપ્તિને જ્ઞાન કહેવામાં આવે છે. સૂત્રના શબ્દોને જ્ઞાન કહેવામાં આવતું નથી. ટીકામાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૮, રવિવાર, તા. ૨૯.૯.૧૯૬૮**
**ગાથા-૩૪, ૩૫, પ્રવચન-૨૭**

૩૪મી ગાથા, જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. પહેલા એમ આવ્યું કે શ્રુતકેવળી અને કેવળી બેય સરખા છે. એમ આવ્યું ને? કેવળજ્ઞાની પણ એકલા નિર્ભેળ એક આત્માને અનુભવે છે, જાણે છે. એમ શ્રુતકેવળી પણ એક જ અભેદ નિર્ભેળ—ભેળ વિનાનું, અભેદ—ભેદ વિનાનું એવા આત્માને શ્રુતકેવળી પણ જાણે છે. સમજાણું કાંઈ? કેવળી ઘણાં પદાર્થને જાણે છે માટે કેવળી એમ નહિ એમ કહે છે. કેવળી, પોતાનો એક આત્મા શુદ્ધ ચૈતન્ય એકરૂપ છે એ કેવળ છે એને જાણે માટે એ કેવળી છે. શ્રુતજ્ઞાની પણ એકરૂપ શુદ્ધ ચૈતન્ય એને જાણે માટે એ પણ શ્રુતકેવળી છે. ઓલા કેવળી છે, આ શ્રુતકેવળી છે. ત્યારે કહે, ઓલું શ્રુત આવ્યું ને વચમાં? શ્રુત-શ્રુત. શ્રુત એ શું છે? કે શ્રુત એ પોતે જ્ઞાન છે. શ્રુત એટલે સાંભળ્યું શબ્દોને એ કાંઈ નથી. અહીં એ કહેવું છે. સમજાય છે કાંઈ?

શ્રુતકેવળી કહ્યા ને? શ્રુત તો સાંભળેલું છે સર્વજ્ઞની વાણી, એને લઈને શ્રુત થયું ને?

કહે, ના એમ નથી. શબ્દ આવ્યો માટે સાંભળેલું છે શબ્દો એનું જ્ઞાન છે એમ નથી. શબ્દો છે એમ નથી. શબ્દોનું જે જ્ઞાન છે વાસ્તવિક, એના સંબંધી પોતે શ્રુત જ્ઞપ્તિરૂપે પરિણમ્યો છે આત્મા એને જ્ઞાન કહેવામાં આવે છે. વીતરાગની વાણી તો વ્યવહારે જ્ઞાન કહેવામાં આવે છે. લ્યો!

'**ટીકા :- પ્રથમ તો શ્રુત એટલે સૂત્ર;...**' ત્યાંથી ઉપાડ્યું છે ને, ૩૪. શ્રુતકેવળીમાંથી ઉપાડ્યું છે આ. શ્રુત પણ એમ કે શ્રુત છે ને? એને શ્રુત છે ને? ભગવાનની વાણી છે ને શ્રુત એની પાસે? ના. વજુભાઈ! '**પ્રથમ તો શ્રુત એટલે સૂત્ર; અને સૂત્ર એટલે ભગવાન અર્હત્-સર્વજ્ઞે...**' પરમાત્મા અર્હંત, અર્હત સર્વજ્ઞે કંઈ પણ રહસ્ય બાકી રાખ્યા વિના જેણે બધું જાણ્યું છે એવા સર્વજ્ઞે. ભગવાન અર્હત્ સર્વજ્ઞે એવો શબ્દ વાપર્યો છે. '**સ્વયં જાણીને...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે '**સ્વયં જાણીને ઉપદેશેલું,...**' સ્વયં જાણીને કહેલું, ઉપદેશેલું. '**સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું, પૌદ્‌ગલિક શબ્દબ્રહ્મ.**' લ્યો! '**સ્યાત્કાર= કથંચિત્, કોઈ અપેક્ષાથી**' કહેવું. એવું જેનું ચિહ્ન છે, એંધાણ છે એવું પૌદ્‌ગલિક શબ્દબ્રહ્મ. દેખો! ભગવાનની વાણી તો પૌદ્‌ગલિક શબ્દબ્રહ્મ છે. શબ્દબ્રહ્મ એટલે પૂરું શબ્દમાં કહે છે માટે એને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**તેની જ્ઞપ્તિ તે જ્ઞાન છે;...**' એ સૂત્ર પુદ્‌ગલ જે છે એ કાંઈ જ્ઞાન નથી એમ કહે છે. સમજાણું કાંઈ? દિવ્યધ્વનિ ભગવાનની એ તો પૌદ્‌ગલિક વસ્તુ છે, પૌદ્‌ગલિકની પર્યાય છે. એને સૂત્ર કહેવામાં આવે, પણ એ સૂત્ર તો પુદ્‌ગલ સંબંધી પર્યાય છે, એમાં કાંઈ જ્ઞાન નથી. '**તેની જ્ઞપ્તિ (-શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા)**' શબ્દબ્રહ્મમાં જે આ છે કહેવાનો ભાવ, એ ભાવ તો શબ્દની પર્યાય છે જડની, એમાંથી જે જ્ઞાનભાવ જાણી લે છે જ્ઞપ્તિ, એમાંથી જાણી લે છે જ્ઞપ્તિ. '**જ્ઞપ્તિ (-શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા) તે જ્ઞાન છે;...**' જાણવાની ક્રિયા તે જ્ઞાન છે. શબ્દની વાણી તે કાંઈ જ્ઞાન નથી. એ તો નિમિત્તરૂપે, વ્યવહારરૂપે કહેવાય. કહો, સમજાણું આમાં? શબ્દજ્ઞાન નથી એમ કહે છે. અને શબ્દમાં જે કાંઈ કહેવું છે એવો જે ભાવ જ્ઞાનરૂપે પરિણમે તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

તે '**જ્ઞપ્તિ (-શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા) તે જ્ઞાન છે; શ્રુત (સૂત્ર) તો તેનું કારણ હોવાથી...**' કારણ એટલે નિમિત્ત કારણ હોં! વીતરાગની વાણી શબ્દરૂપે છે એ તો જ્ઞાનનું નિમિત્ત કારણ છે. જુઓ! અહીં કારણ હોવાથી લીધું છે પાછું કે એનાથી થાય. શબ્દ એમ વાપર્યો છે. '**શ્રુત (સૂત્ર) તો તેનું કારણ હોવાથી...**' કોનું? ઓલી જાણવાની જે ક્રિયા. સાંભળનારને જે જાણવાની ક્રિયા પોતામાં થઈ એમાં એ સૂત્ર શબ્દો નિમિત્તકારણ છે, વ્યવહારકારણ છે, પરમાર્થ કારણ એ નહિ. સમજાણું કાંઈ? તેને '**જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે...**' જુઓ! એ વાણીને જ્ઞાન તરીકે કહેવામાં આવે છે. ઉપચારથી, વ્યવહારથી, આરોપથી, નિમિત્તથી કહેવામાં આવે છે. શબ્દ પુદ્‌ગલની પર્યાય છે.

સમજાય છે? આગમ એ તો પુદ્‌ગલની પર્યાય છે. ભગવાનની વાણી એ પુદ્‌ગલની પર્યાય છે એમ કહે છે. એમાંથી જે જાણવાની ક્રિયા પરિણમી તેને જ્ઞાન કહેવામાં આવે છે. એને (વાણીને) નિમિત્ત તરીકે, વ્યવહાર તરીકે આને જ્ઞાન કહેવાય. અહીં નિશ્ચયથી જ્ઞાન થાય છે એનું નિમિત્ત છે એથી એને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. એ વ્યવહારજ્ઞાન શબ્દને (કહે છે). સમજાણું કાંઈ? જ્ઞાન અહીં થાય છે જાણવાની ક્રિયા એમાં એ નિમિત્ત છે, પર છે, ઉપચાર છે, વ્યવહાર છે તો એને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. નિશ્ચયજ્ઞાન તો આ છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુદ્‌ગલને. પુદ્‌ગલને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. છે ને, જુઓ! છે કે નહિ? જુઓને.

**'શ્રુત (સૂત્ર) તો તેનું કારણ હોવાથી...'** કોનું? ભાવશ્રુતજ્ઞાનનું. નિમિત્ત કારણ પુદ્‌ગલની પર્યાય હોવાથી **'જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે...'** એ શબ્દોને, પુદ્‌ગલની પર્યાયને જ્ઞાન તરીકે ઉપચારથી, વ્યવહારથી કહેવામાં આવે છે. અહીં જાણનક્રિયા થઈ છે એ નિશ્ચયજ્ઞાન થયું, યથાર્થ જ્ઞાન એ જ્ઞાન છે. એમાં નિમિત્ત હોવાથી એને ઉપચારે જ્ઞાન, વ્યવહારે જ્ઞાન કહેવામાં આવે છે. એટલે કે જ્ઞાન નથી તેને જ્ઞાન કહેવું એનું નામ વ્યવહાર, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'(જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ).'** દાખલો આપ્યો છે. અન્નને પ્રાણ કહે છે ને, અન્નને પ્રાણ. એ કાંઈ પ્રાણ નથી. પ્રાણ તો અહીં છે દસ. પાંચ ઈન્દ્રિય, મન-વચન-કાયા, શ્વાસ અને આયુષ્ય. પ્રાણ તો આ છે. પણ પ્રાણમાં એ નિમિત્ત છે અન્ન. એટલે ખરા પ્રાણ તો આ છે પણ એમાં નિમિત્ત છે તેથી એને ઉપચારથી, વ્યવહારથી પ્રાણ નથી તેને વ્યવહારથી કહેવાય એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજું શું એમાં શૈલી તો ભાષા તો જુઓ! એની શૈલી આવે ને એમાં. અસદ્‌ભૂતનો અર્થ જ એ છે કે એ વસ્તુ તો નથી. એ તો જડની પર્યાય છે પુદ્‌ગલની. હવે પુદ્‌ગલની પર્યાયને જ્ઞાન કહેવું એ તો અહીં ભાવજ્ઞાન છે એનું નિમિત્ત હોવાથી તેને વ્યવહારથી જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાન નથી તેને વ્યવહારથી જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારનો અર્થ જ થયો કે એ જ્ઞાન નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. સમજાય છે કાંઈ? અહીં નિશ્ચયજ્ઞાન છે ને પોતામાં. એ ભગવાનની વાણીમાં આવ્યું કે તું શુદ્ધ અભેદ ચૈતન્ય છો. સમજાય છે? એવો અભેદ ચૈતન્યનો આશ્રય લઈને જે અહીં જ્ઞાન પ્રગટ્યું, એમાં ઓલી વાણી નિમિત્ત હતી. તેથી અહીં નિશ્ચયજ્ઞાન તો ભાવશ્રુત છે તે જ

છે. અને એનો વિષય એકલો ચૈતન્યને પકડ્યો માટે તે શ્રુતજ્ઞાનીને શ્રુતકેવળી કહેવામાં આવે છે. આમ સિદ્ધ કરવું છે અહીં તો. સમજાણું કાંઈ?

**'શ્રુત (-સૂત્ર) તો તેનું કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે (જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ).'** કહો, આ પ્રાણને ઓળખે નહિ અને અન્નના પ્રાણને એકલાને પકડે તો પ્રાણ રહેશે? એમ કહે છે. સમજાણું કાંઈ? દસ પ્રાણ તો આ છે. પાંચ ઈન્દ્રિય, શ્વાસ, આયુષ્ય, મન આદિ. એ પ્રાણ તો આ છે. હવે એનું તો એ નિમિત્ત છે. એ અન્નનો સંગ્રહ કર્યા કરે અને આ પ્રાણને જાણે નહિ તો પ્રાણ રહેશે? એમ શબ્દને જ એમ ને એમ પકડ્યા કરે અને એનું જ્ઞાન ન કરે તો એ ઓલા શબ્દને પકડ્યે કાંઈ જ્ઞાન થાશે? એમ કહે છે.

**'શ્રુત (-સૂત્ર) તો તેનું કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે (જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ). આમ હોવાથી એમ ફલિત થાય છે કે...'** આમ હોવાથી એનું ફળ એમ આવે છે કે **'શ્રુતની જ્ઞપ્તિ તે શ્રુતજ્ઞાન છે.'** જે શબ્દો છે તે સંબંધીનું અહીં જ્ઞાન પોતામાં થાય તે જ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? ભાષામાં જ્ઞાન નથી, ભાષા જ્ઞાન નથી, પણ એને જે કહેવું છે ભગવાનની ધ્વનિમાં, એ અહીં જ્ઞાન થયું પોતાથી પોતામાં, તેથી તેને નિમિત્ત કારણને વ્યવહારે જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી...'** કહો, વીતરાગની વાણી સાંભળવી અને એ આ શબ્દો સાંભળવા એ ઉપાધિ છે એમ કહે છે. કારણ કે જ્ઞાનની પર્યાય તો પોતાની છે આમાં અને શબ્દો તો ઉપાધિ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- સૂત્ર ન હોય તો આ ઉપદેશ...

ઉત્તર :- એ જ્ઞાન ન હોત તો કોણ જાણે? એ જ્ઞાને જાણ્યું છે. સૂત્રથી જણાણું નથી. સૂત્રમાં જાણપણું છે જ નહિ.

મુમુક્ષુ :- સૂત્રમાં લખ્યું તો છે ને.

ઉત્તર :- ના ના, એ તો જડ છે.

મુમુક્ષુ :- નિમિત્તની દલીલ છે...

ઉત્તર :- દલીલ તો હોયને દલીલ તો હોય. આ તો માણસને સમજવા માટે જરી કહીએ. બીજા સામાવાળા પાકા હોય એ દલીલ કરે ને એવી રીતે. કેમ ચંદુભાઈ!

એમ છે કે અહીં તો વાસ્તવિક ભગવાન આત્મા એક સ્વરૂપે શુદ્ધ ધ્રુવ, એનું જ્ઞાન થતાં જે જ્ઞાન થયું તે પોતાથી થયું છે અને એને જ્ઞાન કહેવામાં આવે છે. વાણીમાં આવ્યું એમ કે તું અભેદ ચૈતન્યને અનુભવ. પણ એ વાણીનું જ્ઞાન ક્યારે કહેવાય? કે જ્યારે દ્રવ્યનો આશ્રય લઈને જે ભાવશ્રુત પ્રગટ્યું ત્યારે તેને જ્ઞાન કીધું, ત્યારે ઓલા નિમિત્તને વ્યવહાર

જ્ઞાન કહેવામાં આવ્યું. બાકી છે તો ઉપાધિ આવી કહે છે. આહા..હા..! એટલે? કે એ વાણીનું લક્ષ છોડીને જ્ઞાનનું લક્ષ કરશે ત્યારે તેને જ્ઞાન થશે એમ કહે છે. વાણીનું દિવ્યધ્વનિનું પણ લક્ષ છોડી ચૈતન્ય જ્ઞાયકમૂર્તિનું લક્ષ કરશે ત્યારે એને જ્ઞાન થશે. વાણીને લક્ષે નહિ થાય એમ કહે છે. ભગવાનજીભાઈ! આહા..હા..! જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ તો પોતે જ્ઞાયક છે. હવે જ્ઞાનનો ઉકેલ થઈને પોતામાં જ્ઞાન થાય કે વાણીનો ઉકેલ થઈને એમાં જ્ઞાન થાય? એ એમ કહે છે આમાં. સમજાણું કાંઈ? જ્યાં ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ એનું જ્ઞાન કર્યે, એકલાનું જ્ઞાન કર્યે, એકલો ચૈતન્ય છે એનું જ્ઞાન કર્યે અહીં જ્ઞાન ભાવશ્રુત થાય. ઓલી તો ઉપાધિ છે, નિમિત્ત છે.

**'સૂત્રની જ્ઞપ્તિ તે શ્રુતજ્ઞાન છે. હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે...'** જુઓ! **'તેનો આદર ન કરવામાં આવે...'** એ શબ્દનું લક્ષ છોડવામાં આવે એટલે શબ્દનું લક્ષ કરવામાં ન આવે એમ કહે છે. **'તો જ્ઞપ્તિ જ બાકી રહે છે;...'** એ સૂત્રનો આદર ન કરવામાં આવે, એનું લક્ષ છોડે તો અહીં જ્ઞાન તે જાણવાનો ભાવ તે જ્ઞપ્તિ જ બાકી રહે છે. સૂત્ર ત્યાં રહેતું નથી, દિવ્યધ્વનિ ત્યાં રહેતી નથી. જુઓ, આ પ્રવચનસાર ચાલે છે આ. પ્રવચનનું લક્ષ છોડે ત્યારે પ્રવચનનું જ્ઞાન થાય આત્માનું એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધે ઠેકાણે લખ્યું છે. બધે ઠેકાણે લખ્યું નથી? ગુણની વ્યાખ્યા કરો. જ્ઞાનગુણ એટલે શું? જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં નથી આવ્યું? દ્રવ્યના સર્વ ભાગમાં વ્યાપે અને સર્વ અવસ્થામાં થાય. એમાં એમ ન આવ્યું? આવે છે કે નહિ એમાં? સિદ્ધાંત પ્રવેશિકા. જ્ઞાનગુણ પોતે છે આત્માનો, જાણવું તે આખા દ્રવ્ય એટલે બધા ક્ષેત્રમાં વ્યાપે છે અને એની અવસ્થાઓમાં વ્યાપે છે, એ જ્ઞાન અવસ્થામાં વ્યાપે છે. એ જ્ઞાન સૂત્રની અવસ્થાથી વ્યાપે છે? બીજા એકેય શાસ્ત્રમાં છે કે નહિ? આ છોકરાને સમજાવવામાંથી કાઢ્યું આ. ચીમનભાઈ! આહા..હા..! જ્ઞાન એ ગુણ છે ત્રિકાળી અને એની અવસ્થા થવી એ ગુણને અવલંબે અંદર થાય છે. એટલે એ જ્ઞાનની પર્યાય જ્ઞાનથી થાય છે. જ્ઞાનની પર્યાય શબ્દથી થતી નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**'સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો જ્ઞપ્તિ જ એક બાકી રહે છે;...'** એટલે કે સૂત્રનું લક્ષ છોડતા દ્રવ્યને આશ્રયે જ્યાં થાય તો જ્ઞપ્તિ-જાણવાની ક્રિયા રહી જાય છે એકલી. જાણવાની ક્રિયા, દ્રવ્યને જાણવાની ક્રિયા એ શ્રુતજ્ઞાન છે, એ ભાવશ્રુતજ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? તેવી રીતે પોતે કહે છે. સમજાય છે? જુઓ કીધું ને. **'सुत्तं जिणोवदिट्ठं'** એની વ્યાખ્યા કરી એ. **'पोग्गलदव्वप्पगेहिं वयणेहिं'** એ પુદ્ગલદ્રવ્યની પર્યાય છે, વચન છે. **'तं जाणणा हि णाणं'** તેનું જાણવું તે જ્ઞાન છે. **'सुत्तस्स य**

**जाणणा भणिया**' એને સૂત્રનું જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સૂત્રની જ્ઞપ્તિ થઈ તે જ્ઞાન છે. સૂત્ર શબ્દો તે કાંઈ જ્ઞાન નથી. આવે છે બીજે કે નહિ આ? સમયસારમાં આવે છે. શબ્દ તે નથી જ્ઞાન, શબ્દ કાંઈ જાણતું નથી. આવે છે કે નહિ? વસ્તુવિજ્ઞાનસાર છપાવ્યું છે કે નહિ?

મુમુક્ષુ :- હરિગીતમાં આવે છે.

ઉત્તર :- હા, હરિગીતમાં આવે છે. આપણે છપાવ્યું નહિ? ક્યાં ગયા જગજીવનભાઈ? ભેદવિજ્ઞાન. તમારે પુસ્તક છપાવાનું છે ને ભેદવિજ્ઞાન. એમાં એ આવ્યું છે એક-બે ગાથાનું. શ્રુત તે જ્ઞાન નહિ, શબ્દ તે જ્ઞાન નહિ. એમાં આવ્યું કે નહિ એમાં? બીજા આગમમાં છે કે નહિ? કે આ ઠેકાણે જ છે? ન્યાય તો એક હોય ગમે ત્યાં હોય એક ન્યાય તો. સમજાય છે કાંઈ?

'**સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો તે જ્ઞપ્તિ જ બાકી રહે છે; (સૂત્રની જ્ઞપ્તિ કહીએ છીએ ત્યાં નિશ્ચયથી જ્ઞપ્તિ કાંઈ પૌદ્‌ગલિક સૂત્રની નથી,...**' સૂત્રની જાણવાની ક્રિયા કહેવામાં આવે છે એ કાંઈ ખરેખર જ્ઞપ્તિ કાંઈ પુદ્‌ગલ જડની નથી, એ તો આત્માની છે. '**સૂત્ર જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી,...**' કહો, જાણવાની જે ક્રિયા થઈ તે સૂત્ર તે જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી, જાણવાને સ્વરૂપભૂત કાંઈ સૂત્ર નથી. જાણવાની જે ક્રિયા થાય એ કાંઈ જડસ્વરૂપ નથી. '**વધારાની વસ્તુ અર્થાત્ ઉપાધિ છે;...**' સમજાય છે? ખુલાસો કૌંસમાં કર્યો. '**કારણ કે સૂત્ર ન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય જ છે.**' લ્યો! શબ્દ ન હોય તોપણ જાણપણાની ક્રિયા જાણવાની તો હોય જ છે. માટે સૂત્ર છે માટે જ્ઞાનપર્યાય અસ્તિ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? સૂત્ર છે માટે જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ છે? સૂત્ર ન હોય તો જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ અહીંયાં છે. '**માટે જો સૂત્રને ન ગણીએ તો જ્ઞપ્તિ જ બાકી રહે છે;)**' લ્યો! શબ્દોને ગણવામાં ન આવે, જાણવાની ક્રિયા જે સ્વને આશ્રયે થઈ તે જ્ઞપ્તિ જાણવાની ક્રિયા જ બાકી રહી જાય. એને જ્ઞાન કહેવામાં આવે છે.

'**અને તે (-જ્ઞપ્તિ) કેવળીને અને શ્રુતકેવળીને આત્મ-અનુભવમાં તુલ્ય જ છે.**' ભાષા જુઓ! સરવાળો ત્યાં નાખ્યો. સરવાળો ત્યાં નાખ્યો. કારણ કે શ્રુતજ્ઞાન છે ને, શ્રુતજ્ઞાન છે ને માટે એને જરી સૂત્રનું અવલંબન આવ્યું, માટે કાંઈ ફેર છે? કેવળીના જ્ઞાનમાં અને શ્રુતજ્ઞાનમાં? ના. બેયમાં સરખું જ છે. કેવળજ્ઞાનીએ પણ પોતાના અસંગ જ્ઞાયક એકરૂપ આત્માને અવલંબીને કેવળજ્ઞાન થયું છે. અને એણે આત્માને જાણ્યો એમ. કેવળજ્ઞાનીએ એવા આત્માને જાણ્યો, એમ શ્રુતજ્ઞાની પણ એવા જ આત્માને જાણે છે. કેવી વાત લીધી જોયું! '**કેવળીને અને શ્રુતકેવળીને આત્મ-અનુભવમાં તુલ્ય જ છે.**' કોણ? જાણવાની ક્રિયા. કેવળી જાણવાની ક્રિયા પણ આત્માને જાણે છે પૂર્ણને. આ શ્રુતજ્ઞાનની જાણવાની ક્રિયા

પણ પૂર્ણ આત્માને જ જાણે છે. શબ્દ છે એમાં. સમજાય છે કાંઈ? જાણવાની જે ક્રિયા છે પર્યાય પર્યાય, એ કેવળજ્ઞાનીની પણ જાણવાની ક્રિયા જ્ઞપ્તિક્રિયા કેવળજ્ઞાનની એ પણ એકલો દ્રવ્યસ્વભાવ અભેદ, નિર્ભેળ, એકલો શુદ્ધ એને કેવળી જાણે છે. શ્રુતજ્ઞાનની શ્રુત જ્ઞપ્તિક્રિયામાં પણ એ આત્માને જાણે છે. આત્મામાં બેય સરખા તુલ્ય છે એ હિસાબે. શ્રુત કહ્યું માટે શ્રુતની ઉપાધિ થોડી આને લાગુ પડી એમ છે નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અલૌકિક રચના છે. કુંદકુંદાચાર્યના તો એક એક શાસ્ત્ર, એક એક કડી અને એક એક ગાથાનું પદ.

**'માટે જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી.'** લ્યો! માટે કેવળજ્ઞાનીના જ્ઞાનમાં અને શ્રુતજ્ઞાનીના જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત જુદાઈ બેમાં છે નહિ. ભાવશ્રુતજ્ઞાની પણ પોતાના જ્ઞાયક એકલા અખંડ આત્માને જાણે છે એમાં ઉપાધિ સૂત્રની છે જ નહિ. એમ કેવળજ્ઞાની કેવળજ્ઞાન દ્વારા એકલા અખંડ આત્માને જાણે છે, એને જેમ શ્રુત શબ્દની અને શ્રુત ઉપાધિ નથી એમ આને પણ ઉપાધિ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપ્યું ને. એક સૂર્યથી દેખે અને દીવાથી દેખે. વસ્તુ દેખે છે ને. દેખવામાં ક્યાં ફેર છે? એ તો આવી ગયું ને. પહેલામાં આવી ગયું કે નહિ? એ તો આવી ગયું ઓલામાં. **'દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે' 'કેવળી સૂર્યસમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે...'** બેયનું દેખવું તો એક જ છે. સમજાય છે કાંઈ? સૂર્ય દ્વારા આ મણિરત્ન છે એમ દેખે અને એક દીવા દ્વારા મણિરત્નને દેખે, દેખવામાં શું ફેર છે? એમ ચૈતન્યરત્ન ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ, કેવળજ્ઞાની એને દેખે અને શ્રુતજ્ઞાની દેખે, એમાં ફેર શું છે કહે છે. સમજાણું કાંઈ? એ ૩૪ થઈ.

અહીં તો એ સિદ્ધ કરવું છે, શ્રુતજ્ઞાનીનું જ્ઞાન ઓછું, ક્રમે પરિણમતું. ક્રમે કેટલુંક પરિણમતું... કેટલુંક છે ને? છતાં એને કાંઈ કહે છે ફેર છે? ના, જાણવાની ક્રિયામાં તો એક અભેદ ચૈતન્ય છે એને જ જાણે છે અને ઓલો કેવળજ્ઞાની પૂર્ણ જ્ઞાન છે એ આને જાણે છે. જાણવામાં ફેર ક્યાં આવ્યો ક્યાંય? સમજાય છે? આમાં થોડું કે પૂરું, પરોક્ષ કે પ્રત્યક્ષ એ ફેરનું અહીં કાંઈ એનું કામ નથી એમ કહે છે. અહીં તો જ્ઞાન દ્વારા, જાણવાની ક્રિયા દ્વારા જ્ઞાયકસ્વરૂપને એકરૂપને જાણે, કેવળી પણ કેવળજ્ઞાન દ્વારા આત્માને એકરૂપને જાણે. જોયું! અહીં તો પરપદાર્થની વાત છે નહિ. સમજાણું કાંઈ? બેયની જાણવાની ક્રિયા તુલ્ય છે. લ્યો! બેયની જાણવાની ક્રિયા તુલ્ય છે. કોની? સ્વદ્રવ્યને જાણવાની અપેક્ષાએ. પરનું જાણવું હોય ઓછું-વત્તું, ભગવાનને બધું ત્રણ કાળ ત્રણ લોક જાણે એ કાંઈ નહિ. એ બધું આમાં આવી ગયું. કારણ કે એ એક પર્યાય એવડી, એવી એવી અનંતી પર્યાયનો જ્ઞાનગુણ અને એવા અનંત ગુણનો પિંડ એક દ્રવ્ય અખંડ એને અહીં જાણ્યું. કેવળીએ અહીં આમ જાણ્યું એને.

એણે પણ ઓલાએ જાણ્યું, પણ એ કેવળીએ આત્માને જોયો ને? આત્મા જોયો ને. તો અહીં પણ આત્મા જોયો. કેવડો આત્મા? કે બધી પર્યાય એક સમયમાં છ દ્રવ્ય પર્યાય(સહિત) જાણે એવી અનંતી અનંતી પર્યાયનો પિંડ સત્ત્વ તો જ્ઞાનગુણ છે. એનો ધરનાર દ્રવ્ય છે. બસ, તે દ્રવ્યને જાણ્યું. તો કેવળીએ પણ આને જાણ્યું, શ્રુતકેવળીએ પણ આને જાણ્યું એમ કહે છે. સમજાણું કાંઈ? એગં જાણઈ સવ્વં જાણઈ. આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. કેવળીએ પણ આત્મા જાણ્યો અને શ્રુતજ્ઞાનીએ પણ આત્મા જાણ્યો. વિશેષ જાણવાની આકાંક્ષાનો ક્ષોભ મટાડો એમ કહે છે અને શ્રુતની ઉપાધિનું લક્ષ છોડી દે. તારા દ્રવ્યનો આશ્રય કર અને જે જ્ઞાનની જ્ઞપ્તિ થાય એ કેવળીને પણ એ જ છે અને તને પણ એ જ છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રાગ-દ્વેષની અહીં વાત જ નથી. આત્મામાં રાગ-દ્વેષ છે? આત્મામાં તો રાગ-દ્વેષનું જે જ્ઞાન અને એવી એવી અનંતી જ્ઞાનની પર્યાય એવો જે જ્ઞાનગુણ અને એવા એવા અનંત ગુણનું દ્રવ્ય, અનંતગુણનું દ્રવ્ય, તો એમાં છે રાગ-દ્વેષ? કેવળી જોયું તો એ જોયું અને આણે જોયું તો એ જોયો. આહા..હા..! ભગવાનજીભાઈ! સમજાય છે? જાણવાની અપેક્ષામાં પણ બધું આવી ગયું છે એમ કહેવું છે. રાગ-દ્વેષ વિનાનો આત્મા જે છે એ રાગ-દ્વેષનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન, એ બધી જ્ઞાનની પર્યાયનો પિંડ ગુણ છે ને જ્ઞાનનો? અને એવા અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય એકલો અભેદ વસ્તુ છે. અને આમ આખી આ ચીજને જોઈ તો કેવળીએ પણ આને જોયો અને આણે પણ આને જોયો એમ કહે છે. સમજાણું કાંઈ? એના જાણવામાં નાનું આવ્યું છે, કેવળીને મોટું આવ્યું છે અને શ્રુતજ્ઞાનને થોડું આવ્યું છે એમ નથી, અહીં સિદ્ધ કરવું છે. પરની અપેક્ષા નહિ. કેવળજ્ઞાનીએ બહુ જાણ્યો આત્માને મોટા આવડો અને શ્રુતજ્ઞાનીએ આત્માને નાનો જાણ્યો એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખી વસ્તુ છે ને. હવે છ દ્રવ્યનું જાણવું તો એક સમયની પર્યાય છે. શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાય જાણે છ દ્રવ્યને. સમજાય છે? કેવળી પણ જાણે અને શ્રુતજ્ઞાની પણ એમ જ જાણે છે. એ નહિ. એવી અનંતી પર્યાયનો પિંડ આખો જ્ઞાનગુણ, એવા એવા અનંતા ગુણો તેનું એક(રૂપ) દ્રવ્ય. બસ, કેવળીએ પણ એને જાણ્યું અને શ્રુતજ્ઞાનીએ (પણ) એને જાણ્યું, તો એમાં ઓછું શું રહ્યું? કહે છે. ઓછું શું રહ્યું કે આને ઓછો કહેવો એમ કહે છે. એય..! વજુભાઈ! આહા..હા..! ભારે કથનની પદ્ધતિ પણ જુઓને ક્યાં નાખી!

ભગવાન આત્મા..! ભાઈ! એવા એવા કેવળજ્ઞાનની પર્યાયો તો અનંતી અનંતી પર્યાય, શ્રુતજ્ઞાનની એવી અનંતી અસંખ્ય પર્યાય સાધકને. સમજાય છે? શ્રુતજ્ઞાનની સાધકપણે પ્રગટી

તે કેવળજ્ઞાન થાશે ત્યારે અંત આવશે. પછી કેવળ થશે. એ બધી જ્ઞાનની પર્યાયનો પિંડ તો જ્ઞાનગુણ છે અને એ ગુણનો ધરનાર દ્રવ્ય છે. એ દ્રવ્યને જાણ્યું એમાં ઓછું શું રહ્યું કેવળી અને શ્રુતકેવળીને? એમ કહે છે. સમજાણું કાંઈ? મગનભાઈ! આહા..હા..! ન્યાયથી વાત સિદ્ધ કરે છે. આહા..હા..!

ભગવાન આત્મા જે અહીં લીધો છે ને. એક આત્મા. આત્મા એટલે શું? સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનમાં એક સમયમાં બધું જણાણું તે તો એક સમયની પર્યાય છે. એમ શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ બધું જ્ઞાન લોકાલોકનું આવી ગયું પરોક્ષ એ પણ પર્યાય છે. એ અહીં વાત નથી. એ તો જે પર્યાયએ આ જાણ્યું એ તો બધો પૂરો છે. ત્યાં ક્યાં ઓછું છે કે થોડું છે કે કેવળીને વધારે પર્યાયવાળું દ્રવ્ય છે, આને થોડી પર્યાયવાળું દ્રવ્ય છે, થોડા ગુણ હલકો છે અને ઓલાને પૂરો ગુણ છે એમ છે એમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખું પૂરું જ છે અહીં. એના જ્ઞાનના ધ્યેયમાં આખું પૂર્ણ છે એને. સમજાણું કાંઈ? આહા..હા..! કઈ રીતે સિદ્ધ કરે છે જુઓને! **'કેવળીને અને શ્રુતકેવળીને આત્મ-અનુભવમાં તુલ્ય જ છે.'**

મુમુક્ષુ :- કેવળીને આખો આત્મા આવ્યો છે, શ્રુતકેવળીને આખો આત્મા આવ્યો.

ઉત્તર :- એને આખો આવ્યો છે. હવે એમાં બાકી શું રહ્યું? એક સમયમાં લોકાલોક જાણે એ તો એક સમયની પર્યાય છે. અહીં પણ શ્રુતજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે એની શક્તિ ખીલી છે. એની શક્તિ એવડી છે. એનું અહીં શું કામ છે? એવી અનંત શક્તિનો પિંડ જે દ્રવ્ય છે, એ દ્રવ્યનું જ્યાં ભાન થયું, એકલું દ્રવ્ય એમ કીધું છે ને? સમજાણું કાંઈ? શું કીધું છે? જુઓને. ત્યાં છે? કેવળ એમ લીધું હતું ને? નિર્ભેદ. ભગવાને પણ કેવળ એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે. આ પણ કેવળ આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે. એમાં શું ફેર પડ્યો? કહે છે. આહા..હા..! વસ્તુ આવડી મોટી છે કે હવે કેવળજ્ઞાન પર્યાય તો ક્યાંય રહી ગઈ. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખું દ્રવ્ય છે અને દ્રવ્યમાં શું ઓછું છે એને? એને ઓછું શું છે કે એને જ્ઞપ્તિમાં ઓછું કહેવું? સમજાણું કાંઈ? આહા..હા..! શું પણ.. દ્રવ્યને લક્ષમાં લીધા બેયે, તો બેય કહે છે, જ્ઞપ્તિક્રિયાએ સરખા છે. દાસ! આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાય જાણવાની...

ઉત્તર :- એ પણ પરને જાણવાની પર્યાય પણ એક સમયની ને? તો અહીં નથી થઈ? અને એક સમયની પર્યાય છે એ દ્રવ્યને જાણે છે. તો દ્રવ્ય તો આવડું મોટું છે. .. છે. સમજાણું કાંઈ? એકલો ભગવાન ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ, જેમાં એવી પર્યાયો કેવળજ્ઞાનીને

.. અનંતી પર્યાયો જેના ગુણમાં, જ્ઞાનમાં પડી છે. અનંતા સિદ્ધ પર્યાયો જેના ગુણમાં પડ્યા છે. સમજાય છે? અનંતી આનંદની પર્યાય આનંદમાં, અનંતી જ્ઞાનની પર્યાય જ્ઞાનમાં, અનંતી વીર્યની પર્યાય વીર્યમાં, અનંતી દર્શનની પર્યાય દર્શનમાં. એવી એવી અનંત ગુણની સ્વચ્છતાની અનંતી પર્યાય સ્વચ્છતાગુણમાં. સમજાય છે? પ્રત્યક્ષ થવાનો જે વેદન પર્યાય છે એ પણ એના એક એક સમયનો પર્યાય એવો બધો એ આત્મામાં ગુણપણે અંદર પડ્યો છે. એવો અનંત ગુણનો પિંડ એક દ્રવ્યસ્વરૂપ એને જ્ઞપ્તિએ કેવળીએ જાણ્યું, શ્રુતજ્ઞાનીએ જ્ઞપ્તિ વડે જાણ્યું. એમાં કાંઈ ફેર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સૂત્રને ન ગણીએ તો જ્ઞપ્તિ જ બાકી રહે છે; અને તે કેવળીને...'** તે કેવળીને. તે એટલે? જાણવાની ક્રિયા. **'કેવળી અને શ્રુતકેવળીને આત્મ-અનુભવમાં...'** આત્માને જાણવામાં બેય સરખી છે. આહા..હા..! એક સમયની પર્યાય કેવળીની પણ દ્રવ્યને જાણે અને આ દ્રવ્યને જાણે એમાં ફેર શું છે? એમ કહે છે. ભગવાન પોતે સચ્ચિદાનંદ પ્રભુ, મહા મોટો ભગવાન દ્રવ્ય. હવે એ મોટો જેવડો છે એવડો કેવળીએ જાણ્યો અને જેવડો છે એવડો શ્રુતજ્ઞાનીએ જાણ્યો. એમાં કાંઈ શ્રુતજ્ઞાનીને ઓછો આત્મા છે એમ છે? સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનની પર્યાયમાં ઓછું દ્રવ્ય અને કેવળજ્ઞાનની પર્યાયમાં મોટું દ્રવ્ય એમ છે? શ્રુતજ્ઞાનની પર્યાયમાં નાનો ગુણ અને કેવળજ્ઞાનની પર્યાયમાં મોટો આવડો ગુણ. ત્યારે શું છે? કહે છે. તુલ્યમાં વાંધો શું આવ્યો તને? એમ કહે છે. ન્યાલભાઈ! એવી વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ વાંધો નથી જરીએ. દ્રવ્યને જાણવાની અપેક્ષાએ કાંઈ વાંધો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળની પર્યાય આમ પોતાને આત્મા આત્માને આત્માથી અંદર જાણે છે. આ શ્રુતજ્ઞાનની પર્યાય પણ આત્મા આત્માથી આત્માને આત્મામાં આત્માથી જાણે છે. બસ એમાં ... ઓહો..હો..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? જેઠાલાલભાઈ! લોજિકથી, ન્યાયથી તો વાત કરે છે. દ્રવ્યમાં શું બાકી રહી ગયું જ્ઞાનના વિષયમાં? એમ કહે છે. કેવળજ્ઞાનનો-જ્ઞાનનો વિષય (અને) શ્રુતજ્ઞાનનો વિષય એમાં બાકી શું ઓછું છે, એમાં દ્રવ્યમાં શું ઓછું છે કે એને તુલ્ય નથી કહેતો તું? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખો ભગવાન છે પૂર્ણાનંદ પ્રભુ, એમ શ્રુતજ્ઞાને જાણ્યો, એમ કેવળજ્ઞાને જાણ્યો. હવે શું છે તારે? જ્ઞપ્તિક્રિયામાં બે સરખાઈમાં વાંધો શું આવે છે તને? એમ કહે છે. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં છે નહિ પણ એ રીતમાં. એ રીતે વાંધો ઉઠાવે તો વાંધો ઉઠાવવાનો હેતુ શું છે તને? જે જાણવાની ક્રિયા પર્યાય છે તે દ્રવ્યને પકડી છે, અનુભવી છે. એ

જ કેવળજ્ઞાનની પર્યાયે દ્રવ્યને જાણ્યું. એમાં ફેર શું છે? દ્રવ્ય તો મોટું જેવડું છે એવડું ને એવડું છે. બેના જ્ઞાનના વિષયમાં ફેર છે દ્રવ્યમાં? સમજાણું કાંઈ? એમ સિદ્ધ કરે છે. કુંદકુંદાચાર્ય...

મુમુક્ષુ :- એટલી નીડરતા જોઈએ.

ઉત્તર :- નીડર નહિ, વસ્તુ એમ છે. નીડરતા નહિ. વસ્તુ આમ છે. એને નીડર થવાને.. નીડર નહિ, વસ્તુનું સત્‌પણું એ રીતે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુનિયાનો ક્યાં પ્રશ્ન છે? એના ખ્યાલમાં આપે છે કે હું તને પૂછું છું કે જ્ઞાનનો પર્યાય શ્રુતજ્ઞાનનો ભલે ઓછો હોય, ઓછો એટલે? કેવળજ્ઞાન જેટલો નહિ, પણ એણે જાણ્યું છે એ તો દ્રવ્યને આખાને. સમજાય છે કાંઈ? ભગવાન આત્માને જેણે જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યો, કેવળજ્ઞાનીએ પણ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવ્યો, અહીંયા આણે દ્રવ્યને જ્ઞેય બનાવ્યો. એની જ્ઞપ્તિમાં શું ફેર છે? જ્ઞપ્તિમાં ઓછાપણું શું રહ્યું? અને કેવળીને જ્ઞપ્તિમાં વધારેપણું શું આવ્યું? દ્રવ્ય તો બેની દૃષ્ટિમાં એકસરખું આવ્યું છે. સમજાણું કાંઈ?

ઓહો..હો..! કુંદકુંદાચાર્યની તો ગાથાઓ અને પદ જુદી જાત જ આખી. સત્‌ને જે રીતે છે તે રીતે સિદ્ધ કરે છે. તને એમ લાગતું હોય કે શ્રુતજ્ઞાન એટલે! ઓહો..હો..! શ્રુતજ્ઞાન! આહા..હા..! તો શું છે શ્રુતજ્ઞાન? શ્રુતજ્ઞાન આખા દ્રવ્યને જાણે છે. કેવળજ્ઞાન! ઓહો..! મોટું લોકાલોક જાણે. સમજાણું કાંઈ? લોકાલોકને જાણવાની પર્યાયની વિશેષતા અહીં ક્યાં છે? એમ કહે છે. સમજાણું કાંઈ? એની વિશેષતા ક્યાં છે અહીં? એ વસ્તુ એમાં કંઈ .. નથી એમ. એમ હોઈ શકતું નથી. એક સમયની પર્યાય પૂરું જાણે અને અહીંયા થોડું જાણે એટલો ફેર. હવે, છતાં એક પર્યાયને જાણવી છે કેવળજ્ઞાનીને. કેવળની પર્યાયને જાણવી છે? શ્રુતજ્ઞાનીને શ્રુતજ્ઞાનની પર્યાયને જાણવી છે એમ છે અહીં? સમજાણું?

કેવળજ્ઞાનીએ એક સમયની પર્યાયને જાણવાનું છે માટે મોટું છે, શ્રુતજ્ઞાનની એક સમયની... એમ છે અહીં વાત? કેવળજ્ઞાનની એક પર્યાયમાં લોકાલોક જણાય છે માટે એક પર્યાયને જાણે છે એમ છે? આ પણ એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે છે જ્ઞાન. સમજાણું કાંઈ? વિશેષ કાંઈ નથી. અને એ રીતે હોઈ શકે કેમ પણ? જ્ઞાનની પર્યાયમાં એ જાણવાની ક્રિયા ઓહો..હો..! એની (શ્રુતજ્ઞાનીની) ક્રિયામાં જ્યાં દ્રવ્ય એકલો આત્મા આત્માથી જાણવામાં આવ્યો, કેવળીને જ્ઞપ્તિક્રિયામાં એકલો આત્મા આત્માથી જાણવામાં આવ્યો. એમાં ફેર શું પડ્યો આમાં? અળખાપણું શું તને લાગે છે એમાં? સમજાણું કાંઈ? ફેરફાર, ઓછાપણું, વિરુદ્ધતા, વિપરીતતા, અલ્પતા શી રીતે તને લાગે છે આમાં? સમજાણું આમાં?

ભગવાન આત્મા અનંત અનંત ગુણની ખાણ, અનંતી પર્યાયની ખાણ આને એનો .. બસ, કેવળજ્ઞાનની પર્યાય એને જાણે, શ્રુતજ્ઞાનની એને જાણે, એમાં ફેર શું છે પણ? શશીભાઈ! ઓહો..! ભારે વાત કરી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ન્યાય કર ને. તું શું કહે છે? બોલ, તું તર્ક કર. અહીંયા સૂત્રની ઉપાધિને કાઢી નાખીને જે શ્રુતજ્ઞાન થયું એ શ્રુતજ્ઞાને દ્રવ્યને જાણ્યું છે. માટે શ્રુતકેવળી... શ્રુતકેવળી કેમ થયા? કેવળ એકલાને જાણે માટે શ્રુતકેવળી. કેવળી ત્રણ લોકને જાણ્યા માટે એમ નહિ. કેવળીએ પણ એકલો આત્માને જાણ્યો માટે કેવળી. કેવળ એકને જાણ્યો માટે કેવળી. એ બેમાં શું ફેર છે? કહે છે. સમજાણું કાંઈ? ન્યાયથી.. આ તો વીતરાગી નિયમો છે બધા. સત્યના નિયમો ત્રિકાળ સત્ય, ત્રિકાળ સત્ય.

'**સૂત્ર ન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય છે.**' આત્મા હોય તો જ્ઞપ્તિ હોય છે. સૂત્ર ન હોય તો જ્ઞપ્તિ હોય છે, આત્મા હોય તો જ્ઞપ્તિ હોય છે. કેવળીને પણ સૂત્ર નથી અને એકલું જ્ઞાન છે. તો એ આત્મા છે તો જ્ઞપ્તિ છે કેવળ. અહીં આત્મા છે તો જ્ઞપ્તિ છે શ્રુતની. સમજાણું કાંઈ? જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. જ્ઞાનનો ભાવ, શ્રુતનો ભાવ અને કેવળીનો ભાવ એવું તત્ત્વ તો એને બધા દ્રવ્યને પકડ્યું છે, દ્રવ્યને જાણ્યું છે બસ. દ્રવ્યને જાણ્યું એટલું જ અહીં કહેવું છે. દાસ!

'**હવે આત્મા અને જ્ઞાનનો કર્તૃત્વ-કરણત્વકૃત ભેદ દૂર કરે છે (અર્થાત્ પરમાર્થે અભેદ આત્મામાં, આત્મા જાણનક્રિયાનો કર્તા છે અને જ્ઞાન કરણ છે એમ વ્યવહારે ભેદ પાડવામાં આવે છે, તોપણ આત્મા ને જ્ઞાન જુદાં નહિ હોવાથી અભેદનયથી આત્મા જ જ્ઞાન છે...**' જુઓ! આત્મા જ્ઞાન વડે કર્મ કર્યું, સાધન કર્યું એવા ભેદ એમાં નથી. એ જ્ઞાનસ્વરૂપ જ પોતે છે. સમજાણું કાંઈ? એ કહે છે. ૩૫.

जो जाणदि सो णाणं ण हवदि णाणेण जाणगो आदा।
णाणं परिणमदि सयं अट्ठा णाणट्ठिया सव्वे।।३५।।

**જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;**
**પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫.**

એમ જ્ઞાન વડે એમ નહિ. '**જે જાણતો તે જ્ઞાન,...**' જુઓ! જ્ઞાનથી જ બધા અર્થ એમાં પડ્યા છે બધા. વિરાટ-વિરાટ ભગવાન છે. ઓલું આવે છે ને ગીતામાં નહિ? આમ ભગવાન મોઢું ફાડે છે. દર્શન કરાવ્યું. ઓહો..હો..! આ જ્ઞાનની પર્યાયનું વિરાટ સ્વરૂપ છે જેણે આત્મદ્રવ્યને જોયું. સમજાણું કાંઈ? તેથી જ્ઞાનમાં પરિણમન થતાં જેટલા પદાર્થ પર છે એ બધાનું જ્ઞાન થયું, (તેથી) તે પદાર્થ જ્ઞાનમાં છે એમ કહ્યું વ્યવહારથી. સમજાણું કાંઈ?

'**અન્વયાર્થ :- જે જાણે છે તે જ્ઞાન છે (અર્થાત્ જે જ્ઞાયક છે તે જ જ્ઞાન છે),...**' એમ. જે જાણે છે તે જ્ઞાન છે એટલે કે જ્ઞાયક છે તે જ્ઞાન છે, એમ. જ્ઞાયક છે તે જ્ઞાન છે. વળી જ્ઞાયક અને જ્ઞાન બે જુદા એમ છે નહિ. '**જ્ઞાન વડે આત્મા જ્ઞાયક છે એમ નથી.**' જ્ઞાન વડે આત્મા જ્ઞાયક છે એમ નથી. '**પોતે જ જ્ઞાનરૂપે પરિણમે**

**છે અને સર્વ પદાર્થો જ્ઞાનસ્થિત છે.'** આ જ્ઞાનનું તત્ત્વ કેવડું મોટું છે એવું એનું સ્વરૂપ કેવડું છે એમ સિદ્ધ કરે છે. જેટલું જેવડું એનું સ્વરૂપ સત્ છે તે રીતે માને તો એણે સાચું જ્ઞાનને માન્યું કહેવાય. સમજાય છે કાંઈ?

'ટીકા :- **આત્મા અપૃથગ્ભૂત કર્તૃત્વ અને કરણત્વની શક્તિરૂપ પારમૈશ્વરવાળો હોવાથી,...'** ભગવાન આત્મા એનાથી જુદા નહિ—અપૃથગ્ભૂત, પૃથક્ નહિ તેવું '**કર્તૃત્વ અને કરણત્વની શક્તિરૂપ પારમૈશ્વરવાળો હોવાથી,...'** કર્તા અને કરણ કાંઈ આત્માથી જુદા નથી. આત્મા જ કર્તા અને આત્મા જ જ્ઞાનસ્વરૂપ છે. આત્મા જ્ઞાન વડે જાણે એમ નહિ. આત્મા કર્તા અને આત્મા જ જ્ઞાનસ્વરૂપે જાણે છે. આત્મા જ જ્ઞાનસ્વરૂપ થઈને જાણે છે. '**આત્મા અપૃથગ્ભૂત...'** પૃથક્ભૂત નથી એવા, આત્માથી જુદા નથી. '**કર્તૃત્વ અને કરણત્વ...'** કર્તાપણું અને સાધન, કર્તાપણું અને કારણ, કર્તાપણું અને સાધન એવી '**શક્તિરૂપ પારમૈશ્વરવાળો હોવાથી,...'** એ તો પોતે એવી શક્તિવાળો છે. કર્તા શક્તિવાળો છે અને કરણ શક્તિવાળો છે, પોતે કરણશક્તિવાળો છે. જ્ઞાનના કરણ દ્વારા જાણે એમ નહિ, પોતે જ જ્ઞાનરૂપે જાણે. પોતે આત્મા જ્ઞાનરૂપે થઈને, પરિણમીને જાણે છે. સમજાણું કાંઈ?

'**જે સ્વયમેવ જાણે છે (અર્થાત્ જે જ્ઞાયક છે) તે જ જ્ઞાન છે;...'** જાણનારો છે તે જ જ્ઞાન છે. વળી જાણનારો અને જ્ઞાન જુદા (એમ નથી). જાણનાર જ્ઞાન વડે જાણે એવું ક્યાં છે? જાણનારો જાણે છે, જાણનારો જાણે છે. જાણનારો જ્ઞાન વડે જાણે છે. જાણનાર કર્તા અને જ્ઞાન કરણ—સાધન એમ ક્યાં એમાં ભેદ છે? સમજાણું કાંઈ? એ પોતે જ એ શક્તિરૂપ પારમૈશ્વરવાળો હોવાથી. '**પારમૈશ્વર્ય = પરમ સામર્થ્ય, પરમેશ્વરતા.'** હતા. પોતામાં જેવી પરમ સામર્થ્યતા કર્તાપણાની અને કરણપણાની આત્મદ્રવ્યમાં સામર્થ્યતા છે. આત્મા દ્રવ્ય કર્તા અને જ્ઞાનનું કરણપણું સામર્થ્ય ગુણ જ્ઞાન-ગુણમાં એમ છે નહિ એમ કહે છે. ધર્મમાં આવા બધા નક્કી કરવા પડતા હશે?

'**તે જ જ્ઞાન છે;...'** જ્ઞાયક છે તે જ જ્ઞાન છે. જાણનાર છે તે જ જ્ઞાન છે. જાણનાર અને જ્ઞાન જુદું એમ છે નહિ. '**જેમ સાધકતમ ઉષ્ણત્વશક્તિ જેનામાં અંતર્લીન છે...'** સાધકતમ. બગડો છે ને? '**ઉત્કૃષ્ટ સાધન તે કરણ.'** તમ છે ને તમ? ઉત્કૃષ્ટ સાધન. '**ઉષ્ણત્વશક્તિ જેનામાં અંતર્લીન છે એવા સ્વતંત્ર અગ્નિને,...'** સ્વતંત્રપણે કર્તા જે અગ્નિ છે એને '**દહનક્રિયાની પ્રસિદ્ધિ...'** દહન એટલે '**અગ્નિ બાળવાની ક્રિયા કરતો હોવાથી...'** અગ્નિ બાળવાની ક્રિયા કરતો હોવાથી '**અગ્નિને ઉષ્ણતા અર્થાત્ ગરમી કહેવામાં આવે છે.'** અગ્નિને ઉષ્ણ કહેવામાં આવે છે. હવે અગ્નિ અને અગ્નિનો ઉષ્ણ ગુણ એમ બે ભેદ પાડતા નથી. અગ્નિ પોતે ગરમ છે, એમ કહેવામાં આવે છે. અગ્નિ ઉષ્ણતા વડે ગરમ છે એમ કહેવામાં આવતું નથી એમ કહે છે. સમજાય છે કાંઈ આમાં? અગ્નિ ઉષ્ણતા વડે ગરમ છે અને અગ્નિ પોતે ગરમ છે, એમાં ફેર પડે છે કાંઈ? ફેર પડે છે મોટો. મોટો

ફેર પડે છે એમ સિદ્ધ કરે છે. અગ્નિ ઉષ્ણતા વડે ગરમ છે અને અગ્નિ ગરમ છે, મોટો ફેર. અગ્નિ પોતે ગરમ છે એ યથાર્થ છે. અગ્નિ ઉષ્ણતા વડે ગરમ એ તો વળી ભેદ પડી ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ગરમ પોતે જ છે. જ્ઞાયક જ્ઞાન પોતે જ છે એમ સિદ્ધ કરવું છે અને અગ્નિ ગરમ પોતે જ છે. વળી ગરમી-ઉષ્ણતા જુદી અને અગ્નિ જુદી એમ છે નહિ. અગ્નિને જ ઉષ્ણસ્વરૂપે કહે છે. ઉષ્ણસ્વરૂપે. દહન-દહનસ્વરૂપે, ગરમસ્વરૂપે. ગરમ-ગરમ. અગ્નિનો ગુણ ગરમ છે એમ નહિ, અગ્નિ પોતે ગરમ છે. એમ આત્માનો જ્ઞાનગુણ છે એનાથી જાણે એમ નહિ, આત્મા પોતે જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સ્વતંત્ર અગ્નિને, દહનક્રિયાની પ્રસિદ્ધિ હોવાથી...**' ગરમ છે એમ. સમજાણું?

મુમુક્ષુ :- ઉષ્ણતાને છોડી દે તો પછી અગ્નિ કહી શકાતી નથી.

ઉત્તર :- એ અગ્નિ પોતે જ ગરમસ્વરૂપે છે. એનું સ્વરૂપ જ એ છે. ઉષ્ણતાનો ગુણ ઉષ્ણ અને અગ્નિ જુદી એમ છે એમાં? એમ આત્મા જ્ઞાયક અને જ્ઞાનગુણ જુદો એમ છે? એ જ્ઞાયક પોતે જ જ્ઞાનગુણ સ્વરૂપે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બધા ન્યાયથી વાત કરે છે આ તો. ન્યાય-લોજિકથી વાત કરે છે કે નહિ? એય..! દેવાનુપ્રિયા! ઉષ્ણતા કહેવાય. જોયું! એને જ ઉષ્ણતા કહેવાય. જોયું!

'**દહનક્રિયાની પ્રસિદ્ધિ...**' સ્વતંત્ર અગ્નિને કર્તા અને દહનક્રિયાની પ્રસિદ્ધિ. '**દહન ક્રિયાની પ્રસિદ્ધિ હોવાથી ઉષ્ણતા કહેવાય છે...**' અગ્નિને ઉષ્ણતા કહે છે. વળી અગ્નિનો ઉષ્ણ ગુણ એમ નહિ. અગ્નિને ઉષ્ણતા કહેવાય છે. કહો, સમજાય છે આમાં? આવા ધર્મની વાતું હવે. ઓલા સમજ્યા વિના પાધરા પૂજા ને ભક્તિ કરવા માંડે. વ્રત ને નિયમ. એય..! ભગવાનભાઈ!

મુમુક્ષુ :- ચારિત્ર છે ને.

ઉત્તર :- ધૂળમાંય ચારિત્ર નથી. અહીં તો અભેદ સ્વરૂપ છે આત્મા, એના દર્શન અને જ્ઞાન વિના તારા બધા થોથા છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**કહેવાય છે તેમ. પરંતુ એમ નથી કે જેમ પૃથગ્વર્તી દાતરડા વડે...**' જોયું! '**પૃથગ્વર્તી દાતરડા વડે દેવદત્ત કાપનાર છે તેમ જ્ઞાન વડે આત્મા જાણનાર છે.**' એમ નથી. દેવદત્ત દાતરડા વડે કાપે છે, એમ આત્મા જ્ઞાન વડે જાણે છે એમ નથી. અગ્નિ પોતે જેમ ગરમ છે, એમ આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ થઈને જ જાણે છે બધું. જ્ઞાનરૂપે થઈને જ્ઞાનરૂપે છે તે રીતે જાણે છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! એટલો ભેદ

કાઢી નાખ્યો. '**પૃથગ્વર્તી દાતરડા વડે...**' કારણ કે દેવદત્ત અને દાતરડું જુદું છે. લ્યો ભાષા દાતરડું નાખ્યું છે. એમાં શું છે? દાંતરડો. ઠીક! '**दात्रेण**'. '**पृथग्वर्तिना दात्रेण लावको भवति**' '**लावको**' એટલે શું? લણનારો, કાપનારો. આ લણે છે નથી કહેતા? લણે છે. એ દેવદત્ત દાતરડા વડે લણે છે એમ નહિ, એમ આત્મા જ્ઞાન વડે જાણે છે એમ નહિ.

'**જ્ઞાન વડે આત્મા જાણનાર છે. જો એમ હોય તો બન્નેને અચેતનપણું આવે...**' જ્ઞાયક આત્મા જ્ઞાન વડે. તો જ્ઞાન જુદું થઈ ગયું અને જ્ઞાયક જુદો થઈ ગયો. તો જ્ઞાયકમાં જ્ઞાન ન રહ્યું, જ્ઞાયક અચેતન થઈ ગયો, જ્ઞાનમાં જ્ઞાયક ન આવ્યો માટે જ્ઞાન પણ અચેતન થઈ ગયું. સમજાણું કાંઈ? આહા..હા..! મુનિઓએ જંગલમાં રહીને કેવી વાતને (સિદ્ધ કરી છે)! કહે છે, '**જો એમ હોય તો બન્નેને અચેતનપણું આવે અને અચેતનનો સંયોગ થતાં પણ જ્ઞપ્તિ નીપજે નહિ.**' બે અચેતન થયા. કેમકે આત્મા જ્ઞાયક, જ્ઞાન વડે. તો જ્ઞાન જુદું થયું, આ જુદું થયું. તો જ્ઞાયકમાં જ્ઞાન ન રહ્યું એટલે જ્ઞાયક અચેતન થયો અને જ્ઞાન હોય તો જ્ઞાનમાં જ્ઞાયક ન આવ્યો એટલે જ્ઞાન અચેતન થયું. અને બેનો સંયોગ થવાથી, બે અચેતનનો સંયોગ થવાથી જ્ઞાન ક્યાંથી થશે? બે અચેતન છે અહીં તો. બેના મેળાપથી-બેના અચેતનના મેળાપથી જ્ઞાનની પર્યાય ક્યાંથી થશે? સમજાણું કાંઈ? આહા..હા..! વકીલોને સમજાય એવું હશે? વેપારીઓને ન સમજાય એવું છે? ન્યાયથી વાત કરે ને ન્યાયથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધાને આ તો ન્યાયથી વાત કરે છે લોજિકથી, યુક્તિથી. કહે છે, સાંભળને!

દેવદત્ત જુદો અને દાતરડું જુદું. એમ આત્મા જ્ઞાયક જુદો અને જ્ઞાન જુદું. તો જ્ઞાયકમાં જ્ઞાન ન રહ્યું તો એ અચેતન થઈ ગયું અને જ્ઞાનમાં જ્ઞાયક ન આવ્યો માટે અચેતન થયું અને બેના ભેગા થવાથી પણ-બે અચેતનના ભેગા થવાથી જ્ઞાન ક્યાંથી આવશે? માટે આત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપે છે. સમજાણું કાંઈ? '**આત્મા ને જ્ઞાન પૃથગ્વર્તી હોવા છતાં આત્માને જ્ઞપ્તિ થતી માનવામાં આવે તો તો પર જ્ઞાન વડે પરને જ્ઞપ્તિ થઈ શકે...**' આ ઘડાને પણ જ્ઞાન થવું જોઈએ, રાખને પણ જ્ઞાન થઈ જવું જોઈએ. કારણ કે એમાં જ્ઞાન નથી અને જ્ઞાન એને જોડાઈ ગયું ઘડા સાથે. જેમ એમ બની શકે નહિ, એમ આત્મા ને જ્ઞાન જુદાં હોય તો જાણવાપણું પોતાનું સ્વરૂપ જ છે એ બની શકતું નથી. જ્ઞાયક પોતે જ જ્ઞાનસ્વરૂપે પરિણમીને જાણે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૯, સોમવાર, તા. ૩૦.૯.૧૯૬૮**
**ગાથા-૩૫, ૩૬, પ્રવચન-૨૮**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. અહીં વચમાં આવ્યું છે જુઓ. આ આત્મા છે એને જ્ઞાન છે, એ જ્ઞાન જુદું હોય અને આત્મા અહીં જોડાય તો આત્મા જ્ઞાની થાય—જ્ઞાયક થાય એમ છે નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપ વડે જ સ્વ અને પરને જાણે છે એવો એનો સ્વભાવ છે. એ જ્ઞાન પૃથક્ હોય અને આત્મા પૃથક્ હોય તો આત્મા, જેમ દેવદત્ત દાતરડા વડે કાપે છે, એમ આત્મા જ્ઞાન વડે જોડાઈને જાણે તો તો જ્ઞાન રાખ સાથે જોડાઈને રાખમાં પણ જ્ઞાન થાય, ઘડા સાથે જ્ઞાન જોડાય. જેમ આત્મા સાથે જોડાય તો જ્ઞાન (થાય, એમ) રાખ સાથે, થાંભલા સાથે, ઘડા સાથે જોડાય (તો) એને પણ જ્ઞાન થવું જોઈએ. બરાબર છે?

હવે આવ્યું ત્યાં જુઓ. '**રાખ વગેરેને પણ જ્ઞપ્તિનો ઉદ્‌ભવ નિરંકુશ થાય.**' જો આત્મા અને જ્ઞાન જુદા હોય અને એ જ્ઞાન વડે આત્મા જાણે જોડાઈને, એમ બને નહિ. કેમકે જ્ઞાન વિના આત્મા અચેતન થયો અને આત્મા વિના જ્ઞાન અચેતન થયું. સમજાય છે કાંઈ? આત્મા અને જ્ઞાન બે જુદા હોય તો આત્મા વિના જ્ઞાન એ પણ અચેતન થયું અને આત્મા જ્ઞાન વિનાનો એ પણ અચેતન (થયો). અને બે અચેતનના મળવાથી પણ જ્ઞાન થાય એમ બની શકે નહિ. માટે જ્ઞાન તે આત્મા જ છે. એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એને જ્ઞાનથી જોડાઈને કામ કરે છે એમ છે નહિ. જો એમ હોય તો '**રાખ વગેરેને પણ...**' જાણવાની ક્રિયાનો ઉત્પત્તિ નિરંકુશ થાય. કહો, બરાબર છે? શું કીધું એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બસ ઈ. બે વાર કહેવાણું ને, કે આ આત્મા છે, વસ્તુ છે ને, એ જ્ઞાન અને આત્મા બે જુદા જો હોય અને પછી આત્મા જ્ઞાન સાથે જોડાઈને કામ કરે તો તો જ્ઞાન પણ આત્મા વિનાનું અચેતન થયું અને આત્મા પણ જ્ઞાન વિનાનો અચેતન થયો. હવે બે અચેતન ભેગા થઈને પણ, અચેતન બે ભેગા થઈને જ્ઞાન થાય એમ પણ હોઈ શકે નહિ. જો એમ હોય તો જ્ઞાન રાખની સાથે જોડાય અને રાખમાં પણ જ્ઞપ્તિક્રિયા, જાણવાની ક્રિયા થવી જોઈએ. થાંભલા સાથે જ્ઞાન જોડાય. કારણ કે જ્ઞાન જોડવું છે ને? અહીં જોડાય તો રાખ સાથે જોડાય, થાંભલા સાથે જોડાય તો એને પણ જ્ઞપ્તિક્રિયા ઉત્પન્ન થવામાં નિરંકુશતા એટલે એમાં કોઈ બાધ આવે નહિ, વિરોધ આવે નહિ એમ કહે છે. માટે એમ છે નહિ. એ ભગવાન પોતે જ જ્ઞાનસ્વરૂપ છે.

કૌંસમાં છે જુઓ. '**(આત્મા ને જ્ઞાન પૃથક્ છે પણ જ્ઞાન આત્મા સાથે જોડાવાથી**

**આત્મા જાણવાનું કાર્ય કરે છે...'** કૌંસમાં છે ને? **'એમ માનવામાં આવે તો તો જ્ઞાન જેમ આત્મા સાથે જોડાય તેમ રાખ, ઘડો, થાંભલો વગેરે સર્વ પદાર્થો સાથે જોડાય અને તેથી તે પદાર્થો પણ જાણવાનું કાર્ય કરે.'** વાંચ્યું હશે કે નહિ, ઘરે વાંચો છો કે નહિ આ?

મુમુક્ષુ :- જવાબ તૈયાર છે.

ઉત્તર :- જવાબ તૈયાર રાખ્યો છે સરખો. પણ વાંચીને અંદર વાંચવા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ થોડું વાંચીને કરે ને. રામજીભાઈ કહેતા કે અમારા માસ્તર એમ કહેતા કે તમે વાંચીને આવજો. અમારા માસ્તર એમ કહેતા કે વાંચીને આવજો. ઓલા નરોત્તમ માસ્તર હતા એ કહે વાંચીને આવજો. પછી અમે વાંચીએ એટલે તમને વાંચવામાં ક્યાં નહોતું સમજાતું એ તમને અહીં સમજાશે. તો અહીં વાંચ્યું હોયને થોડું તો એને ખ્યાલ આવે કે આ સમજાણું નહોતું અને આ સમજાણું.

કહે છે કે રાખ અને ઘડો અને થાંભલો એમાં જ્ઞાન નથી અને જ્ઞાન એમાં જોડાય. જેમ આત્મામાં જ્ઞાન નથી અને આત્મામાં જ્ઞાન જોડાય, એમ રાખ અને થાંભલામાં જ્ઞાન નથી અને જ્ઞાન ત્યાં પણ જોડાય, તોપણ ત્યાં જાણવાની ક્રિયા થાય. તો એમ બની શકે નહિ. **'પરંતુ આમ તો બનતું નથી. તેથી આત્મા ને જ્ઞાન પૃથક્ નથી.)'** એ આત્મા ગુણી અને ગુણ બે પૃથક્ નથી એમ સિદ્ધ કરવું છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ જ છે. એ જ્ઞાનથી પોતે જાણે છે. એટલે આત્મા પોતે જ્ઞાનરૂપ પરિણમન કરીને જાણે છે એમ કહે છે. પોતે આત્મા જ્ઞાનરૂપે પરિણમીને જાણે છે.

**'વળી, પોતાથી અભિન્ન એવા સમસ્ત જ્ઞેયાકારોરૂપે...'** શું કહે છે? જો જ્ઞાનમાં બીજા જ્ઞેય છે તેનું જે અહીં જ્ઞાન થયું. **'પોતાથી અભિન્ન એવા સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમેલું જે જ્ઞાન...'** પોતાનું જ્ઞાન, જે જ્ઞેય છે જગતના અને દ્રવ્ય પોતે—એ રૂપે જાણેલું જ્ઞાન **'તે-રૂપે સ્વયં પરિણમનારને,...'** તે રૂપે આત્મા પોતે જ્ઞાનરૂપે પરિણમે છે. સ્વ અને પરને જાણવા માટે જ્ઞાન જ પોતે-આત્મા પોતે પરિણમે છે. **'પરિણમનારને, કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોના કારણભૂત...'** જે જ્ઞાનમાં જ્ઞેયો કારણ હતા અને અહીં કાર્ય એનું થયું આમાં એ નિમિત્ત કારણ છે. અહીં કાર્ય થયું જ્ઞાનમાં પરિણમનનું તો એ કાર્ય છે જ્ઞેયાકારનું. તો કાર્યમાં કારણભૂત સર્વ પદાર્થો જે જ્ઞેયો છે એ, અહીં કાર્ય થયું એથી એ કારણ એમાં છે. **'જ્ઞાનવર્તી જ કથંચિત્ છે.'** એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપે ભગવાન આત્મા પરિણમતા સ્વ અને પરનું બધું જ્ઞેયાકારનું પરિણમન પોતાનું છે અને તેથી તે કાર્ય થયું અહીંયા જ્ઞાનનું પરિણમવાનું એમાં કારણ એ હતા. તો એ કાર્યમાં કારણનો ઉપચાર કરીને જ્ઞાનમાં બીજા પદાર્થો છે એમ કોઈ અપેક્ષાએ કથંચિત્ વ્યવહારથી કહેવામાં

આવે છે. સમજાણું કાંઈ?

'**(માટે) જ્ઞાતા ને જ્ઞાનના વિભાગની ક્લિષ્ટ કલ્પનાથી શું પ્રયોજન છે?**' જાણનારો આત્મા અને જ્ઞાન જુદું એવું ક્લિષ્ટ કલ્પનાનું કામ શું છે? એ તો જ્ઞાતા અને જ્ઞાન બે એક જ છે. સમજાણું કાંઈ? આત્મા એટલે જ્ઞાનસ્વભાવ, આત્મા એટલે જ્ઞ-સ્વભાવ, ચૈતન્યસ્વભાવ. આત્મા એટલે ચૈતન્યસ્વભાવ. વળી પૃથક્ ક્યાં આવ્યું એમાં? જ્ઞાન પૃથક્ છે અને આત્મા જાણનારો પૃથક્ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? '**જ્ઞાતા ને જ્ઞાનના વિભાગની ક્લિષ્ટ કલ્પનાથી...**' એ તો ક્લિષ્ટ કલ્પના છે. તેથી '**શું પ્રયોજન છે?**' સમજાણું? '**विभागक्लेशकल्पनया**' શું કામ છે? ભગવાન આત્મા જ જ્ઞાનસ્વરૂપે પરિણમે છે સ્વને-પરને જાણવામાં. સમજાણું કાંઈ? એ ૩૫ થઈ.

'**હવે શું જ્ઞાન છે અને શું જ્ઞેય છે...**' જ્ઞાન શું છે અને જ્ઞાનમાં જણાય તે જ્ઞેય શું છે? આત્મા જ્ઞાન છે એ જ્ઞાન, હવે એ જ્ઞાન તે શું છે અને એ જ્ઞાનમાં જણાય તે જ્ઞેય શું છે? એ એમ નહિ, એમ નહિ. તમે એમ કરો તો આમ નહિ. અહીં તો જ્ઞાન શું છે અને જ્ઞેય શું છે? એટલે આમ એમ નહિ. આ પણ જ્ઞેય છે. જ્ઞાન શું છે અને જ્ઞેય શું છે? એટલે જ્ઞાન જ્ઞાન છે અને જ્ઞેય, આત્મા અને પર બધું જ્ઞેય છે. સમજાણું કાંઈ? એટલે આમ કર્યું એમ નહિ. '**હવે શું જ્ઞાન છે એ શું જ્ઞેય છે તે વ્યક્ત કરે છે :—**'

**तम्हा णाणं जीवो णेयं दव्वं तिहा समक्खादं।**
**दव्वं ति पुणो आदा परं च परिणामसंबद्धं।।३६।।**

**છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;**
**એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬.**

જુઓ! '**परिणामसंबद्धं**' શબ્દ પડ્યો છે. દ્રવ્ય પરિણામના સંબંધવાળું છે. એ સંબંધ ત્યાં નાખ્યો. રાગ અને સંયોગી સંબંધ? પર સંયોગી? વસ્તુ પોતે ત્રિકાળ વસ્તુ છે. દરેક હોં અહીં. તેને પરિણામ-પર્યાયનો સંબંધ છે, પરિણમવાનો એનો સંબંધ છે. આત્મા હો કે પરમાણુ હો, જેટલા પદાર્થ છે એ કાયમ ધ્રુવપણે રહેલા છે, નિત્યપણે રહ્યા છે એને પરિણામ નામ પલટવાનો એને સંબંધ છે. સમજાણું કાંઈ? એક સમય પૂરતું પરિણામ છે ને? અને ત્રિકાળ દ્રવ્ય છે એટલે એ પરિણામનો એનો સંબંધ છે અથવા પરિણામથી યુક્ત છે અથવા પરિણામવાળું છે દરેક દ્રવ્ય.

'**અન્વયાર્થ :- તેથી જીવ જ્ઞાન છે...**' પહેલું કહ્યું ને માથે કે જ્ઞાન અને જીવ બે જુદાં છે એમ છે નહિ. '**તેથી જીવ જ્ઞાન છે...**' એમ કીધું. '**અને જ્ઞેય ત્રિધા વર્ણવવામાં આવેલું (ત્રિકાળસ્પર્શી)...**' આ ખુલાસો કરશે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં પર્યાયે પરિણમેલું અથવા દ્રવ્ય-ગુણ પર્યાયે દ્રવ્ય છે. દ્રવ્ય કોને કહેવું? એ જ્ઞેયભૂત. '**દ્રવ્ય એટલે આત્મા અને પર...**' બે. '**(એ જ્ઞેયભૂત) દ્રવ્ય એટલે આત્મા અને પર...**' બે જ્ઞેય.

એ જ્ઞાનના બે જ્ઞેય. કેમકે જ્ઞાન સ્વપરપ્રકાશક છે માટે. સમજાય છે કાંઈ? આ તત્ત્વનું તાત્પર્ય શું કહેવાય આ? તત્ત્વદીપિકા છે આ. તત્ત્વને બતાવનારી દીપિકા-દીવડી-દીવડો. આવું તત્ત્વ છે એમ એણે બરાબર જાણવું અને માનવું જોઈએ. આત્મા એ પણ જ્ઞાનપરિણામનું જ્ઞેય છે. બધું દ્રવ્ય, ગુણ અને બધી પર્યાયો ને પોતાની પર્યાય, જ્ઞાનની પર્યાય. પરિણામ જે જ્ઞાનની અવસ્થા છે એમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે એ જ્ઞાનનું જ્ઞેય છે અને સામા દ્રવ્ય, ગુણ અને પર્યાય એ પણ જ્ઞાનમાં જ્ઞેય છે. એવું એ જ્ઞાન છે.

'**ટીકા :- (પૂર્વોક્ત રીતે) જ્ઞાનરૂપે સ્વયં પરિણમીને...**' એમ. જ્ઞાન અને આત્મા બે જુદા નથી એમ સિદ્ધ કર્યું ને? માટે પૂર્વોક્ત રીતે—પૂર્વે કહ્યું તે જ્ઞાન એ જ આત્મા. આત્મા જ જ્ઞાનરૂપે પરિણમે છે. '**જ્ઞાનરૂપે સ્વયં પરિણમીને...**' આત્મા જ્ઞાનરૂપે સ્વયં પરિણમીને '**સ્વતંત્રપણે જ જાણતો હોવાથી...**' સ્વતંત્રપણે જાણે છે. એને જાણવામાં કોઈ પરની અપેક્ષા નથી. '**જીવ જ જ્ઞાન છે,...**' જ્ઞાનરૂપે સ્વયં પરિણમીને સ્વતંત્રપણે કર્તા સ્વતંત્ર જાણતો હોવાથી. સમજાણું? '**उपादानरूपेण ज्ञानं परिणमति**' એમ છે ને અંદર? ઉપાદાન. ઓલામાં જયસેનાચાર્યમાં. '**પરિણમવાને તથા જાણવાને...**' પોતે જ પરિણમવાને સમર્થ છે, એમ કહે છે.

'**કારણ કે અન્ય દ્રવ્યો...**' આત્મા સિવાયના બીજા પદાર્થો '**એ રીતે (જ્ઞાનરૂપે) પરિણમવાને અને જાણવાને અસમર્થ છે.**' કહો. શરીર, વાણી, મન આદિ જે છે એ જાણવાને સમર્થ નથી અને જાણીને પરિણમવારૂપે પણ સમર્થ છે નહિ, એમ. '**(જ્ઞાનરૂપે) પરિણમવાને અને જાણવાને અસમર્થ છે.**' જ્ઞાન જ નથી એમાં એટલે ક્યાંથી હોય? એમ કહે છે. શરીર, વાણી, મન આ બધા એ જ્ઞાનરૂપે પરિણમવાને અને જાણવાને સમર્થ નથી. જડ છે પર. '**અને જ્ઞેય,...**' જણાવાયોગ્ય જ્ઞેય '**વર્તી ચૂકેલા,...**' જેટલા આત્માના અને પરની વર્તી ચૂકેલી પર્યાયો, વર્તતા, વર્તી ચૂકેલા અને વર્તશે (એવી) પર્યાયો અને '**વર્તશે એવા વિચિત્ર પર્યાયો...**' ભગવાન જ્ઞાનસ્વરૂપે પરિણમતા જ્ઞાનમાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પર્યાય વીતી ગયા, વર્તે છે અને થશે, બીજાના પણ પર્યાયો વીતી ગયા, વર્તે છે અને વર્તશે, એ બધાને '**વિચિત્ર પર્યાયોની પરંપરાના પ્રકાર વડે...**' એક પછી એક, એક પછી એક એમાં જે થાય, પોતામાં અને પરમાં બેયમાં હોં! જ્ઞાનની પર્યાય પણ એક પછી એક, એક પછી એક થાય. અનંતા ગુણને પોતે એક પછી એક પર્યાય થાય, બીજા દ્રવ્યમાં પણ એના ગુણની એક પછી એક પર્યાય વીતી ગઈ, થઈ ને થાય. એવા પર્યાયોની વિચિત્ર અવસ્થાઓની '**પરંપરાના પ્રકાર વડે ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું...**' કોણ? જ્ઞેય. જ્ઞાનમાં જણાય એવું જ્ઞેય, જણાવાયોગ્ય એવું જ્ઞેય વર્તી ચુકેલા, વર્તતા અને વર્તશે એવા '**વિચિત્ર પર્યાયોની પરંપરાના પ્રકાર વડે ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું...**' ત્રણે કાળમાં એ જાતની પર્યાયો થાય છે. સમજાણું કાંઈ? એક બોલ લીધો આ. ઓલામાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ

લીધા. બે લીધા. એ તો આવી ગયું ને.

**'ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું...'** જુઓ જ્ઞાનની એક સમયની પર્યાય, કેવળજ્ઞાનની એક સમયની પર્યાય. પોતે વર્તી ગઈ જ્ઞાનની પર્યાયો કે અનંતા ગુણની પર્યાયો વર્તશે, વર્તે છે અને વર્તશે, એમ બીજા જ્ઞેયોના પર્યાયો વર્તી ગયા, વર્તે અને વર્તશે એ ત્રણ કાળના કોટિ સ્પર્શે છે જેને એ જ્ઞેય છે. એ જ્ઞેયને જ્ઞાન જાણે છે.

મુમુક્ષુ :- બધું જણાઈ ગયું.

ઉત્તર :- બધું જણાઈ ગયું. જાણવામાં શું બાકી હોય? એક સમયની પર્યાય એવડી કેવળજ્ઞાનની છે. સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનગુણની પણ પર્યાય વર્તી ગઈ, વર્તે છે અને વર્તશે. એમ બીજા અનંતા ગુણોની પર્યાય વર્તી ગઈ, વર્તે છે અને વર્તશે, એમ બીજા પરમાણુઓ અને બીજા આત્માઓ એની પણ પર્યાય થઈ ગઈ, છે અને થશે-એ બધાને ત્રણ કાળ સ્પર્શી પર્યાયોના વિચિત્ર પરંપરાને સ્પર્શતું એ જ્ઞેય. સમજાય છે? અનાદિ-અનંત એવું દ્રવ્ય છે. એવું અનાદિ-અનંત એવું એ દ્રવ્ય છે. પોતે અને પર.

મુમુક્ષુ :- બધાય ગુણ થઈ ગયા.

ઉત્તર :- બધાય છે. આહા..હા..! કેટલી તાકાત જુઓ! સમજાણું?

પહેલામાં કહ્યું હતું ને કેવળી.. આચાર્ય કહે છે. કેમકે અમે પણ દ્રવ્યને જાણીએ છીએ અને ભગવાન કેવળી પણ દ્રવ્યને જાણે છે. દ્રવ્ય જે સ્વરૂપ છે, વસ્તુ જે છે, આવી આવી તો અનંતી પર્યાયોનો પિંડ જે ગુણ અને અનંત ગુણનું એકસ્વરૂપ દ્રવ્ય, એવું જે આત્મદ્રવ્ય એને અમે શ્રુતજ્ઞાન દ્વારા, જ્ઞપ્તિ દ્વારા એને જાણીએ છીએ. ભગવાન કેવળી પણ એની જ્ઞપ્તિ દ્વારા, જે દ્રવ્યને અમે જાણીએ તે જ દ્રવ્યને તે જાણે છે એમાં. એ અપેક્ષાએ તો અમારી જ્ઞપ્તિ બેયની સરખી છે કહે છે. અમે બે સરખા છીએ. અને આમ જુઓ તો પરને જાણવાની અપેક્ષામાં પણ શ્રુતજ્ઞાનની પર્યાય પરોક્ષ રીતે જાણે છે, કેવળી પ્રત્યક્ષ (જાણે છે). એ રીતે પણ સ્યાદ્વાદ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એ રીતે સરખું છે. પરની જાણવાની અપેક્ષાએ સરખું છે અને અમે સ્વની અપેક્ષાએ બેય સરખા છીએ એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી વાત કરવી કહે છે.

ભગવાન આત્મા જેને જ્ઞાનની પર્યાય કે અનંત ગુણની પર્યાય, એ બધી કેવળજ્ઞાન એક સમયમાં પોતાનું જ્ઞેય, ગુણ અને પર્યાય ત્રણ કાળની અને પરને જાણે છે. હવે એ એક સમયની પર્યાય એ શ્રુતજ્ઞાનની જે છે એ પણ એ રીતે જ જાણે છે. ફક્ત પરોક્ષ અને પ્રત્યક્ષનો ફેર છે. બાકી જાણવામાં તો બેય આમ પણ સરખા છે અને સ્વદ્રવ્યને જાણવા માટે સરખા છીએ અમે તો. કારણ કે ભગવાન કેવળજ્ઞાન પણ કેવળ દ્રવ્ય જે વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય, જે અનંતી પર્યાયો એક જ્ઞાનની અવસ્થા એવી અનંતી પર્યાયોનો સમૂહ એક ગુણ, એવા ત્રિકાળ પર્યાયનો એક એક સમૂહ તે એક એક ગુણ, એવા અનંત ગુણનો એકરૂપ

તે દ્રવ્ય. કેવળ દ્રવ્યને કેવળી જાણે માટે કેવળી છે. અમે પણ કેવળ દ્રવ્યને જાણીએ માટે અમે શ્રુતકેવળી છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? બહારથી જુઓ તો અમે પરોક્ષ-પ્રત્યક્ષમાં બેય સરખા છીએ. એ પરોક્ષ અને પ્રત્યક્ષમાં ફેર છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સિદ્ધનો સાધર્મી. સમજાય છે કાંઈ? એ સિદ્ધનો સાધર્મી. એવો ભગવાન આત્મા એની શક્તિઓ અને સમૂહનો પિંડ પ્રભુ એને જ્ઞાન દ્વારા જાણ્યો. બસ! ભગવાને કેવળજ્ઞાન દ્વારા જાણ્યું, અમે શ્રુતજ્ઞાન દ્વારા જાણ્યું. જાણવામાં-જાણવામાં દ્રવ્યને જાણ્યું એમાં અમારી જ્ઞપ્તિની ક્રિયામાં શું ફેર છે? જુઓ એ સામર્થ્ય શ્રુતજ્ઞાનનું! આહા..હા..! એનો સ્વભાવ જ જાણવું છે. કોઈનું કરવું કે કોઈને કરી દેવું, કોઈથી લેવું એવું સ્વરૂપ નથી એનામાં, એમ કહે છે. એ તો જાણવાના સ્વભાવવાળો ભગવાન જાણવાની ક્રિયામાં પરને પણ જાણે અને સ્વને જાણે. પહેલું સ્વને કીધું, હવે અહીં પરને જાણવાનું કહેશે. સ્વ અને પર બે જ્ઞેય છે એને જ્ઞાનની પર્યાય જાણે છે એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જ્ઞાનનો એવો સ્વભાવ જ છે. એ ખુમારીનો અર્થ? જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવો છે કે સ્વ અને પરને જાણે, બસ. કેવળજ્ઞાની એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે, શ્રુતજ્ઞાની એક સમયમાં પરોક્ષ જાણે છે. એમાં ફેર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન અધિકાર છે ને. તો જ્ઞાનનો સ્વભાવ કેવડો છે, કેમ છે એ વાત સિદ્ધ કરે છે. જેવું જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનનું જેટલું સામર્થ્ય છે તેટલા પ્રમાણે તેને ઓળખે અને માને તો જ્ઞાનતત્ત્વ માન્યું કહેવાય. સમજાણું કાંઈ? એ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયમાં પોતાની અનંતી પર્યાયો ત્રણ કાળને સ્પર્શતું દ્રવ્ય, ત્રણ કાળની પર્યાયને અડતું, સ્પર્શતું, થતું દ્રવ્ય. બીજા જે દ્રવ્યો છે એ પણ એને ત્રણ કાળની પર્યાયને સ્પર્શતું તે દ્રવ્ય—એ જ્ઞેય બે પ્રકારના. એ જ્ઞાન બેયને જાણે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'અનાદિ-અનંત એવું દ્રવ્ય છે. (આત્મા જ જ્ઞાન છે અને જ્ઞેય સમસ્ત દ્રવ્યો છે.) તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા ને પર એવા બે ભેદને લીધે બે પ્રકારનું છે.'** ભગવાન આત્મામાં જ્ઞાનતત્ત્વ એ જ્ઞાનતત્ત્વમાં જ્ઞેયના બે પ્રકાર. આત્માનું જ્ઞાનતત્ત્વ, જ્ઞાનસત્ત્વ એમાં જ્ઞેયના બે પ્રકાર—આત્મા અને પર. તે આત્મા અને પર **'એવા બે ભેદને લીધે બે પ્રકારનું...'** જ્ઞેય છે. કેમ કે **'જ્ઞાન સ્વપરજ્ઞાયક હોવાથી જ્ઞેયનું એવું દ્વિવિધપણું માનવામાં આવે છે.'** સમજાણું કાંઈ? કેમ? જ્ઞાન, ભગવાન આત્માનું જ્ઞાન સ્વપરજ્ઞાયક હોવાથી, સ્વપરને જાણનાર હોવાથી, જ્ઞાન સ્વપરને જાણનાર હોવાથી તેનું જ્ઞેય બે પ્રકારે છે. જ્ઞાન સ્વપર જાણનાર હોવાથી તેનું જ્ઞેય બે પ્રકારે—સ્વ અને પર. એમ. સમજાણું કાંઈ?

**'તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા ને પર (-સ્વ ને પર) એવા બે ભેદને લીધે બે**

**પ્રકારનું જ્ઞેય છે.'** કેમ કે **'જ્ઞાન સ્વપરજ્ઞાયક હોવાથી...'** જ્ઞાન સ્વપરને જાણનાર હોવાથી. એક એક જ્ઞાનનો પર્યાય સ્વપરને જાણનારો હોવાથી. જ્ઞેય બે પ્રકારે કીધું કેમકે સ્વપરનો જાણનાર છે. માટે સ્વ અને પર બેય જ્ઞાનના જ્ઞેય છે. સમજાણું કાંઈ? ત્યારે પ્રશ્ન ઉઠ્યો એમાં કે જ્ઞાનની પર્યાય પોતે જ્ઞાન થાય અને પોતે જ્ઞેય થાય એક સમયમાં. તમે તો એમ કીધું કે જ્ઞાન તે વસ્તુ તત્. હવે એ એનો સ્વભાવ સ્વપરપ્રકાશક. એથી તે જ્ઞેય બે પ્રકારના. તેમાં પોતાનો જ્ઞાનપર્યાય પણ આવી ગયો જ્ઞેય તરીકે. ઉત્પન્ન થતાં જ્ઞાન અને તેનું જાણવું તે કાળે, ઉત્પન્ન થતું જ્ઞાન અને તે કાળે તે પર્યાયને પોતે એને જાણતું જ્ઞાન. ઉત્પન્ન થાય અને જાણવું. આ શું? સમજાણું કાંઈ?

એ પ્રશ્ન ઉઠ્યો. **'પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી આત્માને સ્વજ્ઞાયકપણું કઈ રીતે ઘટે છે?'** શિષ્ય એમ કહે છે કે તમે એમ કહો છો કે જ્ઞાનની જે અવસ્થા ઉત્પન્ન થાય એને પણ જ્ઞાન તે સમયનું ઉત્પન્ન થાય તેને તે જાણે. કારણ કે જ્ઞેય તો બધું દ્રવ્ય, ગુણ અને ત્રિકાળવર્તી પર્યાયો તે જ્ઞાનનું જ્ઞેય થયું. એટલે પોતાની પર્યાય તે કાળની એ પણ જ્ઞાનનું જ્ઞેય થયું અને અનંત પર વસ્તુનો દ્રવ્ય ગુણની પર્યાય એ પણ એનું જ્ઞેય થયું. તો જે જ્ઞાન ઉત્પન્ન થયું તે વખતે તે જ્ઞાનનું જ્ઞેય ઉત્પન્ન થાય અને તે વખતનું જ્ઞેય અને તેને તે જાણે. સમજાણું કાંઈ?

**'પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી આત્માને સ્વજ્ઞાયકપણું...'** જ્ઞાનની ઉત્પત્તિ થાય અને તે વખતે આત્મા જ્ઞાનને જાણે, ઉત્પન્ન થાય અને જાણે એ તો વિરોધ આવે છે કહે છે. સમજાય છે કાંઈ આમાં? ઉત્પન્ન થાય છે અને એને જાણે? હજી તો ઉત્પન્ન થાય છે અહીં જ્ઞાનની પર્યાય વર્તમાન. ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયું અને તેને જાણે એમ કેમ હોય? કહે છે.

મુમુક્ષુ :- એ તો સ્વભાવ જ છે.

ઉત્તર :- પણ જાણવાનો સ્વભાવ ઉત્પન્ન થયો, એ ઉત્પન્ન થયો અને તે વખતે જાણે એમ કેમ? કહે છે. એમ એને વિરોધ દેખાય છે. પ્રશ્નનું રૂપ જાણવું જોઈએ ને પહેલું. સમજાણું કાંઈ?

**'પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી...'** જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય અને વળી તે વખતે જાણે તેને. **'આત્માને સ્વજ્ઞાયકપણું કઈ રીતે ઘટે છે?'** પોતે પોતે ઉત્પન્ન થાય જ્ઞાનની પર્યાય અને એ પર્યાય પોતે દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેને જાણે. પોતાને. આ પ્રશ્ન બસ. શું કીધું સમજાય છે કાંઈ? કે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ, હવે એ ઉત્પન્ન થઈ એના જ્ઞેય બે પ્રકારના. જ્ઞાન સ્વપરપ્રકાશક એટલે જ્ઞેય બે પ્રકારના થયા ને, સ્વ-પર? તેમાં દ્રવ્ય, ગુણ અને અનંતી પર્યાય પોતાની પર્યાય એ બધીને ઉત્પન્ન થતું જ્ઞાન આ દ્રવ્ય-ગુણ-પર્યાયને એને જાણે અને બીજાને જાણે. હજી ઉત્પન્ન થયું એ આ બધાને જાણે એમ

શી રીતે બને? કહે છે. સ્વ જ્ઞાયક પરિણમન ક્યાંથી આવે? હજી ઉત્પન્ન થયું જ્ઞાન. એ જ્ઞાન દ્રવ્ય-ગુણને પોતાની પર્યાયને શી રીતે જાણે? સમજાણું કાંઈ? એમ પ્રશ્ન છે. પહેલો પ્રશ્ન શું છે એ જાણવું જોઈએ ને.

'(ઉત્તર-) **કઈ ક્રિયા અને ક્યા પ્રકારનો વિરોધ?**' શું કહેવું છે તારે? એમ કહે છે. કઈ તારે ક્રિયા કહેવી છે અને ક્યા પ્રકારનો તારો વિરોધ છે? સમજાણું કાંઈ? '**ક્રિયા, કે જે અહીં વિરોધી કહેવામાં આવી છે...**' પોતે ને પોતે કહે છે. '**ક્રિયા, કે જે અહીં વિરોધી...**' તું વિરોધ ઉપાડે છો કે ઉત્પન્ન થતું જ્ઞાન, એ જ્ઞાન વળી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે આવું જે તું કહે છો એ ક્રિયામાં, '**કઈ ક્રિયા અને ક્યા પ્રકારનો વિરોધ? ક્રિયા, કે જે અહીં (પ્રશ્નમાં) વિરોધી કહેવામાં આવી છે તે, કાં તો ઉત્પત્તિરૂપ હોય, કાં તો જ્ઞપ્તિરૂપ હોય.**' ક્રિયાનો અર્થ અહીંયાં ઉત્પત્તિરૂપ ક્રિયા અને કાં જાણવાની ક્રિયા. હવે ઉત્પત્તિરૂપ જે ક્રિયા છે એમાંથી ઉત્પત્તિ નવી ન થાય એ તો બરાબર છે કહે છે. જ્ઞાનની પર્યાય ઉત્પત્તિરૂપ થાય ક્રિયા એમાંથી ઉત્પત્તિ નવી થાય એ તો વિરોધ આવે.

'**કાં તો ઉત્પત્તિરૂપ હોય, કાં તો જ્ઞપ્તિરૂપ હોય.**' ઉત્પત્તિરૂપ ક્રિયા અને તે વખતની જાણવાની ક્રિયા બે પ્રકારે. હવે તારો વિરોધ એમ હોય કે આ જ્ઞાનની ઉત્પત્તિ થાય એમાં નવી ઉત્પત્તિ કેમ હોય? તો એ તો બરાબર છે કહે છે. જ્ઞાનની ઉત્પત્તિ થાય અને એમાંથી નવી ઉત્પત્તિ બીજી થાય પર્યાયમાં, તો પર્યાયથી પર્યાયની ઉત્પત્તિ (થઈ) એ તો વિરોધ બરાબર છે. સમજાણું કાંઈ? '**પ્રથમ ઉત્પત્તિ ક્રિયા તો કોઈ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ એવા આગમકથનથી વિરુદ્ધ જ છે.**' જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ, વળી એમાંથી પર્યાય ઉત્પન્ન થાય એમ તો હોઈ શકે નહિ. સમજાય છે આમાં કાંઈ? પ્રવચનસાર ઝીણી વાત, ઝીણું તત્ત્વ છે આ. જેવું છે એવું જ્ઞાનનું તત્ત્વ, જ્ઞાનનો ભાવ, જ્ઞાનનો સ્વભાવ એને પ્રતીતમાં આવવો જોઈએ. આહા..હા..!

'**કાં તો ઉત્પત્તિરૂપ હોય, કાં તો જ્ઞપ્તિરૂપ હોય. પ્રથમ ઉત્પત્તિ ક્રિયા તો કોઈ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ...**' પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થાય એ (વિરોધ) તો બરાબર છે, એ તો આગમથી વિરુદ્ધ છે. '**પરંતુ જ્ઞપ્તિરૂપ ક્રિયાનો વિરોધ આવતો નથી,...**' પણ જે જ્ઞાનની પર્યાય ઉત્પત્તિ થઈ તે તેને જાણવાનું કામ કરે એ વિરોધ નથી. સમજાણું કાંઈ? ભાઈ! આમાં તો મગજને કેળવવું પડે થોડું. એમ સ્થૂળ બુદ્ધિએ પકડાય એવું નથી આ. કહે છે કે જ્ઞાનરૂપે પરિણમતો આત્મા, એ પરિણમવામાં ત્રણ પ્રકારની પર્યાય--ભૂત, ભવિષ્ય અને વર્તમાન. પરમાં પણ ભૂત, ભવિષ્ય અને વર્તમાન. એને જ્ઞાનનો સ્વભાવ પર્યાયનો સ્વપરપ્રકાશક હોવાથી તે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બે પ્રકારનું કહેવામાં આવ્યું—સ્વ અને પર. ત્યારે હવે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય અને તે જ વખતે સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને

જાણે એ શી રીતે બને? ઉત્પત્તિમાંથી ઉત્પત્તિને કેમ જાણે? કે ભાઈ, ઉત્પત્તિમાંથી ઉત્પત્તિ નવી કરી હોય તો તો વિરોધ છે. દ્રવ્યને આશ્રયે પર્યાય ઉત્પન્ન થાય. પર્યાયમાંથી પર્યાય ન થાય એ તો બરાબર છે. પણ ઉત્પન્ન થતું જ્ઞાન એને જ્ઞાન થતાં કાળે પણ જ્ઞાનને જ્ઞાન ન જાણે એ ક્યાં છે વિરોધ તને? જાણી શકે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જ્ઞાન ઉત્પન્ન થતું તે જ્ઞાનને, તે ઉત્પન્નકાળે જ્ઞાનને જાણે છે. ઉત્પન્નકાળે બીજી નવી ઉત્પત્તિ થાય એમ ન બને. પણ ઉત્પન્નકાળે એને ન જાણે એમ કેમ બને? એ તો જ્ઞાનનો પર્યાય છે. સમજાણું કાંઈ?

'કારણ કે તે, **પ્રકાશનક્રિયાની માફક, ઉત્પત્તિક્રિયાથી વિરુદ્ધ રીતે** (જુદી રીતે) **વર્તે છે.**' જોયું! '**જેમ જે પ્રકાશ્યભૂત પરને પ્રકાશે છે...**' દીવો-દીવો. પ્રકાશ્યભૂત પરને પ્રકાશે છે દીવો. '**એવા પ્રકાશક દીવાને સ્વ પ્રકાશ્યને પ્રકાશવાની બાબતમાં અન્ય પ્રકાશની જરૂર પડતી નથી,...**' દીવો આમ પ્રકાશે છે, પ્રકાશપર્યાય નવી (ઉત્પન્ન થાય) તે પર્યાય પ્રકાશે એને પ્રકાશવા માટે બીજાની જરૂર પડતી નથી. એ પ્રકાશે છે, પર્યાય જે ઉત્પન્ન થાય એ જ એને પ્રકાશે છે. સમજાય છે કાંઈ? એને પ્રકાશવા માટે બીજાની જરૂર નથી. એ તો પ્રત્યક્ષ દેખાય છે કહે છે. દીવામાં દેખાતું નથી તને? આમ દીવાનો પર્યાય ઝળહળ ઝળહળ નવી... નવી... નવી... પર્યાય થાય. તો દીવાની પર્યાય થઈ એમાંથી નવી પર્યાય થાય એ તો નહિ, પણ દીવાની પર્યાય થઈ, એ થઈ એને પ્રકાશે. એને પ્રકાશતી નથી કે આ હું દીવો છું? એમ નથી જણાતું એમાં? એક સમયે ઉત્પન્ન થતાં વખતે પણ પ્રકાશતું નથી? એને પ્રકાશતી નથી? એને પ્રકાશે નહિ તો પરને પ્રકાશે ક્યાંથી આવ્યું? કહે છે. એને અને પરને બેયને તે વખતે પ્રકાશે છે. સમજાણું કાંઈ? જુઓ! વીતરાગી જ્ઞાન. એવો પર્યાયનો સ્વભાવ છે, ઉત્પન્ન થતું જ્ઞાન ઉત્પન્ન કરે નહિ પરને કે પોતાની પર્યાયને. પણ ઉત્પન્ન થતું જ્ઞાન તેને જાણતું ઉત્પન્ન થાય. ઉત્પન્ન થતું જાણે અને જાણતું ઉત્પન્ન થાય એ તો એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**એવા પ્રકાશક દીવાને સ્વ પ્રકાશ્યને પ્રકાશવાની બાબતમાં અન્ય પ્રકાશની જરૂર પડતી નથી,** કારણ કે **સ્વયમેવ પ્રકાશનક્રિયાની પ્રાપ્તિ છે;...**' જુઓ! દીવાને પ્રકાશવાની ક્રિયાની સ્વયમેવ તે કાળે પ્રકાશ થાય તેવી તેની પ્રાપ્તિ છે. '**તેમ જે જ્ઞેયભૂત પરને જાણે છે...**' દેખો! એમ ભગવાન આત્માનું જ્ઞાન, જ્ઞાનમાં જે જ્ઞેયભૂત પરને જાણે છે '**એવા જ્ઞાયક આત્માને સ્વ જ્ઞેયને જાણવાની બાબતમાં અન્ય જ્ઞાયકની જરૂર પડતી નથી,...**' એને પોતાની પર્યાય જાણવા માટે બીજા પર્યાયની જરૂર પડતી નથી. 'કારણ કે **સ્વયમેવ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિ છે.**' જ્ઞાનની પર્યાય ઉત્પત્તિ થઈ તેને જ જ્ઞાન જાણે એવું સ્વયમેવ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિ છે. ન્યાય સમજાય છે કાંઈ? '**(આ રીતે સિદ્ધ થયું કે જ્ઞાન સ્વને પણ જાણી શકે છે.)**' એનો નીચે છે ખુલાસો.

અહીંયા વાત સિદ્ધ કરે છે કે આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. પરિણમે છે ને આમ? પરિણમે છે એમ કહે છે. તો પરિણમે છે અને જાણે છે. એમ. જે વખતે પરિણમે છે એ વખતે જાણે? એ સિદ્ધ કરે છે. ત્યારે કહે છે, હા. પરિણમે છે તે વખતે બીજું પરિણમન ન હોય, પણ પરિણમે છે એ વખતે જાણે પણ છે દીવાની માફક. દીવો પ્રકાશે છે તો પોતાનું પણ પ્રકાશન છે. સમજાણું કાંઈ? ન્યાયથી તો વાત કરે છે. નીચે.

'**કોઈ પર્યાય પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ...**' કહો, બરાબર છે? પર્યાયમાંથી પર્યાય થાય નહિ. એ પ્રશ્ન થયો હતો ૨૦૦૬ની સાલમાં પાલિતાણા. કે પર્યાયમાંથી પર્યાય થાય? એમ કો'કને પૂછ્યું હતું. ત્યારે એમણે કહ્યું કે હા. દસ પરમાણુની પર્યાય હોય, તો પાંચ પરમાણુની પર્યાય દસ પરમાણુની સાથે જોડાય તો પંદર પરમાણુ થયો. પર્યાયમાંથી પર્યાય થઈ. કહો, સમજાણું કાંઈ? શું સમજાણું કીધું? દસ પરમાણુ છે ને દસ પરમાણુ? એની પર્યાય છે ને સ્કંધની. હવે પાંચ સાથે જોડાય અને પંદર પ્રમાણે સ્કંધની પર્યાય ઉત્પન્ન થઈ, પર્યાયમાંથી પર્યાય થઈ. પહેલી દસ પરમાણુની પર્યાય હતી અને પછી પાંચ ભળ્યા ત્યારે પંદરની પર્યાયમાંથી પર્યાય થઈ? કે દ્રવ્ય-ગુણમાંથી પર્યાય થઈ? દ્રવ્ય-ગુણ આવ્યા? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો સમય બીજો થઈ ગયો. દસ પરમાણુના સ્કંધની પર્યાય છે અને પાંચ પરમાણુ જોડાયા અને થઈ ત્યાં પંદર પર્યાય. પણ એ તો બીજો સમય થઈ ગયો, બીજો સમય. પર્યાય બીજી થઈ ગઈ. આ પર્યાય રહી નહિ. પર્યાય બીજી થઈ ગઈ. એ પર્યાય આ પર્યાયમાંથી એ પર્યાય થઈ નથી. સમજાણું કાંઈ? મોટા નામ ધરાવનારા હતા એને પૂછ્યું તો કહે, હા. પર્યાયમાંથી પર્યાય થાય. કહો, થાય કે નહિ? કથંચિત્ અનેકાંત લગાડવું જોઈએ. એક જ દ્રવ્યમાંથી પર્યાય થાય એનું તો એકાંત થઈ જાય. દ્રવ્યમાંથી પણ પર્યાય થાય અને પર્યાયમાંથી પર્યાય (થાય). અનેકાંત છે ને જૈનનો માર્ગ? પણ અનેકાંત તો, જેમ વસ્તુનું સ્વરૂપ હોય એનું અનેકાંત હોય કે ન હોય એવું હોય? સમજાણું કાંઈ? છે?

કોઈ પર્યાય '**પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ.**' ત્રણ કાળના જેટલા દ્રવ્યો છે તેની એક સમયની પર્યાય, તે પર્યાયમાંથી પર્યાય તે ઉત્પન્ન થઈ શકે નહિ. પણ તે દ્રવ્યના આધારે દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય. દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? મૂળ તત્ત્વની વાત જ બહુ ફરી ગઈ ને. ઉપરટપકે ક્રિયાનું રહી ગયું. આ કરો, પૂજા કરો, ભક્તિ કરો, શાંતિ યજ્ઞ કરો ને મોટા શાંતિ શું કહેવાય શાંતિ? શાંતિ તમારે શું કહે છે? સ્નાત્ર. શાંતિ સ્નાત્ર કરો ને ઢીંકણું કરો. એ બધા પૂંછડા રાગના રહી ગયા, મૂળ વસ્તુ પડી રહી. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એ પરમાણુઓ જે આમ 'સ્વાહા' ભાષાના થયા. એ ભાષાની પર્યાય પર્યાયમાંથી થઈ નથી, એ દ્રવ્યમાંથી થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ત્યાં પરમાણુઓ

જે કાંઈ મૂકે, ટોપરાના શું કહેવાય? ટોપરાના કટકા. એ કટકા અહીંથી આમ ગયા એ પર્યાય થઈ છે એ પર્યાય પર્યાયમાંથી નથી થઈ.

મુમુક્ષુ :- એ તો નૈવેદ્ય છે.

ઉત્તર :- નૈવેદ્ય કહો, જે કહો એ ટોપરાને. પીળા કરીને મૂકે ફૂલ તરીકે, ધોળા કરીને એને નૈવેદ્ય તરીકે. ધોળા કરીને નૈવેદ્ય, પીળા કરીને ફૂલ ને ધોળાને નૈવેદ્ય કહેવાય. એ કહેતા હતા. કહો, સમજાણું આમાં? એ પરમાણુઓ છે... ચોખા હોય લ્યોને. એ ચોખાની જે પર્યાય છે આમ પહેલી હતી એ પછી આમ થઈ. એ પર્યાયમાંથી પર્યાય થઈ નથી. એ આમ પર્યાય હતી એનો વ્યય થઈ ગયો અને નવી પર્યાય પરમાણુમાં દ્રવ્યમાંથી આવી છે. ઓલાના હાથમાંથી નહિ, એની ઈચ્છામાંથી નહિ, એના જ્ઞાનમાંથી નહિ. સમજાણું કાંઈ? ઈ વાત અહીં કરે છે કે પરમાણુઓ આમ જ્યાં ચોખા મૂક્યા, આંગળી આમ થઈ. એ આંગળીની આ પર્યાય આમ હતી અને આમ થઈ એ પર્યાયમાંથી પર્યાય નથી થઈ, તેમ આત્માથી થઈ નથી, રાગથી થઈ નથી. એ પર્યાય પર્યાય દ્રવ્યને આશ્રયે થઈ છે. પહેલી પર્યાય આમ હતી અને પછી આમ થઈ એ દ્રવ્યમાંથી પર્યાય થઈ છે. પરમાણુના દ્રવ્યમાંથી થઈ છે.

મુમુક્ષુ :- હાથ ન અડે તો ક્યાં થાય?

ઉત્તર :- કોણ અડાડે?

એ અહીં કહે છે, જ્ઞેયનું જ્ઞાન કરવાનો તારો સ્વભાવ છે એમ કહે છે. એ વખતના જે જ્ઞેયો અને તે વખતના તારા જ્ઞાનનો પર્યાય, તેને તે જ્ઞાન પોતાને પ્રકાશે છે અને પરને પ્રકાશે એટલો તારો સ્વભાવ છે. એ ચોખા મૂકવા-બુકવાની ક્રિયા ઈ તારી નથી એમ કહે છે. અમરચંદભાઈ! એમ કહે છે ઈ. એકલી વાત એમ નથી કરતા. જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તેથી તેના જ્ઞાનમાં બે પ્રકારના જ્ઞેયો જણાય છે. બે પ્રકારના જ્ઞેયો જણાય છે. પોતે પણ જણાય અને પરના (પણ જણાય). તો ઓલાનો પ્રશ્ન છે કે પણ પોતે ને પોતે ઉત્પન્ન થાય, એમાંથી ઉત્પન્ન (થાય)? ઉત્પત્તિનું કોણે કહ્યું તને? પર્યાયમાંથી પર્યાય ઉત્પત્તિ થાય એ તો અમે વિરોધ જ કરીએ છીએ. ઉત્પત્તિ પર્યાયમાંથી, પર્યાય થતી નથી. સમજાણું કાંઈ? પહેલા આંગળા આમ હતા અને પછી આમ થયા. એ પર્યાયમાંથી, આ પર્યાયમાંથી આ પર્યાય થઈ નથી. આમ પર્યાય હતી એ ગઈ અને નવી આમ થઈ એ તો દ્રવ્યમાંથી થઈ છે, પરમાણુમાંથી થઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

તારા જ્ઞાનનો પર્યાય તે કાળે તો સ્વ અને પરને જાણવાનો સ્વભાવ. બસ, આટલી વાત છે. તારું દ્રવ્ય, તારો ગુણ અને તારી ઉત્પન્ન થતી અનંતી પર્યાય અને એમાં જ્ઞાનની પર્યાય પણ ઉત્પન્ન થતી તેને તે જાણે. એમ કહે છે અહીં. અને પરજ્ઞેયોની જે પર્યાય તે કાળે થાય તેને જ્ઞાન જાણે. બસ. ઓહો..હો..! જ્ઞાનચંદજી! આ જ્ઞાનની વાત ચાલે છે જુઓ! જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાનની ગુણમાંથી પર્યાય આવે છે એમ કહે છે. આહા..હા..! આ ભાષા છે એની પર્યાય જે થઈ એ પરમાણુમાંથી આવી છે અને સામે જે જ્ઞાન થાય છે એ જ્ઞાન એના ગુણમાંથી, દ્રવ્યમાંથી પર્યાય આવી છે. ભાષામાંથી આવી નથી અને પર્યાયમાંથી પર્યાય આવતી નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'દ્રવ્યના આધારે—દ્રવ્યમાંથી—ઉત્પન્ન થાય; કારણ કે જો એમ ન હોય તો તો દ્રવ્યરૂપ આધાર વિના પર્યાય ઉત્પન્ન થાય, જળ વિના પણ તરંગો થાય.'** પાણી ન હોય અને તરંગ ઊઠે. એમ બને ક્યાંય? તરંગો ઊઠ્યા (પણ) પાણી નથી. પણ પાણી વિના તરંગ ઊઠે જ નહિ. સમજાય છે કાંઈ? જળના તરંગો ઊઠે અને જળમાં સમાય. સમજાણું કાંઈ? એમ દરેક દ્રવ્યની પર્યાય તે ક્ષણે ઉત્પન્ન થાય. એમ જ્ઞાન પણ તે ક્ષણે નવું ઉત્પન્ન થાય. તે ઉત્પન્ન થતું જ્ઞાન સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને પ્રકાશે, પોતાને ઉત્પન્ન થતું પોતાને પ્રકાશે અને પરજ્ઞેયને પણ પ્રકાશે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **'જળ વિના પણ તરંગો થાય. એ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે;...'** પાણી ન હોય અને તરંગો થાય એવું કોઈ દિ' જોયું નથી. બસ, પાણી દ્રવ્ય છે અને એમાંથી તરંગ ઊઠે છે પાણીના આધારે. તરંગમાંથી તરંગ થતું નથી.

**'તેથી પર્યાયને ઉત્પન્ન થવા માટે દ્રવ્યરૂપ આધાર જોઈએ.'** અવસ્થાને, આત્માની જ્ઞાનની પર્યાય કે દરેક દ્રવ્યની પર્યાય એને ઉત્પન્ન થવા માટે દ્રવ્યરૂપ આધાર જોઈએ. **'આ રીતે જ્ઞાનપર્યાય પણ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ,...'** જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમાંથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય નહિ. સમજાણું કાંઈ? કેટલું સમય સમયનું એનું ભેદજ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? **'પર્યાયને ઉત્પન્ન થવા માટે દ્રવ્યરૂપ આધાર જોઈએ.'** એ વિના પોતામાંથી થઈ શકે નહિ.

**'આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થાય—એ વાત તો બરાબર છે. '** જ્ઞાનની પર્યાય આત્મદ્રવ્યથી ઉત્પન્ન થાય એ તો બરાબર છે. સમજાણું? **'પરંતુ જ્ઞાનપર્યાય પોતે પોતાથી જણાઈ શકે નહિ...'** પર્યાયમાંથી પર્યાય થાય એ તો વિરોધ છે. પર્યાય દ્રવ્યને આધારે થાય એ તો બરાબર છે. પણ પર્યાય થતી પર્યાયને ન જાણે, જ્ઞાનની થતી પર્યાય જ્ઞાનને ન જાણે એ તો વિરોધ છે કહે. ન જાણે એ વિરોધ છે, જાણે એ અવિરોધ છે. જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થતી એને જાણે એ અવિરોધ છે. સમજાય છે? એ પર્યાય એને ન જાણે, બીજી પર્યાય એને જાણે, બીજાને ત્રીજી જાણે, ત્રીજાને ચોથી જાણે એ લખ્યું છે ઓલામાં હોં. **'गगनावलम्बिनी महती दुर्निवारानवस्था प्राप्नोतीति सूत्रार्थः'** જયસેનાચાર્યની ટીકામાં છે. ૩૬ની છેલ્લી લીટી. સમજાણું કાંઈ? એ તો સંસ્કૃત છે.

શું કીધું? કે જ્ઞાન આત્માનું જે ઉત્પન્ન થયું તે ઉત્પન્ન થયામાંથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન

ન થાય. એ પર્યાયનો આધાર દ્રવ્યમાંથી થાય. પણ થયેલું જ્ઞાન તેને ન પ્રકાશે એ તો વિરોધ છે. ન પ્રકાશે? એ જાણ્યું એણે... થયું એને ન જાણે? ત્યારે કોણ એને જાણે? બીજી પર્યાય એને જાણે? કે બીજી પર્યાય જાણવામાં ત્રીજી પર્યાય જોઈએ. ત્રીજી પર્યાય માટે ચોથી જોઈએ, ચોથી માટે (પાંચમી જોઈએ એમ) અનંત... અનંત... અનંત... ક્યાંય આરો જ ન આવ્યો. ન જાણવાનું રહ્યું, જાણવાનું તો આવ્યું નહિ ક્યાંય. સમજાણું કાંઈ? ઉત્પન્ન થતી જ્ઞાનની અવસ્થા, ઉત્પન્ન થતી ઉત્પન્નને ન જાણે તો કોણ જાણે એને? બીજી અવસ્થા જાણે. તો બીજી અવસ્થાને જાણવા માટે? ત્રીજી જોઈએ. ત્રીજીને માટે (ચોથી જોઈએ, એમ) અનંત અનંત કાળની પર્યાય ચાલી. ક્યાંય જાણવાનું તો આવ્યું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને કેવી રીતે સિદ્ધ કર્યું છે! ભગવાન આત્મા એના આશ્રયથી જ્ઞાનની પર્યાય થઈ, પણ થઈ તે પોતાને પણ તે કાળે પ્રકાશે છે અને પરને પણ પ્રકાશે છે. પરને પ્રકાશવામાં વાંધો નથી. આ કહે, પોતે ઉત્પન્ન થાય અને પોતાને પ્રકાશે? બે ક્યાંથી આવ્યું? ન પ્રકાશે ત્યારે એને કોણ પ્રકાશે?

મુમુક્ષુ :- બીજું.

ઉત્તર :- બીજું. તો બીજાને કોણ પ્રકાશે પાછું?

મુમુક્ષુ :- ત્રીજું.

ઉત્તર :- ત્યારે ત્રીજું. તો અનંત કાળમાં ક્યાંય આરો ન આવ્યો, પ્રકાશે એવું આવ્યું જ નહિ ક્યાંય. માટે તે જ કાળે ઉત્પન્ન થતું જ્ઞાન તેને પ્રકાશે ત્યાં એનો અંત આવ્યો છે. સમજાણું કાંઈ?

'**પોતે પોતાથી જણાઈ શકે નહિ એ વાત યથાર્થ નથી.**' સમજાણું? '**આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય પોતે પોતાથી જણાય છે.**' આત્માના દ્રવ્યમાંથી ઉત્પન્ન થતું જ્ઞાન, જ્ઞાન જ્ઞાનને જાણે, પર્યાય પર્યાયને જાણે, પર્યાય પર્યાયને જાણે. દ્રવ્ય-ગુણને તો જાણે, પરને જાણે, પણ પર્યાય પોતે ઉત્પન્ન થતી એને પણ જાણે. એ સિદ્ધ કરવું છે ને અહીંયાં. સમજાણું કાંઈ? '**જેમ દીવારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો પ્રકાશપર્યાય સ્વપરને પ્રકાશે છે...**' કહો, દીવાની લો, દીવાની લો એ પોતાને અને પરને બેયને પ્રકાશે છે. '**તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય સ્વપરને જાણે છે.**' ક્યાંથી ઉત્પન્ન થાય છે પર્યાય? ભીખાભાઈ! જ્ઞાનનો પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય છે?

મુમુક્ષુ :- દ્રવ્યમાંથી થાય છે.

ઉત્તર :- દ્રવ્યમાંથી? નિમિત્તમાંથી ન આવ્યું એમ કીધું. એના માટે અપવાદ રાખો. પણ અહીં કહે છે કે અપવાદ તો દોષ કહેવાય. અહીં કહે છે કે જ્ઞાનની પર્યાય સમયે સમયે જ્ઞાન દ્રવ્યમાંથી આવે છે. કહો. વાણીમાંથી નહિ, આ પર્યાયમાંથી પર્યાય નહિ. વાણીમાંથી નહિ, રાગમાંથી નહિ, સંયોગથી નહિ. આ દિવ્યધ્વનિ સાંભળે એમાંથી જ્ઞાનની પર્યાય આવતી

નથી એમ કહે છે લ્યો! કહો, સમજાણું આમાં?

દરેક દ્રવ્યનો જ્ઞાનપર્યાય ઉત્પન્ન થતો તે પોતે પોતાને જાણે છે. ઉત્પન્ન થતો દ્રવ્યમાંથી અને જાણે છે પોતે પોતાને આશ્રિત પરિણમે છે. સમજાણું કાંઈ? એવો જ્ઞાનતત્ત્વનો સ્વભાવ છે એમ સિદ્ધ કરવું છે. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને. ભગવાન જ્ઞાન મહિમાવાળું તત્ત્વ, એ જ્ઞાનની પર્યાય ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય. ઉત્પન્ન થતી પોતે પોતાને જાણે. દ્રવ્ય-ગુણને તો જાણે, બીજી પર્યાયને જાણે, પણ પોતે પોતાની ઉત્પન્ન થતી, ઉત્પન્ન થતાં કાળે તેને જાણે. આહા..હા..! એવા જ્ઞાનની પર્યાયના તત્ત્વનો સ્વભાવ છે. આથી વિરુદ્ધ માને તો એની પર્યાયના અંશને યથાર્થ માન્યો નથી. તો અંશને માન્યો નહિ તો એણે દ્રવ્ય-ગુણને પણ યથાર્થ માન્યા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય સ્વપરને જાણે છે.'** જોયું! **'વળી જ્ઞાન પોતે પોતાને જાણે છે એ અનુભવસિદ્ધ પણ છે.'** એને જાણવામાં નથી આવતું? કે આ જ્ઞાન આ થયું, જ્ઞાન આ થયું. થયું ત્યારે પણ આ થયું એમ જાણ્યું છે એ વખતે. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલી વાત સિદ્ધ કરે છે! ભગવાન આત્મા.. આ તો જ્ઞાનગુણની વાત (કરી). કારણ કે એ તો બધાને જાણે છે ને માટે એની વાત લીધી. એમ દરેક ગુણની પર્યાય તેના દ્રવ્યમાંથી આવે છે, પણ એનામાં જાણવા-દેખવાનો સ્વભાવ નથી એટલે એની વાત વિશેષ કરવી નથી. અહીં જ્ઞાનતત્ત્વ છે એ જ્ઞાન પોતે, આત્માના આનંદની પર્યાય ઉત્પન્ન થાય તે સમયે એને જાણે અને પોતે પોતાને ઉત્પન્ન થાય એને પણ જાણે અને એ જ્ઞાનની પર્યાય દ્રવ્ય-ગુણને પણ જાણે. પરને તો જાણે. કહો, સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે એમ સિદ્ધ કરવું છે ને અહીંયાં. આત્મા જ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનથી જોડાઈને જ્ઞાન એમ નથી. એ તો પોતે જ્ઞ-સ્વરૂપ જ છે, જ્ઞાનસ્વરૂપ જ છે. એનું સ્વરૂપ છે તેથી જ્ઞાન આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે એમ કહે છે. આત્મા જ્ઞાનરૂપે પરિણમતો તે પર્યાયમાં પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તેથી સ્વ અને પર બે એના જ્ઞેય છે. તો જ્ઞેયમાં પહેલી ઉત્પન્ન થતી પર્યાય પણ તેનું જ્ઞાન અને જ્ઞેય પોતે બેય છે. સમજાણું કાંઈ? એમાં તને વિરોધ શું આવ્યો કહે છે એમાં

મુમુક્ષુ :- બીજી પર્યાય ઉત્પન્ન થાય છે.

ઉત્તર :- એ તો પર્યાયમાંથી પર્યાય બીજી કહેવી હોય ક્રિયા તો. દાખલો આપ્યો હતો ને ઓલામાં નહિ ક્યાંક? ખંભા ઉપર. હેમરાજજીએ દાખલો આપ્યો છે. માણસને નાચવું હોય તો ખભા ઉપર નાચે એ વિરોધ છે. શું? નાચવું હોય માણસને તો ખભા ઉપર ચડીને નાચે એ થાય? એ વિરોધ છે. ખંભા ઉપર નાચે એ વિરોધ છે, એમ પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થાય તે વિરોધ છે એમ કહે છે. પણ પર્યાયને જાણે ઉત્પન્ન (થતી), એનું સ્વરૂપ

જ છે સ્વપરપ્રકાશક. સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે તો સ્વ પોતે પર્યાય, એના સ્વદ્રવ્ય-ગુણ અને બધું એને જાણે નહિ તો સ્વપરપ્રકાશક પર્યાયનું સત્ત્વ રહ્યું ક્યાં? સમજાણું કાંઈ?

આહા..હા..! કેવી વાત કરી છે ને! જ્ઞાનતત્ત્વ સિદ્ધ કરે છે. જ્ઞાનની પર્યાયનું તત્ત્વ જ એવડું છે. જ્ઞાનતત્ત્વનો ઉત્પન્ન થતો પર્યાય છે ને એ તો સમયે સમયે. એ પર્યાયનું એટલું સત્ત્વ જ ઉત્પન્ન થતું પોતાને જાણે, સ્વને જાણે અને પરને જાણે. સ્વમાંથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ સ્વને પણ જાણે. સ્વ શબ્દે દ્રવ્યને જાણે, ગુણને જાણે, બીજી પર્યાયને જાણે, એને જાણે એવો જ એનો સ્વભાવ છે. એમાંથી જો કાંઈ (પણ) કાઢી નાખ તો જ્ઞાનના પર્યાયનું સ્વરૂપ જેવું સ્વપરપ્રકાશક છે એ રહેતું નથી. તો દ્રવ્ય-ગુણ પણ તારી દૃષ્ટિમાં સાચા રહેતા નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ કહે, શાસ્ત્ર વિના જ્ઞાન થાય? ગુરુ વિના જ્ઞાન થાય? સાંભળ્યા વિના જ્ઞાન થાય? ભગવાન મળ્યા વિના જ્ઞાન થાય? એય..! સાંભળીને જ્ઞાન થયું, આવ્યું હતું ને સવારમાં? શું આવ્યું હતું? હિંમતભાઈ! શું આવ્યું હતું? એ કહે કે, એણે સાંભળ્યા પછી તો એને આટલો પ્રશ્ન તો ઉત્પન્ન થાય કે નહિ? એમ. એના ખ્યાલમાં તે સમયની એ જ પર્યાય ઉત્પન્ન થવાની છે. જ્ઞાન વખતે, જ્યારે સાંભળવા વખતે પણ જ્ઞાનની પર્યાય પોતે દ્રવ્યથી જ ઉત્પન્ન થઈ છે. સમજાય છે? અને પછી પણ પ્રશ્નનું જે જ્ઞાન આવ્યું એ પણ પોતે દ્રવ્યમાંથી ઉત્પન્ન થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત્ નિમિત્ત છે.**' નીચે છે ને. '**જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો...**' એટલે પોતે અને પર બેય હોં. અહીં સમુચ્ચય કહેવું છે ને. '**જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનતત્ત્વ શું?**' અરે..! જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ-જ્ઞાનનું જ્ઞાનપણું શું? '**જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું?**' બેયથી વાત કરી. એ તો બેયમાં લાગુ પડે. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રશ્ન અહીંયાંથી શરૂ થાય.

ઉત્તર :- હા. હા. પણ આમાં લખ્યું નથી કાંઈ. એકડો-બગડો કર્યો છે. ઠીક. સમજાણું? એ પછી બીજામાં. પણ આમાં સાથે એનો ન્યાય તો લઈ લ્યો.

'**જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું?**' એ જ્ઞાન જ્ઞેય એટલે પોતે ઉત્પન્ન થાય અને પોતાને ન જાણે. પોતે ઉત્પન્ન થતું ન જાણે એ જ્ઞાન જ શું? અને '**જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત્ નિમત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું?**' એની વિશેષ વાત કરશે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૦, મંગળવાર, તા. ૦૧.૧૦.૧૯૬૮**
**ગાથા-૩૬, ૩૭, પ્રવચન-૨૯**

આ પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ અધિકાર ચલતા હૈ. ૩૬વીં ગાથા. ૩૬ હૈ? ૩૬-૩૬. કહાં તક આયા? પ્રશ્ન. દેખો, ક્યા ચલતા હૈ? કિ આત્માકા જ્ઞાનસ્વભાવ હૈ. આત્મા હૈ આત્મા, વહ આત્મા તો વસ્તુ હૈ. ઉસકા સ્વભાવ ક્યા મુખ્ય? કિ જ્ઞાનસ્વભાવ-જ્ઞાનસ્વભાવ-જાનના. વહ જાનના સ્વભાવ સર્વજ્ઞસ્વભાવ આત્મામેં હૈ વહ અંતરમેં એકાગ્રતા હોને સે શુદ્ધ ઉપયોગ દ્વારા કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય હૈ, જ્ઞાનમૂર્તિ હૈ, અનંતગુણસ્વરૂપ સ્વભાવ હૈ ઉસમેં એકાગ્ર (હોને સે) સમ્યગ્દર્શન (હોતા હૈ). પહલે સ્વરૂપકી અંતર દૃષ્ટિ કરને સે સમ્યગ્દર્શન હોતા હૈ, ઉસકા જ્ઞાન કરને સે સ્વસંવેદન જ્ઞાન હોતા હૈ ઔર સ્વરૂપમેં લીનતા, શુદ્ધ ઉપયોગ સે લીનતા કરને સે ઉસકે ફલરૂપ કેવળજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા? વહ કેવલજ્ઞાન એક સમયમેં તીન કાલ તીન લોક ઔર અપનેકો જાનતા હૈ. ઐસા સ્વભાવ હૈ.

તો યહાં પ્રશ્ન ઉઠા થા કિ જબ જ્ઞાન અપની એક સમયકી દશામેં નયા ઉત્પન્ન હોતા હૈ, નયા ઉત્પન્ન હોતા હૈ ઔર ઉસ સમયમેં ઉસકો ક્યોં જાને? સમજમેં આયા? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અપની પર્યાયમેં સ્વપરપ્રકાશકપના એક સમયમેં અપને સે જો હુઆ, વહ હુઆ ઉસકો ક્યોં જાને? ઉસ સમયમેં તો જ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ ઔર ઉસ સમયમેં ઉસકો જાને ઐસા ક્યોં બને? ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ.

તો ઉસકા ઉત્તર દિયા કિ ક્યા વિરોધ હૈ? દીયેકી લૌ ઉત્પન્ન હોતી હૈ ઔર અપનેકો ભી પ્રકાશતી હૈ. દીયા-દીયા હૈ ન? દીવા કહતે હૈ ન? દીપક. ઉસકી લૌ હૈ તો અપનેકો ભી પ્રકાશતી હૈ ઔર પરકો ભી પ્રકાશતી હૈ. ક્ષણમેં નયી... નયી.. નયી... ઉત્પન્ન પર્યાય હોતી હૈ તો દીપક અપનેકો ભી પ્રકાશતા હૈ ઔર પરકો ભી પ્રકાશતા હૈ. ઉસકા યહ સ્વભાવ હૈ. ઐસા આત્મા અપને જ્ઞાનસ્વરૂપકી પ્રતીત અનુભવ જબ હુઆ તો જ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ ઉસી સમયમેં પ્રગટ હોતી હૈ ઉસ સમયમેં જાનતી હૈ. સમજમેં આયા? કેવલજ્ઞાનકી બાત હૈ ઔર સાધકકી ભી બાત હૈ ઉસમેં. કૈસે લગાયેંગે દેખો! અમરચંદભાઈ!

જ્ઞાનતત્ત્વકી બાત હૈ કિ આત્મા જ્ઞાનતત્ત્વસ્વરૂપ ઉસકી દૃષ્ટિ હુઈ (કિ) મૈં તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય હૂં. ઐસી દૃષ્ટિ સમ્યગ્દર્શન હુઆ ઔર સમ્યગ્જ્ઞાન હુઆ, તો કહતે હૈં કિ સમ્યગ્જ્ઞાન તો નયા નયા ઉત્પન્ન હોતા હૈ. ક્યોંકિ વહ તો પર્યાય હૈ. સમ્યગ્જ્ઞાન હુઆ વહ ભી નયા નયા ઉત્પન્ન હોતા હૈ. તો નયા નયા ઉત્પન્ન હોતા હૈ વહ ઉત્પન્ન હોતા હૈ ઉસ સમય અપને કો જાને? ૧૨વી ગાથામેં આ ગયા હૈ સમયસારમેં કિ જો આત્મા સમ્યગ્દર્શન પાયા, શુદ્ધ ચૈતન્યમૂર્તિકા અનુભવજ્ઞાન હુઆ તો ઉસ સમયમેં જિતને પ્રકારકા અંદર રાગ-દ્વેષાદિ વિકલ્પ

વ્યવહાર હૈ ઉસકો જાનતે હૈં. સમજમેં આયા? જાનતે હૈં, કરતે નહીં.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી ભી અપના જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યપ્રકાશપુંજ પ્રભુ ઉસકી અંતર દૃષ્ટિમેં અનુભવદૃષ્ટિ સમ્યગ્દર્શન હુઆ—સત્યદર્શન હુઆ, સચ્ચી જૈસી ચીજ હૈ ઉસકી પ્રતીત જ્ઞાનમેં ભાન કરકે હુઆ, તો ઉસ સમયમેં જો રાગાદિ આતા હૈ, પુણ્ય-પાપકા વિકલ્પ શુભ-અશુભ આદિ તો ઉસકો ભી જ્ઞાન જાનતા હૈ, ઔર જ્ઞાન નયા ઉત્પન્ન હોતા હૈ તો અપનેકો ભી જાનતા હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાનતત્ત્વકી બાત હૈ યહાં. જ્ઞાનસ્વરૂપ જ્ઞાનભાવ. તો આત્મા જ્ઞાનસ્વરૂપ-જ્ઞાનભાવ હૈ ઉસકા સામર્થ્યકા સ્વરૂપ ક્યા? જ્ઞાન ભગવાન આત્મા, ઐસા જ્ઞાનસ્વરૂપ મૈં હૂં, જ્ઞાયક હૂં, પુણ્ય-પાપ ભી મેરેમેં નહીં, મેરેમેં તો અકેલા જ્ઞાન ઔર આનંદ ભરા પડા હૈ. સમજમેં આયા? ઐસી અંતર દૃષ્ટિ કરને સે જો સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાનકા ધર્મ હુઆ, વહ સમય સમયમેં જ્ઞાનકી પર્યાય નયી નયી હોતી હૈ. ઈસલિયે વહ શબ્દ હૈ ન ૧૨વીં મેં, ઉસ સમય જાના હુઆ પ્રયોજનવાન હૈ. ભાષા અલૌકિક બાત કરતે હૈં. યહ બાત ઔર વહ બાત દોનોં એક હી હૈ. યહ તો પૂર્ણકી બાત હૈ, વહાં અપૂર્ણ સાધકકી બાત હૈ. આહા..હા..! સમજમેં આયા કુછ?

ઉસ કાલમેં જાના હુઆ અર્થાત્ ક્યા કહતે હૈં? કિ જબ અપના ભાન હુઆ ધર્મ, ધર્મકા અર્થ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન દ્રવ્યસ્વરૂપ ત્રિકાળી ઉસકે આશ્રયસે હોતા હૈ, તો ઉસકે સાથ ઉસકા સમ્યગ્જ્ઞાનકા કિરણ ભી પ્રકાશ હોતા હૈ. તબ વહ જ્ઞાનકી પર્યાય ઉત્પન્ન નયી નયી હોતી હૈ, ક્યોંકિ વહ પર્યાય હૈ, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી હૈ. તો નયી નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ વહ અપનેકો ભી જાનતી હૈ ઔર સાથ મેં જો રાગાદિ વિકલ્પ જો હૈ ઉસકો ભી અપનેમેં જાનતી હૈ. અપનેમેં રહકર અપનેસે ઉસકો જાનતે હૈં. આહા..હા..! સમજમેં આયા? જ્ઞાનચંદજી! સૂક્ષ્મ બાત હૈ.

સર્વજ્ઞ પરમાત્માને ઐસા જાનકર કહા... વહ કુંદકુંદાચાર્ય ગયે થે, ભગવાનકે પાસ ગયે થે. સીમંધર પરમાત્મા બિરાજતે હૈં મહાવિદેહ ક્ષેત્રમેં. દો હજાર સાલ પહલે વહાં ગયે થે, આઠ દિન રહે. વહાં સે આકર યહ સબ પ્રવચનસાર, સમયસાર આદિ બનાયા. તો કહતે હૈં કિ ભગવાન જ્ઞાનતત્ત્વકા સ્વરૂપ ઐસા કહતે હૈં. તુ તો જાનનેવાલા આત્મા હૈ. રાગકા, પુણ્યકા, વિકલ્પકા, પરકા કરનેવાલા હૈ હી નહીં. જૈસે સર્વજ્ઞ એક સમયમેં પરકો-સબકો જાનતે હૈં ઔર અપનેકો ભી જાનતે હૈં. ઐસે આત્મા અપના જ્ઞાન ચિદાનંદ સ્વરૂપકા જહાં ભાન હુઆ તો અપનેકો ભી જ્ઞાનપર્યાયમેં અપને દ્રવ્યકો જાનતે હૈં, ગુણકો જાનતે હૈં, અપની અનંતી પર્યાય પ્રગટ ઉસકો જાનતે હૈં ઔર જ્ઞાનપર્યાય ઉત્પન્ન હુઈ ઉસકો ભી જાનતે હૈં ઔર ઉસ સમયમેં જિતના દયા, દાન, વ્રતાદિકા વિકલ્પ જો શુભ ઉઠતે હૈં ઉસકો ભી અપનેમેં રહકર ઉસકો જાનતે હૈં. આહા..હા..! ઐસા જ્ઞાનતત્ત્વકા સ્વરૂપ હૈ. જૈસા હૈ ઐસા ઉસકી પ્રતીતમેં આવે તબ સમ્યગ્જ્ઞાન કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ!

પ્રભુ! અપની ક્યા ચીજ હૈ ઔર ઉસ ચીજકા ક્યા પરિણમન હૈ, અવસ્થા ક્યા હોતી હૈ, ઉસકા ઉસને કભી અનંતકાલમેં યથાર્થપને પ્રતીત અનુભવ કિયા નહીં. આત્મા ક્યા શરીરરૂપ હૈ? યહ તો માટી હૈ. ક્યા કર્મરૂપ આત્મા હૈ? વહ તો જડ હૈ. પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતે હૈં વહ તો આસ્રવ હૈ. ક્યા આત્મા ઉસ આસ્રવરૂપ હૈ? નહીં. આત્માકો આસ્રવ, પુણ્ય-પાપ ઔર કર્મ અજીવ સહિત માનના વહી મિથ્યાત્વ હૈ. વહ જ્ઞાનસહિત ઔર આનંદસહિત હૈ ઐસા માનના પ્રતીત કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? વહ સમ્યગ્જ્ઞાન ઔર સમ્યગ્દર્શન હુઆ ઉસમેં સ્વરૂપ.. યહાં તો વહ બાત લી હૈ. મુનિ હૈં ન વે તો? કુંદકુંદાચાર્ય તો કહતે હૈં કિ હમેં હમારા સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ પૂર્ણ ઉસકી પ્રતીત, અનુભવ ઔર જ્ઞાન વહ તો દર્શન-જ્ઞાન તો મુખ્ય વસ્તુ હી હૈ. વહ તો હમકો હૈ. અબ હમ શુદ્ધ ઉપયોગ અંગીકાર કરતે હૈં. ઐસે શુરૂઆત કી હૈ. મૈં સામ્ય અંગીકાર કરતા હૂં. મુનિ હૈં ન? મૈં શુદ્ધ ઉપયોગ અંગીકાર કરતા હૂં, પુણ્ય-પાપ, અઠ્ઠાઈસ મૂલગુણ નહીં. સમજમેં આયા? મૈં શુભ-અશુભ જો વિકલ્પ-રાગ હૈ અઠ્ઠાઈસ મૂલગુણ ઉસકો અંગીકાર કરતા હૂં ઐસા નહીં. વહ તો વિકલ્પ-રાગ હૈ, કષાય અંશ હૈ. મૈં તો સામ્ય શુદ્ધ ઉપયોગ અંગીકાર કરતા હૂં. અંતર સ્વરૂપમેં રાગકા અવલંબનકા કણ બિના શુદ્ધ સ્વરૂપકી રમણતાકા ભાવ મૈં અંગીકાર કરતા હૂં. વહ મેરા ચારિત્ર હૈ. ઉસકા નામ ચારિત્ર હૈ ઔર ઉસ ચારિત્રકે ફલરૂપ ચારિત્રકા ફલ કેવળજ્ઞાન હૈ. સમજમેં આયા? વહ કેવલજ્ઞાન એક સમયકી પર્યાય હૈ. કેવલજ્ઞાન કોઈ ગુણ નહીં હૈં. સમજમેં આયા? તો કેવલજ્ઞાન એક સમયકી પર્યાય હૈ તો નયી નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઔર જ્ઞેય ભી નયા નયા પરિણમન કરતા હૈ. સમજમેં આયા? તો કહતે હૈં કિ દોનોંકા સંબંધ કૈસે હોતા હૈ? વહ પ્રશ્ન હૈ દેખો.

'**આત્માકો દ્રવ્યોંકી જ્ઞાનરૂપતા...**' પ્રશ્ન હૈ ન? આત્મામેં દ્રવ્યકા જ્ઞાનરૂપ, જો જ્ઞેય હૈ ઉસકી જ્ઞાનરૂપતા '**ઔર દ્રવ્યોંકો આત્માકી જ્ઞેયરૂપતા...**' ઔર જગતકે જો અનંત પદાર્થ જ્ઞેય હૈં ઉસકો જ્ઞાનમેં જ્ઞેયરૂપતા '**કૈસે હૈ?**' સમજમેં આયા? આત્માકો જ્ઞાનરૂપતા, દ્રવ્યોંકી જ્ઞાનરૂપતા. યહાં તો કેવલજ્ઞાનકી બાત હૈ, પરંતુ યહાં ભી સાધકમેં ઐસા લે લેના. કિ આત્માકા, દ્રવ્યોંકા... દ્રવ્ય જો અનંત હૈ ન? ઉસકી જ્ઞાનરૂપતા ઔર જ્ઞેયોંકી આત્મામેં જ્ઞેયરૂપતા. સમજમેં આયા? '**કૈસે હૈ?**' '**(કિસપ્રકાર ઘટિત) હૈ?**' '**(ઉત્તર) :-**' પહલે પ્રશ્ન સમજમેં આયા? પ્રશ્ન ઉસકા ક્યા હૈ કિ આત્મા હૈ ઉસ આત્માકો જ્ઞેયદ્રવ્યોંકી જ્ઞાનરૂપતા, જો દ્રવ્ય હૈ ઉસકી જ્ઞાનરૂપતા, જ્ઞાનપના, ઉસકા જ્ઞાનપના ઔર દ્રવ્યોંકો આત્મા મેં જ્ઞેયરૂપતા કૈસે હૈ? દ્રવ્યોંકી જ્ઞાનરૂપતા-જ્ઞાનપનેકા અપના ભાવ ઔર જ્ઞેયમેં આત્માકો જ્ઞેયરૂપતાકા ભાવ કૈસે હૈ યે? ઉન દોનોંકા ઘટિત સંબંધ—મેલ કૈસે હોતા હૈ? ઓહો..હો..! સમજમેં આયા? '**વે પરિણામવાલે હોનેસે.**' ૧૨વીં ગાથામેં ઐસા કહા ન કિ ઉસ કાલમેં તદાત્વે જાના હુઆ પ્રયોજનવાન. વહાં ભી ઐસા કહા કિ આત્મા અપના શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન પાયા તો ઉસમેં ભી જ્ઞાનકા

પરિણમન તો નયા નયા હોતા હૈ ઔર રાગ ભી ભિન્ન-ભિન્ન પ્રકારકા, વિકલ્પાદિ ભિન્ન-ભિન્ન પ્રકારકા જ્ઞેય હૈ તો, આત્માકા જ્ઞાન, ઉસ જ્ઞેયકી જ્ઞાનરૂપતા ઔર જ્ઞેયકી આત્મા મેં જ્ઞેયરૂપતા કૈસે ઘટતી હૈ? સમજમેં આતા હૈ કિ નહીં? ભીખાભાઈ! બહુ જોરવાળું નથી આવતું. આહા..હા..! કહો, સમજાય છે આમાં? આત્મા વસ્તુ અરીસા-શીશા સમાન ચૈતન્યપ્રકાશકી મૂર્તિ હૈ.

મુમુક્ષુ :- દર્પણ.

ઉત્તર :- દર્પણ. ચૈતન્યપ્રકાશ, ચૈતન્યપ્રકાશ. વહ કહીં કર્મ નહીં, શરીર નહીં, શુભ-અશુભ વિકલ્પ વહ નહીં. વહ તો વિકાર હૈ, વિકલ્પ હૈ, આસ્રવ હૈ. તો આત્મા જ્ઞાનપ્રકાશ ચૈતન્યકા પૂંજ હૈ. ચૈતન્યકા પૂંજ, જ્ઞાનકા પૂંજ હૈ. તો ઐસા ભાન હુઆ કિ મૈં તો જ્ઞાનકા પૂંજ ચૈતન્ય હૂં, ઐસી દૃષ્ટિ ઔર ઉસકા જ્ઞાન હુઆ, ઔર ઉસકા કેવલજ્ઞાન હુઆ લો. વહ તો કેવલજ્ઞાન હુઆ લો યા યહાં જ્ઞાન હુઆ લો, દોનોંકી સાધ્યસાધકકી બાત હૈ. સમજમેં આયા? સાધકમેં ભી અપના જ્ઞાનસ્વરૂપકા ભાન હુઆ, ફિર ભી જ્ઞાનમેં જ્ઞેયકા જ્ઞાન ઉઠનેપર, જૈસે રાગાદિ ઉત્પન્ન હોતે હૈં ઉસકા હી યહાં જ્ઞાનરૂપ હૈ. ભાઈ! આહા..હા..! જ્ઞાનચંદજી! જૈસે દયા, દાન, વ્રતાદિ જૈસે ભિન્ન-ભિન્ન પ્રકારકા વિકલ્પ હોતે હૈં તો આત્માકા જ્ઞાનકા ભાન હુઆ તો જ્ઞેયકા જ્ઞાનરૂપતા કૈસે હૈ ઔર જ્ઞાનમેં જ્ઞેય આતા હૈ કિસ પ્રકાર સે આતા હૈ? ક્યોંકિ દોનોંકા પરિણમન હોતા હૈ, દોનોં ભિન્ન ભિન્ન હૈં. તો કહતે હૈં, દોનોંકા પરિણમન હોતા હૈ તો ભિન્ન-ભિન્ન હોતા હૈ ઉસમેં જાનનેમેં આતા હૈ. જ્ઞાન ભી ઉસ પ્રકારકા સમય સમયમેં નયા-નયા પરિણમન કરતા હૈ ઔર જ્ઞેય ભી સમય-સમય મેં નયા-નયા પરિણમન કરતે હૈં. ઐસે પરિણામસંબંધકે કારણ જ્ઞાનમેં જ્ઞેયકી જ્ઞાનરૂપતા ઔર જ્ઞેયકી જ્ઞાનમેં જ્ઞેયરૂપતાકા પરિણમનકા સંબંધ હો જાતા હૈ. સમજમેં આયા? આહા..હા..!

ફિરસે. યહ તો સૂક્ષ્મ વિષય હૈ. યહાં અભી તો બાહરકી સબ ચલતી હૈ. પરંતુ અંતર ચીજ ક્યા હૈ ઔર ચીજકી પ્રતીત ઔર અનુભવકા જ્ઞાન ક્યા હૈ? ઔર જ્ઞાનમેં જ્ઞેયકા કૈસે ભાન હોતા હૈ? જ્ઞેય ભી ભિન્ન-ભિન્ન હૈ ઔર જ્ઞાનકી પર્યાય ભી ભિન્ન-ભિન્ન હૈ. તો દો ભિન્ન-ભિન્નકા મેલ કૈસે હોતા હૈ? ઘટિત કૈસે હોતા હૈ? સમજમેં આયા? જ્ઞાન, દેખો!

**'પરિણામવાલે હોનેસે.'** પરિણામવાલે હોનેસે. કૌન? દોનોં. આત્મા ભી જ્ઞાનરૂપકા ભાન હુઆ ઔર કેવલજ્ઞાન હુઆ. ભાન હુઆ સાધક, કેવલજ્ઞાન હુઆ. તો વહ ભી પરિણમન કરતા હૈ. સાધકકી જ્ઞાનકી પર્યાય, જ્ઞાનકી પર્યાય પરિણમન ભિન્ન-ભિન્ન કરતી હૈ ઔર કેવલજ્ઞાનકી ભી એક સમયકી પર્યાય પરિણમન ભિન્ન-ભિન્ન કરતી હૈ. ઔર છ દ્રવ્ય જો હૈં વહ ભી સમયમેં ભિન્ન-ભિન્ન પરિણમન કરતે હૈં. યહાં જૈસે ભિન્ન-ભિન્ન પરિણમન હોતા હૈ, તો જૈસા જ્ઞેય હૈ વૈસા જ્ઞાન હોતા હૈ ઔર જ્ઞાનરૂપમેં વહ જ્ઞેય આ જાતા હૈ. જ્ઞેયકા જ્ઞાન જ્ઞાનરૂપમેં આ જાતા હૈ. પરસ્પર દોનોં નિમિત્ત-નૈમિત્તિક હૈ. આહા..હા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત

હૈ ભાઈ! યહ તો અંતર ધર્મકી ઔર ધર્મકે ફલકી બાત ચલતી હૈ.

‘**આત્મા ઔર દ્રવ્ય પરિણામયુક્ત હૈં,...**’ પહલી બાત ઈતની કહી ન? ‘**પરિણામવાલે હોનેસે. આત્મા ઔર દ્રવ્ય પરિણામયુક્ત હૈં,...**’ આત્મા ભી પરિણમન કરતા હૈ ઔર છ દ્રવ્ય હૈં વહ ભી પરિણમન કરતે હૈં. પરિણામયુક્ત હૈં. પાઠમેં પરિણામસંબંધ હૈ ન? પરિણામસંબંધ. માનોં ધ્રુવમેં પરિણામકા સંબંધ હૈ અથવા ધ્રુવ પરિણામયુક્ત હૈ, ધ્રુવ પરિણામ પરિણામસહિત હૈ. ‘**ઈસલિયે...**’ ‘**પરિણામવાલે હોનેસે. આત્મા ઔર દ્રવ્ય...**’ ભગવાન આત્મા ઔર દ્રવ્ય પર ‘**પરિણામયુક્ત હૈં, ઈસલિયે આત્માકે, દ્રવ્ય જિસકા આલંબન હૈં...**’ ક્યા કહતે હૈં? ભગવાન આત્માકા જ્ઞાન પરિણમનમેં છ દ્રવ્ય લોકાલોક નિમિત્ત હૈં. હૈ ન આલંબન? નીચે હૈ દો. ‘**જ્ઞાનકે જ્ઞેયભૂત દ્રવ્ય આલંબન અર્થાત્ નિમિત્ત હૈં.**’ જ્ઞાનમેં જ્ઞેયભૂત અનંત દ્રવ્ય, દ્રવ્ય આલંબન નામ નિમિત્ત હૈં. ‘**યદિ જ્ઞાન જ્ઞેયકો ન જાને તો જ્ઞાનકા જ્ઞાનત્વ ક્યા?**’ કેવલજ્ઞાન ભી સમય-સમયમેં પરિણમન કરતા હુઆ જ્ઞેયકો ન જાને તો જ્ઞાનકા જ્ઞાનપના કહાં રહા? સમજમેં આયા?

યૂં આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઐસા ભાન હુઆ ઔર રાગ ભી સાથમેં હૈ, શરીરકી ક્રિયા ભી હૈ, તો કહતે હૈં કિ જ્ઞાનમેં વહ નિમિત્ત હૈ રાગાદિ ઔર વહ નિમિત્ત હૈ તો જ્ઞાન ઉસકો ઔર અપનેકો ન જાને તો જ્ઞાનકા જ્ઞાનત્વ-જ્ઞાનકા જ્ઞાનપના-જ્ઞાનકા જ્ઞાનસ્વરૂપપના કહાં રહા? આહા..હા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. આહા..હા..! જ્ઞાનકી ક્રિયા પરિણમનમેં ભિન્ન-ભિન્ન હોતી હૈ. તો કહતે હૈં, ભિન્ન-ભિન્ન હોતી હૈ ઔર વહ ભી ભિન્ન-ભિન્ન હોતા હૈ. તો જ્ઞાનમેં વહ વ્યવહાર જો રાગાદિ હૈ વહ ભી ભિન્ન-ભિન્ન હોતા હૈ, યહાં ભી ભિન્ન-ભિન્ન હોતા હૈ. ઔર જ્ઞાન ઉસકો ન જાને, જ્ઞાનમેં વહ નિમિત્ત હૈ, જ્ઞાનમેં વહ નિમિત્ત હૈ, નિમિત્ત હૈ તો યહ જ્ઞાન ઉસકો ન જાને તો જ્ઞાનકા જ્ઞાનપના કહાં રહા? સમજમેં આયા?

‘**ઐસે જ્ઞાનરૂપસે (પરિણતિ),...**’ ‘**દ્રવ્ય જિસકા આલંબન હૈ ઐસે જ્ઞાનરૂપસે (પરિણતિ),..**’ આહા..હા..! કુંદકુંદાચાર્ય સારા જૈનતત્ત્વકા, વસ્તુતત્ત્વકા સ્તંભ હૈ. ઐસી વસ્તુકી સ્થિતિ પ્રસિદ્ધ કી હૈ. અલૌકિક! યહ તત્ત્વદિપીકા હૈ. ટીકા કરનેવાલે અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ પહલે દિગંબર સંત મુનિ જંગલમેં રહતે થે. આત્મધ્યાન આનંદમેં મસ્ત, અતીન્દ્રિય આનંદકા અનુભવ ઉસકા નામ મુનિ કહતે હૈં. વહ યહાં વિકલ્પ આયા ઔર ટીકા બન ગઈ શબ્દસે. શબ્દસે. ઉસમેં વહ કહતે હૈં, (ટીકા બનાને કે) પીછે હમારા જ્ઞાનકા ભાવ કૈસા હૈ? શબ્દમેં તો જ્ઞાન નિમિત્ત હૈ, શબ્દ કહીં જ્ઞાન રચતે નહીં. સમજમેં આયા? ઔર શબ્દકા જ્ઞાન હુઆ વહ જ્ઞાનમેં ભી શબ્દ નિમિત્ત હૈ. સમજમેં આયા?

જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જ્ઞાનતત્ત્વ હૈ, જ્ઞાનતત્ત્વ હૈ, જ્ઞાનભાવરૂપ હૈ, જ્ઞાનસ્વરૂપ હૈ. તો જ્ઞાનકા પરિણમન હોતા હૈ તો ઉસમેં જ્ઞાનમેં જિતના વહ વ્યવહાર ઉત્પન્ન હોતા હૈ ન, શરીરકી ક્રિયા, દેહકી ક્રિયા વહ અસદ્‌ભૂત ઔર શુભાશુભ આદિ ભાવ વિકલ્પ વહ સદ્‌ભૂત. ઉસ

જ્ઞેયકો જ્ઞાન પરિણમન કરતે હુએ ઉસકો જો ન જાને, અપનેમેં રહકર અપનેકો ઔર ઉસકો ન જાને તો જ્ઞાનકા જ્ઞાનત્વપના કહાં રહા? સમજમેં આયા?

કેવલજ્ઞાનકી ભી એક સમયકી અવસ્થા પરિણમન કરતી હૈ. કેવલજ્ઞાન કોઈ ગુણ નહીં હૈ. સમય સમયમેં કેવલજ્ઞાનકી પર્યાય નયી-નયી હોતી હૈ. કેવલજ્ઞાન નયા-નયા હોતા હૈ. યહ સિદ્ધ કરતે હૈં દેખો! સમજમેં આયા? ક્યોંકિ ગુણમેં કેવલજ્ઞાનકી પરિણતિ-પર્યાય હૈ વહ તો, પરિણમન હોતા હૈ. આહા..હા..! તો કહતે હૈં કિ જ્ઞાનકા પરિણમન કેવલજ્ઞાનમેં હુઆ ઔર લોકાલોક છ દ્રવ્ય હૈં વહ જ્ઞેય હૈં, વહ ભી પરિણમન કરતે હૈં. તો યહાં આત્માકે જ્ઞાનમેં વહ જ્ઞેય જો હૈં વહ નિમિત્ત હૈં. અર્થાત્ ઉસ નિમિત્તકા જ્ઞાન ઔર અપના જ્ઞાન, જ્ઞાન જો ન કરે તો જ્ઞાનકા જ્ઞાનપના કહાં રહા? સમજમેં આયા?

'**જ્ઞાનરૂપસે (પરિણતિ), ઔર દ્રવ્યોંકે...**' અબ છહ દ્રવ્ય સામને લિયા, સારા જ્ઞેય. '**જ્ઞાનકા અવલંબન લેકર...**' દેખો! જ્ઞેયોમેં જ્ઞાનકા નિમિત્ત હૈ. જ્ઞાનકે પરિણમનમેં જ્ઞેયોંકા નિમિત્ત હૈ ઔર જ્ઞેયોંકે પરિણમનમેં જ્ઞાનકા નિમિત્ત હૈ. કોઈ કહતે હૈં ન કિ જ્ઞાનકે પરિણમનમેં જ્ઞેય નિમિત્ત હૈ, તો જૈસા જ્ઞેય હૈ વૈસા પરિણમન કરના પડતા હૈ. ઐસા કહતે હૈં. અરે..! ભગવાન! તુમ ક્યા કહતે હો? વહ તો યહાં કહતે હૈં. કેવલજ્ઞાનમેં યા સાધકજ્ઞાનમેં જૈસા સામને જ્ઞેય પરિણમન કરતા હૈ વહ અપને જ્ઞાનમેં જ્ઞેય નિમિત્ત હૈ, ઔર નિમિત્તકા ઔર અપના જ્ઞાન, જ્ઞાન ન કરે તો જ્ઞાનકા જ્ઞાનપના કહાં રહા? અબ જ્ઞાનપના જો હૈ વહ જ્ઞેયકો નિમિત્ત હૈ, જ્ઞેયકો નિમિત્ત હૈ. ઔર વહ નિમિત્ત જો હૈ, જ્ઞેય જો હૈ, જ્ઞાનમેં જો જ્ઞાનપના ન આવે, ઉસકા જ્ઞાનપના યહાં ઉત્પન્ન ન હો જાયે (તો જ્ઞાનકા જ્ઞાનત્વ કહાં રહા?). દેખો!

'**દ્રવ્યોંકે જ્ઞાનકા અવલંબન લેકર જ્ઞેયાકારરૂપસે પરિણતિ અબાધિતરૂપસે તપતી હૈ—**' અવલંબન હૈ ન નીચે, દેખો! '**જ્ઞેયકા જ્ઞાન આલંબન અર્થાત્ નિમિત્ત હૈ.**' ક્યા કહતે હૈં? લોકાલોક જ્ઞેયકો કેવલજ્ઞાનકી પર્યાય નિમિત્ત હૈ. લોકાલોક તો, જ્ઞાનકી પર્યાય અપનેસે પરિણમતી હૈ ઉસમેં વહ નિમિત્ત હૈ, યહ તો વહ પરિણમતે હૈં, જ્ઞેય જો પરિણમતે હૈં, ક્યોંકિ પરિણમન હૈ ન ઉસકા નયા-નયા? તો નયા-નયા પરિણમન હૈ તો યહાં કેવલજ્ઞાનકા નયા-નયા પરિણમન હૈ. ઉસકી નયી-નયી પર્યાય હોતી હૈ, તો વહ ઉસમેં નિમિત્ત હૈ. ધ્યાનચંદજી!

નીચે લે, નીચે સાધક મેં (લે) તો જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યબિંબ હૈ ઐસી અંતરદૃષ્ટિ ઔર અનુભવ હુઆ, જ્ઞાન હુઆ, જ્ઞાનકા જ્ઞાન હુઆ વહ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. તો કહતે હૈં કિ ઉસ સમયમેં પુણ્યાદિ દયા, દાન, વ્રતાદિકા વિકલ્પ જો હૈ વહ જ્ઞાનમેં નિમિત્ત હૈ. ઔર વહ જ્ઞાન ઉસ નિમિત્તકો ન જાને તો જ્ઞાનકા જ્ઞાનપના કહાં રહા? વ્યવહારકો જ્ઞાન જાનતા હૈ ઐસા કહતે હૈં. ઔર વ્યવહાર જો જ્ઞેય હૈ વહ જ્ઞાનમેં જાનનેમેં નિમિત્ત (હોતા હૈ). જ્ઞાનમેં વહ નિમિત્ત હૈ, યહાં તો કહતે હૈં, જ્ઞાન ઉસકો નિમિત્ત હૈ. દયા, દાન, વ્રતકા વિકલ્પકો જ્ઞાનકી પર્યાય નિમિત્ત હૈ ઔર વહ જ્ઞાનકી પર્યાય નિમિત્ત હૈ તો, વહ જ્ઞેય જો

જ્ઞાનમેં જાનનેમેં આયે નહીં તો જ્ઞેયકા જ્ઞેયપના કહાં રહા? આહા..હા..! સમજમેં આયા? ભાઈ! યહ તો લોજિકસે, ન્યાયસે સિદ્ધ કિયા હૈ. સમજનેકા પ્રયત્ન કરના પડેગા. ઐસી ચીજ મિલતી નહીં હૈ. બિના સમજે, બિના પ્રયત્નકે ઐસી ચીજ મિલતી નહીં હૈ. આહા..હા..! ક્યા બાત કરતે હૈં! ક્યા કહતે હૈં! કેવલજ્ઞાનકી બાત કરતે હૈં તો જ્ઞાનતત્ત્વકા સ્વરૂપ સાધકમેં ભી ઐસા હૈ ઐસી બાત સાથમેં કરતે હૈં.

મુમુક્ષુ :- ૩૩ ગાથાસે શુરૂ કિયા હૈ.

ઉત્તર :- હાં, કરતે હૈ ન, કરતે હૈ. દોનોંકી બાત સાથમેં કહી હૈ. ગજબ બાત!

ભગવાન આત્મા ચૈતન્યપૂંજ, ચૈતન્યકી ડલ્લી, વહ ચૈતન્યપનેસે અપના પરિણમન જ્ઞાનરૂપ, દર્શનરૂપ, આનંદરૂપ કરતા હૈ. તો ઉસમેં જ્ઞાનકી પ્રધાનતાસે કથન હૈ ન, જ્ઞાનતત્ત્વકા કથન હૈ ન? તો અપના જ્ઞાનસ્વરૂપ જો ગુણ તો ત્રિકાલ હૈ, પરંતુ ઉસ ગુણકો ધરનેવાલા દ્રવ્ય હૈ, ઔર દ્રવ્યકી દૃષ્ટિ જહાં હુઈ તો સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનપને પ્રાપ્ત હુઆ. તો ઉસ સમ્યગ્જ્ઞાનકી પર્યાયમેં જો વ્યવહાર ઉસ સમયમેં દેહકી ક્રિયા, વાણીકી ક્રિયા ઔર શુભાદિકા પરિણામ વહ ઉસ જ્ઞાનમેં નિમિત્ત હૈ. નિમિત્ત હૈ ઉસકા અર્થ? કિ જ્ઞાન ઉસકો જાનતા હૈ. નિમિત્ત હૈ ન, નિમિત્ત કહા વહાં. લોકાલોક કેવલજ્ઞાનમેં નિમિત્ત, યહાં સાધક જ્ઞાનમેં વ્યવહારકા નિમિત્ત. તો નિમિત્તકા અર્થ? જ્ઞાન ઉસ સંબંધીકો ન જાને, નિમિત્તકા જ્ઞાન ન જાને તો જ્ઞાનકા જ્ઞાનપના કહાં રહા? રાજમલજી બુદ્ધિવાલે હૈં ન. ન્યાયસે, લોજિકસે તો બાત હૈ કિ નહીં?

મુમુક્ષુ :- બહુત સ્પષ્ટ હૈ.

ઉત્તર :- બહુત સ્પષ્ટ. બહુત લોજિક ઔર ન્યાયસે કિતના સ્પષ્ટ! ઓહો..હો..!

ભગવાન! તુમ તો ચૈતન્યપ્રભુ હૈ ન! તેરી પ્રભુતા તો ચૈતન્ય જાનનેમેં તેરી પ્રભુતા હૈ. રાગ કરને સે, નિમિત્ત કરને સે તેરી પ્રભુતા નહીં. તેરી પ્રભુતા તેરે જ્ઞાનસ્વભાવ મેં જો ચીજ સામને હૈ, કેવલીકો પૂર્ણ હૈ, તુઝે અપૂર્ણ કોઈ ભાવ હૈ તો વહ નિમિત્ત હૈ જ્ઞાનમેં. ઉસકા અર્થ? ઉસ સંબંધીકા આત્મા જ્ઞાન ન કરે તો નિમિત્ત કહાં રહા? નિમિત્ત કહાં રહાકા અર્થ? નિમિત્તકો જાનનેવાલા કહાં રહા? એય..! વજુભાઈ!

ભગવાન આત્મા જ્ઞાનકી પર્યાયમેં પરિણમન કરતા હૈ ઉસમેં વહ નિમિત્ત હૈ. નિમિત્તકા અર્થ? કિ ઉસ સંબંધીકા જ્ઞાન. વહ તો નિમિત્ત હૈ. કેવલજ્ઞાનમેં લોકાલોક નિમિત્ત હૈ, સાધકમેં દયા, દાનકા વિકલ્પ વહ નિમિત્ત હૈ. અબ નિમિત્ત હૈ ઉસકા અર્થ કિ ઉસ સંબંધીકા જ્ઞાન.. વહ તો નિમિત્ત હૈ. ઉસ સંબંધીકા ઔર અપના જ્ઞાન ન કરે તો જ્ઞાનકા જ્ઞાનપના કહાં રહા? ઔર દૂસરી બાત. વહ દૂસરી કહતે હૈં. દ્રવ્યોંકે (અર્થાત્) જો દ્રવ્ય સામને હૈં અનંત લોકાલોક ઔર યહાં વ્યવહાર દયા, દાન આદિ વિકલ્પ, ઉસ જ્ઞાનકા અવલંબન લેકર. જ્ઞાન ઉસમેં નિમિત્ત હૈ. લોકાલોકકો કેવલજ્ઞાનકી પર્યાય નિમિત્ત હૈ. વહ લોગ ના કહતે હૈં. નહીં, વહ નિમિત્ત નહીં હૈ, યહાં નિમિત્ત હૈ. અરે..! ભગવાન! સુન ના ભાઈ! ઐસા કહતે હૈં કિ

કેવળજ્ઞાન વહ નિમિત્ત હૈ. જૈસા જ્ઞેય પરિણમન કરતા હૈ, ઐસા પરિણમન (જ્ઞાનકો) કરાના પડતા હૈ—ઐસા નહીં હૈ. ઈસીલિયે તો કહતે હૈં કિ કેવલજ્ઞાનમેં તો વહ નિમિત્ત હૈ. નિમિત્તકા અર્થ? ઉપાદાનસે પરિણમન કરનેવાલા તો કેવલજ્ઞાન અપનેસે હૈ. સમજમેં આયા? કઠિન બાત કહી. કેવલજ્ઞાન અપની પર્યાયસે પરિણમતા હૈ ઉસમેં લોકાલોક નિમિત્ત હૈ. નિમિત્તકા અર્થ ક્યા? કિ ઉસ સંબંધી ઔર અપને સંબંધી જ્ઞાન, જ્ઞાનપનેસે પરિણમના વહ કાર્ય કેવલજ્ઞાનકા હૈ. એક બાત. વૈસે સાધકમેં ભી અપના જ્ઞાનપના, અપના જ્ઞાન હુઆ ઉસમેં દયા, દાન, વિકલ્પ વહ તો નિમિત્ત હૈ. નિમિત્તકા અર્થ? ઉસ સંબંધીકા જ્ઞાન (હુઆ), વહ તો નિમિત્ત હૈ, ઉસ સંબંધીકા અપના જ્ઞાન જ્ઞાનરૂપસે પરિણમન ન કરે તો જ્ઞાન કહાં રહા? સમજમેં આયા? આહા..હા..!

'**ઔર દ્રવ્યોંકે,...**' અથવા વ્યવહારકો '**જ્ઞાનકા અવલંબન લેકર જ્ઞેયાકારૂપસે પરિણતિ અબાધિતરૂપસે તપતી હૈ—**' લો! સમજમેં આયા? '**જ્ઞેયકા જ્ઞાન આલંબન અર્થાત્ નિમિત્ત હૈ. યદિ જ્ઞેય જ્ઞાનમેં જ્ઞાત ન હો...**' લોકાલોક જ્ઞાનમેં જ્ઞાત ન હો '**તો જ્ઞેયકા જ્ઞેયત્વ ક્યા?**' ઔર વ્યવહાર દયા, દાન આદિ વિકલ્પ હૈ વહ જ્ઞાનીકે જ્ઞાનમેં નિમિત્ત ન હો ઔર ઉસકા જ્ઞાન ન હો તો ઉસકા જ્ઞેયપના કહાં રહા? સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! હિન્દીમેં ભી ભાવ તો જો હોતા હૈ વહી આયેગા કિ નહીં? ભાવ કોઈ દૂસરા આતા હૈ? આહા..હા..!

'**જ્ઞાનકા અવલંબન લેકર જ્ઞેયાકારરૂપ પરિણતિ અબાધિતરૂપસે તપતી હૈ— પ્રતાપવંત વર્તતી હૈ. (આત્મા ઔર દ્રવ્ય સમય-સમય પર પરિણમન કિયા કરતે હૈં,...**' કૌંસમેં સ્પષ્ટ કિયા. '**આત્મા ઔર દ્રવ્ય...**' અર્થાત્ પરવસ્તુ. '**સમય-સમય પર પરિણમન...**' પર્યાય નયા-નયા કરતે હૈં. દોનોં. '**વે કૂટસ્થ નહીં હૈં;...**' એકરૂપ રહનેવાલે દોનોં નહીં. '**ઈસલિયે આત્મા જ્ઞાન સ્વભાવસે ઔર દ્રવ્ય જ્ઞેય સ્વભાવસે...**' આત્મા જ્ઞાનસ્વભાવ સે પરિણમન કરતા હૈ ઔર દ્રવ્ય જ્ઞેયસ્વભાવસે પરિણમન કરતા હૈ. વહ જ્ઞેયાકારરૂપસે પરિણતિ અબાધિત હૈ જ્ઞેયકી. યહાં જ્ઞાનરૂપસે પરિણતિ અબાધિત હૈ. આહા..હા..! મુનિને જંગલમેં રહકર (કિતના સ્પષ્ટ કિયા હૈ)! સંતો, દિગંબર મુનિ આત્મધ્યાન મેં મસ્ત. ઉસમેં ઐસા વિકલ્પ હૈ. કૈસી ચીજ બની હૈ આહા..હા..! કેવલજ્ઞાનકો ખડા કર દિયા હૈ!! સમજમેં આયા?

ભગવાન! તેરી શક્તિ તો કેવલજ્ઞાન પાનેકી હૈ. ક્યોંકિ જ્ઞાનસ્વરૂપ તુમ હો ન. તો જ્ઞાનસ્વરૂપ જો હૈ વહ તો પૂર્ણ સ્વરૂપ દ્રવ્ય હૈ. દ્રવ્યકા ગુણ તો, દ્રવ્ય પૂરા હૈ તો ઉસકા ગુણ ભી પૂરા સ્વરૂપ હૈ. તો પૂરા સ્વરૂપકી શક્તિ જો ત્રિકાલ હૈ ઉસમેં ભી સ્વ-પર પૂર્ણ જાનનેકી શક્તિરૂપ સત્ત્વ હૈ. કિસીસે કરના, કિસીસે જ્ઞાન-દર્શનકા રહના ઔર ઉસ જ્ઞેયકો જ્ઞાન-દર્શનસે રહના ઐસા સ્વભાવ નહીં હૈ. ઐસા કહતે હૈં. ઐસે જબ કેવલજ્ઞાન હુઆ અપની પર્યાયમેં

શુદ્ધ ઉપયોગ દ્વારા, તો જ્ઞાનમેં પર નિમિત્ત હૈ. ઉસકા અર્થ? લોકાલોકકા જ્ઞાન અપનેમેં અપનેસે જો ન હો તો નિમિત્તપનેકા જ્ઞાન ન રહે તો જ્ઞાનપના કહાં રહા? સમજમેં આયા? ઔર નિમિત્ત જો જ્ઞેય હૈ વહ જ્ઞાનમેં ન પરિણમે, જ્ઞાનમેં ન આવે, જ્ઞેયપનેસે ન આવે ઔર જ્ઞેયાકાર પરિણતિ અપની સમય-સમયમેં કરતા હૈ, ઐસા જ્ઞાનમેં જો જ્ઞેય ન આયે તો જ્ઞેયપના કહાં રહા?

દૂસરી બાત કિ જ્ઞાન અપનેસે પરિણમતા હૈ ઉસમેં જ્ઞેય નિમિત્ત (હૈ). ઉસકા અર્થ જ્ઞાનપના અપનેસે અપનેમેં હુઆ. વહ તો નિમિત્ત હુઆ. હુઆ? અબ જ્ઞેયમેં જ્ઞાન નિમિત્ત ઉસકા અર્થ? ઉસકા અર્થ? કિ જ્ઞેય અપનેસે પરિણમતા હૈ, જ્ઞેયપને જ્ઞેય અપનેસે પરિણમતા હૈ તબ જ્ઞાનકો નિમિત્ત કહતે હૈં. સમજમેં આયા? એય..! જ્ઞાનચંદજી! એય..! દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, જ્ઞેય શરીરાદિ હૈ ઐસી પર્યાય જો હોતી હૈ જ્ઞેયાકાર, તો ઉસમેં જ્ઞાન નિમિત્ત હૈ. નિમિત્તકા અર્થ? ઉસકી જ્ઞેયકી પરિણતિ સ્વતંત્ર ઉસસે હુઈ. ઐસા જ્ઞેય પરિણમન જો ઉસકા ન હો તો જ્ઞેય કહાં રહા? જ્ઞાન તો ઉસમેં નિમિત્ત હૈ ઔર જ્ઞાનકે પરિણમનમેં વહ નિમિત્ત હૈ. તો ઉસ નિમિત્તકા અર્થ—નિમિત્તકા પરિણમન યહાં નહીં કરતા. લેકિન ઉસ સંબંધી ઔર અપને સંબંધીકા જ્ઞાન પરિણમન અપનેસે સ્વતંત્ર પરિણમન કરો હૈ તો જ્ઞાનકા પરિણમન જ્ઞાનસે હુઆ હૈ, નિમિત્તસે હુઆ નહીં. ઔર જ્ઞેયકા પરિણમન જ્ઞાનકા નિમિત્ત હૈ તો જ્ઞાનકે નિમિત્તસે પરિણમન જ્ઞેયોંમેં હુઆ, ઐસા નહીં હૈ. સમજમેં આયા?

અબ અંતરમેં લે, સાધકમેં. બાત સાધકકી કહતે હૈં ન. હમ શ્રુતકેવલી (હૈં) ઐસા કહતે હૈં ન, વહાં ભી લિયા ન, ૩૩વીં ગાથામેં. આહા..હા..! કહતે હૈં કિ હમ આત્મા હૈં, તો દૂસરે કો ભી જિસકો કરના હૈ તો ઉસકો આત્માકા જ્ઞાન કરો. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ હૈ ઉસકી સન્મુખ હોકર જ્ઞાન કરો ઔર વહ જ્ઞાન જો હુઆ, ઉસ જ્ઞાનકી પર્યાય સમય-સમયમેં નયી-નયી હોતી હૈ. ઔર પર્યાયમેં જો જ્ઞાન હોતા હૈ, પુણ્ય દયા, દાન, વિકલ્પકા શુભભાવ વહ ભી નયા-નયા હોતા હૈ. તો કહતે હૈં કિ નયા-નયા હુઆ તો ક્યોં સંબંધ હુઆ? કિ પરિણમનકે કારણસે. યહાં ભી પરિણમન હૈ, વહાં ભી પરિણમન હૈ. ઠીક!

અબ યહાં જ્ઞાનકે પરિણમનમેં વહ દયા, દાન, વ્રતાદિ નિમિત્ત હૈ. નિમિત્ત હૈ તો વહ હૈ તો જ્ઞાન પરિણમતા હૈ ઐસા નહીં. ક્યોંકિ વહ તો નિમિત્ત હૈ. સમજમેં આયા? દયા, દાન, પૂજાકા વિકલ્પ આયા વહ તો જ્ઞાનકી પરિણતિમેં નિમિત્ત હૈ, તો ઉસકા અર્થ કિ વહ નિમિત્ત હૈ તો જ્ઞાન પરિણમતા હૈ ઐસા નહીં. ઔર નિમિત્ત હૈ ઉસકા જ્ઞાનરૂપસે જ્ઞાન ન પરિણમે તો જ્ઞાન કહાં રહા? સમજમેં આયા? ઔર જો દયા, દાન, વિકલ્પાદિ શુભ હૈ ભિન્ન-ભિન્ન-ભિન્ન જ્ઞેયરૂપ પરિણમન કરતા હૈ સ્વતંત્ર, ઉસમેં જ્ઞાન નિમિત્ત હૈ-જ્ઞાનકી પર્યાય નિમિત્ત હૈ. તો નિમિત્ત હૈ ઉસકા અર્થ? કિ રાગાદિ સ્વતંત્ર અપનેસે પરિણમન કરતા હૈ.

જ્ઞાનકી પર્યાય નિમિત્ત હૈ તો ઉસકે કારણસે યહાં પરિણમન કરતા હૈ રાગાદિ ઐસા હૈ નહીં. વજુભાઈ! દેખો ભાઈ યહાં તો પઢતે-પઢતે યહ સબ આ ગયા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, ઈસમેં ક્યા કહતે હૈં? સમજમેં આયા કુછ? ગજબ બાત કહી હૈ! ઓહો..હો..!

યહ તત્ત્વ સ્વ જ્ઞાન ઔર જ્ઞેય, દોનોં તત્ત્વ હૈ. સમજમેં આયા કુછ? એક ઓર જ્ઞાનતત્ત્વ આત્મા ઔર એક ઓર જ્ઞેયતત્ત્વ સબ. અબ તત્ત્વકી ઉસકો યથાર્થ શ્રદ્ધા કરની હૈ કિ નહીં? 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં.' હૈ? તો યથાર્થ તત્ત્વ જૈસા હૈ વૈસી શ્રદ્ધા કરની હૈ કિ નહીં? આહા..હા..! તો કહતે હૈં કિ જ્ઞાનતત્ત્વ ઐસા હૈ કિ જ્ઞાનતત્ત્વમેં સારા લોકાલોક જ્ઞેય ભલે નિમિત્ત હો. ઐસે સાધકમેં જ્ઞાનકી પરિણતિમેં તત્ત્વમેં વ્યવહાર નિમિત્ત હો. ઉસકા અર્થ નિમિત્ત હૈ ઉસકા જ્ઞાન અપનેસે હુઆ હૈ, વહ તો નિમિત્ત હૈ. કેવલજ્ઞાન ભી, લોકાલોક નિમિત્ત હૈ તો લોકાલોકસે હુઆ હૈ ઐસા નહીં. વહ તો નિમિત્ત હૈ, પર હૈ. લોકાલોક હૈ તો કેવલજ્ઞાનકા પરિણમન હોતા હૈ ઐસા નહીં. ઐસે દયા, દાન ઔર વિકલ્પ હૈ તો જ્ઞાનકી પરિણતિ ઉત્પન્ન હોતી હૈ ઐસા નહીં. વહ તો જ્ઞાનમેં નિમિત્ત હૈ. સમજમેં આયા? ભૈયા! સૂક્ષ્મ બાત ભાઈ.

કુંદકુંદાચાર્ય... આહા..હા..! કેવલજ્ઞાનીકા કામ કિયા હૈ. બહુત બાત ભર દી હૈ. જૈસા હૈ તત્ત્વ ઉસકી શક્તિ જિતની હૈ, ઉસકા સામર્થ્ય જૈસા હૈ ઐસા ઉસકો જ્ઞાનમેં લેના હૈ કિ નહીં? યા વિપરીત, અધિક-કમ લે તો વહ તો તત્ત્વકી પ્રતીતિ યથાર્થ હુઈ નહીં. સમજમેં આયા? કોઈ ઐસા માને કિ લોકાલોક હૈ તો કેવલજ્ઞાન હૈ. જૂઠ હૈ. ક્યોંકિ કેવલજ્ઞાનમેં લોકાલોક તો નિમિત્ત હૈ ઔર નિમિત્ત હૈ તો યહાં જ્ઞાન કેવલજ્ઞાન હૈ ઐસા ભી નહીં. ઔર કેવલજ્ઞાન હૈ તો નિમિત્ત હૈ, સામને જ્ઞેય હૈ, ઐસા ભી નહીં. સમય-સમયમેં પરિણમન હૈ તો ભિન્ન-ભિન્ન હોતા હૈ ન? ભિન્ન-ભિન્ન હો. જ્ઞાન જ્ઞાનકે કારણસે અપનેમેં ભિન્ન-ભિન્ન પર્યાયસે પરિણમન કરતા હૈ, વહ તો નિમિત્ત હૈ. ઔર વહ જ્ઞેય પરિણમન કરતે હૈં, જ્ઞેય પરિણમન કરતે હૈં ઉસમેં જ્ઞાન નિમિત્ત હૈ. તો જ્ઞાન નિમિત્ત હૈ તો જ્ઞેય પરિણમન કરતે હૈં ઐસા નહીં હૈ. વહ તો અપનેસે પરિણમન કરતે હૈં. આહા..હા..! સમય-સમયકા સ્વતંત્ર પરિણમન સિદ્ધ કરનેકી કિતની યુક્તિ! સમજમેં આયા? ઈતને શબ્દમેં ઈતના ભરા હૈ. શાંતિસે મધ્યસ્થ હોકર ક્યા ચીજ હૈ ઉસકો સમજના ચાહિયે. ઐસે તત્ત્વકો બિના સમજે ધર્મ હો જાતા હૈ ઐસા હૈ નહીં.

તો કહતે હૈં કિ ભગવાન! તુમ તો જ્ઞાનસ્વરૂપ હૈ ન. તો જ્ઞાનસ્વરૂપ કાર્ય ક્યા કરે? જાનનેકા કરે. ક્યા રાગકા કરે? કિ રાગકા જ્ઞાન કરે? ક્યા જ્ઞાન રાગ કરે? ઔર જ્ઞાન રાગકો જાનનેકા કાર્ય ન કરે તો જ્ઞાન કહાં રહા? સમજમેં આયા? ઔર જ્ઞાન રાગ કરે? જ્ઞાન જ્ઞેયકો બનાવે? જ્ઞાન જ્ઞેયકો બનાવે? તો જ્ઞાન કહાં રહા? ઔર જ્ઞેય જ્ઞાનકો બનાવે? લોકાલોક જ્ઞેય જ્ઞાનકો બનાવે? ઐસે સાધકમેં રાગાદિ હૈ વહ જ્ઞાનકો બનાવે? તો જ્ઞેય કહાં રહા?

સમજમેં આયા? આહા..હા..! સ્વતંત્ર સમય-સમયકી પર્યાયકી સ્વતંત્રતા ઔર એકદૂસરેમેં જ્ઞેય જ્ઞાન, જ્ઞેય-નિમિત્ત સંબંધ. સંબંધકા અર્થ ઐસા નહીં હૈ કિ ઉસસે યહ ઔર ઈસસે વહ. વહ તો નિમિત્ત રહા હી નહીં. સમજમેં આયા? (લોગ) કહતે હૈં કિ નિમિત્ત હૈ કિ નહીં? નિમિત્ત હૈ કિ નહીં? પરંતુ નિમિત્તકા અર્થ ક્યા? નિમિત્ત હૈ તો જ્ઞાન હુઆ? વહ કહતે હૈં યહાં. સમજમેં આયા? ઔર જ્ઞાન જ્ઞેયકો નિમિત્ત હૈ તો જ્ઞેય પરિણમન (જ્ઞાનકે) કારણસે કરતા હૈ? ઓહો..હો..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત ભાઈ! ધર્મકી સમજન, સચ્ચી શ્રદ્ધા કરના વહ બડી અપૂર્વ ચીજ હૈ. અનંતકાલ સે કિયા નહીં.

અપના સમ્યગ્જ્ઞાન બિના ઔર સમ્યગ્દર્શન બિના અનંત બાર નવમી ગ્રૈવેયક ગયે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' ધર્મ નહીં પાયા, ધર્મ નહીં. ધર્મ ક્યા ચીજ હૈ ઉસકો જાના નહીં. સમજમેં આયા? તેરા સ્વભાવધર્મ તો જાનના તેરા ધર્મસ્વભાવ હૈ ભાઈ! આહા..હા..! સમજમેં આયા? તો જાનના તેરા સ્વભાવ ઉસકી શ્રદ્ધા કર, રાગ ઔર પુણ્ય તેરા સ્વભાવ નહીં, વહ તો જ્ઞેયકા સ્વભાવ હૈ. વહ તો જ્ઞેયકા સ્વભાવ હૈ. ક્યા જ્ઞેયકા સ્વભાવ જ્ઞાનસ્વભાવરૂપ હો જાતા હૈ? જ્ઞાનસ્વભાવ ક્યા જ્ઞેયરૂપ હો જાતા હૈ? ઔર જ્ઞેયકા સ્વભાવકા જ્ઞાન જ્ઞાનરૂપસે ન હો ઐસા બનતા હૈ? ઔર જ્ઞાનકા સ્વભાવમેં જ્ઞેયકા જ્ઞાન ન હો ઐસા જ્ઞેય અકેલા રહતા હૈ? જ્ઞેયકા જ્ઞાનપના યહાં ન હો, અર્પણતા... પ્રમેય હૈ વહ, તો પ્રમાણમેં જૈસા હૈ વૈસા આ જાતા હૈ. ઉસકા જ્ઞાન આ જાતા હૈ. સમજમેં આયા?

લો, વહ ભી અદ્ભૂત બાત કહી થી. જ્ઞાન ઉત્પન્ન હુઆ વહ અપને કો જાને? વહ બાત કહી થી. જિસ સમય જ્ઞાન ઉત્પન્ન હો, ઉત્પન્ન હો ઉસ હી સમયમેં જાને? હાં. પર્યાયકી ઉત્પત્તિમેં નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ વહ વિરોધ હૈ. પર્યાયમેં સે નયી પર્યાય, પર્યાયમેં સે પર્યાય આતી હૈ વહ વિરોધ હૈ. પરંતુ પર્યાયકી ઉત્પત્તિ હુઈ ઔર ઉસકો ઉસ હી સમય જાને વહ તો અવિરોધ હૈ, વહ તો વાસ્તવિકતા હૈ. સમજમેં આયા? સામને જિતના જ્ઞેયપ્રમાણ જ્ઞેય હૈ ઈતના જ્ઞાનમેં જાનનેકી જ્ઞેય ચીજ હૈ, ઈતના હી પ્રમાણમેં જ્ઞાન જ્ઞાનરૂપસે અપને સે જો ન પરિણમન કરે તો જ્ઞાન કહાં રહા? ઔર જ્ઞેય ભી ઈતના પ્રમાણમેં જ્ઞાનમેં નિમિત્તપને ન હો તો જ્ઞેય કહાં રહા? સમજમેં આયા? આહા..હા..!

'**કૂટસ્થ નહીં હૈં; ઈસલિયે આત્મા જ્ઞાન સ્વભાવસે ઔર દ્રવ્ય જ્ઞેયસ્વભાવસે પરિણમન કરતા હૈ, ઈસપ્રકાર જ્ઞાન સ્વભાવમેં પરિણમિત આત્મા...**' જ્ઞાન સ્વભાવમેં પરિણમિત પર્યાયરૂપ થા આત્મા '**જ્ઞાનકે આલંબનભૂત...**' જ્ઞાનકે નિમિત્તભૂત. આલંબન અર્થાત્ નિમિત્ત. નિમિત્તભૂત '**દ્રવ્યોંકો જાનતા હૈ...**' બસ, કેવલજ્ઞાનકી પર્યાયમેં લોકાલોક આલંબન અર્થાત્ નિમિત્ત હૈ, લોકાલોકકો જ્ઞાન જાનતા હૈ બસ. જ્ઞાનરૂપ રહકર લોકાલોકકો જાનતા હૈ. જ્ઞેયરૂપ હોકર જ્ઞાન ઉસકો જાનતા હૈ ઐસા હોતા નહીં. ઔર જ્ઞેય જ્ઞાનમેં (જનાતે) હૈં

તો જ્ઞેય જ્ઞાનરૂપ હોકર ઉસમેં પેસતા (—પ્રવેશ કરતા) હૈ ઐસા નહીં. જ્ઞેય જ્ઞેયરૂપ રહતા હૈ ઔર જ્ઞાન જ્ઞાનરૂપ રહતા હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. હિન્દીમેં આયે પરંતુ જો ભાવ હોગા વહ આતા હૈ, દૂસરા કહાંસે આવે? લોગોંકો તત્ત્વકો સમજનેકી દરકાર હી નહીં. વાસ્તવિકતા ક્યા હૈ? યથાર્થતા ક્યા હૈ? વસ્તુકી સ્થિતિકી મર્યાદા ક્યા હૈ? સમજમેં આયા? વહ કહતે હૈં. ભગવાન! તેરે જ્ઞાનકી મર્યાદા તો વહ હૈ કિ જિતના જ્ઞેય સામને હૈ ઉસકો સ્પર્શે બિના, છુએ બિના તેરા જ્ઞાન તેરેમેં તેરા ઔર ઉસકા જ્ઞાન તેરેમેં હોતા હૈ. ઐસી જ્ઞાનકી વાસ્તિકતા-મર્યાદા હૈ. જ્ઞાનકી મર્યાદા તો વહ હૈ. સમજમેં આયા? ઔર જ્ઞેયકી મર્યાદા વહ હૈ કિ અપનેમેં અપનેસે પરિણમન કરતે હૈં ઔર જ્ઞાનમેં ... વો જ્ઞાન ઉસકો નિમિત્ત હૈ તો જ્ઞાનમેં જાનને લાયક પરિણમતા હૈ. ઉસમેં જનાને લાયક જ્ઞેય હો જાતા હૈ. જ્ઞાનમેં જ્ઞેયકા જ્ઞાન હો જાતા હૈ. ઐસા જ્ઞેયકા સ્વભાવ હૈ. સમજમેં આયા?

'**જ્ઞેય-સ્વભાવસે પરિણમિત દ્રવ્ય જ્ઞેયકે આલંબનભૂત જ્ઞાનમેં-આત્મામેં—જ્ઞાત હોતે હૈં.**' લો! જ્ઞેયકા જ્ઞાનમેં ભાસ હોતા હૈ. જૈસા જ્ઞેય હૈ ઐસા જ્ઞાન જાન લેતા હૈ. વહ ૩૬ ગાથા હુઈ. ઓહો..! પરિણામસંબંધમાંથી બહુ ચાલ્યું. છે ને? પહેલા પરિણામસંબંધ ઉપરથી ચાલ્યું, કે '**परिणामसंबद्धं**'. યહ તો ધ્રુવ હૈ એને પરિમામનો સંબંધ કેટલો સંબંધ લીધો છે. પરિણામયુક્ત ભગવાન આત્મા છએ દ્રવ્ય હોં છએ દ્રવ્ય. છહોં દ્રવ્ય વસ્તુ હૈ ઔર પર્યાય-પરિણમન પરિણમન-પર્યાય ઉસકે સંબંધવાલી. પરિણમન ભિન્ન-ભિન્ન, ભિન્ન-ભિન્ન. તો ત્યાં પણ જ્ઞેય ધ્રુવ છે અને એની પર્યાય પણ પરિણમન ભિન્ન-ભિન્ન પરિણમે છે, એવા પરિણામસંબંધને કારણે એકબીજામાં જ્ઞેય-જ્ઞાયકનો નિમિત્ત ધર્મ છે. જ્ઞેય આમાં નિમિત્ત છે, જ્ઞાન એને નિમિત્ત છે એની વિશેષતા બતાવી છે. એ તો આગળ કહેશે સર્વવિશુદ્ધ અધિકારમાં. સમજમેં આયા? લોકાલોક જ્ઞેયકો કેવલજ્ઞાન નિમિત્ત. યે તો કહે, નહીં. કેવલજ્ઞાનમેં લોકાલોક નિમિત્ત જ્ઞેય કહો, ... યે ક્યા કહતે હૈં? ૩૬વીં ગાથા હુઈ.

'**અબ, ઐસા ઉદ્યોત કરતે હૈં...**' અબ વહ પ્રકાશ કરતે હૈં. પ્રકાશ કરતે હૈં. આખરી હૈ ન. '**કિ દ્રવ્યોંકી અતીત ઔર અનાગત પર્યાયેં ભી તાત્કાલિક પર્યાયોંકી ભાંતિ પૃથક્‌રૂપસે જ્ઞાનમેં વર્તતી હૈં :—**' અબ યહ પ્રશ્ન ઉઠતા હૈ કિ ભગવાન આત્માકા કેવલજ્ઞાન વહ તો જગતકી વર્તમાન પર્યાય જો દ્રવ્યકી પ્રગટ હૈ (ઉસકો જાને), પરંતુ જો પ્રગટ નહીં ભૂતકી હોકર સમા ગયી, ભવિષ્યકી હૈ નહીં ઉસકો કેવલજ્ઞાન કૈસે જાનતા હૈ? સમજમેં આયા? કેવલજ્ઞાન એક સમયકા, તીન કાલ તીન લોકકી જિતની પર્યાય હૈ વહ એક સમયમેં કૈસે જાનતા હૈ? વર્તમાનકી પર્યાયકો તો જાને, પરંતુ ભૂતકી જો આકર સમા ગઈ ઔર ભવિષ્યકી સત્તારૂપ હૈ, પ્રગટ હૈ નહીં, અસદ્‌ભૂત હૈ. ભૂત, ભવિષ્ય અસદ્‌ભૂત હૈ, વર્તમાન સદ્‌ભૂત હૈ. ઐસા કહા ન? શબ્દ સદ્‌ભૂત કહા હૈ. ઉસકા વિદ્યમાન, અવિદ્યમાન અર્થ કિયા. સમજમેં આયા કુછ? ઓહો..હો..! કેવલજ્ઞાન સર્વજ્ઞની પર્યાયના વાંધા હજી તો. સર્વજ્ઞ કબ જાને?

જબ નિમિત્ત આયેગા ઔર ઐસી પર્યાય હુઈ તબ કેવલજ્ઞાન જાનતા હૈ. તો કેવલજ્ઞાનકો નયા જાનના હૈ? સર્વજ્ઞ ભગવાન પરમાત્મા એક સમયમેં તીન કાલ તીન લોકકી જો પર્યાય જહાં જૈસી હૈ ઐસી વર્તમાનમેં જાને. પ્રત્યક્ષ જ્ઞાન હૈ, પ્રત્યક્ષ જ્ઞાન હૈ. સદ્‌ભૂત (હો યા) ભલે અસદ્‌ભૂત વહાં હો, પરંતુ યહાં તો જ્ઞાનમેં નિયત નિશ્ચય હૈ. વહ કહેંગે આગે. સમજમેં આયા?

૩૭મેં કહતે હૈં દેખો. જ્ઞેયરૂપ દ્રવ્યોંકી અતીત ભૂતકાલકી ઔર અનાગત પર્યાય ભી, ઐસે. અનાગત પર્યાય ભી. ઐસે. વર્તમાન તો હૈ. '**તાત્કાલિક પર્યાયોંકી ભાંતિ...**' માનોં તત્કાલ વર્તમાન હો ઉસકી ભાંતિ. વહ કહા હૈ ન, તત્કાલ. '**પૃથક્‌રૂપસે જ્ઞાનમેં વર્તતી હૈ :—**' કેવલજ્ઞાનમેં તો જો દ્રવ્યકી જહાં જિસ સમયમેં જૈસી હોતી હૈ વિશેષરૂપ ઐસા જ્ઞાન એક સમયમેં ઉસકો જાનનેમેં આતા હૈ. નયા નહીં કિ ઇસ જીવકો યહાં ગુરુ મિલા ઔર સમકિત હુઆ. નિમિત્ત (મિલા) ઔર સમકિત હુઆ. તો જબ મિલેગા તો હોગા ઐસા જ્ઞાનમેં યહાં નહીં આતા હૈ. ઐસા હી આયા હૈ કિ ઐસા હૈ ઔર .. ઠીક ને, દાખલો તમારો આપ્યો ઈ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત.

સર્વજ્ઞપદ જાનના, અરિહંતપદ. અરિહંત નમો અરિહંતાણં. વહ અરિહંતપદ હૈ ક્યા? વહ તો સર્વજ્ઞપર્યાય પ્રગટ હુઈ હૈ. કર્મકા નાશ તો એક વ્યવહારસે કહા, અશુદ્ધકા નાશ ભી અશુદ્ધનય સે કહા. બાકી અપની પર્યાય અપનેસે નિર્મલ સર્વજ્ઞપર્યાય પ્રગટ હુઈ, અપને અંતર દ્રવ્યકે આશ્રયસે વહ એક સમયમેં તીન કાલ તીન લોક દેખતે હૈં. તો કહતે હૈં, જગતકી દ્રવ્યકી પર્યાય તો વર્તમાનમેં હૈ. દૂસરી તો ભૂતકાલકી અભી નહીં, ભવિષ્યકી અભી નહીં હૈ તો કૈસે જાનતે હૈં? કિ વર્તમાનવત્ તીનકાલકી પર્યાય એક સમયમેં (જાનતે હૈં). ક્યોંકિ જ્ઞાનકી એક સમયમેં વર્તમાનવત્ સબ નિશ્ચિત હો ગઈ હૈ. સમજમેં આયા? નિયત છે ને? ક્યાંક શબ્દ છે. ઓલામાં લખ્યું હતું. નિયત છે ને? ૩૮માં. બસ ઈ. '**જ્ઞાનકે પ્રતિ નિયત હોને સે.**' ૩૮માં છે. જ્ઞાનકે પ્રતિ તો નિયત હોને સે. દેખો! હૈ ન? પર્યાય અભી તક ઉત્પન્ન નહીં હુઈ ઔર ઉત્પન્ન હોકર નષ્ટ હો ગઈ, વાસ્તવમેં '**જ્ઞાનકે પ્રતિ નિયત હોને સે...**' જ્ઞાનમેં તો નિશ્ચિત, જ્ઞાનમેં સ્થિર લગી હુઈ હૈ, જ્ઞાનમેં સીધી બરાબર જાનતે હૈં. એક સમયમેં ન હુઈ હો વહ પર્યાય ભી કેવલજ્ઞાન (જાનતા હૈ). દેખો, યહ કેવલજ્ઞાનકી મહિમા! એક સમયકી પર્યાય તીનકાલકો વર્તમાનમેં જાન લેતી હૈ. આહા..હા..! ઐસા આત્મા, ઐસી તો અનંતી પર્યાયકા ધની જ્ઞાનગુણ હૈ. સમજમેં આયા કુછ? ઔર અનંત ગુણકા પિંડ દ્રવ્ય હૈ. ઉસ દ્રવ્યમેં કિતના સામર્થ્ય હૈ, કિતની મહત્તા હૈ—ઐસી દૃષ્ટિ જબ મહત્તાકી હો તબ સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા? ઔર સમ્યગ્દર્શન હુએ બિના જો કોઈ ભી ક્રિયા આદિ કરતે હૈં વહ સબ એકડા વિનાના મીંડા હૈ. શૂન્ય-શૂન્ય. સમજમેં આયા? આહા..હા..! વહ કહતે હૈં. ૩૮. '**અવિદ્યમાન પર્યાયોંકો (ભી) કથંચિત્...**' ૩૭.

तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं।
वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं।।३७।।

ઈવ, ઈવ શબ્દ પડ્યો છે હોં! પેઠી કીધું છે પણ વર્તમાન છે એમ ક્યાં છે? વર્તમાન નથી, પણ અહીં જ્ઞાનમાં તો વર્તમાન જેમ જણાય છે એમ સિદ્ધ કરવું છે. ત્યાં તો છે એને તો વર્તમાન નથી, છતાં જ્ઞાનમાં તો વર્તમાન પેઠે જ જણાય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ જ્ઞાનની પર્યાયનું એટલું માહાત્મ્ય છે એમ કહે છે. વર્તમાન ન હોય તેને વર્તમાન એક સમયમાં વર્તમાનની પેઠે નિયત નક્કી કરી લ્યે છે અનુભવમાં અંદર. નયી પર્યાય ભવિષ્યમેં હોગી અને ભૂતની થઈ ગઈ, એને વર્તમાનની પેઠે જ્ઞાન જાણી લ્યે છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

ઐસા તો એક સમયકી પર્યાયકા સામર્થ્ય! ઐસી-ઐસી અનંતી પર્યાયકા જ્ઞાનગુણ. ઐસે અનંતગુણકા એકરૂપ દ્રવ્ય. વહ સુબહમેં આયા થા ન? એકરૂપ જ્ઞાયક શુદ્ધ. ઐસા એકરૂપ જ્ઞાયક શુદ્ધ. અશુદ્ધતા નહીં, અનેકતા નહીં ઐસે દ્રવ્યકા ક્યા માહાત્મ્ય! ઓહો..હો..! ઐસા માહાત્મ્ય કરકે દ્રવ્યકી દૃષ્ટિ કરના ઉસકા નામ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહનેમેં આતા હૈ. વહ સમ્યગ્દર્શન બિના સબ રનમેં (રણમેં) ચિલ્લાને જૈસી બાત હૈ. રણમેં પોક સમજતે હો? અરણ્યરૂદન. અરણ્યમેં રૂદન કોઈ સુને નહીં ઔર ઉસકા રુદન બંધ હોતા નહીં. ઐસી બાત હૈ. કઠણ પડે માણસને. પ્રયત્ન કરના નહીં, અવસર લેના નહીં ઔર એકદમ માનોં ધર્મ હો જાયે. બાહરસે બતા દે કિ ઐસા કરો... ઐસા કરો... ઐસા કરો... વ્રત લે લો, પૂજા કરો, ભક્તિ કરો, દાન કરો. ક્યા હૈ પરંતુ? વહ ચીજ ક્યા હૈ? વહ તો વિકલ્પ હૈ, વહ તો રાગ હૈ. ઉસમેં ધર્મ કહાં આયા?

ઉસ રાગકા જાનનેવાલા જ્ઞાયકસ્વરૂપ હૈ, ઐસે જ્ઞાયકકી દૃષ્ટિ અનુભવ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન-ધર્મ હૈ. વહ બાત સિદ્ધ કરતે હૈં યહાં. જૈસા જ્ઞાનતત્ત્વ હૈ ઐસા ઉસકી પ્રતીતિ સ્વસન્મુખ હોકર કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? ઔર ઉસકા જ્ઞાન કરના-જ્ઞાનકા જ્ઞાન કરના, જ્ઞાનકા જ્ઞાન કરના વહ જ્ઞાન હૈ. ઔર જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, ઉસમેં લીનતા, ઐસી ચીજ હૈ ઐસી ચીજ મહાન પ્રભુ ઉસમેં લીનતા, રમણતા કરના, જમના અનુભવમેં ઉસકા નામ ચારિત્ર હૈ. ઉસ ચારિત્રકે ફલમેં કેવળજ્ઞાન ઔર કેવલજ્ઞાનકી પરિભાષા કરતે હુએ કેવલજ્ઞાન ઐસા બતાતે હૈં ઔર શ્રુતકેવલી હમ ભી હૈ ઐસા કહા. ક્યોંકિ ભગવાનને ભી આત્માકો દેખા. લોકાલોકકી કોઈ બાત નહીં. લોકાલોક તો એક સમયકી પર્યાય હૈ જાનનેકી. ઉસકા ક્યા હૈ? ઐસી-ઐસી અનંત પર્યાયકા પિંડ જો દ્રવ્ય હૈ તો ભગવાનને કેવલ દ્રવ્યકો કેવલીને દેખા ઈસલિયે કેવલી હૈ. લોકાલોકકો દેખા ઈસલિયે કેવલી હૈ ઐસા નહીં.

એક કેવલ ભગવાન આત્મા વસ્તુ એકરૂપ કેવલ એકરૂપ ઉસકો જાના તો આચાર્ય કહતે હૈં કિ એકરૂપ આત્માકો જાના તો હમ ભી શ્રુતકેવલી હૈં. સમજમેં આયા? આહા..હા..! સમ્યગ્દષ્ટિ

ભી શ્રુતકેવલી હૈ એક ન્યાય સે. સમજમેં આયા? દ્રવ્યકો જાના, ભગવાનને ભી દ્રવ્યકો જાના ઔર ઈસને ભી દ્રવ્યકો જાના. દ્રવ્ય તો અખંડાનંદ પૂર્ણ પ્રભુ. આહા..હા..! કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય ઐસી તો અનંતી-અનંતી પર્યાય જિસમેં ઘૂસ પડી હૈ, અંદરમેં પડી હૈ. આહા..હા..! ઔર પર્યાય તો ઠીક, ઉસકે સિવાય ઉસકી અનંતી શક્તિ એક-એક ગુણકી. ઐસા અનંત શક્તિકા પિંડ પ્રભુ આત્મા.. ઓહો..! ઉસકો જાના. ... શ્રુતજ્ઞાનસે કેવલ દ્રવ્યકો જાના તો શ્રુતજ્ઞાની હૈ, શ્રુતકેવલી હૈ. કેવલજ્ઞાનને ભી કેવલજ્ઞાનસે કેવલ દ્રવ્યકો જાના તો વહ કેવલી હૈ. સમજમેં આયા? આહા..હા..! વીતરાગ માર્ગકો સમજના મહાપ્રયત્ન હૈ. ઔર ઐસા માર્ગ દૂસરે કહીં હૈ નહીં. પરમાત્મા સર્વજ્ઞ સિવાય વહ માર્ગ કહીં તીન કાલમેં હૈ નહીં. સબ તત્ત્વકી વિરુદ્ધ બાત હૈ. યહાં કહતે હૈં કિ ક્યા ચીજ હૈ? સમજે? વહ બાત કહેંગે લો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૧, બુધવાર, તા. ૦૨.૧૦.૧૯૬૮**
**ગાથા-૩૭, પ્રવચન-૩૦**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ક્યા ચલતા હૈ? દેખો! **'ઐસા ઉદ્યોત કરતે હૈં કિ દ્રવ્યોંકી અતીત ઔર અનાગત પર્યાયેં ભી તાત્કાલિક પર્યાયોંકી ભાંતિ પૃથક્રૂપસે જ્ઞાનમેં વર્તતી હૈ :—'** વહ ઉપોદ્ઘાત ઉપર કહા હૈ. ક્યા કહતે હૈં? ઈસ આત્માકી એક સમયકી જ્ઞાનકી પર્યાય જો કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા ઉસકા ઈતના સામર્થ્ય હૈ... સમજમેં આયા? એક સમય. સેકન્ડકા અસંખ્યવાં ભાગ ઉસકો એક સમય કહતે હૈં. તો એક સમયમેં આત્મા અપના શુદ્ધ ચૈતન્ય શુદ્ધ આનંદ જ્ઞાયક ત્રિકાલી સ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરકે, ઉસકા જ્ઞાન કરકે, ઉસમેં શુદ્ધ ઉપયોગસે રમણ કરકે ઉસકે ફલસ્વરૂપ કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? સમજમેં આયા કુછ? સમજમેં આયા?

ક્યા કહતે હૈં? આયી હૈ કેવલજ્ઞાનકી બાત, પરંતુ કેવલજ્ઞાન જો પરમાત્મા અરિહંતકો ઉત્પન્ન હોતા હૈ વહ કિસ પ્રકાર હોતા હૈ વહ બાત પહલે આયી હૈ. આત્મા જો... જિસકી એક સમયમેં તીન કાલ તીન લોક જાનનેકી શક્તિ ઐસી જો પર્યાય ઉત્પન્ન હો, ઉસકા સાધન ભી બડા હોતા હૈ ઐસા કહતે હૈં. સમજમેં આયા? આત્મામેં જો અરિહંતપદ પ્રાપ્ત હોતા હૈ, કેવલજ્ઞાન હોતા હૈ તો ઉસ કેવલજ્ઞાનકા સામર્થ્ય કિતના હૈ? કિ એક સમય (અર્થાત્)

સેકન્ડકા અસંખ્યવાં ભાગ. ઉસમેં કેવલજ્ઞાનકી પર્યાયકા સામર્થ્ય એક સમયકા, તીનકાલ તીનલોકકા દ્રવ્ય-ગુણ-પર્યાય એક સમયમેં જાનનેમેં આતા હૈ. સમજમેં આયા? ઐસા જો કેવલજ્ઞાન કૈસે પ્રાપ્ત હોતા હૈ? વહ તો પહલે કહ ગયે.

અપને આત્મામેં ઐસી કેવલજ્ઞાન જો પર્યાય—અવસ્થા હૈ ઐસી તો અનંતી અવસ્થા અપને જ્ઞાનગુણમેં પડી હૈ અંદર. ઐસે-ઐસે અનંત ગુણ આત્મામેં હૈં. અનંત ગુણકા સામર્થ્યરૂપ એક આત્મા ઐસે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેનેસે-અંતર્મુખ દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ ઔર ઉસકા જ્ઞાન કરનેસે સમ્યગ્જ્ઞાન હોતા હૈ. ઔર ઉસમેં લીનતા, શુદ્ધ ઉપયોગ, વ્યવહાર જો દયા, દાન, વ્રતાદિ હૈ વહ તો વિકલ્પ હૈ, શુભ ઉપયોગ હૈ વહ કહીં કેવલજ્ઞાન પ્રાપ્ત કરનેકા સાધન નહીં. સમજમેં આયા? આત્મા મેં મોક્ષપર્યાય કહો, કેવલજ્ઞાન કહો, ઉસકી ઉત્પત્તિમેં શુભ ઉપયોગ દયા, દાન વિકલ્પ જો હૈ વહ સાધન નહીં. ક્યોંકિ વહ તો રાગ હૈ. સમજમેં આયા?

સાધન તો આત્મા એક સમયમેં શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પરમાત્મા સ્વયં સ્વરૂપ (હૈ), એક એક આત્મા ઐસા હી હૈ. ઐસે આત્માકી દૃષ્ટિ સમ્યક્ કરના, ઉસમેં ઈતના બડા આત્મા ઉસકી પ્રતીત કરના. કિ જિસમેં અનંત કેવલજ્ઞાન ઔર અનંત આનંદ, અનંત વીર્ય સમય-સમયમેં જો ઉત્પત્તિ હોતી હૈ કેવલીકો વહ સબ પર્યાય અંદરમેં પડી હૈ. આહા..હા..! સમજમેં આયા? ઉસકા દ્રવ્ય ઔર ઉસકા ગુણ અનંત સામર્થ્યવાલા હૈ. વહ ગુણ ઔર દ્રવ્યકે અંતરમેં એકાકાર હોકર, સ્વભાવ સન્મુખ હોકર, નિમિત્ત, રાગ ઔર ભેદસે વિમુખ હોકર અંતર સ્વભાવમેં સન્મુખ હોકર દર્શન-જ્ઞાન હોતા હૈ ઔર સન્મુખ હોનેમેં શુદ્ધ ઉપયોગ કામ કરતા હૈ. શુદ્ધ ઉપયોગ અંતર સન્મુખમેં કામ કરતા હૈ. સમજમેં આયા? ઐસા શુદ્ધ ઉપયોગ કરતે હૈં ઉસકો અરિહંતપદ, કેવલજ્ઞાનપદ અથવા મોક્ષપદ પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા? ઉસ કેવલજ્ઞાનકી એક સમયકી પર્યાયમેં કિતની તાકાત હૈ ઈસ બાતકા વર્ણન કરતે હૈં. સમજમેં આયા?

તો કહતે હૈં દેખો. ૩૭.

**तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं।**

**वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं।।३७।।**

ઈસકા હરિગીત હિન્દીમેં નહીં હૈ. યહ તો હિન્દી હૈ ન. ગુજરાતીમેં હૈ. ઈસમેં પીછે હૈ. ઈસકે પીછે ગુજરાતી હૈ. ગુજરાતી હૈ ન? હૈ ન, યે રહા.

**તે દ્રવ્યના સદ્ભૂત-અસદ્ભૂત પર્યાયો સૌ વર્તતા,**

**તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭.**

પીછેસે ડાલા હૈ. ઈતના હિરગીત બનાના નહીં આયા હોગા. ક્યા કહતે હૈં? દેખો. ઉસકા અન્વયાર્થ લેતે હૈં. અન્વયાર્થ હૈ ન, શબ્દાર્થ.

‘**ઉન (જીવાદિ) દ્રવ્યજાતિયોંકી...**’ ભગવાનને ઈસ જગતમેં છ દ્રવ્ય દેખે હૈં. પરમેશ્વર

કેવલજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવને કેવલજ્ઞાનમેં છ દ્રવ્ય દેખે હૈં. છ દ્રવ્ય જાતિ અપેક્ષાસે, સંખ્યા અપેક્ષાસે અનંત. અનંત આત્મા, ઉસસે અનંતગુણા પરમાણુ. યહ પરમાણુ પોઈન્ટ યહ જડ, ધૂલ, ઉસકા ટૂકડા કરતે-કરતે આખિરકા પરમાણુ રહતા હૈ વહ. આત્મા કિ જો અનંત હૈં ઉસસે અનંતગુણા પરમાણુ હૈં. ઔર અસંખ્ય કાલાણુ હૈં અરૂપી, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિ ઔર એક આકાશ. ભગવાનકે જ્ઞાનમેં દ્રવ્ય સંખ્યાસે અનંત ઔર જાતિસે છ. ઔર દરેક દ્રવ્યમેં અનંત ગુણ હૈં. ઔર દરેક દ્રવ્યકી, એક સમયમેં અનંત દ્રવ્યકી અનંત ગુણકી અનંતી પર્યાય હૈં-ઐસા તીન કાલ તીન લોકકી જો દ્રવ્યજાતિ હૈ ઉસકો '**સમસ્ત વિદ્યમાન ઔર અવિદ્યમાન...**' જો દ્રવ્ય જગતકી ચીજ હૈ ઉસકી વર્તમાન પ્રગટ અવસ્થા વહ વિદ્યમાન હૈ ઔર ભૂતકાલકી અવસ્થા હોકર ચલી ગઈ ઔર નયી ઉત્પન્ન ભવિષ્યકી નહીં હૈ ઉસકો યહાં અસદ્‌ભુત કહતે હૈં. અવિદ્યમાન-વર્તમાનમેં હૈ નહીં.

'**પર્યાયેં તાત્કાલિક (વર્તમાન) પર્યાયોંકી ભાંતિ,...**' કેવલજ્ઞાનમેં તો માનોં ઐસે વર્તમાન હો ત્રિકાલ ઐસે જ્ઞાનમેં ભાસિત હોતા હૈ. સમજમેં આયા? એક દ્રવ્ય આત્મા, ઉસકા એક જ્ઞાનગુણ, ઉસકી એક સમયકી જ્ઞાનકી પર્યાય અર્થાત્ અવસ્થા. ઈતની તાકાત પર્યાયમેં હૈ કિ એક સમયમેં... એક સમય યહાં, વહાં તીન કાલકા સમય ઔર અનંત દ્રવ્યકી જો ગુણ-પર્યાય સબ એક સમયમેં વર્તમાન જૈસા કેવલજ્ઞાનમેં ભાસિત હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા? અભી કેવલજ્ઞાન કિસકો કહતે હૈં ઉસકી ભી ખબર નહીં. આ તો વાડામાં પડ્યા એટલે માને. ભગવાન છે, ત્રણ કાળનું જ્ઞાન આમ છે. શું પણ ત્રણ કાળનું જ્ઞાન તે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. પડી છે કોને? ઓલા ધંધા આડે આખે દિ' પાપ ને પાપ. એમાં એકાદ કલાક (ધર્મ) કરવો જોઈએ નહિતર બગડશે ભવ. લાવો ને, થોડું કરીએ. એક કલાક જાય, કાંઈક સાંભળે ઊંધું ને સવળું ને... મોહનભાઈ! શું છે? ભગવાન શું કહે છે? આત્મા કોને કહીએ? એની શક્તિઓનો સમૂહ કેટલો છે? કેમ કહીએ? એ શક્તિની એક-એક સમયની અવસ્થાની તાકાત કેટલી છે? સમજાય છે કાંઈ? એની ખબરું ન મળે એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોઈ શકે નહિ.

એક સમયકે કેવલજ્ઞાનમેં ઈતની તાકાત હૈ કિ જૈસે ભૂતકાલકે દ્રવ્યકી વર્તમાન અવસ્થા હૈ નહીં, ભૂતકાલકી તો ચલી ગઈ, હોકર ગઈ. ભવિષ્યમેં હુઈ નહીં વહ અભી સત્તામેં હૈ ઔર વર્તમાનમેં પ્રગટ જો દશા એક સમયકી હૈ વહ, કેવલજ્ઞાનમેં તો વર્તમાનવત્ સબ ત્રિકાલ ઐસે ભાસિત હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા? એક સમય સૂક્ષ્મ. એક 'ક' બોલે ઉસમેં અસંખ્ય સમય જાયે. ઉસમેં એક સમયમેં કેવલજ્ઞાનકી પર્યાયકી ઈતની તાકાત હૈ. અમરચંદભાઈ! અબ ઈસ પર્યાયકી ઈતની તાકાત, ઉસકે ગુણકી કિતની તાકાત! ઔર એક એક અનંત ગુણકે (ધારક) દ્રવ્યકી કિતની તાકાત! સમજમેં આયા? માલૂમ નહિ, કુછ માલૂમ

નહીં. ભગવાન કહે છે, ભગવાન કહે ઈ સાચું જાઓ. પણ એને જ્ઞાનમાં તો આવ્યું નહિ, (તો) સાચુ ક્યાંથી આવ્યું તને? શું કહે છે પરમાત્મા અને એની ચીજની સામર્થ્યતા કેટલી છે એ તો ખબર નથી. ભીખાભાઈ! એ બધું શું? તમે પણ એમ કર્યું છે ને. આ બધા મોટા મોટા બેરિસ્ટર થાય ને ફલાણા થાય. શું કહેવાય? એ તો કલેક્ટર હતા. લ્યો. બહારના ડંફાસ બધા. એઈ..! આ વકીલ રહ્યા લ્યોને.

તત્ત્વ ક્યા હૈ? સર્વજ્ઞ પરમેશ્વરપના ઉસને પ્રાપ્ત કૈસે કિયા? ઔર ઉસને આત્મા કૈસા સામર્થ્યવાલા કહા? ખબર નહીં. આત્મા હૈ. પરંતુ આત્મા ક્યા હૈ? આત્મા તો હૈ. આત્મા તો વસ્તુ હૈ ઈતના હુઆ. તો ઉસમેં કોઈ શક્તિ હૈ કિ નહીં? વસ્તુ તો એક દ્રવ્ય હુઆ દ્રવ્ય. દ્રવ્ય અર્થાત્ આત્મા હૈ. પરંતુ આત્મામેં કોઈ શક્તિ હૈ કિ શક્તિ બિનાકા દ્રવ્ય હૈ? ઉસમેં જ્ઞાનશક્તિ હૈ ગુણ. ગુણ કહો, શક્તિ કહો. ઉસ જ્ઞાનમેં અનંતી કેવલજ્ઞાન પર્યાય પ્રગટ હોનેકી તાકાત હૈ. ઉસમેં દર્શનગુણ હૈ તો અનંતી દર્શનગુણકી પર્યાય પ્રગટ કરનેકી તાકાત હૈ. ઉસમેં આનંદ હૈ તો ઉસમેં અનંત અતીન્દ્રિય આનંદ પ્રગટ હોનેકી આનંદમેં તાકાત હૈ. ઐસા અનંત ગુણકા પિંડ ઉસકે સન્મુખ દૃષ્ટિ કિયે બિના સમ્યગ્દર્શન કભી હોતા નહીં. સચ્ચી પ્રતીત જૈસા સત્ હૈ, જૈસા સત્ હૈ, દ્રવ્ય ઔર ગુણકે સામર્થ્યવાલા જિતના સત્ હૈ ઈતના સત્ પ્રતીતમેં આના (ઉસમેં) અનંત પુરુષાર્થ હૈ. સમજમેં આયા? ઉસકા નામ સમ્યગ્દર્શન અર્થાત્ સમ્યક્ પ્રશંસનીય પ્રતીતિ, પ્રશંસનીય પ્રતીતિ. તો પ્રશંસનીય સમ્યક્ પ્રતીતિકા અર્થ ક્યા?

જિસમેં એક એક ગુણમેં અનંતી શક્તિ, અનંતી પર્યાય હોનેકી (શક્તિ) ઔર ઉસકે સિવાય અનંતી શક્તિ. ઐસા અનંત ગુણ શક્તિરૂપ ઐસા ભગવાન આત્મા, ઈતની તાકાતવાલા હૈ ઐસી અંતરમેં દૃષ્ટિ જાતી હૈ ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ. ઉસકે સિવાય સમ્યગ્દર્શન હોતા નહીં. યહ તો દેવ-ગુરુકી શ્રદ્ધા કરો (વહ) સમકિત. નવ તત્ત્વકી શ્રદ્ધા (વહ સમકિત). લેકિન ક્યા નવ તત્ત્વ કિસકો કહના? સમજમેં આયા? કહો, સમજમેં આયા કુછ? યહાં તો કહતે હૈં, જૈસા તત્ત્વકા સ્વભાવ હૈ વહ, તીન કાલકી પર્યાયોં, એક વર્તમાનકી ભાંતિ તીન કાલકી પર્યાયોં '**વિશિષ્ટતાપૂર્વક (અપને-અપને ભિન્ન-ભિન્ન સ્વરૂપમેં) જ્ઞાનમેં વર્તતી હૈં.**' અપને જ્ઞાનકી પર્યાયમેં વહ પરદ્રવ્ય હૈ ઉસકી પૂર્વકી પર્યાય લાખ સમય પહલે કૌનસી થી, ભવિષ્યકી પર્યાય અનંત સમય (બાદ) કૌનસી હોગી, વહ સબ વિશિષ્ટ પૃથક્-પૃથક્ કાલસે, ભાવસે, ક્ષેત્રસે, પ્રદેશસે જૈસા ભિન્ન-ભિન્ન હૈ ઐસા એક સમયમેં ભગવાનકે જ્ઞાનમેં સબ જાનનેમેં આતા હૈ. ઐસી આત્માકી એક સમયકી પર્યાયકી તાકાત હૈ. સમજમેં આયા? ઓહો..હો..! વહ શબ્દાર્થ હુઆ.

'ટીકા :— (જીવાદિક) **સમસ્ત દ્રવ્યજાતિયોંકી...**' જીવ આદિ છહ દ્રવ્ય હૈં ન? જીવ, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ઔર કાલ વહ છહ દ્રવ્ય હૈં. '(જીવાદિક)

**સમસ્ત દ્રવ્યજાતિ...**' સબ દ્રવ્યજાતિ, દ્રવ્યકી જાતિ. ઉસકી '**પર્યાયોં...**' ઉસકી અવસ્થાયેં, હાલતેં, ઉસકી વર્તમાન હોનેવાલી દશાયેં. ઉસકી '**ઉત્પત્તિકી મર્યાદા...**' ઉસ પદાર્થકી અવસ્થાકી ઉત્પત્તિકી હદ '**તીનોંકાલકી મર્યાદા જિતની હોનેસે...**' સમય સમયમેં પર્યાય નયી-નયી પ્રત્યેક દ્રવ્યમેં હોતી હૈ. અનંતકાલ બીતા, અનંત કાલ આયેગા, સમય-સમયમેં પ્રત્યેક દ્રવ્યકી, પ્રત્યેક ગુણકી સમય-સમયમેં પર્યાય હોગી ઐસી તીન કાલકી ઉસકી મર્યાદા હૈ.

'**તીનોંકાલકી મર્યાદા જિતની હોનેસે...**' ઓહો..હો..! જિસકે ભૂતકાલકી આદિ નહીં ઔર ભવિષ્યકાલકા અંત નહીં. અંત હૈ? આત્મા ભવિષ્યમેં નાશ હોગા? ઔર આત્મા નયા હુઆ ઐસા હૈ? ઔર પરમાણુ નયા હુઆ ઐસા હૈ? ઔર પરમાણુ ભવિષ્યમેં નાશ હોગા ઐસા હૈ? તો એક એક પરમાણુ, એક એક આત્મા અનંત કાલસે નયી-નયી પર્યાય જો આતી હૈ ઔર અનંત કાલ તક રહેગા, વહ તીન કાલકી ઉસકી મર્યાદા દ્રવ્યકી પર્યાયકી હૈ. '(**વે તીનોંકાલમેં ઉત્પન્ન હુઆ કરતી હૈં...**' તીનોંકાલમેં પ્રત્યેક આત્મા ઔર પ્રત્યેક પરમાણુમેં... પરમાણુ યહ જડ, મિટ્ટી. દેખો, ઉસસે પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઐસા કહતે હૈં. રાત્રીકા પ્રશ્ન આયા ન કિ આત્માકે સાથ શરીર હૈ ન? નહીં હૈ. શરીર ભિન્ન હૈ, આત્મા ભિન્ન હૈ. યહ તો મિટ્ટી હૈ, ધૂલ હૈ. યહ પરમાણુ હૈ ઉસમેં ભી સમય-સમયમેં ઐસે તીન કાલમેં પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઐસી પરમાણુકી મર્યાદા હૈ. વહ પર્યાય આત્મા સે ઉત્પન્ન હોતી હૈ ઐસા નહીં. ક્યા કહતે હૈં? ક્યા કહા દેખો!

'**સમસ્ત દ્રવ્યજાતિયોંકી પર્યાયોંકી ઉત્પત્તિકી મર્યાદા તીનોંકાલકી મર્યાદા જિતની હોનેસે (વે તીનોંકાલમેં ઉત્પન્ન હુઆ કરતી હૈં ઈસલિયે), ઉનકી (ઉન સમસ્ત દ્રવ્ય જાતિયોંકી), ક્રમપૂર્વક તપતી હુઈ સ્વરૂપ-સંપદાવાલી (-એકકે બાદ દૂસરી પ્રગટ હોનેવાલી), વિદ્યમાનતા ઔર અવિદ્યમાનતાકો પ્રાપ્ત જો જિતની પર્યાયેં હૈં, વે સબ તાત્કાલિક (વર્તમાનકાલીન) પર્યાયોંકી ભાંતિ,..**' જાનતા હૈ. હમેં તો પહલે ઉસમેં યહ લેના હૈ કિ યહ પરમાણુ હૈ રજકણ એક એક. યહ (શરીર) કોઈ મૂલ ચીજ નહીં, યહ શરીર તો અનંત રજકણકા બના હુઆ પિંડ દિખતા હૈ. તો એક એક પરમાણુ, એક એક સમયમેં નયી નયી પર્યાય ઉત્પન્ન કરતે હૈં, ઐસી તીનકાલકી પર્યાય ઉત્પન્ન કરનેકી મર્યાદા પરમાણુમેં હૈ. આત્માસે ઉસમેં તીનકાલકી પર્યાય ઉત્પન્ન કરે ઐસા હૈ નહીં. સમજમેં આયા?

યહ એક શબ્દમેં કિતના ભરા હૈ દેખો! કિ '**દ્રવ્યજાતિયોંકી પર્યાયોંકી ઉત્પત્તિકી મર્યાદા તીનોંકાલકી મર્યાદા જિતની હોનેસે...**' બસ, જિતના ત્રિકાલ સમય અનંત હૈ ઉતની એક દ્રવ્યકી ઈતની પર્યાય હૈ. પર્યાય અર્થાત્ અવસ્થા, હાલત. ઈતની તીનકાલકે સમય જિતની. ઔર વહ ઉત્પત્તિ ઉસ દ્રવ્યમેં અપનેસે તીનકાલમેં સમય સમયમેં ઉત્પન્ન હોતી હૈ. પરદ્રવ્યસે નહીં ઔર પરદ્રવ્યકે કારણસે અપનેમેં નહીં. સમજમેં આયા? યહ ઐસે ચલતા હૈ ન? વહ પર્યાય જડકી હૈ, આત્માસે નહીં.

મુમુક્ષુ :- કૌન ચલાતા હૈ?

ઉત્તર :- કૌન ચલાયે? કૌન ચલાતા હૈ? વહ પર્યાય અપનેસે ઉત્પન્ન હોતી હૈ. આત્મામેં અપનેસે ઉત્પત્તિ હુઈ. વહ દ્રવ્ય હૈ ન? તો દ્રવ્યમેં તીનોં કાલકી ઉત્પત્તિકી મર્યાદા હૈ તો અપનેમેં તીનોં કાલકી પર્યાય અપનેસે ઉત્પન્ન હોતી હૈ. ખબર ન મળે કાંઈ. કહો, વકીલ! વકીલ તો હોંશિયાર હોય તો આમ બરાબર ભાષા કરે કે નહીં કોર્ટમાં? નહીં? ધૂળમાંય કરે નહિ. એ બધા ડંફાસી છે. જેઠાલાલભાઈ!

યહાં ક્યા કહતે હૈં? કિ '**સમસ્ત દ્રવ્યજાતિયોંકી...**' દ્રવ્યજાતિ-દ્રવ્યકી જો છહ જાત હૈ. ઉસકે અનંત '**પર્યાયોંકી ઉત્પત્તિકી મર્યાદા...**' તે દ્રવ્યમાં તે સમય-સમયની અવસ્થાની ઉત્પત્તિની હદ. ઉત્પત્તિકી મર્યાદા '**તીનોંકાલકી મર્યાદા જિતની હોનેસે...**' લો! પરમાણુમેં ભી સમય-સમયમેં ભૂતકાલ યા વર્તમાન, ભવિષ્ય તીનકાલમેં અપને-અપને કાલમાં અપની-અપની પર્યાય ઉત્પન્ન હોતી હૈ. આત્માસે ઉસમેં નહીં ઔર ઉસસે આત્મામેં નહીં. અન્યથા તીનોં કાલકી-દ્રવ્યકે કાલકી મર્યાદા કહાં રહેગી? ભગવાનજીભાઈ! આહા..હા..! મૈં બોલતા હૂં, મૈં શરીરકો ચલાતા હૂં. મૂઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. જૈનતત્ત્વ ભગવાનને કહા ઉસકી તુજે પ્રતીતિ હૈ નહીં. સમજમેં આયા?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ઉસકી પર્યાયમેં ઐસે દેખતે હૈં કિ પ્રત્યેક દ્રવ્યકી પર્યાય જિતના તીન કાલ હૈ ઈતની પર્યાય હૈ ઉસ-ઉસ સમયમેં તીન કાલકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઉસકી મર્યાદા હૈ. એક એક દ્રવ્યમેં. પરદ્રવ્યસે નહીં ઔર પરદ્રવ્યસે અપનેમેં નહીં. સમજમેં આયા? આહા..હા..! દેખો! યે શરીર ઐસે હોતા હૈ તો કહતે હૈં, વહ તો પરમાણુકી પર્યાય ઉસ સમયમેં ઉત્પન્ન હોનેમેં તીન કાલકી મર્યાદા ઉસમેં હૈ. ઔર આત્મા ક્ષેત્રાંતર હોતા હૈ ઉસમેં, વહ અપને કારણસે પર્યાય ક્ષેત્રાંતર હોતી હૈ. શરીર ચલા તો અપની પર્યાય ચલી ઐસા ભી નહીં ઐસા કહતે હૈં. તત્ત્વની ખબર ન મળે, ખીચડો કરે અને મિથ્યાદૃષ્ટિપણું સેવે. વહ કહતે હૈં. સમજમેં આયા?

આત્મા ભી ઐસે ક્ષેત્રાંતર હોતા હૈ દેખો. યહ હોઠ હિલતે હૈ ન હોઠ? વહ સમય સમયકી પર્યાય વહ પરમાણુકી-રજકણકી હોતી હૈ. ઔર વહ તીનોં કાલમેં ઉત્પન્ન હોતી હૈ એક એક પરમાણુ ઐસી પર્યાયકી મર્યાદા હૈ. ઔર ઉસમેં આત્માકા પ્રદેશ જો હિલતા હૈ થોડા, ક્ષેત્રાંતર હોતા હૈ વહ ભી અપની પર્યાયમેં ઉત્પત્તિ હોતી હૈ. વહ પર્યાય, હોઠ હિલતા હૈ તો આત્માકી પર્યાય ક્ષેત્રાંતર હોતી હૈ ઐસા નહીં. ઔર ક્ષેત્રાંતર અપના અંદર પ્રદેશ હોતા તો યહ હાથ ઐસા હોઠમેં ઐસા હોતા હૈ ઐસા નહીં. ક્યોંકિ પ્રત્યેક દ્રવ્યમેં પર્યાયકી ઉત્પત્તિ(કી મર્યાદા) તીન કાલ જિતની હૈ. કહો, બરાબર છે? જગજીવનભાઈ! ભારે, આ તો જૈનમાં જન્મ્યાને જૈનની ખબર ન મળે. નટુભાઈ! બરાબર છે ને? દરકારે ક્યાં છે? ભગવાન કહે છે ઈ સાચું, કરો આપણે હવે. કરો સામાયિક, કરો પોષા.

મુમુક્ષુ :- ક્રિયા તો કાંઈક કરવી જ જોઈએ ને.

ઉત્તર :- પણ કઈ ક્રિયા? કોની ક્રિયા? કોણ કરે? એનું જ્ઞાન તો કરવું જોઈએ કે નહિ? આ તો જડની પર્યાય છે. ઐસી હોતી હૈ. ભાષા જડકી પર્યાય હૈ. સમજમેં આયા? ઐસા લાઓ ભાઈ! કપડા છોડો, બૈઠ જાઓ. યહ પર્યાય ઐસી હુઈ વહ તો જડકી પર્યાય હુઈ. તુમ કહતે હો કિ હમારેસે હુઈ. તો ઉસકી પર્યાયકા કાલ હૈ ઐસે ઉત્પન્ન હોનેમેં ઔર તુમને ઉત્પન્ન કી? તો અજીવ પર્યાયકી ઉત્પત્તિકી મર્યાદા ઉસમેં હૈ નહીં ઔર જીવ માનતા હૈ કિ મેરેસે હુઈ, (તો) મિથ્યાદૃષ્ટિ અજીવકો જીવ માનતા હૈ.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે, ભગવાને કપડા છોડ્યા.

ઉત્તર :- કાંઈ છોડ્યા નથી. કોણ છોડે? એઈ..! ભીખાભાઈ! કપડેકી પર્યાય વહ છૂટનેકી ક્ષેત્રાંતર હોનેકી મર્યાદા પરમાણુમેં ઉસ કાલમેં વહ પર્યાય ઉત્પત્તિકા કાલ નહીં થા? ભૂતકાલકી પર્યાયકા ઉત્પન્ન કાલ ભૂત થા, વર્તમાનકી પર્યાયકા ઉત્પન્ન (કાલ) વર્તમાન હૈ, ભવિષ્યકી ઉત્પન્ન (હોનેકા કાલ) ભવિષ્ય હૈ. તીનોં કાલકી પર્યાય ઉત્પન્ન હોનેમેં મર્યાદા ઉસકી હૈ. તો કોઈ દ્રવ્યકી પર્યાય કોઈ દ્રવ્યસે હોતી હૈ (ઐસા) તીન કાલ તીન લોકમેં બનતા નહીં.

મુમુક્ષુ :- અબાધિત.

ઉત્તર :- અબાધિત ત્રિકાલ વસ્તુકા સ્વરૂપ ખબર નહીં. ફિર કરો સામાયિક. તાવકાયં ઠાણેણં.... મિથ્યાત્વ કિયા. સમજમેં આયા? એય..! ભીખાભાઈ! તાવકાયં ઠાણેણં માણેણં ઠાણેણં... કાયાને આમ રાખું, વાણીને આમ રાખું. હવે એ તો પર્યાય જડની છે. એને તું શું રાખ? એ તો માટીની પરમાણુની પર્યાય છે. કારણ કે દ્રવ્યજાતિની ત્રણ કાળની પર્યાયની મર્યાદા દ્રવ્યમાં છે, પરમાં નથી.

મુમુક્ષુ :- આવું ચાલતું નથી ક્યાંય, શું કરે?

ઉત્તર :- ચાલતું નથી તો એને સમજવું પડશે ને. આહા..હા..! કહો, સમજમેં આયા?

ક્યા કહા? દેખો! '(જીવાદિક) **સમસ્ત દ્રવ્યજાતિયોંકી...**' અર્થાત્ છ દ્રવ્ય ભગવાનને દેખે અનંત આત્મા, અનંતા પરમાણુ, એક ધર્માસ્તિ આદિ. '**પર્યાયોંકી ઉત્પત્તિકી...**' ઉસકી વર્તમાન અવસ્થાકી ઉત્પત્તિકી '**મર્યાદા...**' નામ હદ. '**તીનોંકાલકી મર્યાદા જિતની હોનેસે...**' તીન કાલકી મર્યાદા જિતની પ્રત્યેક દ્રવ્યમેં પર્યાય ઉત્પત્તિકા કાલ હૈ. તો જો જો સમયમેં જહાં-જહાં જો દ્રવ્યકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ વહ દ્રવ્ય અપને કાલસે ઉત્પન્ન હોતી હૈ, પરસે ઉત્પન્ન હોતી નહીં. ભગવાન ઐસા કેવલજ્ઞાનમેં દેખતે હૈં ઐસા કહતે હૈં યહાં. કહતે હૈં દેખો!

'**તીનોંકાલકી મર્યાદા જિતની હોનેસે (વે તીનોંકાલમેં ઉત્પન્ન હુઆ કરતી હૈં ઈસલિયે),...**' તીનોંકાલમેં દરેક દ્રવ્યમેં ઉત્પન્ન હુઆ કરતી હૈ. તો વર્તમાનમેં ભી ઉત્પન્ન હુઆ કરતી હૈ વહ ઉસકે કારણસે હૈ. અપને કારણસે પરમેં નહીં ઔર પરકે કારણસે અપનેમેં

નહીં. કહો, સમજમેં આયા? વસ્તુ હૈ ન? દ્રવ્ય હૈ કિ નહીં? દ્રવ્ય હૈ તો દ્રવતા હૈ કિ નહીં? સમય-સમયમેં અનંત ગુણકી પર્યાય એક સમયમેં અનંતી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. ગુણ અનંત હૈ ન, તો પ્રત્યેક ગુણકી (પર્યાયકી) ઉત્પત્તિકા કાલ તીનકાલકે જિતના હૈ. જિતના તીનકાલ હૈ ઉતની પર્યાય હૈ. તો ઉસ-ઉસ કાલમેં ઉત્પન્ન હોનેકા ઉસકા સ્વભાવ હૈ. આત્માસે પરકી પર્યાયકા ઉત્પન્ન હોના નહીં ઔર પરકી પર્યાયસે અપની (પર્યાય ઉત્પન્ન) હોના નહીં. અબ ઈતની ભી ખબર નહીં જડ ચૈતન્યકી ભિન્નતા, ઉસકો સમ્યગ્દર્શન કહાં સે હોતા હૈ? સમજમેં આયા? પરકી ભિન્નતા. ઔર પીછે પર્યાય મેરી મેરેમેં, પરકી પર્યાય પરમેં. ઔર પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઈતના ભી મૈં નહીં. ઔર વહ પરદ્રવ્ય ભી એક પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઈતના ભી વહ પરદ્રવ્ય નહીં. આહા..હા..! જેઠાલાલભાઈ!

ઐસી ત્રિકાલકી ઉત્પન્ન હોનેવાલી પર્યાય ઐસા દ્રવ્ય મૈં હૂં, ઐસા દ્રવ્ય મૈં હૂં. તો તીન કાલકી પર્યાય, વર્તમાનમેં પ્રગટ અંશ હૈ, ભૂત ઔર ભવિષ્યકી નહીં, પરંતુ ઉન સબકી ઉત્પત્તિ મેરે દ્રવ્યસે ઉત્પન્ન હોતી નહીં. ઉસકે દ્રવ્યસે ઉસકી પર્યાય તીનોં કાલમેં, મેરે દ્રવ્યસે મેરી ઉત્પત્તિ પર્યાય તીનોં કાલમેં. ઐસી દૃષ્ટિ હો તો દ્રવ્યસ્વભાવ ત્રિકાલ હૈ ઉસકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શનકી ઉસ સમયકી પર્યાય અપનેસે અપને કાલમેં શ્રદ્ધા-ગુણકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. સમજમેં આયા? આહા..હા..!

શ્રદ્ધા ભી ગુણ હૈ ન આત્મામેં ત્રિકાલ? તો ઉસકી પર્યાય ઉત્પત્તિકા કાલ ભી ત્રિકાલ હૈ કિ નહીં? શ્રદ્ધાગુણ ત્રિકાલ હૈ તો પર્યાય ઉત્પન્ન હોનેકા (કાલ) ત્રિકાલ હૈ. તો શ્રદ્ધાગુણકી સમ્યગ્દર્શનકી પર્યાય અપનેસે હોતી હૈ. તો ઉસકા અર્થ ક્યા હુઆ? કિ શ્રદ્ધાકો ધરનેવાલા જો આત્મા ઉસકી દૃષ્ટિ કરનેસે શ્રદ્ધાગુણકી સમ્યક્ પર્યાય જો હૈ વહ અપનેસે ઉત્પન્ન હોતી હૈ. દર્શનમોહકા અભાવ કરનેસે ઔર કર્મકા અભાવ હુઆ તો હુઈ ઐસા હૈ નહીં. ભીખાભાઈ! આમ ને આમ સાંભળ્યા નહિ અને ઠેકાણા કૂટ્યા. વીતરાગ પરમાત્મા ક્યા દ્રવ્યકી જાત, દ્રવ્યકી પર્યાયકી જાત, કિતના કાલ ઔર કિતને કાલમેં ઉસમેં ઉત્પન્ન હોતી હૈ, ઉસકી મર્યાદા ક્યા હૈ? (યહ ફરમાતે હૈં). કૈસી ભાષા હૈ દેખો!

'**દ્રવ્યજાતિયોંકી પર્યાયોંકી ઉત્પત્તિકી મર્યાદા તીનોંકાલકી મર્યાદા જિતની હોનેસે...**' જિતના તીનકાલ હૈ ઉતની પર્યાય હૈ. ઉતને સમય જિતની. આહા..હા..! એક 'ક' બોલે ઉસમેં અસંખ્ય સમય જાતા હૈ. અસંખ્ય સમય. તો એક એક સમયમેં પ્રત્યેક દ્રવ્યકી પર્યાય અપને સે ઉત્પન્ન હોતી હૈ. ઐસા તીનકાલમેં ઉત્પન્ન હોતા હૈ વહ દ્રવ્યકી મર્યાદા હૈ. કહો, ક્યા કહા? વ્યાપાર-વ્યાપાર કરતે હૈં, યે તો વકીલાત કરની નહીં હૈ અબ તો, વ્યાપાર કરના હૈ ઉસકો. વ્યાપાર કર સકતે નહીં ઐસા કહતે હૈં. આહા..હા..!

કહતે હૈં, એક રૂપયા હૈ ન? યહાં સે ઐસે જાતા હૈ, તો કહતે હૈં કિ ઉસ પરમાણુકી ઉસ સમયમેં વહ પર્યાય ઉત્પન્ન હોનેકી ઉસકી મર્યાદા (હૈ). ઐસે ઉસ પરમાણુમેં તીનકાલકી

પર્યાય ઉત્પન્ન હોનેકી પરમાણુકી મર્યાદા હૈ. તો રૂપયા ઐસા ગયા વહ હાથસે નહીં ગયા, આત્માકી ઈચ્છાસે નહીં ગયા. આત્માકી ઈચ્છા હો કિ પૈસા ઉસકો દૂં. તો ઈચ્છાસે પૈસા ઉસકો જાતા હૈ પરકો ઐસી બાત તીનકાલમેં હૈ નહીં. યહાં ઐસા કહતે હૈં. વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. કહો, ભગવાનભાઈ! શું આ કર્યું સામાયિક ને કર્યા હતા ને બધા પોષા અને પડિકમણા? ઘણું કર્યું ખોટા. ખોટા ખોટા, સાચા નહિ. ખબર ન મળે. જૂના માણસ છે ને. પણ ક્યાં ચાલતું નથી એ. આ કરો સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો. ઓલા હોય તો કહે, પૂજા કરો, દેરાસર જાઓ ને દેરાસરની ભક્તિ કરો ભગવાનની. ઓલો કહે, ભક્તિ કાઢો એ સંઘ કાઢો. હવે ઈ તો બધું સાંભળને. વહ તો પરમાણુકી જિસ સમય જો પર્યાય હોનેવાલી હૈ વહ હોતી હૈ. અપને આત્મા (સે હોતી નહીં). ભગવાનકે જ્ઞાનમેં દ્રવ્યકી તીનકાલકી પર્યાય જિસ કાલમેં ઉત્પન્ન હોતી હૈ વહ, જ્ઞાનકી પર્યાયમેં વર્તમાનવત્ દેખતે હૈં ઐસા કહતે હૈં. આહા..હા..! આકરી વાત છે, સાંભળવા તૈયાર નહોતું. વાત સાચી. આહા..હા..!

'**(ઉન સમસ્ત દ્રવ્ય-જાતિયોંકી), ક્રમપૂર્વક તપતી હુઈ...**' દેખો ભાષા! '**ક્રમપૂર્વક તપતી હુઈ...**' પ્રત્યેક પદાર્થમેં-આત્મામેં, પરમાણુમેં. એક નિગોદકા એક શરીર હો તો અનંત આત્મા હૈ. ઔર અનંત આત્મામેં એક એક આત્મામેં ઔર ઉસમેં રજકણ કર્મકા એક એક રજકણમેં '**ક્રમપૂર્વક તપતી હુઈ...**' દેખો, ક્રમબદ્ધ આયા. ક્રમ-ક્રમસે ઉસ દ્રવ્યમેં પર્યાય તપતી હુઈ, ઉત્પન્ન હોતી હુઈ. દેખો! '**સ્વરૂપ-સમ્પદા વાલી હૈ...**' ક્રમપૂર્વક તપતી હુઈ સ્વરૂપ સંપદા. અપને સે પ્રગટ હો ઐસી સ્વરૂપકી સંપદાવાલી વહ પર્યાય હૈ. આહા..હા..! સમજમેં આયા? '**ક્રમપૂર્વક તપતી હુઈ...**' અર્થાત્ એક સાથમેં તીનોંકાલકી પર્યાય ઉત્પન્ન નહીં હોતી ઐસા કહતે હૈં. ક્રમસે, પરમાણુમેં ઔર આત્મામેં ક્રમસર પર્યાય તપતી હુઈ, તપતી અર્થાત્ ઉત્પન્ન હોતી હુઈ, શોભતી હુઈ સ્વરૂપ સંપદા. વહ પર્યાયકી સ્વરૂપ સંપદા હૈ.

'**(-એકકે બાત દૂસરી પ્રગટ હોનેવાલી), વિદ્યમાનતા ઔર અવિદ્યમાનકો પ્રાપ્ત...**' ભૂતકાલકી પર્યાય જો ગઈ હૈ ઔર વર્તમાનકી ઉત્પન્ન હુઈ ઔર ભવિષ્યકી ઉત્પન્ન નહીં હુઈ, સબકો '**જો જિતની પર્યાયેં હૈં,...**' જિતની પર્યાય હૈ દ્રવ્યકી, આહા..હા..! '**વે સબ તાત્કાલિક (વર્તમાનકાલીન) પર્યાયોંકી ભાંતિ, અત્યંત મિશ્રિત હોનેપર ભી...**' ક્યા કહતે હૈં? એક સમયમેં અનંતા ગુણકી જૈસે એક સમયમેં અનંતી મિશ્રિત પર્યાય એક સમયમેં હૈ. સમજમેં આયા? અનંત હૈ ન? એક આત્મામેં અનંત ગુણ હૈ. જ્ઞાન, દર્શન આદિ અનંત. તો એક સમયમેં, અનંતી પર્યાય મિશ્રિત એક સમયમેં સાથમેં હૈ. એક સમયમેં સાથમેં. પરંતુ કેવલી તો એક એક પર્યાય ભિન્ન-ભિન્ન દેખતે હૈં ઐસા કહતે હૈં. ઉસકા પ્રદેશ ભિન્ન, ઉસકા કાલ ભિન્ન, ઉસકા ભાવ ભિન્ન ઐસે ભગવાન દેખતે હૈં. આહા..હા..! સમજમેં આયા?

'**પ્રગટ હોનેવાલી, વિદ્યમાનતા ઔર અવિદ્યમાનકો પ્રાપ્ત જો જિતની પર્યાયેં**

**હૈં, વે સબ તાત્કાલિક પર્યાયોંકી ભાંતિ,...'** જાને. ઐસે વર્તમાન હો ઐસી ભૂત ઔર ભવિષ્યકી પર્યાય ઉસ-ઉસ સમયકી ભિન્ન-ભિન્ન અપની સંપદાસે શોભતી હૈ, પ્રગટ હોતી હૈ. હૈ, અસ્તિપને હૈ ઉસકો **'અત્યંત મિશ્રિત હોનેપર ભી...'** નીચે કૌંસમેં હૈ. **'જ્ઞાનમેં સમસ્ત દ્રવ્યોંકી તીનોંકાલકી પર્યાયેં એક હી સાથ જ્ઞાત હોને પર ભી પ્રત્યેક પર્યાયકા વિશિષ્ટ સ્વરૂપ...'** વિશિષ્ટ નામ ખાસ સ્વરૂપ. એક એક આત્માકી એક સમયકી પર્યાયકા ખાસ ભિન્ન સ્વરૂપ, દૂસરી પર્યાયસે ભી ઉનકા ભિન્ન સ્વરૂપ, એક સમયમેં હોનેપર ભી... ઐસે પરમાણુ એક રજકણ હૈ ઉસમેં અનંત ગુણ હૈ. તો એક સમયમેં અનંત ગુણકી અનંતી પર્યાય એક સમયમેં મિશ્રિત અર્થાત્ સાથમેં હૈં. ઉસકો ભગવાનકા જ્ઞાન પ્રત્યેક પર્યાયકા ખાસ સ્વરૂપ, પ્રત્યેક પર્યાયકા—અવસ્થાકા ખાસ પ્રદેશ, ઉસકા સમય, ઉસકા આકાર, **'ઈત્યાદિ વિશેષતાયેં...'** કેવલજ્ઞાનમેં **'સ્પષ્ટ જ્ઞાત હોતા હૈ;...'** લોગ કહતે હૈં કિ કેવલજ્ઞાની સામાન્યકો દેખે, વિશેષકો નહીં. સમજમેં આયા? ક્યોંકિ વિશેષ દેખે તો હો ગયા. ભગવાનને દેખા ઐસા હોતા હૈ, અબ હમેં કરના ક્યા રહા? અરે..! સુન તો સહી. વહ કહતે હૈં ભગવાન. ભગવાનકે જ્ઞાનકી પર્યાયમેં દરેક દ્રવ્યકી જો-જો અવસ્થા જો સમયમેં જો ભાવસે, જો પ્રદેશમેં જો હૈ, એક એક પર્યાયકો ભિન્ન-ભિન્ન કરકે ભગવાન જાનતે હૈં. ધર્મચંદજી! તો કહતે હૈં કિ ઐસા જો વિશેષપને સબકી વિશેષતા જાને, તો જબ જહાં પર્યાય હોની હૈ વહ હોગી. ભગવાનને દેખા ઐસા હુઆ. તો હમારે કરના ક્યા રહા? અરે..! સુન તો સહી.

ઐસા જબ જહાં પર્યાય, જબ જો સમયમેં હોતી હૈ ભૂત-ભવિષ્યકી, ઐસા કેવલજ્ઞાનમેં આયા, ઐસી કેવલજ્ઞાનકી પર્યાયકી જિસકો પ્રતીત હો, એક સમયમેં પ્રત્યેક પર્યાય ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... જો સમયમેં હોનેવાલી ભૂત, ભવિષ્ય, વર્તમાન જાનતે હૈં, ઐસી જ્ઞાનકી એક સમયકી પર્યાયકી પ્રતીત જબ હોતી હૈ, કબ હોતી હૈ? વહ હોનેવાલી હૈ ઉસકો જાનતા હૈ જ્ઞાન, ઉસ જ્ઞાનકી પ્રતીતિ કબ હોતી હૈ? કિ વહ પર્યાય જિસમેંસે નીકલતી હૈ ઐસા દ્રવ્ય, ઐસા દ્રવ્ય, ઉસ દ્રવ્યકે સ્વભાવકી દૃષ્ટિ કરનેસે, કેવલજ્ઞાનકી પર્યાય હો ઉસ અનુસાર બનતા હૈ ઉસકા નિર્ણય ઉસકો દ્રવ્યસ્વભાવકે આશ્રયસે હોતા હૈ. આહા..હા..! ભારે વાત કઠણ. સમજમેં આયા?

એક સમયકી પર્યાયમેં તીનકાલ તીનલોક (જાનતે હૈં). તો જહાં-જહાં જો પદાર્થકી જો પર્યાય જો ક્ષેત્રમેં, જો કાલમેં વહ ભાવસહિત જો જહાં જિસ ગુણકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ સબ કેવલજ્ઞાનકી પર્યાય વર્તમાનવત્ દેખતે હૈં. તો ઐસા હો ગયા કિ ભગવાનકે જ્ઞાનમેં તીનકાલ તીનલોક કી પર્યાય દેખનેમેં આતી હૈ, ઐસા બનતા હૈ. અબ હમારે ક્યા કરના? પરંતુ સુન તો સહી. ઐસા વિશ્વાસ તુજે આયા હૈ અભી? આહા..હા..! ઐસા જો વિશ્વાસ તુઝે હો કિ એક સમયમેં તીન કાલ તીન લોકકી જિતની પર્યાય હૈ, એક સમયમેં જહાં-જહાં ઉત્પન્ન હોતી હૈ ભગવાન દેખતે હૈં. ઐસા જ્ઞાનગુણકી એક પર્યાયકા સામર્થ્ય હૈ. ઐસા

વિશ્વાસ કબ આતા હૈ? કિ એક સમયકી પર્યાયિકા વિશ્વાસ (કિ) દ્રવ્યમેંસે વહ પર્યાય આતી હૈ. તો જ્ઞાયકસ્વભાવ મેરા કિતના હૈ ઐસી દૃષ્ટિ કરને સે સમ્યગ્દર્શન હોતા હૈ. તબ પુરુષાર્થ સ્વભાવ સન્મુખ હો ગયા. આહા..હા..! ભારે ઝીણી વાતું ભાઈ. વીતરાગનો માર્ગ એવો લોકોએ વીંખીને પીંખી નાખ્યો છે ને. વાસ્તવિક તત્ત્વ જ હાથમાં રહેવા દીધું નથી. ઊલટા ઊલટા ઊલટા સબ ઔર માનતે હૈં કિ હમ બરાબર હૈ. સમજમેં આયા? ઓહો..હો..!

કહતે હૈં, જો દ્રવ્યકા જો ક્ષેત્રમેં જો સમયમેં જો ભાવસે જો ભાવ પર્યાય ઉત્પન્ન હોગી, ભૂતકી ભૂતમેં, વર્તમાનકી વર્તમાનમેં, ભવિષ્યકી ભવિષ્યમેં, સબ જ્ઞાનકી પર્યાય, કેવલજ્ઞાનકી પર્યાયમેં વર્તમાનવત્, યે વર્તમાનવત્ તીનકાલ તીનલોક ભગવાન જ્ઞાનમેં જાનતે હૈં. ઐસી જ્ઞાનકી એક સમયકી સામર્થ્યતા હૈ. આહા..હા..! સમજમેં આયા? વહ તીનકાલ ઔર લોકાલોક ઔર યહાં એક સમયકા જ્ઞાન. તીન કાલ, લોકાલોક ક્ષેત્ર. અનંત દ્રવ્ય, અનંત ગુણ, અનંતી ત્રિકાલ પર્યાયિકી મર્યાદા. ભગવાન તો એક હી સમયમેં વર્તમાનવત્ સબ દેખતે હૈં. ઓહો..હો..! ઈતના જ્ઞાનકી પર્યાય, ઈતની તાકાત એક સમયમેં, એક પર્યાયિકી ઈતની તાકાત (ઉસકી) પ્રતીત—વિશ્વાસ કિસકો આવે? સમજમેં આયા? કિ પર્યાયમેં ઈતની તાકાત હૈ તો વહ પર્યાય કિસમેં સે આતી હૈ? પર્યાય તો એક સમયકી હૈ. તો દ્રવ્યમેં સે કેવલજ્ઞાનકી પર્યાય આતી હૈ. દૂસરે સમયકી પર્યાય કેવલજ્ઞાન ભી દૂસરે સમયમેં દૂસરા હોતા હૈ, તીસરે સમયમેં તીસરા હોતા હૈ. કેવલજ્ઞાન પર્યાય હૈ, ગુણ નહીં. તો ઐસી એક સમયકી પર્યાયિકા ઈતના સામર્થ્ય, તો વહ પર્યાય જિસમેં સે ખાનમેં સે નીકલતી હૈ ઉસ ગુણકા કિતના સામર્થ્ય! તો એક ગુણકા ઈતના અનંતા સામર્થ્ય કેવલજ્ઞાનકે પર્યાયસે અનંતગુના, અનંતગુના સામર્થ્ય. કેવલજ્ઞાનકી પર્યાયસે એક ગુણકા અનંતગુના સામર્થ્ય, તો એક દ્રવ્યકા કિતના સામર્થ્ય? અનંતા ગુણકા સામર્થ્ય ઈતના એક દ્રવ્યકા સામર્થ્ય. સમજમેં આયા? ઓહો..હો..! કૈસી બાત કી હૈ ન!

જ્ઞાન અધિકાર હૈ યહ જ્ઞાનતત્ત્વ. જ્ઞાનકે સત્ત્વકી પર્યાયકી પ્રગટતાકી કિતની તાકાત! તીન કાલ તીન લોકકી જિતની પર્યાય દ્રવ્યકી હૈ સબકો ભિન્ન-ભિન્ન કરકે, જ્ઞાનમેં ભિન્ન કરકે નામ ભિન્ન જૈસે હૈ ઐસે જ્ઞાન જાન લેતા હૈ. ખાસ વિશિષ્ટ કહા ન? વિશિષ્ટ પર્યાયેં. વિશિષ્ટસ્વરૂપ, ખાસ સ્વરૂપ જિતના હૈ ઉન સબકા. '**સબ પર્યાયોંકે વિશિષ્ટ લક્ષણ**...' ખાસ લક્ષણ. એક પરમાણુમેં હરી અવસ્થા સમયમેં હુઈ તો ઉસકા લક્ષણ જ્ઞાનમેં આયા કિ વહ વર્તમાન હરી હૈ. લીલી સમજે? હરી. ઔર દૂસરે સમયમેં હરી પર્યાય સફેદ હોય જાયે તો ઉસ સમયમેં ઉસકી ઉત્પત્તિકી મર્યાદા વહ સફેદ હોનેકી થી. ઐસે કેવલજ્ઞાન એક સમયમેં પહલી હરી દીખી, દૂસરેમેં યહ દીખી ઐસી મર્યાદા એક પરમાણુકી હૈ. ઐસે આત્મા. આત્મામેં એક સમયમેં કેવલજ્ઞાન હુઆ, સર્વજ્ઞ પરમેશ્વરને દેખા કિ વહ કેવલજ્ઞાનકી પર્યાય ઉસ સમય ઉત્પન્ન હોને કે લાયક મર્યાદા હૈ. સમજમેં આયા?

તો પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયમેં ભિન્ન-ભિન્ન પર્યાય જૈસે ઉત્પન્ન હોતી હૈ ઐસા વિશિષ્ટ

લક્ષણસહિત કેવલજ્ઞાનકી એક સમયકી દશા સબકો પહુંચ જાતી હૈ. વર્તમાનવત્. ઓહો..હો..! એક સમયકી ઈતની તાકાત. એક સમયકા પર્યાય તો ઐસી અનંતી પર્યાયકા ધરનેવાલા તો ગુણ હૈ જ્ઞાન. યહાં જ્ઞાનતત્ત્વકા અધિકાર હૈ ન. તો અનંત પર્યાયકા ધરનેવાલા ઐસી અનંતગુણી શક્તિવાલા જ્ઞાનગુણ હૈ. તો વહ જ્ઞાનગુણ જો અસાધારણ ત્રિકાલ સ્વભાવ હૈ, ઉસકી જહાં દૃષ્ટિ કરે તો ગુણકો ધરનેવાલા દ્રવ્ય હૈ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોને સે મહાસામર્થ્યવાલા ભગવાન આત્મા, ઉસકી મહાસામર્થ્યવાલેકી પર્યાયમેં પ્રતીતિ અનંત વીર્યસે ઉત્પન્ન હોતી હૈ. આહા..હા..! સમજમેં આયા? તો ઉસમેં પીછે, ભગવાનને દેખા તો ક્યા કરના? વહ પ્રશ્ન રહેગા નહીં. સમજમેં આયા?

ઉસમેં ભી કહા ન. શીતલનાથકી સ્તુતિ હૈ ન. દેવચંદજી. ખતરગચ્છમેં શ્વેતાંબરમેં હુઆ હૈ. ઉસને ભી ઐસા કહા હૈ 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ રાજનીતિએ ચાર જી. ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર જી. દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ગુણ.' સબ વસ્તુકા દ્રવ્ય, ઉસકા ક્ષેત્ર, ઉસકા સ્વકાલ, ઉસકી શક્તિ ઔર ઉસકા ભાવ રાજનીતિએ.. દ્રવ્યનો સ્વભાવ, ત્રિકાલ ઐસા હૈ. 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર જી.' સર્વજ્ઞ પર્યાયમેં ભગવાનને જો દેખા હૈ ઐસા વહાં જડ-ચૈતન્યમેં હોગા, હોગા ઔર હોગા. વહ ત્રાસ બિના—પરકે પરાધીન બિના. સમજમેં આયા? વહ શીતલનાથકી સ્તુતિ હૈ. ખતરગચ્છમેં હુઆ ન. વસ્તુકા કુછ ઠિકાના નહીં. સમજમેં આયા?

તીન કાલ તીન લોક જિસકી એક પર્યાયમેં હથેલીમેં આયે ઐસે વર્તમાનવત્ આ ગયા. આહા..હા..! ઐસી આત્મા દ્રવ્યકી, ગુણકી એક સમયકી પર્યાય એક જ્ઞાનકી, એક સમયકી પર્યાય—અવસ્થાકી ઈતની તાકાત. વહ તાકાત ક્યા રાગસે ઉત્પન્ન હોતી હૈ? રાગ બિનાકી નિર્મલ પર્યાય ઈતની ક્યા પુણ્યકી ક્રિયાસે ઉત્પન્ન હોતી હૈ? સમજમેં આયા? દયા, દાન, વ્રત, ભક્તિ સબ તો વિકલ્પ હૈ, વહ તો રાગ હૈ. જિસમેં રાગ નહીં ઐસા અનંત સામર્થ્યવાલા ગુણ હૈ ઔર ઐસા અનંત ગુણવાલા દ્રવ્ય હૈ ઉસકે આશ્રય સે સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર ચારિત્ર ધર્મ હોતા હૈ. સમજમેં આયા? ઔર ઉસ સામર્થ્યકે કારણ કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. ઉસ કેવલજ્ઞાનમેં તીન કાલ તીન લોકકી પર્યાય એક સમયમેં જાનનેમેં આ જાતી હૈ. ઔર ઐસે હી ઉત્પન્ન વહ અંદર હોતા હૈ. કેવલજ્ઞાનને દેખા દૂસરા ઔર પરમેં હો દૂસરા ઐસા ફેરફાર તીન કાલમેં હોતા નહીં. સર્વજ્ઞકી ખબર નહીં, અભી કેવલજ્ઞાન કિસકો કહના, કેવલજ્ઞાનકી પર્યાયકી તાકાત કિતની? સમજમેં આયા?

વહ ચર્ચા હુઈ ન અપને નહીં? કુંડલામેં. વહ આયે થે ન ઝવેરચંદભાઈ. બડે પત્રકાર થે સ્થાનકવાસીકે. આયે ચર્ચામેં ૨૦૦૬ સાલમેં. ઉપાદાનસે કામ હોતા હૈ, નિમિત્તસે હોતા હૈ, નિમિત્તસે હોતા હૈ ઈસકી ચર્ચા લાયે. અચ્છા ભાઈ! સુનો. સુનો તુમ. જિસ સમયમેં જો પર્યાય ઉત્પન્ન હોતી હૈ વહ ભગવાનને દેખી હૈ કિ નહીં? નહીં નહીં, ઉસકા કુછ કામ

નહીં હૈ. કેવલજ્ઞાનમેં દેખી (હૈ)? નહીં, ઉત્પન્ન હોગી તબ (જાનેંગે). ઐસા કહા. ઉત્પન્ન થશે તે દિ' જાણશે. એમ કેવળજ્ઞાનનો એવો સ્વભાવ છે કે એ જ્યારે ઉત્પન્ન થાશે ત્યારે જાણશે કે આ પ્રમાણે થશે એમ વર્તમાનમાં જાણે છે? ત્યારે ઓલા ભગવાનજીભાઈ હતા ને, ભગવાનજી. પ્રેમચંદભાઈના વેવાઈ. પ્રેમચંદ ખારાના વેવાઈ હતા ને, ભગવાનજી. ઈ કહે, ના. એ આવ્યા હતા બધા એની સાથે વિરોધ કરવા. સમજ્યાને? ઉપાદાનથી થાય. એકલું ઉપાદાન નહિ... ભગવાને દીઠું છે કે નહિ, જે સમયે અહીં ઉત્પન્ન થશે તે વખતે નિમિત્ત આ હશે ને ઉપાદાન... એ સમયની પર્યાય ભગવાને નથી જોઈ? ત્યારે કહે, થાશે ત્યારે દેખે. કેવળજ્ઞાન એને કહીએ? કેવળજ્ઞાન એને કહીએ કે થાશે ત્યારે દેખે? કે વર્તમાનમાં, ભૂત, ભવિષ્ય અને ત્રણ કાળની પર્યાય આ સમયે આ થશે એમ વર્તમાનમાં દેખે છે. પછી ફરી ગયા. પછી છેલ્લે દિ' આવ્યા માફી માંગવા. ભૂલ મારી થઈ છે. પણ એમ તમે સમજ્યા વિના એમ ને એમ વિરોધ કરો, સમજ્યા વિના, એમ કંઈ ચાલે બાપુ! આ તો સર્વજ્ઞનો માર્ગ છે.

યહ તો સર્વજ્ઞકા માર્ગ હૈ, સર્વજ્ઞકા પંથ હૈ. એક સમયમેં તીન કાલ તીન લોક દેખતે હૈં. આહા..હા..! ઈતના એક સમયકા કાલ, એક સમયકા કાલ.. એક સમય તો અજ્ઞાની જુદા કર સકતા નહીં. પરંતુ ઈસકી પર્યાયમેં ઈતની તાકાત! ઓહો..હો..! તીન કાલ કિસકો કહતે હૈં? કાલકી આદિ નહીં, અંત નહીં. જ્ઞાનમેં આ ગયા અનાદિ-અનંત. ઔર અનાદિ-અનંત જહાં જો પર્યાય હોતી હૈ વહ ભી જ્ઞાનમેં આ ગયા. જો ક્ષેત્રમેં જિસ દ્રવ્યકી પર્યાય હુઈ વહ ભી જ્ઞાનમેં આ ગયા. ઔર જો ક્ષેત્રમેં જો કાલકી પર્યાય અપનેસે હોતી હૈ તબ નિમિત્ત કૌન હો વહ ભી જ્ઞાનમેં આ ગયા હૈ. ભગવાનકે જ્ઞાનમેં તો જિસ સમયકી પર્યાય ઉત્પાદાનસે હોતી હૈ ઔર ઉસ સમય નિમિત્ત કૌન હૈ, દોનોંકા જ્ઞાન નિશ્ચિત કેવલજ્ઞાનમેં આ ગયા હૈ. જ્ઞાનચંદજી! કિ નયા હૈ ભગવાનકો? શ્રેણિક રાજા તીર્થંકર હોંગે ઔર કેવલજ્ઞાન પાયેંગે વહ ભગવાનકે જ્ઞાનમેં પહલેસે નહીં આ ગયા? વે કેવલ પ્રાપ્ત કરેંગે તબ યહાં કેવલી જાનેંગે? એઈ..!

**'અત્યંત મિશ્રિત હોનેપર ભી સબ પર્યાયોંકે વિશિષ્ટ લક્ષણ સ્પષ્ટ જ્ઞાત હોં...'** દેખો! ખાસ-ખાસ દરેક દ્રવ્યકી પર્યાય જો જો સમયમેં ભિન્ન-ભિન્ન કાલમેં ભિન્ન-ભિન્ન ક્ષેત્રમેં ભિન્ન-ભિન્ન દ્રવ્યમેં જો હોતી હૈ સ્પષ્ટ જ્ઞાનરૂપ... **'ઈસપ્રકાર, એક ક્ષણમેં હી, જ્ઞાનમંદિરમેં સ્થિતિકો પ્રાપ્ત હોતી હૈ.'** જ્ઞાનમંદિર. આહા..હા..! જૈસે મંદિરમેં દેવ હૈ ન? એક સમયકી પર્યાયમેં—મંદિરમેં બાકી બહુત રહ ગયા, કહતે હૈં. એક સમયકી. 'ક' બોલે ઉસમેં અસંખ્ય હોતા હૈ. આહા..હા..! આ તે કંઈ વાત છે! એવો એક સમય, ઉસ એક સમયમેં સારા તીન કાલ તીન લોકકી વિશેષતાસહિત, ભેદસહિત જહાં-જહાં જો ક્ષેત્ર પર્યાયમેં ઉત્પન્ન હોતી હૈ તીન કાલકી મર્યાદા સબ જ્ઞાનમંદિરમેં સ્થિતિકો પ્રાપ્ત હોતી હૈ. જ્ઞાનમંદિરમેં સબકા જ્ઞાન

હો જાતા હૈ. લો જ્ઞાનમંદિર ભગવાનકા. ઉસમેં મહલ કિયા હૈ ન? મહલ કિયા હૈ. આહા..હા..! ક્યા નામ દિયા? અવબોધ શૌધ, અવબોધ શૌધ. શૌધનો અર્થ કર્યો. ઠીક!

ઓહો..! સર્વજ્ઞપર્યાય પરમાત્મા અરિહંતકી યા સિદ્ધકી યા તીર્થંકર કી કોઈ ભી... લાખો કેવલી બિરાજતે હૈ મહાવિદેહમેં ઔર તીર્થંકર સીમંધર ભગવાન આદિ બીસ તીર્થંકર વર્તમાન મહાવિદેહમેં બિરાજતે હૈં. ઔર સિદ્ધ અનંતા હો ગયે. સબકે કેવલજ્ઞાનમેં એક સમયકી પર્યાયમેં તીન કાલ તીન લોક એક જ્ઞાનમંદિરમેં આ જાતા હૈ, સ્થિતિકો પ્રાપ્ત હોતા હૈ. કોઈ બાકી રહતી નહીં. કુછ લોગ ઐસા કહતે હૈં કિ જો જ્ઞાનમેં વહ પર્યાય આ જાયે તો ઐસા હોતા હૈ. પર આ જાયે ક્યા? આતી હૈ. કેવલજ્ઞાનમેં આ જાયે ક્યા? ઐસા લિખા હૈ. હૈ ન? લિખા હૈ મનોહરલાલજીને. જો પહલે સે જાન લે... પરંતુ કેવલજ્ઞાનમેં પહલે સે હી જાનતા હૈ તીનકાલ. આહા..હા..! અરે..! ભગવાન! તુજે ખબર નહીં. કેવલજ્ઞાન એક ગુણકી એક અવસ્થા, એક સમયકી એક અવસ્થા. જિસમેં તીનકાલ તીનલોક જ્ઞાનમંદિરમેં સ્થિતિ પ્રાપ્ત હોતા હૈ.

ઈતની પર્યાયકી પ્રતીતિ કરના, ઉસ પ્રતીતિમેં કિતના સામર્થ્ય હૈ! ઉતની પર્યાયમેં તીન કાલ તીન લોકકી વિશેષ... વિશેષ... જબ જો હો, સબ જ્ઞાનમંદિરમેં પ્રાપ્ત હોતી હૈ, વહ પર્યાય ઈતની હૈ, ઉસકા ઉપાય કિતના હૈ? જિસે કેવલજ્ઞાન ઉત્પન્ન હો ઉસકા ઉપાય કિતના બડા હૈ? કિ શુદ્ધ ઉપયોગ બડા હૈ. અંદર શુદ્ધ ચૈતન્ય ભગવાન અનંત ઐસે સામર્થ્યકા પિંડ પ્રભુ, ઉસમેં શુદ્ધ ઉપયોગ અર્થાત્ શુદ્ધ આચરણ. પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત નિર્વિકલ્પકે સામર્થ્યસે જો આત્મામેં રમતે હૈં ઉસકો ઐસે કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા?

જિસ ભૂમિમેં રમતે હૈં વહ ભૂમિ-દ્રવ્ય કિતના સામર્થ્યવાલા! જિસ ભૂમિકે ઉપર રમતે હૈં શુદ્ધ ઉપયોગસે લીન, ઉસ ભૂમિકી તાકાત કિતની? અનંત-અનંત જિસકા સામર્થ્ય હૈ. વસ્તુકા સ્વભાવ એક એકકા અનંત સામર્થ્ય હૈ. એક એક ગુણકા, પર્યાયકા ઈતના સામર્થ્ય, ગુણકા ઈતના સામર્થ્ય. તો અનંતા ગુણકા એકરૂપ ઉસકા કિતના સામર્થ્ય ઉસકા સ્વીકાર પ્રતીતમેં આ જાયે ઔર સમ્યક્ ન હો (ઐસા) તીનકાલમેં હોતા નહીં. ઐસા કહતે હૈં. આહા..હા..! ઔર ભગવાનને જ્ઞાનમેં ભી ઐસા હી દેખા હૈ. સમજે? કિ હમારી અરિહંતકી પર્યાયકી પ્રતીત ઉસકો દ્રવ્ય તરફ ઝુકનેસે આતી હૈ. આહા..હા..! સમજમેં આયા? ભારે ધર્મ ભાઈ! આવો વીતરાગી ધર્મ વીતરાગના જૈનનો ધર્મ આવો હશે? જૈનમાં તો રાત્રે ન ખાવું, બટાટા ન ખાવા, ફલાણું કરવું આવો ધર્મ સાંભળ્યો હતો અત્યાર સુધી. એઈ..! ભગવાનજીભાઈ! પણ આવું તો કાંઈ આવ્યું નહિ. આ કલાક થઈ ગયો તોપણ. બટાટા ન ખાવા ને રાત્રે ન ખાવું, એ તો કાંઈ આવ્યું નહિ. હવે સાંભળને. ખાઈ શકે કોણ? અને છોડી શકે કોણ? તને ખબર નથી. એ તો પરદ્રવ્ય વસ્તુ છે. જ્ઞાન જાને કિ યહ ચીજ હૈ ઔર વહ જગતકી પર્યાય ઉસમેં અપનેસે હોતી હૈ, મેરેસે નહીં. મૈં છોડું ઉસકી પર્યાય. તો ક્યા ઉસકી પર્યાય

યહાં આતી હૈ તો છોડનેકી તાકાત ઉસમેં હૈ? મૈં ઉસ પર્યાયકો છોડું ઔર ઉસ પર્યાયકો ગ્રહણ કરું વહી મિથ્યાત્વભાવ હૈ. ક્યોંકિ ઉસકી જ્ઞાન પર્યાયમેં તો જાનના, (જો) નહીં આયા, ઔર આયા (ઉસકો) જાનનેકા સ્વભાવ હૈ. ઉસકે ઉપરાંત ઉસને છોડ દિયા, મૈં છોડું, વહ ગ્રહણ કરું. મિથ્યાદૃષ્ટિકો તત્ત્વકી યથાર્થકી પ્રતીતિ હૈ નહીં. ભગવાનજીભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ત્રણ કાળમાં ફરે નહિ.

ઉત્તર :- ત્રણ કાળમાં ફરે (નહિ). ફરે શું? કેવળી ફરતા હશે? લોકોને ન બેસે અને ન માને એટલે કંઈ વસ્તુ ફરી જાતી હશે? ઓહો..હો..! ગજબ વાત કરે છે! જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. છે ને ઉપર નામ? જ્ઞાનકા ભાવકા કથન. જ્ઞાનકા તત્ત્વ કિતના હૈ. સમજે? ઈતના ભાવ ભરા હૈ.

એક જ્ઞાનકા ભાવ ઈતના પર્યાયકા કિ તીન કાલ તીન લોકકો માનોં વર્તમાનમેં હો ન સબ, ઐસે જાન લેતા હૈ. અનંતકાલ પહલે સિદ્ધ હુઆ વહ ભી વર્તમાન જ્ઞાનમેં ઐસા આ ગયા કિ જૈસે યે અભી સિદ્ધ હુએ વર્તમાન ઐસા જ્ઞાનમેં આ જાતા હૈ. અનંત કાલ પીછે સિદ્ધ હોગા વહ ભી વર્તમાનમેં ઐસા જાનતા હૈ (કિ) યહ પર્યાય વહાં અનંત કાલકે બાદ હોગી, યહાં વર્તમાનમેં જાનતે હૈં. ઔર ઐસે ન જાને તો એક સમયકા પૂર્ણ જ્ઞાન ઉસમેં પૂર્ણ સામને વર્તમાનમેં નિમિત્ત પૂર્ણ હોના ચાહિયે. ભૂતકા, ભવિષ્યકા કૈસે આયા? એક સમયમેં જબ સર્વજ્ઞપદ હુઆ, એક સમયમેં, તો સામને ચીજ ભી એક સમયમેં સામને પૂરી હૈ, તો પૂરી નિમિત્તમેં હૈ, પૂરી હૈ (ઔર) પૂરી જાનતે હૈં.

વર્તમાનમેં જાને ઔર ભવિષ્યકી પર્યાય પીછે હોગી (તબ જાનેંગે) ઐસા નિમિત્ત બને? ઐસા નિમિત્ત હોતા હી નહીં ઐસા કહતે હૈ. લોકાલોક નિમિત્ત હૈ ન કેવલજ્ઞાનમેં. ઔર લોકાલોકમેં જ્ઞાન નિમિત્ત હૈ. તો નિમિત્તકા અર્થ ક્યા? ભગવાનને સર્વજ્ઞપર્યાય અપને શુદ્ધ ઉપયોગસે પ્રગટ કિયા, લોકાલોક વર્તમાનમેં... વહ જ્ઞાન વર્તમાન હૈ ઉસમેં વર્તમાનમેં સારી ચીજ નિમિત્ત હૈ. વર્તમાનવત્ સબ નિમિત્ત હૈ ઐસા કહતે હૈં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉસકો વર્તમાનવત્ જાને. ઔર દૃષ્ટાંત દિયા ન કિ વર્તમાન જાનતે હૈ ન? પર્યાયમેં જાનતે હૈં તો વર્તમાન એક સમયકી પર્યાય હૈ ન? પૂરા જાનતે હૈ ન? તો ઉસકો ઉપાદાન અપની પર્યાય પૂરી જાનતા હૈ તો સામને નિમિત્ત ભી વર્તમાનમેં પૂરા હોના ચાહિયે ન? ભવિષ્ય-ભૂતકી બાત યહાં ક્યા હૈ? આહા..હા..! સમજમેં આયા? ઓહો..હો..! સમજમેં આતા હૈ કિ નહીં?

'**જ્ઞાનમંદિરમેં સ્થિતિકો પ્રાપ્ત હોતી હૈં.**' દેખો! જ્ઞાનમંદિરમેં ઘુસ જાતી હૈ. દેખો! છે ને? ઓહો..હો..! '**एवावबोधसौधस्थितिमवतरन्ति**' છે ને? સ્થિતિ. એ અવતરે છે, ઊપજે છે. એમ આવી જાય છે, એક સમયમાં. આહા..હા..! એના આનંદનું શું કહેવું, એની

શાંતિનું શું કહેવું! શાંતિ એટલે ચારિત્ર. ક્યા કહના? સમજમેં આયા? એક સમયમેં ભગવાન ઈસકી પ્રતીતિ કરના ઉસકા ક્યા કહના! ઔર ઉસ પ્રતીતિ બિના જો કુછ કરે વહ સબ એક બિનાકે શૂન્ય હૈ. સમજમેં આયા? એકકે બિના શૂન્ય. બિંદુ-બિંદુ. બિંદુકી સંખ્યા ક્યા? કરોડ બિંદુ હો તો એક હોતા હૈ? ઐસે ભગવાન કેવલજ્ઞાનકી એક સમયકી પર્યાયમેં ઈતના દેખતે હૈં વર્તમાનવત્. ઓહો..! ઉસકી ગતિ નિર્વિકલ્પ દૃષ્ટિ સ્વભાવમેં જાયે તબ ઉસકી પ્રતીતિ હોતી હૈ. ક્યોંકિ વહ પર્યાય નિર્વિકલ્પ હૈ, વીતરાગી પર્યાય હૈ ઔર શુદ્ધ ઉપયોગસે પ્રાપ્ત હોતી હૈ. તો જબ વહ દૃષ્ટિ હુઈ તો દૃષ્ટિ ભી નિર્વિકલ્પ હો તબ દ્રવ્યકી ઐસી પ્રતીત હોતી હૈ. ઈતના સામર્થ્યવાલા અપના દ્રવ્ય, વહ રાગકી અપેક્ષા છોડકર જો સ્વભાવકા આશ્રય લે, રાગકા વિકલ્પ ન રહે તબ નિર્વિકલ્પ દૃષ્ટિમેં ઐસા પ્રતીત આતા હૈ. સમજમેં આયા? ગજબ બાત હૈ!

'યહ **(તીનોં કાલકી પર્યાયોંકા વર્તમાન પર્યાયોંકી ભાંતિ જ્ઞાનમેં જ્ઞાત હોના) અયુક્ત નહીં હૈ;...**' વહ તો યુક્ત હૈ, અયુક્ત હૈ નહીં. ઉસકો સિદ્ધ કરેંગે, દૃષ્ટાંત દેકર...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૨, ગુરુવાર, તા. ૦૩.૧૦.૧૯૬૮**
**ગાથા-૩૭, ૩૮, પ્રવચન-૩૧**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ૩૭ ગાથા ચલતી હૈ. એક. હૈ ન? ૫૩ પન્ના હૈ ન? હિન્દી. હિન્દી ચલતા હૈ ન. હિન્દીમેં ૫૩ હૈ. ગુજરાતીમેં ૫૪. વહ તો પન્ના ફર્ક હૈ. દેખો ક્યા ચલતા હૈ? કિ ઈસ આત્માકા જ્ઞાનસ્વભાવ હૈ. યહ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન હૈ. તો આત્માકા સ્વભાવ મુખ્યપને જ્ઞાન હૈ. દૂસરા સ્વભાવ અનંત સાથમેં હૈ. પરંતુ અસાધારણ પરમભાવ ઐસા આત્માકા જ્ઞાનસ્વભાવ ઉસકી અંતર દૃષ્ટિ કરકે શુદ્ધ ઉપયોગકા અંતર આચરણ કરકે જ્ઞાનકી પર્યાયકી પૂર્ણતા-કેવલજ્ઞાન જો પ્રાપ્ત હોતા હૈ, ઉસકી સામર્થ્યતા કિતની હૈ ઉસકા વર્ણન કરતે હૈં. સમજમેં આયા? શુદ્ધ ઉપયોગની પ્રશંસા કરતાં શુદ્ધ ઉપયોગના ફળની પ્રશંસા કરી. આત્મા.. મુનિપના હૈ વહ શુદ્ધ ઉપયોગ હૈ, ચારિત્ર હૈ વહ શુદ્ધ ઉપયોગ હૈ. સમજમેં આયા?

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ... આત્મામેં જો જ્ઞાનસ્વભાવ સ્વરૂપ હૈ આત્મા, ઉસકી જબ દૃષ્ટિ કરતે હૈં સમ્યગ્દર્શન, કિ મૈં જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આનંદ હૂં ઐસી દૃષ્ટિ હોતી હૈ તબ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન હોતા હૈ. સચ્ચા દર્શન, સચ્ચા સમ્યગ્દર્શન. વહાંસે ધર્મકી શુરૂઆત હોતી

હૈ. પીછે ઉસમેં શુદ્ધ ઉપયોગ, પુણ્ય-પાપકે પરિણામસે રહિત શુદ્ધ-શુભ-અશુભ પરિણામસે રહિત શુદ્ધ, ઐસા આત્મામેં શુદ્ધરૂપી આચરણકી સ્થિરતા કરતે હૈં ઉસકા નામ ચારિત્ર હૈ, ઉસકા નામ શુદ્ધ ઉપયોગ હૈ, ઉસકા નામ સામ્ય હૈ ઔર ઉસકા નામ મોક્ષકા માર્ગરૂપ ચારિત્ર પરિણામ હૈ. ઉસ ચારિત્ર પરિણામકે ફલરૂપ કેવલજ્ઞાન હોતા હૈ. ક્યોંકિ જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ તો અંદર ચરના-એકાગ્ર હુઆ, તો જ્ઞાનકી પૂર્ણ પર્યાય પ્રગટ હુઈ ઉસકા નામ કેવલજ્ઞાન કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? ઉસ કેવલજ્ઞાનમેં તીન કાલકી પર્યાય જાનનેમેં આતી હૈ વહ યુક્ત હૈ, અયુક્ત નહીં.

કોઈ ઐસા કહે કિ વર્તમાનકી પર્યાય હૈ તો ઉસકો જાનનેમેં આતી હૈ, પરંતુ ભૂતકાલ ઔર ભવિષ્યકાલકી પર્યાય બીત ગઈ ઔર ઉત્પન્ન હુઈ નહીં. જો વસ્તુમેં અવસ્થા હોકર બીત ગઈ, વિલય હો ગઈ ઔર જો અવસ્થા ઉત્પન્ન હુઈ નહીં ઉસકો કેવલી કૈસે જાને? અથવા જ્ઞાનકી પર્યાય ઉસકો કૈસે પહુંચ જાયે? જો વર્તમાનમેં હૈ નહીં, ભૂતકાલકી ચલી ગઈ, વર્તમાનકી હૈ, ભવિષ્યકી તો ઉત્પન્ન હુઈ નહીં. તો કહતે હૈં સુન તો સહી. ઐસી તાકાત જ્ઞાનકી હૈ કિ વર્તમાનવત્ ત્રિકાલ પર્યાયકો જાનતા હૈ. સમજમેં આયા? ઐસા હી આત્માકા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ હૈ. પરકા કરના, પરકે સમીપ જાના કિ રાગકા કરના, પુણ્ય, દયા, વિકલ્પ વ્યવહારકા કરના ઉસકા સ્વભાવ નહીં. સમજમેં આયા?

.. કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. વહ કેવલજ્ઞાનકી એક સમયકી અવસ્થામેં.. ઉપર આયા હૈ. '**(તીનોં કાલકી પર્યાયોંકા વર્તમાન પર્યાયોંકી ભાંતિ જ્ઞાનમેં જ્ઞાત હોના)**' જ્ઞાનમેં જ્ઞાત હોના '**અયુક્ત નહીં હૈ;...**' યહાં કેવલજ્ઞાનકી પર્યાય કિતની સામર્થ્યવાલી હૈ વહ સિદ્ધ કરતે હૈં. કુંદકુંદાચાર્ય જંગલવાસી મુનિ પરમાત્માકે પાસ ગયે થે. આઠ દિન રહે. દેખો! પરમાત્માકી બાત લેકર આયે હૈં. સમજમેં આયા? જગતકો સંદેશા દેતે હૈં કિ પ્રભુ! તુમ તો આત્મા હો ઔર આત્મામેં તો કેવલ જ્ઞાનશક્તિ સંપૂર્ણ પૂર્ણ પડી હૈ. ઉસકા અંતર દૃષ્ટિ કરકે, સ્વરૂપ રમણતા કરકે હમને સામ્યભાવ ઉત્પન્ન કિયા હૈ. ઔર ઉસ સામ્યભાવસે હમકો કેવલજ્ઞાન પ્રાપ્ત હોગા ઐસા કહતે હૈં. સમજમેં આયા? ઔર ઉસ કેવલજ્ઞાનકી પર્યાયમેં તીનોં કાલકી પર્યાય જાનનેમેં આતી હૈ વહ યુક્ત હી હૈ, વ્યાજબી હૈ, અયુક્ત હૈ નહીં.

'**ઉસકા દૃષ્ટાંતકે સાથ...**' દેખો! '**(જગતમેં જો દિખાઈ દેતા હૈ—અનુભવમેં આતા હૈ ઉસકે સાથ) અવિરોધ હૈ.**' જગતમેં ભી દિખનેમેં આતા હૈ ઉસકે સાથ વહ કેવલજ્ઞાનકી એક સમયકી પર્યાય તીન કાલકો જાને, ઉસમેં વિરોધ નહીં, અવિરોધ હૈ. કૈસે? કિ '**(જગતમેં) દિખાઈ દેતા હૈ છદ્મસ્થકે ભી,...**' અલ્પજ્ઞ પ્રાણીકો ભી. હૈ ન? અલ્પજ્ઞ—થોડા જ્ઞાન હૈ, પૂર્ણ સર્વજ્ઞ નહીં ઐસે અલ્પ જ્ઞાનકો ભી '**જૈસે વર્તમાન વસ્તુકા ચિંતવન કરતે હુએ...**' જ્ઞાન ઉસકે વર્તમાનમેં જૈસે દેખતે હૈ કોઈ ચીજ, તો જ્ઞાન ઉસકે આકારકા અવલંબન કરતા હૈ. જૈસી ઉસકી અવસ્થા હૈ વૈસા યહાં જ્ઞાન હોતા હૈ. અવલંબન કરતા હૈ નામ વહ નિમિત્ત હૈ.

'ઉસીપ્રકાર **ભૂત ઔર ભવિષ્યત વસ્તુકા ચિંતવન કરતે હુએ...**' અલ્પજ્ઞ પ્રાણી. સમજમેં આયા? આટા હૈ આટા દેખો! એક આટા હૈ ન? આટાકી રોટી હોનેવાલી હૈ રોટી. ઐસા લિયા. ઉસ વક્ત ખ્યાલમેં આ ગયા કિ વર્તમાન તો યહ પર્યાય હૈ. સમજમેં આયા? ચિંતવનમેં આકાર ખ્યાલમેં ગયા વહ. ઔર યહ આટાકી ભૂતકી પર્યાય ઘઉંરૂપ થી વહ ભી ખ્યાલમેં આ ગયા. ઔર વહ પર્યાય અભી રોટીરૂપ હો જાયેગી વહ ભી ખ્યાલમેં આ ગયા. દેખો ખ્યાલ આતા હૈ કિ નહીં? એય..! દેવાનુપ્રિયા! જ્ઞાનચંદજી! ખ્યાલમેં આયા કિ નહીં? એક સાથ એક સમયમેં તીનકાલ દેખો. ક્યા કહતે હૈં વહ? ગોયણા કહતે હમારે વહ. આટા બહુત હોતા હૈ ઉસમેં સે થોડા નીકાલતે હૈં. ક્યા કહતે હૈં તુમ્હારે? લોયા ઈતના થોડા. વહ આકાર ખ્યાલમેં આયા વર્તમાન દેખો! ઔર ઉસકે સાથ વહ પહલે આટા થા, ઐસી પર્યાય નહીં થી. આટાકી પર્યાય થી. યહ તો લોયા હુઆ હૈ. વહ ભી ખ્યાલમેં આ ગયા હૈ. વર્તમાન આ ગયા હૈ. ઔર યહ અભી રોટી હોગી, અભી રોટીકા ઐસા આકાર હોગા વહ ભી જ્ઞાનમેં તીનકાલકા ખ્યાલમેં આ ગયા.

ઐસે કુમ્હાર. યહ તો રોટીસે બાત લી. હમારે નારણભાઈ યહ દૃષ્ટાંત દેતે થે હર સમય. નારણભાઈ યહ દૃષ્ટાંત દેતે થે. ઈસલિયે પહલે યહ દૃષ્ટાંત આયા. તીન કાલકા ખ્યાલ આતા હૈ કિ નહીં? એય..! જેઠાલાલભાઈ! ઔર જિસમેં આત્મામેં વર્તમાન પર્યાયકા ખ્યાલ આયા ઔર પૂર્વકી એક સમયકી પર્યાયકા ખ્યાલ આયા ઔર ભવિષ્યકી એક સમયકી (પર્યાયકા ખ્યાલ આયા). જિસકો ભૂતકી, ભવિષ્યકી એક સમય મિલાકર ખ્યાલમેં આતા હૈ, ઉસકો અનંત કાલમેં ભવિષ્યકા અનંતકાલ ખ્યાલમેં આયે બિના રહતા હી નહીં. સમજમેં આયા? જ્ઞાનમેં.. યે તો કહે દૃષ્ટાંતમેં દિખાતે હૈ ન? કુમ્હાર લો. મિટ્ટી હૈ મિટ્ટી. મિટ્ટીકા ખ્યાલ હૈ ન? તો પહલે વહાં થી ખાનમેં. ઉસ પર્યાયકા ખ્યાલ હૈ કિ નહીં? યહ પૂર્વે યહ થી. પર્યાયમેં ઐસા ખ્યાલ આયા, વર્તમાન આયા હૈ. વર્તમાન વહ આકૃતિ ખ્યાલમેં આ ગઈ હૈ. વહ વર્તમાન માટીકા પિંડ હોતા હૈ પિંડ વહ ભી ખ્યાલ આયા. ઔર પિંડમેં સે ઘડા હોગા. અભી આકૃતિ ફિર જાયેગી વહ ભી વર્તમાનમેં ખ્યાલ આ જાતા હૈ. ભગવાનજીભાઈ! ખ્યાલ આતા હૈ કિ નહીં?

અરે..! કાપડનો તાકો. તુમ્હારા ક્યા હૈ? કપડેકા વ્યાપાર હૈ કિ નહીં? કપડેકા વ્યાપાર હૈ ન? પ્રેમચંદભાઈ! યહ કપડા હૈ ન? થપ્પી પડી હૈ પાંચ વારકી. લાઓ... લાઓ. તબ ખ્યાલમેં આ ગયા કિ વહ વહાં હૈ તો યહાં આયી. અબ યહાં આકર ખુલેગી. બતાનેકો ઐસે પટ પટ ખોલ દેતે હૈં ન? વહ ખ્યાલ આતા હૈ કિ નહીં? વર્તમાન સમયમેં ઉસકી પર્યાય ભૂતકી, વર્તમાન ઔર ભવિષ્યકી (ખ્યાલમેં) આતી હૈ પરંતુ ઉસને વિચાર કિયા નહીં. સમજમેં આયા? તો અલ્પજ્ઞકો ભી વર્તમાન ઔર ભૂત-ભવિષ્યકા ખ્યાલ આતા હૈ, તો સર્વજ્ઞકી પર્યાયકી બાત ક્યા કહના? ઐસા કહતે હૈં. દૃષ્ટકે સાથ દેખનેમેં આતા હૈ ઐસા ઉસમેં યુક્તપના

દિખતા હૈ, વ્યાજબીપના દિખતા હૈ દૃષ્ટમેંસે. સમજમેં આયા? અયુક્ત તો હૈ નહીં. યહ કહા દેખો!

**'ઉસીપ્રકાર ભૂત ઔર ભવિષ્યત વસ્તુકા ચિંતવન કરતે હુએ (ભી) જ્ઞાન ઉસકે આકારકા અવલંબન કરતા હૈ.'** કરતા હૈ કિ નહીં? આહા..હા..! ગેહું લિયા લો. દસ શેર ગેહું. ઘઉં કહતે હૈ? ક્યા કહતે હૈ? ગેહું. ઐસા દસ શેર લિયા. તો ખ્યાલ આયા કિ પહલે વહ પર્યાય વહાં થી, અબ યહાં આયી ઔર અબ આટા હોગા. આટાકી પર્યાય, અભી આટા હોગા ઐસા ખ્યાલમેં હૈ કિ નહીં વર્તમાનમેં? સમજમેં આયા? ઐસે કપડા. કપડાકા ટૂકડા લો. ટૂકડાકા ખ્યાલ ઐસા હૈ કિ પહલે વહ કપડા રૂઈકી પર્યાય થી. રૂઈકી અવસ્થા થી. રૂઈ-રૂઈ. અબ યહ અવસ્થા હુઈ. અભી કપડા બનેગા ઐસે પહેરણ આદિ. વહ ભી વર્તમાન પર્યાય વર્તમાનકાલમેં દૃશ્યમેં ભી અલ્પ જ્ઞાનીકો ભી તીન કાલકા જ્ઞાનકા ખ્યાલ અલ્પ સમય પૂર્વકા ઔર ભવિષ્યકા મિલાકર આતા હૈ. તો થોડા સમય જિસકો મિલાયા ભૂતકાલ ઔર ભવિષ્યકા (ઉસકો) ત્રિકાલ મિલ જાતા હૈ ઉસમેં ક્યા હૈ? સમજમેં આયા?

લોગોંકો કેવલજ્ઞાન ક્યા હૈ (યહ માલૂમ નહીં). વહ એક સમયમેં તીન કાલ તીન લોક (જાને). ઓહો..હો..! સમય એક ઔર તીન કાલ. ભવિષ્યમેં.. કોઈ પ્રશ્ન કરતે થે. ધીરૂભાઈ ગયે? ધીરૂભાઈ પ્રશ્ન કરતે થે. બુદ્ધિ હૈ ન. અપને ધીરૂભાઈ માસ્તર. વહ કહે કિ ભવિષ્યકી પર્યાય નિશ્ચિત હો ગઈ કે નહીં કિ ભવિષ્યકી પર્યાય યહ હૈ યહાં? ભવિષ્યકી પર્યાય. કહા, ભવિષ્યકી પર્યાય અનંત હૈ ઐસા ખ્યાલ આયા. આખિરકા યહ હૈ ઐસા ખ્યાલ નહીં આયા. આખિર હૈ નહીં તો ખ્યાલ કહાંસે આયે? ક્યા કહા સમજમેં આયા? તીન કાલકી પર્યાયકા ખ્યાલ આયા. પ્રશ્ન થા. બુદ્ધિવાલે હૈ ન તો તર્ક ઉઠે. તીન કાલકી પર્યાય તો તીનોં કાલકી પર્યાય યહાં ખ્યાલમેં આ ગઈ કિ યહ યહ હૈ. પરંતુ યહ હૈ તો વહાં અંત આ ગયા. ઐસા અંત હૈ નહીં. તીન કાલ ભવિષ્યકી... ભવિષ્યકી... ભવિષ્યકી... ભવિષ્યકી... ભવિષ્યકી... ઐસા. પરંતુ ભવિષ્યમેં આખિરકા હૈ તબ તો (અનંત) કહાં રહા? ભવિષ્યકી અંત બિનાકી પર્યાય હૈ, ઐસે અંત બિનાકી હૈ ઐસા જ્ઞાનમેં આ ગયા. સમજમેં આયા? ક્યોંકિ દ્રવ્ય ઔર પર્યાય આગે-પીછે હૈ નહીં. દ્રવ્ય ભી અનાદિકા હૈ ઔર પર્યાય ભી અનાદિ હૈ. કિ ભાઈ પહલે દ્રવ્ય ઔર પીછે પર્યાય ઐસા હૈ? વસ્તુ હૈ, પર્યાય ભી હૈ, સામાન્ય હૈ, વિશેષ ભી હૈ. તો ઐસા અનાદિસે હૈ સામાન્ય વિશેષ, અનંત કાલ સામાન્ય વિશેષ હૈ. સમજમેં આયા? સારા ખ્યાલ આ જાતા હૈ સબકા. જૈસા હૈ ઐસા ચક્કરકા ખ્યાલ આ જાતા હૈ. તો આ ગયા ખ્યાલ કિ વહાં ભવિષ્યકા અંત આ ગયા ઐસા હૈ નહીં. ભવિષ્યકા અંત હૈ નહીં ઐસા ખ્યાલ યહાં આયા હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત ભાઈ!

સર્વજ્ઞકી પર્યાય ઇતની તાકાતવાલી હૈ યહ નિઃશંકપને જાનના શંકા છોડકર, વહ કોઈ અલૌકિક બાત હૈ. ઐસી નિઃશંક શ્રદ્ધા (કિ) ઉસ સમયકી પર્યાયમેં ઇતની તાકાત હૈ વહ

પર્યાયકો ધરનેવાલા દ્રવ્ય ભગવાન આત્મા હૈ. ઐસી દ્રવ્યકી પ્રતીતિ બિના ઉસ પર્યાયકી ઐસી પ્રતીતિ યથાર્થપને, નિઃશંકપને નહીં આતી. સમજમેં આયા? ક્યોંકિ જો જ્ઞાનમેં વહ વિષય ખ્યાલમેં ન આયા, ખ્યાલમેં ન આયા. ખ્યાલમેં આયે બિના પ્રતીત કૈસી?

ઓહો..! અંત બિના પર્યાયકી શુરૂઆત. પહલી પર્યાય હૈ કોઈ? પહલી ક્યા સમજે? શરૂકી કોઈ પર્યાય હૈ? શુરૂ હૈ? શુરૂ કહાં સે આયા? દ્રવ્ય ભી અનાદિ હૈ ઔર પર્યાય ભી અનાદિ હૈ. ઔર દ્રવ્ય ભી અંત બિનાકા ઐસા હૈ ઔર પર્યાય ભી ઐસી કી ઐસી હૈ. દેખો તો સહી. ઔર અપના ભી અનાદિ-અનંત હૈ કિ નહીં? દૂસરા એક ઓર રખો. અપની પર્યાય ભી આદિ બિનાકી હૈ ઔર યહ પર્યાય ભી અંત બિનાકી ઐસી કી ઐસી ચલેગી. તો ઐસા જ્ઞાનમેં આતા હૈ કિ નહીં? આહાહા..! બાત ઐસી હૈ.

યહ જ્ઞાનતત્ત્વકા કથન કરકે આચાર્યને દ્રવ્યકા સ્વભાવકા કિતના સામર્થ્ય હૈ! એક પર્યાયકા ઈતના સામર્થ્ય! તો ગુણકા ક્યા કહના ઔર દ્રવ્યકા તો ક્યા કહના!! ભાઈ! મહાપ્રભુ હૈ વહ તો. ઓહો..હો..! એક સમયમેં તીન કાલ તીન લોક. દેખો! એક ઓર તીન કાલ તીન લોક ઔર એક ઓર એક સમયકી પર્યાય, એક હી સમયકી પર્યાય. સમજમેં આયા? ઔર ઉસ સમયકી પર્યાયમેં તો કેવલજ્ઞાનમેં તો અનંતા કેવલી જાનનેમેં આયા, અનંતા સિદ્ધ આયા, અનંતા નિગોદ આયા, અનંતા નિગોદમેં સર્વજ્ઞસ્વભાવ હૈ, એક એકકા સર્વજ્ઞસ્વભાવ હૈ ઐસા અનંત આત્માકા જ્ઞાન જ્ઞાનમેં આયા હૈ. સમજમેં આયા? ઓહો..હો..! ઐસી પર્યાયકી પ્રતીત અપનેમેં દ્રવ્યસ્વભાવ સન્મુખ હો (તબ આતી હૈ). ઉસકી મહિમા ઈતની દ્રવ્યકી હૈ. એક પર્યાયકી ઈતની તાકાત, તો વહ પર્યાય જહાંસે આયી હૈ ઉસકે નિધાનમેં તો અનંતી અનંતી શક્તિ પડી હૈ. ઐસે દ્રવ્યસ્વભાવમેં દૃષ્ટિ દેને સે ઉસકો નિઃશંક સમ્યગ્જ્ઞાનકા ભાન હોતા હૈ. ઉસમેં કેવલજ્ઞાનકી પર્યાય ઐસી હૈ ઉસકો પ્રતીત સાથમેં આ ગઈ. જેઠાલાલભાઈ! આહા..હા..! યહ બાત ઐસે હી નહીં કરતે, મુફ્તમેં નહીં કરતે. કુછ ધર્મકી દૃષ્ટિ કરાનેકો હૈ. ધર્મદૃષ્ટિ અર્થાત્ સ્વભાવ. એક સમયકી પર્યાયકા ઈતના સ્વભાવ, ભગવાન! કિ ભૂત ઔર ભવિષ્ય વર્તમાનમેં નહીં હૈ તો(ભી) વર્તમાનવત્ જાનતે હૈ. સમજમેં આયા?

'**ભૂત ઔર ભવિષ્યત્ વસ્તુકા ચિંતવન કરતે હુએ (ભી) જ્ઞાન ઉસકે આકારકા અવલંબન કરતા હૈ.**' જ્ઞાનમેં ઉસ જાતકી વિશેષતાકા અવલંબન આ જાતા હૈ. સમજમેં આયા? દૂસરી બાત. '**(૨) ઔર જ્ઞાન ચિત્રપટકે સમાન હૈ.**' અબ દૂસરા સિદ્ધાંત સિદ્ધ કરનેકો (દૃષ્ટાંત દેતે હૈં). ચિત્રપટ હૈ ન ચિત્રપટ? '**ચિત્રપટકે સમાન હૈ. જૈસે ચિત્રપટમેં, અતીત, અનાગત ઔર વર્તમાન વસ્તુઓંકે આલેખ્યાકાર સાક્ષાત્ એક ક્ષણમેં હી ભાસિત હોતે હૈં;...**' દૃષ્ટાંત દેંગે આગે. તીન કાલકે તીર્થંકરોંકા સ્થંભમેં આકાર હોં, સ્થંભમેં. સમજમેં આયા? ચિત્રપટમેં ભૂતકાલ તીર્થંકર, વર્તમાનકે તીર્થંકર ઔર ભવિષ્યકે તીર્થંકર ચિત્રપટમેં હૈ. ખ્યાલમેં આતા હૈ કિ નહીં સાથમેં? સમજમેં આયા? વહ બાદમેં દૃષ્ટાંત દેંગે.

'**વર્તમાન વસ્તુઓંકે આલેખ્યાકાર...**' આલેખ્ય અર્થાત્ જો કુછ જાનનેમેં આયે ઐસી ચીજ. '**આલેખન કરને યોગ્ય; ચિત્રિત કરનેયોગ્ય.**' જાનને યોગ્ય. '**સાક્ષાત્ એક ક્ષણમેં હી ભાસિત હોતે હૈં;...**' ચિત્રપટમેં ભૂતકાલ, વર્તમાન ઔર ભવિષ્ય સબકા ચિહ્ન કિયા. તીન કાલકી ચોબીસી તીર્થંકરકી પ્રતિમા હૈ ન? કૈલાસ. ભરત ચક્રવર્તીને બનાયા ન તીન કાલકે તીર્થંકરકા? હમ દેખતે હૈં તો વહ વર્તમાન એક સમયમેં તીનોંકા ખ્યાલ આ જાતા હૈ. સમજમેં આયા?

'**ઉસીપ્રકાર જ્ઞાનરૂપી ભિત્તિમેં...**' જૈસે ચિત્રપટ. ઐસે જ્ઞાનરૂપી ભિત્તિમેં. '**(જ્ઞાનભૂમિકામેં, જ્ઞાનપટમેં)...**' જ્ઞાનરૂપી ચિત્રપટમેં. '**અતીત, અનાગત ઔર વર્તમાન પર્યાયોંકે જ્ઞેયાકાર સાક્ષાત્ એક ક્ષણમેં ભાસિત હોતે હૈં.**' ઓહો...હો..! જ્ઞેયાકાર, જૈસા જ્ઞેય ભૂત, ભવિષ્ય ઔર વર્તમાનકા હૈ ઐસા પર્યાયોંકા જ્ઞેયાકાર સાક્ષાત્ એક ક્ષણમેં હી ભાસિત હોતા હૈ. ઓહો..હો..! દ્રવ્યકા, પર્યાયકા-જ્ઞાનકી પર્યાયકા સ્વભાવ કિતના યહ સિદ્ધ કરતે હૈં. સમજમેં આયા? નિઃશંકપને સિદ્ધ કરતે હૈં. ઐસા હી હૈ. માનના પડેગા ઐસા નહીં. માનો ઐસા સ્વભાવ હૈ. સમજમેં આયા? આહા..હા..! ઐસી પર્યાયમેં ઇતના સામર્થ્ય! વર્તમાનકે અલાવા ભૂત, ભવિષ્યકા ભી વર્તમાનવત્ ખ્યાલમેં આ જાતા હૈ. ઐસી એક સમયકી પર્યાય ઇતની, તો ઉસ પર્યાયકો ધરનેવાલા ભગવાન દ્રવ્ય કિતના? ઉસ દ્રવ્ય પર દૃષ્ટિ દેનેસે સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા હૈ ઉસમેં યહ સબ પર્યાયકી પ્રતીત ઉસમેં આ જાતી હૈ. ઉસકો કેવલજ્ઞાન...

શ્રીમદ્‌ને કહા હૈ ન, શ્રદ્ધાસે કેવલજ્ઞાન હુઆ હૈ. દેખો ભાઈ આયા. ઉસમેં આયા ન? શ્રીમદ્ લિખતે હૈં. શ્રદ્ધાસે કેવલજ્ઞાન હો ગયા. આત્મા કેવલ જ્ઞાનરૂપ હૈ, કેવલ જ્ઞાનરૂપ હૈ તો જ્ઞાનકા સ્વભાવ તીનકાલ તીનલોક જાનનેકા હૈ ઐસા અપની શ્રદ્ધા સમ્યક્ હુઈ તો શ્રદ્ધાસે કેવલજ્ઞાન હુઆ. પ્રતીતમેં નહીં થા (ઔર પ્રતીત હુઈ કિ) યહ હૈ, તો પ્રતીતમેં કેવલજ્ઞાન હો ગયા. ઇચ્છાસે ભી કેવલજ્ઞાન હૈ હી. ક્યોંકિ ઇચ્છામેં કેવલજ્ઞાનકી ભાવના હૈ ઔર જ્ઞાનમેં ભી કેવલજ્ઞાન હો ગયા. જ્ઞાનકી જ્ઞાનપર્યાયમેં. યહ વસ્તુ પૂર્ણ હૈ, કેવલમય હૈ. માત્ર જ્ઞાન, માત્ર જ્ઞાન. માત્ર જ્ઞાન પર્યાયમેં કેવલજ્ઞાન હો જાયેગા. રાગકે અવલંબન બિના, રાગકે બિના કેવલજ્ઞાન હો જાયેગા. ઐસે આત્મામેં પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ઐસી પ્રતીતિ હોનેસે ઉસકો શ્રદ્ધામેં કેવલજ્ઞાન હુઆ. ઐસા કહતે હૈં. ભગવાનજીભાઈ! આતા હૈ? પઢા નહીં? ૨૮ વર્ષકે પત્રમેં. ૨૮મેં. છહ બોલકા ગુજરાતી પત્ર. સમજમેં આયા? દેખો હૈ કિ નહીં? આખરી. કૌનસા પન્ના હૈ? ૨૮. ૨૮મેં હૈ ન? ૩૧૩ પન્ના હૈ ઇસમેં.

'જો કભી પ્રગટપણે વર્તમાનમેં કેવલજ્ઞાનની ઉત્પત્તિ હુઈ નહીં હૈ. જિસકે વચનકે વિચારયોગસે શક્તિપને કેવલજ્ઞાન હૈ ઐસા સ્પષ્ટ જાના હૈ.' જાનનેકી પહલી બાત કહી. 'જિસકે વચન વિચારયોગસે...' ભગવાન પરમાત્માકે વચનસે (જાના કિ) કેવલજ્ઞાનકી ઐસી શક્તિ હૈ. ઉસ વિચારયોગસે અંદર વિચાર કરકે (જાના કિ) શક્તિપને કેવલજ્ઞાન હૈ અર્થાત્ કેવલ

જ્ઞાનસ્વરૂપી આત્મા હૈ, કેવલ જ્ઞાનસ્વરૂપ. ઉસ અપેક્ષાસે જ્ઞાનકા સ્વરૂપ અકેલા હૈ તો કેવલજ્ઞાન હૈ, કેવલ અર્થાત્ અકેલા જ્ઞાન હૈ ઔર પ્રગટ હોગા તો માત્ર કેવલજ્ઞાન રહેગા. અપૂર્ણતા ઔર રાગ રહેગા નહીં. શક્તિપને કેવલજ્ઞાન હૈ ઐસા સ્પષ્ટ જાननેમેં આયા હૈ, શ્રદ્ધાપને કેવલજ્ઞાન હુઆ હૈ. દેખો! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ ઐસી અંદર જ્ઞાનમૂર્તિ આત્મા ઐસા સમ્યગ્દર્શન હુઆ તો શ્રદ્ધાપને કેવલજ્ઞાન હુઆ. શ્રદ્ધામેં કેવલજ્ઞાન નહીં થા, વહ કેવલજ્ઞાન હૈ ઐસા શ્રદ્ધાપને કેવલજ્ઞાન હો ગયા. સમજમેં આયા? આહા..હા..!

'ઔર વિચારદશા સે કેવલજ્ઞાન હૈ.' હુઆ હૈ. વિચારદશામેં કેવલજ્ઞાન વર્તતા હૈ. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પહલે શક્તિરૂપ કહા, ફિર શ્રદ્ધારૂપસે લિયા, પીછે જ્ઞાનસે લિયા, ફિર ચારિત્રસે લેંગે. ઇચ્છાદશા સે કેવલજ્ઞાન હુઆ હૈ. ઇચ્છાદશાસે કેવલજ્ઞાન હુઆ હૈ. ઇચ્છામેં કેવલજ્ઞાનકી પ્રતીતિ આયી, કેવલજ્ઞાન પ્રગટ હોગા ઐસી ઇચ્છાદશામેં આ ગયા હૈ. સમજમેં આયા? વિકલ્પ હૈ તો ઉસ પ્રકારકા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં બસ ઇતના. આહા..હા..! સમજમેં આયા? દેખો! યે સમ્યગ્દર્શનકા માહાત્મય! ઔર સમ્યગ્દર્શનમેં સારા આત્મા અખંડ પરિપૂર્ણ પ્રતીતમેં આયા તો શક્તિપને કેવલજ્ઞાન હૈ ઐસા હુઆ, શ્રદ્ધાપને કેવલજ્ઞાન હુઆ, વિચારયોગસે કેવલજ્ઞાન વર્તતા હૈ, ઇચ્છાયોગસે કેવળજ્ઞાન વર્તતા હૈ.

'મુખ્યનયકે હેતુસે કેવલજ્ઞાન વર્તતા હૈ.' નિશ્ચયનયકી અપેક્ષાસે તો વર્તમાન કેવલજ્ઞાન માત્ર કેવલજ્ઞાન વર્તતા હી હૈ. આહા..હા..! દેખો! સમ્યગ્દર્શનકા માહાત્મ્ય! સમજમેં આયા? કિ જિસમેં સારા આત્મા પૂર્ણાનંદ પ્રભુ, જ્ઞાનકા પૂંજ પ્રભુ આત્મા પ્રતીતમેં આયા તો કેવલજ્ઞાન ઇચ્છાપને વર્તતા હી હૈ. મુખ્યનયપનેસે કેવલજ્ઞાન વર્તતા હૈ. વર્તમાન વર્તતા હૈ. જાઓ! સમજમેં આયા? 'વહ કેવલજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખકો પ્રગટ કરનેવાલા જિસકે યોગસે સહજમાત્રમેં જીવ પાનેયોગ્ય હુઆ ઉસ સત્પુરુષકે ઉપકારકો સર્વોત્કૃષ્ટ ભક્તિસે નમસ્કાર હો.. નમસ્કાર હો!' ઐસા બહુમાન આયે બિના રહતા નહીં. વિકલ્પ આયે બિના રહતા નહીં ઐસા કહતે હૈં. ઐસા જહાં ભાન હુઆ કિ પરમાત્માકે પ્રતિ, સંતોંકે પ્રતિ બહુમાનકા વિકલ્પ આયે બિના રહતા નહીં. ઐસા શુભ વ્યવહાર આયે બિના રહતા નહીં. હૈ તો વિકલ્પ, પરંતુ આયે બિના રહતા નહીં ઐસા કહતે હૈં. સમજમેં આયા? '**જ્ઞેયાકાર સાક્ષાત્ એક સમયમેં હી ભાસિત હોતા હૈ.**' લો!

તીસરી બાત. '(૩) **ઔર સર્વ જ્ઞેયાકારોંકી તાત્કાલિકતા (વર્તમાનતા, સાંમ્પ્રતિકતા)...**' વર્તમાન '**અવિરૂદ્ધ હૈ.**' જ્ઞેય ઓરસે લેતે હૈં. '**જૈસે નષ્ટ ઔર અનુત્પન્ન વસ્તુઓંકે આલેખ્યાકાર વર્તમાન હી હૈં,...**' નાશ હુઆ ઔર ઉત્પન્ન નહીં હૈ ઐસી વસ્તુઓંકે આલેખ્યાકાર. વહ વર્તમાન હી હૈ. વહ જ્ઞેય ભી વર્તમાન હૈ ઐસા કહતે હૈં અબ. '**ઉસી**

**પ્રકાર અતીત ઔર અનાગત પર્યાયોંકે જ્ઞેયાકાર વર્તમાન હી હૈં.**' આલેખ્યાકાર જૈસે વર્તમાન બતાતે હૈ ન, આલેખને યોગ્ય ચીજ. ઐસે સારા જ્ઞેય ભૂત ઔર ભવિષ્યકા આલેખ્યાકાર વર્તમાનવત્ હી હૈ. જ્ઞાનમેં હૈ ઔર વહાં ભી વર્તમાનવત્ હૈ ઐસા કહતે હૈં અબ. આહા..હા..! અરે..! ઉસકો અપને સ્વભાવકા માહાત્મ્ય ક્યા હૈ (યહ માલૂમ નહીં). રાગકા માહાત્મ્ય લો, પુણ્ય, દયા, દાન, વિકલ્પ ઉસકા માહાત્મ્ય. યા પુણ્ય આયા શરીરમેં અનુકૂલતા. ઓહો..હો..! ક્યા હૈ? વહ તો ધૂલ હૈ, ઉસમેં માહાત્મ્ય ક્યા આયા તુજે? સમજમેં આયા? દેવપદ મિલા. ઐસા પદ. સમજે?

આગે ૪૫મેં આયેગા વહ, પુણ્યફલા અર્હંતા. પુણ્યફલા અરિહંત નહીં. અરિહંતકા શરીર આદિ પુણ્યફલ ઐસા કહતે હૈં. '**पुण्यफला अरहंता**' તો પુણ્યફલસે અર્હંતપના પ્રાપ્ત હૈ સર્વજ્ઞપના ઐસા કહતે હૈં? '**पुण्यफला अरहंता**'. પુણ્યકા ફલ અરિહંતોંકો પ્રાપ્ત હોતા હૈ ઐસા. તબ વહ લોગ કહતે હૈં કિ પુણ્યકે ફલસે અરિહંત હોતા હૈ. અરે..! ભગવાન ક્યા કહતે હો? વહ તો કહતે હૈં કિ જબ તીર્થંકર સર્વજ્ઞપદ પ્રાપ્ત હુઆ તો પૂર્વકે પુણ્યકા ફલ પરમ ઔદારિક શરીર, વાણી દિવ્યધ્વનિ, ચલના, હિલના આદિ વહ ક્રિયા પૂર્વકે પુણ્યકે ફલકે કારણ પ્રાપ્ત હોતા હૈ. વહ તો બાહરકી ચીજ હૈ. સમજમેં આયા? '**पुण्यफला अरहंता**' શબ્દ આયા ન. અર્હંતા... અર્હંતા... અર્હંતા... અર્હંતા એટલે? સમજમેં આયા? હૈ ન? ૪૫.

'**पुण्यफला अरहंता**' અરિહંત શબ્દ પડા હૈ ન? તો વહ પુણ્યકે ફલરૂપ અરિહંત ભગવાન ઐસા નહીં, યહાં તો અરિહંત ભગવાન પુણ્યફલવાલે હૈં ઐસા કહતે હૈં. અરિહંત ભગવાનકો સર્વજ્ઞપના, વીતરાગપના પ્રાપ્ત હુઆ હૈ ઐસે ભગવાનકો પુણ્યકા ફલ બાહરમેં ક્યા હૈ વહ બતાતે હૈં. પરંતુ ઉપર લીટી ઐસી હૈ ન. '**तीर्थंकृता पुण्यविपाकोऽकिंचित्कर**' પુણ્યકા વિપાક ભગવાનકો કુછ કરતા નહીં. કુછ કરતા નહીં તો વહ કહતે હૈં કિ પુણ્યકા વિપાક આત્માકો કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાતા હૈ. દેખો ન. હૈ ન જ્ઞાનચંદજી! ઉપર શબ્દ હૈ. '**अथैवं सति तीर्थंकृता पुण्यविपाकोऽकिंचित्कर**' પુણ્યકે ફલ ભગવાનકો કુછ કરતા નહીં, ઐસા તો પાઠ લિયા હૈ. ઉસકી જગહ પુણ્યકે ફલમેં અરિહંતપદ પ્રાપ્ત હોતા હૈ. ક્યા કહતે હૈં? સમજમેં આયા?

યહાં તો કહતે હૈં કિ સર્વજ્ઞપદ જબ પ્રાપ્ત હુઆ અંતરમેંસે, તબ પૂર્વકા પુણ્ય થા ઉસસે ક્યા હુઆ? વાણી હૈ, દિવ્યધ્વનિ હૈ, હિલના હૈ, ચલના હૈ ઐસી ઉદયકી ક્રિયા હૈ પુણ્યસે. ભગવાનકો કુછ કરતી નહીં. ભગવાનકે તો જ્ઞાનકા જ્ઞેય હૈ. ભગવાનકે જ્ઞાનમેં વહ પુણ્યકા ફલ સમવસરણ, વાણી આદિ તો જ્ઞાનકા જ્ઞેય હૈ. સમજમેં આયા? પુણ્યફલસે અરિહંતપદ પ્રાપ્ત હોતા હૈ ઐસા કહા હૈ? ઐસા લિખતે હૈં પત્રોંમેં. કૈસે લિખતે હૈં? કૈસે બોલતે હૈં કુછ ખબર હી નહીં. ઉસકો હાં. ઐસે લિખતે હૈં તો અજ્ઞાનસે લિખતે હૈં. ભાન નહીં. યહાં લેતે લેતે વહ ૪૫ ગાથા આયેગી દેખો.

વહ બતાતે હૈં કિ આત્મા ભગવાન અપના નિજ શુદ્ધાત્મપ્રભુ, અપની શુદ્ધાત્માકી અંતર દૃષ્ટિ, જ્ઞાન, રમણતા કરનેસે-નિશ્ચય મોક્ષમાર્ગકી રમણતા કરનેસે ઉસકે ફલરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત હોતા હૈ. ઉસ કેવલજ્ઞાનમેં અપની ત્રિકાલી પર્યાય, દૂસરેકી સબકી પર્યાય એક સમયમેં વર્તમાનવત્ દિખનેમેં આતી હૈ. સમજમેં આયા? ઉસમેં ભી ઝઘડા કરે. અર્થ લેતે હૈં ન. ક્યા? જયધવલ. વર્તમાન અર્થ હૈ, ફિર અર્થ નહીં હૈ. વહ તો વિદ્યમાન નહીં હૈ, પરંતુ જ્ઞાનમેં તો વિદ્યમાનવત્ હી હૈ. વત્ હી હૈ. સુન ના. ઓહો..હો..! કહો, સમજમેં આયા? સર્વ અનાગત ઔર અતીત પર્યાયોંકે જ્ઞેયાકાર. સામને હોં સામને. સામને ભી વર્તમાન હી હૈ ઐસા કહતે હૈં.

'**ભાવાર્થ :- કેવલજ્ઞાન સમસ્ત દ્રવ્યોંકી તીનોં કાલકી પર્યાયોંકો યુગપદ્ જાનતા હૈ.**' કહો, ભવિષ્યમેં હોગી તબ જાનેગેં ઐસા હૈ કેવલજ્ઞાનમેં? તો સબ નિશ્ચય હૈ. ભગવાનકે જ્ઞાનમેં તો ભવિષ્યમેં ઉસ સમયમેં, ઉસ ક્ષેત્રમેં, ઉસ કાલમેં, ઉસ નિમિત્તસે અર્થાત્ નિમિત્તકી ઉપસ્થિતિમેં વહ હોગી (ઐસા). સબ નિશ્ચિત હૈ. ભગવાનકે જ્ઞાનમેં તો વહ અનિશ્ચિત હૈ નહીં, અનિશ્ચિત હૈ હી નહીં. કહાં સે અનિશ્ચિત હો? સબ એક સમયમેં તીન કાલ જાના ફિર અનિશ્ચિત કહાં રહા?

મુમુક્ષુ :- અનેકાંત.

ઉત્તર :- અનેકાંત અર્થાત્ નિશ્ચિત હૈ, અનિશ્ચિત નહીં હૈ ઉસકા નામ અનેકાંત હૈ. આહા..હા..! પૂર્ણ દેખા.. પૂર્ણ દેખા... ભગવાનને તો પૂર્ણ દેખા હૈ. પૂર્ણ દેખા હૈ ઐસા કહતે નહીં. યહાં તો આત્માકી પર્યાયકા માહાત્મ્ય બતાતે હૈં. એક સમયકી પર્યાયકા... એક સમય... આહા..હા..! પ્રગટરૂપ એક સમયકી દશાકા. ભૂત, ભવિષ્યકો વર્તમાનવત્ જાન લેતે હૈ ઐસી તો ભગવાન તેરી એક સમયકી અવસ્થાકી તાકાત હૈ. ઐસી તાકાત (હૈ). ક્યા રાગ તેરી તાકાત હૈ? રાગ કરના, રાગ છોડના વહ તેરેમેં હૈ? તેરેમેં તો જાનના, દેખનાસે ભરા પડા ભગવાન હૈ. વહ જાનન-દેખન સ્વભાવ ભગવાન વહ ચૈતન્યમૂર્તિ, ઉસકા અનુભવ કરો, ઉસકી દૃષ્ટિ કરો, સન્મુખ હો ઔર ઉસમેં લીન હો, વહી મોક્ષકા માર્ગ હૈ, દૂસરા માર્ગ હૈ નહીં. સમજમેં આયા? આહા..હા..! લોગોંકો બાહરકી સ્થિતિસે ગડબડ હો જાયે. બહુત લિખતે હૈં. બહુત પંડિત નામ ધરનેવાલે ઐસા લિખતે હૈં.

યહાં તો કહતે હૈં, '**કેવલજ્ઞાન સમસ્ત દ્રવ્યોંકી તીનોં કાલકી પર્યાયોંકો યુગપદ્ જાનતા હૈ. યહાં યહ પ્રશ્ન હો સકતા હૈ કિ જ્ઞાન નષ્ટ ઔર અનુત્પન્ન પર્યાયોંકો વર્તમાન કાલમેં કૈસે જાન સકતા હૈ? ઉસકા સમાધાન હૈ કિ—જગતમેં ભી દેખા જાતા હૈ કિ અલ્પજ્ઞ જીવકા જ્ઞાન ભી નષ્ટ ઔર અનુત્પન્ન વસ્તુઓંકા ચિંતવન કર સકતા હૈ,...**' ચિંતવન કર સકતા હૈ. '**અનુમાનકે દ્વારા જાન સકતા હૈ, તદાકાર હો સકતા હૈ.**' તીન બોલ લિયા. સમજમેં આયા? શરીરકી અવસ્થાકા ખ્યાલ નહીં હૈ પહલેસે? લો! પહલે અવસ્થા બાલક થી, યુવાન થી, અભી યહ હૈ ઔર પીછે પરમાણુ

પલટકર દૂસરી અવસ્થા હો જાયેગી ઐસા વર્તમાન ખ્યાલ નહીં હૈ? કિ ઐસી-ઐસી અવસ્થા રહેગી ઐસા ખ્યાલ હૈ. કિસી ભી ચીજકો વર્તમાનમેં ખ્યાલ કરતે કહતે હૈં કિ ઉસકે ચિંતવનમેં તીન કાલ આ જાતા હૈ. સમજમેં આયા? ઔર અનુમાન દ્વારા ભી જાન સકતે હૈ કિ ઐસા હોગા, ઐસા હુઆ, ઐસા હોગા. ઔર '**તદાકાર હો સકતા હૈ.**' ઉસ સમયમેં ભી અપને જ્ઞાનમેં ભી વહ આકાર હૈ ઐસા જ્ઞાનમેં આ જાતા હૈ.

'**તબ ફિર પૂર્ણ જ્ઞાન નષ્ટ ઔર અનુત્પન્ન પર્યાયોંકો ક્યોં ન જાન સકેગા? જ્ઞાનશક્તિ હી ઐસી હૈ...**' ઓહો..હો..! જ્ઞાનશક્તિ પ્રગટ કી બાત હૈ, હાં! '**કિ વહ ચિત્રપટકી ભાંતિ અતીત ઔર અનાગત પર્યાયોંકો ભી જાન સકતી હૈ...**' ચિત્રપટમેં દિખતા હૈ. સામને દેખો. બાહુબલજી હુએ, ઐસે મોક્ષ ગયે, સિદ્ધ હુએ ઐસા ખ્યાલમેં નહીં આતા? પાંડવ યહાં થે. શેત્રુંજય લો. પાંડવ થે. ઐસે પહલે રાજકુમાર થે, દીક્ષિત હુએ ઔર સિદ્ધ હુએ. સમજમેં આયા? પરંતુ વહ વિચાર મનનમેં વહ બાત લેતા નહીં કિ ક્યા કેવલજ્ઞાનકી તાકાત હૈ! ઐસા હી માન લે કિ ભગવાનને કહા વહ સચ. ભગવાન કહે લેકિન તુજે બૈઠે બિના ભગવાન સચ હૈ વહ કહાં હૈ તુજે? વહ તો ભગવાનકે ઘરમેં ભગવાન સચ્ચે હુએ. તુજે સચ્ચા કબ હોગા? તેરી પર્યાયમેં નિઃશંકપને કેવલજ્ઞાનકી પર્યાય ઐસી હૈ, ઉસમેં નિઃસંદેહપને સંદેહ બિના તુઝે બૈઠે તબ તુઝે સચ્ચે ભગવાન હૈ. તેરે લિયે તેરા ભગવાન તબ સચ્ચા. આહા..હા..! ..એક સમય, એક સમયકી પર્યાય! પૂરી બૈલગાડી ભર દી. એક જન ઐસા કહતા થા. ક્યાં સમાઈ જવું? અરે.. પણ.. આહા..હા..! સમજ મેં આયા?

એક લાખ ઘડા પાનીકા હો, પાનીકા. જલકા લો. તો વહ પાની એકદમ સબકો કહા છોડ દો. તો પહલે ખ્યાલમેં હૈ કિ વર્તમાન પાની ઐસા થા. ફિર છોડ દેતે હૈ ધગ.. ધગ.. ડાલતે હૈ ન? પહલેસે ખ્યાલમેં હૈ કિ અભી ઐસા હોગા ઔર પાની ઐસે પ્રસરેગા. પહલેસે ખ્યાલ નહીં હૈ? સમજમેં આયા? લાખ કરોડ લોગ હો, કરોડ લોગ હો. ઉસમેં કોઈ ભાષણ કરતા હો ભાષણ. તો કરોડ લોગમેં ઐસા કહે કિ આત્મા પરિપૂર્ણ હૈ. ઐસી ભાષા હુઈ. કરોડો મનુષ્યકો વહ ખ્યાલ વર્તમાનમેં હૈ, વર્તમાનમેં હૈ કિ આત્મા પરિપૂર્ણ હૈ ઐસા જ્ઞાન સબકો એકસાથમેં હો ગયા. હો ગયા કિ નહીં? તો એક સેકન્ડમેં ભી સારા ઉસકા ખ્યાલ આ જાતા હૈ ઔર ઐસી શ્રદ્ધા ઉસકી રહેગી. સમજમેં આયા? ઔર યહ શ્રદ્ધાકી શક્તિ ઉસમેં થી પરંતુ પ્રતીત કરતા નહીં થા વહ ભી ઉસકે ખ્યાલમેં આ જાતા હૈ.

કેવલજ્ઞાનકી શંકા કરતે થે, દરબારીલાલ. એક હજાર ઘડેકા પાની એક ઘડેમેં આ જાતા હૈ? અરે..! સુન તો સહી. યહાં પાનીકી બાત કહાં હૈ? વહ તો સંયોગકી બાત હૈ. યહ બાત ખ્યાલમેં આ જાતી હૈ કિ નહીં? સારે અનંત જીવ હૈં વહ રાગકો અપના માનતે હૈં, રાગકા એકત્વ હૈ વહ મિથ્યાત્વ હૈ. ઐસી શ્રદ્ધા ઉસકી થી, વર્તમાન હૈ ઔર ભવિષ્યમેં રહેગી, અનંત પ્રાણી રહેંગે સંસારમેં ઐસા ખ્યાલમેં નહીં આતા હૈ? જ્ઞાનચંદજી! સમજમેં

આયા? અલ્પજ્ઞાનમેં ભી ઐસા ખ્યાલમેં આતા હૈ, જૈસે ભૂત-ભવિષ્ય હોગા ઐસા વર્તમાનમેં ખ્યાલ આતા હૈ. આહા..હા..! નિગોદ જીવ અનંત પડા હૈ, કભી ત્રસ નહીં હોગા ઐસા ખ્યાલમેં નહીં આતા? સમજમેં આયા? અભી ત્રસ નહીં, ભવિષ્યમેં ભી ત્રસ હોગા નહીં, સ્થાવર રહેગા ઔર અનંતકાલસે સ્થાવરમેં પડા હૈ. ઐસા ભલે સુના. ફિર સુનનેકે બાદ જ્ઞાનમેં સમજમેં આયા કિ નહીં? તો જ્ઞાનકી પર્યાય તીનોં કાલકો અવલંબન કરકે ચિંતવન કરતી હૈ, અનુમાન કરતી હૈ ઔર તદાકાર હોકર જ્ઞાનમેં તીનોં કાલકી પર્યાય સમા જાતી હૈ. સમજમેં આયા?

'**જ્ઞાનશક્તિ ઐસી હૈ કિ ચિત્રપટકી ભાંતિ અતીત ઔર અનાગત પર્યાયોંકો ભી જાન સકતી હૈ ઔર આલેખ્યત્વશક્તિકી ભાંતિ,...**' સામને જ્ઞેય જ્ઞેય. '**દ્રવ્યોંકી જ્ઞેયત્વ શક્તિ ઐસી હૈ...**' તીન કાલકે તીર્થંકર સામને લિયા તો ઉસમેં ભી શક્તિ ઐસી હૈ ન તીન કાલકો બતાનેકી? આતા હૈ ન. '**ઉનકી અતીત ઔર અનાગત પર્યાયેં ભી જ્ઞાનમેં જ્ઞેયરૂપ હોતી હૈં—**' વહ જ્ઞાત હોતી હૈ. તીન કાલકા જ્ઞેય ભી જ્ઞાનમેં આ જાતા હૈ. જ્ઞાન ઉસકો જાનતા હૈ ઔર જ્ઞેય ઉસમેં આ જાતા હૈ. ઉસકા જ્ઞાન.

'**ઈસપ્રકાર આત્માકી અદ્‌ભૂત જ્ઞાનશક્તિ...**' ઓહો..હો..! દેખો! સમજમેં આયા? '**ઈસપ્રકાર આત્માકી અદ્‌ભૂત જ્ઞાનશક્તિ ઔર દ્રવ્યોંકી અદ્‌ભૂત જ્ઞેયત્વશક્તિ...**' દોનોં ઓર લિયા. '**કે કારણ કેવલજ્ઞાનમેં સમસ્ત દ્રવ્યોંકી તીનોં કાલકી પર્યાયોંકા એક હી સમયમેં ભાસિત હોના અવિરુદ્ધ હૈ.**' યુક્ત હૈ, અયુક્ત નહીં હૈ. આહા..હા..! અપની જ્ઞાનપર્યાયમેં, દેખો ભગવાનને પહલેસે કહા ન. સર્વ સિદ્ધકા હમ પર્યાયમેં સ્થાપન કરતે હૈં. લો. સમયસાર શુરૂ કરતે હુએ. અનંતા કેવલજ્ઞાનકી પર્યાયકો એક સમયમેં અલ્પજ્ઞમેં હમ સ્થાપન કરતે હૈં. સમજમેં આયા? રાગસે ભિન્ન હોકર અપની જ્ઞાનકી પર્યાયમેં અનંતા કેવલજ્ઞાન આયા. પર્યાયમેં કેવલજ્ઞાન. સમજમેં આયા? તો ઉસકી દૃષ્ટિ દ્રવ્ય પર ઝુક ગઈ, રાગ ઉપર રહી નહીં, નિમિત્ત પર રહી નહીં. તબ અનંતા સિદ્ધકો અપની પર્યાયમેં સ્થાપન કર સકતે હૈં. સ્થાપનકા અર્થ આદર કર સકતે હૈં. '**वंदित्तु**' શબ્દ હૈ ન? અનંતા સિદ્ધકો તબ આદર કર સકતે હૈં. અંદરમેં એકાગ્ર હોકર અનંતા સિદ્ધ જ્ઞેય કરનેલાયક, આદર કરનેલાયક અપની પર્યાયમેં સ્થાપન કિયા તો અનંતા સિદ્ધ અપની પર્યાયમેં આ ગયે. સમજમેં આયા? અબ સંસારમેં રાગ રહેગા નહીં. આહા..હા..!

.. આયા થા ન. આત્મધર્મમેં હૈ. આત્મધર્મમેં યહ સબ રખા હૈ. સબ રખા હૈ. વિવિધ .. સે રખતે હૈં. કહો, સમજમેં આયા? દૃષ્ટાંત લિયા થા ન? પહલે લિયા થા ન રામકા. રામ-રામચંદ્રજી. રામચંદ્રજી છોટે થે ન છોટે, તો રામચંદ્રજીકો ઐસી ઈચ્છા હુઈ કિ મુઝે ચંદ્રકો અપની જેબમેં રખના હૈ. ખિસ્સાકો ક્યા કહતે હૈં? જેબમેં. મેરી જેબમેં ચંદ્રકો લાઓ. યહ ક્યા હૈ? છોટે થે. પુરુષોત્તમ પુરુષ હૈં. કેવલજ્ઞાન પ્રાપ્ત કર મોક્ષ જાયેગેં, આખિરકા શરીર

હૈ. છત પર બૈઠે થે. રાજકુમાર પુણ્યવંત શરીર, આખિરકા શરીર. દશરથને કહા દિવાનકો. દિવાનજી! પુરુષોત્તમ પુરુષ રામચંદ્રજી ઐસા ક્યોં કરતે હૈં? સમાધાન કરો. અરે..! હમ રાજકા સમાધાન કરે ઔર બાલકકા ભી સમાધાન કરે? ક્યા હૈ? ક્યા હૈ? બુદ્ધિ તો લગાઓ. યે ક્યા કરતા હૈ? ક્યોં રુદન કરતા હૈ? ચલો ભાઈ! શાંત હો જાઓ. વહ ચંદ્ર હૈ ઉસકો નીચે ઉતારનેકા ભાવ હૈ. તો એક દર્પણ લાયા દર્પણ. શીશા. ઐસા રખા. બસ આ ગયા. જેબમેં ડાલ દિયા. ચંદ્ર અપની જેબમેં આ ગયા. ઐસે સિદ્ધ અપની પર્યાયમેં આ ગયે યહાં. આહા..હા..! જ્ઞાનપર્યાયકી નિર્મલતા ઔર અનંત સિદ્ધકા જહાં આદર હુઆ, રાગ નહીં, વિકલ્પ નહીં. પરિપૂર્ણ પર્યાયવાલેકો આદર દિયા હૈ લો! આહા..હા..! ગજબ કામ કિયા હૈ. કથનકી પદ્ધતિ કોઈ અલૌકિક પદ્ધતિ હૈ. વહ યહાં કહતે હૈં.

**'આત્માકી અદ્‌ભૂત શક્તિ ઔર દ્રવ્યોંકી અદ્‌ભૂત જ્ઞેયત્વશક્તિકે કારણ કેવલજ્ઞાનમેં સમસ્ત દ્રવ્યોંકી તીનોંકાલકી પર્યાયોંકા એક હી સમયમેં ભાસિત હોના અવિરોધ હૈ.'** લો.

અબ ૩૮. **'અબ, અવિદ્યમાન પર્યાયોંકી (ભી)...'** અસદ્‌ભૂતકા અવિદ્યમાન અર્થ કિયા હૈ. **'અવિદ્યમાન પર્યાયોંકી (ભી)...'** અર્થાત્ ભૂતકાલકી ઔર વર્તમાનકી અવિદ્યમાન હૈ, અસદ્‌ભૂત હૈ. **'કથંચિત્ (-કિસી પ્રકારસે, કિસી અપેક્ષાસે) વિદ્યમાનતા બતલાતે હૈં :—'** નહીં હૈ વહ હૈ ઐસા બતલાતે હૈં. આહા..હા..!

**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय पज्जाया।**
**ते होंति असब्भूदा पज्जाया णाणपच्चक्खा।।३८।।**

ઉસકા શ્લોક તો ઈસમેં નહીં હૈ. પીછે હૈ હરિગીત. ૩૮.

**જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,**
**તે સૌ અસદ્‌ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮.**

ગુજરાતી હૈ. ગુજરાતી બહુત આસાન હૈ. સમજના ચાહે તો સમજ સકે. સમજના ચાહે તો. પર પહલેસે કહે કિ નહીં સમજમેં આતા ઉસે સમજમેં આતા નહીં.

**'અન્વયાર્થ :- જો પર્યાયેં...'** ઓહો..હો..! કેવલજ્ઞાનકી પર્યાય તીન કાલકી બાત જાનતી હૈ યહ સિદ્ધ કરનેકો કિતની ગાથા લી હૈ!

મુમુક્ષુ :- બધા પડખાથી.

ઉત્તર :- પડખેથી અને જૈસી હૈ વૈસી બરાબર ઉસકો આ જાયે, ઐસી અપનેમેં બૈઠી હૈ ન ઐસી? લોગોંકો ઐસી બૈઠ જાયે, ઐસા વિકલ્પ આયા હૈ.

**'જો પર્યાયેં વાસ્તવમેં ઉત્પન્ન નહીં હુઈ હૈં,...'** ભવિષ્યકી પર્યાય દ્રવ્યમેં ઉત્પન્ન નહીં હુઈ. **'તથા જો પર્યાયેં વાસ્તવમેં ઉત્પન્ન હોકર નષ્ટ હો ગઈ હૈં,...'** ઉત્પન્ન હોકર વર્તમાન મેં રહી નહીં, નષ્ટ હો ગઈ. **'વે અવિદ્યમાન પર્યાયેં જ્ઞાન પ્રત્યક્ષ હૈં.'** જ્ઞાનમેં

તો પ્રત્યક્ષ હી હૈ, વર્તમાનવત્ પ્રત્યક્ષ હૈ. આહા..હા..! સમજમેં આયા?

'**ટીકા :- જો પર્યાયેં અભી તક ઉત્પન્ન ભી નહીં હુઈ...**' જો અવસ્થા પરમાણુકી, આત્માકી (આદિ) છહોં દ્રવ્યોંકી '**અભી તક ઉત્પન્ન ભી નહીં હુઈ ઔર જો ઉત્પન્ન હોકર નષ્ટ હો ગઈ હૈં, વે (પર્યાયેં)...**' ઉત્પન્ન હોકર નષ્ટ હો ગઈ હૈ. અર્થાત્ યહી બાત .. ઉત્પન્ન ઔર નષ્ટ હો ગયી. અબ રહી કહાં? ઈસમેં ઐસા લિખા હૈ. પરંતુ નષ્ટ હો ગઈ નામ વર્તમાન નષ્ટ હો ગઈ, અંદર તો ઘૂસ ગઈ હૈ. સમજમેં આયા? શબ્દ ઐસા હૈ. '**જો પર્યાયેં અભી તક ઉત્પન્ન ભી નહીં હુઈ હૈં, તથા જો પર્યાયેં વાસ્તવમેં ઉત્પન્ન હોકર નષ્ટ હો ગઈ હૈં, વે (પર્યાયેં) વાસ્તવમેં અવિદ્યમાન હોને પર ભી,...**' વહ અવસ્થા વાસ્તવમેં વર્તમાનમેં ન હોને પર ભી. '**જ્ઞાનકે પ્રતિ...**' યહાં જોર હૈ. સમજમેં આયા?

'**જ્ઞાનકે પ્રતિ નિયત હોનેસે (જ્ઞાનમેં નિશ્ચિત-સ્થિર—લગી હુઈ હોનેસે,...**' બરાબર નિશ્ચિત—સ્થિર લગી હુઈ હોનેસે... '**જ્ઞાનમેં સીધી જ્ઞાત હોનેસે)**' ઉસકા અર્થ કિયા. નિયત હોનેસે ઉસકી વ્યાખ્યા. ભગવાન આત્મા જ્ઞાનકી પર્યાયમેં ભૂત ઔર ભવિષ્યકી પર્યાય વર્તમાન ન હોને પર ભી નિયત હૈ. દેખો! નિશ્ચિત હૈ, લગી હુઈ હૈ, સ્થિર હૈ, જ્ઞાનમેં ચીપક ગઈ હૈ. આગે આયેગા ન, વહ બોલ નહીં આતા? લગી હૈ ન વહ આ ગયા. લગી હૈ વહ આ ગયા. સમજમેં આયા? આહા..હા..! '**જ્ઞાનમેં સીધી જ્ઞાત હોનેસે) જ્ઞાનપ્રત્યક્ષ વર્તતી હુઈ,...**' દેખો! જ્ઞાનમેં તો પ્રત્યક્ષ હૈ, વહાં પરોક્ષ હૈ નહીં. ભવિષ્યમેં હોગી તબ યહાં જાનતે હૈ ઐસા હૈ જ્ઞાનમેં? આહા..હા..! અહો..! દિવ્યજ્ઞાનકી મહિમા ક્યા! યહ મહિમા કૈસે કરના? ઔર ઐસા ન જાને તો દિવ્યજ્ઞાન કહે કૌન ઉસકો? એક સમયમેં તીનકાલ વર્તમાનવત્ ન જાને તો ઉસકો દિવ્યજ્ઞાન કહે કૌન? અર્થમેં તો ઐસા લિયા હૈ ન ભાઈને. ઉસકો જ્ઞાન ભી કૌન કહે? વહ આયેગા ઈસમેં. ઉસકો જ્ઞાન ભી કૌન કહે? યહ ઈસમેં આયેગા. ઉસમેં આ ગયા. જ્ઞાન ભી કૌન કહે? જયસેનાચાર્યકી ટીકામેં દો બાર લિખા હૈ. ઈસમેં તો નહીં હૈ. યહ તો હિન્દી હૈ ન. હિન્દીમેં નહીં હૈ. સંસ્કૃત. ઈસમેં ભી આતા હૈ. જ્ઞાન ભી કૌન કહે? યહ તો નયા હૈ ન, યહ પઢા નહીં હૈ. ૪૨. યહાં ઈસમેં લેના હૈ ન. વહ ક્ષાયિકજ્ઞાન. બસ વહ. 'જ્ઞાયક જ્ઞાન નહીં હૈ અથવા ઉસસે જ્ઞાન હી નહીં.' વહ. યહ તો પહલેમેં સુધારા હૈ. ચિહ્ન કિયા હૈ. ૪૨ ગાથામેં, ઉસે જ્ઞાન હી નહીં હૈ. ૪૨ ગાથા. ૪ ઔર ૨. ઉસકી ટીકાકી તીસરી પંક્તિ. '**ઉસે જ્ઞાન હી નહીં હૈ.**' આહા..હા..! યહાં નહીં, ઉસકો પરિપૂર્ણકો હી જીવ કહતે હૈં. નિશ્ચયજીવ, આતા હૈ ન સંસ્કૃતમેં આતા હૈ. મતિશ્રુતજ્ઞાની વહ તો વ્યવહારજીવ હૈ, વ્યવહારજીવ હૈ. સમજમેં આયા? ક્યોંકિ વસ્તુકા જીવન જો પૂર્ણ જ્ઞાન હૈ વહી ઉસકા પૂર્ણ જીવન હૈ. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ વહી જીવકા પૂર્ણ જીવન હૈ. વહી નિશ્ચયસે જીવ હૈ. સમજમેં આયા? આહા..હા..! અલ્પ જ્ઞાનસે જિતા હૈ વહ ક્યા નિશ્ચયજીવ

હૈ? વહ તો વ્યવહારજીવ હૈ. ઓહોહો..! ઐસા હૈ સંસ્કૃતમેં જયસેનાચાર્યકી ટીકામેં. સમજમેં આયા?

**'જ્ઞાનપ્રત્યક્ષ વર્તતી હુઈ,...'** યહ અર્થ કિયા **'असब्भूदा पज्जाया णाणपच्चक्खा'** ચૌથે પદકા અર્થ હૈ. ભૂત ઔર ભવિષ્યકી પર્યાય જ્ઞાનમેં તો પ્રત્યક્ષ હી હૈ. સમજમેં આયા? **'પાષાણ સ્તંભમેં,...'** પાષાણકા સ્તંભ હોતા હૈ ન પત્થરકા. 'ઉત્કીર્ણ,...' ઉસમેં ખુદા હુઆ. કોરી સમજતે હો? ક્યા કહતે હૈં? ખુદા હુઆ, ખુદા હુઆ. **'ભૂત ઔર ભાવી દેવોં...'** ગયે કાલકે તીર્થંકરોં ઔર ભવિષ્યકે તીર્થંકરોં. દેખો! દૃષ્ટાંત કૈસા લિયા હૈ. **'દેવોં (તીર્થંકરદેવોં) કી ભાંતિ...'** ભૂતકાલકે તીર્થંકરકા ચિત્ર હો ઔર ભવિષ્યકા ચિત્ર હો, વર્તમાનમેં પ્રત્યક્ષ દેખતે હૈં. સમજમેં આયા? ભૂતકાલકે અનંત તીર્થંકર. થોડા.. ભલે થોડા. ભવિષ્ય કે થોડે. હારબંધ. સબ જૈસે એક સમયમેં ઉસ પત્થરકે સ્તંભમેં ખુદા હુઆ દિખનેમેં વર્તમાનમેં હી દિખતા હૈ. ઐસે જ્ઞાનકી પર્યાયમેં તીન કાલકી પર્યાય વર્તમાનમેં પ્રત્યક્ષ દિખતી હૈ.

જ્ઞાનકી પર્યાય પૂર્ણકી હી તકલીફ હૈ સબકો. સર્વજ્ઞપદકા. એક એક સર્વજ્ઞ, એક એક સર્વજ્ઞ (ઐસે). અનંત મિલકર સર્વજ્ઞ હો. તો તુજે દ્રવ્યકી પર્યાયકા સામર્થ્ય ઔર દ્રવ્ય કિતના અખંડ હૈ ઉસકી તુજે ખબર નહીં. સમજમેં આયા? સબ મિલકર એક આત્મા. કહતે હૈં ન અદ્વૈત આદિ? એક આત્મા હૈ, સર્વવ્યાપક હૈ. ઐસા હૈ હી નહીં. બડી જૂઠી દૃષ્ટિ હૈ, વિપરીત દૃષ્ટિ હૈ. નિશ્ચયાભાસ બડી દૃષ્ટિ વિપરીત. સમજમેં આયા? ભગવાન એક હી હૈ. ભગવાન વ્યાપક એક હી પરમાત્મા હૈ. ઐસા નહીં હૈ. તેરી જ્ઞાનકી પરિપૂર્ણ પર્યાય હી લોકાલોકકો જાને ઐસી તાકાત તુમ પરમાત્મા પૂર્ણ હો. અપ્પા સો પરમ-અપ્પા. આત્મા સો હી પરમાત્મપને પરિણમિત હો જાતા હૈ. અપ્પા સો પરમાત્મા તો હૈ હી શક્તિરૂપસે. દ્રવ્યરૂપસે શક્તિરૂપસે તો આત્મા પરમાત્મા હી હૈ. પર્યાયમેં પરિણમિત હો જાતા હૈ તો સર્વજ્ઞ હો જાતા હૈ અંતર્મુખ આશ્રય કરકે. સમજમેં આયા? ઓહો..!

કહતે હૈં કિ **'સ્તંભમેં ઉત્કીર્ણ, ભૂત ઔર ભાવી દેવોં...'** નીચે લિખા હૈ ન પ્રત્યક્ષ. ઉસકા અર્થ. પ્રત્યક્ષ હૈ ન? જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા હૈ ઉસકા અર્થ કિયા. **'અક્ષકે પ્રતિ—'** અક્ષ અર્થાત્ જ્ઞાન અથવા આત્મા દોનોં. અક્ષ અર્થાત્ જ્ઞાન પ્રતિ અથવા આત્મા પ્રતિ. **'અક્ષકે સન્મુખ—'** જ્ઞાન સન્મુખ અથવા આત્મા સન્મુખ. **'અક્ષકે નિકટમેં—'** જ્ઞાનમેં નજદીકમેં અથવા આત્માકે નજદીકમેં. **'અક્ષકે સંબંધમેં...'** જ્ઞાનકે સંબંધમેં ઔર આત્માકે સંબંધમેં. ઐસા જ્ઞાન આત્મા હૈ લો. સમજમેં આયા? પ્રત્યક્ષ. અક્ષ અર્થાત્ જ્ઞાન ઔર આત્મા. ઔર પ્રતિ. અક્ષકે પ્રતિ. જ્ઞાન ઔર આત્માકે પ્રતિ. જ્ઞાન ઔર આત્માકે સન્મુખ, જ્ઞાન ઔર આત્માકે નિકટમેં, જ્ઞાન ઔર આત્માકે સંબંધમેં હો. ઉસકો જ્ઞાનપ્રત્યક્ષ કહતે હૈં. આહા..હા..!

વસ્તુકા અસ્તિત્વ ઈતના સિદ્ધ કરતે હૈ. યહ તો વસ્તુ કૈસી અસ્તિ હૈ વહ કુછ નહીં. વિકલ્પ છોડો, યહ છોડો, વહ છોડો. અબ એક ઐસા નિકલા હૈ. કૌન જાને કૈસે કાલમેં...

એક તો પ્રાણી ઐસે બિચારે ઔર ઉસકો સુનાનેવાલા ઐસા મિલે. વિકલ્પ છોડો, નિર્વિચાર હો જાઓ. પરંતુ કિસકા નિર્વિચાર? પરકા વિચાર છોડ દે. સ્વકા વિચાર અસ્તિ ક્યા હૈ વસ્તુ? દ્રવ્ય કૈસા હૈ? ઉસકી શક્તિ કૈસી હૈ? ઔર પર્યાય પૂર્ણ હો તો કિતની અસ્તિ હૈ? ઐસા જ્ઞાન હુએ બિના સ્વભાવસન્મુખ હોગા નહીં ઔર વિકલ્પ ઉસકા નાશ કભી હોગા નહીં તીન કાલમેં. વહ કહતે હૈં ન, વિકલ્પ શૂન્ય હો જાઓ શૂન્ય. શૂન્ય હો જાયેગા જડ. ભગવાન આત્મા અશૂન્ય નામ ભરા પડા હૈ પરિપૂર્ણ, દ્રવ્યસે, ગુણસે ઔર પર્યાયસે. સમજમેં આયા? આહા..હા..!

તત્વાનુશાસનમેં કહા હૈ ન? ભાઈ! અરિહંતકા ધ્યાન કરતે હૈં હમ. તુમ અરિહંત તો નહીં હો. અરિહંત તુમ હો નહીં ઔર તુમ ધ્યાન કરતે હો તો તુમ્હારા જૂઠા ધ્યાન હૈ. નહીં જૂઠા નહીં હૈ. હમારા સચ્ચા ધ્યાન હૈ. ક્યોં? કિ હમ અરિહંત હોનેવાલે હૈં, કેવળજ્ઞાન તો હોગા હી હમકો, તો ઉસ કેવલજ્ઞાનકી પર્યાય હમારે પાસ પડી હૈ અંદરમેં. તો હમ ઉસ અરિહંતકા ધ્યાન કરતે હૈં. અરિહંત પરમાત્મા મૈં હૂં ઉસકા ધ્યાન કરતા હૂં. ઔર વહ ધ્યાન નિષ્ફલ નહીં હૈ. શાંતિ આતી હૈ, શ્રદ્ધામેં શાંતિ આતી હૈ તો વહ સફલ હૈ. તો અરિહંતકા ધ્યાન જૂઠા હૈ ઔર અરિહંત નહીં હૈ ઐસા હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા?

તત્ત્વાનુશાસનમેં લિયા હૈ કિ ભાઈ! અરિહંતકા ધ્યાન કરતે હો, અરિહંત તો હો નહીં તુમ. કહાં સે ધ્યાન કિયા તુમને? કિ સુન તો સહી. હૈ. હમ અરિહંતકી પર્યાય પ્રાપ્ત કરને લાયક તો હૈ. કેવલજ્ઞાન પ્રાપ્ત કરેંગેં હી પ્રાપ્ત કરેંગે હમ તો. વહ પર્યાય કહાં સે આયેગી? બાહરસે આયેગી? રાગમેં સે આયેગી? નિમિત્તમેં સે આયેગી? કહાં સે આયેગી? વહ પર્યાય મેરી શક્તિમેં અંદર પડી હૈ. તો મૈં અરિહંત હૂં. ઔર મૈં અરિહંતકા ધ્યાન કરતા હૂં તો મુઝે શાંતિ, શ્રદ્ધા પ્રાપ્ત હોતી હૈ તો નિષ્ફલ નહીં, સફલ હૈ. અરિહંતકા ધ્યાન મેરા સફલ હૈ ઐસા કહતે હૈં. સમજમેં આયા? વહ અરિહંત નહીં હાં, ભગવાનકા ધ્યાન નહીં. એય..! આહા..હા..! આચાર્યોએ તો કામ કર્યા છે! દિગંબર સંતોએ ગજબ કામ કર્યા! બહુ સાદી ભાષામાં, સહેલી ભાષામેં ઐસા તત્ત્વકો સમજાયા હૈ, ઐસા તત્ત્વકો સમજાયા હૈ, ઐસી બાત કહીં હૈ નહીં. સમજમેં આયા? શ્વેતાંબર શાસ્ત્ર જાંચે લાખોં કરોડો પરંતુ યહ બાત હૈ નહીં કહીં. ઐસી ચીજ હૈ. ઓહો..હો..!

અરિહંતકા ધ્યાન કરતે હો? અરિહંત તુમ હો? હાં. અરિહંતકી પર્યાયકા અસ્તિત્વ હમારે પ્રાપ્ત હોગા કિ નહીં? હમકો હોગા. તો કહાં સે હોગા? બાહર સે આતી હૈ કોઈ પર્યાય? હમારે દ્રવ્યમેં પડા હૈ અરિહંતપદ. સમજમેં આયા? ઉસકી હમ દૃષ્ટિ લગાકર ધ્યાન કરતે હૈં તો હમકો શાંતિ મિલતી હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિ મિલતી હૈ તો સફલ હુઆ અરિહંતકા ધ્યાન હમકો. નિષ્ફલ હૈ નહીં. આહા..હા..! દેખો તો સહી. સમજમેં આયા? ગજબ બાત હૈ!

યહાં તો કહતે હૈં કિ '**(તીર્થંકરદેવોં) કી ભાંતિ...**' તીન કાલકે તીર્થંકર જૈસે ચિત્રિત

કિયે હોં પત્થરમેં ઔર ખ્યાલમેં આ જાતા હૈ, ઐસે '**અપને સ્વરૂપકો અકંપતયા (જ્ઞાનકો) અર્પિત કરતી હુઈ (વે પર્યાયેં) વિદ્યમાન હી હૈં.**' તીનકાલ કે જૈસે તીર્થંકર વિદ્યમાન હૈં ઐસા ખ્યાલમેં હૈ, વૈસે પર્યાય વિદ્યમાન હૈ ઐસા ખ્યાલમેં હમારે આતા હૈ. અકંપતયા ઐસે. વહ '**અકંપતયા (જ્ઞાનકો) અર્પિત કરતી હુઈ...**' આહા..હા..! ભૂત ઔર ભવિષ્યકી અવસ્થા—પર્યાય જ્ઞાનમેં અર્પિત કરતી હૈ. ઐસા '**વિદ્યમાન હી હૈં.**' ઐસા જ્ઞાનકી પર્યાયકા સામર્થ્ય. કેવલજ્ઞાન હોગા હમારા તો ઐસા હોગા ઐસા હમકો વર્તમાનસે પ્રતીત ઔર અનુભવ કરતે હૈં ઔર તુમકો ભી બતાતે હૈં કિ ઐસા દ્રવ્યકા સ્વભાવ તુમ સમજો ઔર શ્રદ્ધા કરો. સમજમેં આયા? ઈસલિયે કહનેમેં આયા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com